

# પુરુષાર્થસિદ્ધિ-ઉપાય પ્રવચન

(ભાગ-૧)

Shree Kundkund-Kahan Parmarthik Trust

: 302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website:** www.vitragvani.com **Email:** vitragva@vsnl.com

**"Purusharthsiddhi Upay Pravachan Part-1"** has been published by us & the PDF version of the same has been put on our website www.vitragvani.com

We have taken due care, while preparing the same. However, if you find any typographical error, you may kindly inform us on info@vitragvani.com

**By " Shree Kundkund-Kahan Parmarthik Trust,**

**(Shree Shantilal Ratilal Shah-Parivar, Mumbai)**

www.vitragvani.com

ॐ

श्री सीमंधरदेवाय नमः
श्री निज शुद्धात्मने नम

# પુરુષાર્થ સિદ્ધિઉપાય પ્રવચન

## ભાગ-૧

અધ્યાત્મયુગપુરુષ
**પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**
પુરુષાર્થસિદ્ધિ-ઉપાય શાસ્ત્ર ઉપરના
સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અધિકાર ઉપરના
૩૦ મંગલમયી પ્રવચનો

: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, નવયુગ સી.એચ.એસ. લિ.
વિ. એલ. મહેતા માર્ગ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૫૭
ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૨ | ૨૫૩૮ | ૨૦૬૮ | ૨૦૧૨ |

**પ્રકાશન**

**તા.૨૩-૪-૨૦૧૨, વૈશાખ સુદ ૨,**
**પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૩ મી જન્મજયંતિ પ્રસંગે**

**ISBN NO. 978-93-81057-00-1**

પ્રત : ૧૫૦૦
વેચાણ કિંમત : ૨૦/–

**પ્રાપ્તિ સ્થાન**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,** સોનગઢ

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, નવયુગ સી.એચ.એસ. લિ.
વિ. એલ. મહેતા માર્ગ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૫૬
ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં,
નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ–૩૬૦૦૦૭.
ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮ / ૨૪૭૭૭૨૯

**શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ**
વિમલાંચલ, હરિનગર, અલીગઢ (યુ.પી.)
ફોન : (૦૫૭૧) ૨૪૧૦૦૧૦/૧૧/૧૨

**લેસર ટાઈપ સેટિંગ :**
**પૂજા ઇમ્પ્રેશન્સ**
**ભાવનગર-૩૬૪૦૦૧**
**મો. : ૯૭૨૫૨૫૧૧૩૧**

**મુદ્રક :**
**શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ**
**રાજકોટ–૩૬૦૦૦૧**
**મો. ૯૮૨૫૦૭૫૦૬૧**

# પ્રસ્તાવના

આજથી ૯૦૦ વર્ષ પહેલા થયેલા ભાવલિંગી સંત દિગંબર આચાર્ય શ્રી અમૃતચંદ્રાચાર્યે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યના હૃદયમાં રહેલા મર્મને ટીકા કરીને ખોલી ભવ્ય જીવોના કલ્યાણ અર્થે મહાન અદ્વિતીય ઉપકાર કર્યો છે. અમૃતચંદ્રાચાર્યદેવે સ્વતંત્ર શાસ્ત્રોની રચના પણ કરી છે, જેમાં પુરુષાર્થસિદ્ધિ–ઉપાય નામના ગ્રંથનો પણ સમાવેશ થાય છે. આ ગ્રંથનું બીજુ નામ 'જિનપ્રવચનરહસ્ય કોષ' પણ છે અને આની ટીકા આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીએ કરી છે, જેમણે મૂળ ઢુંઢારી ભાષામાં ગ્રંથની ટીકા કરી છે. પંડિતજીએ આચાર્યના ભાવોને અત્યંત સુંદર તથા ભાવવાહી સરળ શૈલીમાં ખોલ્યા છે. આમ આભના થોભ જેવા આચાર્યોએ અનુભવને લેખનીમાં ઉતારીને મોક્ષમાર્ગને અખંડ રાખ્યો છે.

આચાર્યોના હૃદયના ભાવોને વર્તમાન કાળમાં જો કોઈએ ખોલીને સ્પષ્ટ કર્યા હોય તો તે છે ભવ્યજીવોના તારણહાર દિવ્યમૂર્તિ જ્ઞાનાનંદ સ્વભાવી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. આ કાળના એક આશ્ચર્ય સમાન પૂજ્ય ગુરુદેવે સ્વયંના અનુભવના બળ વડે શાસ્ત્રોમાં રહેલા ગંભીર અને ઊંડા ભાવોને ખોલ્યા અને ભવ્ય જીવોને પીરસ્યા. આ કાળમાં તેઓશ્રીનો અલૌકિક સાતિશય ઉપકાર ભરતક્ષેત્રના જીવો પર વર્તી રહ્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ઇસવી સન્ ૧૯૬૬-૬૭ માં પુરુષાર્થસિદ્ધિ–ઉપાય ઉપર ભાવવાહી પ્રવચનો કર્યા છે. આ ગ્રંથ ત્રણ અધિકારમાં વહેંચાયેલો છે. મુખ્યત્વે શ્રાવકોના આચાર સબંધીત વર્ણન આ ગ્રંથમાં કરવામાં આવેલ છે. તેમ છતાં ચારિત્રની સ્થિરતા પ્રાપ્ત જ્ઞાની ધર્માત્માને સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જ આ ચારિત્રદશા પ્રાપ્ત હોય છે. આ વસ્તુસ્થિતિનો ક્રમ આચાર્ય ભગવાને ગ્રંથરચનામાં કર્યો છે, જે તેમની લેખની ઉપરથી સ્પષ્ટ થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન વગર કોઈ ચારિત્ર અંગીકાર કરે તો તે ક્રમઉલ્લંઘનરૂપ દોષ છે, જેનાથી કોઈ કાળે પણ સિદ્ધિ પ્રાપ્ત થઈ શકતી નથી. અતઃ આચાર્ય ભગવાને પ્રથમ અધિકારમાં સમ્યગ્દર્શનનું વર્ણન કર્યું, દ્વિતીય અધિકારમાં સમ્યગ્જ્ઞાનનું વર્ણન કર્યા બાદ સમ્યક્ચારિત્રનું વર્ણન કરેલ છે. આ બધી વાતની સ્પષ્ટતા પૂજ્ય ગુરુદેવશ્રીએ સરળ ભાષામાં પ્રવચનોમાં કરી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ગ્રંથ ઉપર કુલ ૮૯ પ્રવચનો થયા છે. આ પ્રવચનો અક્ષરશઃ ઉતારી તેને પ્રકાશિત કરવાનો નિર્ણય શ્રી કુંદકુંદકહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ દ્વારા લેવામાં આવ્યો છે. આ પ્રવચનોને કુલ ત્રણ ભાગમાં પ્રકાશિત કરવાની યોજના છે. અતઃ પ્રથમ ભાગમાં કુલ ૩૦ પ્રવચનોનો સમાવેશ કર્યો છે. પ્રથમ ભાગમાં સમ્યગ્દર્શન

અને સમ્યગ્જ્ઞાન અધિકારના પ્રવચનો લેવામાં આવ્યા છે. શ્રી કુંદકુંદકહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ દ્વારા પ્રકાશિત થયેલ આ પ્રવચનોનો લાભ બધા જ મુમુક્ષુ ભાઈ-બહેનો લે તેવી ભાવના છે.

પ્રસ્તુત પ્રવચનોને કોમ્પ્યુટરમાં સાંભળીને શ્રી નિલેશભાઈ જૈન - ભાવનગર દ્વારા કમ્પોઝ કરવામાં આવેલ છે, ત્યારબાદ શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ દ્વારા ફરીથી આ પ્રવચનો સાંભળીને તપાસવામાં આવ્યા છે. પ્રવચનોને ઉતારતી વખતે તથા તપાસતી વખતે બનતી કાળજી રાખવામાં આવેલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીના ભાવો તથા વચનોનો પ્રવાહ જળવાઈ રહે તેની ચીવટ રાખવામાં આવેલ છે તેમ છતાં પાઠકવર્ગને કોઈપણ પ્રકારની ક્ષતિ દૃષ્ટિગોચર થાય તો જણાવવા વિનંતી છે.

અંતતઃ વીરમાર્ગ પ્રકાશક પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન ચરણોમાં મસ્તક નમાવી તેમ જ પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને મસ્તક નમાવી વિરામ પામીએ છીએ. તેઓશ્રીના આશીર્વચનથી પ્રત્યેક જીવો કલ્યાણને પ્રાપ્ત કરે એ જ ભાવના.

લિ.

ટ્રસ્ટીગણ,

શ્રી કુંદકુંદકહાન–પારમાર્થિક ટ્રસ્ટ,

મુંબઈ.

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
## (સંક્ષિપ્ત જીવન પરિચય)

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોનો જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ ગયો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણુ, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે :

**'શિવરમણી રમનાર તું તું હી દેવનો દેવ'**

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ

કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસુમદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી – કર્મ છે તો વિકાર થાય છે ને ? જો કે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે – **'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'**

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે –

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ એક શેઠ દ્વારા મહારાજશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદગાર નીકળે છે – **'શેઠ ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'** એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભુલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, મોક્ષમાર્ગ પ્રકાશક, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક–એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઇન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : **'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.'** સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઇન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ

પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન **'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'**નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ઇ.સ. ૧૯૬૦ થી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી **'આત્મધર્મ'** નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ **'આત્મધર્મ'** ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું **'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ'** સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ.) ૧૯૪૧ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨00૩ ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યેજ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫ મા હિરકજયંતિ પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઇ. સ. ૧૯૫૭ તથા ઇ. સ. ૧૯૬૭માં–એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૭ અને ઇ. સ. ૧૯૬૭માં – એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો.

જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થ આત્મજ્ઞ સંતપુરુષ–દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતુ કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મ તત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરી થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુતધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગ સર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો !

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો !

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો !

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૦૧ | ૨૭.૧૨.૧૯૬૬ | ૧ | ૦૦૨ |
| ૦૨ | ૨૮.૧૨.૧૯૬૬ | ૨ | ૦૧૯ |
| ૦૩ | ૨૯.૧૨.૧૯૬૬ | ૨ થી ૪ | ૦૩૩ |
| ૦૪ | ૩૦.૧૨.૧૯૬૬ | ૪ | ૦૪૯ |
| ૦૫ | ૩૧.૧૨.૧૯૬૬ | ૪ – ૫ | ૦૬૨ |
| ૦૬ | ૦૧.૦૧.૧૯૬૭ | ૫ | ૦૭૭ |
| ૦૭ | ૦૩.૦૧.૧૯૬૭ | ૫ – ૬ | ૦૯૧ |
| ૦૮ | ૦૪.૦૧.૧૯૬૭ | ૬ | ૧૦૬ |
| ૦૯ | ૦૫.૦૧.૧૯૬૭ | ૬ – ૭ | ૧૨૦ |
| ૧૦ | ૦૬.૦૧.૧૯૬૭ | ૮ – ૯ | ૧૩૫ |
| ૧૧ | ૦૭.૦૧.૧૯૬૭ | ૯ | ૧૫૦ |
| ૧૨ | ૦૮.૦૧.૧૯૬૭ | ૯ – ૧૦ | ૧૬૨ |
| ૧૩ | ૦૯.૦૧.૧૯૬૭ | ૧૦ | ૧૭૭ |
| ૧૪ | ૧૧.૦૧.૧૯૬૭ | ૧૧ | ૧૯૦ |
| ૧૫ | ૧૨.૦૧.૧૯૬૭ | ૧૨ – ૧૩ | ૨૦૪ |
| ૧૬ | ૧૩.૦૧.૧૯૬૭ | ૧૩ – ૧૪ | ૨૨૦ |
| ૧૭ | ૧૪.૦૧.૧૯૬૭ | ૧૪ – ૧૫ | ૨૩૪ |
| ૧૮ | ૧૫.૦૧.૧૯૬૭ | ૧૫ – ૧૬ | ૨૪૮ |
| ૧૯ | ૧૬.૦૧.૧૯૬૭ | ૧૬ | ૨૬૨ |
| ૨૦ | ૧૭.૦૧.૧૯૬૭ | ૧૭ થી ૨૧ | ૨૭૫ |
| ૨૧ | ૧૯.૦૧.૧૯૬૭ | ૨૨ | ૨૯૬ |

| પ્રવચન ક્રમાંક | તારીખ | ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૨૨ | ૨૦.૦૧.૧૯૬૭ | ૨૨ | ૩૧૧ |
| ૨૩ | ૨૧.૦૧.૧૯૬૭ | ૨૩ થી ૨૪ | ૩૨૫ |
| ૨૪ | ૨૨.૦૧.૧૯૬૭ | ૨૫ થી ૨૬ | ૩૪૩ |
| ૨૫ | ૦૨.૦૬.૧૯૬૭ | ૨૩ થી ૨૫ | ૩૬૧ |
| ૨૬ | ૦૩.૦૬.૧૯૬૭ | ૨૫ થી ૨૮ | ૩૭૫ |
| ૨૭ | ૦૪.૦૬.૧૯૬૭ | ૨૯ - ૩૦ | ૩૯૦ |
| ૨૮ | ૦૫.૦૬.૧૯૬૭ | ૩૧ – ૩૨ | ૪૦૮ |
| ૨૯ | ૦૬.૦૬.૧૯૬૭ | ૩૧ થી ૩૫ | ૪૨૩ |
| ૩૦ | ૦૭.૦૬.૧૯૬૭ | ૩૫ થી ૩૮ | ૪૩૯ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરિણી)**

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્ગુરુદેવ–સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

**(સ્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

ॐ

श्रीजिनाय नमः

શ્રીમદ્-અમૃતચંદ્રાચાર્ય દેવવિરચિત

# પુરુષાર્થસિદ્ધિ-ઉપાય

આચાર્યકલ્પ શ્રી પં. ટોડરમલ્લજીકૃત ભાષાવચનિકાનો

# ગુજરાતી અનુવાદ

મંગલાચરણ

(દોહા) - પરમ પુરુષ નિજ અર્થને, સાધિ થયા ગુણવૃંદ;
આનન્દામૃતચન્દ્રને, વંદું છું સુખકંદ. ૧

બાની બિન બૈન ન બને, બૈન બિના બિન નૈન;
નૈન બિના ના બાન બન, નમોં બાનિ બિન બૈન. ૨

ગુરુ ઉર ભાવૈ આપ પર, તારક, બારક પાપ;
સુરગુરુ ગાવૈ આપ પર, હારક વાચ કલાપ. ૩

મૈં નમો નગન જૈન જિન, જ્ઞાન ધ્યાન ઘન લીન;
મૈન માન વિન દાનધન, એન હીન તન છીન. ૪

(કવિત્ત-સવૈયા મનહર ૩૧ વર્ણ)

કોઈ નર નિશ્ચયથી આતમાને શુદ્ધ માની,
થયા છે સ્વચ્છંદ ન પિછાને નિજ શુદ્ધતા;
કોઈ વ્યવહાર દાન તપ શીલ ભાવને જ
આતમાનું હિત માની છાંડે નહિ મૂઢતા;
કોઈ વ્યવહારનય-નિશ્ચયના મારગને
ભિન્ન ભિન્ન જાણીને કહે છે નિજ ઉદ્ધતા;
જાણે જ્યારે નિશ્ચયના ભેદ વ્યવહાર સહુ,
કારણને ઉપચાર માને ત્યારે બુદ્ધતા. ૫

www.vitragvani.com



**(દોહા) - શ્રીગુરુ પરમ દયાળ થઈ દિયો સત્ય ઉપદેશ,**
**જ્ઞાની માને જાણીને, મૂઢ ગ્રહે છે ક્લેશ. ૬**

**ભાવાર્થ :– જે પરમ પુરુષ નિજ સ્વરૂપ સાધીને શુદ્ધગુણ સમૂહરૂપે થયા તે સુખકન્દ આનંદસ્વરૂપ શ્રી અમૃતચંદ્રાચાર્યને વંદું છું. ૧. વાણીનો યોગ ન હોય તો વર્ણન થાય નહીં, જિનવાણીના વર્ણન વિના જ્ઞાનચક્ષુ ન હોય, ભાવભાસનરૂપ જ્ઞાનચક્ષુ વિના વર્ણનને નિમિત્ત કહી શકાતું નથી, નિરક્ષરી જિનવાણીને નમસ્કાર હો. ૨. શ્રીગુરુ કેવા છે? કે હૃદયમાં સ્વ-પર ભેદવિજ્ઞાન ભાવે છે, તારક છે, પાપનું નિવારણ કરનાર છે; વચનબલી વાદીને જીતનારા જે સુરગુરુ તેઓ ભેદવિજ્ઞાન ગાય છે-ભક્તિ કરે છે.**

**હું જિનમુદ્રાધારક જૈન નગ્ન દિગમ્બર મુનિને નમસ્કાર કરું છું કે જેઓ જ્ઞાનધ્યાનરૂપી ઘન-સ્વરૂપમાં લીન છે, કામ, માન (ઘમંડ, કર્તૃત્વ, મમત્વ) થી રહિત, મેઘ સમાન ધર્મોપદેશની વૃષ્ટિ કરનારા, પાપરહિત અને ક્ષીણકાય છે, અર્થાત્ કષાય અને કાયા ક્ષીણ છે તથા જ્ઞાનસ્વરૂપમાં બેહદ પુષ્ટ છે. ૪.**

---

**પ્રવચન નં. ૧ ગાથા–૧ મંગળવાર, માગશર સુદ ૧૫, તા. ૨૭-૧૨-૧૯૬૬**

---

**'મંગલાચરણ કૃત 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ॐ શ્રીજિનાય નમઃ શ્રીમદ્-અમૃતચંદ્રાચાર્ય દેવવિરચિત પુરુષાર્થસિદ્ધિ-ઉપાય આચાર્યકલ્પ શ્રી પં. ટોડરમલ્લજીકૃત ભાષાવચનિકાનો ગુજરાતી અનુવાદ'** ટોડરમલ્લજીએ કહ્યું છે એનો ભાષાનુવાદ છે. મંગલાચરણ, મંગલાચરણ પણ ઝીણું છે. દેવ-શાસ્ત્ર ને ગુરુ ત્રણને વંદન કરે છે. જે શાસ્ત્રની રીત છે ને પહેલી? દેવ-શાસ્ત્ર ને ગુરુ. પહેલા દેવને લીધા છે. અમૃતચંદ્રાચાર્ય ભલે નામ આપ્યું પણ પહેલા દેવ લીધા છે.

**(દોહા) - પરમ પુરુષ નિજ અર્થને, સાધિ થયા ગુણવૃંદ;**
**આનન્દામૃતચન્દ્રને, વંદું છું સુખકંદ. ૧**

નીચે એનો અર્થ કર્યો છે. **'જે પરમ પુરુષ નિજ સ્વરૂપ સાધીને...'** દેવની મુખ્ય વાત છે. જે કોઈ આત્મા પરમ આત્મા પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપને અંતર સાધીને શુદ્ધગુણ સમૂહ વૃંદ, શુદ્ધગુણના વૃંદ–સમૂહરૂપે થયા. પર્યાયમાં અનંત ગુણની નિર્મળતા જેને પ્રગટ થઈ છે. એ શુદ્ધ-ગુણ-પર્યાય અહીં લેવા છે. ગુણ તો ત્રિકાળ છે પણ જેને શુદ્ધ ગુણ સમૂહ પ્રગટ થયા છે એટલે પર્યાયરૂપે જેને પરિણમ્યા એવા દેવ. **'તે સુખકન્દ આનંદસ્વરૂપ'** એવા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તે સુખના કંદ **'આનંદસ્વરૂપ શ્રી અમૃતચંદ્રાચાર્યને વંદું છું. ૧.'** ઇ તો નામ એમનું આપ્યું છે પણ અમૃતચંદ્રાચાર્ય (એટલે) મૂળ તો પરમાત્મા છે. અમૃતચંદ્રાચાર્ય એવા દેવને વંદું છું એમાં અમૃતચંદ્રાચાર્ય પણ ભેગા આવી ગયા. મૂળ તો દેવને વંદન છે. વાણીમાં જરી અટપટી ભાષા છે. મૂળ તો શાસ્ત્રને–વાણીને વંદન કરે છે.

**બાની બિન બૈન ન બને, બૈન બિના બિન નૈન;**
**નૈન બિના ના બાન બન, નમોં બાનિ બિન બૈન. ૨**

ભાષા જુદી છે. **'બાની બિન બૈન ન બને, વાણીનો યોગ ન હોય તો વર્ણન થાય નહીં,...'** બાણી બિન બૈન ન બને, વાણીના યોગ વિના વચન થાય નહિ. **'બૈન બિના બિન નૈન; અને જિનવાણીના વર્ણન વિના જ્ઞાનચક્ષુ ન હોય,...'** બિન નૈન, એમ. જિનવાણી વિના આત્માને જ્ઞાનચક્ષુ પ્રગટ થાય નહિ, જ્ઞાનચક્ષુ હોય નહિ. **'નૈન બિના ના બાન બન, અને ભાવભાસનરૂપ જ્ઞાનચક્ષુ વિના'** નૈન એટલે જ્ઞાનચક્ષુ **'(નૈન બિના ના બાન બન,) વિના વર્ણનને નિમિત્ત કહી શકાતું નથી,...'** ભાવભાસનરૂપ (વિના) વાણી એને બરાબર વાણી કહેવાતી નથી એમ કહે છે. ભાવભાસન વિનાની વાણી એ વાણી કહેવાતી નથી, એમ કહે છે. આત્મા શુદ્ધ સ્વરૂપ એવું ભાવભાસન છે તેને જિનવાણીને વાણી કહેવામાં આવે છે, બાકી બીજાને વાણી કહેતા નથી. અને **'નમોં બાનિ બિન બૈન.'** બિન બૈન. વાણી વિના એટલે **'નિરક્ષરી...'** બિન બૈન એટલે નિરક્ષરી એવી વાણીને નમો નામ નમસ્કાર કરીએ છીએ. વાણી એટલે શાસ્ત્ર. નમો વાણી બિન બૈન. એમ કે વાણી વિના જે નિરક્ષરી વાણી છે ભેદ વિનાની એવી વાણીને નમસ્કાર કરે છે.

હવે ત્રીજા ગુરુને નમસ્કાર કરે છે. શાસ્ત્રની શક્તિ છે. ટોડરમલ્લજી કહે છે.

**ગુરુ ઉર ભાવૈ આપ પર, તારક, બારક પાપ;**
**સુરગુરુ ગાવૈ આપ પર, હારક વાચ કલાપ. ૩**

**'શ્રીગુરુ કેવા છે? કે હૃદયમાં સ્વ-પર ભેદવિજ્ઞાન ભાવે છે,...'** જુઓ! એની વ્યાખ્યા. **'ગુરુ ઉર ભાવૈ આપ પર,...'** ભાવે છે અને ગાવે છે એ બે અર્થ કરશે. **'ગુરુ ઉર ભાવૈ આપ પર,...'** પોતે પોતાના ભાવને સ્વને, પરને ભેદ કરે છે. ઇ ભેદને પૂરું થઈ ગયું છે, ગુરુ હજી સ્વ-પરને સાધે છે, ભેદજ્ઞાન કરે છે અંદરથી. ભાવમાં રાગથી સ્વભાવને જુદો પાડીને ભેદજ્ઞાન કરે છે. **'તારક છે,...'** એ જગતના જીવને તારનાર છે. **'તારક છે, પાપનું નિવારણ કરનાર છે;...'** પોતાના પાપનું નિવારણ અને બીજાને પણ સમજાવીને પાપનું નિવારણ કરનારા છે.

**'સુરગુરુ ગાવૈ આપ પર,...'** એ **'વચનબલી વાદીને જીતનારા જે સુરગુરુ તેઓ ભેદવિજ્ઞાન ગાય છે...'** લ્યો! સમજ્યા? **'હારક વાચ કલાપ.'** વાદી નામ વચનબળી જે વાદી એને પણ જીતનારા એવા જે સુરગુરુ તેઓ ભેદવિજ્ઞાન ગાય છે, ભેદવિજ્ઞાનને ગાય છે, ભેદવિજ્ઞાની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સુખી છે. મૈં નમો, શ્રીગુરુની વ્યાખ્યા કરી. એ તો સાધારણ વ્યાખ્યા કરી કે ગુરુ કેવા હોય. આપ પરની વ્યાખ્યા જુદાઈની હતી.

**મૈં નમો નગન જૈન જિન, જ્ઞાન ધ્યાન ધન લીન;**

**મૈન માન વિન દાનધન, એન હીન તન છીન. ૪**

શબ્દો પણ આકરા છે. '**હું જિનમુદ્રાધારક જૈન...**' ને '**નમો નગન જૈન જિન,...**' '**નગન મુનિ દિગંબર સંત છે જે જિનમુદ્રાના ધારક છે એને હું નમસ્કાર કરું છું...**' '**જ્ઞાન ધ્યાન ધન લીન;...**' જે જ્ઞાન અને ધ્યાનરૂપી ધનમાં લીન છે. ધન છે ધન. કેવું? જ્ઞાન અને ધ્યાનરૂપી ધન જેને છે. સાચી સમજણ અને અંતર એકાગ્રતા. એવું જે જ્ઞાન અને ધ્યાનરૂપી ધન એના '**સ્વરૂપમાં જે મુનિ લીન છે,...**' જુઓ! આ વ્યાખ્યા મુનિની. આ મુનિ કહેવાય છે. પછી મૈન માન છે ને? '**મૈન માન વિન દાનધન,...**' વળી '**કામ, માન (અર્થમાં છે) (ઘમંડ, કર્તૃત્વ, મમત્વ)થી રહિત,...**' છે. મૈન એટલે માનથી રહિત. મેઘ અને દાનઘન, દાનમાં ઘન છે. મેઘ વૃષ્ટિ વરસાવનારા છે.

'**ધર્મોપદેશની વૃષ્ટિ કરનારા, મેઘ સમાન છે...**' ધર્મોપદેશની વૃષ્ટિ કરનારા ગુરુ છે. એ વાણીની વ્યાખ્યા થઈ. પાપ રહિત અને ક્ષીણકાય છે. કેવા છે મુનિ? એને પાપ નથી અને ક્ષીણકાય એટલે '**કષાય ક્ષીણ છે અને કાયા ક્ષીણ છે...**' બે અર્થ કર્યા '**તથા જ્ઞાનસ્વરૂપમાં બેહદ પુષ્ટ છે. ૪.**' લ્યો! એમ ... તન ક્ષીણ–શરીર નબળુ પડી ગયું છે, કાર્માણ શરીર આદિ, વિકાર આદિ બધા નબળા પડી ગયા છે, ક્ષીણ થઈ ગયા છે અને ક્ષીણ થઈ જ્ઞાનસ્વરૂપમાં બેહદ પુષ્ટ સ્વરૂપ છે. અહીં ક્ષીણ થઈ ગયું પણ અહીં પુષ્ટ થયા છે. એ માથે આવી ગયું છે ને? '**જ્ઞાન ધ્યાન ધન...**' ... અંદર કૃષ થઈ ગયું છે, અહીં પુષ્ટ થયું છે. આત્માના શુદ્ધ આનંદ સ્વરૂપમાં પુષ્ટી થઈ છે, અને બહારના કષાય ને કાયા કૃષ થઈ ગયા છે. લ્યો! એટલું તો હિન્દીમાં ટોડરમલજીએ દેવ શાસ્ત્ર ને ગુરુ ત્રણ વિશે કહ્યું.

**કોઈ નર નિશ્ચયથી આતમાને શુદ્ધ માની,**

**થયા છે સ્વચ્છંદ ન પિછાને નિજ શુદ્ધતા;**

કોઈ તો એવા છે એકલા નિશ્ચયને શુદ્ધ માની અને શુદ્ધ જ આત્મા છે, પર્યાયની શુદ્ધતા કરવાનું યથાર્થ કહેતા નથી. એકલો આત્મા શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... પણ કેવી રીતે શુદ્ધ? દ્રવ્ય-ગુણ શુદ્ધ કે પર્યાય શુદ્ધ? એમ નિશ્ચયથી આત્માને પર્યાયથી પણ અવસ્થાથી શુદ્ધ માની, '**થયા છે સ્વચ્છંદ...**' એ અશુદ્ધતા ટાળવા પ્રયત્ન કરતા નથી અને આત્મા શુદ્ધ છે (એમ માનીને) સ્વચ્છંદી–નિશ્ચિયાભાસી થઈ જાય છે. '**થયા છે સ્વચ્છંદ ન પિછાને નિજ શુદ્ધતા;**' મારી શુદ્ધતા પર્યાય છે પ્રગટ થઈ છે કે નહિ એને જાણતા નથી. દ્રવ્ય-ગુણ શુદ્ધ છે, દ્રવ્ય-ગુણ શુદ્ધ છે, બધું શુદ્ધ છે એમ માનીને સ્વચ્છંદ કરીને પોતાની નિર્મળ દશાની શુદ્ધતાને જાણતા નથી. (એને) નિશ્ચિયાભાસી અજ્ઞાની કહેવામાં આવે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**કોઈ વ્યવહાર દાન તપ શીલ ભાવને જ**

લ્યો! ચાર બોલ થયા. આ લોકોમાં આવે છે ને? દાન, તપ ને શીલ, ભાવ. બધા કહે છે, દાન, તપ, શીલ, ભાવ એ ધર્મ છે.

**કોઈ વ્યવહાર દાન તપ શીલ ભાવને જ**
**આતમાનું હિત માની છાંડે નહિ મૂઢતા;**

દાનમાં ધર્મ માને, બાહ્ય તપ આદિમાં ધર્મ માને, તે વ્યવહાર આચરણમાં ધર્મ માને, ભાવ એટલે શુભભાવ આદિને ધર્મ માને. એ આત્માનું હિત માને, એમાં આત્માનું હિત છે. ઇ તો શુભભાવ છે. દાન, તપ, શીલ અને ભાવ, ચાર આવે છે ને શ્વેતાંબરમાં? દાનના ચાર પ્રકાર. .... વ્યવહારદાન એમ ભાષા છે ને? કોઈ વ્યવહારદાન, એમ. પાછું પેલું નિશ્ચયદાન અંદર રહી જાય છે, ઇ તો જુદું છે. '**વ્યવહાર દાન તપ શીલ ભાવને જ...**' વ્યવહારભાવને હોં! ભાષા છે ને! કોઈ વ્યવહાર દાન, વ્યવહાર તપ, વ્યવહાર શીલ અને વ્યવહારભાવ, એમ. વ્યવહારને જ '**આત્માનું હિત માની**'. જો આણે લખ્યું છે ને મખ્ખનલાલજીએ કાઢી નાખ્યું છે. એને અહીં કાઢી નાખ્યું. આવા ને આવા ગોટા કરે. ઇ પોતે ટીકા કરનાર છે ને એટલે આ કાઢી નાખ્યું.

'**આતમાનું હિત માની**' એ દાનને ધર્મ માને, તપ એ ધર્મ માને, શીલ એટલે વ્યવહાર આચરણ, બ્રહ્મચર્યને ધર્મ માને ને ભાવને વ્યવહારભાવ એટલે શુભભાવ, વ્યવહારભાવ એટલે શુભભાવ એને '**આતમાનું હિત માની છાંડે નહિ મૂઢતા**' એ આત્મજ્ઞાન કરતો નથી. મૂઢતા અને બાહ્ય આત્મપણાને છોડતો નથી. આવા ચાર પ્રકાર કરે તે બહિરાત્મા છે. મૂઢતા નથી છાંડતો. જ્ઞાનાનંદ સ્વરૂપ નિષ્ક્રિય રાગથી રહિત છે એને જાણતો નથી. એમાં કેટલો આનંદ. જુઓને! કેટલું એનું શરૂઆતના ઉપોદઘાતમાં કેટલું ભર્યું છે. અત્યારના ટીકા કરનાર ગોટા મારે. સમજાણું? આત્માનું હિત માની વ્યવહારભાવમાં, વ્યવહારદાનમાં, સાધુને આહાર દેવાય, લ્યો! લેવાય, એમાં આત્માનું હિત છે, આત્માને સંવર-નિર્જરા થાય છે અથવા ... એવા વ્યવહારતપના બધા પ્રકાર લેવા. અનશન, ઉણોદરી, ત્યાગનો વિકલ્પ બધો વ્યવહાર. એવા વ્યવહાર દાન, તપ, શીલ પ્રકૃતિનો સંબંધ વ્યવહાર. શુભભાવ એટલે બ્રહ્મચર્ય. '**ભાવને જ (શુભભાવને જ) આત્માનું હિત માની છાંડે નહિ મૂઢતા;**' પોતાની મૂઢતા છાંડતો નથી.

**કોઈ વ્યવહારનય-નિશ્ચયના મારગને**
**ભિન્ન ભિન્ન જાણીને કહે છે નિજ ઉદ્ધતા;**

જુઓ! હવે આવ્યું. કેટલાક તો વ્યવહાર ને નિશ્ચયના મારગને જુદા જુદા જાણે. પહેલો થાય વ્યવહાર ને પછી થાય નિશ્ચય, એમ જુદા જુદા માર્ગ માને છે. જુદા નથી એક સાથે છે. નિશ્ચય અભેદ છે ને વ્યવહાર ભેદ એક સાથે છે. એને ઠેકાણે જુઓ, અત્યારે આનાથી તદ્દન વિરૂદ્ધ છે. '**કોઈ વ્યવહારનય-નિશ્ચયના મારગને...**' વ્યવહાર મોક્ષમાર્ગ ને નિશ્ચય

www.vitragvani.com



મોક્ષમાર્ગને ભિન્ન ભિન્ન જાણે છે. એમ જ કહે છે. પહેલો વ્યવહાર મોક્ષમાર્ગ જુદો હોય, નિશ્ચય માર્ગ જુદો હોય. સાથે બે હોય? વ્યવહાર માર્ગ સાધન છે એને કરતાં કરતાં સાધ્ય નિશ્ચય પ્રગટ થાય. એને ટોડરમલ્લજી ના પાડે છે, ભાઈ! એમ છે નહિ. એમ ન હોય. એ તો ફક્ત ભેદ છે. નિશ્ચયના સ્વરૂપનું સાધન, એમાં જરી ભેદ રહી જાય છે એને વ્યવહાર કહે છે પણ જુદો જુદો મારગ છે, વ્યવહાર પહેલો, નિશ્ચય પછી. વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય પછી થાય એમ છે નહિ. જુઓ! એક લીટીમાં ઘણું સમાડી દીધું.

**'ભિન્ન ભિન્ન જાણીને કહે છે નિજ ઉદ્ધતા;...'** એ પોતાની ઉદ્ધતાઈ છે, એમ કહે છે. ભગવાનના માર્ગને સમજતો નથી, ઉદ્ધતાઈ છે. આ બહુ સરસ વાત છે, જુઓ! **'ભિન્ન ભિન્ન જાણીને કહે છે નિજ ઉદ્ધતા;...'** એની વાત માને નહિ. વ્યવહાર પહેલો ભિન્ન અને નિશ્ચય ભિન્ન, એમ કહેવું છે. એકસાથે છે. સમજ્યા ને? એકતા છે, જુઓ! આમાં કહેશે. **'નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગની એકતારૂપ ઉપદેશ જેમાં છે...'** પહેલી ગાથાની ઉપર, પહેલી ગાથાની ઉપર. **'એકતારૂપ ઉપદેશ જેમાં છે...'** એકતા એટલે સાથે છે, એમ. એકતા એટલે બે સાથે છે, આગળ-પાછળ નથી. વ્યવહાર પહેલો ને નિશ્ચય પછી એમ હોય શેનું પણ? તત્ત્વની દૃષ્ટિ થઈ, અનુભવદૃષ્ટિ થઈ, નિશ્ચય ભાન થાય ત્યારે વ્યવહાર હોય. જુઓ! આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'નું આ વ્યાખ્યાન ચાલે છે. પુરુષાર્થસિદ્ધિ-ઉપાયની કાંઈ બીજી વાત ન હોય. ... હોય કે નહિ? .... ભિન્ન ભિન્નને જાણી વ્યવહાર જુદો છે, નિશ્ચય જુદો છે એમ જાણીને પોતાની ઉદ્ધતા કરે છે. ભગવાનનો માર્ગ એમ નથી, ત્યારે છે કેમ?

**જાણે જ્યારે નિશ્ચયના ભેદ વ્યવહાર સહુ,**<br>**કારણને ઉપચાર માને ત્યારે બુદ્ધતા. ૫**

**'જાણે જ્યારે નિશ્ચયના ભેદ વ્યવહાર સહુ,...'** નિશ્ચય સ્વરૂપ આત્માની દૃષ્ટિ-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય. એને ભેદરૂપ એટલે વ્યવહાર વિકલ્પ ઉઠતો હોય છે. વ્યવહાર સમકિત, વ્યવહાર જ્ઞાન, વ્યવહાર ચારિત્ર. **'ભેદ વ્યવહાર સહુ'** એ બધો વ્યવહાર છે. નિશ્ચયના સમકાળમાં જેટલા વિકલ્પો જે છે શ્રદ્ધાના, જ્ઞાનના ને ચારિત્ર મહાવ્રત આદિ તે બધા **'ભેદ વ્યવહાર સહુ કારણને ઉપચાર માને...'** લ્યો, ઠીક! એને કારણને ઉપચાર (માને). સાથે, હોં! સાથે. પહેલું કારણ ને પછી કાર્ય એની તો ના પાડી, ભિન્ન ભિન્ન એમ નથી. (અજ્ઞાની કહે), નહિ. કારણ પહેલું હોય ને કાર્ય પછી હોય. **'જાણે જ્યારે નિશ્ચયના ભેદ વ્યવહાર સહુ, કારણને ઉપચાર માને...'** એ જે વ્યવહાર છે એને એ કારણ માને કે ઉપચાર માને, **'ત્યારે બુદ્ધતા.'** ત્યારે સમ્યગ્જ્ઞાન કહેવાય. કહો! સમજાણું કાંઈ? અહીં એટલામાં સમાડી દીધું, લ્યો!

**(દોહા) - શ્રીગુરુ પરમ દયાળ થઈ દિયો સત્ય ઉપદેશ,**<br>**જ્ઞાની માને જાણીને, મૂઢ ગ્રહે છે ક્લેશ. ૬**

www.vitragvani.com



શ્રીગુરુ પરમ દયાળ થઈને દીયો સાચો ઉપદેશ. મોક્ષમાર્ગનો સાચો, સત્ય ઉપદેશ દીધો. **'જ્ઞાની માને...'** જ્ઞાની સાચું જાણીને માને છે. મૂઢ તો એમાંથી એકલો ક્લેશ રાગ, દ્વેષને ગ્રહણ કરે છે, રાગ-દ્વેષનો ભાવ ગ્રહણ કરીને દુઃખી થાય છે. વીતરાગ માર્ગ જે ગ્રહણ કરવો જોઈએ એ ન ગ્રહણ કરતા **'મૂઢ ગ્રહે છે ક્લેશ.'** રાગ અને દ્વેષના પરિણામને ધર્મ માનીને એમાંથી–શાસ્ત્રમાંથી કાઢે કે, આ છે... આ છે... આ છે. **'મૂઢ ગ્રહે છે ક્લેશ.'** કષાય ગ્રહણ કરે છે, એમ. વીતરાગભાવ ગ્રહણ કરતો નથી.

## ગાથા–૧

**હવે ગ્રન્થકર્તા શ્રી અમૃતચન્દ્રાચાર્યદેવ મંગલાચરણનિમિત્તે પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરીને આ જીવનું પ્રયોજન સિદ્ધ થવાના કારણભૂત નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગની એકતારૂપ ઉપદેશ જેમાં છે એવા ગ્રન્થનો આરંભ કરે છે.**

सूत्रावतार :-

**( આર્યા છન્દ )**

**तज्जयति परं ज्योतिः समं समस्तैरनन्तपर्यायैः।**
**दर्पणतल इव सकला प्रतिफलति पदार्थमालिका यत्र।।१।।**

**અન્વયાર્થ :– [ यत्र ] જેમાં [ दर्पणतल इव ] દર્પણની સપાટીની પેઠે [ सकला ] બધા [ पदार्थमालिका ] પદાર્થોનો સમૂહ [ समस्तैरनन्तपर्यायैः समं ] અતીત, અનાગત અને વર્તમાનકાળના સમસ્ત અનંત પર્યાયો સહિત [ प्रतिफलति ] પ્રતિબિંબિત થાય છે, [ तत् ] તે [ परं ज्योतिः ] સર્વોત્કૃષ્ટ શુદ્ધ ચેતના સ્વરૂપ પ્રકાશ [ जयति ] જયવંત વર્તો.**

**ટીકા :– 'तत् परं ज्योतिः जयति' - તે પરમ જ્યોતિ-સર્વોત્કૃષ્ટ શુદ્ધ ચેતનાનો પ્રકાશ જયવંત વર્તે છે. તે કેવો છે? 'यत्र सकला पदार्थमालिका प्रतिफलति' - જે શુદ્ધ ચેતના પ્રકાશમાં બધા જ જીવાદિ પદાર્થોનો સમૂહ પ્રતિબિંબિત થાય છે. કેવી રીતે? 'समस्तैः अनन्तपर्यायैः समं - પોતાના સમસ્ત અનંત પર્યાયો સહિત પ્રતિબિંબિત થાય છે.**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ભાવાર્થ :– શુદ્ધ ચેતના પ્રકાશનો કોઈ એવો જ મહિમા છે કે તેમાં 'જેટલા પદાર્થો છે તે બધા જ પોતાના આકાર સહિત પ્રતિભાસમાન થાય છે.' ક્યા દૃષ્ટાંતે? दर्पणतल इव - અરીસાના ઉપરના ભાગમાં ઘટપટાદિ પ્રતિબિંબિત થાય છે તેમ. અહીં અરીસાનું દૃષ્ટાંત આપ્યું છે તેનું પ્રયોજન એ જાણવું કે અરીસાને એવી ઇચ્છા નથી કે હું આ પદાર્થોને પ્રતિબિંબિત કરું. જેમ લોઢાની સોય લોહચુંબકની પાસે પોતાની મેળે જાય છે તેમ અરીસો પોતાનું સ્વરૂપ છોડી તેમને પ્રતિબિંબિત કરવા માટે પદાર્થની સમીપે જતો નથી. વળી તે પદાર્થો પણ પોતાનું સ્વરૂપ છોડીને તે અરીસામાં પેસતા નથી. જેમ કોઈ પુરુષ (બીજા) કોઈ પુરુષને કહે કે અમારું આ કામ કરો જ, તેમ તે પદાર્થો પોતાને પ્રતિબિંબિત કરવાની અરીસાને પ્રાર્થના પણ કરતા નથી. સહજ જ એવો સંબંધ છે કે જેવો તે પદાર્થોનો આકાર છે તેવા જ આકારરૂપે અરીસામાં પ્રતિબિંબિત થાય છે. પ્રતિબિંબિત કરવાની અરીસાને પ્રાર્થના પણ કરતા નથી. સહજ જ એવો સંબંધ છે કે જેવો તે પદાર્થોનો આકાર છે તેવા જ આકારરૂપે અરીસામાં પ્રતિબિંબત થાય છે. પ્રતિબિંબ પડતાં અરીસો એમ માનતો નથી કે આ પદાર્થો મારા માટે ભલા છે, ઉપકારી છે, રાગ કરવા યોગ્ય છે, બધા પદાર્થો પ્રત્યે સમાન ભાવ પ્રવર્તે છે. જેવી રીતે અરીસામાં કેટલાક ઘટપટાદિ પદાર્થો પ્રતિબિંબિત થાય છે તેવી જ રીતે જ્ઞાનરૂપી દર્પણમાં સમસ્ત જીવાદિ પ્રતિબિંબિત થાય છે. એવું કોઈ દ્રવ્ય કે પર્યાય નથી જે જ્ઞાનમાં ન આવ્યું હોય. આવા શુદ્ધ ચૈતન્યરૂપ પ્રકાશનો સર્વોત્કૃષ્ટ મહિમા સ્તુતિ કરવા યોગ્ય છે.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે અહીં ગુણનું સ્તવન કર્યું, કોઈ પદાર્થનું નામ ન લીધું તેનું કારણ શું? પહેલાં પદાર્થનું નામ લેવું જોઈએ અને પછી ગુણનું વર્ણન કરવું જોઈએ. તેનો ઉત્તર :– અહીં આચાર્યે પોતાનું પરીક્ષાપ્રધાનપણું પ્રગટ કર્યું છે. ભક્ત બે પ્રકારના છે- એક આજ્ઞાપ્રધાન, બીજા પરીક્ષાપ્રધાન. જે જીવો પરંપરા માર્ગવડે ગમે તેવા દેવ-ગુરુનો ઉપદેશ પ્રમાણ કરીને વિનયાદિ ક્રિયારૂપ પ્રવર્તે તેને આજ્ઞાપ્રધાન કહીએ અને જેઓ પોતાના સમ્યગ્જ્ઞાન વડે પહેલાં સ્તુતિ કરવા યોગ્ય ગુણનો નિશ્ચય કરે અને પછી જેમનામાં તે ગુણ હોય તેમના પ્રત્યે વિનયાદિ ક્રિયારૂપ પ્રવર્તે તેને પરીક્ષાપ્રધાન કહીએ. કેમ કે કોઈ પદ, વેશ અથવા સ્થાન પૂજ્ય નથી, ગુણ પૂજ્ય છે તેથી અહીં શુદ્ધ ચેતના પ્રકાશરૂપ ગુણ સ્તુતિ કરવા યોગ્ય છે એમ આચાર્યે નિશ્ચય કર્યો. જેમનામાં એવો ગુણ હોય તે સહજ જ સ્તુતિ કરવા યોગ્ય થયો. કારણ કે જે ગુણ છે તે દ્રવ્યના આશ્રયે છે, જુદો નથી એમ વિચારીને નિશ્ચય કરીએ તો એવો ગુણ પ્રગટરૂપ અરિહંત અને સિદ્ધમાં હોય છે. આ રીતે પોતાના ઇષ્ટદેવનું સ્તવન કર્યું. ૧.

www.vitragvani.com



**'હવે ગ્રન્થકર્તા શ્રી અમૃતચન્દ્રાચાર્યદેવ મંગલાચરણનિમિત્તે...'** મંગળના આચરણ નિમિત્તે. **'પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરીને...'** એ તો પોતે 'ટોડરમલ્લજી'એ પહેલું કર્યું છે. હવે પોતે 'અમૃતચંદ્રાચાર્ય' પોતે પણ દેવ અને શાસ્ત્રને નમસ્કાર કરે છે. દેવ અને શાસ્ત્રને. 'સમયસાર'માં બેનો પાઠ છે. 'નમઃ સમયસારાય' અહીં બે લેશે. **'ઇષ્ટદેવનું સ્મરણ કરીને આ જીવનું પ્રયોજન...'** આ જીવનું પ્રયોજન **'સિદ્ધ થવાના કારણભૂત...'** આત્માનું પ્રયોજન એ મોક્ષ, એના, **'સિદ્ધ થવાના કારણભૂત નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગની...'** આત્માનું પ્રયોજન જે મોક્ષ–પૂર્ણાનંદની પ્રાપ્તિ, એના કારણભૂત. **'નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગની એકતારૂપ...'** જુઓ! આમાંથી અર્થ ઉંધા કરતા'તા પેલા. મોક્ષમાર્ગની એકતા. એકતા એટલે જ્યાં નિશ્ચય છે ત્યાં વ્યવહાર છે, જુદો જુદો છે નહિ. બે એક છે એમ નહિ પણ નિશ્ચય ને વ્યવહાર મોક્ષમાર્ગની એકતારૂપ ઉપદેશ. સાથે છે, એવો **'ઉપદેશ જેમાં છે એવા ગ્રન્થનો આરંભ કરે છે.'** લ્યો! જુઓ! આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' પહેલુવહેલું વંચાય છે, આટલા વર્ષમાં કોઈ દિ' વાંચ્યું નથી. હિન્દી હતું ને! હિન્દી. આ ગુજરાતી થઈને સૌના હાથમાં આવ્યું છે ને? ઘણાને આવી ગયા છે. હવે સૂત્રાવતાર. 'અમૃતચંદ્રાચાર્ય' પોતે મંગલાચરણ કરે છે.

**तज्जयति परं ज्योतिः समं समस्तैरनन्तपर्यायैः।**
**दर्पणतल इव सकला प्रतिफलति पदार्थमालिका यत्र।।१।।**

પહેલા અન્વયાર્થ લઈએ. **'જેમાં...'** **'दर्पणतल इव'** દર્પણનું તળ નામ **'સપાટીની પેઠે...'** જુઓ! કેવળજ્ઞાનની વ્યાખ્યા કરે છે. કેવળજ્ઞાન દેવની વ્યાખ્યા બતાવે છે. દર્પણની સપાટી, **'दर्पणतल'** એની **'સપાટીની પેઠે...'** **'सकला'** બધા **'पदार्थमालिका'** **'બધા પદાર્થોનો સમૂહ...'** **'समस्तैरनन्तपर्यायैः समं'** **'समस्तैरनन्तपर्यायैः समं'** **'અતીત,...'** પર્યાય (એટલે) દરેક દ્રવ્યની ભૂતકાળની અનંતી પર્યાયો. **'અનાગત અને વર્તમાનકાળના...'** અને વર્તમાનની **'સમસ્ત અનંત પર્યાયો સહિત પ્રતિબિંબિત થાય છે, 'प्रतिफलति'...'** એક સમયમાં ભગવાનના જ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોકની જે ભૂત, ભવિષ્ય, વર્તમાન પર્યાય છે તેને જાણે છે. એમાં આગળ-પાછળ ક્યાં આવ્યું આમાં?

મુમુક્ષુ :– થાય ત્યારે જાણે.

ઉત્તર :– થાય ત્યારે જાણે કે એક સાથે જાણે? થાય ત્યારે જાણે? ભવિષ્યની પર્યાય થાય ત્યારે જાણે ને ભગવાન? 'બંડીજી'! અત્યારે જાણે છે. એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને (જાણે છે). થાય ત્યારે જાણે એ તો, **'समस्तैरनन्तपर्यायैः'** એમ કીધું છે ને? **'समस्तैरनन्तपर्यायैः'**. બધી પર્યાય. ભૂતકાળની અનંતી દ્રવ્યની, ભવિષ્યની અનંતી ને વર્તમાનની અનંતી, અનંત ગુણની અનંતી, અનંત ગુણની અનંતી.

www.vitragvani.com



**'અતીત, અનાગત અને વર્તમાનકાળના સમસ્ત અનંત પર્યાયો સહિત...'** કોણ? પદાર્થનો સમૂહ. ઇ પહેલા આવી ગયું. બધા પદાર્થોનો સમૂહ. તે પદાર્થનો સમૂહ પણ બધી ભૂત, ભવિષ્ય, વર્તમાન, પર્યાય સહિત. **'प्रतिफलति'** એમાં પ્રગટ જણાય છે, એમ. પ્રતિ જણાય છે, પ્રતિબિંબિત થાય છે. **'તે...'** આમ તો પ્રતિબિંબની વાત લે છે. પ્રતિબિંબ ક્યાં? એનું પ્રતિબિંબ ક્યાં પડતું'તું. એ સંબંધીનું જ્ઞાન આવ્યું એને પ્રતિબિંબ કહેવામાં આવે છે. દર્પણ સપાટીમાં દર્પણમાં પણ ક્યાં એ ચીજ આવે છે? એ તો પોતાની પર્યાય છે. **'તે 'परं ज्योतिः' સર્વોત્કૃષ્ટ શુદ્ધ ચેતના સ્વરૂપ પ્રકાશ...'** આ પરમાત્મા, લ્યો! આને પરમાત્મા કહીએ. જેને એક સમયમાં ભૂત, ભવિષ્ય, વર્તમાન બધી પર્યાયો જણાય છે એવા **'સર્વોત્કૃષ્ટ શુદ્ધ ચેતના સ્વરૂપ...'** દેખો? **'परं ज्योतिः'** ચૈતન્ય જ્યોત તે આવી છે કે જેને ગયા કાળ, વર્તમાન, ભવિષ્ય બધા પર્યાયો સહિત પદાર્થનો સમૂહ જેમાં જણાય છે. એવો સર્વોત્કૃષ્ટ શુદ્ધ ચેતના સ્વરૂપ પ્રકાશ. લ્યો! ચાર જ્ઞાન સર્વોત્કૃષ્ટ નથી.

**'સર્વોત્કૃષ્ટ ચેતના સ્વરૂપ પ્રકાશ, જયવંત વર્તો.'** લ્યો! પહેલું માંગલીક કર્યું. આવું કેવળજ્ઞાન જયવંત વર્તો. ભૂતકાળમાં પણ કેવળજ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં થશે એવા કેવળજ્ઞાની જગતમાં જયવંત વર્તો. સદાય કેવળજ્ઞાની રહો અને ત્રણકાળની પર્યાય તેમાં જણાય એવો સર્વોત્કૃષ્ટ ચેતન્ય પ્રકાશ એમ ને એમ પછી રહો. પહેલા શબ્દમાં દર્પણનો દાખલો આપીને સિદ્ધ કર્યું. અરીસામાં જેમ બધી ચીજ જણાય છે એમ જ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોક એક સાથે જણાય છે. એક સાથે જણાય એવો જ્ઞાન પર્યાયનો ધર્મ છે, સ્વભાવ છે.

મુમુક્ષુ :– દર્પણ તળ એટલે....

ઉત્તર :– દર્પણ તળ. દર્પણના તળમાં જેમ બીજી ચીજો જણાય. તળ એટલે ઉપરનો ભાગ. હેઠલું લાકડું નહિ. કાચના બે ભાગ હોય છે ને? પાછલો ભાગ નહિ, મોઢા આગળનો ભાગ. પ્રકાશમાન. પાછળ તો ડાઘ હોય છે, કાળુંમશ હોય, લાકડું હોય. મોઢા આગળના ભાગમાં પ્રકાશમાન જેમ જણાય એમ જ્ઞાનના પ્રકાશની પર્યાયમાં, પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોકની પર્યાય જણાય છે, એમ કહે છે. સમજાણું? દર્પણ તળને સપાટી કીધી ને? દર્પણનો ઉપરનો ભાગ. પાછળના ભાગમાં ન હોય.

**ટીકા :– ''तत् परं ज्योतिः जयति' - તે પરમ જ્યોતિ...'** તે પરમ જ્યોતિ સર્વોત્કૃષ્ટ ચૈતન્ય એની સત્તાનો સ્વીકાર કરે ને આવો. એક સમયમાં જ્ઞાનનો પર્યાય ત્રણકાળ, ત્રણલોકને એક સમયમાં જાણે એવી સત્તાનો સ્વીકાર એ ચૈતન્યની સત્તાનો સ્વીકાર છે. સમજાણું કાંઈ? એક સમયની આવી પર્યાય એમ પોતાનો સ્વભાવ બતાવ્યો. ઓહોહો..! જ્ઞાનનો પર્યાય દ્રવ્યને સર્વોત્કૃષ્ટ ચેતન પ્રકાશ સ્વરૂપ પ્રગટ્યો. ભૂત, વર્તમાન, ભવિષ્ય બધી પર્યાયોના સમૂહ સહિત પદાર્થનો સમૂહ જણાણો એ જયવંત વર્તો. એવી જૈન શક્તિ પ્રગટેલી જગતમાં જયવંત રહો, જયવંત રહો! એ સાધ્ય પૂર્ણ પ્રગટ્યું તે જયવંત રહો. અમને પણ સાધ્ય પ્રગટવાનો વ્યવસાય

www.vitragvani.com



છે, (એ) પ્રગટશે એમ કહે છે. સમજાણું કાંઈ?

જે બધી ચીજના જાણનાર છે, દેવ કોઈ ચીજના કરનાર નથી એમ સિદ્ધ કરવું છે. કોઈ કર્તા છે ઈશ્વર, ન તો પરમાત્મા જગતના પદાર્થના સમૂહને કરે છે એમ નથી. દેવ એને કહીએ કે જેના ચૈતન્યના સર્વોત્કૃષ્ટ પ્રકાશમાં ત્રણકાળની પર્યાય સમૂહ જણાય એને દેવ કહેવામાં આવે છે. દેવની ઓળખાણ આપી, કર્તા-બર્તા કોઈ દેવ કહેવાય જ નહિ. કર્તા હોય તો એણે પહેલા નહોતું જાણ્યું? પહેલા સર્વજ્ઞ થયો નહિ. સર્વજ્ઞ ક્યારે કહેવાય? કે, સર્વજ્ઞ એક સમયમાં ભૂત, ભવિષ્ય ને વર્તમાનને જાણે. કર્તા થયેલો હોય તો કર્તા પહેલા કોઈ ચીજ નહોતી, તેને સર્વજ્ઞ તો કહેવાય નહિ. થઈશ ને પછી જાણીશ, થઈ અત્યારે જાણી ને પછી જાણી. ... એવો સ્વભાવ હોઈ શકે નહિ એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? દેવનું જ્ઞાન તો એવું છે કે એક સમયમાં ત્રણકાળને જાણે. દેવ કોઈ કાળને ઉત્પન્ન કરે, કોઈ કાળને, જગતની ચીજને ઉત્પન્ન કરે અને બે કાળને જાણે કે ઉત્પન્ન કરે પછીના કાળને જાણે એમ વસ્તુનું સ્વરૂપ છે નહિ.

**'તે પરમ જ્યોતિ...'** જુઓને! આને દેવ કહેવાય. **'સર્વોત્કૃષ્ટ શુદ્ધ ચેતનાનો પ્રકાશ જયવંત વર્તે છે.'** જયવંત વર્તે છે, ત્રિકાળ એમ ને એમ વર્તે છે, એમ કહે છે. આહાહા..! અનંત કાળથી આ સર્વજ્ઞ પરમેશ્વર વર્ત્યા જ કરે છે. પદાર્થો એમ ને એમ છે એના જ્ઞાનમાં રચના થઈ એમ કહે છે. સમજાણું કાંઈ? અહો..! જ્ઞાનની સર્વોત્કૃષ્ટ પ્રકાશ શક્તિ અને એમાં બધું જણાય, એ બધું જાણનારની દશા જયવંત વર્તો, પરમાત્મા જયવંત વર્તો! ત્રણકાળમાં ત્રણલોકને જાણનારા, ત્રણકાળને જાણનારનો કોઈ દિ' વિરહ ન હોય, ન હોય. એવી દશા સદાય શાશ્વત રહો. આહાહા..! દેવની વ્યાખ્યા મોટી કરી ત્રણકાળના સમૂહને જાણે, પદાર્થસમૂહ ઘણા બધા પદાર્થ છે, એક જ તત્ત્વ નથી. પોતા સિવાય પણ અનંત છે. એની ભૂત, ભવિષ્ય ને વર્તમાન અને પોતાની પણ ભૂત, ભવિષ્ય ને વર્તમાન બધી પર્યાયને જાણે છે, લ્યો!

**''यत्र सकला पदार्थमालिका प्रतिफलति' 'જે શુદ્ધ ચેતના પ્રકાશમાં...'** ભગવાનના ચૈતન્યની પર્યાયની નિર્મળતામાં, **'બધા જ જીવાદિ પદાર્થોનો સમૂહ...'** જીવ આદિ (એટલે) એકલો જીવ નથી, છ દ્રવ્ય છે. છ દ્રવ્ય છે એ તો એક કેવળજ્ઞાનની એક સમયની પર્યાયને જાણવાની તાકાત છે. સમજાણું? **'બધા જીવાદિ પદાર્થોનો સમૂહ પ્રતિબિંબિત થાય છે.'** **'प्रतिफलति'** જણાય છે. **'કેવી રીતે?' 'समस्तैः अनन्तपर्यायैः समं' 'પોતાના સમસ્ત અનંત પર્યાયો સહિત...' 'पर्यायैः समं' 'समं'**નો અર્થ શું કર્યો? સહિત? સાથે... સાથે. સમસ્ત અનંત પર્યાયોની સાથે, સહિત. પોતાના સમસ્ત પર્યાયસ્વરૂપ. કોણ? પેલા પદાર્થસમૂહ. સઘળા પદાર્થ જગતના જેટલા છે એ બધા સમસ્ત અનંત પર્યાયો સહિત જ્ઞાનના સર્વોત્કૃષ્ટ સુખમાં, વિકાસમાં જાણવામાં આવે છે. **'પ્રતિબિંબિત થાય છે.'**

**ભાવાર્થ :– 'શુદ્ધ ચેતના પ્રકાશનો કોઈ એવો જ મહિમા છે...'** જ્ઞાનની શુદ્ધ ચેતનાની

www.vitragvani.com



પર્યાયનો પ્રગટ એવો કોઈ મહિમા છે. ત્રિકાળ તો છે, એની વાત નથી, આ તો વર્તમાનની વાત. **'શુદ્ધ ચેતના પ્રકાશનો કોઈ એવો જ મહિમા છે કે તેમાં 'જેટલા પદાર્થો છે...'** ત્રણકાળ, ત્રણલોક જેટલા (છે) **'તે બધા જ, પોતાના આકાર સહિત...'** પોતાના સ્વરૂપ સહિત, એમ. આકાર એટલે સ્વરૂપ. જે એનું સ્વરૂપ છે દ્રવ્ય-ગુણ-પર્યાય આદિ એના સ્વરૂપ સહિત **'પ્રતિભાસમાન થાય છે.'** એ પ્રતિભાસમાન થાય છે. ... પ્રતિભાસમાન એમાં છે? એમ લેવું કે બધા જ પોતાના આકાર નામ સ્વરૂપ સહિત પ્રતિભાસમાન થાય છે, એમ જોઈએ. **'પ્રતિભાસમાન થાય છે.'** બરાબર છે. આહા..! 'ભા'નો 'મા' થઈ ગયો છે. કહો! સમજાણું? એ તો થઈ જાય, એમાં કાંઈ નહિ. એ તો છાપવામાં ફેર પડી જાય.

**'શુદ્ધ ચેતના પ્રકાશનો કોઈ એવો જ મહિમા છે...'** એ જાણે છે, બસ! કોઈ પદાર્થને કરવું, હરવું, ફેરવવું, ટાળવું, ભાંગવું, તોડવું, મેળવવું, દૂર કરવું એ છે નહિ. એવા દેવના જ્ઞાનની પૂર્ણ શક્તિમાં બધું જણાય એને દેવ કહેવામાં આવે છે. ત્રણકાળ બીજાને જાણે ને બીજાની રક્ષા કરે ને બીજાને જન્મ લઈને મારે ને, રાક્ષસોને મારે ને ભક્તોને તારે ને એ દેવનું સ્વરૂપ નથી એમ કહે છે. જેની જ્ઞાન દશામાં ત્રણકાળ, ત્રણલોક જાણે એવો જ જેનો પર્યાયનો મહિમા છે એને દિવ્ય મહિમા કહેવાય છે. 'પ્રવચનસાર'માં આવે છે.

**'ક્યા દૃષ્ટાંતે? दर्पणतल इव - અરીસાના ઉપરના ભાગમાં...'** હેઠલા ભાગમાં નહિ, અરીસાના ઉપરના ભાગમાં. તળ શબ્દ છે ને એટલે. **'ઘટપટાદિ પ્રતિબિંબિત થાય છે તેમ.'** અરીસાના ઉપરના ભાગમાં ઘટપટાદિ અરીસામાં જેમ જણાય છે તેમ ભગવાન જ્ઞાનની પર્યાયમાં લોકાલોક એને જણાય છે. દ્રવ્યમાં નહિ, પર્યાયમાં જણાય છે. દ્રવ્ય તો ત્રિકાળ છે. દર્પણમાં આ બહારનો ભાગ છે ને? ઉપરમાં. એમ આ પર્યાય બહારની વાત છે. પ્રગટ થયેલી પર્યાયમાં બધું જણાય છે, દ્રવ્ય તો ત્રિકાળ ધ્રુવ છે. અરીસાના ઉપરના ભાગમાં ઘટપટાદિ, ઘટપટ આદિ બધું પ્રતિબિંબિત થાય તેમ.

**'અહીં અરીસાનું દૃષ્ટાંત આપ્યું છે તેનું પ્રયોજન એ જાણવું કે અરીસાને એવી ઇચ્છા નથી કે...'** હવે આ એનો સિદ્ધાંત આવ્યો. **'અરીસાને એવી ઇચ્છા નથી કે હું આ પદાર્થોને પ્રતિબિંબિત કરું.'** છે એવી (ઇચ્છા)? અરીસાને એવી ઇચ્છા છે? અરીસાનો દાખલો આપીને આ સિદ્ધાંત સિદ્ધ કરે છે. અરીસાને એવી ઇચ્છા નથી કે હું આ પદાર્થોને, આ પદાર્થ એમ. સામે ઘટપટ દેખાય ને એ. ઇચ્છા નથી કે, આ પદાર્થને પ્રતિબિંબિત કરું. **'જેમ લોઢાની સોય લોહચુંબકની પાસે પોતાની મેળે જાય છે તેમ અરીસો પોતાનું સ્વરૂપ છોડી તેમને પ્રતિબિંબિત કરવા માટે પદાર્થની સમીપે જતો નથી.'** બેય વાત કરી. પદાર્થને ... ઇચ્છા નથી, તેમ ત્યાં જાતો નથી, એમ. પદાર્થને જાણવા માટે અરીસાને ઇચ્છા નથી તેમ અરીસો ત્યાં જાતો નથી. પદાર્થ પાસે જાય તો અરીસો પદાર્થ જાણે એમ છે નહિ. એમ સિદ્ધ કરવું છે. **'અરીસો પોતાનું સ્વરૂપ છોડી તેમને પ્રતિબિંબિત કરવા માટે પદાર્થની સમીપે જતો નથી.'**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એ આપણે આવે છે 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં, દીવાના અધિકારમાં.

**'વળી તે પદાર્થો પણ...'** લ્યો! હવે ન્યાં એમ આવ્યું. બે વાત આમ પદાર્થની કરી, અરીસાની. અરીસાને ઇચ્છા નથી અને અરીસો ત્યાં જાતો નથી–બે વાત કરી. પદાર્થના પ્રતિબિંબિત (થવા) માટે અરીસાને ઇચ્છા નથી અને અરીસો પદાર્થના પ્રતિબિંબિત માટે પદાર્થ પાસે જાતો નથી. **'વળી તે પદાર્થો પણ પોતાનું સ્વરૂપ છોડીને તે અરીસામાં પેસતા નથી.'** લ્યો! છોડે છે ન્યાં ઘટપટ પોતાની વસ્તુ છોડી દે છે? **'પોતાનું સ્વરૂપ છોડીને તે અરીસામાં પેસતા નથી. જેમ કોઈ પુરુષ (બીજા) કોઈ પુરુષને કહે (આમાંથી) કે અમારું આ કામ કરો જ,...'** ન્યાં પણ એમ છે, દેવદત્તને યજ્ઞદત્તનું.

**'જેમ કોઈ પુરુષ બીજા પુરુષને કહે કે અમારું આ કામ કરો જ, તેમ તે પદાર્થો પોતાને પ્રતિબિંબિત કરવાની અરીસાને પ્રાર્થના પણ કરતા નથી.'** એમ. ... અરીસાને ઇચ્છા નથી અને જેને જાણે છે તેની પાસે જાતો નથી. પદાર્થ આને પ્રતિબિંબ માટે પોતાના સ્વરૂપને છોડીને પેસતા નથી, પોતાના સ્વરૂપને છોડીને પેસતા નથી અને એને પ્રતિબિંબિત થવા માટે પ્રાર્થના કરતા નથી, અરીસાને પ્રાર્થના કરતા નથી ભાઈસા'બ પ્રતિબિંબ કર. દાખલો સરસ આપ્યો છે.

**'તેમ તે પદાર્થો પોતાને પ્રતિબિંબિત કરવાની અરીસાને પ્રાર્થના પણ કરતા નથી. સહજ જ એવો સંબંધ છે કે જેવો તે પદાર્થોનો આકાર છે...'** આકાર એટલે સ્વરૂપ **'તેવા જ આકારરૂપે અરીસામાં પ્રતિબિંબિત થાય છે.'** લ્યો! બહુ સારો દાખલો આપ્યો. અરીસાને ઇચ્છા નથી કે વસ્તુને પ્રતિબિંબિત કરું. અરીસો પોતાના સ્વરૂપને, પોતાના ભાવને છોડીને ત્યાં જતો નથી. એ બે વાત કરી. પર પદાર્થને પ્રતિબિંબિત કરવા માટે તે અરીસામાં પેસતા નથી અને પર પદાર્થ અરીસાને પ્રાર્થના કરતા નથી ભાઈસા'બ પ્રતિબિંબ કર. કહો! સમજાણું આમાં? બેય બાજુ બે બોલ લીધા.

**'સહજ જ એવો સંબંધ છે...'** સ્વભાવિક એવો સંબંધ છે **'કે જેવો તે પદાર્થોનો આકાર છે...'** જુઓ! તે પદાર્થ આમાં. **'તેવા જ આકારરૂપે અરીસામાં પ્રતિબિંબિત થાય છે.'** જેવું તેનું સ્વરૂપ હોય તેવું જ એમાં અરીસામાં પ્રતિબિંબિત થાય છે. **'પ્રતિબિંબ પડતા અરીસો એમ માનતો નથી...'** હવે અહીં આવ્યું પાછું. પરપદાર્થોનું અરીસામાં **'પ્રતિબિંબ પડતાં અરીસો એમ માનતો નથી કે આ પદાર્થો મારા માટે ભલા છે,...'** માનતો હશે અરીસો? આ રંગ-બંગ દેખાય, કસ્તૂરી આવી પડેલી દેખાય. **'આ પદાર્થો મારા માટે ભલા છે, ઉપકારી છે,...'** એમ એ અરીસો માનતો નથી. ઓહો...! જ્ઞેય-જ્ઞાયકની ભિન્નતા અને છતાં બેનો જ્ઞેય-જ્ઞાયક સંબંધ. ભિન્નતા છતાં બેનો સંબંધ સહજ થઈ જાય છે એમ અહીં સિદ્ધ કરે છે.

**'મારા માટે ભલા છે, (આ પદાર્થો) ઉપકારી છે, રાગ કરવા યોગ્ય છે,...'** લ્યો! માને

www.vitragvani.com



છે? એમ. **'પદાર્થો મારા માટે ભલા છે, ઉપકારી છે, રાગ કરવા યોગ્ય છે, બધા પદાર્થો પ્રત્યે સમાન ભાવ પ્રવર્તે છે.'** અરીસાને તો બધા પદાર્થ પ્રત્યે સરખો ભાવ રહે છે. **'જેવી રીતે અરીસામાં કેટલાક ઘટપટાદિ પદાર્થો પ્રતિબિંબિત થાય છે તેવી જ રીતે જ્ઞાનરૂપી દર્પણમાં સમસ્ત જીવાદિ પ્રતિબિંબિત થાય છે.'** પેલામાં શું કહે છે? બધા થતા નથી ને. અરીસામાં તો કેટલાક પદાર્થો પ્રતિબિંબિત થાય છે, એમ શબ્દ છે. દાખલો છે ને! દાખલામાં કાંઈ બધાં અરીસામાં થાતા નથી. **'જેવી રીતે અરીસામાં કેટલાક ઘટપટાદિ પદાર્થો પ્રતિબિંબિત થાય છે...'** અરીસામાં કાંઈ બધા પદાર્થ પ્રતિબિંબિત થતા નથી. **'તેવી જ રીતે...'** દાખલાનો અરીસો તો ટૂંકા પદાર્થને થોડા પદાર્થને પ્રતિબિંબિત કરે છે. આ **'જ્ઞાનરૂપી દર્પણમાં સમસ્ત જીવાદિ પ્રતિબિંબિત થાય છે.'** આટલું. સમજાણું કાંઈ?

.. જ્ઞાન બધાને જાણે છે, સર્વજ્ઞને અલ્પ જ્ઞાન નથી ને રાગ નથી. અહીંયા અલ્પ જ્ઞાન ને રાગ છે પણ જ્ઞાન તો સમસ્તને જાણે છે. જાણવા સિવાય એની કોઈ ક્રિયા નથી, આત્માની (બીજી કોઈ ક્રિયા) છે જ નહિ. સમજાણું કાંઈ? રાગને કરવો, વ્યવહારને કરવો, નિમિત્તને કરવો, વ્યવહાર દૂર કરું એવું છે જ નહિ. એ તો સમસ્ત પદાર્થને જેમ અરીસો થોડા પદાર્થને જાણે એમ અલ્પ જ્ઞાની પ્રાણી અલ્પને જાણે પણ જાણવા સિવાય કરવું તો એનામાં–આત્મામાં છે જ નહિ. રાગનું કરવું કે શરીરની ક્રિયાને આઘી-પાછી કરવી એ વસ્તુ છે જ નહિ. સર્વજ્ઞ પૂર્ણને જાણે, અરીસો જેમ થોડાને દેખે, પ્રતિબિંબ કરે એમ આ પણ થોડાને ભલે પ્રતિબિંબ કરે પણ છે તો એનો સ્વભાવ રાગ, અલ્પજ્ઞ ને પર વસ્તુ જેમ છે તેને જાણવાનો સ્વભાવ છે. કહો! સમજાણું કાંઈ?

**'જ્ઞાનરૂપી દર્પણમાં સમસ્ત જીવાદિ પ્રતિબિંબિત થાય છે. એવું કોઈ દ્રવ્ય કે પર્યાય નથી...'** આ જગતમાં એવો કોઈ પદાર્થ કે, **'કોઈ પર્યાય નથી જે જ્ઞાનમાં ન આવ્યું હોય.'** કહો! સમજાણું? નિમિત્ત ન આવે? નિમિત્ત પદાર્થ છે કે નહિ? નિમિત્ત પદાર્થ છે કે નહિ? પર્યાય સહિત છે કે નહિ? એક સમયમાં બધા (જણાય). અહીં પણ એ કહ્યું પછી પ્રશ્ન શું છે? અહીં પણ જ્ઞાનની પર્યાય રાગને, પરને જાણવાની (થાય છે), ભલે અરીસો થોડાને (પ્રતિબિંબિત કરે) એમ અલ્પજ્ઞ થોડાને (જાણે), સર્વજ્ઞ સમસ્તને (જાણે) એટલો ફેર છે. સમસ્ત અને થોડું. દાખલામાં અરીસાને થોડા છે એમ સાધકને પોતાના જ્ઞાનમાં થોડા છે, સર્વજ્ઞના જ્ઞાનમાં બધા, પુરા (જણાય છે). ફેર તો એટલો થોડા-વધારેનો. બાકી જાણવા-દેખવામાં કાંઈ ફેર નથી. સમજાણું કાંઈ? ધર્મીનું જ્ઞાન જાણવાનું જ કામ કરે છે એમ કહે છે. વ્યવહાર કરવો ને વ્યવહાર છોડવો એ એનું કામ નથી. થાય તેને જાણે, છૂટે તેને જાણે, ન થાય તેને જાણે, જાણે... જાણે... જાણે... એમ કહે છે. અરીસામાં થોડાનો દાખલો આપ્યો ને? કેટલા? કેટલાક સાધકમાં બીજું શું ? સાધકમાં કેટલાક પદાર્થને જાણે. પૂરું જ્ઞાન ઉઘડેલું નથી એટલે થોડા પદાર્થને જ્ઞેય પ્રતિબિંબ થતું નથી. જેટલું જ્ઞાન ઉઘડ્યું છે તેટલા સામે પદાર્થ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે પ્રતિબિંબ છે તેને જણાય છે. કર્તા-બર્તા નથી. જ્ઞાન કોને કરે? સર્વજ્ઞ કોને કરે? એમ અરીસો કોને કરે? એમ અલ્પજ્ઞાન કોને કરે? સાધકનું જ્ઞાન કરે કે નહિ કાંઈ? અણુવ્રત પાળે, આ બધું કરે, આ જુઓ આખું શ્રાવકાચાર શાસ્ત્ર છે. એ..ઇ! વ્યવહારથી વાત કરશે. એ કાળે એના જ્ઞાનમાં એવો ભાવ હોય, અણુવ્રતનો હોય તેને જાણે. વ્યવહાર નથી એમ કહે, એ કરે, એને પાળે એમ કહે છે. સમજાણું કાંઈ?

કેવળજ્ઞાનમાં **'એવું કોઈ દ્રવ્ય કે પર્યાય નથી...'** એવો કોઈ પદાર્થ કે અવસ્થા જગતમાં નથી, **'જે જ્ઞાનમાં ન આવ્યું હોય. આવા શુદ્ધ ચૈતન્યરૂપ પ્રકાશનો સર્વોત્કૃષ્ટ મહિમા સ્તુતિ કરવા યોગ્ય છે.'** લ્યો! આવા શુદ્ધ ચૈતન્ય પ્રકાશનો સર્વોત્કૃષ્ટ મહિમા સ્તુતિ કરવા યોગ્ય છે, એમ કરીને માંગળિક કર્યું છે. કરવાલાયક તો આ છે. એની શક્તિ એક સમયમાં, એમાં જણાય, જ્ઞાનમાં છ કાયનું જ્ઞાન (થાય), પદાર્થ જણાય એ પોતાના માને છે એ? એ તો જ્ઞાન પોતાનું છે. એ પદાર્થને પોતાના માને છે? મને ઉપકારી થયા, મને ઘણો ઉપકાર થયો, મને લાભ થયો....

**'અહીં કોઈ પ્રશ્ન કરે છે...'** ગુણની વ્યાખ્યા કરીને? પર્યાયની. **'અહીં ગુણનું સ્તવન કર્યું,...'** ગુણ શબ્દે અહીં પર્યાય છે. **'કોઈ પદાર્થનું નામ ન લીધું...'** અહીં તો પર્યાયના ગુણની વ્યાખ્યા કરી, ગુણ આવો... ગુણ આવો... ગુણ આવો... ગુણ આવો. સર્વોત્કૃષ્ટ ચૈતન્ય પ્રકાશ ત્રણકાળ ત્રણલોક બધાને જાણે. **'પદાર્થનું નામ ન લીધું તેનું કારણ શું? પહેલાં પદાર્થનું નામ લેવું જોઈએ અને પછી ગુણનું વર્ણન કરવું જોઈએ.'** એમ. પહેલાં ગુણીની વાત કરવી જોઈએ પહેલી કે પહેલાં ગુણની? એમ કહે છે. ...ગુણની વાત ઉપાડી કે, સર્વોત્કૃષ્ટ ચૈતન્ય પ્રકાશ આવો, સર્વોત્કૃષ્ટ ચૈતન્ય પ્રકાશ આવો ગુણીથી તો વાત કરી નહિ.

**'તેનો ઉત્તર :– અહીં આચાર્યે પોતાનું પરીક્ષાપ્રધાનપણું પ્રગટ કર્યું છે.'** તેનો ઉત્તર અહીં આચાર્યે પોતાનું પરીક્ષાપ્રધાનપણું, પરીક્ષાપ્રધાનપણું–પરીક્ષા કરીને અમે નક્કી કર્યું છે એવી વાત અહીંયા પ્રસિદ્ધ કરે છે. સમજાણું? **'ભક્ત બે પ્રકારના છે - એક આજ્ઞાપ્રધાન,...'** એક આજ્ઞા માનનાર **'બીજા પરીક્ષાપ્રધાન. જે જીવો પરંપરા માર્ગવડે ગમે તેવા દેવ-ગુરુનો ઉપદેશ પ્રમાણ કરીને વિનયાદિ ક્રિયારૂપ પ્રવર્તે તેને આજ્ઞાપ્રધાન કહીએ અને જેઓ પોતાના સમ્યગ્જ્ઞાન વડે પહેલાં સ્તુતિ કરવા યોગ્ય ગુણનો નિશ્ચય કરે...'** લ્યો! પોતાના સમ્યગ્જ્ઞાન વડે જેઓ પહેલાં-પહેલાં સ્તુતિ કરવા યોગ્ય ગુણનો એટલે પર્યાયનો નિશ્ચય કરે **'અને પછી જેમનામાં તે ગુણ હોય તેમના પ્રત્યે વિનયાદિ ક્રિયારૂપ પ્રવર્તે તેને પરીક્ષાપ્રધાન કહીએ.'** સમજાણું? આજ્ઞાપ્રધાનમાં પણ કેટલોક નિર્ણય તો છે હોં! એ તો પછી તદ્દન (બિલકુલ) નિર્ણય કર્યો નથી એમ નહિ.

**'પોતાના સમ્યગ્જ્ઞાન વડે પહેલાં સ્તુતિ કરવા યોગ્ય ગુણનો નિશ્ચય કરે પછી જેમનામાં તે ગુણ હોય તેમના પ્રત્યે વિનય ભક્તિ આદિ ક્રિયારૂપ પ્રવર્તે તેને પરીક્ષાપ્રધાન કહીએ.**

www.vitragvani.com



**કેમ કે કોઈ પદ, વેશ અથવા સ્થાન પૂજ્ય નથી,...'** કોઈ પદ, વેશ કે સ્થાન–ક્ષેત્ર, કોઈ વેશ કે કોઈ પદ બીજું મોટું પદ નામ આપ્યું. આચાર્ય, ભગવાન એવા નામ આપે છે ને? ભગવતી, ભગવાન આદિ. કોઈ પદ, કોઈ વેશ અથવા સ્થાન–ક્ષેત્ર પૂજ્ય નથી. **'ગુણ પૂજ્ય છે...'** એ સિદ્ધ કરે છે, લ્યો! ગુણ પૂજ્ય છે. ક્ષેત્રમાં, પદમાં, સ્થાનમાં પણ ગુણ પૂજ્ય છે.

**'તેથી અહીં શુદ્ધ ચેતના પ્રકાશરૂપ ગુણ સ્તુતિ કરવા યોગ્ય છે એમ આચાર્યે નિશ્ચય કર્યો.'** લ્યો! તેથી અહીં શુદ્ધ ચેતના પ્રકાશરૂપ ગુણ–કેવળજ્ઞાનની પર્યાય (સ્તુતિ કરવા યોગ્ય છે). વિરોધ છે બધા વાંધા છે. અનિયત થાય તો અનિયત જાણે, નિયત થાય તો નિયત જાણે, અનિયત થાય તો આ નિમિત્ત આવ્યું ને નો થયું. ભગવાનના જ્ઞાનમાં અનિયત કેવું? સર્વજ્ઞને ઉડાડે છે. સર્વજ્ઞની પર્યાયની પૂર્ણતાને ઉડાડે છે. શુદ્ધ ચેતના પ્રકાશરૂપ પર્યાય. જુઓ! આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ, જે ત્રણ સૂત્રમાં ટીકા કરનારા. 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય' તે આ સૂત્ર .... પહેલા શ્લોકમાં કેવળજ્ઞાનની સ્તુતિ કરી છે. ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. કેમકે જ્ઞાનનો પર્યાય ચૈતન્ય એની શક્તિ એ કેવળજ્ઞાનીએ જે જોયું તે પ્રમાણે કહ્યું તેને ધર્મ કહેવામાં આવે છે. જેને હજી કેવળજ્ઞાનના પર્યાયના નિર્ણયમાં ઠેકાણા નહિ. સર્વજ્ઞ કેવા હોય, સર્વજ્ઞ એક ક્ષણે બધું જાણે, બાકી રહે કાંઈ?

**'શુદ્ધ ચેતના પ્રકાશરૂપ ગુણ સ્તુતિ કરવા યોગ્ય છે એમ આચાર્યે નિશ્ચય કર્યો. જેમનામાં એવો ગુણ હોય તે સહજ સ્તુતિ કરવા યોગ્ય થયો.'** જેનામાં આવી સર્વજ્ઞ ચૈતન્ય પ્રકાશમય પર્યાય પ્રગટ થઈ તે સહેજે જ સ્તુતિ કરવા લાયક થાય એમ અહીંયાં સિદ્ધ કરવું છે. કહો! સમજાણું? **'જેમનામાં એવો ગુણ હોય તે સહજ જ સ્તુતિ કરવા યોગ્ય થયો.'** એમ કહે. સ્વભાવિક એની સ્તુતિ થાય, ... જેને ગુણ વહાલા છે અને જેને પૂર્ણ ગુણ પ્રગટ્યા, જેને ગુણની પર્યાય વ્હાલી છે ને જેને ગુણ પૂર્ણ પ્રગટ્યા છે એને સહજ જ ગુણની સ્તુતિ કરવા લાયક થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એને એવો વિકલ્પ આવે છે. જ્ઞાનમાં કેવળજ્ઞાનનો પર્યાય આવડો હોય, ગુણ આવો હોય, એવો જેને પહેલો ગુણનો પ્રેમ છે એને ગુણની પર્યાય પૂર્ણ છે એના પ્રત્યે સ્તુતિનો સહજ ભાવ સ્તુતિ કરવા લાયક આવે છે.

**'કારણ કે જે ગુણ છે તે દ્રવ્યના આશ્રયે છે,...'** જુઓ! પદાર્થની વાત કરી હતી ને? પદાર્થનું તમે નામ ન લીધું અને પાધરી પર્યાયની વાત, ગુણની વાત કરી. પણ એ ગુણ જે છે તે દ્રવ્યને આશ્રયે છે, જુદા નથી. જે ગુણની વ્યાખ્યા કરી તે ગુણ દ્રવ્યને આશ્રયે છે, ગુણ દ્રવ્યથી જુદો નથી. જુદો ગુણ નથી. **'એમ વિચારીને નિશ્ચય કરીએ તો એવો ગુણ...'** છે ને? હવે અરિહંત લે છે–દ્રવ્ય. **'કારણ કે જે ગુણ છે તે દ્રવ્યના આશ્રયે છે,...'** તે નિર્મળ કેવળજ્ઞાન પર્યાય તે દ્રવ્યને આશ્રયે છે તે પર્યાય તે દ્રવ્યથી જુદી નથી એમ વિચારીને નિશ્ચય કરીએ. આમ વિચારીને નિશ્ચય કરીએ. **'તો એવો ગુણ...'** એટલે એવી પર્યાય. પ્રગટરૂપ

www.vitragvani.com



પર્યાય તો પ્રગટ છે ને? **'અરિહંત અને સિદ્ધમાં હોય છે.'** આવી કેવળજ્ઞાનની પર્યાય, પહેલા સર્વજ્ઞને યાદ કર્યા છે, લ્યો! 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' બતાવતા, શ્રાવક આચાર બતાવતા બાર વ્રત આદિને બતાવે છે. સમજ્યા ને? દર્શન-જ્ઞાન સહિત, હોં! સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત શ્રાવકના અણુવ્રત કેવા હોય એને બતાવશે. એમાં પહેલા જ સર્વજ્ઞને યાદ કર્યા છે. ધર્માત્માને સર્વજ્ઞ જ પહેલાં સ્તુતિ કરવા લાયક છે એમ અહીંયા સિદ્ધ કર્યું.

**'તો એવો ગુણ પ્રગટરૂપ અરિહંત અને સિદ્ધમાં હોય છે. આ રીતે પોતાના ઇષ્ટદેવનું સ્તવન કર્યું.'** લ્યો! આ રીતે 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજે પોતાના ઇષ્ટ નામ પ્રિય એવા પરમાત્મા દેવની શક્તિનું અહીંયાં સ્તવન કર્યું. દેવના ગુણ ગાયા. શાસ્ત્રના નિયમ પ્રમાણે દેવ-શાસ્ત્ર-ગુરુ એમ આવે છે ને એમાં? દેવની વ્યાખ્યા કરી. હવે ગુરુ ન લેતા, શાસ્ત્ર લે છે, આગમ લે છે. પછી ગુરુની વાત. પહેલાં પોતે પોતાને કહેશે કે હું આ કહું છું, પરમાગમ કહું છું એનાથી પુરુષાર્થસિદ્ધિનો ઉપાય વિદ્વાનોને સમજવા જેવો છે એમ વાત કરશે. એમ આગમની વ્યાખ્યા ફરીને આવશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૨

**હવે ઇષ્ટ આગમનું સ્તવન કરે છે.**

**परमागमस्य *जीवं निषिद्धजात्यन्धसिन्धुरविधानम्।**
**सकलनयविलसितानां विरोधमथनं नमाम्यनेकान्तम्।।२।।**

**અન્વયાર્થ :– [ निषिद्धजात्यन्धसिन्धुरविधानम् ] જન્મથી અંધ પુરુષોના હાથીના વિધાનનો નિષેધ કરનાર [ सकलनयविलसितानाम् ] સમસ્ત નયોથી પ્રકાશિત વસ્તુસ્વભાવોના [ विरोधमथनं ] વિરોધોને દૂર કરનાર [ परमागमस्य ] ઉત્કૃષ્ટ જૈન સિદ્ધાન્તના [ जीवं ] જીવભૂત [ अनेकान्तम् ] અનેકાન્તને-એક પક્ષરહિત સ્યાદ્વાદને હું અમૃતચંદ્રસૂરિ [ नमामि ] નમસ્કાર કરું છું.**

**ટીકા :– 'अहं अनेकान्तं नमामि' - હું - ગ્રંથકર્તા અનેકાન્ત-એકપક્ષ રહિત સ્યાદ્વાદને નમસ્કાર કરું છું. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જિનાગમને નમસ્કાર કરવા હતા, અહીં સ્યાદ્વાદને**

* पा. बीजं

www.vitragvani.com



નમસ્કાર કર્યા તેનું કારણ શું? તેનો ઉત્તર-જે સ્યાદ્વાદને અમે નમસ્કાર કર્યા તે કેવો છે? 'परमागमस्य जीवं' - ઉત્કૃષ્ટ જૈન સિદ્ધાન્તના જીવભૂત છે.

ભાવાર્થ :– જેમ શરીર જીવ સહિત કાર્યકારી છે, જીવ વિનાનું મૃતક શરીર કાંઈ કામનું નથી તેમ જૈન સિદ્ધાંત છે તે વચનાત્મક છે, વચન ક્રમવર્તી છે. તે જે કથન કરે છે તે એક નયની પ્રધાનતાથી કરે છે, પરન્તુ જૈન સિદ્ધાંત સર્વત્ર સ્યાદ્વાદથી વ્યાપ્ત છે. જ્યાં એક નયની પ્રધાનતા છે ત્યાં બીજો નય સાપેક્ષ છે તેથી જૈન સિદ્ધાંત આ જીવને કાર્યકારી છે. અન્યમતના સિદ્ધાંત એક પક્ષથી દૂષિત છે, સ્યાદ્વાદરહિત છે માટે કાર્યકારી નથી. જે જૈનશાસ્ત્રના ઉપદેશને પણ પોતાના અજ્ઞાનથી સ્યાદ્વાદરહિત શ્રદ્ધે છે તેને વિપરીત ફળ મળે છે. માટે સ્યાદ્વાદ પરમાગમના જીવભૂત છે. તેને નમસ્કાર કરું છું.

વળી કેવો છે સ્યાદ્વાદ? 'निषिद्धजात्यन्धसिन्धुरविधानं' જન્માંધ પુરુષોનું હસ્તિવિધાન જેણે દૂર કર્યું છે એવો છે. જેમ ઘણા જન્માંધ પુરુષો મળ્યા. તેમણે એક હાથીના અનેક અંગ પોતાની સ્પર્શેન્દ્રિયથી જુદા જુદા જાણ્યા. આંખો વિના આખા સર્વાંગ હાથીને ન જાણવાથી હાથીનું સ્વરૂપ અનેક પ્રકારે કહીને (એક અંગને જ સર્વાંગ ગણીને) પરસ્પર વાદ કરવા લાગયા. ત્યાં આંખો વાળો પુરુષ હાથીનો યથાર્થ નિર્ણય કરીને તેમની ભિન્ન ભિન્ન કલ્પનાને દૂર કરે છે, તેમ અજ્ઞાની એક વસ્તુના અનેક અંગોનો પોતાની બુદ્ધિથી જુદી જુદી અન્ય અન્ય રીતિથી નિશ્ચય કરે છે. સમ્યગ્જ્ઞાન વિના સર્વાંગ (સંપૂર્ણ) વસ્તુને ન જાણવાથી એકાંતરૂપ વસ્તુ માનીને પરસ્પર વાદ કરે છે ત્યાં સ્યાદ્વાદ વિદ્યાના બળ વડે સમ્યગ્જ્ઞાની યથાર્થપણે વસ્તુનો નિર્ણય કરી તેમની ભિન્ન ભિન્ન કલ્પના દૂર કરે છે. તેનું ઉદાહરણ-

સાંખ્યમતી વસ્તુને નિત્ય જ માને છે, બૌદ્ધમતી ક્ષણિક જ માને છે. સ્યાદ્વાદી કહે છે કે જો વસ્તુ સર્વથા નિત્ય જ હોય તો અનેક અવસ્થાનું પલટવું થાય છે તે કેવી રીતે બને છે? જો વસ્તુને સર્વથા ક્ષણિક માનીએ તો 'જે વસ્તુ પહેલાં દેખી હતી તે આ જ છે' એવું પ્રત્યભિજ્ઞાન કેવી રીતે થાય છે? માટે કથંચિત્ દ્રવ્યની અપેક્ષાએ વસ્તુ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ ક્ષણિક છે. આ રીતે સ્યાદ્વાદ વડે સર્વાંગ વસ્તુનો નિર્ણય કરવામાં આવે ત્યારે એકાંત શ્રદ્ધાનો નિષેધ થાય છે. વળી કેવો છે સ્યાદ્વાદ? 'सकलनयविलसितानां विरोधमथनं' સમસ્ત નયોથી પ્રકાશિત જે વસ્તુનો સ્વભાવ તેના વિરોધને દૂર કરે છે.

ભાવાર્થ :– નયવિવક્ષાથી વસ્તુમાં અનેક સ્વભાવો છે. વળી તેમાં પરસ્પર વિરોધ છે. જેમ કે અસ્તિ અને નાસ્તિનું પ્રતિપક્ષપણું છે, પરન્તુ જ્યારે સ્યાદ્વાદથી સ્થાપના કરીએ ત્યારે સર્વ વિરોધ દૂર થાય છે. કેવી રીતે? એક જ પદાર્થ કથંચિત્ સ્વચતુષ્ટયની અપેક્ષાએ અસ્તિરૂપ છે, કથંચિત્ પરચતુષ્ટયની અપેક્ષાએ નાસ્તિરૂપ છે. કથંચિત્ સમુદાયની અપેક્ષાએ એકરૂપ છે, કથંચિત્ ગુણપર્યાયની અપેક્ષાએ અનેક રૂપ છે. કથંચિત્ સંજ્ઞા, સંખ્યા, લક્ષણની અપેક્ષાએ ગુણ-પર્યાયાદિ અનેક-ભેદરૂપ છે, કથંચિત્ સત્‌ની અપેક્ષાએ અભેદરૂપ છે. કથંચિત્ દ્રવ્ય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**અપેક્ષાએ નિત્ય છે, કથંચિત્ પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. આ રીતે સ્યાદ્વાદ સર્વ વિરોધને દૂર કરે છે. સ્યાત્ એટલે કથંચિત્ નય અપેક્ષાએ, વાદ એટલે વસ્તુસ્વભાવનું કથન તેને સ્યાદ્વાદ કહે છે, તેને નમસ્કાર કર્યા. ૨.**

---

**પ્રવચન નં. ૨ ગાથા–૨ બુધવાર, માગશર વદ ૧, તા. ૨૮-૧૨-૧૯૬૬**

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' 'અમૃતચંદ્રાચાર્ય' કૃત શાસ્ત્ર છે. પહેલી ગાથાના ઇષ્ટદેવની ઓળખાણ કરીને નમસ્કાર કર્યો છે. ઇષ્ટદેવને નમસ્કાર. ઇષ્ટદેવ કેવા? દર્પણના તળમાં જેમ બધા પદાર્થ જણાય એમ જેના જ્ઞાનમાં બધા પદાર્થનો સમૂહ જણાય એવી જેને શક્તિ પ્રગટ થઈ ગઈ છે એવા પરમાત્માને ઓળખીને એને નમસ્કાર કર્યો છે. ધર્મનું મૂળ સર્વજ્ઞ પહેલેથી થવું જોઈએ. એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકના પદાર્થના સમૂહને બધું પ્રત્યક્ષ છે, જેના જ્ઞાનમાં પૂર્ણ આવી જાય એવા જ્ઞાનીને દેવ કહેવામાં આવે છે એમ કરીને ઓળખાણથી કેવળીની પ્રસિદ્ધિ કરી અને એને વંદન કર્યા. એવો બીજો હોઈ શકે નહિ. એવા દેવ જૈન વીતરાગ સિવાય બીજે હોય નહિ. એમ કહીને માંગલિક કર્યું. ...

**'હવે ઇષ્ટ આગમનું સ્તવન કરે છે.'** દેવ–શાસ્ત્ર ...

**परमागमस्य जीवं निषिद्धजात्यन्धसिन्धुरविधानम्।**
**सकलनयविलसितानां विरोधमथनं नमाम्यनेकान्तम्।।२।।**

શું કહે છે? **'જન્મથી અંધ પુરુષોના હાથીના વિધાનનો નિષેધ કરનાર...'** આંધળા ... બધા હાથીને જોવે. આંખો નથી સ્પર્શ ઇન્દ્રિયથી જોવે અને એનું વિધાન કરે, બતાવે કે હાથી આવો, આવો, આવો. .... સૂપડા જેવો હાથી છે, થાંભલા જેવો હાથી છે, એક એક ... દેખીને કહે. જન્મથી આંધળા એવા પુરુષોના હાથીના વિધાનની રીત એનો નિષેધ કરનાર. એક એક પડખાને જાણનારા આંધળાઓ આખી વસ્તુને જાણી શકતા નથી, એનો નિષેધ કરનાર કોણ? આ પરમાગમ. **'સમસ્ત નયોથી પ્રકાશિત વસ્તુસ્વભાવોના 'सकलनयविलसितानाम्'** બધી નયોથી પરિપૂર્ણ પદાર્થનું સ્વરૂપ છે તેમ તે નયથી એમ છે. વસ્તુનું સ્વરૂપ છે તે રીતે, હોં! સમસ્ત નયોથી પ્રકાશિત વસ્તુસ્વભાવ. જેવો વસ્તુનો સ્વભાવ છે એના અનેક અંગોમાંથી એક એક અંગને પણ ભિન્ન ભિન્ન કરીને અનેક નયોથી તેનું જ્ઞાન કરાવે છે. **''विरोधमथनं' વિરોધોને દૂર કરનાર...'** છે. નિત્યાનિત્ય, એક-અનેક આદિ ધર્મ છે એનો પણ એ પરમાગમ સ્યાદ્વાદ વિરોધ દૂર કરનાર છે, વિરોધ દૂર કરનાર છે. વિરોધ એમાં રહેતો નથી.

**''परमागमस्य' ઉત્કૃષ્ટ જૈન સિદ્ધાન્તના જીવભૂત...'** પરમાગમના સિદ્ધાંતરૂપી પરમાગમ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એનું જીવભૂત. શબ્દ 'જીવ' છે એનો અર્થ જીવભૂત. એનું તત્ત્વ. આ વિના અનેકાન્ત ન હોય તો જેમ મરેલો જીવ વિનાનું ક્લેવર, એમ અનેકાન્ત ન હોય તો એ શાસ્ત્ર મરેલા ક્લેવર જેવું છે, એમ કહે છે. **'અનેકાન્તને-એક પક્ષરહિત સ્યાદ્વાદને હું...'** લ્યો! આમાં ગોટો છે બધો, કહેશે નીચે. **'અનેકાન્તને-એક પક્ષરહિત સ્યાદ્વાદને...'** વસ્તુના સ્વભાવમાં અનંત અંગો, ધર્મો હોય એની વાત છે. સમજાણું કાંઈ? એમાં ન હોય એની વાત ક્યાંથી આવે? એથી કહ્યું ને! **'सकलनयविलसितानाम्'** એમાં અનેક નયોથી વિલસિત એવો એનો ધર્મ છે એને એ પરમાગમ બતાવે છે.

**'અનેકાન્તને એટલે એક પક્ષરહિત સ્યાદ્વાદને હું અમૃતચંદ્રસૂરિ નમસ્કાર કરું છું.'** લ્યો! અનેકાન્તને નમસ્કાર કર્યો છે. સમજાણું? એ અનેકાન્તને બહાને અત્યારે મોટા ગોટા ઉઠ્યા છે. સિદ્ધને પણ કથંચિત્ સ્વતંત્ર, કથંચિત્ પરતંત્ર (કહીએ) એનું નામ અનેકાન્ત. એમ અનેકાન્ત ન હોય. એનામાં સિદ્ધ હોય તેને અનેકાન્તપણું લાગુ પડે. પૂર્ણ સ્વતંત્ર સુખી છે બિલકુલ કિંચિત્ પરતંત્ર નથી એવા એનામાં ધર્મો છે. કથંચિત્ પરતંત્ર એવો કોઈ ધર્મ એમાં નથી. હવે સ્યાદ્વાદનો - અનેકાંતનો એવો અર્થ કરે છે, લ્યો! બધામાં ફૂદડીવાદ!

**ટીકા :– ''अहं अनेकान्तं नमामि' - હું-ગ્રંથકર્તા...'** અમૃતચંદ્રાચાર્યસૂરિ જે 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય'ના મૂળ ટીકા-કર્તા. એક એક ગ્રંથમાં આવે છે એની તો ટીકા કરી હતી. હું એક ગ્રંથકર્તા. લ્યો! જુઓ! આવ્યું કે નહિ હું ગ્રંથકર્તા? પાછળ કહ્યું હતું. હું કહેનાર છું... આવે છે ને? હું કહેનાર છું... એનો અર્થ લીધો, કહેનાર છું કહ્યું છે. હું કહેનાર છું ને આ કહેવા યોગ્ય છે ને હું એને કહું છું એમ કંઈ ભ્રમણા કરીશ નહિ, એમ કહ્યું છે. આહા..! એવા વચનોથી શાસ્ત્ર બન્યા છે. નિમિત્તપણે કોણ હતું એનું જ્ઞાન કરાવવા કહે. આત્માથી શાસ્ત્ર બને નહિ. એ વાંધા મોટા. શાસ્ત્ર આત્મા (કરે છે), આ રહ્યું લ્યો! **'હું ગ્રંથકર્તા...'** છે કે નહિ? ગ્રંથકર્તા અમૃતચંદ્રાચાર્ય છે, ગ્રંથકર્તા વાણી છે? ભાષાવર્ગણા કાંઈ ગ્રંથને કરે? ભાષાવર્ગણા જ ગ્રંથને કરે, આત્મા એનો કર્તા નથી. અહીં તો હા પાડે તો હા પડે તેવું છે. અહીં તો હું ગ્રંથકર્તા નિમિત્ત કોણ છે એનું જ્ઞાન કરાવ્યું છે. સમજાય છે? નિમિત્ત કર્તા કોણ છે. નિમિત્ત કર્તાનો અર્થ થાય છે તો સ્વતંત્ર પણ નિમિત્તપણે હું હતો એટલું નિમિત્તકર્તા, ગ્રંથકર્તા એમ કહેવામાં આવ્યું છે. નિમિત્ત કર્તાનો અર્થ કે, પરનો કર્તા નથી. એનો અર્થ જ ઇ છે. આ શબ્દો આવે એટલે વાંધા ઉઠાવે, લ્યો! હું કર્તા છું, આવ્યું નહિ? હું કરું છું. એ તો કઈ અપેક્ષાએ લખ્યું છે, લખવાની ભાષા છે. પોતે ૨૨૬ ગાથામાં કહ્યું છે, છેલ્લામાં છે. વર્ણે આ કહ્યું, પદે થયું વાક્ય અને વાક્યે થયું શાસ્ત્ર. છેલ્લી ગાથા છે, લ્યો!

**वर्णैः कृतानि चित्रैः पदानि तु पदैः कृतानि वाक्यानि।**
**वाक्यैः कृतं पवित्रं शास्त्रमिदं न पुनरस्साभिः।।२२६।।**

www.vitragvani.com



એ એનો અર્થ એવો કરે છે કે, પોતાની લઘુતા નક્કી કરશે. એ 'સમયસાર'ના માહાત્મ્ય માટે બતાવે છે, બાકી કર્યું છે તો એણે, એવી વાત કરે છે. છે? **'સ્વામી અમૃતચન્દ્ર મહારાજ ગ્રંથ પૂર્ણ કરતા પોતાની લઘુતા બતાવે છે..'** લઘુતા એટલે? ... સમજાય છે? ... **'वर्णैः कृतानि चित्रैः'** જોયું? **'चित्रैः'** એટલે અનેક પ્રકારના અક્ષરો વડે રચાયેલું પદ, પદોથી બનાવેલું વાક્ય એમ જોયું? અને વાક્યોથી પછી આ પવિત્ર શુદ્ધ શાસ્ત્ર કહ્યું. બનાવવામાં આવ્યું છે. **'અમે કાંઈ પણ બનાવ્યું નથી.'** એ તો કહે લઘુતા માટે પણ કરેલું તો છે ને? આ વાંધા લ્યો! ઠીક. કરેલું નથી. **'वर्णैः कृतानि चित्रैः'** એમ છે ને? અનેક પ્રકારના ચિત્રવાળા એટલે અનેક પ્રકારના અક્ષરો વડે **'कृतानि'** છે. આત્માથી કરાયેલું નથી. કહો! સમજાણું કાંઈ? મોટા વાંધા ચાલે છે.

**''अहं अनेकान्तं नमामि' હું-ગ્રંથકર્તા અનેકાન્ત-એકપક્ષ રહિત સ્યાદ્વાદને નમસ્કાર કરું છું.'** જુઓ! એકપક્ષ રહિત એટલે એક પક્ષ નહિ. આત્મા નિત્ય જ છે, અનિત્ય છે, એક જ છે, અનેક જ છે, ... એમ એકાન્ત નથી. જેમ છે તેમ એક પક્ષ રહિત સ્યાદ્ અપેક્ષાએ વાદ કહેવું એવા અનેકાન્તને હું **'નમસ્કાર કરું છું.'** શબ્દમાં દરેકમાં ફેર, અર્થ ન કરે તો શું થાય?

**'અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જિનાગમને નમસ્કાર કરવા હતા,...'** પ્રશ્ન આ છે. પરમાગમનું 'જીવં', અનેકાંતને નમસ્કાર કર્યા. પરમાગમનું 'જીવં' અથવા 'જીવં' અનેકાન્તને નમસ્કાર. પરમાગમને કેમ નમસ્કાર ન કર્યો? **'અહીં સ્યાદ્વાદને નમસ્કાર કર્યા તેનું કારણ શું?'** લ્યો! **'તેનો ઉત્તર'** સ્યાદ્વાદને કેમ નમસ્કાર કર્યા એટલે અનેકાન્તને કેમ નમસ્કાર કર્યા? એમ. પરમાગમને નમસ્કાર કરવો છે પણ પરમાગમનો જીવ તો અનેકાન્ત છે તો પરમાગમને નમસ્કાર કરવો હતો.

**'તેનો ઉત્તર-જે સ્યાદ્વાદને નમસ્કાર કર્યા તે કેવો છે?'** લ્યો! સ્યાદ્વાદને કેવો છે? **'ઉત્કૃષ્ટ જૈન સિદ્ધાન્તના જીવભૂત છે.'** એ પરમાગમનો જીવભૂત છે માટે એને નમસ્કાર કર્યો છે. એનું તત્ત્વ છે. સમજાણું? પરમાગમનું એ સત્ત્વ છે, પરમાગમનો એ માલ છે, અનેકાન્ત એ પરમાગમનો માલ છે. દરેક દ્રવ્ય દ્રવ્યપણે છે, પરદ્રવ્યપણે નથી, દરેક ગુણ ગુણપણે છે, બીજા ગુણપણે નથી. દરેક પર્યાય સ્વપણે છે, પરપણે નથી. એવું જે અનેકાન્ત વસ્તુનું સ્વરૂપ છે એમાં. એવું સ્વરૂપ પરમાગમનો જીવભૂત અનેકાંત, એને અમે નમસ્કાર કર્યો છે. કેમકે પરમાગમનો એ જીવભૂત છે.

પરમાગમને નમસ્કાર ન કર્યો અને આને કેમ કર્યો? (કેમકે) એ પરમાગમનું સત્ત્વ છે. અનેકાન્ત એ પરમાગમનો સાર છે. માટે એને નમસ્કાર કર્યો છે. દરેકને આવું અનેકાંત લગાડી દેવું, એમ કેટલાક કહે છે. સમજ્યા ને? લગાવ્યું છે ને! જુઓને! કેટલાક પંડિતો સામા પડ્યા છે કે આમ ન હોય. સિદ્ધ પણ પરતંત્ર, સાદિ અનંત પરતંત્ર (છે). કહો!

www.vitragvani.com



સાદિ અનંત પરતંત્ર થયા, આગળ ન જઈ શક્યા એટલે. સિદ્ધ થયા ને ત્યારથી. સિદ્ધ થયા ત્યારથી તે અનંત કાળ સુધી પરતંત્ર. સાદિ અનંત પરતંત્ર. સંસારી તો પરતંત્ર હતા એ તો વળી જુદું. સમજાય છે કાંઈ? કોઈ સિદ્ધને પરતંત્ર ઠરાવે છે. ધર્માસ્તિકાય આગળ નથી એટલે જાતા નથી એટલું પરતંત્ર ખરું કે નહિ? વિભાવિકશક્તિ ... તો નિમિત્તાધીન કામ નથી કરી શકતી. સિદ્ધને શરીર પ્રમાણે એનો આકાર રહેવો પડ્યો. છેલ્લા શરીર પ્રમાણે આકાર રહેવો પડ્યો ને? એટલા પરાધીન છે કે નહિ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કોણ કરે છે લાંબો? પરાધીન જરીએ નથી. પોતાનો સ્વભાવ પૂર્ણ સ્વતંત્ર પ્રગટ્યો છે, જરીયે પરતંત્ર છે નહિ. એમ નથી કે અનેકાંત એટલે કંઈક સ્વતંત્ર અને કંઈક પરતંત્ર. એ અનેકાન્ત એમ નથી. એનામાં સ્વતંત્રતા પૂર્ણ થઈ છે, પરતંત્રતા જરીએ નથી એવા અનેકાન્તને ભગવાન પરમાગમનો જીવ કહે છે. પરમાગમનું બીજડું છે. **‘ઉત્કૃષ્ટ જૈન સિદ્ધાન્તના જીવભૂત છે.’**

**ભાવાર્થ :– ‘જેમ શરીર જીવ સહિત કાર્યકારી છે,...’** જુઓ! એ..ય..! કાર્યકારીનો અર્થ કે જીવ હોય તો શરીરને જીવ કહેવાય, આ સચેત શરીરને, પણ જીવ એકલો ન હોય તો મડદું કહેવાય, એમ એટલી વાત છે. જીવ ન હોય તો શરીર મડદું કહેવાય, જીવ હોય તો એને શરીરને સચેતન કહેવાય કે આનું શરીર છે. ... શરીર જીવ સહિત કાર્યકારી છે એટલે જીવ હોય તો શરીરનું કાર્યકારીપણું થાય એમ અહીં નથી કહેવું. શરીરનું કાર્ય તો શરીરથી થાય છે પણ શરીરમાં જીવ હોય તો શરીરની કિંમત કહેવાય નહિતર મડદું છે, એમ. બાળી મુકે છે કે નહિ? જીવ હોય ત્યાં સુધી રાખે, જીવ નીકળ્યો એટલે જાવ બાળી દ્યો, કરો રાખ. જીવ હોય ત્યાં સુધી એક માખી બેસવા ન દ્યે, ફલાણું જોઈએ, પંખા નાખે... જીવ ગયો એટલે નાખો, ઠાઠડીએ મજબૂત બાંધો. કહો! એવું બાંધે કે માથે શ્વાસ ન લઈ શકે એટલું આમ બાંધે. એ જીવ વિનાના શરીરની જેમ કાંઈ કિંમત નથી એમ કહેવું છે.

**‘જીવ વિનાનું મૃતક શરીર કાંઈ કામનું નથી...’** પછી અર્થે વાંધા ઉઠાવે, ક્ષણે ક્ષણે ઉઠાવે ... સત્યની એવી ચીજ છે. **‘તેમ જૈન સિદ્ધાંત છે તે વચનાત્મક છે,...’** લ્યો! જૈન સિદ્ધાંત છે તે વચન સ્વરૂપ છે. શબ્દો તો વચન સ્વરૂપ છે ને? આ આગમ. **‘વચન ક્રમવર્તી છે.’** જુઓ! અહીં સ્યાદ્વાદ સિદ્ધ કરવું છે ને. વચન છે તે ક્રમે ક્રમે કહી શકે, એક સાથે આખું કહી શકતું નથી. એક દ્રવ્યના અનંત ગુણો એક સાથે કહી શકે? નિત્યપણું, અનિત્યપણું એક સાથે કહી શકે? એમ વચન ક્રમવર્તી છે એટલે એક સાથે કહી શકતા નથી.

**‘તે જે કથન કરે છે તે એક નયની પ્રધાનતાથી કરે છે,...’** વચન જે પદાર્થનો સ્વભાવ કહે છે તે ક્રમે ક્રમે કરીને કહે છે અને તેથી તે વચન તે એક નયની પ્રધાનતાથી વચન

www.vitragvani.com



હોય. **'પરન્તુ જૈન સિદ્ધાંત સર્વત્ર સ્યાદ્વાદથી વ્યાપ્ત છે.'** જુઓ! અહીં આવ્યું. પરન્તુ જૈન સિદ્ધાંત ભગવાનની વાણી સર્વત્ર સ્યાદ્વાદથી–કથંચિત્ કહેવાથી વ્યાપ્ત છે. એટલે આમાં ભ્રમણા નાખે. **'જ્યાં એક નયની પ્રધાનતા છે ત્યાં બીજો નય સાપેક્ષ છે...'** એક નયથી આત્મા નિત્ય કહે ત્યાં બીજો નય અનિત્ય તે સાપેક્ષમાં રહેલો છે. અનિત્ય પણ ભેગો છે, નિત્ય કીધો માટે નિત્ય છે એમ છે નહિ.

**'બીજો નય સાપેક્ષ છે...'** એક નયની મુખ્યતાથી કીધું જુઓ! પ્રધાનતા. **'ત્યાં બીજો નય સાપેક્ષ છે તેથી જૈન સિદ્ધાંત આ જીવને કાર્યકારી છે.'** લ્યો! જૈન સિદ્ધાંત આ જીવને કાર્યકારી છે. એ વચન સ્વરૂપ જૈન સિદ્ધાંત. ... કહે ને વાત આવે ત્યારે. એકકોર કહે જૈન સિદ્ધાંતથી જ્ઞાન થાતું નથી, વાણીથી જ્ઞાન થાતું નથી, લ્યો! નિમિત્તપણું કોણ છે એ બતાવવું છે ને! સમજાણું કાંઈ? કહે છે કે જ્ઞાનીને એ શાસ્ત્રથી જ્ઞાન થાતું નથી, વાણીથી જ્ઞાન થાતું નથી, દિવ્યધ્વનિથી પણ થતું નથી. કહો! જ્ઞાન જ્ઞાનથી થાય છે પણ એમાં નિમિત્ત કોણ હતું એની વાત કરીને જૈન સિદ્ધાંત આ જીવને આ અપેક્ષાએ કાર્યકારી છે. સમજાણું કાંઈ?

**'અન્યમતના સિદ્ધાંત એક પક્ષથી દૂષિત છે,...'** બીજાના અજ્ઞાનીના કહેલા શાસ્ત્રો એક જ પક્ષી, બીજા પક્ષને નહિ માનવાને કારણે દૂષિત છે. **'સ્યાદ્વાદરહિત છે...'** એમાં સ્યાદ્વાદવાદપણું નથી. અપેક્ષાએ જાણીને કહેવું એક પક્ષ છે અને બીજો પક્ષ પણ સામે છે એ વાત નથી માનતા. **'માટે કાર્યકારી નથી.'** એટલું સિદ્ધ કરવું છે. અનેકાન્ત સર્વજ્ઞના કહેલા સિદ્ધાંતો જીવને નિમિત્તરૂપે કાર્યકારી કહેવામાં આવે છે. અને અજ્ઞાનીના સિદ્ધાંત એક પક્ષથી દૂષિત છે તેથી તે કાર્યકારી છે નહિ. સર્વજ્ઞ પરમેશ્વરની વાણી પરમાગમ અનેકાન્તથી ભરેલી છે, એ જ આત્માને હિતકર છે. કારણ કે વાસ્તવિક વસ્તુના સ્વરૂપને બતાવનાર છે.

**'જે જૈનશાસ્ત્રના...'** હવે અહીં કહે છે, જુઓ! **'જે જૈનશાસ્ત્રના ઉપદેશને પણ પોતાના અજ્ઞાનથી સ્યાદ્વાદરહિત શ્રદ્ધે છે...'** લ્યો! એમાં પણ પાછી અપેક્ષાથી જે કહ્યું હોય એને ન સમજે અને એકાંતથી માને. **'જે જૈનશાસ્ત્રના ઉપદેશને પણ...'** એમ. બીજાને તો શું, બીજાની તો વાત કરી–અન્યમતિ વિશે. જૈનશાસ્ત્રમાં અનેકાન્તથી કથન છે એને પણ પોતાના જ્ઞાનથી સ્યાદ્વાદરહિત અપેક્ષા કથન વિના એકાંત નિત્ય માને કાં અનિત્ય જ માને કાં શુદ્ધ જ માને, પર્યાયમાં અશુદ્ધતા સંસારીને ન માને. **'એવા અજ્ઞાનથી સ્યાદ્વાદરહિત શ્રદ્ધે છે તેને વિપરીત ફળ મળે છે.'** લ્યો! આ જૈનશાસ્ત્રના ભણનારને પણ પોતાના અજ્ઞાનથી સ્યાદ્વાદરહિત શ્રદ્ધે તેને તેનું વિપરીત ફળ આવે છે. પેલામાં પહેલું કાર્યકારી કહ્યું હતું ને? પણ એ તો વાસ્તવિક તત્ત્વ અનેકાંતથી સમજે એને કાર્યકારી (થાય). એને પણ પોતાના જ્ઞાનથી... શાસ્ત્રોના જુઓને અર્થ કેટલા ફેરવે! પણ શું થાય એમાં? ઓહો..! આખી વાત

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ફેરવી નાખી. એ કહે છે કે, તમે ફેરવ્યું. ઇ એમ કહે છે. પંડિતો ને પંડિતોમાં બે વચ્ચે વાંધા પડ્યા અત્યારે તો.

**'જૈનશાસ્ત્રના ઉપદેશને પણ...'** એમ. પેલામાં તો દૂષિત છે જ પણ જૈન સિદ્ધાંતના **'ઉપદેશને પણ પોતાના અજ્ઞાનથી...'** એટલે એમાં તો છે એ અનેકાન્તપણું યથાર્થ છે પણ **'પોતાના અજ્ઞાનથી સ્યાદ્વાદરહિત...'** અપેક્ષાના કથન વિના શ્રદ્ધે છે તેને તો વિપરીત ફળ મળે છે, એને તો મિથ્યાત્વનું ફળ ને ચાર ગતિના દુઃખો પ્રાપ્ત થાય છે. **'માટે સ્યાદ્વાદ પરમાગમના જીવભૂત છે.'** માટે અનેકાન્તવાદ અનેકાન્ત એનો સ્વભાવ છે, સ્યાદ્વાદ એનું કથન છે. અનેકાન્ત એનો ધર્મ છે અને સ્યાદ્વાદ એનું કથન છે. ... **'માટે સ્યાદ્વાદ...'** અપેક્ષાથી કહેવું એ **'પરમાગમનું જીવભૂત...'** જીવ સત્ત્વ છે. પરમાગમનું જીવતું ચેતન એ છે–અનેકાન્ત. **'તેને નમસ્કાર કરું છું.'** કહો! સમજાણું કાંઈ? સ્વથી લાભ થાય ને પરથી લાભ થાય, બે પ્રકારનું અનેકાંત, એમ વળી પાછા લગાવે. અનેકાન્ત છે. બોલાય એમ ખરું, ભાષામાં આવે આનાથી આમ થાય, આનાથી આમ થાય.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ લાભ આવે ભાષા પણ છે નહિ, લાભ શું છે પણ? શું થાય? વસ્તુ જ એવી છે. સાંભળવાનો ભાવ–વિકલ્પ આવ્યા વિના રહે? અને એની યોગ્યતા હોય તો એવું નિમિત્ત ન હોય એમ હોય? છતાં એનાથી થતું નથી. બોલવામાં એમ આવે કે એનાથી થાય. ધર્માસ્તિકાય હોય તો ગતિ થાય, એમ બોલે ને? ધર્માસ્તિકાય હોય તો ગતિ થાય, અધર્માસ્તિકાય હોય સ્થિરતા થાય. એટલે કાંઈ એમ નથી. વ્યવહારનયનું કથન આવે. એમ અહીં કીધું ને? શાસ્ત્ર વિના જ્ઞાન નથી એમ પણ કીધું, લ્યોને! ... તેનાથી કાર્યકારી થાય એમ લીધું, લ્યો! સમજાય છે? નિમિત્તથી કથન છે ને, ભાઈ! પરમાગમ શાસ્ત્ર કહેવું છે એટલે વચનાત્મક કથન છે. એમાં અનેકાંતપણું પડેલું છે. એને બરાબર સમજે તો એને અનેકાંત કાર્યકારી શાસ્ત્ર કહેવાય. એમ કીધું ને? નહિતર કહે, એના ઇ શાસ્ત્રને વિપરીત ફળ મળે. એ જ શાસ્ત્રને પોતે પોતાની સમજણની અપેક્ષાએ વાત કહી ને? શાસ્ત્ર તો શાસ્ત્ર છે, એમ કીધું ને? નહિતર આ શું કરવા લખે? **'જૈનશાસ્ત્રના ઉપદેશને પણ...'** એટલે એની વાણીને પણ **'પોતાના અજ્ઞાનથી...'** એ તો પોતાનું અજ્ઞાન થયું. સ્યાદ્વાદને સમજવું એ પણ પોતાનું જ્ઞાન અને વિરુદ્ધ સમજવું એ પણ પોતાનું અજ્ઞાન છે. સમજાણું કે નહિ? બરાબર સમજે તો જ્ઞાન પોતાનું થયું અને ન સમજે એને તો અજ્ઞાન એનું થયું. એટલે પોતાને કારણે એને જ્ઞાન, અજ્ઞાન થાય છે. **'માટે સ્યાદ્વાદ પરમાગમના જીવભૂત છે. તેને નમસ્કાર કરું છું.'**

**'વળી કેવો છે સ્યાદ્વાદ? 'निषिद्धजात्यन्धसिन्धुरविधानं'...'** **'सिन्धुर'** શું લીધું? **'सिन्धुर'** એટલે? **'सिन्धुर'**નો અર્થ હાથી, **'सिन्धुर'** એટલે હાથી. **'જન્માંધ પુરુષોનું હસ્તિવિધાન જેણે**

www.vitragvani.com



**દૂર કર્યું છે...**' ભાષા જુઓ! આંધળા પુરુષોનું હાથીનું કથન જેણે વિરોધ દૂર કર્યો છે. સમજાય છે? એક એક અવયવને એક એક પૂછડું પકડ્યું હોય એને સાવરણી જેવો હાથી લાગે, લ્યો! દાંત પકડ્યા હોય એને ... લાગે, પગ પકડ્યો હોય એને થાંભલા જેવો લાગે લ્યો! .. એને મોટી કોઠી જેવું લાગે. હાથી કોઠી જેવો હતો. એક કહે કે, સાવરણી જેવો હતો, એક કહે કે થાંભલા જેવો હતો, એક કાન પકડીને કહે કે મોટા સૂંપડા જેવો હતો, આખો તો આમ જોવે નહિ. એક એક અંગને એના અંગો જેટલા છે એટલાથી આખુ અંગ જોવું જોઈએ એમ ન જોતા જે એના અંગો છે, એના અંગો છે એને ન જોતા એ માહેલું એક એક અંગ જોઈને આખા અંગીને ભૂલી જાય છે.

'**જન્માંધ પુરુષો હસ્તિના વિધાન...**' એટલે કથન કરવું. '**જેણે દૂર કર્યું છે...**' એકાંતને. એવો સ્યાદ્વાદ છે. '**જેમ ઘણા જન્માંધ પુરુષો મળ્યા.**' બધા આંધળા મળ્યા. '**તેમણે એક હાથીના અનેક અંગ પોતાની સ્પર્શેન્દ્રિયથી જુદા જુદા જાણ્યા.**' લ્યો! એક જ હાથીના અનેક અંગ. હાથી એક, અંગ અનેક. એને '**પોતાની સ્પર્શેન્દ્રિયથી...**' જુઓ! આંધળા તો સ્પર્શથી જાણેને આમ? જુદા જુદા જાણ્યા. કહો! સમજાણું? '**આંખો વિના આખા સર્વાંગ હાથીને ન જાણવાથી...**' આંખો હોય તો એમાં સર્વાંગ હાથીને જાણે. સર્વાંગ, સર્વાંગ. પેલું અનેક અંગને એક એકથી જાણ્યું. '**સર્વાંગ હાથીને ન જાણવાથી હાથીનું સ્વરૂપ અનેક પ્રકારે કહીને...**' આંધળાઓ હાથીને અનેક પ્રકારે કહે. થાંભલા જેવો છે ને કોઠી જેવો છે ને ફલાણું છે ને ફલાણું છે... '**(એક અંગને જ સર્વાંગ ગણીને)...**' લ્યો! એક જ ભાગને આખો હાથી ગણે છે.

'**પરસ્પર વાદ કરવા લાગયા.**' માહોંમાહે ઝઘડા કરવા લાગયા. પેલો કહે, સૂપડા જેવો હાથી નથી, પેલો કહે, તું કહે એવો નથી, પેલો કહે, તું કહે એવો નથી. એક એક અંગને જાણીને સ્પર્શેન્દ્રિયથી જાણ્યું, સમજાણું? દૂધનો દાખલો આવે છે ને? આંધળાને દૂધ (આપ્યું). દૂધ કેવું છે? ભાઈ! તો કહ્યું, બગલાની પાંખ જેવું. બગલું કેવડું હોય? કે, આવડું. એવું દૂધ ખવાય નહિ મારાથી. એ તો પાંખની ઉપમા કીધી. આંધળાએ જોયું નહિ. આંધળાને કહ્યું દૂધ કેવું? તો કહે, ધોળુ. ધોળુ કેવું હોય? બગલાના પાંખ જેવું, બગલું કેવું હોય? કે, આવું. એને હાથ અડ્યો. તો કહે, ના એ મારાથી ખવાય નહિ. પણ બગલાનો આકાર પૂછ્યો. આંધળાને દેખ્યા વિના બગલાનો ધોળો રંગ કેવો છો એની ખબર નથી. એમ આંધળા અનેક અંગમાં એક એક અંગને સ્પર્શીને સ્પર્શ ઇન્દ્રિય દ્વારા આખા હાથીનું રૂપ કહે છે. માહોમાહે વિવાદ કરે. પેલો કહે, હાથી આવો. ના, ના. મેં પ્રત્યક્ષ દેખ્યો છે, પૂછડું આવું હતું, પગ આવો હતો, ફલાણું આવું હતું. સૂંઢ આવી મોટી. આમ આમ સૂંઢ હતી, સાંબેલા જેવી, લ્યો! સમજાણું?

'**આખા સર્વાંગ હાથીને ન જાણવાથી હાથીનું સ્વરૂપ અનેક પ્રકારે કહીને પરસ્પર માંહોમાંહે**

www.vitragvani.com



**વાદ કરવા લાગયા. ત્યાં આંખો વાળો પુરુષ હાથીનો યથાર્થ નિર્ણય કરીને...**' લ્યો! '**આંખો વાળો પુરુષ હાથીનો યથાર્થ નિર્ણય કરીને...**' એક જ આત્માના અનેક ધર્મો છે એમાં એક એક ધર્મ ગણીને અજ્ઞાનીઓએ વાદવિવાદ કર્યો છે. આત્મામાં જે નિત્ય ત્રિકાળ છે તે એક જ દેખીને (કહેવા લાગયા), નિત્ય જ છે. અનિત્ય દેખીને કહે, અનિત્ય જ છે, એક દેખીને એક જ છે. એમ ... હોં! આખું સ્વરૂપ તો અહીં સર્વજ્ઞ વિના જાણવામાં આવ્યું નથી. આંખ ઉઘડી હોય તો આખું વસ્તુનું સ્વરૂપ જાણે. એક એક અંગ પકડીને બેઠા, બસ! નિત્ય છે, નિત્ય છે. પેલો કહે, એક જ છે, એક જ છે આત્મા, લ્યો! '**આંખો વાળો પુરુષ હાથીનો યથાર્થ નિર્ણય કરીને તેમની ભિન્ન ભિન્ન કલ્પનાને દૂર કરે છે,...**' કહો! સમજાણું? કોની? આંધળાઓ હાથીને દેખનારા એક એક અંગને દેખીને માહોમાહે વિવાદ કરતા હતા તેને હાથીને આંખથી દેખનારો (તેમની) '**ભિન્ન ભિન્ન કલ્પનાને દૂર કરે છે,...**' એટલે ... એવો આખો નથી, બધા મળીને આખા હાથીનું સ્વરૂપ છે.

'**તેમ અજ્ઞાની એક વસ્તુના અનેક અંગોનો...**' ભાષા અહીં છે, જુઓ! '**તેમ અજ્ઞાની એક વસ્તુના અનેક અંગો...**' એમાં અનેક અંગો છે. સમજાણું કાંઈ? એક આત્મામાં અનંતા ધર્મો છે, નિત્ય-અનિત્ય આદિ અનેક ગુણો એમાં છે, અંગો એના છે ને! છે એની વ્યાખ્યા કરવાની. '**અજ્ઞાની એક વસ્તુના અનેક અંગોનો પોતાની બુદ્ધિથી...**' છે તો વસ્તુના અનેક અંગ વસ્તુમાં પણ '**પોતાની બુદ્ધિથી જુદી જુદી અન્ય અન્ય રીતિથી નિશ્ચય કરે છે.**' એમ કહે છે. વસ્તુમાં તો અનંત ધર્મ છે–નિત્ય-અનિત્ય, એક-અનેક, ભેદ-અભેદ (એવા) અનેક ધર્મો છે પણ '**પોતાની બુદ્ધિથી...**' પોતાની બુદ્ધિથી એટલે વસ્તુમાં છે એ રીતે નથી જાણતો. '**જુદી જુદી અન્ય અન્ય રીતિથી...**' જુદી જુદી અન્ય અન્ય રીતિ. એકાન્ત આત્મા ક્ષણિક જ છે. લ્યો! એ રીતિ બીજી થઈ ગઈ. એકાન્ત આત્મા નિત્ય જ છે, એ રીત બીજી થઈ ગઈ. '**અન્ય અન્ય રીતિથી નિશ્ચય કરે છે. 'સમ્યગ્જ્ઞાન વિના સર્વાંગ (સંપૂર્ણ) વસ્તુને ન જાણવાથી...**' આખું આત્માનું, પરમાણુ આદિ દ્રવ્યનું પૂર્ણ સ્વરૂપ અખંડ શું છે (તેના) '**સમ્યગ્જ્ઞાન વિના સર્વાંગ (સંપૂર્ણ) વસ્તુને ન જાણવાથી એકાંતરૂપ વસ્તુ માનીને...**' એક જ ગુણને, એક જ દશાને, એક જ સ્થિતિને માનવાથી પરસ્પર વાદ કરે છે. વાદ કરે છે. પેલો કહે કે ક્ષણિક છે, અરે..! પલટે છે ખબર નથી?

.... કહે, પરમાણુ લીલો એક રંગનો હોય તો અનાદિઅનંત લીલો જ રહે. નહિંતર દ્રવ્યનો નાશ થઈ જાય એમ કહે છે. શું ? લીલો એક ગુણ હોય કે બે ગુણ હોય, એવો અનાદિઅનંત રહે. એક ગુણ બે ગુણ ન થાય. એક ગુણ બે ગુણ થાય તો દ્રવ્ય નાશ થઈ જાય. એમ કહેતા. એવું કહેતા, બહુ કહેતા, બહુ જોરદાર કહેતા હતા ને? એવું જોર કરતા હતા. નહિ, એક પરમાણુનો એક લીલો ગુણ એ બે ગુણ થાય અને લીલાનો પીળો થાય તો દ્રવ્ય ક્યાં રહ્યું? દ્રવ્યનો નાશ થઈ જાય, એમ. પર્યાય બદલે તો દ્રવ્યનો નાશ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



થઈ ગયો એમ કહેતા. એના ગુરુની સામે પડતા. કહો! હવે જૈનમાં રહેલા આવા એમ કહેવાય કે, અમે બધા ભણેલા છીએ, એને પણ આવા ગોટા. વસ્તુની ખબર ન મળે. પલટે, પલટે શું? પલટે શું? પણ પલટે ત્યારે પર્યાય પલટે કે નહિ? પર્યાય હોય ભલે પણ પલટે? એક ગુણ ને બે ગુણ થઈ જાય તો દ્રવ્યનો નાશ થઈ જાય. પરમાણુમાં ઠંડીની ગરમી થઈ જાય તો વસ્તુનો નાશ થઈ જાય. પરમાણુ ખાટા હોય અને એ મીઠા થઈ જાય તો એનો નાશ થઈ જાય. ઇ થાય છે ને પરમાણુ બીજા? બીજા પરમાણુ અંદર મીઠા હતા એ બહાર આવ્યા માટે મીઠા લીધા. એ ... પરમાણુ જે ખાટા હતા એ મીઠા નથી થયા. એમ ... મીઠા અંદર હતા એ બહાર આવ્યા. એવા હતા. કહો! સમજાણું આમાં? એવી ધમાલ કરે, બહુ ધમાલ કરે. આહાહા..! જૈન સિદ્ધાંતનો હું જાણનાર છું.

અજ્ઞાની સંપૂર્ણ વસ્તુને ન જાણવાથી સમ્યગ્જ્ઞાન વિના **'એકાંતરૂપ વસ્તુ માનીને પરસ્પર વાદ કરે છે...'** લ્યો! જુઓને! બૌદ્ધ ક્ષણિક જ માને છે, મોટો આખો બૌદ્ધનો મત છે. ક્ષણિક રહે એ વસ્તુ, ક્ષણિક રહે એ વસ્તુ, કાયમ રહે એ વસ્તુ નહિ. વેદાંત તદ્દન એકાંત વસ્તુને માને. બસ! વસ્તુ ધ્રુવ જ છે. પલટે? વસ્તુ પલટે? એકવાર બાવો ભાગયો. એ જાણે કે આ અધ્યાત્મની વાત કરે છે. મહારાજ! લાવો આપણે જઈએ. કીધું, ભાઈ! વસ્તુ પલટે છે. વસ્તુ પલટે? આત્મા પલટે? ઓ...ય! આપણે સાંભળવું નથી. આત્મા પલટે તો આત્માનો નાશ થઈ જાય. અવિનાશી વસ્તુ છે. આહાહા..! ભાઈ! અવિનાશી તો વસ્તુ તરીકે છે પણ પર્યાય તરીકે તો નાશવાન છે, પર્યાય તરીકે નાશવાન છે. પર્યાય પલટી જાય છે, નાશવાન છે. નાશવાન અને અવિનાશી બન્ને એના ધર્મ છે. એકલો અવિનાશી માને તોપણ નહિ, એકલો વિનાશી માને તોપણ નહિ. શરીરાદિને નાશવાન માને અને આત્માને અવિનાશી માને, પણ એ તો કઈ અપેક્ષાએ? સમજાણું? આ શરીરની પર્યાય પલટી જાય છે એક સાથે જાજાની એ અપેક્ષાએ નાશ થયો એમ કહેવાય. પણ આત્મા પણ વિનાશીક છે. ક્ષણે ક્ષણે આત્મા પલટે એ અપેક્ષાએ વિનાશીક છે. વ્યય થાય છે, નાશ થાય છે, વિનાશ થાય છે, મૃત્યુ થાય છે. આહાહા..! સંસારનું મરણ થાય તેને મોક્ષનો ઉત્પાદ થાય છે. આત્મા સંસારથી મરી જાય છે, મોક્ષ થાય ત્યારે. કહો! સમજાણું કાંઈ? એમ દરેક પદાર્થ નવી નવી અવસ્થાએ ઊપજે છે, પૂર્વ અવસ્થાથી વ્યય થાય, નાશ થઈ જાય છે. છતાં વસ્તુનો નાશ નથી.

**'સ્યાદ્વાદ વિદ્યાના બળ વડે...'** **'ત્યાં સ્યાદ્વાદ વિદ્યાના બળ વડે...'** ત્યાં પહેલા આંખોનું હતું. અહીં સ્યાદ્વાદ વિદ્યાના બળ વડે (એમ લીધું). પણ અપેક્ષાથી કથન હતું જે વસ્તુના સ્વભાવનું, જ્યારે અવિનાશી કહેવો હતો ત્યારે ત્રિકાળની અપેક્ષા અવિનાશી કહ્યો અને આ સંયોગને વિનાશીક કહ્યા. આવે છે ને? .. તું અવિનાશી. ... અવિનાશીનો અર્થ કે, આ બધું બદલી જાય પણ તું કાંઈ આત્મા બદલીને બીજો થતો નથી. આ તો બીજી પર્યાય બદલીને બીજી દશા થઈ જાય એ અપેક્ષાએ. બાકી સમયે સમયે વિનાશીક આત્મા છે. વિનાશીક

www.vitragvani.com



હશે? પર્યાય અપેક્ષાએ વિનાશ. પર્યાય બદલે છે, બદલે કહો કે વિનાશ કહો. પહેલાની અવસ્થા હતી તે ગઈ, ગઈ ને બીજી નવી થઈ, ધ્રુવપણે તો કાયમ રહ્યો. આવું ન જાણે ત્યાં સુધી વસ્તુના પૂર્ણ સ્વરૂપને એણે ઓળખ્યું નથી.

**'સ્યાદ્વાદ વિદ્યાના બળ વડે...'** ભગવાને કહેલું અનેકાન્ત એવા જ્ઞાનના **'બળ વડે સમ્યગ્જ્ઞાની યથાર્થપણે વસ્તુનો નિર્ણય કરી તેમની ભિન્ન ભિન્ન કલ્પના દૂર કરે છે.'** પેલા આંધળાની જેમ ભિન્ન ભિન્ન (કલ્પના દૂર) કરી. એમ સમ્યગ્જ્ઞાની વસ્તુના યથાર્થપણાનો (નિર્ણય કરી ભિન્ન ભિન્ન કલ્પનાને દૂર કરે છે). બધાય ધર્મ સાચા, બધા સાચા. એમ નથી એમ કહે છે. કહે છે ને કેટલાક? બધા ધર્મ સાચા, આપણને તો કાંઈ ખોટા લાગતા નથી. ઈ પોતે જ ખોટો છે. બધા ધર્મ આપણે તો બધામાં સારું જ લાગે છે. એ અહીં કહે છે કે, મુર્ખ છો, તને ભાન નથી. પૂર્ણ ધર્મના અવયવને, પૂર્ણ અંગોને ન જાણનાર એમાં એકેય સાચો ધર્મ હોઈ શકે નહિ. સમજાણું આમાં?

કહે છે, **'સ્યાદ્વાદ વિદ્યાના બળ વડે સમ્યગ્જ્ઞાની...'** સાચો જ્ઞાની, યથાર્થ તત્ત્વને જાણનાર. કાર્ય થાય છે તે પર્યાયમાં (થાય છે), દ્રવ્ય તેવું ને તેવું રહે છે. એવા બન્ને ધર્મો એનામાં જાણતો, પોતાના અનુભવથી જાણતો, પોતાના જ્ઞાનથી જાણતો એ સમ્યગ્જ્ઞાની યથાર્થપણે વસ્તુનો નિર્ણય કરી તેમની એટલે અજ્ઞાનીની ભિન્ન ભિન્ન કલ્પના, એકાંત ક્ષણિક છે કે એકાંત નિત્ય છે **'એવી ભિન્ન ભિન્ન કલ્પના દૂર કરે છે. તેનું ઉદાહરણ-'** એનો દાખલો આપે છે.

**'સાંખ્યમતી વસ્તુને નિત્ય જ માને છે,...'** તદ્દન નિત્ય છે, પલટતી નથી, બદલતી નથી સાંખ્ય (વસ્તુને) એવી માને છે. અપરિણામી કૂટસ્થ. **'બૌદ્ધમતી ક્ષણિક જ માને છે.'** આ મોટો બૌદ્ધ મત છે ને અત્યારે? અનિત્ય છે, એક જ સમય વસ્તુ રહે. બે સમય તો દોષ થઈ ગયો. વિકારી થઈ ગઈ. એક ક્ષણિક જ માને છે, એક સમયનો જ આત્મા. કોઈ પણ વસ્તુ એક સમય જ રહે, વધારે રહે નહિ એમ માને છે.

**'સ્યાદ્વાદી કહે છે કે જો વસ્તુ સર્વથા નિત્ય જ હોય...'** આત્મા અને પરમાણુ સર્વથા નિત્ય નામ એકરૂપ રહેનાર હોય તો **'અનેક અવસ્થાનું પલટવું થાય છે તે કેવી રીતે બને છે?'** કહો! સમજાણું? આત્મા ને પરમાણુ એક જ અવસ્થા, એક જ પ્રકારે સર્વથા ટકી રહેલું એકરૂપે જ રહે એવું જો હોય તો અનેક અવસ્થાનું પલટવું. આત્મામાં પણ અનેક દશાનું થવું, પરમાણુમાં પણ અનેક અવસ્થાનું થવું. **'તે કેવી રીતે બને છે?'** તે શી રીતે થાય? કહો! સમજાણું આમાં?

**'જો વસ્તુને સર્વથા ક્ષણિક માનીએ તો 'જે વસ્તુ પહેલાં દેખી હતી તે આ જ છે' એવું પ્રત્યભિજ્ઞાન કેવી રીતે થાય છે?'** લ્યો! ક્ષણિક જ માને તો પહેલી હતી એની એ આ ચીજ છે. તું પૈસા કાલે લેવા આવ્યો હતો એનો એ તું દેવા આવ્યો છો. સમજાય

છે કે નહિ? કે બીજો છે? વસ્તુ તરીકે. **'જે વસ્તુ પહેલાં દેખી હતી તે આ જ છે,..'** **'જો વસ્તુને સર્વથા ક્ષણિક માનીએ તો 'જે વસ્તુ પહેલાં દેખી હતી તે આ જ છે' એવું પ્રત્યભિજ્ઞાન કેવી રીતે થાય છે?'** આ તમે કાલે આવ્યા હતા ઇ ને? એમ નથી કહેતા? ઇનો ઇ રહ્યો હોય તો ને! તમે કાલ આવ્યા હતા. હા, હું આવ્યો હતો.

**'માટે કથંચિત્ દ્રવ્યની અપેક્ષાએ વસ્તુ નિત્ય છે...'** જુઓ! આ જૈન દર્શનનું અનેકાંતપણું એ વસ્તુનું જીવનું સત્ત્વ છે. એને અહીંયાં આચાર્ય મહારાજે ઘણું વર્ણવ્યું છે. આ સમજ્યા વિના અજ્ઞાની પોતાની કલ્પનાથી અનેક ધર્મોમાં એકપણું દેખે છે. અનેક ધર્મમાં એકપણું દેખે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? ... અનેક દેખાય પણ છતાં વસ્તુની સ્થિતિ જુદી આખી હોય. વસ્તુને જાણતો નથી. નહિતર એમ કહે, એક છે, વળી પોતે એમ ધ્યાન કરવા મથે લ્યો! એનો અર્થ શું થયો? સમજાણું? એક છે, વળી એકકોર બાવો બેસતો હતો. એક છે તો આ શું કરે છે આ? એક જ હોય એને વળી અંદર જોવાનું શું? વળી એને બહારથી ખસવું શું? એક જ આત્મા હોય, એક જ આત્મા હોય એમ માને પછી કહે તમે (આમ કરો). તો આમ શું કરવા કરો છો? અનેકપણું માન્યું છે માટે એકપણું માનવા માટે. પણ અનેકપણું માન્યું ... અનેક થઈ ગયો. પહેલી અવસ્થા આમ હતી તો હવે મારે આમ કરવી છે. એ તો અનેક અવસ્થા થઈ ગઈ. વસ્તુ એક ન રહી. આત્મા એક હોય તો .... એક છે તો પછી આમ શું કરવા કરે છે અંદર? પહેલી અવસ્થા કાંઈક હતી ને બીજી અવસ્થાને બદલાવવા અંદરમાં ધ્યાન કરે છે. એનો અર્થ કે એનો એ રહીને આત્મા બદલે છે એવી અવસ્થા એકમાં બે પ્રકાર છે. વસ્તુ અપેક્ષાએ એક છે અને દશા અપેક્ષાએ અનેક છે. એની એ વસ્તુ અનેક થઈ ગઈ. અનેક ન હોય તો તું આમ કરે છે શું કરવા? સમજે છે શું કરવા? વેદાંત કહે સાચું છે, આ કહે એ ખોટું છે એ તને ક્યાંથી આવ્યું? વેદાંત કહે છે એ જ સાચું છે. ખોટું હતું? ખોટું માનતો હતો ઇ કોણ? બદલી ગઈ અવસ્થા એ કોણ?

**'માટે કથંચિત્ દ્રવ્યની અપેક્ષાએ વસ્તુ નિત્ય છે...'** કથંચિત્ એટલે ટકવામાં કાયમની અપેક્ષાએ પદાર્થ નિત્ય છે **'અને પર્યાયની અપેક્ષાએ...'** બદલવાની અપેક્ષાએ તે વસ્તુ, તેની તે વસ્તુ પણ ક્ષણિક છે. જે અપેક્ષાએ નિત્ય છે તે અપેક્ષાએ ક્ષણિક છે એમ નહિ. સમજાણું કાંઈ? આ બધા જ્ઞાનના બોલો છે, ભાઈ! જે અપેક્ષાએ નિત્ય છે તે જ અપેક્ષાએ અનિત્ય છે એમ નહિ. વસ્તુ કાયમ ટકવાની અપેક્ષાએ નિત્ય છે અને પલટવાની અપેક્ષાએ અનિત્ય છે. ઇની ઇ વસ્તુમાં બે ધર્મો છે. આ કાંઈ ખબર ન મળે એટલે કરો પછી, ત્યાગ કરો ને બેસી જાવ બધું છોડીને એક કોર. શું છોડ્યું પણ? ભ્રમણા તો છોડી નહિ. વસ્તુના સ્વરૂપની સ્થિતિ છે એને તો જાણી નહિ.

**'આ રીતે સ્યાદ્વાદ વડે...'** સ્યાદ્ એટલે અપેક્ષાએ કથન કર્યા હતા. નિત્ય કહ્યું હતું

www.vitragvani.com



એ નિત્યની ટકવાની અપેક્ષાએ. અનિત્ય કહ્યું હતું, ક્ષણિક કહ્યું હતું એ પલટવાની અપેક્ષાએ. સ્યાદ્ કથંચિત્ વાદ વડે સર્વાંગ વસ્તુ, આખી ચીજને ક્ષણિક અને નિત્યને, **'નિર્ણય કરવામાં આવે ત્યારે એકાંત શ્રદ્ધાનો નિષેધ થાય છે.'** ત્યારે તેને એકાંત શ્રદ્ધાનો નિષેધ થાય છે. કહો! સમજાણું કાંઈ? લ્યો! આ શ્રાવકાચાર શરૂ કરવામાં... આમ ગ્રંથનું નામ શ્રાવકાચાર છે. પણ એના પહેલાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કેવું હોય એને જણાવે છે. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન વિના શ્રાવકપણું, વ્રત આદિ હોતા નથી. હજી પહેલું આના ઠેકાણા નહિ ને શ્રાવકના વ્રત ક્યાંથી આવી ગયા? એમ બતાવે છે. થઈ જાય લ્યો! વ્રત લીધા એટલે પાંચમું ગુણસ્થાન થઈ ગયું. 'જમુભાઈ'! એમ જ હતું, લ્યો! ... વ્રત ત્યાં થઈ ગયું? આ આ બધા છોકરાઓ ખાય વીસ વીસ વર્ષના અને પેલો ડોસો ન ખાય એટલો તો ત્યાગ ખરો ને! એટલું તો વ્રત ખરું ને! ... અંદર સમકિત વિના વ્રત હશે? વ્રત હતા કે દિ'? જેમાં ઠરવું છે એ ચીજ જ કેવી છે (એની ખબર નથી). નિત્ય બદલતી અનંત ગુણનો ધર્મ, પરની અપેક્ષા વિનાની નિરપેક્ષ ચીજ છે, એવો જ્યાં અંદર નિર્ણય નથી કે, જ્યાં ઠરવું છે એ ચીજના ભાન વિના ઠરશે ક્યાં? અને ઠર્યા વિના ચારિત્ર હોઈ શકે નહિ.

**'એકાંત શ્રદ્ધાનો નિષેધ થાય છે.'** જ્યારે વસ્તુના સર્વાંગ વસ્તુનો નિર્ણય કરે, આખી ચીજનો નિર્ણય કરે કે, આત્મા નિત્ય પણ છે, અનિત્ય પણ છે. બધા બોલ નીચે ભાવાર્થમાં છે. **'ત્યારે એકાંત શ્રદ્ધાનો નિષેધ થાય છે. વળી કેવો છે સ્યાદ્વાદ? 'सकलनयविलसितानां विरोधमथनं'** લ્યો! **'સમસ્ત નયોથી પ્રકાશિત જે વસ્તુનો સ્વભાવ...'** જુઓ! **'તેના વિરોધને દૂર કરે છે.'** ક્ષણિક અવસ્થાની અપેક્ષાએ, નિત્ય ધ્રુવની અપેક્ષાએ એમ કરીને બધા નયોનો પ્રકાશ એ વસ્તુનો સ્વભાવ છે. એ વિરોધ દૂર કરે છે. એમ કેમ હોય? એમ કેમ (શું) સાંભળને! રહેવાની અપેક્ષાએ ક્ષણિક છે, ટકવાની અપેક્ષાએ નિત્ય છે, એમ વિરોધ દૂર થઈ જાય. કાર્યની અપેક્ષાએ પલટે છે, વસ્તુની અપેક્ષાએ કારણ ત્રિકાળ રહે છે. **'સમસ્ત નયોથી પ્રકાશિત જે વસ્તુનો સ્વભાવ...'** જોયું? સમસ્ત નયોથી પ્રકાશિત જે વસ્તુનો સ્વભાવ. વસ્તુનો સ્વભાવ કેવો છે? કે, સમસ્ત નયોથી પ્રકાશિત છે. નિત્ય-અનિત્ય રીતે અનેક આદિ નયોથી વસ્તુનો સ્વભાવ પ્રકાશિત છે, વસ્તુનો સ્વભાવ પ્રકાશિત છે. વસ્તુનો જેવો સ્વભાવ છે એવો સકલનયે પ્રસિદ્ધ છે, પ્રકાશિત છે.

વસ્તુમાં જે આત્મામાં સ્વભાવ, પરમાણુનો સ્વભાવ છે એ નયોથી પ્રકાશિત છે. છે એને નયોથી પ્રકાશિત કરે છે. **'તેના વિરોધને...'** અને **'તેના વિરોધને દૂર કરે છે.'** પ્રકાશિત કરે છે અને વિરોધને દૂર કરે છે. નિત્ય-અનિત્ય છે? સાંભળને! ટકવાની અપેક્ષાએ નિત્ય છે, પલટવાની અપેક્ષાએ અનિત્ય છે. એક ને અનેક... વસ્તુની અપેક્ષાએ એક છે, ગુણ-પર્યાયની અપેક્ષાએ અનેક છે. બધા થઈને અનેક છે એમ નહિ. પોતાની ચીજની અપેક્ષાએ વસ્તુ એક છે અને એના ગુણ ને પર્યાયની અપેક્ષાએ એની એ ચીજ અનેક છે. એક

www.vitragvani.com



ને અનેક બન્ને એના ધર્મ છે. વિરોધને દૂર કરનારું સ્યાદ્વાદ અનેકાંત છે. જે અપેક્ષાએ એક કહ્યું તે અપેક્ષાએ અનેક નથી. જે અપેક્ષાએ અનેક કહ્યું તે અપેક્ષાએ એક નથી. બન્નેની અપેક્ષા જુદી છે.

આ તો જ્ઞાનની વાતું આવી ઝીણી. 'સમયસાર'માં તો ઉપરટપકે વાત આવી જાય. આ તો શ્રાવકાચાર છે ને! એમાં પહેલાં ઇષ્ટદેવ(ને નમસ્કાર કર્યા). ઇષ્ટદેવ કેવા? આવા. જેની પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોક બરાબર જણાય તેવા. પરમાગમ કેવું? કે, અનેકાંત જેનું જીવ છે. બે સાર કીધા. એવા પરમાગમને, એવા શાસ્ત્રને નમસ્કાર કરું છું. 'પંચાસ્તિકાય' ...

**ભાવાર્થ :– 'નયવિવક્ષાથી વસ્તુમાં અનેક સ્વભાવો છે.'** નય એટલે જ્ઞાનના એક અંશના પ્રકારથી, ... કહેવું. જ્ઞાનના એક પડખાંથી કહેવું એવા વસ્તુમાં અનેક સ્વભાવો છે, વસ્તુમાં અનેક ધર્મો છે. વિવક્ષાથી એટલે વિવક્ષાથી કહેવું કથની. **'વળી તેમાં પરસ્પર વિરોધ છે.'** વસ્તુમાં, આત્મામાં ને પરમાણુમાં નિત્ય, અનિત્ય આદિ પરસ્પર વિરોધ પણ છે. હવે દાખલો આપે છે. **'જેમ કે અસ્તિ અને નાસ્તિનું પ્રતિપક્ષપણું છે,...'** જે આત્મા અસ્તિ છે તે જ આત્મા નાસ્તિ છે. ન હોય ને એમ? હોય એમ કહે છે અહીં તો. **'જેમ કે અસ્તિ અને નાસ્તિનું પ્રતિપક્ષપણું છે, પરન્તુ જ્યારે સ્યાદ્વાદથી સ્થાપન કરીએ ત્યારે સર્વ વિરોધ દૂર થાય છે.'** જે વસ્તુ અસ્તિ છે તે જ વસ્તુ નાસ્તિ છે. આહાહા..! પોતાની અપેક્ષાએ અસ્તિ છે ને પરની અપેક્ષાએ નાસ્તિ છે એવો એનો પોતાનો ધર્મ છે. સમજાણું કાંઈ? કોને નવરાશ છે પણ આમાં? આ પહેલો સિદ્ધાંત અસ્તિથી જ ઉપાડ્યો. વિરોધ શું છે? કે અસ્તિ છે, છે તે નથી? છે તે નથી? નથી તે છે? એમ. આ શું? છે તે નથી? નથી તે છે? કે, હા. છે તે નથી એનો વિરોધ દૂર કરે છે અહીં. નથી તે છે એનો પણ વિરોધ દૂર કરે છે. જુઓ! સ્પષ્ટ ખુલાસો કરે છે.

**'પરન્તુ જ્યારે સ્યાદ્વાદથી સ્થાપન કરવામાં આવે ત્યારે સર્વ વિરોધ દૂર થાય છે. કેવી રીતે? એક જ પદાર્થ કથંચિત્ સ્વચતુષ્ટયની અપેક્ષાએ અસ્તિરૂપ છે,...'** લ્યો! એનો એ આત્મા, એનો એ પરમાણુ, એક જ પદાર્થ કથંચિત્ એટલે કોઈ અપેક્ષાએ, કોઈ અપેક્ષાએ એટલે સ્વચતુષ્ટયની અપેક્ષાએ અસ્તિરૂપ છે, એમ. જુઓ! આત્મા પોતાના દ્રવ્યથી, પોતાના ક્ષેત્રથી, પોતાના કાળથી અને પોતાના ભાવથી અસ્તિ છે, અસ્તિ છે, છે. એક જ પદાર્થ આત્મા, એમ એક એક પરમાણુ કોઈ અપેક્ષા એટલે પોતાની અપેક્ષાએ–સ્વચતુષ્ટયની અપેક્ષાએ અસ્તિરૂપ છે. સ્વચતુષ્ટય સમજ્યા ને? ચાર. એનો ખુલાસો નથી કર્યો. એમ દ્રવ્ય. પરમાણુ પણ દ્રવ્ય, દ્રવ્યની અપેક્ષાએ છે એના ક્ષેત્રની અપેક્ષાએ પરમાણુ છે, એના કાળની એટલે અવસ્થાની અપેક્ષાએ એ પરમાણુ છે અને એની શક્તિની અપેક્ષાએ પરમાણુ છે.

એમ આત્મા ગુણ-પર્યાયના પિંડરૂપ દ્રવ્યથી છે, ક્ષેત્રથી છે, ક્ષેત્ર એટલે અસંખ્ય પ્રદેશી, પોતાના ક્ષેત્રથી છે અને પોતાની અવસ્થાથી, અવસ્થા છે એનો કાળ, પર્યાય એની અવસ્થા,

www.vitragvani.com



એ અવસ્થાથી છે, અવસ્થાથી છે અને પોતાની શક્તિથી છે. શક્તિ એટલે ભાવ. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ–એ સ્વચતુષ્ટય. ચાર ચતુષ્ટય પોતાના ચતુષ્ટયથી છે.

**'કથંચિત્ પરચતુષ્ટયની અપેક્ષાએ નાસ્તિરૂપ છે.'** એનો એ આત્મા નાસ્તિરૂપ છે. પરથી નાસ્તિ ન હોય તો પોતાના સ્વરૂપમાં રહી શકે જ નહિ. પર અને એ બે એક થઈ જાય. પોતાની અપેક્ષાએ અસ્તિ છે, પોતાની અપેક્ષાથી અસ્તિ ન હોય તો જુદો રહે નહિ. પરની અપેક્ષાએ નાસ્તિ ન હોય તો બન્ને એકમેક થઈ જાય. સમજાણું કાંઈ?

આ એક જ બોલ સમજે ને તો આ બધાના વાંધા ઉડી જાય, લ્યો! આનાથી આમ થાય ને આનાથી આમ થાય. આ ગ્રંથ મૈં કર્યો. ગ્રંથના પરમાણુ તો એની પર્યાયથી થયા, એના સ્વકાળથી થયા તો બીજો એને કરે શું? એમ એમાં આવી ગયું. ભાષા બોલ્યા ત્યારે નિમિત્તથી કથન હતું.

એક જ આત્મા નિગોદનો હો કે સિદ્ધનો હો, એમ એક જ પરમાણુ સ્કંધનો હો કે જુદો હો, એ સ્વ પોતાના સ્વ ચાર, પોતાના સ્વ ચાર, સ્વ ચારની અપેક્ષાએ એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ અસ્તિરૂપ છે. કથંચિત્ પરના ચારની અપેક્ષાએ, પરના ચારની અપેક્ષાએ પરના ચાર. લ્યો! પરના પણ ચાર કીધા–દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ. જુઓ! શરીરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જુદા, આત્માના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જુદા. વાણીના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જુદા, આત્માના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જુદા. કર્મના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જુદા અને આત્માના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જુદા. પરચતુષ્ટય નામ તે કર્મના ચાર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ આત્મા નાસ્તિરૂપ છે. કર્મની અપેક્ષાએ આત્મા નાસ્તિરૂપ છે, પોતાની અપેક્ષાએ (અસ્તિરૂપ છે). કહો! સમજાણું આમાં? આમ ન હોય તો વસ્તુ અનેક સિદ્ધ થશે નહિ. અનેક સિદ્ધ નહિ થાય અને વસ્તુમાં અનેક ગુણો પણ સિદ્ધ નહિ થાય.

પહેલાં બે બોલમાં અસ્તિ-નાસ્તિથી ઊતાર્યું. જે વસ્તુ છે તે વસ્તુ નથી. પોતાની અપેક્ષાએ છે ને પરની અપેક્ષાએ નથી. જે વસ્તુ નથી તે વસ્તુ છે. એક પંડિતને પૂછ્યું હતું. તમારા 'ચંદ્રકાત' હતા ને? પૂછ્યું, જડ છે કે નહિ? એક કહીએ તો છે, ન કહીએ તો નથી. આ સ્યાદ્વાદ છે ને જૈનમાં તો? સમજ્યા ને? જડ છે કે નહીં? કહીએ તો છે, ન કહીએ તો નથી. 'ચંદ્રકાંત' આચાર્ય હતા ત્યાં. કઈ રીતે પણ? કીધું. એમ હોય? જડ જડપણે છે, જડ પરપણે નથી. જૈનનું આવું સ્યાદ્વાદ ... જડ હોય પણ ખરું અને જડ ન પણ હોય. પણ કઈ રીતે ન હોય? જડ જડપણે તો છે, જડ પરપણે નથી. જડ કહીએ તો છે અને ન કહીએ તો નથી, એનો અર્થ શું પણ? માનીએ તો એક છે ને માનીએ તો અનેક છે, એમ. સમજાણું? એ અસ્તિ-નાસ્તિના બે ભંગ થયા.

હવે **'કથંચિત્ સમુદાયની અપેક્ષાએ એકરૂપ છે,...'** જુઓ! આત્મા ને પરમાણુ અનંત ગુણનો સમુદાય છે પોતે, એ સમુદાયની અપેક્ષાએ એક છે. કથંચિત્ સમુદાયની અપેક્ષાએ

એકરૂપ છે, પરમાણુ કે આત્મા બધા અનંત ગુણનો સમુદાય છે ને? સમુદાય છે ને? પિંડ. એ અપેક્ષાએ એક છે. એનો એ **'કથંચિત્ ગુણપર્યાયની અપેક્ષાએ અનેકરૂપ છે.'** કહીએ તો એક છે ને કહીએ તો અનેક છે, એમ નહિ. આત્માને માનીએ તો એક જ છે અને આત્મા ન માનીએ તો અનેક જ છે. એમ નહિ. આત્માને માનીએ એટલે એક જ છે ને આત્માને ન માનીએ તો અનેક જ છે. બીજું શું? એમ નહિ. એમાં અનંત ગુણ ને પર્યાયના સમુદાય તરીકે જુઓ તો એક છે અને ગુણ–શક્તિઓ ને પર્યાયના ભેદની અપેક્ષાએ લઈએ તો તે અનેક છે. એનો એ એક ને અનેક છે. સમજાય છે કાંઈ?

સમુદાયની અપેક્ષાએ એક છે, ગુણ-પર્યાયની અપેક્ષા અનેક છે એમ ફેર પડી ગયો. એની એ અપેક્ષાએ એક છે ને એની એ અપેક્ષાએ અનેક છે એમ નહિ. વસ્તુ આ આત્મા પોતાના સમુદાય, ગુણના સમુદાય અપેક્ષાએ એક છે. ગુણ પર્યાય અપેક્ષાએ અનેક છે. એક છે તે અનેક છે પણ ઇ કઈ અપેક્ષાએ? અનેક છે તે એક છે તે કઈ અપેક્ષાએ? અનેક છે તે ગુણ પર્યાયે, એક છે તે સમુદાયે. એમ એનો વિરોધ સ્યાદ્વાદ મટાડી દે છે અને જેવો એનો સ્વભાવ છે તે જણાવે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩ ગાથા–૨ થી ૪ ગુરુવાર, માગશર વદ ૨, તા. ૨૯-૧૨-૧૯૬૬

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે, બીજી ગાથા ચાલે છે. પહેલી ગાથામાં ઇષ્ટદેવને મૂર્તિને નમસ્કાર કર્યો. પુરુષ એટલે આત્મા એના પ્રયોજનની સિદ્ધિ, ચૈતન્યના સ્વરૂપની પ્રયોજનની સિદ્ધિ થવા, ચૈતન્ય સ્વરૂપ ને પૂર્ણ પ્રાપ્ત એવા પરમેશ્વરને એવી પર્યાય છે એવું જ્ઞાન કરીને જાણપણા સહિત એને ઇષ્ટદેવ સ્વીકારીને નમસ્કાર કર્યા છે.

બીજી ગાથામાં આગમને નમસ્કાર (કર્યા). પરમાગમનું બીજ જે અનેકાંત, પરમાગમનું બીજ જીવ, પરમાગમનો જીવ અનેકાંત (છે) એની વ્યાખ્યા કરી. અહીં આવ્યું છે, જુઓ! ભાવાર્થમાં.

**'કથંચિત્ સમુદાયની અપેક્ષાએ એકરૂપ છે, કથંચિત્ ગુણપર્યાયની અપેક્ષાએ અનેકરૂપ છે.'** ત્યાં સુધી આવ્યું છે. ભાવાર્થ, બીજી ગાથાનો ભાવાર્થ. શું કીધું? કે, આ આત્મા આદિ પદાર્થ એવા છે. પહેલા તો એમ કહ્યું, સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે અને પરથી નથી. છે અને નથી વિરોધ જેવું દેખાય છે. છે ને નથી વિરોધ જેવું (દેખાય) છતાં **'विरोधमथनं'** એમ કહ્યું છે ને? એ વિરોધનું મંથન કરનાર છે, નાશ કરનાર છે. કોણ? અનેકાંત એટલે

www.vitragvani.com



સ્યાદ્વાદ. સ્વપણે છે ને પરપણે નથી. એમ વિરોધનો નાશ કરનારું છે. સમજાણું? છે એ કેમ નથી? અને નથી એ કેમ છે? એટલે વિરોધ થયો. એનો અહીં વિરોધનો મથનં કરનાર, નાશ કરનારું છે, અભાવ કરનારું છે. પોતાના સ્વરૂપમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે અને પર દ્રવ્યના ક્ષેત્ર, કાળ, ભાવથી નથી. એ રીતે સ્યાદ્વાદ વસ્તુના અનેકાંત સ્વરૂપને સિદ્ધ કરે છે. માટે અનેકાંતને નમસ્કાર કરવામાં આવ્યા છે. સમજાણું કાંઈ?

ત્રીજો બોલ આવ્યો. '**કથંચિત્ સમુદાયની અપેક્ષાએ એકરૂપ છે, કથંચિત્ ગુણપર્યાયની અપેક્ષાએ અનેકરૂપ છે.**' એ વસ્તુ જે છે એના સમુદાય એટલે ગુણ સમુદાયનો એકરૂપ એ અપેક્ષાએ એક છે અને ગુણ-પર્યાયની અપેક્ષાએ અનેક છે. એ બે વિરોધ છે, બે વિરોધ છે. એક તે અનેક કેમ? અને અનેક તે એક કેમ? છતાં '**વિરોધમથનં**' વિરોધના '**મથનં**', વિરોધનો નાશ કરનારું અનેકાંત છે. બીજી ગાથાનો ભાવાર્થ, બીજી ગાથાનો ભાવાર્થ. '**મથનં**' છે ને? '**મથનં**'. મથન મથન કરે છે ને? સમજાણું? પુસ્તક રાખજો, પુસ્તક છે ને?

ત્રીજો બોલ. '**કથંચિત્ સંજ્ઞા, સંખ્યા, લક્ષણની અપેક્ષાએ ગુણ-પર્યાયાદિ અનેક-ભેદરૂપ છે,...**' કોણ? વસ્તુ. વસ્તુ કોઈ અપેક્ષાએ, કથંચિત્ એટલે કોઈ અપેક્ષાએ, સંજ્ઞાથી કારણ કે, આત્માનું નામ આત્મા, ગુણનું નામ ગુણ તે સંજ્ઞામાં ફેર છે. સંખ્યામાં ફેર છે. દ્રવ્ય એક, ગુણ અનેક. લક્ષણમાં ફેર છે દ્રવ્યનું લક્ષણ ગુણ-પર્યાયનું ધારણ, ગુણનું લક્ષણ પર્યાયનું પ્રગટ આદિ થવું. '**ગુણ-પર્યાયાદિ અનેક-ભેદરૂપ છે,...**' દરેક આત્મા ને દરેક પરમાણુ ગુણ અને અવસ્થા દ્વારા ભેદરૂપ છે. અનેકનો અર્થ ભેદરૂપ છે. સમજાય છે?

'**કથંચિત્ સત્‌ની અપેક્ષાએ અભેદરૂપ છે.**' વસ્તુ તરીકે અભેદ છે. આમ દેખો તો તે ભેદ તે અભેદ વિરોધ દેખાય છે. પણ એ વિરોધનો મંથન કરનાર, મંથન કરનાર અનેકાંત તેનો મંથન કરીને નાશ કરે છે. અનેક ગુણની અપેક્ષા ને પર્યાયની અપેક્ષાએ તેને ભેદ કહેવાય છે, વસ્તુની અપેક્ષાએ તેને અભેદ કહે છે તો વિરોધનો નાશ કરે છે. એકનો એક ભેદ ને એનો એ અભેદ કેમ હોય? તેનો નાશ કરે. જુઓ! પરમાગમનો જીવ છે એ, શાસ્ત્રનો એ જીવ છે. બીજી ગાથામાં આવ્યું ને?

'**કથંચિત્ દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે, કથંચિત્ પર્યાય અપેક્ષાએ અનિત્ય છે.**' વસ્તુ છે એ કાયમ ટકવાની અપેક્ષાએ નિત્ય છે, એની અપેક્ષાએ અનિત્ય છે એમ નહિ. અને પર્યાય અપેક્ષાએ, બદલવાની અપેક્ષાએ અનિત્ય છે. એવી વિરોધતા દેખાવા છતાં દ્રવ્ય અપેક્ષાએ નિત્ય અને પર્યાય અપેક્ષાએ અનિત્ય એવો વિરોધનો મંથન–નાશ કરે છે. પાઠમાં છે ને? '**विरोधमथनं सकलनयविलसितानां नमाम्यनेकान्तम्**' આચાર્ય પોતે અનેકાંતને નમસ્કાર કરે છે. અનેકાંત એ આત્માનું સ્વરૂપ છે, અમૃત સ્વરૂપ છે એને નમસ્કાર કરે છે. અનેકાંત તો જડમાં પણ અનેકાંત છે તો એને નમસ્કાર કર્યો? અહીં તો અનેકાંતને નમસ્કાર કરે છે. આત્માને અનેકાંત સ્વરૂપ છે એને નમસ્કાર કરે છે. અનેકાંતનું જે જ્ઞાન ને ભાન એને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અહીં નમસ્કાર કરે છે. ભાઈ! નહિતર અનેકાંત તો જડમાં પણ છે. સમજાણું આમાં?

આ આત્મા પોતે પોતાના સ્વરૂપની ગુણ પર્યાય અપેક્ષાએ ભેદ (રૂપ છે), સત્‌ની અપેક્ષાએ (અભેદ છે). ભેદ તે અભેદ કેમ હોય? પર્યાયથી આશ્રય કરે તો પર્યાય તો ભેદરૂપ છે, આશ્રય કરે તે અભેદ છે. તો ભેદ હોય તે અભેદ કેમ હોય? કે, ભાઈ! ભેદ હોય તે અભેદ કેમ? વસ્તુની અપેક્ષાએ અભેદ છે, ગુણ-પર્યાયની અપેક્ષાએ ભેદ છે. એમ અનેકાંત સ્યાદ્વાદ વિરોધના ભાવનો નાશ કરનાર છે. કહો! સમજાણું કાંઈ?

**'કથંચિત્ દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે,...'** ભગવાન આત્મા દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે, **'કથંચિત્ પર્યાય અપેક્ષાએ અનિત્ય છે.'** જે અપેક્ષાએ નિત્ય છે તે અપેક્ષાએ અનિત્ય હોય તો વિરોધ આવે. પણ જે અપેક્ષાએ નિત્ય છે તે અપેક્ષાએ અનિત્ય નથી તેથી એમાં વિરોધ આવતો નથી, એમ કહે છે. પર્યાયથી કામ લેવાય. એ કામ લેવાની વસ્તુ જે ધ્રુવ છે એમાં એ પર્યાય નથી. તેથી વિરોધ આવતો નથી. **'આ રીતે સ્યાદ્વાદ સર્વ વિરોધને દૂર કરે છે.'** પેલા **'विरोधमथनं'** નો અર્થ કર્યો. આ રીતે ભગવાન આત્મા ત્રિકાળ સ્વરૂપની અપેક્ષાએ દ્રવ્યે નિત્ય છે, અવસ્થાએ અનિત્ય છે. એ રીતે અવસ્થાએ અનિત્ય અને દ્રવ્યે નિત્ય કહીને વિરોધનો નાશ કરનારું છે.

**'સ્યાત્ એટલે કથંચિત્ નય અપેક્ષાએ, વાદ એટલે વસ્તુસ્વભાવનું કથન તેને સ્યાદ્વાદ કહે છે, તેને નમસ્કાર કર્યા.'** લ્યો! સ્યાદ્વાદને નમસ્કાર કર્યો. સ્યાદ્વાદ તો છએ દ્રવ્યને છે. અહીં અનેકાંત જ્ઞાન થયું ને! ભલે પરનું હોય અને સ્વનું (હોય). પરમાગમનું બીજ અનેકાંત છે. જે જ્ઞાન થયું કે, સ્વરૂપે શુદ્ધ ધ્રુવ, પર્યાયે અશુદ્ધ પલટતી દશા, સ્વભાવ ધ્રુવ, એક દ્રવ્યમાં આમ કેમ થાય? વિરોધ દેખાય છે તેને અનેકાંત જ્ઞાન દ્વારા એ વિરોધનો નાશ કરે છે. એવા અનેકાંતને અહીંયાં પોતાના સમ્યગ્જ્ઞાન સ્વરૂપ અનેકાંત ભાવ, તેને નમસ્કાર કર્યો છે. કહો! સમજાણું?

## ગાથા–૩

**આગળ આચાર્ય ગ્રન્થ કરવાની પ્રતિજ્ઞા કરે છે.**

**लोकत्रयैकनेत्रं निरूप्य परमागमं प्रयत्नेन।**
**अस्माभिरुपोद्ध्रियते विदुषां पुरुषार्थसिद्ध्युपायोऽयम्।।३।।**

www.vitragvani.com



**અન્વયાર્થ :– [ लोकत्रयैकनेत्रं ] ત્રણલોક સંબંધી પદાર્થોને પ્રકાશિત કરવામાં અદ્વિતીય નેત્ર [ परमागमं ] ઉત્કૃષ્ટ જૈનાગમને [ प्रयत्नेन ] અનેક પ્રકારના ઉપાયોથી [ निरूप्य ] જાણીને અર્થાત્ પરંપરા જૈન સિદ્ધાંતોના નિરૂપણપૂર્વક [ अस्माभिः ] અમારા વડે [ विदुषां ] વિદ્વાનોને માટે [ अयं ] આ [ पुरुषार्थसिद्धयुपायः ] પુરુષાર્થસિદ્ધિ ઉપાય નામનો ગ્રન્થ [ उपोद्ध्रियते ] ઉદ્ધાર કરવામાં આવે છે.**

**ટીકા :– 'अस्माभिः विदुषां अयं पुरुषार्थसिद्धयुपायः उपोद्ध्रियते' - અમે ગ્રન્થકર્તા જ્ઞાની જીવોને માટે આ પુરુષાર્થસિદ્ધિ ઉપાય નામનો ગ્રન્થ અથવા ચૈતન્યપુરુષનું પ્રયોજન સિદ્ધ કરવાનો ઉપાય પ્રગટ કરીએ છીએ. 'किं कृत्वा' -કેવી રીતે? 'प्रयत्नेन' -અનેક પ્રકારે ઉદ્યમ કરીને સાવધાનતાથી - 'परमागमं निरूप्य' -પરંપરાથી જૈન સિદ્ધાન્તનો વિચાર કરીને.**

**ભાવાર્થ :– જેવી રીતે કેવળી, શ્રુતકેવળી અને આચાર્યોના ઉપદેશની પરંપરા છે તેનો વિચાર કરીને અમે ઉપદેશ કરીએ છીએ, સ્વમતિથી કલ્પિત રચના કરતા નથી. કેવા છે પરમાગમ? 'लोकत्रयैकनेत्रं' -ત્રણે લોકમાં ત્રણ લોક સંબંધી પદાર્થોને બતાવવા માટે અદ્વિતીય નેત્ર છે. ૩.**

---

હવે **'આગળ આચાર્ય ગ્રન્થ કરવાની પ્રતિજ્ઞા કરે છે.'** પહેલાં શ્લોકમાં ઇષ્ટદેવને નમસ્કાર કર્યો, બીજા શ્લોકમાં શાસ્ત્રમાં અનેકાંત ભાવને નમસ્કાર કર્યો. એ શૈલી છે દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. ગુરુને (નમસ્કાર) ન કરતાં કોને માટે બનાવ્યું એ 'અમૃતચંદ્રાચાર્યદેવ' ની શૈલી છે. 'સમયસાર'માં પણ પહેલા નમઃ સમયસારાય કહ્યું, પછી સિદ્ધાંતને નમસ્કાર કર્યો, ત્રીજામાં હું આ શાસ્ત્રને કહીશ ત્યાંથી ઉપાડ્યું છે. ત્રીજામાં હું આ શાસ્ત્રને કહીશ ત્યાંથી ઉપાડ્યું છે, એ શૈલી અહીં લીધી છે.

**लोकत्रयैकनेत्रं निरूप्य परमागमं प्रयत्नेन।**
**अस्माभिरुपोद्ध्रियते विदुषां पुरुषार्थसिद्धयुपायोऽयम्।।३।।**

આ ગ્રન્થની ખૂબી એમ છે કે, હું આ વિદ્વાનો માટે કહું છું. આ એક શબ્દ આ વાત ખાસ આમાં આ વાપર્યો છે. **'विदुषां'** જ્ઞાની માટે આમ કહ્યું છે. જુઓ! ભાષા. આ 'પુરુષાર્થસિદ્ધિ–ઉપાય' જેને 'જિનપ્રવચન રહસ્ય કોષ' પણ કહેવામાં આવ્યું છે. પાછળથી શબ્દમાં લખ્યું છે. 'ટોડરમલ્લ'માં એમ નથી. આમાં વળી એમ છે. પેલો અધિકાર પૂરો થાય છે ને? ત્યાં એમ લખ્યું છે. 'જિનપ્રવચન રહસ્ય કોષ'. પેલામાં નથી. આ દર્શનનો અધિકાર પૂરો થાય છે ને જ્યાં? ત્યાં લખ્યું છે. ત્યાં લખ્યું, જેનું બીજું નામ 'પ્રવચનરહસ્ય કોષ' છે. 'દર્શન અધિકાર' ૩૬ પાનું. કારણ કે, ભાઈમાં નથી, 'ટોડરમલ્લ'માં નથી. છે ને છેલ્લો

www.vitragvani.com



શબ્દ? પ્રવચન રહસ્ય કહ્યું છે. ત્યાં પછી જૈન આગમ પ્રવચન રહસ્ય એમ કહ્યું. પણ એ આમાં નથી પણ બીજામાં છે એમાંથી નાખ્યું લાગે છે. જુઓ! અહીં એમ લખ્યું છે–'પ્રવચન રહસ્ય'. અને જ્ઞાનનો અધિકાર પૂરો થયો ૪૩ ત્યાં વળી 'જિનપ્રવચન રહસ્ય કોષ' એમ લખ્યું છે. એ પણ 'ટોડરમલ્લ'માં નથી. કોઈમાં શબ્દ આમ નાખ્યો, કો'કમાં આમ નાખ્યો, સરખા શબ્દ નથી. એક રીતના શબ્દ નથી. ગમે તે રીતે.. કોણે બધું કર્યું છે? સરખું નથી, સરખો શબ્દ આવવો જોઈએ ને તો તો. કારણ કે, પેલામાં ક્યાંય નથી. કહો! શું કહ્યું? જુઓ! એનો અન્વયાર્થ.

**અન્વયાર્થ :– 'ત્રણલોક સંબંધી પદાર્થોને પ્રકાશિત કરવામાં અદ્વિતીય નેત્ર...'** કેવું છે આ પરમાગમ? કે, ત્રણલોક સંબંધી પદાર્થને પ્રકાશિત કરવામાં અદ્વિતીય, અજોડ એક નેત્ર (છે). **'ઉત્કૃષ્ટ જૈનાગમને...'** પરમ આગમ. પરમ એટલે ઉત્કૃષ્ટ. **'એવા જૈનાગમને 'प्रयत्नेन' અનેક પ્રકારના ઉપાયોથી...'** ભાષા આમ છે. **'प्रयत्नेन'** એનો અર્થ કર્યો–અનેક પ્રકારના ઉપાયોથી. **'निरूप्य'** નિરૂપ્યનો અર્થ તો કહેવું થાય છે. અહીંયા જાણીને કર્યો છે. જાણવું થાય છે પણ જાણીનેનો અર્થ બીજો લે છે. **'અર્થાત્ પરંપરા જૈન સિદ્ધાંતોના નિરૂપણપૂર્વક...'** એમ લીધું. પરંપરા જૈન સિદ્ધાંતમાં કેવળી શુદ્ધ કેવળી આચાર્યોએ જે કહ્યું છે તેના નિરૂપણપૂર્વક આને અમે કહેશું. એમાં જે કાંઈ અનાદિથી કેવળજ્ઞાની તીર્થંકરો કહે છે એ આમાં કહેશું, અમારી કલ્પનાની વાત આમાં નથી.

**''अस्माभिः' અમારા વડે...'** જો ભાષા એમ આવી આમાં. 'સમયસાર' આદિમાં એમ નથી આવતું. ત્રીજા શ્લોકમાં આવ્યું કે, અમે આમ છીએ પર્યાયથી, દ્રવ્યથી આમ છીએ. અમે અહીંયાં **'વિદ્વાનોને માટે...'** જુઓ! કર્તા છે કે નહિ આમાં? પેલો કહે કર્તા નથી. એ તો નિમિત્તનું કથન છે. પહેલા તો કહે છે કે, આગળ કહેશે કે વાણી વાણીથી રચાય છે, શબ્દોના વિચિત્રથી આ અક્ષરો થઈ ગયા, મારાથી નહિ. અહીં તો નિમિત્તપણું બતાવે છે. **'अस्माभिः'** એટલે આમાં નિમિત્તપણું 'અમૃતચંદ્રાચાર્ય'નું છે. એથી બન્યું છે એમ નહિ પણ એનું નિમિત્તપણું છે એટલું બતાવવા **'अस्माभिः'** શબ્દ પડ્યો છે. છે ને? અમારાથી, **'અમારા વડે...'** બન્યું છે. એમાં લોકો તકરાર કરે છે. અમારા વડે એટલે નિમિત્ત તો હું છું એમ બતાવવા વાત છે. આગળ તો છેલ્લામાં કાઢી નાખશે. ... એ શ્લોકમાં. ઇ જ કહે છે ... એ..ય..! કીધું જ નથી એમ. કહેતા વખતનો જ આશય એવો છે કે, આ થાય છે શબ્દોથી પણ અમે નિમિત્ત છીએ એટલે અમારા વડે એટલું કહેવામાં આવ્યું. કહો! આ બધી તકરાર મોટી ચાલે છે. પાના કાલે આવ્યા છે, હોં! ભાઈ! ઇ પાના કાલે ૫૬ આવ્યા છે. ૬૨૪ સુધી કાલે આવ્યા છે. સમજાણું કાંઈ?

**'અમારા વડે...'** ભાષા તો એમ જ કહે ને અમે કહીએ છીએ તે સાંભળો! એમ બોલેને! એનો અર્થ એમ જ લઈ લે કે, કહેવાના શબ્દોનો રચનાર જ આત્મા છે. (એ તો) સ્વતંત્ર

છે. વ્યવહારથી કહેવાય ને વ્યવહારને જ નિશ્ચય માની લે... એ આગળ પોતે કહેશે, ભાઈ! કે, વ્યવહારને નિશ્ચય માને તે ઉપદેશને લાયક નથી. એ જ કહું છું. એણે આ શબ્દ કહ્યા છે એનો આ ભાવાર્થ છે. વ્યવહારથી કહેવાય છે એને જ નિશ્ચય માની લે એ જીવ તો ઉપદેશને પણ લાયક નથી. છે ને? સમજાણું? જુઓ! ૬ઠ્ઠી ગાથા, ૬ઠ્ઠી, ૬ઠ્ઠી.

**अबुधस्य बोधनार्थं मुनीश्वरा देशयन्त्यभूतार्थम्।**
**व्यवहारमेव केवलमवैति यस्तस्य देशना नास्ति।।६।।**

વ્યવહારને જે ખાસ જાણે, વ્યવહારને નિશ્ચય જાણી લે એ દેશનાને લાયક નથી. કહ્યું ને એમાં? '**अस्माभिः**' માં આવી ગયું. એ '**अस्माभिः**' કહીએ છીએ, વ્યવહારથી કહીએ એને તું નિશ્ચય માની લે કે, અમે જ કર્તા છીએ (તો તે ખોટું છે). સ્વતંત્ર છે ને! માને. અહીં તો ચોખ્ખું કરી નાખ્યું છે ૬ઠ્ઠીમાં, જુઓ! વ્યવહારને જ નિશ્ચય માની લે છે. વ્યવહાર તે કહ્યું એને માની લે કે ખરેખર અમે શાસ્ત્રના કર્તા છીએ તો એ ઉપદેશને લાયક નથી, સાંભળવાને લાયક નથી.

મુમુક્ષુ :– વ્યવહાર તો છે ને!

ઉત્તર :– વ્યવહાર એ નથી, વ્યવહારે એનો અર્થ શું? નિમિત્ત કોણ છે એનું જ્ઞાન કરાવે છે. વ્યવહારે કર્તા છે અને નિશ્ચયે કર્તા નથી તો બેનો મેળ કાંઈ રહ્યો નહિ. કર્તા છે જ નહિ, પણ અમે કીધું એમાંથી તું જો વ્યવહારને નિશ્ચય માની લે તો તું અમારી વાત સાંભળવાને લાયક નથી, એમ કહે છે. આહા..! લાયક નથી. કારણ કે, સમજાવવામાં વ્યવહારની કથનની પદ્ધતિ આવે છે અને તું જ્યારે વ્યવહારને પકડી બેસે ત્યારે અમારે કહેવું છે તો વ્યવહારથી પેલો નિશ્ચય, બતાવવું છે એ, વ્યવહારનું લક્ષ છોડાવવું છે. એને ઠેકાણે તું ત્યાં કહે કે, જુઓ! તમે કહ્યું નહોતું? અમે કહ્યું છે એમ કહ્યું નહોતું? અમે કહ્યું છે એમ કહ્યું નહોતું? હવે સાંભળને! અમે કહ્યું હતું એ તો નિમિત્તથી કહ્યું હતું પણ એને તું નિશ્ચય માની લે છે અમે જ શબ્દોના કર્તા છીએ (તો તું) સમજતો નથી, વાતને સમજી શકશે નહિ, સમજવાને લાયક જ તું નથી. ના જ પાડી છે, જુઓને! તેને ઉપદેશ નથી એમ કહ્યું છે. શું કહેવું? સામો જ પડે ત્યાં... બોલ ભાઈ! મૌન થવાથી લાભ થાય. ત્યારે તમે કેમ મૌન નથી થતાં? લ્યો! એ પાધરો એમ પકડે. બોલી શકાય નહિ. ત્યારે તમે આ બોલો છો ને? હવે સાંભળને! કઈ અપેક્ષાએ વાત ચાલે છે? વ્યવહારને જ પકડે તો તું સાંભળવાને લાયક નથી. સમજાણું?

અમારાથી, એમ કહ્યું ને? '**વિદ્વાનોને માટે...**' પાછી ભાષા આમ છે. વિદ્વાનોને માટે આ શાસ્ત્ર રચાય છે. કારણ કે, ઘણા નયથી કઈ શૈલી છે નિશ્ચયની, સદ્ભૂત વ્યવહારનયની, અસદ્ભૂત વ્યવહારનયની કઈ અપેક્ષા છે એ અપેક્ષા જો તું નહિ સમજ તો આ વસ્તુ નહિ સમજી શકે. બરાબર નિશ્ચય ને વ્યવહારના શ્રોતાને લેશે. શ્રોતાનું લેશે કે નિશ્ચય

www.vitragvani.com



વ્યવહારના જાણ તે શ્રોતા આ વાતને સાંભળવા લાયક છે. અહીં શ્રોતાની જુદી ગાથા છે. એ સમજાણું? શ્રોતા આવા જોઈએ એમ કહે છે. આગળ કહેશે. ૮મી (ગાથા), ૮મી માં શ્રોતાની વાત કરશે. ૮મી છે ને.?

**व्यवहारनिश्चयौ यः प्रबुध्य तत्त्वेन भवति मध्यस्थः।**
**प्राप्नोति देशनायाः स एव फलमविकलं शिष्यः।।८।।**

૮મી ગાથા છે, શ્રોતા આવા જોઈએ. શ્રોતાને માટેની આટલી જવાબદારી છે. એને નિશ્ચય વ્યવહારનો જે શબ્દ આવ્યો કે, અમે કહીએ છીએ એમાં એણે જાણવું જોઈએ કે, એ તો વ્યવહારથી કહ્યું છે. સમજાણું કાંઈ? સાંભળનારને પાધરો પકડે કે વ્યવહારે તમે... ભાઈ! અમે કહીએ છીએ તે સમજો. એમ ભાષા આવે. ત્યારે (પકડે કે) જુઓ! આવ્યું કે નહિ? તમે કહો છો એક આવ્યું અને તમારાથી ત્યાં સમજાય છે એ આવ્યું. અમે કહીએ છીએ એ સમજો, ભાઈ! તમે કહો છો એ ખ્યાલ છે. અમે કહીએ એટલે ભાષા આવી, સમજો ત્યાં અમારાથી, પરથી સમજી શકે એના ક્રમ વિનાની પર્યાય ને એક આ થાય તો ક્રમ તુટી ગયો, લ્યો! ભાઈ! તું ઝઘડો કરે પણ તું વ્યવહાર ને નિશ્ચયના જાણ વિના શ્રોતા શ્રવણને લાયક નથી એમ કહ્યું. જ્યારે જ્યારે વ્યવહારના કથનો આવે (ત્યાં સમજવું કે) આ વ્યવહારથી કહ્યું છે. નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું છે એને સમજ. એમાં પણ સમજનારો લાયક છે એને આ નિમિત્ત થાય છે એથી સમજ એમ કીધું. એમ વ્યવહાર ને નિશ્ચયનો જાણનાર હોય. ભલે વક્તા વિશેષ જાણનાર છે, પણ શ્રોતામાં આટલું તો વ્યવહાર નિશ્ચયનું થોડું પણ જો લક્ષ જ્ઞાન ન હોય તો વ્યવહાર નિશ્ચયની વાતને એકાંત કરીને કાઢી નાખશે. નહિ, વ્યવહારથી કીધું એ પણ બરાબર છે, નિશ્ચયથી કીધું એ પણ બરાબર છે. સમજાણું કાંઈ? ... ચોથી ગાથા કીધા પછી પેલી આઠમી લેશે. મુખ્ય-ઉપચારનું જ્ઞાન જોઈએ. મુખ્ય એટલે નિશ્ચય. ચોથી ગાથામાં છે ને? અને ઉપચાર એટલે વ્યવહાર કથન, ઉપચાર કથન છે, વ્યવહાર એટલે ઉપચાર કથન છે. મુખ્ય એ નિશ્ચય છે, ઉપચારથી કહેવાણું એને બરાબર માની લે તો એ વ્યવહારનો જાણનાર નથી. સમજાણું કાંઈ?

અમારાથી એમ જે કહ્યું અને તે વિદ્વાનોને માટે. પાછુ એમ પણ આવ્યું ને? એ સમજનારને માટે હવે સમજે એની મેળાએ એને કારણે અને તું કહે કે, વિદ્વાનોને માટે. એય...! પણ શું થાય? એ શૈલી એવી કોઈ છે ને. અમે આને માટે, આને માટે (કહીએ છીએ). આ કીધું ને? આને માટે. એ... 'રતિભાઈ'! આ પરને માટે કહ્યું છે. લખવામાં, વાતમાં એમ આવે, બાપુ! એને ખબર નથી. બાકી તો પોતાનો વિકલ્પ ઉઠ્યો છે એ બીજાને માટે કહે છે? આહાહા..! પણ એ શૈલી એવી હોય છે ને કે, આ સમજે, આ શૈલી, એવી વિકલ્પની જાત પોતાને આવી છે. ત્યારે કહે છે કે, '**विदुषां**' વિદ્વાનોને માટે. કારણ કે, આ તો નિશ્ચય વ્યવહારની સંધિ અને એનું બરાબર સ્વરૂપ (સમજવું જોઈએ). વાસ્તવિક ભૂતાર્થ નિશ્ચય,

વ્યવહાર અભૂતાર્થ છે. અભૂતાર્થ કહો કે અહીંયાં ઉપચાર કહો. શ્રોતા ઉપચાર કથન અને અભૂતાર્થ કથનને ન સમજે અને ભૂતાર્થ અને નિશ્ચયને ન સમજે તો એ શ્રોતા કંઈકનું કંઈક ગડબડ કરશે. સામાની ભૂલ કાઢશે, જે હેતુ સમજાવવાનો (છે એ) હેતુને પકડશે નહિ. જુઓ! તેથી એમણે કહ્યું **'विदुषां'** માટે આ પરમાગમને હું કહું છું. 'અમૃતચંદ્રચાર્ય' કહે છે.

**'આ પુરુષાર્થસિદ્ધિ ઉપાય નામનો ગ્રન્થ...'** જુઓ! ભાષા એવી છે. આ પુરુષાર્થસિદ્ધિ ઉપાય, પુરુષાર્થ ચૈતન્ય સ્વરૂપના પ્રયોજનની સિદ્ધિ, એ નામનો ગ્રન્થ **'उपोद्ध्रियते' 'ઉદ્ધાર કરવામાં આવે છે.'** દેખો! સર્વ શાસ્ત્રમાંથી કાઢી, તારવીને ઉદ્ધાર કરવામાં આવે છે એમ કહે છે. ગ્રન્થ ઉદ્ધાર કરવામાં આવે છે, ગ્રન્થ કરવામાં આવે છે. નીતિ અને પ્રશ્ન વ્યવહાર આવ્યો.

**ટીકા :– ''अस्माभिः विदुषां अयं पुरुषार्थसिद्धयुपायः उपोद्ध्रियते' -અમે ગ્રન્થકર્તા...'** લ્યો! અમે ગ્રન્થકર્તા. 'પ્રવચનસાર'માં છેલ્લે એમ કહ્યું, ભાઈ! અમે આના વાક્યના કરનારા છીએ અને એથી વાણી તને સમજાવે છે અને એ દ્વારા તું સમજવાને લાયક છો એવો વ્યામોહ કાઢી નાખ. ભારે વાતું. સમજાણું કાંઈ? અમે વ્યાખ્યાતા છીએ અને આ શબ્દો વ્યાખ્યેય છે અને એ તને સમજાવે છે એવો વ્યામોહ કાઢી નાખ. અહીં કહે છે કે, અમે આને સમજાવીએ છીએ. એય...! એકના એક 'અમૃતચંદ્રાચાર્ય'ના ન્યાંના કથન અને અહીં કથન, ઘણો ફેર. ઇ કહે છે કે, વ્યવહાર ને નિશ્ચયનું એને ઉપચાર ને અણઉપચારનું બરાબર જ્ઞાન હોવું જોઈએ. શ્રોતાની પણ એટલી જવાબદારી અહીંયા ગણવામાં આવી છે. સમજાણું કાંઈ? શું થાય? એમાં બીજું બને શું?

**'અમે ગ્રન્થકર્તા જ્ઞાની જીવોને માટે...'** **'विदुषां'**નો અર્થ કર્યો પાછો. એટલે સમજવાના જ્ઞાનીને કાંઈ સમજવાની જિજ્ઞાસા છે ને સમજવાના કામી છે. એવા **'જ્ઞાની જીવોને માટે આ પુરુષાર્થસિદ્ધિ ઉપાય નામનો ગ્રન્થ અથવા...'** પુરુષાર્થસિદ્ધિનો અર્થ કરે છે. **'ચૈતન્યપુરુષનું પ્રયોજન સિદ્ધ કરવાનો ઉપાય પ્રગટ કરીએ છીએ.'** લ્યો! એમ સિદ્ધ કર્યું. કેવો છે પ્રભુ આત્મા? ચૈતન્યપુરુષ. ચૈતન્યપુરુષનું પ્રયોજન. એટલે ચૈતન્યપુરુષ છે આત્મા, એનું પ્રયોજન સિદ્ધિ સિદ્ધિ, એનું પ્રયોજન સિદ્ધ કરવાનો ઉપાય પ્રગટ કરીએ છીએ, પ્રગટ કરીએ છીએ. ભાઈસાબ ! આહાહા..! અરે..રે..! શું થાય? એવી તકરાર, એવી તકરાર (કરે). આમાં એવું લખ્યું છે ને માથાં ફોડે.

**''किं कृत्वा' -કેવી રીતે? 'प्रयत्नेन' -અનેક પ્રકારે ઉદ્યમ કરીને...'** એમ. અનેક પ્રકારે પ્રયત્ન (કરીને). પ્ર...યત્ન છે ને શબ્દ? એટલે પ્રથી વિશેષ પુરુષાર્થથી સાવધાનીથી. ક્યાંય અંદર ફેર નહિ આવે એવી સાવધાનીથી પુરુષાર્થસિદ્ધિ ઉપાય–ચૈતન્યના ચૈતન્યરૂપી પુરુષ એની પ્રયોજનની સિદ્ધિ સાવધાનીથી કહીશ, સાવધાનીથી કહીશ. સમજાણું કાંઈ? જેમાં પુરુષાર્થ ચૈતન્યનું પ્રયોજન સિદ્ધ થશે એવી હું વાત કરીશ. કહો! સમજાણું કાંઈ? એ 'સમયસાર'નું

www.vitragvani.com



કથન છે 'ન્યાલભાઈ' આમાં પણ બીજી ઢબના પ્રકાર હોય છે. એમ કે આ બધું 'સમયસાર'... વાત તો એક હોય પણ એના ઘણા પ્રકારો, ઘણા પડખામાં વિવિધતામાં વિરોધતા ક્યાંય દેખાતી હોય, વિવિધતામાં વિરોધતા ક્યાંય દેખાતી હોય તો એ બધી વિરોધતાના મથન– નાશ કરવાના આ બધા પ્રકારો છે. 'સમાધીતંત્ર', 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' બધું બતાવે છે તો જે છે એ છે પણ વસ્તુમાં ઘણા પ્રકારના પડખાં હોય છે એને સમજાવવા માટે આ વાત છે. સમજાણું કાંઈ?

**''परमागमं निरूप्य' -પરંપરાથી જૈન સિદ્ધાન્તનો વિચાર કરીને.'** એવું અહીં કહ્યું. વિચાર કરીને, ત્યાં જાણીએ એમ કહ્યું. પેલામાં જાણીને (એમ કહ્યું). આ તો નિરૂપણપૂર્વક એમ કહ્યું. પરંપરાથી ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરની જે વાણી એ કેવળી, શ્રુતકેવળી અને આચાર્યોથી આવી છે એના જૈન સિદ્ધાંતનો વિચાર. પરમાગમ છે ને? અન્યના શાસ્ત્ર નહિ. પરમ ભગવાનની વાણી જે પરંપરા આવી છે એના અનુસારે અમે વિચાર કરીને આ 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' કહેશું. એમાં કાંઈ ફેરફાર આવશે નહિ.

**ભાવાર્થ :– 'જેવી રીતે કેવળી, શ્રુતકેવળી અને આચાર્યોના ઉપદેશની પરંપરા છે...'** જેવી રીતે અનાદિ કેવળીની પ્રરૂપ પ્રરૂપ ઉપદેશની પરંપરા છે, જેવી રીતે કેવળીના ઉપદેશની પરંપરા છે એમ એક એક ઉપર લેવું. એમ શ્રુતકેવળીના ઉપદેશની પરંપરા છે, એમ જ આચાર્યોના ઉપદેશની પરંપરા છે. સમજાણું કાંઈ? તેનો વિચાર કરીને, **'તેનો વિચાર કરીને...'** અમે શ્રુતકેવળીઓ છદ્મસ્થ અને સર્વજ્ઞ અને આચાર્ય–શ્રુતકેવળી ન હોય એવા બીજા આચાર્ય, એની **'ઉપદેશની પરંપરા છે તેનો વિચાર કરીને અમે ઉપદેશ કરીએ છીએ,...'** અમે ઉપદેશ કરીએ છીએ. ઉપદેશ કરી શકાતો નથી ને અહીં ઉપદેશ કરીએ છીએ (એમ કહે છે). વિકલ્પ આવ્યો છે એટલું જ્ઞાન કરાવવા ઉપદેશ કરીએ છીએ એમ નીકળે છે. ભાઈ! શું થાય? એ વસ્તુની શૈલી એવી છે. તેથી શ્લોકમાં એણે નાખ્યું છે કે, શ્રોતા વ્યવહાર ને નિશ્ચયના જાણનાર જોઈએ. ભાઈ! એ ન જાણે તો એનો કાંઈકનો કાંઈક અર્થ કરી નાખશે. શાસ્ત્રના અર્થોમાં પણ ગડબડી ઊભી કરશે. શું થાય?

**'સ્વમતિથી કલ્પિત રચના કરતા નથી.'** સ્વમતિથી કલ્પિત રચના કરતા નથી. જુઓ! પ્રમાણ સિદ્ધ કર્યું. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર પરંપરાએ જે આવ્યું, શ્રુતકેવળીએ કહ્યું અને આચાર્યોએ કહ્યું. જે 'કુંદકુંદ' આદિ આચાર્ય. એના અનુસારે અમે કહીશું. વિચાર, તેનો પણ વિચાર કરીને. **'निरूप्य'** છે ને! સમજીને, વિચારીને, મનન કરીને, નક્કી કરીને. એમ ને એમ દીધે રાખ્યું એમ નહિ. આહા..! વસ્તુને સ્વચ્છ સિદ્ધ કરવા કેટલી અપેક્ષાઓ મુકે છે.

**'કેવા છે પરમાગમ?'** પરમ આગમ, મહા શાસ્ત્ર, મહા સિદ્ધાંત. **''लोकत्रयैकनेत्रं' - ત્રણે લોકમાં ત્રણલોક સંબંધી પદાર્થોને બતાવવા માટે અદ્વિતીય નેત્ર છે.'** જગતના ત્રણલોકમાં જે પદાર્થ છે, ત્રણલોકમાં કેવળીઓ પણ છે, અનંત નિગોદના જીવ પણ છે, સિદ્ધો પણ

છે, તીર્થંકરો પણ છે. કહો! સમજાણું? **'लोकत्रयैकनेत्रं'** ત્રણલોકમાં ત્રણલોક સંબંધી પદાર્થોને બતાવવા માટે આ પરમાગમ અદ્વિતીય નેત્ર છે, અજોડ નેત્ર છે. અથવા એક જ આંખ છે. પરમાગમ એક જ આંખ છે. સિદ્ધને બતાવવા, પરમાત્માને બતાવવા, પંચ પરમેષ્ઠીના સ્વરૂપને બતાવવા, મોક્ષનો માર્ગ (બતાવવા), ત્રણલોકમાં બધું આવી ગયું ને ઇ? બંધમાર્ગને બતાવવા, મોક્ષમાર્ગને બતાવવા, અનંત આત્માઓને બતાવવા, પરમાનંદની પ્રાપ્તિ એવા પરમાત્માને બતાવવા આ એક પરમાગમ અદ્વિતીય એક અજોડ નેત્ર છે.

## ગાથા-૪

**આ ગ્રન્થની શરૂઆતમાં વક્તા, શ્રોતા અને ગ્રન્થનું વર્ણન કરવું જોઈએ એવી પરંપરા છે. માટે પ્રથમ જ વક્તાનું લક્ષણ કહે છે -**

**मुख्योपचारविवरण-निरस्तदुस्तरविनेयदुर्बोधाः ।**
**व्यवहारनिश्चयज्ञाः प्रवर्तयन्ते जगति तीर्थम् ।।४।।**

**અન્વયાર્થ :– [ मुख्योपचारविवरणनिरस्तदुस्तरविनेयदुर्बोधाः ] મુખ્ય અને ઉપચાર કથનના વિવેચન વડે પ્રગટપણે શિષ્યોનો દુર્નિવાર અજ્ઞાનભાવ જેમણે નષ્ટ કર્યો છે તેવા તથા [ व्यवहारनिश्चयज्ञाः ] વ્યવહારનય અને નિશ્ચયનયના જાણનાર એવા આચાર્યો [ जगति ] જગતમાં [ तीर्थं ] ધર્મતીર્થ [ प्रवर्तयन्ते ] પ્રવર્તાવે છે.**

**ટીકા :– 'व्यवहारनिश्चयज्ञाः जगति तीर्थं प्रवर्तयन्ते' - વ્યવહાર અને નિશ્ચયના જાણનાર આચાર્યો આ લોકમાં ધર્મતીર્થ પ્રવર્તાવે છે. કેવા છે આચાર્ય? 'मुख्योपचारविवरण-निरस्तदुस्तरविनेयदुर्बोधाः' -મુખ્ય અને ઉપચાર કથનવડે શિષ્યના અપાર અજ્ઞાનભાવનો જેમણે નાશ કર્યો છે એવા છે.**

**ભાવાર્થ :– ઉપદેશદાતા આચાર્યમાં અનેક ગુણો જોઈએ. પણ વ્યવહાર અને નિશ્ચયનયનું જાણપણું મુખ્ય જોઈએ. શા માટે? જીવોને અનાદિનો અજ્ઞાનભાવ છે તે મુખ્ય (-નિશ્ચય) કથન અને ઉપચાર (–વ્યવહાર) કથનના જાણપણાથી દૂર થાય છે. ત્યાં મુખ્ય કથન તો નિશ્ચયનયને આધીન છે. તે જ બતાવીએ છીએ. 'સ્વાશ્રિત તે નિશ્ચય.' જે પોતાના જ આશ્રયે હોય તેને નિશ્ચય કહીએ. જે દ્રવ્યના અસ્તિત્વમાં જે ભાવ પ્રાપ્ત હોય તે દ્રવ્યમાં તેનું જ**

**સ્થાપન કરવું, પરમાણુમાત્ર પણ અન્ય કલ્પના ન કરવી તેને સ્વાશ્રિત કહીએ. તેનું જે કથન તેને મુખ્ય કથન કહીએ. એને જાણવાથી અનાદિ શરીરાદિ પરદ્રવ્યમાં એકત્વશ્રદ્ધાનરૂપ અજ્ઞાનભાવનો અભાવ થાય છે, ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, સર્વ પરદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ થાય છે. ત્યાં પરમાનંદ દશામાં મગ્ન થઈ કેવળદશાને પામે છે. જે અજ્ઞાની આને જાણ્યા વિના ધર્મમાં લાગે છે તે શરીરાશ્રિત ક્રિયાકાંડને ઉપાદેય જાણી, સંસારનું કારણ જે શુભોપયોગ તેને જ મુક્તિનું કારણ માની, સ્વરૂપથી ભ્રષ્ટ થયો થકો સંસારમાં ભમે છે. તેથી મુખ્ય (-નિશ્ચય) કથનનું જાણપણું અવશ્ય જોઈએ. તે નિશ્ચયનયને આધીન છે તેથી ઉપદેશદાતા નિશ્ચયનયના જાણનાર જોઈએ. કારણ કે પોતે જ ન જાણે તે શિષ્યોને કેવી રીતે સમજાવી શકે?**

**વળી 'પરાશ્રિતો વ્યવહાર.' જે પરદ્રવ્યને આશ્રિત હોય તેને વ્યવહાર કહીએ. કિંચિત્‌માત્ર કારણ પામીને અન્ય દ્રવ્યનો ભાવ અન્ય દ્રવ્યમાં સ્થાપન કરે તેને પરાશ્રિત કહે છે. તેનું જે કથન તેને ઉપચાર કથન કહે છે. એને જાણીને શરીરાદિ સાથે સંબંધરૂપ સંસારદશા છે તેને જાણીને, સંસારનાં કારણ જે આસ્રવબંધ તેને ઓળખી, મુક્તિ થવાના ઉપાય જે સંવર-નિર્જરા તેમાં પ્રવર્તે. અજ્ઞાની એને જાણ્યા વિના શુદ્ધોપયોગી થવા ઇચ્છે છે તે પહેલાં જ વ્યવહારસાધનને છોડીને પાપાચરણમાં જોડાઈ, નરકાદિક દુઃખસંકટમાં જઈને પડે છે. તેથી ઉપચારકથનનું પણ જાણપણું જોઈએ. તે વ્યવહારનયને આધીન છે તેથી ઉપદેશદાતાને વ્યવહારનું પણ જાણપણું જોઈએ. આ રીતે બન્ને નયોના જાણનાર આચાર્ય ધર્મતીર્થના પ્રવર્તક છે, બીજા નહિ. ૪.**

---

હવે **'આ ગ્રન્થની શરૂઆતમાં વક્તા, શ્રોતા અને ગ્રન્થનું વર્ણન કરવું જોઈએ એવી પરંપરા છે.'** આ ગ્રન્થની શરૂઆતમાં વક્તા કેવા જોઈએ, કહેનાર કેવા જોઈએ, પ્રરૂપક કેવા જોઈએ, આ નવું પુસ્તક હમણાં છપાણું છે. '...'! બહુ સાદી ભાષા છે, કાંઈ એવી બહુ નથી, થોડી થોડી શીખવી.

શ્રોતા :– કઠણ પડે.

ઉત્તર :– કઠણ પડે તો સાદી(ભાષા) કહીએ. કહો! સમજાણું કાંઈ? આ ગ્રન્થની શરૂઆતમાં વક્તા કહેનાર કેવા જોઈએ? શાસ્ત્રના પ્રરૂપક કેવા જોઈએ? અને શાસ્ત્રના સાંભળનારા કેવા જોઈએ? સમજાય છે? અને ગ્રન્થમાં વર્ણન શું આવશે એ ત્રણ વાત કરશે. **'એવી પરંપરા છે.'** એવી અનાદિની પરંપરા છે. શ્રોતા કેવા, વક્તા કેવા અને શું કહેવું છે, એની પરંપરાથી તે વાત અમે કહીશું.

www.vitragvani.com



**'માટે પ્રથમ જ વક્તાનું લક્ષણ કહે છે -'**

**मुख्योपचारविवरण-निरस्तदुस्तरविनेयदुर्बोधाः।**
**व्यवहारनिश्चयज्ञाः प्रवर्तयन्ते जगति तीर्थम्।।४।।**

જુઓ! અહીંથી ઉપાડ્યું છે મુખ્ય. **'મુખ્ય અને ઉપચાર કથનના વિવેચન વડે...'** મુખ્ય એટલે નિશ્ચય. જુઓ! અહીં મુખ્ય એટલે નિશ્ચય એ મુખ્ય છે. અને વ્યવહાર એટલે ઉપચાર કથનો છે. એના કથનના વિવેચન દ્વારા, સ્પષ્ટતા દ્વારા, **'પ્રગટપણે શિષ્યોનો દુર્નિવાર...'** **'निरस्तदुस्तरविनेय'** **'દુર્નિવાર અજ્ઞાનભાવ જેમણે નષ્ટ કર્યો છે...'** સમજાણું કાંઈ? **'विनेय'** વિનેય શિષ્ય, વિનેય એટલે શિષ્ય. એનો **'दुर्बोधाः'** એટલે અજ્ઞાનભાવ **'निरस्तदुस्तर'** દુર્નિવાર તેનો નાશ કર્યો. સમજાણું કાંઈ? આવા ગુરુ–વક્તા જોઈએ એમ કહે છે. શિષ્યનું પછી કહેશે.

**'મુખ્ય અને ઉપચાર કથનના વિવેચન વડે પ્રગટપણે શિષ્યોનો દુર્નિવાર અજ્ઞાનભાવ...'** જે અજ્ઞાન અનાદિથી વારી શક્યો નથી એના અજ્ઞાનને, **'જેમણે નષ્ટ કર્યો છે...'** શિષ્યનો લ્યો! **'શિષ્યોનો દુર્નિવાર અજ્ઞાનભાવ જેમણે નષ્ટ કર્યો છે...'** લ્યો! આવ્યું કે નહિ? એય...! એનો અર્થ કે, જેનું અજ્ઞાન નાશ થાય એવું એનું જ્ઞાન છે, એવી એની કથની છે, એવો એને ભાવ ઉઠ્યો છે કે, આ જ ભાવથી અજ્ઞાન નાશ થાય. અજ્ઞાન જે છે એ આનાથી નાશ થાય, એવા કથન કરનાર, નિશ્ચય અને વ્યવહારના બરાબર જાણનાર તે વક્તા શિષ્યના દુર્નિવાર અજ્ઞાનને નાશ કરવામાં નિમિત્ત છે, એને નાશ કરે છે એમ કહેવામાં આવે છે. કહો! સમજાણું આમાં?

**'તેવા તથા...'** એક તો ઇ. એને ક્યાં સ્વચ્છંદ છે અને ક્યાં ભૂલે છે એ વ્યવહાર નિશ્ચય બતાવે એને. સમજાણું કાંઈ? અને પોતે **'વ્યવહારનય અને નિશ્ચયનયના જાણનાર...'** સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે, વક્તા એવા છે કે સામાના દુર્નિવાર અજ્ઞાનનો નાશ જ થાય, એવી વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? એનો ઉપદેશ જ એવો હોય. પૂર્વાપર વિરોધ રહિત નિશ્ચય ને વ્યવહારનું જેને બરાબર ઉપચાર અને મુખ્યતાનું જ્ઞાન છે. **'એવા આચાર્યો જગતમાં ધર્મ તીર્થ પ્રવર્તાવે છે.'** લ્યો! શિષ્યના દુર્નિવાર અજ્ઞાનને નાશ કરવા જેનું સામર્થ્ય છે એટલે એવો જે જેનો ભાવ (છે), એમાં ક્યાં ક્યાં તેની ભૂલ છે ને ક્યાં તે પોતે અટક્યો છે... સમજાણું? એને સંધિ બતાવે છે. પોતે નિશ્ચય વ્યવહારના જાણ છે. યથાર્થ મુખ્ય વસ્તુ એના જાણ છે, ઉપચારે કહેવામાં આવેલી વાતને પણ ઉપચારથી કેમ કહ્યું એનું પણ જ્ઞાન છે. કહો! સમજાણું આમાં? ઘણી સ્પષ્ટતા આમાં (છે). 'સમયસાર'માં તો એકલું માખણ ભર્યું છે. એને બીજી રીતે પાછા શ્રોતા વક્તાના ઘણા પ્રકારથી એને અહીં સમજાવે છે.

વળી જગતમાં ધર્મ તીર્થ **'प्रवर्तयन्ते'**. લ્યો! ધર્મ તીર્થ પ્રવર્તાવે છે. લ્યો! એય...! ગાથા દીઠ વ્યવહાર ને નિશ્ચયનું જ્ઞાન નહિ હોય તો કહે છે શ્રોતાને સમજાશે નહિ અને વ્યવહાર

www.vitragvani.com



ને નિશ્ચયનું જ્ઞાન આને ન હોય તો પેલાનું અજ્ઞાન નાશ થાશે નહિ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? શાસ્ત્રમાં આવે તો કહે, આ કહ્યું, જુઓ! આમાં કહ્યું. આ શબ્દ અમે રચીએ છીએ, અમે શબ્દના કર્તા છીએ. નિમિત્ત કર્તા છીએ એમ તો આવે છે કે નહિ શાસ્ત્રમાં? ભાઈ! એ તો વ્યવહારનું કથન છે, કર્તા-ફર્તા તો નથી. કોનો કર્તા? કોની પર્યાય કોણ કરે? દ્રવ્યની ધારાવાહી પર્યાય જ્યાં ચાલે એને બીજો કરે કોણ? પોતાની ધારાવાહી ચાલે એ બીજાના કરવામાં રોકાય કોણ? સમજાણું કાંઈ? પણ વ્યવહારના કથનોની પદ્ધતિ જ વાણી એવી હોય એવું એને જ્ઞાન બરાબર હોવું જોઈએ.

'**પ્રવર્તાવે છે.**' જુઓ! ધર્મતીર્થ પ્રવર્તાવે છે. કેટલી ભાષા છે આમાં! અને પોતે કહે કેવળી, શ્રુતકેવળી અને આચાર્યોની પરંપરાનો વિચાર કરીને અમે આ શાસ્ત્ર રચીએ છીએ. એમાં કાંઈ પણ ફેરફાર નથી, સંધિ જોડાય છે એમ કહે છે. ભગવાન કહે છે તે જ વાતને અમે કહીશું, બીજી વાત છે નહિ.

**ટીકા :– 'व्यवहारनिश्चयज्ञाः जगति तीर्थं प्रवर्तयन्ते'** લ્યો! એ તો આવ્યું ને પેલામાં? વ્યવહાર નિશ્ચયના જાણનાર. ૮મી ગાથામાં. મહારથી 'સમયસાર' એ વાત છે. '**વ્યવહાર અને નિશ્ચયના જાણનાર આચાર્યો...**' ઉપચારનું શું સ્વરૂપ છે અને કેમ કહેવાણું છે અને નિશ્ચયનું વાસ્તવિક શું સ્વરૂપ છે એને કેમ કહેવાણું છે, એના બરાબર જાણનાર આચાર્ય જોઈએ. એના જાણ્યા વિના ઉપદેશક બને તો એ ઉપદેશ પોતાને નુકસાન કરે, બીજાને પણ નુકસાન કરે એમ કહેવાય. અહીં ટાળે એમ કહે છે ને? પેલો કરે. કહો! સમજાણું આમાં? વ્યવહાર ઉપચાર કથન છે, અભૂતાર્થ કથન છે, નિશ્ચય વાસ્તવિક કથન છે. યથાર્થ વસ્તુ છે. એના જે '**જાણનાર આચાર્યો આ લોકમાં ધર્મતીર્થ પ્રવર્તાવે છે.**' લ્યો! દયા જ્યાં આવી પરની દયા ત્યાં પેલો (કહેવા) આવે કે, જુઓ! આ પરની દયા આવી. પરની દયા એ ધર્મ. પણ ભાઈ! એ તો વ્યવહાર ઉપચારના કથન છે, પરની દયા કોઈ કરી શકતું નથી. ફક્ત પરની સ્થિતિમાં એને જે શુભભાવ આવ્યો એને જણાવવા એમ કહ્યું કે, આ પરની દયા પાળી. અને એને વ્યવહાર ધર્મ પણ કહેવાય. વ્યવહાર ધર્મ એટલે ઉપચારથી કહેવાય, વાસ્તવિક ધર્મ એ નથી. એ દયા જ વાસ્તવિક નથી. માણસો રાડ નાખી જાય છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, રાગની અનુઉત્પત્તિ તે અહિંસા. રાગની ઉત્પત્તિ તે હિંસા. ચાહે તો શુભરાગ હો કે ચાહે તો અશુભરાગ હો. ક્યાંય ભલે શુભરાગને વ્યવહાર ધર્મ કીધો હોય તોપણ તે નિશ્ચયથી તો રાગની ઉત્પત્તિ છે તે હિંસા છે. સમજાણું કાંઈ? એના પણ વાંધા. અત્યારે તો ઘણા વાંધા ઉઠ્યા છે. બધા બહાર આવ્યા. ગુપ્ત હતા એ (બહાર આવ્યા). આમાં ખૂબ લખાણ આવ્યું છે.

આ લોકમાં, આ લોકમાં આવા આચાર્યો ધર્મતીર્થ પ્રવર્તાવે છે. લ્યો! એટલે કે, તીર્થ

www.vitragvani.com



ચાલનારના નિમિત્ત આવા જીવો હોય છે, એમ કહે છે. તેની ઉપાદાન દશામાં તરવાના ઉપાયોને સાધે છે એને આવા આચાર્યો નિમિત્તપણે હોય છે, ખોટા હોતા નથી એટલું સિદ્ધ કરવું છે. કહો! સમજાણું કાંઈ? એવા તરનારના આત્માને તરનાર આત્મા શુદ્ધ ચૈતન્યની મૂર્તિ એનો આશ્રય લઈને જે પર્યાયમાં તરે છે, સંસારથી તરે છે એવું જે તીર્થ ને સાધક જીવો અને આવા આચાર્યો નિમિત્ત હોય એમ કહે છે. જેને નિશ્ચય વ્યવહારનું જ્ઞાન નથી, જેને પરમાગમ શું છે એનું ભાન નથી, અનેકાંત શું ચીજ એની ખબર નથી એવા જીવો એને નિમિત્ત ન હોય. એટલે આવા નિમિત્તો એને હોય એને જગતનું તીર્થ પ્રવર્તાવે છે, એમ કહેવામાં આવે છે. કહો! સમજાણું આમાં?

**'કેવા છે આચાર્ય? -મુખ્ય અને ઉપચાર કથનવડે...'** દેખો! મુખ્ય એટલે યથાર્થ નિશ્ચય **'ઉપચાર...'** એટલે વ્યવહારના કથન વડે **'શિષ્યના અપાર અજ્ઞાનભાવનો...'** **'निरस्त'** કીધું ને? અજ્ઞાનભાવનો જેમણે નાશ કર્યો છે એવા છે, લ્યો! અહીં તો અજ્ઞાનભાવ નાશ કર્યો છે એવા જ આચાર્ય લીધા છે. ઉપાદાન નિમિત્ત બે સરખા લીધા. સમજાણું કે નહિ? ('સમયસાર') પાંચમી ગાથામાં આવ્યું ને? **'जदि दाएज्ज पमाणं'** બસ! એ શબ્દ છે. દેખાડું તો અનુભવ કરજે, અનુભવ કરીને પ્રમાણ કરજે, એમ. દેખાડું તો અનુભવ કરીને પ્રમાણ કરજે. બસ! એ શૈલી છે લ્યો! પાંચમી ગાથા. **'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण'** બસ! એટલું. એ સામાન્ય વાત. પછી **'जदि दाएज्ज पमाणं'** દેખાડું તો એ અનુભવ કરીને પ્રમાણ કરજે.

એમ અહીંયાં કહે છે, મુખ્ય નામ નિશ્ચય ને ઉપચાર નામ વ્યવહારના કથન વડે **'શિષ્યના અપાર અજ્ઞાનભાવનો...'** અપાર અજ્ઞાનભાવનો, લ્યો! **'જેમણે નાશ કર્યો છે...'** એવા આચાર્ય છે. અજ્ઞાનભાવનો નાશ કર્યો ને મિથ્યાત્વભાવનો નાશ કર્યો એની જ અહીં તો વાતું ચાલે છે. પછી સ્થિરતાની વાતું કરશે. પહેલું હજી અજ્ઞાન નાશ થયા વિના, જ્ઞાન થયા વિના ઠરે ક્યાં? આ ગ્રંથ છે તો શ્રાવકાચાર, હોં! સમજાણું? શ્રાવકમાં પણ શ્રાવકના જીવને અજ્ઞાન નાશક આચાર્ય મળે છે ત્યારે એનું અજ્ઞાન નાશ થાય છે પછી તે શ્રાવકને યોગ્ય વ્રતના વિકલ્પ એને હોય છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :– 'ઉપદેશદાતા આચાર્યમાં અનેક ગુણો જોઈએ.'** ભાવાર્થ છે ને? ઉપદેશદાતા– ઉપદેશનો દેનાર, દાતા એટલે દેનાર. ઉપદેશદાતા. દેખો! એય...! એકકોર કહે કે, એક સમયની પર્યાયને દ્રવ્યદાતા નહિ. આરે..આરે..! આ તે કંઈ વાત છે! 'ચંદુભાઈ'! 'યોગસાર'માં કહે, ભગવાન આત્મા એ એક સમયની પર્યાયનો દ્રવ્યદાતા નહિ. આહાહા..! એય...! પર્યાય તે સ્વતંત્ર પ્રગટ થાય છે. દ્રવ્યદાતા નહિ. કારણ કે, દ્રવ્યદાતા જો હોય તો દ્રવ્યની પર્યાય એક સરખી બધી હોવી જોઈએ અને ભિન્ન ભિન્ન જાતની પર્યાય આવે છે માટે ખરેખર દ્રવ્ય દાતા નહિ પણ એની સ્વતંત્ર પર્યાયનો કાળ જ એવો છે એવી પ્રગટ થાય છે. આહાહા..!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'શોભાલાલભાઈ'! એવી વાતું છે, બાપુ! જૈનદર્શન એવી ચીજ છે. આહાહા..!

ભગવાન આત્મા અરે..! કોઈ પણ પરમાણુ પણ એની પર્યાયનો દાતા શી રીતે ઠરશે? દ્રવ્ય અને ગુણ તો એવા ને એવા છે. એવો ને એવો છતાં ભિન્ન ભિન્ન જાતની પર્યાય પ્રગટ થાય છે એનું કારણ જો દ્રવ્ય ગુણ કહેશો તો દ્રવ્ય-ગુણ તો એવા ને એવા છે. સમજાણું કાંઈ? બાપુ! સત્‌ને સિદ્ધ કરવાની (શૈલી છે). ઉત્પાદ કઈ રીતે થાય છે? સત્‌નો ઉત્પાદ સ્વતંત્ર છે. એનો ધ્રુવ પણ દાતા નથી. આહાહા..! એ વસ્તુની સ્થિતિનું નિશ્ચય વસ્તુ છે. અહીં ઉપદેશ દાતા. આહાહા..! ભાઈ! કઈ અપેક્ષાએ છે, એ વ્યવહાર નિશ્ચય બરાબર જાણવા જોઈએ. સમજાણું કાંઈ? કહો! 'ચંદુભાઈ'! આ તો બધો ઉગમણો-આથમણો ફેર છે. કહે છે કે, એને મુખ્ય ને ઉપચાર બેનું જ્ઞાન તો આચાર્યને હોવું જોઈએ. સમજાણું? પછી શ્રોતાનું કહેશે. આઠમી ગાથામાં, ઇ આઠમીમાં કહેશે. અહીં તો (વક્તાની) વાત લીધી છે. આઠમીમાં ઇ કહેશે. સમજાણું? **'શ્રોતા કેવા ગુણવાળા હોવા જોઈએ?' 'व्यवहारनिश्चयौ यः प्रबुध्य तत्त्वेन भवति मध्यस्थः'** એ આઠમામાં કહેશે. બહુ સરસ! 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' એ તો એક એક શાસ્ત્ર દિગંબર સંતોએ કહેલા અલૌકિક રીત છે! સમજાણું? સર્વજ્ઞ પરમેશ્વરથી આવેલા ભાવોને એ જ રીતે પરંપરાએ વહેતા મુક્યા છે. દિગંબર મુનિઓ મહા સંતો ધર્મના થાંભલા!

કહે છે, ઉપદેશદાતા, ભાષા જુઓને. સમજાણું કાંઈ? **'ઉપદેશદાતા આચાર્યમાં...'** અથવા ઉપદેશ કરનાર જે આત્મા છે એમાં **'અનેક ગુણો જોઈએ.'** અનેક ગુણો હોય, **'પણ વ્યવહાર અને નિશ્ચયનયનું જાણપણું...'** જુઓ! ભાષા. બીજા ગુણો ભલે (હોય) પણ આ જે વ્યવહાર-નિશ્ચય (એનું જાણપણું તો હોવું જ જોઈએ). કારણ કે, એ તો જૈન ધર્મનો સ્થંભ અથવા વસ્તુના સ્વરૂપને સમજવાની મુખ્યતા ને પ્રયોજન, ઉપચારતા એ તો વસ્તુની સ્થિતિ છે. એને જો ન જાણે તો બીજા ગુણો ગમે તેવા હોય પણ આ ગુણ બધાને નુકસાન કરી નાખે. સમજાણું કાંઈ?

**'વ્યવહાર અને નિશ્ચયનયનું જાણપણું મુખ્ય જોઈએ.'** જોયું? મુખ્ય જોઈએ. આ જેને જ્ઞાનમાં આ મુખ્ય જોઈએ. કહો! સમજાણું કાંઈ? વાસ્તવિક તત્ત્વ અને ઉપચારીક તત્ત્વ એનું જ્યાં જ્ઞાન ન મળે તો એ મુખ્ય વિના એ ઉપદેશ કરશે શું? ગોટા વાળશે ને જગતના જીવોને નુકસાનનું કારણ થશે. એ તો અહીં લાભનું કારણ કહેવું છે ને! ઉપદેશદાતા નુકસાનનું કારણ (થશે), એમ. બધા કથન વ્યવહારના એવા જ હોય છે. સમજાણું કાંઈ? આહાહા..! વજન અહીં છે–**'વ્યવહાર અને નિશ્ચયનયનું જાણપણું મુખ્ય જોઈએ.'** જાણપણું મુખ્ય જોઈએ. ત્યાગી થઈ ગયેલો હોય કે તદ્દન બહુ વીતરાગી થઈ ગયો હોય એ પ્રશ્ન નથી. ભલે મુનિ છે, આચાર્ય નિર્ગ્રંથ (હોય) પણ એને આ મુખ્ય જોઈએ. એના જ્ઞાનમાં નિશ્ચય ને ઉપચાર વ્યવહાર બેનું જ્ઞાન મુખ્ય હોય તો તે ગાડું ચલાવશે, નહિતર આખા ગાડા તૂટશે, ગાડા અટકશે, માર્ગ નહિ ચાલે, એમ કહે છે. આહાહા..! એના અત્યારે વાંધા. વ્યવહારના કથનો

www.vitragvani.com



આવે ને, એટલા બધા લખાણ વાંચ્યા, બધા વાંચ્યા, ૫૬૮ પાના વાંચ્યા, ૬૨૪ પાના છે. ઠીક પણ હવે લોકોને જાણપણાનું મળશે. જેને સમજવું હોય તેને. ... 'ફુલચંદજી' જેવા પણ બહુ મહેનત કરીને.

વાણી સ્વાશ્રિત છે કે પરાશ્રિત? એવા પ્રશ્નો છે. 'વક્તા પમાણં પુરુષ પમાણં' એમ શાસ્ત્રમાં લખ્યું છે. એય...! જુઓ! ઉપદેશદાતા કહ્યું કે નહિ? વક્તા પ્રમાણે... શું કીધું? પુરુષ પ્રમાણે વચન પ્રમાણ, પુરુષે પ્રમાણે વચન પ્રમાણ. એય...! 'દેવાનુપ્રિયા'! 'પંડિતજી'! પુરુષ પ્રમાણે વચન પ્રમાણ. વચનની પ્રમાણતા પુરુષને પ્રમાણે છે. વચનની પ્રમાણતા વચનને કારણે ક્યાંથી આવી? વ્યવહાર સિદ્ધ થઈ ગયો, જુઓ! આવે છે કે નહિ ઘણે ઠેકાણે? વક્તા જેવો હોય એવી એની વાણી પ્રમાણની હોય.

અહીં કીધું ને? વક્તા ઉપદેશદાતા આવા હોય. તો એની વાણી સારી હોય. વાણીનો આધાર તો ઉપદેશનો આવ્યો. વાણી પરાશ્રિત થઈ. વાણીને પ્રમાણપણું પરાશ્રિતપણે આવ્યું. પણ એ વ્યવહાર છે, એમ યથાર્થ નથી. વાણીનો પર્યાય પ્રમાણરૂપે સ્વ પોતાને આશ્રયે જ પરિણમી રહ્યો છે, વાણીનો એવો ધર્મ છે. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં કથન એવું આવ્યું કે, વક્તા પ્રમાણે વચન પ્રમાણ. ત્યાં (એમ કહે), જોયું વાણીને આધાર આનો આવ્યો, દેખો! પણ વાણીની પર્યાય સ્વતંત્ર થઈ છે, ત્યાં આધાર-ફાધાર છે જ નહિ, સાંભળને! વાણીમાં ભગવાનના ભાવો ભર્યા છે. ભર્યા નથી, વાણીમાં તો વાણીના ભાવ ભર્યા છે. ભગવાનના ભાવ ન્યાં ક્યાંથી (આવે)? એ (વાણી) તો પુદ્ગલની પર્યાય છે, શબ્દ છે. વાણી તો શબ્દની પર્યાય છે, પર્યાયમાં ભગવાનના ભાવ ક્યાંથી આવ્યા ન્યાં? આત્માના ભાવ ન્યાં આવ્યા? આરે..! ભારે આકરી વાત. એય...! 'શોભાલાલજી'! તમારે કેટલાક તારણસ્વામીના પંડિતો બહુ કહે છે, જુઓ! વાણીમાં આમ છે, મૂર્તિ આમ છે, વાણી (આમ છે). પણ બન્નેને સમજતા નથી. મૂર્તિમાં ક્યાં ભાવ આવ્યા પણ? વાણીમાં તો તેના ભાવ છે, આમ છે. પણ એમાં પણ ભાવ જડના છે, ન્યાં ક્યાં આત્માના હતા? આહાહા..! મોટી ચર્ચા ચાલી છે આમાં, પાનામાં આવશે, બહુ વિસ્તારથી લેવાશે. વાણીના રજકણો સ્વતંત્ર પોતાથી પરિણમે છે. આત્મા હતો માટે પરિણમે છે એમ છે નહિ. વાણી સ્વઆશ્રિત પ્રમાણ છે. આહાહા..!

મુમુક્ષુ :– કેવળજ્ઞાન અનુસારિણી..

ઉત્તર :– કેવળજ્ઞાનનું કાર્ય વ્યવહારથી કહેવામાં આવે. આવે છે શાસ્ત્રમાં. અનુસારિણીનું કાર્ય પણ આવે છે. કેવળજ્ઞાન કારણ, જ્ઞાન કારણ અને વાણી કાર્ય. લ્યો! શું છે પણ એમાં? એટલે શું? વાણી કાર્ય છે? એ તો નિમિત્તપણું બતાવ્યું છે. પરમાણુની પર્યાયમાં સ્કંધની પર્યાયમાં વાણીના ભાવ છે. ભગવાનના ભાવ ન્યાં આવ્યા છે? એમ જેને વ્યવહાર નિશ્ચયની ખબર નથી એવો જે આચાર્ય ઉપદેશને લાયક ન હોય. સમજાણું કાંઈ? મુખ્ય ગુણ આ જોઈએ. **'શા માટે?'** એ વિશેષ આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૪ ગાથા–૪ શુક્રવાર, માગશર વદ ૩, તા. ૩૦-૧૨-૧૯૬૬

ચોથી ગાથા ચાલે છે. જુઓ! આ ચોથી ગાથામાં મુખ્ય વસ્તુ છે, જુઓ! એમ કહ્યું ને? **'मुख्योपचारविवरणनिरस्तदुस्तरविनेयदुर्बोधाः व्यवहारनिश्चयज्ञाः प्रवर्तयन्ते जगति तीर्थं'**

**ભાવાર્થ :– 'ઉપદેશદાતા...'** ઉપદેશનો દેનાર, **'આચાર્યમાં અનેક ગુણો જોઈએ.'** ઉપદેશના કરનાર વક્તામાં અનેક ગુણ જોઈએ. **'પણ વ્યવહાર અને નિશ્ચયનયનું જાણપણું મુખ્ય જોઈએ.'** જુઓ! બધામાં આ મુખ્ય કહ્યું છે. આખો એના ઉપર જૈનદર્શનનો અથવા વસ્તુ તત્ત્વનો આધાર છે. **'વ્યવહાર અને નિશ્ચયનયનું જાણપણું મુખ્ય જોઈએ.'** કોને વ્યવહાર કહેવાય, કોને નિશ્ચય કહેવાય એનું જો જ્ઞાન ન હોય તો યથાર્થ ઉપદેશ કરી શકે નહિ અને યથાર્થ ઉપદેશ વિના શિષ્યના અજ્ઞાનને ટાળી શકે નહિ.

**'શા માટે? જીવોને અનાદિનો અજ્ઞાનભાવ છે તે મુખ્ય...'** અજ્ઞાનીને અજ્ઞાનભાવ છે તે એટલું. જીવોને અનાદિનો અજ્ઞાનભાવ છે. એ વાત. **'તે મુખ્ય (-નિશ્ચય) કથન અને ઉપચાર (-વ્યવહાર) કથનના જાણપણાથી દૂર થાય છે.'** સમજાણું કાંઈ? અનાદિનો મિથ્યા ભ્રમ ને અજ્ઞાન જે છે એ મુખ્ય જ્ઞાન, મુખ્ય કથન અને ઉપચાર વ્યવહાર કથન દ્વારા તેનું અજ્ઞાન નાશ થાય છે. **'ત્યાં મુખ્ય કથન તો નિશ્ચયનયને આધીન છે.'** મુખ્યનું કહેવું એ તો નિશ્ચયનયને આધીન છે. **'તે જ બતાવીએ છીએ.'** લ્યો!

**'સ્વાશ્રિત તે નિશ્ચય.'** સ્વઆશ્રય તે નિશ્ચય, **'જે પોતાના જ આશ્રયે હોય તેને નિશ્ચય કહીએ.'** સ્વઆશ્રય તે નિશ્ચય એવું એને જ્ઞાન હોય. સ્વઆશ્રયમાં પોતાના દ્રવ્યમાં જે ભાવ હોય તેને નિશ્ચય કહીએ. એના અર્થ પણ બે છે. સ્વઆશ્રયમાં પોતાના દ્રવ્યમાં હોય અને પોતાના અભેદભાવમાં હોય એને પણ સ્વઆશ્રય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? નિશ્ચયનો વિષય અભેદ વિષય છે. એટલે સ્વઆશ્રયમાં પરઆશ્રય ન હોય. અને એમાં ખરેખર તો ગુણ-ગુણીના ભેદનો પણ પરઆશ્રય, સ્વઆશ્રયમાં હોય નહિ. સમજાય છે કાંઈ? સ્વ પોતાનું સ્વરૂપ જે અભેદ છે એને આશ્રયે નિશ્ચય પ્રવર્તે છે. કહો! 'વજુભાઈ'! પોતાના જ આશ્રયે જે હોય તેને નિશ્ચય કહીએ. એક વાત તો પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય પોતાને આશ્રયે છે એને નિશ્ચય કહીએ અને બીજી વાત કે, અભેદમાં ભેદ નથી તે અભેદને પણ નિશ્ચય કહીએ. સમજાણું કાંઈ?

સ્વ ચૈતન્ય સ્વરૂપ અભેદ. સ્વઆશ્રયમાં ૧૧મી ગાથા લ્યો તો ભૂતાર્થ એકલો અભેદ તે સ્વ છે અને એની પર્યાયભેદ ને ગુણભેદ બધો સ્વઆશ્રયમાં નથી આવતો. નથી આવતો એટલું તો થોડું મેળ નથી કરતો? નહિતર અંદર જરી ભુલ થઈ જાય. સમજાણું કાંઈ? એકરૂપ

www.vitragvani.com



ચૈતન્ય પરથી ભિન્ન, પણ પરથી ભિન્ન થતાં દૃષ્ટિ સ્વ ઉપર જાય એટલે એ ભેદથી પણ ભિન્ન થઈ ગયો છે. સમજાણું કાંઈ? આત્મા એ પરદ્રવ્યથી ભિન્ન શરીર, કર્મ આદિથી ભિન્ન, એમ કહેતા જ એનો સ્વઆશ્રય અભેદ રહી ગયો.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– એ તો એનું એ આવ્યું. પરદ્રવ્યથી ભિન્ન એમ સ્વદ્રવ્ય બતાવે ત્યારે પરદ્રવ્યથી ભિન્ન સ્વઆશ્રય બતાવે. પરથી ભિન્ન થતાં સ્વઆશ્રય અભેદ એકલો રહ્યો એમાં રાગ અને ભેદ પણ સ્વઆશ્રયમાં આવ્યો નહિ. સમજાણું કાંઈ? જુઓ! આ '**मुख्योपचारविवरण-निरस्तदुस्तरविनेयदुर्बोधाः**' એનું '**प्रवर्तयन्ते जगति**' મુખ્ય જોઈએ. આના જ અત્યારે વાંધા મૂળ છે. નિશ્ચય ને વ્યવહાર વાસ્તવિક કોને કહેવો એના સ્વરૂપના અજાણને કારણે બધા ગોટા ઊઠ્યા છે. સમજાણું કાંઈ?

સ્વઆશ્રિત નિશ્ચય. એક તો સ્વ પોતાનું દ્રવ્ય, ગુણ અને પર્યાય એ પોતામાં રહેલા ભાવ, પરના ભાવ આમાં નથી. એટલે એક તો આગમ દૃષ્ટિથી સામાન્ય સ્વથી લઈએ તો પરથી ભિન્ન સ્વદ્રવ્ય એનો આશ્રય થયો. પણ અંતર નિશ્ચયદૃષ્ટિ અધ્યાત્મ દૃષ્ટિથી લઈએ તો સ્વઆશ્રય એટલે અભેદ તે સ્વ રહ્યું. એના ગુણ-પર્યાય; પરદ્રવ્ય તો ભિન્ન રહી ગયું પણ એના ગુણભેદ ને પર્યાયભેદ પણ પરમાં ને વ્યવહારમાં ને પરમાં ગયા. સમજાણું કાંઈ?

સ્વઆશ્રય તે નિશ્ચય. ભગવાન આત્મા અભેદ અનુપચાર પદાર્થ તે સ્વ. એને આશ્રયે નિશ્ચયનું કથન ચાલે છે. આ રીતે નિશ્ચયની વાસ્તવિકતા ન જાણે તો એનો ઉપદેશ યથાર્થ ન હોય તો બીજાનું અજ્ઞાન ટાળવાને નિમિત્ત પણ થાય નહિ. સમજાણું કાંઈ?

**'જે પોતાના જ આશ્રયે હોય તેને નિશ્ચય કહીએ. જે દ્રવ્યના અસ્તિત્વમાં જે ભાવ પ્રાપ્ત હોય તે દ્રવ્યમાં તેનું જ સ્થાપન કરવું,...'** જે દ્રવ્યના હોવામાં, જે પદાર્થના હોવામાં, જે ભાવ હોય તે દ્રવ્યમાં તેનું જ સ્થાપન કરવું એનું નામ નિશ્ચય. આહાહા..! દ્રવ્યના પદાર્થના હોવાપણામાં જે ભાવ, અહીં જ્ઞાયકભાવ લેવો છે ને! દ્રવ્યનો ત્રિકાળી ભાવ લેવો છે, પહેલો સાધારણ ભાવ અને પછી ત્રિકાળી. કારણ કે, સાધારણ ભાવ એનો પોતામાં છે અને પર નથી પણ પરથી ભિન્ન પડતા એને સાધારણ એકલો જ્ઞાયકભાવ જ પોતામાં છે એમ દૃષ્ટિ જાય છે. સમજાણું કાંઈ?

દ્રવ્યના હોવામાં જે ભાવ પ્રાપ્ત હોય તે દ્રવ્યમાં તેનું સ્થાપન કરવું. પરદ્રવ્યના ગુણ ને પર્યાય ને દ્રવ્ય આત્મામાં નથી. એમ જ્યારે પર આત્મામાં નથી અને પોતાના ભાવ પોતામાં છે, પોતાનો ભાવ પોતામાં છે, પરના દ્રવ્ય, ગુણ, ભાવ આત્મામાં નથી, પોતાનો ભાવ પોતામાં છે એમ કરતાં પરદ્રવ્યના ગુણ પર્યાય મારામાં નથી એનું લક્ષ છોડતા મારો ભાવ મારામાં છે એમ દૃષ્ટિ જતાં નિશ્ચયમાં તો ગુણભેદ ને પર્યાયભેદ પણ સ્વઆશ્રયમાં રહેતા નથી. સમજાણું કાંઈ? કહો! સમજાય છે કે નહિ?

www.vitragvani.com



સ્વઆશ્રય તે નિશ્ચય. એટલે સ્વ શબ્દમાં બે પ્રકાર. એક સ્વ એટલે પરથી ભિન્ન અને એક સ્વ એટલે એકલો અભેદ ભાવ તે સ્વ. સમજાણું કાંઈ? એવું જે કથન ચાલે અથવા એવો જે ભાવ અંદર ભાસે, સ્વદ્રવ્ય આશ્રય, તેને નિશ્ચય કહેવામાં આવે છે. આ ગાથા જ આખી સિદ્ધાંતમાં, નિશ્ચય ને વ્યવહારના મુખ્ય ગુણને અથવા ઉપચારને જાણીને વાસ્તવિક જાણવું અને કહેવું એ આખા જૈન શાસનનું તીર્થ પ્રવર્તવામાં મુખ્ય હેતુ છે. સમજાણું કાંઈ?

**'પરમાણુમાત્ર પણ અન્ય કલ્પના ન કરવી...'** જુઓ! કલ્પના તો આવી અહીં. જુઓ! પેલામાં વ્યવહારમાં કલ્પના કરવી એમ વાત (આવશે). **'તેને સ્વઆશ્રિત કહીએ.'** એક અંશ પણ પરનો પોતામાં ન કલ્પવો, અન્ય કલ્પના (ન કરવી) તેને સ્વઆશ્રિત કહીએ. એક તો પરદ્રવ્યના અને પરદ્રવ્યના ગુણ-પર્યાયને અંશ માત્ર પોતામાં ન કલ્પવો. સમજાય છે કાંઈ? અને અભેદમાં ભેદ જે પર છે એને પણ અભેદમાં ન કલ્પવો. સમજાણું કાંઈ? કઠણ પડે છે? **'પરમાણુમાત્ર પણ અન્ય કલ્પના ન કરવી...'** એક અંશ પણ પરદ્રવ્યનો આમાં છે એમ ન કહેવું. એનો અર્થ થઈ ગયો કે, પરદ્રવ્યથી ભિન્ન પડતા તેને અંતરદૃષ્ટિમાં અભેદ આશ્રય થયો તેમાં ભેદનો પણ ખરેખર આશ્રય રહ્યો નહિ. માટે ભેદ પણ તે દૃષ્ટિએ વ્યવહાર થઈ ગયો. સ્વઆશ્રયમાં રહ્યો નહિ. સમજાણું કાંઈ? શું કઠણ પડે છે આમાં?

વસ્તુ છે, એક સમયમાં અનંત સ્વભાવ ગુણ સંપન્ન પદાર્થ (છે). હવે સ્વઆશ્રય નિશ્ચયની વ્યાખ્યા ચાલે છે. સ્વઆશ્રય, સ્વઅવલંબન, સ્વઅવલંબનને આશ્રયે નિશ્ચય છે. આશ્રય કહો કે અવલંબન કહો. સ્વઅવલંબનને આશ્રયે નિશ્ચય છે એનો અર્થ થયો કે, પરપદાર્થનો અવલંબનનો એક અંશ પણ એમાં આવતો નથી. હવે જ્યારે પરપદાર્થનો એક પણ અંશ અવલંબન માટે અથવા એમાં આવતો નથી ત્યારે સ્વઆશ્રય તે સ્વઅવલંબનનો આશ્રય કરવો એ નિશ્ચય. એનો અર્થ થયો કે, એમાં ગુણ ને પર્યાયના ભેદનું પણ અવલંબન રહેતું નથી. ગુણ ને પર્યાયનું અવલંબન એટલે આશ્રય રહેતો નથી, અવલંબન રહેતું નથી, આધાર રહેતો નથી, લક્ષ રહેતું નથી. એથી સ્વઆશ્રયમાં એકલો અભેદ અનઉપચાર પદાર્થ જેને નિશ્ચયમાં આવે છે તેને અહીંયાં નિશ્ચય કહેવામાં આવે છે. કહો! સમજાય છે આમાં? આટલું બધું શી રીતે યાદ રહે? 'ધર્મચંદજી'! રાત્રે આ બધું પૂછે તો યાદ રહે? આમાં આટલું બધું ક્યાં હતું? આમાં તો થોડું, બહુ ટૂંકું છે.

ભગવાન આત્મા સ્વ અવલંબી નિશ્ચય, પર અવલંબી વ્યવહાર. સ્વ અવલંબી નિશ્ચય એટલે કે ભગવાન આત્મામાં પરદ્રવ્યનો એક અંશ કિંચિત્ પણ નથી. (પરના અંશની) એવી કલ્પના કરવી છોડી દેવી. પરનો અંશ મારામાં નથી અને જ્યારે પરનો અંશ મારામાં નથી એટલે સ્વદ્રવ્ય એ હું છું એમ દૃષ્ટિ જતાં સ્વનું આલંબન એકલો અભેદ રહી ગયો. અભેદ આલંબનમાં એના ગુણભેદનું પણ આલંબન, લક્ષ, આશ્રય રહ્યો નહિ. એથી સ્વઆશ્રયમાં

www.vitragvani.com



એકલો અભેદ જ આલંબન રહી જાય છે. એને અહીંયાં ખરેખર નિશ્ચય કહેવામાં આવે છે. કારણ કે, પાંચમી ગાથામાં એ જ કહેશે. '**निश्चयमिह भूतार्थं व्यवहारं वर्णयन्त्यभूतार्थम्**' છે ને ૧૧મી ગાથા? એ જ અહીં હવે કહેશે. સમજાણું કાંઈ?

આચાર્ય અહીંયાં (કહે છે કે), '**मुख्योपचारविवरण**' એ જો મુખ્ય ઉપચારનું જ્ઞાન જાણતો હોય તો તે યથાર્થ રીતે પ્રરૂપણ કથન કરે અથવા જાણે, તો એને અજ્ઞાનપણું જે છે, મુખ્યપણું કર્યા વિના અને ગૌણ ભેદને અને પરને ગૌણ કર્યા વિના, ઉપચારના વ્યવહારના ભેદોને છોડ્યા વિના, અભેદના આશ્રય વિના શિષ્યનું અજ્ઞાન જાતું નથી. કહો! સમજાણું આમાં? 'વજુભાઈ'! અજ્ઞાનનું જવું એટલે મિથ્યાત્વનું ટળવું એ મુખ્ય-ઉપચારના જ્ઞાન દ્વારા હોય છે એનો અર્થ ઇ કે, જે એને મિથ્યાત્વ છે એને પરદ્રવ્યથી ભિન્ન બતાવતા સ્વદ્રવ્યમાં આશ્રય કરાવતા એના ગુણ પર્યાયના ભેદનું આલંબન ને આશ્રય છોડાવતા, કેમકે એ પણ ઉપચાર ને વ્યવહારમાં જાય છે, એકલો અભેદ ચૈતન્યમૂર્તિ ભૂતાર્થ રહે છે. એને આશ્રયે નિશ્ચયનય પ્રવર્તે છે એમ જો એને કહે, એમ જો એ જાણે, એમ જો એ પ્રવર્તે તો એનું અજ્ઞાન દૂર થાય. કહો! સમજાણું આમાં?

આ ગાથા તો મુખ્યમાં લીધી. તીર્થ પ્રવર્તવામાં આ મુખ્ય વસ્તુ લીધી. એને નિશ્ચય ને વ્યવહાર અથવા યથાર્થ ને ઉપચાર, યથાર્થ ને ઉપચાર. સમજાણું? મુખ્ય એટલે યથાર્થ, નિશ્ચય યથાર્થ અને ઉપચાર આરોપીત કથન, ભેદનું કથન, પરનું કથન બધું સમજાય છે? એ બધું ઉપચારનું કથન, વ્યવહારનું કથન (છે). એવા નિશ્ચય ને વ્યવહારના વાસ્તવિક તત્ત્વને જાણતો નથી એનું જ્ઞાન જગતને વાસ્તવિક કહી નહિ શકે. વાસ્તવિક નહિ કહે તો શિષ્યને અજ્ઞાન ટાળવું છે તો અજ્ઞાન ટાળવાનો ઉપાય કે જે પરદ્રવ્યથી ભિન્ન અને ગુણભેદથી પણ ભિન્ન એવું એને કહ્યા વિના એનું અજ્ઞાન સ્વનો આશ્રય લીધા વિના ટળે નહિ. સમજાણું કાંઈ? માણસને આ બહુ ઝીણું (પડે). એથી એમ કહે, આ જાત્રા કરી લઈએ, આ કરી લઈએ, ફલાણું કરી લઈએ, જુઓને! કેટલી હોંશ હતી! બાહુબલીજીને ચૌદ વર્ષ થાય છે, ચાલો.. ચાલો. આ બાહુબળ અનંતકાળે નથી ચડ્યો અંદરમાં એ તો જો! એણે કોઈ દિ' જાત્રા જ કરી નથી એની. આહાહા..!

ભગવાન આત્મા સ્વ પરિપૂર્ણ દ્રવ્ય સ્વભાવ એકરૂપ ભાવ, તેને આશ્રયે પ્રવર્તતો નિશ્ચય એવું જો એ જ્ઞાન જાણતો હોય એ રીતે જગતને કહેતો હોય, એ રીતે પોતાના લક્ષમાં આવતું હોય તો એ રીતે પકડીને તેના અજ્ઞાનનો નાશ થાય. કહો! સમજાય છે કાંઈ?

'**પરમાણુમાત્ર પણ અન્ય કલ્પના ન કરવી તેને સ્વાશ્રિત કહીએ. તેનું જે કથન તેને મુખ્ય કથન કહીએ.**' દેખો! એને જ મુખ્ય કથન કહીએ, મુખ્ય જ એ છે. '**એને જાણવાથી...**' એને જાણવાથી. જુઓ! હવે. કોને? નિશ્ચયને, મુખ્યને જાણવાથી. '**અનાદિ શરીરાદિ પરદ્રવ્યમાં એકત્વશ્રદ્ધાનરૂપ અજ્ઞાનભાવનો અભાવ થાય છે,...**' જુઓ! '**એને જાણવાથી અનાદિ શરીરાદિ**

www.vitragvani.com



**પરદ્રવ્યમાં એકત્વશ્રદ્ધાનરૂપ...**' એ બધા હું છું એવી જે દૃષ્ટિ પરમાં હતી. શરીરાદિ... સમજાય છે? કર્મ આદિ પરદ્રવ્યમાં એકત્વબુદ્ધિ-પરદ્રવ્યમાં એકપણાની બુદ્ધિ હતી તે '**એકત્વશ્રદ્ધાનરૂપ અજ્ઞાનભાવનો અભાવ થાય છે,...**' શરીરાદિ પરદ્રવ્યમાં એકત્વબુદ્ધિ હતી ત્યાંથી ટળી અને સ્વદ્રવ્યમાં એકત્વબુદ્ધિ થઈ. એનો અર્થ જ એ થયો. સમજાણું?

ઉપાસવાનું કીધું ને? મૂળ તો એ જ વાત લે છે. પરદ્રવ્યથી ભિન્ન ઉપાસવામાં આવતો તે શુદ્ધ કહેવાય છે. પરદ્રવ્યથી ભિન્ન ભિન્ન પણ પરદ્રવ્યથી ભિન્ન કરતા અભેદમાં દૃષ્ટિ ગઈ ત્યારે એના રાગનું પણ સેવન રહ્યું નહિ. જ્યારે અભેદનું સેવન થયું ત્યારે જ એને નિશ્ચય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**એને જાણવાથી...**' એને એટલે? મુખ્યને, એને એટલે નિશ્ચયને, એને એટલે સ્વઆશ્રિત નિશ્ચયને, સ્વઆશ્રયને, એને એટલે સ્વઆલંબનને. સમજાણું કાંઈ? '**એને જાણવાથી...**' સ્વઅવલંબનને જાણવાથી, સ્વઆશ્રય નિશ્ચયને જાણવાથી સ્વઆશ્રય તે જ મુખ્ય છે તેને યથાર્થ છે તેને જાણવાથી અનાદિ શરીરાદિ પરદ્રવ્યમાં પરલક્ષી બુદ્ધિ જે હતી, એકત્વશ્રદ્ધાનરૂપ અજ્ઞાનભાવનો અભાવ થાય છે. એનો અર્થ જ થયો કે, પરઆશ્રય છોડાવી, સ્વઆશ્રય કરાવે છે. સ્વઆશ્રય કરતા એના પર્યાય ઉપર પણ લક્ષ રહેતું નથી. પરનું લક્ષ છોડતા એનું પર્યાય ઉપર પણ લક્ષ રહેતું નથી, એના રાગ ઉપર ને પર્યાય ઉપર લક્ષ ન રહેતું હોય એને પરનો આશ્રય છોડતા સ્વનો આશ્રય થાય છે અને સ્વનો આશ્રય આવતા તેના ગુણ-પર્યાય ભેદ પણ દૃષ્ટિમાં રહેતા નથી, ત્યારે તેનું અજ્ઞાન નાશ થાય છે. કહો! 'વજુભાઈ'! એમાં છે કે નહિ ઇ? મોટા વાંધા પછી ઇ કહેશે, અભેદ... અભેદ... અભેદ.

ગુણ-ગુણી ભેદ પણ વ્યવહાર છે, એ વ્યવહાર છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે એટલે પર છે એટલે જૂઠું છે, આમાં નથી, એમ. સમજાણું કાંઈ? શું કીધું? આત્મામાં પર તો નથી પણ આત્મા એકરૂપ દૃષ્ટિના સ્વ આશ્રયના અવલંબનમાં એના ગુણભેદ અને પર્યાયભેદ પણ અવસ્તુ થઈ ગઈ, અવસ્તુ થઈ. અવસ્તુ એટલે સ્વઆશ્રયમાં રહી નહિ, અભેદમાં રહી નહિ, સ્વ આલંબનમાં રહી નહિ માટે તે અવસ્તુ થઈ ગઈ. એટલે એ દૃષ્ટિએ ગુણ ગુણી ભેદ ને પર્યાયભેદ પણ વ્યવહારમાં જાય છે. સમજાણું આમાં?

'**ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે,...**' જુઓ! અજ્ઞાનભાવનો અભાવ થાય છે એટલે ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એટલે કે પરથી ભિન્નનું ભાન થાય છે. પરથી ભિન્ન જ્યારે સ્વઆશ્રય અભેદનો આશ્રય લે ત્યારે પરથી ભિન્ન થાય છે. પરથી ભિન્ન થતાં તેને રાગથી પણ ભિન્નની સેવા થઈ ગઈ. સમજાણું કાંઈ? પરઆશ્રયમાં લક્ષ હતું ત્યાં રાગ હતો અને પરઆશ્રયનું લક્ષ જ્યાં છૂટ્યું અને સ્વઆશ્રય આવ્યો ત્યારે એને પરદ્રવ્ય તો રહ્યું નહિ પણ પરદ્રવ્યના લક્ષે (થયેલો) રાગ એ પણ રહ્યો નહિ. એનું લક્ષ રાગ ઉપર ન રહ્યું પણ વર્તમાન પર્યાય ઉપર ન રહ્યું એમ કહે છે. સમજાણું કાંઈ? ત્યારે નિશ્ચયને એણે જાણ્યો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કહેવાય. ત્યારે અજ્ઞાન ટળે ને ભેદવિજ્ઞાન થાય ને! નહિતર શી રીતે થાય?

ભેદવિજ્ઞાન શી રીતે થયું? પરથી જુદો અને અભેદમાં એકાકાર થયો તેને નિશ્ચય કહ્યો. તો પરથી જુદો પડતા ગુણ-ગુણી ભેદ અને પર્યાયનું લક્ષ રહ્યું નહિ ત્યારે પરથી જુદો પડ્યો, ત્યારે ભેદજ્ઞાન થયું. સમજાણું કાંઈ? ભેદજ્ઞાન એટલે પરથી ભિન્ન, સ્વથી અભિન્ન એમ ભેદવિજ્ઞાન છે. પરથી ભિન્ન એમ ભેદવિજ્ઞાન કહ્યું. સમજાણું કાંઈ? અહીં પરથી ભિન્ન વિકલ્પ .. એમ નથી. પરથી જુદો અને પોતાથી અભેદ એમ છતાં પોતે જ્ઞાયકભાવ ચૈતન્ય સ્વરૂપ અભેદ એમાં એકરૂપ એનું આલંબન ને આશ્રય થયો, ભેદવિજ્ઞાન થયું ત્યારે. ત્યારે તો પરથી જુદો પડ્યો. (નહિતર) શી રીતે જુદો પડે? સમજાણું કાંઈ? આહાહા..!

**'અજ્ઞાનભાવનો અભાવ થાય છે...'** એમ બે બોલ લીધા. અને ભેદજ્ઞાન (પ્રાપ્ત થાય છે). નાસ્તિ લીધી ને પેલી અસ્તિ લીધી. એટલી વાત છે. વાત તો એની એ છે. પરનો આશ્રય ટળતાં, સ્વનો આશ્રય થતાં પરના આશ્રયની એકત્વબુદ્ધિનો નાશ (થયો), ત્યારે થયું શું? ભેદજ્ઞાનની પ્રાપ્તિ. સમજાણું કાંઈ? **'ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.'** ભગવાન આત્મા! આવો નિશ્ચયનો સ્વઆશ્રિત ભાવ અને ઉપચારિક વ્યવહારનો ભાવ એ શું છે એનું જેને જ્ઞાન નથી, એના કથનમાં વિપરીતતા આવ્યા વિના રહે નહિ. વિપરીતતા આવે એટલે પેલાનું અજ્ઞાન ટળે નહિ. કહો! સમજાણું આમાં?

અસ્તિ-નાસ્તિથી વાત કરી. અજ્ઞાનભાવનો અભાવ, ભેદજ્ઞાનની પ્રાપ્તિ. સ્વઆશ્રય સ્વઆલંબી, સ્વઅવલંબન એની અપેક્ષાએ પરવસ્તુ તો ભિન્ન થઈ ગઈ પણ સ્વના અવલંબનમાં એના ગુણ પર્યાયના ભેદો પણ સ્વ આલંબનમાં રહ્યા નહિ. સમજાય છે કાંઈ? એને એ રીત જ ખ્યાલમાં આવી નથી કોઈ દિ'. એ જે હોય કર્યા કરે, આ કરો, આ કરો, આ ભક્તિ કરો, વ્રત પાળો, દયા પાળો, ભગવાનનું સ્મરણ કરો, સામાયિક કરો. શેની સામાયિક પણ? 'શોભાલાલભાઈ'! મિથ્યાત્વ સેવે ત્યારે સંતોષ થાય, અજ્ઞાનનું સેવન કરે ત્યારે એને સંતોષ થાય. સ્વનો આશ્રય અભેદ શું છે એની દૃષ્ટિની ખબર ન મળે એટલે આમાં રોકાય ત્યારે એને એમ થાય કે, કાંઈક કરું છું. કરે છે શું? જે કરે છે એ કરે છે. અનાદિનું એકત્વ બુદ્ધિનું મિથ્યાત્વ. સમજાણું કાંઈ?

આ તો 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' છે. પુરુષાર્થ પુરુષ ચૈતન્યના પ્રયોજનની સિદ્ધિ સ્વ આશ્રયે થાય છે અને ઉપચાર કથનને જાણવા લાયક છે એમ કહે છે. સમજાણું કાંઈ? આચાર્ય પણ ભિન્ન ભિન્ન શાસ્ત્રો રચતા, ભિન્ન ભિન્ન રીતે વસ્તુની વિશેષતા બતાવે છે, સ્પષ્ટીકરણ સ્પષ્ટ કરે છે. 'સમયસાર' અને આમાં વિરોધ પરસ્પર ક્યાંય નથી, હોં! લાલભાઈ નથી? ગયા. આમાં 'સમયસાર'નું જ આવે છે. મેં કીધું, 'સમયસાર'નું આવે છે પણ બીજી ઢબે આવે છે. રીત તો એ જ આવે ને! બીજી રીત આવે શેની? સમજાણું કાંઈ? આ તો પોતે ખાસ ગ્રંથ રચ્યો છે, પેલી તો ટીકા હતી (અને આ તો) 'અમૃતચંદ્રચાર્ય' નો પોતાનો

www.vitragvani.com



ગ્રંથ છે.

**'સર્વ પરદ્રવ્યથી ભિન્ન...'** જુઓ! સ્વઆશ્રય નિશ્ચયમાં તેને મુખ્ય કરીને જાણવામાં આવે ત્યારે અનાદિ અજ્ઞાનનો નાશ થઈ ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થાય. જુઓને! 'ટોડરમલ્લ'નું લખાણ ઘણું. **'સર્વ પરદ્રવ્યથી ભિન્ન...'** હવે જુઓ! સર્વ પરદ્રવ્ય કર્મ, શરીર, વાણી, મન, દેવ, ગુરુ, શાસ્ત્ર બધું. કર્મ અને નોકર્મ. **'પરદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ થાય છે.'** ભાષા જુઓ! પાછું એમ નહિ કે પરદ્રવ્યથી ભિન્ન પોતાનો પર્યાય રાગ આદિનો અનુભવ થાય છે.

મુમુક્ષુ :– શુદ્ધ સ્વરૂપનો -

ઉત્તર :– શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ થાય છે. કારણ કે, આમ પરથી ભિન્ન સ્વઆશ્રય થયો ત્યાં સ્વઆશ્રયમાં શુદ્ધ ચૈતન્ય જ દૃષ્ટિમાં રહી ગયો. સમજાણું કાંઈ? સ્વઆશ્રય એ નિશ્ચય અને સ્વઆલંબી તે નિશ્ચય એમ કહેતાં જ પરઆશ્રય ને પરઆલંબન છૂટતાં... કહ્યું ને? **'સર્વ પરદ્રવ્યથી ભિન્ન...'** એટલે પરઆશ્રય પરઆલંબન છૂટતાં, એમ. પરદ્રવ્યથી ભિન્ન એટલે પરાશ્રય ને પરઆલંબન છૂટતાં **'પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ થાય છે.'** એનો અર્થ કે, પરઆશ્રયમાં પરદ્રવ્ય આદિ તો આવ્યા પણ ગુણભેદ પણ પરમાં આવ્યા. એનાથી છૂટીને અહીં શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે. સમજાણું કાંઈ? છે ને પુસ્તક છે ને સામે? અહીં તો પુસ્તક હવે તો તૈયાર થયા છે. પછી તો આ શરૂ કર્યું છે. સમજાણું કાંઈ?

આને 'જિનપ્રવચન રહસ્ય કોષ' પણ એક નામ આપ્યું છે. ગમે એણે આપ્યું હોય. સમજાણું કાંઈ? જિનપ્રવચન રહસ્ય–એનું રહસ્ય છે, એનો આ કોષ છે. તમારે દવાનો કોષ હોય ને એક? .... એમ આખો આ જૈન સિદ્ધાંતનો રહસ્ય કોષ છે, રહસ્ય કોષ છે, મર્મનો કોષ છે આ. સમજાણું કાંઈ?

સર્વ પરદ્રવ્યથી (ભિન્ન) સ્વઆશ્રય નિશ્ચયમાં, સ્વઆશ્રય અવલંબનમાં, નિશ્ચયના મુખ્યપણામાં દૃષ્ટિમાં નિશ્ચયના અંતર અભેદના મુખ્યપણામાં આવતા **'પરદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપ...'** દેખો! પોતાનું એ. પોતાનો પેલો રાગ ને પર્યાયઅંશ એમ નહિ. પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જે ત્રિકાળ એનો અનુભવ થાય છે. પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એ દ્રવ્ય થઈ ગયું, વસ્તુ થઈ. સમજાણું? **'પરદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો...'** પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એ સ્વઆશ્રય રહી ગયો. સમજાણું કાંઈ? પુસ્તક આપ્યું છે ને? તમને આપ્યું છે ને? 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' છોકરાએ આપ્યું છે. બહુ ઝીણી વાત છે આ. આહાહા..!

ભગવાન આત્મા..! અહીં તો આપણે સ્વઆશ્રયનું વજન દઈને બધો અર્થ થાય છે. સ્વઆશ્રય નિશ્ચય. સ્વઆશ્રય નિશ્ચય ક્યારે થયું કહેવાય? કે, જ્યારે એને શુદ્ધ ચૈતન્યસ્વરૂપ

www.vitragvani.com



જે છે એનો આશ્રય થયો, એનું આલંબન થયું (ત્યારે) અનુભવ થાય છે, ત્યારે એનો અનુભવ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'સ્વઆશ્રયો નિશ્ચયઃ', 'સ્વઆશ્રયો મુખ્ય'. સ્વઆલંબી નિશ્ચય, સ્વઆલંબી સત્ય. લ્યો! વળી બીજો શબ્દ આવ્યો. સ્વઆશ્રયો નિશ્ચય, સ્વઆશ્રય સ્વાલંબી નિશ્ચય, સ્વાલંબી સત્ય, પરાલંબી અસત્ય. એય...! સમજાણું કાંઈ? સ્વાલંબી સત્ય, સ્વાલંબી મુખ્ય, સ્વાલંબી એક ચૈતન્ય, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ. લ્યો! એમ આશ્રય થતાં શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ થાય છે. જુઓ! કેટલી વાત લખી છે માળે! 'ટોડરમલ્લજી' પણ ...

એક જણ કહે, 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' લો. એક જણો વળી કહેતો હતો 'સમયસાર' ત્રણ દિ'માં વાંચી લીધું. ત્રણ દિ'માં 'સમયસાર'. શું પણ તમારા મહારાજ આટલા વર્ષથી વાંચ્યા જ કરે છે, હજી... એય...! 'જીતુ' ગયો કે નહિ? 'જીતુ' છે કે નથી? એ 'જીતુ' કહેતો કે, મારી બાને કો'કે કહ્યું ન્યાં, ... તમારા મહારાજ આટલા આટલા વર્ષ થયા પણ અહીં તો ત્રણ દિ'માં 'સમયસાર' આખું વાંચી લીધું, લ્યો! એમાં શું નવું? પોષાય એવી વાત કરે. આહા..! અરે..! ભાઈ! સ્વઆશ્રયે 'સમયસાર' વાંચવો જોઈએ, એ વાંચ્યો કહેવાય. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અભેદ ચૈતન્યજ્યોત એનો આશ્રય લેતા, એનો અનુભવ કરતા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો જ આશ્રય રહી ગયો એમ કહે છે. અને તેથી તેનો અનુભવ થાય છે, એનો અનુભવ થાય છે. જેનો આશ્રય રહ્યો એનો અનુભવ થયો. આનો આશ્રય રહ્યો નહિ, પરનો આશ્રય રહ્યો નહિ, પરનું અવલંબન રહ્યું નહિ, પરનો પક્ષ રહ્યો નહિ, પરનું લક્ષ રહ્યું નહિ. એમ ગુણભેદનો આશ્રય રહ્યો નહિ, ગુણભેદનો પક્ષ રહ્યો નહિ, ગુણભેદનું લક્ષ રહ્યું નહિ. સમજાણું કાંઈ?

કહે છે, ત્રણ વાત કરી. શું ત્રણ? કે, સ્વઆશ્રય નિશ્ચયને દૃષ્ટિમાં લેવાથી, આશ્રય કરવાથી, અવલંબન કરવાથી અજ્ઞાનનો અભાવ થાય, ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થાય અને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, પોતાના શુદ્ધ ચૈતન્યનો અનુભવ થાય. લ્યો! ત્રણ બોલ લીધા. કહો! સમજાણું કાંઈ? આમ ભેદજ્ઞાન તો આમ કીધું. અજ્ઞાનનો અભાવ, ભેદજ્ઞાનની પ્રાપ્તિ, આમનો અનુભવ. એમ. સમજાણું કાંઈ? એમાં એમ છે કે નહિ? છે? 'ટોડરમલ્લજી'એ લખાણ તો ભારે કર્યું છે, હોં! આવું લખાણ કરનારાને અને પાછા અમે જાણનારા 'ટોડરમલ્લ' પ્રમાણે ... એના કરતા અમે બહુ શાસ્ત્ર જાણ્યા છે (એમ કહે છે). અરે..! ભાઈ! જુઓને! કેટલું તોળી તોળીને નાખ્યું છે. સમજાણું? 'સમયસાર'માં 'જયચંદ' પંડિતનું છે, આ 'ટોડરમલ્લ'નું છે.

ભાઈ! સ્વઆશ્રય નિશ્ચયનું જ્ઞાન આચાર્યને અથવા વક્તાને જેમ છે તેમ ન હોય તો શિષ્યોનું અજ્ઞાન દૂર નહિ થાય. અજ્ઞાન દ્વેષ નહિ થતાં ભેદજ્ઞાન નહિ થાય, ભેદજ્ઞાન ન થતાં શુદ્ધ ચૈતન્યનો અનુભવ નહિ થાય. સ્વઆશ્રય અભેદનું જ્ઞાન હોતા તેના કથનમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એ મુખ્યપણે આવતા શિષ્ય પણ તે મુખ્યપણાના સ્વઆશ્રયને લક્ષમાં, દૃષ્ટિમાં લેતા તેમ અનાદિ પરની એકબુદ્ધિનો અજ્ઞાન નાશ થઈ પરથી ભિન્ન પડતા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો અનુભવ થાય છે. કહો! સમજાણું કે નહિ? હળવે હળવે નરમ પડ્યું કે નહિ? હવે કેટલુંક રહ્યું? આ તો ઘુંટાય, હળવે હળવે તો ઘૂંટાય છે. આ કાંઈ પ્રોફેસરની જેમ એકદમ ચાલતું નથી. આહા...! અરે..!

મુખ્ય કહેતા, નિશ્ચય કહેતા, સ્વઆશ્રય કહેતા એ જ તું આખો એક જ છો, એમ કહે છે, લ્યો! સમજાણું કાંઈ? એ જ અખંડાનંદ પ્રભુ અભેદ જેને અહીંયા પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એમ શબ્દ વાપર્યો છે. પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એ જ સત્ય, એ જ મુખ્ય, એ જ સ્વઆશ્રય, એ જ આશ્રય કરવા લાયક, એ જ અવલંબન કરવાલાયક. એમ નિશ્ચયથી આવું જેને સ્વઆશ્રય નિશ્ચયનું જ્ઞાન છે એ યથાર્થ ઉપદેશ કરી શકે છે. પછી બીજા શાસ્ત્રો ભલે અનેક હો, 'ધવલ' ને 'જયધવલ' ને 'મહાધવલ' એમાં કાંઈ બીજું ન હોય. એમાં પણ આની આ વાત સિદ્ધ કરવાની વ્યવહારની બીજી વાત હોય. સમજાણું કાંઈ? આ જેના લક્ષમાં, દૃષ્ટિમાં નથી તેને સાચું જ્ઞાન નથી અને તે સાચું જ્ઞાન બીજાને કહી શકતો નથી. ઉપચારના કથનોને સાચા ઠરાવી અને આશ્રય પરનો છોડાવતા નથી એને અજ્ઞાન ટળતું નથી, ભેદવિજ્ઞાન થતું નથી અને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતો નથી. સમજાણું કાંઈ?

**'ત્યાં પરમાનંદ દશામાં મગ્ન થઈ...'** હવે જુઓ! આગળ વધે છે. શું કહે છે? પહેલું તો આ સ્વઆશ્રય નિશ્ચયનું ભાન થયું, શું થયું? કે, અજ્ઞાનનો નાશ થયો, ભેદજ્ઞાનની પ્રાપ્તિ થઈ, પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થયો. આ નિશ્ચય સ્વઆશ્રય, સ્વાલંબન. એથી **'ત્યાં પરમાનંદ દશામાં મગ્ન થઈ...'** જુઓ! બાકી ક્રિયાકાંડ કરતાં કરતાં કેવળજ્ઞાન પામે એમ નહિ. ભાઈ! શું કીધું સમજાણું? **'ત્યાં પરમાનંદ દશામાં...'** જે પરમાનંદનો અનુભવ થયો હતો, આ વસ્તુ શુદ્ધ ચૈતન્ય પોતાનો અનુભવ થયો એમાં ને એમાં લીન થયો, એ હવે ચારિત્ર થયું. સમજાણું કાંઈ? આ ચારિત્ર થયું.

પોતાનું શુદ્ધ સ્વરૂપ, એક. એનો આશ્રય લીધો પર્યાયે એટલે કે અનુભવ થયો. અનુભવ થતાં અજ્ઞાનનો નાશ થયો. ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થઈ અને અહીં આનંદનો અનુભવ થયો. એવો આત્મા જ્યાં અનુભવમાં આવ્યો હવે એમાં ને એમાં લીન થતાં. હવે કેવળજ્ઞાન પામવું છે ને? **'પરમાનંદ દશામાં મગ્ન થઈ...'** જોયું? પરમાનંદ દશામાં મગ્ન થઈ. એ પછી દશા લીન છે. એ જાણ્યું છે એમાં ને એમાં લીન થઈ. આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... **'કેવળદશાને પામે છે.'** લ્યો! એ કેવળજ્ઞાનની પૂર્ણતાની પ્રાપ્તિને પામે છે. શરૂઆતથી વચમાં ને ઠેઠ ત્રણે. સમજાણું કાંઈ? 'નથુલાલજી'! એમાં છે કે નહિ? હવે તો ઘણા હિન્દી (લોકો) ગુજરાતી વાંચતા શીખી ગયા છે. થોડો થોડો અભ્યાસ કરવો

www.vitragvani.com



જોઈએ ત્યાં. કહો! સમજાણું આમાં? આ ભાષામાં જે શૈલીથી આવે ને એ પેલામાં હિન્દીમાં જરી અટકી જાય છે. આ લખાણ તો પાછુ ગુજરાતી છે. હિન્દીમાં પણ એ જ છે, હિન્દીનું જ ગુજરાતી છે, હોં! એમાં કોઈ ઘરનું નથી નાખ્યું એમાં. લ્યો!

**'ત્યાં પરમાનંદ દશામાં મગ્ન થઈ...'** હવે કહે છે, કેવળજ્ઞાન કેમ પામે? પોતાની સ્વઆશ્રયની દૃષ્ટિ થઈ, અનુભવ થયો એ સ્વ શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ થયો, એ નિશ્ચય થયો, એ મુખ્ય થયો. હવે કેવળ કેમ પામે? કેવળ પામવાની કોઈ બીજી રીત હશે? કે, એ આત્મા જે આનંદના અનુભવમાં આવ્યો એમાં ને એમાં આનંદમાં વિશેષ મગ્ન થતાં (કેવળની પ્રાપ્તિ થાય છે). છે ને? તેથી ભાષા એમ લીધી, જોયું? પરમાનંદ દશામાં મગ્ન છે એમ ભાષા લીધી. કારણ કે, આનંદ જે આ સ્વરૂપ આવું છે એમ જ્યાં શુદ્ધ અનુભવ થયો એ આનંદમાં મગ્ન થઈ ખુબ મગ્ન થઈ ગયો. **'મગ્ન થઈ કેવળદશાને પામે છે.'** એમાં મગ્ન થઈ કેવળજ્ઞાનને પામે છે. વ્રતના વિકલ્પ કરીને કેવળજ્ઞાનને પામે છે એમ નહિ. આહાહા..!

બીજે ઠેકાણે કહ્યું કે, વ્યવહારના કથન છે, જાણવા લાયક કહેશે. ઉપચારના કથન, વ્યવહારના કથન, આરોપિત કથન, ભેદના કથન એ બધા જાણવા લાયક છે, આદરવા લાયક નથી. કહો! સમજાણું કાંઈ? તેથી જ કહે છે કે, આ મુખ્ય ને ઉપચારનું જેને જ્ઞાન નથી એ બધા ગોટા વાળશે. બીજા શાસ્ત્રમાં આમ કહ્યું છે. પણ આ વસ્તુને નિશ્ચય રાખીને ભેદરૂપ ને પરરૂપના જેટલા કથનો છે એ બધા ઉપચારીક છે, એ જ્ઞાન કરવા માટે છે આદરવા માટે નથી. ત્યારે હવે એણે કહ્યું કે, નિમિત્તનું જ્ઞાન કર એવું ક્યા શાસ્ત્રમાં છે? વળી એમ નાખ્યું છે. જ્ઞાન કરવા માટે નથી ત્યારે શું કહ્યું ઇ? જાણવા માટે છે. આદરવા માટે તો આ એક જ છે. વ્યવહારનું જ્ઞાન કર્યું એ પણ આદરવા માટે છે ને આ પણ આદરવા માટે છે તો બે પડખા પડ્યા કેમ? મુખ્ય અને ઉપચાર થયા કેમ? બન્ને આદરણીય હોય તો બે પડ્યા કેમ? બન્ને એકલા જ જાણવા માટે હોય તો બે પડ્યા કેમ? સમજાણું કાંઈ?

(અહીંયા) કહે છે **'જે અજ્ઞાની આને જાણ્યા વિના...'** જોયું? **'જે અજ્ઞાની આને જાણ્યા વિના...'** આને એટલે? સ્વઆશ્રય નિશ્ચય પોતાનું શુદ્ધ સ્વરૂપ, એનો અનુભવ કર્યા વિના, જાણ્યા વિના, ઓળખ્યા વિના. સમજાણું કાંઈ? આહા..! **'જે અજ્ઞાની આને જાણ્યા વિના...'** સ્વઆશ્રય અનુભવ તે વસ્તુ છે, સ્વઆશ્રય તે નિશ્ચય છે, સ્વઆશ્રય તે મુખ્ય છે એવું જેને જ્ઞાન પણ નથી, જાણ્યું પણ નથી, જાણવામાં મુખ્યપણું એનું છે એ પણ તે લેતો નથી. **'ધર્મમાં લાગે છે...'** આને જાણ્યા વિના ધર્મમાં લાગે છે, એ શું લાગે છે? **'તે શરીરાશ્રિત ક્રિયાકાંડને ઉપાદેય જાણી,...'** કારણ કે એ તો શરીરની ક્રિયા થઈ. આ પૂજા, ભક્તિ, આ દયા પાળી, સામાયિક કરી, ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં વિકલ્પ ઉઠે એ બધું, આ વાણી

www.vitragvani.com



હું બોલ્યો, ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં... જાપ થાય છે ને? જાપ એ બધું શરીર પર છે. એવા શરીરાશ્રિત ક્રિયાકાંડને ઉપાદેય જાણે, એને આદરણીય માને. અહીંયા જે આદરણીય સ્વઆશ્રિત છે એનું તો જેને જ્ઞાન પણ નથી. સમજાણું કાંઈ? એવા **'જે અજ્ઞાની આને જાણ્યા વિના ધર્મમાં લાગે...'** જુઓ! જાણ્યા વિના ધર્મમાં તો લાગે છે ને! ધર્મમાં એટલે માને છે કે, હું ધર્મમાં લાગ્યો. વળી એમ માથે અર્થ કરે. જુઓ! એને જાણ્યા વિના પણ ધર્મમાં તો લાગે છે ને? છે કે નહિ પણ એમાં શું લખ્યું છે? **'એને જાણ્યા વિના ધર્મમાં લાગે છે...'** ધર્મમાં લાગે એટલે કે હું ધર્મ કરું છું એમ માને છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... અંદર વસ્તુની દૃષ્ટિની ખબર નથી. હું ધર્મ કરું છું, એમ માને છે.

**'આને જાણ્યા વિના ધર્મમાં લાગે છે...'** એટલે કે ધર્મ કરું (છું) એમ માને છે. **'તે શરીરાશ્રિત ક્રિયાકાંડ...'** દેખો! એ શરીરની ક્રિયા, વાણીની ક્રિયા, વિકલ્પની ક્રિયા, મનની ક્રિયા, આ બધું ... મેં સ્તુતિ કરી, મેં સ્તુતિ કરી, લ્યો! શરીરથી મેં અપવાસ કર્યા, શરીર જીર્ણ થયું, જુઓ! રોટલા ન ખાધા. એ બધી **'ક્રિયાકાંડને ઉપાદેય જાણી...'** આમ જે સ્વઆશ્રય અભેદ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને જાણતો નથી, એની દૃષ્ટિ નથી, એનું જ્ઞાન નથી અને ધર્મ કરવા મંડ્યો છે એ શરીરાશ્રિત ક્રિયાને ધર્મ માનશે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો અહીં સ્વઆશ્રયમાં જ્યારે જ્ઞાન નથી એટલે પરઆશ્રયમાં ધર્મ (માને છે), એમ કહે છે. સમજાણું કાંઈ? સ્વઆશ્રય શબ્દ છે ને? એટલે અહીં પછી પરઆશ્રયમાં, શરીરાશ્રયમાં એમ કહે છે.

સ્વઆશ્રય (એટલે) પરથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય એને આશ્રયે ધર્મ થાય એની તો ખબર નથી, એનું જ્ઞાન નથી એટલે શરીરાશ્રિત એટલે પરઆશ્રિત **'ક્રિયાકાંડને ઉપાદેય જાણી,...'** લ્યો! **'સંસારનું કારણ જે શુભોપયોગ...'** ઠીક! શરીરથી લક્ષ જતાં શુભઉપયોગ હોય, દયામાં, દાનમાં, ભક્તિમાં, પૂજામાં, વ્રતમાં, બ્રહ્મચર્ય પાળવાના શુભભાવ હોય. સમજાણું? શુભ. **'સંસારનું કારણ જે શુભોપયોગ...'** દેખો! ભાષા. એને જ મુક્તિ માને છે, એ જ સંસાર, એ જ મારે સંમત છે. સંસારનું કારણ જે (શુભોપયોગ). પહેલું શરીરાશ્રિત ક્રિયાકાંડ છે ને? આશ્રય છે ને? એનું લક્ષ થઈને શુભભાવ થયો ને? દયાનો, દાનનો, ભક્તિનો, પરોપકારનો, પૂજાનો, કાંઈ પરભાવથી એ શુભ છે, શુભ એ તો સંસાર છે.

સંસારનું કારણ, રખડવાનું કારણ **'જે શુભોપયોગ તેને જ મુક્તિનું કારણ માની,...'** જુઓ! આ બ્રહ્મચર્ય મેં પાળ્યું, મેં આ કર્યું, એવા વિકલ્પ, રાગ ઉઠે છે. શરીરાશ્રિત .. એવો અંદર પરલક્ષી શુભભાવ છે. એ તો શુભ છે, એ સંસારનું કારણ છે. વાણીથી કોઈ દિ' હું બોલ્યો છું કે હિંસા કરો, આમ કરો, ફલાણું કરો. અમે તો બસ! દયા પાળો, આ કરો (એમ કહીએ છીએ). સમજાણું? મનથી પણ અમે એ કહીએ છીએ. આમ કરો એમ

www.vitragvani.com



નહિ. એ શુભરાગ છે. આમ કરો, સાચું બોલો, જૂઠું ન બોલવું, પરિણામ પ્રવર્તાવવું, ... લ્યો! મનમાં પણ અમે શુભ યોગને કર્યો છે. એ શુભ યોગને **'તેને જ મુક્તિનું કારણ માની...'** એ અમારે મોક્ષનું કારણ (છે). કારણ શબ્દે સંવર ને નિર્જરા. એ શુભ ઉપયોગ જ અમારે સંવર ને નિર્જરા છે, લ્યો! સમજાણું કાંઈ? ઇ કહે છે ને? ઇ ચોખ્ખી વાત અત્યારે કરે છે, ચોખ્ખી કરે છે. મુક્તિનું કારણ એટલે મોક્ષનું કારણ જ આ શુભોપયોગ છે. બાહુબલીજીની જાત્રા, સમ્મેદશિખરની જાત્રા એ ભાવ શુભ છે. હો ભલે પણ એ બંધનું કારણ છે. એને સંવર-નિર્જરાનું કારણ માને. કેમકે સ્વઆશ્રયની અભેદની ખબર નથી એટલે એનું લક્ષ ત્યાં જાય છે. આમ આશ્રયની ખબર નથી એટલે અહીં આશ્રયમાં જે શુભભાવ થાય એને જ મોક્ષનું કારણ માને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તત્ત્વને, ન્યાયને આધારે છે. આ ગાથામાં **'मुख्योपचारविवरण-निरस्तदुस्तरविनेयदुर्बोधाः'** અજ્ઞાનીનું અજ્ઞાન નાશ થવામાં આ કારણ (છે). તો આ કારણનો એ સ્પષ્ટ ખુલાસો કરે છે. અહીં શું છે પાઠ? **'मुख्योपचारविवरण'** એક વાત. પછી **'-निरस्तदुस्तरविनेयदुर्बोधाः'** જે અજ્ઞાન મહામુશ્કેલીથી નાશ થાય એવા અજ્ઞાનનો નાશ શિષ્યને થાય, અજ્ઞાનનો નાશ થાય એવો તે મુખ્ય અને ઉપચારનો ઉપદેશ કરે. એનું જ આ સ્પષ્ટીકરણ છે. સમજાણું કાંઈ?

અજ્ઞાનનો નાશ કરવા માટે મુખ્ય ઉપદેશ જે છે અને ઉપચાર છે, એ બેનું બરાબર જેને જ્ઞાન છે. સમજાણું કાંઈ? તેથી એને મુખ્યનો ઉપદેશ થઈ અજ્ઞાનનો નાશ થશે, ઉપચારના કથનથી તેને શું છે તેનું જ્ઞાન થશે. જ્ઞાન થશે એટલે જાણવામાં રહેશે. અજ્ઞાન તો મુખ્યના કથન ને મુખ્યના આશ્રયે (નાશ) થાય છે. આ એનું સ્પષ્ટીકરણ કરે છે, ઘરનું નથી. તેથી કહ્યું ને? **'व्यवहारनिश्चयज्ञाः प्रवर्तयन्ते जगति तीर्थम्'** સંસારમાં, સમજાય છે? જગતમાં ધર્મતીર્થ પ્રવર્તાવે છે. ભારે વાત છે! બહુ સરસ વાત છે, હોં! અરે..! પણ એના જ્ઞાનના જ્યાં ઠેકાણા નથી, સ્વાશ્રિત પરાશ્રિતના, ક્યાંકનું ક્યાંક લગાડી દે. પરાશ્રિતમાં સ્વનો લાભ બનાવી દે ને સ્વઆશ્રિત કોણ છે એની ખબર પણ નથી. સમજાણું કાંઈ?

**'સંસારનું કારણ જે શુભોપયોગ...'** લ્યો! **'તેને જ મુક્તિનું કારણ માની...'** તેને જ મોક્ષનું કારણ માની, તે જ સંવર-નિર્જરા એટલે મોક્ષનો માર્ગ, એમ. શુભોપયોગ જ મોક્ષનો માર્ગ, લ્યો! એ જ અત્યારે ચોખ્ખું કહે છે ને? શુભોપયોગ જ ક્ષાયિક સમકિતનું કારણ છે, માટે ક્ષાયિક સમકિતની ક્ષપકશ્રેણિ ચઢે એ ક્ષાયિક સમકિત છે. શુદ્ધઉપયોગ ત્યારે થશે. હવે નીચે જો શુભોપયોગથી તમે ક્ષાયિક સમકિત નહિ માનો તો ક્ષાયિક સમકિત વિનાનું ક્ષપકશ્રેણિ શી રીતે ચઢશે? અને નીચે તો શુભોપયોગ જ છે, એમ કહે છે. અરે..! ભગવાન! શું પણ માર્ગ છે? ગાઢ કરે છે ને? ગાઢ. મિથ્યાત્વને ગાઢ કરે છે. આહાહા..!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

સમજાણું કાંઈ?

શુભોપયોગ, આમ સ્વઆશ્રય તત્ત્વના અભેદ તરફનો આશ્રય નથી, જ્ઞાન નથી, ભાન નથી, શ્રદ્ધા નથી, રુચિ નથી, એથી તેને ભેદ નામ પરઆશ્રયમાં જ એનું લક્ષ રહ્યા કરે છે. તો પરઆશ્રયમાં શરીર ને વાણી, મન એને આશ્રયે થતો જે શુભભાવ, બસ! એને જ મુક્તિનું કારણ એ માનશે. આમ કારણ નહિ માને, આનો અનુભવ તે મોક્ષનું કારણ છે, આનો અનુભવ, સ્વઆશ્રયનો અનુભવ તે મોક્ષનું કારણ છે અને એમાં લીન થતાં જ કેવળજ્ઞાન થાય છે એવું જ્યાં ભાન નથી એટલે જે પરઆશ્રયમાં શુભોપયોગ થાય એને હિતનું કારણ માનશે. હિતનું કારણ કહો કે મોક્ષનું કારણ કહો! એમ. મારું હિત છે એમ કહે ને? મારા હિતને કારણે છે, એમાં મારું હિત છે, હિત કહો કે મોક્ષ કહો. હિતને કારણે, મારું હિત આમાં થાય છે. સમજાણું કાંઈ? નવકાર ગણે. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો... એ પરાશ્રય છે, શુભભાવ થયો. એ ક્યાં સ્વઆશ્રય છે. આ સ્વઆશ્રયની ખબર નથી એટલે પરાશ્રિતમાં ધર્મ માન્યા વિના રહેશે નહિ. 'શોભાલાલભાઈ'! એવી વાત છે. ઝીણી વાત છે. આહાહા..!

**'શુભોપયોગ તેને જ મુક્તિનું કારણ માની, સ્વરૂપથી ભ્રષ્ટ થયો થકો...'** છે ને? સ્વ અખંડ આનંદ જ્ઞાયક સ્વરૂપ ભાવ અભેદ છે એનાથી તો ભ્રષ્ટ છે. ભ્રષ્ટ થયો થકો, ત્યાં જ રોકાયો થકો, શુભોપયોગમાં ધર્મ માનતો થકો, પરઆશ્રયમાં થતાં ભાવને ધર્મ માનતો થકો, સ્વઆશ્રયના ભાવની ખબર નથી. **'સંસારમાં ભમે છે.' 'સ્વરૂપથી ભ્રષ્ટ થયો થકો સંસારમાં ભમે છે.'** બહુ સરસ વાત કરી છે. ઉપોદ્‌ઘાત ચોથી ગાથાનો બહુ સરસ કર્યો છે! પછી આ પાંચમી આવશે. **'તેથી મુખ્ય (-નિશ્ચય) કથનનું જાણપણું અવશ્ય જોઈએ.'** લ્યો! તેથી નિશ્ચયનું કહો! મુખ્યનું કહો! અભેદનું કહો! સ્વ આલંબનનું કહો! એના કથનનું જાણપણું, હોં! અવશ્ય જોઈએ. એના અંતરના મુખ્યપણાના જ્ઞાન વિના જેટલું બધું કરે તેને મોક્ષમાર્ગ માને અને સંસારમાં રખડે. માટે મુખ્યપણાનું જાણપણું જરૂર જોઈએ.

**'તે નિશ્ચયનયને આધીન છે...'** મુખ્યપણાનું જાણપણું તે નિશ્ચયનયને, સ્વઆશ્રયને આધીન છે, પરાશ્રયને આધીન એ જ્ઞાન નથી. **'તેથી...'** માથે શબ્દ હતો ને? ઉપદેશદાતા ન્યાંથી ઉપડ્યું હતું. ક્યાં? ભાવાર્થની પહેલી લીટી–ઉપદેશદાતા, **'તેથી ઉપદેશદાતા નિશ્ચયનયના જાણનાર જોઈએ.'** સરવાળો કર્યો છે! જુઓને! તેથી ઉપદેશના દેનાર નિશ્ચયનયના જાણનાર જોઈએ. **'કારણ કે પોતે જ ન જાણે તે શિષ્યોને કેવી રીતે સમજાવી શકે?'** પોતે જાણતો ન હોય એ બીજાને કેમ સમજાવે? માટે સ્વઆશ્રય મુખ્યનું જ્ઞાન જોઈએ, ઉપચારનું શું છે તે પછી કહેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



**પ્રવચન નં. ૫ ગાથા–૪ થી ૫ શનિવાર, માગશર વદ ૪, તા. ૩૧-૧૨-૧૯૬૬**

જે ઉપદેશક મુખ્ય અને ઉપચારનું કથન બરાબર ન જાણતો હોય, મુખ્ય ને વ્યવહારનું જ્ઞાન ન હોય તે શિષ્યના અજ્ઞાનને ટાળી શકતો નથી. માટે એને મુખ્ય નિશ્ચય ને ઉપચારનું જ્ઞાન બરાબર જોઈએ. નિશ્ચયના જ્ઞાનની, નિશ્ચાશ્રિતની વાત પહેલી આવી ગઈ. હવે પરાશ્રિત વ્યવહારનું જ્ઞાન જોઈએ. એકલું નિશ્ચયનું હોય ને વ્યવહારનું ન હોય તોપણ ભ્રષ્ટ થાય, યથાર્થપણે નિશ્ચય ન હોય, એમ.

**'વળી 'પરાશ્રિતો વ્યવહારઃ'...'** નિશ્ચયની વાત તો પહેલા પેરેગ્રાફમાં થઈ ગઈ. **'જે પરદ્રવ્યને આશ્રિત હોય તેને વ્યવહાર કહીએ.'** આત્મા સિવાય પરદ્રવ્યને આશ્રિત જે કાંઈ ભાવ કહેવાય, થાય તેને વ્યવહાર કહેવામાં આવે છે. **'કિંચિત્‌માત્ર કારણ પામીને અન્ય દ્રવ્યનો ભાવ અન્ય દ્રવ્યમાં સ્થાપન કરે તેને પરાશ્રિત કહે છે.'** કંઈ પણ નિમિત્ત દેખીને કે સંયોગ દેખીને એમાં ભાવ થયો હોય તો તેને પોતાના ભાવ કહેવા, **'અન્ય દ્રવ્યનો ભાવ અન્ય દ્રવ્યમાં સ્થાપન કરે તેને પરાશ્રિત કહે છે. તેનું જે કથન તેને ઉપચાર કથન કહે છે.'** ખરેખર તો કર્મના નિમિત્તથી થતાં વિકાર આદિ આત્માના ખરેખર માનવા તે મિથ્યાત્વ છે. કર્મના નિમિત્તે થતાં ઉપાધિ ભાવ શરીર, રાગ આદિ એને પણ આત્માના માનવા એ પણ મિથ્યાદૃષ્ટિ છે. પણ એ વ્યવહારનય એમ કહે છે કે, અમારા છે, જીવના છે. એટલું જ્ઞાન એને કરાવે છે. સમજાય છે કાંઈ? કાંઈક ફળ પામીને કહ્યું ને? કાંઈક કારણ પામીને. વ્યવહાર કહે કે, આત્માના છે, રાગ આત્માનો છે. આત્મા કરે છે એમ વ્યવહારનય કહે છે. ખરેખર એનો છે જ નહિ. કરે છે વ્યવહાર, નિશ્ચય કરતો નથી. કહો! સમજાણું? આવે છે ને આ ૧૪ મી ગાથા? ઇ પાંચમીની સાથે મેળવશે. ૧૪મી ગાથામાં આવે છે ને? **'सर्वोऽपि संसारः'** કીધું ને? પાંચમી ગાથા. એ ૧૪મી ગાથામાં કહે છે, જુઓ! મૂળ પાઠ. અહીંથી ઉપાડીને એ વાત લીધી. દાખલો લીધો છે એનો હેતુ છે ને! હેતુ. ત્યાં એ લીધું, જુઓ! ૧૪, ૧૪ ગાથા

**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

છે? ૧૪મી ગાથા, પાનું ૧૯. પણ વ્યવહારનય કહે ખરા પણ માની લે છે એને ભાન નથી. વ્યવહારથી છે એમ જાણવું. ૧૪મી છે, ૧૪મી **'एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि'** કર્મકૃત ભાવથી રહિત છે, સંયુક્ત ન હોવા છતાં, એમ. છે? ખરેખર આત્મદ્રવ્ય કર્મના સંયોગથી થયેલો ભાવ એ સહિત છે જ નહિ, વ્યવહારનય કહે છે કે છે. એટલું એણે પરાશ્રિત ભાવને જાણવો જોઈએ. સમજાણું? છે ને એમાં? બેય લીધા છે, હોં! ભાવ એટલે

www.vitragvani.com



રાગાદિ અને શરીરાદિ. **'અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે અને તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે.'** સંસાર એ જ સંસાર છે ખરેખર, એમ કહે છે. સમજાણું કાંઈ? એ પાંચમી (ગાથા) સાથે મેળવશે. પાંચમીમાં ભૂતાર્થ, અભૂતાર્થ છે ખરું ને?

વ્યવહારનય અભૂતાર્થને કહે છે. સમજાણું કાંઈ? જે એનો ભાવ નથી એનો એને કહે છે. શરીરાદિ એના નથી, રાગાદિ (એના નથી) પણ એટલો એને સંબંધ છે એટલું એણે જાણવું જોઈએ. એ કહેશે જુઓ! **'કિંચિત્‌માત્ર કારણ પામીને અન્ય દ્રવ્યનો ભાવ અન્ય દ્રવ્યમાં સ્થાપન કરે તેને પરાશ્રિત કહે છે. તેનું જે કથન તેને ઉપચાર કથન કહે છે.'** જુઓ! અભૂતાર્થ કથન કહો! વ્યવહાર કથન કહો કે ઉપચાર કથન કહો. **'એને જાણીને...'** જુઓ! હવે આવ્યું. **'શરીરાદિ સાથે સંબંધરૂપ સંસારદશા છે...'** એ વ્યવહાર થયો. આ વ્યવહાર છે ને? શરીરાદિ સાથે ને રાગાદિ સાથે સંબંધરૂપ સંસારદશા છે. નિશ્ચયમાં એ એના નથી. સમજાણું કાંઈ?

શરીરનો આ નિમિત્ત-નિમિત્ત સંબંધ છે કે નહિ? અને રાગાદિનો સંબંધ છે કે નહિ? એવું ન જાણે તો એને છોડવાનો પ્રયત્ન કરે જ નહિ. એને શુભજોગથી પણ ભ્રષ્ટ થાય એમ કહેશે. જુઓ! **'એને જાણીને (જીવને) શરીરાદિ સાથે સંબંધરૂપ સંસારદશા છે...'** એમ લેવું. જીવની વાત છે ને અહીંયા? એને જાણીને એટલે કે, ઉપચાર કથનને જાણીને પરના પરમાં ભાવ કહેવાવાળા વ્યવહારનયના કથનને જાણીને શરીરાદિ સાથે એટલે શરીર ને રાગાદિ સાથે સંબંધરૂપ સંસાર દશા છે. સમજાણું કાંઈ?

જીવને અને શરીરને વ્યવહારથી આમ નિમિત્ત-નિમિત્ત સંબંધ છે અને રાગાદિ પરિણામ જીવમાં છે, સંસાર દશા છે એ વ્યવહાર છે, એ ઉપચાર છે. સમજાણું કાંઈ? એને જાણીને એટલે કોને? કે, અન્ય દ્રવ્યનો ભાવ અન્ય દ્રવ્યમાં સ્થાપન કરે તે પરાશ્રિત. એનું કથન ઉપચાર કથન છે. એને જાણીને. જાણવું જોઈએ બરાબર કે, કર્મને ને આત્માને નિમિત્ત-નિમિત્ત સંબંધ છે, શરીરને અને એને સંબંધ છે, આત્મામાં રાગાદિ ભાવ છે. અહીંયા વ્યવહારનયની વાત છે, હોં! નિશ્ચયનય કહે છે કે, એમ પણ આમ માની લે તો ભવનું બીજ છે, ભવનું બીજ છે. સમજાણું કાંઈ?

વ્યવહારે એને જ્ઞાનમાં બરાબર જાણવું જોઈએ. રાગ ને સંસાર ન હોય, સંસાર નથી... નથી... નથી... દુઃખ તો નથી તો પછી ટાળવું શું? સંસાર દશા વ્યવહારનયવાળી કહે છે કે, સંસાર છે, રાગ-દ્વેષ છે, શરીર સંબંધ છે, કર્મનો સંબંધ છે. સમજાણું કાંઈ? આ બે નયના પરસ્પર ન્યાય સમજ્યા વિના આ બધા વિરોધ ઉઠ્યા છે ને! તેથી કહે છે, મુખ્ય ઉપચારનું જ્ઞાન તો બરાબર ઉપદેશક આચાર્યને, આચાર્યની પ્રધાનતા છે, હોં! એને હોવું જોઈએ. એ વિના તો નિશ્ચયમાં વ્યવહાર નાખી દે અને વ્યવહારમાં નિશ્ચય નાખી દે અને ગડબડી થાય ને વાસ્તવિક તત્ત્વ એને પ્રતીતમાં આવે નહિ. લ્યો!

www.vitragvani.com



એને જાણીને એટલે કોને? વ્યવહારને, ઉપચારને. શું જાણે? કે, શરીરાદિ સાથે સંબંધરૂપ વિકાર છે, શરીર સંબંધ છે એમ જાણે, બસ! એને ન જાણે તો તો થઈ રહ્યું. આ સંબંધ નથી તો પછી સંબંધ નિશ્ચયથી નથી એ ક્યાંથી આવ્યું? સંબંધ વ્યવહારે છે, નિશ્ચયે નથી. સમજાણું કાંઈ? તેને જાણીને **'સંબંધરૂપ સંસારદશા છે તેને જાણીને, સંસારનાં કારણ જે આસ્રવબંધ...'** લ્યો! જોયું? શું કીધું પહેલું? કે ઉપચારને જાણીને **'શરીરાદિ સાથે સંબંધરૂપ સંસારદશા છે તેને જાણીને,...'** સંસાર છે, રાગ-દ્વેષ છે, પુણ્ય-પાપ છે, અશુદ્ધતા છે. **'તેને જાણીને, સંસારના કારણ...'** એ સંસારના કારણ (છે). જુઓ! એ સંસાર છે એના કારણ જે આસ્રવ ને બંધ **'તેને ઓળખીને,...'** આસ્રવ, બંધ એણે ઓળખવા જોઈએ ને! વિકારી પરિણામ તે આસ્રવભાવ ... સમજાણું કાંઈ?

**'સંસારના કારણ જે આસ્રવબંધ તેને ઓળખીને,...'** લ્યો! આ બધો વ્યવહાર થયો. સમજાણું કાંઈ? રાગ-દ્વેષ છે, શરીર-સંબંધ છે એ સંસાર દશા છે. એને જાણી અને એના કારણરૂપ આસ્રવ અને બંધને ઓળખી. બરાબર જાણવું જોઈએ કે, પુણ્ય-પાપના ભાવ તે આસ્રવ છે, અટક્યો છે તે બંધ છે. પરના રજકણો આવે તે દ્રવ્ય આસ્રવ છે, રજકણો બંધાય તે દ્રવ્યબંધ છે. એનું વર્ણન કરશે ત્યારે બે-બે કરશે, આસ્રવ-બંધનું વર્ણન છે ને? એમાં ક્યાંક છે ને ઇ? નવ તત્ત્વમાં. સમજાણું? તત્ત્વાર્થશ્રદ્ધાન કહ્યું છે કે નહિ? તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શનની વ્યાખ્યા છે ને? કેટલામી ગાથા? એ સમ્યગ્દર્શનની હશે, ઠીક! ૨૨ ગાથા, ઠીક! એ તો સમ્યગ્દર્શનનું શરૂ કરે છે એ.

**'જીવાજીવાદીનાં તત્ત્વાર્થાનાં સદૈવ કર્ત્તવ્યમ્'** સમજ્યા ને? ત્યાં આગળ આસ્રવ-બંધની વ્યાખ્યા જરીક બીજી રીતે કરી છે. **'આસ્રવ તત્ત્વ :– જીવના રાગાદિ પરિણામથી યોગ દ્વારા આવતા પુદ્ગલના આગમનને આસ્રવ તત્ત્વ કહીએ.'** એવી રીતે લીધું. છે ને? પેલી કોર ૨૮ પાનું છે. છે ને આસ્રવ? અહીં આપણે આસ્રવ-બંધ ચાલે છે ને આ? **'આસ્રવ તત્ત્વ :– જીવના રાગાદિ પરિણામથી...'** એ ભાવ **'યોગ દ્વારા આવતા પુદ્ગલના આગમનને આસ્રવતત્ત્વ કહીએ.'** અહીં આસ્રવ તત્ત્વ એમ સિદ્ધ કર્યું છે. તત્ત્વાર્થશ્રદ્ધાની વ્યાખ્યા જ્યાં સ્પષ્ટ કરી છે (ત્યાં આમ લીધું છે).

**'બંધ તત્ત્વ - જીવને અશુદ્ધતાના નિમિત્તે આવેલાં પુદ્ગલોનું જ્ઞાનાવરણાદિરૂપ પોતાની સ્થિતિ અને એના રસસંયુક્ત પ્રદેશો સાથે સંબંધરૂપ થવું તે બંધતત્ત્વ કહીએ.'** એમ લીધું છે. સંવરમાં એમ લીધું છે, નિર્જરામાં એમ લીધું છે. વ્યવહારથી ભેદરૂપ છે ને એટલે. સમજાણું કાંઈ? મારી દશામાં સંસાર છે, વિકાર છે, શરીરનો સંબંધ છે એમ વ્યવહાર ઉપચારને બરાબર જાણવું જોઈએ. ઉપચાર છે એને ન જાણવું કે ના ના એ કાંઈ નથી એમ નહિ. સમજાણું કાંઈ? જાણવા માટે વાત છે, હોં! વસ્તુની સાથે સંબંધ ધરાવે તો તો મિથ્યાત્વ થઈ જાય. આ એક જાણવા લાયક છે.

www.vitragvani.com



**'મુક્તિ થવાના ઉપાય...'** હવે પેલા સંસારના કારણ જાણ્યા, સંસાર ને બંધ, આસ્રવ ને બંધ. હવે **'મુક્તિ થવાના ઉપાય જે સંવર-નિર્જરા તેમાં પ્રવર્તે.'** જુઓ! આસ્રવ-બંધને જાણી મુક્તિ થવાનો ઉપાય, મોક્ષ થવાનો જે ઉપાય સંવર-નિર્જરા તેમાં પ્રવર્તે, પર્યાયમાં પ્રવર્તે, સંવર-નિર્જરા પર્યાયમાં પ્રવર્તે. એમ કહ્યું ને? સમજાણું કાંઈ?

**'અજ્ઞાની એને જાણ્યા વિના...'** આ સંસાર દશા, રાગ-દ્વેષ સંબંધ, શરીરનો સંબંધ એ સંસાર, એના કારણ આસ્રવ-બંધ, એને ટાળવાનો ઉપાય સંવર ને નિર્જરા મોક્ષનો ઉપાય, **'એને જાણ્યા વિના (અજ્ઞાની) શુદ્ધોપયોગી થવા ઇચ્છે છે...'** હજી સંસાર દશા છે એનું જ્ઞાન કર્યું નથી ને શુદ્ધોપયોગ થાય? શી રીતે થાય? સમજાણું કાંઈ? **'શુદ્ધોપયોગી થવા ઇચ્છે છે તે પહેલાં જ વ્યવહારસાધનને છોડીને...'** કારણ કે, વિકાર આદિ છે એને તો છોડવું નથી. વિકાર છે, છોડવાનું એને જ્ઞાન નક્કી કરવું જોઈએ. એ વ્યવહાર સાધન કીધું અહીં, જુઓને! વ્યવહાર સાધનને છોડીને. છે ને? શું સાધન કહ્યું? શું શબ્દ છે? એ શુભરાગ ઉપયોગ જે છે ને પહેલો રાગ તીવ્ર છે એને મંદ કરવાનું ત્યાં હોય છે કે નહિ વ્યવહાર સાધનમાં? વ્યવહાર સાધનમાં, વ્યવહાર ઉપચાર કથનમાં, ઉપચારનું જ્ઞાન કરવામાં એમ છે અહીં વાત. સંતોષની ક્યાં વાત છે? આ તો જો એને રાગવાળો, સંસારવાળો, બંધવાળો, નિમિત્તના સંબંધ શરીરવાળો ન જાણે તો એને શુભભાવ થાય ક્યાંથી? શુભભાવ ન થાય. કારણ કે, એને આમ જાણે તો એને છોડું એવો વિકલ્પ થાય. અને શુભભાવ ન થાય તો પછી ભ્રષ્ટ થાય, એમ કહે છે.

**'અજ્ઞાની એને જાણ્યા વિના શુદ્ધોપયોગી થવા ઇચ્છે છે તે પહેલાં જ વ્યવહારસાધનને છોડીને...'** વિકલ્પો છે, શુભભાવ છે, આ જાણ્યું એ બધો શુભભાવ છે. આ આસ્રવ છે, આ બંધ છે, આ સંસાર છે એમ જાણ્યું ને? એવો અંદર વિકલ્પ શુભભાવ છે. એને જાણ્યા વિના પાધરા **'શુદ્ધોપયોગી થવા ઇચ્છે છે તે પહેલાં જ વ્યવહારસાધનને છોડીને...'** શુદ્ધોપયોગને છોડી **'પાપાચરણમાં (તરત) જોડાય,...'** એમ કહે છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'નરકાદિક દુ:ખસંકટમાં કથનનું પણ જાણપણું જાણપણું જોઈએ.'** જાણપણું જોઈએ એમ કહે છે અહીં. આત્માને ને કર્મને નિમિત્ત-નિમિત્ત સંબંધ છે, શરીરને ને આત્માને નિમિત્ત સંબંધ છે, આસ્રવ-બંધ સંસારના કારણ છે તેને ટાળવાના મુક્તિનો ઉપાય આ સંવર-નિર્જરાની પ્રવૃત્તિ છે એમ એણે નક્કી જાણવું જોઈએ. એ બધા ઉપચાર છે પણ જાણવું જોઈએ, એમ કહે છે. સમજાણું કાંઈ? 'સમયસાર' ની શૈલીની આમાં વધારે સ્પષ્ટતા છે. સાદી સાધારણ વાત લીધી છે. સમજાય છે? પેલું તો એકલું માખણ ભર્યું છે.

તેથી **'તે વ્યવહારનયને આધીન છે...'** એ જાણવું વ્યવહારનયને આધીન છે. રાગ, દ્વેષ, વિકાર, કર્મસંબંધ એનું જાણવું વ્યવહારનયને આધીન છે. **'તે વ્યવહારનયને આધીન છે તેથી ઉપદેશદાતાને વ્યવહારનું પણ જાણપણું જોઈએ.'** એને બરાબર જોઈએ. પાછો ગોટો

www.vitragvani.com



ન્યાં વાળે તો શુભજોગથી ભ્રષ્ટ થશે અને નિશ્ચયમાં આવી શકશે નહિ. **'આ રીતે બન્ને નયોના જાણનાર આચાર્ય ધર્મતીર્થના પ્રવર્તક છે, બીજા નહિ.'** લ્યો! સમજાણું કાંઈ? નિશ્ચયથી કર્મ કૃત વિકાર આદિ સંયુક્ત નથી પણ વ્યવહારથી સંયુક્ત છે એને ન જાણે તો નથી એવો નિશ્ચય ક્યાંથી કરશે? સમજાણું કાંઈ? વ્યવહારથી કર્મ અને કર્મના નિમિત્તે થતાં વિકાર એનાથી સંયુક્ત જીવ પર્યાયદૃષ્ટિએ છે, સ્વભાવદૃષ્ટિએ જોતા એને પોતાનું માને તો મિથ્યાત્વ છે, સંસારનું બીજ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– વ્યવહારનયનું સ્થાન જ નથી.

ઉત્તર :– સ્થાન નથી. લે, વ્યવહારનયનો વિષય નથી? ઉપચાર વસ્તુ નથી? વસ્તુ નથી તો વિષય નથી તો નય પણ નથી. નય છે એનો વિષય છે કે નહિ કાંઈ? આહા..! જ્ઞાન કરવા માટે વસ્તુ નથી કે, આ બંધ છે, રાગ છે, દ્વેષ છે, સંબંધ છે એનું જ્ઞાન નહિ કરે તો એને છોડવાનો શુભ વિકલ્પ પણ નહિ કરે. સમજ્યા ને? છોડવા માટે છોડું એવો ભાવ પણ નહિ કરે. ઉપદેશદાતાને વ્યવહારનું બરાબર જાણવું જેમ છે તેમ તેને હોવું જોઈએ. એથી વ્યવહારથી નિશ્ચય થાય એમ અહીં વાત સિદ્ધ નથી કરવી. સમજાણું કાંઈ? વ્યવહારથી નિશ્ચય થાય ને વ્યવહાર કરતા (નિશ્ચય થાય) એમ અહીં સિદ્ધ નથી કરવું. અહીં તો રાગ-દ્વેષ પુણ્ય-પાપ પર્યાયમાં છે, સંસાર દશા છે, જીવને ને શરીરને નિમિત્ત-નિમિત્ત સંબંધ છે, જીવને ને કર્મને નિમિત્ત સંબંધ છે એટલું એણે જાણવું જોઈએ. એવું જો એને જ્ઞાન ન હોય તો તો સત્‌નો ઉપદેશ કેવી રીતે આપશે? વ્યવહાર એ પણ વ્યવહારથી તો સત્ છે કે નહિ? સમજાણું કાંઈ? સાધન કોણે કહ્યું? શુભ ઉપયોગને છોડશે એના જ્ઞાનમાં વ્યવહાર નહિ હોય તો એમ કહે છે. જ્ઞાનમાં રાગાદિથી સંબંધ છે, શરીરથી સંબંધ છે એમ નહિ હોય તો શુભ ઉપયોગ નહિ રહે. કારણ કે, એને છોડવું આ છે, છે એવો વિચાર જ નથી, તો તો પછી એને શુભભાવ પણ નથી. છે એવો વિચાર કરવો એ શુભભાવ છે. સમજાણું કાંઈ? એને છોડી દેશે તો ભ્રષ્ટ થશે, એકલા પાપના વિચાર રહેશે, એમ કહે છે. 'વજુભાઈ'!

**'આ રીતે બન્ને નયોના જાણનાર...'** અહીં જાણવાનું વજન આપવું છે ને! **'આચાર્ય ધર્મતીર્થના પ્રવર્તક છે, બીજા નહિ.'** બરાબર પર્યાયભેદ, ગુણભેદ, રાગાદિ નિમિત્ત સંબંધ છે તેમ બરાબર જાણવું જોઈએ. એવું ન જાણે તો શિષ્યને વ્યવહાર સંબંધ છે એમ તો કહેશે નહિ. સંબંધ નથી તો કહેશે, તો સંબંધ છે એને તોડવાનું તો રહેશે નહિ. આ સંસાર જ નથી તો સંસારના કારણ આસ્રવ-બંધ નથી, તો એને ટાળવાના ઉપાય સંવર-નિર્જરાની પરિણતિ પ્રવૃત્તિ પણ નથી, તો તો વ્યવહાર રહ્યો જ નહિ. સમજાણું કાંઈ?

વ્યવહારને આશ્રયે સંવર-નિર્જરા થાય છે કે એ અહીં પ્રશ્ન નથી. પણ થયેલી પ્રવૃત્તિના પરિણામને ઉપચારથી જીવના કહેવામાં આવે છે. ખરેખર નિશ્ચયથી તો દ્રવ્યના સ્વરૂપમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

એ છે નહિ. સમજાણું કાંઈ? પણ વ્યવહારથી વ્યવહાર નથી તો તો પછી નિશ્ચય એને સાબિત શી રીતે કરશે? એ... 'ધર્મચંદજી'! અટપટી વાત ભારે! સાચી વાત છે. સમજાણું કાંઈ?

પર્યાયમાં સંસાર જ નથી, સંસાર નથી તો તો વ્યવહાર નથી, એટલે પર્યાય ઉપચાર પણ નથી. વિકાર જ નથી પર્યાયમાં તો આત્મામાં ઉપચાર તરીકે જે વિકાર કહેવાય છે એ નથી. સમજાણું કાંઈ? નિશ્ચયમાં નથી. દૃષ્ટિ જો એમ કરે કે, એ મારા દ્રવ્યમાં છે તો તો મિથ્યાદૃષ્ટિ છે. પણ પર્યાયમાં છે એવું તો એને જ્ઞાન હોવું જોઈએ. એ... 'વજુભાઈ'! સમજાણું કાંઈ? નહિતર નિશ્ચયાભાસ થઈ જાય, શુભભાવ પણ રહેશે નહિ.

## ગાથા–૫

**આગળ કહે છે કે આચાર્ય બેય નયોનો ઉપદેશ કેવી રીતે કરે છે?**

**निश्चयमिह भूतार्थं व्यवहारं वर्णयन्त्यभूतार्थम्।**
**भूतार्थबोधविमुखः प्रायः सर्वोऽपि संसारः।।५।।**

**અન્વયાર્થ :– [ इह ] આ ગ્રંથમાં [ निश्चयं ] નિશ્ચયનયને [ भूतार्थं ] ભૂતાર્થ અને [ व्यवहारं ] વ્યવહારનયને [ अभूतार्थं ] અભૂતાર્થ [ वर्णयन्ति ] વર્ણન કરે છે, [ प्रायः ] ઘણું કરીને [ भूतार्थबोधविमुखः ] ભૂતાર્થ અર્થાત્ નિશ્ચયનયના જ્ઞાનથી વિરુદ્ધ જે અભિપ્રાય છે, તે [ सर्वोऽपि ] બધોય [ संसारः ] સંસાર સ્વરૂપ છે.**

**ટીકા :– 'इह निश्चयं भूतार्थं व्यवहारं अभूतार्थं वर्णयन्ति' આચાર્ય આ બન્ને નયોમાં નિશ્ચયનયને ભૂતાર્થ કહે છે અને વ્યવહારનયને અભૂતાર્થ કહે છે.**

**ભાવાર્થ :– ભૂતાર્થ નામ સત્યાર્થનું છે. ભૂત એટલે જે પદાર્થમાં હોય તે અને અર્થ એટલે 'ભાવ'. તેને જે પ્રકાશે, બીજી કલ્પના ન કરે તેને 'ભૂતાર્થ' કહીએ. જેમકે સત્યવાદી સત્ય જ કહે, કલ્પના કરીને કહે નહિ. તે જ બતાવીએ છીએ. જોકે જીવ અને પુદ્ગલનો અનાદિથી એકક્ષેત્રાવગાહ સંબંધ છે, બન્ને મળેલા જેવા દેખાય છે તોપણ નિશ્ચયનય આત્મદ્રવ્યને શરીરાદિ પર દ્રવ્યોથી ભિન્ન જ પ્રકાશે છે. તે જ ભિન્નતા મુક્તિ દશામાં પ્રગટ થાય છે. માટે નિશ્ચયનય સત્યાર્થ છે.**

**વળી અભૂતાર્થ નામ અસત્યાર્થનું છે. અભૂત એટલે જે પદાર્થમાં ન હોય તે અર્થ એટલે ભાવ, તેને જે પ્રકાશે અનેક કલ્પના કરે તેને અભૂતાર્થ કહીએ. જેમ જૂઠું બોલનાર**

www.vitragvani.com



માણસ જરાપણ કારણનું બહાનું-છળ પામે તો અનેક કલ્પના કરી તાદશ કરી બતાવે. તે જ કહીએ છીએ. જો કે જીવ અને પુદ્ગલની સત્તા ભિન્ન છે, સ્વભાવ ભિન્ન છે, પ્રદેશ ભિન્ન છે તોપણ એકક્ષેત્રાવગાહ સંબંધનું છળ (બહાનું) પ્રાપ્ત કરીને 'આત્મદ્રવ્યને શરીરાદિ પરદ્રવ્યથી એકપણું કહે છે,' મુક્ત દશામાં પ્રગટ ભિન્નતા થાય છે એમ વ્યવહારનય પોતે જ ભિન્ન ભિન્ન પ્રકાશવાને તૈયાર થાય છે. તેથી વ્યવહારનય અસત્યાર્થ છે. प्रायः भूतार्थबोधविमुखः सर्वोऽपि संसारः - અતિશયપણે સત્યાર્થ જે નિશ્ચયનય તેના જાણપણાથી ઊલટો જે પરિણામ (અભિપ્રાય) તે બધોય સંસાર સ્વરૂપ છે.

ભાવાર્થ :– સંસાર કોઈ જુદો પદાર્થ નથી. આ આત્માના પરિણામ નિશ્ચયનયના શ્રદ્ધાનથી વિમુખ થઈ, શરીરાદિ પરદ્રવ્ય સાથે એકત્વ શ્રદ્ધાનરૂપ પ્રવર્તે તેનું જ નામ સંસાર. તેથી જે સંસારથી મુક્ત થવા ઇચ્છે છે તેણે શુદ્ધનયની સન્મુખ રહેવું યોગ્ય છે.

તે જ બતાવીએ છીએ. જેમ ઘણા મનુષ્ય કાદવના સંયોગથી જેનું નિર્મળપણું આચ્છાદિત થયું છે એવા સમળ જળને જ પીએ છે અને કોઈ પોતાના હાથવડે કતકફળ (નિર્મળી) નાખીને કાદવ અને જળને જુદું જુદું કરે છે. ત્યાં નિર્મળ જળનો સ્વભાવ એવો પ્રગટ થાય છે કે જેમાં પોતાનો પુરુષાકાર પ્રતિભાસે છે એવા નિર્મળ જળનો આસ્વાદ લે છે. તેમ ઘણા અજ્ઞાની જીવો કર્મના સંયોગથી જેનો જ્ઞાનસ્વભાવ ઢંકાઈ ગયો છે એવા અશુદ્ધ આત્માને અનુભવે છે. કોઈ પોતાની બુદ્ધિ વડે શુદ્ધ નિશ્ચયનયના સ્વરૂપને જાણી કર્મ અને આત્માને જુદા જુદા કરે છે. ત્યાં નિર્મળ આત્માનો સ્વભાવ એવો પ્રગટ થાય છે કે જેમાં પોતાના ચૈતન્ય પુરુષનો આકાર પ્રતિભાસે છે એવા નિર્મળ આત્માને સ્વાનુભવરૂપ આસ્વાદે છે. તેથી શુદ્ધનય કતકફળ સમાન છે. એના શ્રદ્ધાનથી સર્વ સિદ્ધિ થાય છે. ૫.

આગળ કહે છે કે જો એક નિશ્ચયનયના શ્રદ્ધાનથી જ સર્વ સિદ્ધિ થાય તો આચાર્ય વ્યવહારનયનો ઉપદેશ શા માટે કરે છે ? તેનો ઉત્તર-અર્થ આ ગાથામાં કહ્યો છે. ૫.

---

હવે, **'આગળ કહે છે કે આચાર્ય બેય નયોનો ઉપદેશ કેવી રીતે કરે છે?'** બે વાત કરી મુખ્ય ને ઉપચાર. એની વ્યાખ્યા કરી. હવે નિશ્ચય ને વ્યવહાર છે કેવો? સમજાય છે? **'આચાર્ય બેય નયોનો ઉપદેશ કેવી રીતે કરે છે?'** તે વાત પાંચમી ગાથામાં કરે છે.

**निश्चयमिह भूतार्थं व्यवहारं वर्णयन्त्यभूतार्थम्।**
**भूतार्थबोधविमुखः प्रायः सर्वोऽपि संसारः।।५।।**

**'वर्णयन्त्य'** ને? કહે છે કે નહિ? અભૂતાર્થ પણ કહે છે કે નહિ? જુઓ! સંસારની વ્યાખ્યા કરી.

**અન્વયાર્થ :–** **'इह'** શબ્દ પડ્યો છે ને? **'इह'** કોને લાગુ પડે છે? આચાર્યને કે ગ્રંથને?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**'निश्चयमिह भूतार्थं'** આ ગ્રંથમાં કે, આચાર્ય આમ કહે છે એમ આવે, એ શેમાં આવે છે. આમાં લખ્યું છે કે, આ ગ્રંથમાં. અને આણે પેલામાં જ્યાં આખો શબ્દ મુક્યો છે ત્યાં આચાર્ય આ બન્ને નયોમાં .. એમ લખ્યું છે. ટીકા છે ને? ટીકા. એથી કીધું આ **'इह'** ખરેખર કોને લાગુ પડે? બેયને સમુચ્ચય લાગુ પડે. **'इह'** એમ કહ્યું ને? આચાર્ય બે નયનો ઉપદેશ કેવી રીતે કરે છે? આ આચાર્ય ભૂતાર્થ વ્યવહાર... નિશ્ચયને ભૂતાર્થ અને વ્યવહારને અભૂતાર્થ વર્ણવે છે, **'वर्णयन्त्य'** છે ને?

મુમુક્ષુ :– **इह**નો અર્થ મૂળમાં નથી અન્વયાર્થ. આમાં તો છે.

ઉત્તર :– ... આમાં પણ છે. **'इह'**નો અર્થ આ ગ્રંથમાં કર્યું છે અને ટીકામાં **'इह'**નો અર્થ આચાર્ય કર્યું છે. સમજાણું કહું છું ઇ?

મુમુક્ષુ :– હિન્દીમાંથી કર્યું છે. અન્વયાર્થ.

ઉત્તર :– હિન્દી પ્રમાણે જ કર્યું છે. **'इह निश्चयं भूतार्थ व्यवहारं अभूतार्थ वर्णयन्ति' 'આચાર્ય આ બન્ને નયોમાં નિશ્ચયનયને ભૂતાર્થ કહે છે અને વ્યવહારનયને અભૂતાર્થ કહે છે.'** આમાં આચાર્ય નાખ્યું છે. **'इह' 'આ ગ્રંથમાં...'** જુઓ! **'આ ગ્રંથમાં...'** આ ગ્રંથની અંદર 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' શાસ્ત્રમાં આચાર્ય, **'નિશ્ચયનયને ભૂતાર્થ...'** એ નિશ્ચયનયને સાચુ કહે છે, સાચુ કહે છે, સત્યાર્થ કહે છે. નિશ્ચયના કથનને સાચું કહે છે. ભૂત છતો ભાવ કહે છે, સાચો ભાવ કહે છે. **'વ્યવહારનયને અભૂતાર્થ વર્ણન કરે છે...'** અને વ્યવહારનયને ખોટું છે, ઉપચાર છે, વ્યવહાર છે, જૂઠું છે એમ વર્ણન કરે છે. અભૂતાર્થ નામ (એટલે) જૂઠું છે એમ વર્ણન કરે છે. સમજાણું? પણ જૂઠું જાણવું ન જોઈએ? જૂઠું પણ છે કે નહિ? સ્વરૂપમાં નથી પણ રાગ રાગરૂપે, સંસાર સંસારરૂપે, નિમિત્ત-નિમિત્ત સંબંધરૂપે છે કે નહિ?

વર્ણન કરે છે, **'वर्णयन्ति'** લ્યો! વર્ણન કરે છે, એય...! આવ્યું પાછું. આચાર્ય વર્ણન કરે છે, આચાર્ય વર્ણન કરે છે એમ લખ્યું છે. 'અમૃતચંદ્ર' પોતે કહે છે. એય...! 'દેવાનુપ્રિયા'! વર્ણન કરે છે એમ કહ્યું. વર્ણન કરી શકતા હશે ને? પણ વાણીમાં આવે શું? એમ જ કથનો આવે. કહે છે કે, જૂઠા કથનની શૈલી એવી હોય. તેથી ઉપચાર કથન જ એવા હોય. છે ને? 'છોટાભાઈ'! વર્ણન કરે છે આચાર્ય. અને આચાર્ય પોતે કહે છે કે, મેં કહ્યું નથી. અહીં કહે છે, આચાર્ય વર્ણન કરે છે. ન્યાં કહે કે, મેં કહ્યું નથી, શબ્દે કહ્યું છે. કીધા પછીમાં પણ પહેલાં એ જ કહે છે. ત્યાં આગળ આમ વર્ણન આવે છે, શબ્દોમાં આવું વર્ણન આચાર્યના જ્ઞાનમાં એ રીતે તરવરે છે અને વર્ણન વાણી એ રીતે આવે છે, એમ કહે છે. નિશ્ચય વ્યવહારનું વાસ્તવિક તત્ત્વજ્ઞાન જ્ઞાનમાં વર્તે છે અને વાણીમાં આ રીતે આવે છે. એટલે નિમિત્તથી કથન કર્યું કે આચાર્ય એનું વર્ણન કરે છે. અરે..! ઝઘડા.

**'प्रायः' 'ઘણું કરીને ભૂતાર્થ અર્થાત્ નિશ્ચયનયના જ્ઞાનથી વિરુદ્ધ જે અભિપ્રાય છે,...'** જુઓ! વજન અહીં છે. પેલાએ બીજું કહ્યું છે કે, વ્યવહારનું જ્ઞાન નથી માટે ભ્રષ્ટ છે,

www.vitragvani.com



ભાઈ 'મખ્ખનલાલજી' એ આનો અન્વયાર્થ કર્યો છે. એની આખી શૈલી એ ચાલી આવે છે. **'વ્યવહારનય કેવલપિ દેશના નાસ્તિ'** વ્યવહાર ઉપર વજન છે. નિશ્ચય માટે એમ નથી કીધું. ઘણું કરીને સંસારી જીવ નિશ્ચયનયના જ્ઞાનથી વિરુદ્ધ, વાસ્તવિક ભગવાન આત્મા રાગ ને સંબંધથી રહિત એવો નિર્વિકલ્પ આત્મા જ્ઞાયકભાવ (છે) એના નિશ્ચયના જ્ઞાનથી રહિત જીવો **'બધોય સંસારસ્વરૂપ છે.'** એવો જે અભિપ્રાય એ બધો સંસારસ્વરૂપ છે, એમ કહે છે. નિશ્ચયનયના જ્ઞાનથી વિરુદ્ધ જે અભિપ્રાય, શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવ આત્મા તે સમ્યગ્દર્શનનો વિષય અને શુદ્ધ ચૈતન્યનો અનુભવ તે નિશ્ચય, એવા અભિપ્રાય વિનાનો જે અભિપ્રાય. કહો! સમજાણું કાંઈ? રાગથી ધર્મ થાય, રાગથી મોક્ષ થાય, વ્યવહારથી મોક્ષ થાય એવો બધો જે અભિપ્રાય **'બધોય સંસાર સ્વરૂપ છે.'** અહીં તો એ કહે છે, લ્યો! અભિપ્રાય સંસાર સ્વરૂપ છે એમ અહીં વજન આપ્યું છે. આહા..! આખું જોર ત્યાં છે.

ભગવાન આત્મા અખંડ અભેદ શુદ્ધ ચૈતન્યજ્યોત એ નિશ્ચયના જ્ઞાન વિનાના એવા વ્યવહારથી જ માનનારા રાગ ને પુણ્યને સંબંધ છે તેથી આત્માનું કલ્યાણ થશે એવો જેનો અભિપ્રાય છે અથવા આ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે એવો જે અભિપ્રાય છે એ નિશ્ચયનયના જ્ઞાનથી વિપરીત જ્ઞાન છે. સમજાણું કાંઈ? વ્યવહાર દયા, દાન, શુભભાવ કરતાં કરતાં નિશ્ચય થશે એ અભિપ્રાય નિશ્ચયનયના જ્ઞાનથી વિરુદ્ધ અભિપ્રાય છે. વ્યવહારને જાણવાનું કહ્યું, હોય છે બરાબર પણ એનાથી નિશ્ચય થાય એવો જે અભિપ્રાય, એ સ્વ અખંડ જ્ઞાયકભાવનો જે નિશ્ચય એવા જે અભિપ્રાયથી આ અભિપ્રાય વિરૂદ્ધ અભિપ્રાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ઘણું કરીને એટલે?

ઉત્તર :– ઘણું કરીને એટલે ઘણા આવા જીવો હોય છે, એમ. અજ્ઞાની ઘણા આવા જ હોય છે. ઘણું કરીને એટલે ઘણું કરીને એટલે નિશ્ચયનું જ્ઞાન નથી એમ. ઘણું કરીને જીવો ઘણા આવા જ હોય છે. નિશ્ચયના બોધ વિનાના. કોઈક જ્ઞાની છે એ ભલે હો. પ્રાયઃ શબ્દ વાપર્યો છે એટલે ઘણું કરીને.

**'ભૂતાર્થ અર્થાત્ નિશ્ચયનયના જ્ઞાનથી વિરુદ્ધ જે અભિપ્રાય છે,...'** નિશ્ચયનયના જ્ઞાનથી વિરુદ્ધ જે અભિપ્રાય, અહીં વજન છે. **'भूतार्थबोधविमुखः'** એમ શબ્દ છે ને? મહાસિદ્ધાંત છે. ભાઈ! એક એક શબ્દોમાં... આ તો 'અમૃતચંદ્રાચાર્ય'ના શબ્દો છે. **'भूतार्थबोधविमुखः'** ભગવાન આત્મા સત્યાર્થ પ્રભુ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એના જ્ઞાનથી વિમુખ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? અને બીજું બધું જ્ઞાન છે કહે છે. વ્યવહારનું, શાસ્ત્રનું, આ રાગનું, કર્મના સંબંધનું ને કર્મની પ્રકૃતિઓનું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, ભલે રહ્યું ને. હા, કાંઈ વાંધો નહિ. કાંઈ વાંધો નહિ. ઘણું કરીને કર્યું

www.vitragvani.com



છે ને? અતિશય ઠીક છે. વિશેષ છે ને. એ તો ઠીક છે. અતિશયપણે કીધું. અતિશયપણે સત્યાર્થ જે નિશ્ચય. જુઓ! એ બહુ સારો અર્થ કર્યો છે. એમ નાખ્યું છે. આમાં નાખ્યું છે. આમાં હશે. છેલ્લે નાંખ્યું છે, ઘરનું તો નાંખે નહિ. આમાં હશે. આ છે ને. બહુત કરકે 'ટોડરમલ'માં ઇ છે. એટલે પ્રાયઃ આત્માકા પરિણામ નિશ્ચયનય કે સિદ્ધાંતસે વિમુખ હોકર સહજ... આત્માનું છેને. આહાહા..! આમાં નથી. આમાંય નથી. 'ટોડરમલ'માં છે. એ તો એના કો'ક ઘરનું નાખે... અતિશયપણે ક્યાં આવ્યું? **'प्रायः भूतार्थबोधविमुखः सर्वोऽपि संसारः - અતિશયપણે સત્યાર્થ જે...'** શું કહે છે સમજાણું? અભૂતાર્થ વર્ણન કરે છે, ખાસ કરીને ભૂતાર્થ નિશ્ચયનયના જ્ઞાનથી, અતિશય એટલે એમ. સમજાણું કાંઈ? ખાસ કરીને **'નિશ્ચયનયના જ્ઞાનથી વિરુદ્ધ જે અભિપ્રાય...'** લ્યો! શું કહે છે? ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપ અભેદ (છે) એના અભિપ્રાયની ખબર નથી ને એના જ્ઞાનની ખબર નથી. એકલા વ્યવહારના જ્ઞાનથી આત્માને લાભ થાય એવો જેનો અભિપ્રાય છે એ ભૂતાર્થબોધવિમુખ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

નિશ્ચયનું જ્ઞાન, ભૂતાર્થનું જ્ઞાન જેને નથી તે ભૂતાર્થ જ્ઞાનથી વિમુખ છે. એટલે કે અભેદ ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ તે જો આત્મા છે એવો જેનું જ્ઞાન ને અભિપ્રાય નથી એ એનાથી વિમુખ વ્યવહાર રાગથી, પુણ્યથી ને આનાથી મારો આત્મા છે ને એનાથી મને લાભ થાય એવો જેનો અભિપ્રાય છે, લ્યો! **'બધોય સંસાર સ્વરૂપ છે.'** સમજાણું કાંઈ? ૧૪મી ગાથામાં કહ્યું ને? ભવબીજ છે.

**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

જે કોઈ આત્માને રાગાદિનો સંબંધ વ્યવહારે છે તેવો જ આત્માને માની લે. સમજાય છે? પર્યાયમાં સંબંધ છે તેવો આત્માને માની લે તો તે **'बालिशानां'** અજ્ઞાની, એનું જ્ઞાન ભવબીજ છે. લ્યો! સમજાણું કાંઈ? વસ્તુ સ્વરૂપ રાગ ને શરીરથી ભિન્ન છે એવું જે આત્માનું સ્વરૂપ, એનો જો બોધ, એનાથી વિમુખ એને રાગવાળો ને વ્યવહારવાળો, રાગવાળો ને વ્યવહારવાળો એટલે રાગવાળો એ રાગવાળો આત્મા છે એમ માની લે છે એ નિશ્ચયનયના જ્ઞાનથી વિપરીત અભિપ્રાયવાળો તે સંસાર છે. કહો! સમજાણું આમાં?

**'બધોય સંસાર સ્વરૂપ છે.'** એટલે કે મિથ્યાત્વ સ્વરૂપ છે. સમજાણું? એ અભિપ્રાય જ મિથ્યાત્વ છે એમ કહે છે. બીજી રીતે કહીએ તો એ ખાસ ભૂતાર્થ નિશ્ચયનું જે જ્ઞાન, અભેદનું જ્ઞાન અને અભેદ તે આશ્રય કરવા લાયક છે એ સિવાયનો બીજો કોઈ પણ અભિપ્રાય (એટલે કે) રાગનો આશ્રય કરવો, નિમિત્તનો આશ્રય કરવો, સંયોગનો આશ્રય કરવો એનાથી લાભ થાય. એવો જે બધો અભિપ્રાય એ **'भूतार्थबोधविमुखः'** તે તેનાથી ઊંધો, એ બધો અભિપ્રાય તે સંસાર છે. છે ને? એ અભિપ્રાય તે સંસાર છે, અહીં તો અભિપ્રાય તે સંસાર

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વભાવ તે સંસાર છે એમ અહીંયા સિદ્ધ કર્યું છે. આ તો સમજાય એવી ભાષા છે, કાંઈ બહુ ઓલી નથી.

આત્મા ભૂતાર્થબોધ જ્ઞાયક સ્વરૂપ, અભેદ સ્વરૂપ એનો જે બોધ ને એનો જે અભિપ્રાય એનાથી વિમુખ બોધ (અર્થાત્) વ્યવહાર છે તો એનાથી આ નિશ્ચય થશે, વ્યવહાર છે તો આત્માને એને લઈને આલંબન મળશે, નિશ્ચયનું આલંબન મળશે, એવો જે એનો નિશ્ચયના આશ્રયના અવલંબનના બોધ જ્ઞાન રહિત વ્યવહારના આલંબનવાળો જેટલો બોધ છે એ બધો મિથ્યાત્વ છે અને એ મિથ્યાત્વ તે સંસાર છે. જુઓ! અહીં મિથ્યાત્વને સંસાર, અભિપ્રાયને સંસાર કહ્યો, જુઓ! '**भूतार्थबोधविमुखः सर्वोऽपि संसारः**' એમ કીધું. છે ને? '**भूतार्थबोधविमुखः सर्वोऽपि संसारः**' લ્યો! સમજાણું કાંઈ? એવી તકરાર કરે. આમ છે ને તેમ છે. સાંભળને હવે. અહીંયાં મિથ્યાત્વ એ જ સંસાર સિદ્ધ કરવો છે. સમ્યગ્દર્શન એ જ મોક્ષનું કારણ ને મોક્ષસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

એકલો ભગવાન શુદ્ધ ચૈતન્ય પિંડ પ્રભુ, જેમાં રાગ ને પરનો સંબંધ જ નથી એવો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો અનુભવ દૃષ્ટિ તે મોક્ષ છે, તે મોક્ષ છે. કેમકે વસ્તુ મોક્ષ સ્વરૂપ છે એનો આશ્રય કરીને દશા સહિતનો આત્મા થયો એ સમકિત જ મોક્ષ છે. સમજાણું કાંઈ? મોક્ષથી થયેલો ભાવ તે મોક્ષ સ્વરૂપ છે, મોક્ષ સ્વરૂપથી વિપરીત ભાવ, અભિપ્રાય, તે મિથ્યાત્વ તે સંસાર છે.

જુઓ! સંસારની વ્યાખ્યા આવડી ટૂંકી! સંસાર તો કેવો મોટો! ચાર ગતિ, ... રાગ-દ્વેષ એ અહીં ન કીધું, ભાઈ! અહીં તો મિથ્યા અભિપ્રાય તે સંસાર છે. વજન છે, ... એ સંસાર છે, એ સંસાર છે. આહાહા..! એનો અર્થ થયો કે, ભૂતાર્થથી વિમુખ નથી ને ભૂતાર્થથી યથાર્થ સન્મુખ જ્ઞાન છે એ મોક્ષ છે. આહાહા..! સમજાણું કાંઈ? નિશ્ચયના આશ્રયે થતી દશાવાળો એ ભાવ જ મોક્ષ છે. એનાથી વિરુદ્ધવાળો ભાવ સંસાર છે. કહો! એય...! 'પંડિતજી'! એમાંથી નીકળે છે?

અહીં તો વજન ક્યાં છે આપણે? જુઓ! કે, આ ગ્રંથમાં નિશ્ચયનયને સાચો કહેશે અને વ્યવહારનયને અભૂતાર્થ–જૂઠો કહેશે. એમ ચોખ્ખો શબ્દાર્થ પહેલો (છે). તેમાં ખાસ કરીને, સાચા નિશ્ચયનો એટલે સાચાના જ્ઞાનથી વિરુદ્ધ, સાચાના જ્ઞાનથી વિરુદ્ધ લ્યો! ઠીક! સાચા જ્ઞાનથી વિરુદ્ધ, સાચો સત્ય પ્રભુ જ્ઞાયકભાવ, અભેદભાવ એ સાચું, એના જ્ઞાનથી વિરુદ્ધ. સાચો બોધ તે મુક્ત અને સાચા બોધથી વિમુખ એ સંસાર. કહો! ગુલાંટ ખાઈને વાત આવે છે કે નહિ આમાં? સમજાણું કાંઈ?

કેમકે સ્વરૂપ સાચા તત્ત્વનું બોધ (કહો) તો તત્ત્વ મુક્ત સ્વરૂપ છે. સમજાણું? એ મુક્ત સ્વરૂપ એવો ભગવાન આત્મા એનો જે બોધ એ જ મુક્ત સ્વરૂપનો બોધ તે મોક્ષ સ્વરૂપ છે. એ જ્ઞાનમાં બધું આવી ગયું, દર્શન ચારિત્ર બધું (આવી ગયું). સમજાણું કાંઈ? અને

www.vitragvani.com



એનો વિમુખ બોધ, લ્યો! એનાથી એકલું વ્યવહારનું જ્ઞાન, સંસારનું જ્ઞાન, પ્રકૃતિનું જ્ઞાન, ફલાણાનું જ્ઞાન, ઢીંકણાનું જ્ઞાન. સમજાણું કાંઈ? કર્મ પ્રકૃતિનું જ્ઞાન. ૧૪૮ આમ હોય ને તેનું ફલાણું હોય ને ઢીંકણું હોય ને એ બધા જ્ઞાન નિશ્ચયના બોધ રહિતનો બોધ જે છે એ બોધ પોતે જ મિથ્યા સ્વરૂપ છે ખરેખર તો અહીં એમ કહે છે. સમજાણું કાંઈ?

'**भूतार्थबोधविमुखः**' જુઓ! વિમુખનો અર્થ અહીં અભિપ્રાય કર્યો, ભાઈ! સમજાય છે? '**भूतार्थबोधविमुखः**' એટલે અભૂતાર્થ બોધ, એમ. એનો અર્થ જ આ કર્યો. '**भूतार्थबोधविमुखः**' એટલે અભિપ્રાય. અથવા ભૂતાર્થ સાચા બોધથી વિપરીત એટલે અજ્ઞાન. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પરમાનંદ જ્ઞાયકભાવ, શુદ્ધસ્વરૂપ, એનું જે જ્ઞાન શ્રદ્ધા એ વાસ્તવિક સ્વરૂપ એટલે મુક્ત સ્વરૂપ, એનું જ્ઞાન બોધ તે મુક્ત સ્વભાવ, મુક્ત ભાવ. એનાથી વિપરીત બોધ. એકલો વ્યવહારથી લાભ થાય, રાગથી લાભ થાય, પ્રકૃતિના જ્ઞાનથી, પર તરફના સન્મુખથી એવો જે બધો અભિપ્રાય તેને ભગવાન આચાર્યદેવ સંસાર કહે છે. જુઓ! અહીં બાયડી, છોકરા સંસાર નહિ, શરીર સંસાર નહિ. પૈસા-બૈસા સંસાર નહિ. 'શોભાલાલજી'! બંગલા સંસાર નહિ.

મુમુક્ષુ :–

ઉત્તર :– ... રાખી કોણ શકે છે? રાખે કોણ ને છોડે કોણ ?

અહીં તો સંસારનું ખરું મૂળ રૂપ એ છે કે, વાસ્તવિક જ્ઞાયક ભગવાન બોધસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ એના જ્ઞાનથી, શ્રદ્ધાથી, સન્મુખથી વિમુખ જેટલા અભિપ્રાય છે એ બધો અભિપ્રાય એકલો સંસાર છે. આહાહા..! સમજાણું કાંઈ? જૈન દિગંબર સાધુ નવમી ગ્રૈવેયક ગયો પણ કહે છે કે, નિશ્ચયનયના બોધ રહિત જે એને અગિયાર અંગ ને નવ પૂર્વનું જ્ઞાન તે બધોય સંસાર, મિથ્યા અભિપ્રાય સ્વરૂપ છે, એ સંસાર સ્વરૂપ છે, એમ કહે છે. આહા..! નવ પૂર્વ ભણ્યો, અગિયાર અંગ ભણ્યો અને પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ વિકલ્પ (કર્યા), એ આ સ્વભાવના બોધના આશ્રયના અવલંબન વિનાનું જ્ઞાન એ બધા એકલો બોધ, તે બધું મિથ્યા અભિપ્રાયવાળું છે. એ સંસાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પરમાં સુખ છે એ અભિપ્રાય...

ઉત્તર :– એ અભિપ્રાય મિથ્યા સંસાર. એના માટે તો અહીં કહ્યું છે. ભૂતાર્થ બોધ વિમુખ, ભૂતાર્થ બોધ વિમુખ–અભૂતાર્થ બોધ એટલે મિથ્યા અભિપ્રાય. એમ. સમજાય છે કાંઈ? 'ધર્મચંદજી'! ધર્મ વિરુદ્ધ તે અધર્મ. આહાહા..! આચાર્યોની શૈલી પણ ... આમ તો શ્રાવકાચાર ચરણાનુયોગનો ગ્રંથ છે. પણ એનું મૂળિયું શું? મૂળિયું તો આ દર્શન. એ કહેશે આગળ. અખિલ પ્રયત્ન વડે કરીને પહેલાં ઉપાયે સમ્યગ્દર્શન પ્રગટ કરવું એમ કહેશે આગળ. સમજાણું કાંઈ? દર્શનની શરૂઆત કરશે ને!

જુઓ! ૨૧ ગાથા ૨૧ શ્રાવકની શરૂઆત કરે છે ત્યાં. '**આ ત્રણેમાં પ્રથમ કોને ગ્રહણ**

www.vitragvani.com



કરવું તે કહે છે :–' ૨૧.

**तत्रादौ सम्यक्त्वं समुपाश्रयणीयमखिलयत्नेन।**
**तस्मिन् सत्येव यतो भवति ज्ञानं चरित्रं च।।२१।।**

મહા ગાથા જુઓ! '**तत्र**' શ્રાવકે, ગૃહસ્થોએ પણ... આ શ્રાવક ધર્મનું વ્યાખ્યાન શરૂ થાય છે. માથે જુઓ! શ્રાવકધર્મ વ્યાખ્યાન. શ્રાવકને પણ ત્યારે પહેલું '**तत्रादौ**', '**तत्र**' પહેલા પ્રથમમાં પ્રથમ '**अखिलयत्नेन**' '**સમસ્ત પ્રકારે સાવધાનતારૂપ યત્નથી સમ્યગ્દર્શન સારી રીતે અંગીકાર કરવું જોઈએ.**' છે?

મુમુક્ષુ :– એ તો છ દ્રવ્ય જાણ્યા એમાં આવી ગયું.

ઉત્તર :– છ દ્રવ્યમાં ક્યાં આવ્યું? ધૂળમાં. અહીં તો કહે છે, અહીં નિશ્ચય સ્વભાવ અભેદ છે એનું દર્શન તેને દર્શન કહે છે. છ દ્રવ્યનું જ્ઞાન તો એક સમયની પર્યાયમાં અભવિને પણ હોય છે. એ મિથ્યાજ્ઞાન, મિથ્યા અભિપ્રાય છે, એમ કહે છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– એ છ દ્રવ્યનું જ્ઞાન સ્વદ્રવ્યનું જ્ઞાન સહિત છે ઇ. છ દ્રવ્યમાં પોતે દ્રવ્ય ભેગો આવી ગયો. સમજાણું કાંઈ?

'**કેમકે**' જુઓ! ૨૧માં છે '**तस्मिन् सति एव**' '**સમ્યગ્દર્શન હોતા જ્ઞાન અને સમ્યક્ચારિત્ર થાય છે.**' છે ને? કેમકે '**तस्मिन् सति एव**' સમજાય છે? '**यतो**' નો અર્થ એ કર્યો, કેમકે. '**यतो**' છે ને? '**यत**'. '**तत्रादौ सम्यक्त्वं समुपाश्रयणीयमखिलयत्नेन**' જુઓ! સમ્યગ્દર્શન અખિલ પ્રયત્નથી થાય છે, એમ ને એમ નથી થતું. સમજાણું કાંઈ? પ્રયત્ન વિના થાય છે? પેલો કહે, ક્રમબદ્ધ છે. પણ ક્રમબદ્ધનો નિર્ણય કર્યો તે સ્વરૂપના પ્રયત્ને કર્યો ત્યારે ક્રમબદ્ધનો નિર્ણય થયો. સમજાણું કાંઈ? ઊંધો નિર્ણય પણ કંઈ પ્રયત્ન વિના છે? આ તો અખિલ પ્રયત્ન. જેટલું જોર છે આત્માનું, એમ સમસ્ત પ્રકારે. સાવધાનરૂપ યત્નથી, '**यत्नेन**'. સાવધાનરૂપ યત્નથી. સમ્યગ્દર્શન શ્રાવકે થવા પહેલાં પહેલું આ અંગીકાર કરવું. જન્મ્યો એટલે થઈ ગયું સમકિત. દિગંબરમાં જન્મ્યા એટલે સમકિત, હવે વ્રત લેવા. આવા ને આવા. શું થાય હવે? મોટો ભાગ વધી ગયો. સમાજને કંઈ ખબર નથી. સાધારણ જે રીતે ચાલતું હોય તે રીતે ચાલ્યા દ્યો. બીજા સાધારણ વિચાર તો આવે એના બે ભાગ પડી જાય. કોઈને વ્યવહારનો આગ્રહ થઈ જાય અને કોઈને નિશ્ચયની મુખ્યતા રહે અને વ્યવહારનું જ્ઞાન. સમજાણું કાંઈ? કેમકે સમ્યગ્દર્શન થયા છતા, તે હોતા જ્ઞાનને જ્ઞાન કહેવાય, ચારિત્રને ચારિત્ર થાય. તો જ્ઞાન અને ચારિત્ર થાય, નહિતર જ્ઞાન-ચારિત્ર થાય નહિ. કહો! સમજાણું આમાં?

**ટીકા :–** '**इह निश्चयं भूतार्थं व्यवहारं अभूतार्थं वर्णयन्ति**' '**આચાર્ય આ બન્ને નયોમાં નિશ્ચયનયને ભૂતાર્થ કહે છે...**' જુઓ! પેલા કહે છે કે, સૌ સૌની અપેક્ષા સાચી માટે કોઈને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સાચી ને ખોટી કહેવી નહિ. એવા દાખલા આપે છે. પેલા કેવા? સન્મતિ તર્કનો શ્લોક છે ને? સમજાણું કાંઈ? અહીં તો આચાર્ય કહે છે, બન્ને નયોમાં નિશ્ચયનયને સાચી કહે છે. એવા બહુ લખાણ આમાં આવે છે, પેલામાં પણ આવે છે. એકને સાચી ને બીજીને ખોટી એમ કહેવી નહિ, નિરાકરણ કરવું નહિ, નહિતર એકાંત થઈ જશે. એ તો હયાતી ધરાવે છે, એનો વિષય છે, વિષય છે. પણ આ નિશ્ચય સાચી છે. **'અને વ્યવહારનયને અભૂતાર્થ (ખોટી) કહે છે.'** ખોટી કહે છે એટલે કે છે ખરું પણ જે સ્વરૂપ કહે છે તેવું એ નથી. એમ કહે છે. આના બધા વાંધા. પેલો કહે, અભૂતાર્થ છે, જૂઠું છે બધું? તો પછી આ શરીર ને વાણીના બધા સ્કંધ વ્યવહાર છે, લ્યો! વ્યવહાર જૂઠો છે આ? કર્મ છે, શરીર છે, વાણી છે, ભગવાન છે, પરમ ઔદારિક શરીર છે, આઠ કર્મ એ બધી સંયોગી વાત છે, વ્યવહારીક વાત છે. એક પરમાણુ તે નિશ્ચયદ્રવ્ય છે, બે પરમાણુ તો વ્યવહાર દ્રવ્ય થઈ ગયો. વ્યવહાર દ્રવ્ય તો વ્યવહાર છે કે નહિ? વ્યવહારે સત્ ઉપચારે દ્રવ્ય છે એ, અણઉપચારે દ્રવ્ય એકલું દ્રવ્ય તે છે. ભગવાન પણ અણઉપચારે એક દ્રવ્ય તેને અણઉપચારે દેખે છે અને સંયોગીને સત્ ઉપચાર છે... સમજાય છે ને? ઉપચાર કહે છે, ઉપચારનું સત્ છે. ઇ ઉપચારનું સત્ છે. એને એમ જાણે છે, ભગવાન એમ જાણે છે. વાણીમાં પણ એમ આવે છે. અરે..! ભગવાન! નીકળવાના રસ્તા માંડ હાથ આવ્યા એમાં આવા લખાણમાં આમાં ઝઘડા. આ પાના ન કહેવાય, ફલાણું નહિ કહેવાય, આપણને દુઃખ આપે, નદીના પુર દુઃખ આપે. એકલો પરમાણુ આપે છે? ઇ વ્યવહાર છે કે નહિ? પાણીનું પૂર ઈ ભીંસ મારે છે. કર્મના ઘણા રજકણો આત્માને રાગનું નિમિત્ત થાય છે, એકલો રજકણ થતો નથી. ઇ છે કે નહિ? ફલાણું છે કે નહિ? એય...! બધા પ્રશ્નો છે બધા. છે તેની કોણે ના પાડી? વ્યવહારે છે, વ્યવહારે વ્યવહાર છે, યથાર્થપણે એ નથી. વ્યવહારે વ્યવહાર છે ને. કહો! સમજાણું કાંઈ?

આચાર્ય આ બન્ને નયોમાં નિશ્ચયનયને સાચો કહે છે, એ તો ૧૧મી ગાથા છે. **'અને વ્યવહારનયને અભૂતાર્થ કહે છે.'** ૧૧મી ગાથા 'સમયસાર' **'ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।'** અહીંયા એ જ વ્યાખ્યા છે, 'અમૃતચંદ્રાચાર્ય'ની. સમજાણું કાંઈ? ઝગડા! નયના ઉકેલ માટે, આત્માના ઉકેલ માટે નયો છે. ત્યારે હવે ગુંચવણ માટે કરી નાખી.

**ટીકા :– 'ભૂતાર્થ નામ સત્યાર્થનું છે.'** જુઓ! આવ્યું ને? સાચાનું નામ ભૂતાર્થ છે, સાચાનું નામ ભૂતાર્થ છે. ખોટાનું નામ અભૂતાર્થ છે. ખોટું ખોટારૂપે તો સાચું છે કે નહિ? કે, ખોટો ખોટારૂપે નથી તો પછી એ ખોટો સાચો ઠર્યો જ નહિ, ખોટો ઠર્યો. જૂઠા બોલો જૂઠા બોલાપણે તો સાચો છે કે નહિ? સાચો એટલે એમ છે કે નહિ? કે છે જ નહિ? 'પંડિતજી'! તો સાચુ શું છે? લ્યો!

**'ભૂત એટલે જે પદાર્થમાં હોય તે અને અર્થ એટલે 'ભાવ'.'** સમજાણું? **'ભૂત એટલે**

**જે પદાર્થમાં હોય તે અને અર્થ એટલે 'ભાવ'. તેને જે પ્રકાશે,...'** એમાં હોય એને પ્રકાશે, પદાર્થમાં હોય એને પ્રકાશે. સમજાણું? પદાર્થમાં જે ભાવ હોય એને પ્રકાશે એમ કહે છે. ન હોય એને? એમ નહિ, ભૂતાર્થ તો જે હોય એને કહે છે. **'પદાર્થમાં હોય તે અને અર્થ એટલે ભાવ...'** એમ. સમજાણું? એમ કહ્યું આમાં. તત્ત્વાર્થ છે ને? **'ભૂત એટલે જે પદાર્થમાં હોય તે અને અર્થ એટલે 'ભાવ'. તેને જે પ્રકાશે,...'** અહીં તો એમાં ભાવ હોય તેને પ્રકાશે એ સિદ્ધ કરવું છે. **'તેને જે પ્રકાશે, બીજી કલ્પના ન કરે...'** સમજાય છે? એમાં બીજું કાંઈ ન હોય. જે ભાવ અખંડ જ્ઞાયકભાવ, જ્ઞાયકભાવને પ્રકાશે, **'બીજી કલ્પના ન કરે તેને 'ભૂતાર્થ' કહીએ.'** તેને સાચું કહીએ. સમજાણું કાંઈ? એકલો જ્ઞાયકભાવમાં જ્ઞાયકભાવને પ્રકાશે એમાં રાગ ને દ્વેષ ને ભેદને નહિ એવા ભાવને, એવા નયને સત્યાર્થ, ભૂતાર્થ, સાચું કહીએ. કહો! સમજાણું આમાં?

**'જેમ કે સત્યવાદી સત્ય જ કહે,...'** સાચા બોલનારો તો સાચી જ વાત કરે. **'કલ્પના કરીને કહે નહિ.'** જરીએ કલ્પના કરીને કહે નહિ. જેમ હોય તેવું સાચે સાચું સત્યવાદી કહે. **'તે જ બતાવીએ છીએ. જોકે જીવ અને પુદ્ગલનો અનાદિથી એકક્ષેત્રાવગાહ સંબંધ છે,...'** જુઓ! જીવ અને પુદ્ગલનો અનાદિથી એકક્ષેત્રમાં વ્યાપવામાં સંબંધ છે. **'બન્ને મળેલા જેવા દેખાય છે...'** બન્ને મળેલા જેવા દેખાય છે, મળેલા નથી. મળેલા નથી, મળેલા જેવા દેખાય છે. મળે શું? ધૂળ. બન્ને કીધું. **'બન્ને મળેલા જેવા...'** બન્ને મળેલા (કહ્યા) તો બે રહ્યા ને મળેલા જેવા દેખાય એનો અર્થ શું? કે, બે આમ સંયોગમાં દેખાય છે.

**'તોપણ નિશ્ચયનય આત્મદ્રવ્યને શરીરાદિ પર દ્રવ્યોથી ભિન્ન જ પ્રકાશે છે.'** જોયું? તોપણ નિશ્ચયનય આત્મદ્રવ્યને શરીરાદિ, રાગાદિ બધાથી, હોં! નિશ્ચયનય ભગવાન આત્માને શરીર, વાણી, કર્મ, રાગ-દ્વેષ એ બધા પરદ્રવ્યોથી ભિન્ન જ પ્રકાશે છે. એ ભલે કર્મથી ને શરીરથી ભિન્ન પ્રકાશે છે એનો અર્થ ઇ થઈ ગયો કે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેતા રાગથી પણ ભિન્ન પડી જાય છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યથી ભિન્ન પ્રકાશે છે એટલે પરના લક્ષથી છૂટીને સ્વદ્રવ્યમાં આવે છે ત્યારે પરદ્રવ્યથી ભિન્ન થયો, ત્યારે રાગથી પણ ભિન્ન થઈ ગયો.

મુમુક્ષુ :– મળેલા -

ઉત્તર :– મળેલા, એક સાથે દેખાય છે. દૂધ ને પાણી એક સાથે દેખાય છે પણ છે ભિન્ને ભિન્ન. દૂધ તે દૂધ ને પાણી તે પાણી. સમજાણું?

**'તે જ ભિન્નતા મુક્તિ દશામાં પ્રગટ થાય છે.'** છે વર્તમાનમાં એવું જ છે તે ભિન્નતા મુક્તિને પ્રગટ થાય છે, **'માટે નિશ્ચયનય સત્યાર્થ છે.'** માટે તે નિશ્ચયનય સાચી છે. સાચું કથન કરે, સાચું જ્ઞાન, સાચી વાણી, સાચું દેશ, એ નિશ્ચયનય સાચી છે, લ્યો! પછી વ્યવહારની વાત કરશે. પેલામાં વ્યવહારથી શરૂ થયું. નિશ્ચય કાલે પૂરું થયું ...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



## પ્રવચન નં. ૬ ગાથા–૫ રવિવાર, માગશર વદ ૯, તા. ૦૧-૦૧-૧૯૬૭

### [ મૂળ પ્રવચન હિન્દીમાં છે, તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે. ]

આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' 'અમૃતચંદ્રાચાર્ય' કૃત છે. પાંચમી ગાથા ચાલે છે. છે? ગુજરાતી છે કે હિન્દી છે? ઠીક! શું કહે છે? જુઓ! 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર મુનિ થયા છે. ભગવાન પછી ૬૦૦ વર્ષે 'કુંદકુંદાચાર્ય' દિગંબર સંત સંવત ૪૯ માં ભરતક્ષેત્રમાં બિરાજમાન હતા. એમણે જે 'સમયસાર' આદિ શાસ્ત્ર રચ્યા એની ટીકા કરનાર 'અમૃતચંદ્રાચાર્ય' આજથી ૯૦૦ વર્ષ પહેલા મહા દિગંબર સંત મુનિ વનવાસી હતા. ત્રણ શાસ્ત્રની તો એમણે ટીકા કરી. 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય'. આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય', 'તત્ત્વાર્થ સાર' આદિ ગ્રંથ એમણે રચ્યા છે. એમાં આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ની પાંચમી ગાથા ચાલે છે. જુઓ!

**निश्चयमिह भूतार्थं व्यवहारं वर्णयन्त्यभूतार्थम्।**
**भूतार्थबोधविमुखः प्रायः सर्वोऽपि संसारः।।५।।**

શું કહે છે? જરી સૂક્ષ્મ વાત છે.

**ભાવાર્થ :– 'ભૂતાર્થ નામ સત્યાર્થનું છે.'** ભૂત છતો જે મોજૂદગી ચીજ છે, ત્રિકાળ મોજૂદગી હયાતીવાળી ચીજ છે તેને અહીંયા ભૂતાર્થ કહે છે. ભૂત કહીએ, પદાર્થ ... અર્થ, અર્થ કહેતાં ભાવ, અહીં એમ લેવું છે. આત્મામાં ત્રિકાળ ભાવ જ્ઞાયકભાવ છે. સમજાય છે કાંઈ? આત્મામાં જ્ઞાયકભાવ ભૂત, છતો, મોજૂદગી ભાવ છે તેને બતાવનાર નિશ્ચયનય છે અથવા તે પોતે જ નિશ્ચયનય છે. સૂક્ષ્મ વાત આવી.

**'ભૂતાર્થ નામ સત્યાર્થનું છે.'** સત્ય વસ્તુ, સત્. જે આત્મા ધ્રુવ જ્ઞાયકભાવ શુદ્ધભાવ પરમભાવ એવો ભાવ ધરનાર આત્મા, તે જ ભાવ સત્ય છે, ભૂતાર્થ છે, સાચો છે. તેને બતાવનાર નયને નિશ્ચયનય કહેવામાં આવે છે. સાચું જ્ઞાન ભૂતાર્થને બતાવે છે. નયનું જ્ઞાન તે સાચું જ્ઞાન એમ અર્થ કર્યો. નય નામ સાચા જ્ઞાનનો અંશ યથાર્થ વસ્તુને બતાવે છે. આત્મા, જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય એને જેને આત્માનો ધર્મ કરવો હોય તો એ ધર્મ કઈ રીતે થાય છે? કે આત્મામાં કાયમ જ્ઞાયકભાવ ભૂત–છતો, મોજૂદ ભર્યો છે. તેની અંતર દૃષ્ટિ કરવાથી, કેમકે એ સત્યાર્થ પદાર્થ છે, સત્યાર્થ પદાર્થની અંતર દૃષ્ટિ કરવાથી સત્યની પ્રતીતિ સમ્યગ્દર્શન એ કારણે થાય છે. 'શોભાલાલજી'! ઝીણી વાત છે.

મુમુક્ષુ :– ખરી વાત છે.

ઉત્તર :– ખરી વાત છે. ખરી વાત આ છે. નિશ્ચય કહો! સત્ય કહો! ખરી કહો! યથાર્થ કહો! વાસ્તવિક કહો. જેવો એનો ભાવ મોજૂદગીમાં હયાતીમાં છે તેને જ નિશ્ચય કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

www.vitragvani.com



કહે છે કે, **'તેને જે પ્રકાશે,...'** એવા આત્મામાં જ્ઞાયકભાવ ત્રિકાળ (છે). રાગ, શરીર, કર્મ નહિ અને શરીર, કર્મના લક્ષે ઉત્પન્ન થયેલા પુણ્ય-પાપના ભાવ પણ આત્માના મૂળ ભાવમાં નથી. આ વ્યવહાર વ્યવહાર કહે છે ને? દયા, દાન, વ્રત વિકલ્પ એ શુભરાગ છે ખરો પણ તે છતા ભાવ જ્ઞાયકભાવમાં એ છે જ નહિ. સમજાય છે કાંઈ? એ જ્ઞાયકભાવ જે યથાર્થ સત્યાર્થ વાસ્તવિક સત્ય સ્વરૂપ છે તેને શરીર, વાણી, મનથી ભિન્ન કરી અને શરીર, વાણી, મન, કર્મના લક્ષે થયેલા (ભાવ), જો પરનું લક્ષ છોડી અંદર ભૂતાર્થનું લક્ષ કરે તો એનું શરીરાદિ પરદ્રવ્યનું તો લક્ષ છૂટે છે પણ એ રાગાદિ વિકલ્પ છે તેનું પણ લક્ષ છૂટી જાય છે. ત્યારે જ્ઞાયકભાવ ચૈતન્ય સ્વરૂપની દૃષ્ટિ એને થાય છે. તેનું નામ નિશ્ચયનય, યથાર્થનય, વ્યાજબી સત્યનું શરણ લીધું એમ કહેવામાં આવે છે. આહા..!

અંતર વસ્તુ ભૂતાર્થ કહ્યું ને? ધ્રુવ! જે ભાવ અંદરમાં છે **'તેને જે પ્રકાશે,...'** અંતર જ્ઞાનમાં ત્રિકાળભાવ ચૈતન્ય સ્વભાવ જ્ઞાનમાં પ્રકાશે અથવા એ ભાવ જણાવે તેને નિશ્ચય કહે છે. **'બીજી કલ્પના ન કરે તેને ભૂતાર્થ કહીએ.'** બીજી કલ્પના ન કરે. બીજી રીતે એમાં રાગાદિ છે, શરીરાદિ છે, કર્મ આદિ છે એવી કલ્પના ન કરે. સમજાય છે કાંઈ? **'તેને ભૂતાર્થ કહીએ.'** તેને અહીંયા ભૂતાર્થ જ્ઞાયક મૂળ ચીજ છે આ. (એમ કહે છે). અનંતકાળથી એ નિશ્ચય સત્યાર્થ ચીજ શું છે તેની એણે રુચિ કરી જ નથી, દૃષ્ટિ કરી જ નથી. એકલો વ્યવહાર.. વ્યવહાર.. વ્યવહાર (કર્યો). શરીરની ક્રિયા, મનની ક્રિયા, વાણીની ક્રિયા, દયા, દાનના પરિણામ, શુભાશુભભાવની દૃષ્ટિ રાખી કે જે અભૂતાર્થ છે. ત્રિકાળ ચીજમાં એ નથી. અભૂતાર્થ છે, અસત્યાર્થ છે એનું લક્ષ કર્યું, એનું અસ્તિત્વ સ્વીકાર્યું એ દૃષ્ટિ તો સંસાર, મિથ્યા સંસાર છે. સમજાય છે કાંઈ?

કહે છે, **'બીજી કલ્પના ન કરે તેને ભૂતાર્થ કહીએ. જેમ કે સત્યવાદી સત્ય જ કહે, કલ્પના કરીને કહે નહિ.'** જેવું હોય એવું કહે. સમજાય છે? આ કહ્યું હતું ને? અફીણનો કેસ ચાલ્યો હતો. ત્રણ કલાક કેસ ચાલ્યો. ઉંમર ૧૭ વર્ષની. અમારા બધા સગાંવહાલાને એમ થયું કે આ તે... ત્રણ કલાક કેસ (ચાલ્યો). એક દિ'. (સંવત) ૧૯૬૩ માં. મહિનાનો ત્રણ હજારનો પગારદાર (જજ હતો). તે દિ' ત્રણ હજાર, હોં! માસિક. ૧૯૬૩ ની સાલ. ત્રણ કલાક કોર્ટમાં (ગયેલા). અમારા નાના ભાઈ કહે, ભાઈ! કેમ થયું? મેં કીધું, આપણે સત્ય હતું એ કહેવું હતું, સત્ય હતું એ કહેવું છે. આપણે કલ્પના કરવી નહોતી કે બીજું કાંઈ કરવું નહોતું એટલે મુંઝવણ હતી નહિ. 'પ્રવીણભાઈ'! આ વાત બનેલી, સમજાય છે? બહાર નીકળ્યા એટલે. ત્રણ કલાક મારી સાક્ષી હતી. ૧૭ વર્ષની ઉંમર. (સંવત) ૧૯૪૬ માં જન્મ અને ૧૯૬૩ માં પેલો મોટો ગોરો, ત્રણ હજારનો માસિક પગાર, તે દિ'! સમજાય છે? ત્રણ કલાક (ચાલ્યું). બહાર નીકળીને નાનો ભાઈ કહે, કેમ શું થયું? અહીં તો જેવી સત્ય વાત હતી તે કહી દીધી. આપણે કલ્પના કરીને ક્યાં ગોઠવવી છે?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એમ સત્યવાદી તો જે છે તેમ કહે, કલ્પના કરીને ન કહે કે આમ ગોઠવાશે તો આમ થશે, આમ ગોઠવાશે તો આમ થાશે, એમ કંઈ છે નહિ. સત્યવાદી.. છે ને? **'સત્ય જ કહે, કલ્પના કરીને કહે નહિ.'** જૂઠું કંઈક ગોઠવવું હોય તો કલ્પના થાય. સત્ય તો સત્ય જ છે. ત્રિકાળ જ્ઞાયકભાવ અનંત ગુણરાશી પ્રભુ આત્મા બિરાજમાન છે તેને નિશ્ચયનય બતાવે છે. અને તેની દૃષ્ટિ કરવી, તેની દૃષ્ટિ કરવી તે જ પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શનરૂપી ધર્મ, આત્માનો સાક્ષાત્કાર થાય છે તેને અહીંયા ધર્મ કહે છે. સમજાય છે કાંઈ?

**'તે જ બતાવીએ છીએ. જોકે જીવ અને પુદ્‌ગલનો અનાદિથી એકક્ષેત્રાવગાહ સંબંધ છે,...'** ભગવાન આત્મા જીવ અને આ પુદ્‌ગલ કર્મ, શરીરાદિ, અનાદિથી એકક્ષેત્રાવગાહ– એક ક્ષેત્રમાં વ્યાપક દેખાય છે. ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યપ્રભુ અને શરીર, કર્મ આદિ રાગ પણ એમાં, એકક્ષેત્રાવગાહ, એક ક્ષેત્રમાં સાથે દેખાય છે. **'બન્ને મળેલા જેવા દેખાય છે...'** દૂધ અને પાણી જેમ ભેગા હોય એમ દેખાય. આત્મા અને શરીર, કર્મ તો ભિન્ન છે. શરીર જડ છે, કર્મ જડ છે અને કર્મના લક્ષે ઉત્પન્ન થયેલા પુણ્ય-પાપના ભાવ પણ ખરેખર તો એ અજ્ઞાન, અચેતન, જડ છે. કેમકે પુણ્ય-પાપના ભાવમાં જ્ઞાનભાવનો અભાવ છે. જ્ઞાન ચૈતન્યભાવ, ચૈતન્યભાવ, જ્ઞાયકભાવમાં અજ્ઞાન એવા રાગભાવનો અભાવ છે અને રાગભાવ–પુણ્ય-પાપના ભાવમાં જ્ઞાનભાવનો અભાવ છે. આવું ભેદજ્ઞાન એણે કળીયુગમાં કદી સાંભળ્યું નથી અને સાંભળ્યું તો અંતરમાં ભેદજ્ઞાન કરવાનો પ્રયાસ કર્યો નથી. નહિતર સત્ય તો ત્યાં મળે છે, કહે છે. એક ક્ષેત્રમાં રહેવા છતાં પુણ્ય-પાપ, કર્મ, શરીર (અને) ભગવાન આત્મા, છતાં બન્ને ભિન્ન છે, બે એક થયા નથી, એક નથી. કહો! સમજાય છે કાંઈ?

**'એકક્ષેત્રાવગાહ સંબંધ છે, બન્ને મળેલા જેવા દેખાય છે...'** એમ બે વાત કરી. અવગાહ છે, મળેલા જેવા દેખાય છે. **'તોપણ નિશ્ચયનય આત્મદ્રવ્યને શરીરાદિ પર દ્રવ્યોથી ભિન્ન જ પ્રકાશે છે.'** અંતર નિશ્ચયદૃષ્ટિ આત્માને એકસાથે ક્ષેત્રમાં દેખાવા છતાં, મળેલા જેવા દેખાવા છતાં સત્યદૃષ્ટિ શરીર, કર્મથી આત્માને ભિન્ન દેખાડે છે. કહો! સમજાય છે કાંઈ? પ્રથમ મૂળ ચીજ આ છે. આ સમજ્યા વિના સમ્યગ્દર્શન વિના જે કાંઈ દયા, દાન, વ્રતાદિના પરિણામ કરે એ બધાથી મિથ્યાત્વ સહિત પુણ્ય બંધાય છે. એને મિથ્યાત્વ સહિત પુણ્ય બંધાય છે. આત્માની શાંતિ અને આત્માનો ધર્મ અંતર જ્ઞાયકભાવ, નિશ્ચયનય કહે છે એમ અંતરમાં સમજે, અનુભવ કરે તો એને સમ્યક્ સત્યનો પત્તો લાગે અને સમ્યગ્દર્શન થાય. સમજાય છે કાંઈ?

કહે છે, **'નિશ્ચયનય આત્મદ્રવ્યને શરીરાદિ પર દ્રવ્યોથી ભિન્ન જ પ્રકાશે છે.'** શરીરાદિ શબ્દ ભલે લીધો છે. પરદ્રવ્યથી ભિન્ન બતાવે છે, એમ વાત કરે છે. પરદ્રવ્ય શરીર, વાણી, કર્મથી ભિન્ન દેખાડ્યો તો એનો અર્થ એ થયો કે અંતર આ ચીજથી ભિન્ન છે તો પરલક્ષથી

www.vitragvani.com



ભિન્ન છે, તો લક્ષ છૂટવાથી પોતાના આત્માના જ્ઞાયકભાવનું લક્ષ થયું તો રાગથી પણ ભિન્ન પડી ગયો. સમજાય છે કાંઈ? આ તત્ત્વની માણસને ... આ વ્યવહારધર્મ ને નિશ્ચયધર્મ ને ફલાણો ધર્મ. પણ ભાઈ! નિશ્ચય એટલે આ. એ નિશ્ચયના ભાનસહિત થયા પછી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના શુભભાવ થાય છે તેને વ્યવહારધર્મ કહે છે. જે પુણ્યબંધનું કારણ છે તેને વ્યવહારધર્મ કહેવામાં આવે છે. પણ આવી દૃષ્ટિ, અનુભવ અને નિશ્ચય નહિ હોય તો તેને તો વ્યવહાર જ નથી. સમજાય છે કાંઈ?

કહે છે, '**તે જ ભિન્નતા મુક્તિ દશામાં પ્રગટ થાય છે.**' કહે છે, ભિન્નતા બતાવીએ છીએ એ ભિન્નતા મુક્તદશા વિષે પ્રગટ દેખાય છે. અંદરથી છૂટો પડ્યો. હું શરીરાદિથી ભિન્ન છું, મારા દ્રવ્યસ્વભાવથી હું અભિન્ન છું, મારા દ્રવ્યના સ્વભાવથી અભિન્ન છું. આત્મા વસ્તુ છે, તેનો ત્રિકાળી જ્ઞાયક ચૈતન્ય સ્વભાવભાવથી અભિન્ન છું અને આ પરદ્રવ્યથી ભિન્ન છું. એમ થતાં વર્તમાનમાં તેની દશામાં મુક્તપણું ભાસે છે અને જ્યારે સર્વથા મુક્તિ થાય ત્યાં સર્વથા છૂટી જાય છે. સમજાય છે કાંઈ?

'**તે જ ભિન્નતા મુક્તિ દશામાં પ્રગટ થાય છે.**' અર્થાત્ બે પ્રકાર છે. ભિન્નતા છે એવી અંતરમાં દૃષ્ટિ કરવાથી ત્યાં પ્રગટ ભિન્ન છે એમ ભાસે છે. અને પછી સર્વથા ભિન્ન પડી જાય ત્યારે તો પ્રગટ ભાસે જ છે કે આત્મામાં રાગ અને શરીર હતા નહિ તો ભિન્ન પડી ગયા. આત્મામાં પુણ્ય-પાપના ભાવ હતા નહિ, શરીર, કર્મ હતા નહિ તો છૂટી ગયા. નહોતા તેથી છૂટી ગયા, હોય તો છૂટે નહિ. સમજાય છે કાંઈ? આહા..! મૂળ રકમની ખબર ન મળે અને ઉપરની રકમની બધી વાતું કરે એમાં કાંઈ પત્તો લાગે નહિ.

એને અનંતકાળ થયો. ચૈતન્ય મહાસત્તા પ્રભુ એક સમયમાં જેમાં અનંતા સિદ્ધ પરમાત્મા અંદરમાં ભર્યા છે. એક આત્મામાં અનંતા સિદ્ધ પડ્યા છે. પર્યાય છે ને? સિદ્ધ પર્યાય છે. એવી અનંતી પર્યાય પ્રગટ થવાની શક્તિનું મૂળ સરોવર તો આત્મા છે. આત્મા એ સરોવર, સમુદ્ર, દરિયો છે. એમાંથી અનંતા પરમાત્મા વહે છે. પરમાત્મા, હોં! એક સમયની પરમાત્મદશા, બીજા સમયની, ત્રીજા સમયની. સાદિ અનંત પરમાત્મા. સાદિ અનંત એક સિદ્ધની પરમાત્મ દશા આત્માના સ્વભાવમાં પડી છે. એમાં કોઈ રાગ, દ્વેષ, શરીરાદિ નથી તો નિશ્ચયદૃષ્ટિ કરવાથી વર્તમાનમાં મુક્તપણું ભાસે છે, છૂટું છે તો મુક્તપણું ભાસે છે. એમ કહે છે. સમજાય છે કાંઈ? અને સર્વથા મુક્ત થાય ત્યાં તો પ્રગટ વ્યવહારનયે પણ કહેશે કે છૂટું છે. એમ અહીં કહેશે. સમજાય છે કાંઈ? '**માટે નિશ્ચયનય સત્યાર્થ છે.**' તેથી સાચી દૃષ્ટિ કરવી અને સાચી દૃષ્ટિના વિષયને દૃષ્ટિમાં લેવો તે જ સત્ય છે.

'**વળી અભૂતાર્થ નામ અસત્યાર્થનું છે.**' અહીં સુધી તો આપણે કાલે આવ્યું હતું, અહીં સુધી કાલે આવ્યું હતું. હવે અભૂતાર્થ બીજો શબ્દ છે ને? '**અભૂત એટલે કે જે પદાર્થમાં ન હોય તે અર્થ એટલે ભાવ,...**' જેમાં જે ભાવ ન હોય તેને અભૂતાર્થ કહે છે. '**તેને જે**

www.vitragvani.com



**પ્રકાશે અનેક કલ્પના કરે...'** જુઓ! અનેક કલ્પના કરે કે આત્મામાં રાગ છે, શરીરનો સંબંધ છે, કર્મનો સંબંધ છે કે નહિ? કર્મનો સંબંધ છે કે નહિ? શરીરનો સંબંધ છે કે નહિ? રાગનો સંબંધ છે કે નહિ? સંસાર છે કે નહિ? મલિનતા છે કે નહિ? એ અભૂતાર્થ પદાર્થમાં નથી એવા પદાર્થની કલ્પના વ્યવહારનય કરે છે. સમજાય છે કાંઈ? **'અનેક કલ્પના કરે તેને અભૂતાર્થ કહીએ.'**

**'પદાર્થમાં ન હોય તે અર્થ એટલે ભાવ,...'** ભગવાન આત્માને ખરેખર તો શરીરનો સંબંધ પણ નથી, કર્મનો સંબંધ નથી તો ભાવકર્મનો સંબંધ પણ નથી. પુણ્ય-પાપનો જે રાગ છે તેનો પણ આત્મામાં સંબંધ નથી, એ અભૂતાર્થ છે. વ્યવહારનય તેને પ્રકાશે છે. છે, છે, છે એમ વ્યવહારનય કલ્પના કરીને આત્મામાં વિકાર છે, આત્મામાં શરીર છે, આત્મામાં કર્મ છે, સમજાય છે? આત્મા કર્મ બાંધે છે, આત્મા કર્મ છોડે છે એમ પરના સંબંધની કલ્પના કરીને વ્યવહારનય એ રીતે કહે છે. સમજાય છે કાંઈ? અભૂતાર્થ, લ્યો!

**'જેમ જૂઠું બોલનાર માણસ જરાપણ કારણનું બહાનું–છળ પામે...'** છળ એટલે બહાનું. બહાનું કહે છે ને? થોડું કંઈક બહાનું દેખી. **'જૂઠું બોલનાર માણસ જરાપણ કારણનું બહાનું–છળ પામે તો અનેક કલ્પના કરી તાદૃશ કરી બતાવે.'** અજ્ઞાની તો તાદૃશ કરી દેખાડે, લ્યો! ખોટી વાત હોય, તદ્દન જૂઠી હોય. આ હતો, જુઓ! આ માણસ હતો, આ હતું, એક કામ નહિ અનેક કામ હતા. ઘણા પીંછા દેખાય ને? ઘણા પીંછા હોય તો ઘણા કાગડા હોય તો ઘણા પીંછા છે નહિ. જૂઠું બોલનાર અનેક કલ્પના કરીને અભૂતાર્થને છે એમ કહે છે. **'તાદૃશ કરી બતાવે.'** શું વિકાર નથી? વિકારનો સંબંધ નથી? છે, હવે સાંભળને. એ તો અભૂતાર્થ સંબંધ છે. સમજાય છે કાંઈ? શરીરનો સંબંધ નથી? બિલકુલ શરીરનો સંબંધ જ નથી? છે, તારે કલ્પના કરીને નિમિત્ત-નિમિત્ત સંબંધ સિદ્ધ કરવો છે ને? છે. પણ છે કરીને એ તો કલ્પના દૃષ્ટિથી સંબંધ છે, યથાર્થમાં સંબંધ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા ચૈતન્યજ્યોત પ્રભુ, સ્ફટિક રત્ન, ચૈતન્ય સ્ફટિક રત્ન, એની દૃષ્ટિ કરવી એ જ સમ્યગ્દર્શન અને નિશ્ચયનય છે. વ્યવહારનય તો કલ્પના કરી કહે છે. એમ છે નહિ. વિકાર ન હોય તો વિકારનો અભાવ કઈ રીતે કરશે? તો વિકાર છે કે નહિ? છે. કલ્પના કરીને વ્યવહારનય અનેક (વાત કરે). અંદર ખરેખર નથી. સ્વભાવમાં વિકાર નથી, સ્વભાવમાં કર્મ નથી, સ્વભાવને શરીરનો સંબંધ નથી. વ્યવહારનય એને કહે છે કે છે. બહાનું જોઈને, નિમિત્ત-નિમિત્ત સંબંધ છે ને? એટલો છળ દેખીને છે કહે. અને એક સમયનો વિકૃત ભાવ પણ ખરેખર તો સ્વભાવમાં નિમિત્ત સંબંધ છે, હોં! એ પણ હોં! વ્યવહાર છે ને? વ્યવહાર એ અસત્ય થયો, પર થયો. રાગાદિ ભાવ વ્યવહાર નામ પુણ્ય આદિ ભાવ પર થઈ ગયા. છે કે નહિ? પણ એ તો કલ્પના કરીને છે એમ કહે, વસ્તુમાં ક્યાં છે?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'શાંતિભાઈ'! ભારે ઝીણી વાત, ભાઈ!

ભગવાન આત્મા, જેને અહીંયા નિશ્ચય કહે છે તે તો જે ભાવ તેનામાં છે તેને બતાવવા તે નિશ્ચયનો વિષય છે. એમાં નથી છતાં છે એવી કલ્પના સંબંધથી, એકક્ષેત્રાવગાહ સંબંધથી અથવા એક સમયની વિકૃત પર્યાયનો અંશ, આખો સમુદાય ત્રિકાળ આનંદકંદમાં એક કૃત્રિમ અંશ જોઈને, છળ જોઈને આત્મામાં એ છે એવી કલ્પના વ્યવહારનય કરે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'જો કે જીવ અને પુદ્ગલની સત્તા ભિન્ન છે,...'** જો કે ભગવાન આત્મા અને પુદ્ગલનું હોવાપણું, સત્ત્વ–હોવાપણું ભિન્ન છે. બે આંગળીમાં એક આંગળીનું સત્ત્વ બીજી આંગળીના સત્ત્વથી ભિન્ન છે. સત્ત્વ નામ સત્તા, હોવાપણું. આ આંગળીમાં બીજી આંગળીના હોવાપણાનો અભાવ છે. એમ આત્મામાં શરીરના હોવાપણાનો અભાવ છે. આત્મામાં પુદ્ગલના હોવાપણાનો અભાવ છે. એમ આત્મામાં ખરેખર તો વિકારના હોવાપણાનો અભાવ છે. સમજાય છે કાંઈ? એ બધા પુદ્ગલ જ છે. એક કોર જ્ઞાનભાવ, એક કોર અજ્ઞાનભાવ. જ્ઞાનભાવ જે સર્વજ્ઞપદ એ આત્મા. અને અજ્ઞાનભાવ જે પુણ્ય-પાપ, શરીર, કર્મ એ અજ્ઞાનભાવ. બન્ને ભિન્ન ભિન્ન છે, બન્નેનું સત્ત્વ ભિન્ન છે, બન્નેનું સામર્થ્ય ભિન્ન છે, બન્નેનું લક્ષ ભિન્ન છે, બન્નેનું ફળ ભિન્ન છે. સમજાય છે કાંઈ?

**'પુદ્ગલની સત્તા ભિન્ન છે, સ્વભાવ ભિન્ન છે.'** લ્યો! ભગવાન આત્માનો જ્ઞાયક સ્વભાવ છે, રાગાદિનો વિકાર સ્વભાવ છે, શરીરાદિનો પણ અચેતન સ્વભાવ છે. સત્ત્વ ભિન્ન, **'સ્વભાવ ભિન્ન, પ્રદેશ ભિન્ન.'** ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી શુદ્ધ સ્વભાવનો પિંડ છે તે પ્રદેશ ભિન્ન છે અને પુણ્ય-પાપની કલ્પના, શરીર, વાણી, કર્મના પ્રદેશ પણ ખરેખર તો ભિન્ન છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ, રત્ન, ચૈતન્ય રત્નાકરના ક્ષેત્રનો અંશ–ભેદ ભિન્ન છે અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, શરીર, કર્મના પ્રદેશભેદ, ક્ષેત્રભેદ, અંશભેદ એ સ્વભાવથી તદ્દન ભિન્ન છે. બન્નેનું એક ક્ષેત્ર નથી. આરે..આરે...! 'નવરંગભાઈ'! રાગનું ક્ષેત્ર ભિન્ન. એ તો સંવર (અધિકારમાં) આપણે આવી ગયું. સંવરમાં આવી ગયું. એ અધિકારનો વિસ્તાર હમણાં 'અમદાવાદ' માં ખૂબ વાંચ્યો. પાછળથી લીધો હતો, છેલ્લેથી ત્રીજે દિવસ. જો કીધું આ વાત ઝીણી પડે એટલે બે દિ' નથી લીધી, પછી ત્રીજે દિવસે લીધી.

આત્માનો સ્વભાવ અને વિકાર, બે વચ્ચે આધારઆધેય સંબંધ નથી. સ્વભાવ આધાર અને વિકારના આધારે આધેય રહે, એમ નથી અને વિકાર આધેય અને આત્મા આધાર, આત્માના આધારમાં વિકાર રહે છે, એમ નથી. સમજાય છે કાંઈ? બહુ સૂક્ષ્મ વસ્તુ છે. એને મનુષ્યપણું અનંત વાર મળ્યું, ત્યાગી પણ અનંત વાર થયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' આત્મજ્ઞાન વિના એ દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં રખડ્યો. સમજાય છે કાંઈ?

www.vitragvani.com



કહે છે, ભગવાન આત્મા તો ચૈતન્ય સ્વભાવ છે અને પુણ્ય-પાપનો રાગ એ તો વિકાર સ્વભાવ છે. શરીર, કર્મનો અચેત સ્વભાવ છે અને ભગવાન આત્માનો જ્ઞાયકભાવ છે. બન્નેના ભાવ જ ભિન્ન છે. સ્વભાવ કહો કે ભાવ કહો. પહેલાં સત્ત્વ કહ્યું. હયાતી, મોજૂદગી ભિન્ન છે પછી બન્નેના સ્વભાવ ભિન્ન છે એમ કહ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? 'ધનજીભાઈ'! ભારે વાત, ભાઈ! આવી વાતું! બાપુ! પણ આ તો તારા મૂળ ઘરની આ વાત છે. તારું સત્ત્વ તો જ્ઞાયકભાવનું છે અને રાગાદિનું સત્ત્વ તો વિકારી છે. શરીર, કર્મનું અચેતન સત્ત્વ છે. બન્નેના સ્વભાવ ભિન્ન છે. સત્ત્વ ભિન્ન, સ્વભાવ ભિન્ન, પ્રદેશ ભિન્ન–ત્રણ લઈ લીધું. આહાહા..! સમજાણું કાંઈ? સંવરમાં તો ચાર બોલ લીધા હતા ને? કહ્યા હતા ને તે દિ'? સંવર (અધિકાર સમયસાર).

ભગવાન આત્મા સ્વભાવ, ચૈતન્ય સ્વભાવ, ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મ... સમજાણું? શ્રીફળનું દૃષ્ટાંત આપ્યું હતું. શ્રીફળ હોય છે ને? શ્રીફળ. નાળિયેર. નાળિયેર કહે છે ને? નાળિયેરમાં જે બહારના છાલા છે, ઉપર છાલા હોય છે ને? અને કાચલી છે અને કાચલી કોરની રાતડ છે. કાચલી કોરની રતાશ. ત્રણ બોલ છે ને? સંવર અધિકારમાં ત્રણ બોલ છે તેથી આ દૃષ્ટાંત ત્યાં લીધું હતું. શ્રીફળ નાળિયર છે એમાં એક બાજુ છાલા છે, છાલા પછી કાચલી અને કાચલી કોરની રાતડ છે. રાતડ હોય છે ને? ટોપરાપાક કરે છે ને? તો ખમણ કરવામાં લાલ લાલ રંગની રાતડ છે એ કાઢી નાખે છે ને? લાલ રંગની ઝીણી પાતળી છાલ એ બધી કાચલી કોરની ચીજ છે. 'શોભાલાલભાઈ'! એ સફેદ મીઠા ગોળાની વસ્તુ નથી.

એમ ભગવાન આત્મા જ્ઞાયક મીઠો આનંદગોળો છે. સફેદનો અર્થ શુદ્ધ અને મીઠાશનો અર્થ આનંદ. આત્મા તો શુદ્ધ આનંદકંદનો ગોળો છે, એ આત્મા છે. અને પુણ્ય-પાપના ભાવ એ છાલ છે. (શ્રીફળની) લાલ છાલ છે (એમ). સમજાય છે કાંઈ? અને કાચલી છે તે આઠ કર્મ છે અને આ શરીર છે તે છાલા છે. સમજાય છે કાંઈ? એ ત્રણ કહીને, ભાવકર્મ–પુણ્ય-પાપના ભાવ, જડકર્મ–કાચલી અને છાલા–નોકર્મ, એમાં આત્મા નથી અને આત્મામાં એ નથી. કેમકે બેનું સત્ત્વ ભિન્ન છે, બેના સ્વભાવ ભિન્ન છે. સમજાય છે કાંઈ? અને બેના પ્રદેશ ભિન્ન છે. આહાહા..! સ્વભાવ ભિન્ન કહ્યું. સત્ત્વ ભિન્ન, સ્વભાવ ભિન્ન અને પ્રદેશ ભિન્ન (કહ્યું). ક્ષેત્ર પણ જુદું નાખ્યું છે. જે અંશમાં ઉત્પન્ન થાય છે, મલિન ક્ષેત્રના અંશમાં (ઉત્પન્ન થાય છે) એ ક્ષેત્ર સ્વભાવનું ક્ષેત્ર છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

બે વચ્ચે અત્યંત સ્વરૂપવિપરીતતા છે. પુણ્ય-પાપના ભાવમાં આત્મા નથી, આત્મામાં પુણ્ય-પાપના ભાવ નથી. કર્મ આત્મામાં નથી અને કર્મમાં આત્મા નથી. શરીરમાં આત્મા નથી, આત્મામાં શરીર નથી. હવે બે વચ્ચે અત્યંત સ્વરૂપ વિપરીતતા, ભેદ છે. સ્વભાવદૃષ્ટિએ.

www.vitragvani.com



સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના ભાવનું સ્વરૂપ, ચૈતન્ય સ્વરૂપ જે જ્ઞાયકભાવ નિશ્ચય સ્વરૂપ છે તેનાથી તદ્દન વિપરીત છે. કર્મ અને શરીરનું સ્વરૂપ તો વિપરીત છે જ. ત્રણેને અત્યંત સ્વરૂપ વિપરીતતા છે. જ્ઞાયકભાવ જે નિશ્ચય છે, તેનાથી અભૂતાર્થ ભાવ જે વ્યવહાર છે, બેનું સ્વરૂપ અત્યંત વિપરીત છે. અને બેમાં આધારઆધેય નથી.

જેમ પેલું સફેદ, ધોળું, મીઠું ટોપરું છે તે લાલના આધારે રહ્યું નથી. લાલપ છે ને? એને કાઢી નાખે છે છતાં ટોપરું રહે છે, એ કાઢી નાખવા છતાં રહે છે. જો લાલપના આધારે હોય તો લાલ નીકળ્યા ભેગો નાળિયેરનો પણ નાશ થઈ જાય. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા, જેમ પેલો સફેદ ગોળો લાલપના આધારે નથી, કાચલીના આધારે નથી, શરીરના આધારે નથી, એમ લાલપ–કર્મ અને શરીર આત્માના આધારે નથી. આત્માને આધારે હોય તો છૂટું ન પડી જાય. જુદા પડી જાય છે. આત્મા રહી જાય છે અને એ એને કારણે એને આધારે નીકળી ગયું. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા ચૈતન્યગોળો ભિન્ન નિશ્ચય સ્વરૂપ ભૂતાર્થ છે. તેને પુણ્ય-પાપનો આધાર નથી, પુણ્ય-પાપને આત્માનો આધાર નથી અને આત્માને એનો આધાર નથી અને પેલા પુણ્ય-પાપને આત્માનો આધાર નથી. આત્મા છે તો પુણ્ય-પાપ થાય છે એમ નથી અને પુણ્ય-પાપ છે તો આત્મા ટકે છે એમ નથી. સમજાય છે કાંઈ?

ભેદજ્ઞાન સૂક્ષ્મ વાત છે. 'ભેદજ્ઞાન હી જ્ઞાન હૈ, બાકી બૂરો અજ્ઞાન.' બાકી બધું અજ્ઞાન છે. અનંતકાળમાં એણે કદી ભેદજ્ઞાન કર્યું નથી. 'ભેદજ્ઞાન સાબુ ભયો, સમરસ નિર્મળ નીર, ધોબી અંતર આતમા, ધોવે નિજ ગુણ ચીર' 'બનારસીદાસ' થયા છે એમણે ભેદજ્ઞાનનું દૃષ્ટાંત આપ્યું છે. 'ભેદજ્ઞાન સાબુ ભયો, સમરસ નિર્મલ નીર' સાબુ દઈને પાણીમાં ધોવે છે ને? શું કહેવાય આપણે? તારવે. બીજી કાંઈક ભાષા છે. સ્ત્રીઓની ખાસ ભાષા છે. એ કાંઈક કહે છે. નાની ઉંમરમાં સાંભળેલી વાત એમ ને એમ રહી ગઈ છે. નદીમાં પાણી બહુ આવે ને? લાકડાના લઈને જાય. ખડકા! લાકડાના ખડકા લઈને જાય. ન્યાં વેળુમાં ક્યાં મારે? લાકડાના ખડકા ને .... છૂટા પાણીમાં ... તારવે. સમજાણું કાંઈ? એ આમ કરે એટલે પેલો મેલ જે હોય એ છૂટો પડી જાય.

એમ 'સમરસ નિર્મલ નીર' ભગવાન આત્મા રાગ-દ્વેષથી ભિન્ન. 'ભેદજ્ઞાન સાબુ ભયો, સમરસ નિર્મલ નીર' સ્વભાવ સન્મુખ થયો અને જે શાંતિનો અંશ આવ્યો તેમાં રાગના મેલનો નાશ થયો. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– સમરસ એટલે?

ઉત્તર :– સમરસ એટલે સમતા. રાગથી ભિન્ન પડ્યો ને? રાગથી ભિન્ન પડ્યો એટલો અરાગભાવ થયો તે સમરસ થયો. એમાં મેલ નીકળી ગયો. 'ધોબી અંતરાત્મા' એ અંતરાત્મા ધોબી છે. 'ધોવે નિજ ગુણ ચીર' પોતાના ગુણની દશામાં વિકાર છે તેને સ્વભાવ સન્મુખ

થઈને ધોવે છે. સમજાય છે કાંઈ? ક્યાં દરકાર છે? અત્યારે ખાવું-પીવું, લહેર (કરવી છે). ધર્મને બહાને બહારની ક્રિયા કરે છે તો થઈ ગયો ધર્મ, જાઓ! સમજ્યા? ધર્મ તે ક્યાં હશે? એક સેકંડનો ધર્મ જેને જન્મ-મરણના અંતનો ભણકાર બોલાવે. એક સેકંડનો ધર્મ જેને મુક્તિના પ્રયાણ બતાવે. નાશ–વ્યય, ઉત્પાદ. સમજાણું કાંઈ? આહાહા..!

ચૈતન્યપિંડ જ્ઞાયકભાવ જે ભૂતાર્થ નિશ્ચય છે તેમાં આ વ્યવહાર નથી. કેમકે બન્નેના પ્રદેશ ભિન્ન છે. ક્ષેત્ર ભિન્ન, આધાર ભિન્ન. ભગવાન આત્મા જ્ઞાયકભાવ છે તો પુણ્ય-પાપ, શરીર, કર્મ તે અજ્ઞાનભાવ છે. એમાં પણ તકરાર કરે છે. અજ્ઞાન કેમ કહો છો? એ બધું અજ્ઞાન જ છે, સાંભળને! ભાઈ! તને ખબર નથી. આ બધા રજકણ આંધળા છે. કર્મ આંધળા છે અને પુણ્ય-પાપભાવ પણ આંધળા છે. પુણ્ય-પાપ, શુભરાગ આંધળા છે. આહાહા..! એ શુભરાગ દયા, દાન, વ્રતનો ભાવ - રાગ આંધળો છે, રાગ છે. એ દેખતા નથી, દેખતો તો ભગવાન આત્મા છે. આહાહા..! આંધળા અને દેખતાનો સ્વભાવ ભિન્ન છે. એમ અંતરમાં દૃષ્ટિ કરવા આ વાત ગાથામાં કરે છે. 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'. પુરુષ નામ ચૈતન્યની પ્રાપ્તિનો ઉપાય. આ ઉપાય છે. સમજાય છે કાંઈ? હજી ૯ ગાથા સુધી તો ઉપોદ્‌ઘાત કરશે. દસમી ગાથાથી 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' શરૂ કરશે. અહીં તો હજી નવમી ગાથા સુધી ઉપોદ્‌ઘાત છે. ભૂમિકા બાંધે છે. આ 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત વનવાસી ૯૦૦ વર્ષ પહેલા દિગંબર સંત હતા. એ 'પુરુષાર્થસિદ્ધ-ઉપાય' માં પાંચમી ગાથામાં કહે છે કે, ભાઈ! તારા સ્વભાવનું સત્ત્વ અને રાગ, પુણ્ય-પાપનું સત્ત્વ ભિન્ન છે. તારા સ્વભાવનો ભાવ અને વિકારનો ભાવ ભિન્ન છે. તારા સ્વભાવના અંશરૂપ પ્રદેશ અને વિકારના પ્રદેશ અંશ ભિન્ન છે. કોઈનો કોઈની સાથે સંબંધ નથી. વ્યવહારનય સંબંધ છે એવી કલ્પના કરે છે. નિશ્ચયમાં નથી.

**'તોપણ એકક્ષેત્રાવગાહ સંબંધનું છળ (બહાનું) પ્રાપ્ત કરીને...'** છળ પ્રાપ્ત કરીને. એટલો જરીક ક્ષેત્રનો સંબંધ દેખીને વ્યવહારનય **'આત્મદ્રવ્યને શરીરાદિ પરદ્રવ્યથી એકપણું કહે છે,'** એક છે, એક છે, એક છે (એમ કહે છે). કોણ કહે છે? અભૂતાર્થ વ્યવહારનય. **'મુક્ત દશામાં પ્રગટ ભિન્નતા થાય છે એમ વ્યવહારનય પોતે જ ભિન્ન ભિન્ન...'** અહીં હવે સિદ્ધ કરે છે. પૂર્ણ દશા પ્રગટ થઈ ત્યાં સાથે રહ્યા નહિ, રાગાદિ રહ્યા નહિ તો વ્યવહારનય કહે છે કે, બે જુદા છે. સંસાર અને મોક્ષ બન્ને પર્યાય ભિન્ન છે, દ્રવ્ય ત્રિકાળ ભિન્ન છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'ભિન્ન ભિન્ન પ્રકાશવાને તૈયાર થાય છે. તેથી વ્યવહારનય અસત્યાર્થ છે.'** છૂટા, જુદા પડે ત્યારે વ્યવહારનય કહે છે કે બરાબર છે. પહેલા જુદા છે એમ નથી માનતી માટે (વ્યવહારનય) ખોટી છે. એમ કહે છે. જૂઠાનો ન્યાય આપ્યો છે. જુદા પડ્યા ત્યારે કહે છે કે બન્ને જુદા છે, પણ વર્તમાન જુદા છે એમ ન કહ્યું માટે તે નય જૂઠી છે. સમજાય

www.vitragvani.com



છે કાંઈ? સમ્યક્ દૃષ્ટિ શું છે અને સમ્યગ્દર્શનનો વિષય શું છે એ જ એણે અનંતકાળમાં લક્ષમાં લીધું જ નથી. બાકી બધું કર્યું. કરો, આ કરો, પુણ્ય કરો, ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો. બધો શુભરાગ છે. રાગ કરવાથી બંધ છે ક્રિયાથી નહિ, બહુ તો પુણ્ય છે, શુભભાવ છે. મનુષ્યદેહમાં વેશ બદલાઈ જશે તો કદાચિત્ સ્વર્ગનો દેવ (થશે). આત્મા બદલાશે નહિ. આત્મા બદલ્યા વિના એને કંઈ સુધારો થાય, એમ કદી બનતું નથી. શરીરના બદલવાથી આત્મામાં શું સુધારો થયો? સમજાય છે કાંઈ?

કહે છે, **'વ્યવહારનય અસત્યાર્થ છે.'** **'प्रायः भूतार्थबोधविमुखः सर्वोऽपि संसारः'** હવે કહે છે. પ્રાયઃ નામ વિશેષપણે ખાસ કરીને. ભૂતાર્થબોધ વિમુખ. સાચા તત્ત્વનો આત્મબોધ, જ્ઞાયકભાવ એ આત્મા, એવો બોધ, તેનાથી **'सर्वोऽपि संसारः'** **'અતિશયપણે સત્યાર્થ જે નિશ્ચયનય તેના જાણપણાથી ઊલટો...'** છે. શું કહે છે? **'भूतार्थबोधविमुखः सर्वोऽपि संसारः'** હવે એની વ્યાખ્યા–પ્રાયઃની વ્યાખ્યા. પ્રાય એટલે **'અતિશયપણે સત્યાર્થ જે નિશ્ચયનય...'** ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધભાવ તે જ સત્ય છે, એવો જે નિશ્ચયનય **'તેના જાણપણાથી...'** તેનું જ્ઞાનપણું. સ્વ સત્ત્વ સ્વભાવ અને પોતાના પ્રદેશ પરથી ભિન્ન છે એવું જાણપણું, તેનાથી ઊલટું. તેનાથી ઊલટું જાણપણું. **'જે પરિણામ (અભિપ્રાય)...'** હું રાગવાળો છું, હું પુણ્યવાળો છું, હું કર્મવાળો છું, હું શરીરવાળો છું એવો નિશ્ચનયના અભિપ્રાયથી ઊલટો અભિપ્રાય **'તે બધોય સંસાર સ્વરૂપ છે.'** એ અભિપ્રાય સંસાર સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? બાયડી, છોકરા સંસાર નથી, એમ કહે છે. બીડી સંસાર નથી. એટલે કંઈ રાખી શકે છે?

મુમુક્ષુ :– અભિપ્રાય સંસાર છે.

ઉત્તર :– અભિપ્રાય સંસાર છે. મકાન, બીડી, કરોડો રૂપિયા એ સંસાર છે એમ ભગવાન ના પાડે છે. સંસાર કોને કહે છે? સાંભળો! એની સામે મોક્ષ આવશે, હોં! ભગવાન આત્મા જ્ઞાયકભાવ શુદ્ધભાવ ધ્રુવભાવ અભેદભાવ આનંદભાવ એ નિશ્ચય, તેનું જ્ઞાન કરવું તે સાચું જ્ઞાન છે. એ જ્ઞાનથી વિપરીત બોધ (અર્થાત્) હું રાગવાળો, હું પુણ્યવાળો, હું શરીરવાળો, હું વિકાર છું એવું અજ્ઞાન, વ્યવહારનો બોધ તે પ્રાયઃ સંસાર છે. પ્રાયઃ એટલે અતિયશ કરી એ સંસાર છે. બધા સંસારી જીવો છે, એમ અહીંયા નથી. એ જ સંસાર છે. આત્માના સમ્યક્ નિશ્ચયબોધથી ઊલટો બોધ, વિપરીત બોધ તે જ સંસાર છે. બોધની વ્યાખ્યા એમ કરી. પછી અભિપ્રાય લીધો. સમજાય છે કાંઈ?

આત્મા પરનું કરી શકે છે, રાગનું કાર્ય મારું છે અથવા રાગ મારામાં છે, પુણ્ય મારામાં છે, શરીર મારામાં છે, કર્મ મારામાં છે, જે નથી એવા બોધથી ઊલટો. આત્મામાં વિકાર, શરીર, કર્મ એકક્ષેત્રાવગાહ સંબંધ હોવા છતાં, મળેલા જેવા દેખાતા છતાં અંદરમાં નથી. એમ બોધ જે નથી કરતો તે બોધથી વિમુખ છે. તો એને વ્યવહારનું જ્ઞાન છે. હું આવો છું, હું રાગવાળો છું, હું શરીરવાળો છું. એ બોધ વિપરીત મિથ્યાત્વભાવનો બોધ છે. અને

www.vitragvani.com



વિપરીત માન્યતાને અથવા વિપરીત બોધને, બોધ શબ્દ પડ્યો છે, એનો અર્થ અભિપ્રાય લીધો છે, એને ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવ' દિગંબર સંત, દિગંબર મુનિ. જંગલમાં વસનારા મુનિ કહે છે, જેને નિશ્ચયનો બોધ નથી અને નિશ્ચયથી વિરૂદ્ધ એકલા રાગાદિનો સંબંધ છે, મારા છે એવો બોધ છે તે જ મિથ્યા અભિપ્રાય સંસાર છે. એ સંસાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

'સંસરણ ઇતિ સંસાર' સ્વભાવથી ખસીને–હટીને, વિકાર, શરીર, કર્મ મારા છે અને એમાં હું છું, એ મારા છે, હું એમાં છું, આખો જ્ઞાયકભાવ એમાં છે અને એ મારા છે એવો અભિપ્રાય આખા નિશ્ચયનયના બોધથી વિપરીત–ઊલટો અભિપ્રાય, ઊલટું જ્ઞાન, ઊલટો બોધ, આ બોધ જ સંસાર છે. જુઓ! ભાષા. લ્યો! આ તો સંસાર ઊલટા બોધમાં લાવી દીધો. એમ કોઈક ટીકા કરે છે. સમજાય છે કાંઈ? અને મોક્ષ કહ્યો સુલટા બોધમાં, એમાં ખરેખર તો એમ છે. શું કહે છે સમજાય છે? આ તો હજી પહેલો સંસાર સિદ્ધ કરીએ છીએ. અહીં તો તમે લાવીને ક્યાં મૂક્યું? પણ આ દિગંબર આચાર્ય મુનિ છે એ કહે છે. પાંચમી ગાથા જો! છે? **'प्रायः भूतार्थबोधविमुखः सर्वोऽपि संसारः'** ભગવાન આત્મા સ્વભાવના પૂર્ણ શુદ્ધ ભાવનો ભંડાર ભાવસ્વરૂપ, તેનો બોધ નહિ કરતા, તેની સન્મુખનું જ્ઞાન નહિ કરી, સન્મુખની પ્રતીતિ નહિ કરીને, સન્મુખનો સત્કાર, સ્વભાવ સન્મુખ નહિ થઈને, જેટલું રાગનું જ્ઞાન, રાગનો સત્કાર, પુણ્યનો ભાવ, પુણ્યભાવનો સત્કાર એ બધું જ્ઞાન નિશ્ચયનયથી વિપરીત બોધ છે. તે બોધ જ સંસાર છે. આ ઊલટો બોધ સંસાર છે, (એમ કહ્યું). અહીં તો એમ કહે, બાયડી, છોકરા સંસાર, કર્મ સંસાર. નહિ, કર્મ પણ સંસાર નથી. કર્મ પણ નહિ. કર્મ સંસાર નહિ. કર્મ તો જડ છે. જડમાં કંઈ આત્માના દોષનો સંસાર હોય? સંસાર તો દોષ છે, સંસાર તો દોષ છે. એ દોષ સ્વભાવમાં સ્વભાવથી ઊલટામાં દોષ હોય. ન્યાં ક્યાં સ્વભાવ પડ્યો છે તે ન્યાં સંસાર હોય. સમજાય છે કાંઈ? આહાહા..! કહો! 'પ્રવીણભાઈ'! લ્યો આ સંસાર. અરે..અરે..! આવો સંસાર? તમે તો એકલી નિશ્ચયની વાત કરી, એમ કહે છે, લ્યો! પણ કહે છે શું? સાંભળને!

આ નિશ્ચયના તત્ત્વના સ્વભાવના ભાન વિનાના જેટલા બોધ ને શ્રદ્ધા છે, વ્યવહારની શ્રદ્ધા, વ્યવહારનું જ્ઞાન, વ્યવહારના પડખાં, કર્મની પ્રકૃતિ આના ને તેના ને નવ પૂર્વનું જ્ઞાન ને અગિયાર અંગનું જ્ઞાન, એ બધું આત્માના નિશ્ચય બોધ વિનાનો એ બોધ છે એ બધો મિથ્યા અભિપ્રાય છે, એમ કહે છે, લ્યો! આહાહા..! અને મિથ્યા બોધ અને મિથ્યા અભિપ્રાય તે જ જીવની પર્યાયનો સંસાર છે. પર્યાયમાં સંસાર છે ને? સંસાર બહાર રહેતો હશે? દોષ તે ગુણની વિપરીત દશામાં રહે કે દોષ બહાર રહેતો હશે? સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! હવે આ તો નિશ્ચય કીધું. પણ આ બાયડી, છોકરા સંસારને પહેલા છોડે તો આ થાય, એમ આવે છે ને? જુઓ! નિમિત્તને છોડે ત્યારે નૈમિત્તિક છૂટે, આવે છે કે નહિ?

www.vitragvani.com



અરે..! સાંભળ. ઇ તો અધ્યવસાય છોડાવવા માટે નિમિત્તને છોડ્યું, એમ કહે છે. ન્યાં .. નથી? અધ્યાવસાય છોડાવે છે. એ રાગાદિ મારા, પર આદિ મારા એવો અધ્યવસાય છોડતા પરચીજનું લક્ષ છૂટી ગયું એને પર છોડ્યું એમ કહેવામાં આવે છે. શું થાય?

બાયડી, છોકરા, પૈસા, શરીર તો સંસાર નહિ પણ આઠ કર્મ સંસાર ખરો કે નહિ? સંસારનું મૂળ કારણ તો કર્મ છે તો ઇ સંસાર ખરો કે નહિ? ના. બાયડી, છોકરા, શરીર સંસાર નહિ, કર્મ સંસાર નહિ. સંસારની મોટી ખાણ મિથ્યા અભિપ્રાય. એટલે કે નિશ્ચયના બોધથી જેટલો વિપરીત બોધ છે એ વિપરીત બોધ છે, એ બોધને અહીં સંસાર કહે છે. 'છોટાભાઈ'! આતો નિશ્ચય આવ્યું. પેલો વ્યવહાર બાયડી, છોકરા સંસાર છે એમ તો તમે કહેતા નથી. સંસાર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ એવા પાંચ બોલ આવે છે, લ્યો! દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ. અહીં તો ખરેખર અશુદ્ધ નિશ્ચયનો ભાવ કહો કે વ્યવહારનો ભાવ કહો તે સંસાર છે, એમ કહે છે. બાકી બહારનું તો નિમિત્ત થઈ ગયું. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભવ. પાંચમાંથી ભાવ લીધો. પાંચ પ્રકારના પરિવર્તન છે ને? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવમાં અનાદિકાળથી પરિવર્તન કરે છે ને? આ એક ભાવ જ સંસાર છે, પેલા તો નિમિત્ત છે. સમજાય છે કાંઈ? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભવ. એ ચાર તો નિમિત્ત છે. આ ભાવ ઉપાદાન મૂળ સંસાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા, આખો ચૈતન્ય પ્રભુનો બોધ નહિ કરીને, નિશ્ચયનો બોધ નહિ કરીને એકલા વ્યવહાર, રાગ, પુણ્ય, શરીર, કર્મને જ પોતાપણે સ્વીકારી તેનો જે વિપરીત બોધ છે, સમ્યક્થી, નિશ્ચયથી, એ અભિપ્રાય જ સંસાર છે. ગુલાંટ ખાઈને વાત કરે તો મિથ્યાત્વ ગયે સ્વભાવ સન્મુખ જે ભાવ થયો તે જ મોક્ષ છે. કેમકે સ્વભાવ મુક્ત સ્વરૂપ છે. સ્વભાવ ચૈતન્ય સ્વભાવ, જ્ઞાયકભાવ મુક્ત સ્વરૂપ છે. મુક્ત સ્વરૂપ સન્મુખ બુદ્ધિ, દૃષ્ટિ થઈ, ભાવ થયો, જ્ઞાન થયું તો મુક્ત સ્વભાવનું જ્ઞાન તે જ્ઞાન જ મુક્ત સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? આહાહા..! 'मुक्त एव' નથી આવતું? કળશમાં આવે છે. આવે છે, ઘણી બધી વાતું આવી ગઈ છે.

આ તો એક જુદી રીતે સ્વાધ્યાય કરવા માટે આ ઉપાડ્યું. કોઈ દિ' વ્યાખ્યાનમાં આની સ્વાધ્યાય નથી કરી. પહેલુંવહેલું છે. ગુજરાતી થયું અને લોકોના હાથમાં રહે.. વળી શ્રાવકાચાર કોને કહેવાય એની (ખબર પડે). લોકોને એમ થાય કે, ઠીક! આ વાંચે છે. શ્રાવકાચારમાં પહેલી તો અહીં દર્શનની માંડી છે. આ તો હજી ઉપોદ્‌ઘાત કરે છે, પછી દર્શનની વાત લેશે. શ્રાવક થવા પહેલા એણે અખિલ પ્રયત્ને કરીને સમ્યગ્દર્શનને પ્રગટ કરવું જોઈએ. પહેલી ગાથા લીધી. સમજાણું કાંઈ? છે ને? કેટલામી ગાથા કીધી? ૨૧? ગુજરાતીમાં ખ્યાલ આવી જાય, હમણાં તો ગુજરાતી વાંચ્યું છે ને! જુઓ! ૨૧ ગાથા.

**तत्रादौ सम्यक्त्वं समुपाश्रयणीयमखिलयत्नेन।**
**तस्मिन् सत्येव यतो भवति ज्ञानं चरित्रं च।।२१।।**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શું કહે છે? જુઓ! **'तत्रादौ सम्यक्त्वं'** પ્રથમમાં પ્રથમ સમ્યગ્દષ્ટિએ સમ્યગ્દર્શન પ્રગટ કરવું અથવા શ્રાવક થવા પહેલા પણ પહેલું સમ્યગ્દર્શન પ્રગટ કરવું. એ પહેલા શ્રાવક થઈ શકશે નહિ. ૨૧ ગાથા છે. **'तत्रादौ'** છે ને? **'तत्रादौ'** એણે **'પ્રથમ સમસ્ત પ્રકારે સાવધાનતારૂપ યત્નથી...'** જુઓ! પ્રથમ સમસ્ત પ્રકારે જો બને તો **'સમ્યગ્દર્શન સારી રીતે અંગીકાર કરવું જોઈએ.'** જો બને એટલે જે રીતે અંદર થાય એ રીતે સમ્યગ્દર્શન પ્રગટ કરવું. બને એટલે એમ નહિ. જો બને, થાય તો કરવું એટલે ઇ થાય એમ કહે છે. **'એ પ્રાપ્ત થતાં અવશ્ય મોક્ષપદ પ્રાપ્ત થાય છે.'** સમ્યગ્દર્શન થતાં, આત્માના શુદ્ધ સ્વભાવનો અનુભવ થતાં અવશ્ય મોક્ષ પામશે. **'એના વિના સર્વથા મોક્ષ થતો નથી. વળી તે સ્વરૂપપ્રાપ્તિનું અદ્વિતીય કારણ છે. માટે એને અંગીકાર કરવામાં પ્રમાદી ન રહેવું. મરીને પણ આ કાર્ય જેમ બને તેમ કરવું.'** જુઓ! **'વધારે શું કહીએ? આ જીવનું ભલું થવાનો ઉપાય એક સમ્યગ્દર્શન સમાન કોઈ નથી.'** સમજાય છે કાંઈ? એ ઉપાયની ખબર ન મળે, સમ્યગ્દર્શન શું છે એની ખબર ન મળે ને ચાલો કરો પુરુષાર્થ. શું કરે પણ? આહાહા..! પછી કહે છે, હોં! **'પહેલાં એને અંગીકાર કરવાનું કારણ શું છે તે કહે છે.'** **'यतः तस्मिन् सति एव ज्ञानं च चरित्रं च भवति'** **'તે સમ્યગ્દર્શન થતાં જ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર થાય છે.'** સમ્યગ્દર્શન હોય તો સમ્યગ્જ્ઞાન હોય તો સમ્યક્ચારિત્ર થાય છે. સમ્યગ્દર્શન વિના ચાહે અગિયાર અંગ ભણી જાય, નવ પૂર્વ ભણી જોય તોપણ એ અજ્ઞાની છે. સમ્યગ્દર્શન વિના પંચ મહાવ્રત આદિ ક્રિયા કરે તોપણ અજ્ઞાની છે. સમજાય છે કાંઈ? આહાહા..! મૂળ વાત પડી રહી.

અહીં તો **'आदौ'** શબ્દ લીધો છે. પહેલામાં પહેલું ધર્મ કરનાર જિજ્ઞાસુએ સમ્યગ્દર્શન પ્રગટ કરવું. એ સમ્યગ્દર્શન ભૂતાર્થ પદાર્થને આશ્રયે પ્રગટ થાય છે. ભૂતાર્થ ત્રિકાળ શું છે તે પહેલાં સમજવું જોઈએ, જ્ઞાનમાં લેવું જોઈએ કે આ ત્રિકાળ શું છે? આ ચીજ શું કહે છે? આખું તત્ત્વ ક્ષણિક ને રાગ ને આ શું છે? એમ એના જ્ઞાનમાં ભાવનો બોધ જેવી સામે ચીજ છે તેવી જ્ઞાનમાં ભાસે એવું અંદરમાં પ્રથમ જ્ઞાન કરવું. આ દ્રવ્ય કહે છે, ભાવ કહે છે, ત્રિકાળ કહે છે એ શું? અને આ ક્ષણિક રાગ કહે છે એ શું? એમ બરાબર ખ્યાલ કરીને સ્વભાવ સન્મુખ થવું. એ પ્રયત્ન કરવો તે જ ધર્મી જીવનું પ્રથમ કર્તવ્ય છે. સમજાય છે કાંઈ? કહો! 'નવરંગભાઈ'! એમ જ છે? પેલું બધું ક્યાં ગયું? આ ગળીને પી ગયા. પાણી ગળીને (પીવું). આત્માનું બળ રાગને ગાળીને પીવું, રાગથી ભિન્ન છે એમ પીવું. પછી હોય છે, શુભભાવ હોય છે. એની ક્રિયા એની સાથે એને કારણે બને, હોં! એ કંઈ આત્મા કરે નહિ. પણ આ આત્માના મૂળ દર્શન વિના અને મૂળ જ્ઞાન વિનાના બોધને અને બધાને આત્માનું જ્ઞાન કહેતા નથી. એને વ્રત પણ કહેતા નથી.

સમ્યગ્દર્શન નામ ત્રિકાળ આત્માના અંતર બોધ અને અનુભવ વિના એ વ્રત ને વ્રતધારી કહેતા નથી. એ કુલિંગધારી છે. એ આત્માના વ્રતના ધરનાર નથી. કેમકે **'तस्मिन् सत्येव'**

www.vitragvani.com



સમ્યગ્દર્શન થવા છતાં **'यतो'** તે કારણે **'भवति ज्ञानं चरित्रं च'**. તો તેને સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર હોય છે. એ સમ્યગ્દર્શન વિના એકડા વિનાના મીંડા છે. એકડા વિનાના શૂન્ય છે. એમ સમ્યક્ત્વ અને અંતર દૃષ્ટિ અને અનુભવ વિના એના તપ ને ત્યાગ ને વ્રત બધું રણમાં પોક મુકવા જેવું છે. આ એકડા વિનાના મીંડા છે. પુણ્ય બાંધે તો એ તો અનાદિથી છે, એ બંધાય છે, એમાં નવી વસ્તુ ક્યાં આવી? સમજાય છે કાંઈ? સ્વર્ગ આદિ મળી જાય તો એ અનંતવાર મળ્યું છે. એમાં શું મળ્યું? એને એમાં શું મળ્યું? મળતી વખતે તો ત્યાંની આકુળતા છે. પુણ્ય સામગ્રીના ભોગ ભોગવવા એ તો આકુળતા છે, અંગારામાં શેકાશે. કષાયરૂપી અંગારાથી શેકાય છે. સમજાય છે કાંઈ?

**'અતિશયપણે સત્યાર્થ જે નિશ્ચયનય તેના જાણપણાથી ઊલટો જે પરિણામ (અભિપ્રાય) તે બધોય સંસાર સ્વરૂપ છે.'**

**ભાવાર્થ :– 'સંસાર કોઈ જુદો પદાર્થ નથી.'** છે? આહાહા..! આસ્રવ અને બંધભાવ એ સંસાર છે. ભાવ આસ્રવ અને ભાવ બંધ એ સંસાર છે. ભાવાર્થમાં છે ને? **'સંસાર કોઈ જુદો પદાર્થ નથી. આ આત્માના પરિણામ...'** જુઓ! આ આત્માના પરિણામ, પરિણામ એટલે પર્યાય, પર્યાય એટલે ભાવ. **'નિશ્ચયનયના શ્રદ્ધાનથી વિમુખ થઈ,...'** જુઓ! એ પરિણામની વ્યાખ્યા કરે છે. **'નિશ્ચયનયના શ્રદ્ધાનથી વિમુખ થઈ,...'** ભગવાન આત્મા અભેદ સ્વરૂપ ચૈતન્ય પરિપૂર્ણ પરમાત્મા છે એવા બોધથી વિમુખ થઈ **'શરીરાદિ પરદ્રવ્ય સાથે એકત્વ શ્રદ્ધાનરૂપ પ્રવર્તે...'** શરીર, કર્મ, રાગ, દ્વેષ, પુણ્ય, ભાવકર્મ અને નોકર્મ સાથે એકત્વ શ્રદ્ધાનરૂપ પ્રવર્તે. એ મારા છે એક છે એમ માને.

**'તેનું જ નામ સંસાર.'** તેનું જ નામ સંસાર. ખુલાસો બહુ સારો કર્યો છે. સમજાય છે કાંઈ? 'જયંતિભાઈ'! આ સંસાર. ધંધા-પાણી કરે ઇ સંસાર? ના. તારો સંસાર તારાથી ભિન્ન રહે? તારી શરીર, રાગ-દ્વેષની એકતાબુદ્ધિ–અભિપ્રાય છે એ જ તારો સંસાર છે. સમજાય છે કાંઈ? **'તેથી જે સંસારથી મુક્ત થવા ઇચ્છે છે...'** માટે એવા પરિણામથી મુક્ત થવા ઇચ્છે છે **'તેણે શુદ્ધનયની સન્મુખ રહેવું યોગ્ય છે.'** એણે તો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે તેની સન્મુખ રહેવું યોગ્ય છે. તેની વિમુખતાથી હટી જવું, સન્મુખ રહેવું. પરિપૂર્ણ સ્વભાવ સન્મુખ રહેવું. ભલે પછી શુભભાવ આદિ થાય પણ સ્વભાવ સન્મુખ રહેવું એનું નામ સંસારનો અભાવ કરવાનો ઉપાય કહેવામાં આવે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



**પ્રવચન નં. ૭ ગાથા–૫ થી ૬ મંગળવાર, માગશર વદ ૮, તા. ૦૩-૦૧-૧૯૬૭**

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' 'અમૃતચંદ્રાચાર્ય' કૃત. એની પાંચમી ગાથા, એનો ભાવાર્થ જુઓ! થોડો આવી ગયો છે પણ ફરીને લઈએ. **'સંસાર કોઈ જુદો પદાર્થ નથી.'** વ્યવહાર ને નિશ્ચયની વ્યાખ્યા કરે છે. **'આ આત્માના પરિણામ...'** સંસાર કોને કહેવો? કે **'આ આત્માના પરિણામ નિશ્ચયનયના શ્રદ્ધાનથી વિમુખ થઈ,...'** જુઓ! એકલી શ્રદ્ધાનથી વિમુખ વાત લીધી છે. ચૈતન્યસ્વરૂપ આત્મા, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા એના બોધથી વિપરીત બોધ. એનાથી, શ્રદ્ધાથી વિમુખ થઈ, પાઠ વિમુખ શબ્દ છે ખરોને? **'શરીરાદિ પરદ્રવ્ય સાથે...'** શરીર, રાગ, ભાવકર્મ, દ્રવ્યકર્મ આદિ. શરીર નોકર્મ, **'એકત્વ શ્રદ્ધાનરૂપ પ્રવર્તે...'** એ બે એક છે એમ શ્રદ્ધારૂપે પ્રવર્તે. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એની સાથેના ભાવકર્મ, દ્રવ્યકર્મ ને નોકર્મની એકત્વબુદ્ધિથી પ્રવર્તે તેનું જ નામ સંસાર છે. કહો! સમજાણું કાંઈ? **'તેનું જ નામ સંસાર.'** બીજો સંસાર નથી એમ. એ સંસાર છે.

મુમુક્ષુ :– 'કુંદકુંદાચાર્યદેવ' નું કહો.

ઉત્તર :– હા, આચાર્યપદનો આજે આરોહણ (દિવસ છે). 'કુંદકુંદાચાર્ય' મહારાજને પોષ વદ ૮ આચાર્યપદ (મળ્યું) હતું. એ આ પોષ વદ ૮ છે. મહિનો ફેર છે. એમનું આ કથન છે, એમનું આ કથન છે. 'કુંદકુંદાચાર્ય' મહારાજ એ વખતે સંતોમાં અગ્રેસર હતા. સંઘે એમને આચાર્ય પદ આજે આપેલું. પોષ વદની ૮. 'શોભાલાલજી'! આ પોષ વદી ૮ તમારા હિસાબે. અમારે માગશર વદ ૮ છે. પણ પોષ વદ ૮ આચાર્યપદ આપ્યું, સંઘે મળીને આચાર્યપદ આપ્યું. પછી ભગવાન પાસે ગયા હતા. ત્યારે ભગવાને ત્યાં કહ્યું કે, ત્યાં ભરતક્ષેત્રના એલાચાર્ય. સંઘ મળીને આપે. આચાર્યપદ આપે. આ હવે આચાર્ય (છે). સાધુ તો હોય, ભાવલિંગી સાધુ હોય પછી આચાર્યપદ આપે. પછી આચાર્યપદ મળે. આ સંઘના અગ્રેસર છે એમ સ્થાપન કરે.

મુમુક્ષુ :– 'કુંદકુંદાચાર્યદેવ' ને આચાર્યપદ મળ્યું.

ઉત્તર :– આજે મળ્યું. આજ પોષ વદ ૮ છે. સંઘે ભેગા થઈને એમને આચાર્યપદ આપ્યું. એ આજની તીથી છે. પછી ભગવાન પાસે ગયા હતા, પછી આ શાસ્ત્ર રચ્યા છે, જુઓ! એમની ૧૧ મી ગાથા છે એનો જ આ શબ્દ છે, અહીં 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે તે) જ ભાવ અને એ જ વસ્તુ છે. ગાથા પણ એ જ ન્યાની છે. સમજાણું? આચાર્ય પોતે 'કુંદકુંદાચાર્ય' આમ કહે છે.

આચાર્યપદ પ્રાપ્ત (એમ કહે છે) કે, સંસાર એને કહેવો કે, આત્માના નિશ્ચય શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન ને આચરણથી વિરુદ્ધ. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, શુદ્ધ ચૈતન્ય સ્વભાવ

www.vitragvani.com



એવો આત્મા, આ સ્વભાવ એવો આત્મા, હોં! શુદ્ધ સ્વભાવ, શુદ્ધ ચૈતન્ય ભાવ એવો આત્મા એની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એટલે આચરણથી વિપરીત જેટલો પરિણામ શરીર, રાગ, પુણ્ય, વિકલ્પ આદિ મારા છે એવી જે માન્યતા તેને અહીંયાં આચાર્ય મહારાજ સંસાર કહે છે. કહો! અહીંયા આ બાયડી-છોકરાને સંસાર નથી કહેતા. 'રાજમલજી'! પૈસા ને એ સંસાર નહિ, એ તો બધા નિમિત્ત છે. શુદ્ધ ઉપાદાનનો ભાવ વ્યવહારનયનો એકલો બોધ નિશ્ચયના ભાન વિના એવા બોધને અહીંયાં (વિપરીત બોધ કહ્યો છે). વ્યવહારથી વિરુદ્ધ, નયથી વિરુદ્ધ વિમુખ એટલે વ્યવહાર. રાગાદિ મારા, વિકલ્પ આદિ મારો, શુભ સ્વરૂપ એ હું, કર્મ તે હું, શરીર તે હું એવી એકત્વ શ્રદ્ધાનરૂપ પ્રવર્તે. જોયું? **'એવું એકત્વ શ્રદ્ધાનરૂપ પ્રવર્તે તેનું જ નામ સંસાર.'** છે. તેનું જ નામ મહાન દોષ છે. ભૂલ સંસાર છે, ભ્રમણા એ સંસાર છે. ભ્રમણા કેવી? કે, શુદ્ધ ચૈતન્ય અભેદ અખંડ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાનથી વિમુખ એકલા પુણ્ય-પાપના વિકલ્પ, દયા, દાન, વ્રત આદિના ભાવ, શરીર, કર્મ એ મારા એમાં એકત્વબુદ્ધિ એ એક જ વિપરીત પરિણામ નિશ્ચયનયથી વિરુદ્ધ (છે), એને અહીંયાં સંસાર મહાદોષ કહે છે. સમજાણું કાંઈ?

**'તેથી જે સંસારથી મુક્ત થવા ઇચ્છે છે...'** હવે એનો સરવાળો પાછો સાર લેવો છે ને! બતાવીને પણ કરવું છે શું? તેથી જે સંસારથી, કોઈપણ આત્મા સંસારથી એટલે આ જાતના પરિણામ પુણ્ય-પાપના પરિણામ, શરીર આદિ, કર્મ આદિ હું એવી જે માન્યતાના મિથ્યાત્વ પરિણામ સંસાર, એનાથી મુક્ત થવા ઇચ્છે છે તેણે શુદ્ધનયની સન્મુખ રહેવું યોગ્ય છે. તેણે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એવો આત્મા, તેની સન્મુખ શ્રદ્ધા-જ્ઞાન કરવા જેવું છે. કહો! સમજાણું કાંઈ? બહુ આ તો ટૂંકામાં બન્ને વાત આવી ગઈ. સંસાર કોને કહેવો ને જેને મુક્તિ જોઈતી હોય, સંસારથી છૂટવું હોય એણે શું કરવું, એ બન્ને વાત ટૂંકમાં આવી ગઈ. 'ધર્મચંદજી'! આહાહા..!

મુમુક્ષુ :– હજી આ જ નથી કર્યું.

ઉત્તર :– ઇ એણે કર્યું નથી, કર્યું છે પેલું ઊંધુ. પુણ્ય-પાપના વિકલ્પ, કર્મ અને શરીર. અહીં તો ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ એને પોતાના માની એમાં એકત્વ થઈ, મિથ્યાભ્રમને સેવી અને મહા દુઃખરૂપ સંસારમાં રખડ્યો છે, મહાદોષરૂપ સંસાર. કહો! 'ન્યાલભાઈ'!

**'તેથી જે સંસારથી મુક્ત થવા ઈચ્છે...'** આવા નિશ્ચયનયથી વિમુખ એવા જે સંસારના પરિણામ એનાથી છૂટવાનો કામી હોય **'તેણે શુદ્ધનયની સન્મુખ રહેવું યોગ્ય છે.'** મહાસિદ્ધાંત છે એકલા. એણે તો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મા, પરમાનંદ સ્વરૂપ આત્મા, એની સન્મુખ રહેવું યોગ્ય છે કે જેથી પરની વિમુખતાનો ભાવ ટળી જાય છે, પરની સન્મુખતાનો એટલે આનાથી વિમુખતાનો. લ્યો! ત્યાં સુધી તો આવ્યું હતું, હવે અહીં તો સંધી કરે છે.

**'તે જ બતાવીએ છીએ. જેમ ઘણા મનુષ્ય...'** ૧૧મી ગાથાની ટીકા છે. **'કાદવના સંયોગથી**

www.vitragvani.com



**જેનું નિર્મળપણું આચ્છાદિત થયું છે...'** જળનો દાખલો પહેલો (આપે છે). જળ, જળ. ઘણા મનુષ્ય કાદવના સંયોગથી જેનું એટલે પાણીનું નિર્મળપણું ઢંકાય ગયું છે. **'એવા સમળ જળને...'** એવા મેલવાળા પાણીને જ, **'પાણીને જ પીએ છે અને કોઈ પોતાના હાથવડે...'** જાતે. કો'કને કહીને નહિ કે, આમાં આ નિર્મળી ઔષધિ નાખજે. એ વળી કેટલી નાખે, કેમ નાખે, ક્યાં નાખે. સમજાય છે? એક કોર નાખે, મધ્યમાં ન નાખે. મધ્યમાં નાખે, સરખી થાય એ માટે પોતે અંદર નાખે.

મુમુક્ષુ :– એ બધાને નોકર હોય ને.

ઉત્તર :– નોકર પણ બધા ઠેકાણા વિનાના હોય, જાતે કરવું એમ કહે છે. પેલો કામ હુડ હુડ કરી નાખે. આ તો **'પોતાના હાથવડે કતકફળ (નિર્મળી) નાખીને કાદવ અને જળને જુદું જુદું કરે છે.'** પાણી–જળ સ્વચ્છ, નિર્મળ પીવા માટે. સમજાણું કાંઈ? **'ત્યાં નિર્મળ જળનો સ્વભાવ એવો પ્રગટ થાય છે...'** જુઓ હવે. મેલ રહિત એમાં નિર્મળ ઔષધી નાખવાથી, **'નિર્મળ જળનો સ્વભાવ એવો પ્રગટ થાય કે જેમાં પોતાનો પુરુષાકાર પ્રતિભાસે છે...'** પોતે પુરુષ એમાં પાણીમાં દેખાય. એવું નિર્મળ. મેલ ગયો એટલે આમ દેખાય. **'એવા નિર્મળ જળનો આસ્વાદ લે છે.'** કહો! કેટલું નિર્મળ થયું? કહે છે જેમાં પુરુષપણાનો આકાર દેખાય, આકાર, હોં! મોઢું ને આમ બધું દેખાય એટલું નિર્મળ છે એમ બતાવવું છે. સમજાણું કાંઈ? આ તો દૃષ્ટાંત છે, હોં! સિદ્ધાંત તો ઊંચો છે.

**'જેમાં પોતાનો પુરુષાકાર...'** પોતાના દેહનું પુરુષપણું દેખાય, એમાં પ્રતિભાસે **'એવા નિર્મળ જળનો આસ્વાદ લે છે.'** એ દૃષ્ટાંત થયો.

**'ઘણા અજ્ઞાની જીવો કર્મના સંયોગથી જેનો જ્ઞાનસ્વભાવ ઢંકાઈ ગયો છે...'** કર્મના સંગમાં ગયેલો જીવ. એને એનો સંયોગ છે. પાછો એનો અર્થ એમ કરે કે, કર્મને લઈને જ્ઞાન સ્વભાવ ઢંકાય ગયો છે. એમાંથી પાછું ઇ કાઢે. એનો અર્થ ઇ કે, કાદવનો સંગ પાણીએ કર્યો છે એમ આણે સંગ કર્યો છે. કર્મના સંયોગથી સ્વભાવને ભૂલીને. કર્મનો સંયોગ, પર વસ્તુના સંબંધથી જેનો એટલે આત્માનો **'જ્ઞાનસ્વભાવ ઢંકાઈ ગયો છે...'** શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાન સ્વભાવ એની દૃષ્ટિમાં આવતો નથી. કર્મના સંયોગના સંબંધમાં પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ઢાંકી દીધું છે, પોતે. સમજાણું કાંઈ?

**'એવા અશુદ્ધ આત્માને અનુભવે છે.'** એવા મેલવાળું જેમ પાણી અનુભવે છે, એમ મેલવાળો આત્માને અનુભવે છે એ જ મિથ્યાત્વભાવ છે. કહો! સમજાણું આમાં? ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ આત્મા, શુદ્ધ સ્વભાવ આત્મા એને મેલાપણે અનુભવે છે એ જ મિથ્યાત્વ અને ભ્રમ છે. સમજાણું કાંઈ? **'અશુદ્ધ આત્માને અનુભવે છે.'** આખી ટૂંકી વ્યાખ્યા. ભગવાન સ્વરૂપ એનો જે શુદ્ધ ભૂતાર્થ ચૈતન્ય સ્વભાવ શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... પવિત્ર સ્વભાવ એવો આત્મા, એને ન અનુભવતા કર્મના સંગે પડ્યો, મેલને ઉત્પન્ન કરીને એ અશુદ્ધ એવા મેલવાળો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આત્મા છે એમ તેને તે મેલવાળો અનુભવે છે. એટલે અશુદ્ધ અનુભવે છે, અશુદ્ધ અનુભવે છે એ જ મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે. કહો! સમજાણું કાંઈ?

'**કોઈ...**' હવે સવળી વાત. '**કોઈ પોતાની બુદ્ધિ વડે...**' ગુરુએ કહ્યું, શાસ્ત્રે કહ્યું, દેવે કહ્યું, કે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એ તારું છે, મેલપણું એ તારું સ્વરૂપ નથી. એમ કહ્યું પણ એણે ઝીલ્યું. તેથી કહે છે કે, '**પોતાની બુદ્ધિ વડે...**' પાછા સામાની બુદ્ધિ વડે નહિ. '**કોઈ (આત્મા) પોતાની બુદ્ધિ વડે શુદ્ધ નિશ્ચયનયના સ્વરૂપને જાણી...**' શુદ્ધ નિશ્ચયનયનું સ્વરૂપ એટલે શુદ્ધ આત્મા આ છે એમ જાણી, '**કર્મ અને આત્માને જુદા જુદા કરે છે.**' એટલે કે કર્મનું લક્ષ છોડી દઈને ચૈતન્યના લક્ષમાં આવે છે. એ જુદા કરે એનો અર્થ ઇ થયો ને. સમજાણું કાંઈ?

આમ જે લક્ષમાં એકત્વ હતો એને પરના લક્ષથી છૂટી અને સ્વના લક્ષમાં આવે છે. એ '**કર્મ અને આત્માને જુદા જુદા કરે છે.**' એનો અર્થ એમ નથી કે, આ કર્મ છે ને હું આત્મા છું. એનો અર્થ કે, આ કર્મ છે ને આત્મા એવા બે લક્ષ રહે ત્યાં સુધી તો હજી વિકલ્પ છે અને એકત્વબુદ્ધિ છે. પણ એનો અર્થ ઇ કે, ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એવો આત્મા, એવું આત્મતત્ત્વ અને અશુદ્ધતા એ સંયોગે ઉત્પન્ન થયેલી (મલિનતા), એનું લક્ષ છોડીને આત્માના અંતર શુદ્ધ સ્વરૂપ એવો જે આત્મા તેના સન્મુખ થઈને એકાગ્ર થયો તેથી એને કર્મ ને આત્મા બે જુદા થયા. કહો! સમજાણું આમાં?

મૂળ રકમની વાત છે આ, મૂળ રકમ. સમ્યગ્દર્શન એટલે ધર્મની પ્રથમ દશા, સુખી થવાની, સ્વતંત્ર થવાની, સત્‌ના પૂર્ણ સ્વરૂપને શરણે જવાની પહેલી દશા આ છે કે, પહેલું જ્ઞાનમાં ધારણા કરે કે આ વસ્તુ એક શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ભિન્ન છે અને મલિન પરિણામ પરના સંગે થયા એવો એ ખ્યાલ કરે. ખ્યાલ કરીને પછી એનું લક્ષ છોડીને ચૈતન્યના શુદ્ધ સ્વરૂપ ઉપર જાય ત્યારે આત્મા અને કર્મ બે જુદા પડ્યા એમ કહેવામાં આવે. આ ધાર્મિક ક્રિયા કહેવાય છે. પેલા કહે, આમ ભગવાનની સામું જોઈને સમકિત થાય, ભગવાનના દર્શન કરીને સમકિત થાય, પ્રતિમાના દર્શન કરીને (સમકિત થાય), કાલે જ 'જૈન ગેજેટ' માં આવ્યું છે. કો'ક આર્જિકાએ કીધું, બસ! આમ થાય, એનું આમ થાય. 'ધવલ' ના પહેલા અધ્યાયનું એણે આવું પકડ્યું છે.

જિનબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મના ટુકડા–ભુક્કા ઉડી જાય. પણ આમ સામું જોઈને ભુક્કા ઉડતા હશે કે આમ સામું જોઈને? પણ શી રીતે ભુક્કો ઊડતો હશે? જ્યાં સુધી એની સામું જોવે ત્યાં સુધી તો એનો આદર છે. અહીં અંદર સામું જોવે ત્યારે આનો આદર થાય. શું થાય? પણ એવી વાતને મુકી દીધી છે ને લોકોને ગડબડમાં (ભૂકી દીધા છે). બિચારાને પાછા હઠવું એ ઠીક છે એ રુચિમાં આવતું નથી. તેથી માથે કહ્યું હતું ને? '**શુદ્ધનયની સન્મુખ રહેવું યોગ્ય છે.**' એમ કહ્યું હતું. એનું આ સ્પષ્ટીકરણ–ખુલાસો

www.vitragvani.com



કરે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા, આ શુદ્ધ ચૈતન્ય નિર્મળ નિર્મળાનંદ પ્રભુ આત્મા, એની અંતર સન્મુખ થઈને મલિન પરિણામ જે સંગે થયા તેના લક્ષને છોડી દઈને, બેના વચ્ચે જુદા પડ્યા એટલે કે, જે એકત્વબુદ્ધિ પર લક્ષમાં એકલી હતી એ સ્વ લક્ષમાં આવ્યો એટલે એકત્વપણું ટળ્યું એટલે જુદા થઈ ગયા, એમ. સમજાણું કાંઈ?

**'કોઈ પોતાની બુદ્ધિ વડે...'** લ્યો! આ સાધન કીધું, વળી કોઈ કહે છે ને! સાધન. વડે... વડે. એય...! કરણ કરણ. કાંઈ કરણ જોશે ને? સાંભળને ભાઈ! કરણ છે, જુઓને! આહાહા..! પોતાના જ્ઞાનમાં, જ્ઞાનની બુદ્ધિ વડે આમ અંતર વાળવું, બુદ્ધિ વડે અંતર વાળવું એ કરણ થયું, સાધન છે. એ શુભ વિકલ્પ એ તો મેલ છે. મેલથી જુદું પડવામાં એ મેલ વિકલ્પ સાધન કેમ થાય? સમજાણું કાંઈ? 'પંચાસ્તિકાય'માં ઘણે ઠેકાણે લખ્યું છે, ભાઈ! વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. એ તો નિમિત્તને વ્યવહાર તરીકે કહ્યું છે. એના રાગની રુચિ ને મલિનતાનું લક્ષ છોડી અને સ્વભાવ સન્મુખ જાય ત્યારે સમ્યગ્જ્ઞાન થાય, ત્યારે પેલા રાગની મંદતાને પૂર્વની અપેક્ષાએ સાધન કહેવાય, વર્તમાન રહે તેને પણ સાધન વ્યવહારે કહેવાય, એમ છે. સમજાણું કાંઈ?

વાત જ પહેલી હજી તો શું સત્ય છે એની વાત સાંભળી નથી. સાંભળે તો એને અંદરથી આ હાય..હાય..! આ બધું ઉડી જાય છે મારે. ઉડાડવું છે કે નહિ તારે? સાચું કરવું છે ને ખોટું ઉડાડવું છે કે નહિ? કહે છે કે, ભાઈ! તારે સત્ય જોઈતું હોય, સુખી થવાના રાહ લેવા હોય તો અંતરમાં જે મલિન પરિણામ ઉપર તારી દૃષ્ટિ ને રુચિ ને એકતાના ભાવ છે એવો જે સંસાર છે, એમ કીધું ને? એના પરિણામ ઉપરથી દૃષ્ટિ ઉઠાવ, સ્વભાવ ચૈતન્ય સ્વરૂપ આત્મા ભગવાન છે એની સન્મુખ થા એટલે કર્મ એટલે મેલ અને નિર્મળ બે જુદા પડી જશે. સમજાય છે કાંઈ? સન્મુખ નિર્મળતા થવામાં મેલ સાથે નહિ રહે. સમજાણું કાંઈ?

ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ એવો આત્મા, એને વર્તમાન બુદ્ધિ વડે અંતરમાં જતાં એ મેલ ને આ બે જુદા પડી ગયા, સાથે નહિ રહે. સમજાણું કાંઈ? બહુ ઝીણું પણ. જો રૂપિયા દઈને કાંઈક થઈ જતું હોય ને! શેઠ! સાંઈઠ, સીત્તેર લાખ, કરોડમાંથી પાંચ લાખ દઈ દઈએ, લે ને! જો ધર્મ થાતો હોય તો. ધૂળ પણ ન થાય, શું થાય? આહા..! રૂપિયા તો અજીવ છે, એનાથી તો જુદું પડવું છે. આ અજીવના તરફનો રાગ એનાથી જુદું પડવું છે. આ અજીવ પ્રત્યેનો કોઈ મંદ રાગ કરીને દાન, દયાના પરિણામ થયા એવા રાગથી પણ જુદું પડવું છે. હવે જુદું પડવું એને ભેગું રાખીને કેમ થાય? સમજાણું કાંઈ? આહાહા...! ભારે વાત, ભાઈ! આ શાસ્ત્રનો બોધ જે પરલક્ષી વિકલ્પ એનાથી જુદું પડવું છે, અહીં તો કહે છે. આહાહા..! વિકલ્પની, દેવ-ગુરુની વ્યવહાર શ્રદ્ધા જે છે એનાથી પણ જુદું પડવું છે અહીં તો. સમજાણું કાંઈ?

જ્યાં દિશા ફેર છે, પર દશા તરફના રાગ છે તેને આ દશા તરફના વલણમાં એનો

www.vitragvani.com



સાથ કેમ હોય? 'માંગીરામજી'! શું છે? ભારે વાત આકરી. પ્રભુ! સાધુ બિચારા મૂંઝાય ગયા. આમ જોઈએ તેમ જોઈએ ને ફલાણું જોઈએ. ભાઈ! ... બીજું શું કરીએ? એ તો માને છે ને સૌને અનાદિથી (રુચે છે). આ કરીએ, આ બધું કરીએ, આ ત્યાગ કરીએ, વ્રત પાળીએ, ભક્તિ કરીએ, આમ દેરાસર કરાવીએ ને પૂજા કરાવીએ ને વ્રત પળાવીએ, શાંતિયજ્ઞ, શું કહેવાય ઇ? શાંતિસ્તોત્ર, શાંતિતાત્ર. એવું બધું કરાવીએ તો સાધન થાય તો પ્રગટે. અરે..! ભગવાન! શું થયું? ભાઈ! હવે એમાં મારે કહે શું કહેવાની જરૂર? તમે જે આવ્યા હતા પૂછવા એમાં તો તમે જ માનો છો કે આમ છે, હવે એમાં મારે કહેવાનું શું રહ્યું? સાધુ આવ્યા હતા, 'પાલેજ'. .. મહાત્માજી! એમ કહીને આવ્યા હતા, બેઠા હતા. બતાવો કાંઈક કે આત્મા કેમ જણાય? એવું પૂછ્યું હતું. મેં પૂછ્યું કે, ભાઈ! જુઓ! આત્મા એમ જણાય નહિ, આમ કરતા કરતા ન જણાય. આહાહા..!

અહીં કહે છે, અહીં શું કહે છે? અશુદ્ધ આત્માને જે અનુભવે છે એને હવે જ્યારે આત્માનું જ્ઞાન કરવું છે એટલે ધર્મ કરવો છે એણે શું કરવું? કે, અંતરમાં પહેલાં જ્ઞાનમાં આ ચીજ શું છે અને આ ચીજ શું છે એવો વિકલ્પ સહિત, વિકલ્પ સહિત એનું જ્ઞાન કરવું. એ જ્ઞાન કરીને હવે એને અંતરથી એ બુદ્ધિને અંતરમાં વાળવી ત્યારે મેલ અને આત્મા બે જુદા પડે એટલે કર્મ અને આત્મા બે જુદા પડી જાય. સમજાણું કાંઈ? આ ઝીણી વાતું અને એ અમારાથી થાય નહિ, અમારાથી થાય નહિ ત્યારે પાછું તારે કરવું છે સાચું. હવે આ ન થાય ને કરવું સાચું, બે કેમ બનશે? આ જ રીતે ધર્મ કરાય છે, બીજી રીતે કોઈ ધર્મ છે નહિ. ત્રણકાળ ત્રણલોકમાં વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ તીર્થંકરના પંથના માર્ગમાં બીજો કોઈ માર્ગ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અનાદિનો સંબંધ તૂટી જાય.

ઉત્તર :– સંબંધ છે જ નહિ. એક સમયનો છે. અનાદિનો પ્રવાહથી વાત છે. કહો! સમજાણું કાંઈ? એક સમયના સંબંધે પડ્યો છે ત્યાં તોડ આમ જઈને કહે છે. આહા..! તેં જોડ્યો છે તે તું તોડ, જોડે તે તોડે. આમ રાગ અને પર સાથે લક્ષ ત્યાં કરીને એકત્વબુદ્ધિમાં તું પડ્યો છો. એમ ચૈતન્યના શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા, એની સાથે આ રાગાદિની એકત્વબુદ્ધિ કરીને તું પોતે પડ્યો છો. હવે બુદ્ધિની નિર્મળતા દ્વારા અંતરમાં સન્મુખ થા. કર્મ ને આત્મા જુદા પડતાં **'ત્યાં નિર્મળ આત્માનો સ્વભાવ એવો પ્રગટ થાય છે...'** ત્યાં નિર્મળ આત્માનો સ્વભાવ. જુઓ! અહીં સ્વભાવવાન ને સ્વભાવ એમ લેવું છે ને? આ નિર્મળ આત્માનો સ્વભાવ, એમ. એવો પ્રગટ થાય છે, એમ. આત્મા પ્રગટ થાય છે એમ નહિ, આત્માનો સ્વભાવ (પ્રગટ થાય છે). સમજાણું કાંઈ?

**'નિર્મળ આત્માનો સ્વભાવ એવો પ્રગટ થાય છે કે જેમાં પોતાના ચૈતન્ય પુરુષનો આકાર પ્રતિભાસે છે...'** એટલે કે જેમાં ચૈતન્ય સ્વરૂપ જ ભાસે, એમ. જેમ પેલો રાગ ને પુણ્ય

www.vitragvani.com



ને પાપ ભાસતા હતા એ મલિન પરિણામ, સંસારના પરિણામ, નિશ્ચયનયથી વિમુખ પરિણામ એમાં તો મલિન જ ભાસતું'તું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા! આ કાંઈ વાતું કરે કાંઈ મળે એવું નથી. સમજાણું કાંઈ? આ કોઈ બહુ ભણતર કર્યે પણ મળે એવું નથી. આમાં કોઈ ઝાઝી તપસ્યાઓ કરે તો મળે એવું પણ નથી. આમાં કોઈ દાન બહુ કરે કે મૌન રહીને બેસી રહે તો મળે એવું પણ નથી. આહાહા..!

એવો ભગવાન ચૈતન્ય શુદ્ધ પૂર્ણ સ્વભાવથી ભરેલું તત્ત્વ, એને અંતર્મુખની દૃષ્ટિ બુદ્ધિ વડે કરતાં બે જુદા થતાં એક ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ જ્ઞાનમાં તેનું સ્વરૂપ જણાય છે. એને આકાર જણાય છે એમ કહેવામાં આવ્યું છે. આ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એમ જ્ઞાનમાં જણાય. આ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એ જ્ઞાન જાણે. આ વસ્તુ શુદ્ધ ચૈતન્ય છે, શુદ્ધ ચૈતન્ય છે. એના સમીપમાં ગયો એટલે શુદ્ધ ચૈતન્ય છે એવું જ્ઞાનમાં ભાસ્યું. **'પોતાના ચૈતન્ય પુરુષનો...'** ચૈતન્ય પુરુષનો સમજાય છે ને? **'આકાર પ્રતિભાસે છે...'** ચૈતન્ય પુરુષનો એટલે સ્ત્રીનો આત્મા પાછો બીજો હશે? એવો હશે? આ ચૈતન્ય પુરુષનો આકાર આવો ભાસે. એય...! 'ધર્મચંદજી'! અને સ્ત્રીનો? ચૈતન્ય પુરુષ એટલે ચૈતન્ય આત્મા. એનો આકાર એટલે સ્વરૂપ.

મુમુક્ષુ :– એનું ક્ષેત્ર.

ઉત્તર :– ક્ષેત્ર-ફેત્ર કાંઈ નહિ. જે આમ મલિન ભાસતું હતું, મલિનનો ભાસ–અનુભવ હતો એ સંસાર હતો. એનું લક્ષ છોડીને આમ ચૈતન્ય સ્વરૂપના સન્મુખ થઈને ગયો ત્યાં એ પોતાનું ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ જ્ઞાનમાં ભાસ્યું. આ બહુ સરસ વાત છે. જુઓ! આજે 'કુંદકુંદાચાર્ય' મહારાજની આચાર્ય આરોહણ તીથી છે. સમજાણું કાંઈ? ઓહોહો..! 'કુંદકુંદાચાર્યે' તો પંચમ આરામાં તીર્થંકર જેવા કામ કર્યા છે. 'અમૃતચંદ્રાચાર્યે' ગણધર જેવા. જુઓને! એક 'અમૃતચંદ્રાચાર્ય'ના શ્લોક, એમનો પોતાનો કરેલો. ઓહો..! **'प्रायः भूतार्थबोधविमुखः सर्वोऽपि संसारः'** 'મખ્ખનલાલજી' એ સંસાર બધો અર્થ કર્યો છે. બધો સંસાર વ્યવહારનયના સમજણથી વિરુદ્ધ છે, એમ લીધું છે. આહાહા..! સંસારી જીવો વ્યવહારનયના બોધથી વિમુખ છે. કારણ કે, સંસાર આ છે, આ છે એના બોધથી વિમુખ છે. એવો અર્થ કર્યો છે. ઇ પોતે પરિણામ જ સર્વ સંસાર છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ સ્વરૂપી પ્રભુ, એનો બોધ, એનાથી વિપરીત એટલે કે એકલો રાગ, પુણ્ય, દયા, દાન, વિકલ્પ, કર્મ, શરીરનો બોધ, એકત્વ પરિણામ એ બોધના પરિણામ અજ્ઞાનના એને અહીંયાં મિથ્યાત્વ કહે છે અને એને અહીંયા સંસાર કહે છે. એ સંસાર છે. નિગોદમાં એ સંસાર અને નવમી ગ્રૈવેયકે ગયેલો મિથ્યાદૃષ્ટિ સાધુ હતો ને ગયો હતો એને એ સંસાર છે. સમજાણું કાંઈ? એમાં એ બે સ્વરૂપ બે છે. એક મલિન, કર્મ અને શરીર અને નિર્મળનાનંદ પ્રભુ આત્મા. એકકોર આતમરામ અને એકકોર મલિન આદિ બધો સમૂહ. બેની એકતાનો ભાવ જે અનાદિનો હતો એ સંસાર હતો. એને અંતર્મુખમાં

www.vitragvani.com



પોતાની બુદ્ધિ દ્વારા અંશમાં વર્તમાનમાં મલિન ઉપરના લક્ષમાં જે પડ્યો હતો એમાંથી ખસીને બુદ્ધિને અંતર્મુખ ચૈતન્ય સ્વભાવ શુદ્ધ ભગવાન આત્મા તરફ વાળતા બે જુદા પડ્યા ને જ્ઞાનમાં ચૈતન્ય પુરુષનું સ્વરૂપ જણાણું.

**'એવા નિર્મળ આત્માને સ્વાનુભવરૂપ આસ્વાદે છે.'** આહાહા..! આવા નિર્મળ આત્માને. જુઓ! નિર્મળ સ્વભાવ કીધો ને! સ્વભાવ એવા આત્માને. **'સ્વાનુભવરૂપ...'** સ્વ અનુભવરૂપ, પોતાના જ અનુભવરૂપ અંતર અનુસરીને થતો આનંદનો આસ્વાદ લ્યે છે. આત્માને સ્વ અનુભવરૂપ આસ્વાદે છે. એ આત્માને સ્વ અનુભવથી અતીન્દ્રિયના આનંદનો આસ્વાદ લે છે. બે વાત કરી. જ્ઞાનની નિર્મળતામાં સ્વરૂપ પ્રકાશ્યું, ચૈતન્ય પુરુષનો આકાર પ્રતિભાસ્યો. ભાઈ! બે વાત (કરી). ભગવાન આત્મા પોતાના અંતર શુદ્ધ સ્વરૂપ તરફ વળતા તેના જ્ઞાનમાં ચૈતન્ય પુરુષનું સ્વરૂપ પ્રકાશ્યું અને પ્રકાશવામાં તેને વેદન કરતા–અનુભવ કરતા આનંદને અતીન્દ્રિય આનંદને સાથે આસ્વાદે છે. આહાહા..! આ એનું નામ આત્મા જાણ્યો ને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! કહો! 'શાંતિભાઈ'! આ વાતું ઝીણી બહુ પણ. ભાઈ! સાધારણને શું કરવું? આખો દિ' ધંધા કરવા, વેપાર કરવા એને આ ઝટ સમજાય એવી કાંઈ રીત હશે? આખો દિ' વેપાર, ધંધા નવરા ન મળે (એને) થોડા વખતમાં સમજાય એવી (કોઈ વાત છે?) પણ થોડામાં આ જ વાત છે. કહો! સમજાણું કાંઈ? આ વિના બીજી રીત ત્રણકાળમાં સુખી થવાની નથી. બધા દુઃખી થવાના રસ્તા છે. દુઃખી હશે આ? 'શાંતિભાઈ'! ૭૦૦-૮૦૦ ના પગાર આવે, એકલા (છે), પરણવું નથી. હવે આવા સુખી ન કહેવાય? સુખી કહેવાય કે નહિ? પૈસા-બૈસા ભેગા થાય તો ભાઈઓનું ઓશિયાળાપણું મટે. આહાહા..! કહે છે કે, એ તો બધું ભિખારાપણું છે. આ બાદશાહી તો અહીં આત્મામાં છે. સમજાય છે?

ભગવાન આત્મા, જેને શુભ વિકલ્પની પણ જરૂર નથી, ગરજ નથી, એમ કહે છે. પૈસા નહિ, કર્મ નહિ, શરીર નહિ, શુભ વિકલ્પની પણ ગરજ નહિ. એક ગરજ રહી શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સન્મુખ થઈને રહેવું ઇ. ત્યારે તેને બાદશાહ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનમાં પ્રકાશ્યો. ત્યારે તેને જ્ઞાનમાં એ ચૈતન્ય સ્વરૂપ પ્રકાશતા એનો મૂળ જે આનંદ સ્વાદ, એ પ્રગટરૂપ જ્ઞાનનો પર્યાય હતો પણ આનંદરૂપ પ્રગટ નહોતો અને પ્રગટરૂપ જ્ઞાનમાં જે રાગાદિ પ્રકાશતો હતો અનાદિથી, પ્રગટરૂપ જ્ઞાન પર્યાયમાં રાગાદિ એ જણાતા હતા એ જ્ઞાન આમ વળતા ચૈતન્ય સ્વરૂપ પ્રકાશ્યું અને આનંદનો અંશ તો જરીએ હતો પણ નહિ, આકુળતા હતી. સમજાણું કાંઈ? પરસન્મુખમાં જ્ઞાનના અંશમાં મલિનતા ને કર્મ શરીરથી એકત્વપણું ભાસતું હતું અને આકુળતા હતી. એ ચૈતન્યની અંતર બુદ્ધિ વડે અંતરમાં જતાં શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને પકડતા મેલ અને કર્મ એકકોર, ભગવાન બે જુદા પડતા પોતાના જ્ઞાનમાં આ શુદ્ધ સ્વરૂપ છે તેમ પ્રકાશ્યું. પેલી પર્યાયમાં પેલું પ્રકાશતું હતું, આ પર્યાયમાં આ પ્રકાશ્યું. અને જે જ્ઞાન આકુળતા જે હતી એને ઠેકાણે અહીંયા જ્ઞાનના પ્રકાશમાં ચૈતન્ય સ્વરૂપ પ્રકાશમાં અતીન્દ્રિય

આનંદનો અનુભવમાં સ્વાદ આવ્યો. એને આત્મા જાણ્યો કહેવાય અને એને સમ્યગ્દૃષ્ટિ કહેવાય. આહાહા..! 'યોગેશભાઈ'! બહુ વાતું ઝીણી. તમને સાંભળવા પણ મળે નહિ ત્યાં. રળવામાં ને ફલાણામાં. કહો! સમજાણું? 'ભગવાનભાઈ'! આવી વાત પણ સાંભળી નહોતી 'ભાવનગર'માં કોઈ દિ'. આટલા વર્ષમાં પોષા ને પડિકમણા ને સામાયિક કરી કરીને ઠડ નીકળી ગયા. ક્યાં પણ જ્યાં દિશા જ ફેર છે એમાં દિશા ફેરમાં મૂંઠ્યું વાળીને ચાલવા મંડ્યો. જાવું ઉગમણે ને (જાય) આમ આથમણે. ખૂબ દોડજે, પણ કેની કોર? એમ જ્યાં દશા સ્વસન્મુખ થવાની શું છે એની જ ખબર ન મળે, પરસન્મુખથી ખસવું છે ને સ્વસન્મુખમાં આવવું છે એની વાતની ખબર ન મળે એ જાય ક્યાં? સમજાણું કાંઈ?

હજી શ્રદ્ધામાં જ એમ હોય કે, આ પર સન્મુખમાં જે છે એ કાંઈ કરીએ છીએ એમાંથી કાંઈ કલ્યાણ થશે. હવે એના તરફથી ખસે ક્યાંથી ને અંદરમાં આવવાની જરૂર છે એવી રુચિ ક્યાંથી થાય? આહા..! સમજાણું કાંઈ? કહે છે, ભારે વાત છે. અત્યારે આ બધી કસદાર વાત છે. પાણી નીકળે ને કહ નથી આવતો હેઠે? કહ સમજે? કહ, પાણીનો ધોધ નીકળતો હોય ને હેઠે એની ઉપરનું હોય એને જોઈને કહે કે, આ કહ છે, એમ કહે. કહ એટલે પાણીના પૂર જાય છે. બે હાથ છેટું હોય તોપણ કળી લ્યે. કહ સાંભળ્યું છે કે નહિ? કહ. જમીનમાં આ પાણી નીકળે ને? પાણી નીકળતા હોય એને કહ કહે, કહ. આ જમીન આમ ઊંચી થઈ છે ને આ જાતની થઈ છે અને નીચે કાંઈક પલળેલું છે એટલે આમ ઊંચી થઈ ગઈ. નીચે પાણીનો ધોધ ચાલ્યો જાય છે એમ કહે. કહ એમ આ ચૈતન્ય પુરુષનો કહ અંદર પડ્યો છે મોટો. કળી લે અને આનંદને આસ્વાદે. આહાહા..! આ ધર્મની રીત છે ને આ ધર્મ પામવાની કળા છે, એ સિવાય બધા થોથે થોથા છે.

મુમુક્ષુ :- સાચો કહ તો આ બેસે ત્યારે કહેવાય.

ઉત્તર :- શું કરવા, આ બેસાડવા માટે કહેવાય છે કે? કહો! સમજાણું આમાં?

**'તેથી શુદ્ધનય કતકફળ સમાન છે.'** જેમ મેલા પાણીમાં નિર્મળી ઔષધી નાખવાથી પાણી ને મેલ જુદા પડી જાય છે. એમ શુદ્ધનય–અંતર્મુખનું લક્ષ કરવું એ શુદ્ધનય કતકફળ સમાન છે. મેલ અને નિર્મળને બેને જુદા પાડે છે. કહો! સમજાણું કાંઈ? શુદ્ધનય કતકફળ છે. શુદ્ધનયનો વિષય છે એ જ કતકફળ છે. એના તરફ લક્ષ જતાં જ બે જુદા પડી જાય છે. **'એના શ્રદ્ધાનથી સર્વ સિદ્ધિ થાય છે.'** લ્યો! એના શ્રદ્ધાનથી સર્વ સિદ્ધિ, મુક્તિ, કેવળજ્ઞાન આદિ આનાથી થાય છે. એ સિવાય કાંઈ બીજા ઉપાયે થતું નથી. સમજાણું કાંઈ?

**'એના શ્રદ્ધાનથી...'** કોના શ્રદ્ધાનથી? એ શુદ્ધનયનું ફળ આવ્યું. શુદ્ધનય સ્વભાવ જે ભગવાન આત્મા, એની શ્રદ્ધા થઈ, પેલી એકત્વ શ્રદ્ધા હતી, રાગ, વિકલ્પ આદિ મારા છે અથવા એનાથી લાભ થાય એમ કરીને ત્યાં પડ્યો હતો ને? એની એકત્વબુદ્ધિમાં એકલી સંસારની સિદ્ધિ અને સંસારનું રખડવું સિદ્ધ થતું હતું. આના સ્વભાવ સન્મુખની દૃષ્ટિ થતાં

www.vitragvani.com



એની જે શ્રદ્ધા થઈ, શુદ્ધ સ્વભાવ જ આત્મા છે એવી શ્રદ્ધા થઈ. ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવ જ્ઞાનમાં જાણતા ને આસ્વાદન લેતા શ્રદ્ધા થઈ એમ કહે છે. અમસ્તી જાણ્યા વિના એમ નહિ. જ્ઞાનમાં જાણતા ને આનંદનો આસ્વાદ લેતા આ શ્રદ્ધા થઈ (કે) આત્મા શુદ્ધ ત્રિકાળ છે. એવી **'શ્રદ્ધાનથી સર્વ સિદ્ધિ થાય છે.'** આ શ્રદ્ધાનથી ચારિત્ર થાય છે, કેવળજ્ઞાન થાય છે, મુક્તિ થાય છે, બધી સંપદાની પ્રાપ્તિ આ શ્રદ્ધાનથી થાય છે. બધી સમજ્યા? કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય બધું. કહો! સમજાણું કાંઈ? 'રાજમલજી'! લ્યો, તમે અહીં આવ્યા ને આ બધું આવ્યું. માલ માલ આવ્યો આજે.

મુમુક્ષુ :– શિયાળામાં માલ માલ જ ખાય ને!

ઉત્તર :– હા, બહુ પાક ખાય. અડદીયા ખાય ને મુસળીપાક ખાય, સાલમપાક ખાય (તો) કહ રહે. મરી ગયા ખાયને. ઉ...ઉં થઈ ગયું હતું. જાવ! એ સલવાણું કાંઈક અંદરમાં ઉંઉં થતું હતું જાવ! ઊંડો સંસારમાં. આહાહા..! બહુ માખણ જેવી વાત અને બહુ સીધી ને સરળ વાત છે.

ભગવાન આત્મા પોતાના સ્વભાવનો પિંડ પ્રભુ પોતે, એના સન્મુખથી એના ભાનમાં ને એના આસ્વાદમાં એની શ્રદ્ધા થઈ. બસ! એ શ્રદ્ધા સર્વ શાંતિ ને સર્વ સુખનું મૂળ છે. સમજાણું કાંઈ?

**'આગળ કહે છે કે જો એક નિશ્ચયનયના શ્રદ્ધાનથી જ સર્વ સિદ્ધિ થાય...'** મહારાજ! આપે તો આવો ભગવાન શુદ્ધ સ્વરૂપી પ્રભુ અનંત અનંત શાંતરસ ને આનંદકંદનો નાથ આત્મા સ્વભાવ (છે), એની આ સન્મુખની શ્રદ્ધા, નિશ્ચયની શ્રદ્ધા, સ્વાશ્રયની શ્રદ્ધા, સ્વની શ્રદ્ધા એનાથી જો સર્વ સિદ્ધિ થાય, આનાથી જો સર્વ સિદ્ધિ થાય, **'તો આચાર્ય વ્યવહારનયનો ઉપેદશ શા માટે કરે છે?'** સમજાણું કાંઈ? બરાબર છે કે નહિ પ્રશ્ન? 'માંગીરામજી'! આહાહા..! વાત તો બહુ અસલ વાત છે. નથી? બહુ અનુભવી છે ને! જુના છે ને, જુના માણસ છે. દિલ્હી! આહાહા..! જગતને બિચારાને મળતી નથી. ત્યાગી થયા, બાવા થયા, સાધુ થયા પણ બિચારા એમ ને એમ... જાય, લોકબુદ્ધિમાં પડ્યા. સંસાર.. સંસાર.. વસ્તુ શું છે (એની) ખબર ન મળે. પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ તીર્થંકરદેવ એણે કેવળજ્ઞાનથી જોઈને શું શ્રદ્ધાનું સ્વરૂપ કહ્યું એની એને ખબર નથી.

(અહીંયા) શિષ્યે પૂછ્યું કે, પ્રભુ આટલું બધું જ્યારે તમે નિશ્ચયનયના શ્રદ્ધાનથી જ જ્યારે સર્વ મુક્તિ, મુક્તિ (કહો છો), તો મુક્તિનું એક જ કારણ બતાવ્યું. ભગવાન આત્મા પરથી, રાગથી, શરીરથી, ક્રિયાકાંડ જડની, વિકલ્પથી છૂટી અને પોતાના સ્વરૂપમાં સન્મુખ થઈને શ્રદ્ધા, જ્ઞાન કરે, એનાથી જ આપે નિશ્ચયથી જ સિદ્ધિ કીધી તો આમાં વ્યવહાર તો ક્યાંય આવ્યો નહિ. સમજાણું? તો **'આચાર્ય વ્યવહારનયનો ઉપદેશ શા માટે કરે છે? તેનો ઉત્તર-અર્થ આ ગાથામાં કહ્યો છે.'** એનો ઉત્તર-અર્થ આ ગાથામાં કહ્યો છે. સમજાણું?

www.vitragvani.com



## ગાથા–૬

વળી જે શ્રોતા ગાથાના અર્થમાંના ઉપદેશને અંગીકાર કરવા લાયક નથી તેનું કથન કરે છે -

अबुधस्य बोधनार्थं मुनीश्वरा देशयन्त्यभूतार्थम्।
व्यवहारमेव केवलमवैति यस्तस्य देशना नास्ति।।६।।

અન્વયાર્થ :– [ मुनीश्वराः ] ગ્રન્થ કરનાર આચાર્ય [ अबुधस्य ] અજ્ઞાની જીવોને [ बोधनार्थं ] જ્ઞાન ઉત્પન્ન કરવા માટે [ अभूतार्थं ] વ્યવહારનયનો [ देशयन्ति ] ઉપદેશ કરે છે અને [ यः ] જે જીવ [ केवलं ] કેવળ [ व्यवहारम् एव ] વ્યવહારનયને જ [ अवैति ] જાણે છે [ तस्य ] તેને-તે મિથ્યાદૃષ્ટિ માટે [ देशना ] ઉપદેશ [ नास्ति ] નથી.

ટીકા :– 'मुनीश्वराः अबुधस्य बोधनार्थं अभूतार्थं देशयन्ति -' મુનિશ્વરો એટલે આચાર્યો અજ્ઞાની જીવોને જ્ઞાન ઉત્પન્ન કરવા માટે અભૂતાર્થ એવો જે વ્યવહારનય તેનો ઉપદેશ કરે છે.

ભાવાર્થ :– અનાદિનો અજ્ઞાની જીવ વ્યવહારનયના ઉપદેશ વિના સમજે નહિ તેથી આચાર્ય વ્યવહારનય દ્વારા તેમને સમજાવે છે. તે જ બતાવીએ છીએ. જેમ કોઈ મ્લેચ્છને બ્રાહ્મણે 'સ્વસ્તિ' શબ્દ વડે આશીર્વાદ આપ્યો. તેને (અર્થની) કાંઈ ખબર પડી નહિ, તેના તરફ તાકી જ રહ્યો. ત્યાં દુભાષિયો તેને મ્લેચ્છની ભાષામાં કહેવા લાગયો કે આ કહે છે કે, 'તારું ભલું થાવ.' ત્યારે આનંદિત થઈને તેનો આશીર્વાદ અંગીકાર કરે છે. તેમ અજ્ઞાની જીવોને આચાર્યે 'આત્મા' એવા શબ્દ વડે ઉપદેશ કર્યો. ત્યારે તેને કાંઈ સમજણ ન પડવાથી આચાર્ય તરફ જોઈ રહ્યો. ત્યાં નિશ્ચયવ્યવહારનયના જાણનાર આચાર્યે વ્યવહારનય વડે ભેદ ઉપજાવીને કહ્યું કે-જે આ દેખનાર, જાણનાર, આચરણ કરનાર પદાર્થ છે તે જ આત્મા છે, ત્યારે સહજ પરમાનંદ દશાને પ્રાપ્ત થઈ તે આત્માને નિજ સ્વરૂપ વડે અંગીકાર કરે છે. આ રીતે આ સદ્ભૂત વ્યવહારનયનું ઉદાહરણ આપ્યું.

હવે અસદ્ભૂત વ્યવહારનયનું ઉદાહરણ કહીએ છીએ. જેમ માટીનો ઘડો ઘીથી સંયુક્ત છે તેને વ્યવહારે ઘીનો ઘડો કહીએ છીએ. અહીં કોઈ પુરુષ જન્મથી ઘીનો ઘડો જાણે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**છે. જો કોઈ તેને ઘીનો ઘડો કહીને સમજાવે તો સમજે અને જો માટીનો ઘડો કહે તો બીજા કોઈ કોરા ઘડાનું નામ સમજે છે. નિશ્ચયથી વિચારીએ તો ઘડો છે તે માટીનો જ છે, પરંતુ તેને સમજાવવા માટે 'ઘીનો ઘડો' એવા નામ વડે કહીએ છીએ. તેમ ચૈતન્યસ્વરૂપ આત્મા કર્મજનિત પર્યાયથી સંયુક્ત છે તેને વ્યવહારથી દેવ, મનુષ્ય ઇત્યાદિ નામથી કહીએ છીએ. અહીં અજ્ઞાની અનાદિથી તે આત્માને દેવ, મનુષ્ય ઇત્યાદિ સ્વરૂપ જ જાણે છે. જો કોઈ એને દેવ, મનુષ્ય વગેરે નામથી સંબોધીને સમજાવે તો સમજે અને ચૈતન્યસ્વરૂપ આત્માનું નામ કહે તો બીજા કોઈ પરમબ્રહ્મ, પરમેશ્વરનું નામ સમજે. નિશ્ચયથી વિચારીએ તો આત્મા છે તે ચૈતન્યસ્વરૂપ જ છે. પરંતુ એને સમજાવવા માટે આચાર્ય ગતિ, જાતિના ભેદ વડે જીવનું નિરૂપણ કરે છે. આ રીતે અજ્ઞાની જીવોને જ્ઞાન ઉપજાવવા માટે આચાર્ય વ્યવહારનો ઉપદેશ કરે છે. અહીં માત્ર વ્યવહાર 'एवं अवैति तस्य देशना नास्ति' - જે જીવ કેવળ વ્યવહારની જ શ્રદ્ધા કરે છે તેને માટે ઉપદેશ નથી.**

**ભાવાર્થ :– નિશ્ચયનયની શ્રદ્ધા વિના કેવળ વ્યવહાર માર્ગમાં જ જે પ્રવર્તે તે મિથ્યાદષ્ટિને ઉપદેશ કરવો નિષ્ફળ છે. ૬.**

---

'**વળી જે શ્રોતા ગાથાના અર્થમાંના ઉપદેશને અંગીકાર કરવા લાયક નથી તેનું કથન કરે છે -**' સમજાણું કાંઈ? શું કહ્યું સમજાય છે આમાં? આ ગાથામાં બે વાત કરશે કે, નિશ્ચયનયનો આશ્રય કરવો, સ્વભાવની શુદ્ધતા ને એ જ શ્રદ્ધા, એ જ શ્રદ્ધા ને એ જ જ્ઞાન, એ જ મુક્તિની સર્વ સિદ્ધિનો ઉપાય (છે) તો પછી આચાર્યોએ વ્યવહારનો ઉપદેશ શું કરવા કહ્યો? તો એક જ નિશ્ચયનો કરવો જોઈએ. બીજું, કે '**શ્રોતા ગાથાના અર્થમાંના ઉપદેશને અંગીકાર કરવા લાયક નથી...**' કહે છે, જે શ્રોતા એકલા કેવળ વ્યવહારને જ જાણનારા અને વ્યવહારને જ નિશ્ચય માનનારા છે તે શ્રોતા સત્‌ને સાંભળવાને લાયક નથી. સમજાણું કાંઈ?

**अबुधस्य बोधनार्थं मुनीश्वरा देशयन्त्यभूतार्थम्।**
**व्यवहारमेव केवलमवैति यस्तस्य देशना नास्ति।।६।।**

વાહ! આ પુસ્તક પહેલી વાર વંચાય છે વ્યાખ્યાનમાં. આ તો ગુજરાતી થયું એ સૌના હાથમાં આવે ત્યારે વંચાણું ને! 'સમાધિ શતક' તો વંચાય ગયું છે. આ નહોતું વંચાણું. સમજાણું કાંઈ? હવે તો બધાને હાથમાં છે, ઘણા છપાય ગયા છે. કેટલા છપાણા? કેટલા? 'હરીભાઈ'! ૪૧૦૦. લ્યો! ઘણા છપાણા. શું કહે છે? રાખ્યું છે કે નથી રાખ્યું? હવે એનો અન્વયાર્થ.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**અન્વયાર્થ :– 'ગ્રન્થ કરનાર આચાર્ય...'** શિષ્યનો પ્રશ્ન હતો કે, જ્યારે નિશ્ચયનયના આશ્રયથી શ્રદ્ધાથી સર્વ સિદ્ધિ થાય, આત્માને ધર્મની સિદ્ધિ, શાંતિની સિદ્ધિ, મુક્તિની સિદ્ધિ બધી સિદ્ધિ (થાય) તો પછી વ્યવહારનયને કહેવાનું કારણ શું? ત્યારે કહે છે કે, **'ગ્રન્થ કરનાર આચાર્ય અજ્ઞાની જીવોને જ્ઞાન ઉત્પન્ન કરવા માટે વ્યવહારનયનો ઉપદેશ કરે છે...'** એને અજ્ઞાનીને વસ્તુની ખબર નથી એથી તેને અંતરમાં ભેદ દ્વારા, વ્યવહાર દ્વારા એને નિશ્ચય સમજાવીને નિશ્ચયનું જ્ઞાન કરાવવા માટે આ વાત કરે છે. વ્યવહારને બતાવે છે નિશ્ચયને પ્રગટ કરવા માટે, વ્યવહારને બતાવે, વ્યવહાર રાખવા માટે નહિ. સમજાણું કાંઈ?

**'ગ્રન્થ કરનાર આચાર્ય અજ્ઞાની જીવોને જ્ઞાન ઉત્પન્ન કરવા માટે...'** હવે એમાં પણ ઊંધો વાંધો લેવો. જુઓ! વ્યવહારને લઈને જ્ઞાન થાય. અરે..! સાંભળ! શું કહે છે? એને સમજાવે છે કે, જો આ આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય એ વ્યવહાર થયો, એ આત્મા. એમ કરીને એનું વ્યવહારનું લક્ષ છોડાવીને અભેદમાં જવા માટે વ્યવહાર કહે છે. બે બોલ લેશે, સદ્‌ભુત વ્યવહારનય ને અસદ્‌ભુત વ્યવહારનયના બે દાખલા આપશે. સમજાણું કાંઈ? અજ્ઞાની જીવને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન આદિ ઉત્પન્ન કરાવવા માટે એને વ્યવહારથી સમજાવે છે. નિશ્ચયથી તો સમજતો નથી. ઘડાનો દાખલો છે ને? એ આવશે. વ્યવહાર છે, સમજાવવા માટે છે, રાખવા માટે નહિ. એ એને સમજાવે છે. પેલો સમજતો નથી.

એકલો કોરો ઘડો સમજતો નથી એને કહે કે, ઘીનો ઘડો તે ઘડો, એમ કહે. પણ કહેવું છે તો માટીનો ઘડો બતાવવો છે પણ એકલો કોરો ઘડો જોયો નથી એટલે ઘી દ્વારા એને ઓળખાવે છે. ઓળખાવવો છે તો માટીનો ઘડો. એમ આ દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય એ વ્યવહાર કહો! વ્યવહાર. એ આત્મા. એમ કરીને પેલો નિશ્ચય સમજાવે છે. ભેદ પાડીને સમજાવવું છે નિશ્ચય પણ એ ભેદ પાડીને સમજાવતા પણ નિશ્ચય સમજાવ્યું એમ જો એનું લક્ષ જાય અને વ્યવહારનું લક્ષ છોડે તો વ્યવહાર એને નિશ્ચયથી સમજાવ્યો એમ કહેવામાં આવે છે.

દેવ જીવ, મનુષ્ય જીવ એકલો જીવ તો જોયો નથી, એકલો જીવ તો જોયો નથી. અભેદ જોયો નથી, એકલો જોયો નથી. સમજાણું કાંઈ? એકલો અભેદ ચૈતન્ય સ્વરૂપ કોઈ દિ' જોયો નથી. એથી એને ભેદથી સમજાવે છે કે, જો આ આત્મા છે ને અંદર? એ દર્શન-જ્ઞાન-ચારિત્રને જે પ્રાપ્ત થાય, ત્રણને પ્રાપ્ત થાય (તે આત્મા). શ્રદ્ધા કોણ કરે? કે, આત્મા. જાણે કોણ? કે, આત્મા. ઠરે કોણ? કે, આત્મા. એમ. ત્રણના ભેદ વડે, વ્યવહાર વડે પેલો સમજાવે છે અભેદ આત્મા. અનાદિથી એકલો અભેદ સમજ્યો નથી માટે. ભેદ દ્વારા સમજાવવા માટે, વ્યવહાર દ્વારા સમજાવવા માટે, નિશ્ચયનું જ્ઞાન કરાવવા માટે વ્યવહાર દ્વારા વાત કરી છે. પણ એ વ્યવહારને જ પકડે કે વ્યવહારથી જ્ઞાન નિશ્ચયનું થાય છે ને માટે વ્યવહાર સાચો છે. એ પકડે એને તો કહે છે, દેશનાને લાયક નથી.

www.vitragvani.com



અમે વ્યવહાર દ્વારા નિશ્ચયને સમજાવવા માટે આ વાત (કરી). કારણ કે, તું એકલો જુદો અભેદ કોઈ દિ' સમજ્યો નથી. અને દેવ, મનુષ્ય આત્મા, મનુષ્ય આત્મા, એકેન્દ્રિય આત્મા, બેઇન્દ્રિય આત્મા, કેવળીનો આત્મા, સજોગી આત્મા, અજોગી આત્મા એવા ભેદ પાડીને તને સમજાવીએ છીએ, સમજાવવો છે પેલો આત્મા પણ તું કોઈ દિ' જોગ વિનાનો આત્મા, દેવ વિનાનો આત્મા, મનુષ્ય વિનાનો આત્મા તેં જોયો નથી. એથી તને એ દ્વારા કહેવું છે પેલું અને પકડી બેસે કે, લ્યો! તમે વ્યવહાર કીધો હતો ને કે દેવ તે આત્મા, મનુષ્ય તે આત્મા. પણ મનુષ્ય તે આત્મા કહીને પેલો આત્મા છોડાવવા, મનુષ્યપણું છોડાવી ન્યાં લઈ જવા કીધું હતું. એને ઠેકાણે વ્યવહારના કથનો પકડીને એને જ માને. હવે એ તો જે હેતુ કહેવાનો છે એ પકડવાની લાયકાત નથી એને દેશના દઈને શું લાભ? સમજાણું? એ તો ઝઘડા જ ઊભા કરશે. જુઓ! વ્યવહારની જરૂર પડી કે નહિ? વ્યવહાર આવ્યો કે નહિ? વ્યવહાર આવ્યો કે નહિ? નિમિત્ત આપણા કે નહિ? અરે..! ભગવાન! આવ્યો તે આવ્યો એ શું કરવા? એ વ્યવહાર પેલાને બતાવવા માટે છે. વ્યવહાર વ્યવહારને જણાવવા ને વ્યવહાર વ્યવહારને રાખવા માટે નથી. સમજાણું કાંઈ?

**'જે જીવ કેવળ વ્યવહારનયને જ જાણે છે...'** એમ કેમ લીધું? પેલા વ્યવહારના ભેદ પાડીને કહેવું, દેવ આદિથી કહેવું ત્યાં પકડે. લ્યો! ત્યારે તમે કહ્યું ને, તમે કહ્યું ને, તમે કહ્યું કે નહિ? ભાઈ! અમે કહ્યું પણ કઈ અપેક્ષાએ? પેલો નિશ્ચય સમજાવવા ભેદ પાડ્યો હતો. એને ઠેકાણે તું ન્યાં પકડ. સમજાણું કાંઈ? કહે છે કે, એ દેશના સાંભળવાને લાયક નથી. આહાહા..! જે કહેવાનો આશય છે તેને ન પકડતા વ્યવહારથી કહ્યું ત્યાં વ્યવહારને જ પકડ્યો. આવ્યો કે નહિ વ્યવહાર? આવ્યો કે નહિ વ્યવહાર? વ્યવહાર વિના સમજાવી શકાય છે? ગણધરો પણ કહે છે. વ્યવહારનયનો આશ્રય લઈ અમે જગતને સમજાવીએ છીએ કારણ કે, એનાથી ઘણા જીવો સમજશે. લ્યો! 'ધવલ'માં એમ આવે છે. એનો અર્થ કે, જીવોને ભેદ પાડ્યા વિના (કહી શકાતું નથી). જો ભાઈ! આ એકેન્દ્રિય તે જીવ. એકલો જીવ કહે તો વળી ચૈતન્ય સ્વરૂપ તે આત્મા, ચૈતન્ય સ્વરૂપ તે આત્મા. વળી કોઈ એમ (સમજશે કે) પરમેશ્વર હશે એ હશે. ચૈતન્ય સ્વરૂપ તે આત્મા કહેતા વળી કોઈ બીજા ભગવાન હશે. એનો આત્મા છે એમ ન સમજે એ. સમજાય ને? અંદર અર્થમાં કહેશે. ચૈતન્ય સ્વરૂપ તે આત્મા, એમ જો કહે તો વળી કોઈ પરબ્રહ્મ ને પરમાત્માને સમજી લે. કારણ કે, એકલો ચૈતન્ય સ્વરૂપ જુદો તો જાણ્યો નથી. કોરો ઘડો તો કોઈ દિ' જોયો નથી. કોરો સમજ્યા ને? માટીના એકલા (ઘડા). ઘીવાળો ને તેલવાળો ને પાણીવાળો ને એવા લોટવાળો એવો ઘડો જોયો છે એટલે પછી એ દ્વારા એને ઓળખાવે છે. સમજાણું? પણ ઓળખાવવો છે ઘડો. ઘી ને લોટવાળો ઘડો કહીને કંઈ ઘી ને લોટમાં એને અટકાવવો નથી. ત્યાં પેલો કહે કે, જુઓ! તમે કીધું હતું ને ઘીનો ઘડો.

પંચેન્દ્રિય જીવ, મનુષ્ય જીવ, બાદર જીવ, સૂક્ષ્મ જીવ, પર્યાપ્ત જીવ, અપર્યાપ્ત જીવ. જુઓ! તમે કીધું હતું ને પર્યાપ્ત જીવ. પણ પર્યાપ્ત કહીને પેલો જીવ કહેવો હતો. સમજાય છે? પર્યાપ્તપણું બતાવવું નહોતું. સમજાણું કાંઈ? આહા..! બહુ સરસ વાત છે. શ્લોકો એવા મુક્યા છે. 'સમયસાર'ની શૈલી ને શૈલી બધી એક પણ એની રીત ફેર હોય છે, મૂળ ચીજને પકડવા માટે.

બે વાત કરી. એક તો આચાર્ય અજ્ઞાની જીવને જ્ઞાન ઉત્પન્ન કરવા માટે વ્યવહારનયનો ઉપદેશ કરે છે. ઇ વાત કરી હતી. આવે છે ને? વ્યવહાર વિના ઉપદેશ થતો નથી. અહીં પેલા આવ્યા હતા ને? સોલિસીટર. તે દિ' (સંવત) ૧૯૯૭ ની સાલમાં. જુઓ! આમાં આવ્યું આ. શું આવ્યું પણ ત્યાં? જુઓ! વ્યવહાર (આવ્યો). પણ વ્યવહાર વિના ઉપદેશ થતો નથી, ભેદ પાડીને સમજાવવું એ વિના બીજો ઉપાય નથી એમ આવ્યું છે. વ્યવહારથી લાભ થયો એમાં ક્યાં આવ્યું છે? કીધું. સોલિસીટર હતો. ૧૯૯૭ માં દેરાસર ચાલતું હતું ને. 'ચીમનલાલ' તમારા 'વીરચંદ કામદાર'ના દીકરા. કહો! સમજાણું કાંઈ? અરે..! ભગવાન! શું થાય? એના માટે તો આ ગાથા લીધી છે.

**'કેવળ વ્યવહારનયને જ જાણે છે...'** એમ બતાવે જુઓ! દયા ભાવવાળો આત્મા, હિંસા ભાવવાળો આત્મા એમ કહે. પણ બતાવવો છે પેલો આત્મા. દયા ભાવ ને એ તો રાગ છે. સમજાણું કાંઈ? આ દયાળુ જીવ છે એમ નથી કહેતા? આ ક્રુર જીવ છે, આ ક્રોધી જીવ છે, આ માની છે, આ ઊંડા પેટ હાથ ન આવે એવો માયાવી છે. પણ એ માયાવી કરીને બતાવવો છે પેલો જીવ. એ જીવ માયાવી નથી, જીવ ક્રોધી નથી, જીવ માની નથી, જીવ કપટી નથી, જીવ લોભી નથી. એને એના દ્વારા પેલું બતાવવું, પેલું બતાવવું છે કે જો આ, આ નહિ. જુઓ! આ. સમજાણું કાંઈ? દયાળુ જીવ એટલે એમ કરીને કે દયાનો ભાવ તે જીવ નહિ. જીવ તો પેલા દયાના ભાવ વિનાનું સ્વરૂપ તે જીવ. એ દ્વારા એને ઓળખાવ્યું. સમજાણું કાંઈ?

**'વ્યવહારનયને જ જાણે છે...'** 'કેવળ' શબ્દ પડ્યો છે ને? **'જે જીવ કેવળ...'** એકલા વ્યવહારને જાણે છે એ સમજાવવું છે ત્યાં જતો નથી, વ્યવહારને (પકડી રાખે છે). **'તેને– મિથ્યાદૃષ્ટિ માટે ઉપદેશ નથી.'** એ ઉપદેશને લાયક નથી. એનો વિસ્તાર કરશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

卐

www.vitragvani.com



**પ્રવચન નં. ૮ ગાથા–૬ બુધવાર, માગશર વદ ૯, તા. ૦૪-૦૧-૧૯૬૭**

**[ મૂળ પ્રવચન હિન્દીમાં છે, તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે. ]**

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ચાલે છે. 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર મુનિ આજથી ૯૦૦ વર્ષ પહેલા થયા. બે હજાર વર્ષ પહેલા 'કુંદકુંદાચાર્ય' દિગંબર મુનિ થયા એમણે 'સમયસાર' આદિ (ગ્રંથ) બનાવ્યા. એની ટીકા કરનારા 'અમૃતચંદ્રાચાર્યે' આ ગ્રંથ બનાવ્યો છે. અહીંયા 'અમૃતચંદ્રાચાર્ય' છઠ્ઠી ગાથામાં એમ કહે છે, પહેલા પ્રશ્ન ઉઠ્યો છે કે નિશ્ચયનય છે તે યથાર્થ છે અને વ્યવહારનય છે તે અયથાર્થ છે. પછી ખુલાસો આવશે, હોં! નિશ્ચય જે સત્ય વસ્તુ છે, નિશ્ચય છે તે સત્ય વસ્તુને કહે છે અને વ્યવહાર છે તે અસત્યાર્થ, અભૂતાર્થ, અવસ્તુને કહે છે. અંદર દૃષ્ટાંત આવશે.

નિશ્ચય તો આત્માનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે તે જ કહે છે. આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદ પૂર્ણ શુદ્ધ સ્વરૂપ છે તે આત્મા છે, એમ નિશ્ચયનય કહે છે. એ દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન નામ ધર્મની શરૂઆતનું પહેલું પગથિયું, પહેલી સીઢી. નિશ્ચયનય એમ કહે છે કે, એ તો ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા, પૂર્ણ શુદ્ધ સ્વરૂપ છે તે આત્મા છે. નિશ્ચય એ કહે છે તે યથાર્થ કહે છે, ભૂતાર્થ કહે છે, યથાર્થ સત્ય કહે છે. કેમકે એવો ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ આત્માની અંતર દૃષ્ટિ કરવાથી, વ્યવહારનું લક્ષ છોડવાથી શુદ્ધ સ્વભાવ પરિપૂર્ણ આત્માનો આશ્રય કરવાથી સત્ય એવું સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. 'શોભાલાલજી'! તો નિશ્ચય સત્યને કહે છે. વ્યવહાર ઉપચારને, અસત્યાર્થને કહે છે.

કહે છે કે, જો નિશ્ચય સત્યને કહે છે અને વ્યવહાર અસત્ય કહે છે તો એવા વ્યવહારનો ઉપદેશ કરવાની જરૂર શું છે? વ્યવહાર એમ કહે છે કે, આત્મા દેવઆત્મા, મનુષ્યઆત્મા, ક્રોધીઆત્મા, રાગીઆત્મા એમ વ્યવહારનય કહે છે. તો શિષ્યે પ્રશ્ન કર્યો કે, નિશ્ચય યથાર્થ કહે છે અને વ્યવહાર અવાસ્તવિક કહે છે તો વ્યવહાર કહેવાની જરૂર શું છે? સમજાય છે કાંઈ? એક પ્રશ્ન આ છે.

બીજો, જે વ્યવહારને જ નિશ્ચય માની લે છે તે ઉપદેશને લાયક જ નથી. સમજાય છે કાંઈ? વ્યવહારનો ઉપદેશ ચાલે છે નિશ્ચયને બતાવવા માટે પણ જો વ્યવહારને જ માની લે, તમે વ્યવહારથી કહ્યું તો એ પણ સત્ય છે એમ માનનારા સત્ય ઉપદેશ સાંભળવાને લાયક નથી. સમજાય છે કાંઈ? આ બે વાત છઠ્ઠી ગાથામાં કહેશે. આ ઉપોદ્ઘાત કર્યો.

**अबुधस्य बोधनार्थं मुनीश्वरा देशयन्त्यभूतार्थम्।**
**व्यवहारमेव केवलमवैति यस्तस्य देशना नास्ति।।६।।**

www.vitragvani.com



મુનિશ્વરો, સંતો, મુનિઓ, દિગંબર સંતો **'अबुधस्य बोधनार्थ' 'देशयन्त्यभूतार्थम्'** ધર્માત્મા આચાર્ય અજ્ઞાનીજીવને જ્ઞાન પ્રગટ કરવા અર્થે, અજ્ઞાની જીવને વસ્તુનો યથાર્થ બોધ નથી તેથી એનું અજ્ઞાન ટાળવા માટે અને તેનું યથાર્થ જ્ઞાન શું છે તે સમજાવવા માટે **'अभूतार्थ' 'વ્યવહારનયનો ઉપદેશ કરે છે...'** અજ્ઞાનીને સત્યનું જ્ઞાન નથી તો અસત્ય નામ ભેદ પાડીને અથવા સંયોગનું લક્ષ કરાવીને આત્માને બતાવે છે. બતાવવો તો આત્મા છે ને? સારમાં સાર તો આત્મા છે. આત્માનો અનુભવ, સમ્યગ્દર્શન એ જ પહેલો ધર્મ છે. એ સિવાય ધર્મ થતો નથી. આત્મા બતાવવામાં અજ્ઞાનીને પહેલા આત્મા શરીરથી, રાગથી, કર્મથી ભિન્ન છે એમ કદી સમજ્યો નથી તો વ્યવહારથી એને સમજાવે છે કે આત્મા દેવ-આત્મા, મનુષ્ય-આત્મા પણ એ દેવ, મનુષ્ય આત્મા નથી. એમ વ્યવહારથી સમજાવે છે. **'અજ્ઞાની જીવોને જ્ઞાન ઉત્પન્ન કરવા માટે...'** ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ બતાવવા દેવ-આત્મા, મનુષ્ય-આત્મા, એકેન્દ્રિય આત્મા, પંચેન્દ્રિય આત્મા એમ વ્યવહારથી નિશ્ચય ચૈતન્ય સ્વરૂપને બતાવવામાં વચ્ચે વ્યવહાર આવે છે તેથી બતાવે છે. અભૂતાર્થ વ્યવહારનયથી એને ઉપદેશ કરે છે.

**ભાવાર્થ :–** કારણ કે અનાદિ અજ્ઞાની, **'અનાદિનો અજ્ઞાની જીવ વ્યવહારનયના ઉપદેશ વિના સમજે નહિ...'** વ્યવહારના ઉપદેશ વિના સમજે નહિ, વ્યવહાર કર્યા વિના સમજે નહિ, એમ નથી કહ્યું. બેમાં ફેર છે. સમજાય છે કાંઈ? અનાદિ અજ્ઞાની વ્યવહારનયના ઉપદેશ વિના સમજે નહિ, વ્યવહાર કર્યા વિના સમજે નહિ એમ નથી. સમજાય છે કાંઈ? શું કહે છે? અર્થ પછી આવશે, હોં!

**'વ્યવહારનયના ઉપદેશ વિના સમજે નહિ તેથી આચાર્ય વ્યવહારનય દ્વારા તેમને સમજાવે છે.'** અજ્ઞાનીને આત્મા શું ચીજ છે, વાસ્તવિક પદાર્થ શું છે એ અનાદિથી અજ્ઞાની સમજ્યો નથી તો અજ્ઞાનીને આચાર્ય, મુનિઓ, સંતો વ્યવહારથી સમજાવે છે. દૃષ્ટાંત આપે છે. **'જેમ કોઈ મ્લેચ્છને...'** કોઈ મ્લેચ્છ મુસલમાન, એને **'અને બ્રાહ્મણે સ્વસ્તિ શબ્દ વડે આશીર્વાદ આપ્યો.'** સ્વસ્તિ–આશીર્વાદ આપ્યા. બ્રાહ્મણે કોઈ મ્લેચ્છને મુસલમાનને આશીર્વાદ આપ્યા–સ્વસ્તિ. એમ કહીને **'આશીર્વાદ આપ્યો. તેને (અર્થની) કાંઈ ખબર પડી નહિ,...'** આ શું કહે છે? આ સ્વસ્તિ શું કહે છે? મુસલમાન સ્વસ્તિનો અર્થ સમજ્યો નહિ, સમજ્યો નહિ. શું કહે છે આ? સ્વસ્તિ શું કહે છે? **'તેના તરફ તાકી જ રહ્યો.'** સ્વસ્તિ કહેનાર તરફ એની નજર રહી. શું કહે છે આ? સ્વસ્તિ હો, સ્વસ્તિ હો શું કહે છે?

**'ત્યાં દુભાષિયો...'** ત્યાં બીજો બે ભાષાનો જાણનાર. મ્લેચ્છની ભાષાનો અને યથાર્થ ભાષાનો (જાણનાર). **'મ્લેચ્છની ભાષામાં કહેવા લાગયો કે આ કહે છે કે તારું ભલું થાય.'** અચ્છા! એ સ્વસ્તિમાં ન સમજ્યો. સ્વસ્તિ! સ્વસ્તિનો અર્થ છે તારું સ્વરૂપ છે સ્વ. તારું ભલુ થાઓ. સ્વસ્તિ શબ્દમાં ન સમજ્યો. તારું ભલુ થાવ, એમ તને કહે છે. **'ત્યારે આનંદિત થઈને...'** ત્યારે સાંભળનાર મ્લેચ્છ સ્વસ્તિનો અર્થ ભલુ થાઓ, એમ સમજીને આનંદિત થયો.

www.vitragvani.com



ઓહો..! બહુ સારું કહે છે, મને બહુ સારા આશીર્વાદ આપ્યા. સમજ્યા? **'તેનો આશીર્વાદ અંગીકાર કરે છે.'** આશીર્વાદ અંગીકાર કરે છે. એ દૃષ્ટાંત છે, આ તો દૃષ્ટાંત છે.

**'તેમ અજ્ઞાની જીવોને...'** પેલો મ્લેચ્છ, આ અજ્ઞાની. **'અજ્ઞાની જીવોને આચાર્યે આત્મા એવા શબ્દ વડે...'** જુઓ ખૂબી! આત્મા એમ કહ્યું. આત્મા સમજાવવો છે ને? અનંત કાળમાં આત્મા દેહમાં શું ચીજ છે તેની કોઈ દિવસ ઓળખાણ કરી નથી. બીજું બધું બહુ કર્યું. વ્યવહાર ક્રિયાકાંડ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ આદિ બધું અનંતવાર ઘણીવાર કર્યું પણ આત્મા શું છે તે કદી સમજ્યો નહિ. તેથી અહીંયા **'આચાર્યે આત્મા એવા શબ્દ વડે ઉપદેશ કર્યો.'** ભાઈ! તું આત્મા છો. સમજાય છે કાંઈ? **'આત્મા એવા શબ્દ વડે ઉપદેશ કર્યો. ત્યારે તેને કાંઈ સમજણ ન પડવાથી...'** સાંભળનારને કાંઈ ખબર પડતી નથી. શું કહે છે? આત્મા. આત્મા શું કહે છે? આત્મા શું? પેલો સ્વસ્તિનો અર્થ નહોતો જાણતો એમ આ આત્માનો અર્થ જાણતો નથી. શું કહે છે આ? સમજ્યા ને?

**'કાંઈ સમજણ ન પડવાથી આચાર્ય તરફ જોઈ રહ્યો.'** કહેનાર સંતો તરફ આત્મા સાંભળનાર જોઈ રહ્યો. શું કહે છે આ? આત્મા.. આત્મા શું કહે છે? **'ત્યાં નિશ્ચયવ્યવહારનયના જાણનાર આચાર્યે...'** એ આચાર્ય અથવા બીજું કોઈ આવ્યું **'વ્યવહારનય વડે ભેદ ઉપજાવીને કહ્યું...'** કહેનાર નિશ્ચયના પણ જાણનાર છે તે આત્મા સાંભળનારને આચાર્યે કહ્યું કે, આત્મા. તું આત્મા. એ ન સમજ્યો તો બીજો આવ્યો, જે આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આનંદ છે તેને પણ જાણે છે અને રાગ, પુણ્ય, વિકાર, શરીર, દેવ એવા સંયોગથી કહે છે તેને તેનું જ્ઞાન છે. બેનું જ્ઞાન છે તેવા આચાર્ય તેને ઉપદેશ આપે છે. સમજાય છે કાંઈ? **'નિશ્ચય-વ્યવહારનયના જાણનાર...'** અર્થાત્ જેને ભગવાન આત્મા શુદ્ધ આનંદ ચૈતન્ય સ્વરૂપ છે તે નિશ્ચય છે તેનું પણ ભાન છે અને એ આત્માને દેવ-આત્મા, મનુષ્ય-આત્મા, ક્રોધી-આત્મા, માની-આત્મા, એકેન્દ્રિય-આત્મા, સ્ત્રી-આત્મા, પુરુષ-આત્મા એમ વ્યવહારથી કહે છે તેનું પણ તેને જ્ઞાન છે. નિશ્ચય અને વ્યવહાર બન્નેનું જ્ઞાન છે. 'માંગીરામજી'! સમજાય છે કાંઈ?

**'વ્યવહારનય વડે ભેદ ઉપજાવીને કહ્યું કે–જે આ દેખનાર...'** ભાઈ! તને આત્મા એમ કહ્યું એનો અર્થ એ છે કે દેખનાર, અંદર દેખનાર, દેખનાર તે આત્મા, જાણનાર તે આત્મા એમ ભેદ પાડીને કહ્યું. અભેદથી તો આત્માને એકરૂપ કહ્યો. એ અભેદથી સમજ્યો નહિ. આત્મા–એમ કહ્યું તો સમજ્યો નહિ. એટલે પછી વ્યવહારથી સમજાવ્યો, વ્યવહારથી સમજાવ્યો. જો ભાઈ! અંદર દેખે છે ને? અંદર દેખે છે ને? એ દેખનાર આત્મા, જાણનાર આત્મા અને **'આચરણ કરનાર પદાર્થ છે તે જ આત્મા છે,...'** જે આચરણ કરનાર છે, સ્વરૂપમાં સ્થિર રહેનાર છે તે આચરણ કરનાર તે આત્મા છે. શું કહ્યું સમજાણું? ભેદ પાડીને ત્રણ પ્રકારે સમજાવ્યું. ભેદ કરીને સમજાવ્યું તે ભેદ વ્યવહાર છે. સમજાવવો છે આત્મા.

આ ધર્મની મૂળ ચીજ પહેલા આત્માથી જ ઉપાડી છે. આત્માના ભાન વિના બધું

www.vitragvani.com



વ્યર્થ છે. સમજાય છે કાંઈ? અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્મા શું ચીજ છે તેને જાણ્યા વિના અંશમાત્ર પણ કદી કોઈને ધર્મ થતો નથી.

(અહીંયા) કહે છે કે, આચાર્યે શ્રોતાને આત્મા એમ કહ્યું. એમ ન સમજ્યો તો નિશ્ચય અને વ્યવહાર બન્નેને જાણનારા બીજા ધર્માત્મા નિશ્ચય અભેદને પણ જાણે છે અને વ્યવહાર ભેદને પણ જાણે છે. એ જાણનાર એને ભેદથી વાત કરે છે. સમજાય છે કાંઈ? જાણનારા તેને ભેદથી વાત કરે છે. આત્મા સમજ્યો નહિ. સ્વસ્તિ કહ્યું તે સમજ્યો નહિ. તારું ભલુ થાઓ. એમ આત્માનો અર્થ સમજ્યો નહિ. સમજાણું કાંઈ? એનો અર્થ કર્યો, દેખનાર. ભાઈ! અંદર જોવે છે, જેમાં દેખાય છે અને જેમાં દેખાય છે, જેમાં જણાય છે, જે આચરણ કરે છે તે આત્મા. એમ ભેદ પાડીને તેને સમજાવ્યું **'ત્યારે સહજ પરમાનંદ દશાને પ્રાપ્ત થઈ...'** અહીં તો બહુ થોડી વાત કરી છે. સદ્ભુત વ્યવહારની વાત પહેલા કરી.

જો ભાઈ! તને આત્મા એમ કહ્યું તો તું આત્મા સમજ્યો નહિ તો અમે તને ભેદ કરીને, વ્યવહાર કરીને વ્યવહારમાર્ગ કરીને, ભેદનું લક્ષ કરાવીને તને અભેદ બતાવીએ છીએ. શું? ભાઈ! એ આત્મા શું? શરીર આત્મા નહિ, વાણી આત્મા નહિ, કર્મ આત્મા નહિ. તો શું? જાણનાર, જે જાણે છે ને? જાણે છે, દેખે છે અને જાણવા-દેખવામાં જરી ટકે છે, આચરણ કરે છે તે આત્મા. સમજાય છે કાંઈ? રાગ કરનાર આત્મા, એમ નથી કહ્યું. એ છે જ નહિ. પછી કહેશે પણ સમજાવવો છે આત્મા. પણ પહેલા તો એ ભેદ કરીને સમજાવ્યું. ભાઈ! આ આત્મા જે અંદર છે તે જાણે છે, દેખે છે અને આચરણ કરવાની ક્રિયા આત્મામાં થાય છે, આત્મામાં, હોં! એ આચરણ કરનાર એટલે દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્વરૂપ એ ત્રણને જે પ્રાપ્ત થાય તેને અમે આત્મા કહીએ છીએ. કહો! સમજાણું કાંઈ?

**'ત્યારે...'** પાત્ર જીવ છે ને? જુઓ! **'સહજ પરમાનંદ દશાને પ્રાપ્ત થઈ...'** જુઓ! આ ધર્મ. એને કહ્યું કે, ભાઈ! પ્રભુ! તું આત્મા છો. આ દેહાદિ તો માટી, ધૂળ છે. કર્મ આદિ તો માટી છે. આઠ કર્મ જડ છે. તું આત્મા છો. કોણ છો? જાણવું, દેખવું, ઠરવું એવો તું આત્મા છો. આત્મા તો એકસ્વરૂપ જ છે પણ ત્રણ ભેદ કરીને બતાવ્યું તે વ્યવહાર કરીને બતાવ્યું છે. સમજાય છે કાંઈ? વ્યવહાર કરીને બતાવ્યું તો વ્યવહારમાં રહેવા માટે નથી બતાવ્યું. સમજાય છે કાંઈ? વ્યવહારથી બતાવ્યું પણ તારું લક્ષ વ્યવહાર પર રહે તેના માટે નથી બતાવ્યું. જાણનાર, દેખનાર તે આત્મા. આત્મા અભેદ છે તેને ભેદ પાડીને બતાવીને અભેદ બતાવ્યો. સૂક્ષ્મવાત છે. અનંતકાળથી એણે એ વાત જાણી નથી. સમજાય છે કાંઈ?

કહે છે કે, જ્યારે આવો આત્મા એના ખ્યાલમાં આવ્યો કે, ઓહો..! આ જાણનાર આત્મા, દેખનાર આત્મા અને જેમાં એકાગ્ર થાય છે, અંદર ઠરે છે, રમે છે તે આત્મા. એક આત્માને ત્રણ ભેદ પાડીને બતાવ્યો તે વ્યવહારનયથી કહ્યું. વ્યવહારનયથી કહીને બતાવ્યો

www.vitragvani.com



અભેદ આત્મા. ભેદ પાડીને બતાવ્યો અભેદ. ભેદ અભેદને બતાવે છે. ભેદ ભેદમાં રહેવા માટે બતાવતા નથી. સમજાય છે કાંઈ? ભેદથી કહ્યું ત્યારે તેની દૃષ્ટિ ગઈ. ઓહો..! આ જાણનાર, દેખનાર અને ઠરનારો–આચરણ કરનાર તે આત્મા, એમ સાંભળનારની અંતર દૃષ્ટિ (થઈ). જે ભેદકથન સાંભળવામાં આવ્યું તેનું લક્ષ છોડીને અભેદ ઉપર (દૃષ્ટિ) ગઈ તો **'સહજ પરમાનંદ દશાને પ્રાપ્ત થઈ...'** ત્યારે આત્મા શુદ્ધ અભેદ પર દૃષ્ટિ જવાથી એની વર્તમાન દશામાં સ્વાભાવિક પરમાનંદ દશા એટલે પર્યાયની પ્રાપ્તિ થઈ. એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર ધર્મ કહે છે. કોનું નામ?

જે ભેદથી કહ્યું એ ભેદનું લક્ષ છોડી, આ આત્મા અંદર શુદ્ધ ચૈતન્ય દર્શનને પ્રાપ્ત, જ્ઞાનને પ્રાપ્ત, સ્થિરતાને પ્રાપ્ત એમ ત્રણને લક્ષમાં લઈને અંદર અભેદમાં ગયો. એકરૂપ ચૈતન્યપ્રભુ આત્મા અભેદ છે એમ અંતર્મુખ દૃષ્ટિ કરવાથી પોતાની વર્તમાન દશામાં આત્મામાં જે સ્વાભાવિક અતીન્દ્રિય આનંદ હતો તેની અંતર શ્રદ્ધા કરવાથી પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું વેદન–અનુભવ આવ્યો. એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર ધર્મ કહેવાય છે. સમજાય છે કાંઈ? ભાઈ! સૂક્ષ્મ વાત છે. ભાષા ભલે હિન્દી હોય પણ ભાવ તો જેવા હોય તે આવે ને? એ દિલ્હીથી આવ્યા છે. એમણે માંગણી કરી હતી (હિન્દીમાં લેવાની). સમજાય છે કાંઈ?

ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ દિગંબર સંત ૯૦૦ વર્ષ પહેલા (થયા). 'કુંદકુંદાચાર્ય' મહારાજ બે હજાર વર્ષ પહેલા થયા. મહા દિગંબર સંત પરમાત્મા પાસે ગયા હતા. 'સીમંધર' ભગવાન પાસે 'કુંદકુંદાચાર્ય' બે હજાર વર્ષ પહેલા (ગયા હતા), આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને સમયસાર, પ્રવચનસાર, નિયમસાર આદિ શાસ્ત્ર બનાવ્યા. એની ટીકા 'અમૃતચંદ્રાચાર્યે' કરી. એ 'અમૃતચંદ્રાચાર્યે' આ 'પુરુષાર્થસિદ્ધ-ઉપાય' શાસ્ત્ર બનાવ્યું. દિગંબર સંત વનવાસી જંગલમાં રહેનારા.

નિશ્ચય અને વ્યવહારનું શું સ્વરૂપ છે અને વ્યવહાર શા માટે કહેવામાં આવે છે? વ્યવહારને કહે છે અને સાંભળનાર વ્યવહારને જ માની લે છે તે સાંભળવાને લાયક નથી, એમ બે વાત કરે છે. વ્યવહારની જરૂર શું? કે સમજાવવામાં જરૂર છે. સમજાવવામાં, હોં! કરવાની વાત નથી. આત્મા અખંડાનંદ પ્રભુ એક સમયમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્ય સત્ત્વ, દળ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' સિદ્ધ સ્વરૂપ એનો સ્વભાવ છે. એ એકને, અભેદને સીધો નહિ જાણનાર એવા અનાદિ અજ્ઞાનીજીવને આચાર્યોએ વ્યવહારના ભેદ કરીને સમજાવ્યું, એટલું વ્યવહારનું પ્રયોજન છે. વ્યવહારથી નિશ્ચયને બતાવ્યો, ભેદથી અભેદ બતાવ્યો એટલું વ્યવહારનું પ્રયોજન છે. ત્યારે તે આત્મા સમજી જાય છે. ઓહો..!

ભગવાન સંતો આચાર્યો પરમેશ્વર કેવળજ્ઞાની (કહે છે), આત્મા અંદર જાણન-દેખન, ઠરનાર તે આત્મા એમ અંતર્મુખ દૃષ્ટિ કરીને પોતાની દશામાં સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન સહિત પરમ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો તેનું નામ ભગવાન આત્મા જાણ્યો એમ કહેવાય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે. ભારે વાત. સમજાણું કાંઈ? આ ચોથા ગુણસ્થાનની સમ્યગ્દષ્ટિની વાત છે, હોં! શ્રાવક તો પછી થાય છે, મુનિ તો ક્યાંય પછી થાય છે. આ તો હજી ચોથા ગુણસ્થાનની વાત છે. અવિરત સમ્યગ્દષ્ટિ. 'કુશળલાલજી'! શું છે? ઊંચી વાત છે કાંઈ? પહેલી તો વાત છે. અજ્ઞાનીને સમજાવ્યો અને તેણે જ્ઞાન પ્રાપ્ત કર્યું એની તો વાત છે.

અનાદિનો અજ્ઞાની હતો એવા આત્માને આચાર્યે કહ્યું કે, આત્મા. એટલાથી તે સમજ્યો નહિ તો બીજા દુભાષિયાએ, જેને નિશ્ચયનું પણ ભાન છે અને વ્યવહારનું કથન કઈ રીતે થાય તેનું પણ જ્ઞાન છે, તે તેને વ્યવહારથી ભેદ પાડીને સમજાવ્યું. જો ભાઈ! આચાર્ય મહારાજ કહે છે કે, આત્મા. તું આત્માને એમ સમજજે કે, જાણનાર તે આત્મા, દેખનાર તે આત્મા. એમાં કંઈ ત્રણ ભેદ નથી, વસ્તુ એક અખંડ છે. સમજાય છે કાંઈ? જેમ સુવર્ણની લગડી એક છે, લગડી, એમાં ત્રણ ભેદ કરવા, પીળાશ, સુંવાળપ, વજન તે સોનું. એમાં ત્રણ ભેદ નથી. વસ્તુ તો એક છે. એમ આત્મા છે તો અભેદ અનંત ગુણનો પિંડ એક છે પણ એને ભેદ પાડ્યા વિના અજ્ઞાનીને સમજાતું નથી. સમજાય છે કાંઈ? 'માંગીરામજી'! સમજાવવામાં પણ આ વાત હોં! પહેલા તું આમ કર તો તને (ધર્મ) થશે એવી વાત આમાં ન આવી. સમજાય છે કાંઈ? પહેલા તું કષાયની મંદતા કર તો તને તારો આત્મા સમજાશે, એમ આમાં ન આવ્યું. સમજાય છે કાંઈ? આવ્યું શું?

ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' સંત દિગંબર મહામુનિ વનવાસી, પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરદેવ એમ ફરમાવે છે કે, અજ્ઞાની અનાદિથી આત્માને જાણતો નથી તેને અમે ભેદ પાડીને સમજાવીએ છીએ એટલું વ્યવહારનું પ્રયોજન છે. '...' સમજાય છે કાંઈ? વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય છે એ વાત જ અહીંયા નથી. સમજાય છે કાંઈ? અહીંયા તો એટલું કહેવું છે કે, આ વસ્તુ ભગવાન આત્મા, આ દેહ એટલે માટીથી ભિન્ન છે, આ તો માટી માંસ છે અને અંદર કર્મ જે છે એ તો જડ છે અને અંદરમાં રાગ, દ્વેષ વિકાર થાય છે તે તો મેલ છે. તેનાથી રહિત ભગવાન આત્મા, જેમાં અનંત શાંતિ, અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત દર્શન, બેહદ વીર્ય આદિ છે એવો આ આત્મા. એવો આત્મા આમ સીધો કહે તો અનાદિ અજ્ઞાની સમજતો નથી. અનાદિનો અજ્ઞાની છે. તેથી ભેદ પાડીને કહ્યું, ભાઈ! જ્ઞાન તે આત્મા, દેખે તે આત્મા, આચરણ કરે–અંતરમાં એકાગ્ર થાય તે આત્મા એવા ત્રણ ભેદ પાડીને આત્માને બતાવ્યો. તો સાંભળનાર એવો પાત્ર હતો કે આ સાંભળ્યું અને સાંભળીને અંતર દૃષ્ટિ કરી. જે એમણે બતાવ્યું ત્યાં દૃષ્ટિ ગઈ. ઓહો..! આ આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, અભેદ સ્વરૂપ ઉપર એની દૃષ્ટિ ગઈ. તેના પર દૃષ્ટિ થવાથી સહજ પરમાનંદ દશા પ્રાપ્ત થઈ.

અનાદિથી જે રાગ અને પુણ્ય, વિકાર સાથે એકત્વબુદ્ધિ હતી તેમાં આકુળતા હતી. અનાદિથી પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ છે તેની સાથે એકત્વબુદ્ધિ હતી એમાં આત્માનો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બોધ નહોતો, એમાં વિકાર છે તેની ઉપર લક્ષ હતું, તેથી વિકારની એકતામાં વિકાર, આકુળતાનો અનુભવ હતો. તે જ આત્મા જ્યારે અખંડ અભેદ ભેદનું લક્ષ છોડીને અભેદ ઉપર દૃષ્ટિ ગઈ તો પોતાની પર્યાયમાં, વર્તમાન દશામાં જે રાગની એકતાબુદ્ધિ હતી તે, સ્વભાવ ઉપર અંતર દૃષ્ટિ થઈ તો રાગની એકતાબુદ્ધિ છૂટી ગઈ અને સ્વભાવની સાથે એકતા થઈ તો આકુળતા મટીને સમ્યગ્જ્ઞાન થઈ, સમ્યગ્દર્શન થઈ, સ્વરૂપમાં અંશે સ્થિર થઈ પરમાનંદની શાંતિનો, આનંદનો અનુભવ થયો તેનું નામ આત્મા જાણ્યો એમ કહેવામાં આવે છે. સમજાય છે ભાઈ! સમજાય છે કાંઈ? ભારે વાત. અત્યારે આ વાત એવી છે. અંદરની મૂળ ચીજ ચાલતી નથી એટલે ઉપર ઉપરથી જાણે કાંઈક લઈ લઈએ. એવી ચીજ છે નહિ.

પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેમણે એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોક જાણ્યા અને સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં જેમની દિવ્યધ્વનિ નીકળી. દિવ્યધ્વનિ–અવાજ ૐ ધ્વનિ. એમાં આ આવ્યું, એ સંતો કહે છે. સમજાય છે કાંઈ? ભાઈ! અમારું વ્યવહાર કહેવાનું પ્રયોજન એટલું છે કે અજ્ઞાની એકલો અભેદ આત્મા અનાદિથી અજ્ઞાનને કારણે જાણતો નથી. તેથી અભેદમાં ભેદ કરીને, એમાં ગુણ-ગુણીનો ભેદ કરીને, ગુણ-ગુણી તો અભેદ જ છે, સાકરમાં મીઠાશ અને સાકર બન્ને એક જ છે. પણ મીઠાશ તે સાકર એવો ભેદ પાડીને સાકર બતાવવી છે. એમ ગુણ જ્ઞાન, દર્શન, આનંદ તે આત્માથી અભેદ છે, પણ જે સમજતો નથી તેને બતાવે છે કે, ભાઈ! જાણનાર તે આત્મા. જે જાણવાની ક્રિયા થાય છે ને તે આત્મા, શ્રદ્ધા કરે છે તે આત્મા, દેખે છે તે આત્મા, ઠરે છે તે આત્મા. પણ અભેદ આત્મામાં લઈ જવો છે. આવા ભેદ પાડીને અભેદને બતાવવો એટલું વ્યવહારનું પ્રયોજન છે. તેથી આચાર્યોએ વ્યવહારનો ઉપદેશ આપ્યો છે. સમજાય છે કાંઈ? બહુ ખુલાસો કરે છે. વ્યવહારનું પ્રયોજન તો ભેદ પાડીને બતાવવું એટલું છે. એમ નથી કહ્યું કે, તું પહેલા વ્યવહાર કર તો પછી તને નિશ્ચય થશે એમ વ્યવહારનો ઉપદેશ આપવો છે, એમ વાત નથી. સમજાય છે કાંઈ?

**'સહજ પરમાનંદ દશાને પ્રાપ્ત થઈ...'** હવે શું થયું? જુઓ! **'તે આત્માને નિજ સ્વરૂપ વડે અંગીકાર કરે છે.'** જે અનાદિથી પુણ્ય-પાપના રાગ સહિત, શરીર સહિત આત્માને માન્યતામાં અંગીકાર કર્યો હતો, તે પોતાનું નિજ સ્વરૂપ ત્રણ ભેદ કરીને અભેદ ઉપર દૃષ્ટિ કરી તો **'આત્માને નિજ સ્વરૂપ વડે અંગીકાર કરે છે.'** જુઓ! અંતર શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ નિર્વિકલ્પ પરમાનંદ વીતરાગ સમરસી પ્રભુ, તેને **'સ્વરૂપ વડે અંગીકાર કરે છે.'** રાગ વડે નહિ, ભેદ વડે નહિ, નિમિત્ત વડે નહિ. સમજાય છે કાંઈ? ભાષા તો બહુ સાદી છે, હોં! ભાવ ઊંચા છે પણ ભાષા કોઈ એવી નથી, સાદી છે, આ હિન્દી પણ સાદી છે. અમારી હિન્દી તમારી જેવી નથી. સમજાય છે કાંઈ? 'શોભાલાલજી'! પણ કાંઈ દરકાર જ નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આત્મા શું ચીજ છે. એમ ને એમ આંધળા દોડે જાય છે. જિંદગી પૂરી કરીને જાય પાછા ચોરાશીના અવતારમાં.

પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્મા, જ્યાં મોટા સૌધર્મ અને ઇશાન ઇન્દ્રની ઉપસ્થિતિમાં ભગવાનની વાણીમાં આવ્યું છે. સમજાય છે કાંઈ? વ્યવહારનો ઉપદેશ કેમ આપ્યો? એકલા અભેદને અનાદિથી સમજતો નથી તેથી તેને ભેદ પાડીને બતાવવું તેટલું વ્યવહારનું પ્રયોજન છે, પણ બતાવવો છે અભેદ. સમજાય છે કાંઈ? આ વ્યવહારના ઝઘડા છે. કહો! 'ધર્મચંદજી'! શું છે? વ્યવહાર વચ્ચે આવ્યો કે નહિ? વ્યવહાર વિના નિશ્ચય થાય છે? વ્યવહાર વિના નિશ્ચય થાય? ... બહુ આકરી વાત છે. અહીંયા તો સાથે સાથેની વાત પણ નથી.

અહીં તો વસ્તુ જે અખંડ આનંદ સ્વરૂપ છે, એક સ્વરૂપ છે એ અભેદનું જેને લક્ષ નથી તેને ભેદ પાડીને બતાવ્યું, બસ! એટલી વાત છે. ભેદ છે અને અભેદ છે એમ અહીંયા વાત નથી. ભેદથી બતાવીને એને અભેદ બતાવ્યો. અભેદ ઉપર દૃષ્ટિ ગઈ તો તેને આત્મજ્ઞાન થયું, ત્યારે તેને સમ્યગ્દર્શન થયું. બસ! એટલી વાત છે. માણસને એક તો ફુરસદ ન મળે. ફુરસદ હોય તો ઉંધે રસ્તે દોરાઈ ગયા. વાસ્તવિક તત્ત્વ શું છે (તેની ખબર ન પડી). પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરદેવે કેવળજ્ઞાનમાં કેવો આત્મા જોયો, કેવો છે, કેવો કહ્યો? શું વિધિ છે? અને શું વિધિ બતાવે છે? તે સમજ્યો નહિ.

અહીં તો કહે છે કે, જ્યારે અજ્ઞાનીને એમ કહ્યું... આહાહા..! આટલા શબ્દો? અહીં તો ભાઈ! આત્મા શબ્દથી જ વાત ઉપાડી છે. વસ્તુ જ ઇ કહેવી છે ને! 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' 'છ ઢાળા' માં આવે છે. 'દૌલતરામજી' ની 'છ ઢાળા' છે ને? 'છ ઢાળા' છે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો'. ભેદ કરીને બતાવ્યું પણ નિશ્ચય લક્ષમાં લેવો. ભગવાન આત્મા એકસ્વરૂપ દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણનું લક્ષ કરીને અહીંયા લક્ષ કર્યું તો ભેદનું લક્ષ છૂટી ગયું. ભેદનું લક્ષ છૂટી ગયું, વ્યવહારનું લક્ષ છૂટી ગયું ત્યારે નિજનું લક્ષ થયું. ભેદનું લક્ષ હતું તો અભેદ થયો એમ પણ રહ્યું નહિ. સમજાય છે કાંઈ? 'રાજમલજી'! ભેદનું લક્ષ થયું માટે અભેદ થયો એમ પણ નહિ. ભેદના લક્ષે અભેદનું લક્ષ કર્યું. જ્ઞાન આત્મા એમ ભેદનું લક્ષ છૂટી ગયું ત્યારે એકલો અભેદ દૃષ્ટિમાં આવ્યો. પહેલા ભેદ લક્ષમાં લીધો માટે અભેદનું લક્ષ થયું એમ નથી. ભેદનું લક્ષ સમજાવવા માટે આવે છે કે, આ જ્ઞાન. એટલું. એ લક્ષ છોડીને અભેદમાં જાય છે ત્યારે આત્માનો અનુભવ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન એને થાય છે, જે ધર્મની પહેલી સીઢી છે. સમજાય છે કાંઈ? આહા..!

આ જુવાનિયા સંસારના અભ્યાસ માટે જુઓને! કેટલાક માથા ફોડે છે ને? કેટલા માથા ફોડે છે બી.એ. અને એલ.એલ.બી. માટે. ધૂળમાં પણ કાંઈ નથી. એય...! 'શાંતિભાઈ'! અજ્ઞાન માટે આટલા માથા ફોડે છે ને! આત્મા માટે કંઈ કરે કે નહિ મહેનત? એમ કહેવું છે.

www.vitragvani.com



૫૦૦-૧૦૦ પગાર માટે તો બિચારા મરી જાય. મહિને માસિક એક પાંચસો મળે, હજાર મળે એને માટે ભણ્યાભણ, ભણ્યાભણ કરે. ઊંઘ આવે તો માથે ચોટલી બાંધે. આવું ભણતર પાપનું અને ફળમાં પાપ અને ભણ્યા પછી પણ પૈસા મળે એ પૂર્વના પુણ્ય હોય તો મળે, કાંઈ ભણવાથી મળતા નથી. ભણ્યા વિના પણ મળે છે. ભણ્યા વિનાના ઠોઠ નિશાળિયા અત્યારે લોટિયા વોરા મહિને પાંચ-પાંચ લાખની પેદાશ કરે છે. એમાં ધૂળમાં શું છે? સમજાય છે કાંઈ? એય...! અહીં કહે છે, સંસારના ભણતર માટે આટલો પ્રયત્ન કરે છે તો જરી આત્મા માટે અનંત કાળનું પરિભ્રમણ ટાળવું છે, ચોરાશીના અવતારના દુઃખનો અભાવ કરવો છે, સુખની પ્રાપ્તિ કરવી છે તેનો ઉપાય તો એણે બરાબર સમજવો જોઈએ. સમજાણું?

બહુ ટુંકામાં અર્થ પણ 'ટોડરમલ્લજી'નો છે ને આ. ગાથા 'અમૃતચંદ્રાચાર્ય'ની અને અર્થ 'ટોડરમલ્લજી'ના. 'મોક્ષમાર્ગપ્રકાશક'ના કરનારા થયા છે ને? સાંભળ્યું છે? 'ટોડરમલ્લજી' 'મોક્ષમાર્ગપ્રકાશક'ના કરનારા. અત્યારે 'જયપુર'માં પાંચ લાખનો હૉલ થયો છે. 'ટોડરમલ સ્મૃતિ હૉલ'. 'જયપુર'માં 'પુનમચંદ ગોદિકા' ગૃહસ્થ છે ને? એણે બનાવ્યો છે. અમે જવાના છીએ. ફાગણ સુદ બીજનું ઉદ્ઘાટન છે. પાંચ લાખનો એક હૉલ. 'ટોડરમલ સ્મૃતિ હૉલ' એક ગૃહસ્થે બનાવ્યો છે. 'મોક્ષમાર્ગપ્રકાશક'ના કર્તા 'ટોડરમલ્લ' બહુ હોંશિયાર, બહુ હોંશિયાર. એમણે આ અર્થ કર્યા છે એમ કહેવું છે. આ અર્થ. પહેલા તો ગુજરાતીમાં લેતા હતા. ભાઈએ કહ્યું કે, થોડું હિન્દી લ્યો, થોડું હોં! એમ બોલ્યા. થોડું હિન્દીમાં લ્યો. ભાઈએ તો એમ કહ્યું હતું કે થોડું હિન્દીમાં લ્યો. મેં કીધું, થોડું શું? આખું હિન્દીમાં લીધું. સમજાય છે કાંઈ? આ હિન્દી છે 'ટોડરમલ્લજી'નું તેમાંથી ગુજરાતી બનાવ્યું છે. શું કહે છે? જુઓ!

**'તે આત્માને નિજ સ્વરૂપ વડે અંગીકાર કરે છે.'** જુઓ! અજ્ઞાનીને આત્મા ભેદથી સમજાવ્યા પછી ભેદનું લક્ષ છોડી અંતર સ્વરૂપમાં આત્માના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને અંગીકાર કરે છે. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને અંગીકાર કરે છે. એનો આશ્રય કરીને, અનુભવ કરે છે. તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. સાથે સ્વરૂપાચરણ પણ પ્રગટ થાય છે. સાથે અતીન્દ્રિય આનંદનો સ્વાદ પણ (આવે છે). આત્માના ભાનમાં સમ્યગ્દર્શનમાં આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ પણ સાથે આવે છે.

**'આ રીતે આ સદ્ભૂત વ્યવહારનયનું ઉદાહરણ આપ્યું.'** સદ્ભૂત વ્યવહારનય સમજ્યા? અંદર જ્ઞાન, દર્શન છે ને? ભેદ પડ્યો એટલે વ્યવહાર. બાકી છે એમાં. જ્ઞાન, દર્શન, શાંતિ એમાં છે તેનું નામ સદ્ભૂત પણ ભેદ પાડીને બતાવ્યું માટે વ્યવહાર. સદ્ભૂત વ્યવહારનું દૃષ્ટાંત આપીને પહેલા સમજાવ્યું.

મુમુક્ષુ :- સત્યાર્થ કહેવાય?

ઉત્તર :- સત્યાર્થ ન કહેવાય. વ્યવહાર અસત્યાર્થ છે. સદ્ભૂત છે ને? સત્યાર્થ કહેવાય કે નહિ? એમ કહે છે. વ્યવહાર, એમાં છે પણ વ્યવહાર ભેદ છે માટે અસત્યાર્થ છે. સમજાણું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કાંઈ? સદ્‌ભૂત વ્યવહાર પણ અસત્યાર્થ, અસદ્‌ભૂત વ્યવહાર પણ અસત્યાર્થ. બધા ઉપચરિત, અનુપચરિત ભેદ બધા અસત્યાર્થ. ભેદ ક્યાં અંદરમાં ભેદ છે? સમજાય છે કાંઈ?

જુઓ! આ સુખડની લાકડી છે, સુખડની. એમાં સુગંધ, સુંવાળીના ભેદ છે એમાં? સુગંધ અને સુંવાળીના ભેદ છે? એ તો અખંડ છે. ભેદ કરીને બતાવવું તે ભેદ અસત્યાર્થ છે. વસ્તુ અભેદ સત્યાર્થ છે. એમ આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ એકસાથે છે પણ ભેદ પાડીને બતાવવું કે જ્ઞાન તે આત્મા. એવો ભેદ કરવો તે અસત્યાર્થ છે. સમજાય છે કાંઈ? એક દૃષ્ટાંત આપ્યું.

**'હવે અસદ્‌ભૂત વ્યવહારનયનું ઉદાહરણ કહીએ છીએ.'** હવે બીજો. પહેલા સદ્‌ભુતનું નજીકનું કહ્યું. હવે અસદ્‌ભૂતનું દૃષ્ટાંત આપીને આત્માને સમજાવે છે. **'જેમ માટીનો ઘડો...'** પેલો સ્વસ્તિનો બ્રાહ્મણનો દૃષ્ટાંત આપ્યો હતો. મ્લેચ્છ અને બ્રાહ્મણ. સદ્‌ભૂત વ્યવહારનય (માટે). આમાં ઘીના ઘડાનું દૃષ્ટાંત છે. **'જેમ માટીનો ઘડો ઘીથી સંયુક્ત છે...'** માટીનો ઘડો ઘી સહિત છે. એમાં ઘી ભરેલું છે. **'તેને વ્યવહારે ઘીનો ઘડો કહીએ છીએ.'** છે તો માટીનો પણ ઘીના સંબંધથી ઘડાને ઘીનો ઘડો કહીએ છીએ. ઘીનો છે નહિ, પણ ઘીનો સંબંધ છે તેથી ઘીનો ઘડો કહીએ.

**'અહીં કોઈ પુરુષ જન્મથી ઘીનો ઘડો જાણે છે.'** પહેલેથી ઘીનો ઘડો જાણે છે. કોઈ દિ' ખાલી કોરો ઘડો જોયો નથી. ઘીનો ઘડો, ઘીનો ઘડો. ઘરમાં હોય છે ને ઘીનો ઘડો? ઘીની બરણી, ઘીની બરણી. **'જો કોઈ તેને ઘીનો ઘડો કહીને સમજાવે તો સમજે...'** એને ઘીનો જ ઘડો દેખાય. ઘીથી ખાલી તો કદી જોયો નથી. ખાલી ઘડો ઘડો કહે તો સમજે નહિ. ખાલી ઘડો કહે તો વળી કોઈ કુંભારનો ઘડો સમજી જાય. આ ઘીનો ઘડો કહીને માટીનો ઘડો સમજાવવો છે. **'ઘીનો ઘડો કહીને સમજાવે તો સમજે...'** ભાઈ! ઘીનો ઘડો ઘીમયી નથી, માટીમયી છે. ઘીનો ઘડો, ઘીના સંયોગથી, ઘીના સંપર્કથી, ઘીના રહેવાના સંયોગથી ઘડાને ઘીનો કહ્યો પણ ઘીનો ઘડો ઘીનો ઘડો નથી, માટીનો છે એમ સમજાવવું છે.

**'માટીનો ઘડો કહે બીજા કોઈ કોરા ઘડાનું નામ સમજે છે.'** જુઓ! સમજ્યા? કોઈ એકલા માટીનો કહે તો કોરો ઘડો સમજી લે. **'નિશ્ચયથી વિચારીએ તો ઘડો છે તે માટીનો જ છે,...'** ઘડો તો માટીનો છે, ઘીનો છે? ઘીનો ઘડો કદી બન્યો છે? ઘીનો ઘડો કદી બન્યો છે? **'પરંતુ તેને સમજાવવા માટે ઘીનો ઘડો એવા નામ વડે કહીએ છીએ.'** કેમકે એણે ઘીથી ખાલી કોરો ઘડો કદી જોયો નહોતો. તેથી તેને સમજાવવા માટે ઘીનો ઘડો કહીને માટીનો ઘડો સમજાવવો છે. **'એવા નામ વડે કહીએ છીએ.'**

**'તેમ...'** એ દૃષ્ટાંત (કહ્યો). (હવે) સિદ્ધાંત. **'તેમ ચૈતન્યસ્વરૂપ આત્મા...'** ભગવાન આત્મા તો ચૈતન્ય જ્ઞાન, દર્શન, આનંદ સ્વરૂપ આત્મા છે, ચૈતન્ય સ્વભાવ આત્મા, ચૈતન્ય સ્વરૂપ આત્મા. જેમ પેલો માટીનો ઘડો છે તેમ ચૈતન્ય સ્વરૂપ આત્મા. **'કર્મજનિત પર્યાયથી...'**

www.vitragvani.com



જેમ પેલો માટીનો ઘડો ઘીના સંયોગથી હતો તેમ અનાદિ ચૈતન્ય સ્વરૂપ આત્મા કર્મના નિમિત્તથી **'પર્યાયથી સંયુક્ત છે...'** કર્મના સંયોગ સહિત છે. **'તેને વ્યવહારથી દેવ, મનુષ્ય ઇત્યાદિ નામથી કહીએ છીએ.'** કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલા દેવ, મનુષ્યપણું. દેવ-આત્મા, મનુષ્ય-આત્મા, તિર્યંચ-આત્મા એમ કહેવું. ઘીનો ઘડો કહેવો એમ આત્માને દેવ-આત્મા, મનુષ્ય-આત્મા એવા કર્મજનિત પર્યાયથી તેને બતાવવો. તેમ તેને અસદ્ભૂત વ્યવહારનય બતાવે છે. સમજાય છે કાંઈ? ભાઈ! આ તો સાદી ભાષા છે, આ કાંઈ બહુ ઝીણી નથી.

અનાદિ આત્મા કર્મજનિત પર્યાય, કર્મથી ઉત્પન્ન થયેલી દેવ, મનુષ્ય આદિ ગતિ છે ને? તેનાથી સંયુક્ત છે, સહિત છે. **'તેને વ્યવહારથી દેવ, મનુષ્ય ઇત્યાદિ નામથી કહીએ છીએ.'** ભાઈ! આ ગાયનો આત્મા, એમ કહે છે ને? મનુષ્યનો આત્મા. મનુષ્ય, ગાયનો આત્મા નથી. આત્મા તો આત્માનો છે. ઘીનો ઘડો નથી, ઘડો તો માટીનો છે પણ ઘીના સંબંધથી ઘડો બતાવવો છે. જુઓ! આ ઘડો. એમ આ ગાયનો આત્મા, જુઓ! આ ભેંસનો આત્મા, જુઓ! આ અશ્વનો આત્મા. અશ્વ અને ભેંસ તો પુદ્ગલ છે, એનો આત્મા છે? આત્મા તો ભિન્ન છે. પણ એણે ભિન્ન કદી જોયો નથી તો એને સંયોગ કર્મજનિત પર્યાયથી બતાવે છે. ભાઈ! દેવ તે આત્મા, મનુષ્ય તે આત્મા, આ સ્ત્રીનો આત્મા, આ પુરુષનો આત્મા એમ કર્મજનિત પર્યાય બતાવીને કહીએ છીએ.

**'અહીં અજ્ઞાની અનાદિથી તે આત્માને દેવ, મનુષ્ય ઇત્યાદિ સ્વરૂપ જ જાણે છે.'** અનાદિથી એમ જ જાણે છે, લ્યો! આત્મા એટલે આ દેવ, આ મનુષ્ય આત્મા. દેવ, મનુષ્ય તો જડ માટી છે. આત્મા તો ભિન્ન છે. આ તો માટી છે, ધૂળ છે. સાચી વાત હશે? માંસ ને હાડકાનું પૂતળું છે આ તો. અંદર ભગવાન આત્મા તો અરૂપી આનંદકંદ ચૈતન્ય સ્વરૂપ છે, ભિન્ન છે પણ કદી ભિન્ન જોયો નથી. સંયોગથી જોવે છે એટલે સંયોગથી સમજાવ્યો કે જો ભાઈ! દેવ તે આત્મા. આત્મા પાછો દેવ નથી, હોં! દેવ એ આત્મા. દેવ આત્મા નહિ, મનુષ્ય એ આત્મા પણ આત્મા મનુષ્ય નથી. ઘીનો ઘડો કહ્યું. ઘડો ઘીનો નથી, ઘડો તો માટીનો છે. સમજાય છે કાંઈ?

**'નિશ્ચયથી વિચારીએ તો આત્મા છે તે...'** જુઓ! **'આત્માને દેવ, મનુષ્ય ઇત્યાદિ સ્વરૂપ જ જાણે છે. જો કોઈ એને દેવ, મનુષ્ય વગેરે નામથી સંબોધીને સમજાવે તો સમજે અને ચૈતન્યસ્વરૂપ આત્માનું નામ કહે...'** પેલો કોરો ઘડો કીધો ને? કોરો ઘડો. **'ચૈતન્યસ્વરૂપ આત્માનું નામ કહે...'** ચૈતન્ય સ્વરૂપ આત્મા એ તો પરમેશ્વર થયા, કોઈ ઈશ્વર હશે, કોઈ પરમેશ્વર હશે. આ ચૈતન્ય સ્વરૂપ આત્મા છે એમ એ ન સમજે. **'ચૈતન્ય સ્વરૂપ આત્માનું નામ કહે તો બીજા કોઈ પરમબ્રહ્મ પરમેશ્વરનું નામ સમજે.'** અને સીધો આત્મા સમજે નહિ. ચૈતન્યસ્વરૂપ આત્મા ન સમજે કે હું ચૈતન્યસ્વરૂપ એમ ન સમજે. દેવ તે આત્મા, માણસ તે આત્મા, પર્યાપ્ત તે આત્મા એમ કહ્યું. સમજાય છે કાંઈ?

www.vitragvani.com



**'નિશ્ચયથી વિચારીએ તો આત્મા છે તે ચૈતન્યસ્વરૂપ જ છે.'** જેમ નિશ્ચયથી વિચારીએ તો ઘડો તો માટીનો છે. ઘીના સંયોગથી માટીનો ઘડો બતાવ્યો છે. કારણ કે એકલો ઘડો નથી સમજતો માટે. એમ દેવ, મનુષ્ય આદિ પર્યાય બતાવી કે આ આત્મા. લક્ષ તારું આત્મા ઉપર જાવું જોઈએ. દેવ, મનુષ્યથી હટવું જોઈએ. દેવ, મનુષ્ય કહે તો એ સમજી જાય પણ ચૈતન્ય સ્વરૂપ જો કહે તો એ સમજી શકે નહિ. કોઈ પરમબ્રહ્મ આત્માને સમજી લે. **'નિશ્ચયથી વિચારીએ તો આત્મા ચૈતન્યસ્વરૂપ જ છે.'** જુઓ! ભગવાન આત્મા તો ચૈતન્ય જ્ઞાન, દર્શનનો સૂર્ય છે. આહાહા..! આત્મા એટલે જ્ઞાન. જ્ઞાન, દર્શનના સૂર્યસ્વરૂપ છે. રાગ, શરીર, કર્મ સ્વરૂપ આત્મા છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

આબાળગોપાળ–બાળકથી માંડી વૃદ્ધ, પશુથી માંડી સ્વર્ગ, બધા અંતર આત્મા જે છે તે ચૈતન્યસ્વરૂપ આત્મા છે. જાણન-દેખન સ્વભાવ સ્વરૂપ આત્મા છે. રાગ, શરીર, કર્મ સ્વરૂપ આત્મા છે જ નહિ. પણ એમ સીધું ન સમજે એને દેવ, મનુષ્ય કહીને બતાવ્યો. દેવ, મનુષ્યનું લક્ષ છોડીને આત્માનું લક્ષ કરવું. સમજાય છે કાંઈ? **'પરંતુ એને સમજાવવા માટે આચાર્ય ગતિ, જાતિના ભેદ વડે જીવનું નિરૂપણ કરે છે.'** જુઓ! આ ચાર ગતિના નારકીનો જીવ, મનુષ્યનો જીવ, દેવનો જીવ, પશુનો જીવ. જાતિ. પંચેન્દ્રિય જાતિ, ચઉઇન્દ્રિય જાતિ. ચાર જાતિ બતાવે છે ને? એવા **'ભેદ વડે જીવનું નિરૂપણ કરે છે.'**

**'આ રીતે અજ્ઞાની જીવોને જ્ઞાન ઉપજાવવા માટે...'** બસ! આટલો ભેદ છે. એના આત્માનું સમ્યગ્જ્ઞાન થાય તે માટે અંતર ગુણભેદ કરીને બતાવ્યું અને કર્મજનિત પર્યાયના ભેદ કરીને આત્માને બતાવ્યો. બસ! એટલું જ છે. **'માટે આચાર્ય વ્યવહારનો ઉપદેશ કરે છે.'** આ એક પ્રશ્નનો ઉત્તર આપ્યો. મહારાજ! તમે નિશ્ચયને સત્ય કહો છો અને વ્યવહારને જૂઠો કહો છો તો વ્યવહારનો ઉપદેશ કરવાનું કારણ શું? એવો શિષ્યનો પ્રશ્ન હતો. તેના ઉત્તરમાં બે દૃષ્ટાંત આપીને સિદ્ધ કર્યું. સ્વસ્તિ કહે છે તો સ્વસ્તિનો અર્થ પેલો મ્લેચ્છ સમજતો નથી તો તારું ભલુ થાઓ, તારું ભલુ થાઓ એમ કહ્યું. એમ આત્મા એકલા અભેદને સમજતો નથી તેને જ્ઞાન, દર્શન, ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા, એમ ભેદ કરીને બતાવવું એટલું વ્યવહારનું પ્રયોજન છે. અને બીજું, કર્મજનિત પર્યાયરહિત એકલો આત્મા એણે કદી જોયો નથી તો કર્મજનિત પર્યાયનું લક્ષ કરીને બતાવ્યું કે આ રાગ તે આત્મા, દ્વેષ આત્મા. આત્મા, હોં! રાગવાળો આત્મા, દ્વેષવાળો આત્મા, દેવ આત્મા. આત્મા રાગવાળો નથી, દ્વેષવાળો નથી એમ સમજાવવું છે. સમજાય છે કાંઈ? આ ક્રૂરતા નથી કરતા? ક્રૂર આત્મા એમ કહે છે ને? ક્રૂરતા તો વિકાર છે. એ વિકાર આત્મા નથી. પાછળ આત્મા છે તેને સમજાવવો છે. પછી ક્રૂરતાનું લક્ષ છોડીને આત્માનું લક્ષ કરાવવા બતાવ્યું છે. સમજાય છે કાંઈ? ભાઈ! 'માંગીરામજી'! અરે..અરે..! આવી વાતું છે.

હવે બીજો બોલ, એક બોલનો ઉત્તર કહ્યો. છઠ્ઠી ગાથા કહેતા પહેલા બે પ્રશ્ન ઉઠાવ્યા

www.vitragvani.com



હતા. મહારાજ! આપ નિશ્ચયને સત્યાર્થ કહો છો, વ્યવહારને અસત્યાર્થ કહો છો. તો વ્યવહાર અસત્યાર્થ કહેવાની જરૂર શું છે? અને જે વ્યવહારને જાણે છે, અમે વ્યવહાર કહીએ છીએ પણ એને જ નિશ્ચય જાણે તો તે ઉપદેશને લાયક નથી. એકનો ઉત્તર આપ્યો કે જો ભાઈ! અજ્ઞાની આત્માને ભેદ કરીને સમજાવવું અને સંયોગજનિત પર્યાયથી સમજાવવો એટલું વ્યવહારનું પ્રયોજન છે. સમજાવવો તો છે ચૈતન્યમૂર્તિ ભગવાન. એકલા ચૈતન્યસ્વરૂપ આત્માને કદી ઓળખ્યો નથી તો ભેદનું લક્ષ કરાવીને અભેદમાં લઈ જાય છે. એટલું પ્રયોજન છે.

હવે કહે છે, અમે જ્યારે એને વ્યવહારથી સમજાવીએ છીએ **'માત્ર વ્યવહાર...'** **'एवं अवैति'** પણ એ એકલા વ્યવહારને જ જાણે છે. જુઓ! હવે અહીંયા લીધું. વ્યવહારથી સમજાવ્યું એમ કહ્યું પણ વ્યવહારથી અમે કહીએ છીએ પણ સાંભળનાર વ્યવહારને જ નિશ્ચય માની લે કે જુઓ! તમે કહ્યું હતું કે નહિ? ઘીનો ઘડો કહ્યો હતો. ઘીનો ઘડો છે કે નહિ? ઘીનો ઘડો છે જ નહિ. તમે કહ્યું હતું કે નહિ? ગતિ જીવ, આ જીવ.. પણ અમે ગતિ આદિ જીવ કહ્યું તે ગતિથી ઉઠાવીને જીવની દૃષ્ટિ કરાવવા કહ્યું હતું. ગતિમાં રાખવા માટે કહ્યું નહોતું.

**'માત્ર વ્યવહાર...'** **'एवं अवैति'** **'अवैति'** એટલે શ્રદ્ધે છે, જાણે છે. અમારો તો કહેવાનો આશય અભેદ નિશ્ચયનો છે. વ્યવહાર બતાવીને બતાવવો છે નિશ્ચય, પણ સાંભળનાર વ્યવહારને જ યથાર્થ માની લે, વ્યવહાર બતાવ્યો તેને જ યથાર્થ માની લે. ગતિ તે જીવ, જાતિ તે જીવ, ભેદ તે જીવ, ભેદ તે અખંડ જીવ એમ વ્યવહારને જ (નિશ્ચય) માની લે. **'માત્ર વ્યવહાર...'** ગાથામાં બહુ અલૌકિક વાત છે. વ્યવહાર કહેવાનો હેતુ બતાવ્યો એ વ્યવહાર કહેવાથી શિષ્ય વ્યવહારને પકડી લે અને વ્યવહાર છોડીને નિશ્ચય દૃષ્ટિમાં ન જાય તો આવા વ્યવહારને માનનારાને ઉપદેશ લાગુ પડતો નથી. કારણ કે અમારે તો સમજાવવો છે નિશ્ચય, પણ જ્યાં વ્યવહાર આવ્યો તો વ્યવહારને પકડી લીધો કે જુઓ! આવ્યું કે નહિ? આવ્યો કે નહિ? 'ધર્મચંદજી'! ભારે વાત, ભાઈ! માણસ, દેવ કહ્યો નહોતો? માણસનો જીવ નહોતો કહ્યો? સ્ત્રીનો જીવ, પુરુષનો જીવ, આદમીનો જીવ, બૈરાનો જીવ. પણ બૈરા-આદમીનો જીવ તો જીવનો છે. બૈરા-આદમીનો ક્યાં જીવ છે? એ તો તને સમજાવ્યું. એને પકડી લીધું. વ્યવહારથી સમજાવ્યું અને જ્યાં વ્યવહાર સાંભળ્યો અને વ્યવહારને જ પરમાર્થ માની લીધો તે સાંભળવાને લાયક નથી. અમારે નિશ્ચય બતાવવો છે તો વ્યવહારને જ પકડી લીધો તો નિશ્ચય સમજવાને લાયક જ નથી.

**'માત્ર વ્યવહાર...'** **'एवं अवैति'**.**'अवैति'** એટલે જાણે છે. **'देशना नास्ति'**. **'જે જીવ કેવળ વ્યવહારની જ શ્રદ્ધા કરે છે...'** કેવળ વ્યવહાર એટલે? વ્યવહારનું જ્ઞાન રાખે પછી નિશ્ચય બાજુ જાય એ બરાબર છે પણ **'કેવળ વ્યવહારની જ શ્રદ્ધા કરે છે...'** **'अवैति'** નો અર્થ ઇ, શ્રદ્ધાન, જાણવું. **'જીવ કેવળ વ્યવહારની જ શ્રદ્ધા કરે છે તેને માટે ઉપદેશ**

www.vitragvani.com



**નથી.**' જુઓ! કેટલા ન્યાય આપે છે! આહાહા..! ભાઈ! શું કહીએ? વ્યવહાર અસત્યાર્થ છે, જૂઠો છે. વાસ્તવિક તત્ત્વ વ્યવહાર કહેતો નથી પણ ભેદ કરીને બતાવવામાં છે પણ જ્યાં વાણીમાં આવ્યું એને જ પકડીને કહે કે, તમે પણ વ્યવહારથી નિશ્ચય થાય છે એમ કહેતા હતા. વ્યવહારથી નિશ્ચય કહેતા હતા. તો પહેલા વ્યવહાર પકડી લીધો. અમારા ઉપદેશ કહેવાનું જે ફળ થવું જોયતું હતું તે થયું નહિ, તું સાંભળવાને લાયક નથી. વ્યવહારને જ માને છે તે નિશ્ચય સાંભળવાને લાયક નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? પાઠ છે, હોં! મૂળ પાઠ છે. જુઓ!

**अबुधस्य बोधनार्थं मुनीश्वरा देशयन्त्यभूतार्थम्।**
**व्यवहारमेव केवलमवैति यस्तस्य देशना नास्ति।।६।।**

ભેદ અને સંયોગથી આત્માને બતાવવા માટે વ્યવહાર આવે છે. બતાવવા માટે, હોં! એ વસ્તુને સમજાવવા માટે. પણ વ્યવહારને જ પકડી લે, જુઓ! આવ્યો કે નહિ? એમ વ્યવહારને જ નિશ્ચય માની લે અને વ્યવહારથી થાય છે એમ માની લે તો એ સાંભળવાને લાયક નથી. અમારો જે કહેવાનો આશય છે તે સમજવાને લાયક થયો નથી. વ્યવહારથી અમારે નિશ્ચય સમજાવવો છે, એ આશય હતો. ત્યાં વ્યવહારને પકડી લીધો તો સાંભળવાને લાયક નથી. ના પાડે છે, તું સાંભળવાને લાયક નથી. સમજાય છે કાંઈ? **'તેને માટે ઉપદેશ નથી.'**

**ભાવાર્થ :– 'નિશ્ચયનયની શ્રદ્ધા વિના કેવળ વ્યવહાર માર્ગમાં જ જે પ્રવર્તે છે...'** જુઓ! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મા, એની સમ્યગ્દર્શન–શ્રદ્ધા વિના **'કેવળ વ્યવહાર માર્ગમાં જ જે પ્રવર્તે છે...'** એકલા પુણ્ય, દયા, દાન, વ્રત, વિકલ્પ આદિમાં પ્રવર્તે **'તે મિથ્યાદષ્ટિને ઉપદેશ કરવો નિષ્ફળ છે.'** કારણ કે વ્યવહારને જ બધું માને છે. આહાહા..! બહુ ગાથા સરસ! જુઓને! આ ચરણાનુયોગનો અધિકાર છે. શ્રાવકનો અધિકાર કહેતા પહેલા શરૂઆતમાં આ વાત ઉપાડી. શ્રાવક થયા પહેલા એને સમ્યગ્દર્શન હોવું જોઈએ. સમ્યગ્દર્શન વિના શ્રાવક થઈ શકે નહિ. એ સમ્યગ્દર્શન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની અંતર અનુભવદષ્ટિ કરવાથી થાય છે. સમજાય છે કાંઈ? વ્યવહારનું લક્ષ છોડીને ચૈતન્યસ્વરૂપમાં એકાગ્ર થવાથી સમ્યગ્દર્શન થાય છે. એમ નહિ માનતા **'કેવળ વ્યવહાર માર્ગમાં જ જે પ્રવર્તે છે તે મિથ્યાદષ્ટિને ઉપદેશ કરવો નિષ્ફળ છે.'**

**'આગળ કેવળ વ્યવહારનયનું શ્રદ્ધાન થવાનું કારણ બતાવે છે :–'** કેમ વ્યવહારને માની લે છે? એકલા વ્યવહારને કેમ માની લે છે? અમે વ્યવહારની જ્યાં વાત કરી, મીંદડીને સિંહ બતાવ્યો, બિલ્લી.. બિલ્લી. સિંહ આવો હોય છે, આવો ક્રૂર, આવો પંજો હોય, તો બિલાડીને જ સિંહ માની લીધો. એમ વ્યવહારથી નિશ્ચય બતાવ્યો તો વ્યવહારને જ માની લીધો. એવો જીવ સાચા ઉપદેશને લાયક નથી. એ ગાથા કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## પ્રવચન નં. ૯ ગાથા–૬-૭ ગુરૂવાર, માગશર વદ ૧૦, તા. ૦૫-૦૧-૧૯૬૭

'અમૃતચંદ્રાચાર્ય'. ૬ ઠ્ઠી ગાથા છે. ૬ ઠ્ઠી ગાથા છે ને નયનો અધિકાર ચાલે છે. નિશ્ચય અને ઉપચાર એટલે નિશ્ચય અને વ્યવહાર તેનું જેને જ્ઞાન છે તેવા આચાર્યો. અનાદિના અજ્ઞાનનો નાશ કરવામાં નિમિત્ત છે. એ નિશ્ચય અને વ્યવહાર એનો જાણનાર તીર્થનું પ્રદર્શન કરી શકે છે. પછી કહ્યું કે વસ્તુ શું? નિશ્ચય ભૂતાર્થ છે અને વ્યવહાર અભૂતાર્થ છે. આત્માનો અભેદ સ્વભાવ એ ભૂતાર્થ છે. બાકી બધું અભૂતાર્થ છે. વ્યવહાર તેને બતાવે ખરો. પણ એ વ્યવહાર પોતે અભૂતાર્થ છે. એનો અર્થ થયો કે **'भूतार्थ बोध विमुख संसार'** સ્વભાવ સન્મુખના બોધ વિનાનો, શુદ્ધ સ્વભાવના બોધ વિનાનો, એકલા વ્યવહારના બોધવાળા એ સંસાર જ છે. સમજાણું કાંઈ? એનો અર્થ થયો કે, ભૂતાર્થ વિમુખ એ સંસાર ને ભૂતાર્થ સન્મુખ તે મોક્ષ. ત્રિકાળ સ્વરૂપ ભૂતાર્થ અભેદ વિકારથી રહિત એનો આશ્રય કહો કે સન્મુખતા કહો. એના સન્મુખ છે તે મોક્ષને માર્ગે છે. સમજાણું કાંઈ? એનાથી એકાંતરૂપ વિપરીત વ્યવહારથી માનનારા એ અભિપ્રાય તો તદ્દન સંસાર છે, એમ પાંચમી (ગાથામાં) કહ્યું.

ત્યારે કહે છે, વ્યવહાર કહે છે શું કરવા? અજ્ઞાની એકલો આત્મા ભિન્ન નથી સમજતો એને જાણવામાં આવ્યો નથી. ભૂતાર્થ જે વસ્તુ છે જે રાગ વિનાની, પરના સંબંધ વિનાની એવી ચીજ એના જ્ઞાનમાં અનાદિથી અજ્ઞાનીને આવી નથી. તેથી એને વ્યવહારથી ભેદ પાડીને દેવ આદિના સંબંધે એના જીવની ઓળખાણ અભેદની બતાવે છે. સમજાણું કાંઈ? બતાવવું છે તો અભેદ સ્વરૂપ ભૂતાર્થ પણ એકલો આત્મા રાગ રહિત કોઈ દિ' એણે જોયો નથી, જાણ્યો નથી, માન્યો નથી, ઓળખ્યો નથી એથી એને ભેદ પાડીને દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા એટલો ભેદ પાડીને સમજાવ્યું છે. એ ભેદ એ વ્યવહાર છે. સમજાવ્યો છે અભેદ. આશ્રય અભેદનો લેવા માટે. અભેદની સન્મુખ થવા માટેનો વ્યવહારનો ઉપદેશ છે. વ્યવહારનો ઉપદેશ વ્યવહારની સન્મુખ રહેવાનો નથી. સમજાય છે કાંઈ?

શરૂઆતથી જ ઘણું વર્ણન કર્યું. જુઓ! ચોથી, પાંચમી, છઠ્ઠી (ગાથા). વસ્તુ. ભગવાન આત્મા ભૂતાર્થથી સન્મુખ છે, ભૂતાર્થ સ્વભાવ જ્ઞાયકભાવની સન્મુખ છે એ માર્ગે છે. એને પછી વિકલ્પ આદિ હોય છે એનો એ જાણનાર છે પણ ધર્મી જીવનું સન્મુખપણું સ્વભાવ સન્મુખ હોય છે. સમજાણું કાંઈ? તેથી છઠ્ઠીમાં કહ્યું કે, વર્ણન ભેદથી એને કહ્યું પણ એને કહેવું છે કે, આ વસ્તુ જે અભેદ છે એની સન્મુખ થા. ભેદથી કહ્યું છે એની સન્મુખતા છોડી દે. સમજાણું કાંઈ? અને ભેદથી કહેતા જ એ જો એકલા ભેદને જ પકડે; ન્યાંથી નિશ્ચયનો લાભ બતાવ્યો હતો ને! એ પણ કાંઈક લાભદાયક છે કે નહિ? એમ કરીને એ વ્યવહારને જ પકડે (તો) કહે છે કે, એને દેશના ઉપદેશને લાયક નથી. જે હેતુ કહેવો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હતો એ હેતુ પકડતો નથી અને જ્યાં વ્યવહાર દ્વારા કહ્યું ત્યાં એને પકડ્યો, કહેવાનો આશય તો અભેદને છે. સમજાણું કાંઈ?

જુઓ! આ શ્રાવકના અધિકાર પહેલા આ એને વાસ્તવિક ભૂતાર્થની સન્મુખ બોધ હોય અને અભૂતાર્થનું એને જ્ઞાન હોય. સમજાય છે ને? એ ૮મી ગાથામાં કહેશે. પહેલા ચોથી (ગાથામાં) કહી ગયા બન્નેનું એને જ્ઞાન હોય. આઠમીમાં કહેશે કે, શિષ્યને પણ બેનું જ્ઞાન હોય, એમ કહેશે. સાંભળનારને પણ આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એના સન્મુખનો બોધ અને વ્યવહાર છે તેનું પણ એને જ્ઞાન હોવું જોઈએ કે, વ્યવહાર છે. તો એ શિષ્ય સાંભળવાને લાયક છે. સમજાણું કાંઈ? કહેનારને લાયકની વાત તો પહેલી આવી ગઈ. ભૂમિકા બહુ સરસ બાંધી છે, ૮ ગાથા દ્વારા. જુઓ!

છેલ્લો શબ્દ આવ્યો ભાવાર્થનો છઠ્ઠીનો '**નિશ્ચયનયની શ્રદ્ધા વિના કેવળ વ્યવહાર માર્ગમાં જ જે પ્રવર્તે તે મિથ્યાદષ્ટિને ઉપદેશ કરવો નિષ્ફળ છે.**' જે અભેદ સ્વરૂપની સન્મુખ (થવા) માટે ઉપદેશ કર્યો હતો એ ઉપદેશનો આશય પકડ્યો નહિ, ઉપદેશને પકડ્યો. જુઓ! વ્યવહાર આવ્યો કે નહિ? વ્યવહારથી કાંઈ લાભ ખરા કે નહિ પચાસ દોકડા? 'શોભાલાલજી'! વ્યવહારના પચાસ દોકડા ને નિશ્ચયના પચાસ દોકડા, એમ ખરું કે નહિ? ભાઈ! એ તો વ્યવહાર ભેદ પાડીને સમજાવવાનો હેતુ તો અભેદમાં સન્મુખ થવા માટે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે! ભૂમિકા જ ૮ ગાથામાં એવી બાંધી છે ને...! એ વાત ન સમજે અને વ્યવહારથી જ્યાં કથન આવે, ભેદથી કથન આવે, સંયોગના કથનથી એને આત્માને સમજાવે, એને ભેદને-સંયોગને જ માની લે તો જે આશય કહેવો હતો એ સમજે નહિ તો એને ઉપદેશ શી રીતે દેવો? સમજાય છે? એ ઉપદેશને લાયક નથી. હવે સાતમીમાં કહે છે.

## ગાથા-૭

**આગળ કેવળ વ્યવહારનયનું શ્રદ્ધાન થવાનું કારણ બતાવે છે -**

**माणवक एव सिंहो यथा भव्यत्यनवगीतसिंहस्य।**
**व्यवहार एव हि तथा निश्चयतां यात्यनिश्चयज्ञस्य।।७।।**

**અન્વયાર્થ :– [ यथा ] જેમ [ अनवगीतसिंहस्य ] સિંહને સર્વથા ન જાણનાર પુરુષને [ माणवकः ] બિલાડી [ एव ] જ [ सिंहः ] સિંહરૂપ [ भवति ] થાય છે, [ हि ] નિશ્ચયથી [ तथा ] તેમ જ [ अनिश्चयज्ञस्य ] નિશ્ચયનયના સ્વરૂપથી અપરિચિત પુરુષને માટે [ व्यवहारः ] વ્યવહાર [ एव ] જ [ निश्चयतां ] નિશ્ચયપણું [ याति ] પામે છે.**

www.vitragvani.com



**ટીકા :– 'यथा हि अनवगीतसिंहस्य माणवक एव सिंहो भवति' જેમ નિશ્ચયથી (ખરેખર) જેણે સિંહને જાણ્યો નથી તેને બિલાડી જ સિંહરૂપ થાય છે. તથા 'अनिश्चयज्ञस्य व्यवहारः एव निश्चयतां याति' -તેમ જેણે નિશ્ચયનું સ્વરૂપ જાણ્યું નથી તેમને વ્યવહાર જ નિશ્ચયરૂપ થાય છે. અર્થાત્ તેઓ વ્યવહારને જ નિશ્ચય માની બેસે છે.**

**ભાવાર્થ :– જેમ બાળક સિંહને ઓળખતું નથી, બિલાડીને જ સિંહ માને છે તેમ અજ્ઞાની નિશ્ચયના સ્વરૂપને ઓળખતો નથી, વ્યવહારને જ નિશ્ચય માને છે. તે જ બતાવીએ છીએ. જે જીવ પોતાના શુદ્ધ ચૈતન્યરૂપ આત્માના શ્રદ્ધાન, જ્ઞાન, આચરણરૂપ મોક્ષમાર્ગને ઓળખતો નથી તે જીવ વ્યવહારદર્શન, જ્ઞાન, ચારિત્રનું સાધન કરી પોતાને મોક્ષનો અધિકારી માને છે. અરિહંતદેવ, નિર્ગ્રંથ ગુરુ, દયાધર્મનું શ્રદ્ધાન કરી પોતાને સમ્યગ્દૃષ્ટિ માને છે. અને કિંચિત્ જિનવાણીને જાણી પોતાને જ્ઞાની માને છે, મહાવ્રતાદિ ક્રિયાનું સાધન કરી પોતાને ચારિત્રવાન માને છે. આ રીતે એ શુભોપયોગમાં સંતુષ્ટ થઈ, શુદ્ધોપયોગરૂપ મોક્ષમાર્ગમાં પ્રમાદી છે તે કારણે કેવળ વ્યવહારનયના અવલંબી થયા છે એને ઉપદેશ આપીએ તો નિષ્ફળ છે. અહીં પ્રશ્ન ઊપજે છે કે આવા શ્રોતા પણ ઉપદેશ લાયક નથી.**

---

**'આગળ કેવળ વ્યવહારનયનું શ્રદ્ધાન થવાનું કારણ બતાવે છે -'** હેતુ શું છે? શિષ્ય વ્યવહારને જ પકડે છે. સમજાય છે ને? માટે એ ઉપદેશને લાયક નથી એમ કહેવાનો આશય શું છે? એ સાતમી ગાથામાં કહે છે. ક્રમસર ગાથા લીધી છે, હોં!

**माणवक एव सिंहो यथा भव्यत्यनवगीतसिंहस्य।**
**व्यवहार एव हि तथा निश्चयतां यात्यनिश्चयज्ञस्य।।७।।**

સમજાણું કાંઈ? શું કહે છે? જુઓ! **'જેમ સિંહને સર્વથા ન જાણનાર પુરુષને બિલાડી જ સિંહરૂપ થાય છે,...'** બિલાડીને સિંહ ઓળખાવ્યો કે, સિંહ કેવો હોય? કે, જો આ ક્રુર જેના નખ હોય, આમ કાળ વાળ હોય ને રુછડા મોટા હોય ને મીંદડીને મોઢા ઉપર અને કાળા કાંટા હોય, આમ ક્રુરતા હોય અને જેને નખ હોય. એમ બતાવ્યું એવો સિંહ. ત્યાં એ મીંદડીને જ સિંહ માની લીધો. બિલ્લી, બિલાડી. બિલાડી, મીંદડી કહે છે અમારે. બિલ્લી-બિલ્લી. બિલાડી છે ને એમાં? બિલાડી કહો કે બિલ્લી કહો કે મીંદડી કહો! અમારા 'કાઠિયાવાડ'માં મીંદડી (કહે છે).

મુમુક્ષુ :– એનાથી કાંઈક મળે છે તો ખરું ને?

ઉત્તર :– કાંઈ મળતું નથી જરીએ. એ તો એને બતાવીને ન્યાં લઈ જવો છે. 'મીંદડી વાઘ તણી માસી' એવું આવે છે, 'કાઠિયાવાડ'માં આવે છે એવું. વાઘ નહિ.

કહે છે, **'સિંહને સર્વથા...'** બિલકુલ **'નહિ જાણનાર...'** એવા પુરુષને મીંદડી, બિલાડીથી

www.vitragvani.com



ઓળખાવ્યો કે, જો આ સિંહ આવો હોય, આવો હોય. **'સિંહરૂપ થાય છે,...'** કહ્યું હતું ને એક ફેરી? .... છોકરો હાથીને નહોતો જાણતો પછી એને હાથી નહોતો બતાવવો એને મચ્છર બતાવવો હતો, મચ્છર. આટલા પગ લાંબા કરીને બતાવ્યું કે જો મચ્છર આવો હોય, મચ્છર તો આટલો હોય પણ પેલા લાંબા પગ કરીને એને પગની રેખાઓ બતાવવા હેઠલી પહોળી, અંદર ઝીણી બતાવવા લાંબા ચાર પગ કરી મચ્છર બતાવ્યું ... જો આવો મચ્છર હોય. એમાં આવ્યો ગામમાં હાથી પેલો છોકરો કહે લ્યો! સાહેબ! આ મચ્છર આવ્યો. મચ્છરને મોટો લાંબો કરીને બતાવ્યો મચ્છરનું બરાબર રૂપ બતાવવા ત્યાં એ મચ્છરને પેલો હાથી માની લીધો. જો મોટા ચાર પગ લાંબા ને એમાં પણ લાંબા હતા, હોં! મેં ચિત્ર આમ બરાબર જોયું હતું ત્યાં નહોતું? નિશાળમાં હતું. આમ લાંબા પગ ચાર. એના બધા નીચલા પગ જરી પહોળા બતાવવા, રૂંવાટી બતાવવા માટે મોટા કર્યા. (છોકરો કહે), લ્યો! સાહેબ! લ્યો! હાથી આવ્યો. જોયું? ... કે, આપે નહોતો બતાવ્યો? પણ એ તો મેં મચ્છર બતાવ્યો હતો. એ તો મચ્છરને મોટો કરીને બતાવ્યો હતો, મચ્છરનું રૂપ બરાબર જણાવવા. એ હાથી આવો મચ્છર નથી, આ તો હાથી છે. એમ મીંદડીનું રૂપ બતાવીને સિંહ આવો હોય એમ બતાવતા મીંદડીને જ તે સિંહ માની લે.

એ **'નિશ્ચયનયના સ્વરૂપથી અપરિચિત પુરુષને...'** જુઓ! **'તેમ જ...'** એનો દાખલો. નિશ્ચયનયના સ્વરૂપ **'अनिश्चयज्ञस्य'** નિશ્ચયનું જેને ભાન નથી કે વસ્તુ અભેદ ચૈતન્ય સ્વરૂપ તેનું જ્ઞાન તે જ્ઞાન, તેની શ્રદ્ધા તે શ્રદ્ધા અને એના સ્વરૂપમાં રમવું એ ચારિત્ર. એવા વસ્તુના અભેદ ચૈતન્ય સ્વરૂપ પરમાનંદનું જેને જ્ઞાન નથી, એની જેને શ્રદ્ધા નથી, એની જેને અંતર રમણતા નથી અથવા એનું જ્ઞાન જ નથી.

**'અપરિચિત પુરુષને માટે વ્યવહાર જ નિશ્ચયપણું પામે છે.'** એને તો એ વ્યવહારથી સમજાવ્યો તો વ્યવહાર નિશ્ચય થઈ ગયો. ભેદ પાડીને બતાવ્યો તો ભેદ જ નિશ્ચય થઈ ગયો. દેહથી આત્મા કહ્યો, દેવથી, આ દેવ તે આત્મા, મનુષ્ય તે આત્મા, દેવ ને મનુષ્ય જ આત્મા થઈ ગયો. કહો! સમજાણું કાંઈ? કહે છે એ અજ્ઞાનીને તો દેશના પણ લાયક નથી. એ માથે છઠ્ઠીમાં આવી ગયું. કહો! સમજાણું આમાં?

**ટીકા :– ''यथा हि अनवगीतसिंहस्य माणवक एव सिंहो भवति' જેમ નિશ્ચયથી (ખરેખર) જેણે સિંહને જાણ્યો નથી તેને બિલાડી જ સિંહરૂપ થાય છે.'** બિલાડી, બિલ્લી. કહો! **'अनिश्चयज्ञस्य व्यवहारः एव निश्चयतां याति'** એનો દૃષ્ટાંત છે, એ સિદ્ધાંત છે. **'તેમ જેણે નિશ્ચયનું સ્વરૂપ જાણ્યું નથી...'** કે, ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ તેની સન્મુખ થવું તે નિશ્ચય. તેવા સન્મુખથી જેણે આત્માને જાણ્યો નથી. અભેદ અખંડ જ્ઞાયકમૂર્તિ ચૈતન્યજ્યોત પૂરી છે. એવા **'નિશ્ચયનું સ્વરૂપ જાણ્યું નથી તેમને વ્યવહાર જ નિશ્ચયરૂપ થાય છે.'** એને તો એ દયા, દાન, વ્રત, ભક્તિ, પરિણામ એનાથી એ બતાવ્યો કે, લ્યો! આ કરનાર એ આત્મા,

www.vitragvani.com



આ આત્મા. આ નહિ હોં! એ આત્મા. ત્યાં એને એ જ સર્વસ્વ થયું, એ દયા જ આત્મા થઈ ગયો. દયાના ભાવવાળો એ આત્મા, એમ કહ્યું. બતાવવો છે આત્મા. દયાના ભાવમાં રોકવો નથી પણ ત્યાં દયાના ભાવ તે આત્મા, દયાના ભાવ સહિત તે આત્મા. આત્મામાં તો ... દયાનો ભાવ જ આત્મા થઈ ગયો એને. એવું થઈ ગયું છે આ. કહો! 'માંગીરામજી'! શું થયું છે? એવું થયું છે કે નહિ?

આત્મામાં એ રાગ હોય છે. દયાનો, મહાવ્રતનો આદિ આત્માને રાગ હોય છે. એમ કરીને રાગ તે આત્મા એમ બતાવવો નથી પણ રાગ રહિત એ આત્મા, એ આ આત્મા એમ આત્મા અભેદ બતાવવો હતો રાગથી ભિન્ન એને ઠેકાણે રાગને જ આત્મા માની લે છે. દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજા એનાથી (બતાવ્યું) જુઓ! ભાઈ! આવું જ્યાં નિમિત્ત હોય ત્યાં અંદર અભેદ સન્મુખની દૃષ્ટિ હોય એને આવો વ્યવહાર કહેવામાં આવે છે. એને પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીસ મૂળગુણના રાગ એવી જ્યાં આગળ નિમિત્તતા હોય એને અંદરમાં નૈમિત્તિકતા શુદ્ધના સ્વભાવની સન્મુખતાની દૃષ્ટિ, જ્ઞાન ને ચારિત્ર હોય, એમ બતાવવું હતું. પેલું આવ્યું હતું ને? 'પ્રવચનસાર'ની ગાથામાં. દ્રવ્યસ અનુસારી ચરણમ્, ચરણ અનુસારી દ્રવ્યમ્, દ્રવ્ય અનુસારી ચરણમ્, ચરણ અનુસારી દ્રવ્યમ્. એને કીધું કે, ભાઈ! દ્રવ્યને અનુસારે ચારિત્ર હોય. એટલે? કે જે શુદ્ધ સ્વભાવને અનુસરીને સન્મુખ થઈને શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કર્યા છે એને આવા જ પંચ મહાવ્રતના, અઠ્યાવીસ મૂળગુણ આદિના પરિણામ હોય. 'दव्वस अनुसं चरणम्' અને ચરણ અનુસાર દ્રવ્યમ્. અને જેને અઠ્યાવીસ મૂળગુણ, પંચ મહાવ્રતના પરિણામ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન હોય ત્યાં આગળ નિશ્ચય આવો હોય. અભેદ ત્યાગ આવો હોય. એનાથી નિમિત્ત આવું હોય ત્યાં નૈમિત્તિક આવું હોય એમ બતાવતા નિમિત્તને જ વળગી પડ્યો. સમજાણું કાંઈ?

**'તેમ જેણે નિશ્ચયનું સ્વરૂપ જાણ્યું નથી તેમને વ્યવહાર જ નિશ્ચયરૂપ થાય છે. અર્થાત્ તેઓ વ્યવહારને જ નિશ્ચય માની બેસે છે.'** બતાવ્યું કે, જુઓ! આવા ચોથે ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિને સ્વભાવ સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન અને અંશે રમણતા થઈ છે ત્યાં એને ભાવ હોય તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ, દયા-દાનનો ભાવ, પરમાત્માની ભક્તિનો ભાવ વગેરે ભાવ હોય. એ ભાવ હોય ત્યાં આગળ સામે સ્વભાવ સન્મુખના નિશ્ચય દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા હોય. એમ બતાવતા પેલું પડ્યું રહ્યું, રહી ગયું આ. નિશ્ચય પડ્યું રહ્યું ને વ્યવહાર રહી ગયો. સમજાય છે કાંઈ? એ રહી ગયો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમકિત. એ ખુલાસો કહેશે અંદર, હોં!. અને શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન, પંચ મહાવ્રતના પરિણામ એ ચારિત્ર, થઈ ગયું ન્યાં. બતાવવું હતું કે, જેને જેને આત્માના શુદ્ધ પરમાનંદનો દ્રવ્ય સ્વભાવની સન્મુખ જેની દૃષ્ટિ, જ્ઞાન, રમણતા થઈ છે એને ભૂમિકા પ્રમાણમાં આવો વ્યવહાર હોય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું જ્ઞાન હોય છે. એમ બતાવતા એ

www.vitragvani.com



એને જ વ્યવહાર ને નિશ્ચય માની બેઠા, કે જો એ વ્યવહાર પહેલો આવે પછી નિશ્ચય થાય એમ. પેલું કહ્યું હતું કે નહિ વ્યવહાર સમજાવવા માટે? માટે પહેલો વ્યવહાર, તેનું ફળ નિશ્ચય. એ અજ્ઞાની વ્યવહારને જ નિશ્ચય માની બેઠા છે, એમ કહે છે. સમજાણું કાંઈ? સમજવું, સમજવું ને સમજવું.

**ભાવાર્થ :– 'જેમ બાળક સિંહને ઓળખતું નથી, બિલાડીને જ સિંહ માને છે...'** મીંદડીને સિંહ માને છે.

મુમુક્ષુ :– મોટાએ કીધું છે ને.

ઉત્તર :– મોટાએ કીધું છે શું? એણે કીધું કે, સિંહ આવો હોય, જો સિંહ આવો હોય, સિંહ આવો હોય. એમ એણે કહ્યું કે, સિંહ આવો હોય, આવો હોય ત્યાં એ જ માની બેઠો. જો નિશ્ચયમાં વ્યવહાર આવો હોય, નિશ્ચય જ્યાં સમ્યક્ સન્મુખ દૃષ્ટિ આત્માની થઈ છે એને વ્યવહાર આવો હોય. પાંચમે આવો વ્યવહાર હોય, છઠ્ઠે આવો હોય, નિમિત્ત એને આવું હોય ત્યાં એને વળગી પડ્યો કે ઇ જ છે, એમ કહે છે. 'ન્યાલભાઈ'! એ આશ્રય ભાઈ! આવી ગયો, હોં! ભૂતાર્થ વિમુખમાં, ભૂતાર્થથી વિમુખ કીધો એટલે ભૂતાર્થની સન્મુખ થવું એમાં આવી ગયું. સમજાણું કાંઈ?

વસ્તુ અભેદ ચૈતન્ય પ્રભુ, એની સન્મુખ તે ભૂતાર્થ અને એનાથી વિમુખ એકલા વ્યવહાર ને નિમિત્તનું જ્ઞાન તે સંસાર છે, સંસાર છે. એથી વિપરીત તે મોક્ષ છે. એનો અર્થ. સમજાણું કાંઈ? કેમકે આત્મા તદ્દન મુક્ત સ્વરૂપ જ છે. એનું સ્વરૂપ જ મુક્ત છે, એ મુક્ત સ્વરૂપની સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન ને ચારિત્ર એ એનો યથાર્થ ભૂતાર્થભાવ છે. એ ભાવને ઓળખાવવા પેલા વ્યવહારથી વાત કરી ત્યારે વ્યવહારને જ વળગી પડ્યો. મીંદડી સિંહ થઈ ગઈ, મીંદડી સિંહ થઈ ગઈ.

**'તેમ અજ્ઞાની નિશ્ચયના સ્વરૂપને ઓળખતો નથી,...'** ભગવાન આત્મા પરમાર્થભૂત ચિદ્‌ઘન, આનંદકંદ પૂર્ણ આનંદનું રૂપ એવો જે અભેદ સ્વરૂપ ભગવાન આત્માનું એને તો ઓળખતો નથી. **'વ્યવહારને જ નિશ્ચય માને છે...'** એ પહેલા વિકલ્પો આવ્યા કે, આવો એને વ્યવહાર હોય, આવો એને વ્યવહાર હોય, નિશ્ચયવાળાને આવો વ્યવહાર હોય. તો એ વ્યવહારને નિશ્ચય માની બેઠા. વ્યવહાર છે એ કરતાં કરતાં અમારે નિશ્ચય થશે, એને સીધુ નિશ્ચયનું કારણ માની બેઠા. સમજાણું કાંઈ? એમ આવે છે, હોં! કારણ ને હેતુ ને બધું. એ તો વ્યવહારનયનું કથન છે. એને છોડીને સ્વરૂપની સન્મુખ દૃષ્ટિ, જ્ઞાન કરે તો બાકી રહેલા રાગને વ્યવહાર કહેવામાં આવે. એમ છે, ભાઈ! બહુ આ ... આ તો બહુ ખુલાસો (સરસ છે). 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માં તો ઘણો સરસ ખુલાસો કર્યો છે. પ્રાયઃ ભૂતાર્થથી વિમુખ બોધ તે સંસાર અને એ વ્યવહારને પકડીને એમ માને કે, આ નિશ્ચય છે તો એ મિથ્યાદૃષ્ટિ છે. એમ તો સીધો ખુલાસો કર્યો છે. સમજાણું કાંઈ?

www.vitragvani.com



**'તે જ બતાવીએ છીએ.'** નિશ્ચયના સ્વરૂપને ઓળખતો નથી અને વ્યવહારને નિશ્ચય માને છે તે જ બતાવીએ છીએ. **'જે જીવ પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્માના...'** જુઓ! આ ભૂતાર્થ વસ્તુ. **'જે જીવ પોતાના...'** પોતાના પાછા. પરમેશ્વરના, બીજાના એના નહિ. **'પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્માના...'** પોતાનું શુદ્ધ સ્વરૂપ, ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ, પોતાનું ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ આત્મા, એને આત્મા કહ્યો, એનું **'શ્રદ્ધાન...'** દેખો! એ ભૂતાર્થનું શ્રદ્ધાન. પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ભગવાન એકરૂપ વસ્તુ. એનું શ્રદ્ધાન જુઓ! એ ભૂતાર્થનું શ્રદ્ધાન, એનું જ્ઞાન એ પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનું જ્ઞાન. ભાષા જુઓ! બહુ સરસ લખ્યું છે.

**'પોતાના જીવની પોતાની શુદ્ધ ચૈતન્યરૂપ આત્માનું શ્રદ્ધાન,...'** પોતાના શુદ્ધ સ્વરૂપ આત્માનું **'જ્ઞાન...'** અને પોતાના શુદ્ધ સ્વરૂપ આત્માના **'આચરણરૂપ મોક્ષમાર્ગને ઓળખતો નથી...'** એવા મોક્ષમાર્ગને જાણતો નથી. મોક્ષમાર્ગ તો આ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા વસ્તુ–છતો ભાવ, વસ્તુમાં છતો ભાવ. ભૂતાર્થ છે ને? ભૂત–છતો, અર્થ–ભાવ. છતો એટલે હોવાવાળો ભાવ. ભગવાન આત્મામાં શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તે હોવાવાળો ભાવ છે. સમજાણું કાંઈ? આત્મામાં શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એ છતો, હોવાવાળો, અર્થ નામ એ એનો ભાવ છે. એવા શુદ્ધ સ્વરૂપ, ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ, તેની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે, તેના સન્મુખનું– શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છતો ભાવરૂપ આત્મા તેમાં રમણતા તે આચરણ છે. એવા **'મોક્ષમાર્ગને...'** આવા મોક્ષમાર્ગને ઓળખતો નથી, હજી તો ઓળખતો નથી, અહીં વાત લે છે. સમજાણું કાંઈ?

**'તે જીવ વ્યવહારદર્શન, જ્ઞાન, ચારિત્રનું સાધન કરી પોતાને મોક્ષનો અધિકારી માને છે.'** જુઓ! ભાષા. એવી સરસ આવી. જુઓ! સાધન શબ્દ છે. આવે છે ને વ્યવહાર સાધન, 'પંચાસ્તિકાય'માં? સમજાણું કાંઈ? પોતાનો શુદ્ધ ધ્રુવ ચૈતન્ય નિર્મળ ભાવ સ્વભાવ એ આત્મા. એવા આત્માની સન્મુખની એટલે કે એના આશ્રયની શ્રદ્ધા, એના આશ્રયે પ્રગટેલું જ્ઞાન. પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મા. ભાવ સ્વરૂપ આત્મા. કેવો ભાવ? કે, ત્રિકાળ શુદ્ધ ધ્રુવ સ્વરૂપ ભાવ એવો આત્મા. એનું જ્ઞાન, એમાં અંતર આચરણ એનું નામ ચારિત્ર. એવા મોક્ષમાર્ગને ઓળખતો નથી. દેખો! આ મોક્ષમાર્ગ. સમજાણું કાંઈ? આ એક જ મોક્ષમાર્ગ છે, બીજો મોક્ષમાર્ગ નથી એમ કહે છે.

એવા શુદ્ધ ચૈતન્ય ભગવાન સ્વભાવ આત્મા, ભગવાન સ્વભાવ એટલે મહિમાવંત ભાવ, એવા આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને આચરણને તો જાણતો નથી. મૂળ ચીજ છે એને તો જાણતો નથી. એની શ્રદ્ધાની ખબર નથી, જ્ઞાનની (ખબર) નથી, આચરણની ખબર નથી. **'તે જીવ વ્યવહારદર્શન...'** એનો ખુલાસો કરશે. વ્યવહારદર્શન એટલે શું? પેલામાં ખુલાસો કર્યો પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્માના શ્રદ્ધા, જ્ઞાન (એ) નિશ્ચય મોક્ષમાર્ગ. એ જીવ વ્યવહારદર્શન, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર ચારિત્રનું **'સાધન કરી પોતાને મોક્ષનો અધિકારી માને છે.'**

www.vitragvani.com



વ્યવહાર સાધન કરીને મોક્ષનો અધિકારી માને છે. એટલે શું? વ્યવહારદર્શન એટલે શું? પેલી તો વાત કરી કે, પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્માની શ્રદ્ધા, જ્ઞાન, આચરણ એ નિશ્ચય, યથાર્થ, ભૂતાર્થ. મોક્ષમાર્ગ પણ ભૂતાર્થ અને વસ્તુ પણ ભૂતાર્થ.

**'તે જીવ વ્યવહારદર્શન...' 'અરિહંતદેવ, નિર્ગ્રંથ ગુરુ, દયાધર્મનું શ્રદ્ધાન કરી પોતાને સમ્યગ્દષ્ટિ માને છે.'** બરાબર છે? શેઠ! કબુલાતમાં આવી ગયા હવે. પહેલા એમ કો'ક કહેતું હતું કે, 'ન્યાલભાઈ' એમ કહે છે કે, સોનગઢમાં આચરણનું કંઈ સાધન નહિ માટે એકાંત છે. કીધું, કાંઈ વાંધો નહિ એ તો હળવે, હળવે. બરાબર થઈ ગયા છે કે, મારા ... આવ્યા વિના નહિ રહે, બુદ્ધિવાળો છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો! સમજાય છે કાંઈ? બરાબર સંભળાય છે ને?

શું કહે છે? કે, **'माणवक एव सिंहो यथा भव्यत्यनवगीतसिंहस्य'** સિંહના નહિ જાણનારને તો મીંદડી સિંહ થઈ ગઈ. એમ **'व्यवहार एव हि तथा निश्चयतां यात्यनिश्चयज्ञस्य'** એમ નિશ્ચયના નહિ જાણનારને તો વ્યવહાર જ નિશ્ચયપણાને પામી જાય છે. મીંદડી કીધું, મીંદડી. બિલ્લી, બિલ્લી, 'બિલ્લી વાઘ તણી માસી' શું કાંઈક આવે છે ને? 'દલપતરામ' માં આવતું.

કહે છે, બહુ સરસ વાત છે! એવી ભૂમિકા ૮ ગાથા સુધી બાંધી છે ને! ૮ ગાથા સુધી ભૂમિકા છે, હોં! પછી શરૂ થાય છે. પુરુષસિદ્ધિ ઉપાય, લ્યો! પુરુષસિદ્ધિ ઉપાય છે. પછી સમ્યગ્દર્શનને આગળ લેશે. સમજાણું કાંઈ?

કહે છે, બહુ સરસ! અરે..! જીવોને વાસ્તવિક તત્ત્વ શું છે એના સન્મુખની રુચિ, જ્ઞાન નહિ અને તે જ કરવા જેવું છે એવું જ્ઞાન નહિ. એથી જ્યાં પેલા વ્યવહાર સાધનની વ્યાખ્યા શાસ્ત્રમાં આવે કે, આ વ્યવહાર સાધન કહેવાય. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પર વિષય તો છે ને? એ આત્માનો વિષય નથી, આત્માનો વિષય તો આ નિશ્ચય આત્માનો વિષય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-નિશ્ચય એમાં આત્મા વિષય આવે છે અને આ વ્યવહાર વિષયમાં આત્મા નથી આવતો. એમાં તો અરિહંતદેવની શ્રદ્ધા એ પરદ્રવ્ય છે. નિર્ગ્રંથ મુનિ, દિગંબર સંત મુનિ, ભાવલિંગી મુનિ તે ગુરુ એની શ્રદ્ધા અને દયાધર્મનું શ્રદ્ધાન. દયાધર્મ, અહિંસા, વ્યવહાર અહિંસા, હોં! વ્યવહાર અહિંસા, દયા, શુભભાવ. એનું શ્રદ્ધાન કરી પોતાને સમ્યગ્દષ્ટિ માને છે. કહો! અમારે સમ્યગ્દર્શન છે. સાચા અરિહંતદેવને, સાચા નિર્ગ્રંથ ગુરુને માનીએ છીએ અને દયાધર્મ–ભગવાનનો માર્ગ તો અહિંસા છે. અહિંસા ધર્મને અમે માનીએ છીએ. કઈ અહિંસા? વ્યવહાર. બીજા જીવને દુઃખ ન દેવું, બીજા જીવની દયા પાળવી એવો જે ભાવ એને અમે માનીએ છીએ, એ અમારો ધર્મ, એ અમારી શ્રદ્ધા છે. અજ્ઞાની પોતાને સમ્યગ્દષ્ટિ માને છે. એ જૂઠી વાત છે.

અરિહંતદેવ, નિર્ગ્રંથ ગુરુ, દયાધર્મનું શ્રદ્ધાન એ તો રાગ છે, એ તો શુભ વિકલ્પ છે, એ સમ્યગ્દર્શન નથી. પણ જેને આત્માના સ્વભાવ સન્મુખનું સમ્યગ્દર્શન નિશ્ચય થયું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

એને વ્યવહાર રાગ તેને વ્યવહાર સમ્યગ્દર્શનની ઉપમા અપાય છે. એ સમ્યગ્દર્શન નથી. ધર્મ બસ! કેવલી પ્રરૂપિત ધર્મ એટલે દયા પાળો, કોઈ જીવને દુઃખ ન દેવું, ભગવાન .... મા હણો, મા હણો એ બહુ સાંભળ્યું છે. સ્તુતિમાં શરૂઆતમાં પહેલું આવે છે, મા હણો, મા હણો જીવને, એ ભગવાનનો ઉપદેશ. સમજ્યા ને? ... એ જિનવાણી જાણ, ....

કહે છે કે, ભાઈ! ભાઈ! તારી પુંજી મહા ચૈતન્ય ને આનંદકંદ પ્રભુ તું છો. તારા અંતરમાં તો શુદ્ધ આનંદ, શુદ્ધ જ્ઞાન, શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ શાંતિ અંદર પડી છે. એવો પૂર્ણ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા એનો તો તને વિશ્વાસ, તેની દૃષ્ટિ, તેનો ભરોસો નથી. એવા આત્માનું તને જ્ઞાન નથી અને એવા આત્માનું તને આચરણ નથી. ફક્ત જ્યાં વ્યવહારથી સાધન તરીકે, નિમિત્ત તરીકે ઓળખાવ્યું કે, જુઓ! ભાઈ! આવું જ્યાં હોય–સ્વભાવ સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા (હોય) ત્યાં આગળ એને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ હોય છે. એને સાધન તરીકે કહેવામાં આવે છે. સાધન કહો કે નિમિત્ત કહો કે વ્યવહાર કહો કે ઉપચાર કહો. વ્યવહાર સાધન, હોં! સમજાણું કાંઈ? એ (પોતાને) સમ્યગ્દૃષ્ટિ માને કે હું તો સમ્યગ્દૃષ્ટિ છું. લ્યો! એમાં પેલા કહે, દેવ-ગુરુની શ્રદ્ધા કરી (તમે) સમ્યગ્દૃષ્ટિ, જાઓ! ... અરે..! ભાઈ! દેવ-ગુરુ તો પર છે એની શ્રદ્ધામાં સ્વ આવ્યું ક્યાંથી? એ તો પર આવ્યું. પર તો પહેલી શ્રદ્ધા કરે ત્યારે હજી પૂર્ણ વીતરાગ થયો નથી એથી વ્યવહારે ત્યાં આવું નિમિત્ત તરીકે વ્યવહાર શ્રદ્ધાન આવ્યા વિના રહેતુ નથી, હોય છે. હોય છે, વ્યવહાર હોય છે.

મુમુક્ષુ :– નિશ્ચય માટે જ પકડે છે ને!

ઉત્તર :– નિશ્ચય તત્ત્વ પણ સાચું નથી પકડ્યું. ... ત્રણ તો સાચા પકડ્યા. દેવ, ગુરુ ને ધર્મ, એમ. એ તો વ્યવહાર તત્ત્વ છે. નિશ્ચય તત્ત્વ જ્ઞાયકભાવ શુદ્ધ, એને પકડ્યા વિના આવા વ્યવહારભાવને વ્યવહાર કહેવાતો નથી, વ્યવહાર જ કહેવાતો નથી. કહો! સમજાણું?

ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવનો પિંડ પ્રભુ, એની સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન ને આચરણ એવો શુદ્ધ સ્વભાવરૂપ ભાવ તેને અહીંયા મોક્ષમાર્ગ કહ્યો છે. એવા મોક્ષમાર્ગના સ્થાનમાં, કાળમાં, આવા વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ હોય છે, એનું જ્ઞાન હોય છે, પંચ મહાવ્રતના પરિણામ પણ હોય છે. એમ બતાવતા એને જ વળગી પડ્યો કે, આ જ મારું સાચું તત્ત્વ છે. સમજાણું કાંઈ? એ જ મારી સાચી શ્રદ્ધા છે. દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધા, અહિંસા ધર્મની શ્રદ્ધા વ્યવહારે ... અરે..! ... દયા તો જીવનો સ્વભાવ છે અને એ પરની દયા પાળવી જીવનો સ્વભાવ છે. સિદ્ધમાં પણ ભગવાને કરુણા કીધી છે. પણ કઈ કરુણા? સમજ તો ખરો, ભાઈ! વૃત્તિનું ઉત્થાન થાય આને બચાવું કે આને દુઃખ ન દેવું એ તો બધો રાગ છે.

**'કિંચિત્ જિનવાણીને જાણી પોતાને...'** કિંચિત્ જિનવાણી, જોયું? શું કરવા? વાસ્તવિક જિનવાણીનો અભિપ્રાય જાણે તો તો અંદર સ્વસન્મુખનું જ્ઞાન થાય. જિનવાણી એટલે વીતરાગી વાણી, વીતરાગી વાણી વીતરાગતાને બતાવે. એમણે તો **'કિંચિત્ જિનવાણીને જાણી...'** જુઓ!

www.vitragvani.com



કિંચિત્ ભલે અગિયાર અંગ જાણ્યા તોપણ કિંચિત્ જિનવાણી. એમ થયું કે નહિ? નવ પૂર્વ ભણ્યો પણ એ કિંચિત્ છે એમ માને. કારણ કે, જિનવાણીને વાસ્તવિક કહેવું છે શું? અભેદ સ્વભાવ ચૈતન્યની શ્રદ્ધા, એનો આશ્રય લેવાનું કહ્યું હતું. જિનવાણી તો વીતરાગતા બતાવે, વીતરાગતાની પ્રસિદ્ધિ કરવા બતાવે. જિનવાણી રાગ પ્રસિદ્ધિ બતાવે છે? વીતરાગતાની પ્રસિદ્ધિનું થયેલું જ્ઞાન પછી રાગ છે એનું જ્ઞાન કરે. પણ વીતરાગતા જ જ્યાં પ્રસિદ્ધ થઈ નથી અને એકલો રાગને માને એ તો કહે છે કે, વ્યવહારને જ એ નિશ્ચય માની બેઠો.

**'કિંચિત્ જિનવાણીને જાણી પોતાને જ્ઞાની માને છે,...'** લ્યો! શાસ્ત્રના જાણકાર થયા પણ ઓળખાણ થઈ નહિ. છ દ્રવ્ય અને એના ગુણ ને એની પર્યાય ને એનું ફલાણું ને એનું આ ને આનું આ. અહીં તો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એવું દ્રવ્ય, એનું જેને જ્ઞાન છે તેને જ્ઞાન કહે છે. એના જ્ઞાન વિનાનું આવું જ્ઞાન તેને કિંચિત્ જિનવાણીનું જ્ઞાન, તેને વ્યવહારું જ્ઞાન પુણ્યબંધનું કારણ કહે છે. સમજાણું કાંઈ? **'કિંચિત્ જિનવાણીને...'** એમ ભાષા ભારે શરૂ કરી છે. કિંચિત્–કાંઈક અથવા કોઈ પ્રકારે વ્યવહારથી જિનવાણી જાણે. ભગવાન આત્મા, જે એકલો જ્ઞાન સ્વભાવ ચૈતન્ય સરોવર પ્રભુ છે. એનું જ્ઞાન તે વાસ્તવિક યથાર્થ પૂરું સાચું જ્ઞાન. એવા જ્ઞાનને તો જાણતો નથી અને શાસ્ત્રનું કિંચિત્પણું જાણે અગિયાર અંગ ને નવ પૂર્વ ભણ્યો હતો તોપણ કિંચિત્ છે. વ્યવહાર, હોં! સમજાણું કાંઈ? આહાહા..!

**'પોતાને જ્ઞાની માને છે,...'** પોતે જ્ઞાની છે, એમ માને છે. જુઓ! આ મિથ્યાદૃષ્ટિના લક્ષણ. સમજાણું કાંઈ? શુદ્ધ ચૈતન્ય સ્વભાવ પૂર્ણથી ભરેલો, એનું અંતર સન્મુખ થઈને જ્ઞાન થયું તે સાચું જ્ઞાન અને તે મોક્ષમાર્ગનું જ્ઞાન. તેને ન જાણતા, આવા શાસ્ત્રના જાણપણા કેટલાક કિંચિત્ થોડાઘણા ઉઘાડમાં કર્યા એને માને કે, આ મારું જ્ઞાન તે મોક્ષનો માર્ગ છે. એ માર્ગ છે, ભાઈ! હળવે હળવે એનાથી (થાશે), હળવે હળવે એનાથી થશે. જિનવાણીના જાણપણાથી હળવે હળવે સાચું આત્માનું જ્ઞાન થાશે, એમ માનનારો વ્યવહારને જ નિશ્ચય માને છે, એમ કહે છે. વ્યવહારની દિશા ફેરવી નાખીને નિશ્ચયમાં જાય. વ્યવહારનું આ જ્ઞાન રાખીને, લક્ષમાં રાખીને અંદરમાં જવાય છે, એમ છે નહિ. સમજાણું કાંઈ?

**'મહાવ્રતાદિ ક્રિયાનું સાધન કરી...'** જુઓ! પેલાને શાસ્ત્ર ... જ્ઞાન, દર્શન, ચારિત્રનું સાધન કરી અને અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એવા પંચ મહાવ્રતના પરિણામ રાખે. પંચ મહાવ્રતના પરિણામ એ પણ પુણ્યબંધનું કારણ છે, એ કાંઈ ધર્મ નથી. અઠ્યાવીસ મૂળગુણ જે કહ્યા એ તો શુભરાગ છે, ચારિત્ર નથી. હવે એને ચારિત્ર કહે છે અત્યારે, લ્યો! એ ચારિત્ર છે એ ચારિત્ર 'કુંદકુંદાચાર્યે' પાળ્યું. અરે..! ભગવાન! આખી જિંદગી પાળ્યું ને તમે એને ઝેર કહો! પુણ્યને ઝેર કહો સાંભળ્યા કેમ જાય? મહાવ્રતના પરિણામ એ શુભરાગ છે, એમ કહે છે. આ મહાવ્રતને બધા ચારિત્ર માને છે, આ બધા. સમજાણું કાંઈ?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અહિંસા સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એવો જે ભાવ–એ બધો પરલક્ષી ભાવ છે માટે શુભભાવ છે, એને એ સાધન માની અને મોક્ષનો માર્ગ માને છે. વ્યવહારને–મીંદડીને જ સિંહ માન્યો, વ્યવહારને જ નિશ્ચય માન્યો, એમ ભાષા કરે છે. આ તો ભાઈ! સાધન કરતાં કરતાં નિશ્ચય પમાય. એ સાધન–ખરો વ્યવહાર મોક્ષમાર્ગ પહેલો છે ને પછી નિશ્ચય છે. શુભ ઉપયોગ પહેલો મોક્ષમાર્ગ છે અને શુભ ઉપયોગ પછી શુદ્ધ ઉપયોગ તે તેનું ફળ મોક્ષમાર્ગ છે. શુભ ઉપયોગ ચોથે, પાંચમે, છઠ્ઠે આદિ હોય. શુદ્ધ પછી સાતમે, આઠમે આદિ હોય. આહાહા..! કહો! સમજાણું કાંઈ?

કહે છે, **'મહાવ્રતાદિ...'** આદિ એટલે સમિતિ, ગુપ્તિ આદિ શુભભાવ પાળે. નિર્દોષ આહાર લે મુનિપણાને યોગ્ય જે આચરણ શુદ્ધ છે એ બધું આવી જાય. **'મહાવ્રતાદિ ક્રિયાનું સાધન કરી...'** ક્રિયા, જુઓ! આ સાધન કરી (એટલે) ત્રણેનું સાધન કરી, **'પોતાને ચારિત્રવાન માને છે.'** પોતે ચારિત્રવંત અમે છીએ, એમ માને છે. નિર્મળના અર્થને પ્રમાણ નથી રાખતા માળા. પોતાની ઉંધી દૃષ્ટિને લઈને. **'આ રીતે એ શુભોપયોગમાં સંતુષ્ટ થઈ,...'** લ્યો! એ ત્રણે શુભરાગ છે, શુભોપયોગ છે. કોણ? અરિહંતની શ્રદ્ધા, નિર્ગ્રંથ મુનિ સંત ભાવલિંગી મુનિની શ્રદ્ધા, દયા-ધર્મની શ્રદ્ધા એ શુભરાગ છે. કિંચિત્ જિનવાણીનું જાણપણું એ પણ શુભોપયોગ છે, એ વાસ્તવિક જ્ઞાન નથી અને પંચ મહાવ્રતના પરિણામ પણ શુભોપયોગ છે. સમજાણું કાંઈ?

એવા **'શુભોપયોગ...'** એટલે શુભરાગ એમાં **'સંતુષ્ટ થઈ...'**. સાચી વાત છે ઇ. એ અમારો ધર્મ છે, 'માંગીરામજી'! એવું જ સાંભળ્યું હતું ને અત્યાર સુધી તો? કોઈ કહે છે ...? નહિ આપણે ... એનાથી જ નિર્જરા છે, એનાથી જ સંવર છે. મહાવ્રતથી નિર્જરા ને મહાવ્રતથી સંવર. કહે છે કે, શુભોપયોગથી જે પોતે સંવર-નિર્જરા માને એ વ્યવહારને નિશ્ચય માને છે, મીંદડીને સિંહ માને છે. ભારે વાત આકરી. સમજાણું કાંઈ?

**'આ રીતે...'** આ રીતે દયાધર્મને--દયાના ભાવને ધર્મ માને, દેવ-ગુરુની શ્રદ્ધાને સમકિત માને, પંચ મહાવ્રતને, અઠ્યાવીસ મૂળગુણને, શ્રાવક હોય તો બારવ્રત એને હોય ને? બારવ્રત માનેલા એને વ્રત માને - ચારિત્ર. અને એને સાધન માને. છે એમાં? એને સાધન માને. સાધન છે ને ઇ! તદ્દન એકાંત થઈ જાય, નહિતર એકાંત થઈ જશે. ઇ એકાંત તો ત્યારે સમ્યક્ કહેવાય કે, આ નથી ને આ છે ત્યારે એને ખરેખર મોક્ષમાર્ગનું સાધન કહેવાય. એ સાધન નથી, સાધન તો સ્વરૂપની અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા (થવા) તે મોક્ષનું સાધન છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્રણનું સાધન કરી પોતાને મોક્ષનો અધિકારી માને છે, એમ ભાષા. પછી અહીં છેલ્લે મુક્યું આ, આવું **'ક્રિયાનું...'** એ બધી ક્રિયા કરી, એનું **'સાધન કરી પોતાને ચારિત્રવાન માને છે.'**

**'આ રીતે એ શુભોપયોગમાં સંતુષ્ટ થઈ,...'** બસ! શુભરાગ, કષાય મંદ આહાહા..!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પછી શું? '**શુદ્ધોપયોગરૂપ મોક્ષમાર્ગમાં પ્રમાદી છે...**' પણ એ શુભોપયોગથી ખસીને શુદ્ધનું અવલંબન લઈ અને જે શુદ્ધ આચરણની, શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ એનાથી તો પ્રમાદી છે, એની દરકાર કરતો નથી. પરસન્મુખના ભાવમાં જ મોક્ષમાર્ગ માની સ્વસન્મુખને માટે પ્રયત્ન કરતો નથી. સમજાણું કાંઈ? આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' પહેલું-વહેલું વંચાય છે, હોં! છપાણું નહોતું ને. ગુજરાતીમાં છપાણું. પુસ્તક બહુ સારું છે. 'વજુભાઈ' એ કર્યું છે ને આ?...

આ રીતે અનાદિનો અજ્ઞાની શુભ ને ભેદથી જ્યાં આત્માની વાત સમજાવી કે જુઓ! આ આત્મા. એ આત્માને પકડવો એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એને ઠેકાણે જ્યાં વાત કરી વ્યવહારની ત્યાં વ્યવહારને પકડીને એને સાધન માન્યું. દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધા એ અમારે સમકિતનું સાધન (છે), મોક્ષમાર્ગ છે. શાસ્ત્રનું જ્ઞાન એ મોક્ષમાર્ગનું સાધન, મોક્ષમાર્ગ અને પંચ મહાવ્રતના અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પો એ અમારે સાધન. સાધન પહેલું હોય ને? પછી સાધ્ય હોય ને? લ્યો! એમ કહે છે. પહેલું આ સાધન હોય, પછી સાધ્ય હોય એ વાત ખોટી છે. એ આ સાધન જ નથી, એમ કહે છે અહીં. એ તો સ્વરૂપનું અંતર સાધન કર્યું હોય એને આવા શુભોપયોગને વ્યવહાર સાધન તરીકે કહેવામાં આવ્યું છે. ઓળખાવ્યું છે કે ચીજ આવી હોય એને ભૂમિકાને યોગ્ય (આવો વ્યવહાર હોય), એમ ઓળખાવ્યું તો એને વ્યવહાર સાધન કહ્યું. પણ એનો અર્થ એ નથી કે, એ સાધનથી અહીં અંતર નિશ્ચય પમાય. અત્યારે પમાય પછી પણ હળવે હળવે પમાય. એમ નથી. સમજાણું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ન છોડો એટલે નિશ્ચયનો આશ્રય ન છોડો અને વ્યવહાર નથી એમ ન માનો. વ્યવહાર નથી એમ જો માનશો તો વ્યવહારના રત્નત્રયના જે પરિણામ–પ્રવૃત્તિ પરિણામ છે એ પરિણામ જ સિદ્ધ નહિ થાય, એમ કહે છે. એ હમણાં આવશે.

અનાદિથી અજ્ઞાનીને ભૂતાર્થ ભગવાન આત્મા ચૈતન્ય ભાવ સંપન્ન પ્રભુ, એની સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર, એના સન્મુખનું એટલે એના આશ્રયનું, એ ભાવ નથી પણ જ્યારે વ્યવહારથી એને સમજાવ્યું અને વ્યવહાર સાધન હોય એવું જ્યારે કહ્યું ત્યાં એ વ્યવહારને નિશ્ચય માનીને સંતોષ થઈ ગયો. ઘણું આપણે કર્યું, ઘણું (કર્યું) એટલું બસ છે હવે. તેમાંથી હળવે હળવે ક્ષપકશ્રેણી થઈ જશે, શુદ્ધોપયોગ એમાંથી આવી જશે. શુભોપયોગમાંથી ક્ષપકશ્રેણી. એ શુભોપયોગમાંથી ક્ષાયિક સમકિત થાય ને ક્ષાયિક સમકિત વિના ક્ષપક શ્રેણી હોય નહિ માટે શુભોપયોગથી ક્ષપકશ્રેણી ચડશે. ક્ષપક શ્રેણીથી કેવળજ્ઞાન થાશે, જાઓ! અને શુભ રાગ તે પણ પાછો કર્મના કારણે થાય, કર્મ વિના શુભરાગ હોય નહિ. જેટલો રાગ અંશ છે એટલો, હોં! એમાંથી છૂટતા ... આહાહા..! કેટલો ફેર!

'**આ રીતે એ શુભોપયોગમાં સંતુષ્ટ થઈ,...**' શુભરાગ કષાયની મંદતા થઈ. કઈ? દેવ–

અરિહંતની શ્રદ્ધા, ગુરુ નિર્ગ્રંથની શ્રદ્ધા, દયા-ધર્મની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન, પંચ મહાવ્રતના પરિણામ એ શુભરાગ છે, શુભોપયોગ છે, પુણ્યભાવ છે, પુણ્ય બંધનનું કારણ છે. અબંધ પરિણામી નથી એ તો પુણ્યબંધનું કારણ છે. બંધ ભાવ છે તે બંધનું કારણ છે. અબંધ પરિણામ તો અબંધ સ્વભાવી આત્માને આશ્રયે પરિણામ પ્રગટે તે અબંધ પરિણામ છે. એ અબંધ પરિણામને તો જાણતો નથી ને આ બંધ પરિણામને સાધન માનીને મોક્ષનો માર્ગ માને છે. સમજાણું કાંઈ?

**'આ રીતે એ શુભોપયોગમાં સંતુષ્ટ થઈ, શુદ્ધોપયોગરૂપ મોક્ષમાર્ગમાં પ્રમાદી છે...'** તેમ પંચમકાળમાં અત્યારે શુદ્ધોપયોગ તો છે નહિ, જાવ! તો કહે હવે આપણે આ જ કરવાનું રહ્યું. અંદરમાં સન્મુખ થવાના પ્રયત્નની જરૂર નથી. કારણ કે, શુદ્ધોપયોગ તો અત્યારે છે નહિ, એમ કહે છે. આહાહા..! શુદ્ધોપયોગ, શુભથી ખસી અને ચૈતન્ય શુદ્ધ સ્વભાવ ચૈતન્ય આત્મા, એનો આ વેપાર, એનો ઉપયોગ, એનું આચરણ, શુદ્ધ ચૈતન્યભાવની શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ એવો જે શુદ્ધ આચરણ, શુદ્ધભાવ એમાં પ્રમાદી છે. કારણ કે, આમાં સંતુષ્ટ થઈ ગયો. આટલું કર્યું છે હવે એ તો થશે જ, આપણે મોક્ષમાર્ગ છે, સાધન તરીકે છે તો સાધ્ય તો પ્રગટ થાય. પંચમકાળ છે તો ન થાય.. કહો! 'કાંતિભાઈ'! સમજાયું? એમ ચાલે છે કે નહિ? .... બે જુદે-જુદાં છે, બે જુદે-જુદાં છે, બે વિરુદ્ધ ફળવાળા છે, બેની દિશા ફેર છે. આહાહા..!

**'તે કારણે કેવળ વ્યવહારનયના અવલંબી થયા છે...'** આ કારણે. કેમ? કે, પેલા વ્યવહારને જ નિશ્ચય માની બેઠા. એનાથી થશે, એનાથી થશે એટલે એ જ કારણ છે, એ જ સાચું સાધન છે. **'તે કારણે કેવળ વ્યવહારનયના અવલંબી થયા છે...'** કેવળ વ્યવહાર. એ વખતે નિશ્ચય અવલંબન લેવું, સ્વભાવ સન્મુખ જવું એ તો પડ્યું રહ્યું. એકલા **'વ્યવહારનયના અવલંબી થયા છે એને ઉપદેશ આપીએ તો નિષ્ફળ છે.'** કહે છે કે, લાખ વાત કર તોપણ એ વ્યવહારને નહિ છોડે. અમારે સાધન કહ્યું છે, ભગવાને સાધન કહ્યું છે, ભગવાને ઉપાય કહ્યો છે, એ પણ કારણ કહ્યું છે, એને પણ હેતુ કહ્યો છે.

તને વ્યવહારથી અમે સમજાવીએ ત્યાં તું વ્યવહારને પકડીને બેસે ને અમારે કહેવું શું તને હવે? એમ કહે છે, મૂળ તો એમ કહે છે. તને અમારે સંભળાવવું શું? સાંભળનારને અમે જ્યાં વ્યવહારથી વાત કરીએ ત્યાં તું વ્યવહારને પકડીને બેઠો. જુઓ! આવું સાધન હોય, હોં! નિશ્ચય આવો હોય ત્યાં વ્યવહાર આવો હોય અને એ નિમિત્ત પેલા નૈમિત્તિકની પ્રસિદ્ધિ કરે છે. વ્યવહાર આવો હોય એ નિશ્ચયનો આશ્રય, દ્રવ્યનો આશ્રયવાળો કેવો ભાવ ત્યાં હોય એને જણાવે છે. સમજાણું કાંઈ?

તે અહીં પકડીને બેઠો કે, જુઓ! તમે કહ્યું હતું કે નહિ? તમે મૌન રહેવાનું કહ્યું કે નહિ? તો તમે કેમ બોલો છો? મૌનથી લાભ થાય કે નહિ? એમ કહો છો કે નહિ

www.vitragvani.com



તમે? તો તમે શું કરવા બોલો છો? પકડ્યું. એમ જ્યાં આમ વ્યવહાર હોય છે અને એનાથી નિશ્ચય ઓળખાવવા માટે કહ્યો છે. ત્યાં એણે પકડ્યો કે, વ્યવહાર છે કે નહિ? જુઓ! આવ્યો કે નહિ? એ વ્યવહારને જ માને છે. જોયું? **'તે કારણે કેવળ વ્યવહારનયના અવલંબી થયા...'** નિશ્ચયના ભાન સહિતનો વ્યવહાર ત્યાં નિમિત્તરૂપે હોય તો તો એ બરાબર છે. વર્તમાન, હોં! નિશ્ચય પછી વ્યવહાર એમ નહિ. એ બેના ભેદ પાડ્યા છે. કેવળ વ્યવહાર અવલંબી. ત્યારે એ કહે, ના નિશ્ચય વ્યવહાર નથી અને નિશ્ચયમાં હમણાં લક્ષ આવવાનું છે. અમારો શુદ્ધોપયોગ લાવવા માટે આ બધું ગ્રહણ કરીએ છીએ. એ તો પછીનો કાળ થયો. એની વાત ક્યાં રહી? અત્યારે વર્તમાન વ્યવહારના અવલંબનમાં નિશ્ચયનું જરીએ અવલંબન નથી માટે કેવળ વ્યવહાર અવલંબન છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

પછી થાશે એવો પ્રશ્ન જ ક્યાં છે? વર્તમાનમાં એકલા વ્યવહારના પરિણામ... જો કે આ જે કહે છે પણ પંચ મહાવ્રતાદિ એના પણ ક્યાં ઠેકાણા છે? છતાં કેવળ વ્યવહારનું અવલંબન લઈ, અવલંબી થયા છે. આમ જ્યાં ઉપદેશ દેવા માંડ્યો, વ્યવહારથી સમજાવવા માંડ્યા તો કહે જુઓ! એ પણ કાંઈક ચીજ છે કે નહિ? લ્યો! પાંચમી ગાથામાં આવ્યું હતું ને? કોઈક કહેતો હતો, વકીલ સોલિસીટર. જુઓ! આ 'વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ અશક્ય છે.' જુઓ! વ્યવહાર વિના પરમાર્થ પમાતો નથી. જુઓ! એમાં આવ્યું છે. ઠીક! (સંવત) ૧૯૮૭ની સાલમાં. અરે..! એ તો ઉપદેશની વાત છે. વ્યવહારનો ઉપદેશ છે, વ્યવહારથી પામે છે ક્યાં? વ્યવહારને ન અનુસરીને, શ્રદ્ધજે ન્યાં એમ નથી? કહેનારે વ્યવહાર કહ્યો એણે વ્યવહારને અનુસરવો નહિ. સાંભળનારને વ્યવહારથી કહે છે પણ એ સાંભળનારે વ્યવહારને અનુસરવો નહિ, અનુસરવો નિશ્ચયને. ત્યારે પેલાને વ્યવહારે સમજાવીને કહેવાય છે. શું થાય? ઓહોહો..! સમજાણું કાંઈ?

**'કેવળ વ્યવહારનયના અવલંબી થયા છે એને ઉપદેશ આપીએ તો નિષ્ફળ છે.'** નવું પકડશે તરત જ તે. પાણીમાં બુડતો હોય માણસ એને તારવા, તો અચાનક એનું ગળુ પકડે, પેલાના હાથ જ પકડે. હાથ છૂટા રાખીને પકડે, હાથથી તો પકડે એટલે બેય જાય, બે મરી ગયા બિચારા. એક ભાઈ તણાતો હતો, બીજા ભાઈને (થયું), લાવને જાઉં. ત્યાં તણાતા એને પકડ્યો, બન્ને ગયા, મરી ગયા. તંબોળીના સાળા છે, ઘણું કરીને. 'ધીરૂભાઈ'. એકવાર ... નહાવા ગયા હતા તો પેલો ચાલ્યો, ... એમ વ્યવહારથી જ્યાં વાત કરી તો પકડ્યો એને. જુઓ! એ વ્યવહાર પણ કારણ છે, સાધન છે. નિશ્ચય ... વ્યવહાર નિશ્ચય પકડ્યો એણે. એને નિષ્ફળ ઉપદેશ છે. ઉપદેશ આપવાનું ફળ (કાંઈ નથી).

**'અહીં પ્રશ્ન ઊપજે છે કે આવા શ્રોતા પણ ઉપદેશ લાયક નથી.'** લ્યો! શું પ્રશ્ન ઊપજે છે? કે, **'આવા શ્રોતા પણ ઉપદેશ લાયક નથી.'** ઇ ત્યાં કહ્યું. **'અહીં પ્રશ્ન ઊપજે છે કે આવા શ્રોતા પણ ઉપદેશ લાયક નથી.'** એમ.

www.vitragvani.com



**'તો શ્રોતા કેવા ગુણવાળા જોઈએ?'** સમજાણું કાંઈ? આવા શ્રોતા જ્યારે ઉપદેશ લાયક નથી **'व्यवहार एव हि तथा निश्चयतां यात्यनिश्चयज्ञस्य'** એમ કીધું ને? જે વ્યવહારથી નિશ્ચય પામી જાય (એમ માને) એ તો શ્રોતા લાયક નથી. **'તો શ્રોતા કેવા ગુણવાળા જોઈએ?'** સાંભળનારામાં કેટલી લાયકાત સાંભળનારની જોઈએ એની વાત કરે છે, લ્યો! કહેનારની લાયકાતની વાત ચોથી ગાથામાં કીધી. સમજાણું? આ સાતમી ગાથા છે. ૪થીમાં કીધું મુખ્ય-ઉપચારની. અહીં વ્યવહાર-નિશ્ચય કહે છે, ત્યાં મુખ્ય-ઉપચાર શબ્દ હતો. **'શ્રોતા કેવા ગુણવાળા હોવા જોઈએ?'** લ્યો! પાધરા શ્રોતા કેવા ગુણવાળા હોવા જોઈએ? એવા શ્રોતા એ સમજી શકે નહિ તો તો ઊંધુ મારશે, એમ કહે છે. **'તેનો ઉત્તર આગળ કહે છે...'** થઈ ગયો વખત. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૮

**તો શ્રોતા કેવા ગુણવાળા હોવા જોઈએ? તેનો ઉત્તર આગળ કહે છે -**

**व्यवहारनिश्चयौ यः प्रबुध्य तत्त्वेन भवति मध्यस्थः।**
**प्राप्नोति देशनायाः स एव फलमविकलं शिष्यः।।८।।**

**અન્વયાર્થ :– [ यः ] જે જીવ [ व्यवहारनिश्चयौ ] વ્યવહારનય અને નિશ્ચયનયને [ तत्त्वेन ] વસ્તુસ્વરૂપ વડે [ प्रबुध्य ] યથાર્થપણે જાણીને [ मध्यस्थः ] મધ્યસ્થ [ भवति ] થાય છે, અર્થાત્ નિશ્ચયનય અને વ્યવહારનયના પક્ષપાતરહિત થાય છે. [ सः ] તે [ एव ] જ [ शिष्यः ] શિષ્ય [ देशनायाः ] ઉપદેશના [ अविकलं ] સમ્પૂર્ણ [ फलं ] ફળને [ प्राप्नोति ] પામે છે.**

**ટીકા :– 'यः व्यवहारनिश्चयौ तत्त्वेन प्रबुध्य मध्यस्थः भवति' - જે જીવ વ્યવહારનય અને નિશ્ચયનયને યથાર્થપણે જાણીને પક્ષપાતરહિત થાય છે 'स एव शिष्यः देशनायाः अविकलं फलं प्राप्नोति' -તે જ શિષ્ય ઉપદેશનું સંપૂર્ણ ફળ પામે છે.**

**ભાવાર્થ :– શ્રોતામાં અનેક ગુણ જોઈએ. પરંતુ વ્યવહાર અને નિશ્ચયને જાણીને એક પક્ષના હઠાગ્રહીરૂપ ન થવું એ ગુણ મુખ્ય જોઈએ. કહ્યું છે કે -**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**जइ जिणमयं पवज्जह ता मा ववहार णिच्छए मुअह।**
**एकेण विणा छिज्जइ तित्थं, अण्णेण पुण तच्चं।।**

**અર્થ :– જો તું જિનમતમાં પ્રવર્તે છે તો વ્યવહાર અને નિશ્ચયને ન છોડ. જો નિશ્ચયનો પક્ષપાતી થઈ વ્યવહારને છોડીશ તો રત્નત્રયસ્વરૂપ ધર્મતીર્થનો અભાવ થશે. અને જો વ્યવહારનો પક્ષપાતી થઈ નિશ્ચયને છોડીશ તો શુદ્ધ તત્ત્વસ્વરૂપનો અનુભવ નહિ થાય. તેથી પહેલાં વ્યવહાર-નિશ્ચયને બરાબર જાણી પછી યથાયોગ્યપણે એને અંગીકાર કરવા, પક્ષપાતી ન થવું એ જ ઉત્તમ શ્રોતાનું લક્ષણ છે. અહીં પ્રશ્ન :– જે નિશ્ચય-વ્યવહારના જાણપણારૂપ ગુણ વક્તાનો કહ્યો હતો તે જ શ્રોતાનો કહ્યો તેમાં વિશેષ શું આવ્યું? ઉત્તર :– જે ગુણ વક્તામાં અધિકપણે હોય તે જ શ્રોતામાં હીનતાપણે - થોડા અંશે હોય છે. એ રીતે વક્તા અને શ્રોતાનું વર્ણન કર્યું. ૮.**

**[ ભૂમિકા સમાપ્ત ]**

---

**પ્રવચન નં. ૧૦ ગાથા–૮ થી ૯ શુક્રવાર, માગશર વદ ૧૧, તા. ૦૬-૦૧-૧૯૬૭**

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' 'અમૃતચંદ્રાચાર્ય' કૃત, આઠમી ગાથા. ૭ ગાથા થઈ ગઈ. '**તો શ્રોતા કેવા ગુણવાળા હોવા જોઈએ?**' એની વ્યાખ્યા છે. આ ઉપોદ્ઘાત ભૂમિકા છે એની છેલ્લી ગાથા છે.

**व्यवहारनिश्चयौ यः प्रबुध्य तत्त्वेन भवति मध्यस्थः।**
**प्राप्नोति देशनायाः स एव फलमविकलं शिष्यः।।८।।**

વક્તાનું લક્ષણ કહી ગયા કે, તે મુખ્ય અને ઉપચાર એટલે નિશ્ચય ને વ્યવહારનો બરાબર જાણનાર જોઈએ, તો તે શિષ્યના અજ્ઞાનને દૂર કરી શકે. દૂર કરી શકવામાં નિમિત્ત થાય. અહીંયા હવે સાંભળનારને પણ નિશ્ચય-વ્યવહારનું જ્ઞાન જોઈએ. એક પક્ષમાં જો તણાય જાય તો નિશ્ચયનો વિષય જ્યારે આવે ત્યારે એને જ પકડી લે અને વ્યવહાર હોય જ નહિ એમ માને તોપણ ખોટું અને વ્યવહારની વાત આવે ત્યાં વ્યવહાર કાળે નિશ્ચય ન જ હોય એમ માને તે એક પક્ષમાં દોરાય જાય તો એને નિશ્ચય વ્યવહાર વિના સાચું શ્રોતાપણું પ્રગટ થતું નથી. સમજાણું કાંઈ?

'**જે જીવ વ્યવહારનય અને નિશ્ચયનયને...**' વ્યવહાર એટલે ભેદરૂપ, રાગરૂપ પરિણતિ પર્યાય, પ્રવૃત્તિરૂપ એ વ્યવહારનય. નિશ્ચયનય સ્વરૂપની સન્મુખ નિશ્ચય ચૈતન્ય સ્વરૂપ સ્વભાવ અભેદની સન્મુખ દૃષ્ટિ તે નિશ્ચય. એવા '**વસ્તુસ્વરૂપ વડે...**' '**तत्त्वेन**' બન્ને વસ્તુ સ્વરૂપ

છે. નિશ્ચય સ્વભાવ સન્મુખ થવું અને રહેવું અને વ્યવહાર ભેદરૂપ પ્રવૃત્તિ–પરિણતિ અંદર હોય છે એ પણ એ કાળે હોય છે. એ બન્નેને **'વસ્તુસ્વરૂપ વડે...' 'प्रबुध्य' 'યથાર્થપણે જાણીને...'** યથાર્થ એટલે જેમ નિશ્ચય છે તેમ નિશ્ચયને જાણે અને વ્યવહાર છે તેમ વ્યવહારને જાણે. **'मध्यस्थः भवति'** મધ્યસ્થ નામ બન્ને છે. એક જ છે ને બીજું નથી એમ નથી. બન્નેને બરાબર જાણે છે તેને અહીં મધ્યસ્થ કહેવામાં આવે છે. નિશ્ચય વખતે વ્યવહાર પણ છે અને વ્યવહાર વખતે નિશ્ચય પણ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– બન્ને સમકક્ષે થયા ને?

ઉત્તર :– સમકક્ષે વસ્તુ નથી? વર્તમાન છે નહિ? સન્મુખતા કોની? એ બન્ને વાત એક સાથે છે કે નહિ? નિશ્ચય સન્મુખ વડે દૃષ્ટિ થઈ પણ તે કાળે વ્યવહાર છે કે નહિ? વ્યવહાર છે ત્યાં નિશ્ચય સન્મુખ દૃષ્ટિ છે કે નહિ? બન્ને છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એક જ પક્ષ કહે કે, નિશ્ચય સન્મુખથી જ વસ્તુ છે અને ભેદરૂપ વસ્તુ વ્યવહાર નથી તો એક પક્ષ થઈ ગયો. એ વસ્તુ યથાર્થ નહિ સમજી શકે. અને વ્યવહારની પ્રવૃત્તિની, પરિણતિની, રાગની વાત આવે એને જ જાણે અને તે સમયે નિશ્ચય સન્મુખ દૃષ્ટિ ન હોય એમ જાણે તો એ પણ પક્ષમાં થઈ ગયો. એમ વ્યવહાર-નિશ્ચય એક સાથે હોય એનું એને મધ્યસ્થપણું રહ્યું નહિ. કહો! સમજાણું કાંઈ?

**'અર્થાત્ નિશ્ચયનય અને વ્યવહારનયના પક્ષપાતરહિત થાય છે.'** એટલે શું? એક જ હોય છે ને બીજું નથી એમ હોતું નથી. એમ. સમજાણું કાંઈ? નિશ્ચય હોય ને વ્યવહાર ન હોય, વ્યવહાર જ હોય ને નિશ્ચય ન હોય, એમ હોતું નથી. **'પક્ષપાતરહિત થાય છે. તે જ શિષ્ય ઉપદેશના 'अविकलं' સમ્પૂર્ણ ફળને 'प्राप्नोति' પામે છે.'** બે યથાર્થપણે તત્ત્વથી જાણે, લક્ષમાં હોય તો એ યથાર્થ તત્ત્વના ફળને પામી શકે છે.

મુમુક્ષુ :– વ્યવહાર એટલે ઉપયોગ.

ઉત્તર :– વ્યવહાર છે ઉપયોગ. ઉપયોગ એટલે છે કે નહિ? વ્યવહાર એના ભેદના કાળમાં વ્યવહાર, એક કોઈ નિશ્ચિત વ્યવહાર છે કે નહિ? પરિણતિ ભેદરૂપ, રાગરૂપ, ગુણસ્થાનરૂપ એવો ભેદ છે કે નહિ? બસ! એટલું જ. સમજાણું કાંઈ? એને ન માને તો નિશ્ચયની, તત્ત્વની એને ખબર નથી. અને નિશ્ચયને એકલાને માને તો આ વ્યવહાર આવો છે એને ન માને તો એકલો નિશ્ચયાભાસી થાય છે. છે એમ કહે છે, બન્ને છે. આશ્રય કરવા લાયક પણ નિશ્ચય છે ને આ જાણવા એ પછી પણ બન્ને છે એટલી વાત. સમજાણું કાંઈ? પહેલું આવી ગયું ને નિશ્ચયનું? પ્રાયઃ ભૂતાર્થ બોધ વિમુખ તે વ્યવહાર અને ભૂતાર્થ બોધ સન્મુખ તે નિશ્ચય. ભૂતાર્થ ત્રિકાળ જ્ઞાયકભાવ ચૈતન્ય સ્વરૂપ સન્મુખ તે નિશ્ચય અને એમાં રહેલો પરસન્મુખનો ભેદરૂપ ભાવ, રાગરૂપ ભાવ પરિણતિ જે અપૂર્ણ આદિ એવો ભાવ એને રત્નત્રયની પરિણતિ વર્તમાન ભેદરૂપ કહો! એ પણ છે ને? એકલો નિશ્ચય છે

www.vitragvani.com



ને વ્યવહાર નથી એમ છે નહિ. અને વ્યવહાર જ એકલો છે ને નિશ્ચય નથી એમ નથી. બન્ને છે. સમજાણું કાંઈ?

**'તે જ શિષ્ય ઉપદેશના...'** **'अविकलं'** નામ પૂર્ણ, વિકળ એટલે અપૂર્ણ, અવિકળ એટલે સંપૂર્ણ. એવા ફળને એટલે સાચા **'ફળને પામે છે.'** નિશ્ચયનું ફળ મોક્ષ છે, વ્યવહાર ... છે એવું જે જાણે એને વાસ્તવિક તત્ત્વનું ફળ મળે. કહો! સમજાણું આમાં? વ્યવહાર અભૂતાર્થ છે એ તો કહી દીધું. નિશ્ચય ભૂતાર્થ છે એ તો કહ્યું, બે છે એમ અહીંયા કહેશે. નિશ્ચય વસ્તુ ભૂતાર્થ ચૈતન્ય સ્વરૂપ આત્મા, એનો આશ્રય કરવો એ મૂળ ચીજ. પણ એવો આશ્રય લેવા છતાં એની પર્યાયમાં ભેદરૂપ અપૂર્ણતા રહી ગઈ, રાગ છે ઇ છે એમ એને બરાબર જાણવું તો જોઈએ. નથી એમ કહે તો એકલો નિશ્ચયનો પક્ષ થઈ ગયો. એકલો વ્યવહાર કહે તો વ્યવહારનો એકલો પક્ષ થઈ ગયો, નિશ્ચય રહ્યો નહિ. એવા શ્રોતા સાંભળવાને લાયક નથી, એમ કહે છે. શ્રોતાનું આખું વજન છે. સમજાણું કાંઈ?

બે નયનું એને થોડું-ઘણું પણ જ્ઞાન હોવું જોઈએ. વક્તાને ઘણું હોય, આને થોડું હોય. કારણ કે, બે વસ્તુ છે એમ એને જાણવી છે કે નહિ? નિશ્ચય પણ જાણવો છે ને વ્યવહાર હોય એને પણ માનવો તો છે. છે એમ માનવો નથી? વ્યવહારથી નિશ્ચય થાય એ વળી જુદી વસ્તુ થઈ. એ કાંઈ વ્યવહાર માન્યો ન કહેવાય. સમજાણું કાંઈ? વ્યવહારથી નિશ્ચય થાય તો તો બે એક થઈ ગયા, બે જુદા રહ્યા નહિ. બે છે એમ એને બરાબર જાણવું જોઈએ. સાંભળનાર શ્રોતાએ નિશ્ચય ને વ્યવહારનું યથાર્થ વસ્તુના સ્વરૂપમાં જેવું છે તે રીતે એને લક્ષમાં લેવું જોઈએ અને મધ્યસ્થ થવું જોઈએ. મધ્યસ્થ એટલે એકલો નિશ્ચયનો જ પક્ષ ખેંચવો અને વ્યવહાર છે જ નહિ અને વ્યવહારનો જ એકલો પક્ષ ખેંચવો અને નિશ્ચયનો આશ્રય હોય જ નહિ તે બન્ને નયને સમજતો નથી. સમજાણું આમાં? આ અટપટી વાત છે.

મુમુક્ષુ :– થોડું ઢીલું પડ્યું.

ઉત્તર :– ક્યાંય ઢીલુ પડ્યું નથી જરીએ. વ્યવહાર વ્યવહારના (સ્થાને છે). અહીં તો બે સાથે લેવા છે ને? મિથ્યાદૃષ્ટિને એક પણ નથી, કેવળીને એક પણ નથી. મિથ્યાદૃષ્ટિને નથી નિશ્ચય, નથી વ્યવહાર. કેવળીને નથી નિશ્ચય, વ્યવહાર તો વસ્તુ પૂર્ણ અખંડ થઈ ગઈ. અહીં નયના જ્ઞાનની વાત ચાલે છે કે નહિ? નયની. કેવળી નયાતીત થઈ ગયા, મિથ્યાદૃષ્ટિને નય છે નહિ, હોય જ નહિ. હવે જેને નયનું જ્ઞાન કરવું છે ને જેને નયનું શું સ્વરૂપ છે એવું જેને જાણવું (છે) એવા શ્રોતાએ નિશ્ચયનયનો આશ્રય એ પણ છે અને તે કાળે ભેદરૂપ ભાવ પણ છે એનું જ્ઞાન બરાબર રાખવું જોઈએ. એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ?

વ્યવહારની જ્યાં વાત આવે, વ્રત પાળવા ને એના અતિચાર ટાળવા ને એનું આમ કરવું ને... તો જાણવું કે એ વ્યવહાર છે. પણ એ વખતે એ જ છે ને પેલો નિશ્ચય નથી,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સ્વસન્મુખ થયેલો જ્ઞાતાભાવ છે એમાં આવો વ્યવહારભાવ છે એમ ન જાણે તો એકલો વ્યવહારનો પક્ષ કરીને નિશ્ચયને ભૂલી જાય છે. નિશ્ચયનું જ્યાં એકલું છે જ્ઞાતા-દૃષ્ટાપણું સ્વસન્મુખનું ત્યાં આગળ વ્યવહારથી વાત આવે કે વ્રત પાળે, વ્રતનો રાગ એને હોય, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ હોય, દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન–પરદ્રવ્યનું બહુમાન કરે, કરે. એવો વ્યવહાર હોય. એ વ્યવહાર એવો હોય એવો ન માને પણ એકલો નિશ્ચય માને તો વ્યવહાર રહ્યો ક્યાં? નિશ્ચય પૂર્ણ ક્યાં થયો છે? વીતરાગ તો થયો નથી. સમજાણું કાંઈ?

વ્યવહારના સ્થાનમાં વ્યવહાર બરાબર માને અને નિશ્ચય સ્વઆશ્રય કરવા લાયક છે એ વસ્તુ બરાબર જાણે. બેમાંથી એકને ન માને તો એક પણ નય રહેતી નથી. નય રહેતી નથી તો સાધકપણું રહેતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– બેને જાણ્યા વિના સીધો અંદર ન જાય.

ઉત્તર :– જાય નહિ, શી રીતે જાય? શેનો જાય? સ્વનો આશ્રય કરવો એ નિશ્ચય ને એ વખતે જે ભેદ રહી જાય છે, પૂર્ણ ક્યાં થાય છે માટે એણે એને જાણવું જોઈએ. પાધરો ક્યાં સીધો જાતો હતો? શેમાં જાજો પણ જાય? જાય તોપણ હજી ભેદ તો રહેશે બાકી. ચોથું, પાંચમું, સાતમું ભેદ રહેશે કે નહિ? ભેદ છે એને બરાબર જાણવો જોઈએ. જ્ઞાનમાં **'तत्त्वेन'** એમ કહ્યું છે ને? જુઓને! **'વસ્તુસ્વરૂપ વડે...'** એ વસ્તુનું સ્વરૂપ છે. અભેદ પણ વસ્તુનું સ્વરૂપ છે અને તે કાળે ભેદ પણ એ કાળે પર્યાયનો વસ્તુ સ્વભાવ છે. બેને બરાબર જાણવા. આદરવો એક, જાણવા બન્ને.

મુમુક્ષુ :– નિશ્ચયપૂર્વક વ્યવહાર....

ઉત્તર :– હા, નિશ્ચયપૂર્વક વ્યવહાર. વ્યવહાર એટલે પર્યાયનો ભેદ છે તે વ્યવહાર, એમ. આદરણીય છે કે એ વાત પ્રશ્ન નથી. એ નિશ્ચયના સ્વઆશ્રય તત્ત્વમાં તો ભેદ છે જ નહિ. હવે ભેદ છે કે નહિ એની પર્યાયમાં? એ એને નહિ જાણે તો એકલો અભેદ ક્યાં રહ્યો? નિશ્ચય રહ્યો નહિ. અને એકલા નિશ્ચયને અભેદને જાણે અને ભેદ છે તો ખરો વર્તમાનમાં, પૂર્ણ વીતરાગ થયો નથી. એને બરાબર જાણવું જોઈએ, એમ કહે છે. સમજાણું કાંઈ?

**''यः व्यवहारनिश्चयौ तत्त्वेन प्रबुध्य मध्यस्थः भवति' - જે જીવ વ્યવહારનય અને નિશ્ચયનયને...'** **'तत्त्वेन'**નો અર્થ કર્યો **'યથાર્થપણે જાણીને...'** એમ. મધ્યસ્થ નામ **'પક્ષપાત રહિત થાય છે...'** એ મધ્યસ્થની વ્યાખ્યા છે. **'પક્ષપાતરહિત થાય છે...'** એટલે નિશ્ચય છે ને વ્યવહાર નથી, વ્યવહાર જ છે ને નિશ્ચય નથી એમ જે પક્ષપાત રહિત થાય એટલે બે છે. નિશ્ચય છે, વ્યવહાર છે, સ્વના આશ્રયમાં સ્વનો વ્યવહાર પર્યાયની પરિણતિ ભેદ વર્તમાન ભાવ એ બધો છે. એમાં બરાબર પક્ષપાત રહિત થાય છે, એ શિષ્ય... બહુ સરસ ઉપોદ્ઘાત કર્યો છે ૮ ગાથામાં તો, ૮ ગાથા તો આપણે ઘણી વિસ્તારથી આવી ગઈ. સમજાણું? આ ઉપોદ્ઘાત છે ૮ ગાથા. પછી ગ્રંથનો પ્રારંભ નવમી ગાથાથી શરૂ થાય છે. સમજાણું કાંઈ?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**'તે જ શિષ્ય ઉપદેશનું સંપૂર્ણ ફળ પામે છે.'** એટલે કે ઉપદેશનું ફળ જે વીતરાગતા છે, વીતરાગતા છે એ સ્વના આશ્રયે, તત્ત્વના આશ્રયે સમ્યક્ યથાર્થ વસ્તુ છે અને પરનો આશ્રય ભેદ આદિ જેટલો બાકી રહી જાય છે એ પણ છે એવું જે જાણનાર એની પૂર્ણતા વીતરાગતાના ફળને પામે છે. કહો! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :– 'શ્રોતામાં અનેક ગુણ જોઈએ.'** સાંભળનારમાં અનેક બીજા ગુણો પણ હોય. **'પરંતુ વ્યવહાર અને નિશ્ચયને જાણીને...'** આ તો મૂળ ચીજ છે–અભેદ ને ભેદ. સમજાય છે? એકરૂપ અને અનેક. વ્યવહારમાં અનેકપણાના પર્યાય દેખાય, નિશ્ચયમાં એકરૂપ હોય એવું વસ્તુનું સ્વરૂપ છે. તો કહે છે કે, એને **'વ્યવહાર ને નિશ્ચયને જાણીને એક પક્ષના હઠાગ્રહીરૂપ ન થવું...'** નિશ્ચય જ હોય ને તે કાળે વ્યવહાર ન જ હોય, વ્યવહાર જ હોય ને તે કાળે નિશ્ચય ન હોય. તે કાળે નિશ્ચય ન હોય. વ્યવહારની વાતું હોય વ્રતને પાળો, આમ કરો, દયા કરો, દાન કરો, પરની રક્ષા એવી ભાષા આવે, લ્યો! સમજાણું કાંઈ? પણ એનો અર્થ સમજે એટલે પરને માટે દયાનો ભાવ આવ્યો છે, એમ અહીંયા રાગ રક્ષા છે એમ કહે છે. એ વખતે નિશ્ચય ન ભૂલે. નિશ્ચયમાં તો સ્વનો અભેદ જ છે. પર તરફનો રાગ એ નિશ્ચયમાં છે નહિ. સમજાણું કાંઈ?

વ્યવહારની વાત આવે. મુનિએ જોઈને ચાલવું, સાડા ત્રણ હાથ આમ નજર રાખીને. કીડી દેખાય તો પગને ઊંચો કરવો, જીવ આગળ પગ ઊંચો કરવો. એવો ઉપદેશ આવે. એ શું કરવા? પેલો પ્રમાદનો ભાવ ટાળવા રાગની શુભ દશા હોય એને બતાવે છે. એ વખતે નિશ્ચય ન ભૂલે. એ જડની ક્રિયા કરી શકે છે, એમ ન ભૂલે કે, ના એ કરી શકતો નથી. સમજાણું કાંઈ? નિશ્ચયમાં કરી શકતો નથી માટે વ્યવહારમાં આમ આવ્યું કે, તું કરી શક પણ એવું કરી શકનું અર્થ કે, એને રાગની મંદતા એવી હોય છે એવો એણે વ્યવહાર જાણવો જોઈએ. શરીરનું કરી શકે છે, કામ કરી શકે એમ ન લેવું એના અર્થમાંથી. સમજાણું કાંઈ? 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માં ૮ ગાથાઓમાં તો ઘણું સરસ. નિશ્ચય વ્યવહારના વર્ણનની ટીકા ઘણી સરસ કરી છે. દાખલો આપે છે, ૧૨મી ગાથામાં આવે છે ને એ.

**जइ जिणमयं पवज्जह ता मा ववहार णिच्छए मुअह।**
**एकेण विणा छिज्जइ तित्थं, अण्णेण पुण तच्चं।।**

**'જો તું જિનમતમાં પ્રવર્તે છે...'** પ્રવર્તે છે ને હજી તો? પરિણતિમાં પ્રવર્તે છે. **'તો વ્યવહાર અને નિશ્ચયને ન છોડ.'** વ્યવહાર નથી એમ ન માન, નિશ્ચય નથી એમ ન માન. બે છે એમ માન, બે છે એમ જાણ. કહો! સમજાણું કાંઈ? **'જો નિશ્ચયનો પક્ષપાતી થઈ...'** એકલો નિશ્ચયના અભેદનો પક્ષપાતી થઈ, હોં! બરાબર જાણકાર થાય તો તો વ્યવહારનું જ્ઞાન એને યથાર્થ હોય. નિશ્ચયનો એકલો અભેદનો પક્ષપાતી થઈ **'વ્યવહારને છોડીશ...'** વર્તમાન રત્નત્રયરૂપ ધર્મ તીર્થની પરિણતિરૂપ પર્યાય જે છે. સમજાણું કાંઈ? રત્નત્રયરૂપ

પરિણતિ જે પર્યાય, જે પર્યાય છે એ જ વ્યવહાર છે. દ્રવ્ય છે તે નિશ્ચય છે, દ્રવ્ય છે તે ભૂતાર્થ છે, પર્યાય છે તે ખરેખર ત્રિકાળ સ્વરૂપે નથી એ અપેક્ષાએ અભૂતાર્થ છે પણ પર્યાય છે ખરીને! સમજાણું કાંઈ? ચોથું ગુણસ્થાન, પાંચમું, છઠ્ઠું એ બધો વ્યવહાર છે, પર્યાય છે. વ્યવહાર એટલે પર્યાય છે. જો એ પર્યાય ન હોય તો ધર્મ તીર્થ જ નહિ રહે, પર્યાયનું સાધન નહિ રહે. કેવળજ્ઞાનને સાધવાની શુદ્ધ પરિણતિ એ પણ એક વ્યવહાર છે. સમજાણું કાંઈ? નિશ્ચય તો નિષ્ક્રિય તત્ત્વ છે. એકરૂપ સ્વભાવ જેમાં પરિણતિ પણ નથી એવું ધ્રુવપણું તત્ત્વનું તે નિશ્ચય છે. સમજાણું કાંઈ?

વ્યવહારને છોડીશ તો રત્નત્રય સ્વરૂપ ધર્મતીર્થનો અભાવ થાશે. તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદરૂપ ત્રણ પરિણતિ છે એ બધો વ્યવહાર છે, પર્યાય પોતે વ્યવહાર છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવી જે પર્યાય, અવસ્થા, પરિણતિ, ત્રિકાળ અભેદનો એક અંશ ભેદ એ વ્યવહાર છે. એને છોડીશ તો પરિણતિ રહેશે ક્યાં? સમજાણું કાંઈ? વ્યવહાર છે એ તરવાનો ઉપાય છે એ પર્યાય છે, એમ કહે છે. પર્યાય છે એ પૂર્ણ કેવળજ્ઞાનને પામવાનું કારણ છે. એ પર્યાય છે, એ પર્યાય પોતે વ્યવહાર છે. સમજાણું કાંઈ?

દ્રવ્ય પોતે નિશ્ચય છે ને પર્યાય પોતે વ્યવહાર છે. આમ બે વસ્તુ છે કે નહિ? માથે કીધું ને? **'તત્ત્વેન'** એમ કહ્યું હતું. સમજાણું કાંઈ? ગરબડ જ આમાં છે ને મોટી? રત્નત્રય સ્વરૂપ, વ્યવહારથી રત્નત્રય સ્વરૂપ થાય છે. એનાથી થાય એ અહીં પ્રશ્ન નથી. થાય છે તો ત્રિકાળ દ્રવ્યને આશ્રયે થાય છે પણ થયેલી પર્યાય તે વ્યવહાર છે. જો એ વ્યવહાર ન હોય તો પરિણતિ નિર્મળ હોય શકે નહિ. સાથે રાગાદિ વ્યવહાર (છે) એ પણ વ્યવહાર છે. સમજાણું કાંઈ? શુદ્ધ પરિણતિ સદ્ભૂત પરિણતિ છે એની પોતાની વ્યવહાર પરિણતિ છે, રાગાદિ છે તે અસદ્ભૂત પરિણતિ છે. છે કે નહિ? સમજાણું કાંઈ? દેવ-ગુરુ-ધર્મનો, દેવ-ગુરુ-શાસ્ત્રનો આદર કરવો. કહો! એવો વિકલ્પ છે કે નહિ? એના જ્ઞાનમાં એ છે કે નહિ? છે એવો ભાવ, બસ! એને બરાબર માનવો જોઈએ.

**'વ્યવહારને છોડીશ તો રત્નત્રયસ્વરૂપ ધર્મતીર્થનો અભાવ થશે.'** તરવાનો ઉપાય જે છે, પર્યાય છે એ જ વ્યવહાર છે, એમ કહે છે. કોને આશ્રયે પ્રગટે એ વળી જુદી વસ્તુ છે. એ કહે છે, જુઓ! **'અને જો વ્યવહારનો પક્ષપાતી થઈ...'** એકલી પરિણતિ ને પર્યાયનો જ પક્ષપાતી થઈને, **'નિશ્ચયને છોડીશ તો શુદ્ધ તત્ત્વસ્વરૂપનો અનુભવ નહિ થાય.'** તો એ નિર્મળ પર્યાય તત્ત્વને આશ્રયે થાય છે, તત્ત્વનો આશ્રય છોડીશ તો રહેશે ક્યાં પછી? આહા...! ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ અભેદ વસ્તુ, એનો આશ્રય છોડીશ, નિશ્ચય તત્ત્વને છોડીશ તો એને આશ્રયે તો અનુભવ છે, એને આશ્રયે તો અનુભવ થાય છે, એને આશ્રયે ધર્મ થાય છે. ભલે એ પર્યાય છે વ્યવહાર પણ થાય છે દ્રવ્યને આશ્રયે ને? સમજાણું કાંઈ? આવા મોટા ગોટા વાળે.

અભૂતાર્થ પણ વિષય છે કે નહિ? વ્યવહારનય જાણનાર છે તો એનો કંઈ વિષય છે કે નહિ? નય વિષયી છે એનો વિષય છે કે નહિ? વિષય છે એમ બરાબર એણે જાણવું જોઈએ, એમ કહે છે. નહિ જાણીશ તો એ પરિણતિ સિદ્ધ નહિ થાય. એકલો વ્યવહારને જાણીશ તો નિશ્ચય તત્ત્વના આશ્રય વિના અનુભવ નહિ થાય. એ શુદ્ધ પરિણતિ પણ નિશ્ચયને આશ્રયે થાય છે. સમજાણું કાંઈ?

અહીં તો જેને આત્માના યથાર્થ ફળને પામવું છે, યથાર્થ સાંભળવો છે એ જીવની વાત કરે છે. પક્ષપાત આગ્રહ કરીને પડે કે જુઓ! આવ્યો કે નહિ? એનાથી થાય છે કે નહિ? વ્યવહાર રત્નત્રયરૂપ ધર્મ જ વ્યવહારથી થાય છે. એટલે થાય છે વ્યવહારથી નહિ, છે એ વ્યવહાર છે. થાય છે અંતર દ્રવ્યને આશ્રયે. સમજાણું કાંઈ? પણ અંદર હજી અપૂર્ણ પર્યાય રહી, રાગ રહ્યો શુદ્ધતા હજી અપૂર્ણ છે એ શુદ્ધ પરિણતિની પણ સક્રિય દશા છે એ વ્યવહાર છે, ભેદ છે. એને ન માને તો એ વસ્તુ જ સિદ્ધ નહિ થાય. નિશ્ચય નહિ માને તો જેને આશ્રયે અનુભવ કરવો છે એ તત્ત્વ જ નહિ રહે. સમજાણું કાંઈ?

માંડ વખત મળ્યા એમાં પાછા ઝઘડે ઝઘડા, ઝઘડા. શ્રાવકને શુદ્ધ ઉપયોગ ન હોય, એવું લખાણ (આવે). શુદ્ધઉપયોગ હોય તો પછી કેવળજ્ઞાન થઈ જશે. શુદ્ધઉપયોગ જો શ્રાવકને હોય તો આ શું કહે છે? મોક્ષનો માર્ગ ત્રણે શ્રાવકને છે એમાં ન આવ્યું? શ્રાવકને ત્રણે છે એ આવશે. સમજાણું? ૨૦મી ગાથામાં છે, જુઓ! ૨૦મી, ૨૦મી **'एवं सम्यग्दर्शनबोध-चरित्रत्रयात्मको नित्यम्'** જુઓ! ૨૦મી ગાથા છે. શ્રાવક ધર્મની શરૂઆત કરતા ૨૦મી ગાથા

**एवं सम्यग्दर्शनबोधचरित्रत्रयात्मको नित्यम्।**
**तस्यापि मोक्षमार्गो भवति निषेव्यो यथाशक्ति।।२०।।**

દેખો! ત્રણે છે. શ્રાવકને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે છે. સમજાણું? એના પછી સમકિતની વાત કરે છે, સમકિતની વાત કરે છે. ૨૧ માં. **'तत्रादौ सम्यक्त्वं समुपाश्रयणीयमखिलयत्नेन।'** શ્રાવકે સમ્યગ્દર્શન પૂરા પ્રયત્ન દ્વારા પહેલો અનુભવ કરવો જોઈએ. **'तस्मिन् सत्येव यतो भवति ज्ञानं चरित्रं च।।२१।।'** સમ્યગ્દર્શન હોય તો જ્ઞાનને જ્ઞાન કહેવાય ને ચારિત્રને ચારિત્ર કહેવાય. સમ્યગ્દર્શન વિના જ્ઞાન ને ચારિત્ર હોતા નથી. સમજાણું કાંઈ? બધી શ્રાવકની વાત ચાલે છે.

જો **'નિશ્ચયને છોડીશ તો શુદ્ધ તત્ત્વસ્વરૂપનો અનુભવ નહિ થાય.'** પેલો વ્યવહાર તો ભેદ છે. અનુભવ તો તત્ત્વને આશ્રયે થાય, અખંડ અભેદ એનો આશ્રય લેતા આત્માનો અનુભવ થાય. વ્યવહાર ક્રિયાકાંડનો આશ્રય લઈને અનુભવ ન થાય, એમ કહે છે. વ્યવહાર પરિણતિનો આશ્રય લઈને અનુભવ ન થાય. અનુભવ તો તત્ત્વ અભેદનો આશ્રય લઈને અનુભવ થાય. એને છોડીશ તો અનુભવ નહિ થાય, અનુભવ નહિ થાય તો પરિણતિ શુદ્ધ નહિ (થાય), પરિણતિ શુદ્ધ નથી તો વ્યવહાર પણ નથી. અહીં નિશ્ચય નથી તો વ્યવહાર

www.vitragvani.com



પણ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

પહેલા નહોતા કહી ગયા? સ્વસન્મુખ થવું એ ભૂતાર્થ છે અને સ્વસન્મુખ સિવાયનો પ્રાયઃ ભૂતાર્થ બોધ વિમુખ, ભૂતાર્થ બોધ વિમુખ એ સર્વ સંસાર છે. એકલો ભૂતાર્થ બોધ વિમુખ એકલો સંસાર અભિપ્રાય છે. ભૂતાર્થ બોધ સન્મુખ એ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? તો કહે છે **'તેથી પહેલાં વ્યવહાર-નિશ્ચયને બરાબર જાણી...'** નિશ્ચયનો આશ્રય કરવા લાયક છે, વ્યવહાર હોય તે જાણવા લાયક છે એમ બેને બરાબર જાણી. જ્યાં જ્યાં ઉપદેશમાં વાત આવે ત્યાં આ નિશ્ચયની આવે ત્યાં અભેદની આવે ત્યાં રાગનો કર્તા કે પરિણતિ શુદ્ધ, શુદ્ધ પરિણતિ કરું એવો પણ ત્યાં અભેદ દૃષ્ટિમાં વિકલ્પ નથી. એવું જ્યાં કથન આવે ત્યારે એને અભેદથી બરાબર સમજવું અને તે કાળે ભેદનું કથન આવે તેને જાણવું. મુનિને પંચ મહાવ્રત પાળવા, અઠ્યાવીસ મૂળગુણ પાળવા એવું આવે, લ્યો! કહો! પાળવાનો અર્થ કે એવો ભાવ છે ને? અને એ ભાવ એ આગળ અશુભમાં ન જાય એવો શુભનો પ્રયત્ન પણ છે ને? એવા ભાવની દશા છે તેને તેમ જાણવી તેનું નામ વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'પછી યથાયોગ્યપણે...'** યથાયોગ્ય એટલે? નિશ્ચયને નિશ્ચય આશ્રય કરવા લાયક માટે અને વ્યવહારને વ્યવહાર તરીકે જાણવા માટે. **'યથાયોગ્યપણે એને અંગીકાર કરવા,...'** નિશ્ચયને આશ્રય કરવા લાયક અંગીકાર કરવો, વ્યવહારને જાણવા લાયક છે એમ અંગીકાર કરવો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– કારણ-કાર્ય સંબંધ નથી?

ઉત્તર :– કારણ કાર્ય-ફાર્ય છે નહિ. એ વ્યવહારથી કારણ કહેવાય છે, ખરેખર નથી. છે એટલી વાત બરાબર છે. પૂર્ણ ન હોય ત્યાં પર્યાય અધુરી છે, રાગ મંદ હોય છે એટલો એણે વ્યવહારને જાણવો જોઈએ. વ્યવહારને ન જાણે તો તીર્થનું સ્વરૂપ જ ભેદવાળું છે, એ નહિ રહે. નિશ્ચયને ન જાણે તો એના વ્યવહાર આશ્રયે ધર્મ છે નહિ, ધર્મ તો નિશ્ચયને આશ્રયે પ્રગટે છે. યથાર્થ પ્રગટે પણ તત્ત્વને આશ્રયે પ્રગટે છે. પ્રગટેલી દશા અપૂર્ણ છે એમ ન જાણે તો વ્યવહાર રહેતો નથી અને પ્રગટવું દ્રવ્યને આશ્રયે છે એને ન જાણે તો દશા પ્રગટ થતી નથી. સમજાણું કાંઈ? આ ગાથાના અર્થમાં મોટા ગોટા ઉઠ્યા છે.

દ્રવ્ય જે છે એ તો અક્રિય છે. અક્રિય એટલે પરિણતિ વિનાનું. વસ્તુ જે છે આત્મા એ તો પરિણતિ વિનાનું દ્રવ્ય છે, પર્યાય વિનાનું, ઉત્પાદ-વ્યય વિનાનું (છે) એને અક્રિય કહેવામાં આવે છે, એને નિશ્ચય કહેવામાં આવે છે. એ નિશ્ચય છે એનો આશ્રય લેવા માટે અને જેટલી પર્યાય ભેદ ઉત્પન્ન થાય છે એ બધો વ્યવહાર છે. જો વ્યવહારને વ્યવહાર ન જાણે તો ઉત્પાદ-વ્યય વિનાનું દ્રવ્ય હોઈ શકે નહિ, વ્યવહાર વિનાનો નિશ્ચય હોય નહિ. નિશ્ચયને નિશ્ચય તરીકે આશ્રય ન જાણે તો એના આશ્રયથી પ્રગટેલી પર્યાયની અપૂર્ણતા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

એ પણ હોય નહિ. માટે વ્યવહારને વ્યવહાર તરીકે અંગીકાર કરવો, જાણવો, અંગીકાર કરવો એટલે જાણવો અને નિશ્ચયને નિશ્ચય તરીકે અંગીકાર કરવો. એટલે કે આશ્રય કરવા લાયક છે એમ એને જાણવો. કહો! સમજાણું આમાં?

**'તેથી પહેલાં...'** પહેલાં જુઓ! આ પહેલાં કહ્યું. પહેલું શું કરવું? એમ કેટલાક માણસ કહે છે. પહેલાં વ્યવહાર નિશ્ચયને બરાબર જાણવા, એમ કહે છે. લ્યો! પહેલામાં પહેલું નિશ્ચય શું? વ્યવહાર શું? એને જાણવું જોઈએ. એ પહેલામાં પહેલું શ્રોતાને એટલી યોગ્યતા જોઈએ. આ જો જાણવાની યોગ્યતા ન હોય તો કાંઈ સમજશે નહિ. જ્યાં નિશ્ચયની વાત આવશે ત્યાં બફમ થઈ જશે કે ઓહો..! આ તો થઈ રહ્યું ત્યારે. વ્યવહારની વાત આવશે ત્યારે કહેશે કે એ કરવા લાયક છે અને એનાથી મુક્તિ થાય છે માટે એ ખરું સાધન છે એમ માનશે અને સ્વભાવ સાધન ભૂલી જશે. સમજાણું કાંઈ?

**'પક્ષપાતી ન થવું એ જ ઉત્તમ શ્રોતાનું લક્ષણ છે.'** જોયું? **'એ જ ઉત્તમ શ્રોતાનું લક્ષણ છે.'** એ વ્યવહાર કાળમાં, વ્યવહાર ગુણસ્થાન ભેદ છે એ બધો વ્યવહાર છે. સમજાણું? સમ્યગ્દર્શન નિશ્ચય મોક્ષમાર્ગ છે ને એ તો રાગની અપેક્ષાએ નિશ્ચય છે પણ દ્રવ્યની અપેક્ષાએ તો પર્યાય પોતે વ્યવહાર છે. એના ને એના નિશ્ચય ને વ્યવહાર એક દ્રવ્યમાં સમાડવા છે કે નહિ? સમજાણું કાંઈ? પર્યાયરૂપ વ્યવહાર ન માને તો નિશ્ચય મોક્ષમાર્ગ જે રત્નત્રય છે એ જ નથી એમ સિદ્ધ થશે અને નિશ્ચયને ન માને તો રત્નત્રયની પરિણતિ (છે તે પ્રગટ નહિ થાય). એમ કહે છે અહીંયા. સમજાણું કાંઈ?

લ્યો! આમાં તો કહ્યું હતું કે, નિશ્ચયનો બોધ જેને નથી અને એકલો વ્યવહારનય છે એ તો સંસાર છે, એમ કહ્યું હતું. એકલો નિશ્ચય જેને નથી અને એકલો વ્યવહાર છે, જેને નિશ્ચયનું અભેદનું જ્ઞાન નથી અને એકલા ભેદ રાગ ને પુણ્ય આદિનું (જ્ઞાન છે) એને તો સમ્યગ્દર્શન ક્યાં છે. એવા રાગનું જ જેને જ્ઞાન છે એ તો પ્રાયઃ અતિશયપણે યથાર્થ બોધથી વિપરીત એ અભિપ્રાય સંસાર છે, એમ કહે છે. એ જ વ્યવહાર આદરણીય છે એમ છે? જાણવાયોગ્ય છે એમ કીધું, પાછું. સમજાણું કાંઈ?

વસ્તુ એકરૂપ ચૈતન્ય ભગવાન અભેદ ચીજ છે એનો અંતરમાં આશ્રય કરવો એનાથી પ્રગટ થયેલી દશા, એ દશાને અહીંયા વર્તમાન પર્યાયરૂપ છે માટે વ્યવહાર કહે છે. એ વ્યવહારને પર્યાયરૂપને બરાબર પર્યાય તરીકે જાણવી અને દ્રવ્યને દ્રવ્ય તરીકે નિષ્ક્રિય એનો આશ્રય કરવાથી પ્રગટે છે એમ નિશ્ચયને જાણવું. બેમાંથી એકને છોડશે તો એક્કે રહેશે નહિ. એકને છોડશે તો એક્કે નહિ રહે. પર્યાય જ નથી તો દ્રવ્ય નહિ રહે, પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ. અને દ્રવ્ય નથી એમ માને તો દ્રવ્ય વિનાની પર્યાય એકલી હોય નહિ. નિશ્ચય નથી એમ માને તો એકલો પર્યાય રહી ગયો. વ્યવહાર નથી એમ માને તો એકલું દ્રવ્ય રહી ગયું. સમજાણું કાંઈ?

www.vitragvani.com



**'શ્રોતાનું લક્ષણ છે, ઉત્તમ શ્રોતાનું લક્ષણ છે.'** (વાત) આવી કાંઈ? (વાત) આવી ખરી કે નહિ આમાં? કારણ કે શાસ્ત્રમાં ઉપદેશના કથનો બે પ્રકારના આવે. હવે બે પ્રકારના આવે એમાં જો વાસ્તવિકતા શું છે અને ઉપચારી કથન શું છે? એમ મુખ્ય ને ઉપચારથી લીધી છે ને વાત? મુખ્ય ને ઉપચાર પોતે આચાર્ય યથાર્થપણે જાણે છે તેથી શિષ્યના અજ્ઞાનને ટાળે. એમ શિષ્ય પણ જો મુખ્ય ને ઉપચાર, એના જેટલું ભલે નહિ પણ એના ખાસ ખાસ પહેલાં લક્ષણથી ન જાણે તો એ સાંભળવાનું ફળ પામી શકશે નહિ. જ્યાં વ્યવહારની વાત આવશે તો કહેશે કે જો વ્યવહાર આવ્યો, જો એનાથી લાભ થાશે. એમ માનશે. નિશ્ચયની વાત આવે ત્યારે કહે, જુઓ! વ્યવહાર ક્યાં છે? પછી ગમે તેવા પરિણામ હોય નહિ. આત્માને નિશ્ચયનો આશ્રય થયો, પછી પરિણામ માંસ ખાવાના હોય, ફલાણા ખાવાના હોય, ગમે તેવા હોય એને શું વાંધો છે? એમ વ્યવહારને ઊડાવે તો એ ખોટો છે, એમ કહે છે. નિશ્ચયનું ભાન હોય ત્યાં એવા પરિણામ માંસના ખાવાના, દારૂના પીવાના એવા ભાવ હોય નહિ એને. હોય તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના, ખોટા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના ત્યાગના એવા પરિણામ ત્યાં હોય. એવો વ્યવહાર ન માને તો એને એકાંત નિશ્ચયાભાસ થયેલો (છે) તો એને વ્યવહાર પણ રહેતો નથી.

કેવળ એકલો જ વ્યવહાર માને તો તો પ્રાયઃ કીધું, મિથ્યાદષ્ટિ છે. એકલા વ્યવહારને માને ને નિશ્ચય ન માને તો વ્યવહાર પણ રહેતો નથી. નિશ્ચય નથી. એ વ્યવહાર પરિણતિ જ્યાં ઉભી થઈ છે એ દ્રવ્યને આશ્રયે ઊભી થઈ છે. અખંડ અભેદને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. સમજાણું કાંઈ? ભારે વાત. છોડીશ નહિ, વ્યવહાર કરજે એમ કરીને વ્યવહારથી તને લાભ થશે એવો અર્થ કરે છે. એ..ઇ..! એનો ખુલાસો થવો જોઈએને? વ્યવહારને છોડીશ નહિ એટલે કે વ્યવહાર નથી એમ છોડીશ નહિ. છે. ન હોય તો પર્યાય ક્યાંથી (આવશે)? હજી પૂર્ણ પર્યાય થઈ નથી, હજી સાધકપણે છો, વ્યવહાર વચમાં છે એને વ્યવહાર તરીકે જાણજે કે, આવો ભાવ હોય જ છે. એ વ્યવહારનો ભાવ કોને હોય? કે, જેને અભેદનો આશ્રય થયો એને હોય. સમજાણું કાંઈ?

**'અહીં પ્રશ્ન :– જે નિશ્ચય-વ્યવહારના જાણપણારૂપ ગુણ વક્તાનો કહ્યો હતો...'** આપે તો ૪થી ગાથામાં મુખ્ય ઉપચાર કરીને વક્તાનો ગુણ કહ્યો હતો, ચોથીમાં. છે ને? **'मुख्योपचारविवरण, व्यवहारनिश्चयज्ञाः प्रवर्तयन्ते जगति तीर्थम्'** એવું તો આપે વક્તાનું કહ્યું હતું. **'તે જ શ્રોતાનો કહ્યો તેમાં વિશેષ શું આવ્યું?'** બે સરખા થઈ ગયા. શ્રોતા ને વક્તા સરખા થઈ ગયા. વક્તાનું પદ ઊંચું છે ને શ્રોતાનું નીચું એવો ભેદ તો રહ્યો નહિ, બધા સરખા થઈ ગયા.

**'ઉત્તર :– જે ગુણ વક્તામાં અધિકપણે હોય...'** જે ગુણ નિશ્ચય ને વ્યવહારની યથાર્થતાનું વિશેષપણે હોય, **'તે જ શ્રોતામાં હીનતાપણે-થોડા અંશે હોય છે.'** તે જ શ્રોતામાં થોડા અંશે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હોય, ન હોય તો એ શ્રોતા લાયક નથી. કારણ કે, એને કહેનારને સમજવો છે. કહેનાર જે નિશ્ચય ને વ્યવહારથી કહેશે એવું એને થોડું પણ જો નિશ્ચય વ્યવહારનું લક્ષ ન હોય તો શ્રોતા સમજી શકશે નહિ. **'એ રીતે વક્તા અને શ્રોતાનું વર્ણન કર્યું.'** વક્તા પણ મુખ્ય ને ઉપચારના નયનો યથાર્થ જાણનાર જોઈએ અને શ્રોતા પણ તેનો તેની યોગ્યતા પ્રમાણે જાણનાર જોઈએ તો ભૂતાર્થ તે સન્મુખ થવા લાયક છે, અભૂતાર્થ તે જાણવા લાયક છે એવા જ્ઞાનને યથાર્થ શ્રોતા પામી શકે. કહો! સમજાણું કાંઈ?

**'ભૂમિકા સમાપ્ત'** થઈ ગઈ લ્યો! એ ૮ ગાથા દ્વારા તો ભૂમિકા કહી. 'સમયસાર'માં ૧૨ ગાથા દ્વારા કહી, અહીં ૮.

## ગ્રન્થ પ્રારંભ

## ગાથા–૯

**હવે ગ્રન્થનું વર્ણન કરે છે. આ ગ્રન્થમાં પુરુષના અર્થની સિદ્ધિના ઉપાયનું વ્યાખ્યાન કરશે. તેથી પ્રથમ જ પુરુષનું સ્વરૂપ કહે છે :–**

**अस्ति पुरुषश्चिदात्मा विवर्जितः स्पर्शगन्धरसवर्णैः।**
**गुणपर्ययसमवेतः समाहितः समुदयव्ययध्रौव्यैः।।९।।**

**અન્વયાર્થ :– [ पुरुषः ] પુરુષ અર્થાત્ આત્મા [ चिदात्मा ] ચેતના સ્વરૂપ [ अस्ति ] છે, [ स्पर्शगन्धरसवर्णैः ] સ્પર્શ, ગંધ, રસ અને વર્ણથી [ विवर्जितः ] રહિત છે, [ गुणपर्ययसमवेत ] ગુણ અને પર્યાય સહિત છે તથા [ समुदयव्ययध्रौव्यैः ] ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય [ समाहितः ] યુક્ત છે.**

**ટીકા :– पुरुषः चिदात्मा अस्ति - પુરુષ છે તે ચૈતન્યસ્વરૂપ છે.**

**ભાવાર્થ :– ( पुरु ) ઉત્તમ ચેતના ગુણમાં ( सेते ) સ્વામી થઈને પ્રવર્તે તેનું નામ પુરુષ છે. જ્ઞાન, દર્શન, ચેતનાના નાથને પુરુષ કહીએ. આ જ ચેતના અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ એ ત્રણ દોષરહિત આ આત્માનું અસાધારણ લક્ષણ છે. અવ્યાપ્તિ દોષ તેને**

www.vitragvani.com



કહે છે કે જેને જેનું લક્ષણ કહ્યું હોય તે તેના કોઈ લક્ષ્યમાં હોય, અને કોઈ લક્ષ્યમાં ન હોય. પણ કોઈ આત્મા ચેતના રહિત નથી.

જો આત્માનું લક્ષણ રાગાદિ કહીએ તો અવ્યાપ્તિ દૂષણ લાગે છે કારણ કે રાગાદિ સંસારી જીવને છે, સિદ્ધ જીવોને નથી.

જે લક્ષણ લક્ષ્યમાં હોય અને અલક્ષ્યમાં પણ હોય તેને અતિવ્યાપ્તિ દૂષણ કહીએ. પણ ચેતના જીવ પદાર્થ સિવાય બીજા કોઈ પદાર્થમાં નથી. જો આત્માનું લક્ષણ અમૂર્તત્વ કહીએ તો અતિવ્યાપ્તિ દૂષણ લાગે; કારણ કે જેવી રીતે આત્મા અમૂર્તિક છે તેવી રીતે ધર્મ, અધર્મ, આકાશ અને કાળ પણ અમૂર્તિક છે. વળી જે પ્રમાણમાં ન આવે તેને અસંભવ કહીએ. ચેતના જીવ પદાર્થમાં પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણથી જણાય છે. જો આત્માનું લક્ષણ જડપણું કહીએ તો અસંભવ દોષ લાગે છે; કારણ કે તે પ્રત્યક્ષ પ્રમાણથી બાધિત છે. આ રીતે ત્રણ દોષ રહિત આત્માનું ચેતના લક્ષણ બે પ્રકારે છે. એક જ્ઞાનચેતના છે, બીજી દર્શનચેતના છે. જે પદાર્થોને સાકારરૂપે વિશેષપણે કરીને જાણે તેને જ્ઞાનચેતના કહે છે.

જે પદાર્થોને નિરાકારરૂપે સામાન્યપણે દેખે તેને દર્શનચેતના કહીએ. આ જ ચેતના પરિણામની અપેક્ષાએ ત્રણ પ્રકારની છે. જ્યારે આ ચેતના શુદ્ધ જ્ઞાનસ્વભાવરૂપે પરિણમે ત્યારે જ્ઞાનચેતના કહીએ, જ્યારે રાગાદિ કાર્યરૂપે પરિણમે ત્યારે કર્મચેતના અને હર્ષ-શોકાદિ વેદનરૂપ કર્મના ફળરૂપે પરિણમે ત્યારે કર્મફળચેતના કહીએ. આ રીતે ચેતના અનેક સ્વાંગ કરે પણ ચેતનાનો અભાવ કદી થતો નથી. આવા ચેતનાલક્ષણથી વિરાજમાન જીવ નામના પદાર્થનું નામ પુરુષ છે. વળી કેવો છે પુરુષ? સ્પર્શ, રસ, ગંધ અને વર્ણથી રહિત છે. આઠ પ્રકારના સ્પર્શ, બે પ્રકારની ગંધ, પાંચ પ્રકારના રસ, પાંચ પ્રકારના વર્ણ એવા જે પુદગલોનાં લક્ષણ તેનાથી રહિત અમૂર્તિક છે. આ વિશેષણથી પુદ્‌ગલ દ્રવ્યથી જુદાઈ પ્રગટ કરી, કારણ કે આ આત્મા અનાદિથી સંબંધરૂપ જે પુદ્‌ગલ દ્રવ્ય છે તેમાં અહંકાર-મમકારરૂપ પ્રવર્તે છે. જો પોતાના ચૈતન્ય પુરુષને અમૂર્તિક જાણે તો દ્રવ્યકર્મ, નોકર્મ, ધનધાન્યાદિ પુદ્‌ગલદ્રવ્યમાં અહંકાર-મમકાર ન કરે.

વળી કેવો છે પુરુષ? 'गुणपर्यायसमवेतः' - ગુણપર્યાયોથી વિરાજમાન છે. ત્યાં ગુણનું લક્ષણ સહભૂત છે. સહ એટલે દ્રવ્યની સાથે છે, ભૂ એટલે સત્તા. દ્રવ્યમાં જે સદાકાળ પ્રાપ્ત છે તેને ગુણ કહીએ. આત્મામાં ગુણ બે પ્રકારે છે. જ્ઞાન-દર્શનાદિ અસાધારણ ગુણ છે, બીજા દ્રવ્યમાં તે હોતા નથી. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વાદિ સાધારણ ગુણ છે, બીજા દ્રવ્યમાં પણ હોય છે. પર્યાયનું લક્ષણ ક્રમવર્તી છે. જે દ્રવ્યમાં અનુક્રમે ઊપજે, કદાચિત્-કોઈવાર હોય તેને પર્યાય કહીએ. આત્મામાં પર્યાય બે પ્રકારે છે. જે નર-નારકાદિ આકારરૂપ અથવા સિદ્ધના આકારરૂપ પર્યાય તેને વ્યંજનપર્યાય કહીએ. જ્ઞાનાદિ ગુણને પણ સ્વભાવ વા વિભાવરૂપ

www.vitragvani.com



**પરિણમન જે છ પ્રકારે હાનિ-વૃદ્ધિરૂપ છે તેને અર્થપર્યાય કહે છે. આ ગુણપર્યાયોથી આત્માની તદાત્મક એકતા છે. આ વિશેષણ વડે આત્માનું વિશેષ્ય જાણી શકાય છે.**

**વળી કેવો છે પુરુષ? 'समुदयव्ययध्रौव्यैः समाहितः' - ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યથી સંયુક્ત છે. નવીન અર્થપર્યાય અને વ્યંજનપર્યાયનું ઊપજવું તે ઉત્પાદ, પૂર્વ પર્યાયનો નાશ થવો તે વ્યય અને ગુણની અપેક્ષાએ અથવા દ્રવ્યની અપેક્ષાએ શાશ્વતપણું તેને ધ્રૌવ્ય કહીએ. જેમ સોનું કુંડળ પર્યાયથી ઊપજે છે, કંકણ પર્યાયથી વિણસે છે, પીળાશ વગેરેની અપેક્ષાએ અથવા સોનાપણાની અપેક્ષાએ સર્વ અવસ્થાઓમાં શાશ્વતતા છે. આ વિશેષણથી આત્માનું અસ્તિત્વ પ્રગટ કર્યું. ૯.**

---

હવે **'ગ્રન્થ પ્રારંભ...'**

**'હવે ગ્રન્થનું વર્ણન કરે છે. આ ગ્રન્થમાં પુરુષના અર્થની સિદ્ધિના ઉપાયનું વ્યાખ્યાન કરશે.'** 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'. પુરુષ એની સિદ્ધિ. પુરુષાર્થ એમ છે ને? પુરુષ એના અર્થની, પ્રયોજનની સિદ્ધિના ઉપાયનું વ્યાખ્યાન કરશે. પુરુષના પ્રયોજનનું વ્યાખ્યાન કરશે ને? સ્ત્રીના પ્રયોજનનું વ્યાખ્યાન નહિ કરે? પુરુષ અર્થ અહીંયા પુરુષ એટલે જ આત્મા, અહીં પુરુષ એટલે આ ક્યાં લેવું છે અહીં. એ કહે છે, જુઓ!

**अस्ति पुरुषश्चिदात्मा विवर्जितः स्पर्शगन्धरसवर्णैः।**
**गुणपर्ययसमवेतः समाहितः समुदयव्ययध्रौव्यैः।।९।।**

પુરુષ નામ આત્મા. અહીં તો પુરુષ શબ્દે આત્મા કહેવો છે. સ્ત્રી ને પુરુષ આ તો કર્મ જનિત પર્યાય છે, એ કાંઈ આત્મા નથી. **'પુરુષ એટલે આત્મા 'चिदात्मा' ચેતના સ્વરૂપ 'अस्ति' છે,...'** જુઓ! મહાસિદ્ધાંત ઉપાડ્યો છે. ભગવાન આત્મા તો ચેતના સ્વરૂપ છે. સમજાણું? પુરુષ નામ આત્મા એ તો ચેતના સ્વરૂપ છે. '**'अस्ति' છે,...'** શું નથી? **'સ્પર્શ, ગંધ, રસ અને વર્ણથી રહિત છે,...'** ચેતના સ્વરૂપ સહિત છે, સ્પર્શ, ગંધ, રસ, વર્ણથી રહિત છે. અસ્તિ-નાસ્તિ કરી. પરથી એકલો જુદો, રૂપીથી જુદો પાડ્યો. સમજાણું કાંઈ? એને એનો સંબંધ છે નહિ.

**'गुणपर्ययसमवेतः'** કેવો છે પુરુષ આત્મા? **'ગુણ અને પર્યાય સહિત છે...' 'गुणपर्ययसमवेतः'** સહિત છે. એક વાત. એના ને એના ત્રણ ભેદ પાડ્યા. **'समुदयव्ययध्रौव्यैः'** સંયુક્ત છે. **'ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય...'** ઉત્પાદ, વ્યય અને ધ્રુવ સહિત છે, **'યુક્ત છે.'** આત્માની વાત ઉપાડતા પહેલું આ મુક્યું – ઉત્પાદ, વ્યય ને ધ્રુવ. પેલાને કેટલા વર્ષે પૂછ્યું કે, ઉત્પાદ, વ્યય ને ધ્રુવ સૂત્રમાં ક્યાં છે? ઇ કાંઈ પ્રશ્ન આવ્યો નથી અમારે. લ્યો! સ્થાનકવાસી ... (સંવત) ૧૯૭૯માં કીધું, ઉત્પાદ, વ્યય ને ધ્રુવ ૩૨ સૂત્રના પાઠમાં ક્યાં છે? એટલું કહો.

www.vitragvani.com



મૂળ એકોતેર હજાર શ્લોકમાં ક્યાં છે? એવો પ્રશ્ન આવ્યો નથી. કહો! ઠીક. અમે સમકિતી તો બધા ઘણા છીએ, હવે ચારિત્ર કોનું નિર્મળ છે એ જોવા આવ્યો છું. ઠીક. સમકિત કોને કહેવું? કે, તેરાપંથીને ન માને ને મૂર્તિને ન માને એ સમકિત જાવ. તેરાપંથી આ સ્થાનકવાસી એના વિરોધી ખરાને? આહાહા..!

અહીં તો શરૂઆત ઉપાડતા પહેલી વાત લીધી, 'સમયસાર'માં પણ બીજી ગાથા ઉપાડી, **'જીવો'** એમાં.... સાત બોલ લીધા. ટીકા. ઉત્પાદ વ્યય સહિત છે, ધ્રુવ સહિત છે. સાત બોલ લીધા. શરૂઆતથી એ વાત લીધી, કોણ જીવ છે? કેવો છે?

**ટીકા :– ''पुरुषः चिदात्मा अस्ति' પુરુષ છે તે ચૈતન્યસ્વરૂપ છે.'** જુઓ! આ. આમ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહિત છે એમ કીધો પણ આમ પુરુષ ચૈતન્ય સ્વરૂપ છે એમ કહીને વિકાર રહિત છે, એમ ભેગો કહ્યો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એને કહીએ કે, જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી અને જેમાં પુણ્ય ને પાપના રાગ પણ નથી. એને પુરુષ નામ ચૈતન્ય સ્વરૂપ આત્મા કહીએ. સમજાણું કાંઈ? એવા આત્માની અંતરદૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન કહ્યું. એ વ્યાખ્યા ઉપાડશે પછી. સમજાણું કાંઈ?

હવે એની વ્યાખ્યા જરીક. **'पुरुषः'** પુરુષમાંથી કાઢ્યું. હવે. **'पुरु'** એટલે **'ઉત્તમ ચેતના ગુણમાં...' ''पुरु' ઉત્તમ ચેતના ગુણમાં 'सेते' સ્વામી થઈને પ્રવર્તે...'** ભાષા જુઓ! સહજાત્મ સ્વરૂપ...

મુમુક્ષુ :– શબ્દકોષમાં છે આ.

ઉત્તર :– હા, શબ્દકોષમાં.. આ શબ્દકોષનો જ એ પોતે છે કોષ. આ આગમનો રહસ્ય કોષ છે.

**'पुरु सेते'** પુરુષ **'पुरु सेते' 'पुरु'** ઉત્તમ ચેતના ગુણ જેનો, જ્ઞાન-દર્શન ગુણ જેનો એમાં **'सेते' 'સ્વામી થઈને પ્રવર્તે...'** સહજ સ્વરૂપ ચૈતન્ય, એનો સ્વામી થઈને પ્રવર્તે તેને પુરુષ કહીએ. રાગ અને પુણ્ય ને પરનો સ્વામી થઈને પ્રવર્તે તેને પુરુષ આત્મા ન કહીએ. સમજાણું કાંઈ? પુરુષ એને કહીએ, કે ભગવાન આત્મા પોતાની ઉત્તમ ચેતના શક્તિરૂપ ગુણ એમાં **'सेते'**–એનો સ્વામી થઈને–એનો ધણી થઈને રહે, થઈને પ્રવર્તે. ભગવાન આત્મા શુદ્ધ ચેતના સ્વરૂપ એનું, એમાં એકાકાર થઈ, સ્વામી થઈ, ધણી થઈ, અભેદ થઈને પ્રવર્તે તેનું નામ પુરુષ કહીએ. લ્યો! સમજાણું કાંઈ? પુરુષની વ્યાખ્યા જ આવી લીધી પાધરી.

આત્મા તેને પુરુષ કહીએ કે તે આત્મા ચેતના સ્વરૂપ સહિત છે. એ ચેતના સ્વરૂપમાં જે સ્વામી થઈને અંતર પ્રવર્તે એ પુણ્ય ને પાપના, રાગ ને કર્મ ને દેહાદિ પરનો સ્વામી થઈને પ્રવર્તે નહિ એ નકારમાં જાય છે. પોતાનો ચૈતન્ય સ્વરૂપ તેનો સ્વામી થઈને પ્રવર્તે તેને પુરુષ કહીએ. આહાહા..! સમજાણું કાંઈ?

રાગ વિકલ્પ વ્યવહાર પુણ્ય આદિ એ ક્યાં ચેતના સ્વરૂપ છે? એ ચેતના સ્વરૂપ નથી

www.vitragvani.com



એટલે એ ક્યાં આત્મા છે? વ્યવહારના વિકલ્પો ઉઠે છે, રાગાદિના વ્યવહાર રત્નત્રય આદિના એ ક્યાં આત્મા છે? એ ક્યાં ચૈતન્ય સ્વરૂપ છે? એ તો ચૈતન્ય સ્વરૂપથી રહિત છે. ચૈતન્ય સ્વરૂપ સહિત તો આત્મા છે. એ આત્મા પોતાના ચૈતન્ય સ્વરૂપમાં અંતર ધણીપતે, સ્વામીપણે પરિણમે, પ્રવર્તે. સમજાણું કાંઈ? એટલે કે આત્મા ચૈતન્ય સ્વરૂપ જે એનો ગુણ છે તેના સ્વામીપણે, પરિણતિપણે પરિણમે. સમજાણું?

**'પ્રવર્તે તેનું નામ પુરુષ છે.'** આત્મા પોતાના ચેતના– દર્શન, જ્ઞાનચેતના, તેમાં સ્વામી થઈને, એકાકાર થઈને પરિણતિ શુદ્ધપણે પરિણમે તેને આત્મા કહીએ, તેને પુરુષ કહીએ. 'જે તેં જીત્યા તે હું જીત્યો પુરુષ જીત્યો મુજ નામ' 'આનંદઘનજી' માં અજીત ભગવાનની સ્તુતિમાં આવે છે. હે! ભગવાન! 'અજીત જિનેશ્વર પ્રીતમ મારો...' અજીત જિનેશ્વરનો. 'જે તેં જીત્યા રે તેને હું જીત્યો.' પ્રભુ! આપે તો વિકારને જીત્યા માટે આપ પુરુષ છો. હું વિકારથી જીતાય ગયો, પ્રભુ! હું પુરુષ કેમ હોઉં? આહાહા..! અહીં જીતવું એ નાસ્તિથી છે. એમ ન લેતા પોતાના સ્વભાવનું ચૈતન્ય જ્ઞાન દર્શનપણું જે સ્વભાવ, એમાં આત્મા એનો સ્વામી થઈ એટલે એનો અર્થ કે, એમાં અભેદ થઈને પ્રવર્તે એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દર્શન, જ્ઞાનનો સ્વામી થઈને પ્રવર્તે એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ થાય. એને પુરુષ ને આત્મા કહેવાય. વાહ..! એને દર્શન, જ્ઞાન સ્વરૂપ એવી ચેતના ભગવાન આત્માની એની સાથે પરિણમે, એની સાથે એકાકાર થઈ એની સાથે સૂવે, પ્રવર્તે. સમજાણું કાંઈ?

**'સ્વામી થઈને પ્રવર્તે તેનું નામ પુરુષ છે.'** સૂવે એવું ક્યાંક લીધું. ... સૂવે છે. જેમ પુરુષ સ્ત્રીના સમીપમાં સૂવે છે એ તો નપુંસક છે. ભગવાન આત્મા પોતાના ચૈતન્યપૂરમાં, નગરમાં, ભાવમાં, સ્વભાવમાં પ્રવર્તીને રહે એને પુરુષ કહીએ. ઓહોહો..! વ્યાખ્યા. અથવા જેના સમીપમાં તો શુદ્ધ ચેતના જ વર્તે છે. રાગાદિથી તે દૂર વર્તે છે, પુણ્ય-પાપના વિકલ્પોથી દૂર વર્તે છે એમ નાસ્તિથી ન લેતા, અસ્તિથી વાત લીધી છે. એમની શૈલી છે ને? નમઃ સમયસારાય એમ લીધું છે ને? અસ્તિથી લીધું છે ને? નમઃ સમયસારાય. ત્યાં અજીવ, આસ્રવ ને બંધ ન લેતા એકલો આત્મા એનો ગુણ ને સંવર-નિર્જરા ને મોક્ષ એ અસ્તિ તત્ત્વ લીધા. 'અમૃતચંદ્રાચાર્ય'ની શૈલી ગજબની શૈલી છે.

**'पुरुषः चिदात्मा अस्ति'** એ પોતામાં સ્વામી થઈને સૂવે. ચૈતન્યના સ્વરૂપનો સ્વામી થઈને એની સાથે પોઢે એટલે શુદ્ધ પરિણતિ પ્રગટ કરે. દ્રવ્ય આત્મા એની ચેતના શક્તિરૂપ ગુણ, એનો સ્વામી થઈને (પ્રવર્તે). એ રાગનો સ્વામી થઈ, પરનો સ્વામી થઈને પરિણમે એને આત્મા જ ન કહીએ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનની સોડ તો ચૈતન્ય સ્વરૂપની છે, કહે છે. ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાન ને દર્શનનો જે ચેતના સ્વભાવ એને સોડમાં લઈને એમાં સૂવે ને એની પરિણતિ કરે એને આત્મા કહેવામાં આવે છે. આહાહા..! ભારે વ્યાખ્યા, ભાઈ! સમજાણું કાંઈ?

www.vitragvani.com



દિગંબર મુનિઓના એક એક શબ્દ જ કોઈ જુદી જાતના છે. સમજાય છે? શ્રાવકાચારનું વર્ણન કરવું છે. એના પહેલાં આત્મા આવો એમ વર્ણન કરીને એની સિદ્ધિનો ઉપાય કહેશે. આહાહા..! સમજાણું કાંઈ? પોતાના ચેતનામાં... લ્યો! ભાઈએ કહ્યું પૂરું એટલે પૂર, નગર એમ. પોતાનું પૂર ચૈતન્યનું પૂર. ચૈતન્યનું પૂર ચેતના. એના નગરમાં સૂવે, અભેદ થઈને પરિણતિ કરે. આહાહા..! એને કહે છે કે, અમે પુરુષ કહીએ, એને અમે આત્મા કહીએ. જે કોઈ પુણ્ય ને પાપના વિકલ્પની સોડમાં એકત્વ થઈને સૂવે એને અમે આત્મા કહેતા નથી. આહાહા..! કહો! 'શોભાલાલજી'! આ તો સમજાય એવી વાત છે, હોં! ગુજરાતી ભાષા બહુ કાંઈ એવી નથી. આ ગુજરાતી કંઈ એવી નથી, સમજાય એવી છે. ઝીણું પડે છે એને? પડતું હશે. આહાહા..!

**'જ્ઞાન, દર્શન, ચેતનાના નાથને પુરુષ કહીએ.'** લ્યો! જ્ઞાન. પેલો ચેતના શબ્દ હતો ને સામાન્ય? એના બે ભાગ પાડ્યા – જ્ઞાન ને દર્શન. જાણવું ને દેખવું એવી જે ચેતના એનો નાથ જે આત્મા. છે તેનું રક્ષણ કરે છે અને નથી તેને વિશેષ મેળવે એને નાથ કહીએ. જોગક્ષેમનો કરનાર એને નાથ કહીએ. મળેલી ચીજનું રક્ષણ કરે ને અણમળેલાને મેળવી દે. એમ આત્મા પોતાના ચેતન ગુણ જે દર્શન ને જ્ઞાન એનો એ નાથ છે. એની શુદ્ધ પરિણતિ એને અભેદમાં કરી છે અને હજી શુદ્ધ ઓછી હોય એને પૂર્ણ કરશે. માટે તે ચેતનાનો નાથ એને આત્મા પુરુષ કહેવામાં આવે છે. આહાહા..! ભારે વ્યાખ્યા, ભાઈ!

વિકલ્પ આદિ ઉઠે, દેહાદિની ક્રિયા, એમાં જે સૂવે એટલે એકાગ્ર થાય અને એ મારા કરીને માને એને તો કહે છે કે, અમે આત્મા જ કહેતા નથી, એને પુરુષ જ કહેતા નથીને. સમજાણું કાંઈ? જ્ઞાન, દર્શન જે એનો ચેતનાનો સ્વભાવ, એમાં જે આત્મા એનો નાથ થઈને વર્તે એને પુરુષ કહીએ. એ ચેતના એનું લક્ષણ ને ગુણ બરાબર છે એ સિવાય એનું બીજું લક્ષણ સાચું નથી, એમ એ ત્રણ દોષ રહિત બતાવીને સિદ્ધ કરશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૧ ગાથા–૯ શનિવાર, માગશર વદ ૧૨, તા. ૦૭-૦૧-૧૯૬૭

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' 'અમૃતચંદ્રાચાર્ય' કૃત ગાથા ૯ શરૂ થાય છે. પુરુષાર્થ સિદ્ધિના પુરુષની વ્યાખ્યા કરે છે.

**ભાવાર્થ :– ''પુરુ' ઉત્તમ ચેતના ગુણમાં 'સેતે' સ્વામી થઈને પ્રવર્તે તેનું નામ પુરુષ છે.'** પુરુષ એટલે એની વ્યાખ્યા કરે છે. પછી અર્થ એટલે એનું પ્રયોજન અને સિદ્ધિ એટલે શું કરી શકાય તેનો ઉપાય, એમ ચાર બોલ છે એમાં. પુરુષની વ્યાખ્યા કે પોતાનો જે

www.vitragvani.com



ઉત્તમ ચેતના ગુણ–જાણવા-દેખવારૂપ ગુણ એમાં સ્વામી થઈને, એનો ધણી થઈને, નાથ થઈને તેમાં પ્રવર્તે એનું નામ પુરુષ કહે છે.

**'જ્ઞાન, દર્શન, ચેતનાના નાથને પુરુષ કહીએ.'** ચેતનાની વ્યાખ્યા થઈ બે. જાણવું અને દેખવું એવી જે ચેતના એનો જે નાથ એને પુરુષ કહીએ. કાલે અહીં સુધી આવ્યું હતું. **'આ જ ચેતના અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ એ ત્રણ દોષરહિત આ આત્માનું અસાધારણ લક્ષણ છે.'** શું કહે છે? આ ચેતના એ આત્માનું લક્ષણ બધા દોષ રહિત છે એમ કહે છે. ક્યા ક્યા દોષ છે? કે, અવ્યાપ્તિ એક દોષ છે, અતિવ્યાપ્તિ દોષ છે અને અસંભવ (દોષ છે). એ ત્રણ દોષ રહિત આ આત્માનું અસાધારણ ચેતના લક્ષણ છે. એના વડે આત્મા જાણી શકાય છે.

**'અવ્યાપ્તિ દોષ તેને કહે છે કે જેને જેનું લક્ષણ કહ્યું હોય...'** અવ્યાપ્તિ (અર્થાત્) બધામાં તે લક્ષણ વ્યાપે નહિ, **'તેને જેનું લક્ષણ કહ્યું તે તેના કોઈ લક્ષ્યમાં હોય, અને કોઈ લક્ષ્યમાં ન હોય.'** એને અવ્યાપ્તિ દોષ કહીએ. **'પણ કોઈ આત્મા ચેતના રહિત નથી.'** પણ કોઈ આત્મા ચેતના રહિત નથી માટે તેને અવ્યાપ્તિ દોષ લાગુ પડતો નથી. સમજાણું કાંઈ? 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા' માં આવે છે. અવ્યાપ્તિ–નહિ વ્યાપવું. ચેતનાપણું તો આત્માની દરેક અવસ્થામાં તેનું લક્ષણ વ્યાપે છે. કોઈમાં વ્યાપે ને કોઈમાં ન હોય એવું આ લક્ષણ નથી. શું કહે છે એ અવ્યાપ્તિનું લક્ષણ?

**'જો આત્માનું લક્ષણ રાગાદિ કહીએ...'** રાગ તે આત્માનું લક્ષણ કહીએ, **'તો અવ્યાપ્તિ દૂષણ લાગે છે કારણ કે રાગાદિ સંસારી જીવને છે, સિદ્ધ જીવોને નથી.'** તો બધા જીવોને લાગુ ન પડ્યું. આગળ ચેતનાના ત્રણ લક્ષણ કહેશે, હોં! ચેતનાના ત્રણ (લક્ષણ). જ્ઞાનચેતના, કર્મચેતના, કર્મફળચેતના એમ કહેશે. એ તો ચેતનાના પ્રકાર વર્ણવીને કરશે. ચેતના જે છે જાણવું-દેખવું એ એનું અસાધારણ લક્ષણ છે, જે ક્યાંય બીજે હોય નહિ અને એની બધી અવસ્થામાં હોય ને એના સિવાય બીજામાં ન હોય. કહો! સમજાણું આમાં? 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા' માં શરૂઆતમાં આવે છે, ઇ આવે છે. આત્માનું લક્ષણ રાગાદિ કહીએ કે, રાગ તે આત્માને જણાવે એમ કહીએ, એનું લક્ષણ કહીએ તો તો સિદ્ધમાં રાગ નથી. માટે એ લક્ષણ સાચું નથી.

**'જે લક્ષણ લક્ષ્યમાં હોય અને અલક્ષ્યમાં...'** જેને સિદ્ધ કરવું એમાં પણ એ લક્ષણ હોય અને નથી સિદ્ધ કરવી એવી બીજી ચીજમાં પણ એ હોય. **'તેને અતિવ્યાપ્તિ દૂષણ કહીએ.'** તેને અતિવ્યાપ્તિ નામનો દોષ કહેવાય છે. **'પણ ચેતનાતો જીવ પદાર્થ સિવાય બીજા કોઈ પદાર્થમાં નથી.'** જાણવા-દેખવાનું જે લક્ષણ ચેતના એ આત્મા સિવાય બીજે નથી. માટે તે અતિવ્યાપ્તિ દોષ પણ ચેતના લક્ષણમાં આવતો નથી. ઇ ન્યાય આપે છે. **'જો આત્માનું લક્ષણ અમૂર્તત્વ કહીએ...'** એમ. એવી શૈલી (કરી છે). પેલામાં પછી કહ્યું તો આમાં પણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પછી કહે છે. આત્માનું લક્ષણ જો અરૂપી છે એમ કહીએ, અમૂર્ત છે એમ કહીએ '**તો અતિવ્યાપ્તિ દૂષણ લાગે; કારણ કે જેવી રીતે આત્મા અમૂર્તિક છે તેવી રીતે ધર્મ, અધર્મ, આકાશ અને કાળ પણ અમૂર્તિક છે.**' ચારેય છે ને અમૂર્તિક ? આત્મામાં જ અમૂર્તપણું છે ને બીજામાં નથી, એમ નથી. જે આત્મામાં જ હોય તે તેનું ખરું લક્ષણ કહેવાય. બે બોલ થયા. ક્યા બે બોલ?

અવ્યાપ્તિ ને અતિવ્યાપ્તિ દોષ ચેતના લક્ષણમાં આવતા નથી. કેમકે ચેતના લક્ષણ આત્માની દરેક દશામાં એને હોય છે અને એનું લક્ષણ એ બીજામાં હોતું નથી. દરેકમાં હોય માટે અવ્યાપ્તિ નથી અને બીજામાં ન હોય માટે તે અતિવ્યાપ્તિ નથી.

હવે અસંભવની વ્યાખ્યા કરે છે. '**વળી જે પ્રમાણમાં ન આવે તેને અસંભવ કહીએ.**' શું કહે છે? જેના જ્ઞાનમાં એ ન આવે, પ્રમાણમાં ન આવે એને અસંભવ કહીએ. '**ચેતના જીવ પદાર્થમાં પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણથી જણાય છે.**' ચેતના જીવ નામના પદાર્થમાં કાં પ્રત્યક્ષ જણાય છે, કાં પરોક્ષ જણાય છે. પ્રમાણથી તે જણાય એવી ચીજ છે. સમજાણું કાંઈ? '**ચેતના જીવ પદાર્થમાં પ્રત્યક્ષ...**' જણાય છે વેદન–સ્વસંવેદનથી અથવા અનુમાન પરોક્ષ પ્રમાણથી પણ જણાય છે કે, આ જ્ઞાન તે આત્મા, ચેતના તે આત્મા. એટલે પ્રમાણથી પણ એ ચેતના લક્ષણ અબાધિત રીતે સિદ્ધ થાય છે. એને અસંભવ દોષ લાગતો નથી. એમાં મૂર્તપણું જો કહો તો અસંભવ (દોષ લાગે). એ પ્રમાણમાં જ્ઞાનમાં છે નહિ.

'**જો આત્માનું લક્ષણ જડપણું કહીએ...**' તો એ પ્રમાણમાં નહીં આવે, એમ કહે છે. એ તો પરમાં ગયું. પોતાના જ્ઞાનમાં પ્રત્યક્ષપણે, પરોક્ષપણે એ આવતું નથી. પ્રત્યક્ષપણે, પરોક્ષપણે તો ચેતનાથી જ આત્મા જણાય છે. સમજાણું કાંઈ? '**આત્માનું લક્ષણ જડપણું કહીએ તો અસંભવ દોષ લાગે છે; કારણ કે તે પ્રત્યક્ષ પ્રમાણથી બાધિત છે.**' પ્રત્યક્ષ પ્રમાણમાં જડપણું આત્મામાં નથી, પ્રત્યક્ષ પ્રમાણે ચેતના સ્વરૂપ એ આત્મા છે એમ સિદ્ધ થાય છે. કહો! સમજાણું કાંઈ? પ્રમાણ નાખીને 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા' કરતાં થોડું વધારે સ્પષ્ટ કર્યું.

'**આ રીતે ત્રણ દોષ રહિત આત્માનું ચેતના લક્ષણ બે પ્રકારે છે.**' ભગવાન આત્મા ચેતના સ્વભાવ એનો ચેતના સ્વભાવ દ્વારા તે આત્મા જણાય એવો છે. લક્ષ થઈ શકે, ચેતનાના લક્ષણ વડે લક્ષ થઈ શકે. અમૂર્ત વડે નહિ, રાગ વડે નહિ અને મૂર્ત વડે નહિ. મૂર્ત એટલે જડ. જડ વડે પણ એ જણાય નહિ. સમજાણું કાંઈ? રાગ વડે ન જણાય, એમ કહે છે. એય...! રાગ વડે ન જાણ્યો. પેલો વિકલ્પ છે એ વડે આત્મા ન જણાય. જાણવા-દેખવાનો સ્વભાવ ચેતના એ વડે આ ચેતન, એ વડે આ આત્મા લક્ષણથી લક્ષ થાય છે. રાગ એનું લક્ષણ નથી કે જેથી એનું લક્ષ થાય. સમજાણું કાંઈ?

સામાન્ય રીતે સિદ્ધ કરે ત્યારે રાગને પણ લક્ષણ (કહે). 'પ્રવચનસાર' માં છે. 'પ્રવચનસાર' માં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય લીધા છે ને? એ સાધારણ વાત લીધી. રાગ હોય

www.vitragvani.com



ત્યાં આત્મા છે એમ બતાવવું છે. ત્યાં એમ લીધું છે. અહીંયા તો એકલી ચેતના. આગળ પાછા ભાગ પાડશે. કર્મચેતના આદિ. એ ચેતનાના પ્રકાર છે પણ ચેતનાથી આમ જણાય કે, આ આત્મા છે એ જ એનું ખરું લક્ષણ છે. લ્યો! આત્માને પ્રાપ્ત કરવા ચેતના સાધન છે, એમ કહે છે. આ તો બધી વાત ઉડી ગઈ. વ્યવહાર ને દયા ને દાનના વિકલ્પથી આત્મા પ્રાપ્ત થાય એ વાત આમાં આવતી નથી. કહો! સમજાય છે આમાં?

ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ આનંદમૂર્તિ, ચિદ્ સ્વરૂપ એ ચેતના દ્વારા જાણી શકાય છે. એની અંદરના જ્ઞાનનું જાગ્રતપણું થઈ એ આત્મામાં જણાય એવો છે. રાગ વડે, મૂર્ત વડે, અમૂર્ત વડે જણાય એવો એ નથી. સમજાણું કાંઈ?

એ ચેતના... જુઓ ! આ ધર્મની વાત ચાલે છે. આત્મા જ્ઞાન દર્શનના પરિણામ ચેતના દ્વારા આત્મા છે એમ જણાય, એમ કહે છે. શરીર વડે–આ મૂર્ત છે આ જડ, વાણી, મન એનાથી જણાય એવો નથી. રાગાદિથી જણાય એવો નથી. બન્ને રીતે કાઢી નાખ્યું. અજીવ ને આસ્રવ બે તત્ત્વ કાઢી નાખ્યા. લ્યો! બીજી રીતે કહ્યું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એમાં મહા અતીન્દ્રિય આનંદનો સાગર છે. એમાં અતીન્દ્રિય શાંતિ પૂર્ણ પડી છે, એમાં પૂર્ણ જ્ઞાનની શક્તિનું સત્ત્વ આખું પડ્યું છે. એવા ભગવાન આત્માને શ્રદ્ધા આદિથી ન વર્ણવતા જ્ઞાનથી વર્ણવ્યું છે. કારણ કે બધે ઠેકાણે પેલું હોતું નથી. જ્ઞાન જાણવા-દેખવાના સ્વભાવથી તે પકડી શકાય છે, લક્ષ લઈ શકાય છે. એ લક્ષણ વડે લક્ષ લઈ શકાય છે. જાણવાના-દેખવાના ભાવ વડે તે ધ્યેયમાં આવી શકે છે, એમ કહે છે.

એ ચેતના બે પ્રકારે છે. **'એક જ્ઞાનચેતના છે, બીજી દર્શનચેતના છે.'** એની વ્યાખ્યા. ચેતનાના બે પ્રકાર એના નામ આપ્યા. હવે એની વ્યાખ્યા. **'જે પદાર્થોને સાકારરૂપે વિશેષપણે કરીને જાણે તેને જ્ઞાનચેતના કહે છે.'** એ જ્ઞાન પદાર્થને સાકાર નામ વિશેષપણે ભેદથી અનેક પ્રકારના એના પ્રકાર હોય તે વડે વિશેષપણે કરીને જાણે તેને જ્ઞાનચેતના કહે છે. જ્ઞાન આમ વિશેષ બધાને જાણે. આ આત્મા છે, આ ગુણ છે, આ છે, તે છે. જ્ઞાનમાં અનેક પ્રકારની વિશેષતાઓ સહિત જે જ્ઞાનમાં આવે એને સાકારરૂપ વિશેષને જ્ઞાનચેતના કહેવામાં આવે.

આકાર એટલે એમાં રૂપી આકાર આવતો હશે કે નહિ? સાકાર છે ને આકાર? શું આકાર આવતો હશે? એય...! 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા' માં આવ્યું નથી? એમાં આવ્યું નથી સાકાર-બાકારનું? જ્ઞાનમાં ભિન્ન ભિન્નતા પદાર્થની જેવી ગુણ આદિની છે એવો વિશેષપણે આ દ્રવ્ય, આ ગુણ એવા ભેદરૂપ જ્ઞાનમાં જણાય તે જ્ઞાનને સાકાર કહેવામાં આવે છે. છે તો અરૂપી સાકાર-ફાકાર અહીં રૂપી નથી. સમજાણું? એક સ્થાનકવાસી સાધુ (સંવત) ૧૯૯૯માં મળ્યો હતો ત્યાં, જ્ઞાનને સાકાર કહ્યું છે, હોં! મૂર્ત કહ્યું, રૂપી કહ્યું છે. કહો ! મારવાડી હતો, મારવાડી જુવાન. ખાસ મળવા માટે આવેલો. ઘોડા હોય છે ને ? શું કહેવાય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઇ ? રેસકોર્ષ. આ મૂર્ત છે, મૂર્ત હોં! સાકાર, જ્ઞાન તો સાકાર, રૂપી છે. જુવાન સાધુ હતો. પેલા 'કિશનલાલજી' સાધુ હતા ને? 'કિશનલાલજી' મારવાડી 'સોભાગ્યમલજી'ને એની સાથે હતા એ. એ વળી એની કોર આવી ચડેલો. આ સાકાર કહે છે, આટલી પણ ખબર ન મળે. સાકાર એટલે મૂર્તપણું થયું. સાકાર એટલે એમાં આકાર પડે છે, આકાર. જ્ઞાનને આકાર હોય છે. હવે એ આકારની અહીં ક્યાં વાત છે? અહીં તો જ્ઞાન ભિન્ન ભિન્ન પ્રકારે દ્રવ્ય, ગુણ, પર્યાયના જેવા ભેદ છે એ પ્રકારે વિશેષથી જાણે એને અહીંયા સાકાર કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ આવે છે, સાકાર વિશેષ સ્વ આકાર. જોડણી કોષમાં (આવે છે.) ત્યારે પેલો મૂંઝાણો હશે ને કેટલા વર્ષની દીક્ષા હોય. આ કાંઈ ખબર ન મળે શું વસ્તુ છે ? પાધરા થઈ ગયા સાધુ, લ્યો! અને પેલા પણ બિચારા જય નારાયણ! વસ્તુ શું છે એની હજી દૃષ્ટિની ખબર ન મળે, જ્ઞાનની ખબર ન મળે, વર્તન તો ક્યાંથી આવ્યા?

કહે છે કે, સાકાર નામ '**વિશેષપણે કરીને જાણે...**' જુઓ! વસ્તુને આ આત્મા ચૈતન્ય સ્વરૂપે છે, આનંદ રૂપ છે, જ્ઞાન આદિ ભિન્ન ભિન્ન પ્રકારના ગુણના આકાર એટલે વિશેષપણે જાણે તેને સાકાર ચેતના, જ્ઞાનચેતના કહેવામાં આવે.

'**જે પદાર્થોને નિરાકારરૂપે સામાન્યપણે દેખે...**' એની વ્યાખ્યા સાથે ને સાથે છે. સાકારરૂપ વિશેષપણું, નિરાકારરૂપ સામાન્યપણું એમ. જે દર્શનચેતના સામાન્ય–ભેદ પાડ્યા વિના, છે સામાન્ય સત્તારૂપ એટલું. સત્તા છે એમ પણ નહિ. છે એવું સામાન્યપણે જેના દર્શનમાં, ઉપયોગમાં આવે, ભેદ ન આવે એવા દર્શન ચેતનાને અણાકાર ચેતના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**આ જ ચેતના...**' એ જ ચેતના બે પ્રકારે જે કીધી. પહેલી એક પ્રકારે ચેતના કીધી. એના બે પ્રકાર પાડ્યા–જ્ઞાન ને દર્શન. એ જ ચેતના હવે ત્રણ પ્રકારે વર્ણવે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અનંત ગુણ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મા. પુરુષ કીધો ને? ચૈતન્ય સ્વરૂપ આત્મા, એમાં અનંતા ગુણ રૂપ આત્મા. એનું ચેતના લક્ષણ છે. એ ચેતનાથી જાણી શકાય. ચેતના બે પ્રકારની–સાકાર ને નિરાકાર, જ્ઞાન ને દર્શન. એના જ હવે ત્રણ પ્રકાર પાડવામાં આવે છે. એક, બે ને ત્રણ એમ પ્રકાર પાડ્યા. પહેલો ચેતના લક્ષણ એક પ્રકાર પાડ્યો એના બે ભેદ જ્ઞાન ને દર્શન કહ્યા. એના ત્રણ ભેદ પાડે છે.

'**આ જ ચેતના પરિણામની અપેક્ષાએ...**' દેખો! સમજાણું કાંઈ? પર્યાયની અપેક્ષાએ, અવસ્થાની અપેક્ષાએ ત્રણ પ્રકારની ચેતના કહેવામાં આવે છે. '**જ્યારે આ ચેતના શુદ્ધ જ્ઞાનસ્વભાવરૂપે પરિણમે ત્યારે...**' જ્યારે એ ચેતના શુદ્ધ ચૈતન્યનું લક્ષ કરીને શુદ્ધ ચેતનારૂપે નિર્મળપણે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે પરિણમે, '**ત્યારે જ્ઞાનચેતના કહીએ,...**' તેને જ્ઞાનચેતના કહીએ. પેલી જ્ઞાનચેતનાની વ્યાખ્યા સાકાર તરીકે આપી હતી. અને દર્શનને નિરાકાર તરીકે.

www.vitragvani.com



આ હવે ચેતનાના પરિણામના ત્રણ પ્રકાર (કહે છે). સમજાણું કાંઈ?

**'જ્યારે આ ચેતના...'** ભગવાન આત્માની ચેતના, ચેતનની ચેતના. શુદ્ધ જ્ઞાન સ્વભાવરૂપ પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એ રૂપે તે જ્ઞાન, જ્ઞાનના પરિણમનપણે પરિણમે ત્યારે તેને શુદ્ધ જ્ઞાનચેતના, તેને મોક્ષમાર્ગની પર્યાયને જ્ઞાનચેતના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અનંત શક્તિ ગુણ સંપન્ન પ્રભુ, એને ચેતના વડે પકડી શકાય છે. એ ચેતનાના બે પ્રકાર પાડી અને હવે તેના પરિણામના ત્રણ પ્રકાર કહે છે. એમાં ચેતના શુદ્ધ સ્વભાવને પકડીને જે જ્ઞાન નિર્મળપણે પોતાના પરિણમનની શુદ્ધતા વડે, શાંતિ વડે જે જ્ઞાનચેતના પરિણમે તેને જ્ઞાનચેતના એટલે મોક્ષના માર્ગની ચેતના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહો! 'માંગીરામજી'! એવા મોક્ષના માર્ગની ચેતના.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યધાતુ તેનું લક્ષ કરીને જે જ્ઞાન પવિત્રપણે સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિપણે, સ્વસંવેદનના જ્ઞાનપણે જે પરિણમન ચેતનાનું થાય તેને અહીંયા જ્ઞાનચેતના કહે છે. જ્ઞાનમાં એકાગ્ર થયું જે ચેતના એ પરિણામ જ્ઞાનચેતના થઈ. જ્ઞાનચેતના તે આત્માને પૂર્ણ મુક્તિરૂપી દશાનું કારણ છે. સમજાણું કાંઈ?

**'જ્યારે રાગાદિ કાર્યરૂપે પરિણમે...'** બીજા કાર્યરૂપે નહિ, બીજાનું કાર્ય કરી શકતું નથી. શરીરનું કાર્ય, વાણીનું કાર્ય કે આ પરની દયા પાળવાનું (કાર્ય) એ તો અહીં વાત છે નહિ. ફક્ત એ જ્યારે શુભ ને અશુભ રાગરૂપી કાર્ય... લ્યો! શુભ કે અશુભ રાગરૂપી કાર્યરૂપે. એ જ્ઞાનચેતના અથવા દર્શન ચેતના છે જે ચેતના એ આમ રાગરૂપે એટલે કે રાગના કાર્યરૂપે થાય ત્યારે તેને કર્મચેતના કહેવાય છે. એ રાગમાં ચેતના એકાગ્ર થઈ ગઈ. એ કર્મ એટલે રાગરૂપી કાર્યમાં ચેતના એકાગ્ર થઈ ગઈ. માટે તેને કર્મચેતના કહેવામાં આવે છે, કે જે કર્મચેતના બંધનનું કારણ છે. સમજાણું કાંઈ? રાગ-દ્વેષ, પુણ્ય-પાપના પરિણામપણે, પુણ્યના ભાવપણે પણ ચેતના પરિણમે તો એ રાગરૂપે પરિણમેલી ચેતના છે, એમ કહે છે. તેને કર્મચેતના કહીએ, શુભ રાગપણે પરિણમે તો એને કર્મચેતના કહીએ. એ કર્મચેતના એ આત્માના મોક્ષના માર્ગમાં વિઘન કરનારી છે. સમજાણું કાંઈ?

**'અને હર્ષ-શોકાદિ વેદનરૂપ કર્મના ફળરૂપે પરિણમે...'** વજન અહીં છે. પેલું કાર્યરૂપે હતું, અહીં ફળરૂપે છે. જ્યારે એ ચેતના હરખ અને શોક, રતિ અને અરતિ, દિલગીરી અને હર્ષ એવા વિકારના વેદનરૂપ કર્મના એટલે રાગ-દ્વેષના ફળરૂપ પરિણમે, વિકારી પરિણામે પરિણમે. એમ કહીને એમ કહ્યું કે, એ કર્મના ઉદયપણે પરિણમતી નથી. પરની અવસ્થાપણે એ ચેતના થતી નથી. ચેતના પોતામાં હરખ અને શોકપણે પરિણમે છે તેને કર્મફળચેતના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– મૂળ તો કર્મની ચેતના.

ઉત્તર :– એ કર્મ એટલે એ કર્મ રાગ-દ્વેષ એ કર્મ. રાગ-દ્વેષ એ એનું કર્મ, કાર્ય.

www.vitragvani.com



એનું ફળ તે હરખ ને શોક તે સમયે. સમજાણું આમાં? કર્મચેતના કીધી ને? તે કર્મચેતના કાંઈ જડચેતના કીધી? રાગ અને દ્વેષ, શુભ ને અશુભ ભાવપણે, કાર્યપણે પરિણમે કાર્યચેતના. ખરેખર તો તે જ સમયે તેના હરખ-શોકપણે પરિણમે તેને કર્મફળચેતના કહીએ. એ આવી ગયું છે 'સમયસાર'ની ૧૦૨ ગાથા. જે સમયે કર્મચેતના તે સમયે એનું ફળ છે. તે સમયે જ વેદે છે, એમ કહે છે. બેના ભિન્ન લક્ષણો (છે). એક કાર્યરૂપ ને એક ફળરૂપ (છે). બાકી છે એક સાથે. સમજાણું આમાં?

આમાં તો બહુ સાદી અને સીધી ભાષાની વાત છે. પેલો કહે, કઠણ ભાષા પડે છે. ભાષા (કઠણ) નથી, ભાવ કઠણ પડે એમ કહે. ભાવ સમજવા નથી, મૂળ ભાવને સમજવાની દરકાર નથી પછી આ સ્થૂળપણે કાંઈક આમ થાય ને આમ થાય ને આમ થાય. પરની ભક્તિથી કલ્યાણ થઈ જતું હોય કે આમથી થઈ જતું હોય કે દયા-દાનથી થતું હોય કે ભગવાનની આમ સ્તુતિ કરતાં કરતાં થતું હોય, એવું હળવું તો સમજાય. પણ એ સ્તુતિ તારી જ નથી, એ તો જડની ભાષા છે. પૂજા-ભક્તિમાં શરીરની ક્રિયા (થાય) એ જડની છે, તારો ભાવ થાય એ રાગ છે, એ તો પુણ્ય છે. એ પુણ્ય તો કર્મચેતના છે. આહાહા..! અને એ વખતે હરખ આવી જાય આમ.. આ..હા..! આ ભગવાનની ભક્તિ કરી. એ કર્મફળચેતના છે, એ કાંઈ જ્ઞાનચેતના નથી. સમજાણું કાંઈ?

**'હર્ષ-શોકાદિ...'** દુઃખ આદિ, રતિ-અરતિ આદિ વેદનરૂપે, **'વેદનરૂપ કર્મના ફળરૂપે પરિણમે ત્યારે કર્મફળચેતના કહીએ. આ રીતે ચેતના અનેક સ્વાંગ કરે...'** અનેક સ્વાંગ દશામાં કરે, **'પણ ચેતનાનો અભાવ કદી થતો નથી.'** ચાહે તો જ્ઞાનચેતનારૂપે થાય, ચાહે તો રાગરૂપે કર્મચેતના થાય કાં તો વેદનરૂપે કર્મ(ફળ રૂપે થાય), પણ ચેતના ચેતનાપણું છોડીને જડ થઈ જાય કે પર થઈ જાય એમ છે નહિ. કહો! સમજાણું કાંઈ? **'આવા ચેતનાલક્ષણથી વિરાજમાન જીવ નામના પદાર્થનું નામ પુરુષ છે.'** લ્યો! આવા ચેતનાલક્ષણથી. મૂળ તો ચેતના લક્ષણ, હોં! પેલી તો એની દશા બતાવી. તેનાથી વિરાજમાન ભગવાન આત્મા જીવ નામનો પદાર્થ તેને પુરુષ કહેવામાં આવે છે. આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'ની વ્યાખ્યા કરે છે. પુરુષ એવો આવો આત્મા. સમજાણું? એનો અર્થ, પ્રયોજન, એની સિદ્ધિ, પ્રાપ્તિ, એનો ઉપાય, મોક્ષનો માર્ગ.

**'વળી કેવો છે પુરુષ?'** **'अस्ति पुरुषश्चिदात्मा विवर्जितः स्पर्शगन्धरसवर्णैः'** એ તો આવ્યું. **'गुणपर्ययसमवेतः'** એ આવ્યું, ત્રીજું પદ આવ્યું હવે, ૯ મી ગાથાનું ત્રીજું પદ. **'गुणपर्ययसमवेतः'** ચોથું પછી આવશે. **'गुणपर्ययसमवेतः'** સહિત છે. સમજાણું? **'समाहितः समुदयव्ययध्रौव्यैः'** એ ચોથું પદ છે, એ ચોથાની વ્યાખ્યા આવશે. વળી કેવો છે પુરુષ નામ આ આત્મા? **'સ્પર્શ, રસ, ગંધ અને વર્ણથી રહિત છે.'** ત્રીજા પદની વ્યાખ્યા. **'આઠ પ્રકારના સ્પર્શ...'** છે એ એમાં નથી, **'બે પ્રકારની ગંધ...'** છે એ આત્મામાં નથી, **'પાંચ પ્રકારના**

**રસ...**' છે મીઠો કડવો એ આત્મામાં નથી, '**પાંચ પ્રકારના વર્ણ...**' છે ધોળો, રાતો એ આત્મામાં નથી. '**એવા જે પુદ્ગલોના લક્ષણ...**' એ જે પુદ્ગલના લક્ષણો, '**તેનાથી રહિત (તે આત્મા) અમૂર્તિક છે.**' અત્યારે મૂર્તથી જુદો પાડે છે. સમજાણું કાંઈ? તેનામાં આઠ સ્પર્શ, પાંચ વર્ણ, બે ગંધ અને પાંચ રસ એવું લક્ષણ જે પુદ્ગલનું છે એ એના સ્વરૂપમાં નથી, અત્યારે નથી, હોં! કોઈ કહે કે, અત્યારે પહેલો મૂર્ત છે, એમ કહે છે. સિદ્ધ થાય ત્યારે અમૂર્ત થાય.

મુમુક્ષુ :– એવું આવે છે.

ઉત્તર :– આવે છે, કઈ અપેક્ષાએ? સમજાણું કાંઈ? આવે છે તો આમાં પણ નથી આવતું? સર્વ કર્મરહિત અમૂર્તશક્તિ. એ તો બતાવે છે, એનું સ્વરૂપ બતાવે છે કે, આવું ત્યારે તદ્દન રહિત થયું પણ અત્યારે જ રહિત છે. સંબંધ રહિત થયું, અત્યારે સંબંધ રહિત છે. એ સંબંધ નિમિત્તનૈમિત્તિક સંબંધ તૂટી ગયો. સમજાણું કાંઈ?

'**આ વિશેષણથી પુદ્ગલ દ્રવ્યથી જુદાઈ પ્રગટ કરી,...**' ભગવાન આત્મા કર્મ, શરીર, વાણી આદિથી ભિન્ન છે એમ કહે છે. આ શરીર, વાણી અને કર્મ એ બધા વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા પદાર્થો છે, એનાથી રહિત છે. એનો અર્થ થયો કર્મથી રહિત છે, શરીરથી રહિત છે, વાણીથી રહિત છે. કહો! સમજાણું આમાં? દાળ, ભાત, શાક, રોટલી જે વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા છે એનાથી આત્મા રહિત છે.

'**કારણ કે આ આત્મા અનાદિથી સંબંધરૂપ જે પુદ્ગલ દ્રવ્ય છે...**' હવે કહેશે. પેલા વર્ણનું લીધું છે ને બીજું પદ? અનાદિથી સંબંધરૂપે પુદ્ગલ છે, કર્મ, શરીર આદિ સંબંધ છે, તૈજસ, કાર્માણ આદિ. '**તેમાં અહંકાર-મમકારરૂપ પ્રવર્તે છે.**' પોતાની જાતને આ બાજુમાં અરૂપી અને આનંદકંદ છે તેને જાણી નહિ. તેથી તે પુદ્ગલના સંબંધમાં તેની દૃષ્ટિ હોવાથી તેમાં તેનો અહંકાર–આ હું અને એ મારા, એ હું, એ મારા. એ શરીર હું, એ મારા, કર્મ હું ને કર્મ મારા, વાણી હું ને વાણી મારી. એવો અહંકાર-મમકારરૂપ પ્રવર્તે છે. સમજાણું કાંઈ? સંબંધ છે આમ, વસ્તુ એનાથી રહિત છે, પણ સંબંધમાં એનું લક્ષ અનાદિથી હોવાથી એમાં જે પુદ્ગલ કર્મ, શરીર, વાણી આદિ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા પદાર્થ એમાં હું, એ મારા એમ અહંકાર-મમકારરૂપ પ્રવર્તે છે. તે મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વ ભાવ છે.

'**જો પોતાના ચૈતન્ય પુરુષને અમૂર્તિક જાણે...**' આટલી વાત અત્યારે કહેવી છે, પેલા પુદ્ગલથી જુદી પાડવી છે એ અપેક્ષાએ, હોં! એનું લક્ષણ તો ચેતના કહ્યું હતું. રંગ, ગંધ, રસ, સ્પર્શથી, ધન્ય-ધાન્ય આદિથી, કર્મ-નોકર્મથી રહિત છે. ત્યારે સહિત શું છે? કે, એના ગુણ અને પર્યાય સહિત છે.

'**ગુણપર્યાયોથી વિરાજમાન છે. ત્યાં ગુણનું લક્ષણ સહભૂત છે.**' વ્યાખ્યા કરે છે. ગુણથી બિરાજમાન આત્મા છે. આત્મા ગુણથી સહિત છે, ગુણથી સહિત છે. વર્ણ, ગંધ, રસથી

www.vitragvani.com



રહિત છે, ગુણથી સહિત છે. ગુણ કોને કહીએ? કે, **'ગુણનું લક્ષણ સહભૂત છે. સહ એટલે દ્રવ્યની સાથે છે, ભૂ એટલે સત્તા.'** દ્રવ્યની સાથે જેનું હોવાપણું છે તેને ગુણ કહીએ. આત્મા દ્રવ્ય છે તેની સાથે જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિ સાથે રહે માટે તેને ગુણ કહેવામાં આવે છે. કહો! સમજાણું આમાં? ગુણ સહિત છે. વર્ણ મૂર્ત રહિત છે. **'સહ એટલે દ્રવ્યની સાથે છે, ભૂ એટલે સત્તા.'** એમ. દ્રવ્યની સાથે જેની સત્તા છે. જેમ દ્રવ્ય પોતે વસ્તુપણે છે એમ ગુણ પણ એની સાથે સત્તાપણે ભિન્ન છે નહિ.

**'દ્રવ્યમાં જે સદાકાળ પ્રાપ્ત છે તેને ગુણ કહીએ.'** આખી વ્યાખ્યા કરી. **'દ્રવ્યમાં જે સદાકાળ પ્રાપ્ત (સત્તારૂપ) છે તેને ગુણ કહીએ.'** ભગવાન આત્મામાં સદાકાળ રહે છે તેવા ભાવને ગુણ કહેવામાં આવે છે. બહુ સાદી ટૂંકી ભાષામાં ઘણું (સ્પષ્ટ કર્યું છે). તારું શું? એમ કહે છે, તારું શું નહિ? તો કહે તારું નહિ એ આ કર્મ, શરીર, વાણી, મન, વર્ણ, ગંધ, રસ તારા નહિ. તારું શું? તારું તું દ્રવ્ય વસ્તુ છો તેની સાથે હોવાપણે જે ગુણો છે તે સહિત છે, તે તારા. સમજાણું કાંઈ?

**'આત્મામાં ગુણ બે પ્રકારે છે. જ્ઞાન-દર્શનાદિ અસાધારણ ગુણ છે,...'** એક તો જ્ઞાન-દર્શન આનંદ આદિ આત્મામાં જ છે, બીજા દ્રવ્યમાં નથી. એથી તેને અસાધારણ એટલે કે ક્યાંય બીજે છે ને અહીં છે એવું નહિ. અસાધારણ એટલે આત્મામાં જ છે. જાણવું-દેખવું, આનંદ, શાંતિ વગેરે. જ્ઞાન, દર્શન આદિ ભગવાન આત્માની સાથે, દ્રવ્યની સાથે હોવાપણે રહેનારા. આત્મા જે દ્રવ્ય છે એની સાથે હોવાપણે રહેનારા જે જ્ઞાન, દર્શન, આનંદ એ અસાધારણ હોવાપણે રહેનારા છે. અસાધારણ એટલે બીજામાં નહિ એવા હોવાપણે રહેનારા છે. સમજાણું કાંઈ? **'બીજા દ્રવ્યમાં તે હોતા નથી.'** તે ગુણો બીજા દ્રવ્યમાં હોતા નથી. ભગવાન આત્મામાં જ્ઞાન ગુણ ત્રિકાળ હોવાપણે આત્માની સાથે, દર્શન ગુણ ત્રિકાળ હોવાપણે, આનંદ ગુણ ત્રિકાળ હોવાપણે (છે). એ અસાધારણ એટલે કે તેમાં જ છે ને બીજામાં નથી. જુઓ ! અસ્તિ-નાસ્તિ (કરી). બીજા દ્રવ્યમાં તે હોતા નથી તેથી અસાધારણ કહેવામાં આવે છે.

**'અસ્તિત્વ...'** હોવાપણું એક ગુણ છે આત્મામાં, પણ એવો હોવાપણાનો ગુણ તો બીજા પાંચેમાં છે. છએ દ્રવ્યની અંદર અસ્તિત્વ–હોવાપણું સત્ છે, છેનું હોવાપણાનો ગુણ. છે દ્રવ્ય તેનું સત્વ હોવાપણું એવો અસ્તિત્વ નામનો ગુણ આત્મામાં પણ છે અને બીજા દ્રવ્યોમાં પણ છે. તેથી તે અસ્તિત્વ ગુણ ને અસાધારણ ન કહેતા સાધારણ છે, એમ કહે છે. સાધારણ એટલે એ જ અસ્તિત્વ ગુણ બીજામાં છે ને એ જ ગુણ અહીં છે, એમ સાધારણ નહિ. પણ આ અસ્તિત્વ ગુણ અહીં છે એવો જ એક બીજો અસ્તિત્વ ગુણ બીજા દ્રવ્યમાં છે, એમ. સમજાણું કાંઈ?

**'વસ્તુત્વ...'** વસ્તુપણું પોતાનું પ્રયોજન સિદ્ધ કરે. એ આત્મામાં પણ છે અને પરમાણુમાં પણ છે. વસ્તુ છે ને? વસ્તુનું વસ્તુપણું, આત્માનું આત્માપણું, પરમાણુનું પરમાણુપણું,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ધર્માસ્તિકાયનું ધર્માસ્તિકાયપણું એવા છ દ્રવ્યમાં વસ્તુપણું એ ગુણ છે, જે પ્રયોજન વસ્તુને પોતાને સિદ્ધ કરે. એવો વસ્તુત્વ ગુણ આત્મામાં પણ છે, બીજામાં છે માટે તેને સાધારણ કહેવામાં આવે છે. એનો એ વસ્તુત્વ ગુણ બીજે છે માટે સાધારણ એમ નહિ. પણ જેવો અહીં વસ્તુત્વ ગુણ છે એવો જ બીજા અન્ય દ્રવ્યમાં છે માટે તેને સાધારણ કહેવામાં આવે છે. કહો! સમજાણું?

આ તો પહેલાના એકડયા શીખવા માંડ્યા છે. એ.. 'મોહનભાઈ'! કોઈ દિ' એકડયા પણ શીખ્યો નહિ એના આત્માના, પેલા ધૂળના શીખ્યો. શીખી શીખીને મરી ગયો એમ ને એમ બધા. એલ. એલ. બી.ના પૂછડા વળગાડ્યા. હેરાન-હેરાન, દુઃખી... દુઃખી... દુઃખી... દસ-દસ હજારના પગારદાર, પચ્ચીસ-પચ્ચીસ હજારના પગારદાર, લાખ-લાખના પગારદાર હેરાન... હેરાન. નોકરી શું એ પૈસાની લાલચ છે એ જ પોતે દુઃખ છે. અને શેઠ સારો હોય ને પોતે શેઠ જેવું કામ કરતો હોય. એને મમતા છે ને? એ જ મહા દુઃખ છે. એમાં ક્યાં એ ભણતર સુખ છે? સમજાણું કાંઈ?

**'પ્રમેયત્વ...'** કોઈ પણ જ્ઞાનમાં પદાર્થ જણાય એવો પદાર્થમાં એક પ્રમેયત્વ નામનો ગુણ છે. જ્ઞાનમાં જે કાંઈ જણાય, જણાવા યોગ્ય એવો એક આત્મામાં ગુણ છે. એવો ગુણ બીજા બધામાં પણ છે. **'પ્રમેયત્વાદિ...'** ટૂંકું કરી નાખ્યું. અગુરુલઘુ, દ્રવ્યત્વ, પ્રદેશત્વ આદિ **'સાધારણ ગુણ છે,...'** એને સાધારણ ગુણ કહીએ. કેમકે **'બીજા દ્રવ્યમાં પણ હોય છે.'** પોતામાં પણ અસ્તિત્વ છે, વસ્તુત્વ છે, પ્રમેયત્વ છે, દ્રવ્યત્વ છે, અગુરુલઘુત્વ છે, પ્રદેશત્વ છે. એવા એવા અનંત સાધારણ ગુણો છે એવા બીજામાં પણ છે, માટે તેને સાધારણ કહીએ. આત્મામાં જ હોય ને બીજામાં ન હોય તેને અસાધારણ કહીએ. એ ગુણની વ્યાખ્યા થઈ.

**'પર્યાયનું લક્ષણ ક્રમવર્તી છે.'** પેલામાં કીધું હતું ને? સ્વભૂતનો અર્થ કર્યો. સ્વ ને સત્તા સાથે રહેવાવાળા. **'પર્યાયનું લક્ષણ ક્રમવર્તી છે.'** પર્યાયનું લક્ષણ જ દ્રવ્યમાં ક્રમે ક્રમે વર્તે તેને કહીએ. એમાં વાંધા આખા. એ તો ક્રમે વર્તે પણ આ જ પર્યાય પછી હોય એમ નહિ. એ ક્રમવર્તીનો અર્થ જ એ છે કે, જે પર્યાય આ સમયે છે તે જ તે બીજે સમયે નહિ, તે બીજે સમયે તે બીજી. એ પણ તે પ્રકારની, તે કાળની તે જ બીજે સમયે હોય એમ. એ દ્રવ્યના સ્વકાળનું અસ્તિત્વ છે અને પરકાળથી નાસ્તિત્વ છે.

દરેક દ્રવ્યના દ્રવ્ય, ક્ષેત્ર, ભાવથી અસ્તિ છે, પરદ્રવ્યના ક્ષેત્ર, ભાવથી નાસ્તિ છે. પણ દરેક દ્રવ્ય વર્તમાન એક સમયના સ્વકાળની પર્યાયથી, તે સમયના સ્વકાળની પર્યાયથી અસ્તિ છે, બીજાના સ્વકાળની પર્યાયથી નાસ્તિ છે. એવો એવો સમયનો અંશ ક્રમવર્તી અનાદિ અનંત છે. આત્મા સાથે એ ક્રમવર્તી છે, સહભૂત નથી, સહભૂત તો ગુણ સાથે છે. ત્રિકાળ સાધારણ કે અસાધારણ. ભગવાન આત્મા સાથે, સાથે રહેલા હોવાવાળા ગુણો સાધારણ કે અસાધારણ, જેમ દ્રવ્ય છે તેમ સાથે જ ગુણો અનાદિ અનંત છે. પર્યાય એમ નથી,

www.vitragvani.com



પર્યાયનું લક્ષણ ક્રમવર્તવું છે, ક્રમવર્તવું છે, ક્રમે વર્તવું છે, ક્રમે વર્તે છે, ક્રમે હોય છે, ક્રમે થાય છે, ક્રમે પરિણમે છે. ક્રમવર્તી–ક્રમે વર્તનારું. પર્યાયનું લક્ષણ ક્રમે વર્તનારું, ક્રમે થનારું, ક્રમે હોવાવાળુ એ પર્યાયનું લક્ષણ છે. સ્વ સાથે રહેવાવાળો, ત્રિકાળ રહેવાવાળો, સાથે સત્તા દ્રવ્ય તેવી જ સત્તા ત્રિકાળ સાથે રહેનારી એને ગુણ કહીએ. સમજાણું કાંઈ?

દ્રવ્ય, ગુણ ને પર્યાય એની ખબર ન મળે. અને અમે ધર્મી છીએ. સામાયિક કરીએ, પોષા કરીએ, પડિકમણા કરીએ. શેનું તારું પડિકમણું ક્યાં આવ્યું? પર્યાયમાં આવ્યું? રાગમાં આવ્યું? જડમાં આવ્યું? તો કહે, એ પર્યાય-બર્યાય ખબર નથી. એક સાધુને પૂછ્યું, આ તમારી સામાયિક ચારિત્ર શું કહેવાય? ત્રસ કે સ્થાવર? ત્રસ, સ્થાવર, હોં! આપણે પેલું પૂછીએ નહિ પર્યાય. આ સામાયિક છે એ ત્રસ કહેવાય કે સ્થાવર? કે, અમારા ગુરુએ શીખવ્યું નથી. આહાહા..! 'સુંદરવોરા' ના અપાસરે હતા. 'વિરમગામ' નો હતો, 'મોહનલાલજી' પાસે દીક્ષા લીધી હતી. નામ શું હતું એ ભૂલી ગયા. 'નાગરદાસ'. પણ એ બિચારા મૂંઝાય જાય. દ્રવ્ય, ગુણ, પર્યાય હોય તો ન સમજે પણ ત્રસ ને સ્થાવર તો નામ સાંભળ્યા હોય ને એણે? એમ. દ્રવ્ય, ગુણ, પર્યાય ન સાંભળ્યા હોય. સાધુ થયેલો બિચારો. લુગડા ધોવા લીધેલો ને પછી મેળ ન ખાધો ને એકલો રહી ગયેલો. કીધું, તમારી સામાયિક આ ચારિત્ર કહેવાય એ ત્રસ હશે કે સ્થાવર? મારા ગુરુએ મને શીખવ્યું નથી. ઠીક કર્યું. ગુરુએ નથી શીખવાડ્યું. આંધળુ ખાતું... ભેગા ઉતર્યા હતા. અપાસરો ભેગો ખરો ને! આહાહા..! સાધારણ માણસ.. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના ના એને બિચારાને ક્યાં સમજવું ? એને શીખવાની ક્યાં વાત છે?

કહે છે, દ્રવ્યમાં એટલે આત્મામાં ગુણ સાથે ત્રિકાળ રહેનારા અને પર્યાય ક્રમવર્તી રહેનારી. છે તો ખરી પણ પર્યાય ક્રમવર્તી છે, ક્રમે વર્તે છે, એક સાથે બધી પર્યાય વર્તતી નથી. ગુણ તો એક સાથે અનંતા વર્તે છે આત્મામાં. જેમ પર્યાય એક સાથે નહિ, ક્રમે... ક્રમે... ક્રમે... ક્રમે... વર્તે છે. એ ક્રમેમાં જ આખી વાત આવી જાય છે. ક્રમબદ્ધ જ્યાં આવ્યું ત્યાં ભડક્યા... ભડક્યા.

**'જે દ્રવ્યમાં અનુક્રમે ઊપજે,...'** એનો ખુલાસો કરે છે. આ ગુણ ને પર્યાય તો બધાનું સ્વરૂપ છે પણ આપણે અહીં આત્મામાં ઉતારીએ છીએ. **'જે દ્રવ્યમાં અનુક્રમે ઊપજે,...'** ગુણ જે છે તે એક સાથે હોય છે આત્મા વસ્તુ છે એના ગુણો એક સાથે વર્તે છે, એક સાથે વર્તે છે. પણ જે દ્રવ્યમાં ક્રમવર્તી એવી પર્યાય (છે તે) અનુક્રમે ઊપજે છે, અનુક્રમે ઊપજે છે. જુઓ! અનુક્રમ શબ્દ વાપર્યો છે. અનુક્રમે એક પછી એક... એક પછી એક... એક પછી એક ઊપજે છે. **'દ્રવ્યમાં અનુક્રમે ઊપજે,...'** અનુક્રમે ઊપજે છે. સમજાય છે? એનો અર્થ જ થયો કે, એક સમયમાં જે પર્યાય છે તે બીજે સમયે હોય નહિ, બીજે સમયે

www.vitragvani.com



બીજી, ત્રીજે સમયે ત્રીજી એમ અનુક્રમે જ એનું ઊપજવું પર્યાયનું થાય છે. ગુણો છે તે અક્રમ છે. આત્મામાં–વસ્તુમાં જ્ઞાન, દર્શન આદિ સહભૂત ગુણો તે અક્રમ છે, પર્યાયો ક્રમે છે. અક્રમ એક સાથે, પર્યાયો અનુક્રમે. સમજાણું કાંઈ? 'માંગીરામજી'! આહાહા..!

**'કદાચિત્...'** અનુક્રમે ઊપજે છે. એક વાત કરી. પર્યાયનું લક્ષણ ક્રમવર્તી છે. કેમ? કે તે અનુક્રમે ઊપજે છે માટે ક્રમવર્તી છે, એક સાથે વર્તતા નથી. અનુક્રમે ઊપજે છે. **'કદાચિત્-કોઈવાર હોય...'** કારણ કે, એક પર્યાય તો એક સમયે જ હોય. કદાચિત્ તે પર્યાય કોઈવાર એટલે એક સમય જ હોય **'તેને પર્યાય કહીએ.'** એ પર્યાય કદાચિત્ એક સમયે જ હોય, એ પર્યાય બીજે સમયે હોય નહિ. માટે કદાચિત્ એટલે કોઈવાર હોય એમ. કદાચિત્ એટલે કોઈવાર હોય એટલે જે એક જ સમયે હોય બીજે સમયે ન હોય **'તેને પર્યાય કહીએ.'** કહો! સમજાણું આમાં? આ તો સમજાય એવું છે, હોં! આમાં નવા એકડયાને સમજાય એવું છે. પ્રગટપણાની જ આ પર્યાયની વાત છે. અનુક્રમે ઉપજે છે, પ્રગટપણે ક્રમે જ ઊપજે છે.

**'આત્મામાં પર્યાય બે પ્રકારે છે.'** હવે પેલા જે ગુણ બે પ્રકારે કહ્યા હતા ને? અસાધારણ ને સાધારણ, એમ આત્મામાં કોઈવાર થતી ક્રમે વર્તતી, અનુક્રમે ઊપજતી. ક્રમે વર્તતી, અનુક્રમે ઊપજતી, કોઈવાર થતી. કોઈવાર (એટલે) એક સમય. એક જ સમયે પર્યાય થાય, એક જ સમય હોય, કોઈવાર એટલે એક જ સમય હોય, બીજે સમયે હોય નહિ. ભલે છ, બાર મહિને પણ કોઈવાર એટલે જે સમયે થઈ તે કોઈવાર. જે સમયે થાય તે કોઈવાર, સદાય વાર નહિ. ગુણ છે એ સદાયવાર, સદાકાળ અને આ કોઈ કાળ, એમ છે. પેલો અક્રમ તો અહીં ક્રમ છે. એક સાથે રહ્યા છે તો આ અનુક્રમે ઊપજે છે. અહીં ઉપજવું નથી ને એક સાથે રહે છે આ અનુક્રમે ઊપજે છે, સદાકાળ હોય છે ત્યારે આ કોઈવાર હોય છે, એક સમયે હોય છે. ગુણ સદાકાળ હોય છે ત્યારે પર્યાય એકકાળ હોય છે એમ છે. કોઈવાર એટલે એક કાળ. સમજાણું કાંઈ? 'રાજમલજી'! આ તો બહુ સાદી ભાષામાં છે. આ તો બધી એકડયાની ભાષા છે. એની ખબર ન મળે.

**'આત્મામાં પર્યાય બે પ્રકારે છે.'** એ પર્યાય જે ક્રમે વર્તે, અનુક્રમે ઊપજે, કોઈ કાળે એટલે એક સમય જ હોય. એ પર્યાયના બે પ્રકાર છે. **'જે નર-નારકાદિ આકારરૂપ...'** નર-નારકાદિ અંદર આકાર, હોં! આ શરીરનો આકાર નહિ. અંદર આત્માના પ્રદેશનો મનુષ્યના દેહને આકારે પોતાથી થયેલો આકાર. એ નર-નારકાદિ આકારરૂપ અને **'સિદ્ધના આકારરૂપ...'** બે ... લેવી છે ને અહીં? સિદ્ધને પણ આકાર છેલ્લા અસંખ્ય પ્રદેશનો આકાર છે. **'તેને વ્યંજનપર્યાય કહીએ.'** એને વ્યંજનપર્યાય કહીએ. દ્રવ્યની આકૃતિના પર્યાયને વ્યંજનપર્યાય કહીએ. સમજાણું કાંઈ? ઇ એક પર્યાય.

**'જ્ઞાનાદિ ગુણને પણ સ્વભાવ વા વિભાવરૂપ પરિણમન...'** જ્ઞાનાદિ ગુણમાં પણ સ્વભાવિક

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અગુરુલઘુ આદિ અને વિભાવરૂપ વિકાર આદિ, **'પરિણમન જે છ પ્રકારે હાનિ-વૃદ્ધિરૂપ છે તેને અર્થપર્યાય કહે છે.'** પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ થાય પર્યાયમાં, અવસ્થામાં તેને અર્થપર્યાય કહી. પેલી આકારની હતી. આ બીજા બધા અનંતા ગુણોની સ્વભાવ કે વિકારી પરિણમન. છ પ્રકારે હાનિ-વૃદ્ધિ અનંત, અસંખ્ય અને સંખ્ય હાનિવૃદ્ધિ. **'આ ગુણપર્યાયોથી આત્માની તદાત્મક એકતા છે.'** આ ગુણો ત્રિકાળ રહેનારા અને પર્યાય કોઈવાર અનુક્રમે ઊપજતી, વર્તતી એની સાથે આત્માનું તદાત્મક સ્વરૂપ છે, તદાત્મ્ય રૂપ છે, એકરૂપ છે એનાથી જુદું નથી. લ્યો! કાલે આવ્યું હતું. પર્યાય આ દ્રવ્યથી અભિન્ન છે કે ભિન્ન એ પ્રશ્ન હતો? 'ફૂલચંદજી'નો. સાંભળ્યો હતો? અભિન્ન છે. અભિન્ન છે તો પર્યાય પરથી થાય તો દ્રવ્ય પણ પરથી થાય. દ્રવ્યથી પર્યાય અભિન્ન છે કે ભિન્ન? કથંચિત્ અભિન્ન. કથંચિત્ અભિન્ન હોય તો પર્યાય પરથી થાય. કથંચિત્ અભિન્ન છે તો દ્રવ્ય પરથી થાય. આહાહા..!

જુઓ! એનાથી **'તદાત્મક એકતા છે.'** વસ્તુમાં અનંતા સાધારણ ગુણો છે, જે બીજામાં પણ હોય અનંતા સાધારણ ગુણો જે બીજામાં નહિ ને પોતામાં હોય અને પર્યાયો અર્થ, વ્યંજનપર્યાય આદિ એ બધી પર્યાયો અને ગુણ આત્મા સાથે તદ્રૂપે છે, એકરૂપે છે, એક પ્રદેશે છે, અસંખ્ય પ્રદેશમાં એકરૂપે બધું છે. **'આ વિશેષણ વડે આત્માનું વિશેષ્ય જાણી શકાય છે.'** લ્યો! આવા ગુણ અને પર્યાયના વિશેષણ વડે વિશેષ્ય એવો જે આત્મા દ્રવ્ય તેને જાણી શકાય છે. કહો! સમજાણું કાંઈ? હવે ચોથા પદની વ્યાખ્યા કરશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૨ ગાથા–૯ થી ૧૦ રવિવાર, માગશર વદ ૧૩, તા. ૦૮-૦૧-૧૯૬૭

---

આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' 'અમૃતચંદ્રાચાર્ય' કૃત છે. ૯મી ગાથા ચાલે છે, છેલ્લો પેરેગ્રાફ છે. જુઓ ! પાનું ૧૪, છેલ્લો પેરેગ્રાફ છે. આનું નામ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે, પુરુષાર્થમાં પુરુષ આવ્યો એ પુરુષ એટલે શું? પુરુષ એટલે આત્મા. પછી અર્થ (એટલે) સિદ્ધિનો ઉપાય. ત્રણ શબ્દ જુદા (લઈએ). પુરુષાર્થ પુરુષનો અર્થ નામ પ્રયોજન, એની સિદ્ધિ, એનો ઉપાય. પુરુષ એટલે આ આત્મા. કેમ એને પુરુષ કહ્યો એ આવી ગયું. પૂર પોતાનું ચૈતન્યપૂર જ્ઞાનાનંદ, જ્ઞાન-દર્શન એવી ચેતના. એમાં જે શયન કરે–એમાં પ્રવર્તે એને પુરુષ કહીએ. ઝીણી વાત છે.

આ આત્મા એને પુરુષ કહ્યો. પુરુષ પૂર ચેતના જાણવું-દેખવું એની ચેતના ગુણ છે, ચેતના સ્વભાવ છે એમાં જે પ્રવર્તે, એમાં રહે, એમાં પરિણમીને ટકે એને અહીંયાં પુરુષ નામ આત્મા કહેવામાં આવે છે. પરને કાંઈ કરે એ આત્મામાં નથી. આત્મા પોતાના સિવાય પરદ્રવ્યનું કાંઈ કરે એવું આત્મામાં છે નહિ. સુધાર ને આ બધું કરી શકે કે નહિ? 'ધીરૂભાઈ'!

www.vitragvani.com



ગામ સુધાર, બધા માણસોનું કરે ને!

મુમુક્ષુ :– કોઈ કાંઈ કરી ન શકે.

ઉત્તર :– કોઈ કાંઈ કરી શકે નહિ. ઇ કહે છે. ઇ જ અહીં કહે છે.

આત્મા કરે તો શું? એ કહેશે. એ કહ્યું પણ અશુદ્ધ છે ને ત્યારે હવે એને અર્થ સિદ્ધિ કરવી છે એટલે શું? અર્થ સિદ્ધિ કરવી છે તો અર્થ સિદ્ધિ નથી, નથી ત્યારે એને શું છે? કે, ચૈતન્ય ભગવાન આત્મા પોતાના શુદ્ધ, જ્ઞાન, દર્શનમાં રમે, પ્રવર્તે તો એનું નામ પુરુષ કહીએ. તો એને અર્થ નામ પ્રયોજનની સિદ્ધિ–એ પોતાના સ્વરૂપમાં પ્રવર્તીને રહે તો અશુદ્ધતા જે છે તે ટળે અને શાંતિની સિદ્ધિ થાય. એનો ઉપાય અંતર સ્વરૂપમાં ઠરવું એ એનો ઉપાય છે. જગતથી જુદી ચીજ છે.

કહે છે, એ આત્મા ગુણ-પર્યાય સહિત છે એ વાત આવી ગઈ છે હવે આજે તો **'કેવો છે પુરુષ?'** પુરુષ એટલે આત્મા. **'समुदयव्ययध्रौव्यैः समाहितः'** છે હેઠલી લીટી? **'ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યથી સંયુક્ત છે.'** શું કહે છે? આ આત્મા જે છે એની અંદર અનંત ગુણો છે. ગુણ નામ શક્તિ સ્વભાવ એ તો કાયમ રહે છે. એની સમય–નાનામાં નાના કાળમાં એક સમય, સેકન્ડનો અસંખ્યમો ભાગ, એવા એક સમયમાં એ અનંત ગુણની વર્તમાન અવસ્થા–દશાએ તે ઊપજે છે. ગુણની અવસ્થા એક એક સમયે નવી નવી થાય છે તેને ઉત્પાદ કહે છે. ભાષા પણ સાંભળી ન હોય. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ અનંત શક્તિસંપન્ન ગુણ સહભૂત ત્રિકાળ છે. ગુણ-પર્યાય કીધા હતા એને અહીં ઉત્પાદ-વ્યય-ધ્રુવ કીધા. એ ગુણ ત્રિકાળ જેમાં જ્ઞાન, દર્શન, આનંદ એ સહભૂત સાથે રહેનારા ત્રિકાળ છે. એની વર્તમાન દશામાં એના ગુણની અવસ્થારૂપ દશાનું ઉત્પન્ન થવું એ પોતાનો સ્વભાવ છે. પોતાથી તે ગુણની પર્યાયને ઉત્પન કરે છે. પરને લઈને ઉત્પન્ન થતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આત્મા પોતાની પર્યાય એટલે અવસ્થામાં ગુણ જે ત્રિકાળ છે એમાંથી પર્યાયપણે પોતે જ અવસ્થાપણે ક્ષણે ક્ષણે ઊપજે છે.

**'નવીન અર્થપર્યાય અને વ્યંજનપર્યાયનું ઊપજવું તે ઉત્પાદ,...'** એની વ્યાખ્યા કરી છે. નવી નવી અવસ્થા જ્ઞાન, દર્શન, આનંદ આદિની અવસ્થા નવી નવી થવી અને વ્યંજન પર્યાય એટલે એમાં આકૃતિની અવસ્થા નવી નવી થવી. આકાર–અસંખ્ય પ્રદેશી અરૂપી શરીરથી ભિન્ન પોતાની આકૃતિ છે. એવી આકૃતિની અવસ્થાનું અને બીજા અનંત જ્ઞાનાદિ ગુણોની સમયે સમયે ઉપજવાની દશા ઊપજે તેને ઉત્પાદ કહે છે. આ બીડી, મકાનનો ઉત્પાદ કરી શકતો નથી એમ કહે છે.

મુમુક્ષુ :– નિશ્ચયે ન કરી શકે.

ઉત્તર :– વ્યવહારે પણ કરી શકતો નથી. સમજાણું કાંઈ? એની પર્યાયમાં ઉત્પન્ન કરી શકે છે. એની વર્તમાન દશામાં તેની દશા–અવસ્થા વિકારી કે અવિકારીપણે ઊપજવાનું

www.vitragvani.com



કરી શકે. બીજાનું કાંઈ કરી શકે નહિ અને બીજાને લઈને અહીં દશા ઉત્પન્ન થાય એમ આત્મામાં, વસ્તુમાં એમ નથી. કહો! સમજાણું આમાં?

**'પૂર્વ પર્યાયનો નાશ થવો...'** અને એ આત્મામાં જે વર્તમાન અવસ્થા થઈ એને પછીની અવસ્થાની અપેક્ષાએ પહેલાની અવસ્થાને પૂર્વ કહીએ. એ પૂર્વ પર્યાયનો વ્યય નાશ થવો એને વ્યય કહીએ. સોનાનો દાખલો આપશે. નવી અવસ્થાનું, અનંત ગુણરૂપી જે ભાવ તેની અવસ્થાનું નવું થવું, ગુણની અવસ્થા કે આકૃતિની અવસ્થા એને ગુણની અવસ્થાને અર્થપર્યાય કહીએ ને આકૃતિની પર્યાયને વ્યંજનપર્યાય કહીએ. એનાથી ઊપજેલી અવસ્થા એ પૂર્વ પર્યાય કહી. પછીની અવસ્થાની અપેક્ષાએ તેનો ન્યાં નાશ થાય છે. **'પૂર્વ પર્યાયનો વ્યય અને ગુણની અપેક્ષાએ...'** અને ગુણ જે છે જ્ઞાન, દર્શન આદિ એ તો કાયમ શાશ્વત રહે છે અને દ્રવ્ય એટલે વસ્તુ–ગુણનો પિંડ એ વસ્તુ પણ ધ્રુવ રહે છે. **'અથવા દ્રવ્યની અપેક્ષાએ શાશ્વતપણું તેને ધ્રૌવ્ય કહીએ.'** કહો! સમજાણું કાંઈ?

**'જેમ સોનું કુંડળ પર્યાયથી ઊપજે છે,...'** સોનાની લગડી હોય આમ, એ કુંડળની અવસ્થાથી ઊપજે. કુંડળ. **'કંકણ પર્યાયથી વિણસે છે,...'** અને કડાની અવસ્થાથી નાશ થાય. પહેલી કડાની અવસ્થા હોય–કડુ, એની અવસ્થાનો નાશ થઈને કુંડળની અવસ્થા થાય. તો કડાની અવસ્થાનો વ્યય, અભાવ, કુંડળની અવસ્થાનો ઉત્પાદ અને **'પીળાશ વગેરેની અપેક્ષાએ...'** અને એ સોનામાં પીળાશ, ચીકાશ, વજન, ગુણની અપેક્ષાએ અથવા દ્રવ્યની અપેક્ષાએ, **'સોનાપણાની અપેક્ષાએ સર્વ અવસ્થાઓમાં શાશ્વતતા છે.'** એ પીળાશ, ચીકાશ, વજન અથવા સોનું એ કુંડળ અવસ્થાનું ઊપજવું ને કડા અવસ્થાનો અભાવ (થાય) એમાં પીળાશ, વજન આદિ શક્તિઓ તો કાયમ છે અને શક્તિનો ધરનાર દ્રવ્ય પણ કાયમ છે. કહો! સમજાણું આમાં?

**'આ વિશેષણથી આત્માનું અસ્તિત્વ પ્રગટ કર્યું.'** આત્મા સત્ સત્ કીધું ને? સત્ ઉત્પાદવ્યયધ્રુવયુક્તમ સત્ એમ સિદ્ધ કરી નાખ્યું. ઉત્પાદવ્યયધ્રુવયુક્તમ સત્, સત્ એટલે છે. અસ્તિત્વ સિદ્ધ કર્યું, આ આત્મા, એક એક આત્મા, હોં! ભિન્ન ભિન્ન આત્મા. આત્માનું અસ્તિત્વ સત્પણું–હોવાપણું સિદ્ધ કર્યું. કઈ રીતે હોવાપણું (છે)? કે અનંત ગુણનું હોવાપણું અને એનું એકરૂપ દ્રવ્યનું હોવાપણું એ ધ્રુવ, પણ એની નવી નવી અવસ્થા થવી તે ઉત્પાદ, પૂર્વની અવસ્થાનો વ્યય, એ ઉત્પાદ, વ્યય ને ધ્રુવ એમ ત્રણ મળીને એનું સત્, એનું અસ્તિત્વ–આત્માનું હોવાપણું સિદ્ધ કર્યું. આ રીતે આત્મા છે. કહો! સમજાણું આમાં? 'ધીરૂભાઈ'! ઝીણી વાતું છે, હોં! આ તમારા બધા સાહિત્ય-ફાહિત્ય બધાથી મૂંડાવાથી બીજી વાત છે. એય...!

અહીં તો આત્માની વાત ચાલે છે, છે તો બધા પદાર્થ આવા, હોં! દરેક વસ્તુ જે અનંત છે એ પોતે હોવાપણે છે. એ હોવાપણાના દરેક વસ્તુમાં ત્રણ પ્રકાર. વસ્તુપણે હોવાપણું,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એની શક્તિઓ જે કાયમ રહેનારી તેના પણે હોવાપણું અને તે શક્તિઓની સમયે સમયે નવી અવસ્થાપણે ઊપજવું એ હોવાપણું અને જૂની અવસ્થાએ વ્યય થવું એ પણ એનું હોવાપણું છે. 'શશીભાઈ'! આ નિશાળ બીજી જાતની છે. આહાહા..! કહો! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક એક ભિન્ન, એવા અનંત આત્માઓ અને એથી અનંતગુણા રજકણો પોઈન્ટ–પરમાણુ, ધૂળ–માટી જેને છેલ્લો ટુકડો, જેને પરમાણુ કહીએ. પરમાણુ તો ઘણા પ્રકારને પરમાણુ કહેવાય છે પણ અહીં પુદ્ગલના છેલ્લા ટૂકડાને પરમાણુ કહે છે. એવા પુદ્ગલ પરમાણુ એવા અનંતા રજકણો છે એ દરેક રજકણમાં અને દરેક આત્મામાં હોવાપણે એ પદાર્થ છે તો હોવાપણે છે એનું શું સ્વરૂપ? કે, તેના દ્રવ્ય નામ પદાર્થપણે હોવું, એની શક્તિઓ એટલે ગુણો સ્વભાવપણે હોવું અને એની નવી નવી અવસ્થાપણે ઊપજવું અને પૂર્વની અવસ્થાનું બદલવું તે રીતે એનું અનંત દ્રવ્યનું હોવાપણું પોતા વડે તે ટકી રહ્યા છે. સમજાણું કાંઈ? **'આ વિશેષણથી આત્માનું અસ્તિત્વ...'** એટલે સત્ **'પ્રગટ કર્યું.'** સત્ એ છે અને હોવાપણું, અસ્તિત્વ–હોવાપણું પ્રગટ કર્યું. કહો! સમજાણું આમાં?

એ આત્મા... કહે છે કે, **'આવા ચૈતન્ય પુરુષને અશુદ્ધતા કઈ રીતે થઈ જેથી એને પોતાના અર્થની સિદ્ધિ કરવી પડે?'** પોતાના પ્રયોજનની સિદ્ધિ કરવી પડે તો એનો અર્થ ઇ કે એને અશુદ્ધતા ત્યાં વર્તે છે તો એ અશુદ્ધતા ટાળીને શુદ્ધતા પ્રગટ કરવી એ એની પ્રયોજનની સિદ્ધિ. શું કહ્યું? 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' તો પુરુષ એવો જે આત્મા, એનો અર્થ નામ પ્રયોજન, તો પ્રયોજન તો એને સુખનું પ્રયોજન છે. સુખની સિદ્ધિ થવી, સુખની પ્રાપ્તિ થવી. સુખની પ્રાપ્તિ થવી એવો જે પુરુષ એટલે આત્મા એની અર્થની સિદ્ધિ એ શું કરવા કરવી પડે છે? કેમકે જ્યારે એનામાં અશુદ્ધતા હોય, દુઃખરૂપ દશા હોય તો તેને પ્રયોજનની સિદ્ધિ કરવી પડે. તો દુઃખરૂપ દશા છે કેમ? સમજાણું કાંઈ? ક્યાં ગયા? 'રસિકભાઈ' આવ્યા છે કે નહિ? કહો! સમજાણું આમાં?

કહે છે કે, એવો જે આ પુરુષ એટલે આત્મા હોવાપણે આ રીતે છે કે જે વસ્તુ તરીકે પદાર્થ છે અને વસ્તુ છે તો એની શક્તિઓ પણ હોય. સાકર વસ્તુ છે તો એની સફેદાય, મીઠાશ આદિ એની શક્તિઓ–ગુણ પણ હોય અને ગુણ છે તો તે આત્માના ગુણ કેટલા દ્રવ્યના? એક વસ્તુ છે વસ્તુ તરીકે, એની શક્તિઓ એટલે ગુણ એટલે વસ્તુ જેમ કાયમ રહેનારી છે એમ એના ગુણ કાયમ રહેનારા છે એ અનંત છે. પણ તેની વર્તમાન દશાનું ઊપજવું, એક એક સમયની અવસ્થાનું નવું થવું, જૂની અવસ્થાનું જવું એની સ્થિતિ એક સમયની છે. એ રીતે દરેક દ્રવ્ય ટકી રહ્યા છે, હોવાપણે રહ્યા છે. એમ આત્મા પણ એ રીતે હોવાપણે રહ્યો છે. પણ એ રીતે હોવાપણું હોવા છતાં એને અશુદ્ધતા કઈ રીતે થઈ? શું કહે છે? કે એને કાંઈ સુખના ઉપાયો માટે સિદ્ધિ કરવાનો ઉપાય કરવો પડે, તો એનો અર્થ ઇ થયો કે એને વર્તમાનમાં સુખના પ્રયોજનની સિદ્ધિ નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જગતને તો સુખ માટે તાલાવેલી છે ને? સુખ મેળવવું... સુખ મેળવવું... સુખ મેળવવું... ત્યારે સુખ મેળવવું અને સુખનો ઉપાય. હવે સુખ મેળવવું (છે) ત્યારે એનો અર્થ ઇ છે કે એની પાસે સુખ નથી. જો એની દશામાં સુખ હોય તો સુખ મેળવવું એમ બને નહિ. તો એની દશામાં અસુખ છે એટલે દુઃખ છે એટલે કે અશુદ્ધતા છે એટલે કે મલિનતા છે, એ મલિનતા કઈ રીતે થઈ? 'ખોડીદાસભાઈ'! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્યારે આવો ગુણ, શક્તિ ને પર્યાય સહિત છે અને ઊપજવા, બદલવા ને ધ્રુવ એનું અસ્તિત્વ છે તો એવા આત્માને પ્રયોજન માટે પ્રયત્નની સિદ્ધિ કરવી, પ્રયત્નથી પ્રયોજનની–સુખની સિદ્ધિ કરવી તો એનો અર્થ એ થયો કે, એને અશુદ્ધતા છે એટલે કે દુઃખ છે, એટલે કે આકુળતા છે તો એ આકુળતા ઉત્પન્ન થઈ કેમ કે જેથી તેને ટાળીને સુખની શાંતિનું પ્રયોજન સિદ્ધ કરવું પડે છે? બરાબર છે? આ નિર્ધનતા આવી કેમ કે જેથી નિર્ધનતા ટાળીને સધનતા કરવી પડે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– બરાબર હૈ.

ઉત્તર :– બરાબર છે? આખો દિ' બિચારા તરફડીયા મારે છે કે નહિ? આમ કરું તો આમ કરીએ સુખ થાય, આમ કરીએ સુખ થાય, આમ કરીએ ઠીક થાય, ઠીક થાય. ઠીક કહો! સુખ કહો! હિત કહો! પ્રયોજન કહો. આમ કરીશ આમ (ઠીક થશે). તો પ્રયોજન કરવા મથે છે પણ એ પ્રયોજન શું કરવું છે એની એને ખબર નથી. અને પ્રયોજન સિદ્ધ કરવું છે તો એ શું કરવા કરવું છે? કે, ભાઈ! અંદર મલિનતા છે, અશુદ્ધતા છે, દુઃખ છે, આકુળતા છે. એની દશામાં આકુળતા છે. એનું ઊપજવું અને વ્યય થવું એ આકુળતાપણે ઊપજે છે ને આકુળતાપણાથી વ્યય પામે છે. એવા આત્માને અનાદિથી આકુળતા એની દશામાં છે. તે કઈ રીતે છે? એમ પ્રશ્ન કર્યો છે. **'જેથી એને પોતાના અર્થની સિદ્ધિ કરવી પડે?'** કે, જે દુઃખરૂપ દશા કેમ છે કે જેથી એને સુખના પ્રયોજનની સિદ્ધિ કરવી પડે? **'તેનો ઉત્તર આગળ કહે છે–'** ૧૦ મી (ગાથા).

## ગાથા–૧૦

**પ્રશ્ન :– આવા ચૈતન્ય પુરુષને અશુદ્ધતા કઈ રીતે થઈ જેથી એને પોતાના અર્થની સિદ્ધિ કરવી પડે? તેનો ઉત્તર આગળ કહે છે -**

**परिणममानो नित्यं ज्ञानविवर्तैरनादिसन्तत्या।**
**परिणामानां स्वेषां स भवति कर्ता च भोक्ता च।।१०।।**

www.vitragvani.com



અન્વયાર્થ :– [ सः ] તે ચૈતન્ય આત્મા [ अनादिसन्तत्या ] અનાદિની પરિપાટીથી [ नित्यं ] નિરંતર [ ज्ञानविवर्तैः ] જ્ઞાનાદિ ગુણોના વિકારરૂપ રાગાદિ પરિણામોથી [ परिणममानः ] પરિણમતો થકો [ स्वेषां ] પોતાના [ परिणामानां ] રાગાદિ પરિણામોનો [ कर्ता च भोक्ता च ] કર્તા અને ભોક્તા પણ [ भवति ] થાય છે.

ટીકા :– 'अनादिसन्तत्या नित्यं ज्ञानविवर्तैः परिणममानः स्वेषां परिणामानां कर्ता च भोक्ता च भवति।' - તે ચૈતન્ય પુરુષ અનાદિની પરિપાટીથી સદા જ્ઞાન ચારિત્રરહિત જે રાગાદિ પરિણામ તે વડે પરિણમતો થકો પોતાના જે રાગાદિ પરિણામ થયા તેનો એ કર્તા પણ છે અને ભોક્તા પણ છે.

ભાવાર્થ :– આ આત્માને નવી અશુદ્ધતા થઈ નથી. અનાદિકાલથી સંતાનરૂપે દ્રવ્યકર્મથી રાગાદિ થાય છે. રાગાદિથી વળી દ્રવ્યકર્મનો બંધ થાય છે. સુવર્ણકીટિકા જેમ અનાદિ સંબંધ છે. તે સંબંધથી પોતાના જ્ઞાનસ્વભાવની ખબર જ નથી તેથી ઉદયાગત કર્મપર્યાયમાં ઇષ્ટ-અનિષ્ટભાવ વડે રાગ, દ્વેષ, મોહરૂપ પરિણમ્યો છે. જોકે આ પરિણામોને દ્રવ્યકર્મનું કારણ છે તોપણ એ પરિણામ ચેતનામય છે. તેમાં આ પરિણામનો વ્યાપ્યવ્યાપક ભાવથી આત્મા જ કર્તા છે.

ભાવ્યભાવકભાવથી આત્મા જ ભોક્તા છે, વ્યાપ્યવ્યાપકભાવ એટલે શું તે કહીએ છીએ. જે નિયમથી સહચારી હોય તેને વ્યાપ્તિ કહે છે. જેમ ધૂમાડા અને અગ્નિમાં સહચારીપણું છે. જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય અને અગ્નિ વિના ધૂમાડો ન હોય. તેમ રાગાદિભાવ અને આત્મામાં સહચારીપણું છે. જ્યાં રાગાદિ હોય ત્યાં આત્મા હોય જ. આત્મા વિના રાગાદિ ન હોય. આ વ્યાપ્તિક્રિયામાં જે કર્મ છે તેને વ્યાપ્ય કહીએ. આત્મા કર્તા છે તેને વ્યાપક કહીએ. આવી રીતે જ્યાં વ્યાપ્ય વ્યાપક સંબંધ હોય, ત્યાં કર્તાકર્મ સંબંધ સંભવે, બીજા સ્થાનમાં ન સંભવે. એ જ રીતે જે જે ભાવ અનુભવવા યોગ્ય હોય તેને ભાવ્ય કહીએ. અનુભવ કરનાર પદાર્થને ભાવક કહીએ. આવો ભાવ્યભાવકસંબંધ જ્યાં હોય ત્યાં ભોક્તાભોગ્યસંબંધ સંભવે, બીજી જગયાએ ન સંભવે. ૧૦.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા–૧૦ ઉપર પ્રવચન

**परिणममानो नित्यं ज्ञानविवर्तैरनादिसन्तत्या।**
**परिणामानां स्वेषां स भवति कर्ता च भोक्ता च।।१०।।**

**અન્વયાર્થ :– 'તે ચૈતન્ય આત્મા...'** છે ને અન્વયાર્થ? તે ભગવાન ચૈતન્ય આત્મા. આત્મા એ ચેતન અને ચૈતન્ય એનો જ્ઞાન, દર્શન આદિ સ્વભાવ ગુણ તે ચૈતન્ય. એ ચૈતન્ય આત્મા જાણનાર-દેખનાર સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... **'એવો ચૈતન્ય તે આત્મા અનાદિની પરિપાટીથી નિરંતર...'** અનાદિથી. કોઈ દિ' એ દશામાં શુદ્ધ હતો અને અશુદ્ધ નવો થયો એમ છે નહિ. અનાદિથી પહેલો દશામાં આનંદ હતો અને આનંદ હતો ને પછી દુઃખી થયો એમ છે નહિ.

**'અનાદિની પરિપાટીથી નિરંતર...'** એક સમય પણ જેને સુખની દશા અનાદિથી પ્રાપ્ત નથી. છે શું? કે, **'નિરંતર જ્ઞાનાદિ ગુણોના વિકારરૂપ...'** જુઓ! ભાષા અહીં છે. મારે બીજું કહેવું છે **'ज्ञानविवर्तैः'** શબ્દ પડ્યો છે ને? તો કોઈ એમ કહે, જ્ઞાનનું વળી વિપરીતપણું કેમ હોય? જ્ઞાન વિપરીતપણે પરિણમતું નથી, એ તો ઓછું હોય છે અને કાં એનો અભાવ હોય છે. સમજાય છે? 'ખાણીયા' (ચર્ચામાં) એ તકરાર લીધી છે. જ્ઞાનથી વિરુદ્ધ તે રાગાદિ છે. જ્ઞાનથી વિરુદ્ધ વળી રાગાદિ ક્યાંથી હોય? અહીં આ શબ્દ પડ્યો છે, જુઓ! આ તો હમણાં જ વાંચ્યું છે.

**'ज्ञानविवर्तैः'** જ્ઞાન શબ્દે ચૈતન્ય સ્વરૂપ આખા ગુણો બધા. ભગવાન આત્મા વસ્તુ તરીકે, શક્તિના પિંડ તરીકે અને એની જ્ઞાનાદિ અનંત શક્તિઓ જે છે તે **'વિકારરૂપ...'** એની દશામાં **'વિકારરૂપ રાગાદિ પરિણામોથી પરિણમતો થકો...'** અનાદિથી ભગવાન આત્મામાં એ અનંત જે ગુણો શક્તિ, સત્વ, ત્રિકાળ છે એની વર્તમાન દશામાં અનાદિથી રાગ-દ્વેષ-વિકારની વાસનારૂપે પરિણમવું, પરિણમવું અનાદિનું છે. છે? પરિણમવું એટલે થવું. **'વિકારરૂપ રાગાદિ પરિણામોથી પરિણમતો થકો...'** કર્તા સિદ્ધ કરે છે, કર્તા સિદ્ધ કરે છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપના વિકારરૂપે અનાદિથી પરિણમતો થકો. કર્તા થઈ કાર્ય કરતો થકો એમ કહે છે. કર્તા અને ભોક્તા સિદ્ધ કરે છે ને? સમજાણું કાંઈ? બીજું કરતો નથી, બીજાનું કર્યું નથી એણે, બીજાનું કરી શકતો પણ નથી. આ શું કીધું?

અનાદિથી પોતાના રાગ-દ્વેષના પરિણામપણે પરિણમતો થકો. વિકારપણે અનાદિથી કર્તા થઈને કાર્યરૂપે પરિણમતો થકો. આ બન્ને સિદ્ધ કર્યા. એણે અનાદિથી કરેલો છે વિકારનો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કર્તા થઈને વિકારરૂપે પરિણમ્યો, એ સિવાય એણે કાંઈ કર્યું નથી. પણ શેનું કરે? બીજા બધા પદાર્થ પોતાનું અસ્તિત્વ રાખી અને નવી નવી અવસ્થાપણે ઊપજે ને બદલે એ તો એનું પોતાનું સત્ છે. એના સત્‌માં આ હાથ નાખે કે હું તને બદલાવું. એ કેમ બદલી શકે? 'ધીરૂભાઈ'! બહુ ઝીણી વાત છે, હોં! ન્યાયથી કહેવાતું નથી આ?

કોઈ પણ વસ્તુ છે એ છે એના ત્રણ અંશો છે. કોઈ પણ પદાર્થ હોય એના ત્રણ અંશો હોય. કેમ? કે, તે પોતે કાયમ રહે માટે ધ્રુવ અંશ હોય અને ક્ષણે ક્ષણે તેમાં બદલવું થાય છે માટે તેને ઉત્પાદ ને વ્યય અંશ હોય. એકરૂપ રહેતું નથી. એકરૂપ હોય તો આ પલટવું પ્રત્યક્ષ દેખાય છે. તો પલટવાના અંશોથી પણ સત્ છે અને ટકવાના અંશથી પણ સત્ છે. બીજા બધા પદાર્થો પણ પલટવાના અંશથી પોતે સત્ છે એને આ બીજો પલટાવે એ કેમ બને? તો તો એનું પલટવાનું સત્ છે એ ચાલ્યું જાય. સમજાય છે કાંઈ?

અનાદિની સંતતિ, સંતતિ એટલે પરિપાટી. નવી અશુદ્ધતા નથી થઈ, દશામાં નવી મલિનતા નથી થઈ. એ મલિનતા અનાદિની છે એની પર્યાયમાં. પર્યાય એટલે હાલત–દશામાં. એનાથી નિરંતર રાગાદિ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપના વિકલ્પો આદિ વિકાર એ (રૂપે) પરિણમતો થકો. એ રૂપે અવસ્થાને કરતો થકો. રાગ-દ્વેષના વિકારી પરિણામને અનાદિથી નિરંતર સમયનો આંતરો પડ્યા વિના નિરંતર પરિણમતો, કરતો થકો. સમજાણું કાંઈ? દુકાનનું, મકાનનું કાંઈ કર્યું નથી એમ કહે છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– એ સમજાય છે પણ કોને? કોને? એનો ઉત્પાદ કોનામાં થયો? સમજવાની પર્યાયનો ઉત્પાદ કોનામાં થયો? ઇ જ અહીં તો વાત ચાલે છે. કાંઈ નિમિત્તમાં ઉત્પાદ થયો કે નિમિત્તને લઈને થયો કે પોતાથી થયો? ખલાસ થઈ ગઈ વાત, ઊડી ગઈ બધી.

એક ક્ષણમાં પણ તે વસ્તુમાં તે ગુણોનું ઊપજવારૂપે પર્યાયનું હોવાપણું તે ક્ષણે છે કે નહિ? તો તે ક્ષણે ઉત્પાદ જે નવી અવસ્થા થાય એ એમાં થાય છે, એનાથી થાય છે કે બીજાથી થાય છે કે બીજામાં થાય છે? લોજીકથી, ન્યાયથી સમજવું પડશે કે નહિ એમાં?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ જાય ક્યાં? જાય ક્યાં ને આવે ક્યાં? દરેક સમયમાં... એ છોકરાઓ અંદર આવો. ન્યાં વાતું કરશે, અંદર આવી જાઓ બધા. આ સાંભળવા જેવું છે, આ ઝોલા ખાવા જેવું નથી. શું કહે છે?

આ તો બહુ સાદી ભાષાથી આવે છે, એમાં કાંઈ કોઈ એવી (અઘરી ભાષા નથી). વસ્તુ જે છે ભગવાન આત્મા, એની શક્તિઓનો પિંડ તેને પદાર્થ કહીએ અને તેની અનેક શક્તિઓને ગુણ કહીએ. એની ક્ષણે ક્ષણે કંઈ પણ અવસ્થા ન થાય તો કાર્ય બદલે નહિ. એ નવી નવી અવસ્થા બદલે છે, તો કહે છે કે અનાદિની અવસ્થા રાગ-દ્વેષ ને પુણ્ય-

www.vitragvani.com



પાપના પરિણામપણે પરિણમતો તે બદલી રહ્યો છે. સમજાણું કાંઈ? કહો! બરાબર છે?

**'પોતાના રાગાદિ પરિણામોનો...'** જુઓ! એ અનાદિથી પોતામાં રાગ અને દ્વેષ, શુભ અને અશુભભાવ એવા વિકારપણે પર્યાય એટલે અવસ્થામાં નવી નવી અવસ્થાપણે ઊપજતો થકો જૂની અવસ્થાના બદલવાથી–વ્યયથી નવી નવી પણે થતો તેનો–તે વિકારનો કર્તા આત્મા થાય છે. કહો! બરાબર છે? **'અને ભોક્તા પણ થાય છે.'** એ વિકારી પરિણામ જે રાગ અને દ્વેષના ઉત્પન્ન કરે છે એ પણે પરિણમે છે તે તેનું કાર્ય થયું અને તેનો કર્તા એ આત્મા છે અને એ વિકારીને ભોગવે છે, ભોગ્ય એ છે ને આત્મા ભોક્તા છે એ એનું ભોક્તા-ભોગ્ય વિકારી ભાવ છે. એણે અનાદિથી કર્યું હોય તો વિકારી પરિણામને સતત કરીને કર્તા થઈને વિકારનું કાર્ય કરે છે. ભોગવ્યો હોય તો અનાદિથી વિકારી પરિણામનો ભોક્તા થઈને ભોગ્ય–વિકારને ભોગ્ય બનાવ્યું છે. પરવસ્તુને ભોગ્ય બનાવ્યું છે ને પરવસ્તુ ભોગવે છે એ એની ચીજમાં ત્રણકાળમાં કોઈ દિ' નથી. કહો! સમજાણું આમાં?

**'કર્તા અને ભોક્તા પણ થાય છે.'** **'परिणामानां'** પરિણમતો થકો. પરિણમતો થકો તો એકલો કર્તા થયો. તેથી કહે કે, **'परिणामानां कर्ता च भोक्ता'** કર્તા ને ભોક્તા પણ થાય છે. એના અંતરમાં એની વિકારી દશા પરિણમે છે, થાય છે તેનો તે કર્તા છે. તે વિકારી દશા તે તેનું કર્મ નામ કાર્ય છે. એ વિકારી દશા તેનું ભોગ્ય છે, તેનો એ આત્મા ભોક્તા છે. કહો! સમજાણું કાંઈ? એણે કોઈ દિ' દાળ, ભાતને ભોગવ્યા નથી, એણે ત્રણકાળ, ત્રણલોકમાં કોઈ દિ' સ્ત્રીને ભોગવી નથી કે મકાનને ભોગવ્યા નથી. શું ભોગવ્યું છે? એનું ભોગ્ય શું? ભોગવવાને લાયક શું? એ વિકારી ભાવ જે કરે છે તે તેનું ભોગ્ય છે. એનો ભોક્તા આત્મા. પરવસ્તુ ભોગવવાને લાયક, આત્મા ભોક્તા એ વસ્તુમાં છે નહિ. કહો! સમજાણું આમાં? એની ટીકા. આ તો મહાસિદ્ધાંતો છે, હોં! તમારા વકીલાતના કોર્ટના કાયદા બધા સમજવા જેવા છે. આ તો મહાસિદ્ધાંત છે.

**ટીકા :– 'તે ચૈતન્ય પુરુષ...'** તે આ ચૈતન્યપુરુષ અનાદિનો. **'અનાદિની પરિપાટી...'** પરિપાટી–આમ એક પછી એક, એક પછી એક, એક પછી એક અનાદિથી. **'સદા જ્ઞાન ચારિત્રરહિત...'** સદાય આત્માના જ્ઞાનની નિર્મળ પર્યાય અને શાંતિની સ્થિરતા, એનાથી અનાદિથી તે રહિત છે. આત્માનું સમ્યગ્જ્ઞાન અને આત્માની શાંતિની સ્થિરતા એનાથી તે અનાદિથી રહિત છે. **'જે રાગાદિ પરિણામ...'** એનાથી રહિત જે રાગાદિ પરિણામ. પુણ્ય ને પાપના પરિણામ ચાહે તો દયા, દાન, વ્રતના શુભભાવ હો તોપણ તે જ્ઞાનાદિ ને ચારિત્ર રહિત પરિણામ છે. કહો! બરાબર છે? છે એમાં? આત્મામાં દયા, દાન, ભક્તિ શુભરાગ થાઓ કે હિંસા, જૂઠ, ભોગનો અશુભરાગ થાઓ, એ રાગમાં જ્ઞાન ને શાંતિનો અભાવ છે. છે?

**'સદા જ્ઞાન ચારિત્રરહિત જે રાગાદિ પરિણામ...'** જેમાં સમ્યગ્જ્ઞાનની દશા નથી, જેમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

સમ્યક્શાંતિની સ્થિરતા નથી એવા સ્થિરતા ને સમ્યક્જ્ઞાનના ભાવ રહિત પુણ્ય ને પાપના પરિણામ, **'તે વડે પરિણમતો થકો...'** શુભ ને અશુભરાગ વડે થયો થકો, પરિણમતો થકો, કર્તા થઈને કર્મ–કાર્ય કરતો થકો. સમજાણું કાંઈ? ઇ કેવા પરિણામ છે? શુભ ને અશુભની દશા (કેવી છે?) કે, જ્ઞાન ને શાંતિથી રહિત છે. એમ કીધું? ચાહે તો શુભરાગ હો, ચાહે તો અશુભરાગપણે થાઓ પણ તેમાં જ્ઞાનનું જ્ઞાન સ્વભાવનું જ્ઞાનપણું આવ્યું નથી અને ચારિત્રનું શાંતિપણું એમાં નથી. આહા..!

કહે છે, **'અનાદિની પરિપાટીથી સદા...'** કોઈ એક સમય એનો આત્માના જ્ઞાન ને શાંતિમાં આવ્યો નથી. અનાદિથી.... આ શું કહેવા માગે છે? આ અશુદ્ધતાએ પરિણમ્યો છે કેમ? સમજાણું? કે, જેથી એને અર્થની સિદ્ધિ કરવી પડે, જેથી એને સુખની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો પડે. અનાદિથી એને પરિપાટી પાછી, એક પછી એક, એક પછી એક થઈ. સાંકળમાં એક પછી એક મકોડા હોય એમ એક પછી એક પરિપાટી. અને તે સદા અનાદિથી છે. જ્ઞાન અને ચારિત્ર (અર્થાત્) સ્વ સ્વરૂપનું સ્વસંવેદનજ્ઞાન અને સ્વસ્વરૂપમાં સ્થિરતારૂપ શાંતિ–ચારિત્ર, એના ભાવથી રહિત શુભ ને અશુભરાગથી થયો થકો, પરિણમતો થકો અનાદિ જીવ છે.

**'પોતાના જે રાગાદિ પરિણામ...'** પોતાના જે રાગાદિ પરિણામ, જુઓ! વિકારના પરિણામ શુભ-અશુભ થયા એ પોતાના છે, પોતાની દશામાં છે, કો'કના નથી. પોતાના જે રાગાદિ પર્યાય, શુભ ને અશુભ પર્યાય થયા તેનો તે કર્તા પણ થાય છે. એથી શું કીધું? પરિણમતો થકો. પરિણમતો થકો એ તો કાર્ય થયું. એટલે તેનો કર્તા પણ છે, એમ. પરિણમતો થકો એ તો કર્મ થયું અને પરિણમતો થકો તેનો એ કર્તા પણ છે. એનો કરનાર, રચનાર પણ એ આત્મા છે. સમજાણું કાંઈ? આ તો 'विदुषाम्' લખ્યું હતું નહિ? પરમાગમમાંથી અમે આ ઉદ્ધૃત કરીશું. પંડિતો માટે આ પુસ્તક 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. એવું 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે. સમજાણું કાંઈ?

**'તેનો એ કર્તા પણ છે અને ભોક્તા પણ છે.'** એટલે શું કહ્યું? કે, ભગવાન આત્મા અનાદિની એની દશામાં પુણ્ય ને પાપના રાગાદિપણે પરિણમતો થયો થકો તેનો કર્તા પણ થાય છે અને એ વિકારી પરિણામનો તે આત્મા અનાદિથી ભોક્તા પણ થાય છે. બહુ વાત સીધી અને ટૂંકી કરી. સમજાણું કાંઈ? પરનો બિલકુલ કર્તા પણ નથી, આત્મા સિવાય શરીર, વાણી, બાયડી, છોકરા, કુટુંબ, દેશ એવા પરપદાર્થનો જરી કોઈ દિ' એ રૂપે પરિણમ્યો નથી માટે તેનો કર્તા નથી. એનાપણે એ થયો નથી માટે તેનો એ ભોક્તા નથી.

કહો! દાળ, ભાત, શાક વખતે એ એના પર પરિણામપણે થાય છે કે એનો કર્તા થાય? એ તો પોતાના પરિણામપણે પરિણમે છે અને પરના પરિણામને ભોગવે છે તો પર પરિણામમાં પ્રવેશ કરે તો ભોગવે, તો પર પરિણામમાં પ્રવેશ એનો (છે નહિ). પોતાના

www.vitragvani.com



પરિણામમાં પોતે હરખ-શોક કરે, હરખ-શોક કરે અને એને ભોગવે, માને મૂઢ કે હું આ શરીરને ભોગવું છું, માંસને ભોગવું છું, લાડવાને ભોગવું છું. સમજાણું કાંઈ? ભારે વાત! આ કઈ જાતની વાત? આખો દિ' આ બધા સુધરેલાઓ મોટા મોટા હોશિયાર મોટા કેટલા કામ કરે! ડુંગરાના ડુંગરા તોડી નાખે, ફાડી નાખે, પાણીના બાંધ કરે મોટા. કરે છે નહિ? અહીં આપણે બંધ નથી? એકલ્યા. કાંઈ કરે નહિ, બાપુ! તને ખબર નથી, ભાઈ! તું ક્યાં ઊભો છો એ ક્યાં રહ્યો છો તું? એ ખબર છે એને? એ પરમાણુમાં રહ્યો છે? એ રહ્યો છે પોતાની ગુણ ને પર્યાય દશામાં.

મુમુક્ષુ :– બહાર નીકળતો નથી.

ઉત્તર :– બહાર નીકળી શકતો નથી તો રહ્યો છે ક્યાં? ઇ તો બતાવે છે કે, તારા મૂઢની મૂઢતા તો જો. તારામાં શું થાય છે એની તને ખબર નહિ અને બીજામાં થાય છે એની તને ખબર નહિ. આખા ગામનું કરે. સમજ્યા ને? પહેલું શરૂ કરવું ઘરથી, પછી કુટુંબનું, પછી નાતનું, પછી ગામનું, પછી આ માને ને પડ મોટી? પછી પ્રાંત ને પછી દેશ ને પછી વિશ્વનું. ઓહોહો..! શું કરે છે પણ તું? એક કોર કહે કે, વિશ્વ એટલે અનંત પદાર્થ છે એમ કહે અને વળી તું કહે કે, એક હું બીજા અનંત બીજાઓને કરું એ તારું અનંતપણું ભિન્ન રહ્યું ક્યાં? સમજાય છે કાંઈ? આહા..હા...! ભારે ભ્રમ અનાદિનો છે.

**ભાવાર્થ :– 'આ આત્માને નવી અશુદ્ધતા થઈ નથી.'** ઇ સિદ્ધ કરે છે. અનાદિની કીધું ને? **'अनादिसन्तत्या'** એની દશામાં, હાલતમાં, પર્યાયમાં, વર્તમાન ભાવમાં મલિનતા, જે પુણ્ય-પાપ ને દુ:ખની દશા છે એ નવી નથી થઈ, અનાદિની છે. આત્માને નવી અશુદ્ધતા થઈ નથી. અશુદ્ધતા છે કે નહિ? જો અશુદ્ધતા ન હોય તો એને સુખ માટે ઝાંવા ન હોય. તો તો સુખી જ હોય. તો કાંઈ કરવા તો માગે છે. કાંઈક દુ:ખ ટાળવા માગે છે અને સુખ લેવા માગે છે, એવું તો સિદ્ધ થાય છે. એનો અર્થ કે, એની દશામાં દુ:ખ છે, સુખ નથી. હવે એ દુ:ખને ટાળવા માટે પ્રયત્ન કરે તો એનો અર્થ કે, એ દુ:ખી છે વર્તમાન દશામાં. એ દુ:ખી પરને લઈને નહિ. નિર્ધનતા એ દુ:ખ નથી. આહાર-પાણીનો સંયોગ ન થવો એ દુ:ખ નથી. એની દશામાં રાગ અને દ્વેષપણે થવું તે દુ:ખ છે. સમજાણું કાંઈ?

હવે જ્યાં દુ:ખ છે તેને ખબર નથી ને એને ટાળવા (માંગે છે). આ સંયોગ આવ્યા તે દુ:ખ છે એને હડસેલો. એ હડસેલે દુ:ખ મટશે? અને એ હડસેલે તારાથી દૂર થાય? પહેલો એમ છે, એમ છે, છે તેમ કહે છે. આમ માને છે કે, અમે આ પ્રતિકૂળતા છે. આહાર નથી મળતો, પાણી નથી મળતું, શરીરમાં રોગ છે. એ દુ:ખ છે. એ વાત જ જૂઠી છે. એ તો જડની, પરની દશા છે. પરનો ઉત્પાદ, પરમાં થયેલો એ ઉત્પાદ તને ક્યાં દુ:ખરૂપ ઉત્પન્ન કરાવે છે? તારો ઉત્પાદ દુ:ખની દશા–આ ઠીક નહિ–એવો ઉત્પાદ તો તું ઊભો કરે છો. તારી દશામાં રાગ ને વિકારને ઉત્પન્ન કરીને દુ:ખની દશા તેં ઉત્પન્ન કરી છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તારામાં કરી છે, પરને લઈને નહિ, પરના કારણે નહિ, પરમાં નહિ. એક્કે તત્ત્વની ખબર ન મળે ને એમ ને એમ ચાલ્યો જાય છે, ગાંડાની જેમ. સમજાણું કાંઈ? ગાંડા સમજો છો? પાગલ. અમારે અહીંયા કાઠિયાવાડમાં ગાંડા કહે છે.

**ભાવાર્થ :– 'આ આત્માને નવી અશુદ્ધતા થઈ નથી.'** કેમ? કે એને પ્રયોજન સિદ્ધ કરવું છે, સુખી નથી એમ. અનાદિથી દુઃખી છે. બિચારો દુઃખી છે, અશુદ્ધતા કહો કે દુઃખ કહો. રાગ-દ્વેષના ભાવ કહો કે દુઃખ કહો. અને દુઃખ જો ન હોય તો અતીન્દ્રિય આનંદ સ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે તો એને અતીન્દ્રિય આનંદનો વર્તમાન દશામાં આનંદની મજાનો અનુભવ હોવો જોઈએ. એ અતીન્દ્રિય સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ ચિદ્ ને આનંદ, આનંદ અતીન્દ્રિય આનંદનો પિંડ છે. જો એની દશામાં દુઃખ ન હોય તો અતીન્દ્રિય આનંદનું વેદન પ્રત્યક્ષ દેખાવું જોઈએ, એ છે નહિ. અતીન્દ્રિય આનંદનો અભાવ તો ઇન્દ્રિયના તરફના દુઃખની દશાનો સદ્ભાવ. 'શોભાલાલજી'! દુઃખ છે દુઃખ, કહે છે. આ પૈસાવાળા કરોડોપતિ પાંચ પાંચ, કો'ક ચાલીશ કરોડ. એય...! દુઃખી છે એમ કહે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એને લઈને ક્યાં છે? એ તો ના પાડી. આહાહા...! સત્યની દૃષ્ટિ જુદી ને અજ્ઞાનીની દૃષ્ટિ જુદી. અબજો રૂપિયા આમ પડ્યા હોય તો એને લઈને અહીં સુખની કલ્પના છે? માને છે કે, હું સુખી છું. એ કલ્પના તો દુઃખ છે, દુઃખ છે, દુઃખ પોતે ઊભું કર્યું છે, શૂળ પોતે ઊભું કર્યું છે. આ ભારે, ભાઈ! કહો! સમજાણું આમાં? આમાં સમજાણું? આ કરીએ એમાં (સમજાણું)? એમ કહેવાય છે. પેલું તો... ભારે આ દુનિયાની, દુનિયાની નિશાળ જુદી, આ નિશાળ જુદી છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ તરીકે સત્ છે, હોવાપણે છે તો એના હોવાપણાના કાયમમાં તો દુઃખ છે નહિ. એની વર્તમાન દશામાં અનાદિથી અશુદ્ધતા કહો! મલિનતા કહો! દુઃખ કહો! આકુળતા કહો! રાગ-દ્વેષભાવ કહો! એવી અશુદ્ધતા અનાદિથી એની દશામાં થઈ રહી છે. સમજાણું કાંઈ?

**'અનાદિકાળથી સંતાનરૂપે દ્રવ્યકર્મથી રાગાદિ થાય છે.'** હવે નિમિત્ત કીધું. રાગાદિ, રાગાદિ થાય છે એમાં નિમિત્ત કોણ છે? પૂર્વનું જડ કર્મ. એનું લક્ષ પર ઉપર જાય છે. આત્મા ઉપર જાય તો એ તો આનંદની મૂર્તિ છે. એટલે અનાદિનું એનું લક્ષ પર ઉપર જાય છે. પર કોણ? કે, એ જડકર્મ છે તે. ભલે એને ખબર ન હોય. સમજાણું? દ્રવ્યકર્મ, રાગાદિ. જડ કર્મ માટીના પરમાણુ પડ્યા છે. એ પણ એના ઉત્પાદથી થયેલા છે, હોં! એ રજકણો, પણ તેના લક્ષમાં જતાં અજ્ઞાનીને સ્વનું લક્ષ અનાદિથી છૂટ્યું છે એથી તેને પરના લક્ષે એટલે પરનું નિમિત્ત છે એમાં પોતાને રાગ-દ્વેષ પોતામાં થાય છે. કહો! સમજાણું કાંઈ?

**'રાગાદિથી વળી દ્રવ્યકર્મનો બંધ થાય છે.'** વળી જે રાગ ને દ્વેષ દુઃખરૂપ દશા કરે

www.vitragvani.com



છે એ નવા કર્મ બંધાય એમાં એ રાગ-દ્વેષ નિમિત્ત છે, નિમિત્ત છે. નવા જડ કર્મ, માટી બંધાય તેને આ રાગ-દ્વેષ નિમિત્ત છે અને એ રાગ-દ્વેષને પૂર્વના કર્મ તે નિમિત્ત છે. એમ અનાદિથી શૃંખલા નિમિત્ત-નિમિત્ત ચાલી જાય છે. સમજાણું કાંઈ? **'રાગાદિથી વળી દ્રવ્યકર્મનો બંધ થાય છે.'**

**'સુવર્ણકીટિકા જેમ અનાદિ સંબંધ છે.'** દાખલો આપે છે. સોનું અને પત્થર ખાણમાં હોય છે ને? પત્થર અને સોનાની... સોનાના પથરા નીકળે છે ને? એ સોનું ને માટી બે અનાદિના ભેગા જ છે. **'તે સંબંધથી પોતાના જ્ઞાનસ્વભાવની ખબર જ નથી...'** સુવર્ણ ને કીટિકા જેમ આત્માને એને કર્મને... કર્મ એટલે જડ સત્તા, આત્મા સોનું. એ સોનાને ને પત્થરાને એક ખાણમાં હોય છે ને પથરા? પછી લાવે છે ને? 'મુંબઈ' માં મોટા કારખાના હોય ને? સોનું જુદું પાડે ને પત્થર જુદા પડી જાય. અનાદિ ખાણમાં જેમ સોનું અને પત્થર એક સંબંધે દેખાય જોડે છે એમ આત્મા અનાદિથી પોતાના વિકારભાવને કરે એમાં જડકર્મનો સંયોગ સંબંધ છે.

**'તે સંબંધથી પોતાના જ્ઞાનસ્વભાવની ખબર જ નથી...'** અનાદિનો પરના સંબંધના લક્ષે ગયો છે તેથી સ્વ સ્વભાવમાં સમવાય સંબંધમાં આનંદની સાથે મારે આત્માને સંબંધ છે એવા જ્ઞાન સ્વભાવની એને ખબર નથી. હું એક જાણનાર ચૈતન્યમૂર્તિ છું, જ્ઞાયક ચૈતન્ય-સૂર્ય છું. જાણવાના અસ્તિત્વવાળો જે ગુણ છે તે ચૈતન્ય સૂર્ય સ્વભાવ છે. એવા જ્ઞાન સ્વભાવની અનાદિથી પરના સંબંધના લક્ષે જોડાયેલો, સોનું જેમ કીટિ અને પત્થર સાથે જોડાયેલું (છે) તેને જુદા સોનાની ખબર નથી. એમ આને પોતાના સ્વરૂપની, પરના સંબંધના લક્ષે અનાદિથી રાગમાં (પરિણમતો) થકો, વિકારપણે થયો થકો તેને જ્ઞાનસ્વરૂપ–ચૈતન્ય સ્વરૂપની એને અનાદિથી ખબર નથી.

**'તેથી ઉદયાગત કર્મપર્યાયમાં...'** તેથી જે કંઈ કર્મની દશામાં ઉદય આવે તેમાં, **'ઇષ્ટ-અનિષ્ટભાવ વડે...'** આ ઠીક-અઠીક એવા ભાવ વડે, **'રાગ, દ્વેષ, મોહરૂપ પરિણમ્યો છે.'** બાહ્ય પદાર્થ મળે એમાં આ ઠીક છે, આ અઠીક છે એમ પરના સાવધાનીમાં રાગ-દ્વેષપણે પરિણમ્યો, થયો (છે). પરિણમ્યો એટલે થયો. ઉદયાગત કર્મ દશામાં, કર્મની અવસ્થામાં ઇષ્ટ-અનિષ્ટ–આ ઠીક ને અઠીક (કરે છે). શરીર સુંદર તો ઠીક, રોગ અઠીક. બહારની પ્રતિકૂળતા અઠીક, અનુકૂળતા ઠીક એવી કલ્પનામાં અજ્ઞાની અનાદિથી **'ઇષ્ટ-અનિષ્ટભાવ વડે રાગ-દ્વેષ ને મોહરૂપ પરિણમ્યો છે.'** પરના સાવધાનીમાં ગયો, પોતાના સ્વરૂપની સાવધાનીને અનાદિથી ચુકેલો, પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપની સાવધાનીથી અનાદિથી ચુકેલો પરના લક્ષમાં સાવધાનીમાં ગયેલો અનાદિથી રાગ અને દ્વેષ અને મોહપણે થઈ રહ્યો છે. સમજાય એવું છે, હોં! આમાં નથી સમજાય એવું નથી. આ કાંઈ બહુ ઝીણું નથી. સમજાણું કાંઈ?

**'જોકે આ પરિણામોને...'** જે કાંઈ પોતે રાગ અને દ્વેષ, પુણ્ય ને પાપ મલિન અશુદ્ધતારૂપ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભાવ (થાય છે) એને દ્રવ્યકર્મનું નિમિત્ત છે. જડકર્મનું '**કારણ છે...**' કારણ એટલે નિમિત્ત કારણ, હોં! પૂર્વનું કર્મ નિમિત્ત છે. અહીં પોતે કરે છે તો એને નિમિત્ત કહેવાય છે. '**તોપણ એ પરિણામ ચેતનામય છે.**' રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ ને વિકલ્પની લાગણીઓ એ ચેતનાની દશામાં અસ્તિત્વમાં છે. માટે તેને ચેતનામય કીધી છે. એ કાંઈ જડ રજકણમય નથી એ દશા. સમજાણું? ચિદ્દાભાસ. રાગ અને દ્વેષ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ એ બધા વિકાર છે. એ વિકાર ચેતનામય છે. ચેતના તેમાં ચેતાય ગયેલી છે. રાગ-દ્વેષમાં એકાગ્ર ચેતના થાય છે, એ ચેતનાની દશા છે, જડની નથી, માટીની નથી, કર્મની નથી.

'**તેમાં આ પરિણામનો વ્યાપ્યવ્યાપક ભાવથી આત્મા જ કર્તા છે.**' લ્યો! એ '**પરિણામનો વ્યાપ્યવ્યાપક ભાવથી...**' વિકારી પરિણામ જે થયા, શુભ-અશુભ રાગાદિ થયા, અશુભ મલિન પર્યાય થઈ તેના પરિણામોમાં વ્યાપ્યવ્યાપક (એટલે) પરિણામ તે વ્યાપ્ય અને આત્મા વ્યાપક, એવો વ્યાપ્યવ્યાપક સંબંધ વિકારના પરિણામ સાથે આત્માને છે, પરની સાથે કાંઈ સંબંધ નથી. જુઓ! કર્મનું કારણ કહ્યું હતું પણ એની સાથે વ્યાપ્યવ્યાપક સંબંધ નથી. કર્મ તે વ્યાપક નામ કરનાર અને વિકારી પરિણામ તેનું વ્યાપ્ય નામ કર્મ, એમ નથી. આત્મા તે વિકારી પરિણામનો વ્યાપક નામ કરનાર અને વ્યાપ્ય નામ એનું કામ એ આત્માનું છે, જડકર્મનું નથી. સમજાણું કાંઈ?

અશુદ્ધતા આ રીતે ઊભી કરેલી તેં છે, એમ કીધું છે. ત્રણ બોલ લેશે. વ્યાપ્ય, વ્યાપ્તિ અને વ્યાપક–ત્રણ બોલ લેશે. બે બોલ લીધા પણ હવે સમજાવવું છે ક્રિયાને. વ્યપ્તિ–ક્રિયા. શું કહે છે? કે, આ આત્મા વર્તમાન દશામાં, હાલતમાં... પર્યાય કહો! હાલત કહો! અવસ્થા કહો–અનાદિથી રાગ અને દ્વેષના વિકારી પર્યાયપણે પરિણમતો વ્યાપ્યવ્યાપકનો એની સાથે સંબંધ છે. એ પરિણામ છે તે વ્યાપ્ય એટલે થયેલા કાર્ય છે (અને) આત્મા તેનો રચનારો માટે તેનો વ્યાપક, કર્તા છે. સમજાણું કાંઈ? કર્મ તેનો વ્યાપક કર્તા અને વિકારી પરિણામ તેનું વ્યાપ્ય, કર્મ એટલે કાર્ય, એમ નથી. ભારે વાત, ભાઈ! ભાષા નવી જાતની. કોઈ દિ' એની નિશાળમાં ન આવ્યું હોય, ભણ્યો હોય એમાં ન આવ્યું હોય, એલ. એલ. બી. ભણ્યો પૂંછડા તો એમાં આ આવ્યું ન હોય, લ્યો! વકીલાતમાં આવું આવ્યું ન હોય.

અરે..! આત્માની સ્થિતિ શું થઈ રહી છે એની એને ખબર નથી. અને પરમાં પણ તેને લઈને શું થઈ રહ્યું છે એની એને ખબર નથી. જે ક્ષણે જે ત્યાં ઊભો હોય ત્યાં બીજા પદાર્થમાં એનાથી અન્યમાં કાંઈક પલટીને ક્રિયા થતી હોય એ કેને લઈને થાય એની એને ખબર નથી. તેમ એ વખતે મને રાગાદિ થાય એ કોને લઈને થાય? એને લઈને થાય કે મારા વ્યાપ્યવ્યાપકને લઈને થાય એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

'**આ પરિણામનો વ્યાપ્ય...**' એટલે અવસ્થા, '**વ્યાપક...**' એટલે પદાર્થ, કાયમ રહેનાર. કાયમ રહેનારને વ્યાપક કહીએ અને વર્તમાન થતી નવી અવસ્થાને વ્યાપ્ય, કામ કહીએ.

એ કામનો કર્તા આત્મા છે. આત્મા કર્તા ને એ કામ એમ સંબંધ છે. પણ પરદ્રવ્ય કર્તા ને આ કામ એમ સંબંધ છે નહિ.

તેમ પરદ્રવ્ય વસ્તુ છે તેનું વ્યાપક તે પરવસ્તુ છે, એની વર્તમાન દશા તેનું વ્યાપ્ય છે. એ વ્યાપ્ય ને વ્યાપક સંબંધ એના દ્રવ્યનો એની સાથે છે. એ દ્રવ્યનું વ્યાપ્ય--કામ આત્મા વ્યાપક કર્તા થઈને કરે એવો આત્મા અને પરમાં સંબંધ ત્રણકાળમાં છે નહિ. ભારે વાત, ભાઈ! બીડી વાળનારા બીડીની ઉપર શું કરે? મોઢા.. મોઢા. ટીમરુંના આ શું કહેવાય? આપટો. આપટો હોય છે ને? આપટા નથી કહેતા? બીડીના પાંદડાં. પત્તાને શું કહે છે? આપટાના પત્તા અને ટીમરુના પત્તા, બે પ્રકારના આવે છે ને? નથી આવતું? આપટાના નાના નાના પાંદડા (હોય છે). ન્યાં અમારી દુકાને બહુ થાતું ને! મોટો વેપાર હતો. 'કુંવરજીભાઈ' ને મોટો વેપાર. 'ઉમારાળા' થી મંગાવતા. લાખો બીડી.. લાખો બીડી. પહેલા (હતું), હવે બીજો ધંધો થઈ ગયો, બીડી કાઢી નાખી. આપટાના આવડા આવડા નાના પાંદડો હોય ને? એ આપટા કહેવાય, પેલા ટીમરું (કહેવાય). ટીમરુંના તો એક જ પાંદડાની બીડી થાય, આપટામાં તો બે, ત્રણ પાંદડા જોઈએ. નાના, નાના હોય ને? એને ભેગા કરીને ... કહે છે કે, એ કાર્ય તારું નથી એમ કહે છે. કેમકે એ પરમાણુ અસ્તિ છે, છે. છે કે નહિ? છે એ દેખાય કે ન હોય એ દેખાય? છે. તો છે એ અસ્તિ છે કે નાસ્તિ? અસ્તિ છે. તો અસ્તિમાં ત્રણ અંશ છે. એના પરમાણુમાં રજકણનું ટકવું, નવી અવસ્થાનું થવું, જૂનીનું જવું. એવી નવી અવસ્થાનું થવું એવું જે વ્યાપ્ય એની સાથે એના રજકણો વ્યાપક છે, આત્મા એની અવસ્થાને વ્યાપ્ય કરે એવો આત્મામાં કાંઈ સંબંધ છે નહિ. આજે દાખલામાં શેઠની બીડી આવી. કહો! સમજાણું કાંઈ? દર વખતે બીજા દાખલા આપીએ છીએ. એ તો કર્તા સિદ્ધ કર્યો. પછી વ્યાપ્યવ્યાપકની વ્યાખ્યા કરશે.

**'ભાવ્યભાવકભાવથી આત્મા જ ભોક્તા છે,...'** કર્તા-ભોક્તા શબ્દ છે ને પાઠમાં? એને સિદ્ધ કરે છે. ભગવાન આત્મા પોતાની વર્તમાન દશામાં જે અનાદિથી રાગ અને દ્વેષ જે અશુદ્ધતા કરે છે એ અશુદ્ધતા તેનું વ્યાપ્ય એટલે કામ અને આત્મા તેનો વ્યાપક એટલે કર્તા. એમ આત્મા જ પોતાના પરિણામનો ભોગ્ય, આત્મા એનો ભોક્તા. ભાવ્ય એટલે વિકારી પરિણામ તે ભાવ્ય છે, ભોગવવાને લાયક છે. ભાવક તે આત્મા તે ભોગવવાને લાયક ભોક્તા છે, ભાવ્યભાવકભાવ. આહાહા..! સમજાણું કાંઈ?

ભાવ્ય નામ ભોગવવા લાયક પરિણામ, ભાવક ભોગવનારો, એવો જે ભાવ–ભાવ્યભાવકભાવથી આત્મા પોતે પોતાના વિકારી પરિણામનો ભોક્તા છે. બીજા પરિણામની બીજી દશાને આત્માને ભોગવી શકતો નથી. તેમ પોતાની પર્યાયને બીજો ભોગવે એમ બનતું નથી, એમ બીજાની દશાને આ ભોગવે એમ બનતું નથી કેમકે બન્નેના સત્‌નું અસ્તિત્વ ભિન્ન ભિન્ન રહેલું છે. સમજાણું કાંઈ? કહો! 'ધીરૂભાઈ'! આ કહે છે, ગામનું કાંઈ કરી

www.vitragvani.com



શકતો નથી. ... એમ કહે છે. આ પુસ્તક-બુસ્તક તો હરામ બનાવતો હોય તો આત્મા. એ રજકણની પર્યાય લકવા થાય એવી છે. ઘણી એને પ્રેરણા કરે, શેની ચાલે? એ તો એને ચાલવું હોય તો ચાલે, તારાથી કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? વ્યાપ્યવ્યાપકભાવ એટલે શું એની પછી વાત કરશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૩, ગાથા–૧૦. સોમવાર, માગશર વદ ૧૪, તા. ૦૯-૦૧-૧૯૬૭

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ગાથા ૧૦. પુરુષ એટલે કે ચૈતન્ય આત્મા. એને આ અશુદ્ધતા કઈ રીતે થઈ? પ્રશ્ન એ છે. 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' પુરુષ એટલે ચૈતન્ય સ્વરૂપ આત્મા, એની મુક્તિની શુદ્ધિની સિદ્ધિનો ઉપાય. પ્રયોજનનો ઉપાય કરવો હોય તો અશુદ્ધતા થઈ કઈ રીતે? એ પ્રશ્ન છે. અશુદ્ધતા હોય તો એને અશુદ્ધતા ટાળવાની ને શુદ્ધતા કરવાનો પ્રયત્ન હોય. તો અશુદ્ધતા થઈ કઈ રીતે? એ પ્રશ્ન છે. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યસ્વરૂપ આત્મા, એની પ્રયોજનની સિદ્ધિ કરવી છે તો એનો અર્થ કે એને પ્રયોજનની સિદ્ધિ નથી. એટલે કે એને અશુદ્ધતા–મલિનતા એની દશામાં છે તો એ મલિનતા આવી કઈ રીતે કે જેને ટાળીને પોતાની શાંતિનું પ્રયોજન સિદ્ધ કરવું પડે? સમજાણું કાંઈ?

એનો ઉત્તર આ ચાલે છે. **'આ પરિણામનો વ્યાપ્યવ્યાપક ભાવથી આત્મા જ કર્તા છે.'** શું કહે છે? જે શુભ-અશુભરાગ થાય છે ને? આત્મામાં શુભ ને અશુભ, પુણ્ય ને પાપના ભાવ, તેનો એ પરિણામનો આત્મા કર્તા છે. આત્માએ કરેલો એ વિકાર એ એનું કામ છે. એથી એને ટાળવા માટે સ્વભાવનો આશ્રય લઈને આત્માની સિદ્ધિ કરવી પડે છે. સમજાણું કાંઈ?

**'ભાવ્યભાવકભાવથી આત્મા જ ભોક્તા છે,...'** આત્મા પોતે જ પોતાના વિકાર ભાવનો વ્યાપ્ય એટલે અવસ્થા, વ્યાપક એટલે પોતે પદાર્થ એનો કર્તા અને એવા જ રાગ-દ્વેષ અથવા હરખ-શોકના ભાવ, એનું એ ભાવ્ય એટલે ભોગવવા લાયક (છે અને) આત્મા ભોક્તા (છે). પોતાના જ વિકારી હરખ-શોકના પરિણામને આત્મા ભોગવે છે માટે તેને ભોક્તા કહેવાય છે. બીજા બે સિદ્ધાંતો થયા–કર્તા ને ભોક્તા. વિકારનો (કર્તા) આત્મા ને ભોક્તા પણ વિકારનો આત્મા. કર્મને લઈને નહિ, કર્મનો કર્તા નહિ, કર્મનો ભોક્તા નહિ. કર્મને લઈને વિકારનો કર્તા નહિ, કર્મને લઈને વિકારનો ભોક્તા નહિ અને કર્મનો કર્તા ને કર્મનો ભોક્તા આત્મા નહિ એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ... તો કર્મને લઈને આવ્યું ને?

www.vitragvani.com



ઉત્તર :– ક્યાં આવ્યું? એનો પોતાના પરિણામ થયા, એમ થયું. નિમિત્તથી પરિણામ થયા, થયા તો પોતાના, એનાથી થયા છે ક્યાં? થયા છે પોતાના. વિકારી પરિણામ જીવ કરે છે, ત્યારે નિમિત્તથી થયા એમ વ્યવહારથી કહેવામાં આવે છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા (કહેવામાં આવે છે). આત્મા પરને કરતો નથી ને પરથી આત્મામાં કરાતું નથી. એ જ્યાં સુધી એને નિર્ણય ન થાય ત્યાં સુધી પુરુષાર્થથી એને ટાળવા એવો એને અવકાશ રહેતો નથી. કહો! સમજાણું કાંઈ? હવે એની વ્યાખ્યા કરે છે.

**'વ્યાપ્યવ્યાપકભાવ એટલે શું...'** તમે એમ કહ્યું કે, વ્યાપ્યવ્યાપકભાવથી આત્મા જ કર્તા છે, એમ છે ને? 'જ' છે ને? આત્મા જ પોતાના શુદ્ધ આનંદના મહાન સ્વભાવને... એથી આ શબ્દ આવ્યો હતો 'અબધુ'. 'આપ સ્વભાવમેં રે અબધુ સદા મગનમેં રહેના.' સમજાણું? 'આપ સ્વભાવમેં રે અબધુ સદા મગનમેં રહેના.' ધર્મી જીવે આપ સ્વભાવ એટલે આત્માનો જ્ઞાન, આનંદ આદિ ત્રિકાળ શુદ્ધ સ્વભાવ છે એમાં એણે મગ્ન રહેવું એટલે રુચિ, સ્થિરતા કરીને ઠરવું. એ મસ્ત ધર્મી જીવોનું એ કર્તવ્ય ને કાર્ય છે. સમજાણું કાંઈ? કહે છે, એ મસ્તપણું પ્રગટ્યું કઈ રીતે? પહેલા વિકારમાં પોતે કર્તાપણે હતો તો એ વિકારને ટાળનારો સ્વભાવની મસ્તીમાં આવીને વિકારને ટાળે છે. સમજાણું કાંઈ?

વ્યાપ્યવ્યાપકભાવથી જીવ એ પુણ્ય, પાપ, કામ, ક્રોધ, દયા, દાન, વ્રત આદિના શુભાશુભ વિકારભાવનો આત્મા વ્યાપ્યવ્યાપકથી કરનારો, રચનારો છે. એટલે શું કહે છે? વ્યાપ્યવ્યાપક એટલે શું? કે, **'જે નિયમથી સહચારી હોય તેને વ્યાપ્તિ કહે છે.'** વ્યાપ્ય અને વ્યાપક સમજાવવા પહેલા વ્યાપ્તિ સમજાવે છે. જે નિશ્ચયથી સાથે હોય, સહચારી હોય તેને વ્યાપ્તિ કહે છે. એટલે શું? વ્યાપ્તિ એટલે કેમ સમજવું? કે, **'જેમ ધૂમાડા અને અગ્નિમાં સહચારીપણું છે.'** જ્યાં ધૂમાડો હોય, ત્યાં અગ્નિ હોય જ. અગ્નિ ન હોય ત્યાં ધૂમાડો ન જ હોય. જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય જ અને જ્યાં અગ્નિ ન હોય ત્યાં ધૂમાડો ન જ હોય. અગ્નિ હોય ત્યાં ધૂમાડો હોય ને ન હોય એ પ્રશ્ન અહીં નથી અત્યારે. અહીં તો ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય જ, અગ્નિ ન હોય ત્યાં ધૂમાડો ન જ હોય. જેમ રસોડામાં ધૂમાડો છે તો અગ્નિ છે. તળાવમાં અગ્નિ નથી તો ધૂમાડો નથી. સમજાય છે કાંઈ?

**'જેમ ધૂમાડા અને અગ્નિમાં સહચારીપણું છે. જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય...'** એ સહચારી–સંબંધ છે, અવિનાભાવ સંબંધ છે. અવિનાભાવ સંબંધ. ધૂમાડાને ને અગ્નિને અવિનાભાવ સંબંધ છે. એટલે કે જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય જ અને અગ્નિ જ્યાં ન હોય ત્યાં ધૂમાડો ન હોય, એમ. ન જ હોય. **'અને અગ્નિ વિના ધૂમાડો ન હોય.'** અસ્તિ-નાસ્તિ અન્વય, વ્યતિરેક કર્યું. જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય જ, જ્યાં અગ્નિ ન હોય ત્યાં ધૂમાડો નથી. જ્યાં અગ્નિ હોય ત્યાં ધૂમાડો હોય એમ પ્રશ્ન નથી, એ પ્રશ્ન જુદો થઈ ગયો. અહીં તો ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય અને અગ્નિ ન હોય ત્યાં ધૂમાડો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ન હોય. સમજાણું કાંઈ? અન્વય, વ્યતિરેક થઈ ગયું. જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય, અગ્નિ વિના ધૂમાડો ન હોય. કેમ? એ દૃષ્ટાંત (થયો).

પુણ્ય-પાપના રાગાદિ ભાવ જે છે **'રાગાદિભાવ અને આત્મામાં સહચારીપણું છે.'** હવે પેલાની સાથે મેળવે છે. નિયમથી સહચારી હોય તેને વ્યાપ્તિ કહીએ. તો ત્યાં કહ્યું, ધૂમાડા ને અગ્નિમાં સહચારીપણું (છે). તેમ રાગાદિભાવ ને આત્મામાં સહચારીપણું છે. રાગ પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, પુણ્ય એ બધા ભાવ રાગ છે. શુભ-અશુભ રાગ વિકાર છે. જ્યાં વિકાર હોય ત્યાં આત્મા હોય જ, ત્યાં આત્મા હોય જ. આત્મા હોય ત્યાં વિકાર (હોય) એમ અત્યારે પ્રશ્ન નથી. જ્યાં રાગાદિભાવ, વિકારભાવ હોય ત્યાં આત્મા સાથે હોય જ, સહચારી સાથે હોય. અને **'જ્યાં રાગાદિ હોય ત્યાં આત્મા હોય જ.'** છે ને? સહચારી કીધું ને? હવે એના બે સિદ્ધાંત (કહેશે). જ્યાં પુણ્ય-પાપના ભાવ હોય ત્યાં આત્મા હોય જ અને આત્મા ન હોય ત્યાં પુણ્ય-પાપભાવ ન હોય. સમજાણું કાંઈ? ન્યાયથી મેળવે છે.

**'આત્મા વિના રાગાદિ ન હોય.'** રાગાદિ આત્મા વિના અધ્ધરમાં હોય? આકાશમાં, પરમાણુમાં હોય? સમજાણું કાંઈ? આ વ્યાપ્તિ. વ્યાપ્તિ એટલે અવિનાભાવ સંબંધ. અવિનાભાવ સંબંધ એટલે જ્યાં જ્યાં પુણ્ય-પાપના વિકાર ત્યાં-ત્યાં આત્મા અને જ્યાં-જ્યાં આત્મા નહિ, ત્યાં-ત્યાં વિકાર નહિ. એવા અ-વિનાભાવ સંબંધને વ્યાપ્તિ કહેવામાં આવે છે. સમજાણું આ? આ તો સાદી ભાષામાં છે, કાંઈ બહુ એવું ઝીણું નથી. ભાષા ભલે વ્યાપ્તિ ને વ્યાપ્યનું વ્યાપક કોઈ દિ' સાંભળ્યું પણ ન હોય. કેમ 'માંગીરામજી'! વ્યાપ્તિ, વ્યાપ્ય, વ્યાપક કોઈ દિ' દુકાનમાં આવ્યું ન હોય, પેલામાં આવ્યું ન હોય. ધર્મના નામમાં પણ સાંભળવામાં ન આવ્યું હોય, લ્યો! ન્યાં તો આ કરો, દયા પાળો, ભક્તિ કરો, વ્રત પાળો, આ કરો, આ કરો પણ એ શું છે? એમ સિદ્ધ કરે છે. એ ભાવ શું છે? દયાનો, વ્રતનો, પુણ્યનો, પાપનો એ ભાવ બધો વિકાર, રાગ, વિકાર છે અને વિકાર છે ત્યાં આત્મા છે, વિકાર છે ત્યાં જડ છે એમ ન હોય. સમજાણું કાંઈ? અને આત્મા ન હોય ત્યાં વિકાર ન હોય. જડમાં આત્મા નથી ત્યાં વિકાર નથી. સમજાય છે કાંઈ ? આ તો સહેલી ભાષા છે, હોં! છે જરી ન્યાયનો વિષય પણ ઝીણો છે.

મુમુક્ષુ :– વ્યાપ્તિ કર્મ સાથે છે?

ઉત્તર :– ના.. ના, બિલકુલ નથી.

**'આ વ્યાપ્તિક્રિયામાં જે કાર્ય છે...'** જે વિકારના પરિણામ હોય ત્યાં આત્મા હોય. આત્મા ન હોય ત્યાં વિકાર પરિણામ ન હોય. એવી જે ક્રિયા થઈ એ ક્રિયાનું જે કાર્ય આ રાગાદિ પરિણામ તે વ્યાપ્તિનું વ્યાપ્ય–કર્મ છે. એ ક્રિયાનું રાગ-દ્વેષ, પુણ્ય-પાપ તે કાર્ય છે. સમજાણું કાંઈ? **'તેને વ્યાપ્ય કહીએ.'** વિકારી પરિણામ જીવ વિના હોય નહિ, જીવ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ન હોય ત્યાં વિકાર હોય નહિ. એવા અવિનાભાવ સંબંધની વ્યાપ્તિક્રિયાના જે વર્તમાન, રાગાદિ પુણ્ય-પાપના ભાવ તેને વ્યાપ્ય એટલે કાર્ય એટલે કર્મ એટલે તેને કર્તવ્ય દશા કહેવામાં આવે છે. કહો! 'માંગીરામજી'!

એ વિકારી કર્તવ્ય કોનું? કે આત્માનું. એ વિકારી વ્યાપ્ય એ કર્મ, કર્મ એટલે કાર્ય. કર્મ (એટલે) અહીં જડની વાત નથી અત્યારે. શુભ ને અશુભ જે રાગ, પુણ્ય-પાપના જે વિકલ્પો એ વિકારનું આત્મા સાથે સંબંધપણું અને એ ન હોય ત્યાં ન હોય એવું સંબંધપણું સિદ્ધ કરીને એવી જે વ્યાપ્તિનું જે જ્ઞાન એ વ્યાપ્તિ તેનું જે તે કાળે તે વ્યાપ્ય એટલે વિકાર પરિણામ તેને કર્મ કહીએ, કર્તવ્ય કહીએ, કાર્ય કહીએ, એને વ્યાપ્ય કહીએ. વિકારી પરિણામને વ્યાપ્ય કહીએ. વ્યાપ્તિ ક્રિયાનું કાર્ય તે વિકાર તેને અહીંયાં વ્યાપ્ય અને કર્મ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– એક જ દ્રવ્યમાં કે બે દ્રવ્યમાં?

ઉત્તર :– ઇ ક્યાં વાત આવી? એની સાથે સંબંધ નથી. શું આવ્યું? વ્યાપ્યવ્યાપક કહ્યું ને? જ્યાં વિકાર છે ત્યાં આત્મા છે, આત્મા નથી ત્યાં વિકાર નથી, આમ આવ્યું ને? આત્મા છે ત્યાં વિકાર છે એમ અહીં પ્રશ્ન નથી લેવો. અહીં તો વિકાર છે ત્યાં આત્મા છે ને આત્મા નથી ત્યાં વિકાર નથી. સમજાણું કાંઈ? જ્યાં ધૂમાડો છે ત્યાં અગ્નિ છે ને અગ્નિ નથી ત્યાં ધૂમાડો નથી. તેથી અગ્નિ છે ત્યાં ધૂમાડો છે એ પ્રશ્ન અહીં અત્યારે નથી. એ સંબંધનું અહીં કામ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

તેને વ્યાપ્ય કહીએ. અહીં સિદ્ધ શું કરવું છે? કે, અશુદ્ધતા કઈ રીતે થઈ? આત્મામાં મલિનતા કઈ રીતે થઈ કે જેથી તે મલિનતાને ટાળવાનો ઉપાય જીવને કરવો પડે છે સમજાણું કાંઈ? ત્યારે સિદ્ધ કરે છે કે, મલિનતા આત્માના વ્યાપ્ય–કર્મ–કાર્યથી થઈ છે. એણે કર્યું તો થયું છે. એ મલિનતા કર્મને લઈને થઈ છે, એમ નથી. સમજાણું કાંઈ?

**'આત્મા કર્તા છે તેને વ્યાપક કહીએ.'** વ્યાપ્તિ, વ્યાપ્ય અને વ્યાપક–ત્રણને અહીંયા સમજાવ્યા છે. એટલે કે વ્યાપ્તિ તો જ્યાં જ્યાં રાગ છે ત્યાં ત્યાં આત્મા છે અને જ્યાં આત્મા નથી ત્યાં રાગ (નથી). એટલો વ્યાપ્તિ સંબંધ બતાવ્યો. હવે એ વ્યાપ્તિનું જે તે કાળે જે પરિણામ, પુણ્ય-પાપના પરિણામ, વિકારી ભાવ છે તેને અહીંયાં વ્યાપ્ય એટલે એને કર્મ કહીએ. વ્યાપ્ય ને કાર્ય કહીએ અને એ કાર્યનો કરનાર આત્મા તેને વ્યાપક કહીએ. સમજાણું કાંઈ? કહો! આ તો ભાષા યાદ રહે એવી છે કે નહિ? ભાવ, ભાવની વાત કરે છે.

અશુદ્ધતા કેમ થઈ? જીવની દશામાં સંસારની મલિનતા ઊભી કેમ થઈ? સંસાર એની પર્યાયમાં છે, સંસાર બહારમાં નથી. જીવનો સંસાર, જીવની પર્યાયમાં છે. પર્યાય એટલે અવસ્થા, એ અવસ્થામાં સંસાર મલિન મિથ્યાત્વ રાગ-દ્વેષ મલિનભાવ તે સંસાર છે. એ સંસાર જીવમાં અશુદ્ધરૂપ ભાવ થયો કેમ? કે, એણે વ્યાપ્યરૂપી વિકારના પરિણામ કર્યા તો થયો. વ્યાપ્ય વિકારનું પરિણામ તેનું કાર્ય અને આત્મા વ્યાપક એટલે તેમાં પ્રસરનારો, એ આત્મા તેનો

www.vitragvani.com



કર્તા (છે). સમજાય છે કાંઈ?

એમ કહીને એમ પણ સિદ્ધ કર્યું કે કર્મ છે એનું એ પુણ્ય-પાપ કાર્ય નથી, એનું કર્તવ્ય નથી. તેમ કર્મના પરિણામ ને આ શરીરના પરિણામ થાય એ આત્માનું કર્મ નથી, આત્માનું કાર્ય નથી. સમજાણું કાંઈ? કહો! 'ધીરૂભાઈ'! આ તો સમજાય એવું છે કે નહિ? આમાં કોઈ બહુ વેપારીની પેલી જરૂર નથી, આ તો એક સાધારણ (વાત છે). નહિ તો વેપારીને એમ થાય કે, અમને આવું સમજાય નહિ. આ ન સમજાય? આ તો સાધારણ વાત છે.

પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહે છે કે, ભાઈ! પુરુષ નામ તું આત્મા, ચિદ્‌સ્વરૂપ ચૈતન્યસ્વરૂપ આત્મા. તારે પ્રયોજનરૂપી મુક્તિ સિદ્ધ કરવી છે તો એનો ઉપાય બતાવીએ છીએ પણ એ ઉપાય ક્યારે બતાવાય? કે, એનામાં મલિનતા હોય તો મલિનતાને ટાળવાનો ઉપાય હોય. તો મલિનતા કઈ રીતે ઉત્પન્ન થઈ? સમજાણું કાંઈ? મલિનતા છે કે નહિ એમ સિદ્ધ કરે છે. કર્મ છે કે નહિ એમ અહીં પ્રશ્ન નથી. મલિનતા છે કે નહિ? તારામાં ભ્રમણા, મિથ્યાત્વની અને રાગ-દ્વેષની ભ્રમણા એવી મલિનતા તારી દશામાં છે કે નહિ? જો હોય તો મિથ્યાત્વ સમ્યગ્દર્શન દ્વારા ટળે અને રાગ-દ્વેષ સ્થિરતા દ્વારા ટળે. સમજાણું કાંઈ? કહે છે, પણ એ મલિનતા ઊભી કેમ થઈ? વસ્તુ તો શુદ્ધ છે ને? આત્મા તો શુદ્ધ છે, દ્રવ્યે, ગુણે શુદ્ધ છે. ચિદાત્મા આત્મા ચિદ્‌ઘન છે, આનંદઘન છે. ઓહો..! જેના સ્વરૂપમાં પૂર્ણ પવિત્રતાનું ધામ એ આત્મા છે. એવો પવિત્ર આત્મા એમાં મલિનતા કેમ ઊભી થઈ? તો કહે છે કે, એ મલિનતા પોતે કરી, કરી ત્યારે ઊભી થઈ છે. એનો કર્તા આત્મા અને એ મલિનતા તેનું કાર્ય નામ કર્મ નામ કર્તવ્ય નામ વ્યાપ્ય છે. આહા..! સમજાણું કાંઈ?

આત્માની દશાને એકદમ સ્વતંત્ર જેમ છે તેમ અહીં તો સિદ્ધ કરવી છે. આહા..! કહો! સમજાય છે કાંઈ? કેટલો ન્યાય આપીને સિદ્ધ કરે છે! ભાઈ! એ વિકારના પુણ્ય-પાપના પરિણામ અથવા મિથ્યાત્વના પરિણામ–પરમાં સુખ છે એવી માન્યતા, રાગ-દ્વેષમાં હિત છે એવી માન્યતા, પરનું કાંઈ કરી શકું છું એવો મિથ્યા અભિપ્રાય અને ઇષ્ટ-અનિષ્ટને દેખીને તારામાં જે રાગ ને દ્વેષ, આ ઠીક-અઠીક થાય છે એવી મિથ્યાત્વ સહિતની ઇષ્ટ-અનિષ્ટની વૃત્તિઓનો મલિનભાવ તારામાં છે કે નહિ? છે તો કેમ ઉત્પન્ન થયો? કે, તેં કર્યો (તેથી) ઉત્પન્ન થયો. સમજાણું કાંઈ? તેં તે-તે સમયે તે-તે મિથ્યાત્વના અને રાગ-દ્વેષના પરિણામને એ પરિણામ છે, મિથ્યાત્વ અને રાગ-દ્વેષ આત્મામાં મલિન પરિણામરૂપી અવસ્થા છે તો તે અવસ્થા કઈ રીતે થઈ? કે, એ અવસ્થાના કર્તવ્યનો કર્તા આત્મા છે અને તે અવસ્થા તે કર્તાનું કાર્ય છે. કહો! સમજાણું આમાં? આ કાંઈ સમજવું નહિ ને કરવો ધર્મ. ક્યાંથી ધૂળમાં ધર્મ થતો હતો? હજી ધર્મ ક્યાંથી આવે, અધર્મ કેમ ટળે, અધર્મ કેમ ઉત્પન્ન થાય એની ખબર ન મળે. અધર્મ ક્યાં રહેતો હશે? કહો! અધર્મ એટલે મિથ્યાત્વ

www.vitragvani.com



અને રાગ-દ્વેષ ભાવ તે અધર્મ છે. એ અધર્મ ક્યાં રહે છે? શરીરમાં રહે? કર્મમાં રહે? બાયડી-છોકરામાં રહે અધર્મ? જીવનો અધર્મ બહારમાં રહે? કહે છે કે, એ અધર્મ તારી દશામાં રહે છે, તારી દશામાં–અવસ્થામાં રહે છે. ત્યારે એ અવસ્થા થઈ કેમ? કે તેં કરી તો થઈ. સમજાણું કાંઈ? કેટલા પડખા એમાં છે, લ્યો! 'विदूषाम्' માટે ઉદ્ધૃત કર્યું છે, એમ કીધું હતું ને? પહેલેથી કીધું હતું. પંડિતો માટે, સમજનાર જીવો માટે આ એક અધ્યાત્મિક 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' પરમ આગમમાંથી હું કરું છું.

ભાઈ! તારામાં કંઈક તો પ્રયોજન સિદ્ધિ કરવાનો પ્રયત્ન કરે છો કે નહિ? સુખી થવાનો પ્રયત્ન કરે છે કે નહિ? તો હવે એ સુખી કેમ થવું અને દુઃખ છે કે નહિ? એની જેને ખબર નથી તેને દુઃખ ક્યાં રહે છે અને ક્યાંથી તેને ટાળવું અને તેમાં દુઃખને ઠેકાણે શાંતિ મેળવવી એ ક્યાંથી આવે છે? એવી જેને ખબર નથી એને અધર્મ ક્યાં રહે છે (એની) ખબર નથી તો અધર્મ કોને આશ્રયે ટળે એની પણ એને ખબર નથી. કહો! સમજાણું આમાં?

**'આવી રીતે જ્યાં વ્યાપ્ય વ્યાપક સંબંધ હોય,...'** આવી રીતે એટલે? જ્યાં જ્યાં પુણ્ય ને પાપ, પાપ શબ્દે મિથ્યાત્વ પણ છે અને પાપ શબ્દે હિંસા, જૂઠું, ચોરી વિગેરે છે અને પુણ્ય શબ્દે દયા, દાન, વ્રતના પરિણામ એ પુણ્ય છે. એ બધા મિથ્યાત્વ અને પુણ્ય-પાપના ભાવ એ જીવની દશામાં વિકારી પરિણામ છે. એ દશા એની વિકારી છે. એ વિકારી દશા એ એનું કાર્ય છે. એનો કર્તા આત્મા છે. આત્મા ત્યાં અટકે છે તો કરે છે. એને કર્મ કરાવે છે કે સંયોગી ચીજ વિકાર કરાવે છે કે એ પરના કામ જીવ કરે છે તે માટે પરનું કામ જીવનું કામ છે એમ છે નહિ. એનું કામ તો અજ્ઞાનપણે અને મિથ્યાત્વપણે સ્વરૂપના ભાન વિના મિથ્યાત્વ ભાવ અને રાગ-દ્વેષના ઇષ્ટ-અનિષ્ટના ભાવ તેનું એ કામ છે. એ એનો કર્તા છે, એનાથી વિકારી ભાવ ઊભા થયા છે. કહો! સમજાણું કાંઈ?

આવી રીતે જ્યાં વ્યાપ્ય વ્યાપક,... વ્યાપ્ય નામ કાર્ય અને વ્યાપક નામ તે કાર્યનો રચનાર, કરનાર એવો જ્યાં સંબંધ હોય, **'ત્યાં કર્તાકર્મ, સંબંધ સંભવે,...'** આવું જ્યાં વ્યાપ્ય એટલે કાર્ય અને આ રચનાર આત્મા એવો વ્યાપ્યવ્યાપક સંબંધ હોય ત્યાં કર્તાકર્મ સંબંધ સંભવે. ત્યાં વ્યાપક તે કર્તા અને વ્યાપ્ય કાર્ય થયું છે તે તેનું કર્મ. સમજાણું કાંઈ? 'શશીભાઈ'! જુઓ! આ શરીરનું હાલવું-ચાલવું છે એ આત્માનું કામ નથી એમ સિદ્ધ કરે છે. કેમકે આ અવસ્થા છે તે વ્યાપ્ય છે અને તેનું વ્યાપક તો એ પરમાણુ છે, એના રજકણો (છે). એ રજકણો વ્યાપક કર્તા થઈને તેનું હાલવું-ચાલવું કામ કરે છે. આત્માનું એ કર્મ નથી, આત્માનું કાર્ય નથી. સમજાણું કાંઈ?

આ દુકાનના ધંધા... થડે બેઠો હોય છે ને? પછી થાય ને સુતરના પડીકા, દડા કે જે કંઈ, સાકર વેંચે... એ બધા કામ થાય છે, આમ જવા-આવવાની ક્રિયા (થાય છે) એ વ્યાપ્ય (છે). એ વ્યાપનું વ્યાપક તો એના રજકણો છે, આત્મા એ વ્યાપ્ય કર્મને કરતો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નથી. એમ અહીંયાં વસ્તુની સ્થિતિ પરમેશ્વર સિદ્ધ કરે છે. આહાહા..! કેમ હશે? 'કાંતિભાઈ'! આ બધા નામા-ઠામા લખે છે, ધ્યાન રાખે એ કોણ કરતું હશે? આહાહા..!

કહે છે કે, **'આવી રીતે જ્યાં...'** આ રીત કીધી એ. વ્યાપ્ય કાર્ય અને વ્યાપક કરનારો એવો જ્યાં સંબંધ હોય ત્યાં કર્તાકર્મ સંબંધ સંભવે છે. જ્યાં વ્યાપ્યવ્યાપક સંબંધ નહિ, ત્યાં કર્તાકર્મ સંબંધ હોઈ શકતો નથી. કહો! સમજાય છે કાંઈ? એક પણ ન્યાય વીતરાગે કહેલો સમજે ને તો એનો નિકાલ થઈ જાય. પણ એક્કે ન્યાય સમજવો નથી ને એમ ને એમ આંધળી દોડે હાંકે રાખ્યું છે અનાદિનું. 'શશીભાઈ'! આહાહા..!

એમ કહીને તો (એમ કહ્યું), પોતાનું કાર્ય પોતે કરેને પરના કાર્ય પર કરે એટલે અનંત ચીજો સિદ્ધ થઈ ગઈ. પૃથક પૃથક અનંત ચીજો છે તો તે પ્રત્યેક પદાર્થ પોતાની વર્તમાન હાલતની અવસ્થારૂપી વ્યાપ્ય એનું કાર્ય, એનો એ પરમાણુ આદિ, જીવદ્રવ્ય આદિ કર્તા. કર્તા ને કર્મ વ્યાપ્યવ્યાપકમાં હોઈ શકે છે. એમ કરીને પોતાનું વ્યાપ્યવ્યાપક, પોતાનું કર્તાકર્મ પોતામાં છે. પરનું કર્તાકર્મ (પરમાં છે). એટલે અનંત વસ્તુ પણ સિદ્ધ કરી દીધી. સમજાણું કાંઈ? કેમ હશે આમાં? 'મગનભાઈ'! આ મકાન-બકાનનું ધ્યાન રાખીને ત્યાં સરખું રાખે કે નહિ એમ હોય? માથે ઊંચા કર્યા ને આ કર્યું ને કેટલું કર્યું! એની મેળાએ થઈ જતું હશે? એની મેળાએ મકાન થાતા હશે? કહો! 'રજનીભાઈ'! શું હશે આ? એની મેળાએ થાય? ગાંડા કહે ને મૂર્ખ.

અહીં તો કહે છે, એ દરેક રજકણ ત્યાં છે ને મકાનનો એક એક પરમાણુ એવા અનંત રજકણનો એ પિંડ છે. આ ચૂનો, ધૂળ, માટી. એની તે તે સમયની તે અવસ્થાનું કાર્ય વ્યાપ્ય એનો વ્યાપક તે તે દ્રવ્ય રજકણ છે. એને કર્તાકર્મ સંબંધ એની સાથે લાગુ પડે છે. આત્મા કર્તા ને એ કાર્ય છે એવો સંબંધ એની સાથે લાગુ છે નહિ. આહાહા..! ભારે વાત. બરાબર હશે આ? શું બરાબર? આ આખો દિ' કરે, જેવું બોલવા માગે એ બોલે, લ્યો! કહે છે કે, બોલવાના રજકણ ઉઠે ને? આ અવાજ ઉઠે છે એ જડ છે. એ અવાજની વર્તમાન અવસ્થા તેનું વ્યાપ્ય છે, તેનું કર્મ છે અને એ પરમાણુ તેના વ્યાપક નામ કર્તા છે. આત્મા તે વાણીની પર્યાયનો કર્તા નથી. મૂઢ માને છે તે મિથ્યાત્વભાવનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? કેમકે મિથ્યાત્વભાવ એનું વ્યાપ્ય થાય છે પણ એ વાણીની ભાષાની પર્યાય આત્માનું વ્યાપ્ય–કર્મ થાય છે એમ નથી. કહો! બરાબર હશે આ? 'છોટાલાલભાઈ'! આ બધું અત્યાર સુધી આ માનીએ છીએ એ અમારું ખોટું? જન્મ્યા ત્યારથી માને ને એના ગુરુ એને કહે કે, આ કરો, આ કરાય, આ થાય, આ કરી શકાય. આત્મા ન હોય તો કાંઈ શરીર ચાલે? મડદા ચાલે છે કાંઈ? ભાષા કાંઈ આત્મામાંથી નીકળે છે કે અધ્ધરથી નીકળે છે? ભીંતમાંથી નીકળે છે? સાંભળને હવે, તને ખબર નથી. કહેનારને ખબર નથી, સાંભળનારને ખબર નથી. 'મોહનભાઈ'!

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' બાપુ! તારા પુરુષાર્થનો... પુરુષ એવો તું ચૈતન્યસ્વરૂપ ભગવાન, એનું પ્રયોજન, અર્થ એટલે પ્રયોજન, એની સિદ્ધિની પ્રાપ્તિ એનો ઉપાય બતાવવો છે. ઉપાય કરવો છે ત્યારે એ કાંઈ ઉપાય, એનો ઉપાય શેને ટાળવાનો ઉપાય કરવો? કેને પ્રાપ્ત કરવાનો ને કોને ટાળવાનો? સમજાણું કાંઈ? ઉપાય કાંઈ કરે છે એ કાંઈક ટાળવા માગે છે ને કાંઈક મેળવવા માગે છે, એમ ખરું ને? તો ટાળવા માગે છે એ શું? કે, એનામાં થતાં પુણ્ય ને પાપના મિથ્યાત્વના, રાગ-દ્વેષના ભાવ તે અશુદ્ધ પરિણામને ટાળવા માગે છે. તે અશુદ્ધ પરિણામનું કાર્ય કોનું છે? કાર્ય તારું છે. સમજાણું કાંઈ? કહો! 'ભગવાનભાઈ'! શું બરાબર? આ પોણોસો વર્ષમાં સાંભળ્યું હતું ન્યાં ક્યાંય? દયા પાળો, પોષા કરો, પડિકમણા કરો, મરી ગયો પણ મફત, સમજ્યા વિનાનો.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ, જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન. અનંતનું અનંતપણે જ્ઞાન જાણ્યું. એવા અનંત પદાર્થોનો અહીં વ્યાપ્યવ્યાપક સંબંધ સિદ્ધ કરે છે. તારા પુણ્ય-પાપના ને મિથ્યાત્વના ભાવ તે તારું અશુદ્ધપણું, તે તારું કાર્ય, તે તારું વ્યાપ્ય અને તેનો કરનાર, રચનાર કર્તા વ્યાપક છે પોતે, પ્રસરનાર પોતે તે તેનો કર્તા. આમ નક્કી કરે તો પછી એને અશુદ્ધતા ટાળવા માટે ઉપાય ક્યાં કરવો અને કેમ કરવો એની સૂઝ એને પડે. સમજાણું કાંઈ? જ્યાં અશુદ્ધતા છે ત્યાં ભગવાન આત્મા ત્રિકાળ શુદ્ધ સ્વરૂપ છે. એનો અંતર દર્શન, જ્ઞાન, ચારિત્રનો ઉપાય કરે ત્યારે એની સિદ્ધિ કૃત્યકૃત્ય આત્માની સિદ્ધિની કૃત્યકૃત્યતા થાય, ત્યારે મલિનતા ટળે. એ ઉપાય પણ એનામાં કરવાનો છે. જેનામાં મલિનતા છે એને ટાળવાનો ઉપાય એમાં કરવાનો છે. એનો ઉપાય કાંઈ શરીરમાં ને વાણીમાં ને પરમાં ને દેરાસરમાં ને સ્વાધ્યાય મંદિરમાં કરવાનો નથી. સમજાણું કાંઈ? 'વિજયમૂર્તિજી' બરાબર છે? એવું નીકળ્યું આ તો, શું માનતા હતા ને શું નીકળ્યું!

ભાઈ! પરની જે અવસ્થા દયાની થઈ, શરીર ને જીવનું ટકવું, એની અવસ્થાનો વ્યાપ્યનો કર્તા એ દ્રવ્ય છે, તું નહિ. તારામાં દયાનો શુભભાવ થયો એ તારું કાર્ય ને વ્યાપ્ય ને એનો તું કર્તા, પેલી દશાનો કર્તા નહિ. સમજાણું કાંઈ? આ મંદિરની રચના થઈ, મંદિરની રચનાની પર્યાય થઈ એ વ્યાપ્ય, એનું વ્યાપક એ પરમાણુ દ્રવ્ય છે. તારામાં શું થયું? તારો ભાવ શુભ થયો. એ શુભભાવ રાગ છે, એ તારું વ્યાપ્ય છે, એ તારું કાર્ય છે એનો કર્તા આત્મા છે. એ રાગનો કર્તા મંદિર થયું માટે રાગ થયો એમ નહિ. રાગ થયો માટે મંદિર થયું એમ નહિ. બરાબર છે? 'માંગીરામજી'! આહાહા..!

અરે..! એની દશામાં શું થાય છે અને કેમ કર્યું છે એની એને ખબર ન મળે. કાં તો વિકાર થાય છે, કર્મને લઈને વિકાર થાય છે માટે આપણે હવે કર્મ ટાળો. કર્મને લઈને વિકાર થાય છે તો હવે આપણે અપવાસ-બપવાસ કરીને કર્મને ટાળો, લ્યો! આ એના ઉપાય. ભાન નથી કે એ કર્મ તારું છે જ નહિ, કર્મનું કાર્ય તારું છે જ નહિ. એટલે કર્મને ટાળવું

એ તારામાં છે જ નહિ. તારામાં તો મલિનતાના મિથ્યાત્વભાવ ને રાગ-દ્વેષના ભાવ તેં કર્તા થઈને કર્યા, (હવે) તારે ટાળવા કર્તા થઈને. એમાં ને એમાં ઉપાય છે. જેમ મલિનતા ત્યાં છે તો તેને ટાળવાનો ઉપાય પણ પુરુષ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા, એનું સમ્યગ્દર્શન કરી, એનું જ્ઞાન કરીને સ્થિરતા કરવી એ એનો ઉપાય છે. એમાં ને એમાં ઉપાય છે, બહારમાં ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ?

**'બીજા સ્થાનમાં ન સંભવે.'** શું કહે છે? જ્યાં વ્યાપ્ય અને વ્યાપક સંબંધ હોય ત્યાં કાર્ય ને કારણ કર્તાપણું સંભવી શકે. જ્યાં વ્યાપ્ય અને વ્યાપક ન હોય ત્યાં કાર્ય અને કર્તા સંભવી શકે નહિ. અન્ય સ્થાનમાં ન સંભવે, એમ શબ્દ પડ્યો છે ને? નીચે છે **'બીજા સ્થાનમાં ન સંભવે.'** નીચે લીટી (છે). એટલે કે તારા મિથ્યાત્વના પરિણામ–હું દેહની ક્રિયા કરું છું, હું ભાષા બોલું છું, મેં મંદિર બનાવ્યું, મેં માલ તોલ્યો, મેં માલ આપ્યો, મેં પૈસા લીધા, મેં પૈસા દીધા એવી જે જડની ક્રિયા તેને માની કે, મેં કરી એવો જે મિથ્યાત્વભાવ એ મિથ્યાત્વભાવનું વ્યાપ્ય તારું છે અને તું તેનો કર્તા છો. સમજાણું કાંઈ?

**'બીજા સ્થાનમાં ન સંભવે.'** એમ કરીને શું કરી નાખ્યું? જ્યાં જ્યાં તેની જીવમાં દશામાં વિકાર છે તે વિકાર તેનું કાર્ય છે ને તે એનો કર્તા. એ સિવાય એનું કર્તાકર્મપણું વ્યાપ્ય-વ્યાપકપણું બીજામાં નથી માટે બીજામાં કર્તાકર્મપણું હોઈ શકે નહિ. શરીરનું કામ આત્મા ત્રણકાળમાં કરે નહિ, વાણી બોલે નહિ ત્રણકાળમાં. કેમ કે એની સાથે વ્યાપ્ય-વ્યાપક સંબંધ નથી. ખાવાની ક્રિયા થઈ એ આત્મા કરે નહિ, એમ કહે છે. કેમકે આત્માને તેના કાર્ય કર્તાપણાનો સંબંધ એમાં નથી, એનું કાર્ય વિકાર ને આત્મા કર્તા એટલો સંબંધ સંસારમાં અનાદિથી અજ્ઞાનીને છે. સમજાણું કાંઈ?

મુક્તિનો ઉપાય કહેવો છે ને? જેમ આ વિકારી કર્તવ્યમાં કર્તા થઈને રોકાયેલો છે ને? ત્યારે હવે એને ટાળવું હોય એટલે પોતાની પ્રયોજનની સિદ્ધિ કરવી હોય તો એણે શુદ્ધ સ્વરૂપ ચૈતન્યમૂર્તિ ચૈતન્યસ્વરૂપ એવો પુરુષ આત્મા, કે જેમાં વિકાર નથી એવા અવિકારી સ્વભાવની અંતર્મુખ દૃષ્ટિ કરવી તે તેનું વ્યાપ્ય છે, તે તેનું કાર્ય છે અને તેનો તે આત્મા કર્તા છે. આમ અજ્ઞાનભાવમાં જે વિકારી વ્યાપ્ય ને આત્મા કર્તા હતો એ સ્વભાવના ભાનમાં નિર્વિકારી શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા જ્ઞાયક આત્મા છે એવી અંતર્મુખ સ્વભાવની રુચિ, દૃષ્ટિ, જ્ઞાન ને લીનતા (કરે) એ આત્માનું કાર્ય છે. કેમકે એ આત્માનું વ્યાપ્ય છે. પેલું જે અજ્ઞાન કાર્ય ને કર્તા હતું એ ટળી ગયું. સ્વભાવનો આશ્રય લઈ ચૈતન્ય પ્રભુ પૂર્ણ આનંદ છે, જ્ઞાયક છે એવી અંતર્મુખની દૃષ્ટિ થતાં તેનું વ્યાપ્ય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના નિર્મળ પરિણામ વ્યાપ્ય થયા અને આત્મા તેનો કર્તા છે. એને બીજે સંબંધ નથી. હવે વિકાર કર્મ ને આત્મા કર્તા એવો સંબંધ ત્યાં રહેતો નથી.

બહારનો કર્તા-કર્મ સંબંધ તો અજ્ઞાનીને નથી. અજ્ઞાનમાં વિકાર પરિણામનું કાર્ય ને

www.vitragvani.com



વ્યાપ્ય અને કર્તા આત્મા એવો સંબંધ હતો, એ જ્યાં ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ છે એ પર્યાયબુદ્ધિમાં રાગનો કર્તા હતો. (હવે) સ્વભાવબુદ્ધિ, સમ્યક્‌બુદ્ધિ, ચૈતન્યબુદ્ધિ થઈ, ચૈતન્યબુદ્ધિ, સમ્યગ્દર્શનબુદ્ધિ, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ મહાસ્વભાવનો સાગર છું, એવું સમ્યગ્દર્શન, તે સ્વભાવ સન્મુખનું જ્ઞાન, સ્વભાવમાં સ્થિરતા એવા ત્રણ અંશો દર્શન, જ્ઞાન, ચારિત્ર જે ધર્મરૂપ તે તેનું વ્યાપ્ય થયું, આત્મા તેનો કર્તા વ્યાપક થયો. હવે વિકારી પરિણામ તેનો કર્તા ને વિકારી કર્મ એ જ્ઞાનીને રહ્યું નહિ. સમજાણું કાંઈ? અજ્ઞાનીને પરનું કાર્ય ને કર્તાપણું તો હતું નહિ. એનું હતું વિકારી મિથ્યાત્વ ને રાગ-દ્વેષનું કાર્ય ને એનો કર્તા.

હવે જ્યાં 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' પુરુષ એવો ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ, આનંદમૂર્તિ આત્મા એમાં બેહદ શક્તિનો પિંડ સત્ત્વ આત્મા એવી અંતર્મુખની, અંતર્મુખની, બહિર્મુખનું વલણ હતું એ છોડીને અંતર્મુખના વલણનું કાર્ય જ્યાં સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપી, શાંતિરૂપી એટલે ચારિત્ર, વીતરાગી પર્યાય જ્યાં ધર્મની–મોક્ષમાર્ગની થઈ તેનો કર્તા કોણ? કે, પૂર્વના મલિન પરિણામ હતા તે તેનો કર્તા? પૂર્વે રાગની મંદતા હતી એનાથી આ નિર્મળ પર્યાય પ્રગટી. એ રાગની મંદતા કર્તા અને નિર્મળ પર્યાય કર્મ–કાર્ય એમ છે? ના, ના. એમ નથી. વિકારી પરિણામ તો અજ્ઞાનનું અથવા અશુદ્ધતાનું કાર્ય હતું. એ કાર્ય પાછું કારણ થઈને શુદ્ધતાની પર્યાયનું કારણ થાય એમ બને નહિ.

આત્માનો ધર્મ એટલે આત્મા શુદ્ધ ચૈતન્યપ્રભુ, એના અંતર્મુખની દૃષ્ટિ, જ્ઞાન ને શાંતિ (થવી), સ્વભાવના અવલંબે, શાંતિ સાગરના આશ્રયે પ્રગટ કરતા ત્યાં પેલા વિકારી પર્યાયનો વ્યય થયો, નિર્વિકારી પર્યાયની ઉત્પત્તિ થઈ, નિર્વિકારી પર્યાયના કાર્યનો આત્મા કર્તા થયો. એની કોઈ પૂર્વની પર્યાય કર્તા નહિ, કર્મ ખસ્યું માટે આત્મામાં સમ્યગ્દર્શનનું કાર્ય થયું એમ નહિ. બરાબર સમજાય છે કે નહિ?

બીજા સ્થાનમાં, બીજા ક્ષેત્રમાં કે બીજા ભાવમાં ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલી અને અશુદ્ધતાના મિથ્યાત્વ અને રાગ-દ્વેષ પરિણામનો કર્તા થઈને, કર્તા થઈ સ્વતંત્ર (કરે). કર્તાની વ્યાખ્યા–સ્વતંત્રપણે કરે, જેને બીજાની અપેક્ષા નથી. એ વિકાર સ્વતંત્રપણે જીવ કરે, જેમાં કર્મની અપેક્ષા નથી. આહાહા...! એવો વિકારનો સ્વતંત્રપણે કરનાર અને મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ તે તેનું કાર્ય.

હવે ગુલાંટ ખાય છે, સ્વતંત્રપણે ભગવાન આત્મા કર્તા. દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ પડતા સમ્યગ્દર્શન (થતાં), દ્રવ્ય સ્વભાવનું જ્ઞાન થતાં, દ્રવ્ય સ્વભાવમાં સ્થિરતા થતાં એ ચારિત્ર (થયા) એનો કર્તા તે દ્રવ્ય છે અને એની નિર્મળ દશા તે તેનું વ્યાપ્યરૂપી કર્મ છે. એ સિવાય બીજે સ્થાને તેનું કર્તાકર્મપણું સંભવે નહિ. ભાઈ! એટલે હવે વિકાર કાર્ય ને આત્મા કર્તા એ ત્યાં સંભવે નહિ. સમજાણું કાંઈ?

**'એ જ રીતે...'** એ જ રીતે. હવે ભાવ્યભાવકની (વ્યાખ્યા કરશે). વ્યાપ્ય-વ્યાપકની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વ્યાખ્યા કરી. 'શશીભાઈ'! આહાહા..! સર્વજ્ઞ સ્વભાવે જાણ્યું, સર્વજ્ઞ સિવાય આવી વાત ક્યાંય હોય નહિ. અનંત પદાર્થ, અનંત ક્ષેત્ર, અનંત કાળ, અનંત ગુણ, અનંત પર્યાય, એના સ્વતંત્રપણાનું, વ્યાપ્ય-વ્યાપકપણાનું, કર્તાકર્મપણાનું, અનંતનું અનંતપણે એવું જેને જ્ઞાન હોય તે સર્વજ્ઞ.

જેના મતમાં, આવા દ્રવ્યો અનંત ક્ષેત્ર, અનંત કાળ, અનંત ગુણો, અનંત પર્યાય (નથી), જેના એક એક દ્રવ્યમાં અનંતા અનંતા ગુણનું વ્યાપ્યપણું, કર્મ કાર્ય ને પોતે કર્તા એવી જેના મતમાં આવી ચીજ નથી, એના મતમાં સર્વજ્ઞ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? અને જેના મતમાં આ બધું છે, બધું સર્વ દેશ, કાળ, દ્રવ્ય, ભાવ, ગુણ, પર્યાય એને જેણે જાણ્યા એવા સર્વજ્ઞ, આવા ભાવવાળામાં સર્વજ્ઞ હોય. એય...! 'શશીભાઈ'! આહાહા..! અને એ સર્વજ્ઞની વાણીમાં–આગમમાં આ આવ્યું.

ભાઈ ! તું અનંત માહેલો જુદો પદાર્થ છો. તારા મલિન પરિણામનો કર્તા તું, મલિન પરિણામ તારું કાર્ય, એ તારું સ્વતંત્ર તારામાં છે. પરને લઈને નહિ, પરમાં નહિ. તારું વ્યાપ્ય-વ્યાપકનું પરમાં નહિ, તારું વ્યાપ્ય-વ્યાપકપણું પરને લઈને નહિ. આહા..! જુઓને! સ્વ પર અનેક સિદ્ધ કરે છે. અનેકની વ્યાખ્યા પછી અનંતમાં જાય છે. સમજાણું કાંઈ?

એમ જ્યારે વ્યાપ્યવ્યાપક સંબંધ હોય ત્યાં કર્તાકર્મ સંબંધ હોય, એમ ભાવ્યભાવક સંબંધ હોય ત્યાં ભોક્તાભોગ્ય સંબંધ હોય. હવે એ સિદ્ધ કરે છે. સમજાણું? એવી રીતે **'જે જે ભાવ અનુભવવા યોગ્ય હોય તેને ભાવ્ય કહીએ...'** શું કહે છે? કે, જીવમાં જે હરખ-શોકના પરિણામ, હરખ-શોકના ભાવ (થાય છે) એ ભાવ્ય છે–અનુભવવાને યોગ્ય છે. આત્માને શરીર, સ્ત્રીનું શરીર, હાડકા, માંસ, લાડવા, દાળ, ભાત, શાક એ આત્માને ભોગવવા યોગ્ય ભાવ્ય નથી. એ ભાવ્ય આત્માને નથી, એ ભોગવવા યોગ્ય નથી. આહા..! એને ભોગવવા યોગ્ય ભાવ્ય (હોય તો) હરખ ને શોકના પરિણામ તે (છે). **'જે જે ભાવ...'** દશા અનુભવવા, વેદવા યોગ્ય છે, ભોગવવા યોગ્ય છે **'તેને ભાવ્ય કહીએ...'** કહે છે કે, હરખ-શોકના પરિણામ તે ભાવ્ય છે, એનો ભોક્તા આત્મા છે. આત્મા ભોક્તા અને સ્ત્રીનો દેહ ને લાડવા, દાળ, ભાત ભાવ્ય નામ ભોગવવા યોગ્ય, એવું વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ? આ પ્રત્યક્ષ પારાયણ છે. આહા..!

સીગારેટ પીવે ને? ટૂંકી હોય તો આમ હાથ રાખે, આમ હાથ રાખે. કહે છે, એ કાળે તને ભોગવવા યોગ્ય શું છે? એ બીડીની પર્યાય છે? ના. બીડીની પર્યાય ભાવ્ય ને ભોગવવા યોગ્ય તો એના પરમાણુઓ છે. એય...! વીતરાગની વાત જ જગતથી ઊંધી. એ વાતે વાતે ફેર. 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે ને એક તાંબિયાના તેર' એમ ભગવાન કહે છે કે હે અજ્ઞાની આત્મા! તારે ને મારે ન્યાયમાં ક્ષણે ક્ષણે, શબ્દે શબ્દે ફેર છે. આહાહા..! સમજાણું કાંઈ?

www.vitragvani.com



જે ભાવ, **'જે જે ભાવ...'** અસ્તિ કરી ને? ભાવની અસ્તિ છે. શેની? રાગ-દ્વેષ, હરખ-શોકની. જીવને તે અનુભવવા યોગ્ય ભાવ છે. રાગ ને દ્વેષ, હરખ ને શોક, બસ! એ પરિણામ જ આત્માને ભોગવવા યોગ્ય છે, તેને ભાવ્ય કહીએ. **'અનુભવ કરનાર પદાર્થને ભાવક કહીએ.'** અને એ વિકારી પરિણામનો અનુભવ કરનારો આત્મા, તેને ભાવક–એ ભાવનો ભોગવનાર કહેવામાં આવે છે. આહાહા..! દુનિયા કહે છે ને? ઈશ્વરે આપ્યું તે ભોગવીએ. શું ધૂળ? ધૂળ ભોગવે? પૈસા. સ્ત્રી સુંદર રૂપાળી હોય ને માખણ જેવું શરીરને ભોગવે. તને ભાન નથી, અક્કલ નથી. સાંભળને!

ભાઈ! ભગવાન એમ કહે છે ને એમ છે કે તે કાળે તને જે રાગનો ભાવ થાય છે ને? તે રાગનો ભાવ્ય છે તેને ભોગવવા યોગ્ય છે, તું એનો–વિકારનો અજ્ઞાનભાવમાં ભોક્તા છો. સમજાણું કાંઈ? પરને ભાવ્ય નામ ભોગવવા યોગ્ય બનાવ એમ પરવસ્તુ કોઈ દિ' બનતી નથી અને તું તેનો ભોગવનાર બન એવું તારામાં કોઈ દિ' બનતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! આમ ઊંચા સાટા ખાતો હોય, સાટા ઘીમાં સોંસરેલા.. એ.. શું કહે છે? શું કહે છે? એય...! ડોસા! એવી ભાષા આપણી કાઠિયાવાડીમાં છે. ઇ પછી આમ દાંત ન હોય તો આમ મીઠાશ તો લાગે કે નહિ? ભગવાન ના પાડે છે, ભાઈ! સાંભળને પ્રભુ! એ મીઠાશની પર્યાય તો જડની છે. મીઠાશ જે છે ગળી, ગળી દશા તો જડની છે. એ તેં ભોગવી છે? એ તારે ભોગવવા યોગ્ય દશા થઈ છે? તને ખબર નથી. એ કાળે તને પ્રેમ આવ્યો છે, રાગ આવ્યો છે પાપરાગ એ પાપ રાગનું ભાવ્ય નામ ભોક્તા તું છો ને તે ભોગવવા યોગ્ય પાપરાગ છે, એ ચીજ નહિ. આહાહા..! આવું સ્વરૂપ વીતરાગ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. સમય સમયનો ભોક્તા તેના ભાવ્યનો, આહા..! આ તે કાંઈ વાત! સમય-સમયનો એના વિકારી પરિણામને યોગ્ય જે ભાવ્ય, એ ભોગવવા યોગ્ય છે, તું એનો ભોક્તા છો, ભાવક છો. એ સિવાય ભાવ્યભાવક (સંબંધ બીજે ક્યાંય નથી).

**'આવો ભાવ્યભાવક સંબંધ જ્યાં હોય ત્યાં ભોક્તા...'** (પહેલા કહ્યું), વ્યાપ્યવ્યાપક સંબંધ હોય ત્યાં કર્તાકર્મ સંબંધ હોય. એમ **'આવો ભાવ્યભાવક સંબંધ જ્યાં હોય ત્યાં ભોક્તાભોગ સંબંધ સંભવે,...'** ભાષા પણ બધી સામે સામી નાખી. સમજાણું કાંઈ? આત્મામાં વિકારી હરખ ને શોક, દિલગીરી કે રતિના જે પરિણામ જીવમાં થાય તે જીવને ભોગવવા લાયક છે અને ભોક્તા આત્મા છે. હવે એને ટાળવા છે, ત્યારે તેને શુદ્ધ સ્વભાવ તરફની દૃષ્ટિ ને જ્ઞાન થતાં જે સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિની પર્યાય થઈ તે ભાવ્ય છે, આત્મા તેનો અનુભવનાર–ભોગવનાર છે. સમજાણું કાંઈ? આહાહા..!

અજ્ઞાનમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ, તેના હરખ-શોકના પરિણામનો ભોક્તા (થાય), બસ! એ ભાવ્ય. પરચીજમાં નહિ, પરચીજને લઈને નહિ. એ સાટા કે સ્ત્રીને લઈને અહીં રાગ-દ્વેષ ભાવ્ય થયો એમ નહિ અને ભાવ્ય આત્માનું એ પર થાય એમ નહિ. શું કીધું સમજાણું?

એ સ્ત્રીનું શરીર કે લાડવા, દાળ, ભાતને લઈને હરખ-શોકનું ભાવ્ય થયું એમ નહિ અને એ શરીર ને પરવસ્તુ આત્માને ભાવ્ય થાય એમ નહિ. આત્માને એ ભોગવવા યોગ્ય થાય એમ નહિ અને એને લઈને અહીં ભાવ્ય ભોગવવા યોગ્ય થાય એમ નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

વીતરાગની એક એક વાત વહેંચીને ભેદજ્ઞાન કરાવી નાખે એવી છે. ભાઈ! તને તારી ખબર નથી. કહે છે કે, ભોગવવા યોગ્ય અજ્ઞાનીને વિકારી ભાવ (છે) અને ભોક્તા આત્મા (છે). આવું જ્યાં ભાવ્યભાવક છે ત્યાં ભોક્તાભોગ્યસંબંધ છે. ભોક્તા આત્મા ને ભોગ્ય એ વિકારીભાવ. ધર્મની દશા જ્યાં આત્માના અનુભવનું ભાન થયું (કે) ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવનો સાગર છે એમ જ્યાં રાગથી ભિન્ન પડીને સ્વભાવનું સમ્યગ્દર્શન થયું. સ્વભાવનું સમ્યગ્દર્શન, એમ. સમ્યક્ ભાન, શ્રદ્ધા અથવા દેખવું. સમ્યગ્જ્ઞાન થયું ને સમ્યક્ શાંતિ થઈ એ ભાવ્ય છે અને આત્મા તેનો ભોક્તા છે. માટે ત્યાં ભાવ્યભાવક સંબંધ જ્ઞાનીને લાગુ પડ્યો. તેથી જ્ઞાનીને ભોક્તાભોગ્ય સંબંધ ત્યાં લાગુ પડે છે. વિકારી ભાવ ભોગ્ય ને આત્મા ભોક્તા એ જ્ઞાનીને લાગુ પડતું નથી. અજ્ઞાનીને નિર્વિકારી ભોગ્યભાવ અને આત્મા ભોક્તા એવું એને લાગુ પડતું નથી. આહા..! એ ૧૦મી ગાથા.

**'બીજી જગયાએ ન સંભવે.'** ભોગવવા યોગ્ય જીવનો ભાવ આત્મા સિવાય બહાર ન હોય અને ભાવ્ય આત્મા સિવાય બહાર ન હોય અને ભાવક–એ ભાવ્યનો ભાવક પણ બીજો બહાર ન હોય. પોતે ને પોતે ભાવક ને પોતે વિકારી ભાવનો ભોગવનાર. આ રીતે ભાવ્ય-ભાવક ને વ્યાપ્ય-વ્યાપકનું સ્વરૂપ અનાદિથી સિદ્ધ સંબંધ છે. એને સમજે તો એને સ્વરૂપ તરફની દૃષ્ટિ કરીને પેલું વિકારી ભાવ્ય છે તેને ટાળીને નિર્વિકારી ભોક્તા થાય એને ધર્મ કહેવામાં આવે છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૧

**આ રીતે આ અશુદ્ધ આત્માને અર્થસિદ્ધિ ક્યારે થાય અને અર્થસિદ્ધિ કોને કહેવાય તે આગળ કહે છે -**

**सर्वविवर्त्तोत्तीर्णं यदा स चैतन्यमचलमाप्नोति।**
**भवति सदा कृतकृत्यः सम्यक्पुरुषार्थसिद्धिमापन्नः।।११।।**

અન્વયાર્થ :– [ यदा ] જ્યારે [ सः ] ઉપર્યુક્ત અશુદ્ધ આત્મા [ सर्वविवर्त्तोत्तीर्णं ] સર્વ વિભાવોથી પાર થઈને [ अचलं ] પોતાના નિષ્કમ્પ [ चैतन्यं ] ચૈતન્ય સ્વરૂપને [ आप्नोति ] પ્રાપ્ત થાય છે [ तदा ] ત્યારે આ આત્મા તે [ सम्यक्पुरुषार्थसिद्धिम् ] સમ્યક્‌પણે પુરુષાર્થના પ્રયોજનની સિદ્ધિને [ आपन्नः ] પ્રાપ્ત થતો થકો [ कृतकृत्यः ] કૃતકૃત્ય [ भवति ] થાય છે.

ટીકા :– 'स यदा सर्वविवर्त्तोत्तीर्णं चैतन्यमचलमाप्नोति तदा कृतकृत्यः भवति' - રાગાદિ ભાવોથી લિપ્ત તે જ આત્મા જ્યારે સર્વ વિભાવથી પાર થઈ પોતાના ચૈતન્યસ્વરૂપ આત્માને નિઃશંકપણે પ્રાપ્ત થાય ત્યારે આ જ આત્મા કૃતકૃત્ય થાય છે. કેવો છે આ આત્મા? 'सम्यक्पुरुषार्थसिद्धिमापन्नः' - સમ્યક્ પ્રકારે પુરુષાર્થની સિદ્ધિને પ્રાપ્ત થયો છે.

ભાવાર્થ :– જ્યારે આ આત્મા સ્વ-પર ભેદવિજ્ઞાન વડે શરીરાદિ પરદ્રવ્યને જુદા જાણે ત્યારે તેમાં 'આ ભલા-ઇષ્ટ, આ બૂરા' એવી બુદ્ધિનો ત્યાગ કરે. કારણ કે જે કાંઈ ભલું કે બૂરું થાય છે તે તોપોતાના પરિણામોથી જ થાય છે, પરદ્રવ્યના કરવાથી ભલું-બૂરું થતું નથી. તેથી સર્વ પરદ્રવ્યોમાં રાગદ્વેષ ભાવનો ત્યાગ કરે. જો અવશપણે (પુરુષાર્થની નિર્બળતાથી) રાગાદિ ઊપજે તો તેના નાશના માટે અનુભવ-અભ્યાસમાં ઉદ્યમવંત રહે. આમ કરતા જ્યારે સર્વ વિભાવભાવનો નાશ થાય, અક્ષુબ્ધ સમુદ્રવત્ શુદ્ધાત્મસ્વરૂપમાં લવણવત્ પરિણામ લીન થાય, ધ્યાતા ધ્યેયનો વિકલ્પ ન રહે, એમ ન જાણે કે હું શુદ્ધાત્મસ્વરૂપને ધ્યાવું છું, પોતે જ તાદાત્મ્યવૃત્તિથી શુદ્ધાત્મસ્વરૂપ થઈ નિષ્કંપપણે પરિણમે, તે વખતે આ આત્માને જે કાંઈ કરવાનું હતું તે કરી લીધું, કાંઈ કરવાનું હવે બાકી રહ્યું નહિ તેથી એને કૃતકૃત્ય કહીએ છીએ. તેની અવસ્થામાં પુરુષાર્થની સિદ્ધિ થઈ. પુરુષનો જે અર્થ અર્થાત્ પ્રયોજનરૂપ કાર્ય તેની જે સિદ્ધિ થવાની હતી તે થઈ ગઈ. આવી અવસ્થાને જે પ્રાપ્ત થયો તે આત્માને કૃતકૃત્ય કહીએ છીએ. ૧૧.

---

## પ્રવચન નં. ૧૪ ગાથા–૧૧ બુધવાર, પોષ સુદ ૧, તા. ૧૧-૦૧-૧૯૬૭

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' 'અમૃતચંદ્રાચાર્ય'કૃત, ૧૦ ગાથા પૂરી થઈ. ૧૦ મી ગાથામાં એમ કહ્યું, પૂછ્યું હતું કે, આ આત્માની **'અશુદ્ધતા કઈ રીતે થઈ?'** સમજાણું? અને **'તેને પોતાના અર્થની સિદ્ધિ કરવી પડે?'** આત્મામાં અશુદ્ધતા કઈ રીતે થઈ કે જેને ટાળવાનો ને પોતાના પ્રયોજનનો પુરુષાર્થ કરવો પડે એ કઈ રીતે છે? એમ પૂછ્યું હતું. સમજાય છે કાંઈ? એના ઉત્તરમાં કહ્યું કે, આત્મા પોતે પરિણમતો, બદલતો, રાગ-દ્વેષ ને અજ્ઞાનભાવને કરે છે અને તેને જ પોતે ભોક્તા એટલે ભોગવે છે, આ સિદ્ધ કર્યું. આત્મા પોતે જ (કરે ને ભોગવે

www.vitragvani.com



છે). કર્મ ભલે નિમિત્ત હો. પણ પોતે આત્મા પોતાના સ્વભાવને ભૂલીને રાગ, દ્વેષ અને મિથ્યાત્વરૂપી અજ્ઞાનપણે પોતે પરિણમે છે અને પરિણમે છે માટે તે તેનો કર્તા થાય છે અને પરિણમે છે તે તેનો ભોક્તા થાય છે. કહો! સમજાણું આમાં?

ત્યારે કહ્યું કે, **'અશુદ્ધ આત્માને અર્થસિદ્ધિ ક્યારે થાય...'** હવે એ પ્રમાણે જ્યારે આ રીતે આત્મા અનાદિથી પોતાના વડે મલિનભાવપણે પરિણમે છે અને તેથી તે સંસારમાં રખડી રહ્યો છે. અને તેથી એને અર્થસિદ્ધિ કરવા માટે પુરુષાર્થની જરૂર પડે છે. કહો! બરાબર છે? તો એ **'અશુદ્ધ આત્માને અર્થસિદ્ધિ ક્યારે થાય હવે અને અર્થસિદ્ધિ કોને કહેવાય...'** બે વાત. ક્યારે થાય અને કોને કહેવાય? આત્માની પ્રયોજન સિદ્ધિ ક્યારે થાય? અને પ્રયોજન સિદ્ધિ કોને કહેવાય? કહો! સમજાણું કાંઈ? એનો ઉત્તર આપે છે.

**सर्वविवर्त्तोत्तीर्णं यदा स चैतन्यमचलमाप्नोति।**
**भवति तदा कृतकृत्यः सम्यक्पुरुषार्थसिद्धिमापन्नः।।११।।**

આનું હરિગીત તો નથી, આ તો મૂળ છે ને હરિગીત ક્યાં છે. હરિગીત તો કરે ત્યારે થાય. આ તો કર્યા વિના થાય છે એમ કહે છે અહીં તો. પોતાનો પર્યાય પોતાથી કરે ને પરનો પર્યાય પરથી થાય, એમ અહીં સિદ્ધ કર્યું છે. એનો અર્થ,

**અન્વયાર્થ :– 'જ્યારે ઉપર્યુક્ત અશુદ્ધ આત્મા...'** ઉપર્યુક્ત એટલે કે આત્મા પોતાના આનંદ ને જ્ઞાયક શુદ્ધ સ્વભાવને ભૂલીને મિથ્યાભ્રમણાપણે અને રાગ-દ્વેષપણે, અશુદ્ધપણે થયેલ છે એવો ઉપર્યુક્ત અશુદ્ધ આત્મા. એ વાત સિદ્ધ કરી. **'સર્વ વિભાવોથી પાર થઈને...'** હવે એ અશુદ્ધપણાના વિકારભાવને નાશ કરીને, વિભાવોથી પાર થઈ. મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામથી પરિણમતો કર્તા-ભોક્તા હતો, એ એની આત્માની ઊંધી–વિકારની અર્થસિદ્ધિ હતી.

હવે નિર્વિકારની આત્માની શુદ્ધિની શાંતિ કૃતકૃત્ય થાય ત્યારે કઈ રીતે (થાય)? કે, અશુદ્ધ આત્માને સર્વ વિભાવ, 'સર્વ વિભાવ' શબ્દ અહીં પડ્યો છે. જેટલી અશુદ્ધિ દશામાં છે એનાથી પાર થઈ, એનો અભાવ કરી **'પોતાના નિષ્કમ્પ...'** જુઓ! એનો અભાવ–વ્યય કરી અને **'પોતાના નિષ્કમ્પ ચૈતન્ય સ્વરૂપને પ્રાપ્ત થાય...'** ધ્રુવપણું તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ ત્રિકાળ છે. એની વર્તમાન દશામાં અશુદ્ધપણાના પરિણમનનો મલિનભાવ છે. એને પોતાના નિષ્કંપ ચૈતન્ય સ્વરૂપને પ્રાપ્ત થઈ અને તે વિભાવના અજ્ઞાન અને રાગ-દ્વેષને વ્યય કરે, શુદ્ધિની પર્યાયમાં પ્રાપ્તિ થાય, ધ્રુવપણું તો કાયમ છે. કહો! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાની દશામાં મલિનપણાના પરિણમનથી અનાદિનો તેનો કર્તા ને ભોક્તા છે, એ દુઃખી છે. સમજાણું કાંઈ? એ અનાદિનો દુઃખી છે. એક ક્ષણ પણ તેને આનંદનો સ્વાદ નથી. જો આનંદનો એક ક્ષણ પણ સ્વાદ હોય તો તો મુક્ત સ્વરૂપ એનું પ્રગટ થયું કહેવાય. સમજાણું કાંઈ? તે પરમાત્મ સ્વરૂપ પોતાનું શુદ્ધ આનંદ હોવા છતાં

www.vitragvani.com



તેની દશામાં અનાદિથી પુણ્ય ને પાપ અને એ મારા એવો મિથ્યાત્વભાવ, એ પણે પરિણમતો, એ કાર્ય કરતો, કર્તા થઈને તે વિકારના ભાવને ભાવ્ય કરતો તેનો ભોક્તા થતો અનાદિથી પરિભ્રમણ નિગોદથી માંડીને કરી રહ્યો છે. સમજાણું? આમાં કોઈને સુખી ન લીધા. પૈસાવાળા, દેવવાળા કે એને કોઈને ન લીધા. દેવ થયો તો કહે (છે), અનાદિથી દુઃખી થયો એમ લીધું. એણે તો વિકારના પરિણામ કર્યા ને ભોગવ્યા. નિગોદમાં હોય તો એમ ને દેવમાં હોય તો પણ એમ, કહ્યું ત્યાં તો. આ શેઠાયમાં હોય તોપણ એ ને ગરીબાયમાં હોય તોપણ એ. આકુળતાના ભાવે જ પરિણમ્યો છે, એનો કર્તા થયો છે અને એ આકુળતાના ભાવને જ ભાવ્ય કરીને ભોગવ્યા છે. લ્યો! આ તો એમ કહ્યું. ચોરાશીના કોઈ અવતારમાં એણે આ સિવાય કાંઈ કર્યું નથી. કહો! બરાબર છે?

નવમી ગ્રૈવેયક ગયો અનંત વાર તોપણ ત્યાં એને વિકારના ભાવે જ પરિણમીને કર્તા થઈને તેનું કાર્ય કર્યું છે અને વિકારીભાવને તેણે ભાવ્ય થઈને ભોગવ્યું છે. કહો! સમજાણું કાંઈ? અનંત વાર દિગંબર સાધુ થયો, નગ્ન દિગંબર, તોપણ એણે શું કર્યું ને શું ભોગવ્યું છે ત્યાં? એ તો એ શુભ-અશુભરાગ(પણે) પરિણમ્યો છે, કર્યા છે અને એને એણે ભોગવ્યા છે. કહો! સમજાણું કાંઈ? નવમી ગ્રૈવેયક ગયેલ સાધુનો ભાવ જે મિથ્યાદૃષ્ટિ એણે પણ આ કર્યું હતું. સમજાણું કાંઈ? કેટલી શુકલ લેશ્યા ઊંચી! અને એમાં મિથ્યાત્વભાવ, એનો કર્તા થઈ અને એ કર્યું અને એને એણે ભોગવ્યું. આ સિવાય એણે કાંઈ કર્યું નથી. લ્યો! ભાઈ! આ નવમી ગ્રૈવેયક ગયો ત્યારે એણે આમ પાળ્યું. ભાઈ! એટલો તો સુખી થયો, એમ કહે છે, કેટલાક જવાબ આપે છે. ભલે દ્રવ્ય પાળ્યું તો કંઈક સુખી તો થયો ને? એટલું તો છે ને? એમ કહે છે. ઉત્તર આપ્યો છે એમાં–'ખાણિયા (ચર્ચા)' માં ને બધામાં. દ્રવ્યચારિત્ર ભલે હતું, દ્રવ્યચારિત્ર સુખનું તો કારણ છે ને? કહો! ઠીક! અહીં તો કહે છે કે, એ દ્રવ્યચારિત્રના રાગના જે પરિણામ મંદ હતા એ દુઃખરૂપના કર્તા ને દુઃખનું વેદન હતું એને. આહાહા..! સમજાણું કાંઈ?

હવે એ **'સર્વ વિભાવોથી પાર થઈ...'** એ દુઃખની જે અશુદ્ધ મલિન દશા (છે) એનાથી રહિત થઈ. કેમ થવાય? એ પોતાના સ્વરૂપનો આશ્રય કરીને, કહેશે. **'પોતાના નિષ્કમ્પ ચૈતન્ય સ્વરૂપને પ્રાપ્ત થાય છે...'** પોતે શુદ્ધ ધ્રુવ ચૈતન્ય છે એને અવલંબીને પર્યાયમાં પોતાના નિષ્કમ્પ ચૈતન્ય સ્વરૂપને દશામાં પ્રાપ્ત કરે છે. કહો! સમજાણું આમાં? જે અજ્ઞાન અને રાગ-દ્વેષને જે પર્યાયપણે પ્રાપ્ત થતો, કરતો, ભોગવતો એ જ્યારે પુરુષાર્થ દ્વારા સ્વભાવ શુદ્ધ ચૈતન્યને અવલંબે છે. શુદ્ધ જ્ઞાયકભાવ, આનંદને અવલંબે છે ત્યારે તેની દશામાં પૂર્વની દશાનો નાશ થઈ અને નિષ્કમ્પ અવસ્થાની નિર્મળતાને તે આત્મા પ્રાપ્ત થાય છે. કહો! સમજાણું આમાં?

**'ત્યારે આ આત્મા તે સમ્યક્પણે પુરુષાર્થના પ્રયોજનની સિદ્ધિને પ્રાપ્ત થતો થકો...'**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



લ્યો! ત્યારે તે આત્મા જે ઊંધા પુરુષાર્થથી અજ્ઞાનમાં, રાગ-દ્વેષના કર્તા-ભોક્તામાં હતો એ જ્યારે શુદ્ધ ચૈતન્યના અવલંબે આવ્યો ત્યારે, **'સમ્યક્પણે પુરુષાર્થના પ્રયોજનની સિદ્ધિને પ્રાપ્ત થતો થકો કૃતકૃત્ય થાય છે.'** સુખનો, શાંતિનો, આનંદનો પૂર્ણ પર્યાય જેને પ્રગટ થાય છે. કૃતકૃત્ય–બધા કાર્ય કર્યા એવી પૂર્ણ દશાને પામે છે. લ્યો! એ શબ્દાર્થ કર્યો. સમજાણું કાંઈ?

**ટીકા :– 'स यदा सर्वविवर्त्तोत्तीर्णं चैतन्यमचलमाप्नोति तदा कृतकृत्यः भवति'** આત્માની અર્થસિદ્ધિ ક્યારે થાય એનો ઉત્તર છે કે, **'રાગાદિ ભાવોથી લિપ્ત તે જ આત્મા...'** રાગ મિથ્યાત્વ સંબંધીનો રાગ એ બધો રાગ છે, કષાય છે. મિથ્યાત્વ, રાગ-દ્વેષ, **'રાગાદિ ભાવોથી લિપ્ત તે જ આત્મા...'** જુઓ! કર્મથી લિપ્ત અહીં ન લીધું. સમજાણું કાંઈ? જેને ટાળી શકે છે તે વાત લીધી, કર્મનું ટાળવું કે બંધાવું કાંઈ એના અધિકારમાં નથી. એ પર્યાયમાં રાગ-દ્વેષ ને મિથ્યાત્વના ભાવથી, મલિન દશાથી **'લિપ્ત તે જ આત્મા જ્યારે સર્વ વિભાવથી પાર થઈ...'** વિકારના પરિણામનો અભાવ કરી, **'પોતાના ચૈતન્યસ્વરૂપ આત્માને...'** પોતાનો ચૈતન્ય શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા, વ્યાખ્યા કરી. આત્મા કેવો? કે, ચૈતન્યસ્વરૂપ આત્મા છે. મલિન પરિણામ એ કાંઈ એનું મૂળ સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

પોતાના ચૈતન્યસ્વરૂપ આત્માને, પોતાનો ચૈતન્ય આનંદ આદિ. ચૈતન્યમાં બધા ગુણો આવી ગયા. એવા શુદ્ધ **'ચૈતન્યસ્વરૂપ આત્માને નિઃશંકપણે પ્રાપ્ત થાય છે...'** પહેલો નિઃસંદેહપણે પ્રાપ્ત થાય છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું, નિર્મળાનંદ છું એમ અંતર નિઃશંકપણે, દૃષ્ટિપણે, સ્થિરતાપણે પ્રાપ્ત થાય છે. **'ત્યારે આ જ આત્મા કૃતકૃત્ય થાય છે.'** ત્યારે આ જ આત્મા બધા કાર્ય પૂરા કર્યા એવો થાય છે. જુઓ! આમાં કર્મની વાત યાદ નથી કરી કે કર્મ બાંધ્યા એને છોડે ને એ વાત નથી લીધી. સમજાણું કાંઈ? કારણ કે કર્મનું બાંધવું એ આત્માના અધિકારની વાત નથી, તેમ એને છોડવું એ આત્માના અધિકારની વાત નથી. એ તો એ પોતે જ પોતાની શક્તિથી બંધાય ને શક્તિથી તૂટે એ એના સામર્થ્યનું કાર્ય એનામાં રહે છે. સમજાણું કાંઈ?

**'કેવો છે આ આત્મા? 'सम्यक्पुरुषार्थसिद्धिमापन्नः'...'** લ્યો! એ અર્થ સિદ્ધિ. **'સમ્યક્ પ્રકારે પુરુષાર્થની સિદ્ધિને પ્રાપ્ત થયો છે.'** પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા, એની અંતર્મુખ થઈને જે પર્યાયમાં પ્રાપ્ત થયો. સમ્યક્ પ્રકારે પુરુષાર્થ–સ્વભાવના સન્મુખનો જે પુરુષાર્થ થયો તેની સિદ્ધિને પ્રાપ્ત થયો. પૂર્ણ સિદ્ધિને પ્રાપ્ત થયો. પુરુષાર્થનું કાર્ય શુદ્ધ ચૈતન્યમૂર્તિની પ્રાપ્તિ એ કાર્ય પ્રગટ થયું. લ્યો ! અહીં તો અંદર ને અંદરની વાતું વર્ણવી. કર્મ નહિ, શરીર નહિ, સંયોગ મુકવા-બુકવાની વાત પણ નથી કરી આમાં ક્યાંય. સમજાણું કાંઈ? એની વર્તમાન પર્યાયમાં મલિનતાનું પરિણમન કર્તા-ભોક્તાપણે કરી રહ્યો છે એને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્માના અવલંબન વડે પર્યાયમાં નિઃશંક, નિઃશંક, નિઃકંપ એવી અવસ્થાને પ્રાપ્ત થવી તેને મુક્ત દશા કહે છે. કહો! સમજાણું કાંઈ?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**ભાવાર્થ :– 'જ્યારે આ આત્મા સ્વ-પર ભેદવિજ્ઞાન વડે...'** જુઓ! વિસ્તાર કરે છે. અનાદિથી સ્વ-પરની એકતા હતી. અશુદ્ધ પુણ્ય-પાપના ભાવપણે પરિણમતો, તે મારું કાર્ય છે, તેનો કર્તા (હું છું) એમ એકપણાની બુદ્ધિએ થતો (હતો). તેને સ્વ-પરના ભેદજ્ઞાન વડે. (અર્થાત્) વિકારી પરિણામ, શરીરાદિ પર અને મારું સ્વદ્રવ્ય ચૈતન્ય સ્વરૂપ આત્મા એમ સ્વ-પર ભેદવિજ્ઞાન વડે. સ્વ–ચૈતન્યસ્વરૂપ આત્મા, પર–શરીરાદિ, મલિન પરિણામ. એને **''જુદા જાણે ત્યારે તેમાં 'આ ભલા-ઇષ્ટ, આ બુરા' એવી બુદ્ધિનો ત્યાગ કરે.''** અહીં શરીરથી ઉપાડ્યું. શરીરાદિ પરવસ્તુ. **'પરદ્રવ્યને જુદા જાણે...'** પોતાના આત્માના પદાર્થથી શરીર, કર્મ, વાણી, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પર એ બધું સ્વ-પરના ભેદજ્ઞાન દ્વારા (જુદા જાણે). જુઓ! આ દ્વારા એમ કહ્યું.

**'પરદ્રવ્યને જુદા જાણે ત્યારે તેમાં 'આ ભલા-ઇષ્ટ, આ બૂરા' એવી બુદ્ધિનો ત્યાગ કરે.'** એ જુદા છે એમાં ભલા-બુરા છે નહિ. કહો! સમજાણું કાંઈ? એવી બુદ્ધિનો ત્યાગ કરે એમ કીધું. ભેદજ્ઞાન વડે પરદ્રવ્યને જુદા જાણે ત્યારે આ ભલા-ભૂંડા એવી બુદ્ધિનો ત્યાગ કરે એમ કહ્યું. પરવસ્તુને છોડે ને મુકે એ વાત ન રહી. આ પરપદાર્થ મને અનુકૂળ છે અને પ્રતિકૂળ છે એવી બુદ્ધિ, સ્વ અને પરને જુદા જાણવાથી એવી બુદ્ધિનો ત્યાગ થાય છે. સમજાણું કાંઈ?

**'કારણ કે જે કાંઈ ભલું કે બૂરું થાય છે તે તો પોતાના પરિણામોથી જ થાય છે,...'** ઠીક! પરથી નહિ. કલ્પનામાં એમ માને કે, આનાથી થયું. એવું પરથી થાતું નથી. પોતાના પરિણામમાં આ ઠીક છે માને, ખોટા પરિણામમાં અઠીક (છે) એમ માને. પરથી ભલુ-બૂરું કાંઈ થતું નથી. કર્મથી પણ ભલુ-બૂરું થાતું નથી, શરીરથી ભલુ-બૂરું થાતું નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર પરથી પણ ભલુ-બૂરું થાતું નથી. પરદ્રવ્યમાં આવતું હશે કે શેમાં આવતું હશે એ? સમ્મેદશિખર કે શેત્રુંજય મને ભલો છે અને દુશ્મન ભૂંડા છે એ વાત સ્વ અને પરની ભેદજ્ઞાન બુદ્ધિ વડે એવી બુદ્ધિનો ત્યાગ નાશ થાય છે. કહો! સમજાણું આમાં?

બહુ જ ટૂંકા સિદ્ધાંતો 'विदूषाम्'.... પુરુષાર્થસિદ્ધિનો ઉપાય બતાવીશ. પરમાગમમાંથી એ ઉદ્ધાર કર્યો છે. બહુ જ સાર, સાર (વાત લીધી છે). આમાં પરનું ભલું કરી શકું, ક્યાં ગયા? નથી આવ્યા ? એ બધા પરનું ભલું કરનારા.. કરી દે, સમજે નહિ કાંઈ. ભલું કરીએ અને પરનું ભૂંડું કરીએ એ વાત જ ખોટી છે, કહે છે. પરનું ભલું બૂરું આત્મા કરી શકતો નથી અને આત્મામાં પણ પરથી ભલું-ભૂંડું થઈ શકતું નથી. બરાબર છે? હિતના જે અર્થીઓ હોય, કુટુંબ, મિત્રો એ તો આત્માને કાંઈ ભલું કરે કે નહિ? દેવ-ગુરુ-શાસ્ત્ર આત્માનું ભલું કરે કે નહિ? આ દુશ્મનો, વેરીઓ, સર્પો, વીંછી આત્માને નુકસાન, ભૂંડું–બૂરું કરે કે નહિ? ત્યારે કહે છે કે, એ ભલું-બૂરુંની બુદ્ધિ જે હતી એ સ્વ ને પરને જુદા જાણવાથી પર મારું ભૂંડું-ભલું કરે તે બુદ્ધિનો ત્યાં નાશ થાય છે. પર મારાથી જુદા એ મને ભૂલું-બૂરું કેમ કરે?

શરીર સારું હોય તો ધર્મ થાય, શરીર રોગી હોય તો ધર્મ ન થાય. એ બુદ્ધિ સ્વ ને, પરને જુદા જાણવાથી તે બુદ્ધિનો નાશ થાય છે, તે બુદ્ધિ રહેતી નથી. કહો! 'शरीराद्य खलु धर्म साधनम्' નથી આવતું? ધર્મનું સાધન શરીર છે તો શરીર નિરોગી હોય, સરખા શ્વાસ લેવાતા હોય, કફ નડતો ન હોય... આ તો શરીરમાં શૂળ આવતા કહે, ભગવાન ભગવાન કરો. પેલો કહે, ભાઈ! હવે અત્યારે ભગવાન સાંભરતા નથી. 'પોરબંદર'વાળા છે, નામ ભૂલી ગયા. 'ગીરધરભાઈ'. ભગવાન ભગવાન કરો 'ગીરધરભાઈ'! અત્યાર સુધી સામાયિક ને પોષા બહુ કર્યા છે. અત્યારે ભગવાન સાંભરતા નથી. ગોળા નીકળ્યા છે, વાયુનો ગોળો એવો ચડ્યો (છે)... અત્યારે ભગવાન ભગવાન મુકી દ્યો, અત્યારે રહેવા દ્યો. અત્યારે આમાં શું થાય છે એને જોવું છે. પીડા.. પીડા.. અંદર શૂળ ઉપડે ને? ગોળો (ચડે)... ક્યાંય નજર નાખી પડતી નથી, ક્યાંય બીજો શ્વાસ નથી લેવાતો. ભગવાન.. ભગવાન કાંઈ (નહિ), અત્યારે ભગવાન (ચાલ્યા ગયા). એ શરીરને–મને રોગ થયો એ મને ભૂંડું છે એ માન્યતા એની ખોટી છે. શરીરમાં એ થયું માટે અહીં આત્માનું શરણ લઈ શકતો નથી એમ નથી. પર મને ભલું-ભૂંડું કરે એવી બુદ્ધિ એને આત્મા તરફ જવા દેતી નથી. સમજાણું કાંઈ? આ સરખા સાધન રાખું, શરીર સરખું રહે, આ હોય, આમ હોય...

જ્યારે આ આત્મા પોતાનું અને પરની જુદાઈનું વિજ્ઞાન કરે એ દ્વારા શરીર, કર્મ, પરવસ્તુ આદિ. કર્મ પણ આવે, કર્મ આકરા હોય ને મહા ભૂડા કાંઈક મંદ પડે ને તો મને ઠીક પડે. એ કર્મ પ્રત્યે રાગ ને દ્વેષ છે. ભલા-બૂરા કર્મ છે નહિ.

જ્યારે પર ને સ્વનું જુદાઈપણાનું જ્ઞાન કરે અને જુદા જાણે ત્યારે તેમાં, ત્યારે તેમાં આ ભલા છે, મને ઇષ્ટ છે, આ બૂરા છે એવી બુદ્ધિનો ત્યાગ કરે. એ બુદ્ધિ એને રહે નહિ. સ્વ ને પર. એ પર મને ભલુ-ભૂંડું કરે ને એ સ્વ-પરનું ભેદજ્ઞાન થતાં એ બુદ્ધિ રહેતી નથી. સ્વ-પરની એકત્વબુદ્ધિ છે ત્યાં મને બીજા ભલું કરી શકે ને ભૂંડું કરી શકે એમ માને છે. માને છે, હોં!

**'કારણ કે, જે કાંઈ ભલું કે બૂરું થાય છે તે તો પોતાના પરિણામોથી જ થાય છે,...'** શુભરાગ કરે, અશુભરાગ કરે, ધર્મના પરિણામ કરે તો ભલું ને પાપના પરિણામ કરે તો ભૂંડું એ તો પોતાના પરિણામથી થાય છે, પરને લઈને કાંઈ નથી. ભાઈ! હવે ભગવાનની પ્રતિમા, દેવ-ગુરુ-શાસ્ત્ર એનાથી તો કાંઈ ભલું થાય કે નહિ? એનાથી ન થાય? તો કરવું શું કરવા પછી? જ્ઞાન કરે છે. ભગવાન પાસે જઈને પૂજા નથી કરતો? ભક્તિ કરે છે કે નહિ? નામ સ્મરણ કરે છે કે નહિ? ભગવાન... ભગવાન... ભગવાન... એ તો રાગ છે પણ પરવસ્તુથી તે ભાવ થાય છે એમ નથી. એ રાગ થયો છે તે પોતાથી થયો છે, પરને લઈને નહિ. એ ચીજ છે માટે અહીં શુભરાગ થયો, આ બાયડી-છોકરા છે માટે મને આ પાપરાગ થયો એમ નથી. સમજાણું કાંઈ? એ પાપરાગ અને પુણ્યરાગનું પરિણમન પોતે

જ પોતાથી કરે છે, પરને લઈને થતું નથી એમ કહે છે. આ તો એકાંત થઈ જશે, પાછો વળી એમ કહે. આમ જો નિશ્ચય માનશું તો એકાંત થઈ જશે. પરથી ભલું-ભૂંડું કાંઈ નહિ માને તો પછી પરની સેવા, ભક્તિ, પૂજા નહિ કરે. સમજાણું કાંઈ? અહીં તો દેવ, ગુરુ ને શાસ્ત્ર પંચ પરમેષ્ઠી પણ આત્માનું ભલું કરી શકતા નથી અને દુશ્મન માથાનો કાપનાર એ આત્માનું બુરું કરી શકતો નથી. કહો! સમજાણું કાંઈ?

**'ભલું કે બૂરું થાય છે...'** જે કાંઈ, એમ. **'તે તો પોતાના પરિણામોથી જ થાય છે,...'** કહો! શુભભાવ કરે તો પુણ્ય થાય, અશુભ કરે તો પાપ થાય. બે ને બૂરું જાણે ને આત્માના સ્વભાવને ભલો જાણે, સ્વભાવની શાંતિ પ્રગટ કરે તો ભલું થાય. કહો! સમજાણું આમાં? **'પરદ્રવ્યના કરવાથી ભલું-બૂરું થતું નથી.'** લ્યો! એ કર્મથી પણ આત્મામાં ભલું-બૂરું થતું નથી. બરાબર હશે? શરીરથી પણ આત્મામાં ભલું કે બૂરું થતું નથી. શરીરમાં બહુ રોગ થઈ ગયા એટલે ભાઈ! પરિણામ સુધારી શકાય નહિ. એ વાત ખોટી છે, એમ કહે છે. શરીર ગમે તેવી સ્થિતિમાં હોય પરદ્રવ્ય આત્માને ભૂંડું કરી શકતું નથી. એ શક્તિ જ એવી છે. શરીરમાં તાકાત નથી કે આત્માનું ભૂંડું કરે. બહુ શરીર અનુકૂળ આમ નિરોગતા હોય તો આમ જાણે બધું કરી શકે ઉપવાસ ને ત્યાગ ને માટે એને લઈને આત્માને ભલું થાય એમ છે નહિ. કહો! સમજાણું?

**'પરદ્રવ્યના કરવાથી ભલું-બૂરું થતું નથી.'** દુશ્મનથી આત્મામાં ભૂંડું થતું નથી અને દેવ-ગુરુ-શાસ્ત્ર ને મિત્રોથી આત્મામાં ભલું થતું નથી. **'તેથી સર્વ પરદ્રવ્યોમાં...'** સ્વ-પરના ભેદજ્ઞાનને કારણે પરથી ભલું-ભૂંડું માનવાની બુદ્ધિનો ત્યાગ થાય છે. જુઓ! એ ત્યાગ કહ્યો. આ ત્યાગ, ત્યાગ કર્યો. ત્યાગ કર્યો તો ત્યાગ શેનો? શેનો ત્યાગ થયો? સ્વ-પરની જુદાઈનું જ્ઞાન થતાં પરથી મને ભલું-ભૂંડું થાય એવી બુદ્ધિનો ત્યાગ (થાય) તેને યથાર્થ ત્યાગ કહે છે. કહો! સમજાણું આમાં? એ ભલું-ભૂંડું માનવાનો જ્યાં ભાવ છે ત્યાં યથાર્થ ભૂંડી બુદ્ધિનો ત્યાગ નથી, એ ત્યાગ નથી એ જ ભોગ છે એનો. એ જ એને અત્યાગભાવ છે. સમજાણું કાંઈ?

'શરીરે સુખી તો સુખી સર્વ વાતે' બહુ બોલતા તમારે, એ સલવાઈ ગયા છે, બન્ને સલવાઈ ગયા છે.... સૌ જ્યાં હોય ત્યાં સલવાઈ ગયા છે. 'શરીરે સુખી તો...' રાડ પાડે, રાડ પાડે. ધૂળ પણ સુખી નથી, કહે છે. શરીરે શું? આ તો માટી પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યથી ભિન્ન આત્માને જાણતા, પરદ્રવ્યથી મારું ભલું-ભૂંડું થાય તે બુદ્ધિનો ત્યાગ (થાય) તેને યથાર્થ અજ્ઞાનનો ત્યાગ કહેવામાં આવે છે. એ અજ્ઞાનનો ત્યાગ તે વાસ્તવિક ત્યાગ છે. અજ્ઞાનનો ત્યાગ નથી અને બહારના ત્યાગ કરીને બેઠા અને (માને કે) અમે ત્યાગ કર્યો છે. શેનો પણ ત્યાગ? સમજાણું કાંઈ?

**'તેથી સર્વ પરદ્રવ્યોમાં...'** જુઓ! પોતા સિવાય જેટલા પરદ્રવ્ય છે એમાં **'રાગ-દ્વેષ ભાવનો**

**ત્યાગ કરે.**' કેટલો ત્યાગ થયો, જુઓ! સ્વ ચૈતન્યસ્વરૂપ આત્મા અને પર શરીરાદિ બધા અનંત પદાર્થો બેને અંતરમાં જુદા જાણતા પર અનંત દ્રવ્યો છે એનાથી મને નુકસાન અને લાભ થાય એવી બુદ્ધિનો પરદ્રવ્યમાં ત્યાગ થાય છે. મોટો ત્યાગ એ પહેલો છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

પરદ્રવ્યો છોડવા-મુકવાની વાત નથી. પરદ્રવ્યો તો ક્યાં ગરી ગયા છે આત્માને કે છોડે ને ગ્રહે? પકડે છે કે દિ' કે છોડ્યા હોય? આત્મા સિવાય અનંત બીજા પદાર્થો મને ભલું કરે છે, ભૂંડું કરે એવો જે ભાવ (થાય છે) એ પરદ્રવ્યથી પોતાને ભિન્ન જાણતા, અનંતા પરદ્રવ્યની બુદ્ધિનો જે ભાવ કે આ મને ભલું-ભૂંડું એવો અનંતો પરબુદ્ધિનો ત્યાગ અજ્ઞાનનો ત્યાગ થઈ જાય છે. બરાબર છે? હવે હિન્દીવાળાએ હળવે હળવે ગુજરાતી ભાષા શીખી લેવી પડશે. આ 'સોભાગમલજી' હિન્દી છે, હળવે હળવે થઈ ગયા. આ ભાઈ થઈ ગયા.

**'સર્વ પરદ્રવ્યો...**' ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ છે એમ પરદ્રવ્યથી ભિન્નપણાનું જ્ઞાન થતાં અનંતા પરદ્રવ્યોમાં આ ઠીક-અઠીક છે એવી ભલા-ભૂંડાની બુદ્ધિનો ત્યાં ત્યાગ થઈ જાય છે, એ જ મોટો ત્યાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવા પરદ્રવ્ય પ્રત્યે ભલા-ભૂંડાની બુદ્ધિનો ત્યાગ નથી ત્યાં બાહ્યનો ત્યાગ એણે કર્યો એ વ્યવહારે પણ કહી શકાતું નથી. આહા..! સમજાણું કાંઈ?

**'જો અવશપણે...**' હવે કહે છે કે રાગ-દ્વેષભાવનો ત્યાગ કરે છતાં કાંઈ રાગાદિ થાય તો? દૃષ્ટિમાં બુદ્ધિનો ત્યાગ થયો, એમ કીધું ને? એવી બુદ્ધિનો ત્યાગ કરે. પરદ્રવ્ય અનંતા છે એમાં કોઈ દ્રવ્ય, કોઈ રજકણ કે કોઈ આત્મા મારું ભલું કરી શકે નહિ, કોઈ ભૂંડું કરી શકે નહિ. એવો જે પરથી ભિન્ન ભાવ થયો ત્યારે અનંતા પરદ્રવ્ય પ્રત્યેની બુદ્ધિનો આ નુકસાન લાભ કરે એવો ત્યાગ થઈ ગયો. હવે કહે છે કે, એવો ત્યાગ થયો તેથી જો હવે થોડા રાગાદિ થાય ને? એને લઈને મને લાભ-નુકસાન થાય એવી બુદ્ધિનો તો ત્યાગ થયો, સ્વ-પરને જુદું પાડવાથી. સમજાણું કાંઈ?

આત્મા ચૈતન્યસ્વરૂપ આત્મા છું એમ જાણ્યું અને એ સિવાય અનંતા પરપદાર્થ ભિન્ન છે એમ જાણ્યું એટલે પરપદાર્થને ભલા-ભૂંડા માનવાની અનંતી જે ભૂંડી બુદ્ધિ હતી એનો ત્યાગ થયો. સ્વ-પરને જુદા માનવાથી, સ્વ-પરને જુદા જાણવાથી. હવે કહે છે કે, એવું થવા છતાં કાંઈક પુરુષાર્થની (નબળાઈને કારણે) **'અવશપણે રાગાદિ ઊપજે તો...**' પરને કારણે ન રહ્યા હવે. પર સારા માટે રાગ ને પર ભૂંડા માટે દ્વેષ એમ ન રહ્યું, પણ હવે પોતાની પુરુષાર્થની નબળાઈ થાય તો, પુરુષાર્થની નબળાઈને લઈને રાગ-દ્વેષ થાય તો. પહેલો મિથ્યાત્વ બુદ્ધિના રાગ-દ્વેષનો ત્યાગ થયો. સમજાણું કાંઈ?

હું ચૈતન્યસ્વરૂપ આત્મા, બસ! હું ચૈતન્ય સ્વરૂપ છું, પરવસ્તુ પર (છે). અહીં રાગ-દ્વેષનું પછી આમ કર્યું, વચમાં કાઢ્યા. પરમાં અહીં રાગ ન કહ્યો પરમાં તો પરદ્રવ્ય લઈ

લીધા. પરદ્રવ્ય મારાથી જુદા છે ને હું એનાથી જુદો એવું અંતરમાં ભેદજ્ઞાન થવાથી પર અનંતા પદાર્થો મને ભલા-ભૂંડાનો જે ભાવ હતો એ જુદા જાણવાથી તે બુદ્ધિનો ત્યાગ થયો. એટલે કે મિથ્યાત્વદષ્ટિનો અજ્ઞાનભાવ હતો તે ત્યાગ થયો. સમજાણું કાંઈ? ત્યારે કહે છે, પછી પણ–આવી બુદ્ધિનો ત્યાગ થવા કાળમાં પણ. પરદ્રવ્ય મને લાભ-નુકસાન કરતા નથી એવી બુદ્ધિનો ત્યાગ થયો. નુકસાન કરતા નથી, એ તો જ્ઞેય છે. જે કર્તા થાય એવી બુદ્ધિનો– મિથ્યાત્વનો ત્યાગ થયો પણ **'અવશપણે (પુરુષાર્થની નિર્બળતાથી) રાગાદિ ઊપજે...'** છતાં પરદ્રવ્યના કારણે જે રાગ-દ્વેષ માનતો (હતો) બુદ્ધિ એ ગઈ. પણ પોતાની નબળાઈને કારણે હવે જે રાગ-દ્વેષ રહ્યા, **'તો તેના નાશને માટે,...'** તો તેના નાશને માટે. જુઓ! કેવી શૈલી છે! **'અનુભવ-અભ્યાસમાં ઉદ્યમવંત રહે.'** સમજાણું કાંઈ?

બે ન્યાય મુક્યા. સ્વ સ્વરૂપ ચૈતન્યપ્રભુ અને પર અનંત શરીર, કર્મ આદિ બધા દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર (આદિ) અનંતા પદાર્થોથી મારું સ્વરૂપ ભિન્ન છે. એમ જાણતા અનંત પદાર્થથી ભલું ભૂંડું માનવાની બુદ્ધિ એનો મહાન પહેલો અજ્ઞાનનો ત્યાગ થયો. પછી નબળાઈને લઈને થાય (એનું શું કરવું?) જુદા જાણ્યા, પરથી ભલા-ભૂંડાની બુદ્ધિ ગઈ છતાં હજી નબળાઈથી થાય એનું શું કરવું? સમજાણું કાંઈ? ભારે વાત કરી છે, હોં! પોતાના અવશપણે **'રાગાદિ ઊપજે તો તેના નાશને માટે...'** પોતાની નબળાઈથી ઊપજે એ પોતાના તીવ્ર અનુભવ દ્વારા નાશ થાય, બસ! ન્યાં રહી વાત. કહો! સમજાણું આમાં?

**'તેના નાશને માટે અનુભવ-અભ્યાસમાં ઉદ્યમવંત રહે.'** આત્માનો અનુભવ કરવાનો વારંવાર અભ્યાસ કરે. આનંદ સ્વરૂપને અનુસરીને થાય તો એ નબળાઈથી થતાં રાગ-દ્વેષનો આ રીતે નાશ થાય, આ રીતે એનો નાશ થાય. પરથી જુદા પાડવાથી પરથી ભલું-ભૂંડું માનવાની બુદ્ધિનો ત્યાગ થાય અને નબળાઈથી થતાં રાગ-દ્વેષને સ્વરૂપના અનુભવથી તેનો નાશ થાય. આ એના ઉપાય. આહા...! સમજાણું કાંઈ? છે ને પુસ્તક સામે પડ્યું છે કે નહિ? આમ કરતા બન્ને વાત થઈ ગઈ, લ્યો!

ભગવાન ચૈતન્યસ્વરૂપ છે એમ જાણ્યું અને તે સ્વરૂપમાં પરદ્રવ્યો નથી, તે પરદ્રવ્યો પરમાં છે. એથી તેનાથી ભિન્ન જ્ઞાન થયું, એથી અનંતા પરદ્રવ્યની જે એકતાબુદ્ધિ લાભ-નુકસાનની જે હતી એવી બુદ્ધિનો ત્યાં ત્યાગ થયો. હવે અસ્થિરતાના રાગ-દ્વેષ રહ્યા એને શી રીતે નાશ કરવા? આ તો જુદા પાડીને નાશ કર્યા. આ ને આ નહિ, આમાં એ નહિ, એમાં હું નહિ એમ પરથી ભેદ પાડીને તેની બુદ્ધિનો ત્યાગ થયો. પણ નબળાઈથી થાય એનો શું ત્યાગ? કે, નબળાઈથી રાગ-દ્વેષ થાય એને સ્વભાવના અનુભવ દ્વારા એનો નાશ થાય. સમજાણું કાંઈ? બહુ સાદી ભાષામાં છે આ. 'શોભાલાલજી'!

**'અનુભવ-અભ્યાસમાં ઉદ્યમવંત રહે.'** જુઓ! આ પુરુષાર્થસિદ્ધિ છે ને! પહેલા તો ભેદજ્ઞાન કરવું એ પુરુષાર્થ છે, એ પુરુષાર્થમાં પરથી ભલા-ભૂંડાની બુદ્ધિનો ત્યાગ થઈ ગયો. પછી

www.vitragvani.com



નબળાઈથી રાગ-દ્વેષ થાય છે એનો અંતર સ્વભાવ સન્મુખના અભ્યાસથી નાશ થાય છે. આમાં પરથી કાંઈ થાય એમ ન આવ્યું, એમ પુણ્ય-પાપના પરિણામથી આત્માને લાભ થાય, એમ ન આવ્યું. સમજાણું? **'सर्वविवर्त्तोत्तीर्ण'** સર્વવિવર્ત્ત વિપરીતભાવ ઉત્તીર્ણ. આહા..! ભગવાન આત્મા...! બહુ પણ ટૂંકી ભાષામાં ઘણા ભાવનું શાસ્ત્રમાંથી આ શાસ્ત્ર (બનાવ્યું છે).

ભાઈ! તારી દશામાં, તારે કારણે, મલિન પરિણામ મિથ્યાત્વ આદિ અજ્ઞાનના પરિણમે છે તે તેનો કર્તા-ભોક્તા છે એમ નક્કી કરાવ્યું. આહાહા..! અને તેને ટાળવા માટે પહેલા તો ભગવાન ચૈતન્ય સ્વરૂપ આત્મા છે, અનંતી પરવસ્તુ કર્મથી માંડીને બધાય પરદ્રવ્ય છે એમ ભેદજ્ઞાન કરવાથી, પર જુદા જાણવાથી, સ્વને પોતાનું જાણવાથી, પરથી મને લાભ-નુકસાન થાય એવી મિથ્યાત્વબુદ્ધિનો, અજ્ઞાનનો નાશ થાય છે. પછી નબળાઈથી થતાં રાગ-દ્વેષના ભાવ પરને કારણે નહિ, સ્વભાવને કારણે નહિ. સમજાય છે? પ્રતિકૂળ સંયોગ આવ્યો માટે દ્વેષ થાય છે, અનુકૂળ સંયોગ આવ્યો માટે રાગ (થાય) એ તો બુદ્ધિ પહેલેથી ગઈ. હવે પોતાને પ્રતિકૂળ, અનુકૂળ સંયોગમાં પોતાની નબળાઈને કારણે થતો, પરને કારણે નહિ... સમજાણું કાંઈ? પોતાની નબળાઈને કારણે (થતા રાગ, દ્વેષ). સમકિતીને છોકરો મરી ગયો એમ બહારથી દેખે. એ છોકરો મરી ગયો માટે એને રાગ-દ્વેષ થાય છે એમ નહિ. કારણ કે, એ તો પરદ્રવ્ય છે એનાથી કાંઈ મને લાભ-નુકસાન હતું નહિ. હવે એ વખતે જરીક આમ રુદનનો દ્વેષ આવ્યો એ કહે છે કે, પરના કારણે નથી આવ્યો. સંયોગ આવો થયો છે માટે નથી આવ્યો, નબળાઈને લઈને આવ્યો છે. સંયોગને લઈને નથી, નબળાઈને લઈને થયો એ સ્વભાવની સબળાઈ દ્વારા નાશ થઈ શકે છે. સમજાણું કાંઈ? શું બરાબર છે કે નહિ?

**'આમ કરતાં જ્યારે...'** આમ કરતાં જ્યારે, આમ કરતાં સમજાણું? ભગવાન આત્માને ને પરને જુદા પાડતા, પરદ્રવ્ય પ્રત્યેની બુદ્ધિનો ભલા-ભૂંડાનો નાશ થયો. નબળાઈથી થતાં રાગ-દ્વેષનો સ્વભાવના આશ્રયે અનુભવ કરતા નાશ થાય. **'આમ કરતાં જ્યારે સર્વ વિભાવભાવનો...'** જુઓ! પહેલી મિથ્યાબુદ્ધિનો વિભાવનો નાશ થયો પછી અસ્થિરતાનો અનુભવ દ્વારા નાશ થયો. **'આમ કરતાં જ્યારે...'** 'ટોડરમલે' અર્થ પણ બહુ સરસ કર્યા છે! જુઓ! છે કે નહિ? શબ્દેશબ્દો. એનાથી અમે ડાહ્યા છીએ (એમ લોકો માને).

**'આમ કરતાં જ્યારે...'** આમ કરતાં જ્યારે, એમ. બીજું કરતા નહિ. સર્વ વિભાવનો નાશ થાય એ વ્યય થઈ ગયો. એકત્વબુદ્ધિથી થતા મિથ્યાત્વનો નાશ થયો, પરથી જુદું પાડતા, અસ્થિરતાનો નાશ થયો, સ્વનો અનુભવ કરતા. ત્યારે થયું શું હવે? ઉત્પન્ન શું થયું? એ તો વ્યય થયો. સમજાણું? **'चैतन्यमचलमाप्नोति'** એમ છે ને? **'જ્યારે સર્વ વિભાવભાવનો નાશ થાય, અક્ષુબ્ધ...'** ભગવાન આત્મા, **'અક્ષુબ્ધ સમુદ્રવત્...'** દરિયો જેમ ડોલાયમાન ન થાય ને આમ સ્થિર જામી પડ્યો હોય જ્યારે એવા વખતમાં. સમજાય છે? અમુક વખતમાં નહિ? દરિયો આમ સ્થિર થઈ જાય છે, હોં! ક્યો મહિનો હશે? શ્રાવણમાં

www.vitragvani.com



તો ડાલમડોલ હોય, કોઈ વખતે તો આમ સ્થિર, સ્થિર હોય. **'અક્ષુબ્ધ, સમુદ્રવત્...'** ક્ષોભાયમાન સમુદ્ર ન હોય તેમ.

**'શુદ્ધાત્મસ્વરૂપમાં...'** ભગવાન આત્મા, શુદ્ધ સ્વરૂપમાં **'લવણવત્...'** લવણવત્. મીઠુ જેમ દરિયામાં સ્થિર થઈને સરખું સમાય જાયને? એમ **'લવણવત્ પરિણામ લીન થાય,...'** પોતાના પરિણામ પોતામાં લીન થાય. સમજાણું કાંઈ? ક્યાં સુધી? કેવા લીન થાય? કે, **'ધ્યાતા ધ્યેયનો વિકલ્પ ન રહે,...'** હું એક ધ્યાન કરનારો છું અને મારી પૂર્ણ ચીજ તે મને ધ્યેય છે એ પણ એક ભેદનો વિકલ્પ, રાગ છે એ પણ ન રહે. એવા અંતર પરિણામ શુદ્ધ ચૈતન્યમાં લીન થઈ નિષ્કંપપણે પરિણમે, અક્ષુબ્ધ સમુદ્રની પેઠે. સમુદ્રમાં જેમ લવણ–મીઠુ સમાઈ ગયું હોય એમ શુદ્ધાત્મ સ્વરૂપમાં પરિણામ લીન થઈ જાય એમ કહે છે. મોટો દરિયો હોય ને? (એમાં) મીઠુ આમ એકમેક થઈ ગયું હોય સરખું. એમ ભગવાન આત્મા પરદ્રવ્યથી ભિન્ન પાડતા, પરદ્રવ્ય પ્રત્યેની ભલા-ભૂંડાની બુદ્ધિનો નાશ થતાં નબળાઈથી થતાં રાગ-દ્વેષને શુદ્ધ સ્વરૂપના અનુભવ દ્વારા નાશ કરતા સર્વ વિભાવના ઉત્તિર્ણ થતાં તે ત્યાં સુધી કે, હું ધ્યાતા છું, ધ્યાન કરનારો (છું) અને આ ધ્યેય મારી શુદ્ધ વસ્તુ પૂર્ણ તે ધ્યેય છે. પૂર્ણ વસ્તુ તે ધ્યેય છે, પૂર્ણ સામાન્ય તે ધ્યેય છે. ધ્યાન કરનાર હું છું. એવો પણ અંદર ભેદ ઊઠે છે એ વિકલ્પ, રાગ છે. જુઓ! ત્યાં લઈ ગયા હવે. પરની એકત્વબુદ્ધિનો નાશ પહેલો કર્યો, પછી અસ્થિરતાનો અનુભવ દ્વારા નાશ કર્યો, પછી આવો પણ જે વિકલ્પ જ્યાં રહે છે એનો પણ નાશ (કરે છે). **'એમ ન જાણે કે હું શુદ્ધાત્મસ્વરૂપને ધ્યાવું છું,...'** આ શુદ્ધ ચૈતન્ય છે એનું ધ્યાન કરું છું. આ શુદ્ધ સ્વરૂપ છે એનું હું ધ્યાન કરું છું. ત્યાં તો રાગ થઈ ગયો. સમજાણું કાંઈ? **'सर्वविवर्त्तोत्तीर्ण'** વાહ..! કેવી ટૂંકી શૈલીએ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' (બનાવ્યું છે).

મુમુક્ષુ :– ....

ઉત્તર :– એ આત્માની સંપદા કેમ નીકળે ઇ. ઇ પૈસાની વાત છે. ધૂળ ક્યાં હતી એની? એ તો જગતના તત્ત્વો બીજા છે એમાં ક્યાં આવું નીકળે? એ મને ઠીક છે એ તો બુદ્ધિ જ મિથ્યાત્વ છે એમ કહે છે. પૈસા મને ઠીક છે બુદ્ધિ જ મિથ્યાત્વભાવ છે અને નિર્ધનતા એ દુઃખ છે એ બુદ્ધિ જ મિથ્યાત્વભાવ છે. અનુકૂળ સંયોગો નથી માટે દુઃખી એ જ મિથ્યાત્વભાવ છે અને અનુકૂળ સંયોગ છે માટે ઠીક છે એ જ મિથ્યાત્વભાવ છે, મિથ્યાત્વભાવ છે. આહાહા..! એ... 'મથુરભાઈ'! આ શું પૂછે છે તમારા ભાઈ? આ પૈસા પૈસા કરે... અહીં તો કહે છે... એમના ભાઈ છે. ચાલીશ કરોડ રૂપિયા છે ને? 'શાંતિલાલ ખુશાલ' એમના મામાના દીકરા છે, આ પણ મામાના દીકરા છે. એ બેઠા... સમજાણું કાંઈ? પૈસામાં કાંઈ છે કે નહિ? એમ પૂછે છે. એમના ભાઈને નોકરીના વર્ષના લાખ રૂપિયા આપે છે. એમાં હશે કે નહિ કાંઈ? ધૂળ પણ નથી, સાંભળને કહે છે અહીં.

www.vitragvani.com



ભગવાન સ્વદ્રવ્ય ચૈતન્ય સ્વરૂપ આત્મા, પરદ્રવ્ય બીજા આત્મા સહિતના બધા રજકણો આદિ બધું. એ બધા મને લાભ ને નુકસાન કરવાની માન્યતા છે તે મહામિથ્યાત્વ ને ભ્રમ છે. જેથી લાભ માને માટે તેમાંથી રાગ ખસતો નથી અને નુકસાન માને માટે એનાથી દ્વેષ ખસતો નથી. સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યસ્વરૂપ આત્મા અને પર અનંત જીવો ને પરમાણુ પર છે એમ જ્યાં સ્વ ને પરની ભેદજ્ઞાન શક્તિ ખીલી એટલે અનંતા પરદ્રવ્યમાં, એક દ્રવ્યમાં પણ આત્મબુદ્ધિ એટલે મને લાભબુદ્ધિ, નુકસાનબુદ્ધિ હતી એ આત્મબુદ્ધિ થઈ, એ અનંતા પ્રત્યેની આત્મબુદ્ધિનો ત્યાગ થઈ ગયો. સમજાય છે? એનું નામ ખરો મિથ્યાત્વનો, અજ્ઞાનનો ત્યાગ તેને ખરો ત્યાગ કહે છે. આ ત્યાગયા વિના બહારના ગમે એટલા ત્યાગ કરે તો એને અભિમાન છે કે મેં ત્યાગ કર્યું, મેં આટલું છોડ્યું, આજે મેં રસ ન ખાધા. એ તો અભિમાન છે, મિથ્યાત્વનું અભિમાન છે. સમજાણું કાંઈ?

એ તો બેને જુદા જાણવાથી જ મિથ્યાત્વનો–પરને કારણે લાભ-નુકસાનની બુદ્ધિનો ત્યાગ થાય એ સિવાય એનો ત્યાગ થાય નહિ. અને સ્વરૂપમાં પરને કારણે લાભ-નુકસાનની બુદ્ધિનો નાશ થયો, છતાં રાગ-દ્વેષની નબળાઈ તો રહી ગઈ, એના નાશની કેમ સિદ્ધિ કરવી? કે સ્વરૂપના અનુભવથી પુરુષાર્થની સિદ્ધિ આમ કરતા તેનો નાશ થાય. પછી આ બુદ્ધિ રહી જાય ને? કે, એ બુદ્ધિ એમાં ન રહે. ધ્યાતા ને ધ્યેય એવા ભેદ પણ જ્યાં લક્ષમાં ન રહે. આહા..! અને એમ ન જાણે કે, હું શુદ્ધાત્મ સ્વરૂપને જ ધ્યાવું છું. આહાહા..! ભગવાન આમ શુદ્ધ ચૈતન્ય છે, પૂર્ણ પવિત્ર છે એમ ઇ અને હું ધ્યાવું છું એમ બે પડી ગયા ને એમાં પાછા? આ શુદ્ધ સ્વરૂપ છે, આ શુદ્ધ સ્વરૂપ છે એનું હું ધ્યાન કરું છું, એમાં હું ધ્યાન કરું છું, એનું હું ધ્યાન કરું છું. એ બે (ભેદ) પડી ગયા, એ બે (ભેદ) પડી ગયા.

**'પોતે જ તાદાત્મ્યવૃત્તિથી શુદ્ધાત્મસ્વરૂપ થઈ નિષ્કંપપણે પરિણમે,...'** જોયું? એ છોડી દે અંદરથી કે, હું ધ્યાવું છું ને શુદ્ધાત્મ ધ્યાતા છું, એ છોડી દે. પોતે જ તાદાત્મ્યવૃત્તિ થઈ વચમાં ફાડ પડી ગઈ અંદર. હું શુદ્ધાત્માને ધ્યાવું છું. હું ધ્યાતા છું, ધ્યાન કરું છું એવો પણ એક રાગ, એને તાદાત્મ્ય સ્વરૂપની અંતર એકાકાર થઈને છોડી દે. **'તાદાત્મ્યવૃત્તિથી શુદ્ધાત્મસ્વરૂપ થઈ નિષ્કંપપણે પરિણમે,...'** આહાહા..! મેરૂ હલે નહિ એમ સ્થિરતા હલે નહિ ત્યાં. છે ને? **'अचलं आप्नोति'** નિષ્કંપપણે પરિણમે. એને નિષ્કંપ કહ્યું, અચળની વ્યાખ્યા આપી. અર્થમાં જ કર્યો છે ને? અચળ એટલે પોતાનો નિષ્કંપ. અન્વયાર્થમાં કર્યો છે એની વ્યાખ્યા કરે છે. વાહ રે.. વાહ..! સમજાણું?

'પુરુષાર્થસિદ્ધિ'નો ઉપાય શું? કહે છે. 'પુરુષાર્થસિદ્ધિ' ક્યારે કરી કહેવાય? અને એ 'પુરુષાર્થસિદ્ધિ' શું કહેવાય? કે પરથી જુદું પાડી, અનુભવથી અસ્થિરતાનો નાશ થઈ, હું શુદ્ધ અનુભવું છું એવો વિકલ્પ છૂટી અને એકલો નિષ્કંપપણે શુદ્ધાત્મ સ્વરૂપમાં લીન થાય

www.vitragvani.com



**'તે વખતે આ આત્માને જે કાંઈ કરવાનું હતું તે કરી લીધું.'** આહાહા..! સમજાણું કાંઈ? જુદું પાડવાનું કાર્ય કર્યું પછી અસ્થિરતાનો અનુભવ દ્વારા નાશ કરીને કાર્ય કર્યું પછી હું શુદ્ધાત્મા છું ને ધ્યાવું છું એ પણ છૂટી ગયું. સમજાય છે? સ્વરૂપમાં લીન થયો એ કૃતકૃત્ય થઈ ગયો. એના કાર્ય ત્યાં કરવાના હતા એ પૂરા થઈ ગયા. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? આમાં કેવા વ્રત પાળવા ને કેવું આ કરવું એ બધું કાંઈ ન આવ્યું. એ વખતે કહે છે ને વ્રતાદિનો વિકલ્પ નબળાઈથી જે આવે, એમાં એ આવી ગયું. સમજાણું કાંઈ?

સ્વ-પરને જુદા પાડવાથી પર સંબંધીનો બુદ્ધિનો ભાવ કે આ મને લાભ-નુકસાન ને અનુકૂળ હોય તો લાભ ને પ્રતિકૂળ હોય તો નુકસાન, એવી મહાન અનંતી વિપરીત બુદ્ધિનો નાશ થઈ ગયો. પછી નબળાઈને લઈને અંદર જે વ્રત આદિના વિકલ્પો આવતા હતા... કહો? એને સ્વભાવના અનુભવ દ્વારા તેનો નાશ કર્યો. કહો! સમજાણું કાંઈ? આ એનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી.

**'તે વખતે આ આત્માને જે કાંઈ કરવાનું હતું તે કરી લીધું,...'** લ્યો! **'કાંઈ કરવાનું હવે બાકી રહ્યું નહિ તેથી એને કૃતકૃત્ય કહીએ છીએ.'** લ્યો! છેલ્લો શબ્દ **'भवति तदा कृतकृत्यः'** આહાહા..! સમજાય છે કાંઈ? ભારે ગાથા! એક એક ગાથા...! આ પહેલું-વહેલું વંચાય છે, હોં! આ બધું. નવા નવા ગ્રંથ હોય છે ને? 'યોગસાર' ને 'છ ઢાળા' ને 'ઇષ્ટોપદેશ' ને બધું ઘણું નવું આવ્યું. આહાહા..! શૈલી જ દિગંબર સંતોની મૂળ માર્ગને પકડીને ચાલ્યા છે ને તે મૂળ માર્ગની રીત જ કોઈ અલૌકિક છે. આહાહા..!

**'તેથી કૃતકૃત્ય કહીએ છીએ. આ તેની અવસ્થામાં પુરુષાર્થની સિદ્ધિ થઈ.'** છે ને? તેની અવસ્થામાં તેના પુરુષાર્થની સિદ્ધિ થઈ. **'પુરુષનો જે અર્થ અર્થાત્ પ્રયોજનરૂપ કાર્ય તેની જે સિદ્ધિ થવાની હતી તે થઈ ગઈ.'** લ્યો! આ પ્રમાણે પુરુષાર્થ કરતા જે કાર્ય થયું, પુરુષનો જે અર્થ એટલે પ્રયોજન, તેનું જે કાર્ય, તેની જે સિદ્ધિ થવાની હતી તે આ રીતે થઈ ગઈ. **'આવી અવસ્થાને જે પ્રાપ્ત થયો તે આત્માને કૃતકૃત્ય કહીએ છીએ.'** એવા આત્માને બધા કાર્ય પૂરા થયા એમ કહેવામાં આવે છે. ભેદજ્ઞાનથી કાર્ય ઉપાડ્યું છે, બીજું કાર્ય એનું નથી. પરથી ભિન્ન કાર્ય શરૂ થયું પછી અસ્થિરતાનો નાશ કરીને આમ થયો, પછી સ્થિર થઈ ગયો, કાર્ય કરવાનું પૂરું થઈ ગયું. એને કૃતકૃત્ય કહેવામાં આવે છે, એને 'પુરુષાર્થસિદ્ધિ'નો ઉપાય કહેવામાં આવે છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



## ગાથા–૧૨

આગળ પુરુષાર્થસિદ્ધિનો ઉપાય કહેવા ઇચ્છે છે ત્યાં પ્રથમ પરદ્રવ્યના સંબંધનું કારણ કહે છે, જે જતાં જે કંઈ ઉપાય કરવામાં આવે છે તે કહે છે :–

जीवकृतं परिणामं निमित्तमात्रं प्रपद्य पुनरन्ये।
स्वयमेव परिणमन्तेऽत्र पुद्गलाः कर्मभावेन।।१२।।

અન્વયાર્થ :– [ जीवकृतं ] જીવના કરેલા [ परिणामं ] રાગાદિ પરિણામને [ निमित्तमात्रं ] નિમિત્તમાત્ર [ प्रपद्य ] પામીને [ पुनः ] ફરી [ अन्ये पुद्गलाः ] જીવથી ભિન્ન અન્ય પુદ્ગલ સ્કન્ધ [ अत्र ] આત્મામાં [ स्वयमेव ] પોતાની મેળે જ [ कर्मभावेन ] જ્ઞાનાવરણાદિ કર્મરૂપ [ परिणमन्ते ] પરિણમે છે.

ટીકા :– ‘जीवकृतं परिणामं निमित्तमात्रं प्रपद्य पुनः अन्ये पुद्गलाः स्वयमेव कर्मभावेन परिणमन्ते।’ જીવે કરેલા જે રાગાદિ પરિણામ તેને નિમિત્તમાત્ર પામીને નવા અન્ય પુદ્ગલસ્કંધ સ્વયમેવ જ્ઞાનાવરણાદિ કર્મરૂપ થઈ પરિણમે છે.

ભાવાર્થ :– જ્યારે જીવ રાગદ્વેષમોહભાવે પરિણમે છે ત્યારે તે ભાવોનું નિમિત્ત પામી પોતે જ પુદ્ગલ દ્રવ્ય કર્મઅવસ્થાને ધારણ કરે છે. વિશેષ એટલું કે જો આત્મા દેવ-ગુરુ-ધર્માદિક પ્રશસ્ત રાગરૂપે પરિણમે તો શુભકર્મનો બંધ થાય.

પ્રશ્ન :– જીવના ભાવ મહા સૂક્ષ્મરૂપ છે તેની ખબર જડકર્મને કેવી રીતે પડે? અને ખબર વિના કેવી રીતે પુણ્ય-પાપરૂપે થઈ ને પરિણમે છે?

ઉત્તર :– જેમ મંત્રસાધક પુરુષ બેઠો બેઠો ગુપ્તપણે મંત્ર જપે છે, તે મંત્રના નિમિત્તથી એના કર્યા વિના જ કોઈને પીડા ઊપજે છે, કોઈનું મરણ થાય છે, કોઈનું ભલું થાય છે, કોઈ વિટંબણારૂપ પરિણમે છે-એવી એ મંત્રમાં શક્તિ છે. તેનું નિમિત્ત પામી ચેતન-અચેતન પદાર્થ પોતે જ અનેક અવસ્થા ધારણ કરે છે. તેવી રીતે અજ્ઞાની જીવ પોતાના અંતરંગમાં વિભાવભાવરૂપે પરિણમે છે. તે ભાવનું નિમિત્ત પામીને એના કર્યા સિવાય જ કોઈ પુદ્ગલ પુણ્યપ્રકૃતિરૂપે પરિણમે છે, કોઈ પાપરૂપ પરિણમે છે. એવી એના ભાવોમાં શક્તિ છે. તેનું નિમિત્ત પામીને પુદ્ગલ પોતે જ અનેક અવસ્થા ધારણ કરે છે. એવો જ નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. ૧૨.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**પ્રવચન નં. ૧૫ ગાથા–૧૨ થી ૧૩ ગુરૂવાર, પોષ સુદ ૨, તા. ૧૨-૦૧-૧૯૬૭**

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' 'અમૃતચંદ્રાચાર્ય' કૃત, ૧૨મી ગાથા, ૧૧ ગાથા પૂરી થઈ. **'આગળ પુરુષાર્થસિદ્ધિનો ઉપાય કહેવા ઇચ્છે છે ત્યાં પ્રથમ પરદ્રવ્યના સંબંધનું કારણ કહે છે,...'** જીવને પરદ્રવ્યનો સંબંધ કેમ છે એ કારણ કહે છે. **'જે જતાં જે કંઈ ઉપાય કરવામાં આવે છે તે કહે છે :–'** ત્રણ બોલ કહે છે. એક તો 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' કહેવા ઇચ્છે છે, પરદ્રવ્યના સંબંધનું કારણ કહે છે તે **'જે જતાં જે કંઈ ઉપાય કરવામાં આવે છે તે કહે છે'**.

**जीवकृतं परिणामं निमित्तमात्रं प्रपद्य पुनरन्ये।**
**स्वयमेव परिणमन्तेऽत्र पुद्गलाः कर्मभावेन।।१२।।**

**અન્વયાર્થ :– 'જીવના કરેલા રાગાદિ પરિણામને...'** જુઓ! અહીં જીવના કરેલા (એમ કહીને) અહીંથી ઉપાડ્યું છે. આગળ કહેશે, કર્મના કરેલા રાગને પોતાના માને તો મિથ્યાત્વ છે એમ કહેશે. સમજાણું? ૧૪મી ગાથામાં એમ કહેશે. કર્મકૃત ભાવ. અહીં કહે છે જીવકૃત. અહીં તો જીવ પોતે જ વિકાર પરિણામને કરે છે એથી અહીં શરૂ કરીએ છીએ. અને પછી તો એમ કહેશે, એ વિકાર પરિણામ નિમિત્તને આધીન થયેલી ઉપાધિ છે માટે ચૌદમાં કહેશે કર્મના કરેલા વિકારી ભાવને પોતાના માને તો તે મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? શું કહ્યું? કર્મકૃત. ૧૨મી ગાથામાં જીવકૃત ને ૧૪મી ગાથામાં કર્મકૃત (કહ્યું), બન્ને મૂળ પાઠ છે.

મુમુક્ષુ :– અનેકાંત છે.

ઉત્તર :– અનેકાંત એટલે? અહીં તો બીજું કહેવું છે કે વિકારી ભાવ તારા કર્યા, પરિણમે તો તું પરિણમે તો થાય, એમ કહે છે. પણ ૧૪ મી (ગાથા)માં એમ કહેશે કે, ભાઈ! વિકારી પરિણામ કાંઈ એનું મૂળ સ્વરૂપ નથી. એ વિકારી પરિણામ નિમિત્તને આધીન (થઈને થયેલા) ઉપાધિ કૃત્રિમ ક્ષણિક છે. એવા આત્મા ત્રિકાળ શુદ્ધ સ્વભાવમાં એને પોતાના માને તો એનું નામ જ વિપરીત અભિનિવેશ મિથ્યાત્વ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

આ પહેલી વાત સિદ્ધ કર્યા પછી ત્યાં કહેશે. ઉપાધિભાવ એ વાસ્તવિક ચૈતન્યનો સ્વભાવ નથી. જ્ઞાનાનંદ ચૈતન્ય વીતરાગી સમરસી સ્વરૂપ, એનો એ વિકારીભાવ પુણ્ય-પાપ, મિથ્યાત્વ, રાગ-દ્વેષ એ કાંઈ એનો સ્વભાવ નથી. એનો સ્વભાવ નથી માટે તેને સ્વભાવની દૃષ્ટિ કરીને તેને તેનાથી રહિત મનાવવું છે તેથી તેને ત્યાં કર્મકૃત વિકાર કહેવામાં આવશે. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે, **'જીવના કરેલા રાગાદિ પરિણામને...'** જીવના **'कृतं'** છે ને? જીવના કરેલા પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ, મિથ્યાત્વ આદિ ભાવ. એવા **'પરિણામને નિમિત્તમાત્ર...'**

www.vitragvani.com



એવા પરિણામને **'નિમિત્તમાત્ર પામીને ફરી જીવથી...'** એટલે પૂર્વના બંધાયેલા. આ તો નવા બંધાય એને માટે. **'ફરી જીવથી ભિન્ન અન્ય પુદ્ગલ સ્કંધ આત્મામાં પોતાની મેળ જ...'** કર્મના સ્કંધો પોતાની મેળે જ જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પરિણમે છે. પોતાની મેળે. જ્ઞાનાવરણીયપણે આત્મામાં એટલે જોડે, સંબંધરૂપે. આત્મામાં એટલે જોડે સંબંધરૂપે, સંબંધ બતાવવો છે ને અહીં તો? **'પ્રથમ પરદ્રવ્યના સંબંધનું કારણ...'** (એમ કહીને) સંબંધ બતાવે છે. માથે એમ કહ્યું હતું ને? આત્મામાં આત્મા પોતે પોતાના સ્વભાવની શુદ્ધતાને ભૂલી રાગ અને દ્વેષને કરે છે એ રાગ-દ્વેષનું નિમિત્ત, સમય તો એ જ છે અને તે ક્ષણે કર્મ પુદ્ગલો પોતાની મેળાએ કર્મરૂપે પરિણમે છે. સમયનો ભેદ નથી કે આ નિમિત્ત છે માટે ત્યાં થયું. કાળભેદ નથી કાંઈ. સમજાણું કાંઈ?

જીવે રાગ-દ્વેષ કર્યા તે સમય જ કર્મ થવાનો છે. અહીં નિમિત્ત પામીને એટલે ત્યાં નિમિત્ત છે. અને કર્મ પુદ્ગલો એટલે વર્ગણા કર્મની છે એ કર્મરૂપે પરિણમે, સ્વયમેવ પરિણમે. જુઓ! પોતાની મેળે જ પરિણમે છે. રાગ-દ્વેષ છે એ એને પરિણમાવે છે, રાગ-દ્વેષ છે એ કર્મની પર્યાયને પરિણમાવે છે એમ નથી. સમજાણું કાંઈ? આગળ પરિણમાવશે એમ આવશે, હોં! હજી પાછું આગળ ગાથામાં હજી. શક્તિથી આગળ આવશે. બીજી વાત કરશે.

**ટીકા :– ''जीवकृतं परिणामं निमित्तमात्रं प्रपद्य पुनः अन्ये पुद्‌गलाः स्वयमेव कर्मभावेन परिणमन्ते' જીવે કરેલા જે રાગાદિ પરિણામ...'** જીવે કરેલા જે રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ, શુભ ને અશુભભાવ. એમાં મિથ્યાત્વ પણ સાથે આવી જાય છે. **'તેને નિમિત્તમાત્ર પામીને...'** નિમિત્ત એટલે તે કાળે ત્યાં રાગ-દ્વેષ છે, એટલું. તે જ કાળે, **'નવા અન્ય પુદ્ગલસ્કંધ સ્વયમેવ જ્ઞાનાવરણાદિ કર્મરૂપ થઈ પરિણમે છે.'** સમજાણું? એને આ આત્માના રાગ-દ્વેષ કર્મરૂપે પરિણમાવતા નથી. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :– 'જ્યારે જીવ રાગદ્વેષમોહભાવે પરિણમે છે...'** હવે મોહ–મિથ્યાત્વ નાખ્યો. જ્યારે જીવ પોતાના સ્વરૂપને ભૂલી પરમાં સુખ-દુઃખ છે, પરને લઈને એવો મિથ્યાત્વભાવ અથવા પુણ્ય-પાપનો ભાવ મારો એવો જે મિથ્યાત્વભાવ અને ઇષ્ટ-અનિષ્ટમાં રાગ-દ્વેષનો ભાવ, એ ભાવે જ્યારે આત્મા પર્યાયપણે (પરિણમે છે), ભાવ એટલે પર્યાય, એ પર્યાયપણે જ્યારે જીવ થાય છે, **'પરિણમે છે ત્યારે તે ભાવોનું નિમિત્ત પામી,...'** નિમિત્ત પામીનો અર્થ કે તે કાળે ત્યાં એક રાગ-દ્વેષ છે એટલું. **'પોતે જ પુદ્ગલ...'** નવા પરમાણુઓ પોતે જ **'દ્રવ્યકર્મ અવસ્થાને ધારણ કરે છે.' 'પુદ્ગલ દ્રવ્ય કર્મઅવસ્થાને ધારણ કરે છે.'** જીવના મિથ્યાત્વ અને રાગ-દ્વેષ પરિણામ નિમિત્તમાત્ર છે. ત્યાં આગળ કર્મ–પોતે દ્રવ્યકર્મ, પુદ્ગલ દ્રવ્યકર્મ અવસ્થાને પોતે જ ધારણ કરે છે. અહીં રાગ-દ્વેષ કર્યા માટે ત્યાં ધારણ થાય છે એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

www.vitragvani.com



ઉત્તર :– સમય એક છે. પ્રશ્ન શું? આ થયા માટે થાય તો બીજો સમય જોઈએ. અહીં થાય છે (અને) ત્યાં થાય છે, બસ! અહીંયાં રાગ-દ્વેષ, મોહપણે જીવમાં ભાવ થયા તે કાળે કર્મદ્રવ્ય, (પુદ્‌ગલદ્રવ્ય) કર્મ અવસ્થાને ધારે છે. તે જ કાળે ધારે છે. એમાં કાંઈ આ થયું માટે આમ થાય એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ત્યાં પદાર્થમાં થયું માટે આમાં થયું એમ?

ઉત્તર :– એમ ક્યાં હતું પણ? તે કાળે આને લઈને (થયું હોય) તો તે કાળે તો એને ખબર પણ નથી. એ તો પછી જડને પ્રશ્ન કરશે. સમજાણું? એવો જ કોઈ નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. અહીંયા વિકારી પરિણામ થાય ને ત્યાં આગળ કેટલાક રજકણોમાં તે પ્રકારની અવસ્થા થવાને લાયક હોય એ પોતાના સ્વકાળે પોતાને કારણે પોતે તેપણે કર્મ અવસ્થા ધારણ કરે છે. કહો! સમજાણું આમાં?

**'વિશેષ એટલું કે જો આત્મા દેવ-ગુરુ-ધર્માદિક પ્રશસ્ત રાગરૂપે પરિણમે...'** પેલી સામાન્ય વ્યાખ્યા કરી હતી. જો આત્મા દેવ-ગુરુ-ધર્માદિકના શુભરાગરૂપે થાય, **'તો શુભકર્મનો બંધ થાય.'** અહીં શુભરાગ થાય તો ત્યાં શુભ કર્મનું બંધન થાય. એ સ્વયમેવ (થાય). કર્મ સ્વયમેવ શુભ કર્મપણે પોતાની મેળાએ ત્યાં થાય છે. કર્મ અવસ્થા ધારણ કરે છે. કહો! સમજાણું કાંઈ? ઇ આત્મા રાગ-દ્વેષ કરે છે માટે કર્મની અવસ્થાને થવું પડે છે એમ નથી, એમ અહીં સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? તેથી નિમિત્તમાત્ર તે સમય અને તે જ સમયમાં પુદ્‌ગલ દ્રવ્ય કર્મની અવસ્થારૂપે પરિણમે, અવસ્થાને ધારે, અવસ્થારૂપ થાય છે. આવો નિમિત્ત-નિમિત્ત સંબંધ એક સમયમાં, એક સાથે સ્વયંથી–પોતાથી થાય છે. કહો! સમજાણું આમાં?

**પ્રશ્ન :– 'જીવના ભાવ મહા સૂક્ષ્મરૂપ છે...'** મહારાજ! આ શું થયું? પુદ્‌ગલને ખબર કેમ પડી કે મારે આમ પરિણમવું? સમજાણું કાંઈ? જીવના ભાવ તો મહાસૂક્ષ્મ તદ્દન અરૂપી (છે). રાગ, દ્વેષ, મિથ્યાત્વભાવ જીવે પોતાના સ્વરૂપને ભૂલીને કર્યા એ તો મહાસૂક્ષ્મ છે. જો અહીંયાં મહાસૂક્ષ્મ કહ્યા. 'સમયસાર'માં પુણ્ય-પાપના સ્થૂળ પરિણામ કહ્યા. અપેક્ષા સમજવી જોઈએ કે નહિ? શુભભાવને પણ 'સમયસાર'માં સ્થૂળ શુભ પરિણામ, સ્થૂળ શુભ સંક્લેશ, અશુભ સંક્લેશ પરિણામ એમ કહ્યું. બન્નેને સ્થૂળ કહ્યું, પુણ્ય-પાપ અધિકાર. સમજાણું કાંઈ?

અહીંયા તો પેલા પરમાણુની અપેક્ષાએ મહાસૂક્ષ્મપણું કહેવું છે. ત્યાં આગળ સૂક્ષ્મ શુદ્ધ સ્વભાવની અપેક્ષાએ શુભ, અશુભને સ્થૂળ કહેવામાં આવ્યા હતા. શું કીધું? ચૈતન્ય સૂક્ષ્મ શુદ્ધ સ્વભાવની અપેક્ષાએ શુભ-અશુભ પરિણામને સ્થૂળ પરિણામ સૂક્ષ્મ સ્વભાવની અપેક્ષાએ કહેવામાં આવ્યા હતા. અહીંયાં કર્મની અપેક્ષાએ આત્માના મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ મહા સૂક્ષ્મ કહેવામાં આવ્યા છે. કહો! સમજાણું કાંઈ? કેટલી અપેક્ષા હોય! એકકોર મહાસૂક્ષ્મ (કહે), એકકોર મહાસ્થૂળ (કહે). શુભ-અશુભ પરિણામ મહાસ્થૂળ, સ્થૂળ (કહે). એના એ 'અમૃતચંદ્રાચાર્ય' કરનારા, આ પણ 'અમૃતચંદ્રાચાર્ય' કૃત. સમજાણું કાંઈ?

www.vitragvani.com



આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જ્ઞાન અને વીતરાગ સમરસી સ્વરૂપ એ સૂક્ષ્મ છે, સૂક્ષ્મ છે અને કર્મ રૂપી મૂર્તના નિમિત્તના લક્ષે શુભ-અશુભભાવ થયા તે આવા સૂક્ષ્મ સ્વભાવ, વીતરાગી સ્વભાવની અપેક્ષાએ એ રાગ-દ્વેષ સ્વભાવને સ્થૂળ કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? એને જ અહીંયાં કર્મની અપેક્ષાએ સૂક્ષ્મ કહેવામાં આવ્યા છે. સ્વભાવની અપેક્ષાએ શુભ-અશુભને સ્થૂળ કહ્યા એને ને એને અહીંયાં કર્મની અપેક્ષાએ સૂક્ષ્મ કહ્યા. સમજાણું કાંઈ?

**'જીવના ભાવ મહા સૂક્ષ્મરૂપ છે...'** આ ક્યા ભાવ? વિકારી ભાવની વાત છે અત્યારે, અહીં વીતરાગી સ્વભાવની વાત નથી અત્યારે. અહીં તો (કર્મને) નિમિત્ત થાય એવા ભાવ લેવા છે ને? જીવ પોતે તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ દ્રવ્ય સ્વભાવ, એકલો જ્ઞાયક સ્વભાવ સમરસી વીતરાગ સ્વભાવ (છે) એ તો મહાસૂક્ષ્મ (છે) પણ એની વર્તમાન દશામાં શુભ ને અશુભ મિથ્યાત્વભાવ કે પુણ્યના ભાવ કે પાપના બીજા અશુભરાગ એ બધા પરિણામ કર્મ જડની રૂપી મૂર્તની અપેક્ષાએ આને મહાસૂક્ષ્મ કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? એ ભાવને મૂર્ત કહે, ક્યાંક મૂર્ત કહે, રાગ-દ્વેષને રૂપી કહે, અજીવ કહે, જડ કહે, પુદ્ગલના પરિણામ કહે. એય...! 'સમયસાર'માં આવા બોલ આવે, દ્રવ્ય સ્વભાવ બતાવવો હોય ત્યારે.

અહીંયાં તો એની પર્યાયમાં પોતાથી થાય છે અને કર્મના જડ રજકણો તે કાળે કર્મ અવસ્થા ધારણ કરે એનાથી આ પરિણામ સૂક્ષ્મ મહા ભિન્ન છે. એ કર્મને કેમ ખબર પડી એમ કહેવું છે કે મારે આમ પરિણમવું, આણે એક દયાભાવ કર્યા, દયાનો ભાવ શુભ છે એ તો સૂક્ષ્મ છે. એને કેમ ખબર પડી કે મારે શાતાપણે પરિણમવું? જેટલા પ્રમાણમાં એનો દયાનો ભાવ હોય એટલા પ્રમાણમાં ત્યાં શાતા રજકણ, શાતાપણે થાય. મિથ્યાત્વ હોય તો દર્શનમોહની જડની પર્યાય ત્યાં એ પ્રમાણે થાય. પાપ આદિના પરિણામમાં અસંખ્ય ભેદમાં જે ભેદ હોય એટલા પ્રમાણમાં ત્યાં કર્મની પર્યાય અશાતાઆદિપણે થાય. તો એને કેમ ખબર પડી કે આને આવા પરિણામ છે માટે આમ મારે થાવું? એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાણું કાંઈ?

**'જીવના ભાવ મહાસૂક્ષ્મરૂપ છે તેની ખબર જડકર્મને કેવી રીતે પડે? અને ખબર વિના કેવી રીતે પુણ્ય-પાપરૂપે થઈને પરિણમે છે?'** એ પ્રશ્ન 'મોક્ષમાર્ગ પ્રકાશક' 'ટોડરમલજી' એ લીધો છે. આ પોતે અહીં નાખે છે, પોતે ત્યાં લીધો છે. એને કેમ ખબર પડે? ખબર પડવાનું શું કામ છે ન્યાં? જ્ઞાન હોય તો ખબર પડે એનું કાંઈ કામ છે અહીંયાં? એવો જ કોઈ સંબંધ સહેજે થાય છે. સમજાય છે? સૂરજનું નિમિત્ત પામી કમળ ખીલે છે, સૂરજનું નિમિત્ત પામી ચકવા બોલે છે. સૂરજ અસ્ત થાય તો એની મેળાએ ચકવા-ચકવી બોલતા બંધ થઈ જાય છે. એને કાંઈ જાણવાની સાથે સંબંધ નથી.

**'અને ખબર વિના કેવી રીતે...'** જડને કેવી રીતે ખબર પડે? એક બોલ. આ આત્માએ

www.vitragvani.com



ભાવ આવા કર્યા એવી કર્મને કેમ ખબર પડે? એક વાત. અને ખબર વિના... કારણ કે પેલા જડ છે. **'અને ખબર વિના કેવી રીતે પુણ્ય-પાપરૂપે થઈને પરિણમે છે?'**

**ઉત્તર :– 'જેમ મંત્રસાધક પુરુષ બેઠો બેઠો ગુપ્તપણે મંત્ર જપે છે,...'** એકલો ક્યાંક ગુફામાં બેઠો હોય ને મંત્ર જપે છે. **'તે મંત્રના નિમિત્તથી એના કર્યા વિના...'** ત્યાં 'સમયસાર'માં ન્યાય ઇ છે. 'અમૃતચંદ્રાચાર્ય' માં ઇ છે. આ શબ્દ છે, **'કર્યા વિના...'**

મુમુક્ષુ :– નિમિત્તથી કહેવું પડ્યું.

ઉત્તર :– નિમિત્ત એટલે? ચીજ છે. કહેવું પડ્યું શું?

મંત્રના નિમિત્તના કાળે. લ્યો! નિમિત્ત એટલે મંત્રના નિમિત્તને કાળે, એના--મંત્રના **'કર્યા વિના જ કોઈને પીડા ઊપજે છે,...'** એને ત્યાં પીડા ઊપજવાનો કાળ છે એને કારણે (થાય છે અને) આ મંત્રનું તો નિમિત્તમાત્ર (છે). મંત્રે ત્યાં કર્યું નથી, બસ! આ મંત્રથી એમાં કાંઈ થયું નથી. થયું હોય તો, આને લઈને થાય તો તો આ ઉપાદાન થઈ જાય. આ મંત્રનો પોતે સાધક છે એનું ધ્યેય એ છે એ ત્યાં એની મેળાએ તે કાળે પેલાને પીડા થાય છે. માથા ફૂટે છે, ધોકા પડે... સમજાણું કાંઈ? હજી એક બીજો બોલ આવશે પછી ચાર બોલ આવશે.

**'કોઈને પીડા ઊપજે છે...'** પહેલી તો વાત લીધી. મંત્ર સાધકને કોઈને દુઃખ દેવાનો ભાવ હોય તો ત્યાં દુઃખ દેવાની પર્યાય સ્વતંત્ર તેને કારણે થાય. મંત્ર સાધકની પર્યાયના કર્યા વિના ત્યાં થાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– મંત્ર સાધક ન હોત તો...

ઉત્તર :– પણ ન હોય એ પ્રશ્ન ક્યાં છે અહીં? છે ને એ જીવ ન હોત તો તર્ક જ આવો ક્યાં થાત હું છું કે નહિ? મંત્ર(સાધક) ક્યાંય બેઠો હોય ને અહીં એની મેળાએ પીડા થાય. એવા જ કોઈ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જગતમાં અનંત બની રહ્યા છે. કહો! સમજાણું કાંઈ?

માથુ અહીં ચાલે આમ આમ તો ત્યાં દિવાલમાં તડકો હોય ન્યાં પણ આમ આમ થાય છે. એને ખબર પડે છે ન્યાં? રાત્રે દીવો હોય છે ને માથે? આ ભીંત ઉપર (છે). અહીં માથુ આમ આમ હલે તો ન્યાં પણ આમ આમ થાય. ન્યાં એને ખબર છે? એવો જ કોઈ નિમિત્ત આનો અને તે કાળે તે કાળી પર્યાયનું ધોળામાંથી પરિણમવાનો કાળ છે માટે એને કાળે થાય છે.

મુમુક્ષુ :– અહીં માથુ બંધ રાખે તો ત્યાં બંધ થાય.

ઉત્તર :– એ માટે તો આ દાખલો આપ્યો. આ લીમડાના પાંદડા લ્યોને! નીચે પણ છાંયો આમ આમ થાય. એને ખબર છે કે અહીં થાય છે માટે થાવું? પણ એવો જ કોઈ સંબંધ છે. ત્યાં એ રીતે આમ આમ ચાલે ત્યાં કાળા પરમાણુની પર્યાય અહીં જે ધોળી

www.vitragvani.com



હોય એ કાળાપણે એને કારણે પરિણમે. આનું નિમિત્ત આને કારણે. એના કર્યા વિના. લીમડાના આમ આમ પાંદડા થાય (ત્યારે) નીચે કાળી ઝાંય આમ આમ પડે છે ને? એ આના કર્યા વિના ન્યાં થાય છે. પાંદડાની પર્યાયના કર્યા વિના ત્યાં કાળી પર્યાય થાય છે.

મુમુક્ષુ :– એના નિમિત્તથી થાય છે.

ઉત્તર :– પણ નિમિત્તથી થાય એનો શું અર્થ થયો? નિમિત્ત છે એમ અર્થ થયો. નિમિત્તથી થાય એટલે? સમજાણું કાંઈ? એ તો હજારો, લાખો દાખલા બની રહ્યા છે. જુઓને! સડકે ગાય ચાલતી હોય. સડકે છાયો આમ આમ ચાલ્યો જાય છે. છાયો નથી, એ ચાલ્યો નથી જતો. એ ત્યાં-ત્યાંના પરમાણુ નવા... નવા... નવા... નવા... કાળી, કાળી પર્યાયપણે પરિણમે, આ તો નિમિત્તમાત્ર છે. આમ ગાય ચાલતી હોય, સૂર્ય આમ હોય તો આમ છાયો પડે કે નહિ? એ ગાયનું નિમિત્ત છે. અહીં કાળા પરમાણુની ધોળાની અવસ્થા કાળાપણે પરિણમવાનો એનો કાળ છે, એમાં પેલું નિમિત્ત કહેવાય છે.

મુમુક્ષુ :– આમાં કાળ નથી લખ્યો.

ઉત્તર :– કાળ નથી, લ્યો! એય...! કાળ નથી કહે છે લ્યો.

મુમુક્ષુ :– લખ્યો નથી.

ઉત્તર :– પણ લખ્યો નથી, આવ્યો કે નહિ? આ નિમિત્ત પામીને એટલે તે સમયનો કાળ, એમ. તે સમયે ત્યાં પરમાણુ પરિણમે છે. થઈ રહ્યું, કાળ તો એક જ છે. કાળ તો એક જ હોયને પણ બધાને માટે. સમજાણું કાંઈ?

**'કર્યા વિના જ કોઈને પીડા ઊપજે છે, કોઈનું મરણ થાય છે,...'** એની આયુષ્ય સ્થિતિ પૂરી થવાની હોય તો મંત્રનું નિમિત્ત છે. ન્યાં તો એનું આયુષ્ય પૂરું થવાનું જ હોય, હોં! આને લઈને મરણ થાય એમ નહિ. **'કર્યા વિના કોઈનું મરણ થાય છે, (કર્યા વિના) કોઈનું ભલું થાય છે,...'** લ્યો! અહીં મંત્ર સાધે ને કોઈને પુણ્યનો ઉદય હોય તો ત્યાં પૈસા આદિ આવે. શરીરમાં રોગ મટી જાય, નિરોગતા થાય. ત્યાં એને થવાનું હોય તો, હોં! ત્યારે પેલાને નિમિત્ત કહેવાય. **'કોઈ વિટંબણારૂપ પરિણમે છે...'** લ્યો! મંત્ર સાધતા કોઈ ધૂણવા મંડે, આમ આમ કરવા મંડે, એ તો એની પોતાની પર્યાય છે. આને ધૂણનારને ખબર પણ નથી કે ન્યાં કોઈ નિમિત્ત છે, ખબર છે? ખબર વિના પણ એવો જ કોઈ સંબંધ (થાય છે). અનંત એવા સંબંધો સમય સમયમાં બની રહ્યા છે.

**'એવી એ મંત્રમાં શક્તિ છે.'** અહીં વજન આવ્યું હવે તમારું. એવી એટલે? સામે ત્યાં થાય અને અહીં નિમિત્ત છે એ નિમિત્તમાં આ જાતની શક્તિ છે, નિમિત્તપણાની આવી શક્તિ છે. કહો! સમજાણું કાંઈ? એ જ નિમિત્તપણે ત્યાં હોય એવી ત્યાં શક્તિ છે, નિમિત્તની શક્તિ. ત્યાં તો એને કારણે થાય છે. સમજાણું કાંઈ? પણ એમાં એમ લે કે, જુઓ! એવી મંત્રમાં શક્તિ છે કે સામે થાય. એ તો કર્તા-કર્મ થઈ ગયું. એમ કર્તા-કર્મ હોય નહિ.

www.vitragvani.com



કર્તા થઈ ગયો ને ત્યાં કાર્ય થઈ ગયું, એમ છે નહિ. નિમિત્ત-નિમિત્ત સંબંધ ભિન્ન છે, કર્તા-કર્મ ભિન્ન છે. કર્તાકર્મ વ્યાપ્ય-વ્યાપકમાં હોઈ શકે, નિમિત્ત-નિમિત્ત વ્યાપ્ય-વ્યાપક ન હોય ત્યાં ભિન્નમાં હોય શકે. નિમિત્ત-નિમિત્ત પરમાં હોઈ શકે. સમજાણું કાંઈ?

**'તેનું નિમિત્ત પામી ચેતન-અચેતન પદાર્થ પોતે જ અનેક અવસ્થા ધારણ કરે છે.'** લ્યો! એ પોતે જ. મંત્રની શક્તિ, શક્તિમાં એની પાસે રહી. **'તેનું નિમિત્ત પામી...'** જુઓ! તેનું નિમિત્ત પામી એટલે તે જ કાળે, એમ. **'ચેતન-અચેતન પદાર્થ પોતે જ અનેક અવસ્થા...'** પોતાથી **'ધારણ કરે છે.'** કહો! સમજાણું કાંઈ? એ દાખલો (આપ્યો). દાખલામાં હજી કઠણ (પડે). માણસને એમાં (વાંધા). એ દાખલા હમણા છાપામાં લખાણમાં આપ્યા છે. એય...! આ જુઓ! 'ટોડરમલ્લજી'એ મંત્ર લખ્યું છે. મોહનધૂળીથી ત્યાં ... એમ લખ્યું છે. આ મંત્ર શક્તિથી ત્યાં વિટંબણા પામે એમ લખ્યું છે. એ તો કર્તાકર્મ થઈ ગયું, એ તો કર્તાકર્મ થયું. આનાથી ત્યાં થાય તો કર્તાકર્મ (થયું). પણ આ છે ને ત્યાં થાય છે એ સમયે નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. સમજાણું કાંઈ? મોટો ગોટો નિમિત્ત-નિમિત્તનો અને કર્તા-કર્મનો.

**'તેવી રીતે...'** એ દૃષ્ટાંતનો હવે સિદ્ધાંત આત્મામાં ઉતારે છે. **'અજ્ઞાની જીવ...'** જુઓ! અજ્ઞાની જીવની અહીં વાત છે. રાગ-દ્વેષ થવા એ કાંઈ જ્ઞાનીની વાત અહીં છે નહિ. **'પોતાના અંતરંગમાં વિભાવભાવરૂપે પરિણમે છે.'** અજ્ઞાની જીવ પોતાની અંતરંગ પર્યાયમાં વિભાવ નામ વિકારરૂપે, વિભાવભાવ એટલે વિકાર પર્યાયરૂપે થાય છે. **'તે ભાવનું નિમિત્ત પામીને...'** તે વિકારના પરિણામ નિમિત્ત છે ત્યાં આગળ. કોને? **'એના કર્યા સિવાય જ...'** જીવના રાગ-દ્વેષ અને મિથ્યાત્વ ભાવના કર્યા સિવાય, **'કોઈ પુદ્ગલ પુણ્યપ્રકૃતિરૂપે પરિણમે છે,...'** જુઓ! બધા પુદ્ગલ એમ નહિ. સમજાણું? કોઈ પુદ્ગલ પુણ્યપ્રકૃતિરૂપે–શાતાપણે, ઉચ્ચ ગોત્રપણે, શુભ નામ ગોત્રપણે, શુભ આયુષ્યપણે. સમજ્યા ને?

મુમુક્ષુ :– શુભભાવ હોય તો ને.

ઉત્તર :– શુભભાવ તો નિમિત્તમાત્ર. હોય તો ને એમ ક્યાં વળી આવ્યું? ત્યાં આગળ આને ખબર ન હોય અને આના કર્યા વિના ત્યાં શાતાના રજકણો શાતારૂપે પરિણમે. એ એની પોતાની પર્યાયનો સ્વકાળ છે માટે પરિણમે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એની ઉત્પાદની સ્વતંત્ર પર્યાય છે એમ કહે છે. તે સમયે તે જ પર્યાય કર્મની અવસ્થા થવામાં તે દ્રવ્યમાં તે અવસ્થા થવાનો કાળ છે એનો. આ તો નિમિત્તમાત્ર છે.

**'કોઈ પાપરૂપ પરિણમે છે.'** બે ભાગ પાડ્યા છે ને? આણે તો પુણ્ય-પાપના ભાવ કર્યા. શુભભાવ હોય તો ત્યાં શાતા, ઉચ્ચ ગોત્ર આદિ પણે પુદ્ગલદ્રવ્ય કર્મ અવસ્થા ધારણ કરે અને આના પાપ પરિણામ હોય તો દર્શનમોહ આદિ અશાતા વેદનીય આદિ, નીચ ગોત્ર આદિ કર્મની પર્યાય–અવસ્થા થાય. બસ! આના કર્યા વિના. જીવના રાગ-દ્વેષના કર્યા વિના તે પુદ્ગલો તે સમયે, તે કાળે પોતાની પર્યાયને ધારણ કરે છે તેને અહીં નિમિત્ત કહેવામાં

www.vitragvani.com



આવે છે ત્યારે પેલાને– જીવના ભાવને નિમિત્ત કહેવાય છે. સમજાણું કાંઈ?

**'એવી એના ભાવોમાં શક્તિ છે.'** જુઓ! પેલામાં મંત્રશક્તિ આવ્યું હતું ને? એવી એના વિકાર ભાવોમાં નિમિત્તપણાની શક્તિ છે. **'એવી એના ભાવોમાં...'** એના એટલે વિકારી ભાવમાં નિમિત્તપણાની શક્તિ છે. જેમ મંત્રની, મંત્રમાં શક્તિ છે એમ આના વિભાવ-વિકાર પરિણામમાં એવી શક્તિ છે. **'તેનું નિમિત્ત પામીને..'** નિમિત્ત પામીનો અર્થ થયો કે આ થયા માટે હવે બીજા બીજે સમયે પરિણમે એમ નથી, એ તો એ સમયે થાય છે. **'પુદ્ગલ પોતે જ...'** પુદ્ગલ પોતે જ, સ્વયં. એના વાંધા હતા, ... પરિણમે પોતે પણ સ્વયમેવ પરિણમે નહિ એને કારણે પરિણમે, પેલાને કારણે પરિણમે. આહાહા..! અરે..! ભગવાન ! શું કરવું છે તારે.

**'પોતે જ અનેક અવસ્થા ધારણ કરે છે.'** કર્મ જ પોતે અનેક અવસ્થા (ધારણ કરે છે). **'એવો જ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.'** આવો જ કોઈ નિમિત્ત અને અહીં નૈમિત્તિક (સંબંધ છે). સામી પર્યાય થાય તેને નૈમિત્તિક કહીએ, અહીં જે નિમિત્ત છે તેને સંયોગીને નિમિત્ત કહીએ. આવો જ કોઈ સંબંધ અનાદિ અનંત આમ ઘણો બની રહ્યો છે. કહો! સમજાણું આમાં? 'માંગીરામજી'! જુઓ! જીવે રાગ-દ્વેષ કર્યા તો ત્યાં કર્મને થવું પડ્યું કે નહિ? નહિતર કર્મ કર્મરૂપે થાત? બોલો જવાબ?

મુમુક્ષુ :– નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

ઉત્તર :– પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ શું? અહીંયાં રાગ-દ્વેષ કર્યા તો કર્મને કર્મરૂપે થવું પડ્યું ને? રાગ-દ્વેષ ન કરત તો થાત? એટલી તો કર્મની પર્યાય રાગ-દ્વેષને આધીન, પરાધીન થઈ કે નહિ? એ તો એને કારણે થઈ છે, આને કારણે નહિ. રાગ-દ્વેષ એ વખતે કર્મદ્રવ્યમાં કર્મ અવસ્થા થવાની હતી, આને કારણે થઈ એમ નહિ. આ તો નિમિત્ત છે. આને કારણે થઈ હોય તો તો આ કર્તા થઈ ગયો ને પેલું કાર્ય થઈ ગયું. ભારે ગોટો મોટો છે. દબાવી દે એવું છે એકવાર તો, એય..! 'માંગીરામજી'! રાગ-દ્વેષ ન કરે તો કર્મ થતા હતા? શું છે? રાગ-દ્વેષ કર્યા તો કર્મ થયા, એટલી એની કર્મ ઉપર અસર થઈ કે નહિ? 'શોભાલાલજી'! નિમિત્તપણું બતાવવું છે અને કર્તા છે નહિ–બે વાત સિદ્ધ કરવી છે. કર્તા નથી. કર્તા એટલે એ પરિણમાવનાર નથી. પરિણમે છે તો પોતે પણ અહીં નિમિત્ત છે એક, એટલી વાત છે, બીજું કાંઈ છે નહિ. રાગ-દ્વેષ થયા માટે થવું પડ્યું એમ નહિ, રાગ-દ્વેષ થયા માટે થવું પડ્યું એમ નહિ, તે વખતે પરમાણુમાં કર્મ અવસ્થા થવાની યોગ્યતાથી થયા છે. સમજાણું કાંઈ?

ભારે બધા પ્રશ્ન કર્યા છે. (સંવત) ૨૦૦૬ ની સાલ. 'મૂળશંકરભાઈ' એ કર્યા (હતા). જુઓ! રાગ-દ્વેષ ન કરે તો ન્યાં થાત? રાગ-દ્વેષ કરે તો થાય. ભગવાન! શું કરે છે આ? એ વખતના ઉત્પાદનો એનો સ્વકાળ નથી? સ્વકાળના પોતાના અસ્તિથી સ્વકાળે પરિણમ્યો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

છે. પરના કાળની અસ્તિથી તો નાસ્તિ છે. રાગ-દ્વેષના પરિણામ એ જીવના સ્વકાળના પરિણામ અને પુદ્ગલમાં કર્મ અવસ્થા થવી એ પુદ્ગલની સ્વકાળની અવસ્થા. એ સ્વકાળની અવસ્થાથી અસ્તિ છે અને પરકાળની અવસ્થાથી નાસ્તિ છે. સમજાણું કાંઈ? એ ૧૨ ગાથા (પૂરી) થઈ.

## ગાથા–૧૩

**આ જીવને જે વિભાવભાવ થાય છે તે પોતાથી જ થાય છે વા એનું પણ નિમિત્ત કારણ છે એ પ્રશ્નનો ઉત્તર આગળ કહેશે.**

**परिणममानस्य चितश्चिदात्मकैः स्वयमपि स्वकैर्भावैः।**
**भवति हि निमित्तमात्रं पौद्गलिकं कर्म तस्यापि।।१३।।**

અન્વયાર્થ :– [ हि ] નિશ્ચયથી [ स्वकैः ] પોતાના [ चिदात्मकैः ] ચેતનાસ્વરૂપ [ भावैः ] રાગાદિ પરિણામોથી [ स्वयमपि ] પોતે જ [ परिणममानस्य ] પરિણમતા [ तस्य चितः अपि ] પૂર્વોક્ત આત્માને પણ [ पौद्गलिकं ] પુદ્ગલ સંબંધી [ कर्म ] જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ [ निमित्तमात्रं ] નિમિત્ત માત્ર [ भवति ] થાય છે.

ટીકા :– 'हि चिदात्मकैः स्वकैर्भावैः परिणममानस्य तस्य चितः अपि पौद्गलिकं कर्म निमित्तमात्रं भवति' - નિશ્ચયથી ચૈતન્યસ્વરૂપ પોતાના રાગદિ પરિણામરૂપે પરિણમેલા તે પૂર્વોક્ત આત્માને પણ પૌદ્ગલિક જ્ઞાનાવરણાદિ કર્મ નિમિત્તમાત્ર થાય છે.

ભાવાર્થ :– આ જીવને રાગાદિ વિભાવભાવ પોતાથી જ (સ્વદ્રવ્યના આલંબનથી) થતા નથી. જો પોતાથી જ થાય તો તે જ્ઞાન-દર્શનની જેમ સ્વભાવભાવ થઈ જાય. સ્વભાવભાવ હોય તો તેનો નાશ પણ ન થાય. તેથી એ ભાવ ઔપાધિક છે, અન્ય નિમિત્તથી થાય છે. તે નિમિત્ત જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મોને જાણવું. જે જે પ્રકારે દ્રવ્યકર્મ ઉદય અવસ્થારૂપે પરિણમે તે તે પ્રકારે આત્મા વિભાવભાવરૂપે પરિણમે છે.

પ્રશ્ન :– પુદ્ગલમાં એવી કઈ શક્તિ છે કે જે ચૈતન્યને વિભાવરૂપે પરિણમાવે છે?

ઉત્તર :– જેમ કોઈ મનુષ્યના શિર ઉપર મંત્રેલી રજ નાખી હોય તો તે રજના નિમિત્ત દ્વારા તે પુરુષ પોતાને ભૂલી નાના પ્રકારની વિપરીત ચેષ્ટા કરે છે. મંત્રના નિમિત્તે રજમાં

www.vitragvani.com



**એવી શક્તિ હોય છે કે જે બુદ્ધિમાન મનુષ્યને વિપરીત [1]પરિણમાવે છે. તેવી જ રીતે આ આત્માના પ્રદેશોમાં રાગાદિના નિમિત્તે બંધાયેલાં પુદ્ગલોના નિમિત્તે આ આત્મા પોતાને ભૂલીને નાના પ્રકારના વિપરીત ભાવોરૂપે પરિણમે છે. એના વિભાવભાવોના નિમિત્તે પુદ્ગલમાં એવી શક્તિ હોય છે કે જે ચૈતન્યપુરુષને વિપરીત પરિણમાવે છે. આ રીતે ભાવકર્મથી દ્રવ્યકર્મ થાય છે અને દ્રવ્યકર્મથી ભાવકર્મ થાય છે. તેનું નામ સંસાર કહીએ. ૧૩.**

## ગાથા–૧૩ ઉપર પ્રવચન

**'આ જીવને જે વિભાવભાવ થાય છે તે પોતાથી જ થાય છે વા એનું પણ નિમિત્ત કારણ છે એ પ્રશ્નનો ઉત્તર આગળ કહેશે.'** પોતાથી થાય છે ખરું પણ નિમિત્ત છે કે નહિ? એ વાત સિદ્ધ કરે છે.

મુમુક્ષુ :– બે ભેગા થઈને કરે છે.

ઉત્તર :– ના, ના જુઓ! કહેશે. ખૂબી જોવો તો ખરા. **'परिणममानस्य'** શબ્દ અહીંથી ઉપાડ્યો છે, **'परिणममानस्य'** જુઓ! ભારે શ્લોકો!

**परिणममानस्य चितश्चिदात्मकैः स्वयमपि स्वकैर्भावैः।**
**भवति हि निमित्तमात्रं पौद्गलिकं कर्म तस्यापि।।१३।।**

**અન્વયાર્થ :– ''हि' નિશ્ચયથી પોતાના ચેતનાસ્વરૂપ...'** અન્વયાર્થ. જુઓ ખૂબી! **'નિશ્ચયથી પોતાના...'** એટલે આત્માના. કેવા? **'ચેતનાસ્વરૂપ રાગાદિ પરિણામો...'** દેખો! દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, મિથ્યાત્વભાવ એ બધા ચેતનાસ્વરૂપ વિકારી ભાવ છે. સમજાણું કાંઈ? એ અચેતન સ્વરૂપ જડના ભાવ નથી. એકકોર એને જડ કહે, ચેતનાસ્વરૂપ નહિ. ચેતનાસ્વરૂપથી ભિન્ન એ નિશ્ચય સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ પુણ્ય-પાપના ભાવ તે અચેતન અને પુદ્ગલ પરિણામ છે. અહીંયા તો કર્મથી ભિન્ન પોતાની અવસ્થામાં થાય છે તેથી તે ચેતનાસ્વરૂપ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ મિથ્યાત્વના ભાવ એ **'પોતે જ પરિણમતા...'** દેખો! **'परिणममानस्य'** ઉપર વજન છે. ખરેખર **'પોતાના ચેતનાસ્વરૂપ રાગાદિ પરિણામ...'** જીવ પોતે જ (રાગાદિપણે પરિણમે છે). અહીં ચેતનાસ્વરૂપ કહેશે. ૧૪ મીમાં કાઢી નાખશે, કર્મકૃત કહીને કાઢી નખાવા માગશે. પણ થાય છે એ ચેતનાસ્વરૂપમાં, ચેતના કરે તો થાય છે.

૧. દરેક દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી છે, પર દ્રવ્યાદિનો તેમાં સદાય અભાવ જ છે તેથી કોઈ કોઈને પરિણમાવી શકતું નથી, છતાં જીવની તે પ્રકારે પરિણમવાની યોગ્યતા કાળે બાહ્યમાં કઈ સામગ્રીને નિમિત્ત બનાવવામાં આવી તેનું જ્ઞાન કરાવવા માટે અસદ્ભૂત વ્યવહારનયથી નિમિત્તને કર્તા કહેવામાં આવે છે, વ્યવહાર કથનની રીત આમ છે એમ જાણવું જોઈએ.

www.vitragvani.com



સમજાણું કાંઈ? પોતાના ચેતનાસ્વરૂપ રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ **'પોતે જ પરિણમતા...' 'પરિણામોથી પોતે જ પરિણમતા પૂર્વોક્ત આત્માને પણ...'** પોતે જ પરિણમતો કોણ? આત્મા. પૂર્વોક્ત આત્માને પણ **'પરિણમતા પૂર્વોક્ત આત્માને પણ...'** અહીં વજન છે. વિકારપણે પોતે જ પરિણમતા એવા આત્માને પણ. હવે પરિણમતા તો અહીં સિદ્ધ કરી દીધું. સમજાણું?

**'પુદ્ગલ સંબંધી જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ નિમિત્તમાત્ર થાય છે.'** લ્યો! અહીં કહ્યું. જીવ પોતાના ચૈતન્ય સ્વરૂપ પુણ્ય-પાપના મિથ્યાત્વ આદિના ભાવથી પોતે જ પરિણમતા, પરિણમ્યો છે, પરિણમે છે, પરિણમવું છે. આમ પરિણમતા એવા **'પૂર્વોક્ત આત્માને પણ...'** પરિણમેલા વિકારીપણે પરિણમેલા આત્માને પણ. **'પુદ્ગલ સંબંધી...'** જુઓ! હવે જડકર્મ (લે છે). **'જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ નિમિત્ત માત્ર થાય છે.'** લ્યો, ભાષા જુઓ! જીવ પોતાની જ્ઞાનની હીણતા, દર્શનની હીણતા, ચારિત્રની વિપરીતતા, શ્રદ્ધાની વિપરીતતા કે રાગ-દ્વેષના ભાવ એવા પરિણમતા આત્માને, પરિણમતા આત્માને, થતાં આત્માને, એ રૂપે થયેલ આત્માને, થયેલ આત્માને પૂર્વનું દ્રવ્યકર્મ એને નિમિત્ત કહેવાય છે. કહો! સમજાણું આમાં?

મુમુક્ષુ :– ...નિમિત્ત ખરું.

ઉત્તર :– ના, એમ ક્યાં કહ્યું? આત્માને પણ એમ કહે છે. પરિણમતા એવા આત્માને આ કર્મ એક નિમિત્ત થાય છે એટલું. પરિણમતા એવા આત્માને આ નિમિત્ત પૂર્વનું થાય છે. પણ આવ્યુ ખરું ને! **'तस्य चितः अपि'** એમ. તે આત્માને પણ. નિમિત્ત છે કોણ? પૂર્વના કર્મનો ઉદય. પરિણમતા આત્માને પણ ચેતનાસ્વરૂપ રાગ-દ્વેષ પુણ્ય-પાપના વિકાર થતાં, થતાં, થયેલા આત્માને પુદ્ગલ સંબંધી જ્ઞાનાવરણાદિ આઠ કર્મનો ઉદય એ નિમિત્તમાત્ર થાય છે. લ્યો! સમજાણું કાંઈ?

પુદ્ગલ કર્મ છે માટે અહીં પરિણમ્યો છે એમ નથી અને અહીં પરિણમે છે માટે પુદ્ગલ કર્મને થવું પડે છે એમ નથી. અહીં જીવ પોતે પરિણમે છે ત્યારે પુદ્ગલકર્મ નિમિત્ત કહેવાય છે અને જીવ પોતે રાગ-દ્વેષપણે પરિણમ્યો ત્યારે નવા કર્મ પોતાને સ્વકાળે કર્મ અવસ્થા ધારણ કરે એ પોતાથી **'परिणममानस्य'**, પોતાથી **'परिणममानस्य'** એને રાગ-દ્વેષના ભાવ નિમિત્ત છે. પુદ્ગલ કર્મરૂપે **'परिणममानस्य'** તેને જીવના રાગ-દ્વેષ પરિણામ નિમિત્ત છે અને જીવ રાગ-દ્વેષપણે પરિણમતા આત્માને પુદ્ગલ કર્મનો પર્યાય નિમિત્ત છે. આ વાત સિદ્ધ કરવી છે.

મુમુક્ષુ :– પરિણમે ત્યારે તો નિમિત્ત કહેવાય.

ઉત્તર :– બસ ! વાત ઇ છે. છે પણ નિમિત્ત છે. આ પણ પરિણમે છે અને આ નિમિત્ત છે. અહીંથી જીવમાં કેમ લીધું છે? કારણ કે પરિણમે છે તો ત્યાંથી પણ, પણ પરિણમે છે એ અહીંથી લઈને રાગ-દ્વેષ પરિણમે છે (ત્યારે) પુદ્ગલ એને કારણે તે સમયે પરિણમે છે. રાગ-દ્વેષ પોતે પરિણમે છે. બન્ને વાત અહીંથી લીધી છે. રાગ-દ્વેષપણે પરિણમે

છે ત્યારે કર્મ એની મેળાએ પરિણમે છે, રાગ-દ્વેષપણે પરિણમનાર જીવને પૂર્વના કર્મ નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ કર્તા વિના, કર્મના કર્તા વિના જીવ પોતાના વિકારીપણે પરિણમે છે. અને જીવના વિકારી પરિણામના કાર્યને કરતો, આ રાગ-દ્વેષ પરને કર્યા વિના પુદ્ગલના પરિણામ કર્મરૂપે થાય છે. કહો! સમજાણું આમાં? સૌ સૌની સ્વતંત્રતા બતાવે છે. કર્તા છે તે સ્વતંત્ર છે એમ કહે છે. પુદ્ગલ કર્મરૂપી અવસ્થા ધારણ કરે એ કર્તા થઈને સ્વતંત્ર છે. જીવ રાગ-દ્વેષપણે પરિણમે તે કર્તા થવાને સ્વતંત્ર છે, કર્તા થાય એ સ્વતંત્ર હોય છે. સમજાણું કાંઈ?

**ટીકા :–** **'हि चिदात्मकैः स्वकैर्भावैः परिणममानस्य तस्य चितः अपि पौद्गलिकं कर्म निमित्तमात्रं भवति'** **'નિશ્ચયથી...'** ખરેખર **'ચૈતન્યસ્વરૂપ પોતાના રાગાદિ પરિણામરૂપે પરિણમેલા...'** અહીં વજન છે. ખરેખર ચૈતન્ય સ્વરૂપ એવો આત્મા અથવા એના પોતાના રાગાદિ પરિણામ, ચૈતન્ય સ્વરૂપ રાગાદિ પરિણામ. પુણ્ય, પાપ, કામ, ક્રોધ, દયા, દાન, વ્રત આદિ **'પરિણમેલા તે પૂર્વોક્ત આત્માને, પરિણમેલા તે પૂર્વોક્ત આત્માને પણ...'** નિમિત્ત સિદ્ધ કરવું છે. **'પૌદ્ગલિક જ્ઞાનાવરણાદિ કર્મ નિમિત્તમાત્ર થાય છે.'** એને જૂનું કર્મ નિમિત્તમાત્ર થાય છે અને નવા (કર્મ) પરિણમવાને રાગ-દ્વેષ પરિણામ નિમિત્તમાત્ર થાય છે. આ વાત સિદ્ધ કરે છે. કહો! સમજાણું આમાં?

**ભાવાર્થ :–** **'આ જીવને રાગાદિ વિભાવભાવ પોતાથી જ (સ્વદ્રવ્યના આલંબનથી) થતા નથી.'** હવે જરી આમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? સ્વભાવના આશ્રયે કાંઈ વિકાર ન થાય. રાગ-દ્વેષનો ભાવ, પુણ્ય-પાપનો ભાવ એ કાંઈ સ્વભાવને આશ્રયે ન થાય. કારણ કે સ્વભાવમાં ક્યાં છે? એ પરના આલંબનના લક્ષે થાય છે. રાગ-દ્વેષ થાય એ આત્માના આશ્રયે, સ્વભાવના આશ્રયે થતાં નથી. કરેલા એના, થયેલા એમાં, પરિણમેલો એમાં પણ એ રાગ-દ્વેષ સ્વભાવને આશ્રયે થતાં નથી એમ હવે સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

**'પોતાથી જ થતાં નથી...'** પોતાથી થતાં નથી, એની વ્યાખ્યા શું? પેલામાં તો પોતાથી થાય એમ કીધું, પોતાના ચૈતન્ય સ્વભાવ પોતાથી થાય છે. પણ અહીં પોતાથી થતાં નથી એટલે શું? ન્યાં કીધું પોતાથી થાય છે તે સ્વ પર્યાયમાં થાય છે. અહીં પોતાથી થતાં નથી એટલે સ્વ સ્વભાવને આશ્રયે થતાં નથી. એમ પોતાથી થતાં નથી એના બે ભાગ, અર્થ. પહેલામાં કહ્યું કે, રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ પોતાથી જ થાય છે એટલે કે પર્યાયમાં સ્વથી થાય એ સિદ્ધ કર્યું.

હવે એ પુણ્ય ને પાપના ભાવ પોતાથી એટલે દ્રવ્ય સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે એને આશ્રયે થતાં નથી. થાય છે પોતાથી પોતામાં પણ પોતાના સ્વભાવને આશ્રયે થતાં નથી. નિમિત્તને અવલંબે થાય છે. પરનું લક્ષ કરે છે, અવલંબન કરે છે ત્યારે વિકાર થાય છે. સ્વના લક્ષે કાંઈ વિકાર થાય નહિ. સ્વના લક્ષે થાય તો કોઈ દિ' વિકાર ટળે નહિ. સ્વના

www.vitragvani.com



લક્ષે તો સ્વભાવ થાય. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે, એ તો આનંદમૂર્તિ છે. એના લક્ષે, એને આશ્રયે વિકાર કેમ થાય? એને આશ્રયે તો સ્વભાવ થાય. સમજાણું કાંઈ? ભારે કેટલું અટપટું! પોતે પોતાથી થાય, વળી કહે કે, પોતાથી ન થાય. પોતાથી થાય એટલે કે પોતાની પર્યાય પોતાથી થઈ છે. પણ તે પર્યાય પોતાથી ન થાય એટલે કે દ્રવ્ય સ્વભાવના લક્ષે થાય નહિ એમ એનો અર્થ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આ તો આપણે બેસાડીએ ત્યારે થાય.

ઉત્તર :– બેસાડીએ નહિ, એમ છે, બેસાડી દીધું શું હોય?

બે પ્રકાર થયા. આત્મા પોતાની પર્યાયમાં રાગ-દ્વેષ ચેતનાસ્વરૂપ વિકાર પોતે સ્વયમેવ કરે તો થાય છે. એ સ્વતંત્ર ક્રિયાથી વાત કરી. હવે બીજી વાત–એ વિકારનું થવું પોતાના દ્રવ્ય સ્વભાવ, શુદ્ધ સ્વભાવને આશ્રયે નથી પણ પરને આશ્રયે છે. થાય છે પોતામાં, પોતે કરનાર પણ તેને પર અવલંબે થાય છે, સ્વ અવંલબે થતાં નથી. એમ વાત સિદ્ધ કરી છે. લ્યો! સમજાણું કાંઈ?

**'જો પોતાથી જ થાય તો તે જ્ઞાન-દર્શનની જેમ સ્વભાવભાવ થઈ જાય.'** રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ જો અંતર સ્વભાવને આશ્રયે થાય તો તો સ્વભાવ થઈ ગયો. જેમ જ્ઞાન, દર્શન, શાંતિ, આનંદ એ સ્વભાવ છે એમ પુણ્ય-પાપના ભાવ સ્વભાવ થઈ જાય. પોતાના સ્વભાવમાંથી થાય ને સ્વભાવને આશ્રયે થાય તો તો સ્વભાવ થઈ ગયો. **'જ્ઞાન-દર્શનની જેમ સ્વભાવભાવ થઈ જાય. સ્વભાવભાવ હોય તો તેનો નાશ પણ ન થાય.'** એ વાત કરવી છે. વિકારી ભાવ પોતાના સ્વભાવને આશ્રયે થાય તો સ્વભાવપણાનો નાશ કોઈ દિ' ન થાય અને આનો તો નાશ કરવો છે. રાગ-દ્વેષ તો નાશ કરવાલાયક છે. ઉત્પન્ન થવા લાયક પર્યાયમાં પોતાને કારણે (છે) પણ નાશ કરવાલાયક છે. એ સ્વભાવને આશ્રયે થાય તો સ્વભાવનો નાશ કોઈ દિ' થાય નહિ. સમજાણું કાંઈ? ન્યાયથી વાત કરી, જુઓ! **'સ્વભાવભાવ હોય તો તેનો નાશ પણ ન થાય.'**

ત્રણ વાત કરી. એક તો આત્મા પોતાથી, પોતાની પર્યાયમાં મિથ્યાત્વપણે કે રાગ-દ્વેષપણે પોતે પોતાથી પરિણમે છે. એક વાત. ત્યારે જૂના કર્મને નિમિત્ત કહેવાય, એટલી વાત. બસ! હવે એ વિકારી પરિણામ જે છે એ વસ્તુ દ્રવ્ય સ્વભાવના આશ્રયથી જો થાય તો તો એ સ્વભાવ થઈ ગયો અને સ્વભાવનો નાશ કોઈ દિ' થાય નહિ અને આ વિકારનો તો નાશ થાય છે. પુણ્ય-પાપ પોતાથી થયા એ બરાબર, પણ એનો નાશ થાય છે માટે સ્વભાવથી થયેલા નથી. નિમિત્તને આશ્રયે ઉપાધિ થઈ, સ્વભાવને આશ્રયે તેનો નાશ થઈ શકે છે. વાણિયાને વેપારીને આ બધા ન્યાય પકડવા. એ.. 'મોહનભાઈ'! પકડવા જોઈએ? આ તો સાધારણ ન્યાય છે.

એમ કહ્યું, ભાઈ! જો આત્મા છે ને? વસ્તુ પોતે વસ્તુ. એ તો દ્રવ્ય તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ

www.vitragvani.com



આનંદકંદ છે. હવે એની પર્યાયમાં વિકાર થાય છે. જો વિકાર ન હોય તો દુઃખ ન હોય, તો સંસાર ન હોય. ત્યારે એ સંસાર થયો ક્યાંથી? કે, પોતે ઊભો કર્યો પર્યાયમાં. પર્યાયમાં પોતાથી વિકાર રાગ-દ્વેષપણે પરિણમ્યો માટે થયો. હવે ત્રીજી વાત કરે છે કે, ત્યારે વિકાર-પરિણામ થયા એ કોને અવલંબે થયા? આત્માને અવલંબે થાય? આત્મા તો શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય (છે). વસ્તુ દ્રવ્ય છે, એને અવલંબે થાય તો તો સ્વભાવ થાય અને સ્વભાવનો તો કોઈ દિ' નાશ થાય નહિ તો એ રાગ-દ્વેષનું થવું પોતામાં હોવા છતાં પરના અવલંબે થાય છે કે જેથી તે ઉપાધિભાવ સ્વના અવલંબે નાશ કરી શકાય છે. સમજાણું કાંઈ? કહો! સમજાય છે કે નહિ? 'રતિભાઈ'!

**'તેથી એ ભાવ ઔપાધિક છે,...'** લ્યો! આમ સિદ્ધ કરવું છે. એ પુણ્ય-પાપના ભાવ તે ઉપાધિભાવ છે, સ્વભાવભાવ બિલકુલ નથી. સ્વભાવભાવ નથી તેથી નાશ થઈ શકે છે. સ્વભાવભાવ હોય તો નાશ થઈ શકે નહિ. સમજાણું કાંઈ? એ લઈને પેલું ૧૪મી ગાથામાં લેવું છે હવે. **'અન્ય નિમિત્તથી થાય છે.'** અન્ય નિમિત્ત એટલે અન્યના સંગે થાય છે. સ્વ સ્વભાવના સંગે વિભાવભાવ થાય નહિ માટે અન્યના સંગે થાય છે. નિમિત્ત એટલે અન્યના સંગે થાય છે.

**'તે નિમિત્ત (સંગ તો) જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મોને જાણવું.'** લ્યો! એ નિમિત્ત એટલે કે સંગ. કોનો? કે, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ જડ. જડના સંગે થાય છે, એના સંગે થાય છે. એથી તેનાથી થાય છે એમ કહેવામાં આવ્યું. પાઠ તો (એમ છે), અન્ય નિમિત્તથી થાય છે. એમ તો કીધું, એ તો પહેલું સિદ્ધ કર્યું. પોતાના ચૈતન્ય સ્વરૂપમાં પોતે જ પરિણમે છે. સમજાય છે કાંઈ? ત્યારે કર્મને નિમિત્ત કહેવાય. **'परिणममानस्य निमित्तमात्रं'** પણ એ પરિણમન પોતાના સ્વભાવના સંગે થતું નથી, નિમિત્તના સંગે થાય છે તે નિમિત્તથી થાય છે એમ કહેવામાં આવ્યું છે. કહો! સમજાણું કાંઈ? એ નિમિત્ત તો જ્ઞાનાવરણાદિ કર્મ જાણવું. હવે જરી વાંચો હવે આવ્યું.

**'જે જે પ્રકારે દ્રવ્યકર્મ ઉદય અવસ્થારૂપે પરિણમે તે તે પ્રકારે આત્મા વિભાવભાવરૂપે પરિણમે છે.'** એટલે? કે જે જે પ્રકારનો જ્ઞાનાવરણીનો ઉદય હોય તો તે પ્રકારે અહીંયાં આત્મા પોતાની જ્ઞાનની હીણતાને પોતાને કારણે પરિણમે છે. દર્શનાવરણીયનો ઉદય હોય તો દર્શનાવરણીય પોતે હીણાપણે પરિણમે છે. દર્શનમોહનો ઉદય હોય તો પોતાને કારણે મિથ્યાત્વરૂપે પરિણમે. ચારિત્રનો ઉદય હોય તો રાગરૂપે પરિણમે, એમ. **'જે જે પ્રકારે દ્રવ્યકર્મ...'** દ્રવ્યકર્મના આઠ પ્રકારમાં જે જે કર્મ, જે પ્રકારે **'ઉદય અવસ્થારૂપે...'** હોય છે **'તે તે પ્રકારે...'** તે તે પ્રકારના નિમિત્તમાં જીવ પોતાના વિભાવરૂપે પરિણમે છે. કહો! સમજાણું આમાં?

દ્રવ્યકર્મની જેવી ઉદય અવસ્થા છે તેટલા જ પ્રમાણમાં પરિણમે છે એમ નહિ પણ અહીંયાં જ્ઞાનની હીણી અવસ્થા હોય તો જ્ઞાનાવરણીયનો ઉદય હોય તે ઉદયના નિમિત્તને

www.vitragvani.com



આધીન થઈને અહીં પરિણમે છે. દર્શનાવરણીયનો ઉદય હોય તો એને આધીન થઈને પરિણમે, એને વશ થઈને (પરિણમે). **'જે જે પ્રકારે...'** વાંધા જ આ કર્મના પહેલેથી ઉઠ્યા છે. નિમિત્તપ્રધાનતા ઘુસી ગઈ પછી બધે નિમિત્ત ઘુસી ગયું.

અહીં તો કહે છે કે, સ્વયમેવ **'परिणममानस्य'** દ્રવ્યકર્મ નિમિત્ત (છે) એનું આ સ્પષ્ટીકરણ ચાલે છે. સ્વયમેવ વિકારપણે જીવ થતાંને જ્ઞાનાવરણીઆદિ કર્મ નિમિત્તપણે કહેવામાં આવે છે. એટલે કે જે જે પ્રકારે આત્મા વિકારપણે પરિણમે, તે તે પ્રકાર સામે એ પ્રકારના ઉદયનું નિમિત્તપણું હોય છે. એમ. સમજાણું? **'જે જે પ્રકારે દ્રવ્યકર્મ ઉદય અવસ્થારૂપે પરિણમે...'** તે તે કર્મ જે જાતનું. **'તે તે પ્રકારે આત્મા વિભાવભાવરૂપે પરિણમે છે.'** સામે જ્ઞાનાવરણીયનો ઉદય હોય તો અહીં પોતાના ઉપાદાનમાં જ્ઞાનની હીણાપણે પરિણમવાનું ઉપાદાન સ્વયં **'परिणममानस्य'** – સ્વયં પરિણમે છે ત્યારે જ્ઞાનાવરણીનો ઉદય નિમિત્ત કહેવાય. એમ દર્શન અવસ્થામાં, દર્શન અવસ્થાની હિણાપણે **'परिणममानस्य'** હિણાપણે **'परिणममानस्य'** એને દર્શનમોહનો ઉદય નિમિત્ત છે. તેથી જે જે પ્રકારનું કર્મ છે તે તે પ્રકારની હીણાની અવસ્થાપણે પોતાને કારણે ત્યાં પરિણમે ત્યારે પેલાને નિમિત્ત કહેવાય છે. સમજાણું કાંઈ? આ ઉપાદાન નિમિત્તનો ઝઘડો પહેલો નહોતો, કહે છે. પુણ્યનો વિવાદ નહોતો, એમ લખ્યું છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અવસ્થાને પરિણમે. કીધું નહિ? એ જ ખુલાસો કર્યો. પરિણમે. જ્ઞાનાવરણીયનો ઉદય જે પ્રકાર છે એ પ્રકારે આત્મા પોતાની અવસ્થાપણે પરિણમે, એના ઉદયથી કાંઈ દર્શન હિણાપણે પરિણમે? જ્ઞાનાવરણીયના ઉદય પ્રકારમાં કાંઈ દર્શનપણે, હીણાપણે પરિણમે? જ્ઞાનાવરણીયના ઉદયમાં જ્ઞાન હીણાપણે પરિણમે. જે પ્રકારનો સામે આઠમાં ઉદય છે તે પ્રકારે અહીં પોતાના હીણાપણે પોતાને કારણે પરિણમે.

મુમુક્ષુ :– જે પ્રકારનું નિમિત્ત ત્યાં આવ્યું તે પ્રકારે પરિણમે.

ઉત્તર :– નિમિત્ત ત્યાં આવ્યું ને! જ્યાં દર્શનમોહનો ઉદય હોય તો અહીં કાંઈ જ્ઞાનના હીણાપણે પરિણમે એમ બને? દર્શનમોહનો ઉદય હોય તો અહીં મિથ્યાત્વપણે પરિણમે એ પોતાના સ્વભાવને કારણે એમ ઊંધુ પાડીને પરિણમે. આઠે કર્મમાં આઠ ભેદ છે ને?

ઉત્પાદનો પોતાનો જે સ્વકાળનો રાગાદિ છે ત્યારે તેના સામે ઉદયનો ઉત્પાદનો તે કાળ, તે પ્રકારના કર્મનો નિમિત્ત છે, બસ! એ જાતનું. આયુષ્યનો ઉદય ન હોય તો આત્મા પોતાની સ્થિતિ ત્યાં રહેવાની યોગ્યતાપણે પરિણમે છે. આયુષ્યની સ્થિતિથી તેના રાગ-દ્વેષને ઉત્પન્ન થાય એમ છે નહિ. નિમિત્તમાં એવું નથી. નિમિત્ત તો નિમિત્ત છે પણ અહીં આયુષ્યનો ઉદય હોય ને રાગ-દ્વેષ થાય એમ છે? ચારિત્રમોહનો ઉદય હોય અને અહીં રાગ-દ્વેષ પોતાને કારણે થાય. એમ એટલો એને સંબંધ છે. એની સાથે સંબંધ છે.

**પ્રશ્ન :– 'પુદ્ગલમાં એવી કઈ શક્તિ છે કે જે ચૈતન્યને વિભાવરૂપે પરિણમાવે છે?'**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જુઓ! ભાષા આમ લીધી. 'ગોમ્મટસાર'માં છે. પોતે પરિણમે છે ત્યારે બીજા પરિણમાવે છે એમ કહેવામાં આવે. આ બધા વાંધા છે. કર્મના અને જીવના જગતને વાંધા છે. કર્મ પરિણમાવે, કર્મ પરિણમાવે. પણ તું નમાલો છો તે તને પરિણમાવે? તારા માલવાળો છો, વિકારપણે પરિણમવું એ પણ તારો માલ છે, ઊંધું. ઊંધેપણે થાય તો પેલાને નિમિત્ત કહેવાય છે. ઊંધો તું ન થા તો કર્મ તને પરિણમાવે?

એ તો 'સમયસાર'માં આવી ગયું છે કે ભાઈ! જીવ વિકારપણે પરિણમે છે એ પરિણમતાને બીજો પરિણમાવે કે અપરિણમતાને બીજો પરિણમાવે? સમજ્યા? આત્મા વિકારપણે પરિણમે છે એ પરિણમતા થતાને બીજો પરિણમાવે કે ન થતાને પરિણમાવે? કે ન થતાને પરિણમાવે ? ન થતાને પરિણમાવે, એવી એક દ્રવ્યની પર્યાય બીજાની શક્તિ આપી શકે નહિ. કે થતાંને પરિણમાવે? તો પોતે પોતાથી પરિણમે તો એને પરની અપેક્ષા નહિ. સમજાણું કાંઈ?

પર પરિણમાવે છે એમ જો કહીએ તો એના બે પ્રશ્ન ઉઠ્યા કે ભાઈ! આત્મા તે સમયે વિકારપણે પરિણમે છે ને બીજો પરિણમાવે છે કે નથી પરિણમાવતા ને બીજો પરિણમાવે છે? ત્યારે કહે કે, પરિણમતાને બીજો પરિણમાવે છે. પરિણમતાને બીજા પરિણમાવનારની જરૂર રહેતી નથી. અને નહિ પરિણમતાને બીજો એને પરિણમવાની શક્તિ આપે એમ બની શકતું નથી. કહો! બરાબર છે?

મુમુક્ષુ :–

ઉત્તર :– પણ એ બધે લાગું પાડવું કે નહિ? ગાથા ચાલતી હોય ત્યારે બરાબર લાગે, એમ કહે છે. બીજી ગાથા ચાલતી હોય ત્યારે નહિ. બધે લાગુ પાડવું કે નહિ એને?

**'પુદ્ગલમાં એવી કઈ શક્તિ છે કે જે ચૈતન્યને વિભાવરૂપે પરિણમાવે?'** 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' નું નાખે છે ને? જુઓ! જ્ઞાનાવરણીય પણ આત્માના કેવળજ્ઞાનને ન પરિણમવા દે. અરે..! ભાઈ! કર્મની શક્તિ એવી છે કે આત્મા કેવળજ્ઞાનપણે નથી પરિણમતો તેને ઇ નથી પરિણમાવતો? કે નથી પરિણમતો એને ઇ પરિણમાવે છે? કે કેવળજ્ઞાનના હીણીપણે પર્યાય પરિણમે છે એને એ પરિણમાવે છે? હીણીપણે પરિણમે છે એને પરની જરૂર નથી અને હીણીપણે નથી પરિણમતો એને પણ પરની જરૂર નથી. પોતાનું પરિણમન સ્વતંત્ર છે. એમ આ વાતમાં પણ પરિણમાવે છે એનો વિશેષ ખુલાસો હવે કરશે, સમજાય છે? એને ખરેખર પરિણમવાતો નથી પણ નિમિત્તપણે કહેવામાં આવે છે. એ ખુલાસો કરશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



## પ્રવચન નં. ૧૬ ગાથા–૧૩ થી ૧૪ શુક્રવાર, પોષ સુદ ૩, તા. ૧૩-૦૧-૧૯૬૭

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' 'અમૃતચંદ્રાચાર્ય' કૃત, ૧૩ મી ગાથા ચાલે છે. શું ચાલે છે? આત્મા વિકારપણે **'परिणममानस्य'** ત્યાંથી મૂળ સિદ્ધાંત છે આખો. આત્મા વિકારપણે પરિણમતો થકો પોતાના ચૈતન્ય સ્વરૂપ વિકાર રાગાદિ એને નિમિત્તમાત્ર પુદ્ગલિક કર્મનો ઉદય કહેવામાં આવે છે. આત્મા પોતે છે એ પોતામાં, પોતાને કારણે, સ્વયં વિકારપણે રાગ-દ્વેષપણે થાય છે. એ તો પોતે જ પરિણમે છે. પણ નિમિત્ત ચીજ કોણ છે એની હવે વ્યાખ્યા ચાલે છે. નિમિત્ત પુદ્ગલકર્મનો પૂર્વનો ઉદય છે. કારણ કે વિકાર પોતાના સ્વભાવને લક્ષે ન થાય. આત્મામાં દોષ થાય એ કાંઈ નિર્દોષ ગુણને લક્ષે ન થાય. એથી દોષનું નિમિત્ત કોણ એ વાત સિદ્ધ કરે છે.

હવે આવ્યું, જુઓ! **'જે જે પ્રકારે દ્રવ્યકર્મ ઉદય અવસ્થારૂપે પરિણમે છે...'** ત્યાં આવ્યું છે. **'તે તે પ્રકારે આત્મા વિભાવભાવરૂપે પરિણમે છે.'** પેલું તો નિમિત્તપણું સિદ્ધ કરવું છે, હોં! **'परिणममानस्य'** તો પહેલેથી સિદ્ધ કર્યું. પરિણમતો થકો, વિકારપણે પરિણમતો થકો એને નિમિત્ત કોણ છે એ વાત છે. ત્યારે કહે છે, નિમિત્ત એવું છે કે તેના પ્રમાણમાં એટલે કે નિમિત્તને લક્ષે જીવ વિકારપણે થાય તો એ પુદ્ગલમાં એવી કઈ શક્તિ છે? એટલે નિમિત્તમાં, હોં! નિમિત્ત સિદ્ધ કરવું છે ને અહીં તો? પરિણમનારો જીવ, વિકારપણે, દોષપણે થનારો આત્મા (છે), પણ એમાં નિમિત્ત કેવું? જેમાં એ શક્તિ છે કે નિમિત્તપણે થાય એવી શક્તિ કેવી છે? સમજાણું કાંઈ? ઉપાદાનપણે તો પોતાનો દોષ પોતાથી થાય એ તો એની શક્તિ પણ કર્મનો ઉદય એમાં નિમિત્તપણાની કેવી શક્તિ કે આને પરિણમવામાં તે જ નિમિત્ત થાય?

**ઉત્તર :– 'જેમ કોઈ મનુષ્યના શિર ઉપર મંત્રેલી રજ નાખી હોય...'** મંત્રેલી રજ **'તો તે રજના નિમિત્ત દ્વારા...'** તે રજના નિમિત્ત દ્વારા, હોં! **'તે પુરુષ પોતાને ભૂલી નાના પ્રકારની વિપરીત ચેષ્ટા કરે છે.'** એ નિમિત્ત (છે), ઉપાદાન એનું (પોતાનું છે). સમજાણું કાંઈ? તે પુરુષ મંત્રેલી રજના નિમિત્ત દ્વારા પોતાને ભૂલી જઈ અને અનેક પ્રકારની ચેષ્ટા કરે છે. એમાં એ મંત્રેલી રજ તેની નિમિત્ત કહેવાય છે. **'મંત્રના નિમિત્તે રજમાં એવી શક્તિ હોય છે...'** હવે રજનું નિમિત્તપણું સિદ્ધ કરે છે. **'મંત્રના નિમિત્તે રજકણોમાં એવી શક્તિ થાય છે કે જે બુદ્ધિમાન મનુષ્યને વિપરીત [1]પરિણમાવે છે.'** એમ નિમિત્ત થવાની શક્તિ છે. બુદ્ધિમાન મનુષ્યને પણ, પરિણમવામાં પોતે પરિણમે છે વિકારપણે, ઘેલછાપણે એમાં એ નિમિત્તની શક્તિ એને પરિણમાવે છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– ...

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉત્તર :– હા એ પરિણમન તો પહેલું સિદ્ધ રાખ્યું છે ને! **'परिणममानस्य'** ત્યાંથી તો ઉપાડ્યું છે. એને સિદ્ધ કરે છે કે એના પાઠથી ઊલટું સિદ્ધ કરે છે? પરિણમનમાં વિકારપણે પરિણમતો એને નિમિત્ત આ છે, નિમિત્તની આનામાં શક્તિ છે. એમ ઘેલછાયપણે પરિણમતો કે વિપરીત ચેષ્ટાપણે થતો એમાં રજ નિમિત્ત છે. જે મંત્રેલી રજ છે એ નિમિત્ત છે. એટલું અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

**'પરિણમાવે છે.'** એની વ્યાખ્યા પછી કરી, નીચે ખુલાસો કરવો પડ્યો. **'દરેક દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી છે,...'** એ સિદ્ધાંત છે. આખી વસ્તુ (છે). દરેક પદાર્થ પોતાનું દ્રવ્ય એટલે ગુણ-પર્યાયનો પિંડ, ક્ષેત્ર એટલે પહોળાઈ, કાળ એટલે વર્તમાન દશા, ભાવ એટલે ત્રિકાળ શક્તિ. દરેક પદાર્થ પોતાના વર્તમાન કાળની પરિણતિ પર્યાયથી છે. પરની પરિણતિ વર્તમાનના પરના કાળથી નથી. કહો! સમજાણું કાંઈ? છતાં જીવની (શક્તિ) તે પ્રકારે કોઈકોઈને પરિણમાવી શકતી નથી.

**'(પર દ્રવ્યાદિનો તેમાં સદાય અભાવ જ છે તેથી) કોઈ કોઈને પરિણમાવી શકતું નથી,..'** પર દ્રવ્યાદિનો તેમાં સદાય અભાવ જ છે, **'તે પ્રકારે પરિણમવાની યોગ્યતા કાળે બાહ્યમાં કઈ સામગ્રીને નિમિત્ત બનાવવામાં આવી તેનું જ્ઞાન કરાવવા માટે અસદ્‌ભૂત વ્યવહારનયથી...'** કર્તા–વ્યવહારકર્તા બધા અસત્ કર્તા છે ખરેખર. એ આપણે 'પ્રવચનસાર'માં આવી ગયું. **'કર્તા કહેવામાં આવે છે.** અસદ્‌ભૂત નયે પરચીજ બીજાને કરે તેમ કહેવામાં જૂઠા જ્ઞાને, અસદ્‌ભૂતનયે કહેવામાં આવે છે. **'વ્યવહાર કથનની રીત આમ છે એમ જાણવું જોઈએ.'** વ્યવહાર કથનનો પ્રકાર જ એવો છે.

**'તેવી જ રીતે આ આત્માના પ્રદેશોમાં...'** આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ છે તેના અસંખ્ય પ્રદેશ છે. **'રાગાદિના નિમિત્તે...'** ક્યા નિમિત્ત થાય છે હવે સિદ્ધ કરે છે, કે **'રાગાદિના નિમિત્તે બંધાયેલાં પુદ્‌ગલોના નિમિત્તે...'** આમ બે વાત ગુલાંટ ખાય છે. પૂર્વે જે કર્મ બંધાયેલું હતું એમાં રાગ-દ્વેષનું નિમિત્ત હતું. જીવના રાગ-દ્વેષનું નિમિત્ત હતું. એથી નિમિત્તને બંધાયેલું ઇ. એ જ વળી નવા રાગ-દ્વેષને નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? 'કળશટીકા'માં આવ્યું હતું ને? 'કળશટીકા'માં આવ્યું હતું.

આ આત્મા અસંખ્ય પ્રદેશી પહોળો ને અનંત ગુણ ભાવ સંપન્ન (પદાર્થ છે). એને વર્તમાન દશામાં પુણ્ય-પાપના ભાવ રાગ-દ્વેષના થાય તેને નિમિત્ત કોણ છે? કે જે નિમિત્તમાં પૂર્વે રાગ-દ્વેષનું નિમિત્ત હતું, એનાથી બંધાયેલું જે કર્મ, એ કર્મ રાગ-દ્વેષના નિમિત્તવાળું જે અહીં કર્મ હતું એ કર્મ આને રાગ-દ્વેષમાં નિમિત્ત થાય. સમજાણું કાંઈ? **'રાગાદિના નિમિત્તે બંધાયેલાં પુદ્‌ગલોના નિમિત્તે આ આત્મા પોતાને ભૂલીને નાના (અનેક) પ્રકારના વિપરીત ભાવોરૂપે પરિણમે છે.'** જીવ પોતાના સ્વરૂપને ભૂલી, પોતાના જ ઉપાદાન એટલે વર્તમાન દશામાં વિકારને કરે છે.

www.vitragvani.com



**'એના વિભાવભાવોના નિમિત્તે, એના વિભાવભાવોના નિમિત્તે પુદ્ગલમાં એવી શક્તિ હોય છે...'** જુઓ! પૂર્વે રાગ-દ્વેષનો વિભાવભાવ હતો ને? એમાં કર્મમાં એવી શક્તિ થઈ. **'પુદ્ગલમાં એવી શક્તિ હોય છે કે જે ચૈતન્યપુરુષને વિપરીત પરિણમાવે છે.'** વિપરીત પરિણમનારને પરિણમાવે છે તેમ કહેવામાં આવે છે. એમણે બહુ ઉમેર્યું છે ને! 'હિંમતભાઈ'એ 'પંચાસ્તિકાય'માં અંદર લખાણ બીજા કર્યા હેઠે પાછો બચાવ કર્યો. ભાઈ! સિદ્ધાંત તો પહેલો નક્કી રાખીને બધે સિદ્ધાંત હોઈ શકે કે નહિ?

એક વર્તમાન દ્રવ્યની વર્તમાન પર્યાય નામ અવસ્થામાં પર અવસ્થાનું નિમિત્તપણું હોવા છતાં તે પરની અવસ્થાનો તેમાં અભાવ છે. શું સમજાણું આમાં? જુઓ! પરિણમાવે છે (એમ લખ્યું છે). આનો અર્થ કરવો હોય તો કરે બધા પછી આમાંથી. પણ પાઠ શું છે અહીં? ગાથાનો ભાવ છે એને સિદ્ધ કરવો છે કે એનાથી ઊલટું સિદ્ધ કરવું છે? પાઠ તો એ છે– **'परिणममानस्य चितश्चिदात्मकैः स्वयमपि स्वकैर्भावैः'** જુઓને કેટલા શબ્દ પડ્યા છે. વિકારપણે જીવ થતાં થનારને તે ચૈતન્ય સ્વરૂપ રાગાદિભાવને **'स्वयमपि स्वकैर्भावैः'** પોતે પોતાના ભાવથી પરિણમતાને **'भवति'** નિમિત્તમાત્ર પુદ્ગલકર્મ બસ! તેને પૂર્વનું કર્મ નિમિત્તમાત્ર થાય છે. કહો! સમજાણું આમાં? પાઠમાં વાત હોય એને ખોલવી છે કે એનાથી કાંઈ વિપરીત કરવી છે પાછી વાત? તો તો પાઠનો અર્થ એ થયો નહિ. પાઠ તો એ છે. વિકારપણે જીવ જ્યારે થાય છે ત્યારે સ્વથી પોતાના ચૈતન્યરૂપ વિકારના ભાવ. **'स्वकैर्भावैः'**–પોતાના ભાવપણે પરિણમતા તેને **'भवति'** નિમિત્ત, તેને તે કાળે નિમિત્ત થાય છે, એમાં કાળભેદ ક્યાં હતો? સમજાણું કાંઈ? **'पौद्गलिकं कर्म तस्यापि'** લ્યો! એને પુદ્ગલકર્મ નિમિત્ત હોય છે. કહો! સમજાણું આમાં? બીજો દોષ કરાવતો નથી એમ કહે છે. કરાવતો નથી એમ કહે છે, જો દોષ કરાવતો હોય તો હવે ઉપદેશ કહેશે કે કર્મના નિમિત્તે થયેલા વિકાર તેં કરેલા છે તેને તું તારા સ્વભાવમાં માન તો વિપરીત માન્યતા છે, મિથ્યાત્વ છે. એ તો અહીં સિદ્ધ કરવું છે હવે. સમજાણું કાંઈ?

આત્મામાં કર્મના નિમિત્તે થતાં અશુદ્ધ ઉપાદાન પોતાના સ્વતઃ પરિણમનથી પણ તે મલિનભાવ છે એને સહિત તું માન તો સહિત માને છે તું, ત્યાં કર્મનો ઉદય મનાવે છે એમ ન આવ્યું ત્યાં. સમજાય છે? ૧૪મી ગાથા છે ને? જુઓને! વિકારપણે જીવ પરિણમે છે ત્યારે પૂર્વનું કર્મ નિમિત્ત (છે), એટલું. હવે એ નિમિત્તથી થતાં ઉપાધિભાવને આત્મા પોતાના સ્વભાવ સાથે એકપણે માને છે તેનું નામ મિથ્યાત્વ ને સંસાર છે. હવે જ્યારે એકપણે માનવું એ પણ જો નિમિત્તને આધીન હોય, તો તો પછી એકપણે તું માને છે એ તારી ભૂલ છે એ કહેવાનું રહેતું નથી. સમજાણું કાંઈ? સમજાણું છે કાંઈ?

જુઓ! **'આ રીતે ભાવકર્મથી દ્રવ્યકર્મ (નિમિત્તથી) થાય છે અને દ્રવ્યકર્મથી (નિમિત્તથી) ભાવકર્મ થાય છે.'** એવા નિમિત્ત-નૈમિત્તિક સંબંધને જાહેર પ્રસિદ્ધ કર્યો, **'તેનું નામ સંસાર**

www.vitragvani.com



**કહીએ.**' કહો! સમજાણું કાંઈ? ભગવાન આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ આત્મા છે. એ પોતાને ભૂલીને પોતામાં વિકારભાવને કરે છે એમાં પૂર્વનું કર્મ નિમિત્તમાત્ર ઉપસ્થિત સંયોગમાત્ર ચીજ ગણવામાં આવે છે. એ વિકારનું જે પરિણમન થાય છે એ પોતે જ કરેલું છે. પણ તે ઉપરાંત હવે એ વિકારના પરિણામ પોતે પોતાના ત્રિકાળ સ્વભાવ સાથે માને છે એ જ મિથ્યાત્વભાવ અને સંસારનું મૂળ કારણ છે. એ અહીં સિદ્ધ કરવું છે હવે. સમજાણું કાંઈ? '**परिणममानस्य**' તો ત્યાં સિદ્ધ કરી દીધું.

## ગાથા–૧૪

આગળ આ સંસારનું મૂળ કારણ બતાવીએ છીએ -

**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

**અન્વયાર્થ :– [ एवम् ] એ રીતે [ अयं ] આ આત્મા [ कर्मकृतैः ] કર્મોના કરેલા [ भावैः ] રાગદિ અથવા શરીરાદિ ભાવોથી [ असमाहितोऽपि ] સંયુક્ત ન હોવા છતાં પણ [ बालिशानां ] અજ્ઞાની જીવોને [ युक्तः इव ] સંયુક્ત જેવો [ प्रतिभाति ] પ્રતિભાસે છે અને [ सः प्रतिभासः ] તે પ્રતિભાસ જ [ खलु ] નિશ્ચયથી [ भवबीजं ] સંસારના બીજરૂપ છે.**

**ટીકા :– 'स एवं अयं कर्मकृतैर्भावैः असमाहितः अपि बालिशानां युक्तः इति प्रतिभाति' આવી રીતે આ આત્મા કર્મ વડે કરેલા નાના પ્રકારના ભાવથી સંયુક્ત નથી તો પણ અજ્ઞાનીને પોતાના અજ્ઞાનથી આત્મા કર્મજનિત ભાવોથી સંયુક્ત જેવો પ્રતિભાસે છે.**

**ભાવાર્થ :– પહેલા આમ કહ્યું કે પુદ્ગલકર્મને કારણભૂત રાગાદિભાવ છે, રાગાદિભાવોનું કારણ પુદ્ગલકર્મ છે. તેથી આ આત્મા નિજ સ્વભાવભાવની અપેક્ષાએ કર્મજનિત નાના પ્રકારના ભાવોથી જુદો જ ચૈતન્યમાત્ર વસ્તુ છે.**

**જેમ લાલ ફૂલના નિમિત્તે સ્ફટિક લાલ રંગરૂપે પરિણમે છે પરંતુ તે લાલ રંગ સ્ફટિકનો નિજ ભાવ નથી. સ્ફટિક સ્વચ્છતારૂપ પોતાના શ્વેત વર્ણથી બિરાજમાન છે. લાલ રંગ છે તે સ્વરૂપમાં પેઠા સિવાય ઉપર ઉપર જ ઝલક માત્ર દેખાય છે. ત્યાં રત્નનો પારખુ ઝવેરી તો એમ જ જાણે છે અને અપારખુ (અપરીક્ષક) પુરુષને સત્યરૂપ લાલ મણિની જેમ લાલરંગરૂપ**

www.vitragvani.com



જ પ્રતિભાસે છે. તેવી જ રીતે કર્મનિમિત્તથી આત્મા રાગાદિરૂપે પરિણમે છે. તે રાગાદિ આત્માના નિજ ભાવ નથી. આત્મા પોતાની સ્વચ્છતારૂપ ચૈતન્યગુણમાં બિરાજમાન છે. રાગાદિ છે તે સ્વરૂપમાં પેઠા વિના ઉપર ઉપર જ ઝલક માત્ર દેખાય છે. ત્યાં જ્ઞાની સ્વરૂપના પરીક્ષક તો એમ જ જાણે છે. અને અપરીક્ષક જીવોને સત્યરૂપ આત્મા પુદ્‌ગલ કર્મની પેઠે રાગાદિ સ્વરૂપ જ પ્રતિભાસે છે. અહીં પ્રશ્ન-તમે જ રાગાદિભાવને જીવકૃત કહ્યા હતા. અહીં તેને કર્મકૃત કેવી રીતે કહો છો? તેનો ઉત્તર-રાગાદિભાવ ચેતનારૂપ છે તેથી એનો કર્તા જીવ જ છે, પરંતુ અહીં શ્રદ્ધા કરાવવા માટે મૂળભૂત જીવના શુદ્ધસ્વભાવની અપેક્ષાએ રાગાદિ ભાવ કર્મના નિમિત્તથી થાય છે તેથી કર્મકૃત કહ્યા.

જેમ કોઈ મનુષ્યને ભૂત વળગ્યું હોય તો તે મનુષ્ય તે ભૂતના નિમિત્તે નાના પ્રકારની વિપરીત ચેષ્ટા કરે છે. તેથી તે ચેષ્ટાઓનો કર્તા તો મનુષ્ય જ છે પરંતુ તે ચેષ્ટા મનુષ્યનો નિજભાવ નથી માટે એ ચેષ્ટાઓને ભૂતકૃત કહીએ. તેમ આ જીવ કર્મના નિમિત્તે નાના પ્રકારના વિપરીત ભાવોરૂપે પરિણમે છે, તે ભાવોનો કર્તા તો જીવ જ છે પરંતુ આ જીવનો નિજભાવ નથી તેથી તે ભાવોને કર્મકૃત કહીએ છીએ. અથવા કર્મે કરેલા જે નાના પ્રકારના પર્યાય, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, કર્મ, દેવ-નારક-મનુષ્ય-તિર્યંચશરીર, સંહનન, સંસ્થાનાદિ ભેદ અથવા પુત્ર, મિત્ર, મકાન, ધન, ધાન્યાદિ ભેદ-એ બધાથી શુદ્ધાત્મા પ્રત્યક્ષ ભિન્ન જ છે. જેમ કોઈ મનુષ્ય અજ્ઞાની ગુરુના કહેવાથી એકાંત ઓરડામાં બેસી પાડાનું ધ્યાન કરવા લાગ્યો, પોતાને પાડા સમાન મોટા શરીરવાળો ચિંતવવા લાગ્યો, આકાશ જેવડા મોટા શિંગડાવાળો માની હું આ ઓરડામાંથી કેવી રીતે નીકળીશ એમ ચિંતવવા લાગ્યો. તે પોતાને પાડો ન માને તો મનુષ્યસ્વરૂપ પોતે બની જ રહ્યો છે. તેમ આ જીવ મોહના નિમિત્તથી પોતાને વર્ણાદિક સ્વરૂપ માની દેવાદિ પર્યાયોમાં આવ્યો માને છે. જો ન માને તો અમૂર્તિક શુદ્ધાત્મા પોતે બની રહેલ જ છે.

આ રીતે આ આત્મા કર્મજનિત રાગાદિકભાવ અથવા વર્ણાદિભાવ તેનાથી સદાકાળ ભિન્ન છે. કહ્યું છે કે - 'वर्णाद्या वा रागमोहादयो वा। भिन्ना भावाः सर्व एवास्य पुंसः[1]' તો પણ અજ્ઞાની જીવોને આત્મા કર્મજનિત ભાવોથી સંયુક્ત પ્રતિભાસે છે, 'खलु सः प्रतिभासः भवबीजम्' નિશ્ચયથી આ પ્રતિભાસ તે જ સંસારના બીજભૂત છે.

ભાવાર્થ :– જેમ બધાં વૃક્ષોના મૂળભૂત બીજ છે તેમ અનંત સંસારનું મૂળકારણ કર્મજનિત ભાવોને પોતાના માનવા તે છે. આવી રીતે અશુદ્ધતાનું કારણ બતાવ્યું. ૧૪.

૧- આ પુરુષ (-આત્મા)ને વર્ણાદિ, રાગાદિ અથવા મોહાદિ બધાય ભાવ (પોતાથી) ભિન્ન છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા-૧૪ ઉપર પ્રવચન

**'આગળ આ સંસારનું મૂળ કારણ બતાવીએ છીએ -'** ૧૪મી ગાથા.

**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

સહિત તને ભાસે છે. નિમિત્ત એને એવું ભસાવે છે? ભાસ કરાવે છે? **'प्रतिभाति'** તને ભાસે છે એમ કહે છે. તને ભાસે છે કે કર્મના નિમિત્તના સંગે થયેલો મલિનભાવ તને તારા સ્વભાવ સાથે એક ભાસે છે એ તારી ભૂલ છે. એ મિથ્યાત્વભાવ છે, એ સંસારભાવ છે, એ રખડવાનો ભાવ છે. કહો! સમજાણું આમાં? **'प्रतिभाति बालिशानां'** કોને? **'बालिशानां प्रतिभासः स खलु भवबीजम्'** અજ્ઞાનીઓને એ અજ્ઞાનપણાને કારણે, કર્મને કારણે એમ ન કીધું ત્યાં. એવા વિકારીભાવ કર્મને જ કારણે થતાં હોય તો વિકારીભાવ પોતાના માનવા એ પણ કર્મને જ કારણે માને છે એમ થાય. સમજાણું કાંઈ? શું સમજાય છે કે નહિ?

આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ (છે) એમાં વિકારીભાવ થાય એ કર્મને લઈને જ થતાં હોય તો તો વિકારીભાવને તું પોતે સ્વભાવ સાથે માને છો એ કહેવાનું રહેતું નથી. એ પણ કર્મને લઈને જ માને છે એમ થાય. કહો! 'છોટાભાઈ'! નિમિત્ત ઉડી જાય છે આમાં ખરેખર તો. એમાં નિમિત્ત સ્થાપે છે. નિમિત્ત સ્થાપીને એનો ઉપાધિભાવ સ્થાપવો છે, એમ સ્થાપવું છે. ઉપાધિભાવમાં નિમિત્ત હોય છે, સ્વભાવભાવમાં નિમિત્ત નથી હોતું એ સિદ્ધ કરે છે. શું કીધું?

ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ (છે). છતાં કહે છે કે, એમાં ઉપાધિભાવ છે એ નિમિત્ત દ્વારા થયો, સ્વભાવ દ્વારા નહિ. એમ કરીને એ વિકારને ઉપાધિભાવ સ્થાપે છે. અને એ ઉપાધિભાવને સ્વભાવ સાથે એક છે તેમ અજ્ઞાનીઓને ભાસે છે એમ કહ્યું છે. કર્મને લઈને એક ભાસે છે એમ કહ્યું છે? સમજાણું કાંઈ આમાં? અર્થ જુઓ!

''**एवम्' એ રીતે 'अयं' આ આત્મા કર્મોના કરેલા...'** જુઓ! નિમિત્તથી થયેલા ઉપાધિભાવ. પહેલાં તો જીવકૃત કીધું હતું. કહ્યું હતું કે નહિ? **'जीवकृतं'** ૧૨મી ગાથાનો પહેલો શબ્દ, **'जीवकृतं परिणामं निमित्तमात्रं प्रपद्य'** આહા..! શાસ્ત્રના અર્થ કરવામાં પણ ઊંધાઈ. ઊંધો પડ્યો તો એને ઊંધું પાછું કાઢવું છે. કર્મોના કરેલાનો અર્થ શું કરવો છે? કે નિમિત્તના દ્વારા થયેલા તારા ઉપાધિભાવ એ વાસ્તવિક આત્માનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? **'રાગાદિ અથવા શરીરાદિ ભાવોથી...'** જુઓ! બન્ને લીધા. **'वर्णाद्यारागाद्या'**એમ સિદ્ધ કરશે. છે ને શ્લોક? **'वर्णाद्यारागाद्या'** એ શ્લોક નાખશે, બન્ને નાખ્યા છે.

આ આત્મા કર્મોના નિમિત્તથી થયેલો આત્મામાં પુણ્ય-પાપ, કામ-ક્રોધ આદિના

www.vitragvani.com



ઉપાધિભાવ (થાય) અને નિમિત્તથી થયેલું આ શરીરાદિ બાહ્ય વર્ણ, ગંધ, રસ, સ્પર્શનું પ્રાપ્ત થવું તે. બે (વાત કરી). આત્મા તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ (છે). એના ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં એ વિકાર નથી. એ વિકાર ઉપર ઉપર એક ક્ષણમાં થયેલી ઉપાધિ, નિમિત્તને આધીન થયેલી, આશ્રયે થયેલી તારામાં ઉપાધિ છે. કરેલી એણે પણ નિમિત્તને આધીન કરેલી છે, સ્વભાવ આધીન થયેલી નથી. સમજાણું કાંઈ? એ નિમિત્તને આધીન થયેલી ઉપાધિ એકલા સ્વભાવ સાથે સમાહિત માને... જુઓ! **'સંયુક્ત ન હોવા છતાં...'** ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આનંદની મૂર્તિ આત્મા છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપ એવા આત્માને એ ઉપાધિભાવવાળો સહિત સ્વીકારવો એ સંસાર ને મિથ્યાત્વ (છે), બીજ છે, રખડવાનું બીજ છે. સમજાણું કાંઈ?

તે પણ શું કહ્યું? **'સંયુક્ત ન હોવા છતાં...'** (સંયુક્ત) કોણ માને છે? **'અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે...'** ત્યાં એમ કહ્યું નથી કે, ભાઈ! કર્મના નિમિત્તે તેને સંયુક્ત સહિત પ્રતિભાસે છે. દર્શનમોહના નિમિત્તે નિમિત્ત દ્વારા એને આત્માના સ્વભાવ સાથે ઉપાધિભાવ સહિત છે તેમ મિથ્યાત્વને, દર્શનમોહને લઈને ભાસે છે એમ નથી કહ્યું.

મુમુક્ષુ :– ઇ એણે સમજી લેવું જોઈએ.

ઉત્તર :– એ જ કહે છે સમજી લેવું જોઈએ કે, તારાથી થયેલો ઉપાધિભાવ, એમાં નિમિત્ત હતું. એ ઉપાધિભાવને સ્વભાવ સાથે માને છે એ પણ તું માને છો, કર્મ કાંઈ મનાવતું નથી. કર્મથી પેલો થયો નથી ને એને સહિત માને એ કર્મ મનાવતું નથી. સમજાણું કાંઈ? અટપટુ-અટપટુ (લાગે પણ) બહુ સરસ વાત લીધી છે.

**'અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે...'** ભગવાન શુદ્ધ સ્ફટિક ચૈતન્ય જેવો એમાં કહે છે કે, આ ઉપાધિભાવ સ્વભાવને આધારે નહિ થયેલા નિમિત્તને લક્ષે થયેલો ઉપાધિ, થયેલો તારામાં **'परिणममानस्य'**. એ વિકારના ભાવ નિમિત્ત આધીન થયેલા, સ્વભાવના આધીન નહિ (થયેલા) એથી ત્યાં નિમિત્ત આધીન છે એમ કહેવામાં આવ્યું છે. અને તે નિમિત્તને આધીન થયેલો મિથ્યાત્વ, રાગ-દ્વેષ આદિ ભાવ, ઉપાધિભાવ, ક્ષણિકભાવ, ઉપર તરતો ભાવ, ક્ષણિક સમય પૂરતો થયેલો ભાવ એને ત્રિકાળી શુદ્ધ ભગવાન આત્મા સાથે સહિત માનવું છે એ જ મિથ્યાત્વભાવ સંસારભાવ છે. સમજાણું કાંઈ? છે કે નહિ એમાં પણ? જુઓને! આ પુસ્તક તો સામે રહ્યું છે.

**'તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે.'** ભારે સિદ્ધાંત કીધો! સમજાય છે કાંઈ? ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદ ચૈતન્યજ્યોત એ તો શુદ્ધ આનંદની મૂર્તિ આત્મા છે. એમાં પરિણમતો એ આત્મા વિકારની ઉપાધિપણે જે રાગ, દ્વેષ, પુણ્ય, પાપપણે થાય તેમાં નિમિત્તના આધીનથી થયેલો ભાવ તે ઉપાધિ છે. કરેલો પોતે, નિમિત્ત પર છે. અહીં સ્વભાવ આધીન નથી માટે નિમિત્ત પર એમ સિદ્ધ કરવું છે. અને નિમિત્તને આધીન ક્ષણિક કૃત્રિમ ત્રિકાળ સ્વભાવમાં નહિ એવા ઉત્પન્ન થયેલા એવા વિકારી ભાવને સ્વભાવની સાથે સહિત છે,

www.vitragvani.com



સંયુક્ત છે, જોડાયેલા છે, એક છે એવી માન્યતા તેને મિથ્યાત્વ કહે છે. એ મિથ્યાત્વ સંસારનું બીજ છે. કહો! 'શોભાલાલજી'! સમજાય છે કે નહિ? કેટલી વાત સિદ્ધ કરે છે!

ભગવાન આત્મા તો શુદ્ધ ચૈતન્યની મૂર્તિ, પરમાનંદ સ્વરૂપ આત્મા એને આત્મા કહીએ. એવો પરમાનંદ શુદ્ધ જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય, એની વર્તમાન દશામાં ઉપાધિના ભાવ મેલા રાગ-દ્વેષ પુણ્ય-પાપના (થાય છે) એ સ્વભાવમાં નથી, સ્વભાવને આશ્રયે થયેલા નથી, સ્વભાવનું લક્ષ કરીને બનેલા નથી. નિમિત્તને લક્ષે બનેલા ઉપાધિભાવ (છે) તેથી નિમિત્ત દ્વારા થયા એમ કહેવામાં આવ્યું. એવા જે વિકારી ભાવ પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ વિકારી શુભાશુભભાવ એ ઉપાધિ છે, ક્ષણિક છે, નિમિત્ત આધીન થયેલા છે, સ્વભાવમાં નથી. એને જે કોઈ પોતાના શુદ્ધ સ્વરૂપમાં વિકારી કૃત્રિમ ને ત્રિકાળી સ્વભાવ સાથે સહિત માને તેનું નામ જ સંસારનું બીજ અને મિથ્યાત્વ છે. આહાહા..! કહો! 'માંગીરામજી'!

આગંતુક ભાવ. ઘરમાં કો'કનો દાગીનો લઈ આવે ને પાંચ હજારનો... દાગીનાને શું કહે છે? ઝેવર. ઘરની પુંજીમાં ખતવે તો? આભૂષણ, ઘરની પુંજી, મૂડી મૂડી... મૂડી સાથે ખતવે કે આ પણ મારા, દસ હજાર મારા છે. એમ અહીંયાં કહે છે, આત્માની પુંજી તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદની ખાણ છે. એમાં કર્મના નિમિત્તે આધીન થયેલી ઉપાધિ ક્ષણિક આગંતુક વિકારી ભાવ છે. જેમ મહેમાન આવ્યો હોય એ પાછો ચાલ્યો જવાનો, એ કાંઈ ત્યાં રહેવાનો નથી.

એમ એ વિકારી ભાવ, પુણ્ય-પાપના મલિન ભાવ એ નિમિત્તને આધીન થયેલા આગંતુક (ભાવ) સ્વભાવમાં નથી, પર્યાયમાં ઉત્પન્ન થયેલા એવા ભાવ છે. એવા વિકારી ભાવ કૃત્રિમ પુણ્ય-પાપના, કૃત્રિમ આગંતુક સ્વભાવની ખાણમાં નથી, પર્યાયમાં નિમિત્તને આધીન થયેલી ઉપાધિ છે. એ ઉપાધિભાવને ત્રિકાળ નિરૂપાધિ સ્વભાવ સાથે ખતવે કે આ પણ મારા છે એનું નામ આસ્રવતત્ત્વ મારા સ્વભાવનો છે (એમ માને છે). પેલું અજીવતત્ત્વ કહ્યું હતું, અજીવના આધીન થયેલું. એવી ઉપાધિનો મિથ્યાત્વ રાગ-દ્વેષ ભાવ એ શુદ્ધ ચૈતન્યતત્ત્વ, જ્ઞાયકતત્ત્વ છે એની સાથે આસ્રવતત્ત્વ સહિત છે એમ સ્વીકારે એ જ મિથ્યાત્વ ને સંસાર છે એમ કહે છે. ત્રણે તત્ત્વની ભિન્નતા કરી નાખી. આ જ્ઞાયક, આસ્રવ અને અજીવ. સમજાણું કાંઈ? આહાહા..!

જીવ તત્ત્વ એટલે કે જ્ઞાયકસ્વરૂપ ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય. અજીવ પુદ્ગલતત્ત્વ. એ લેવું છે ને અહીં? કર્મનો ઉદય છે એ અજીવ તત્ત્વ છે. જીવ પોતાના અંદર જ્ઞાન ને આનંદથી ભરેલો આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ જ છે. પણ તે સ્વભાવના લક્ષને અનાદિથી છોડ્યું છે. એવી સ્વભાવ સ્થિતિ હોવા છતાં એ સ્વભાવનું લક્ષ છોડ્યું છે તેથી એનું લક્ષ અજીવની પર્યાય અજીવ ઉપર ગયું છે. જેના ઉપર ગયું એને અહીંયાં નિમિત્ત કહેવામાં આવ્યું છે. પણ ગયું છે પોતાને કારણે. સમજાણું કાંઈ?

www.vitragvani.com



પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ વિકારી ભાવમાં પરના લક્ષે લક્ષ ગયું છે. એથી ઉત્પન્ન થયેલું (છે). હવે કહે છે અજીવ તો ભિન્ન છે એમ સિદ્ધ કર્યું, એનાથી ઉત્પન્ન પોતાની ઉપાધિ એને આધીન સિદ્ધ કર્યું. હવે એ આસ્રવ, એ અજીવ જે ચીજ છે એ તો આત્મામાં નથી, પેલું નિમિત્ત, પણ નિમિત્તને આધીન થયેલો ઉપાધિભાવ પણ ત્રિકાળ સ્વભાવમાં નથી. એવા ત્રિકાળ સ્વભાવમાં આસ્રવ સહિતવાળો આત્મા છે એમ માનવું એ જ મિથ્યાત્વ ને સંસારનું બીજડું છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'भवबीजं'** અર્થાત્ રાગ-દ્વેષ ભાવ, પુણ્ય-પાપના ભાવ સ્વભાવમાં નથી. સ્વભાવ તો મોક્ષનું બીજડું છે. ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવ, શુદ્ધ સ્વભાવ એ તો પૂર્ણાનંદની દશા થાય તેનું એ આત્મા બીજ છે. એવો આત્મા જ્ઞાયક સ્વભાવ શુદ્ધ કંદ જેમાંથી કેવળજ્ઞાન ને પરમ આનંદ પ્રગટે તેનું એ બીજડું છે. એવા આત્મ સ્વભાવમાં નિમિત્તથી ઉત્પન્ન થયેલા ઉપાધિભાવને મેળવવો (કે) 'આ સહિત છું' એનો અર્થ કે એમાં એકત્વબુદ્ધિ કરવી, વિકાર સાથે એકત્વબુદ્ધિ કરવી તે જ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..! કહો! સમજાય છે કે નહિ? 'માંગીરામજી'! આહા..!

અત્યારે આમ ત્રણ તત્ત્વ (લે છે). એક જીવતત્ત્વ, જે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ. એક પુદ્‌ગલતત્ત્વ. અત્યારે સંબંધમાં લેવો છે ને? એને લેવું છે ને? અજીવતત્ત્વ. કારણ કે જીવના સ્વભાવને લક્ષે રાગ-દ્વેષ ઉપાધિ થતી નથી. રાગ-દ્વેષના ભાવ તો નિમિત્તના લક્ષે થાય છે. એટલે અજીવતત્ત્વ સિદ્ધ કર્યું. હવે ઉપાધિ સિદ્ધ કરી તેને આધીન થયેલી તેનામાં, પોતામાં. હવે એ આસ્રવતત્ત્વ જે ઉપાધિભાવ છે એને નિરૂપાધિ સ્વભાવ સાથે એક માનવા તો જ્ઞાયકતત્ત્વને આસ્રવતત્ત્વ સાથે એક માનવું, એ બે એક હોય શકે નહિ એને એક માનવું એનું નામ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ભારે કથન પદ્ધતિ ગજબની છે! કેવી વાત કરી છે જુઓને! ૧૩ ને ૧૪ (ગાથા).

**'परिणममानस्य चितश्चिदात्मकैः स्वयमपि स्वकैर्भावैः'** આટલા તો શબ્દ મુક્યા છે. **'भवति हि निमित्तमात्रं'** ત્યાં **'भवति'** એક નિમિત્ત, પેલું અજીવ. નિમિત્તમાત્ર એક પુદ્‌ગલ છે. અજીવને સિદ્ધ કર્યું. એના વિકારને નિમિત્ત પણ એક ચીજ છે એ સિદ્ધ કર્યું. હવે તો કહે છે, ભાઈ! એ નિમિત્તને આધીન થયેલો મેલો આગંતુક વિકારી ભાવ, જે ક્ષણિક અને મલિન અને નિમિત્ત આધીન થયેલો મેલ, એને નિર્મળાનંદ ભગવાન સાથે સંયુક્ત સહિત સ્વીકારી લેવો એનું નામ જ સંસારમાં રખડવાનું મિથ્યાત્વ બીજ છે. સમજાય છે કાંઈ? એનો અર્થ કે, એક તત્ત્વ સાથે બીજા તત્ત્વને એકત્વ માનવું એનું નામ મિથ્યાત્વ છે એમ કહ્યું, લ્યો! સમજાણું કાંઈ કે નહિ? જુઓ! આ ૧૪ મી ગાથા બહુ ઊંચી છે, હોં!.

**ટીકા :– 'स एवं अयं कर्मकृतैर्भावैः असमाहितः अपि बालिशानां युक्तः इति प्रतिभाति'** સમજાણું? પછી એક ટુકડો રહ્યો એ પછી છેલ્લે કહેશે. એક ટુકડો રહ્યો ને? એક ટુકડો

બાકી રહ્યો થોડોક. કોણ? **'स खलु स प्रतिभास भवबीजम्'** એ ટુકડો બાકી રહ્યો પછી કહેશે. એ છેલ્લે કહેશે. આટલા ટૂકડાનો પહેલો અર્થ કરે છે. પછી છેલ્લે કહેશે. **'खलु स प्रतिभास भवबीजम्'** એ પછી કહેશે, છેલ્લું કહેશે. **'खलु स प्रतिभास भवबीजम्'** આહા..! ભારે વાત. શું કહે છે? ભાઈ! સમજાય છે આમાં?

**'આવી રીતે આ આત્મા કર્મ વડે કરેલા...'** એટલે કે નિમિત્ત દ્વારા ઉપાધિભાવ થયેલો, સ્વભાવ વડે નહિ થયેલો, એમ. કર્મ વડે અજીવના આશ્રયે, લક્ષે, તાબે થઈને એના વડે કરેલો એમ કહેવામાં આવ્યું. કારણ કે સ્વભાવ વડે થયેલો નથી. પુણ્ય-પાપનો ભાવ, મેલો ભાવ, રાગ-દ્વેષનો ભાવ સ્વભાવ વડે થયેલો નથી. એથી કર્મ વડે કરેલો એમ કહેવામાં આવ્યું છે. **'નાના પ્રકારના ભાવથી...'** અનેક પ્રકારના ભાવથી. પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ વિકલ્પોની અસંખ્ય પ્રકારની ઝાળ. મિથ્યાત્વ આદિ બધા, હોં! એવા **'ભાવથી સંયુક્ત નથી...'** ભગવાન ચૈતન્ય શુદ્ધ આનંદકંદ એવા ઉપાધિભાવથી સહિત નથી. સ્વભાવમાં એ રહિત છે. આહાહા..! સમજાણું કાંઈ?

શુભ-અશુભભાવ કે પરમાં સુખ છે એવી મિથ્યા ભ્રાન્તિ... સમજાણું? કે પાપનો ભાવ એ બધો ઉપાધિભાવ (છે). એ ઉપાધિભાવ ત્રિકાળ ચૈતન્ય સ્વભાવમાં સહિત નથી. ત્રિકાળ શુદ્ધ સ્વભાવ વિકાર સહિત નથી. એવા ત્રિકાળ શુદ્ધ ભગવાન આત્મદ્રવ્યને વિકારભાવ સહિત નથી તેને સહિત માનવો આ સંસારમાં રખડવાનું મિથ્યાત્વ બીજ છે. કહો! 'રતીભાઈ'! આહાહા..! સંપ્રદાયને બિચારાને સાંભળવા મળે નહિ. આ તો કરો, આ કરો, આ કરો... મિચ્છામિ દુક્કડમ્ ... આ જીવયા વોરવિયા છે. જુઓ! શું જીવયા વોરવિયા? કે જેણે ચૈતન્ય જ્ઞાયક અનંત ગુણ સંપન્ન ભાવપ્રાણ સ્વરૂપ પ્રભુ, એને આ પુણ્ય-પાપના, આ રાગ-દ્વેષના મિથ્યાત્વના ભાવ સહિત માનવો એનું નામ જીવિયા વોરવિયા છે. એણે આત્માના જીવનનો નાશ કર્યો અને મિથ્યાત્વભાવ ઉત્પન્ન કર્યો. નાશ કર્યો એટલે? પૂર્ણ જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ સ્વરૂપનો આદર ન કર્યો એટલે એ છે જ નહિ અને આ વિકારી ભાવવાળો તે જ હું છું (એનું નામ નાશ કર્યો). સમજાણું કાંઈ?

ચૈતન્ય ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ, પ્રકાશનો પૂંજ અને સ્વચ્છતાનો સાગર, એવું જે સ્વરૂપ, એને આવા નિમિત્તને આધીન થયેલા, નિમિત્ત દ્વારા થયેલા, પર દ્વારા થયેલા, દુશ્મન દ્વારા (થયેલા ઉપાધિ ભાવ છે). નથી કહેતા કે ભાઈ! તને સંગ થયો આનો. એના દ્વારા તને દોષ લાગ્યો. કર્યો છે તો એણે. એમ કર્મના સંગ દ્વારા થયેલા 'परसंग एव' ઉપાધિભાવ, મલિનભાવ એવા સંયુક્ત મલિનભાવથી નિર્મળાનંદ પ્રભુ સહિત નથી, રહિત છે. આહાહા..! સમજાણું કાંઈ?

આખો ચૈતન્ય શુદ્ધ આનંદનો ગોળો, ધ્રુવ સાગર સમુદ્ર, સ્વભાવનો સાગર એવો ભગવાન એક ક્ષણની કૃત્રિમ ઉપાધિના મેલ સહિત નથી. આહાહા..! એકત્વ-વિભક્ત. પેલું એકત્વ-

www.vitragvani.com



વિભક્ત કહ્યું છે ને? ત્યાં બીજી રીતે છે. અહીં આ રીતે કહ્યું છે. ભગવાન આત્મા મલિન પરિણામથી વિભક્ત છે, એકત્વ નથી. આહાહા..! એવો ચૈતન્ય સ્વભાવ ભગવાન, એને વિકારસહિત (માનવો), વિભક્ત છે તેને એકત્વ માનવું એનું નામ જ મિથ્યાદર્શન ને મિથ્યાત્વ છે, સંસારમાં રખડવાનું આ કારણ છે. કહો! 'જગદીશભાઈ'! કહો! સમજાય છે કે નહિ આ? કહો! સમજાણું? વાહ! ભારે વાત, ભાઈ! કેટલી શૈલી મુકી છે! ગજબ શક્તિ! એનું પાછળ કામ કેટલું કરે છે! ક્ષયોપશમ જ્ઞાન કેટલું કામ કરે છે!

કહે છે, ભાઈ! જુઓ! કર્મ સંસારનું બીજ છે એમ ન કહ્યું. કર્મ સંસારનું બીજ છે એમ ન કહ્યું. 'મોક્ષમાર્ગપ્રકાશક'માં કહ્યું છે ને? ભાઈ! કર્મનું નિદાન બતાવશું. પણ એ તો હેતુ, નિમિત્ત કોણ છે એમ કહ્યું છે. સંસારનું બીજડુ કર્મ નહિ, તેમ સંસારનું બીજ સ્વભાવ નહિ. આત્મ સ્વભાવ શુદ્ધ ચૈતન્યની મૂર્તિ એ સંસારનું બીજ નહિ, એ તો મોક્ષનું બીજ છે. કર્મ સંસારનું બીજ નહિ એ તો જડ છે. સંસારપર્યાય તો વિકારી છે, એનું બીજ જડ ન હોય. સંસાર ચોરાશીના અવતારનું રખડવાનું બીજડું નિર્મળાનંદના નાથને મલિન સહિત માનવો એ સંસારમાં રખડવાનું બીજ છે. આહા..! એ પણ... શું કહે છે? જુઓ!

**'તો પણ અજ્ઞાનીને...'** ભાષા એમ છે, જુઓ! **'बालिशानां'** છે ને? **'बालिशानां'**. અજ્ઞાનીને **'પોતાના અજ્ઞાનથી...'** ભાષા આવી છે. **'बालिशानां प्रतिभासः'** છે ને? અજ્ઞાનીને અજ્ઞાનને કારણે ભાસે (છે), એમ પાછું સિદ્ધ કરવું છે. **'અજ્ઞાનીને પોતાના અજ્ઞાનથી...'** ત્યાં જો એમ કહેવું હોય તો તો પછી ત્યાં એમ જ કહે કે, એ પણ ત્યાં દર્શનમોહના કારણે ત્યાં એવો ભાસ થાય છે. નિમિત્તથી દોષ થતો હોય તો અહીં પણ એમ કહેવું જોઈએ કે, અજ્ઞાનીને નિમિત્તના કારણે, દર્શનમોહના કારણે એવો અશુદ્ધતાના મલિનભાવને શુદ્ધતામાં ખતવે છે, સહિત માને છે એની માન્યતામાં કારણ દર્શનમોહ છે. સમજાણું કાંઈ?

ઉપાય બતાવવો છે ને? ઊંધા પુરુષાર્થથી કરે તેને સવળા પુરુષાર્થથી ટાળી શકે ત્યારે પુરુષાર્થ સિદ્ધિનો ઉપાય કહેવાય ને? એના અધિકારમાં ટાળવાનું ન હોય, કરવાનું અધિકારમાં ન હોય તો ટાળવાનું અધિકારમાં ન રહ્યું. વિકારનું કરવાનું એના અધિકારમાં ન હોય તો પરનો અધિકાર (થયો તો) ટાળવાનું પરના અધિકારે થયું. સમજાણું કાંઈ? ભારે આકરી વાત! કેટલી સરળતામાં વાત મુકી છે, લ્યો!

**'युक्त इव प्रतिभाति बालिशानां'** એ **'प्रतिभासः स खलु भवबीजम्'** એ આગળ મુકશે છેલ્લે. અજ્ઞાનથી, **'પોતાના અજ્ઞાનથી...'** એટલે? શુદ્ધ સ્વરૂપ જ્ઞાનાનંદ તરફ લક્ષ કરતો નથી, પૂર્ણાનંદનો સ્વભાવ તેના ઉપર જોતો નથી, એનો અભાવ કરીને વિકારના પરિણામને અજ્ઞાની પોતાના અજ્ઞાનને કારણે પોતામાં ભાસ કરે છે. એ મારા સ્વરૂપમાં છે એમ ભાસ કરે છે, મારા સ્વરૂપમાં છે એમ ભાસે છે. બસ! એ જ ભાસ તે મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? **'આ આત્મા કર્મ વડે કરેલા નાના પ્રકારના ભાવથી સંયુક્ત...'** સહિત, યુક્ત નથી, **'તો**

www.vitragvani.com



**પણ અજ્ઞાનીને પોતાના...**' શુદ્ધ સ્વરૂપના અભાનને લઈને, મિથ્યાભાવથી '**આત્મા કર્મજનિત ભાવોથી સંયુક્ત જેવો પ્રતિભાસે છે.**' સમજાણું કાંઈ?

**ભાવાર્થ :–** '**પહેલા આમ કહ્યું કે પુદ્‌ગલકર્મને કારણભૂત રાગાદિભાવ છે,...**' એમ કહ્યું હતું ને પહેલી ગાથાઓમાં? નવા કર્મ બંધાય તેને આત્માના રાગ-દ્વેષ મલિનભાવ તે નિમિત્ત છે. '**રાગાદિભાવોનું કારણ પુદ્‌ગલકર્મ છે.**' અરસ-પરસ. જીવ વિકાર કરે એમાં પુદ્‌ગલકર્મનું નિમિત્ત છે અને કર્મ જે બંધાય તેમાં જીવના રાગ-દ્વેષ આદિ ભાવ તે નિમિત્ત છે. અરસ-પરસ. '**તેથી આ આત્મા નિજ સ્વભાવભાવની અપેક્ષાએ...**' જુઓ! તેથી આ આત્મા નિજ સ્વભાવભાવ, ત્રિકાળ સ્વભાવ શુદ્ધભાવની અપેક્ષાએ '**કર્મજનિત અનેક પ્રકારના ભાવોથી જુદો જ ચૈતન્યમાત્ર વસ્તુ છે.**' સમજાણું કાંઈ?

પુદ્‌ગલકર્મને કારણ, જડને બંધાવામાં કારણ નિમિત્ત રાગ-દ્વેષ (છે) અને રાગ-દ્વેષને નિમિત્ત પુદ્‌ગલકર્મ (છે). બે વાત (થઈ). નિમિત્તને આધીન થયેલા કર્મજનિત પ્રકારના ભાવોથી જુદી જ ચૈતન્યમાત્ર વસ્તુ છે. સમજાણું કાંઈ? કેમ કે રાગ-દ્વેષના ભાવ નિમિત્તને આધીન થયેલા અને રાગ-દ્વેષના ભાવથી રહિત ચૈતન્યનો સ્વભાવ છે. નિમિત્ત આધીન થયેલા ભાવ સ્વભાવમાં નથી. તેથી આ આત્મા નિજ સ્વભાવભાવની, નિજ સ્વભાવ શુદ્ધ આનંદ ને જ્ઞાન (સ્વરૂપ), જેમાં વિકલ્પનો અવકાશ નથી, (તેને) એવા વિકલ્પ સહિત સ્વીકારવો. આહાહા..! જુઓને! કેવી શૈલી! અપેક્ષાએ કર્મજનિત પ્રકાર કે ભાવો જે વિકલ્પ છે, એના જનિત કહ્યા હતા, એમ કહે છે. સ્વભાવભાવની અપેક્ષાએ કહ્યું. નિમિત્તને આધીન થયેલા સ્વભાવભાવની અપેક્ષાએ પરથી કરેલા એમ કહેવામાં આવ્યું છે. એવા '**ભાવોથી જુદો જ ચૈતન્યમાત્ર વસ્તુ છે.**' એકલો જ્ઞાન પિંડ પ્રભુ ચૈતન્યનો પુંજ એ તો વિકાર નિમિત્તને આધીન થયેલા વિકાર કૃત્રિમ ક્ષણિક (થાય છે) એટલામાં એ આવ્યો નથી, એનાથી તદ્દન જુદો જ્ઞાયક સ્વભાવ પડ્યો છે. સમજાણું કાંઈ? દિગંબર આચાર્યની કથનની પદ્ધતિ, મૂળ વસ્તુને જાહેર કરવાની રીત... એનો હવે અર્થકાર દાખલો આપે છે.

'**જેમ લાલ ફૂલના નિમિત્તે સ્ફટિક લાલ રંગરૂપે પરિણમે છે...**' એ પોતાની સ્ફટિકની પરિણમવાની લાયકાતથી પરિણમે છે. ફૂલથી પરિણમે તો લાકડુ પણ લાલ રંગે થવું જોઈએ. આ લાકડામાં થાય છે? આ લાકડું રહ્યું, લ્યો! થાય છે એમાં? સ્ફટિક હશે તો આમ થાશે. કેમકે એની પોતાની લાયકાતથી પરિણમે છે. આને આમ સ્ફટિક નીચે મુકો તો ત્યાં લાલ દેખાશે, આમાં નહિ (દેખાય). કેમકે એ સ્ફટિકની પોતાની તે પણે પરિણમવાની લાયકાતથી પરિણમે છે, આને કારણે નહિ. આને કારણે હોય તો આમાં પણ દેખાવું જોઈએ. સમજાણું કાંઈ? '**परिणममानस्य**' ને અહીં સિદ્ધ કરીને કહે છે કે, પોતે પરિણમવાની યોગ્યતાવાળો તે પરિણમે છે, સ્ફટિકમાં પણ એમ છે.

'**પરંતુ તે લાલ રંગ સ્ફટિકનો નિજ ભાવ નથી.**' જે લાલ રંગે પરિણમે છે તે ક્ષણે

પણ એ સ્ફટિકના શુદ્ધ સ્વભાવનું એ રૂપ નથી. **'સ્ફટિક સ્વચ્છતારૂપ...'** સ્ફટિક તો સ્વચ્છતારૂપ. સ્ફટિક મોટો 'જામનગર'માં જોયો હતો. ડૉક્ટરે બતાવ્યો હતો. આ 'પ્રાણજીવન' ડૉક્ટર છે ને? (સંવત) ૧૯૯૧માં બતાવ્યો હતો, આ 'સમયસાર'ની સોમી ગાથા ચાલતી હતી ને? ત્યાં સંપ્રદાયમાં. બતાવ્યો હતો આવડો મોટો સ્ફટિક. મોટા ડૉક્ટર છે. છ લાખનો એક સોલિરિયમ છે. 'જામનગર'માં એક છ લાખનો સંચો છે. એ તે વખતનો છ લાખનો, હોં! અત્યારે તો બહુ વધી ગયા. સૂરજનો સંચો. રોગીને સૂર્યના કિરણો આપે છે. સંચો આખો ફેરવે, મોટો છ લાખનો એક સંચો. મને ડૉક્ટરે બતાવ્યું હતું. એ સ્ફટિક જુઓ તો ધોળો, સફેદ... સફેદ. સમજાય છે? એ સૂરજનો દાખલો આપ્યો. શું કહે છે?

**'જેમ લાલ ફૂલના નિમિત્તે સ્ફટિક...'** નિમિત્તે, હોં! ઉપાદાન પોતાનું. **'સ્ફટિક લાલ રંગરૂપે થાય છે પરંતુ તે લાલ રંગ સ્ફટિકનો નિજ ભાવ નથી.'** નિજ સ્વભાવ નથી. **'સ્ફટિક સ્વચ્છતારૂપ પોતાના શ્વેત વર્ણથી બિરાજમાન છે.'** ભાષા જુઓ! સ્ફટિક તો પોતાના સ્વચ્છતારૂપ પોતાના ધોળા વર્ણથી ટકી રહેલો છે. બિરાજમાન એટલે શોભી રહેલો છે. **'લાલ રંગ છે તે સ્વરૂપમાં પેઠા સિવાય...'** એ લાલ જે રંગ છે એ સ્વરૂપમાં પેઠા (સિવાય), સ્ફટિકમાં અંદર ગર્યા સિવાય, **'ઉપર ઉપર જ ઝલક માત્ર દેખાય છે.'** ઉપર ઉપર ઝલક... ઝલક... ઝલક... લાલ લાલ ઉપર ઝલક દેખાય છે. ઝલક સમજો છો? શું કહે છે? ઝલક કહે છે? કપડું હોય ને? લીલુ કપડું. લીલા રંગનું હોય. પછી સહેજ આમ પ્રકાશમાં રાખે તો ઝલક લાગે. કપડા હોય છે ને? લાલ હોય, લીલો રંગનો હોય. ઊંચા સાબુથી ધોઈને સાફ કર્યો હોય. આમ તો ધોળું લાગે. બારણામાં પ્રકાશમાં રાખે તો ઝલક લાગે. આ લૂગડું પહેલા લીલુ હતું. ઝલકફેર.

એમ સફેદ–સ્વચ્છતા ભગવાન. અહીંયા તો આત્માની સાથે મેળવશે, હોં! આ તો રંગની સ્વચ્છતા છે, પોતાના સ્વભાવના રંગની, એમાં લાલ રંગની તો ઝલક માત્ર છે. **'ત્યાં રત્નનો પારખુ ઝવેરી...'** એ રત્નનો પારખુ, પારખુ–પરીક્ષક ઝવેરી તો **'એમ જ જાણે છે...'** એક વાત, બસ એટલી. ત્યાં **'રત્નનો પારખુ ઝવેરી તો એમ જ જાણે છે...'** શું એમ જ જાણે છે? કે સ્ફટિક તો સ્ફટિક સ્વચ્છ જ છે, આ તો ઉપરની ઝલક છે એ એમાં પેઠી નથી. સમજાણું કાંઈ?

**'અને અપારખુ (અપરીક્ષક) પુરુષને સત્યરૂપ લાલ મણિની જેમ...'** સાચું જે લાલ મણિ છે, સાચું જે લાલ મણિ છે એમ **'લાલરંગરૂપ જ પ્રતિભાસે છે.'** સત્‌રૂપ જે લાલ મણિની જેમ લાલરંગરૂપ જ પ્રતિભાસે છે. સમજાણું કાંઈ? અપરીક્ષક પુરુષને સત્યરૂપ જે લાલ મણિની જેમ લાલરંગરૂપ લાલ (ભાસે છે). લાલ મણિને જેમ આખું લાલ રૂપ જ લાગે છે. છે તો પેલું સ્વચ્છ પણ આખો લાલ મણિ હોય ને એવું એને ભાસે છે. અપરીક્ષક (છે). એ દૃષ્ટાંત (થયો).

**'તેવી જ રીતે કર્મનિમિત્તથી આત્મા રાગાદિરૂપે પરિણમે છે.'** કર્મના સંગે સ્વચ્છ એવો

www.vitragvani.com



ભગવાન આત્મા છે છતાં કર્મના લક્ષે, આશ્રયે પુણ્ય-પાપના વિકારીભાવપણે થાય છે. એ રાગાદિ આત્માના નિજભાવ નથી. આહાહા..! શુભ-અશુભ રાગ, શુભ-અશુભ વિકલ્પ તે આત્માનો ભાવ નથી, ત્રિકાળીભાવ નથી, સ્વભાવભાવ નથી. **'આત્મા પોતાની સ્વચ્છતારૂપ ચૈતન્યગુણમાં બિરાજમાન છે.' 'આત્મા પોતાની સ્વચ્છતારૂપ..'** જુઓ! સ્વચ્છતારૂપ ચૈતન્યગુણ, સ્વચ્છતારૂપ ચૈતન્યગુણ, જ્ઞાયકગુણ એમાં આત્મા બિરાજમાન છે. આત્મા તો ચૈતન્યગુણમાં બિરાજમાન છે.

**'રાગાદિ છે તે સ્વરૂપમાં પેઠા વિના...'** પેલાનો લાલ રંગ પેઠા વિના. એમ પુણ્ય ને પાપના ભાવ અંતર શુદ્ધ સ્વરૂપમાં પેઠા વિના **'ઉપર ઉપર જ ઝલક માત્ર દેખાય છે.'** આહાહા..! શુભ-અશુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ આદિ શુભાશુભ રાગ, એ ચૈતન્યના શુદ્ધ સ્વરૂપમાં પેઠા નથી. એ તો ઉપર ઉપર ઝલક માત્ર વિકાર દેખાય છે. આના દાખલે તો વાત કરી છે, હવે આમાં કાંઈ ન સમજાય એવી વાત નથી. આહાહા..!

**'ઉપર ઉપર જ ઝલક માત્ર દેખાય છે. ત્યાં...'** હવે ઉપર ઉપર ઝલક માત્ર દેખાય છે. ચૈતન્ય સ્વભાવ બિરાજમાન શુદ્ધ છે. હવે **'ત્યાં જ્ઞાની સ્વરૂપના પરીક્ષક તો...'** ધર્મી સ્વરૂપના પરીક્ષક તો **'એમ જ જાણે છે.'** એમ જ જાણે છે એટલે શુદ્ધ સ્વરૂપ સ્વચ્છતાથી બિરાજમાન ભગવાન છે. વિકારભાવ તો ઉપર ઝલક માત્ર છે. એના શુદ્ધ સ્વરૂપમાં તેની એકતા થઈ નથી. સમજાણું કાંઈ? રાગાદિ નિજભાવ નથી, ચૈતન્ય ગુણ બિરાજમાન છે તે રાગાદિ સ્વરૂપમાં પેઠા વિના ઉપર ઝલક માત્ર છે એમ જ્ઞાની સ્વરૂપના પરીક્ષક એમ જાણે છે. માથે જે કીધું એમ જ જાણે છે. આહાહા..! અહીં તો હજી શુભરાગથી આત્માનું કલ્યાણ થાય. શુભ રાગથી સમકિત થાય, ક્ષાયિક સમકિત નહિતર તો ક્ષાયિક સમકિત આગળ ક્યાં જાશે? ક્ષપક શ્રેણી ચડશે... કારણ કે નીચે શુદ્ધઉપયોગ નથી (એમ અજ્ઞાનીઓ કહે છે). આહા..! અહીં તો શુભરાગ ઝલક માત્ર પરની છે, જ્ઞાની શુદ્ધ ચૈતન્ય સ્વભાવે બિરાજમાન તેને ચૈતન્ય જાણે છે. આ રાગને તો પર જાણે છે, એમાં એકમેક જાણતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'અને અપરીક્ષક જીવોને...'** અજ્ઞાની જીવોને **'સત્યરૂપ આત્મા...'** જુઓ! **'સત્યરૂપ આત્મા પુદ્‌ગલ કર્મની પેઠે રાગાદિ સ્વરૂપ જ પ્રતિભાસે છે.'** પુદ્‌ગલ કર્મની પેઠે રાગાદિ સ્વરૂપ જ પ્રતિભાસે છે. અજ્ઞાનીને તો રાગ સ્વરૂપ જ આત્મા ભાસે છે. **'સત્ય સ્વરૂપ આત્મા પુદ્‌ગલ કર્મની પેઠે રાગાદિ...'** એ તો પુદ્‌ગલ કર્મ જેવા છે એવો આત્મા એને ભાસે છે. **'પુદ્‌ગલ કર્મની પેઠે રાગાદિ સ્વરૂપ જ પ્રતિભાસે છે.'** પુદ્‌ગલ કર્મ છે ને? એવો જ જાણે આત્મા છે. રાગ-દ્વેષવાળો આત્મા એમ અજ્ઞાનીને ભાસે છે. કહો! સમજાણું કાંઈ?

લાલ મણિ કીધું હતું ને? દાખલામાં તો લાલ મણિ લીધો હતો ને? બીજો લાલ મણિ લીધો હતો ને? આ તો સ્વચ્છ જ હતો પણ બીજો લાલ મણિ લીધો હતો ને? લાલ મણિની

www.vitragvani.com



જેમ એમ કહ્યું હતું ને એમાં? એમ લાલ મણિની જેમ આ પુદ્‌ગલ કર્મની પેઠે. સમજાણું કાંઈ? પુદ્‌ગલ કર્મનું જ આ કાર્ય એમ ન માનતા એ પુદ્‌ગલ કર્મ સ્વરૂપ જ આત્મા છે, એમ જ એ માને છે. પુદ્‌ગલ કર્મથી થયેલો વિકાર, એ જ સ્વરૂપે હું છું, એ જ સ્વરૂપે હું છું. સમજાણું કાંઈ? એથી હવે પ્રશ્ન થયો.

સ્ફટિકમાં લાલ રંગ તે પરના નિમિત્તની ઉપાધિ ક્ષણિક ઉપર ઝલકે છે. સ્ફટિક તો સ્વચ્છતા માત્ર બિરાજમાન શોભિત ભિન્ન છે. અપરીક્ષકને તો એ લાલ રંગ સ્વરૂપે લાલ મણિ રંગ સ્વરૂપે આખો સ્ફટિક ભાસે છે. પરીક્ષકને સ્વચ્છતાથી ભિન્ન લાલ રંગ છે એમ ભિન્ન ભાસે છે.

એમ અજ્ઞાનીને આત્માનો સ્વચ્છ ભાવ ન ભાસતા કર્મના નિમિત્તે થતો ઉપાધિભાવ એ કર્મરૂપ જ આત્માને ભાસે છે. એ કર્મરૂપ એટલે વિકારરૂપ જ આત્મા ભાસે છે. પરીક્ષકને તેની ઉપર ઝલક રહે છે, સ્વરૂપમાં પેઠી નથી, શુદ્ધ સ્વચ્છમાન ચૈતન્યમાં એ રાગ અડેલો જ નથી એમ પરીક્ષક નામ જ્ઞાનીને ભિન્ન ભાસે છે.

ત્યારે એ પ્રશ્ન થયો, મહારાજ! **‘તમે જ રાગાદિભાવને જીવકૃત કહ્યા હતા. અહીં તેને કર્મકૃત કેવી રીતે કહો છો?’** પહેલા તમે ૧૨માામાં જીવકૃત કહ્યા, વળી અહીં કર્મકૃત કહ્યા. સમજાણું? આવ્યું હતું ને? ૧૨મામાં જીવકૃત કહ્યું, આ ૧૪ ગાથામાં કર્મકૃત કહ્યું. હજી ગાથા એક ગઈ ત્યાં શું થયું તમારું આ? એની વ્યાખ્યા કરશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૭ ગાથા–૧૪ થી ૧૫ શનિવાર, પોષ સુદ ૪, તા. ૧૪-૦૧-૧૯૬૭

---

‘પુરુષાર્થ સિદ્ધિ ઉપાય’ ગાથા-૧૪ છેલ્લી લીટી. ૧૯ મે પાને. આ ગાથામાં એમ કહેવાણું કે, જીવમાં કર્મથી કરાયેલા રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ એનાથી સ્વરૂપ આત્માનું સહિત નથી, છતાં એનાથી સહિત માનવું એ જ મિથ્યાત્વભાવ અનંત સંસારનું બીજ છે. કહો! સમજાણું કાંઈ? ત્યારે શિષ્યને પ્રશ્ન થયો. **‘તમે જ રાગાદિભાવને જીવકૃત કહ્યા હતા.’** ૧૨મી ગાથામાં તો. છેલ્લી લીટી, ૧૯મી પાનું. તમે જ રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ, દયા-દાનના ભાવ, જે શુભ-અશુભભાવ એને જીવકૃત કહ્યા હતા, વળી તેને કર્મકૃત કેવી રીતે કહો છો? કહો! સમજાણું આમાં?

૧૨મી ગાથામાં એમ કહ્યું હતું કે, આત્મા ચૈતન્ય સ્વરૂપ એવા રાગાદિ વિકાર પુણ્ય-પાપના ભાવને કરે છે. એમાં પૂર્વનું કર્મ તો નિમિત્તમાત્ર છે, નિમિત્તમાત્ર છે. જે પોતે જ પુણ્ય-પાપના ભાવ એ બધો વિકારી (ભાવ) ચૈતન્ય સ્વરૂપ છે, એમ કહ્યું હતું. એ વિકારના ભાવને જીવ કરે છે એમ કહ્યું. અહીં કહ્યું કે, કર્મથી કરાયેલા વિકારીભાવ કહ્યા. બેનો

www.vitragvani.com



મેળ શી રીતે છે આ? એમ શિષ્યનો પ્રશ્ન છે.

તેનો **ઉત્તર :– 'રાગાદિભાવ ચેતનારૂપ છે...'** ત્યાં એ જ કહ્યું હતું. 'ચિત્તચિદાત્મક' ચેતના સ્વરૂપ રાગાદિ પરિણામ ૧૨મી ગાથામાં કહ્યું હતું. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા આદિનો જે શુભરાગ ને અશુભરાગ છે એ છે તો પોતે ચેતના સ્વરૂપ. ચેતનાની વર્તમાન પર્યાયમાં છે, એ કાંઈ જડમાં નથી. શુભ-અશુભ રાગ, પુણ્ય-પાપના ભાવ એ ચેતનારૂપ છે. તેથી તેનો કર્તા જીવ જ છે. પરિણમનારો, થનારો, વિકારપણે કર્તા તો જીવ જ છે. કંઈ કર્મ કર્તા નથી. વિકારી પરિણામનો કર્મ કર્તા નથી, કર્તા તો જીવ છે.

**'પરંતુ અહીં શ્રદ્ધા કરાવવા માટે...'** એટલે કે અજીવથી ચૈતન્ય સ્વરૂપ જ્ઞાયકભાવ તો જુદો છે પણ કર્મના લક્ષે પુણ્ય-પાપનો ભાવ ઉપાધિભાવ થયો એનાથી પણ ચૈતન્ય સ્વરૂપ એ આસ્રવ તત્ત્વથી જુદું તત્ત્વ છે. સમજાણું કાંઈ? એ પુણ્ય ને પાપના ભાવ જે આસ્રવ ભાવ છે એનાથી આત્મ સ્વરૂપ જુદું છે. એવી **'શ્રદ્ધા કરાવવા માટે મૂળભૂત જીવના શુદ્ધસ્વભાવની અપેક્ષાએ...'** દેખો! હતા તો રાગાદિ એના કરેલા પરિણામ (છે) પણ મૂળભૂત એ સ્વભાવ નથી. સમજાણું કાંઈ? મૂળભૂત જીવના શુદ્ધસ્વભાવની અપેક્ષાએ ભગવાન આત્મા એનો કાયમી અસલી ટકાઉ નિત્ય શુદ્ધ ચૈતન્યભાવ એવા શુદ્ધ ચૈતન્યભાવ સ્વભાવની અપેક્ષાએ એ પુણ્ય-પાપના ભાવ કર્મના નિમિત્તથી થાય છે, એ કાંઈ સ્વભાવને આશ્રયે થતાં નથી, સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ?

ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવ, તેમાં એ પુણ્ય-પાપના ભાવ વિકલ્પો નથી, તેમ તેને લક્ષે થતાં નથી. તેથી જીવમાં પુણ્ય-પાપના ભાવ તેના રૂપ અવસ્થામાં કર્તા હોયને પરિણમે છે છતાં તે ઉપાધિભાવ છે, તે જીવ સ્વરૂપના શુદ્ધતામાં એ નથી. એવા શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા કરાવવા એનાથી રહિત છે એમ કહેવામાં આવ્યું છે. કહો! સમજાણું કાંઈ? એ રાગાદિભાવ કર્મના નિમિત્તથી થાય છે, પરના લક્ષે (થયેલી) ઉપાધિ, કૃત્રિમ ઉપાધિ છે. ચૈતન્યનો મૂળ સ્વભાવ અનાદિ જ્ઞાન ને આનંદ ને સમરસી ભાવ (છે) એમાં એ પુણ્ય-પાપના ભાવ નિમિત્તને આધીન થયેલા કૃત્રિમ ક્ષણિક મલિનભાવ છે, એ શુદ્ધ સ્વભાવમાં નથી. એ શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા કરાવવા તેના સહિત માને તો તે મિથ્યાત્વ છે. એનાથી રહિત માને તે સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? કહો! આ તો સમજાય એવું છે, આ છોકરાઓને, હોં! ધ્યાન રાખવા માટે કહીએ છીએ. ન સમજાય તો એ ધ્યાન ન રાખે. કહો! સમજાણું આમાં?

આ આત્મા છે ને? એ આત્મા જે છે એ તો શુદ્ધ ચૈતન્ય જ્ઞાન ને આનંદની મૂર્તિ છે. આત્મા વસ્તુ પદાર્થ, ત્રિકાળ પદાર્થ એ તો જ્ઞાન સ્વરૂપ, આનંદ સ્વરૂપ, શાંત સ્વરૂપ, વીતરાગ સ્વરૂપ, સ્વચ્છતા સ્વરૂપ એવા શુદ્ધ સ્વભાવનું સત્ત્વ, સ્વભાવનું સત્ત્વ એનું એ તત્ત્વ, આત્મા એ આત્મતત્ત્વ છે. એમાં જે પુણ્ય-પાપના ભાવ રાગ ને દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય એ બધા વિકારી ભાવ છે. એ વિકારી ભાવ ત્રિકાળી શુદ્ધ સ્વભાવરૂપ

આત્મામાં નથી અને તેને આશ્રયે થયેલા નથી. કર્તા જીવ છે પણ તે આત્માના સ્વભાવને આશ્રયે થયેલા નથી. તેથી તે કર્મના લક્ષે થયેલી કૃત્રિમ મલિનની ઉપાધિ છે. તેથી શુદ્ધ સ્વભાવની અપેક્ષાએ એ દયા, દાન, વ્રત, પુણ્ય, પાપના ભાવ એ પરભાવ છે. સમજાણું કાંઈ? એ સ્વભાવભાવની શ્રદ્ધા કરાવવા શુભાશુભભાવ પરભાવ છે એનાથી આત્મા સહિત નથી (એમ કહે છે). સમજાય છે કાંઈ?

આ મુદ્દાની રકમની વાત ચાલે છે. સમજાણું આમાં? મૂળ રકમ આત્માની જ્ઞાન, આનંદ ને શાંતિ આત્માની મૂળ રકમ છે. કહો! એ તો સમજાય કે નહિ? અને આત્મામાં જે કાંઈ શુભ ને અશુભભાવ થાય એ એની મૂળ રકમ નથી. એના મૂળ સ્વભાવમાં નથી અને એના અંતર સ્વભાવમાં શુદ્ધતા છે એટલે તેને લક્ષે એ વિકાર થતો નથી. એટલે મૂળ ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ સ્વરૂપ વસ્તુ જે આત્મા એમાં કર્મના નિમિત્તે થતો પુણ્ય-પાપનો ભાવ એ વિભાવ એ પરભાવ, એ આત્માના સ્વભાવથી ભિન્ન છે. એવા પરભાવને ત્રિકાળી સ્વભાવની સાથે માનવો કે આ ભાવ મારા છે એનું નામ જ અનંત સંસારનું મિથ્યાત્વરૂપી બીજ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'એ કર્મના નિમિત્તથી થાય તેથી કર્મકૃત કહ્યા.'** હવે એનો દાખલો આપે છે. બહુ સાદી વાત છે અને બહુ સત્ય વાત છે. સમજાણું? તારી ભૂલ એટલી... 'શ્રીમદ્'નું એક વાક્ય છે કે પરભાવને પોતાના માનવા અને પોતાને ભૂલી જવું. આટલું એક વાક્ય છે. ઇ આ છે. પુણ્ય ને પાપ, શુભ ને અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિનો પરિણામ તે શુભ છે. હિંસા, જૂઠું, ચોરીનો અશુભ છે. એ બન્ને પરભાવ છે. એ પરભાવને ત્રિકાળી સ્વભાવમાં માનવા અને પોતાનો શુદ્ધ જ્ઞાન સ્વભાવ તેને ભૂલી જવું એ જ મહા મિથ્યાત્વ સંસારનું બીજ છે. કહો! સમજાણું આમાં? એનો દૃષ્ટાંત આપે છે.

**'જેમ કોઈ મનુષ્યને ભૂત વળગ્યું હોય...'** એક વાત. એક મનુષ્યને ભૂત વળગ્યું હોય. **'તો તે મનુષ્ય તે ભૂતના નિમિત્તે નાના પ્રકારની વિપરીત ચેષ્ટા કરે છે.'** અનેક પ્રકારની એમાં ચેષ્ટા કરે, ભૂતના નિમિત્તે. ભૂત નિમિત્ત છે, ચેષ્ટા થાય છે તેનામાં. **'વિપરીત ચેષ્ટા કરે છે. તેથી તે ચેષ્ટાઓનો કર્તા તો મનુષ્ય જ છે...'** ભૂતનું નિમિત્ત છે પણ ચેષ્ટાનો કર્તા તો મનુષ્ય જ છે. સમજાણું?

મુમુક્ષુ :- એકમેક ને?

ઉત્તર :- એકમેક કે દિ' હતા? જુદે જુદા છે. એ તો બતાવે છે. પણ એની ચેષ્ટા તો પોતે કરે છે. ભૂતનું નિમિત્ત છે, ચેષ્ટા પોતે કરે છે. નિમિત્ત છે એ વળગ્યું. નિમિત્ત છે એમ કીધું. ચેષ્ટા વડે આમ માથું ધુણે ને આમ કરે ને આમ કરે, એ ચેષ્ટા તો એ પોતે કરે છે.

**'મનુષ્ય જ છે પરંતુ તે ચેષ્ટા મનુષ્યનો નિજભાવ નથી...'** મનુષ્યનો નિજભાવ નથી.

નિજભાવ હોય તો કાયમી થવું જોઈએ, એ તો થતું નથી. નિજભાવ જો ચેષ્ટા હોય, ભૂતના નિમિત્તની ચેષ્ટા કાયમની આ મનુષ્યમાં હોય તો ભૂત ન હોય ત્યારે પણ એ થવી જોઈએ. સમજાય છે કાંઈ? પણ ભૂતના પ્રસંગમાં તે આવ્યો ત્યારે તેનામાં એ ચેષ્ટા ને ઘેલછાય આદિની, ધુણવાની ચેષ્ટા થાય છે. એ ચેષ્ટાનો કરનારો તો એ આ મનુષ્ય જ છે. એ ચેષ્ટાનો કરનાર ખરેખર ભૂત નથી. સમજાણું કાંઈ? એ ચેષ્ટા મનુષ્યનો નિજભાવ નથી, નિજભાવ હોય તો તો કાયમ રહેવો જોઈએ. એ તો કૃત્રિમ ભૂત વખતે જ થાય છે. થાય છે એનામાં, કરે છે એ પણ ભૂત વખતે થાય છે. એ સિવાય થતો નથી. જુઓ! આ દૃષ્ટાંત છે.

**'માટે એ ચેષ્ટાઓને ભૂતકૃત કહીએ.'** માટે ચેષ્ટાઓને ભૂતકૃત કહીએ. પરિણમન તો એનું છે પણ એને આ અપેક્ષાએ ભૂતકૃત કહેવામાં આવે છે. કાયમનો ભાવ નથી, કાયમનું એનું સ્વરૂપ નથી અને ભૂત વખતે થાય માટે તેને ભૂત ચેષ્ટાનો કરનાર ભૂત કહેવામાં આવે છે. જુઓ! ન્યાય જુઓ! સમજાણું કાંઈ?

**'તેમ આ જીવ...'** એ તો દૃષ્ટાંત થયો. તેમ આ જીવ એટલે મનુષ્યની ઉપમા એને થઈ, મનુષ્યની. **'કર્મના નિમિત્તે...'** પેલાને ભૂતના નિમિત્તે હતું, આ કર્મ એક ભૂતડું. એના **'નિમિત્તે નાના પ્રકારના વિપરીત ભાવો...'** પેલામાં નાના પ્રકારની વિપરીત ચેષ્ટા હતી. અહીંયા અનેક પ્રકારના વિપરીત ભાવ, પુણ્ય, પાપ, શુભ, અશુભ, રાગ, દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ બધા વિપરીત ભાવો. ભૂતના કાળમાં કરેલી મનુષ્યની ચેષ્ટાઓ છતાં તેને ભૂતકૃત કહીએ. કેમકે તેટલા કાળમાં, તે પ્રસંગમાં થાય છે માટે. એમ જીવને કર્મના નિમિત્તે તે પ્રસંગમાં તેને રાગાદિ વિપરીત ભાવો પરિણમે છે. જીવ પોતે જ રાગ-દ્વેષ ને પુણ્ય-પાપપણે અનેક વિપરીતભાવ(પણે પરિણમે છે). વિપરીત એટલે? શુદ્ધસ્વભાવ ચૈતન્યનું વીતરાગી સમરસી સ્વરૂપ એનાથી વિપરીત ભાવ. શુભ ને અશુભ, આ પુણ્ય ને પાપ એ બધા અનેક પ્રકારના વિપરીત ભાવોરૂપે (પરિણમે છે). પેલામાં વિપરીત ચેષ્ટા હતી, આમાં વિપરીત ભાવ છે.

કોનાથી વિપરીત છે? કાયમ રહેલો ભગવાન આત્મા જ્ઞાન આનંદ સમરસી સ્વરૂપ કાયમ છે એનું. એમાં કર્મના નિમિત્તે તે કાળે વિપરીતભાવ રૂપે પરિણમે છે એ વિપરીતભાવનો કર્તા તો જીવ જ છે. જુઓ! **'તે ભાવોનો કર્તા તો જીવ જ છે...'** જેમ પેલી ચેષ્ટાનો કર્તા જીવ (–મનુષ્ય) છે એમ આત્મામાં શુભ ને અશુભ ભાવ, પુણ્ય-પાપના ભાવ (થાય છે), જે ત્રિકાળ શુદ્ધસ્વભાવ, પવિત્ર ભાવ એનાથી વિપરીત ભાવ છે. પુણ્ય-પાપના ભાવો (વિપરીત ભાવો છે). ઓહો..! કેટલી સ્પષ્ટતા છે! આ દયા, દાન, વ્રત પરિણામ એ શુભ છે. હવે એને આત્માના માનવા ને એનાથી સમકિત થાય એમ માનવું ગજબની વાતું કરી છે કે નહિ? અરે..! ભગવાન! શું કરે છે? સવળો થઈને ઉતરે તો તીર્થંકર થાય. અવળો થઈને ઉતરે તો તેતર ગોત્ર બાંધે કાં નિગોદમાં જાય. એવું છે આ. આહાહા..!

અહીં તો કહે છે, ભગવાનનો–આત્માનો સ્વભાવ, મનુષ્યનો સ્વભાવ તો ભૂતકૃત વખતે

www.vitragvani.com



જ એ ચેષ્ટા દેખાય છે, કાયમનો એ સ્વભાવ નથી. એમ જીવનો કાયમનો સ્વભાવ એ પુણ્ય-પાપ ને વિપરીત ભાવ એ કાયમનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? જ્ઞાન, દર્શન, આનંદ, શુદ્ધસ્વભાવ એ કાયમનો સ્વભાવ છે. એમાં કર્મના નિમિત્તના પ્રસંગના કાળે જ તેનામાં શુદ્ધસ્વભાવ એ વિપરીત ભાવ, પુણ્ય-પાપના ભાવ એ રૂપે જીવ પોતે થાય છે, પોતે પરિણમે છે. તેથી તેને શુભાશુભભાવનો આત્મા જ કર્તા કહીએ. અથવા... કહો! સમજાણું?

**'પરંતુ આ જીવનો નિજભાવ નથી...'** જુઓ! છે ને? આ જીવનો નિજભાવ નથી, નિજભાવ હોય તો કાયમ રહે. ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા એનો નિજભાવ તો જ્ઞાન, શાંતિ, આનંદ, સ્વચ્છતા, શુદ્ધતા, પવિત્રતા એવો જેનો કાયમી ભાવ છે એવો આ કૃત્રિમ ક્ષણે કર્મના પ્રસંગમાં થયેલો શુભ ને અશુભભાવ તે કાયમી ભાવ નથી તેથી તે નિજભાવ નથી. કહો! સમજાણું કાંઈ? **'તેથી તે ભાવોને...'** કાયમી નથી તેથી તે ભાવોને, કરેલા જીવના હોવા છતાં તે તે પ્રસંગમાં થાય છે માટે તેને **'કર્મકૃત કહીએ છીએ.'** આહાહા..! કહો! સમજાણું કાંઈ?

આ ઘરમાં છોકરો એવો થયો હોય ને બાયડી એવી આવેને પછી વશ થઈ જાય ને તો એની માનું પણ ગણે નહિ. પછી એની મા કહે, ભાઈ! તું તો બધો ઘણો હતો પણ આ આવી ત્યારથી તારા ભાવ બધા બગડી ગયા, દરકાર કરતો નથી. કહે છે કે નહિ? એમ કહે. સમજાણું? પારકો થઈ ગયો, પારકી જણી ને આવ્યો ત્યાં પારકો થઈ ગયો તું, આ શું થયું તને? સમજાય છે? એમ કહે, હોં! ઘરમાં. સાંભળીએ છીએ આ. એ.. 'રતિભાઈ'! સમજ્યા ને?

એક જણાએ કહ્યું હતું, હોં! એની વહુ હતી તે બહુ સેવા ન કરે. હતી એવી જરીક પ્રકૃતિની. એને કહે, આ મારી મા છે, મારી જનેતા છે. તું તો પારકી જણી આવી છો પણ એ મારી મા છે. ગમે એ રીતે હોય તો મારે તો એની સેવા કરવી જોઈએ, મારે સેવા કર્યા વિના ચાલે નહિ. એની વહુને કહે છે, હોં! તને કદાચિત્ ન પસંદ પડે કારણ કે, પ્રકૃતિ ઓલી લાગે પણ મારી તો જનેતા છે, હોં! હું નવ મહિના એના પેટમાં રહ્યો છું. તું એની જનેતા નથી, તું પરની ક્યાંકથી જણી આવીને ઊભી છો અહીં અત્યારે. માટે તને એના ઉપર પ્રેમ નહિ આવે પણ મને તો (આવે છે), મારી તો મા છે. ગાંડી થાશે ને પાગલ થાશે તોપણ હું તો એની સેવા કરીશ. ક્યારેક છોકરો એવો થઈ જાય (તો) કોઈ વખતે મારે પણ, તને થઈ શું ગયું? અત્યાર સુધી તું મારી અનુકૂળતા હતો આ પારકી જણી આવી ત્યાં બદલાય ગયો, પારકો થઈ ગયો? 'રતિભાઈ'! એવું છે આ.

એમ (અહીંયા) કહે છે, ભગવાન આત્મા તો ચૈતન્ય સ્વરૂપ છે ને પ્રભુ! આનંદ ને જ્ઞાનની મૂર્તિ અનાદિ અનંત છે. એમાં કર્મનું લક્ષ થઈને તારામાં વિકાર થયા એ પરભાવ થયા એ તારા થઈ ગયા? તને શું થયું આ? સમજાણું કાંઈ? છે કરેલા તારા પણ તે તેના પ્રસંગથી થયેલા એ ઉપાધિભાવ તારા સ્વભાવમાં છે નહિ. તે કાળના કૃત્રિમ છે તેથી તેને

www.vitragvani.com



કર્મકૃત કહેવામાં આવે. છે તો તારા, તારાથી થયેલા પણ એને પારકી જાણી આવી ત્યારથી તું બગડ્યો એમ કહે છે ને? પણ બગડ્યો છે તો ઇ ને? પારકી જાણીને લઈને એને લઈને બગડ્યો નથી પણ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એક વાત. એ વિકારી પરિણામની વાત કરી. આ દાખલો વિકારી પરિણામનો કહ્યો.

ભગવાન આત્મા ચૈતન્ય આમ ચૈતન્યબિંબ જ્ઞાયક સ્વરૂપ છે. એમાં આ વર્તમાન કૃત્રિમ કર્મકૃતના ભાવો કરેલા જીવના છતાં કર્મ નિમિત્તના કરેલા ક્ષણિકની અપેક્ષાએ કહીને એ નિજભાવ નથી માટે તેને પરભાવ કહ્યા અને એવા પરભાવને પોતાના આત્મામાં માને તેને મિથ્યાદૃષ્ટિ સંસારનું બીજ કહે છે. આહાહા..! કહો! 'માંગીરામજી'! આ દયાનો ભાવ, એ આત્માના સ્વભાવમાં પોતાનો માને તો કહે છે કે મિથ્યાત્વભાવ છે. આરે.. આરે..! રાડ નાખી જાયને, દયા ભાવ મિથ્યાત્વ નથી, હોં! રાગભાવ છે એ પોતાના સ્વભાવમાં માનવો, મારો માનવો એનું નામ મિથ્યાત્વ સંસારનો ભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? રાડ નાખે અત્યારના કેટલાક પંડિતો.

ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા ફરમાવે છે, વીતરાગ પરમેશ્વર છે. ભાઈ! મનુષ્યની ચેષ્ટાઓ ભૂતના વળગવાથી થઈ, (એ) ચેષ્ટા તો એની છે પણ તે ક્ષણનો ભાવ ત્રિકાળનો એનો નથી માટે તેને મનુષ્યકૃત ચેષ્ટા હોવા છતાં ભૂતકૃત કહેવામાં આવે છે. એમ ભગવાન આત્મા એનો સ્વભાવ કાયમી જ્ઞાન ને આનંદ છે તેને કર્તામાં વિકારપણે પરિણમે છે, કર્મના સંગમાં એ પરિણમન ને કર્તા તો તે જીવ છે પણ તે ક્ષણના પ્રસંગથી તેમાં પરિણમ્યો તેથી તેને કર્મકૃત કહીને, પરભાવ કહીને આત્મામાં જોડાણ ન કરાવવા તે વાત કરવામાં આવે છે. સમજાણું કાંઈ? ઓહોહો..! શુભભાવ સહિત આત્મા માનવો કહે છે કે, એ મિથ્યાત્વ છે એમ કહે છે અહીં. શુભભાવ કે અશુભભાવ એ જીવ સ્વભાવમાં અસમાહિત (એટલે કે) નથી, નથી છતાં તેને પોતાના માનવા એ જ ભવબીજ છે. એ જ પ્રતિભાસ– એવો જે ભાસ એ ભવનું બીજ છે. સમજાણું કાંઈ?

બીજી હવે સ્થૂળની વાત કરે છે. **'કર્મે કરેલા જે નાના પ્રકારના પર્યાય,...'** દેવાદિ પર્યાયો ગતિ આદિના, કર્મથી થયેલી દેવ ગતિ આદિ. દેવ ગતિ, મનુષ્ય ગતિ આદિ. **'વર્ણ,...'** આ વર્ણ શરીરાદિના, **'ગંધ, રસ, સ્પર્શ, કર્મ,...'** લ્યો! એ કર્મ બધા પર. એ **'દેવ-નારક...'** કર્મે કરેલું કર્મ બધું પાછું કર્મ થયું ને? દેવ અથવા કાર્ય બધા બહારના. **'દેવ-નારક-મનુષ્ય-તિર્યંચશરીર,...'** પર્યાયમાં સાધારણ ગતિ આદિ લેવી. **'દેવ-નારક-મનુષ્ય-તિર્યંચશરીર,...'** એ બધા કર્મકૃત છે, આત્માનું સ્વરૂપ નથી, આત્માએ કરેલા નથી. પેલા વિકારી પરિણામ તો આત્માએ કરેલા હતા. સમજાણું કાંઈ? વિકારી પરિણામ તો આત્માએ કરેલા હતા પણ કર્મકૃત કહીને સ્વભાવ સાથે એનું જોડાણ છોડાવવા (કહ્યું) કે, ભાઈ! તારા ચૈતન્ય સ્વરૂપની સાથે એ ભાવને જોડીશ નહિ. એ વિકારીભાવ, મલિનભાવ નિર્મળભાવ સાથે તેને જોડવા, સહિત

માનવા એ મિથ્યાત્વ છે. તેથી તેના ભાવ રહિત આત્માના સ્વરૂપને માનવો એનું નામ સમ્યગ્દર્શન ને મોક્ષનું બીજ છે. આહા..! આ શ્રદ્ધાની કિંમત જુઓ! સમજાણું કાંઈ?

શુભ-અશુભભાવ કરેલી પર્યાય (એની), છતાં ત્રિકાળી નિજભાવ નથી તેથી તેને વર્તમાન પર્યાયના અંશને ત્રિકાળ સાથે મેળવવો એનું નામ મિથ્યાત્વ–સંસાર બીજ છે. અને તે વિકારના પરિણામને શુભ-અશુભને ત્રિકાળ સ્વભાવમાં ન જોડવા, એકલો જ્ઞાયક સ્વભાવને અંતરમાં, લક્ષમાં લેવો રાગના અવલંબન વિના, રાગના આશ્રય વિના, રાગની મદદ વિના એકલા ચૈતન્ય શુદ્ધ સ્વભાવને અંતર આશ્રય લેવો એનું નામ મોક્ષનું બીજ તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો બહારની પર્યાય છે, હોં! આત્માએ કરેલી નથી આ. આહા..! **'અથવા કર્મે કરેલા...'** એમ. પેલું કર્મથી નિમિત્ત થઈને આવેલી આ ચીજો ગતિ, રંગ, ગંધ, રસ, સ્પર્શ કહો! કર્મ, બહારના કાર્ય, દેવ, નારકી, આ શરીરનું સંઘયણ, આ સંઘયણ–મારી મજબૂતાઈ છે, શરીરની મજબુતાઈ મારી છે, આ શરીર મારું છે, વર્ણ, ગંધ મારા છે, આ સંસ્થાન–આકાર, દેહનો આકાર મારો છે, આકાર સુંદર, સુંદર અસુંદર એવો દેહનો આકાર. એવા ભેદ એક વાત. એને પોતાના માનવા એ પણ મિથ્યાદષ્ટિ છે. સમજાય છે કાંઈ? અંતરમાં ચેષ્ટા, કર્તાપણાનો ભાવ કર્મકૃત કીધો અને એ કર્મકૃત આ શરીર આદિની બાહ્ય પર્યાય. એને પોતાના ચૈતન્ય સ્વરૂપમાં માનવા એ મારા છે એ મિથ્યાત્વ સંસારનું બીજ છે. કહો! સમજાણું આમાં?

**'અથવા પુત્ર, મિત્ર,...'** આ દીકરો મારો. એ તો કર્મના નિમિત્તે થયેલી ઉપાધિ છે. આહા..! આ દીકરા પણ મારા નહિ? ક્યાં ગયા છે 'મગનભાઈ'? 'રાજકોટ'! કહો! સમજાણું? આ દીકરા, દીકરીઓ, પુત્ર-પુત્રી. મિત્ર. આ મારો મિત્ર છે, ભાઈ! ખરે ટાણે મદદમાં ઊભો રહે. કહે છે કે, મૂઢ છો. મિત્રની અનુકૂળતા આવી છે તો કર્મથી ઊપજેલો સંયોગ થયો છે. એ કાંઈ તારું સ્વરૂપ નથી. એને મિત્રને મારો માનવો એનું નામ જ સંસારનું બીજ મિથ્યાત્વ છે. આહાહા..! મિત્ર એટલે શું પણ? પરવસ્તુ, કર્મથી બનેલી પરવસ્તુ. એને જાણવી કે આ છે. મારામાં માનવી એ મૂઢ છે એમ કહે છે. એય...! 'ન્યાલભાઈ'! પણ ભાઈ! સારા છોકરા પાકે એ તો સારા તરીકે તો એને માનવા જોઈએ કે નહિ? શું કરવું? કહો! બાપુજી! બાપુજી! કરે પેલો 'મહાસુખ', લ્યો! આમ કરે, આ પણ માથે હાથ ફેરવે. લ્યો! 'મહાસુખ'ને. એક ફેરી આમ નીકળતા હતા ત્યારે આમ હાથ ફેરવતા જોયા હતા. આ બધી જોયેલી વાત છે, હોં! પહેલાં પાંચ, સાત વર્ષ પહેલાં 'મહાસુખ' પાછો જાતો હતો. અને પેલો પણ કહે, બાપુજી! બાપુજી, બાપુજી! આપની આજ્ઞા વિના.. આપને ઠીક પડે એમ... હવે લ્યો! સારા છોકરા તો માનવા કે નહિ પોતાના? 'ન્યાલભાઈ'! કોના દીકરા? બાપા! પરવસ્તુ જગતની ચીજ (છે). એ પરને પોતાની માનવી એ જ મહા મિથ્યાત્વ અને પોતે પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલવું, જ્ઞાન શુદ્ધ ચૈતન્ય જ્ઞાતા વસ્તુ આત્મા છે એને ભૂલવું અને

આ મારા છે, એ મને મદદગાર છે, એ મને સેવા કરનાર છે. મિત્રો છે ને ખરે ટાણે ઊભા રહે. સમજ્યા ને?

અર્ધાંગના–સ્ત્રી, લ્યો! ખરે ટાણે બાપુ! નાગા, ભૂખ્યા પડ્યા હોય તો એ વસ્ત્ર ઢાંકે, નવરાવે, એ વિષ્ટા ચાલી જતી હોય તો ઘરની બાઈ હોય એ કામ કરે, બીજી કોઈ કરે? એ.. 'ફુલચંદભાઈ'! બે બાયુ કરી છે, બે. એક પછી એક બન્ને ગઈ. કહો! સમજાણું કાંઈ? ચાર ચાર થાય, પાંચ પાંચ થાય, સાત થાય. નથી તમારે? પેલો નથી સાતમી (પરણ્યો)? સાતમી બાઈ હતી ઘરે, જોઈ હતી, વ્હોરવા ગયા હતા. છ મરી ગઈ. સમજાય છે? કોની બાયડી ને કોને કાંઈ? ગજબની વાતું! અને ભાઈઓ આવતા હશે કે નહિ આમાં? ભાઈ મારા કે નહિ? 'ભગવાનદાસ' જેવા ભાઈ હોય ને 'શોભાલાલ' જેવા એને ભાઈ હોય બન્નેને કેવી સ્થિતિ આમ જુઓ! વાસુદેવ ને બળદેવની કેવી પ્રીતિ હોય છે! એ પુત્ર, મિત્ર એમાં બધા આવી ગયા સમજ્યા ને? ભાઈઓ ને બધા એમાં આવી ગયા.

**'મકાન,...'** લ્યો! મકાન. ઠીક! **'ધન,...'** એ પૈસા મારા, એ મકાન મારા, કર્મથી આવેલી સામગ્રી તું મારી માન, મૂઢ છો, એમ કહે છે. આહાહા..! 'પુણ્યે વૈભવો, વૈભવે મદ ને મદે દુર્ગતિ' 'પરમાત્મપ્રકાશ'માં આવે છે. પુણ્યથી મળે વૈભવ, વૈભવથી મદ ચડે. પાંચ, પચાસ કરોડ થઈ જાય તો... આહાહા..! અને મદથી જાય દુર્ગતિ. અમારે એ પુણ્ય ન હોય. આચાર્ય સ્વયં કહે છે, એવું પુણ્ય અમારે નથી જોઈતું. આહાહા..! પુણ્યથી વૈભવ મળે. આમ ઢગલા ઢગલા આમ પચાસ પચાસ કરોડ, કરોડ, અબજ અબજ... આમ આહાહા..! નજર પહોંચે નહિ એટલા ઘરે હાથી, ઘોડા, બળદ... એ બધા શું કહેવાય? રથો. આહાહા..! ત્રણસો તો જોડા એક રાજાને હતા. ત્રણસો જોડા પગમાં પહેરવાના. જોડા સમજો છો? જુતા. તીનસો જોડ. મરી ગયા પછી ત્રણસો જોડ નીકળી. એક પછી એક આવી જોડ જોઈએ ને ફલાણી જોડ જોઈએ ને, આ જોડ જોઈએ ને સવારમાં આ જોઈએ ને બપોરે આ જોઈએ ને રાતે આ જોઈએ, સૂતા વખતે આ જોઈએ, ઢીકણા વખતે આ જોઈએ, દિશાએ જવું હોય ત્યારે આ જોઈએ, ફલાણી બાયુ હોય ત્યારે આવી જોઈએ, આદમી આવા બેઠા હોય મિત્ર ત્યારે આવું જોઈએ. અનેક જાતના ત્રણસો જોડ જુતા. ખાધા જુતા!

કહે છે, એ મકાન મારા. એ મકાનની પેલી શું કહેવાય અંદરની? ઘરવખરી, ફર્નીચર, ફર્નીચર એવું ગોઠવ્યું હોય. આમ સાબરના શીંગડા ને ફલાણું ને ઢીકણું ને સિંહ ને... આહાહા..! આમ બેઠો હોય અને દેખે તો આ મારા.. મૂઢ છો. કર્મની બનેલી વસ્તુ છે. કર્મ નિમિત્ત થઈને આવેલી ચીજ છે, એ કાંઈ તારી ચીજ છે? ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :– ચક્રવર્તીને હોય છે.

ઉત્તર :– ચક્રવર્તીને હોય તો એની કે દિ' છે? એના છે જ નહિ. માનતો નથી. બેઠો છે ત્યાં એ શરીર હું નથી, ત્યાં આ વળી ક્યાંથી આવ્યું? રાગ (મારો) નથી ત્યાં આ ક્યાં

www.vitragvani.com



આવ્યું આત્મામાં? આહાહા..! એ શુભ ને અશુભ રાગવાળો હું નથી. હું તો જ્ઞાનાનંદ સ્વભાવવાળો છું. આહાહા..! ધન, લક્ષ્મી, હીરા, માણેક, પન્ના, પૈસા, નોટું, ધાન્ય. બધા કોઠાર ભર્યા હોય, ચોખાના ને... સારા મોટા ગૃહસ્થને ઘરે હોય છે.

**'ધાન્યાદિ ભેદ...'** એ બધા આદિ, આદિમાં બધું લેવું, બહારની ચીજ. **'એ બધાથી શુદ્ધાત્મા પ્રત્યક્ષ ભિન્ન જ છે.'** એ બધાથી શુદ્ધ ભગવાન પ્રત્યક્ષ ભિન્ન જ છે. એ બહારની ચીજો કર્મથી ઉત્પન્ન થયેલી ને અહીં કર્મની અહીં થયેલી. બે પ્રકાર લીધા ભાઈ! ઘાતિ કર્મના નિમિત્તે થયેલો અહીં વિકાર ને અઘાતિ કર્મથી થયેલો અહીં સંયોગ, બન્ને પર છે એમ સિદ્ધ કર્યું અહીં તો. સમજાણું કાંઈ? બે પ્રકારના કર્મ છે ને? ઘાતિ, અઘાતિ. ઘાતિકર્મના નિમિત્તથી કૃત્રિમ ઉપાધિ થવી અંતરમાં એ પર છે. અઘાતિ કર્મના નિમિત્તથી મળેલી સામગ્રી એ બહારમાં છે, એ પર છે. કહો! સમજાણું કાંઈ?

**'જેમ કોઈ મનુષ્ય...'** એને માટે દાખલો આપે છે. રાગ-દ્વેષને માટે ભૂતનો દાખલો હતો. **'જેમ કોઈ મનુષ્ય અજ્ઞાની ગુરુના કહેવાથી એકાંત ઓરડામાં બેસી પાડાનું ધ્યાન કરવા લાગ્યો,...'** એ આવે છે આપણે 'સમયસાર' કર્તા-કર્મ (અધિકાર). એ બન્ને દાખલા છે, ભૂત ને બન્નેનો. **'જેમ કોઈ મનુષ્ય અજ્ઞાની ગુરુના કહેવાથી,'** અજ્ઞાની ગુરુ કહેને એને પાડાનું ધ્યાન કરવાનું! **'એકાંત ઓરડામાં બેસી પાડાનું ધ્યાન કરવા લાગ્યો,...'** એને પૂછ્યું કે, ભાઈ! તને કઈ પ્રીતિ છે? તો કહે, મને તો ભેંસથી બહુ પ્રીતિ છે. તો કહ્યું, એનો વિચાર કર. જેમાં પ્રીતિ (હશે) એમાં તારું ચિત્ત ચોંટી જશે. જેમાં તને પ્રીતિ એમાં તારું ચિત્ત ચોંટી જશે. ભેંસ મારા ઘરે છે ને. અધમણ દૂધ સવારે ને અધમણ સાંજે (આપે છે). એક મણ દૂધ તે કેવું! આમ સળી ઊભી રહે એવું. સળી સમજ્યા ને? સળી હોય છે ને? ખડકી. તૃણ-તૃણ. તરણા. નીચેથી ઊભી રહે. એવું દૂધ પાકે. હવે તો બધા સમજવા જેવા, પહેલા એવા પાકા દૂધ હતા. સળી આમ ઊભી રહે. આમ નાખે અંદર તો ઊભી રહે. ચીકાશ જામી હોય ને માથે પક્કડ થઈ જાયને આમ. પછી ઉભી રહે દૂધમાં. એવી ભેંસ હોય તો વ્હાલી લાગે કે નહિ? ત્યારે કહે, તને એ પ્રીતિ છે ને તો તેનું કર ધ્યાન.

**'પોતાને પાડા સમાન મોટા શરીરવાળો ચિંતવવા લાગ્યો,...'** પોતાને પાડા સમાન ચિંતવવા લાગ્યો. **'આકાશ જેવડા મોટા શિંગડાવાળો માની...'** આકાશ જેવડા મોટા શિંગડાં લાંબા, **'હું આ ઓરડામાંથી કેવી રીતે નીકળીશ...'** લ્યો! કહો! સમજાણું?

મુમુક્ષુ :–

ઉત્તર :– ફળ, આ એમાં તારી પ્રીતિ છે એમાં એકાગ્ર થા, બસ એટલું.

**'એમ ચિંતવવા લાગ્યો.'** ઓરડામાંથી કેવી રીતે નીકળીશ? જોયું? **'તે પોતાને પાડો ન માને તો મનુષ્યસ્વરૂપ પોતે બની જ રહ્યો છે.'** જોયું? પાડો ન માને તો મનુષ્યસ્વરૂપ બની રહ્યો છે.

www.vitragvani.com



**'તેમ આ જીવ મોહના નિમિત્તથી પોતાને વર્ણાદિક સ્વરૂપ માની...'** જોયું? શરીરના લક્ષમાંથી છૂટતો જ નથી, કહે છે. શરીર મારું, આ અવયવો મારા, ચેષ્ટા મારી, સંઘયણ મારા, આકાર મારા, મકાન મારા, પૈસા મારા. એવો એમાં એકાકાર થઈ ગયો કે એમાંથી લક્ષ ખેંચતો નથી, લક્ષ ખેંચતો જ નથી. **'મોહના નિમિત્તથી પોતાને વર્ણાદિક સ્વરૂપ માની દેવાદિ પર્યાયોમાં આવ્યો માને છે.'** લ્યો! હું દેવ આવ્યો, હવે હું મનુષ્ય થયો, હું પાડો થયો. લ્યો! ઠીક! હું છોડી થઈ ગઈ, લ્યો! છોડી થઈ ગઈ, હું છોડી થઈ. છોડી એટલે લડકી, દીકરી થઈ ગઈ, લડકા હુઆ. શું દીકરા-દીકરી? એ તો જડ છે. શું થયું? પણ એનું ધ્યાન લક્ષ ત્યાં છે ને! એ રૂપે જાણે છું એમ અજ્ઞાની માને છે. એનાથી જુદો થઈ શકતો નથી. આ પણ અજ્ઞાનીએ અનાદિથી માનેલું છે.

મોહના નિમિત્તથી પોતાને રંગ, ગંધ, રસ **'સ્વરૂપ માની...'** જુઓ! શ્લોકનો આધાર આપવો છે ને? **'દેવાદિ પર્યાયોમાં...'** જુઓ! ન્યાં પર્યાય લીધી. ત્યાં પર્યાય લીધી હતી ને? નાના પ્રકારની પર્યાય. અહીં દેવાદિ પર્યાય લીધી, પેલામાં દેવ, નારકી આદિ શરીર લીધું હતું. **'આવ્યો...'** એમાં આવ્યો માને છે. હું આ મિત્રમાં આવ્યો. સમજાણું? હું આ રંગમાં આવ્યો, મારો રંગ આવો, હું ધોળો, મારી કાઠી પાતળી, મારી કાઠી જાડી, શરીર જાડુ. મારું નાક લાંબુ, મારા કાન કુંડળ જેવા, મારી આંખ હરણીની આંખો જેવી. મારી મારી કરીને પરના આકારમાંથી છૂટો પડતો નથી. સમજાણું કાંઈ? આત્મા તો ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદની મૂર્તિ (છે). એમાં આ પરવસ્તુ કર્મથી આવેલી એના લક્ષમાં ખેંચાયો કે હું આમાં આવ્યો. હું દેવ થયો, મનુષ્ય થયો, ઢોર થયો, એકેન્દ્રિય થયો, કન્યા થયો, પુરુષ થયો, હીજડો થયો એવું એને માની બેઠો. જોયું? શું કીધું?

આ જે **'મોહના નિમિત્તથી...'** મિથ્યાત્વને કારણે પોતાને. જુઓ! મોહ નિમિત્ત, મિથ્યાત્વ. **'વર્ણાદિ સ્વરૂપ માની દેવાદિ પર્યાયમાં આવ્યો માને છે...'** હું દેવના સ્વરૂપે થયો છું, દેવ થયો. સ્વર્ગના દેવમાં, વૈમાનિકમાં હું આ દેહપણે ઉપજ્યો છું, એમ માને. ઠીક! કોઈ પુણ્યને લઈને ત્યાં ઊપજે ને? સ્વર્ગમાં હું આ દેવપણે આવ્યો છું. પેલા પણ કહે, સાહેબ! મહા પુણ્યવંત (છો). આપે પુણ્ય કર્યા, અમારા સ્વામી તરીકે અહીં ઉતર્યા. ઇ માને કે, હું દેવ તરીકે આવ્યો છું. પણ દેવ આત્મા ક્યાં છે? એ તો જડની પર્યાય છે. સમજાણું કાંઈ? હું શેઠ તરીકે આવ્યો, હવે મારી નિમણુંક ન્યાં મુખ્ય મુનીમપણે મુખ્ય થઈ, શેઠાઈપણે મારી નિમણુંક થઈ. એ તો પર છે, શેઠાઈ-ફેઠાઈ તારી ક્યાં હતી એમાં? સમજાણું?

**'જો ન માને તો અમૂર્તિક શુદ્ધાત્મા પોતે બની રહેલ જ છે.'** જેમ પેલામાં (–દૃષ્ટાંતમાં) હતું ને? સમજાણું? મનુષ્યપણું, મનુષ્ય સ્વરૂપ પોતે બની જ રહ્યો છે. પાડો ન માને તો મનુષ્ય સ્વરૂપ બની રહ્યો છે. એમ આ પર સ્વરૂપે ન માને તો જીવ સ્વરૂપ શુદ્ધાત્મા અમૂર્તિક બની જ રહ્યો છે. અમૂર્તિક કહ્યું, પેલા મૂર્તિની સામે, મૂર્તની સામે કહ્યું. આ પણ એનું

ધ્યાન ખોટું છે. આ શરીરપણે આવ્યો, સુંદર આકારપણે આવ્યો, પુરુષના અવયવોપણે આવ્યો, સ્ત્રીના અવયવોપણે થયો. એ બધો મૂઢ એને આકારે માને છે, પાડો થયો એવું માને છે આ. કહો! સમજાણું આમાં? કેવી શૈલીથી વાત કરી છે.

અજીવથી ભિન્ન ને આસ્રવથી ભિન્ન પાડવાની વાત કીધી, લ્યો! એ બધા જીવ સિવાયની બહારની ચીજો બધી અજીવ તારે હિસાબે. આ જીવ નહિ. અને પુણ્ય-પાપના ભાવ પણ જીવ નહિ, એ તો આસ્રવ છે. બન્નેથી રહિત છે છતાં સહિત માને છે તેનું નામ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો હજી પેલા શુભભાવ થાય ને? દયા, દાન, મંદ કષાય, વ્રત, અણુવ્રત, મહાવ્રત. મિથ્યાત્વમાં અણુવ્રત, મહાવ્રત હોય નહિ, પણ એ માને છે. એવા શુભભાવથી તો નિશ્ચય ચારિત્ર થાય. એવા શુભભાવથી સંવર-નિર્જરા થાય. કહો! એવા શુભભાવથી સંવર-નિર્જરા થાય. અરે..! ભગવાન! પણ શુભભાવ તું મારા છે એમ માને ત્યાં મિથ્યાત્વનો આસ્રવ થાય. આહા..! કહો! આ સમજાય એવી વાત છે, હોં! આ તો બહુ સાદી ને સારી... કહો! 'શોભાલાલજી'! ચોખ્ખી વાત છે.

આ '**જો ન માને...**' પેલો પાડો ન માને તો મનુષ્ય જ છે. એ તો ધ્યાનમાં ચડી ગયો હતો આમ આકારે એટલે જ માન્યું છે. એમ આનું લક્ષ ન્યાં ચડી ગયું છે એટલે માને છે બાકી છે નહિ એવો, એમ કહે છે. '**જો ન માને તો અમૂર્તિક શુદ્ધાત્મા પોતે બની રહેલ જ છે.**' ભગવાન આત્મા અરૂપી, અરૂપી એટલે અમૂર્ત શુદ્ધાત્મા, અરૂપી શુદ્ધાત્મા બની રહેલો છે. એ પરવસ્તુ રૂપીપણે કોઈ દિ' થયો નથી. એના લક્ષમાં કરીને એમ કહે કે, હું તો હવે આમાંથી કેમ નીકળું? કેમ નીકળું? આવે છે ને? 'ગઢડા'વાળા નથી આવતા? લુવારીયા. પછી 'ચુડા'માં એ આવ્યા કો'ક દિ'. 'ચુડા'માં બન્યું હતું. એક છોકરો નાનો હશે, લુવારીયા લઈ ગયા હશે. પછી ન્યાં લઈ જઈને બાયડી પરણ્યો ને બધું થયું પછી ફરતાં ફરતાં અહીં 'ચુડા' આવ્યા. ત્યાં મોટા ઘરે છોકરા, બાયડી ને બધું. પછી અહીં જોઈને કહે, હું તો આ 'ચુડા'નો છું, આ 'ચુડા'નો હતો, મારું કુટુંબ અહીં છે. પછી પેલાને મળવા આવ્યા ત્યારે કહે, આ તો અમારો (છે). ચાલ ભાઈ. (તો આ કહે), હું ન આવી શકું, મારે તો ન્યાં બાયડી, છોકરા છે. લુવારીયા નથી આવતા? ગાડા ભરી ભરીને લોઢાના કામ કરે. એવા માણસો પહેલા 'ચિત્તોડ'થી ફરતા આવતા. પછી કો'ક ગામનો છોકરો હશે 'ચુડા'નો વાણિયાનો બાર વર્ષનો લઈ ગયા, ઉપાડી ગયા. વાણિયાનો લઈ ગયા. ન્યાં જઈને પછી પરણાવ્યો, છોકરા થયા, બાયડી થઈ, બધું કરાવ્યું. એ પછી કેટલા વર્ષે અહીં 'ચુડા' આવ્યા. ત્યાં આવ્યા તો એને યાદ આવ્યું કે, હું તો આ 'ચુડા'નો છું, હું તો આ વાણિયાનો દીકરો હતો, મને અહીંથી લઈ ગયા હતા. ત્યાં પેલા બધા એના કુટુંબી મળવા આવ્યા. આવો પાછા. પણ મારે બાયડી, છોકરા છે. સમજાણું?

એમ જ્યાં આવ્યો ત્યાં આ મનુષ્યનું શરીર મળ્યું, પૈસા મળ્યા, મકાન મળ્યા, બાયડી,

www.vitragvani.com



છોકરા થયા, વહુરુ થઈ, મકાન થયા, આબરૂ થઈ. ચાલ બહાર. હવે પણ શી રીતે નીકળાય? 'નેમિદાસભાઈ'! કંચન ને કામિની બેમાંથી શી રીતે નીકળાય? ખબર પડી તો પેલા મળવા આવ્યા બિચારા, હોં! આ ન ગયો તો મળવા આવ્યા, ખબર પડી આ છોકરો આપણો છે. ઘણા વર્ષ થઈ ગયેલા પચ્ચીસ-ત્રીસ વર્ષ. હા, ભાઈ! હું છું તો અહીંનો, મને આ લોકો લઈ ગયેલા. ન્યાં તો મને એણે પરણાવ્યો છે, મારે બાયડી-છોકરા છે, બધું છે. મારે કાંઈ મુકીને અવાય નહિ. એમ ક્યાંકથી આવીને અહીં વળગ્યો, જ્યાં કાંઈક પૈસા થયા ને બાયડી થઈ ને છોકરા થયા (તો કહે), આ મુકીને મારે ક્યાંય બહાર ન જવાય, બાપા!

**'જો ન માને તો અમૂર્તિક શુદ્ધાત્મા પોતે બની રહેલ જ છે.'** જુઓ! બે દાખલા આપ્યા. **'આ રીતે આ આત્મા કર્મજનિત રાગાદિભાવ...'** એ પુણ્યના, પાપના જીવમાં ભાવ થાય વિકારીભાવ કર્મના સંગે થયેલા છે. આત્માના સંગનો એ સ્વભાવ નથી. ભગવાન આત્મા સચ્ચિદાનંદની મૂર્તિ છે. સત્ શાશ્વત જ્ઞાન ને આનંદનો સૂર્ય છે. એવા આત્મામાં પુણ્ય ને પાપના ભાવ તે રાગાદિભાવ કર્મજનિત છે.

બીજી વાત. **'કર્મજનિત વર્ણાદિકભાવ...'** બન્ને કર્મજનિત. એક બહાર ને એક અંદર. **'તેનાથી સદાકાળ ભિન્ન છે.'** તેનાથી સદાકાળ ભગવાન ચૈતન્યમૂર્તિ ભિન્ન છે, જુદો છે. સદાકાળ, ત્રણે કાળ લીધું છે ને? મનુષ્ય તો મનુષ્ય જ છે. સમજાણું કાંઈ? સદાકાળ ભિન્ન છે. લ્યો! હવે શ્લોકનો આધાર આપે છે.

**'वर्णाद्या वा रागमोहादयो वा। भिन्ना भावाः सर्व एवास्य पुंसः[1]'** નીચે. **'આ આત્મા વર્ણાદિ...'** એટલે રંગ, ગંધ, રસ, સ્પર્શ આ શરીરનું **'અને રાગાદિ...'** અંદરનો રાગ ને રંગ એ **'મોહાદિ બધા ભાવ (પોતાથી) ભિન્ન છે.'** ભગવાન ચૈતન્યસ્વરૂપ શુદ્ધ આનંદની કાતળી છે. એનાથી વિકારી પરિણામ બધા તદ્દન જુદા છે. છતાં અનાદિથી અજ્ઞાની એ મારા છે અને હું કોણ છું એ તો ભૂલી ગયો છે. એનું નામ મિથ્યાદૃષ્ટિ અને સંસારનું બીજ કહે છે. ચોરાશીમાં ફાલ ફાલતા હોય તો આ મિથ્યાત્વમાંથી ફાલે છે. કહો! સમજાણું કાંઈ?

**'તોપણ (ભિન્ન છે તોપણ) અજ્ઞાની જીવોને આત્મા કર્મજનિત ભાવોથી સંયુક્ત પ્રતિભાસે છે,...'** સ્વરૂપના ચૈતન્યના આનંદ અને જ્ઞાનના સ્વભાવવાળા ભાન વિના, મારો આવો સ્વભાવ છે એનું જેને ભાન નથી એ અજ્ઞાનીને એ પુણ્ય ને પાપના ભાવ અને શરીરાદિ બાહ્ય એ સંયુક્ત પ્રતિભાસે છે, એ સહિત ભાસે છે. એનાથી રહિત છે છતાં સહિત ભાસે છે. કહો! સમજાણું કાંઈ? પંડિતની અર્થ કરવાની શૈલી પણ કેટલી સરસ છે, જુઓને! ગાથા સાથે મેળવી.

**'खलु सः प्रतिभासः भवबीजम्'** લ્યો! છેલ્લો ટુકડો બાકી રહ્યો હતો ઇ. નિશ્ચયથી તે પ્રતિભાસ, તે ભાસ થવો. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ જ્ઞાનાનંદની મૂર્તિમાં વિકાર પુણ્ય-પાપના ભાવ અને શરીરાદિ મારા એમ ભાસ થવો એનું નામ મિથ્યાત્વ ને સંસારનું બીજ છે. **'નિશ્ચયથી**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**આ પ્રતિભાસ તે જ સંસારના બીજભૂત છે.**' વાહ..! સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ સ્વરૂપી આત્મા, એમાં અજ્ઞાનીને એ રાગ-દ્વેષના ભાવ ને કર્મ શરીરાદિ ભિન્ન હોવા છતાં પોતાના ભાસે છે, એ ભાવ સંયુક્ત ભાસે છે તે પ્રતિભાસ જ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એનું નામ વિપરીત માન્યતા છે. સમજાણું? એ સંસારનું બીજ છે.

ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ શુદ્ધ સ્વરૂપ ત્રિકાળી સ્વભાવભાવ, એમાં આ પુણ્ય-પાપના શુભ-અશુભભાવ અને શરીર, રંગ આદિને મારા છે એવો પ્રતિભાસ થવો, એના નથી ને મારા છે એમ ભિન્ન છે તેને અભિન્ન ભાસ થવો એનું નામ જ મિથ્યાત્વરૂપી બીજડું ચોરાશીના અવતારનું બીજ એ છે. આહા..! ટૂંકું અને ટચ સત્યનું સ્વરૂપ. કહો! 'માંગીરામજી'! હવે આ તો કહે હજી અણુવ્રત ને મહાવ્રતથી આત્માને કલ્યાણ થાય. અણુવ્રત, મહાવ્રત હજી મિથ્યાદૃષ્ટિના, હોં! સમકિતીને અણુવ્રત, મહાવ્રતનો વિકલ્પ હોય તો એ માને, એના મોટા વાંધા. પુણ્ય હેય કે ઉપાદેય? ભાઈ! સમજ તો ખરો, કઈ અપેક્ષા છે. શ્રદ્ધા અપેક્ષાએ સર્વથા પર જ છે. વસ્તુ જ પર છે ત્યાં પ્રશ્ન શું?

ભગવાન આત્માનો સ્વભાવ તો જ્ઞાન ને શાંતિ, આનંદની મૂર્તિ (છે). એમાં આ પ્રતિભાસ થવો કે આ રાગ મારો છે, આ વસ્તુ રાગ સહિત છે, એ વસ્તુ શરીર સહિત છે, એ વસ્તુ કર્મ સહિત છે. જુઓ! સમજાણું? એ વસ્તુ કર્મ સહિત છે એવો ભાસ તે સંસારનું બીજ છે. અને એ વસ્તુ રાગ અને શરીર ને કર્મથી ભિન્ન સ્વરૂપનો, સ્વભાવથી અભિન્ન એવો ભાસ થવો, સ્વભાવથી અભિન્ન એવો અંદર ભાસ થવો એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એનો જરી દાખલો આપે છે.

**ભાવાર્થ :– 'જેમ બધાં વૃક્ષોના મૂળભૂત બીજ છે...**' બધાં વૃક્ષોનું મૂળભૂત તો બીજ છે. જાંબુના વૃક્ષનું જાંબુ બીજ છે, નીમના વૃક્ષનું લીંબોડી બીજ છે. દરેકને બધા વૃક્ષોનું બીજ છે. **'તેમ અનંત સંસારનું મૂળ કારણ...**' અનંત સંસારના પરિભ્રમણનું **'મૂળ કારણ કર્મજનિત ભાવોને પોતાના માનવા તે છે.**' આહાહા..! એ શુભભાવોનો અહંકાર–અમે શુભ કર્યા, અમારો શુભભાવ, અમે પુણ્યવંત છીએ, અમે પાપી છીએ, અમે મુર્ખ છીએ. સમજાય છે? અમે પંડિત છીએ એ બધા કર્મજનિતના ભાવને પોતાના માનવા એ સંસારનું બીજ છે, અનંત સંસારનું મૂળભૂત બીજ છે. આહાહા..! સમજાણું કાંઈ?

જેમ બધાં વૃક્ષોના મૂળભૂત તો બીજ છે. બીજ હોય તો વૃક્ષ ઉગે. એમ અનંત સંસારનું મૂળ કારણ તો કર્મના નિમિત્તે થયેલા બે પ્રકારના ભાવો–પુણ્ય-પાપના ભાવ ને શરીરાદિ આ ભાવ આઠ કર્મમાં ઘાતિ ને અઘાતિ, એને પોતાના માનવા... આહાહા..! એ સંસારનું બીજ છે. **'આવી રીતે અશુદ્ધતાનું કારણ બતાવ્યું.**' લ્યો! આ રીતે 'કર્મકૃત' શબ્દ કહીને અશુદ્ધતાનું કારણ બતાવ્યું અને એ અશુદ્ધતા પોતામાં માનવી એ સંસારનું બીજ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? હવે ત્રણ દર્શન, જ્ઞાન ને ચારિત્ર એની વ્યાખ્યા.

www.vitragvani.com



# ગાથા–૧૫

## પુરુષાર્થ સિદ્ધિનો ઉપાય

विपरीताभिनिवेशं निरस्य सम्यग्व्यवस्य निजतत्त्वम्।
यत्तस्मादविचलनं स एव पुरुषार्थसिद्ध्युपायोऽयम्।।१५।।

અન્વયાર્થ :– [ विपरिताभिनिवेशं ] વિપરીત શ્રદ્ધાનનો [ निरस्य ] નાશ કરીને [ निजतत्त्वम् ] નિજસ્વરૂપને [ सम्यक् ] યથાર્થપણે [ व्यवस्य ] જાણીને [ यत् ] જે [ तस्मात् ] તે પોતાના સ્વરૂપમાંથી [ अविचलनं ] ભ્રષ્ટ ન થવું [ स एव ] તે જ [ अयं ] આ [ पुरुषार्थसिद्ध्युपायः ] પુરુષાર્થસિદ્ધિનો ઉપાય છે.

ટીકા :– 'यत् विपरीताभिनिवेशं निरस्य सम्यक् निजतत्त्वं व्यवस्य तत् तस्मात् अविचलनं स एव अयं पुरुषार्थसिद्ध्युपायः।' -જે વિપરીત શ્રદ્ધાનનો નાશ કરી યથાર્થપણે નિજસ્વરૂપને જાણે અને તે પોતાના સ્વરૂપમાંથી ભ્રષ્ટ ન થાય તે જ પુરુષાર્થ સિદ્ધિ થવાનો ઉપાય છે.

ભાવાર્થ :– પૂર્વે જે કહ્યું હતું કે સંસારના બીજભૂત કર્મજનિત પર્યાયને આત્માપણે-પોતારૂપે જાણવું તેનું જ નામ વિપરીત શ્રદ્ધાન કહીએ છીએ. તેનો મૂળમાંથી નાશ કરવો તે સમ્યગ્દર્શન છે. કર્મજનિત પર્યાયથી ભિન્ન શુદ્ધ ચૈતન્યસ્વરૂપને યથાર્થપણે જાણવું તે સમ્યગ્જ્ઞાન છે અને કર્મજનિત પર્યાયોથી ઉદાસીન થઈ સ્વરૂપમાં અકંપ-સ્થિર રહેવું તે સમ્યક્-ચારિત્ર છે. એ ત્રણે ભાવોનો સમૂહ તે જ આ જીવને કાર્ય સિદ્ધ થવાનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય સર્વથા નથી. ૧૫.

---

## પુરુષાર્થ સિદ્ધિનો ઉપાય

विपरीताभिनिवेशं निरस्य सम्यग्व्यवस्य निजतत्त्वम्।
यत्तस्मादविचलनं स एव पुरुषार्थसिद्ध्युपायोऽयम्।।१५।।

ત્રણે લીધું–દર્શન, જ્ઞાન ને ચારિત્ર. વિપરીત શ્રદ્ધાન, જે વિપરીત શ્રદ્ધા કીધી ને? કે, પુણ્ય-પાપના વિકલ્પો આત્માને છે એમ માનવા અને બહારની ચીજો અઘાતિથી મળી તેને આત્માની માનવી એનું નામ વિપરીત અભિનિવેશ–મિથ્યાત્વ છે. એનો નાશ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. વિપરીત અભિપ્રાયનો નાશ એટલે પુણ્ય-પાપના વિકલ્પો ને આ પરવસ્તુ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મારી એનો નાશ (થવો) એટલે કે સ્વભાવ શુદ્ધસ્વભાવ સ્વરૂપ હું છું એમ અંતરમાં પ્રતીતિ, ભાન થવું એનું નામ સમ્યગ્દર્શન–વિપરીત અભિપ્રાયના નાશનું કારણ છે. વિપરીત અભિનિવેશના નાશનું કારણ તો આ છે. કોઈ રાગ-બાગ મંદ કરે ને આ કરે ને બહાર ઘટાડે એ કાંઈ વિપરીત અભિનિવેશનું નાશનું કારણ નથી. સમજાય છે કાંઈ? એમ સિદ્ધ કરે છે. ભાઈ! આ મિથ્યાત્વનો નાશનો ઉપાય? બહારને ઘટાડે, ત્યાગ વ્રત કરે, બહાર ત્યાગી થાય, જંગલમાં જંગલ જાય. કે, ના. વિપરીત શ્રદ્ધાનો નાશ કરવો. એ પુણ્ય-પાપના ભાવ મારા ને પરવસ્તુ મારી એનો નાશ કરી એટલે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તે હું એમ અંતર અભિપ્રાયમાં સ્વભાવની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન ને વિપરીત અભિપ્રાયના નાશનો ઉપાય છે. બીજા બે કહેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૧૮ ગાથા–૧૫ થી ૧૬ રવિવાર, પોષ સુદ ૫, તા. ૧૫-૦૧-૧૯૬૭**

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' 'અમૃતચંદ્રાચાર્ય' કૃત છે. ૧૫મી ગાથા.

**विपरीताभिनिवेशं निरस्य सम्यग्व्यवस्य निजतत्त्वम्।**
**यत्तस्मादविचलनं स एव पुरुषार्थसिद्धयुपायोऽयम्।।१५।।**

પુરુષ નામ ચૈતન્ય સ્વરૂપ આત્મા, એનો અર્થ નામ પ્રયોજનની સિદ્ધિ, એનો ઉપાય શું છે એ આ ગાથામાં છે. એ આ પુસ્તકનું નામ છે,

**ટીકા :– 'જે વિપરીત શ્રદ્ધાનનો નાશ કરી...'** વિપરીત શ્રદ્ધાનનો નાશ કરીના બે બોલ આવી ગયા પહેલા. પાંચમી ગાથામાં એમ આવ્યું કે, અતિશયપણે નિશ્ચયનયથી વિરૂદ્ધ એવો વ્યવહારનયનો જે અભિપ્રાય એ સર્વ સંસાર છે. સમજાણું કાંઈ? પાંચમી ગાથામાં આવ્યું. **'प्रायः भूतार्थबोधविमुखः सर्वोऽपि संसारः'** એ પહેલા આવ્યું હતું કે, નિશ્ચયનયના બોધથી વિપરીત એવો વ્યવહારનયનો જે અભિપ્રાય. બીજો એનો અર્થ શું? કે, ભૂતાર્થબોધવિમુખ. જ્યારે ભૂતાર્થબોધ સન્મુખ. યથાર્થ ચૈતન્ય સ્વરૂપ એના સન્મુખનો બોધ એ નિશ્ચય છે. એનાથી વિપરીતનો બોધ જેટલો હોય, પર લક્ષ કરાવે, પર વિષયમાં જે લક્ષ જાય એવા ભાવને પોતાના માનવા અથવા એને ઇષ્ટનો સિદ્ધિ ઉપાય માનવો એનું નામ મિથ્યાત્વ છે, સર્વ સંસાર એને કહેવામાં આવે છે. એ પાંચમી ગાથામાં કહેવાણું.

૧૪મી ગાથામાં એને જ એમ કહ્યું હતું કે, જે કંઈ કર્મકૃતથી ઉત્પન્ન થયેલા જીવની પર્યાયમાં પુણ્ય ને પાપના ભાવ (એનાથી) રહિત ચૈતન્ય સ્વરૂપ છે એને સહિત માનવા એ ભવનું બીજ છે. સમજાણું કાંઈ? ચૈતન્ય સ્વરૂપ આત્મા એ, બીજી ભાષાએ કહીએ તો અજીવ અને આસ્રવથી ભિન્ન છે, એને આસ્રવ અને અજીવ સહિતવાળો માનવો એ જ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સંસારનું મિથ્યાત્વરૂપી બીજ છે. સમજાણું કાંઈ? એ બે પાંચમી અને ૧૪મી બન્નેના ભાવનો નાશ કરવો એમ અહીં કહે છે હવે.

આત્માનો શુદ્ધ સ્વભાવ એનાથી સન્મુખતાથી વિરુદ્ધ જેટલી પરસન્મુખતાના વિકલ્પો આદિ ઉઠે એ સંસારનું મૂળ કારણ છે. સમજાણું કાંઈ? એ સર્વ સંસાર જ છે. અહીં એમ કહ્યું કે, કર્મકૃત ઉપાધિના પરિણામ જે સ્વભાવમાં નથી અને જે સ્વભાવને આશ્રયે થયેલા નથી, એ કર્મના નિમિત્તને આશ્રયે થયેલા શુભ-અશુભભાવ એ ઉપાધિભાવ છે. એ બન્ને પ્રકારના–ઘાતિ કર્મના સંબંધમાં ઉત્પન્ન થયેલા રાગ-દ્વેષ આદિ, અઘાતિ કર્મના સંબંધમાં ઉત્પન્ન થયેલા સંયોગ શરીરાદિ. એટલે બે કર્મ ઘાતિ, અઘાતિના બે પ્રકાર. સમજાણું કાંઈ? ઘાતિ જ્ઞાનાવરણી આદિ ચાર કર્મમાં નિમિત્તથી ઉત્પન્ન થયેલ આત્માની વિકારી વિપરીત આદિ પર્યાય અને અઘાતિ કર્મથી મળેલો બાહ્ય સંયોગ એટલે આઠે કર્મનું ફળ–બે. એને ચૈતન્ય સ્વરૂપ સાથે માનવા, એ ચૈતન્ય સ્વરૂપ સાથે અશુદ્ધભાવ ને સંયોગીભાવ નથી. સમજાણું કાંઈ? અથવા એ અશુદ્ધભાવ અને સંયોગી ચીજ એમાંથી આત્માના હિતને માટે એ ચીજ છે એમ માનવું એ જ સંસારનું બીજ છે.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– સંયોગ-બંયોગ એને લક્ષે થયેલો વિકલ્પ, વાણી છે તો અઘાતિનું ફળ–સંયોગ. વસ્તુ જે છે ચૈતન્ય આનંદ ને જ્ઞાયકમૂર્તિ પદાર્થ એમાં સ્વભાવમાં નથી, એની ત્રિકાળી શક્તિઓ સ્વભાવ ગુણમાં નથી. અને વર્તમાન દશામાં ચાર ઘાતિ કર્મના નિમિત્તથી થયેલી હીણી વિપરીત અવસ્થા આદિ એને પોતાના ચૈતન્યના અભેદ સ્વરૂપ સાથે એને માનવું અને અઘાતિ કર્મના નિમિત્તથી મળેલો સંયોગ શરીર, વાણી આદિ બધું બહારનું, એનાથી આત્મા સહિત છે અથવા એનાથી આત્માને લાભ થાય છે એ માનવું એ સંસારનું બીજ છે. એટલે કે મિથ્યા અભિપ્રાય છે. કહો! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ વસ્તુ, એને કર્મના બે પ્રકારના સંબંધે થયેલી ઉપાધિ અને સંયોગો એનાથી અહીં લાભ માનવો અથવા એના સહિત માનવો એનું નામ મિથ્યાદર્શન સંસારનું બીજ કહેવામાં આવે છે. કહો! સમજાણું કાંઈ આમાં? ઘાતિના નિમિત્તથી ઉત્પન્ન થયેલો શુભભાવ એ સહિત જીવને માનવો ને એનાથી લાભ માનવો એ મિથ્યાત્વ અભિપ્રાય છે અને બાહ્ય સંયોગી ચીજ જે મળી શરીર, વાણી, બાહ્ય પદાર્થ એનાથી સહિત માનવો અથવા એનાથી લાભ માનવો... સમજાણું કાંઈ? એનું નામ સંસારનું મહા મિથ્યાત્વ બીજ છે. કહો! 'શશીભાઈ'! આ તો સીધી બહુ સાદી ભાષામાં છે, આમાં કોઈ બહુ ઊંડું નથી. 'ખોડીદાસભાઈ'!

કહે છે કે, આવી રીતે આ આત્મા કર્મ વડે કરેલા નાના પ્રકારના ભાવથી સંયુક્ત નથી. છે? એટલે કે વ્યવહારનો વિષય રાગાદિ છે અને બાહ્ય પદાર્થ છે, અસદ્‌ભૂત વ્યવહારનો

www.vitragvani.com



વિષય. આમ જુઓ તો અંદર એ વ્યવહારને પાંચમી (ગાથામાં) **'सर्वोऽपि संसार'** કીધો હતો. આ એમ કહ્યું કે, એ ઘાતિ ને અઘાતિના નિમિત્તે ઉત્પન્ન થયેલો ઉપાધિભાવ આ. એ ભાવથી સંયુક્ત આત્મા નથી. સમજાણું કાંઈ? આહા..!

મુમુક્ષુ :– કોઈ નયે નથી?

ઉત્તર :– વ્યવહારનયે છે એ તો કીધું પણ એ હેય છે, છાંડવા માટે છે. એ તો અહીં સિદ્ધ કરવું છે. વ્યવહાર **'सर्वोऽपि संसार'** તેથી તો પાંચમીમાં કહ્યું કે, **'भूतार्थबोधविमुखः सर्वोऽपि संसारः'** **'प्रायः'** એટલે અતિશયપણે, વિશેષપણે, ખાસપણે.

ભગવાન આત્માના સ્વરૂપના સન્મુખના બોધથી વિપરીત બોધ, એકલા વ્યવહારનયનું જ્ઞાન. બહારનો, વ્યવહાર એને યથાર્થપણે હોતો નથી પણ વ્યવહાર કહેવામાં આવે છે. 'બંધ અધિકાર'માં લીધું છે ને? અભવી પણ વ્યવહારનયે વ્યવહારનું કાંઈક આવું કરે છે. સમજાણું કાંઈ? એટલે કે ભગવાન આત્મા શુદ્ધ આનંદનું પવિત્ર ધામ (છે), એના સન્મુખની બુદ્ધિ એટલે એ તો થઈ ગયું ભૂતાર્થ આશ્રયે સમ્યગ્દર્શન જે કહ્યું અગિયારમીમાં, એ તો સન્મુખ થયો, એ તો વસ્તુની સન્મુખ થયો તે દૃષ્ટિ યથાર્થ છે. એનાથી વિમુખનો જેટલો ભાવ પુણ્ય ને પાપ અને સંયોગી એનાથી લાભ માનવો ને એનાથી સહિત માનવો એ જ મિથ્યાદર્શન, શલ્ય અને સંસારનું બીજ છે. કહો! સમજાય છે કે નહિ આમાં?

**'તોપણ...'** કહે છે, અહીં આવ્યું ને? વિપરીત શ્રદ્ધાનનો નાશ કરી. જે ૧૪માં હતું ને? **'ભાવથી સંયુક્ત નથી તોપણ અજ્ઞાનીને પોતાના અજ્ઞાનથી, પોતાના અજ્ઞાનથી આત્મા કર્મજનિત ભાવોથી સંયુક્ત જેવો પ્રતિભાસે છે.'** ઇ ૧૪માં (કહ્યું). એને અહીં નાશનો ઉપાય કહ્યો છે.

૧૫ (ગાથાની ટીકા). **'જે વિપરીત શ્રદ્ધાનો નાશ કરી...'** એ વિપરીત શ્રદ્ધા એટલે પાંચમીમાં અને ચૌદમીમાં કહ્યું તે. એની શ્રદ્ધાનો નાશ કરી–એક વાત, એ સમ્યગ્દર્શન. **'યથાર્થપણે નિજસ્વરૂપને જાણે...'** એ બીજો બોલ–સમ્યગ્જ્ઞાન. યથાર્થપણે નિજસ્વરૂપને જાણે એમ, પરને જાણવાની વાત ન રહી, બે વાત. **'અને તે પોતાના સ્વરૂપમાંથી ભ્રષ્ટ ન થાય...'** અને પોતાનું શુદ્ધ સ્વરૂપ વીતરાગી સમરસી સ્વરૂપ છે એમાંથી ખસે નહિ. **'તે જ પુરુષાર્થ સિદ્ધિ થવાનો ઉપાય છે.'** એટલે ચારિત્ર થયું. રાગાદિમાં ન આવે અને સ્વરૂપની શ્રદ્ધા થઈ, સ્વરૂપનું જ્ઞાન થઈ, સ્વરૂપમાં સ્થિરતાપણાને પામે, સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાનથી સ્વરૂપથી ભ્રષ્ટ ન થાય. રાગમાં જાય તે સ્વરૂપથી ભ્રષ્ટ છે. ચાહે તો શુભરાગમાં જાય તોપણ સ્વરૂપથી અસ્થિરતાપણામાં ભ્રષ્ટ છે. શ્રદ્ધાપણે ભ્રષ્ટ ભલે ન હોય. સમજાણું કાંઈ?

આચાર્યે તો કહ્યું છે ને કે, 'विदूषाम्'–વિદ્વાનોને માટે હું આ આગમમાંથી પુરુષાર્થસિદ્ધિ ઉપાયનો ઉદ્ધાર કરું છું, એમ કહ્યું, ચોથી ગાથા. સમજાણું કાંઈ? તત્ત્વના મર્મને સમજાવવા માટે આખો 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' 'પરમાગમ'માંથી ઉદ્ધાર કર્યો છે. જુઓ! આ ત્રણે વ્યાખ્યા

www.vitragvani.com



આવી ગઈ–સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. આત્મા પુરુષ એટલે ચૈતન્ય સ્વરૂપ, એનો અર્થ એટલે પ્રયોજન, એની સિદ્ધિ એટલે સુખની પ્રાપ્તિ, એનો આ ઉપાય છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :– 'પૂર્વે જે કહ્યું હતું કે સંસારના બીજભૂત કર્મજનિત પર્યાયને આત્માપણે-પોતારૂપે જાણવું તેનું જ નામ વિપરીત શ્રદ્ધાન કહીએ છીએ.'** ખુલાસો કર્યો. વિપરીત શ્રદ્ધાનો નાશ કરવો એ વિપરીત શ્રદ્ધાન એટલે શું? એ ૧૪મી ગાથાનો ન્યાય આપ્યો. સંસારમાં રખડવાનું બીજડું (આ વિપરીત શ્રદ્ધાન છે). સ્વભાવ શુદ્ધ છે એ મોક્ષનું બીજ છે. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે, નિર્વિકલ્પ વીતરાગ સમરસી સ્વરૂપ એ તો મોક્ષનું બીજ છે. અને સંસારનું બીજ કર્મજનિત પર્યાયને, કર્મના સંગે થયેલો શુભાશુભ ઉપાધિભાવ કે બાહ્ય (સંયોગો), એને પોતારૂપે જાણવું. એ શુભરાગ આદિને અને શરીરાદિને, કર્મ મારા, પરવસ્તુ મારી એમ સ્વમાં નથી તેને મારી તરીકે માનવી એનું નામ જ વિપરીત શ્રદ્ધાન કહેવાય છે. કહો! સમજાણું આમાં?

જેમાં જે નથી તેને તેનાથી (સહિત) માનવો તેનું નામ વિપરીત માન્યતા છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ (છે), એમાં એ પુણ્ય-પાપના વિકાર પણ નથી અને શરીર આદિની ક્રિયા કે શરીર આદિનો પર્યાય એનામાં નથી. સમજાણું કાંઈ? ક્યાંના ક્યાં લઈ ગયા, જુઓને! સજીવ ને સજીવ ક્રિયાની ક્રિયા, જીવિત શરીરની ક્રિયા ધર્મનું કારણ છે કે નહિ? આહાહા..! ઓહોહો..! ઊંધો પડે છે પણ એવો પડે છે ને!

અહીં તો કહે છે, ભગવાન શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ એ આત્મા. પુણ્ય-પાપના ભાવ કર્મ નિમિત્તથી ઉત્પન્ન થયેલા આસ્રવ તત્ત્વ અને બાહ્ય તત્ત્વ ઉત્પન્ન થયેલું શરીર આદિ તે અજીવ તત્ત્વ એટલે આ જીવ નહિ એવું એ તત્ત્વ. એ બધા આસ્રવ તત્ત્વ કે અજીવ એટલે આ જીવ નહિ એવા બધા તત્ત્વો, એની કોઈ પણ પર્યાયથી આત્માને લાભ થાય, એ પર્યાય સહિત આત્મા છે એમ માનવું એનું નામ વિપરીત અભિપ્રાય છે. કહો! 'ચંદુભાઈ'! આ તો બહુ સાદી, સારી ટૂંકી ભાષામાં છે. 'પ્રવીણભાઈ'! શરીર મારામાં છે એમ માનવું એ વિપરીત માન્યતા મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :– મારામાં ન હોય તો મારે એને...

ઉત્તર :– તો મારામાં છે તો મારામાં હોય ત્યારે મારું થાય ને તે વિના ક્યાંથી થાય? મારું છે એનો અર્થ કે, મારામાં છે. મારું છે એનો અર્થ કે, મારામાં છે. કહો! સમજાણું આ?

સંસારના બીજભૂત, સંસારની ઉત્પત્તિની ખાણ કર્મજનિત પર્યાયને પોતારૂપે જાણે. બહુ ટૂંકી વાત. સ્વદ્રવ્યના સ્વભાવની પર્યાય નથી, સ્વસ્વભાવની નિર્મળ પર્યાય નથી. નિર્મળ પર્યાય તો સ્વભાવમાંથી પ્રગટ થાય છે, (સ્વભાવને) આશ્રયે પ્રગટ થાય છે. આ વિકારી પર્યાય સ્વભાવને આશ્રયે નહિ, સ્વભાવમાં નહિ, નિમિત્તને આશ્રયે ઉત્પન્ન થયેલી ક્ષણિક ઉપાધિ છે. શુભ કે અશુભ રાગ અને બાહ્ય પદાર્થ અનુકૂળ, પ્રતિકૂળ જેને જગત કહે, અહીં શુભ,

www.vitragvani.com



અશુભ ન્યાં અનુકૂળ, પ્રતિકૂળ બન્ને પર છે, બન્ને આત્મામાં નથી. સમજાણું કાંઈ? વ્યવહાર રત્નત્રય પણ શુભરાગ છે. સમજાણું કાંઈ? એ પણ કર્મના નિમિત્તથી થયેલો ઉપાધિભાવ છે. એ ભાવ આત્મામાં છે કે એનાથી આત્માને લાભ થાય છે એ અભિપ્રાય સંસારનું બીજ છે. સમજાણું કાંઈ?

**'તેનો મૂળમાંથી નાશ કરવો તે સમ્યગ્દર્શન છે.'** વિપરીત અભિપ્રાય–મલિન પરિણામ અને સંયોગી ચીજ એ મારામાં છે એવો જે વિપરીત અભિપ્રાય, એ મારા જ્ઞાન સ્વરૂપ ચૈતન્ય શુદ્ધ છું એવા એકાગ્ર અભિપ્રાયથી એનો નાશ કરવો અને સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે એની પ્રતીતિ સ્વરૂપની એકાગ્રતા કરીને કરવી એનું નામ વિપરીત અભિનિવેશનો નાશ તેને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ?

વિપરીત અભિનિવેશનો વ્યય, અવિપરીત અભિપ્રાયની ઉત્પત્તિ. અવિપરીત એટલે કે જેવું શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્વરૂપ છે તેના અભિપ્રાયની ઉત્પત્તિ. વસ્તુ તો વસ્તુ તરીકે છે. કહો! સમજાણું આમાં? આ ભારે આકરું પડે વ્યવહારવાળાને. આચાર્ય કહે છે, અમે અબુધને, અજ્ઞાનીને વ્યવહારથી ઉપદેશ દઈએ છીએ. જો એ વ્યવહારને પકડીને બેસશે તો એ સાંભળવાને લાયક નથી. અમારે સંભળાવવું શું એને? એમ કહે છે. સમજાણું કાંઈ? ૬ઠી ગાથામાં એ કહ્યું. **'अबुधस्य बोधनार्थं'** અજ્ઞાનીઓને સમજાવવા માટે વ્યવહારથી ભેદ પાડીને વાત કરી. ત્યાં ભેદ પાડીને વાત કરતા એ ભેદ જ વસ્તુ સ્વરૂપ, સાધન છે એમ માની લે એને શી રીતે સમજાવવો શી રીતે? કહે છે. સમજાણું કાંઈ?

ભેદ સહિત, ભેદથી સમજાવ્યું પણ વસ્તુ ભેદ સહિત નથી. સમજાણું કાંઈ? દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા, એમ ભેદથી કહ્યું પણ એ ભેદસ્વરૂપ આત્મા નથી. તેથી તો ત્યાં (સમયસાર) ૮મી ગાથામાં કહ્યું કે, ભેદથી અમે કહીએ છીએ પણ અમારે ને તારે બન્નેને ભેદ અનુસરવા લાયક નથી. વ્યવહારનય ન અનુસરવા લાયક. એ તો વિકલ્પ ઉઠ્યો છે તો સમજાવવાને ભેદ પાડીને કહીએ છીએ. અને (તેં) પણ અભેદ સીધો જાણ્યો નથી તેથી અમે (કહ્યું કે) આ આત્મા અંદર દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા, પણ તારે અનુસરવા લાયક નથી. અમે કહ્યું ને તે લક્ષમાં લીધું (પણ) એ વ્યવહાર અનુસરવા લાયક નથી. આહાહા..! 'ચંદુભાઈ'!

મુમુક્ષુ :– સાંભળવું કાંઈક ને સમજવું કાંઈક ?

ઉત્તર :– સાંભળવું કાંઈક એમ છે નહિ, સાંભળવું જ આ છે. સાંભળવામાં વ્યવહારથી એને કહ્યું. સાંભળનારનું લક્ષ તો અભેદ ઉપર કરાવવું છે, બીજો કોઈ ઉપાય નથી. અભેદને સીધો જાણતો નથી ને અનાદિથી અભેદ શું છે એ એને અનુભવમાં નથી. તેથી એને બતાવવો છે અભેદ ચિદાનંદ ભગવાન વસ્તુ. આ જ્ઞાનને પ્રાપ્ત થાય, શ્રદ્ધા માને, સ્થિરતા જેમાં થાય એ આત્મા. એવા ત્રણ ભાગ પાડીને કહ્યું પણ એ ભાગ પાડીને કહ્યું એ વસ્તુ નથી. સમજાણું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કાંઈ?

એવા વિપરીત અભિપ્રાય જે છે (અર્થાત્) એ ભેદ છે એ આત્માને લાભદાયક છે... સમજાણું? વ્યવહારનયનો વિષય આત્માને લાભદાયક છે, એવો જે અભિપ્રાય તેને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપના સન્મુખની દૃષ્ટિથી તેનો નાશ કરવો. સમજાણું કાંઈ? તેનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. જુઓ! હવે આ સમ્યગ્દર્શન વ્યવહાર ને નિશ્ચય બેમાંથી ક્યું સમ્યગ્દર્શન હશે? વ્યવહાર સમ્યગ્દર્શન છે જ ક્યાં? આ જ સમ્યગ્દર્શન છે, આ જ પુરુષાર્થસિદ્ધિનો ઉપાય છે. અહીં પુરુષાર્થસિદ્ધિના ઉપાયની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ?

પુરુષ શબ્દે ચૈતન્ય સ્વરૂપ, પહેલા આવી ગયું છે એ. ચૈતન્ય સ્વરૂપ આત્મા છે, રાગ સ્વરૂપ કે સંયોગ સ્વરૂપ નથી. એવા આત્માની પર્યાયમાં મુક્તિની, સુખની સિદ્ધિ થવી એનો ઉપાય તેને અહીં પુરુષાર્થસિદ્ધિ ઉપાય કહે છે. એનો ઉપાય તો આ એક છે. પાછો કહેશે અંદર, **'બીજો કોઈ ઉપાય સર્વથા નથી.'** છેલ્લી લીટી, ભાવાર્થની છેલ્લી લીટી. મોટા અક્ષરે છપાવ્યું છે વળી. સમજાણું કાંઈ?

'ટોડરમલ્લજી'એ તો વસ્તુની સ્થિતિનું વર્ણન બહુ સરસ કર્યું પણ લોકોને, અત્યારના માણસને એની પોતાની પંડિતાય આગળ એનું અપ્રમાણ લાગે છે. પોતાની દૃષ્ટિ આર્ત પ્રમાણે નથી, આર્ત પ્રમાણે નથી. આર્ત પ્રમાણે એટલે પણ આર્તપણું આ નથી? 'વવહારોऽભૂદત્થો' એ આર્ત વાક્ય છે. વ્યવહાર તે અભૂતાર્થ છે. અભૂતાર્થ એટલે કે આશ્રય કરવા લાયક નથી. એના સન્મુખ રહેવા લાયક નથી, એનાથી વિમુખ થવા લાયક છે. પછી તો એનું સ્પષ્ટીકરણ કર્યું છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન એટલે કર્મના નિમિત્તથી થયેલા શુભાશુભભાવ અને સંયોગથી મળેલી ચીજ એ કર્મથી મળેલી છે બધી અને કર્મ પણ કર્મથી મળ્યું છે અંદર આઠ કર્મ પડ્યા છે, એ બધાથી સહિત માન્યો છે એનું નામ પર્યાયબુદ્ધિ, એનું નામ મિથ્યાબુદ્ધિ, એનું નામ મિથ્યાદૃષ્ટિ. એનાથી રહિત જ્ઞાયક સ્વભાવ સન્મુખ થઈ, એનાથી રહિત આત્મા છે એવો અભિપ્રાય કરવો એનું નામ સમ્યગ્દર્શન, પુરુષના સિદ્ધિની ઉપાયનો પહેલો ભાગ છે. કહો! સમજાણું કાંઈ?

**'તેનો મૂળમાંથી નાથ કરવો...'** ભાષા છે, જુઓ! છે ને? **'निरस्य'** નાશ કરીને. **'निरस्य'** શું શબ્દ છે? .... સમજાણું કાંઈ? બીજી વાત. એ સમ્યગ્દર્શન. હવે (કહે છે), **'કર્મજનિત પર્યાયથી ભિન્ન શુદ્ધ ચૈતન્યસ્વરૂપને યથાર્થપણે જાણવું તે સમ્યગ્જ્ઞાન છે...'** જુઓ! આ જ્ઞાન. રાગને જાણવું, સંયોગને જાણવું, શાસ્ત્રને જાણવું એને સમ્યગ્જ્ઞાન ન કહ્યું. એ કર્મજનિત વિકલ્પો છે કે સંયોગી ચીજ છે, એનાથી ભિન્ન શુદ્ધ ચૈતન્યમૂર્તિ અભેદ સ્વરૂપ, તેનું સ્વરૂપનું યથાર્થપણે જાણવું, એ જ્ઞાન પોતાના શુદ્ધ જ્ઞેયને બરાબર પકડીને વેદે, જાણે તેને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. કહો! સમજાણું આમાં?

www.vitragvani.com



'**કર્મજનિત પર્યાયથી ભિન્ન...**' ખરેખર તો શાસ્ત્રનું જાણપણું એ પણ કર્મજનિત પર્યાય છે, પરાલંબી. એ વ્યવહારની શ્રદ્ધા એ પરજનિત છે. સમજાય છે? એ બધા પરજનિત ભાવથી ભિન્ન શુદ્ધ ચૈતન્યસ્વરૂપને, શુદ્ધ જ્ઞાનસ્વરૂપને યથાર્થપણે અંતરમાં જ્ઞાયકપણાનું જ્ઞાન કરવું એનું નામ સમ્યગ્જ્ઞાન–પુરુષના સિદ્ધિનો બીજો ઉપાય છે. બીજો એટલે બીજો અવયવ, અંગ. ઉપાય તો એક જ (છે), ત્રણ થઈને એક જ છે. સમજાણું કાંઈ? કહો! 'રતિભાઈ'!

આ કેળવણી સમજ્યા વિના આ શી રીતે સમજે પહેલું ઓલો ભણ્યો હોય તો સમજે કે નહિ? એકજણાએ એમ પ્રશ્ન કર્યો, લ્યો! કે, આ પાંચ, દસ ભણ્યો ન હોય તો આ સમજે શી રીતે? માટે આ ભણવું એ લાભદાયક થાશે. આ સંસારનું, હોં! એક જણો એમ પૂછતો હતો. સંસારનું (ભણતર). આ ભણ્યા વિના શી રીતે એને ખ્યાલ આવશે? એમ. એય...! ઇ તો કેળવણી તો ઠીક પણ અહીં તો શાસ્ત્ર તરફનો પર સન્મુખનો બોધ એ પણ રાગ મંદથી થયેલો કોઈ સન્મુખ એ બોધ પણ સમ્યગ્જ્ઞાન નથી.

સમ્યગ્જ્ઞાન તો એ નિમિત્તના લક્ષે કંઈ ઉઘાડ આદિ થયેલો, પરમાં થયેલો, પરના લક્ષે (થયેલો ઉઘાડ), એ બધા ભાવથી ભિન્ન શુદ્ધ ચૈતન્ય એકલો અભેદ ચૈતન્ય સ્વભાવ તેનું અંદર જ્ઞાન કરવું એને સમ્યગ્જ્ઞાન કહે છે. સમજાણું કાંઈ?

હવે આવી ચારિત્રની વ્યાખ્યા, જુઓ! આ નિશ્ચય સમ્યગ્દર્શન અને નિશ્ચય સમ્યગ્જ્ઞાન બે થઈ. 'દાસ'! હવે ચારિત્ર કોને કહેવું? આ વાંધા અત્યારે ઉઠે એના બધા ખુલાસા આમાં (છે). '**કર્મજનિત પર્યાયોથી...**' જુઓ! પેલો શુભરાગ આદિ કર્મજનિત પર્યાય છે. મહાવ્રતના પરિણામ, અણુવ્રતના પરિણામ એ બધા કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલા ઉપાધિભાવ છે. એનાથી '**ઉદાસીન થઈ...**' લ્યો! મુનિપણું. 'માંગીરામજી'! આહાહા..! ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવે ભરેલો ભંડાર, તેના સન્મુખની દૃષ્ટિ અને પરથી વિમુખની દૃષ્ટિ એ સમ્યગ્દર્શન. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપના સન્મુખનું અંતર્મુખનું જ્ઞાન એને જ્ઞાન (કહીએ) અને રાગાદિ વિકલ્પ ને શરીર આદિની પર્યાયો આમ જે દયામાં નિમિત્ત પર્યાય શરીરની થાય, ભક્તિમાં પણ આ શરીરની પર્યાય પૂજામાં નિમિત્ત થાય, એ બધી પર્યાયો ને રાગ એનાથી ઉદાસીન થઈ, ખસીને ઉદાસીન એટલે ત્યાંથી ખસીને '**સ્વરૂપમાં અકંપ-સ્થિર રહેવું...**' જેવું શુદ્ધ સ્વરૂપ દર્શનમાં, પ્રતીતમાં લીધું છે, જેવું શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન, જ્ઞાનમાં કર્યું છે એવા જ સ્વરૂપમાં–શુદ્ધ સ્વરૂપમાં રાગથી ફરી ખસીને, રાગથી ખસીને શ્રદ્ધા-જ્ઞાન તો કર્યું હતું પણ અસ્થિરતા હતી, હવે એ રાગના વિકલ્પથી ખસીને સ્વરૂપમાં શુદ્ધતામાં ઠરવું એનું નામ ચારિત્ર ને એનું નામ મુનિપણું છે. કહો! સમજાણું આમાં? વ્યવહાર વ્રત આદિ એ ચારિત્ર નથી એમ કહે છે.

પંચ મહાવ્રતના અહિંસા સત્ય, દત્ત, બ્રહ્મચર્યના વિકલ્પો જે છે એ ચારિત્ર નથી, એ અચારિત્ર છે. એનાથી ઉદાસીન થઈ, ઉદાસીન (એટલે) ખસીને આમાં આસન લગાવી દેવું. શુદ્ધ સ્વરૂપમાં સ્થિરતા, સૂરતા લગાવી દેવી એનું નામ ભગવાન પરમેશ્વર પુરુષના ઉપાયનો,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પુરુષના સિદ્ધિના ઉપાયનો ચારિત્ર માર્ગ કહે છે. આ ચારિત્ર. કહો! દેહની ક્રિયા એ ચારિત્ર નહિ, શુભ પરિણામ મહાવ્રત આદિના ઉઠે એ પણ ચારિત્ર નહિ. કહો! 'વલ્લભદાસભાઈ'! પણ આ તો બધું હજી ઠેકાણા વિના, દર્શન વિના પેલા એકલા વ્રતના પરિણામ એ અમારા ચારિત્ર છે, (એમ કહે છે), લ્યો! કઠણ એટલે કષ્ટદાયક છે એટલે કઠણ છે. માટે એ લોકો એને ચારિત્ર માનતા નથી એમ કહે છે, ભારે ભાઈ! આ વ્રત પાળવા એ કષ્ટદાયક છે, કઠણ છે માટે એને ચારિત્ર કહેતા નથી. અરે..! ભગવાન! જેને દુઃખદાય લાગે એ પરિણામ જ મિથ્યાત્વના છે. ચારિત્ર દુઃખદાયક માનવું એ ચારિત્રને વિપરીત માન્યું છે.

ચારિત્ર તો આનંદદાયક છે, ચારિત્ર આનંદદાયક છે. ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપમાં રમે, રમે, ચરે, જમે, સ્થિર થાય એ તો આનંદનો અનુભવ છે, અતીન્દ્રિય આનંદ ને શાંતિનું વેદન છે. ચારિત્ર કષ્ટદાયક હોય નહિ. ચારિત્રને કષ્ટદાયક માને તે ચારિત્ર ગુણની વિપરીત માન્યતા મિથ્યાત્વ છે. આહાહા..! શું કરવું આમાં? એ... 'દાસ'! મોટું આખું વિલ ફરી ગયું છે.

કહે છે, ભગવાન આત્મા પરમાનંદનો સમરસી ચારિત્ર સ્વરૂપ જ છે ઇ. ચારિત્ર એટલે કે જેમ જ્ઞાયક સ્વરૂપ છે જ્ઞાન, એમ ચારિત્ર એટલે સમરસ સ્વરૂપ આત્મા છે, સમરસ સ્વરૂપ વીતરાગી ઘન છે. જ્ઞાનઘન છે એમ વીતરાગી ઘન છે એમાં ઠરવું ને ખસવું નહિ એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. કહો! સમજાણું કાંઈ? હજી ચારિત્ર કોને કહેવું સાંભળ્યું ન મળે ને થઈ ગયા ચારિત્ર. 'શોભાલાલજી'! ભગવાન આત્મા શુદ્ધ પરમાનંદનો કંદ, રસકંદ વિજ્ઞાનઘન છે એની સન્મુખની પ્રતીત, તેના સન્મુખનું જ્ઞાન ને તેના સન્મુખમાં ઠરવું, રાગથી વિમુખ થવું. કહો! સમજાય છે કાંઈ?

**'કર્મજનિત પર્યાયોથી ઉદાસીન થઈ...'** તેનાથી ઉપેક્ષા કરી **'સ્વરૂપમાં અકંપ-સ્થિર રહેવું...'** ભગવાન આત્મા સમરસીબિંબ, સમરસીબિંબ તેમાં ઠરવું **'તેને સમ્યક્ચારિત્ર છે.'** એ સમ્યક્ચારિત્ર છે. ત્રણેની વ્યાખ્યા બહુ સ્પષ્ટ થઈ ગઈ. 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ'. 'તત્ત્વાર્થસૂત્ર'. આ ત્રણેની આ વ્યાખ્યા. સમજાણું કાંઈ? અભેદથી ભલે વાત કરી છે, વસ્તુ તો આ ત્રણ છે.

**'એ ત્રણે ભાવોનો સમૂહ...'** એમ કહે છે, ત્રણે થઈને એક મોક્ષમાર્ગ છે, ત્રણ મોક્ષમાર્ગ નથી, એમ. **'એ ત્રણે ભાવોનો સમૂહ તે જ આ જીવને કાર્ય સિદ્ધ થવાનો ઉપાય છે,...'** 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે ને નામ? ચોથું પદ છે ને એમાં? **'पुरुषार्थसिद्धयुपायोऽयम्'** ચોથું પદ, ૧૫મી ગાથા ચાલે છે તે. **'पुरुषार्थसिद्धयुपायोऽयम्'** આ ત્રણે ભાવોનો, પર્યાય એક છે, એનું એકરૂપ **'તે જ આ જીવને કાર્ય સિદ્ધ થવાનો...'** જુઓ! **'કાર્ય સિદ્ધ થવાનો ઉપાય છે.'** આત્માનું કાર્ય–મોક્ષ તેને સિદ્ધ થવાનું આ કારણ છે. મોક્ષ એવું જે કાર્ય એનો ઉપાય એટલે કારણ. આ ત્રણ કારણ તે આ જ એક ઉપાય છે. સમજાણું કાંઈ?

શ્રાવક આચાર વર્ણવવો છે એના પહેલા આ વસ્તુ વર્ણવી. આ વસ્તુના ભાન વિના

www.vitragvani.com



એને શ્રાવકના, વ્રતના વ્યવહારો વિકલ્પ જે ઉઠે એને વ્યવહાર પણ કહેવાય નહિ, આ ભાન વિના. આવું સમ્યક્ અનુભવ ને દૃષ્ટિ છે પછી તેમાં સ્થિરતાનો અંશ જરી આવ્યો છે એને શ્રાવકના બાર વ્રતના વિકલ્પો ઉઠે છે એ પુણ્યભાવરૂપી વ્યવહાર છે એમ ત્યાં સિદ્ધ કરવા માગે છે. સમજાણું કાંઈ? પછી વ્રતમાં દોષ લાગે તો, અતિચાર લાગે તો ટાળવા એ બધી વ્યાખ્યા વિકલ્પની છે. આહા..! સમજાણું કાંઈ?

એ ત્રણે ભાવોનો સમૂહ તે જ આ જીવને કાર્ય નામ મોક્ષરૂપી પ્રયોજન સિદ્ધ થવાનો આ એક જ ઉપાય છે. **'બીજો કોઈ ઉપાય સર્વથા નથી.'** લ્યો! આમાં એક જ ઉપાય છે, બે નથી એમ ન આવ્યું આમાં? પણ એ તો આર્ત વાક્ય ક્યાં છે એમ કહે છે. આવા ને આવા. પણ અહીં શું કહે છે? **'यत्तस्मादविचलनं विपरीताभिनिवेशं निरस्य सम्यग्व्यवस्य निजतत्त्वम् यत्तस्मादविचलनं स एव, स एव निश्चय पुरुषार्थसिद्धयुपायोऽयम्'** અહીં તો અસ્તિથી વાત કરે છે ને! શૈલી અસ્તિથી કરી. 'નમઃ સમયસારાય' માં પણ ટૂંકી વાત કરી છે ને? સમજાણું કાંઈ? **'બીજો કોઈ ઉપાય સર્વથા નથી.'** કહો! ભાઈ! 'સર્વથા' જૈન શાસનમાં હોય નહિ, એમ વળી આવે છે. મોટી તકરાર એની. તો મોક્ષમાં પૂર્ણ આનંદ કદાચ હોય નહિ, સર્વથા પૂર્ણાનંદ હોય નહિ. એનો શું અર્થ? (સર્વથા ન હોય તો પછી) મિથ્યાત્વનો સર્વ નાશ ન થાય, અચારિત્રનો સર્વથા નાશ ન થાય, મિથ્યાજ્ઞાનનો સર્વથા નાશ ન થાય. સર્વથાનો શું અર્થ? સર્વથા આત્મા દ્રવ્યે શુદ્ધ છે એમ પણ ન કહેવાય. કથંચિત્ શુદ્ધ, કથંચિત્ અશુદ્ધ દ્રવ્ય? પર્યાય અશુદ્ધ છે પણ વસ્તુ તરીકે કથંચિત્ શુદ્ધ ને કથંચિત્ અશુદ્ધ એમ હશે?

અહીં તો (કહે છે), **'બીજો કોઈ ઉપાય સર્વથા નથી.'** એક જ આત્મા શુદ્ધ સ્વરૂપે બિરાજમાન પ્રભુ, એ વિકારી પર્યાયના અભિપ્રાયથી ખસીને સ્વરૂપની દૃષ્ટિ કરવી, વિકારી પર્યાયથી ખસીને સ્વરૂપનું જ્ઞાન (કરવું), વિકારી પર્યાયથી ખસીને સ્વરૂપમાં ઠરવું, આ એક જ આત્માને મોક્ષના ઉપાયનું કારણ–ઉપાય છે. કહો! બહું સારો શ્લોક આવ્યો છે 'વલ્લભદાસભાઈ'! આ સિવાય બીજી રીતે માર્ગ વીતરાગ માર્ગમાં છે નહિ. અન્યમાં તો છે જ નહિ, અન્યમાં તો છે જ નહિ.

**'બીજો કોઈ ઉપાય...'** એટલે ઉપાય એટલે બીજો માર્ગ થયો ને? કારણ. ઉપાય શબ્દે બીજું કારણ, માર્ગ એટલે બે કોઈ કહે. નિશ્ચય માર્ગ અને વ્યવહાર માર્ગ. માર્ગ એટલે કારણ, માર્ગ એટલે ઉપાય. તો અહીં બીજો કોઈ ઉપાય નથી એટલે બીજો કોઈ માર્ગ નથી. બીજો કોઈ ઉપાય નથી કહો કે બીજો કોઈ માર્ગ નથી કહો કે બીજું કોઈ કારણ નથી એમ કહો બન્ને એક જ છે. 'ઉપાય' શબ્દ પડ્યો છે ને અંદર? **'पुरुषार्थसिद्धयुपायोऽयम्'** પુરુષાર્થસિદ્ધિનું કારણ આ, પુરુષાર્થસિદ્ધિનો હેતુ આ, પુરુષાર્થસિદ્ધિનો માર્ગ આ. એને બીજો માર્ગ છે નહિ. કહો! એમાં આવે છે કે નહિ? અહીંના તો બધા હા પાડે છે. સમજ્યા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

વિના હા પાડે છે. અમારા પંડિતજીને એવું ઠરાવે છે. નિમિત્તની મુખ્યતા હતી, પેલું તો પહેલું હતું એમણે પણ પાછું ફેરવી નાખ્યું. કોણ જાણે. વિભંગ, વિભંગ પેલું નહિ, વિભંગ એટલે વિપરીત ભંગ, એમ. વિભંગ અજ્ઞાન ઇ નહિ, વિપરીત ભંગવાળો. કહો! સમજાણું આમાં?

**'विपरीताभिनिवेशं निरस्य सम्यग्व्यवस्य निजतत्त्वम् यत्तस्मादविचलनं स एव, स एव'** લ્યો! સમજાણું? **'पुरुषार्थसिद्धयुपायोऽयम्'** લ્યો! આ મોટી ... **'स एव'** પુરુષાર્થસિદ્ધિઉપાય માર્ગ, ઉપાય એટલે માર્ગ ઉપરનું વજન છે અત્યારે. ઉપાય એટલે માર્ગ, કારણ, ઉપાય. આ એક જ માર્ગ છે, આ એક જ ઉપાય છે, આ એક જ કારણ છે. કહો! સમજાણું કાંઈ?

પહેલા પદમાં સમ્યગ્દર્શનની વ્યાખ્યા, બીજામાં સમ્યગ્જ્ઞાનની, ત્રીજામાં ચારિત્રની અને ચોથામાં એ ત્રણેયનું એકપણું એક જ માર્ગ છે એમ ચાર પદ કીધાં. લ્યો! સમજાણું કાંઈ? ભાઈ! રાતે વાત ચાલતી હતી ને? ભાઈ! આ બે ઉપાય નિરૂપણ, નિરૂપણ કર્યા કરે છે. શું કરે પણ માણસને... ભારે અકળામણી છે. એને વળી જવાબ દેવામાં રોકાવું, એને વળી એને માટે ગોતવું ને... કાળ એવો છે ને. કહો! 'શોભાલાલજી'! બરાબર આવ્યું ને? આ ચોખ્ખી વાત છે.

એક જ માર્ગ છે, એક જ ઉપાય છે, એક જ કારણ છે. કાર્યનું એક કારણ છે, મોક્ષરૂપી કાર્ય એનું એક કારણ છે. કોણ? કે, આત્મા શુદ્ધ સ્વરૂપ (છે) તેને વિપરીત અભિનિવેશ રહિત સમ્યગ્દર્શન પ્રગટ કરવું, તેને વિપરીત પરના જ્ઞાનથી રહિત સ્વરૂપનું જ્ઞાન કરવું, રાગથી ઉદાસીન થઈને સ્વરૂપમાં ઠરવું આ એક જ પ્રકારનું, મોક્ષરૂપી કાર્યનું એક કારણ છે. કાર્યના બે કારણ અહીં ના પાડે છે, ભાઈ! લ્યો! આ તો પેલા (કહે છે), બે કારણનું એક કાર્ય, બે કારણનું... આહાહા..! આ કાર્યનું એક જ કારણ છે એમ સિદ્ધ કર્યું. 'વજુભાઈ'!

મુમુક્ષુ :–

ઉત્તર :– એ તો એક બીજું હોય છે, વ્યવહારના શાસ્ત્રોમાં બીજું હોય વ્યવહાર એનું જ્ઞાન કરાવે છે અહીં એ પ્રશ્ન કર્યો, ભાઈ 'ફૂલચંદજી' એ લખ્યું એમ કે વ્યવહાર છે એ જ્ઞાન કરાવવા (માટે છે), એ તમે તમારી કલ્પનાથી લખ્યું છે. વ્યવહાર જ્ઞાન કરાવવા માટે છે એમ ક્યાં વાત ફેલાવો છો? 'ખાણિયા ચર્ચા' માં લખ્યું છે. એનો અર્થ કે, આ વસ્તુ જાણી છે ત્યારે એક રાગાદિ હજી બાકી રહ્યો છે, શાસ્ત્રનું જ્ઞાન છે, વ્રતનો વિકલ્પ છે એને વ્યવહાર કહે છે, એ જાણવામાં નિમિત્ત કહે છે. એટલે આ ઉપાદાનનું જ્ઞાન થયું ત્યારે એ નિમિત્તનું જ્ઞાન થાય છે. કરવું એ તો સ્વપરનું જ્ઞાન એવું જ રહી જાય છે. એને આનું જ્ઞાન થતાં આવું હોય એનું જ્ઞાન ત્યાં સ્વતઃ રહી જાય છે, થાય છે. એથી તેનું

www.vitragvani.com



જ્ઞાન કરવા લાયક છે એમ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ?

જ્ઞાનનો સ્વભાવ તો સ્વ-પરપ્રકાશક છે ને! સ્વનું શુદ્ધનું જ્ઞાન થયું ત્યારે અંદર રાગ બાકી છે એને વ્યવહાર સમકિતનો આરોપ ઉપચારથી નિમિત્ત દેખીને કહે છે એમ જાણવું. શાસ્ત્રના જ્ઞાનને નિમિત્ત તરીકે પરાલંબી છે એને નિમિત્ત તરીકે છે એમ જાણવું. તેમ અહીં જ્ઞાન કરાવ્યું. તો જ્ઞાન કરવું એ કાંઈ નવું જ્ઞાન કરવું નથી. એ તો સ્વનું જ્ઞાન થતા સ્વ-પરપ્રકાશક જ્ઞાન જ એવું પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? (સમયસાર) ૧૧મી ગાથામાં કીધું એની ૧૨માં સંધિ છે.

ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થયું તો હવે એને કાંઈ જાણવા લાયક અપૂર્ણ કાંઈ અધૂરી દશા રહે છે કે નહિ? કે પૂર્ણ થઈ ગયો? પૂર્ણનો આશ્રય કરીને દર્શન થયું, પર્યાયમાં પૂર્ણ થયો નથી. તેથી પર્યાયમાં હજી થોડી અશુદ્ધતા છે, શુદ્ધતાના અંશો પહેલા કરતા વધે છે એવા બધા ભેદને જાણવું એ પ્રયોજનવાન છે. એ એમાં ન આવ્યું જાણવું ઇ? ક્યાં આવું આવ્યું? એમ કહે છે. વ્યવહારને જાણવું એ પણ છે એ વાત તમે જ કહો છો, નિમિત્તનું જ્ઞાન કરાવવા (માટે છે એ તમે જ કહો છો). આ શું કીધું? 'तदात्वे'. 'तदात्वे' છે ને? કાલે બપોરે 'तदात्वे' આવ્યું હતું ને? કાલે આવ્યું હતું, લ્યો! એ કાળે જાણવા લાયક છે, બરાબર વાત છે.

આત્મા પોતાના સ્વરૂપનું જ્ઞાન, શ્રદ્ધા ને સ્થિરતા કરે છે ત્યારે કાંઈક બાકી રહી જાય છે એ જાણવા લાયક રહી જાય છે. એવો જ્ઞાનનો સ્વભાવ જ એ જાતનો સ્વ-પરપ્રકાશકનો ઊભો થાય છે. આને જાણવું એવું કાંઈ નવું જ્ઞાન પ્રગટ કરવું નથી. સમજાણું કાંઈ? પણ એ રીતે જાણવાની દશા જ એવી (રહી જાય છે). કેવળજ્ઞાનીને પૂર્ણ (દશા) હોય છે, આખું છે એટલે કંઈ એને (જાણેલો પ્રયોજનવાન એવું રહેતું નથી). આને અહીં (નીચલા ગુણસ્થાને) થોડું થોડું એટલે સ્થિરતા થોડી વધતી જાય કે અશુદ્ધતા ઘટતી જાય છે તેવું એને જ્ઞાન હોય છે, બસ. સમજાણું કાંઈ?

**'જે આ ઉપાયમાં લાગે છે તેમનું વર્ણન આગળ કરે છે -'** એકદમ ત્રણેની જુદી વાત કરે ને? હવે મુનિની વાત કરે છે. દર્શન, જ્ઞાન ને ચારિત્ર ત્રણેમાં જેની લીનતા છે તેને મુનિ કહેવામાં આવે છે. તેથી આ ત્રણેની વાત કરીને ત્રણેની એકતાની દશા હોય એની મુનિની વાત કરે છે. સમજાણું કાંઈ? જે આ ઉપાયમાં લાગે છે, દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે, હોં! ત્રણે એક જ માર્ગ, **'તેમનું વર્ણન આગળ કરે છે.'**

www.vitragvani.com



# ગાથા–૧૬

જે આ ઉપાયમાં લાગે છે તેમનું વર્ણન આગળ કરે છે -

अनुसरतां पदमेतत् करम्बिताचारनित्यनिरभिमुखा।
एकान्तविरतिरूपा भवति मुनीनामलौकिकी वृत्तिः।।१६।।

અન્વયાર્થ :– [ एतत् पदम् अनुसरतां ] આ રત્નત્રયરૂપ પદવીને અનુસરનાર અર્થાત્ પ્રાપ્ત કરેલ [ मुनीनां ] મહામુનિઓની [ वृत्तिः ] વૃત્તિ [ करम्बिताचारनित्यनिरभिमुखा ] પાપક્રિયા મિશ્રિત આચારોથી સર્વથા પરાઙ્મુખ તથા [ एकान्तविरतिरूपा ] પરદ્રવ્યોથી સર્વદા ઉદાસીનરૂપ અને [ अलौकिकी ] લોકથી વિલક્ષણ પ્રકારની [ भवति ] હોય છે.

ટીકા :– 'एतत्पदं अनुसरतां मुनीनां वृत्तिः अलौकिकी भवति' - આ રત્નત્રયરૂપ પદવીને પ્રાપ્ત થયેલા જે મહામુનિઓ છે તેમની રીત લોકરીતિને મળતી આવતી નથી. તે જ કહીએ છીએ. લોકો પાપક્રિયામાં આસક્ત થઈ પ્રવર્તે છે, મુનિ પાપક્રિયાનું ચિંતવન પણ કરતા નથી. લોકો અનેક પ્રકારે શરીરની સંભાળ રાખે, પોષે છે, મુનિ અનેક પ્રકારે શરીરને પરીષહ ઉપજાવે છે અને પરીષહ સહે છે. વળી લોકોને ઇન્દ્રિય વિષયો બહુ મીઠા લાગે છે, મુનિ વિષયોને હળાહળ ઝેર સમાન જાણે છે.

લોકોને પોતાની પાસે માણસોનો સંગ-સમુદાય ગમે છે. મુનિ બીજાનો પણ સંયોગ થતાં ખેદ માને છે. લોકોને વસ્તી ગમે છે, મુનિને નિર્જન સ્થાન સારું લાગે છે. ક્યાં સુધી કહીએ? મહા મુનીશ્વરોની રીત લોકોની રીતથી ઉલટારૂપે હોય છે. કેવી છે મુનીશ્વરોની પ્રવૃત્તિ? 'करम्बिताचारनित्यनिरभिमुखा' - પાપક્રિયા સહિતના આચારથી પરાઙ્મુખ છે. જેમ શ્રાવકનો આચાર પાપક્રિયાથી મિશ્રિત છે, તેમ મુનીશ્વરોના આચરણમાં પાપનો મેળાપ નથી અથવા કરંબિત એટલે કર્મજનિત ભાવમિશ્રિત જે આચરણ તેમાં પરાઙ્મુખ છે, કેવળ નિજસ્વરૂપને અનુભવે છે તે માટે એકાંત વિરતિરૂપા એટલે સર્વથા પાપક્રિયાના ત્યાગસ્વરૂપ છે અથવા એક નિજસ્વભાવના અનુભવ વડે સર્વથા પરદ્રવ્યોથી ઉદાસીન સ્વરૂપ છે. રત્નત્રયના ધારક મહામુનિઓની એવી પ્રવૃત્તિ છે. ૧૬.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

## ગાથા–૧૬ ઉપર પ્રવચન

**अनुसरतां पदमेतत् करम्बिताचारनित्यनिरभिमुखा।**
**एकान्तविरतिरूपा भवति मुनीनामलौकिकी वृत्तिः।।१६।।**

લ્યો! એકાંત આવ્યું આમાં, જુઓ! એકાંત છે ને? '**एकान्तविरतिरूपा भवति मुनीनामलौकिकी वृत्तिः**' લ્યો! 'માંગીરામજી'! આ મુનિનું વ્યાખ્યાન આવ્યું. એ કાલે પૂછતા હતા. '**આ રત્નત્રયરૂપ પદવીને અનુસરનાર...**' ભગવાન આત્માનું અંતર અનુભવનું સમ્યગ્દર્શન, એનું જ્ઞાન અને તેમાં રાગથી ખસીને સ્વરૂપમાં રમણતા (થવી) એવો જે નિશ્ચય રત્નત્રયરૂપ પરિણામ. તેવી '**પદવીને અનુસરનાર અર્થાત્ પ્રાપ્ત કરેલ (પુરુષ) મહામુનિઓની એવા મહા સંતોની વૃત્તિ...**' '**करम्बिताचारनित्यनिरभिमुखा**' '**પાપક્રિયા મિશ્રિત આચારોથી...**' શ્રાવકોને હજી તો કંઈ પાપ મિશ્રિત ક્રિયા હોય છે. એથી એને અહીં કહેવા માગે છે, '**મુનિને પાપક્રિયા મિશ્રિત આચારોથી સર્વથા પરાઙ્મુખ...**' બિલકુલ પરાઙ્મુખ. '**एकान्तविरतिरूपा**' '**પરદ્રવ્યોથી સર્વદા ઉદાસીનરૂપ...**' એની વ્યાખ્યા કરી. '**एकान्तविरति**' '**પરદ્રવ્યોથી સર્વદા ઉદાસીનરૂપ...**' આમાં શું અર્થ કર્યો છે? એકાંતવિરતિની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ? આ તો એકાંત આવ્યું ને? આ બાજુમાં એકાંત ઢળી ગયો છે. '**एकान्तविरतिरूपा**' '**પરદ્રવ્યોથી સર્વદા ઉદાસીનરૂપ અને લોકથી વિલક્ષણ પ્રકારની હોય છે.**' દુનિયા કરતા મુનિઓની ચારિત્ર દશા અલૌકિક, અલૌકિક દુનિયાથી જુદી જાતની હોય છે. સમજાણું કાંઈ? એકાંત આવ્યું. '**विरतिरूपा**' કહ્યું છે ને? વિરતિ એટલે ઉદાસીન લીધું. ૧૬મી ગાથા છે ને? ૧૬મી. વિરતિ એટલે એકાંત નથી, સર્વથા કર્યું. આણે એકાંત અને સર્વથા કહ્યું છે. સર્વથા અર્થ કર્યો, એકાંતને સર્વથા કહ્યું. એકાંત એટલે સર્વદા, સર્વથા ઉદાસીનરૂપ '**विरतिरूपा**' સર્વદ્રવ્યોથી એમ.

મુનિઓની વૃત્તિ ચારિત્ર દશા, અંતર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સહિતની અંતર રમણતા અલૌકિક વૃત્તિ છે, અલૌકિક છે. લોકોત્તર પરિણતિ છે. પરદ્રવ્યથી, રાગાદિથી અને બધી પરવસ્તુથી ઉદાસીનરૂપ અલૌકિક લોકથી વિલક્ષણ પ્રકારની અંતર મુનિની દશા હોય છે. એને આ રત્નત્રયનો ઉપાય પરિણમેલો કહેવામાં આવે છે. કહો! સમજાણું કાંઈ?

જુઓ! આ શ્રાવકમાં પણ આ પહેલું લીધું. પહેલું લઈને પછી કહે કે, એવું ન પાળી શકે એને શ્રાવકપણું હોય, એમ. એ માટે આ વાત પહેલી લીધી. પૂર્ણ બતાવીને પૂર્ણના પાળનારા આવા હોય છે. એવું ન પાળી શકે તેને શ્રાવકપણું અંગીકાર કરવું એમ કહેશે. એથી આ વાત અહીં ઉપાડી છે. સમજાણું કાંઈ?

www.vitragvani.com



આ..હા..! પરમેશ્વર દશા એ તો. મુનિદશા એટલે બાહ્યમાં નગ્નદશા હોય અંતરમાં અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ હોય પણ એનાથી ઉદાસીન છે એમ અહીં તો કહે છે. શુભભાવથી પણ ઉદાસીન છે. અશુભભાવ તો એને હોય નહિ. પણ જે એને અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પની દશા ઉત્પન્ન થાય ને શરીરની નગ્ન દશા (થાય) એનાથી પણ અંતરમાં તો ઉદાસ છે. સમજાણું કાંઈ? એટલે એની ઉપેક્ષા કરીને સ્વભાવની અપેક્ષામાં ઠરેલ છે. આહા..!

મુનિ મુનિ એટલે? જેને ગણધરદેવનો નમસ્કાર પહોંચે! ચાર જ્ઞાન, અંગ-પૂર્વનું (જ્ઞાન) જેને અંતર્મુહૂર્તમાં પ્રગટ થાય. અંતર્મુહૂર્તમાં વધે એનો જેને નમસ્કાર પહોંચે એ તે કેવી દશા! ભાઈ! આહા..! ગણધર 'સીમંધર' ભગવાનના ગણધર બિરાજે છે. એ પણ જ્યારે વિકલ્પથી નવકારમાં આવે (તો કહે), ણમો લોએ સવ્વ સાહૂણં. ણમો લોએ સવ્વ આઈરિયાણં, ણમો લોએ સવ્વ ઉવ્વજ્ઝાયાણાં. અહો..! સંત તારા ચરણમાં મારો નમસ્કાર! જે રાજા–ભગવાન તીર્થંકર ધર્મરાજા, તેના દિવાન, એવા પરમેશ્વરના સમીપમાં બેઠેલા, સમીપમાં રહેલા, કેવળજ્ઞાન પામવાની જેને સમીપતા છે એવા મુનિઓ, ગણધરો પણ કહે છે, અહો..! મુનિ! તારી અલૌકિક પરિણતિ છે, તારી અલૌકિક દશા છે. અંદર દર્શન અનુભવ, સ્વનું સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપમાં રમણતા, શુભરાગથી પણ ઉદાસીન થઈ, એ જે મોક્ષના કાર્યના કારણનું સેવન તું કરે છો (એ) અલૌકિક વૃત્તિ છે. લૌકિકપણું રહ્યું નથી ત્યાં. જુઓ! ભાષા કેવી છે! લૌકિકપણું નથી. પેલો વ્યવહાર જે રાગાદિ છે ને એ તો લૌકિક વ્યવહાર છે. સમજાણું કાંઈ?

**'अलौकिकी भवति'** એમ કહ્યું છે ને? અલૌકિક હોય છે, અલૌકિક. એ રાગનો વિકલ્પ કાંઈ અલૌકિક નથી. આહાહા..! **'एकान्तविरतिरूपा अलौकिकी भवति'** વાહ! વૃત્તિ, વૃત્તિ શબ્દ ને? જુઓને! મહા મુનિઓની વૃત્તિ શબ્દ પડ્યો છે. વૃત્તિ એટલે પરિણતિ. છે ને? પાઠમાં જ છે, જુઓ! ૧૬મી ગાથાનો છેલ્લો શબ્દ છે–વૃત્તિ. **'मुनिनामलौकिकी वृत्तिः'** ૧૬મી ગાથા છેલ્લું પદ. **'मुनिनामलौकिकी वृत्तिः'** મુનિઓની અલૌકિક પરિણતિ છે. આહાહા..! સમજાણું કાંઈ? અલૌકિક પરિણતિ હોય છે એમ લેવું. મુનિ નામ અલૌકિક વૃત્તિ. **'एकान्तविरतिरूपा भवति'** એમ. વાહ! સમજાણું કાંઈ?

જેને અતીન્દ્રિય પ્રચુર સ્વસંવેદન (પ્રગટ્યું છે), આનંદની દશામાં રમે છે અંદર, પ્રચુર અતીન્દ્રિય આનંદની દશામાં જામી ગયા છે અંદર, ઢીમ, ઢીમ થઈ ગયા છે. એવી અંદર દર્શન, જ્ઞાન સહિતની ચારિત્રની રમણતા એવી જેની અલૌકિક પરિણતિ છે એને **'एकान्तविरतिरूपा'** દશા થઈ ગઈ છે. સર્વદા એને તે જ નિરંતર પરિણતિ સદા એવી વર્તે છે એમ પાછું કહે છે. એકાંતનો અર્થ ભલે સર્વદા કહ્યો. એને સર્વદા રાગથી નિવૃત્તિરૂપ અલૌકિક પરિણતિ, વીતરાગી પરિણતિ, દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રચુર સ્વસંવેદન સહિત સદા પરિણતિ અલૌકિકી વર્તે છે. એ અલૌકિકી વૃત્તિ તે ચારિત્ર છે. કહો! 'ખોડીદાસભાઈ'!

આહાહા..! ભાષા શું કરી છે? જુઓને! લોકથી વિલક્ષણ પ્રકારની. વ્યવહાર આદિ વિકલ્પ છે એથી વિલક્ષણ આ તો છે. સમજાણું કાંઈ? કહ્યું ને? વ્યવહારનય લૌકિક... 'દ્રવ્યસંગ્રહ' માં લીધું છે. લોકોક્તિ.

આ મુનિપણું, આ ત્રણની એકતાનો સમૂહ દર્શન, જ્ઞાન ને ચારિત્ર. ભગવાન આત્મામાં જામી ગયા છે, જામી ગયા છે. એવા જામ્યા છે કે અંતરથી નીકળવું જ એને ગોઠતું નથી. એ '**एकान्तविरति**' સર્વદા ઉદાસીનરૂપ છે. કોઈ વખતે ઉદાસીન ને કોઈ વખતે કંઈક એમ નહિ, એમ કહે છે. એકાંત એક પક્ષમાં ઉદાસીનપણે જ સદા પડ્યા છે એમ કહે છે. આહાહા..! એને દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાનો મોક્ષમાર્ગનો એ કારણ ભાવ, તે કાર્યનું કારણ આ મુનિને પૂર્ણ પ્રગટેલું હોય છે, તેને મુનિની વૃત્તિ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૯, ગાથા–૧૬. સોમવાર, પોષ સુદ ૬, તા. ૧૬-૦૧-૧૯૬૭

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' 'અમૃતચંદ્રાચાર્ય' કૃત ૧૬મી ગાથા. ટીકા ૨૨મે પાને છે. '**एतत्पदं अनुसरतां मुनीनां वृत्तिः अलौकिकी भवति**' શું કહે છે? '**एतत्**' એટલે '**આ રત્નત્રયરૂપ પદવીને પ્રાપ્ત થયેલા...**' માથે કહ્યું હતું, ૧૫મી ગાથામાં કહ્યું હતું કે, સમ્યગ્દર્શન એટલે શું? કે, આત્મામાં કર્મના નિમિત્તથી થયેલા પુણ્ય-પાપના વિકલ્પો, વિકાર અને કર્મના નિમિત્તથી મળેલી બાહ્યની સામગ્રી, બન્નેથી રહિત આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે. એ પુણ્ય-પાપના વિકલ્પ રાગ અને બાહ્ય સંયોગ એ કર્મજન્ય ઉપાધિ (છે), એનાથી ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ભિન્ન છે એવો આત્માનો અનુભવ કરવો એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન કહેવાય છે. કહો! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વીતરાગ સમરસી સ્વરૂપ છે આત્મા. એને એના વિષમ શુભ ને અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિ કે કામ, ક્રોધ શુભાશુભભાવ એ વિષમભાવ છે, એનાથી સમભાવને ભિન્ન પાડી, વિષમભાવથી ભિન્ન સ્વરૂપ છે એમ અંતરમાં સન્મુખ દૃષ્ટિ કરી અને આત્માના અનુભવમાં પ્રતીત કરવી તેને સમ્યગ્દર્શન કહે છે. આ રત્નત્રય પદવી કીધીને એ પહેલી સમ્યગ્દર્શનની પદવી છે. '**एतत्**' શબ્દ પડ્યો છે ને? '**एतत्पदं**' આ રત્નત્રયની પદવી. એના ઉપાયમાં લાગેલા જીવો કેવા હોય છે એનું આ ૧૬મી ગાથામાં વર્ણન છે.

પહેલી પદવી એ કે વસ્તુ સ્વરૂપ તદ્દન નિર્વિકલ્પ એટલે રાગના વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ રાગ એનાથી ભિન્ન ચીજ છે. એવી અંતરમાં અંતર્મુખમાં દૃષ્ટિ સ્વભાવ સન્મુખની થવી અને પુણ્ય-પાપના રાગથી વિમુખ થઈને સ્વભાવની એકાગ્રતાની અનુભવમાં પ્રતીત કરવી એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન–મોક્ષના ઉપાયની પહેલી પદવી

www.vitragvani.com



સમ્યગ્દર્શન છે. 'શાંતિભાઈ'!

બીજી પદવી એ શુભ અને અશુભ રાગના વિકલ્પ રહિત, ચૈતન્યના જ્ઞાન સ્વરૂપ પોતે ચિદાનંદ સ્વરૂપ છે એનું અંતર્મુખમાં જ્ઞેય કરીને તેનું જ્ઞાન કરવું એનું નામ સમ્યગ્દર્શન પછીની સમ્યગ્જ્ઞાનની બીજી પદવી છે. સમજાય છે કાંઈ?

ત્રીજી (પદવી) એ શુભ ને અશુભ જે રાગ છે એનાથી ખસીને, ઉદાસીન થઈને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં ઠરવું, વીતરાગ પર્યાયપણે પરિણમવું એનું નામ ત્રીજી ચારિત્રની પદવી કહેવાય છે. કહો! સમજાય છે કાંઈ? 'માંગીરામજી'! આ તમે પૂછ્યું હતું કે મુનિપણાની વિધિ. એ ગાથા આવી. એ ત્રણ પ્રકારની જે એકત્વ પદવી એમ છે ને? જુઓ! આ રત્નત્રયસ્વરૂપ પદવી. આખી ત્રણે એકસાથે લીધી છે ને અહીં તો?

ભગવાન આત્મા અનંત ચૈતન્ય ગુણધામ. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ' એવી અંતરમાં (પ્રતીતિ થવી). વિકલ્પ જે રાગાદિ છે ને? દયા, દાન, આ બપોરે તો કહેવાય છે કે હું શુદ્ધ છું એવો જે વિકલ્પ રાગ, એમાં એ આવી જાય છે, આસ્રવથી ભિન્ન કહેતા, કર્મજનિત પર્યાયથી ભિન્ન કહેતા હું શુદ્ધ છું એવો જે વિકલ્પ એનાથી પણ રહિત એમાં થઈ જાય છે. સમજાય છે કાંઈ? એવું ચૈતન્ય સ્વરૂપનું, નિજ સ્વરૂપનું સન્મુખ થઈને, વિકારથી વિમુખ થઈને અંતરમાં ભાન કરીને પ્રતીત કરવી એ પ્રથમ અનંતકાળે નહિ થયેલી સમ્યગ્દર્શનની પહેલી એ મોક્ષમાર્ગમાં ઉપાયની પદવી છે. 'શોભાલાલજી'! અને તે સમ્યગ્જ્ઞાન સહિત હોય છે. એ જ્ઞાન કોનું? કે, જે સ્વરૂપ શુદ્ધ છે એનું. રાગાદિનું નહિ. રાગથી લક્ષ છોડ્યું છે ને સ્વરૂપમાં અંતર એકાગ્ર થયો છે ત્યારે જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ છે એમ જે સ્વસંવેદન જ્ઞાન આવ્યું તેને અહીંયાં મોક્ષના પદવીનો બીજો અવયવ, બીજો ભાગ–જ્ઞાન કહેવામાં આવે છે. એની સાથે ત્રીજી (પદવી), પુણ્ય-પાપના કર્મજનિત ઉપાધિભાવ શુભ-અશુભ છે તેનાથી ઉદાસ થઈને સ્વરૂપમાં ચરવું, રમવું, લીન થવું એને અહીંયા ચારિત્ર (કહે છે). એતત્ પદવીમાં ત્રીજો બોલ, ચારિત્ર પદવીનો જે મોક્ષનો ઉપાય ત્રણ થઈને એક છે (કહેવામાં આવે છે). ત્રણ થઈને એક ઉપાય છે. સમજાણું કાંઈ?

એતત્ પદવી–'**આ રત્નત્રયરૂપ પદવીને પ્રાપ્ત થયેલા...**' આવી દશાને જે પ્રાપ્ત થયા હોય છે '**જે મહામુનિઓ...**' તેને મહામુનિ કહે છે. ત્રણ ઉપાયને એકસાથે કહેવું છે એટલે પહેલા મહામુનિ લીધા છે. પછી એ ત્રણે પાળી ન શકે એને ગૃહસ્થાશ્રમમાં સ્વરૂપની અંતર અનુભવની દૃષ્ટિ અને સ્વરૂપનું જ્ઞાનપૂર્વક દેશ પાપનો ત્યાગ કરે તો દેશવિરતી નામનું તેને શ્રાવકપણું હોય છે. પણ એ પહેલા આ બતાવે છે. સમજાય છે કાંઈ?

એવા (ત્રણ પદવીને) પ્રાપ્ત થયેલા મહામુનિઓ છે. ત્રણે થઈને એક ઉપાય. '**તેમની રીત લોકરીતિને મળતી આવતી નથી.**' તેની રીત લોકની સાથે, લોકરીતિ સાથે મેળ ખાય એવી નથી, એક વાત. '**તે જ કહીએ છીએ.**' '**अलौकिकी भवति**' છે ને? વૃત્તિ, એની

www.vitragvani.com



વ્યાખ્યા કરે છે. **'લોકો પાપક્રિયામાં આસક્ત થઈ પ્રવર્તે છે,...'** સમ્યગ્દૃષ્ટિ જીવ આત્માની શુદ્ધ દૃષ્ટિ હોવા છતાં હજી એને પાપ પરિણામની આસક્તિ એકદેશે રહેલી છે. ત્યારે મુનિને એ પાપક્રિયાની આસક્તિ છૂટી ગઈ છે. જુઓ! એની સામે કહે છે, **'લોકો પાપક્રિયામાં આસક્ત થઈ પ્રવર્તે છે, મુનિ પાપક્રિયાનું ચિંતવન પણ કરતા નથી.'** તેને પાપનો વિકલ્પ પણ નથી એમ કહે છે. એવી આ મુનિની દશા હોય છે કે જે જંગલમાં જ વસતા હોય એ પણ આવશે. સમજાણું કાંઈ?

**'લોકો અનેક પ્રકારે શરીરની સંભાળ રાખે,...'** એક વાત અને **'પોષે છે,...'** ધ્યાન રાખે છે આસક્તની વૃત્તિ છે એટલે અને એને માટે જરીક પોષવાની વૃત્તિ પણ એને હોય છે. **'મુનિ અનેક પ્રકારે શરીરને પરીષહ ઉપજાવે છે...'** પેલો શરીરની સંભાળ રાખે છે ત્યારે આ પરીષહ અનેક પ્રકારના થાય એવો અંદર પુરુષાર્થ કરે છે. ન સમજાણું? સ્વરૂપ તરફની એટલી ઉગ્રતા જેને છે કે બહારની પ્રતિકૂળતાના ગંજ આવે તોપણ તેના સન્મુખ જેની દૃષ્ટિ થતી નથી. તેથી તે કહે છે કે, પરીષહને ઉપજાવે છે, એમ કહે છે એનો અર્થ. પ્રતિકૂળતા એટલી આવી પડે ક્ષુધાની, તૃષાની, વાઘ, વરુ વગેરે કે જે જંગલમાં વસે છે એને બહારના પરીષહ પડે એવી સ્થિતિમાં એ ઊભા હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ? બહારની પ્રતિકૂળતા હોય એવી સ્થિતિમાં જઈને ઊભા રહે છે એમ કહે છે. ઉપજાવે છે એનો અર્થ ઇ. અને બીજી વાત **'સહે છે...'** કીધું હતું ને સંભાળ રાખે છે અને પોષે છે. ત્યારે અહીં કહે છે કે પરિષહ ઉપજાવે છે અને સહે છે એમ બે સામે સામે લીધું, આમ ગુલાંટ ખાઈને વાત કરી. પાઠમાં છે ને? પાઠમાં શબ્દ (છે), **'अलौकिकी भवति'** એની સામે લૌકિક વૃત્તિની સામે અલૌકિક વૃત્તિને મેળવે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવું મુનિપણું જ મોક્ષને માટે પહેલો ઉપાય છે એ પહેલો લેવો. એ ન લઈ શકે તો એણે પછી શ્રાવકની વૃત્તિઓ સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત અંગીકાર કરવો એમ કહેશે. સમજાણું કાંઈ?

**'પરીષહ સહે છે...'** ગૃહસ્થાશ્રમમાં પરીષહ ન ઊપજે ને શરીરની સંભાળ રાખે અને વૃત્તિ પોષવાની હોય જરી શરીરને ઠીક રહે એવું, ત્યારે મુનિઓને પરીષહ જ્યાં ઊપજે તેવી સ્થિતિમાં ઊભા હોય છે, જાય છે. ઉપવાસ કરે. જુઓને! પરીષહ ઉપજાવે છે ને એનો અર્થ. જંગલમાં જાય, ડુંગર ઉપર ઊભા રહે, મહા ધોમ તડકે આમ ઊભા રહે. ઠંડી હોય તો તળાવને કાંઠે જાય, તળાવને કાંઠે જાય. ઠંડીમાં તળાવને કાંઠે બેસે નગ્ન થઈને, મુનિ તો નગ્ન જ હોય છે. મુનિની બીજી દશા હોતી નથી. સમજાણું કાંઈ?

**'પરીષહ ઉપજાવે છે અને તે (ઉપજાવતા) સહે છે.'** એમ કહે છે પાછું. એ વખતે ત્યાં સહનશીલતાથી આનંદમાં ઝુલતા તેને પરીષહને જીતે છે. મુનિ અતીન્દ્રિય આનંદની લહેર કરે છે. એવી ઠંડી પડતા કે ગરમીના ૧૧૮ ડીગ્રીનો તડકો ને ડુંગરે જતાં રાજકુમાર આદિ મુનિ હોય છે કે સાધારણ હોય, અંતરના અતીન્દ્રય આનંદના ઘુંટડા પીતો હોય છે.

www.vitragvani.com



અંતરના નિર્વિકલ્પ સમાધિના શાંતિના વીતરાગી સમરસના પ્યાલા પીતો હોય છે. સમજાય છે કાંઈ? એને મુનિપણાની ચારિત્ર દશા કહેવામાં આવે છે. 'માંગીરામજી'! ઇ ઉપજાવે છે અને પાછા સહે છે. ઉપવાસ આદિ અઠ્ઠમ કરે, જંગલમાં જાય, ઠંડીમાં રહે. આનંદ ને શાંતિથી (વેદે છે). અતીન્દ્રિય આનંદમાં... તળાવમાં જેમ ઠંડા તળાવમાં પડે માણસને ઠંડી લાગે, એમ ભગવાન અતીન્દ્રિય આનંદની જે શ્રદ્ધા થઈ છે, અતીન્દ્રિય આનંદનું જ્ઞાન થયું છે, એ અતીન્દ્રિય આનંદમાં જીવને ઝબોળે છે, એ અતીન્દ્રિય આનંદમાં ડૂબકી મારે છે. સમજાણું કાંઈ?

**'વળી લોકોને ઇન્દ્રિય વિષયો બહુ મીઠા લાગે છે,...'** સામે સામે વાત કરી. અલૌકિક વૃત્તિ. લૌકિક વૃત્તિની સામે અલૌકિક વૃત્તિ. પાંચ ઇન્દ્રિયના વિષયો તરફના વલણનો રાગ આસક્તિનો તેને હોય છે. **'મુનિ વિષયોને હળાહળ ઝેર સમાન જાણે છે.'** ભોગને રોગ સમાન જાણીને ભોગનો ભાવ તેને ઉત્પન્ન થતો નથી. સમજાણું કાંઈ? એક વાત એ કરી, બીજી વિશેષ કરે છે. એની ને એની અલૌકિક વૃત્તિની જ વ્યાખ્યા છે. સામાસામાની.

**'લોકોને પોતાની પાસે માણસોનો સંગ-સમુદાય ગમે છે.'** જ્યાં જ્યાં માણસ હોય, પુરુષ હોય, સ્ત્રી હોય, શિષ્ય, સભા હોય તો એને ગોઠે. **'મુનિ બીજાનો પણ સંયોગ થતાં ખેદ માને છે.'** આ પડિમા પૂછશે ને વળી જવાબ દેવો છે ને... આ શેઠિયો આવ્યો ને આ રાજા આવ્યો ને આ કાંઈક પૂછશે ને વળી જવાબ (આપવો), આ ક્યાં પંચાત (કરવી)? કહો! સમજાણું કાંઈ?

કહે છે, લોકોને માણસોના સમુદાયના સંગમાં તેને ઠીક લાગે છે. ત્યારે મુનિ બીજાનો પણ સંયોગ થતાં, સંયોગ થતાં એટલે આવી પડતા, એમ. કરવા માગતો તો નથી પણ આવી પડતા એને ખેદ વર્તે છે. સમજાણું કાંઈ? જુઓ! આ ચારિત્રની અંતર દશા. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, આનંદના ભાન સહિત, આનંદની લહેરમાં આત્મા ઉડતો અંદરથી એને આ બહારમાં ગોઠતું નથી. આ માણસ આમ પૂછશે, આ આવ્યો, આ રાજા આવ્યો, એની મોટપપણે એને નહિ બોલાવે, એને નહિ કહે તો ઠીક નહિ લાગે. ધર્માત્મા મુનિની દશા લૌકિક કરતા અલૌકિક પરિણતિ એની હોય છે. સમજાણું કાંઈ?

**'લોકોને વસ્તી ગમે છે,...'** વસ્તીમાં રહેવું ગમે છે, વસ્તીમાં રહેવું ગમે છે. એમ અહીં લેવું છે. માણસ જ્યાં વસતા હોય, રહેતા હોય ત્યાં ગમે. **'મુનિને નિર્જન સ્થાન સારું લાગે છે.'** નિર્જન– જન વિનાનું. મુનિની એવી દશા (હોય છે), એવી દશા મુનિની હોય છે. સમજાય છે કાંઈ? જૈનના મુનિ એ સિવાય બીજે તો મુનિ હોઈ શકે નહિ. ત્રણ ઉપાયનું સાથે વર્ણન કરવું છે ને! દર્શન, જ્ઞાન ને ચારિત્ર. મુનિને નિર્જન સ્થાન ગમે, એકાંત (હોય), કોઈ ભૂલથી પણ ન હોય, માણસ નહિ, એકાંતમાં પોતાનું કામ સાધવા સારું લાગે. સમજાણું કાંઈ? પેલાને સભા ભેગી થાય, માણસ ભેગા થાય ઝાઝા હોય તો ઠીક, ઠીક, એને હોંશ આવે. મુનિને એની હોંશ આવતી નથી. એને ખેદ થાય, આ શું? આત્માના ભાન સહિતની સ્થિરતાની

www.vitragvani.com



રમણતામાં રમતા સંતોને બીજાનો સંગ પણ સારો લાગતો નથી. વસ્તીમાં રહેવું એને ગોઠતું નથી. આહાહા..! 'મુંબઈ'માં સાધુ રહે નહિ. અત્યારે તો છે જ ક્યાં? વાત તો બધી આકરી પડશે, ભાઈ! સમજાણું કાંઈ?

મુનિપણું એટલે શું! દુનિયાએ મુનિપણું સાંભળ્યું નથી. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જેને મુનિપણું કહે છે એ દશા કેવી હોય એ લોકોએ સાંભળી નથી. આહા..! એય...! 'માંગીરામજી'! 'શ્રીમદ્'માં નથી આવતું?

**એકાકી વિચરતો વળી સ્મશાનમાં,**
**વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;**
**અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા,**
**પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.**

એવી ભાવના સંતોને અંતરમાં રમણતા જાગી ગઈ છે ને. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન ઉપરાંત ચારિત્રના સ્વરૂપની રમણતાની બળવાન દશા જાગ્રત થઈ ગઈ છે. જેને સિંહનો યોગ હોય તોપણ જેને મનમાં કંપન નથી, આસન ચળતું નથી, મન ચળતું નથી. નિર્જન વનમાં, સંતો તો વનમાં જ પહેલા રહેતા. ... નગ્ન મુનિ હોય છે, એ વીતરાગના મુનિઓ નગ્ન હોય છે. સમજાય છે? આ વસ્ત્ર-પાત્ર ને જે આ (રાખે છે) એ તો પાછળથી કલ્પના બનાવીને ઠરાવ્યું છે. એ વીતરાગના માર્ગની રીત છે નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે, નિર્જન સ્થાન સારું લાગે, જંગલમાં એકલા (રહે). બહુ પેદાશ થતી હોય ને વેપારીને અને ઘરના માણસોને પણ ખબર ન દેવી હોય તો રાત્રે ભાઈઓ ભેગા થઈને પૈસા ગણે. સમજાણું કાંઈ? પેદાશ બહુ થતી હોય ને પેદાશનો આંકડો છોકરાઓને કે બૈરાને પણ ખ્યાલમાં દેવો ન હોય તો એ ભાઈઓ હોય ને બે, ત્રણ જણા એ ભેગા થઈને રાત્રે ઉઠીને બાર વાગે ને ત્રણ વાગે આંકડા ગણે. આવું થયેલું છે, હોં! કારણ કે બાઇયુંને ખબર કરે તો કહેશે આપણે આમ ત્રણ લાખની પેદાશ બાર મહિને (છે), પાંચ લાખની પેદાશ (છે), બાઈયું સાંખી ન શકે. ઘરની વહુને ન જણાવા દે. એ.. 'ન્યાલભાઈ'! આ તો એક માણસ કહેતા, હોં! મહારાજ! અમારા હતા એ રાત્રે ત્રણ ભેગા થઈને પૈસા ગણે, અમને ખબર પણ ન પડવા દે. બૈરાને ખબર નહિ, છોકરાને ખબર ન પડવા દે.

મુમુક્ષુ :– એને ખબર કેમ પડી?

ઉત્તર :– એ આ ... કરતા હતા એમ ખબર પડી. રાત્રે ઉઠતા હતા ને એકલા બેઠા હતા ને કોઈ નહોતું એમ ખબર પડી. 'શાંતિભાઈ'!

આ (મુનિ) આત્માની લહેર કરવા હવે આત્માની અંદર કમાણી કરવા એકાંતમાં બેઠા એને બહારની જરૂર પડતી નથી. નિર્જન વનમાં એકલો પોતે અંદર આત્મામાં લહેર કરે છે, એમ કહે છે. આહા..! સમજાણું કાંઈ? આહા..! આ તમારા શિષ્ય એમ કહેતા એને

શરમ લાગે. અરે..! અમારે શિષ્ય? અમારે બીજું દ્રવ્ય શું? સમજાણું? પેલાને એમ કહે, તમારે આટલા દીકરા છે ને પેલો ખુશી થાય છે, પેલાને કહે તમારે શિષ્ય છે, તો પેલો ખુશી થાય. અમારે શિષ્ય? બાપુ! આત્માને શિષ્ય શું? ને આત્માને બીજી ચીજ શું? આહા..! સમજાય છે કાંઈ? એવી અલૌકિક વૃત્તિના ધરનારા તેને અહીંયાં જૈન દર્શનમાં સાધુપદ કહેવામાં આવે છે.

**'ક્યાં સુધી કહીએ?'** 'ટોડરમલ્લજી'એ એનું અલૌકિક વૃત્તિમાંથી લૌકિકની સાથે આમ ગુલાંટ ખાઈને મેળવ્યું. જે શાસ્ત્રની રીત છે ને? અસ્તિ કહેવું હોય તો નાસ્તિથી (કહે) અને નાસ્તિ કહેવું હોય તો અસ્તિથી (કહે). એ 'અમૃતચંદ્રાચાર્ય'ની રીત છે એ આ 'ટોડરમલ્લજી'એ પકડી છે. આહા..! **'મહા મુનીશ્વરોની રીત લોકોની રીતથી ઊલટા રૂપે હોય છે.'** પેલા સ્નાન કરે તો આ સ્નાન ન કરે, પેલા નિરાંતે રાતના સુવે ત્યારે આ આખી રાત જાગે. પાછળના રાતમાં એક પાછલી પ્હોરે જરીક થોડોક ભાગ પાછલી પ્હોરે થોડોક ... એક જ કરવટે, હોં! એક બાજુના પડખે, બસ! થોડીક .... લૌકિકની પ્રવૃત્તિથી મુનિઓની (ક્રિયા) તદ્દન ઊલટી જ બધી છે. સમજાણું કાંઈ? મુનિઓને બે કલાકની ઊંઘ ન હોય. સમજાણું કાંઈ?

મુનિદશા એટલે કે આમ છઠ્ઠું, સાતમું ગુણસ્થાને ઝુલે. ક્ષણમાં અપ્રમતના આનંદનો સ્વાદ લઈને ઉગ્રપણે વેદે છે. ક્ષણમાં કોઈ વિકલ્પ આમ સ્વાધ્યાય કરું કે... ઊંઘ પણ એને એક કલાકની એક ઊંઘ સળંગ હોતી નથી. એક કલાકની સળંગ ઊંઘ હોય એને મુનિપણું રહેતું નથી. 'ન્યાલભાઈ'! એને તો... આહાહા..! તંદુરસ્ત–તન દુરસ્ત હોય તો... આત્માના અતીન્દ્રિયના સ્વાદ આગળ એને શરીરમાં શું છે એની ખબર પણ નથી પડતી કોઈ વાર. એવી જેની દશા અંદર હોય છે. સમજાણું કાંઈ?

ચારિત્ર એટલે શું...! આહાહા..! જે ચારિત્રવંતને ત્રિલોકના નાથ તીર્થંકરના ગણધરો જેને નમસ્કાર કરે. ધર્મરાજા સર્વજ્ઞ પરમેશ્વર ધર્મપિતા, એના ગણધર પુત્ર. ચાર જ્ઞાન, ચૌદ પૂર્વની રચના કરવાની જેને અંતર્મુહૂર્તમાં તાકાત છે. એવા સંતો ભગવાનના પુત્ર, ગણધરને સર્વજ્ઞ પુત્ર કહેવામાં આવે છે. એ પણ આવા મુનિ, એ દશા જેને આવી હોય એને એમ કહે નમસ્કાર... નમસ્કાર... નમસ્કાર...! મારો તારા ચરણકમળમાં નમસ્કાર! એવા મુનિપદને નમસ્કાર હોય. બાપુ! મુનિપદ એ સાંભળ્યું નથી, હોય તો ક્યાં પણ સાંભળ્યા નથી કેવા હોય. 'મોહનભાઈ'! સમજાણું કાંઈ? 'માંગીરામજી'!

મહા સંતો! જુઓ! ચારિત્ર આવું હોય એવી એને શ્રદ્ધા કરાવે છે. સમ્યગ્દર્શનમાં એ આવી જાય છે કે પુણ્ય-પાપના પરિણામ વિનાની ચારિત્રની દશા જે સંવર આવું હોય એવી એની પ્રતીતમાં આવી જાય છે, જ્ઞાનમાં આવી જાય છે પણ સ્થિરતામાં આવ્યું હોય એ કેવા જીવો હોય એનું અહીં વર્ણન કરે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને પ્રતીતમાં તો આવ્યું છે કે, આ આત્મા શુદ્ધ આનંદ છે, એમાં પુણ્યનો વિકલ્પ જે વ્રત આદિ ઉઠે એ પણ નથી અને એ સ્વરૂપમાં તદ્દન વીતરાગ પર્યાયપણે ઠરે તો ચારિત્ર કહેવાય એવું એને પ્રતીતમાં

www.vitragvani.com



આવી ગયું છે. સંવર અને નિર્જરાની પ્રતીત કરતાં એમાં એ પ્રતીત આવી ગઈ છે. સમજાણું કાંઈ? અને એટલી બધી શાંતિ મુનિને પ્રચુર સ્વસંવેદન આત્માના આનંદનું એટલું બધું વેદન આનંદનું હોય છે કે જેની આગળ એને દુનિયાના પરીષહનો ખ્યાલ પણ રહેતો નથી. સમજાણું? એ દુનિયાથી મુનિઓની રીત જ તદ્દન ઊલટી છે. લૌકિક વૃત્તિથી અલૌકિક જુદી છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'કેવી છે મુનીશ્વરોની પ્રવૃત્તિ? 'करम्बिताचारनित्यनिरभिमुखा' - પાપક્રિયા સહિતના આચારથી પરાઙ્મુખ છે.'** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તો છે પણ હિંસાના ને દુઃખ આદિના પરિણામ જે છે એ જેને સર્વથા છૂટી ગયા છે. પાપક્રિયા સહિતના અંદર પાપના પરિણામ, હોં! આચારથી પરાઙ્મુખ છે એ તો નાસ્તિથી વાત કરી. એની અસ્તિથી કરશે. **'જેમ શ્રાવકનો આચાર પાપક્રિયાથી મિશ્રિત છે,...'** જુઓ! એની સાથે મેળવે છે. સમકિતી શ્રાવક સાચા હોય એને આત્મા શુદ્ધ ચૈતન્ય નિર્મળાનંદ છે, પુણ્ય-પાપના રાગ રહિત મારું સ્વરૂપ છે એવું ભાન થયેલું હોય છે, એવી શ્રદ્ધા પણ અંદર થયેલી હોય છે પણ અંશે એને શ્રાવકને ત્યાગ વર્તે છે એથી એને પાપ મિશ્રિત પરિણામ હોય છે. પાપક્રિયાથી મિશ્રિત પરિણામ શ્રાવકને પંચમ ગુણસ્થાનમાં આત્મજ્ઞાન, દર્શન સહિત હોવા છતાં સર્વથા પાપની વિરતી તેને હોતી નથી.

**'તેમ મુનિશ્વરોના આચારમાં પાપનો મેળાપ નથી...'** સમજાણું કાંઈ? તદ્દન નિર્વિકલ્પ આનંદમાં ઝુલે છે. એને સર્વ વિરતિપણું છે–પાપથી બિલકુલ સર્વથા છુટી ગયા છે. આહાહા..! અથવા કરંબિતની વ્યાખ્યા કરે છે. **'કરંબિત એટલે કર્મજનિત ભાવમિશ્રિત જે આચરણ...'** એટલે રાગ છે ને પુણ્યનો કે પાપનો એના મિશ્રિત જે આચરણ તેનાથી તે મુનિ પરાઙ્મુખ છે. પહેલું પરાઙ્મુખ કહ્યું હતું ને એની વિશેષ વ્યાખ્યા કરે છે. હવે એની સામે અસ્તિ કહે છે.

**'કેવળ નિજસ્વરૂપને અનુભવે છે...'** એક કેવળ, કેવળ આનંદ, અતીન્દ્રિય આનંદ સ્વરૂપ તો દૃષ્ટિમાં, સમ્યગ્દર્શનમાં આવ્યું, થયું ત્યારથી આવ્યો. સમ્યગ્જ્ઞાન થયું ત્યારથી અતીન્દ્રિય, આ આનંદ અતીન્દ્રિય આનંદનો જ એકલો પટારો આત્મા છે, એવા અતીન્દ્રિય આનંદને, એકલા નિજ સ્વરૂપને, આનંદને જ અનુભવે છે. વિકલ્પ પુણ્યનો પણ જેને અનુભવમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..!

પાપક્રિયાથી પરાઙ્મુખ છે એ તો નાસ્તિથી વાત કરી. અસ્તિ શું વર્તે છે ત્યાં? અતીન્દ્રિય આનંદનો ભંડાર પટારો પ્રભુ છે એને સમ્યગ્દર્શનમાં પ્રતીત તો આવી કે આનંદ અહીં છે. પુણ્ય-પાપના ભાવમાં પણ આનંદ નથી, પુણ્ય-પાપના બંધન થાય તેમાં આનંદ નથી અને તેના ફળની આ ધૂળુ મળે એમાં આ આનંદ નથી એમ તો પ્રતીત પહેલી થઈ ગઈ છે. 'બાબુભાઈ'!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મુમુક્ષુ :– ...

ઉત્તર :– કાંઈ આવતું નથી, ધૂળ પણ ઉપયોગમાં આવતી નથી. શું આવે છે? ઘર ક્યાં એના બાપનું હતું? એ તો ધૂળના ઢગલા ઊભા થાય છે, પુદ્ગલના ઢગલા ઊભા થાય છે. સમ્યગ્દૃષ્ટિ એ ઢગલા મારા છે એમ અંતરમાં માનતો જ નથી. એને જો મારા માને તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? કથંચિત્ કેવા વળી?

ભગવાન આત્મા શુદ્ધાત્મામાં પુણ્ય-પાપના વિકલ્પો મારા છે એમ માને તો તે મિથ્યાદૃષ્ટિ છે, એ જૈન નથી એને સમકિત નથી. કહો! પુણ્ય-પાપના ભાવ થાય એ મારા છે એમ માનતો નથી. એ તો વિકાર છે, વિકાર મારો હોય? હું તો નિર્મળાનંદ છું. 'બાબુભાઈ'! બહુ ઝીણી વાત છે. એમાં કો'ક દિ' સાંભળવા જાય એમાં સરખું ન આવે. પૂછ્યું હતું તો કીધું, કો'ક દિ' જાઉં છું. એનું બધું ઢીલું બધું. કીધું રવિવારે, રવિવારે સદા જાતા હોય તો સરખું કહેવાય. એવું નહોતું. કહો! સમજાણું આમાં? 'બાબુભાઈ'! આ તો બાપુ! પરિચય કરે તો સમજાય એવું છે. અત્યારે વાડા ચાલે છે એમાં આ વાત છે જ નહિ. 'ન્યાલભાઈ'! આ તમારા બાપા બધેથી ફરી આવ્યા છે, હોં! સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, સમ્યગ્દૃષ્ટિ (હોય) છતાં ગૃહસ્થાશ્રમમાં પણ... એ તો આવી ગયું, ૧૫મી ગાથામાં ન આવ્યું? જુઓ! **'કર્મજનિત પર્યાયને આત્માપણે-પોતારૂપે જાણવું તેનું જ નામ વિપરીત શ્રદ્ધાન કહીએ છીએ.'** ૧૫મી ગાથાનો ભાવાર્થ. એ બધા પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ એ તો કર્મજન્ય ઉપાધિનો ભાવ છે. એને આત્માના માનવા એનું નામ મિથ્યાદર્શન, અજ્ઞાન છે. આહાહા..! તો પછી એનાથી મને પુણ્ય બંધાશે, શુભભાવ મારો, મને પુણ્ય બંધાય છે ને તો એનાથી મને સગવડતા મળશે. એ બધા ભગવાન પાસે... બધી સગવડતા એ મારી છે ને મને થાય છે, (એ) માન્યતા જ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ માન્યતા ગઈ છે, અહીં તો કહે છે. સમ્યગ્દર્શન થતાં જ એ શ્રદ્ધા ટળી નાશ થઈ ગઈ છે પણ હજી અંદર આસક્તિ જે થોડી રહી છે એ આસક્તિ મારી છે એમ નથી અંદર, પણ આસક્તિ રહી છે તેથી તેને ચારિત્ર નથી. એ આસક્તિની અસ્થિરતા સ્વરૂપની લીનતા દ્વારા અંશે ટળે તેને શ્રાવક કહીએ અને વિશેષ પૂરી ટળે તેને મુનિ કહીએ. સમજાણું કાંઈ? આહાહા..! છ ખંડના રાજ સમકિતીને હોય. ના, મને તો નથી, મારા નથી. મારા છે તે જુદા હોય નહિ ને જુદા છે મારા હોય નહિ.

મુમુક્ષુ :– એને ભોગવે ને મારા નથી?

ઉત્તર :– ભોગવતો, ભોગવતો જ નથી. કોણ કહે છે ભોગવે છે? અડતો જ નથી. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ સ્વભાવને સ્પર્શેલો છે. એને ભલે આસક્તિ હોય છે પણ તે ખરેખર પરને અડતો નથી, દૃષ્ટિની અપેક્ષાએ તો આસક્તિને સ્પર્શતો નથી. સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ અને જ્ઞાનપૂર્વક દશામાં ચારિત્રની દશા કહે છે, **'કેવળ નિજ સ્વરૂપને અનુભવે છે.'**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આમાં તો વ્રત પાળે છે, ફલાણુ કરે છે એ આવ્યું નથી. એ તો વિકલ્પ વચ્ચે છે એનાથી બહાર જુદો પડીને ઠરે છે એનું નામ નિશ્ચયવ્રત છે. સમજાણું કાંઈ?

અલૌકિકી વૃત્તિની વ્યાખ્યા ચાલે છે. એ લોકોત્તર દશા છે આત્મામાં અતીન્દ્રિયના પાક ફાટ્યા છે. આહા..! ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી અનંત આનંદના પાકનું ખેતર છે. એમાં અંતર ભાન થયા પછી સ્વરૂપમાં લીનતામાં ખેડ કરે છે (તો) અતીન્દ્રિયના આનંદના ઉભરા જ્ઞાનીને આવે છે. એને ચારિત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? લોકોને આકરું લાગે. અરે..! અમે મુનિ છીએ ને અમને મુનિ કહેતા નથી, અમને મુનિ કહેતા નથી. પણ મુનિ હોય નહિ ને મુનિ માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. એને તો એમ છે, અમને માનતા નથી. પણ બાપુ! એ પ્રશ્ન જ તને શેનો ઉઠે છે? મુનિ હોય એને તો પોતાને આનંદનો સંતોષ છે એને દુનિયાની પડી જ નથી, દુનિયા કોણ વંદન કરે ને કોણ આદર કરે એની પડી નથી. આહાહા..! સમજાણું કાંઈ? પણ એને એ પડી શેની હોય? બીજો વંદન કોણ કરે છે, કોણ નથી કરતો તારે વિકલ્પનું કામ શું છે પણ? તું તને આદર. ખલાસ થઈ ગયું, બીજાનું કામ શું છે તને? સમજાણું કાંઈ? કોને ખોટું લાગે? શું છે? ખોટું એટલે શું પણ? ઇ તો એને નથી આદર કરવાનો ભાવ એ તો એને કારણે નુકસાન છે, એમાં તને શું છે? સમજ્યા? એ નુકસાન શું છે? સમજાણું કાંઈ?

મુનિની વૃત્તિ નિજ સ્વરૂપ,... ચારિત્ર લેવું છે ને! સમ્યગ્દૃષ્ટિને નિજ સ્વરૂપની દૃષ્ટિ થઈ, નિજ સ્વરૂપનું જ્ઞાન થયું પણ નિજ સ્વરૂપની સ્થિરતાનો અનુભવ ઉગ્રપણે નથી, ઉગ્રપણે નથી. અહીં ચારિત્રની વ્યાખ્યા કરવી છે. મુનિને તો ઉગ્રપણે આનંદના લહેર, મજા માણે છે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે છે. આહા..! સમજાણું?

દૂધપાક ખવાય ગયો હોય ને પછી પેલા કડાઈએ ચોંટેલો હોય ને પછી તાવેથા ઉખેડીને છોકરા ખાય. બહુ મીઠો લાગે એને. સમજાણું કાંઈ? એમ આત્મામાં આનંદ આમ ચોંટેલો છે. એમાં અહીં આત્મા અંદરમાં એકાકાર ચોંટી જાય છે. આત્મ દ્રવ્ય છે ને? દ્રવ્ય છે. આનંદ છે એ ગુણ છે. એ ગુણ ચોટેંલો છે એટલે આત્મા સાથે એકાકાર થયેલો છે. એની દૃષ્ટિ ને જ્ઞાન તો થયું છે, હવે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં આનંદ થોડો તો આવ્યો હતો, સમ્યક્ચારિત્રમાં તો અંદરથી અતીન્દ્રિય આનંદના ઉભરા ફાટે છે, જેની પાસે ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ તરણા, તરણા, ફોતરા, ઉકરડા સડેલા (લાગે છે), જોકે સમ્યગ્દૃષ્ટિને એમ છે.

આત્માનું ભાન થતાં સમ્યક્ અનુભવ થતાં ઇન્દ્રના ઇન્દ્રાસન સડેલા તરણા, સડેલા ઉકરડા લાગે. સડેલા ઉકરડા, હોં! ઉકરડા સમજો છો? ઢેર, કુડાકા ઢેર. અમારે કાઠિયાવાડમાં ઉકરડો ભાષા છે. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એને કર્મજનિત પુણ્ય-પાપના વિકલ્પોથી પાર અંતર દૃષ્ટિ પડતા આખી દુનિયાના વૈભવો સડેલા (ઉકરડા જેવા લાગે છે). અહીં તો ત્યાં સુધી કહ્યું નથી? 'ચક્રવર્તી કી સંપદા ઇન્દ્ર સરીખા ભોગ, કાગવિટ

સમ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોક.' શું કીધું? ચક્રવર્તીની સંપદા! સોળ હજાર દેવ સેવા કરે, છન્નું હજાર રાણી અપ્સરા જેવી અને એવા એવા એને દીકરીઓ, જમાઈઓ, નવ નિધાન... એ સંપદા અને ઇન્દ્ર સરીખા ભોગ 'કાગવિટ સમ માનત હૈ.' 'શાંતિભાઈ'! એ કાગડાની વિષ્ટા સમાન સમકિતી એને માને. આહાહા..! કાગડાની વિષ્ટા. કુતરાની વિષ્ટા તો ક્યાંક જરીક કામ પણ આવે. વૈદ્ય વાપરે. નામ ન પાડે. દવા કરે. સમજાણું? એમ કાગડાની વિષ્ટા. 'ચક્રવર્તીની સંપદા ઇન્દ્ર સરીખા ભોગ, કાગવિટ સમ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોક.' આહાહા..! વિષ્ટા કીધી તો રાડ નાખી જાય. સમ્યગ્દષ્ટિ અરે..! બાપુ! એ વૈભવ એટલે શું? ઝેરના ઢગલા. કર્મના પ્રકાર બંધાયેલા એ બધા ઝેરના ઝાડ. એ પુણ્ય બંધાયેલા હોય ને એ ઝેરના ઝાડ (છે), એમાંથી ઝેર પાકે, એમાં કાંઈ આત્મા પાકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ધૂળના ઢગલા એ તો ઝેરના (ઝાડ છે), એમાં આત્માને શું?

મુમુક્ષુ :– કામ આવે.

ઉત્તર :– કામ શેમાં આવે? રાગ માટે કામ આવે, મમતા માટે. સમજાણું કાંઈ? આહા..!

કહે છે કે, સમ્યક્–આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે એવી સમ્યગ્દષ્ટિ થતાં ગૃહસ્થાશ્રમમાં છ ખંડના રાજમાં ચક્રવર્તી પડ્યો તેને કાગડાની વિષ્ટા સમાન તે પદવીને જાણે છે. 'બાબુભાઈ'! પેલો પાછો એમ કહે, મારે થોડી પેદાશ ને આને ઝાઝી પેદાશ, મારે બે લાખની પેદાશ, આને દસ લાખની બાર મહિનાની પેદાશ. હોળી છે ને પણ શું છે તારે? 'શાંતિભાઈ'! ચડસાચડસી આ બધી હોળીની ચાલે છે. ઇ તો ચાલે છે.

ધર્મી, જેને આત્માની શ્રદ્ધા થઈ છે. આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર દરિયો છે. એમાં રાગની ગંધ નથી એવી એ ચીજ છે. પુણ્યના પરિણામની ગંધ નથી એવા આનંદની ગંધથી ભરેલો છે. આહાહા..! એવી જેને અંતરમાં, અનુભવમાં પ્રતીત શ્રદ્ધા થઈ એને આ જગતના ચક્રવર્તીના રાજ પણ કાગડાની વિષ્ટા જેવા લાગે. માખણ જેવા શરીર, ઇન્દ્રાણીઓ ઝેર જેવી લાગે. વિષ્ટા.. વિષ્ટા, કાગની વિષ્ટા. આહાહા..! સમજાણું? બન્ને ઉત્કૃષ્ટ વાત લીધી. ચક્રવર્તીની સંપદા, ઇન્દ્ર સરીખા ભોગ. દેવમાં ઇન્દ્ર અને અહીં ચક્રવર્તી. આહાહા..! પોતાને જરી શુભભાવ આવે એને પણ હિતકર માનતો નથી, તેને પણ ઝેર માને છે. નવા શુભભાવ થાય એને સમકિતી ઝેર માને છે તો એનું બંધન અને એના ફળ એને કેમ સારા માને? આહા..! સમજાણું કાંઈ?

**'તે માટે...'** હવે પેલો શબ્દ આવ્યો. **'एकान्तविरति'** **'एकान्तविरतिरूपा'**. ત્રીજી લીટી. **'એકાંત વિરતિરૂપા એટલે સર્વથા પાપક્રિયાના ત્યાગસ્વરૂપ છે...'** સમ્યગ્દષ્ટિને તો હજી રાગ હોય છે છતાં રાગને હિતકર માનતો નથી. મુનિને રાગ હોતો નથી, અહીં તો એમ કહેવા માગે છે. સર્વથા વિરતીરૂપ–બિલકુલ પાપની નિવૃત્તિ. એકલી પાપની નિવૃત્તિ એમ ન લીધું. **'એક નિજસ્વભાવના અનુભવ વડે...'** એમ અસ્તિથી પાછી વાત લીધી. પાપની નિવૃત્તિ થઈ

www.vitragvani.com



છે પણ અહીં આનંદમાં પ્રવૃત્તિ થઈ છે.

**'એક નિજસ્વભાવના અનુભવ વડે...'** ભગવાન આત્માના સ્વાદ આડે... જેને એક ગળ્યા સાટા ઘીમાં હોંહરેલા ખાતો હોય એને કોઇ આ જુવારના, રાતી જુવારના ફોતરાના રોટલા આપે (તો) કુચા લાગે એને. રાતી જુવારના, હોં! ધોળી જુવારના ફોતરામાં કહ હોય છે. રાતી જુવારના ફોતરામાં કહ ન હોય. આ તો અમારે અનુભવ પણ થયા હોય ને! રાતી જુવારનો રોટલો આવ્યો હતો. (સંવત) ૧૯૭૬ની વાત છે હોં! ૭૬. એક ફેરી 'વિરમગામ' ગયા હતા ત્યારે. હું અને 'જીવણલાલ' બે હતા. એનો સ્વાદ ન હોય, એના ફોતરાની તો વાત જ શી કરવી? ૧૯૭૬ માં ગયા હતા, ઘણા વર્ષ થઈ ગયા. ત્યારે 'વઢવાણ'માં નહિ પેલા ડોસા આવ્યા હતા, 'મોરબી'વાળા. 'વિઠ્ઠલગઢ' 'વીરમગામ' પાસે છે ને. ૧૯૭૬ માં સંઘ કર્યો હતો. તમને યાદ નથી. ૧૯૭૬ માં 'મણીલાલ ડોસાભાઈ' કાંપમાં આવ્યા હતા. ૧૯૭૬ની વાત છે, ઘણા વર્ષ થઈ ગયા, ૪૭ વર્ષ થઈ ગયા. .... ઊતર્યા હતા.

અહીં કહે છે, આહાહા..! ભાઈ! જેને આત્માનો ધર્મ સ્વભાવ છે એ પ્રતીતમાં, જ્ઞાનમાં આવ્યો એના સ્વભાવ આગળ દુનિયાના વિભાવ ને વિભાવના ફળ તો એને તુચ્છ લાગે છે. અહીં તો ધર્માત્મા મુનિ છે એની તો શું વાત કરવી! કહે છે. એને તો **'એક નિજ સ્વભાવના અનુભવ વડે...'** આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર જ્યાં ઉછળે છે અંદર. વસ્તુ, વસ્તુ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના સ્વભાવથી ભરેલો પરિપૂર્ણ સાગર આત્મા છે. એની અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન ને લીનતા દ્વારા, જે અનુભવ દ્વારા આનંદ વર્તે છે એને **'પરદ્રવ્યોથી ઉદાસીન સ્વરૂપ છે.'** તેથી એ **'સર્વથા પરદ્રવ્યોથી ઉદાસીન સ્વરૂપ છે.'** આ વડે ઉદાસીન છે એમ બે અસ્તિ કરી. નિજ સ્વરૂપના અનુભવ દ્વારા, આનંદની મસ્ત લહેર આગળ સર્વ પરદ્રવ્યોથી જેને અંતરમાં મુનિ દશાને ઉદાસ... ઉદાસ.. ઉદાસ છે. સમજાય છે કાંઈ?

**'રત્નત્રયના ધારક મહામુનિઓની એવી પ્રવૃત્તિ છે.'** આ શું કહી વ્યાખ્યા? એ ઉપર ૧૬ (ગાથાનું) મથાળું હતું. **'જે આ ઉપાયમાં લાગે છે તેમનું વર્ણન આગળ કરે છે.'** ૧૫મીમાં ત્રણ ઉપાય બતાવ્યા હતા–સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર. આ ઉપાયમાં લાગે તેનું અહીં વર્ણન કર્યું છે. આ ઉપાયમાં પરિણમી રહ્યા છે તેનું શું સ્વરૂપ છે એમ વર્ણન કર્યું. સમજાણું કાંઈ?

જૈન એટલે જૈન થવું એ કાંઈ વાડામાં જન્મ્યો માટે જૈન નથી. જૈન એક ભિખારીમાં જન્મેલો હોય, ચંડાળમાં જન્મેલો હોય... સમજાય છે કાંઈ? પણ જેને સમ્યગ્દર્શન પ્રગટ્યું એ ચંડાળ હોય તોપણ દેવને પૂજનીય છે. 'રત્નકંડ શ્રાવકાચાર'માં આવ્યું છે. રાખે દબાયેલી અગ્નિ. શરીર જુઓ તો કાળુકુબડુ હોય, ભંગ્યાનો અવતાર હોય... સમજાય છે? પણ અંતરમાં આત્માનું ભાન છે, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન છે, ચારિત્ર ભલે ન હોય, અંતરમાં આનંદ સ્વરૂપનું ભાન ને વેદન છે એવો એ ચંડાળ એનો ચંડાળનો એક બાળક આઠ વર્ષનો હોય, કાળુકુબડુ,

www.vitragvani.com



નાક બટકી ગયેલા, આંખ-કાન તૂટી ગયેલા (હોય), રોટલો પણ માંડ માંડ મળતો હોય પણ એ આનંદ માણતો હોય છે. 'બાબુભાઈ'! આહાહા..! દેવ તેની સેવા કરે, આહા..! ધન્ય તારી વાત છે! આવે છે કે નહિ 'છ ઢાળા'માં? 'લેશ ન સંયમ પૈ સુરનાથ જજૈ હૈ' આવે છે. 'છ ઢાળા'માં આવે છે. સમ્યગ્દષ્ટિ જીવને સંયમ ભલે ન હોય, ચારિત્ર ભલે ન હોય પણ આવું ભાન છે તેથી ઇન્દ્ર પણ પૂજે છે. એ 'છ ઢાળા'માં આવે છે. 'લેશ ન સંયમ...' બધું મોઢે થોડું હોય? કહો! સમજાણું કાંઈ? આહાહા..!

ચક્રવર્તીનું છ ખંડનું રાજ, એમાં પડ્યો પણ જેને રાગ તે હું છું એવી માન્યતા છે તે ભિખારીમાં ભિખારી છે, એ રાંકો છે. પેલો ચંડાળને ઘરે અવતરેલું કાળુ શરીર, બોલવામાં એં..એ ભાષા હોય, એ તો જડની ક્રિયાઓ છે. ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગથી રહિતનું અંતર ભાન થયું છે, કહે છે, ઇ બાદશાહ છે. અંતરના અનંત સ્વરૂપની લક્ષ્મીનો સ્વામી થઈ ગયો છે. આહા..! કહો! સમજાણું કાંઈ? અને આને છ ખંડના રાજ હોવા છતાં ભિખારી... ભિખારી... ભિખારી (છે).

આપણે શેઠિયાએ લખ્યું નથી? આવ્યું છે કે નહિ તમારે ઇ? આ ચોપડી આવી છે કે નહિ? 'બાબુભાઈ'! 'બાબુભાઈ' કો'ક દિ' નવરા થતા હોય એટલે ન આવી હોય. 'સરદારશહેર'ના શેઠિયા છે ઇ લખે છે, જુઓ! નથી આવ્યું? પણ ઇ તો નવરા થાય ત્યારે આવે ને. કાઢો. પાનું કાઢીને બતાવવું જોઈએ ને! પાનું ૧૩. બીજી લીટી છે, જુઓ! 'ગુણીજન સંભાળ કરી શકે, અન્ય તો અનુચર જાણજો જી, મારા જ્ઞાન' આ ત્યારે બનાવ્યું હતું જ્યારે એમના દીકરાનો દીકરો અઢી વર્ષનો મરી ગયો. 'સરદારશહેર' ના શેઠિયા છે. જેને ચાલીસ વર્ષ પહેલા સાંઈઠ લાખ રૂપિયા એના મામા પાસે હતા. સાંઈઠ લાખ એને દેતા હતા પણ ન લીધા. શું કરવા છે? ચાલીસ વર્ષ પહેલાના સાંઈઠ લાખ, હોં! 'બાબુભાઈ'! અત્યારનો તમારો રૂપિયો અઢી આના ને ત્રણ આના થઈ ગયો છે. પછી છોકરો મરી ગયો અઢી વર્ષનો, મોટું ઘર છે, ગૃહસ્થ માણસ છે, અત્યારે પાંચ-સાત લાખ રૂપિયા છે, આબરૂ મોટી. છોકરો મરી ગયો એટલે માણસો આવવા મંડ્યા. છોકરાની વહુને કહ્યું, કેમ દીકરી? દીકરી જ છે ને! અરે..! બાપુ! આપને ઘરે રોવાના હોય! છોકરાનું મડદુ પડ્યું છે અઢી વર્ષનું (ત્યારે) આ ગાયન બનાવ્યું. આપણે રોવે છે ને બાયું? મારા પેટ નથી કહેતા? મારા પેટ, મારા પેટ રોવે છે ને? એને ઠેકાણે 'મારા જ્ઞાન' ગોઠવ્યું છે. 'હિન્દુસ્તાન'માં પણ એ ભાષા છે ત્યાં. આપણે નથી બાયુ રોવે? આ છોકરો મરી જાય, દીકરી મરી જાય (ત્યારે) મારા પેટ એમ બોલે છે ને છેલ્લું? છેલ્લો સરવાળો. એમ આ કહે છે, જુઓ!

'ગુણીજન સંભાળ કરી શકે' આ આત્માના અનંત આનંદને સંભાળે તે શેઠ છે. એ.. 'શાંતિભાઈ'! 'અન્ય તો અનુચર,...' અનુચર એટલે ભિખારી. 'જાણજો જી મારા જ્ઞાન.' પેલા મારા પેટ કહે છે એને ઠેકાણે મારા જ્ઞાન ગોઠવ્યું. આ તેરમું ગાયન છે આમાં આખું,

આ તો એક લીટી બોલીએ છીએ, હોં! 'અન્ય તો અનુચર જાણજો જી મારા જ્ઞાન,' મારા જ્ઞાન એટલે હું તો જ્ઞાનમૂર્તિ છું, મારું તો જ્ઞાન છે. મારો છોકરો કેવો, શરીર કેવું ને રાગ કેવો? આહાહા..! 'બાબુભાઈ'! છે ને? 'ગુણીજન દુઃખસુખ કરે છે જી રાજ, આતમ સુખ જીતિયો જી, મારા જ્ઞાન' હું આત્મા આનંદસ્વરૂપ છું, મારામાં આનંદ છે, મને દુઃખ છે જ ક્યાં? એ.. 'શાંતિભાઈ'! 'ગુણીજન અંતસઃ પ્રભુ પદ ધ્યાય, ...' પેલો છોકરો પડ્યો છે, મડદુ અઢી વર્ષનું, હોં! આંખમાં આંસુ નહિ, આંખ ભીની નહિ. એમાં રોવાય? એ તો આવે ને જાય, ચાલ્યા કરે. સમજાય છે? ગુણીજન અંતતત્ત્વ એ બાયુ બધી આ ગાય. 'સિદ્ધસપદ મારા જ્ઞાન.' હું તો જ્ઞાનમૂર્તિ છું. અમે તો અલ્પકાળમાં હવે સિદ્ધપદને પામવાના છીએ. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, એમ આ રત્નત્રયના ધારક મહાસંતો સમ્યગ્દૃષ્ટિ પણ જ્યાં બહારની સંપદાને કાગની વિષ્ટા જેવી માને. એને પરમાં હોંશ નથી તો મુનિપદનું શું કહીએ! એ તો ચારિત્રના અનુભવમાં રમતા હોય છે. એને મુનિપદને ચારિત્રને ત્રણ ઉપાયમાં લાગેલા કહેવામાં આવે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૭

### ઉપદેશ દેવાનો ક્રમ

बहुशः समस्तविरतिं प्रदर्शितां यो न जातु गृह्णाति।
तस्यैकदेशविरतिः कथनीयानेन बीजेन।।१७।।

**અન્વયાર્થ :–** [ यः ] જે જીવ [ बहुशः ] વારંવાર [ प्रदर्शितां ] બતાવેલી [ समस्तविरतिं ] સકળ પાપરહિત મુનિવૃત્તિને [ जातु ] કદાચ [ न गृह्णाति ] ગ્રહણ ન કરે તો [ तस्य ] તેને [ एकदेशविरतिः ] એકદેશ પાપક્રિયા રહિત ગૃહસ્થાચાર [ अनेन बीजेन ] આ હેતુથી [ कथनीया ] સમજાવે અર્થાત્ કહે.

**ટીકા :–** 'यः बहुशः प्रदर्शितां समस्तविरतिं न जातु गृह्णाति तस्य एकदेशविरतिः अनेन बीजेन कथनीया।' - જે જીવ વારંવાર ઉપદેશ વડે બતાવવામાં આવેલ સકલ પાપરહિત મહાવ્રતની ક્રિયા તેને કદાચ ગ્રહણ ન કરે તો તે જીવને એકદેશ પાપરહિત શ્રાવક-ક્રિયા આ રીતે કહેવી.

www.vitragvani.com



**ભાવાર્થ :– જે જીવ ઉપદેશ સાંભળવાની રુચિવાળા હોય તેમને પહેલા વારંવાર મુનિધર્મનો ઉપદેશ આપવો. જો તે જીવ મુનિપદવી અંગીકાર ન કરે તો પછી તેને શ્રાવક ધર્મનો ઉપદેશ આપવો. ૧૭.**

---

**પ્રવચન નં. ૨૦ ગાથા–૧૭ થી ૨૧ મંગળવાર, પોષ સુદ ૭, તા. ૧૭-૦૧-૧૯૬૭**

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' 'અમૃતચંદ્રાચાર્ય' કૃત. ૧૬ ગાથા પૂરી થઈ. ૧૭મી **'ઉપદેશ દેવાનો ક્રમ...'** આચાર્યોને ઉપદેશ દેવાનો ક્રમ કેવો હોય છે એમ કહે છે.

**बहुशः समस्तविरतिं प्रदर्शितां यो न जातु गृह्णाति।**
**तस्यैकदेशविरतिः कथनीयानेन बीजेन।।१७।।**

આચાર્યોની મુખ્ય વાત છે, હોં! આચાર્યોને જગતને ઉપદેશ કેવો કરવો (એની વાત છે). અહીંયા દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણ મોક્ષમાર્ગનું એક સ્વરૂપ કહ્યું એમાં એને પહેલો મુનિપણાનો ત્રણની એકતાનો ઉપદેશ દેવો જોઈએ, એ વાત શરૂ કરે છે. પછી શરૂ કરશે એ પણ ન પાળી શકે તો એને શ્રાવકનો ધર્મ ઉપદેશ (આપવો) અને એમાં પણ એને સમ્યગ્દર્શનનું પહેલું કરવું. એ કહેશે, પહેલું આગળ કહેશે ૨૧માં. **'तत्रादौ सम्यक्त्वं'** ૨૧ ગાથામાં કહેશે.

અહીંયાં તો આચાર્યોનો પહેલો ઉપદેશ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત મુનિપણાનો મુખ્ય ઉપદેશ હોવો જોઈએ. કારણ કે, મોક્ષનું કારણ મુખ્ય એ છે. **'જે જીવ 'बहुशः' વારંવાર બતાવેલી સકળ પાપરહિત મુનિવૃત્તિને...'** સકળ પાપરહિત અંતર મુનિ પરિણતિને, **'કદાચ ગ્રહણ ન કરે તો તેને એકદેશ પાપક્રિયા રહિત ગૃહસ્થાચાર આ હેતુથી...'** ગૃહસ્થાશ્રમનો આચાર બતાવે એને. સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત, હોં!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ આ તો નિવૃત્તિની વાત છે. આ તો નિવૃત્તિ, ચારિત્રની અપેક્ષા છે. પણ એને સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત એ તો વાત પહેલી લેવી. સમજાય છે કાંઈ? એકદેશ પાપક્રિયા રહિત એટલે જે ચારિત્રમાં સર્વવિરતીનો ભાવ છે એવો એને ન હોય તો એકદેશ (ગ્રહણ કરે). **'अनेन बीजेन'** આ બીજ વડે એટલે આ હેતુથી, આ કારણથી **'સમજાવે અર્થાત્ કહે.'** શ્રાવકનો ધર્મ એને કહે, એની શક્તિ ને હોય તો મુનિધર્મ ન પાળી શકે તો એમ કહે.

**ટીકા :– 'જે જીવ વારંવાર ઉપદેશ વડે બતાવવામાં આવેલ સકલ પાપરહિત મહાવ્રતની ક્રિયા તેને કદાચ ગ્રહણ ન કરે તો તે જીવને એકદેશ પાપરહિત શ્રાવક-ક્રિયા આ રીતે કહેવી.'** સમ્યગ્દર્શન-જ્ઞાન તો પહેલું હોય જ એ વિના તો આ વાત નથી. સમજાય છે કાંઈ? પણ એને એના ઉત્સાહિત એકદમ હોય અને મહાવ્રત અંગીકાર કરે તો એને મોક્ષનો મૂળ

www.vitragvani.com



હેતુ હાથ આવતા એને મોક્ષ નજીક થાય. એટલે પહેલો ઉપદેશ એ આપે. ન એને સમજે ઇ તો એને શ્રાવકનો ઉપદેશ આપે.

**ભાવાર્થ :– 'જે જીવ ઉપદેશ સાંભળવાની રુચિવાળા હોય...'** ઉપદેશ સાંભળવાની રુચિવાળા હોય **'તેમને પહેલા વારંવાર મુનિધર્મનો ઉપદેશ આપવો.'** આચાર્યોએ. મુનિ પણ એ સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ચારિત્રના એમ કહે છે. ત્રણ રત્ન ભેગા હોય એનો આપવો એમ. **'જો તે જીવ મુનિપદવી અંગીકાર ન કરે તો પછી તેને શ્રાવક ધર્મનો ઉપદેશ આપવો.'** એટલું સહન કરી શકે નહિ, એટલી તાકાત ન હોય તો એને શ્રાવકનો (ઉપદેશ આપવો). આનો આશ્રય લઈને પછી કેટલાક સમ્યગ્દર્શન શું એની ખબર ન મળે ને એકદમ મુનિ ક્રિયાનું કહી દે એની અહીં વાત છે નહિ.

અહીં તો સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ચારિત્રમાં એકદમ ઉપદેશ આપતા ઉત્સાહિત હોય, ચારિત્ર અંગીકાર કરે અને એવો ઉપદેશ આપતા ન ગ્રહણ કરી શકે તો શ્રાવકનું કહે, એમ વાત છે. સમ્યગ્દર્શન તો પહેલું. એ આગળ કહેશે. ૧૮. જરી શબ્દાર્થની શૈલી સાધારણ થઈ ગઈ.

## ગાથા–૧૮

**શ્રાવકધર્મનું વ્યાખ્યાન આગળ જે રીતે કરે છે તે રીતથી ઉપદેશ ન લાગે તો આ અનુક્રમ છોડીને જે ઉપદેશદાતા ઉપદેશ આપે છે તેની નિંદા કરે છે -**

**यो यतिधर्ममकथयन्नुपदिशति गृहस्थधर्ममल्पमतिः।**
**तस्य भगवत्प्रवचने प्रदर्शितं निग्रहस्थानम्।।१८।।**

**અન્વયાર્થ :– [ यः ] જે [ अल्पमतिः ] તુચ્છ બુદ્ધિ ઉપદેશક [ यतिधर्म ] મુનિધર્મનું [ अकथयन् ] કથન ન કરતાં [ गृहस्थधर्मं ] શ્રાવકધર્મનો [ उपादिशति ] ઉપદેશ આપે છે [ तस्य ] તે ઉપદેશકને [ भगवत्प्रवचने ] ભગવાનના સિદ્ધાન્તમાં [ निग्रहस्थानं ] દંડ દેવાનું સ્થાન [ प्रदर्शित ] બતાવ્યું છે.**

**ટીકા :– 'यः अल्पमतिः यतिधर्मं अकथयन् गृहस्थधर्मं उपदिशति तस्य भगवत्प्रवचने निग्रहस्थानं प्रदर्शितम्' - તુચ્છ બુદ્ધિવાળા ઉપદેશક મુનિધર્મનો ઉપદેશ ન આપતાં, ગૃહસ્થધર્મનો ઉપદેશ આપે છે. તેને ભગવાનના સિદ્ધાન્તમાં દંડનું સ્થાન કહ્યું છે.**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**ભાવાર્થ :– જે ઉપદેશક પહેલા યતીશ્વરના ધર્મનો તો ઉપદેશ ન સંભળાવે પણ પહેલા જ શ્રાવકધર્મનું વ્યાખ્યાન કરે તો તે ઉપદેશકને જિનમતમાં પ્રાયશ્ચિત્તરૂપ દંડયોગ્ય કહ્યો છે. ૧૮.**

---

**'શ્રાવકધર્મનું વ્યાખ્યાન આગળ જે રીતે કરે છે તે રીતથી ઉપદેશ ન લાગે...'** મૂળ તો મુનિપણાનો ઉપદેશ એને ન લાગે, **'તો આ અનુક્રમ છોડીને જે ઉપદેશદાતા ઉપદેશ આપે છે તેની નિંદા કરે છે -'** મુનિપણાનો ઉપદેશ પહેલો જોઈએ, ખરેખર તો એ છે. મુનિપણાનો ઉપદેશનો અનુક્રમ છોડીને એકલો શ્રાવકનો ઉપદેશ આપે તો તે નિંદાને પાત્ર છે, એમ મૂળ કહે છે. શબ્દની શૈલી જરી એવી છે, આમાં છે, 'ટોડરમલજી'માં એવા શબ્દો છે.

**यो यतिधर्ममकथयन्नुपदिशति गृहस्थधर्ममल्पमतिः।**
**तस्य भगवत्प्रवचने प्रदर्शितं निग्रहस्थानम्।।१८।।**

**'જે તુચ્છ બુદ્ધિ ઉપદેશક...'** ઉપદેશકની વાત છે. **'મુનિધર્મનું કથન ન કરતાં...'** પ્રથમ ચારિત્ર સહિતનું કથન ન કરતા, **'શ્રાવકધર્મનો ઉપદેશ (જો પહેલો) આપે છે તે ઉપદેશકને ભગવાનના સિદ્ધાન્તમાં દંડ દેવાનું સ્થાન બતાવ્યું છે.'** ઉત્કૃષ્ટ ઉપદેશની શૈલી છે. સમ્યગ્દર્શન સહિત, જ્ઞાન સહિત ચારિત્ર અંગીકાર કરે તો એકદમ મુક્તિને નજીકપણે પામે. એટલે મૂળ ઉપદેશ તો એ, એવો મૂળ ઉપદેશ ન આપતા પહેલો જ પાધરો બીજો આપે તો એ દંડનું પ્રાયશ્ચિતનું સ્થાન છે.

**ટીકા :– 'તુચ્છ બુદ્ધિવાળા ઉપદેશક મુનિધર્મનો ઉપદેશ ન આપતાં, ગૃહસ્થધર્મનો (એકલો) ઉપદેશ આપે છે.'** સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત, **'તેને ભગવાનના સિદ્ધાન્તમાં દંડનું સ્થાન કહ્યું છે.'** ચારિત્રની, પૂર્ણ ચારિત્રની અપેક્ષાએ અપૂર્ણ ચારિત્રની વાત પહેલી કરે ને પૂર્ણ ન કરે તો દંડને પાત્ર છે, એમ કહેવું છે.

**ભાવાર્થ :– 'જે ઉપદેશક પહેલા યતીશ્વરના ધર્મનો તો ઉપદેશ ન સંભળાવે પણ પહેલા જ શ્રાવકધર્મનું વ્યાખ્યાન કરે તો તે ઉપદેશકને જિનમતમાં પ્રાયશ્ચિતરૂપ દંડયોગ્ય કહ્યો છે.'** આને પછી કોઈ એકાંતમાં લઈ જઈ (કહે), આપણે તો પાધરી મુનિપણાની વાત કરવી, સમ્યગ્દર્શન-જ્ઞાન નહિ, એની અહીં વાત નથી. ત્રણ એકતાની પૂર્ણતા એક સાથે હોય એની વાત કરે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન સહિતનું ચારિત્રપણું એ જ મુખ્ય મોક્ષનો માર્ગ છે. એનો જ ઉપદેશ આચાર્યોએ પહેલો કરવો. તેને ન પામી શકે તો શ્રાવકધર્મનો ઉપદેશ કરવો. પણ પહેલેથી જ જો મુનિ ધર્મનો ઉપદેશ ન આપતા શ્રાવકનો આપે તો એને પ્રાયશ્ચિતનું સ્થાન ગણ્યું છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– જેમ બને એમ મુનિ થાય. વધારવાની વાત ક્યાં છે?

www.vitragvani.com



સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત. બે તો ભેગું સહિત, ઉત્કૃષ્ટ ચારિત્રની દશાનો જ ઉપદેશ પહેલો આચાર્યોએ કરવો જોઈએ, આચાર્યની વાત છે. સમ્યગ્દર્શન-જ્ઞાન વિના મુનિપણું આવ્યું ક્યાંથી? અહીં તો ત્રણની એકતા એ મોક્ષનો માર્ગ છે એટલે ત્રણની એકતાનો પહેલો ઉપદેશ દેવો એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :–

ઉત્તર :– છે ને, અલ્પમતિ કહ્યું છે ને. એની મતિ અલ્પ છે, પહેલો ચારિત્રનો ઉપદેશ દેવો જોઈએ, એમ કહે છે. એમ ન આપતા પાધરો શ્રાવકનો આપે તો ઉપદેશક અલ્પમતિ હોવો જોઈએ, એમ કહે છે. છે ને પાઠમાં છે ને? અલ્પમતિ.

**'જે ઉપદેશક પહેલા યતીશ્વરના ધર્મનો તો ઉપદેશ ન સંભળાવે...'** પહેલા શ્રાવકનું ધર્મ વ્યાખ્યાન કરે. ચારિત્રના ઉત્કૃષ્ટ અને જઘન્ય બે ભેદ. એમાં એ વાત ચારિત્રની અપેક્ષાએ (કરી છે). દર્શન, જ્ઞાન તો હોય જ, એના વિના તો આ વાત નથી. એમાં પહેલો દર્શનનો જ ઉપદેશ આપે. એ તો પછી આવશે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. ચારિત્રની અપેક્ષાના ભેદ છે. આમ તો દર્શન અપેક્ષાએ પહેલો સમ્યગ્દર્શનનો જ ઉપદેશ આપે. આ આદો એમ કહેશે, જુઓ! છે ને? ૨૧. **'तत्रादौ सम्यक्तवं समुपाश्रयणीयमखिलयत्नेन'** ૨૧ ગાથા. પહેલો તો સમ્યગ્દર્શનનો જ પ્રયત્ન કરવો ને પહેલો એ જ એને ઉપદેશ દેવો. પણ આ તો ત્રણ ચારિત્રની અપેક્ષાએ, ત્રણેની એકતાની અપેક્ષાએ ઉત્કૃષ્ટ ચારિત્ર મુકીને જઘન્ય શ્રાવકની મધ્યમ દશા બતાવે તો એનો ઉત્સાહ વિશેષ હોય એને ચારિત્ર અંગીકાર કરવાથી ઠગાઈ જાય, એ અપેક્ષાએ વાત કરી. ૧૯.

## ગાથા–૧૯

**આગળ એને દંડ આપવાનું કારણ કહે છે :–**

**अक्रमकथने यतः प्रोत्सहमानोऽतिदूरमपि शिष्यः।**
**अपदेऽपि सम्प्रतृप्तः प्रतारितो भवति तेन दुर्मतिना।।१९।।**

**અન્વયાર્થ :– [ यतः ] જે કારણે [ तेन ] તે [ दुर्मतिना ] દુર્બુદ્ધિના [ अक्रमकथनेन ] ક્રમભંગ કથનરૂપ ઉપદેશ કરવાથી [ अतिदूरं ] અત્યંત દૂર-વધારે [ प्रोत्सहमानोऽपि ] ઉત્સાહવાળો હોવા છતાં પણ [ शिष्यः ] શિષ્ય [ अपदे अपि ] તુચ્છ સ્થાનમાં જ**

www.vitragvani.com



[ संप्रतृप्तः ] સંતુષ્ટ થઈ ને [ प्रतारितः भवति ] ઠગાય છે.

ટીકા :– 'यतः तेन दुर्मतिना अक्रमकथनेन शिष्यः प्रतारितो भवति।' - જે કારણે તે મંદબુદ્ધિ ઉપદેશદાતાએ અનુક્રમ છોડીને કથન કરવાથી સાંભળનાર શિષ્ય છેતરાયો છે. પહેલાં શ્રાવકધર્મનો ઉપદેશ સંભળાવીને શિષ્યને છેતરવામાં આવ્યો છે. તેનું કારણ કહે છે. કેવો છે શિષ્ય? 'अतिदूरं प्रोत्सहमानो अपि अपदेऽपि संप्रतृप्तः' - અત્યંત દૂર સૂધી જવા માટે ઉત્સાહિત થયો હતો તો પણ તે અપદ જે તુચ્છ સ્થાન તેમાં સંતુષ્ટ થયો છે. એ શિષ્યના અંતરંગમાં એટલો ઉત્સાહ થયો હતો કે જો પહેલા મુનિધર્મ સાંભળ્યો હોત તો મુનિપદવી જ અંગીકાર કરત. પરંતુ ઉપદેશદાતાએ તેને પ્રથમ જ શ્રાવકધર્મ સંભળાવ્યો. તેણે એ જ ધર્મ અંગીકાર કર્યો. તે માટે મુનિધર્મ છેતર્યો એટલે ઉપદેશદાતાને તેનો દંડ આપવો યોગ્ય છે. ૧૯.

## ગાથા–૧૯ ઉપર પ્રવચન

'આગળ એને દંડ આપવાનું કારણ કહે છે :–'

**अक्रमकथने यतः प्रोत्सहमानोऽतिदूरमपि शिष्यः।**
**अपदेऽपि सम्प्रतृप्तः प्रतारितो भवति तेन दुर्मतिना।।१९।।**

**'જે કારણે તે દુર્બુદ્ધિના ક્રમભંગ કથનરૂપ ઉપદેશ કરવાથી અત્યંત દૂર-વધારે ઉત્સાહવાળો...'** એકદમ વૈરાગ્ય થઈ ગયો હોય, સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત (હોય), એકદમ વૈરાગ્ય થઈ ગયો હોય, ઉદાસ... ઉદાસ.. એવા શિષ્યને આવો **'ઉત્સાહવાળો હોવા છતાં પણ શિષ્ય તુચ્છ સ્થાનમાં જ...' 'अपद'** એટલે ગૃહસ્થાશ્રમના પદમાં. **'સંતુષ્ટ થઈને ઠગાય છે.'** મુનિપણાથી તે ઠગાય છે.

**'જે કારણે તે મંદબુદ્ધિ ઉપદેશદાતાએ અનુક્રમ છોડીને કથન કરવાથી સાંભળનાર શિષ્ય છેતરાયો છે.'** અહીં તો ચારિત્રની પહેલી ઉગ્રતા દર્શન, જ્ઞાન સાથેની કહેવા માટે, મોક્ષમાર્ગની પૂર્ણતા બતાવવા માટેનું આ કથન છે. સમજાય છે? સમ્યગ્દર્શન જ જ્યાં નથી ને પાધરા મુનિપણા લે એ મુનિપણું છે નહિ, એ મુનિપણું વ્યવહારે પણ નથી. એ તો પછી કહેશે. સમ્યગ્દર્શન વિના જ્ઞાન ને ચારિત્ર પણ નામ પમાતું નથી. **'પહેલા શ્રાવકધર્મનો ઉપદેશ સંભળાવીને શિષ્યને છેતરવામાં આવ્યો છે.'** ઉત્કૃષ્ટ વૈરાગ્ય હતો એને એકદમ વૈરાગ્યની ધૂન હતી.

**'તેનું કારણ કહે છે. કેવો છે શિષ્ય? અત્યંત દૂર સુધી જવા માટે ઉત્સાહિત થયો**

www.vitragvani.com



હતો...' એકદમ પુરુષાર્થ કરીને જાણે કે, મોક્ષ લઉં. **'તો પણ તે અપદ જે તુચ્છ સ્થાન તેમાં સંતુષ્ટ થયો છે.'** તોપણ તે શ્રાવકધર્મ સાંભળીને એટલામાં સંતોષાય ગયો. **'એ શિષ્યના અંતરંગમાં એટલો ઉત્સાહ થયો હતો કે જો પહેલા મુનિધર્મ સાંભળ્યો હોત તો મુનિપદવી જ અંગીકાર કરત.'** આ બધી વ્યવહારની શૈલીની ઉપદેશની પદ્ધતિની વાત છે. **'પરંતુ ઉપદેશદાતાએ તેને પ્રથમ જ શ્રાવકધર્મ સંભળાવ્યો. તેણે એ જ ધર્મ અંગીકાર કર્યો. તે માટે મુનિધર્મ છેતર્યો...'** પેલાને. **'એટલે ઉપદેશદાતાને તેનો દંડ આપવો યોગ્ય છે.'** એ વ્યવહારની વિશેષ ચારિત્રની પ્રધાનતા બતાવવા આ વાત કરી છે. હવે અહીંયાં મૂળ શ્રાવકની શરૂઆત થાય છે. એવું મુનિપણું લઈ શકે નહિ એને શ્રાવકના ધર્મનો ઉપદેશ દેવો.

# શ્રાવકધર્મ વ્યાખ્યાન

## ગાથા–૨૦

**જે જીવ મુનિધર્મનો ભાર ઉપાડી ન શકે તેના નિમિત્તે આચાર્ય આગળ શ્રાવકધર્મનું વ્યાખ્યાન કરે છે. ત્યાં શ્રાવકને ધર્મસાધનમાં શું કહેવું તેનું વ્યાખ્યાન કરે છે.**

**एवं सम्यग्दर्शनबोधचरित्रयात्मको नित्यम्।**
**तस्यापि मोक्षमार्गो भवति निषेव्यो यथाशक्ति।।२०।।**

**અન્વયાર્થ :– [ एवं ] આ રીતે [ तस्यापि ] તે ગૃહસ્થને પણ [ यथाशक्ति ] પોતાની શક્તિ અનુસાર [ सम्यग्दर्शनबोधचरित्रत्रयात्मकः ] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ ભેદરૂપ [ मोक्षमार्गः ] મુક્તિનો માર્ગ [ नित्यं ] સર્વદા [ निषेव्यः ] સેવન કરવા યોગ્ય [ भवति ] થાય છે.**

**ટીકા :– 'तस्य अपि यथाशक्ति एवं मोक्षमार्गः निषेव्यः भवति' - તે ગૃહસ્થને પણ પોતાની શક્તિ અનુસાર આગળ જેનું વર્ણન કરે છે તે પ્રકારે મોક્ષમાર્ગ સેવન કરવા યોગ્ય છે.**

**ભાવાર્થ :– મુનિને તો મોક્ષમાર્ગનું સેવન સંપૂર્ણપણે હોય છે અને ગૃહસ્થે પણ પોતાની શક્તિ પ્રમાણે મોક્ષમાર્ગનું થોડું ઘણું સેવન કરવું. કારણ કે ધર્મનું બીજું કોઈ અંગ નથી**

www.vitragvani.com



**કે જેનું સેવન કરવાથી પોતાનું ભલું થાય. કેવો છે મોક્ષમાર્ગ? 'सम्यग्दर्शनबोधचरित्रयात्मकः'- સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રનું ત્રિક જેનું સ્વરૂપ છે. જુદા જુદા ત્રણે મોક્ષમાર્ગ નથી. ત્રણે મળીને મોક્ષમાર્ગ છે. ૨૦.**

---

**'જે જીવ મુનિધર્મનો ભાર ઉપાડી ન શકે...'** જુઓ! મુનિધર્મનો ભાર શબ્દ વાપર્યો છે. ભારનો અર્થ શુદ્ધ ચારિત્રનું પાલન કરવાની શક્તિ ન હોય. એવું શુદ્ધ ચારિત્ર, નિરતિચાર વીતરાગભાવ. એવા ચારિત્રને પાળવા સમર્થ ન હોય. **'તેના નિમિત્તે આચાર્ય આગળ શ્રાવકધર્મનું વ્યાખ્યાન કરે છે.'** મૂળ તો આમાં શ્રાવકધર્મની વ્યાખ્યા છે. **'ત્યાં શ્રાવકને ધર્મસાધનમાં શું કહેવું તેનું વ્યાખ્યાન કરે છે.'** શ્રાવકને ધર્મસાધનમાં શું કહેવું એની પહેલી વ્યાખ્યા છે.

**एवं सम्यग्दर्शनबोधचरित्रयात्मको नित्यम्।**
**तस्यापि मोक्षमार्गो भवति निषेव्यो यथाशक्ति।।२०।।**

જુઓ! શ્રાવકને પણ ત્રણે ભેગા લીધા, ત્રણ રત્નત્રય ભેગા (લીધા). **'एवं' 'આ રીતે તે ગૃહસ્થને પણ...' 'तस्यापि' 'પોતાની શક્તિ અનુસાર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ ભેદરૂપ મુક્તિનો માર્ગ સર્વદા સેવન કરવા યોગ્ય થાય છે.'** દેખો! પાંચમાં ગુણસ્થાનમાં પણ ત્રણ રત્ન લીધા, ભાઈ! એ 'નિયમસાર'માં પણ ભક્તિના અધિકારમાં આવે છે, ભક્તિ અધિકાર. ત્રણ નિશ્ચય રત્નત્રયને મુનિ અને શ્રાવક બન્ને સેવે છે. નિશ્ચય રત્નત્રય પાંચમે નથી એમ કહે છે એ ખોટી વાત છે. ચોથે પણ અંશે છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, શ્રાવકને–પંચમ ગુણસ્થાન યોગ્ય જીવને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર ત્રણ ભેદરૂપ મુક્તિનો માર્ગ–એ ત્રણનું એકરૂપ એવો મુક્તિનો માર્ગ **'સર્વદા સેવન કરવા યોગ્ય થાય છે.'** શ્રાવકને આત્માના અનુભવ સહિત, જ્ઞાન સહિત શ્રાવકના વ્રતના અથવા સ્થિરતાની અંશે દશા અને વ્રતાદિ, તે માર્ગ સર્વદા સેવન કરવા યોગ્ય થાય છે, લ્યો! **'तस्यापि यथाशक्ति एवं मोक्षमार्गः निषेव्यः भवति' 'તે ગૃહસ્થને પણ પોતાની શક્તિ અનુસાર...'** જોયું? મુનિને પૂર્ણ છે, આને પણ તેના અંશ યથાશક્તિ પ્રમાણે, **'જેવું વર્ણન આગળ કરે છે તે પ્રકારે મોક્ષમાર્ગ સેવન કરવા યોગ્ય છે.'**

**'મુનિને તો મોક્ષમાર્ગનું સેવન સંપૂર્ણપણે હોય છે...'** મહામુનિ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન સહિત, વીતરાગતાની ત્રણ કષાયના અભાવની પરિણતિ સહિત મુનિ માર્ગનું સેવન સંપૂર્ણપણે એને હોય છે. મોક્ષમાર્ગનું સેવન, **'ગૃહસ્થે પણ પોતાની શક્તિ પ્રમાણે...'** જુઓ! એમાંથી હોં! ત્રણમાંથી. **'મોક્ષમાર્ગનું થોડું ઘણું સેવન કરવું.'** દર્શન-જ્ઞાન સહિત થોડું-ઘણું નામ ચારિત્રની થોડી દશા પણ એણે ગ્રહણ કરવી. થોડું ઘણું એટલે શું? એક પ્રકારનું નથી શ્રાવકને ઘણા પ્રકાર છે ને? સ્થિરતાના પંચમગુણસ્થાન છેને. **'કારણ કે ધર્મનું બીજું કોઈ અંગ નથી...'**

મોક્ષમાર્ગ દર્શન, જ્ઞાન ને શાંતિ ચારિત્ર એ સિવાય કોઈ બીજો પ્રકાર નથી એમ કહે છે. આત્મામાં શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની અંતર દૃષ્ટિ, એનું જ્ઞાન અને અંતરની સ્થિરતા, આવો જે મોક્ષનો માર્ગ એ સિવાય બીજું કોઈ ધર્મનું અંગ છે નહિ, એમ કહે છે. જુઓ ! સમજાણું?

**'બીજું કોઈ અંગ નથી કે જેનું સેવન કરવાથી પોતાનું ભલું થાય.'** આત્મા પૂર્ણાનંદ શુદ્ધ સ્વરૂપ, એની નિશ્ચય દૃષ્ટિ, એનું નિશ્ચય જ્ઞાન અને એમાં સ્વરૂપની સેવન દશા, આ જ એક મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ મોક્ષના માર્ગનું અંગ છે નહિ, એમ કહે છે. **'જેનું સેવન કરવાથી પોતાનું ભલું થાય.'** ભલું તો આત્માના શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિના સેવનથી ભલું થાય છે, એમ કહે છે મૂળ.

**'કેવો છે મોક્ષમાર્ગ? 'सम्यग्दर्शनबोधचरित्रयात्मकः' સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રનું ત્રિક જેનું સ્વરૂપ છે. (ત્રયાત્મક) જુદા જુદા ત્રણે મોક્ષમાર્ગ નથી.'** સમ્યગ્દર્શન એક જુદો માર્ગ, સમ્યગ્જ્ઞાન જુદો માર્ગ, સમ્યક્ચારિત્ર જુદો માર્ગ એમ નથી. ત્રણે થઈને એક ત્રિક મોક્ષમાર્ગ છે. **'ત્રણે મળીને મોક્ષમાર્ગ છે.'** હવે જુઓ! ત્રણમાં શરૂઆત આ મૂળ ચીજ અહીંથી આવે છે હવે. મોક્ષમાર્ગમાં મુનિપણાની ત્રણની એકતા તો અલૌકિક વાત (છે), ન પાળે તો શ્રાવકની, એને પણ સમ્યક્ પહેલું આ. સમ્યગ્દર્શન વિના એને જ્ઞાન પણ સાચું થાય નહિ અને એને ચારિત્ર પણ સાચા હોય નહિ. માટે પ્રથમમાં પ્રથમ ગૃહસ્થાશ્રમમાં ગૃહસ્થી જીવે પણ સમ્યગ્દર્શનનો અખિલ પ્રયત્ન–પુરુષાર્થ (કરવો). જુઓ!

## ગાથા–૨૧

**આ ત્રણેમાં પ્રથમ કોને ગ્રહણ કરવું તે કહે છે :–**

**तत्रादौ सम्यक्त्वं समुपाश्रयणीयमखिलयत्नेन।**
**तस्मिन् सत्येव यतो भवति ज्ञानं चरित्रं च।।२१।।**

**અન્વયાર્થ :– [ तत्रादौ ] એ ત્રણેમાં પ્રથમ [ अखिलयत्नेन ] સમસ્ત પ્રકારે સાવધાનતારૂપ યત્નથી [ सम्यक्त्वं ] સમ્યગ્દર્શન [ समुपाश्रयणीयम् ] સારી રીતે અંગીકાર કરવું જોઈએ. [ यतः ] કેમકે [ तस्मिन् सति एव ] તે હોતાં જ [ ज्ञानं ] સમ્યગ્જ્ઞાન [ च ] અને [ चरित्रं ] સમ્યક્ચારિત્ર [ भवति ] થાય છે.**

**ટીકા :– 'तत्र आदौ अखिलयत्नेन सम्यक्त्वं समुपाश्रणीयम्' - એ ત્રણેમાં પહેલા સમસ્ત ઉપાયો વડે જો બને તો સમ્યગ્દર્શન અંગીકાર કરવું. એ પ્રાપ્ત થતાં અવશ્ય મોક્ષપદ પ્રાપ્ત**

www.vitragvani.com



થાય છે. એના વિના સર્વથા મોક્ષ થતો નથી. વળી તે સ્વરૂપપ્રાપ્તિનું અદ્વિતીય કારણ છે. માટે એને અંગીકાર કરવામાં પ્રમાદી ન રહેવું. મરીને પણ આ કાર્ય જેમ બને તેમ કરવું. વધારે શું કહીએ? આ જીવનું ભલું થાવનો ઉપાય એક સમ્યગ્દર્શન સમાન કોઈ નથી. માટે તેને અવશ્ય અંગીકાર કરવું. પહેલા એને અંગીકાર કરવાનું કારણ શું છે તે કહે છે. 'यतः तस्मिन् सति एव ज्ञानं च चरित्रं च भवति' - તે સમ્યગ્દર્શન થતાં જ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર થાય છે.

ભાવાર્થ :– સમ્યક્ત્વ વિના અગિયાર અંગ સુધી ભણે તોપણ તે અજ્ઞાન નામ પામે. વળી મહાવ્રતાદિકનું સાધન કરી અન્તિમ ગ્રૈવેયક સુધીના બંધયોગ્ય વિશુદ્ધ પરિણામ કરે તો પણ અસંયમ નામ પામે. પણ સમ્યક્ત્વ સહિત જે કાંઈ જાણપણું હોય તે બધું સમ્યગ્જ્ઞાન નામ પામે અને જો થોડા પણ ત્યાગરૂપ પ્રવર્તે તો સમ્યક્ચારિત્ર નામ પામે. જેમ અંકસહિત શૂન્ય હોય તો પ્રમાણમાં આવે, અંક વિના શૂન્ય શૂન્ય જ છે, તેમ સમ્યક્ત્વ વિના જ્ઞાન અને ચારિત્ર વ્યર્થ જ છે. માટે પહેલા સમ્યક્ત્વ અંગીકાર કરી પછી બીજું સાધન કરવું. ૨૧.

## ગાથા–૨૧ ઉપર પ્રવચન

**तत्रादौ सम्यक्त्वं समुपाश्रयणीयमखिलयत्नेन।**
**तस्मिन् सत्येव यतो भवति ज्ञानं चरित्रं च।।२१।।**

અહીં વજન છે. **'એ ત્રણેમાં પ્રથમ સમસ્ત પ્રકારે સાવધાનતારૂપ યત્નથી...'** **'अखिलयत्नेन'** જુઓ! પુરુષાર્થ દ્વારા પ્રગટ થાય, એમ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અખિલ મહા પ્રયત્નથી પ્રગટ થાય છે. એ કાંઈ પ્રયત્ન વિના એની મેળે આવી જાય એવી ચીજ નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન **'પ્રથમ સમસ્ત પ્રકારે...'** એ ત્રણેમાં પહેલું સમ્યગ્દર્શન. **'સમસ્ત પ્રકારે સાવધાનતારૂપ યત્નથી...'** ઘણા પ્રકારે સ્વરૂપ તરફની સાવધાનના પુરુષાર્થથી. સન્મુખનો પુરુષાર્થ લેવો. સમજાય છે? **'अखिलयत्नेन'** એમ શબ્દ વાપર્યો છે આચાર્યે. પૂર્ણ **'अखिल'** પૂરો પ્રયત્ન, પૂરો પ્રયત્ન. 'કળશટીકા'માં આવે છે ને? સહજ સાધ્ય છે. કઈ અપેક્ષા છે? અહીંયાં ત્રણેમાં પ્રથમ સમસ્ત પ્રકારે સાવધાનપૂર્વક. અહીંયાં પુરુષાર્થ પોતાના તરફ કરવામાં કાળલબ્ધિ આદિ પાકી જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ચારિત્ર લઈને પછી સમ્યગ્દર્શન...

ઉત્તર :– ચારિત્ર હોય નહિ પહેલું. ચારિત્ર હતું કે દિ' પણ?

મુમુક્ષુ :– પણ એ ચારિત્ર લઈને કરે તો શું વાંધો?

ઉત્તર :– પણ સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોય નહિ. એમાં લે ક્યાંથી? 'સહુ સાધન

www.vitragvani.com



બંધન થયા' ત્યાં એમ થાય. એ મુનિપણું તો આ નગ્ન દિગંબરની વાત છે, હોં! પાછા તમારા માનેલા ને એની વાત નથી. આહાહા..! નગ્ન દિગંબર બાહ્યથી ને અભ્યંતરમાં ચારિત્રની પરિણતિ (હોય) એવાને મુનિપણું મુખ્ય કહે છે. એવી દશા થઈ શકે નહિ તો એણે પહેલું શ્રાવકપણું અંગીકાર કરવું. શ્રાવકપણામાં પણ **'अखिलयत्नेन'** પ્રયત્ન કરીને ભગવાન આત્માની સન્મુખનો પ્રયત્નથી પુરુષાર્થ કરવો. સમજાણું કાંઈ?

ત્રણેમાં પણ પ્રથમ દર્શન, જ્ઞાન, ચારિત્રમાં પણ પહેલામાં પહેલું સમસ્ત **'अखिल'** નામ પૂરા પ્રકારે સાવધાનરૂપ યત્નથી સમ્યગ્દર્શન સારી રીતે **'समुपाश्रयणीयम्' 'સારી રીતે અંગીકાર કરવું જોઈએ.'** સ્વભાવ સન્મુખની દૃષ્ટિને પહેલી યથાર્થપણે અંગીકાર કરવી જોઈએ. સમજાણું કાંઈ? પહેલા એ સમ્યગ્દર્શન વિના.... એ કહેશે, જુઓ! **'કેમકે 'तस्मिन् सति एव'** સમ્યગ્દર્શન હોતા જ **'तस्मिन् सति एव' 'સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર થાય છે.'** લ્યો! સમ્યગ્દર્શન હોતા જ જ્ઞાનને સમ્યક્‌પણું થાય છે, ત્યારે તેને સાચું ચારિત્ર હોય છે. એ વિના જ્ઞાન ને ચારિત્ર સાચા હોતા નથી. કહો! સમજાણું કાંઈ?

'પાલિતાણા' બન્યું હતું, નહિ? ગુરુ ઉપદેશ આપતા હતા, અમારી શક્તિ ઓછી હોય તો આ કરો. ત્યાં તો લુગડા કાઢી નાખ્યા અને સાધુ થઈ ગયો. પેલાને કહે, તમારી શક્તિ પ્રમાણે પહેલું ક્ષુલ્લકપણું અંગીકાર કરો, આમ કરો. ત્યાં તો એકદમ લુગડાં કાઢી નાખ્યા અને નગ્ન થઈ ગયા. મારે તો એકદમ.... કારણ કે, આ પાઠ શાસ્ત્રમાં એવો છે. હજી સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે આહા..! કોણ કરે એ ક્રિયાને? કરી શકતો નથી.

અહીં તો કહે છે કે, અંતરમાં અનુભવ દૃષ્ટિ થઈ છે, પ્રતીતમાં નિર્વિકલ્પ આનંદનું ભાન થયું છે, જ્ઞાન થયું છે પછી એને ચારિત્રનું અંગીકાર કરવું જોઈએ. પહેલું તો ઉત્કૃષ્ટ ચારિત્રની જ પ્રયત્ન દશાથી મોક્ષ થાય છે. એમ ન હોય તો એણે શ્રાવકપણું (અંગીકાર કરવું). એમાં પણ પહેલું સમ્યગ્દર્શન ગ્રહણ કરવું જોઈએ. કહો! સમજાણું કાંઈ? એના કેટલા શબ્દ વાપર્યા! જુઓ! **'आदौ'** વાપર્યું છે. દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પ્રથમ સમ્યગ્દર્શન **'आदौ'**. એમાં પણ **'अखिलयत्नेन'** વાપર્યું છે, પૂરા પુરુષાર્થથી. એમાં પણ **'समुपाश्रणीयम्'** સારી રીતે સેવવું. ઉપાસનીય એટલે અંગીકાર કરવો, આશ્રય કરવો. ભગવાન આત્મા શુદ્ધ અસંખ્ય પ્રદેશી આનંદકંદ (છે) તેનો સારી રીતે આશ્રય લઈ અને પ્રયત્ન બરાબર કરવો. કહો! સમજાય છે કાંઈ?

સારી રીતે અંગીકાર કરવું જોઈએ. કેમકે **'સમ્યગ્દર્શન થતાં જ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર થાય છે.'** તે વિના સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર હોતા નથી. મિથ્યાજ્ઞાન અને મિથ્યાવ્રત આદિ હોય. એ કાંઈ આત્માના કલ્યાણનું કારણ નથી. કહો! શું કરવું પહેલું? નિવૃત્તિ લઈને બેસે તો પહેલું ઠીક પડે ને! એટલી નિવૃત્તિ હોય તો. અનંતવાર એવી લીધી. નવમી ગ્રૈવેયક ગયો ત્યારે અનંતવાર એવા નગ્નપણા લીધા છે. બાહ્ય નગ્ન મુનિ, હોં! એને

www.vitragvani.com



દ્રવ્યલિંગ કહે. લુગડાવાળાને દ્રવ્યલિંગ પણ નથી.

''**तत्र आदौ अखिलयत्नेन सम्यक्त्वं समुपाश्रणीयम्' - એ ત્રણેમાં પહેલા સમસ્ત ઉપાયો વડે...**' જેટલા ઉપાય લાગુ પડે તેટલા ઉપાય વડે પહેલામાં પહેલો, '**જો બને તો સમ્યગ્દર્શન અંગીકાર કરવું.**' 'જો બને તો' એનો અર્થ–જો બને તો આ જ કરવું પહેલું એમ. કરવાનું તો આ જ છે. બને તો પાછુ વળી ઢીલું ને એમ ન લેવું ત્યાં. એ બને તો તો સમ્યગ્દર્શન અંગીકાર કરવું પહેલું. એમાં જ બને એવું છે. એટલે? બને તો એટલે? શું એનો અર્થ છે?

ના, એમાં એક અર્થ છે. વિશેષ કદાચિત્ જાણપણું ન હોય તો આ તો કરવું. જો બને તો એમ છે. જાણપણાના બોલો વિશેષ કદાચિત્ ન હોય તો બને તો આ તો કરવું. જાણપણામાં બહુ રોકાય રહેવું અને આ ન કરવું એમ નહિ. એમ બને તો નો સાચો અર્થ આ છે. એમ કે ખાસ બને તો આ જ કરવું. જાણપણામાં રોકાવા કરતા, વિશેષ જાણપણામાં રોકાવા કરતા આ પહેલું કરવું એમ કહે છે. પેલું ઓછું હોય તો વાંધો નહિ પણ આ એણે કરવું. સમજાણું કાંઈ? એ કહેશે આગળ. સામાન્ય ને વિશેષ સમકિતની વ્યાખ્યા, કહેશે. ઇ જાણપણાની વિશેષતા પાસે આ મૂળ કરવી એમ કહે છે. પેલું જ્ઞાન બને તો ભલે કરે પહેલું, જાણપણું વિશેષ એના પૂરતું પણ છતાં આ કરવું એ મુખ્ય છે. આ રહી ન જાય. જાણપણાના બોલમાં આ ને આ કરતાં કરતાં (આ રહી ન જાય). કારણ કે, જુઓ! પહેલા કહેશે, સામાન્ય સમકિત... પરભાવોથી ભિન્ન પોતાના ચૈતન્ય સ્વરૂપને પોતારૂપે શ્રદ્ધે એ સામાન્ય તત્ત્વાર્થ શ્રદ્ધાન કહીએ. વિશેષ જાણપણાવાળાને વિશેષ કહેશે. સમજ્યા ને? એ ૨૨મી ગાથામાં કહેશે. સમજાણું કાંઈ? થોડું-ઘણું જાણપણું હોય તોપણ એણે આ અંતર્મુખનો પ્રયત્ન કરવો, એમ કહે છે. સ્વભાવ સન્મુખની પ્રયત્ન દશાને અંગીકાર કરવી. એમાં જ્ઞાન પણ ઉઘડી જશે. સમજાણું કાંઈ?

'**ઉપાયો વડે જો બને તો...**' એનો અર્થ કે પ્રયત્ન દ્વારા સમ્યગ્દર્શન કરવું. '**ઉપાયો વડે બને તો...**' ઉપાય એટલે પુરુષાર્થથી બને તો આ પ્રમાણે કરવું. '**એ પ્રાપ્ત થતાં...**' સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં '**અવશ્ય મોક્ષપદ પ્રાપ્ત થાય છે.**' એ સમ્યગ્દર્શનથી જરૂર એને મોક્ષપદ પ્રાપ્ત થશે, જરૂર એને કેવળજ્ઞાન થશે. સમજાણું કાંઈ? બીજા ઘણા જાણપણા હોય ને ભલે કદાચિત કોઈ વ્રતનો અભ્યાસ કરતો હોય પણ એનાથી કાંઈ મોક્ષ થશે નહિ. આનાથી તો જરૂર મોક્ષ થશે, એમ કહે છે. સમજાણું કાંઈ? એ પ્રાપ્ત થતાં અવશ્ય–જરૂર કેવળજ્ઞાનની પ્રાપ્તિ પૂર્ણ થશે. જુઓ! અહીં સમ્યગ્દર્શન ઉપર જોર આપ્યું. મોક્ષપદની પ્રાપ્તિ એમાં લઈ લીધી, એકમાં. સમજાણું કાંઈ? '**એના વિના સર્વથા મોક્ષ થતો નથી.**' સમ્યગ્દર્શન વિના સર્વથા મુક્તિ, સંવર, નિર્જરાનો અંશ પણ થતો નથી, તો પૂર્ણ મોક્ષ તો થતો નથી. સમજાણું કાંઈ?

'**વળી તે સ્વરૂપપ્રાપ્તિનું અદ્વિતીય કારણ છે.**' સમ્યગ્દર્શન–આત્મામાં વિપરીત

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

અભિનિવેશ રહિત આત્માના પરિણામ એવું જે સમ્યગ્દર્શન એ સ્વરૂપપ્રાપ્તિનું અદ્વિતીય કારણ છે. આત્માનું જે શુદ્ધ સ્વરૂપ છે એની પ્રાપ્તિનું એ જ કારણ છે. પૂર્ણ સ્વરૂપ પ્રાપ્તિનું પણ કારણ છે ને વર્તમાન સમ્યગ્દર્શનમાં આ આત્મા પૂર્ણ છે એની પ્રાપ્તિ એમાં થાય છે. સમજાણું કાંઈ? સ્વરૂપપ્રાપ્તિ એટલે આત્મા શુદ્ધ જ્ઞાયકમૂર્તિ અનંત ગુણનો પિંડ એ સમ્યગ્દર્શનમાં જ તેની પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ? મોક્ષ પદ પ્રાપ્ત થાય છે, એના વિના સર્વથા મોક્ષ થતો નથી.

**'વળી તે સ્વરૂપ પ્રાપ્તિનું...'** લ્યો! **'અદ્વિતીય કારણ છે.'** અજોડ કારણ છે. પોતે શુદ્ધ પરમાત્મા સમ્યગ્દર્શનમાં જ પ્રાપ્ત થાય, એ સિવાય જ્ઞાનમાં પણ એ પ્રાપ્ત થતું નથી, એમ કહે છે. સમજાણું? દૃષ્ટિમાં આખા ચૈતન્ય સ્વરૂપની પ્રાપ્તિ થાય, આખો પરમાત્મા પમાય છે. માટે તે મોક્ષના માર્ગમાં પહેલું તેને પ્રયત્ન કરીને અંગીકાર કરવું. **'માટે એને અંગીકાર કરવામાં...'** માટે તેને અંતર ગ્રહણ કરવામાં, **'પ્રમાદી ન રહેવું.'** આળસ ન કરવી. સમજાણું કાંઈ? શુદ્ધ સ્વરૂપ તરફના સન્મુખ માટે પ્રયત્ન કરવો, એની આળસ ન કરવી. એ સમ્યક્‌માં આત્માનું સિદ્ધ સ્વરૂપ કેવું છે એની પરમાત્માની પ્રાપ્તિ એમાં થાય છે. વર્તમાન, હોં! અને પછી પૂર્ણ પણ એનાથી થાય છે. વર્તમાન પણ એનાથી પ્રાપ્ત થાય છે અને પૂર્ણ પણ એનાથી પ્રાપ્ત થાય છે.

**'મરીને પણ આ કાર્ય જેમ બને તેમ કરવું.'** મરીને એટલે દુનિયાની દરકાર છોડી દઈને, શરીરનું થાવું હોય એ થાય, (બધું) છોડી દઈને, બહારની સ્થિતિમાં દુનિયા ગણશે કે નહિ ગણે, એકલો પડી જઈશ કે નહિ પડીશ બધું છોડી દેજે. સમજાણું કાંઈ? દુનિયા એમ પણ કહે, લ્યો! માળા! આત્મા શોધવા નીકળ્યા છે. વ્રત પાળવા નથી, ક્રિયા કરવી નથી, એવું દુનિયા કહે તો એને માટે મરી જા, એ ભલે કહે, એ ઉપર લક્ષ ન રાખ. સમજાણું કાંઈ? એ તો બધા જાણે અમે સાધુ થઈ ગયા છીએ એટલે હવે થઈ રહ્યું. આત્મા વળી ગોતવો તો શું? આત્મા તો પછી મળે. પહેલું તો સાધુપણું પાળે પછી આત્મા મળે ને. સાધુપણું કે દિ' હતું તારું? ગ્રહિત મિથ્યાદૃષ્ટિ છે. ગ્રહિત મિથ્યાત્વ, ગ્રહિત મિથ્યાજ્ઞાન, વિપરીત કલ્પના. વ્રતના તો પરિણામના ઠેકાણા ક્યાં હતા અમસ્તા પણ શુભના પણ ક્યાં ઠેકાણા છે? કહો!

**'મરીને પણ આ કાર્ય જેમ બને તેમ કરવું.'** આવે છે ને? કુતૂહલ. કળશમાં મરીને એટલે દુનિયાની દરકાર છોડી દેજે. છોડ, થાય તે થાય. આત્મા તરફનો અંગીકાર કરવાનો પ્રયત્ન (કર). એ જ પહેલું (કર). આત્માનો મોક્ષમાર્ગ અને વર્તમાન પૂર્ણ પ્રાપ્તિનું તે જ કારણ છે. કહો! સમજાણું? **'વધારે શું કહીએ?'** જુઓ! **'આ જીવનું ભલું થવાનો ઉપાય એક સમ્યગ્દર્શન સમાન કોઈ નથી.'** સમજાણું કાંઈ? જાણપણું હો ન હો, સમજાય છે? દુનિયાને સમજાવતા આવડે, ન આવડે એની સાથે કાંઈ સંબંધ નથી. આ એક સમ્યગ્દર્શનની

www.vitragvani.com



ચીજ એવી (છે). એના સિવાય ભલુ જગતમાં કોઈ છે નહિ. આહા..!

**'આ જીવનું ભલું થવાનો ઉપાય એક સમ્યગ્દર્શન સમાન કોઈ નથી.'** કહો! સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને ક્ષાયિક સમકિત હોય, જ્ઞાન ઘણું અલ્પ હોય, લ્યો! એની સાથે સંબંધ નથી. વસ્તુ આખી ચીજ છે એ અનુભવમાં પક્કડમાં આવી ગઈ, બસ! એ જ મોક્ષનો (માર્ગ છે). એના સિવાય કોઈ બીજો ઉપાય છે નહિ. એના સિવાય કોઈ ભલું કોઈ છે જ નહિ. સમજાણું કાંઈ? જાણપણામાં તો પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, હેય-ઉપાદેયનું જ્ઞાન થોડું હોય. સમજ્યા ને? બાર અંગનું હોય ન હોય એની સાથે કાંઈ સંબંધ નથી.

**'આ જીવનું ભલું થવાનો ઉપાય...'** એનું મૂળીયું 'दंसणमूलो धम्मो' મૂળ જે ચારિત્ર એનું મૂળ સમ્યગ્દર્શન છે. છે ને? ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. ધર્મ એટલે ચારિત્ર પણ એનું મૂળ સમ્યગ્દર્શન છે. કહો! આ વ્યવહાર સમકિતની વાત હશે આ? **'आदौ'** માં કહ્યું ને? ભાઈ! **'आदौ'** પ્રથમ આ કરો. તો વ્યવહાર સમકિતની વાત હશે આ? એ..ઇ..! 'હરિભાઈ'! વ્યવહાર સમકિત શું? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા...

મુમુક્ષુ :– ઇ આત્માના પરિણામ છે...

ઉત્તર :– આત્મરૂપ છે ને, આત્મરૂપ જ છે એમ કહેશે. ૨૨મી (ગાથામાં) એ તો આત્મરૂપ છે, એ આત્મરૂપ છે. શુભભાવ પણ સંવર-નિર્જરાનો ભાગ છે એ આત્માનું રૂપ છે, એમ ઇ કહે છે. એ તો બધા તૈયાર રાખ્યા છે. શુભજોગમાં સંવર-નિર્જરા છે, આવ્યું નહિ? કાલે આવ્યું નહોતું સંવર-નિર્જરા? શુભભાવમાં સંવર-નિર્જરા છે, એમ કહે છે. શું કરવું છે? વિપરીત સ્થિતિમાં ધર્મપણું મનાવવું છે. શું કરે? કહ્યું નહોતું?

એક જણાએ પૂછ્યું, ભાઈ! આવી ઉપાદાન નિમિત્તની ચર્ચા, નિશ્ચય વ્યવહારની ચર્ચા આપણા બાપ-દાદા પાસે નહોતી અને આપણા બાપ-દાદા ભગવાનની પૂજા, ભક્તિ કરતા તો એને ધર્મ થાતો કે નહિ? એવો પ્રશ્ન પૂછ્યો. તો બીજાએ જવાબ આપ્યો, ધર્મ થાતો હતો. કેમ? એ ભગવાન છે એમ માનતા હતા કે નહિ? આ ભગવાન પરમેશ્વર છે, અરિહંત છે, કેવળી છે એ એમ માને છે કે આ મૂર્તિ છે એમ માને છે? એમ. એ ભગવાન છે, એ ભગવાન અરિહંત છે, અરિહંત અનંત જ્ઞાની છે, એમ. ઇ એમ કહે છે કે તમે પથ્થર છો તમે આ છો? એમ કીધું એણે. એ..ઇ..! ભગવાન છે, ભગવાન અનંત જ્ઞાન સંપન્ન છે, અનંત દર્શન સંપન્ન છે, વીતરાગ સંપન્ન છે, પૂર્ણ દેવ જ્ઞાની છે એવા એ દેખે છે. એવું એને જ્ઞાન હતું, એને શ્રદ્ધા હતી. ઠીક! શું કરે? કોઈ પૂછનાર ન મળે, લૂંટનાર મળે. લોકોને સમાજને એટલી બધી આગળ વધવાની સમજણ ન મળે. જ્યાં પડ્યા ત્યાં જો સંતોષથી બતાવી દેતું હોય તો વાંધો નહિ. એમાં તમારે અધિક આગળ વધશો. એને જોતું હોય એટલું. અહીં કહે છે કે સમ્યગ્દર્શન વિના એક અંશ પણ આગળ ચાલે એવું નથી. એ ક્રિયાકાંડ કરીને વ્રત ને નિયમ પાળીને બ્રહ્મચર્ય ને જાત્રા ને ભક્તિ ને પૂજા કરીને (ચાલ્યા

www.vitragvani.com



જાય). સમજાણું કાંઈ?

આત્મા પૂર્ણ વસ્તુ જે સ્વરૂપ પૂર્ણ છે તેની અંદર પ્રતીત, ભાન આવ્યા વિના એને સ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિનો ઉપાય તો આ છે. સમજાણું કાંઈ?

**'આ જીવનું ભલું થવાનો ઉપાય...'** જુઓ! ઉપાય ત્રણ કીધા હતા. દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણ ઉપાય છે પણ આ ઉપાય **'એક સમ્યગ્દર્શન સમાન કોઈ નથી.'** સમજાણું કાંઈ? **'માટે તેને અવશ્ય અંગીકાર કરવું.'** માટે તેને પહેલા શરૂઆતમાં પ્રગટ કરવું. **'પહેલા એને અંગીકાર કરવાનું કારણ શું છે...'** પાછી વાત કરી લ્યો! પહેલા એને અંગીકાર કરવા, સમ્યગ્દર્શન યથાર્થ (પ્રગટ કરવાનું કારણ શું છે?) હજી તો અહીં દેવ-ગુરુ-શાસ્ત્રના પણ ઠેકાણા ન હોય, દેવ-ગુરુ-શાસ્ત્ર કોને કહેવા. સમજાય છે? અને એને સમકિત થઈ ગયું છે. દેવ-ગુરુની શ્રદ્ધા છે, અમને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે, નવ તત્ત્વની શ્રદ્ધા છે. નવ તત્ત્વમાં આત્મા કેવડો છે એની ખબર વિના શ્રદ્ધા ક્યાંથી આવી?

**'પહેલા એને અંગીકાર કરવાનું કારણ શું છે તે કહે છે...'** પાઠમાં **'यतः तस्मिन् सति एव ज्ञानं च चरित्रं च भवति' 'તે સમ્યગ્દર્શન થતાં...'** આત્માનું અંતર દર્શન–શ્રદ્ધા થતાં, શુદ્ધ સ્વરૂપનું નિર્વિકલ્પ ભાન શ્રદ્ધા થતાં **'સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર થાય છે.'** પછી એને સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર હોય છે, થાય છે. એ વિના સમ્યગ્જ્ઞાન હોતું નથી. દૃષ્ટિ જ્યાં વિપરીત છે, અંતર્મુખ દૃષ્ટિ થઈ નથી તેના જ્ઞાન અંતર્મુખ વળે એવા સાચા હોઈ શકે નહિ. કહો! સમજાણું કાંઈ? **'यतः तस्मिन् सति'** સમ્યગ્દર્શન હોતા, એમ. એક નિશ્ચયથી જ્ઞાન ને ચારિત્ર જ હોય છે. તો જ તેને સાચું જ્ઞાન ને ચારિત્ર હોય છે, તે વિના હોતા નથી.

**ભાવાર્થ :– 'સમ્યક્ત્વ વિના અગિયાર અંગ સુધી ભણે તોપણ તે અજ્ઞાન નામ પામે.'** આત્મશ્રદ્ધા, અનુભવની પ્રતીત વિના જે અગિયાર અંગ ભણે તોપણ તે અજ્ઞાન નામ પામે. અગિયાર અંગ કોને કહે! આહાહા..! જાણપણું કરે. હિન્દીમાં શું છે? પઢે. અગિયાર અંગ ભણે. ભણી લીધા અગિયાર અંગ. અગિયારમાં કેટલું હોય છે? એક આચારંગ, એમાં અઢાર હજાર પદ, એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક, એક પદમાં! એકાવન કરોડ જાજેરા શ્લોક એક પદમાં. તેવા અઢાર હજાર પદ, તેનું એક આચારંગ, એવું ડબલ સૂયગડાંગ, ડબલ ઠાણાંગ, એવા અગિયાર અંગનું જાણપણું હોય તો એ અજ્ઞાન છે. કહો! સમજાણું કાંઈ?

**'સમ્યક્ત્વ વિના અગિયાર અંગ સુધી ભણે...'** લ્યો! ભણે એટલે પઢે. **'તોપણ તે અજ્ઞાન નામ પામે.'** અગિયાર અંગનો ભણેલો પણ અજ્ઞાની છે. સમ્યગ્દર્શન વિના એ અજ્ઞાન છે, જ્ઞાન છે નહિ. કહો! સમજાણું આમાં? કહેશે, હોં! એકડા વિનાનું શૂન્ય. **'વળી મહાવ્રતાદિકનું સાધન કરી...'** એ આવ્યું. મહાવ્રત કેવા? દિગંબર મુનિ જેવા, હોં! અઠ્યાવીસ મૂળ ગુણ એના મહાવ્રત, હોં! તમારા આ બધા છે એ તો મહાવ્રત જ નથી, દ્રવ્યલિંગ પણ નથી. સમજાણું કાંઈ?

www.vitragvani.com



આ તો મુનિ નગ્ન હોય, દિગંબર હોય, અઠ્યાવીસ મૂળગુણ, મહાવ્રત આદિ પાળતા હોય તોપણ સમ્યગ્દર્શન વિના એ મીંડા છે. સમજાણું કાંઈ? મહાવ્રત આદિ. આદિ નામ અઠ્યાવીસ મૂળગુણ, વ્યવહાર સમિતિ, વ્યવહાર ગુપ્તિ, અશુભથી ખસે, શુભમાં રહે, એવી રીતે ચોખ્ખા બ્રહ્મચર્ય પાળે. વ્યવહાર છે, વ્યવહાર સાધન છે એમ માને, એનાથી થશે એમ માને એને દર્શન વિનાના એ બધા **'મહાવ્રતાદિ બધા અંતિમ ગ્રૈવેયક સુધીના બંધયોગ્ય વિશુદ્ધ પરિણામ કરે...'** દેખો! નવમી ગ્રૈવેયક જવા યોગ્યના શુભભાવ કરે **'તોપણ અસંયમ નામ પામે.'** અસંયમી છે. આહા..! છેલ્લામાં છેલ્લી વાત લીધી. મહાવ્રત આદિનું સાધન કરે, અઠ્યાવીસ ગુણ પાળે, હજારો રાણી છોડી મહાવ્રત લે, આમ કરે, એવા અતિચાર રહિત ચોખ્ખા પાળે, હોં! અંતિમ ગ્રૈવેયક સુધી, નવમી ગ્રૈવેયક સુધીના બંધ પરિણામને પામે એમ કહે છે. બંધને યોગ્ય એવો જે શુભ પરિણામ, વિશુદ્ધ એટલે શુભભાવ, એને કરે, **'તોપણ અસંયમ નામ પામે.'** તોપણ તેને અસંયતિ નામ પમાય છે. અસંયતિ હોય છે, એમ કહે છે. એને જરી પણ સંયમ હોતો નથી. સમજાણું કાંઈ?

'મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવૈક ઉપજાયૌં;' એનો અર્થ (કરે છે), એ તો અભવી માટે એમ કહે છે. બધાના અર્થ ફેરવી નાખ્યા. એ તો અભવી માટે એમ કહે છે. બાકી તો ભવીને મહાવ્રત હોય એ મોક્ષનું જ કારણ છે. અહીં તો કહે કે, મહાવ્રત આદિ બધા પરિણામ તે શુભ પરિણામ છે, પુણ્યબંધનું કારણ છે, નવમી ગ્રૈવેયકનો બંધ પાડે. આત્માના જન્મ-મરણમાં અબંધ પરિણામ એ જરીએ છે નહિ. કહો! સમજાણું કાંઈ? મહાવ્રત આદિનું સાધન કરીએ, હોં! એમ છે ને?

**'અંતિમ ગ્રૈવેયક સુધીના બંધયોગ્ય વિશુદ્ધ પરિણામ...'** મહાવ્રતનું સાધન કરે તો વિશુદ્ધ પરિણામ બંધને પામે એમ કહે છે. એ સાધનમાં કાંઈ સ્વરૂપ સાધન છે નહિ. **'પણ સમ્યક્ત્વ સહિત જે કાંઈ...'** દેખો! સમ્યક્ત્વ–આત્મશ્રદ્ધા, અનુભવ, ભાન, **'સહિત જે કાંઈ જાણપણું હોય...'** જે કાંઈ થોડું પણ જાણપણું હોય, **'તે બધું સમ્યગ્જ્ઞાન નામ પામે...'** સમજાય છે? **'સમ્યક્ત્વ સહિત જે કાંઈ...'** પેલામાં અગિયાર અંગ સુધી હતું. અહીં જે કાંઈ જાણપણું થોડુંઘણું હોય તે બધું સમ્યગ્જ્ઞાન (નામ) પામે. અને પેલાને મહાવ્રત આદિનું પૂર્ણ સાધન હતું અને આને **'જો થોડા પણ ત્યાગરૂપ પ્રવર્તે...'** થોડો પણ રાગ રહિત સ્થિરતા થાય. સમજાય છે? **'થોડા પણ ત્યાગરૂપ પ્રવર્તે...'** રાગરહિત થોડી પણ સ્થિરતા થાય તો તે સમ્યક્ચારિત્ર નામ પામે. સમજાણું કાંઈ? આ આખી વાત, આખો અત્યારે ફેરફાર થઈ ગયો. પેલી વ્યાખ્યા રહી ગઈ. મુનિપણું... મુનિપણું... મુનિપણું... મુનિપણું... જાઓ, લઈ લ્યો.

સમ્યગ્દર્શન સહિત જો થોડા પણ ત્યાગ, ત્યાગ એટલે રાગનો અભાવ, થોડે અંશે પણ રાગનો અભાવ. તોપણ તે અંતર સમ્યગ્દર્શન સહિત અંશે સ્થિરતા થઈ તેથી તેને સમ્યક્ચારિત્ર કહેવામાં આવે. મહાવ્રત આદિના એવડા મોટા સાધન કરે તોપણ સમ્યગ્દર્શન

www.vitragvani.com



વિના (બંધયોગ્ય) વિશુદ્ધ પરિણામને પામે. આત્મદર્શન, સમ્યગ્દર્શન સહિત થોડો પણ રાગનો ત્યાગ હોય તો સમ્યક્ચારિત્ર નામ પામે. દેખો!

**'જેમ અંકસહિત શૂન્ય હોય તો પ્રમાણમાં આવે,...'** એકડા સહિતના મીંડા હોય તો ગણતરીમાં આવે. પહેલો એકડો હોય પછી મીંડું. અંકસહિત શૂન્ય હોય, એકડા સહિત મીંડું હોય તો પ્રમાણમાં–ગણતરીમાં આવે. અંક વિના શૂન્ય શૂન્ય જ છે, એકડા વિના શૂન્ય તે શૂન્ય જ છે. લાખ શૂન્ય મુકી હોય તો એકડા વિના શૂન્ય શૂન્ય છે અને એક અંક હોય એકડો ને એ શૂન્ય હોય તો ગણતરીમાં આવે, પ્રમાણમાં ગણાય જાય. જુઓ! એકને શૂન્ય પડે તો નવ વધી જાય. એકડો હોય ને પછી શૂન્ય આવે તો નવ વધી જાય. લાખ શૂન્ય હોય અને એકડો ન હોય તો શૂન્ય શૂન્ય જ રહે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તેમ સમ્યક્ત્વ વિના જ્ઞાન અને ચારિત્ર વ્યર્થ જ છે.'** નામ તો આપ્યું, હોં! જ્ઞાન અને ચારિત્ર નામ આપ્યું. એમ સમકિત વિનાના અગિયાર અંગના જ્ઞાન અને મહાવ્રત આદિના સાધનો, એ બધા વ્યર્થ છે. એના આત્માને ચારિત્ર બિલકુલ છે નહિ. જુઓ! **'आदौ'** શબ્દ પડ્યો છે ને, એમાં આ બધું વજન છે. પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શનનું સ્વરૂપ શું છે તેને જાણવું અને તેને અંગીકાર કરવું. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનનું સ્વરૂપ શું છે એની ખબર ન હોય. આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી, ફલાણું કરવું, થઈ ગયું અને આપણે આ વ્યવહાર સાધન કરીએ છીએ એટલે હળવે હળવે નિશ્ચય ચારિત્ર થશે. એ બધી મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યાવર્તન છે. સમજાણું કાંઈ?

**'સમ્યક્ત્વ વિના જ્ઞાન અને ચારિત્ર વ્યર્થ જ છે. માટે...'** આ પહેલો શબ્દ હતો એની શરૂઆત હવે. **'પહેલા સમ્યક્ત્વ અંગીકાર કરી...'** અહીં સુધી **'आदौ'**ની વ્યાખ્યા કરી. છે ને **'आदौ'**? **'तत्र'** ત્યાં, ત્રણમાં ત્યાં, એમ. **'तत्र'** એટલે ત્રણમાં ત્યાં. ત્રણ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. ત્રણમાં ત્યાં **'आदौ'** સમકિત એમ.

'શ્રીમદ્' કહે છે કે, લોકો અત્યારે વ્રત-બ્રત પાળે છે. સમ્યગ્દર્શન તો નામમાત્ર છે, જ્ઞાન નામમાત્ર અને વ્રત પણ એના નામમાત્ર કહેવાના અને માન્યું કે, અમારે દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે છે. સમજાણું? એના વ્રત પણ કેવા એ જાણવા જેવા હોય, એમ. સમ્યગ્દર્શનની તો ખબર પણ નથી, જ્ઞાનની તો કાંઈ ખબર નથી. થઈ ગયા અમે વ્રતધારી અને મુનિ. કહે છે કે, સમકિત વિનાના એ જ્ઞાન અને એ બધા વ્રતો, એ ચારિત્ર એટલે પેલા વ્રત, હોં! સાચું ચારિત્ર ક્યાં છે? (એ બધું) વ્યર્થ છે.

**'માટે પહેલા સમ્યક્ત્વ અંગીકાર કરી પછી બીજું સાધન કરવું.'** એના પછી સ્વરૂપમાં સ્થિર થવાના સાધનો અથવા પછી વિકલ્પ આદિ વ્યવહાર આવે એ પછી હોય. આ વિના, પહેલું આ ન હોય તો એને હોય શકતું નથી. જુઓ! આ ૨૧મી ગાથાથી શરૂ થઈ છે અલૌકિક વાત, લ્યો! સમજાણું કાંઈ?

www.vitragvani.com



## ગાથા–૨૨

આમ જો સમ્યક્ત્વનું લક્ષણ જાણીએ તો તેને અંગીકાર કરીએ. માટે તે સમ્યક્ત્વનું લક્ષણ કહે છે :–

जीवाजीवादीनां तत्त्वार्थानां सदैव कर्त्तव्यम्।
श्रद्धानं विपरीताभिनिवेशविविक्तमात्मरूपं तत्।।२२।।

અન્વયાર્થ :– [ जीवाजीवादीनां ] જીવ, અજીવાદિ [ तत्त्वार्थानां ] તત્ત્વાર્થોનું [ विपरीताभिनिवेशविविक्तं ] વિપરીત અભિનિવેશ (આગ્રહ) રહિત અર્થાત્ બીજાને બીજાપણે સમજવારૂપ મિથ્યાજ્ઞાનથી રહિત [ श्रद्धानं ] શ્રદ્ધાન અર્થાત્ દૃઢ વિશ્વાસ [ सदैव ] નિરંતર જ [ कर्त्तव्यं ] કરવું જોઈએ. કારણ કે [ तत् ] તે શ્રદ્ધાન જ [ आत्मरूप ] આત્માનું સ્વરૂપ છે.

ટીકા :– 'जीवाजीवादीनां तत्त्वार्थानां श्रद्धानं सदैव कर्त्तव्यं' - જીવ-અજીવ આદિ જે તત્ત્વાર્થ-તત્ત્વ એટલે જેનો જેવો કાંઈ નિજભાવ છે તેવો જ હોવો તે. તે તત્ત્વથી સંયુક્ત જે અર્થ એટલે પદાર્થ તે તત્ત્વાર્થ-તેનું શ્રદ્ધાન એટલે આમ જ છે, બીજી રીતે નથી એવો પ્રતીતભાવ તે સદૈવ કર્તવ્ય છે. તેવું શ્રદ્ધાન કરવા યોગ્ય છે. 'विपरीताभिनिवेशविविक्तं' - એટલે બીજાને બીજારૂપે માનવારૂપ મિથ્યાત્વથી રહિત શ્રદ્ધાન કરવું. 'तत् आत्मरूपं अस्ति' - તે શ્રદ્ધાન આત્માનું સ્વરૂપ છે. જે શ્રદ્ધાન ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઊપજે છે તે જ સિદ્ધ અવસ્થા સુધી રહે છે. તેથી ઉપાધિભાવ નથી, આત્માનો નિજ ભાવ છે.

ભાવાર્થ :– તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શનનું લક્ષણ છે. તે તત્ત્વાર્થશ્રદ્ધાન બે પ્રકારે છે. એક સામાન્યરૂપ, એક વિશેષરૂપ. જે પરભાવોથી ભિન્ન પોતાના ચૈતન્ય-સ્વરૂપને પોતારૂપે શ્રદ્ધે છે તે સામાન્ય તત્ત્વાર્થ શ્રદ્ધાન કહીએ. આ શ્રદ્ધાન તો નારકી, તિર્યંચાદિ સર્વ સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે. અને જીવ-અજીવાદિ સાત તત્ત્વોના વિશેષણો (ભેદો) જાણી શ્રદ્ધાન કરે તે વિશેષ તત્ત્વાર્થશ્રદ્ધાન કહીએ. આ શ્રદ્ધાન મનુષ્ય, દેવાદિ વિશેષ બુદ્ધિવાન જીવોને હોય છે. પરંતુ રાજમાર્ગ (-મુખ્યમાર્ગ)ની અપેક્ષાએ સાત તત્ત્વોને જાણવાં તે સમ્યક્ત્વનું-સમ્યક્શ્રદ્ધાનનું કારણ છે. કારણ કે જો તત્ત્વોને જાણે નહિ તો શ્રદ્ધાન શાનું કરે? તેથી સાત તત્ત્વોનું થોડુંક વર્ણન કરીએ છીએ.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



૧. જીવતત્ત્વ :– પ્રથમ જ જીવતત્ત્વ ચેતના લક્ષણથી બિરાજમાન તે શુદ્ધ, અશુદ્ધ અને મિશ્રના ભેદથી ત્રણ પ્રકારે છે. ત્યાં (૧) શુદ્ધ જીવતત્ત્વ-જે જીવોને સર્વ ગુણપર્યાય પોતાના નિજભાવરૂપ પરિણમે છે અર્થાત્ જેમના કેવળજ્ઞાનાદિ ગુણ શુદ્ધ પરિણતિ-પર્યાયથી બિરાજમાન થયા તેને શુદ્ધ જીવ કહીએ.

(૨) અશુદ્ધ જીવતત્ત્વ-જે જીવોના સર્વગુણ-પર્યાય વિકારભાવને પ્રાપ્ત થઈ રહ્યા છે, જ્ઞાનાદિ ગુણ આવરણથી આચ્છાદિત થઈ રહ્યા છે, જે થોડાઘણા પ્રગટરૂપ છે તે વિપરીતપણે પરિણમી રહ્યા છે અને જેની પરિણતિ રાગાદિરૂપ પરિણમી રહી છે તે મિથ્યાદૃષ્ટિ જીવોને અશુદ્ધ જીવ કહીએ.

(૩) મિશ્રજીવ - જે જીવના સમ્યક્ત્વાદિ ગુણોની કેટલીક શક્તિ શુદ્ધ થઈ છે અથવા તેમાં પણ કાંઈક મલિનતા રહી ગઈ છે. અર્થાત્ કોઈ જ્ઞાનાદિ ગુણોની કેટલીક શક્તિ શુદ્ધ થઈ છે, બીજી બધી અશુદ્ધ રહી છે, કેટલાક ગુણ અશુદ્ધ થઈ રહ્યા છે, એવી તો ગુણોની દશા થઈ છે અને જેની પરિણતિ શુદ્ધાશુદ્ધરૂપ પરિણમે છે તે જીવ શુદ્ધાશુદ્ધસ્વરૂપ મિશ્ર કહીએ. આ રીતે જીવ નામનું તત્ત્વ ત્રણ પ્રકારે છે.

૨. અજીવતત્ત્વ :– જે ચેતનાગુણ રહિત તે પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળરૂપ (-કાલાણુરૂપ) પાંચ પ્રકારે છે. તેમાં (૧) પુદ્ગલદ્રવ્ય-સ્પર્શ, રસ, ગંધ, વર્ણસંયુક્ત, અણુ અને સ્કંધના ભેદથી બે પ્રકારે છે. તેમાં જે એકાકી-અવિભાગી પરમાણુ તેને અણુ કહીએ. અનેક અણુ મળીને સ્કંધ થાય છે તેને સ્કંધ કહીએ. અથવા પુદ્ગલદ્રવ્યના છ ભેદ છે :–

(૧) સ્થૂલસ્થૂલ - કાષ્ઠ-પાષાણ આદિ જે છેદાયા ભેદાયા પછી મળે નહિ તેને સ્થૂલસ્થૂલ પુદ્ગલ કહીએ. ૨ - સ્થૂલ-જે જળ, દૂધ, તેલ આદિ દ્રવ્ય પદાર્થોની જેમ છિન્નભિન્ન થવા છતાં ફરી તુરત જ મળી શકે તેને સ્થૂલ કહીએ. ૩ - સ્થૂલસૂક્ષ્મ-આતાપ, ચાંદની, અંધકારાદિ આંખથી દેખાય પણ પકડાય નહિ તેને સ્થૂલસૂક્ષ્મ કહીએ. ૪ - સૂક્ષ્મસ્થૂલ-જે શબ્દ ગંધાદિ આંખથી ન દેખાય પણ અન્ય ઇન્દ્રિયથી જણાય તેને સૂક્ષ્મસ્થૂલ કહીએ, ૫ - સૂક્ષ્મ-જે ઘણા પરમાણુઓનો સ્કંધ છે પણ ઇન્દ્રિયગમ્ય નથી તેને સૂક્ષ્મ કહીએ. ૬ - સૂક્ષ્મસૂક્ષ્મ-અતિ સૂક્ષ્મ સ્કંધ અથવા પરમાણુને સૂક્ષ્મ-સૂક્ષ્મ કહીએ. આ રીતે આ લોકમાં ઘણો ફેલાવો આ પુદ્ગલ દ્રવ્યનો છે.

(૨) ધર્મદ્રવ્ય - જીવ અને પુદ્ગલોને ગતિ કરવામાં સહકારીગુણસંયુક્ત લોકપ્રમાણ એક દ્રવ્ય છે.

(૩) અધર્મદ્રવ્ય - જીવ અને પુદ્ગલને સ્થિતિ કરવામાં સહકારીગુણસંયુક્ત લોકપ્રમાણ એક દ્રવ્ય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

(૪) આકાશદ્રવ્ય - સર્વ દ્રવ્યોને અવગાહનહેતુત્વલક્ષણસંયુક્ત લોકાલોકપ્રમાણ એક દ્રવ્ય છે. જ્યાં સર્વ દ્રવ્યોને પ્રાપ્ત થાય તેને લોક અને જ્યાં કેવળ એક આકાશ જ છે તેને અલોક કહીએ. બન્નેની સત્તા જુદી નથી તેથી એક દ્રવ્ય છે.

(૫) કાળદ્રવ્ય - સર્વ દ્રવ્યોને વર્ત્તનાહેતુત્વલક્ષણસંયુક્ત લોકના એકેક પ્રદેશ ઉપર સ્થિત એકેક પ્રદેશમાત્ર અસંખ્યાત દ્રવ્ય છે. તેના પરિણામના નિમિત્તે સમય, આવલી આદિ વ્યવહાર કાળ છે. આ રીતે જીવદ્રવ્ય સહિત છ દ્રવ્ય જાણવા. કાળને બહુ પ્રદેશ નથી તેથી કાળ સિવાય પંચાસ્તિકાય કહીએ. એમાં જીવતત્ત્વ અને પુદ્ગલ-અજીવતત્ત્વના પરસ્પર સંબંધથી અન્ય પાંચ તત્ત્વ થાય છે.

૩. આસ્રવતત્ત્વ - જીવના રાગાદિ પરિણામથી યોગ દ્વારા આવતા પુદ્ગલના આગમનને આસ્રવતત્ત્વ કહીએ.

૪. બંધતત્ત્વ - જીવને અશુદ્ધતાના નિમિત્તે આવેલાં પુદ્ગલોનું જ્ઞાનાવરણાદિરૂપ પોતાની સ્થિતિ અને રસસંયુક્ત પ્રદેશો સાથે સંબંધરૂપ થવું તે બંધતત્ત્વ કહીએ.

૫. સંવરતત્ત્વ - જીવના રાગાદિ પરિણામના અભાવથી પુદ્ગલોનું ન આવવું તેને સંવર કહીએ.

૬. નિર્જરાતત્ત્વ - જીવના શુદ્ધોપયોગના બળથી પૂર્વે બંધાયેલાં કર્મોનો એકદેશ નાશ થવો તેને સંવરપૂર્વક નિર્જરા કહીએ. કર્મફળને ભોગવીને નિર્જરા કરવામાં આવે તે નિર્જરા મોક્ષને આપે નહીં.

૭. મોક્ષતત્ત્વ - સર્વથા કર્મનો નાશ થતાં જીવનો નિજભાવ પ્રગટ થવો તેને મોક્ષ કહીએ. આ સાત તત્ત્વાર્થ જાણવાં. પુણ્ય-પાપ આસ્રવાદિના ભેદ છે, માટે જુદા કહ્યા નથી. આ રીતે આ તત્ત્વાર્થનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શનનું લક્ષણ કહીએ.

પ્રશ્ન :– આ લક્ષણમાં અવ્યાપ્તિદોષ આવે છે. કેવી રીતે? જે સમયે સમ્યગ્દષ્ટિ વિષય-કષાયની તીવ્રતારૂપે પરિણમે છે ત્યારે એવું શ્રદ્ધાન ક્યાં હોય છે? લક્ષણ તો એવું કહેવું જોઈએ કે સર્વ લક્ષ્યમાં તે સદાકાળ હોય.

ઉત્તર :– જીવના બે ભાવ છે. એક શ્રદ્ધાનરૂપ છે, બીજો પરિણમનરૂપ છે. શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વનું લક્ષણ છે, પરિણામરૂપ ચારિત્રનું લક્ષણ છે. સમ્યગ્દષ્ટિ વિષયકષાયના પરિણમનરૂપ થયો છે, શ્રદ્ધાનમાં પ્રતીતિ યથાવત્ છે. જેમ નોકર શેઠનો ચાકર છે. તેના અંતરંગમાં એવી પ્રતીતિ છે કે આ બધું શેઠનું કાર્ય છે, મારું ઘર જુદું જ છે. પરિણામો વડે તો શેઠના કામમાં પ્રવર્તે છે, તે શેઠના કામને 'મારું મારું' કહે છે, નફો કે ખોટ જાય

www.vitragvani.com



ત્યાં હર્ષ-શોક પણ કરે છે. તે પ્રતીતિને વારંવાર સંભારતો પણ નથી. પણ જ્યારે તે શેઠનો અને પોતાનો હિસાબ કરે છે ત્યારે જેવી પ્રતીતિ અંતરંગમાં હતી તે પ્રગટ કરે છે. શેઠના કાર્યમાં પ્રવર્તતાં તે શક્તિ પ્રતીતિરૂપ રહે છે. કદાચિત્ જો તે શેઠનું ધન ચોરીને તેને પોતાનું જાણે તો તેને અપરાધી કહીએ. વળી તે નોકર શેઠની નોકરીને પરાધીન દુઃખદાયક જાણે છે. પરંતુ પોતાના ધનના બળ વિના આજીવિકાવશ તેના કામમાં પ્રવર્તે છે, તેમ જ્ઞાની કર્મના ઉદયને ભોગવે છે.

એના અંતરંગમાં એવી પ્રતીત છે કે આ બધો દેખાવનો ઠાઠ છે, મારું સ્વરૂપ જુદું જ છે. પરિણામો વડે ઔદયિક ભાવોમાં પરિણમે છે. ઉદયના સંબંધને કારણે 'મારું-મારું' પણ કહે છે, ઇષ્ટ-અનિષ્ટમાં હર્ષ-વિષાદ પણ કરે છે. તે પોતાની પ્રતીતિને વારંવાર સંભારતો પણ નથી. પણ જે વખતે તે કર્મ અને પોતાના સ્વરૂપનો વિચાર કરે ત્યારે જેવી પ્રતીતિ અંતરંગમાં હતી તેવી જ પ્રગટ કરે છે. વળી તે કર્મના ઉદયમાં તે પ્રતીતિ શક્તિરૂપ રહે છે. તે કદીપણ તે કર્મના ઉદયને શ્રદ્ધાનમાં પોતાનો જાણે તો તેને મિથ્યાત્વી કહીએ.

વળી તે જ્ઞાની કર્મના ઉદયને પરાધીન દુઃખ જાણે છે. પરંતુ પોતાના શુદ્ધોપયોગના બળ વિના પૂર્વબદ્ધ કર્મને વશ થઈ કર્મના ઔદયિક ભાવોમાં પ્રવર્તે છે. આ રીતે સમ્યગ્દૃષ્ટિને તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન પરિણમનરૂપ તો નિર્બાધપણે નિરન્તર જ છે, પણ જ્ઞાનોપયોગ અપેક્ષાથી જોવામાં આવે તો સામાન્યરૂપ અથવા વિશેષરૂપ, શક્તિ અવસ્થામાં કે વ્યક્ત અવસ્થામાં સદાકાળ હોય છે.

પ્રશ્ન :– ભલે, આ લક્ષણમાં અવ્યાપ્તિ દોષ તો નથી, પણ અતિવ્યાપ્તિ દોષ તો લાગે છે, કારણ કે દ્રવ્યલિંગી મુનિ જિનપ્રણીત સાત તત્ત્વોને જ માને છે, અન્ય મતના કલ્પિત તત્ત્વોને માનતા નથી. લક્ષણ તો એવું કહેવું જોઈએ કે લક્ષ્ય વિના બીજા સ્થાનમાં ન હોય.

ઉત્તર :– દ્રવ્યલિંગી મુનિ જિનપ્રણીત તત્ત્વને જ માને છે, પરંતુ વિપરીત અભિનિવેશ સહિત માને છે, શરીરાશ્રિત ક્રિયાકાંડને પોતાના જાણે છે, તેથી અજીવતત્ત્વમાં જીવતત્ત્વ માન્યું. વળી આસ્રવબંધરૂપ [1]શીલ, સંયમાદિકરૂપ પરિણામ તેને સંવર-નિર્જરારૂપ માની મોક્ષનું કારણ માને છે. દ્રવ્યલિંગી પાપથી તો વિરક્ત થયો છે પણ પુણ્યમાં ઉપાદેયબુદ્ધિથી પરિણમ્યો છે માટે તત્ત્વાર્થશ્રદ્ધાન નથી. આ રીતે (વિપરીત અભિપ્રાય રહિત) તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન અંગીકાર કરવું. ૨૨.

---

૧. શીલ=શુભભાવરૂપ વ્યવહાર બ્રહ્મચર્ય.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**'આમ જો સમ્યક્ત્વનું લક્ષણ જાણીએ...'** હવે સમકિતનું લક્ષણ શું એને જાણવું જોઈએને? **'તો તેને અંગીકાર કરીએ. માટે તે સમ્યક્ત્વનું લક્ષણ કહે છે :–'** જુઓ! **'आदौ'** સમકિત. પહેલામાં પહેલું સમકિત, જે મોક્ષનો ઉપાય, મોક્ષનું કારણ એવા સમકિતની આ વ્યાખ્યા છે. એ નિશ્ચય સમકિતની આ વ્યાખ્યા છે એમ કહે છે. શ્રાવકને માટે આ છે, જુઓ! ત્યારે પેલા કહે, શ્રાવકને સરાગ સમકિત હોય. વીતરાગ સમકિત નિશ્ચય ન હોય, નિશ્ચય સમકિત ઉપર હોય. અહીં રાગસહિત, શુભયોગ સહિતની શ્રદ્ધા (હોય એમ એ કહે છે).

અહીં તો આચાર્ય એ વાત કરે છે કે, મોક્ષમાર્ગના ત્રણ અવયવો એટલે ત્રણ સમુદાય છે એનું પહેલું સમ્યગ્દર્શન શ્રાવકને માટેની વ્યાખ્યા ચાલે છે અને એ શ્રાવકને પણ પહેલું સમ્યગ્દર્શનનું સ્વરૂપ શું, પાંચમાં ગુણસ્થાનની વ્યાખ્યા ચાલે છે.

**जीवाजीवादीनां तत्त्वार्थनां सदैव कर्त्तव्यम्।**
**श्रद्धानं विपरीताभिनिवेशविविक्तमात्मरूपं तत्।।२२।।**

જુઓ! આ શ્લોક મુક્યો છે ભાઈએ 'ટોડરમલ્લજી'એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નિશ્ચય સિદ્ધ કરવા આ ગાથા છે. નવમામાં કે સાતમામાં, નવમામાં. **'जीवाजीवादीनां तत्त्वार्थनां सदैव कर्त्तव्यम्' 'सदैव'** જુદું પાડ્યું, ભેગું જોઈએ. **'सदैव कर्त्तव्यम्'**. સદાય કર્તવ્ય છે. વ્યવહાર સદાય કર્તવ્ય નથી, આ તો નિશ્ચય છે માટે સદાય કર્તવ્ય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? સદાય કર્તવ્ય એટલે એ રૂપ સદાય રહેશે પછી ઠેઠ સિદ્ધમાં પણ (રહેશે), એમ કહે છે. સમજાણું?

**'श्रद्धानं विपरीताभिनिवेशविविक्तमात्मरूपं तत्'** જુઓ! હજી તો શ્રાવકને પહેલી સમ્યગ્દર્શનની દશા આવી હોય એનું વર્ણન કરે છે. હવે પેલા કહે, ચોથે, પાંચમે ને છટ્ઠે વ્યવહાર સમકિત હોય, વ્યવહાર જ્ઞાન હોય, વ્યવહાર ચારિત્ર હોય, નિશ્ચય હોય નહિ. અહીં તો આ નિશ્ચયથી વાત કરે છે. **'જીવ, અજીવાદિ તત્ત્વાર્થોનું...'** એના પછી વ્યાખ્યા કરશે, હોં! સામાન્ય વિશેષ. જીવ, અજીવાદિ. કારણ કે, થોડી બુદ્ધિવાળા કેટલાક તિર્યંચ હોય છે, કેટલાક મનુષ્ય હોય છે, દેવ હોય છે, નારકી હોય છે એને સામાન્યપણે પણ એ જીવ તત્ત્વનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન હોય છે, વિશેષ તત્ત્વનું જ્ઞાન ન હોય. ચૈતન્યસ્વરૂપ કહેશે. પરભાવોથી ભિન્ન પોતાના ચૈતન્યસ્વરૂપને પોતારૂપે શ્રદ્ધે તે સામાન્ય તત્ત્વાર્થ શ્રદ્ધાન કહીએ. ભાવાર્થમાં છે. સમજાણું કાંઈ? વિશેષ જાણપણા ન હોય, વિશેષ પડખાં ન જાણતો હોય, મૂળ પડખાં ટુંકામાં (જાણતો હોય). જ્ઞાયક સ્વરૂપ આત્મા અને એ સિવાય બધું અજીવ, બસ! પરભાવ તે પુણ્ય-પાપ, સ્વભાવ તે ભિન્ન. એવું સામાન્યપણે પણ જાણીને જે અંતર સમ્યગ્દર્શન અંગીકાર કરે તે સામાન્ય સમકિત છે. એમાં સાત તત્ત્વો પણ સામાન્યપણે આવી જાય છે, ઉતાર્યા છે.

આત્મા, આ આત્મા એ આનંદ સ્વરૂપ છે એવું ભાન થયું એ આત્મા. એ સિવાય,

www.vitragvani.com



આ આનંદ સિવાય આ બીજી વાત છે એ આનાથી વિરુદ્ધ છે, દુઃખ એટલે આસ્રવ ને બંધ (છે). આ તત્ત્વ આનંદ છે એનાથી બીજું જે તત્ત્વ તે અજીવ. બધું સાથે આવી ગયું. સાધન થાય તે સંવર-નિર્જરા, પૂર્ણ સાધન થાય તે મોક્ષ, આ વસ્તુ આનંદ છે, એની પૂર્ણતા મોક્ષ. આ સાધન થાય પર્યાય પ્રગટી એ સિંવર-નિર્જરા, આ આત્મા. એનાથી વિરુદ્ધ તે અજીવ, આનંદથી વિરૂદ્ધ તે આસ્રવ ને બંધ. સમજાણું કાંઈ? આસ્રવ ને બંધ એ દુઃખરૂપ. થોડામાં એને આવી ગયા. એમાં પણ આ સાત તત્ત્વો તો નાખવા પડશે ને? સામાન્યમાં પણ એ સાત વિના કાંઈ એનું લક્ષણ બીજું નથી, એ લક્ષણ કાંઈ બીજું નથી એનું, સામાન્ય વિશેષનો ફેર છે બાકી લક્ષણ બીજું નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'જીવ, અજીવાદિ તત્ત્વાર્થોનું વિપરીત અભિનિવેશ (જૂઠો આગ્રહ) રહિત અર્થાત્ બીજાને બીજાપણે સમજવારૂપ મિથ્યાજ્ઞાનથી રહિત...'** લ્યો! જેનો જે તત્ત્વનો ભાવ છે–જીવનો તત્ત્વભાવ, પુણ્યનો તત્ત્વભાવ, અજીવનો તત્ત્વભાવ, પાપનો તત્ત્વભાવ, સંવરનું સ્વરૂપ, નિર્જરાનું સ્વરૂપ તત્ત્વભાવ અને મોક્ષનું (સ્વરૂપ). એવું બીજાને બીજાપણે સમજવાના મિથ્યાજ્ઞાનથી રહિત હોય. **'એવી શ્રદ્ધાન અર્થાત્ દઢ વિશ્વાસ 'सदैव' નિરંતર જ કરવું જોઈએ.'** લ્યો! 'નિયમસાર' (ત્રીજી ગાથામાં) આવ્યું ને? **'णियमेण य जं कज्जं'** નિયમથી જે કરવા લાયક છે, શબ્દ છે 'કુંદકુંદાચાર્ય'નો. નિયમથી જે કરવા લાયક આત્માનું દર્શન, જ્ઞાન ને સ્થિરતા, રમણતા ત્રણ, એ નિયમથી કરવા લાયક નિશ્ચય છે. તે સદાય કરવા લાયક છે.

**'કારણ કે તે શ્રદ્ધાન જ આત્માનું સ્વરૂપ છે.'** લ્યો! નિર્વિકલ્પ શ્રદ્ધા થઈ એ આત્માની નિર્વિકારી પર્યાય છે, એ આત્માનું સ્વરૂપ છે કે જે સમ્યગ્દર્શન એનું એ ઠેઠ સિદ્ધમાં રહે છે. માટે સમ્યગ્દર્શનનો પહેલામાં પહેલો અખિલ પ્રયત્ન કરીને ઉપાય કરીને અંતર્મુખ થઈને અંગીકાર કરવું એ પહેલો જ મોક્ષમાર્ગનો અવયવ છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૧ ગાથા–૨૨ ગુરુવાર, પોષ સુદ ૮, તા. ૧૯-૦૧-૧૯૬૭

---

'પુરુષાર્થ સિદ્ધિ-ઉપાય', ૨૨મી ગાથા. આમ જો સમકિતનું લક્ષણ જાણીએ તો તેને અંગીકાર કરીએ માટે તે સમકિતનું લક્ષણ કહે છે.

**जीवाजीवादीनां तत्त्वार्थानां सदैव कर्त्तव्यम्।**
**श्रद्धानं विपरीताभिनिवेशविविक्तमात्मरूपं तत्।।२२।।**

**અન્વયાર્થ :– 'જીવ, અજીવ આદિ તત્ત્વાર્થોનું વિપરીત (આગ્રહ) અભિનિવેશ...'** રહિત. બીજાને બીજાપણે સમજવારૂપ મિથ્યાજ્ઞાનથી રહિત. આસ્રવને આત્મા સમજે, આત્માને આસ્રવ સમજે, સંવરને બંધ સમજે, બંધને સંવર સમજે વગેરે. બીજાને બીજાપણે સમજવારૂપ

www.vitragvani.com



મિથ્યાજ્ઞાનથી રહિત **'શ્રદ્ધાન અર્થાત્ દૃઢ વિશ્વાસ નિરંતર જ કરવું જોઈએ. કારણ કે તે શ્રદ્ધાન જ આત્માનું સ્વરૂપ છે.'** સમ્યગ્દર્શન એ આત્માનું સ્વરૂપ છે, આત્માનું રૂપ છે, આત્માની નિર્મળ પર્યાય છે. સમ્યગ્દર્શન એ મોક્ષના માર્ગનો અવયવ (છે), એ આત્માના નિર્મળ પર્યાયનું સ્વરૂપ છે. રાગાદિને સમ્યગ્દષ્ટિ કરતા નથી એમ અહીં સિદ્ધ કરવું છે. આત્માનું રૂપ છે એ તો શુદ્ધ આત્મા છે એવી એની શ્રદ્ધાની પર્યાય પણ શુદ્ધ જ છે, આત્માનું એ સ્વરૂપ છે.

**ટીકા :–** **''जीवाजीवादीनां तत्त्वार्थनां श्रद्धानं सदैव कर्त्तव्यं' - જીવ-અજીવ આદિ જે તત્ત્વાર્થ-તત્ત્વ એટલે જેનો જેવો કાંઈ નિજભાવ છે...'** જીવનો નિજભાવ, આસ્રવનો નિજભાવ, સંવર-નિર્જરાનું નિજ સ્વરૂપ, જેવું તેનું સ્વરૂપ ને ભાવ છે **'તેવો જ હોવો...'** તે ભાવમાં તેવું જ હોવું તે. એનું નામ તત્ત્વ. પુણ્યનો ભાવ શુભ છે, પાપનો અશુભ છે, સંવર-નિર્જરાનો શુદ્ધભાવ છે, આત્માનો જ્ઞાયકભાવ છે, અજીવનો અજીવત્વ ભાવ છે. તે તે ભાવને તે પ્રકારે અંતરમાં શ્રદ્ધવું.

**'તે તત્ત્વથી સંયુક્ત જે અર્થ...'** તત્ત્વાર્થ લેવું છે. **'જેનો જેવો કાંઈ નિજભાવ છે...'** જીવનો નિજભાવ જ્ઞાયક છે, પુણ્યનો નિજભાવ શુભ છે વગેરે. **'જેનો જેવો કાંઈ નિજભાવ છે તેવો જ હોવો તે. તે તત્ત્વથી સંયુક્ત...'** તેના ભાવથી સંયુક્ત તે વસ્તુ. **'જે અર્થ એટલે પદાર્થ તે તત્ત્વાર્થ...'** એ સાતે તત્ત્વો. સાતે અર્થ છે તેનો ભાવ, **'તેનું શ્રદ્ધાન એટલે આમ જ છે,...'** અહીં એનો અર્થ કરશે જરીક. **'બીજી રીતે નથી એવો પ્રતીતભાવ તે સદૈવ કર્તવ્ય છે. તેવું શ્રદ્ધાન કરવા યોગ્ય છે. 'विपरीताभिनिवेशविविक्तं' - એટલે બીજાને બીજારૂપે માનવારૂપ મિથ્યાત્વથી રહિત...'** જે ભાવ જે તત્ત્વનો છે તેનાથી વિપરીત બીજા ભાવે તેને માનવું એનું નામ વિપરીત મિથ્યાત્વ છે. એનાથી રહિત શ્રદ્ધાન કરવું **'તે શ્રદ્ધાન આત્માનું સ્વરૂપ છે.'** લ્યો! આ તો શ્રદ્ધાન આત્માનું સ્વરૂપ છે. શુભ જોગ વિકલ્પ ને એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી, એ તો પુણ્યનું સ્વરૂપ છે.

**'જે શ્રદ્ધાન ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઊપજે છે...'** જે આત્માના સ્વરૂપની શુદ્ધ શ્રદ્ધા **'ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઊપજે છે તે જ સિદ્ધ અવસ્થા સુધી રહે છે.'** સમજાણું? એ જ સ્વરૂપ તિર્યંચને હો, મનુષ્યને હો, નારકીને હો, ક્ષાયિક તે જ સિદ્ધ અવસ્થા સુધી રહે છે. **'તેથી ઉપાધિભાવ નથી,...'** તેથી સમ્યગ્દર્શન કોઈ શુભ વિકલ્પ કે શુભ જોગ નથી, એમ કહે છે. સમ્યગ્દર્શન નિરૂપાધિ આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ (છે) તેની શુદ્ધ શ્રદ્ધારૂપી પરિણામ તે આત્માનું નિરૂપાધિ રૂપ–સ્વરૂપ છે. વિકલ્પ જે દયા, દાન કે શુભ જોગ છે એ તો ઉપાધિરૂપ છે. આ સમ્યગ્દર્શનના પરિણામ ઉપાધિરૂપ નથી. કહો! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :–** આત્માનું નિજ ભાવ છે, એ આત્માની નિજ પર્યાય છે. શુદ્ધ સ્વરૂપ જેવું જ્ઞાયક છે, એવી (પ્રતીતિ) અને જે રાગાદિ ભલે હો, એ પ્રમાણે જેનો જે ભાવ છે તેની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

અહીંયાં શ્રદ્ધા સ્વસન્મુખમાં (થવી) અને એમાં આ રાગાદિ નથી એવા પરિણામની શ્રદ્ધા એ આત્માનો જ ભાવ છે, આત્માની જ નિર્મળ દશા છે. આત્માનું જ વાસ્તવિક તે રૂપ સ્વરૂપ છે. કહો! આટલો તો ખુલાસો કર્યો છે કે સમ્યગ્દર્શન તો આત્માનું રૂપ છે. (લોકો અત્યારે) શુભજોગને સમકિત કહે છે. આઠમા (ગુણસ્થાનની) ક્યાં વાત છે, આ ચોથાની વાત છે. પહેલેથી વાત જીવાદિ તત્ત્વાર્થ (શ્રદ્ધાનની લીધી છે). સમજાણું કાંઈ? શુભજોગ તો ઉપાધિ છે, વિકલ્પ છે, કર્મજન્યભાવ છે એને સમકિત કહેવાય નહિ.

સમકિત સ્વરૂપ શુદ્ધ ચૈતન્યની સન્મુખનું અને તેમાં બીજા તત્ત્વો છે તે તે ભાવવાળા આમાં નથી એ રીતે એની શ્રદ્ધાનું વિપરીત શ્રદ્ધાન રહિત થવું એનું નામ આત્માનું જ સ્વરૂપ ને રૂપ છે કે જે સ્વરૂપ સિદ્ધ ભગવાનમાં પણ રહે છે.

મુમુક્ષુ :– સિદ્ધ અવસ્થા સુધી રહે છે.

ઉત્તર :– પોતાની નિર્મળ પર્યાય છે ને! મોક્ષમાર્ગમાં થઈ તે મોક્ષમાં પણ રહે છે. આવે છે ને 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં? જે ડાળ થઈ એ ડાળ પછી ઝાડમાં પણ રહે છે. એમ માર્ગની વાત કરી છે. મોક્ષમાર્ગ છે એ વળી મોક્ષમાં કેમ રહે? એમ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાં (કઈ રીતે રહે?) સમ્યગ્દર્શન એ તો મોક્ષમાર્ગ છે. એ વળી મોક્ષમાં કેમ રહે? જે નિર્મળ અવયવ થયો એ ત્યાં પણ રહ્યો છે, એમ કહે છે. શુદ્ધ સ્વભાવની નિર્વિકલ્પ શ્રદ્ધા, રાગના લક્ષ વિનાની ચૈતન્યના આશ્રયે થયેલી નિર્મળ શ્રદ્ધાના પરિણામ તો સિદ્ધ સ્વભાવમાં પણ રહે છે, મોક્ષમાં પણ રહે છે, એમ કહે છે. મોક્ષનો માર્ગ છે છતાં મોક્ષમાં પણ રહે છે.

**'તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શનનું લક્ષણ છે. તે તત્ત્વાર્થશ્રદ્ધાન બે પ્રકારે છે.'** બે પ્રકારે હોય છે. **'એક સામાન્યરૂપ, એક વિશેષરૂપ હોય છે. જે પરભાવોથી ભિન્ન...'** પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન, **'પોતાના ચૈતન્ય-સ્વરૂપને પોતારૂપે શ્રદ્ધે છે...'** એમાં બધું આવી ગયું, ટૂંકામાં સાતે (તત્ત્વ આવી ગયા). પરભાવોથી ભિન્ન અજીવ અને પુણ્ય-પાપ, આસ્રવ, બંધ એ બધા પરભાવ છે, એનાથી ભિન્ન પોતાના ચૈતન્ય સ્વરૂપ(ને શ્રદ્ધે). વિશેષ જ્ઞાન ન હો પણ આ રીતે સામાન્ય બુદ્ધિવાળાને નારકીમાં, મનુષ્યમાં, દેવમાં, તિર્યંચમાં પરભાવોથી ભિન્ન પોતાના ચૈતન્ય સ્વરૂપને પોતારૂપે શ્રદ્ધે કે આ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ છે તે હું છું, પરભાવ તે હું નથી. એમાં એ પરભાવની શ્રદ્ધા આવી ગઈ. સમજાણું કાંઈ?

ચૈતન્ય સ્વરૂપ તે પોતારૂપે શ્રદ્ધે એમાં સંવર, નિર્જરા ને મોક્ષ પણ આવી ગયો. ચૈતન્ય સ્વરૂપ તે હું એની અંદર નિર્મળતાની પર્યાય ચૈતન્યસ્વરૂપ પ્રગટી એ સંવર-નિર્જરા ને મોક્ષ. પરભાવમાં અજીવ, આસ્રવ, બંધ બધું એમાં આવી ગયું. સ્વ-પરમાં સાતેય આવી ગયા. સમજાણું કાંઈ? વિશેષ જ્ઞાન ન હો, ક્ષયોપશમ ન હો, છતાં આવી શ્રદ્ધા હોય એને પણ સમ્યગ્દર્શન કહે છે. જ્ઞાનની વિશેષતા નથી એમાં, એમ કહે છે. ધોખમાર્ગમાં સાતે તત્ત્વોનું

www.vitragvani.com



જાણપણું લેશે.

**'પરભાવોથી ભિન્ન...'** વિકારના વિકલ્પથી તદ્દન જુદું સ્વરૂપ, એવો જે ચૈતન્ય સ્વભાવ શુદ્ધ આત્માનો, એની શ્રદ્ધા, **'તે સામાન્ય તત્ત્વાર્થ શ્રદ્ધાન કહીએ.'** સામાન્ય એટલે વિશેષ જ્ઞાનના વિના પણ છે બરાબર યથાર્થ, આત્માના અનુભવની પ્રતીતિ. કહો! સમજાણું કાંઈ? એમ કહીને એમ કહે છે કે, સમ્યગ્દર્શન થયું એટલે એને જાણપણું બહુ જ હોય, ઘણું જ હોય એવું કાંઈ નથી.

**'આ શ્રદ્ધાન તો નારકી...'**ને પણ હોય છે. સમ્યગ્દર્શન તિર્યંચ–ઢોરમાં દેડકા આદિને પણ હોય છે. **'સર્વ સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે.'** આ તો બધાને હોય છે, સામાન્યપણે તો બધાને હોય છે. **'અને જીવ-અજીવાદિ સાત તત્ત્વોના વિશેષણો (ભેદો) જાણી શ્રદ્ધાન કરે તે વિશેષ તત્ત્વાર્થશ્રદ્ધાન કહીએ.'** એ વિશેષ તત્ત્વાર્થશ્રદ્ધાન કહીએ, છતાં એનું ફળ, વસ્તુ તો એક જ પ્રકારની છે, હોં! જાણપણું વિશેષ છે માટે એનું તત્ત્વાર્થ શ્રદ્ધાન બહુ નિર્મળ છે એમ કાંઈ નથી. આને વિશેષ તત્ત્વાર્થશ્રદ્ધાન કહીએ. સમજાણું કાંઈ?

**'આ શ્રદ્ધાન મનુષ્ય, દેવાદિ વિશેષ બુદ્ધિવાન જીવોને હોય છે.'** ક્ષયોપશમ વધારે હોય અને અનુભવની પ્રતીત તો એવી જ હોય, જેવી સામાન્યમાં કહી એવી જ આને હોય. આને વધારે જાણપણાનો ભાવ હોય એટલું. સમજાણું? **'વિશેષણો (ભેદો) જાણી શ્રદ્ધાન કરે તે વિશેષ તત્ત્વાર્થશ્રદ્ધાન કહીએ. આ શ્રદ્ધાન મનુષ્ય, દેવાદિ વિશેષ બુદ્ધિવાન જીવોને હોય છે. પરંતુ...'** હવે રાજમાર્ગ કહે છે. **'રાજમાર્ગ (-મુખ્યમાર્ગ)ની અપેક્ષાએ સાત તત્ત્વોને જાણવાં તે સમ્યક્ત્વનું-સમ્યક્શ્રદ્ધાનનું કારણ છે.'** કારણ કે, પેલાને–તિર્યંચને સાત તત્ત્વના નામ પણ આવડતા ન હોય. કેટલાક મનુષ્યને પણ એવા સાત તત્ત્વના નામ ન આવડતા હોય (પણ) અંદર વસ્તુનું ભાન થઈ ગયું. સમજાણું કાંઈ? તેથી કહે છે કે એ પણ સામાન્ય સમ્યગ્દર્શન છે એ પણ સમ્યગ્દર્શન છે, વિશેષ જ્ઞાન સહિત એ પણ સમ્યગ્દર્શન જ છે. પણ રાજમાર્ગે સાત તત્ત્વનું જાણપણું આમાં લેવામાં આવે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સામાન્ય-વિશેષ આ અપેક્ષાએ, જ્ઞાનની અપેક્ષાએ. તેથી એની શ્રદ્ધામાં ભેદ પાડ્યો. શું કહ્યું? એય...! એમ કહે છે કે, એ તો જ્ઞાનની અપેક્ષાએ વિશેષ થયું, પણ શ્રદ્ધામાં શું? શ્રદ્ધાનો એ અપેક્ષાએ ભેદ પાડ્યો. જેમ શ્રુતકેવળીને અવગાઢ સમકિત, કેવળીને પરમાવગાઢ સમકિત (છે), બાકી સમકિત તો સમકિત છે. અહીં સાત તત્ત્વ લેવા છે ને એટલે એને ધોખમાર્ગે સાતનું જ્ઞાન લઈને વિશેષ કહેવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– 'સમયસાર' માં એકલા આત્માની વાત કરે.

ઉત્તર :– એક આત્મા એ સાતમાં આવી જાય છે. એક આત્મા શુદ્ધ સ્વરૂપનું ભાન (થયું) એ આત્મામાં આ અજીવ નથી એમ ભેગું આવી જાય છે. એમાં પુણ્ય-પાપ ને આસ્રવ-

www.vitragvani.com



બંધ નથી એવું આવી જાય છે, બધું એક જ લક્ષણ છે. એનો ખુલાસો 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં કર્યો છે, ઘણો કર્યો છે. કહો! સમજાણું? શુદ્ધ સ્વરૂપ ભૂતાર્થ વસ્તુ, એની અંતરમાં સ્વસન્મુખ થઈને પ્રતીતિ (થાય) એમાં એ બધું આવી જાય છે. સામાન્યપણે ત્યાં આત્માને લીધો પણ એમાં અજીવ આદિ નથી એવી શ્રદ્ધા પણ ભેગી આવી જાય છે. એમાં નથી એટલે બીજા છે એમ શ્રદ્ધા આવી ગઈ.

**'રાજમાર્ગ (-મુખ્યમાર્ગ)ની અપેક્ષાએ...'** સાત કીધા છે ને એટલે હવે એને વિશેષ સ્પષ્ટ (કરે છે). **'સાત તત્ત્વોને જાણવાં તે સમ્યક્ત્વનું-સમ્યક્શ્રદ્ધાનનું કારણ છે.'** જાણવા તે શ્રદ્ધાનું કારણ છે, એમ કહે છે. **'કારણ કે જો તત્ત્વોને જાણે નહિ તો શ્રદ્ધાન શાનું કરે?'** આ જીવ છે, આ પુણ્ય-પાપ છે, આ બંધ છે, આ અજીવ છે એમ આ સંવર-નિર્જરા આદિ વિશેષ ન જાણે તો જાણ્યા વિના શ્રદ્ધાન કોનું કરે? **'તેથી સાત તત્ત્વોનું થોડુંક વર્ણન કરીએ છીએ.'** તત્ત્વાર્થશ્રદ્ધાન શબ્દ પડ્યો છે ખરોને? એટલે સાત તત્ત્વો કેવી રીતે છે એની વાત થોડી સમજાવે છે. જીવ તત્ત્વ કોને કહેવાય એના ત્રણ પ્રકાર પાડશે.

**૧. જીવતત્ત્વ :– 'પ્રથમ જ જીવતત્ત્વ ચેતના લક્ષણથી બિરાજમાન તે શુદ્ધ,...'** બિરાજમાન. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપથી, ચેતના લક્ષણથી બિરાજમાન છે. ચેતના લક્ષણથી જીવતત્ત્વ બિરાજમાન છે. **'તે શુદ્ધ, અશુદ્ધ અને મિશ્રના ભેદથી ત્રણ પ્રકારે છે.'** જીવ તત્ત્વ પણ ત્રણ પ્રકારે તેના ભાવમાં હોય છે. **'ત્યાં (૧) શુદ્ધ જીવતત્ત્વ - જે જીવોને સર્વ ગુણપર્યાય પોતાના નિજભાવરૂપ પરિણમે છે...'** લ્યો! કેવળી (કહ્યા). **'જે જીવોને સર્વ ગુણપર્યાય...'** નિર્મળ ગુણની પર્યાય, એમ. પોતાના નિજભાવરૂપે શુદ્ધ પરિણમ્યા છે. **'અર્થાત્ જેમના કેવળજ્ઞાનાદિ ગુણ શુદ્ધ પરિણતિ-પર્યાયથી બિરાજમાન થયા તેને શુદ્ધ જીવ કહીએ.'** કેવળીને, સિદ્ધને શુદ્ધ જીવ કહીએ. કહો! સમજાણું કાંઈ? જીવતત્ત્વની વ્યાખ્યા (કહી). જીવતત્ત્વમાં શુદ્ધ પૂર્ણ ગુણની પર્યાય નિર્મળ થઈ ગઈ એને શુદ્ધ જીવતત્ત્વ કહે છે.

**'(૨) અશુદ્ધ જીવતત્ત્વ - જે જીવોના સર્વગુણ-પર્યાય વિકારભાવને પ્રાપ્ત થઈ રહ્યા છે,...'** જે જીવોના સર્વગુણ-પર્યાય જે વિકારભાવને પ્રાપ્ત થઈ રહ્યા છે. કેટલાક અસ્તિત્વ આદિ નહિ પણ જે ગુણ થઈ રહ્યા છે એની વાત લેવી. **'જ્ઞાનાદિ ગુણ આવરણથી આચ્છાદિત થઈ રહ્યા છે,...'** જ્ઞાન, દર્શન, આનંદ આદિ એની પર્યાયમાં આચ્છાદિત થઈ રહ્યા છે. **'જે થોડાઘણા પ્રગટરૂપ છે (જ્ઞાનાદિ) તે વિપરીતપણે પરિણમી રહ્યા છે...'** ઉઘાડ જ્ઞાન આદિ છે પણ એને પરપણે જાણવામાં પરિણમી રહ્યા છે. સમજાણું કાંઈ?

અસ્તિત્વ ગુણ આદિ તો નિર્મળ છે એ વાત અહીં લેવી નહિ. જે કંઈ વિકારપણે પરિણમે છે એ બધા વિકારપણે પરિણમ્યા છે એમ લેવું. થોડા ઘણા કંઈ જે ઉઘાડ છે, મિથ્યાદૃષ્ટિને જ્ઞાનનો ઉઘાડ હોય છે, દર્શનઉપયોગનો (હોય છે) પણ એ વિપરીતપણે પરિણમે છે. એનો વેપાર પર ઉપર છે, સ્વ ઉપર નથી. **'જેની પરિણતિ રાગાદિરૂપ પરિણમી રહી**

www.vitragvani.com



**છે...**' જેની દશા એકલી પુણ્ય-પાપના વિકારરૂપે થઈ રહી છે. '**તે મિથ્યાદષ્ટિ જીવોને અશુદ્ધ જીવ કહીએ.**' પર્યાયની અશુદ્ધતા નામ એકલા મલિનતાને કારણે તેને અશુદ્ધ જીવ કહીએ. આ જીવતત્ત્વની વ્યાખ્યા કરે છે. સમજાણું કાંઈ?

'**(૩) મિશ્રજીવ - જે જીવના સમ્યક્ત્વાદિ ગુણોની કેટલીક શક્તિ શુદ્ધ થઈ છે...**' ગુણ એટલે પર્યાય. જેની સમકિત આદિ જ્ઞાનાદિ, શાંતિ આદિ, આનંદ આદિની કેટલીક શક્તિ શુદ્ધ થઈ છે. જુઓ! કેટલીક શક્તિ શુદ્ધ થઈ છે એટલે પર્યાય. '**અથવા તેમાં પણ કાંઈક મલિનતા રહી ગઈ છે.**' શક્તિ શુદ્ધ થઈ છે, તેમાં કાંઈક મલિનતા પણ રહી ગઈ છે. '**અર્થાત્ કોઈ જ્ઞાનાદિ ગુણોની કેટલીક શક્તિ શુદ્ધ થઈ છે,...**' જ્ઞાન, દર્શન આદિ. '**બીજી બધી અશુદ્ધ રહી છે,...**' કેટલીક ત્યાં અશુદ્ધ પણ રહી છે.

'**કેટલાક ગુણ અશુદ્ધ થઈ રહ્યા છે,...**' ગુણ એટલે પર્યાય. '**એવી તો ગુણોની દશા થઈ છે અને જેની પરિણતિ (પર્યાય) શુદ્ધાશુદ્ધરૂપ પરિણમે છે...**' એ ગુણોની દશા શબ્દે તો મૂળ તો પર્યાય છે પણ ગુણની વાત લીધી. એના ગુણમાંથી પર્યાયમાં આમ થયું છે, એમ. '**જેની પરિણતિ શુદ્ધાશુદ્ધરૂપ પરિણમે છે તે જીવ શુદ્ધાશુદ્ધસ્વરૂપ મિશ્ર કહીએ.**' જુઓ! સમ્યગ્દષ્ટિને અશુદ્ધ પરિણતિ છે, એનો સ્વામી નથી. ખરેખર તો શુદ્ધ પરિણતિ જ એનું સ્પરૂપ છે પણ અશુદ્ધ સાથે છે તેથી મિશ્ર લઈને એની વાત કરી છે. કહો! સમજાણું આમાં?

સમ્યગ્દર્શનમાં તો સવિકલ્પ સહિત નથી જ. એ તો ના પાડી નહિ? એ દૃષ્ટિમાં નિર્મળતામાં આત્માની સાથે વિકલ્પ સહિત આત્મા છે એવું નથી માન્યું. વિકલ્પ સહિત છે એમ માન્યું નથી પણ ત્યાં અસ્થિરતા, અશુદ્ધતા છે એ અપેક્ષાએ કેટલીક નિર્મળ દશા ને કેટલીક મલિનતા એક સાથે ગણીને સમકિતીને, મુનિને પણ મિશ્ર દશામાં ગણવામાં આવ્યા છે. કહો! સમજાય છે આમાં કાંઈ?

કોઈ કહે કે, સમ્યગ્દષ્ટિ વ્યવહારથી રાગાદિ વિકલ્પથી મુક્ત છે. વિકલ્પ સહિત જીવ છે જ નહિ. કાલે આવ્યું હતું. ઇ જીવમાં વિકલ્પ સહિત માનતો નથી, જીવ વિકલ્પ સહિત છે તેમ અનુભવતો નથી. એટલે અનુભવમાં વિકલ્પણું નથી. વિકલ્પપણું છે, એક અશુદ્ધપણું છે તેનાથી ભિન્નપણે પરિણમે છે. પણ તેથી અહીંયાં જણાવવું છે જીવતત્ત્વને એટલે અશુદ્ધ પરિણતિ પણ તેની છે એમ ગણીને તેને જીવતત્ત્વમાં મિશ્રપણું ગણવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

કોઈ કહે કે, જીવ તો સમકિતી જ્ઞાતા-દૃષ્ટા છે, મુનિ એકલા જ્ઞાતા-દૃષ્ટા જ છે. એ બરાબર છે ને આ મિશ્ર છે એ પણ બરાબર છે. એ વખતે થોડી અશુદ્ધ પર્યાય પરિણમી છે એનો સ્વામી નથી, એનો ધણી નથી, તેની રુચિ નથી પણ છે ખરું એટલું બતાવવા એ મિશ્રપણું ગણવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

'**આ રીતે જીવ નામનું તત્ત્વ ત્રણ પ્રકારે છે.**' (૧) જેની શુદ્ધ જીવની પરિપૂર્ણ પરિણતિ

www.vitragvani.com



કેવળજ્ઞાન આદિ થઈ ગઈ. (૨) મિથ્યાદષ્ટિની તદ્દન અશુદ્ધ પરિણતિ છે. (૩) સમ્યગ્દષ્ટિથી માંડીને બારમાં ગુણસ્થાન સુધીમાં કેટલીક શુદ્ધ ને કેટલીક અશુદ્ધ છે તેને અહીં મિશ્રમાં ગણવામાં આવ્યા છે. કહો! સમજાણું કાંઈ? આવા જીવની જેમ છે તેમ તેની શ્રદ્ધામાં શ્રદ્ધા કરવી જોઈએ, એમ કહે છે.

મુમુક્ષુ :– ત્રસ, સ્થાવરના જીવ તો આવ્યા નહિ.

ઉત્તર :– ત્રસ, સ્થાવર એ જીવ ક્યાં છે? છ કાય એ જીવ ક્યાં છે? જ્ઞાન સ્વરૂપ એ જીવ છે, એની પરિણતિના પ્રકાર લીધા. ઠીક પૂછ્યું. ત્રસ, સ્થાવરના ભેદ પાડ્યા ને? જીવના ૫૧૩ ભેદ. આ તો એ જીવતત્ત્વના શુદ્ધપણાની પરિણતિવાળું તત્ત્વ, તદ્દન અશુદ્ધની પરિણતિવાળું તત્ત્વ અને મિશ્રવાળું તત્ત્વ એને જીવતત્ત્વ કહેવામાં આવ્યું છે અહીં તો. પેલું તો અજીવતત્ત્વ છે, કાયા એ તો અજીવતત્ત્વ છે, શરીર તો અજીવતત્ત્વ છે. એટલે એને કેમ કહેવામાં આવે? જીવતત્ત્વમાં એને કેમ મુકવામાં આવે? શરીર જે છે એકેન્દ્રિયનું, બેઇન્દ્રિયનું, ત્રણેઇન્દ્રિય, ચોઇન્દ્રિય એ તો અજીવતત્ત્વ છે, એ કાંઈ જીવતત્ત્વ નથી. હવે આવ્યું, જુઓ! અજીવતત્ત્વ આવ્યું.

**૨. અજીવતત્ત્વ :– 'જે ચેતનાગુણ રહિત તે પુદ્‌ગલ,...'** આ શરીર, લ્યો! એકેન્દ્રિયનું શરીર, બેઇન્દ્રિયનું શરીર, ત્રણઇન્દ્રિયનું શરીર. આ જડ, જડ. **'ચેતનાગુણ રહિત તે પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળરૂપ (-કાલાણુરૂપ) પાંચ પ્રકારે છે.'** કાળરૂપ એટલે કાલાણુ, એક જુદું દ્રવ્ય લીધુ ને. **'તેમાં (૧) પુદ્‌ગલદ્રવ્ય-સ્પર્શ, રસ, ગંધ, વર્ણસંયુક્ત,...'** છે. પુદ્‌ગલના રજકણો રંગ, ગંધ ને સ્પર્શ સહિત છે. એના ગુણો આવા હોય છે એમ કહે છે. અચેતન છે ને! ચેતનસ્વરૂપ નથી. અચેતન છે તો અચેતનમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ સહિત છે. **'અણુ અને સ્કંધના ભેદથી બે પ્રકારે છે.'** પુદ્‌ગલમાં એક પરમાણુ અને સ્થૂળ સ્કંધ, એમાં બે પ્રકારે છે.

**'તેમાં જે એકાકી-અવિભાગી પરમાણુ તેને અણુ કહીએ.'** એકલો રજકણ અવિભાગી, જેના બે ભાગ ન થાય એને પરમાણુ કહીએ, અણુ કહીએ. **'અનેક અણુ મળીને સ્કંધ થાય છે તેને સ્કંધ કહીએ.'** અણુ મળીને સ્કંધ થાય તેને સ્કંધ કહીએ. મિલન, મિલન, મિલાપથી સ્કંધ થયો ને? મિલાપથી ભાષા છે. 'પંચાસ્તિકાય' માં આવ્યું હતું, નહિ? અન્યોઅન્ય મળે છે પણ છતાં કોઈ ભેગા થતાં નથી. ગાથા આવી નહિ? અન્યોન્ય અવગાહે છે. મૂળ પાઠમાં 'મિલન' શબ્દ પડ્યો છે. અન્યોન્ય મળે છે. મળતા શબ્દે સંબંધ આમ ક્ષેત્રે ભેગા (રહે છે), છતાં એકબીજા પોતે દ્રવ્ય પલટીને બીજું (દ્રવ્ય) થતાં નથી. ત્યાં 'મિલન' શબ્દ છે. પેલાએ મિલનનો વાંધો કાઢ્યો છે, મળ્યા છે કે નહિ? મળ્યા છે કે નહિ? મળ્યા એટલે એક જગ્યાએ, એક ક્ષેત્રે છે. બે ચાલે ત્યારે એકસાથે ચાલે, એટલું. તેને સ્કંધ કહીએ. અનેક અણુ મળીને ભેગા થાય તે. **'અથવા પુદ્‌ગલદ્રવ્યના છ ભેદ છે :–'** 'પંચાસ્તિકાય'ની

શૈલી છે.

**'(૧) સ્થૂલસ્થૂલ - કાષ્ઠ-પાષાણ આદિ જે છેદાયા ભેદાયા પછી મળે નહિ...'** જુઓ! મળે નહિ. પેલાને મળે કહેશે. 'મળવા' એક શબ્દ ઉપર મોટો વાંધો છે. સ્પર્શનો વાંધો, સ્પર્શે એનો વાંધો. જે કટકા થઈને પથ્થરના કે લાકડાના થયા પછી બે ભેગા થાય નહિ, **'તેને સ્થૂલસ્થૂલ પુદ્ગલ કહીએ. ૨ - સ્થૂલ-જે જળ, દૂધ, તેલ આદિ દ્રવ્ય પદાર્થોની જેમ (દ્રવતા, ઢીલા) છિન્નભિન્ન થવા છતાં ફરી તુરતજ મળી શકે...'** મળી શકે એનો અર્થ આમ સંયોગે ભેગા થાય. **'તેને સ્થૂલ કહીએ.'** આ તો એની મેળાએ કટકા થયા અને તે જુદા રહ્યા. અહીં જુદા દ્રવ્યથી આમ જુદા પડ્યા પાછા મળી જાય છે એને કારણે, એમ કહે છે. પાણી આમ થોડું જુદું પડી જાય છતાં મળી જાય એને કારણે, એવો જ એનો સ્વભાવ છે. પેલા જુદા પડ્યા અને ભેગા થાય નહિ એવો એનો એ સ્વભાવ છે. એટલે એને પ્રકાર કીધા–સ્થૂળ-સ્થૂળ, સ્થૂળ. **'તરત જ મળી શકે તેને સ્થૂલ કહીએ.'** તરત એટલે પાણી આમ કર્યું તો ભેગું મળી જાય, દૂધ આમ કર્યું તો તરત મળી જાય. બીજો મેળવી દે એમ નહિ, મળી જાય એની મેળાએ એનું નામ અહીં સ્થૂલ કહેવામાં આવે છે. લ્યો! આમાં એકબીજા કંઈ મેળવી દે એ વાત રહેતી નથી, એમ કહે છે. મળી જાય એનો એવો સ્વભાવ છે, સ્થૂલ પુદ્ગલનો એવો એનો સ્વભાવ છે.

**'૩ - સ્થૂલસૂક્ષ્મ - આતાપ, ચાંદની, (રાતનો પ્રકાશ) અંધકારાદિ આંખથી દેખાય પણ પકડાય નહિ તેને સ્થૂલસૂક્ષ્મ કહીએ.'** લ્યો! **'૪ - સૂક્ષ્મસ્થૂલ - જે શબ્દ ગંધાદિ આંખથી ન દેખાય પણ અન્ય ઇન્દ્રિયથી જણાય...'** શબ્દ સંભળાય, ગંધ સુંઘાય, પકડાય નહિ. આંખથી ન દેખાય **'તેને સૂક્ષ્મસ્થૂલ કહીએ.' '૫ - સૂક્ષ્મ - જે ઘણા પરમાણુઓનો સ્કંધ છે પણ ઇન્દ્રિયગમ્ય નથી તેને સૂક્ષ્મ કહીએ.' '૬ - સૂક્ષ્મસૂક્ષ્મ - અતિ (બહુ ઝીણા) સૂક્ષ્મ સ્કંધ અથવા પરમાણુને સૂક્ષ્મ-સૂક્ષ્મ કહીએ.'** આ તો પુદ્ગલના જ આવા પ્રકાર છે, એમ કહે છે. કોઈએ કર્યા ને કોઈથી થાય એમ છે નહિ. પુદ્ગલના જ આવા છ પ્રકારના સ્વભાવ છે તેને પુદ્ગલ કહીએ. આવા સ્વભાવવાળાને પુદ્ગલ કહીએ. એ સ્વભાવવાળો બીજો કોઈ એમાં મેળવી દે ને ભેગા કરી દે ને છોડી દે એમ છે નહિ. **'આ રીતે આ લોકમાં ઘણો ફેલાવો આ પુદ્ગલ દ્રવ્યનો છે.'** જાજું તો એ દેખાય છે, જ્યાં ત્યાં બધે પુદ્ગલ, પુદ્ગલ છએ પ્રકારના. એને લઈને પુદ્ગલનું મળવું, ગળવું, છૂટવું બધું પુદ્ગલની ક્રિયા છે, એમાં આત્માનો કાંઈ અધિકાર નથી.

**'(૨) ધર્મદ્રવ્ય - જીવ અને પુદ્ગલોને ગતિ કરવામાં સહકારીગુણસંયુક્ત લોકપ્રમાણ એક દ્રવ્ય છે.'** જીવ અને પરમાણુ આમ ગતિ કરે પોતાના કારણે, સ્વયં ગતિ કરતાને સહકારી. જુઓ! ગતિ કરવામાં, ગતિ કરે છે એમાં. સહકારી–સાથે. **'સહકારીગુણસંયુક્ત લોકપ્રમાણ એક દ્રવ્ય છે.'** લ્યો! ગતિમાં. ગતિ કરવામાં સહકારી કીધું. પેલા ગતિ કરે છે

www.vitragvani.com



ને પેલું (ધર્મદ્રવ્ય) ગતિ કરવામાં સહકારી (છે). ગતિ કરે છે અને પેલો ગતિ કરવામાં સહકારી સાથે છે.

**'(૩) અધર્મદ્રવ્ય - જીવ અને પુદ્‌ગલને સ્થિતિ કરવામાં સહકારીગુણસંયુક્ત...'** સાથે સ્થિતિ કરે છે પોતે પોતાથી. **'સાથે સહકારીગુણસંયુક્ત લોકપ્રમાણ એક દ્રવ્ય છે.'** નિમિત્તપણે. જુઓ! આ સર્વજ્ઞ સિવાય આવા તત્ત્વ બીજે હોય નહિ અને એ તત્ત્વાર્થમાં આ બધા ભળી જાય છે. એવું તત્ત્વાર્થ શ્રદ્ધાન એને હોવું જોઈએ.

**'(૪) આકાશદ્રવ્ય - સર્વ દ્રવ્યોને અવગાહનહેતુત્વલક્ષણસંયુક્ત...'** બધા દ્રવ્યોને રહેવા માટે અવગાહ આપે એવા લક્ષણવાળું. **'લોકાલોકપ્રમાણ એક દ્રવ્ય છે.'** લોકાલોકપ્રમાણે વસ્તુ એક જ છે, બે નથી. લોક અલોક ભાગ ભલે પડ્યા એ ક્ષેત્રની (અપેક્ષાએ) બાકી ભાગ પડતા નથી. **'જ્યાં સર્વ દ્રવ્યોને પ્રાપ્ત થાય તેને લોક અને જ્યાં કેવળ એક આકાશ જ છે તેને અલોક કહીએ. બન્નેની સત્તા જુદી નથી તેથી એક દ્રવ્ય છે.'** આકાશની સત્તા તો એક જ છે, લોક અલોકની આકાશની સત્તા એક જ છે.

**'(૫) કાળદ્રવ્ય - સર્વ દ્રવ્યોને વર્ત્તનાહેતુત્વલક્ષણસંયુક્ત...'** બધા દ્રવ્યને વર્તાવવાના હેતુવાળા લક્ષણ સહિત. **'લોકના એકેક પ્રદેશ ઉપર સ્થિત એકેક પ્રદેશમાત્ર અસંખ્યાત દ્રવ્ય છે.'** લોકના આકાશ પ્રદેશ જેટલા અસંખ્યાતા કાળાણુ છે. **'તેના પરિણામના નિમિત્તે સમય, આવલી આદિ વ્યવહાર કાળ છે.'** એના પરિણામના, કાળના પરિણામ નિમિત્તે એ એનો વ્યવહાર કાળ. **'આ રીતે જીવદ્રવ્ય સહિત છ દ્રવ્ય જાણવા. કાળને બહુ પ્રદેશ નથી...'** ભેગા થતાં નથી એટલે. **'તેથી કાળ સિવાય પંચાસ્તિકાય કહીએ. એમાં જીવતત્ત્વ અને પુદ્‌ગલ-અજીવતત્ત્વના પરસ્પર સંબંધથી અન્ય પાંચ તત્ત્વ થાય છે.'** તેની વાત કરે છે. જીવતત્ત્વ અને અજીવતત્ત્વના સંબંધથી પાંચ પર્યાયો વચમાં ઊભી થાય છે. બે દ્રવ્યો નથી પણ પર્યાય છે, આ બે દ્રવ્ય છે. આમાં લેશે.

**૩. આસ્રવતત્ત્વ :–** **'જીવના રાગાદિ પરિણામથી...'** એને ભાવ આસ્રવ (કહે છે) પણ એને અહીં નથી કહેતા. **'યોગ દ્વારા આવતા પુદ્‌ગલના આગમનને આસ્રવતત્ત્વ કહીએ.'** પેલા પરમાણુ આવે એને આસ્રવતત્ત્વ કહેવામાં આવે છે. ભાવઆસ્રવ તો આ છે. જીવના રાગાદિ પરિણામ છે તે ભાવઆસ્રવ છે. એનું નિમિત્ત છે, નવા રજકણો આવે તે દ્રવ્યઆસ્રવ છે. પુદ્‌ગલના આગમનને આસ્રવ કહીએ. અહીં પુદ્‌ગલને આસ્રવ કહીને (કહ્યું છે), નહિતર તો આ ભાવઆસ્રવ જીવના પરિણામમાં નાખી દીધું. અશુદ્ધ, મિશ્રમાં નાખ્યા છે ને? સમજાણું કાંઈ? શું કહ્યું? આસ્રવતત્ત્વ ક્યું? પેલા પુદ્‌ગલ આવે એને કહેવામાં આવ્યું છે. જીવના પુણ્ય-પાપના પરિણામથી એક વાત. યોગ દ્વારા એટલે કષાય અને યોગ, બે. પુણ્ય-પાપના વિકાર દ્વારા, વિકારથી અને યોગ દ્વારા બે લીધા. કષાય અને યોગ, એ દ્વારા આવતા પુદ્‌ગલના આગમનને આસ્રવતત્ત્વ કહેવાય છે. અહીં પુદ્‌ગલને આસ્રવતત્ત્વ લીધું. શું કીધું? એવી શૈલી

www.vitragvani.com



લીધી છે.

૪. **બંધતત્ત્વ :– 'જીવને અશુદ્ધતાના નિમિત્તે...'** આત્મામાં જેટલા પુણ્ય-પાપના મેલ પરિણામ મિથ્યાત્વ આદિના થાય તેના નિમિત્તે. **'આવેલાં (નવા) પુદ્‌ગલોનું જ્ઞાનાવરણાદિરૂપ પોતાની સ્થિતિ...'** જ્ઞાનાવરણાદિ આઠ કર્મ. એની પોતાની સ્થિતિ, જુઓ! એ પોતાની સ્થિતિ, **'અને રસસંયુક્ત પ્રદેશો સાથે...'** રસ, અનુભાગ. જ્ઞાનાવરણાદિ એટલે પ્રકૃતિ આવી ગઈ, એની સ્થિતિ આવી, રસ આવ્યો, પ્રદેશો આવ્યા, ચારેય આવી ગયા. સમજાણું કાંઈ? જીવને જેટલી મલિનતાના પરિણામ થાય તેના નિમિત્તે **'આવેલાં પુદ્‌ગલોનું જ્ઞાનાવરણાદિરૂપ...'** પ્રકૃતિરૂપ થયું. તેની સ્થિતિ થઈ, એનો રસ થયો, એના પ્રદેશો થયા. ચારેય આવી ગયા. પ્રકૃતિ, સ્થિતિ, પ્રદેશ અને અનુભાગ. **'રસસંયુક્ત પ્રદેશો સાથે સંબંધરૂપ થવું તે બંધતત્ત્વ કહીએ.'** પુદ્‌ગલનું પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશનું બંધ થવું એને બંધતત્ત્વ કહીએ, એમ કહે છે અહીં તો. જડને બંધતત્ત્વ કહીએ. અશુદ્ધતાના પરિણામ એ ભાવબંધ છે પણ મૂળ અહીંથી લીધું છે. મૂળ જીવનું સ્વરૂપ નથી ને એટલે અહીં આ તત્ત્વને અહીં નાખ્યું બધું. બંધ ઇ, અશુદ્ધ ઇ. અશુદ્ધપણું આનું છે.

૫. **સંવરતત્ત્વ :– 'જીવના રાગાદિ પરિણામના અભાવથી...'** સંવરતત્ત્વ એને કહીએ કે જીવમાં પુણ્ય-પાપના પરિણામનો અભાવ (થાય), લ્યો! એને સંવર કહીએ. શુદ્ધ પરિણામને સંવર કહીએ. દયા, દાન, વ્રતાદિ શુભ છે એ કાંઈ સંવર નથી. એ આસ્રવ, ભાવ આસ્રવ છે. ભાવ આસ્રવથી નવા દ્રવ્ય આસ્રવ આવે છે. સમજાણું? **'જીવના રાગાદિ (રાગ-દ્વેષઆદિ) પરિણામના અભાવથી...'** શુદ્ધ પરિણામ થયા, શુદ્ધ. **'પુદ્‌ગલોનું ન આવવું તેને સંવર કહીએ.'** ઇ વાત કરી, ન્યાંથી પરથી ઉપાડી. અહીં રાગ-દ્વેષના પરિણામ નહોતા તેથી ત્યાં પુદ્‌ગલનું આવવું નહોતું તેને અહીં દ્રવ્યસંવર કહેવામાં આવે છે. ભાવસંવર અહીં છે. પણ ઇ સંવર એને કહીએ, હોં! આ દયા, દાન, વ્રત ને ભક્તિ એ સંવર નથી, એ તો આસ્રવભાવ છે, વિકલ્પભાવ છે. એનાથી તો નવા આવરણોને એ ભાવ નિમિત્ત થાય છે. આ તો રાગ-દ્વેષનો અભાવ, શુદ્ધ ચૈતન્ય સ્વભાવની શુદ્ધ પરિણતિ, જે સંવરરૂપ છે એના નિમિત્તમાં નવા આવરણોનું પુદ્‌ગલોનું ન આવવું એને દ્રવ્ય સંવર કહેવામાં આવે છે. લ્યો! આ સંવરની વ્યાખ્યા આવી, 'માંગીરામજી'! આ સામાયિક કરીને બેઠે એને સંવર કરીએ છીએ એમ છે નહિ, એમ કહે છે.

સામાયિક કોને (કહીએ)? અહીં તો અંતરમાં શુદ્ધ ચૈતન્યનો સ્વભાવ, તેને શુભ-અશુભ વિકલ્પ જે દયા, દાનના છે એનાથી રહિત, સ્વરૂપની અંતરમાં સ્થિરતાના પરિણામ રાગાદિ રહિતના તેને ભાવસંવર કહેવામાં આવે છે. અહીં તો પેલા શુભભાવને સંવર માને. એટલે કહે છે કે જે તત્ત્વ જેવું છે એવું એણે માન્યું નથી. બીજાના ભાવને બીજામાં લઈ ગયો. દયા, દાન, વ્રત, ભક્તિ, ણમોકારમંત્રનું સ્મરણ આદિ છે એ બધો શુભભાવ છે, આસ્રવ

છે. એને સંવર, નિર્જરામાં ધર્મમાં માને છે. (એનું) તત્ત્વાર્થશ્રદ્ધાન જ વિપરીત છે.

૬. **નિર્જરાતત્ત્વ :– 'જીવના શુદ્ધોપયોગના બળથી...'** લ્યો! જુઓ! શુભઉપયોગ જે રાગ, દયા, દાન છે એ નિર્જરાનું કારણ નથી, બંધનું કારણ છે, આસ્રવ છે. શુદ્ધોપયોગ–શુભ ને અશુભ રાગ રહિત આત્માના પવિત્ર શુદ્ધ પરિણામ, જેવું (સ્વરૂપ) પવિત્ર છે તેવા જ શુદ્ધોપયોગના પવિત્ર પરિણામ દ્વારા તેના બળથી **'પૂર્વે બંધાયેલા કર્મોનો...'** જુઓ! મૂળ તો બધી વાત કર્મથી ઉપાડી. **'પૂર્વે બંધાયેલાં કર્મોનો એકદેશ નાશ થવો તેને સંવરપૂર્વક નિર્જરા કહીએ.'** નિર્જરાના બે પ્રકાર વર્ણવવા છે એટલે સંવરપૂર્વક નિર્જરા કીધી. બે પ્રકાર વર્ણવવા છે ખરા ને. આત્મામાં શુદ્ધ સ્વરૂપ એનો શુદ્ધ ઉપયોગ. દયા, દાન ને નામસ્મરણ, ભક્તિ આદિના વિકલ્પ રહિત શુદ્ધ ચૈતન્યનો નિર્વિકલ્પ શુદ્ધોપયોગ, એના બળથી **'પૂર્વે બંધાયેલા કર્મોનો એકદેશ નાશ થવો...'** જુઓ! આના બળથી એકદેશ નાશ થવો. ભાષા તો શું કરવી? નાશ તો એને કારણે થાય છે. સમજાણું કાંઈ? અહીં એ પરિણામનો અભાવ (થયો એમ કહ્યું પણ એ) નહિ આવવાના હતા ત્યારે નિમિત્ત થયું. યોગ દ્વારા આવનારા પુદ્‌ગલો એને કારણે આવ્યા છે. સમજાય છે?

અહીં તો કહે છે, શુદ્ધોપયોગના બળથી પૂર્વે બાંધેલા કર્મોનો એકદેશનો નાશ થવો. કહો, શું કહ્યું આમાં? શુદ્ધોપયોગના બળથી કર્મનો એક અંશે નાશ થાય છે. આત્મા એનો નાશ કરે છે. નહિ? અહીં બળથી કહ્યું ને? શુદ્ધોપયોગનું બળ ત્યાં રહ્યું, નિમિત્તપણે. પૂર્વે બંધાયેલાં કર્મોનો એકદેશ નાશ થવાની યોગ્યતા એને કારણે ત્યાં થઈ. **'તેને સંવરપૂર્વક નિર્જરા કહે છે.'** નિર્જરાના બે ભેદ પાડવા છે ને એથી સમુચ્ચય પાધરી નિર્જરા નથી લીધી. એને સંવરપૂર્વક–સમ્યગ્દર્શન-જ્ઞાનના સંવરપૂર્વક, શુદ્ધ સ્વરૂપના ઉપયોગ બળ દ્વારા દેશ એક ભાગથી કર્મનું ખરવું તેને સંવરપૂર્વક નિર્જરા કહે છે.

બીજી (વાત કરે છે). **'કર્મફળને ભોગવીને નિર્જરા કરવામાં આવે તે નિર્જરા મોક્ષને આપે નહીં.'** અમસ્તા કર્મનો ઉદય આવે ને ખરી જાય એને નિર્જરા કહેવામાં આવે નહિ. બધાને કર્મનો ઉદય આવે છે, બધાને ખરી જાય છે. શુદ્ધોપયોગનું બળ થઈને જે ખરે એને અહીંયાં નિર્જરાતત્ત્વ ગણવામાં આવ્યું છે. આ ઉપવાસ કરે ને નિર્જરા થાય, એ કહે છે ના એ નિર્જરા નથી, એમ કહે છે.

મુમુક્ષુ :– એમાં નથી લખ્યું.

ઉત્તર :– એમાં આવ્યું નથી આ? કર્મફળને ભોગવીને નિર્જરા એ તો કર્મફળ ભોગવીને, ત્યાં સંવરપૂર્વક નિર્જરા ક્યાં થઈ? અપવાસ કર્યા પણ સમ્યગ્દર્શનનું ભાન તો નથી. શુદ્ધ ચૈતન્યનું ભાન નથી ત્યાં અપવાસ ક્યાંથી નિર્જરા કરતો હતો?

મુમુક્ષુ :– અપવાસ કર્યા એટલી શુદ્ધતા થઈ.

ઉત્તર :– ક્યાં થઈ? ધૂળમાં થઈ? રાગની મંદતા કદાચિત્ કરી હોય તો પુણ્ય થાય.

www.vitragvani.com



શુદ્ધ સ્વભાવની અંતરદૃષ્ટિની તો ખબર નથી. કહો, સમજાણું કાંઈ?

એથી કહે છે ને! સંવરપૂર્વક નિર્જરા, સમ્યગ્દર્શનપૂર્વકની શુદ્ધતા એ ખરેખર નિર્જરા કહેવાય. એક, એક તત્ત્વમાં એકનું બીજામાં ખતવી નાખે તો તત્ત્વાર્થશ્રદ્ધાન વિપરીત છે, એમ કહે છે. હજી પહેલો જ પાયો જેનો ખોટો એને કોઈ સાચું જ્ઞાન ને ચારિત્ર-બારિત્ર હોય નહિ. કર્મફળને ભોગવીને એટલે વિપાક. નિર્જરા કરવામાં આવે તે નિર્જરા મોક્ષને આપે નહિ. પેલી અવિપાક નિર્જરા કીધી, આ વિપાક. એમ કરીને બન્ને સમજાવી દીધું.

**૭. મોક્ષતત્ત્વ :– 'સર્વથા કર્મનો નાશ થતાં...'** ન્યાંથી ઉપાડ્યું છે, ન્યાંથી ઉપાડ્યું છે ને. અહીંથી આસ્રવનું ઉપાડ્યું. અહીં નાશ થતાં ઉપાડ્યું છે. **'જીવનો નિજભાવ પ્રગટ થવો તેને મોક્ષ કહીએ.'** અહીંથી લીધું. સર્વ કર્મનો નાશ થતાં જીવના પરિણામમાં જે (નિજભાવ) પ્રગટ થવો તેને મોક્ષ કહેવાય. નહિ તો પેલા કર્મ છૂટ્યા તેને મોક્ષ કહીએ, એમ ત્યાં ન લીધું. ત્યાં એમ લીધું, કર્મનો નાશ થતાં જીવનો નિજભાવ શુદ્ધ અનંત કેવળજ્ઞાન આદિ નિર્મળ પરિણામ પ્રગટ થાય તેને મોક્ષ કહીએ. મોક્ષ શું છે? જીવનો નિજભાવ પ્રગટ થવો એ મોક્ષ. નિજભાવ અંતર મોક્ષસ્વરૂપ શુદ્ધ તો હતો, એ પ્રગટ થવો તેને મોક્ષ કહેવામાં આવે છે. આ મોક્ષની વ્યાખ્યા કરી.

જીવમાં મોક્ષસ્વરૂપ ભાવ તો ત્રિકાળ હતો જ, મોક્ષ સ્વરૂપ ભાવમોક્ષ તો સદા હતો જ, એની શક્તિમાંથી વ્યક્તતા, નિજભાવની પૂર્ણ વ્યક્તતા પ્રગટ થવી તેને મોક્ષ કહે છે. ઓહો..હો..! દ્રવ્ય કહ્યું, દ્રવ્યનો ભાવ શક્તિરૂપ ત્રિકાળ મુક્તરૂપ હતો કહ્યો, એનાથી પ્રગટ અવસ્થા (થવી). એ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે (આવી ગયા). સમજાણું કાંઈ? જીવનો નિજભાવ પ્રગટ થાય એમ કહ્યું ને? જીવ પોતે પદાર્થ એનો નિજભાવ તો જ્ઞાયકભાવ ત્રિકાળ શુદ્ધ છે, એ શક્તિએ મોક્ષસ્વરૂપ જ છે. એનો નિજભાવ પ્રગટ થવો, નિજભાવ હતો તે પર્યાયમાં પ્રગટ થવો. જીવ વસ્તુ, એનો નિજભાવ જ્ઞાયક શુદ્ધ ત્રિકાળ, એવું પર્યાયમાં પૂર્ણ શુદ્ધ પ્રગટ થવું તેને મોક્ષ કહે છે. જુઓ! ખૂબી કેવી સમાડી છે! સમજાણું કાંઈ? કર્મનો નાશ થતાં એ પણ બતાવ્યું, નિમિત્તપણાનો અભાવ થયો. અહીં દ્રવ્ય જીવ, એની શક્તિ ત્રિકાળ મુક્ત સ્વરૂપ, એની અંતરમાં વ્યક્તતા પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા થઈ તેને મોક્ષ તત્ત્વ કહીએ. કર્મનું અભાવપણું એ પણ બતાવ્યું.

**'આ સાત તત્ત્વાર્થ જાણવાં. પુણ્ય-પાપ આસ્રવાદિના ભેદ છે,...'** ત્યારે (કોઈ કહે), આમાં પુણ્ય-પાપ કેમ ન આવ્યા? એ આસ્રવના ભેદ છે એમાં એ આવી ગયા. **'માટે જુદા કહ્યા નથી. આ રીતે આ તત્ત્વાર્થનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શનનું લક્ષણ કહીએ.'** લ્યો! એનો બોલ હતો ને મૂળ? **'जीवाजीवादीनां तत्त्वार्थनां श्रद्धानं सदैव कर्त्तव्यं'** સાતેયનો ખુલાસો કર્યો. હવે પ્રશ્ન થયો.

**પ્રશ્ન :– 'આ લક્ષણમાં અવ્યાપ્તિદોષ આવે છે.'** એટલે કે તે સમ્યગ્દૃષ્ટિ જીવમાં બધે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

આવું લક્ષણ વ્યાપે છે એવું બંધ બેસતું નથી. **'કેવી રીતે? જે સમયે સમ્યગ્દષ્ટિ વિષય-કષાયની તીવ્રતારૂપે પરિણમે છે...'** ત્યારે એને આ સમ્યગ્દર્શનની ક્યાં પ્રતીત છે? એમ કહે (છે). ત્યાં લક્ષણ ક્યાં છે? એમ કહે છે. **'જ્યારે સમ્યગ્દષ્ટિ વિષય-કષાયની તીવ્રતારૂપે પરિણમે છે ત્યારે એવું શ્રદ્ધાન ક્યાં હોય છે?'** પ્રશ્ન સમજાણો શિષ્યનો? તમે કહો છો કે, તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્ આત્માનું નિર્મળ રૂપ. તો જ્યારે સમ્યગ્દષ્ટિ વિષય કષાયમાં પ્રવર્તે, શુભ-અશુભ પરિણામમાં (પ્રવર્તે) ત્યારે એ શ્રદ્ધાન ક્યાં હોય છે? એને એ વખતે શ્રદ્ધાન ક્યાં હોય છે? કારણ કે, વિષય કષાયમાં તો પ્રવર્તે છે, એને આ શ્રદ્ધા ક્યાં રહે છે? એમ પૂછે છે. **'લક્ષણ તો એવું કહેવું જોઈએ કે સર્વ લક્ષ્યમાં તે સદાકાળ હોય.'** લક્ષણ તો એવું કહેવું જોઈએ કે, જે સર્વ લક્ષમાં (હોય). તે લક્ષણ લક્ષને બતાવે એમાં સદાકાળ હોય. સમ્યગ્દષ્ટિ જ્યારે લડાઈમાં હોય, ભોગમાં હોય, વિષયમાં હોય ત્યારે આ શ્રદ્ધા ક્યાં છે ત્યાં? હોય તો એમાં પ્રવર્તે શું કરવા? કહે છે. એને પાપ માને, જેને આસ્રવ માને ને પ્રવર્તે શું કરવા? એમ. સમજાણું કાંઈ?

**ઉત્તર :– 'જીવના બે ભાવ છે.'** જીવમાં બે પ્રકારના ભાવ છે. એક શ્રદ્ધાનરૂપ ભાવ, એક બીજો પરિણમનરૂપ ભાવ. શ્રદ્ધાનું પરિણમન તો આગળ કહેશે પણ અહીં પરિણમન ચારિત્ર અપેક્ષાએ લેવું છે. નહિતર પરિણમન તો આગળ કહેશે. સમજાણું? **'જીવમાં બે પ્રકારના ભાવ છે એક શ્રદ્ધાનરૂપ, બીજો પરિણમનરૂપ છે. શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વનું લક્ષણ છે,...'** શ્રદ્ધા તો સમ્યક્ત્વનું લક્ષણ છે. સાત તત્ત્વનું જેવું સ્વરૂપ છે તેવું એકબીજામાં ભેળવ્યા વિના વાસ્તવિક જેવું છે તેવી પ્રતીત શ્રદ્ધા એ તો સમ્યગ્દર્શનનું બરાબર લક્ષણ છે.

**'પરિણામરૂપ ચારિત્રનું લક્ષણ છે.'** અહીં પરિણામ ચારિત્રની અપેક્ષાએ લેવા છે, આગળ તો શ્રદ્ધાનું પરિણમન કહેશે આગળ. નિરંતર રહે છે. સમજાણું કાંઈ? એવું પરિણમન નિરંતર રહે છે, એમ કહેશે. સમ્યગ્દષ્ટિને તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન પરિણમન તો નિર્બાધપણે નિરંતર જ છે, એમ કહેશે આગળ. બીજે પાને છે. સમજાણું કાંઈ? અહીં શ્રદ્ધાનરૂપ પરિણમનથી આ ચારિત્રમાં વિષય કષાયમાં પરિણમે છે એ ભિન્ન છે એમ બતાવવા માટે આ વાત લીધી છે. સમજાણું કાંઈ?

**'સમ્યગ્દષ્ટિ વિષયકષાયના પરિણમનરૂપ થયો છે,...'** જોયું? એ બતાવવું છે માટે. સમ્યગ્દષ્ટિ આત્માની શ્રદ્ધા છે, બરાબર પુણ્ય-પાપની શ્રદ્ધા છે, શ્રદ્ધા બરાબર છે છતાં એ વિષયકષાયના પરિણમનરૂપ થયો છે. ભોગની વાસના કે કષાયની વાસના, લડાઈમાં પરિણમનરૂપ થયો છે. **'શ્રદ્ધાનમાં પ્રતીતિ યથાવત્ છે.'** વિષય કષાયના પરિણમનરૂપ, પર્યાયરૂપ બદલવારૂપ ભાવ થયો છે છતાં **'શ્રદ્ધાનમાં પ્રતીત યથાવત્ છે. જેમ...'** જુઓ! શબ્દે શબ્દ મેળવશે, ન્યાય ન્યાય સાથે.

**'જેમ નોકર શેઠનો ચાકર છે. તેના અંતરંગમાં એવી પ્રતીતિ છે કે આ બધું શેઠનું**

www.vitragvani.com



**કાર્ય છે,...'** નોકર શેઠનો ચાકર છે એક વાત. **'તેના અંતરંગમાં એવી પ્રતીતિ છે કે આ બધું શેઠનું કાર્ય છે, (ધંધા આદિ) મારું ઘર જુદું જ છે.'** કહો! બરાબર છે? નોકર જાણે છે કે મારું ઘર જુદું છે. **'પરિણામો વડે તો શેઠના કામમાં પ્રવર્તે છે,...'** ભાષા જુઓ! અમને આ ખોટ જાય છે, અમારે આમ થાય એમ કહેશે. **'તે શેઠના કામને 'મારું મારું' કહે છે,...'** અમારા કામ છે, અમારે ભરવા પડે છે, અમારે ખોટ જાય છે, અમારે નફો જાય છે, એમ બધું બોલે. **'નફો કે ખોટ જાય ત્યાં હર્ષ-શોક પણ કરે છે.'** કોણ? નોકર. પાંચ હજાર જાય તો નોકર કહે, અરે..! અમારે પાંચ હજારની ખોટ ગઈ. અમારે હમણા પાંચ હજારનો નફો થયો, એમ કહે. **'તે પ્રતીતિને વારંવાર સંભારતો પણ નથી.'** કહો! હું જુદો છું, આ ઘર મારું નહિ એવી પ્રતીતિને સંભારતો નથી, એમ કહે છે, હોં! સંભારતો નથી. પ્રતીતિ નથી એમ નહિ, પ્રતીતિને સંભારતો નથી એમ કહેવા માગે છે. તે પ્રતીતિને એટલે મારું ઘર જુદું છે ને આ જુદું છે એવી **'પ્રતીતિને વારંવાર સંભારતો પણ નથી. પણ જ્યારે તે શેઠનો ને પોતાનો હિસાબ કરે છે ત્યારે જેવી પ્રતીતિ અંતરંગમાં હતી તે પ્રગટ કરે છે.'** અંદરમાં હતી કે, ભાઈ! આ નફો-ખોટ મારે નથી. મારે તો બે હજારનો પગાર છે એ મળવાનો છે બીજું કાંઈ છે નહિ. **'જેવી પ્રતીતિ અંતરંગમાં હતી તે પ્રગટ કરે છે. શેઠના કાર્યમાં પ્રવર્તતાં તે શક્તિ પ્રતીતિરૂપ રહે છે.'** શેઠના કાર્યમાં પ્રવર્તતાં મારું ઘર જુદું છે એવી એની પ્રતીતિ શક્તિરૂપે રહે છે. તોળી તોળીને શબ્દ મુક્યા છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– એ શક્તિ પ્રતીતિરૂપ રહે છે. શક્તિ. કોણ? પ્રતીતિરૂપ. અંદર શક્તિ પ્રતીતિરૂપ રહે છે. આમ ક્યાં પ્રગટ પરિણમનરૂપ ક્યાં છે? બહારમાં તો પરિણામ બીજા છે. આ મારા છે ને તારા છે, એવું કરે છે ને? એ શક્તિ પ્રતીતિરૂપ રહે છે. એમ કીધું ને? પ્રવર્તતા તે શક્તિ પ્રતીતિરૂપ (રહે છે). કોણ? હું જુદો છું એવી માન્યતાની શક્તિ. માન્યતાની શક્તિ પ્રતીત(રૂપ રહે છે). શક્તિ (એટલે) દ્રવ્યરૂપની વાત નથી, પ્રગટ થઈ એની અહીંયા વાત છે. પ્રતીતિની શક્તિ પ્રતીતિરૂપ રહે છે, પ્રતીતિની શક્તિમાં સંભારતો નથી કે હું આ છું, એમ કહે છે. જ્ઞાનમાં યાદ નથી કરતો એમ કહેવું છે.

**'કદાચિત્ જો તે શેઠનું ધન ચોરીને...'** આ એક ખૂબી કહે છે. **'તે શેઠનું ધન ચોરીને તેને પોતાનું જાણે તો તેને અપરાધી કહીએ.'** સમજાણું? **'વળી તે નોકર શેઠની નોકરીને પરાધીન દુઃખદાયક જાણે છે. પરંતુ પોતાના ધનના બળ વિના...'** જુઓ! દરેકે દરેક (વાત) સમકિતી સાથે મેળવશે, હોં! **'પોતાના ધનના બળ વિના આજીવિકાવશ તેના કામમાં પ્રવર્તે છે,...'** **'તેમ જ્ઞાની કર્મના ઉદયને ભોગવે છે.'** હવે ન્યાય આપશે. એમ જ્ઞાની કર્મના ઉદયમાં રાગમાં પરિણમે છે, એમ કહેશે. ઝીણી વાત છે. **'એના અંતરંગમાં એવી પ્રતીત છે કે આ બધો દેખાવનો ઠાઠ છે,...'** સમજાણું કાંઈ? **'મારું સ્વરૂપ જુદું જ છે.'** હું તો જ્ઞાન ને

www.vitragvani.com



આનંદ સ્વરૂપ (છું). બધા રાગની પરિણતિથી આ બધાથી જુદું છે.

મુમુક્ષુ :– ધણી થઈને રહે તો

ઉત્તર :– ધણી થયો જ નથી અંદરમાં, કહે છે. એ બહારથી બોલે છે, અંદરમાં છે નહિ, પ્રતીતમાં નથી.

**'પરિણામો વડે ઔદયિક ભાવોમાં પરિણમે છે.'** પર્યાયમાં રાગાદિભાવે સમકિતી પરિણમે છે. **'ઉદયના સંબંધને કારણે 'મારું-મારું' પણ કહે છે,...'** ઉદયના સંબંધને કારણે આ મારા દીકરા, આ મારું શરીર, એમ ભાષા કહે છે. **'ઇષ્ટ-અનિષ્ટમાં હર્ષ-વિષાદ પણ કરે છે.'** અનુકૂળ-પ્રતિકૂળમાં જરી રાગ-દ્વેષ પણ, હરખ-શોક પણ થાય છે. વિષાદ પણ કરે છે એનો અર્થ થાય છે, હોં! **'તે પોતાની પ્રતીતિને વારંવાર સંભારતો પણ નથી.'** જુઓ! પેલો (નોકર) સંભારતો નથીને! એમ. હું નોકર છું, મારું ઘર ભિન્ન છે એમ સંભારતો નથી. એમ આ હું સમકિતી છું વારંવાર પ્રતીતિને સંભારતો નથી. **'પણ જે વખતે તે કર્મ અને પોતાના સ્વરૂપનો વિચાર કરે...'** પેલા શેઠ ને (નોકર) જ્યારે (હિસાબ) પતાવવા માગે છે કે આ પૈસા આટલા તમારા અને આ મારા. **'તે કર્મ અને પોતાના સ્વરૂપનો વિચાર કરે ત્યારે જેવી પ્રતીતિ અંતરંગમાં હતી તેવી જ પ્રગટ કરે છે.'** રાગ મારું સ્વરૂપ નહિ, પુણ્ય મારું સ્વરૂપ નહિ, પુણ્યબંધન મારું નહિ, એના ફળ મારા નહિ. સમજાણું કાંઈ?

**'વળી તે કર્મના ઉદયમાં તે પ્રતીતિ શક્તિરૂપ રહે છે.'** જુઓ! આવ્યું. પેલામાં શક્તિરૂપ પ્રતીતિ, અહીં પ્રતીતિ શક્તિરૂપ. ઇ તો ઈ નું ઈ છે. **'કર્મના ઉદયમાં તે પ્રતીતિ...'** કર્મના પરિણમન કાળે, રાગના પરિણમન કાળે તે પ્રતીતિ શક્તિરૂપ પ્રતીતમાં પડી છે એમ કહે છે. **'તે કદીપણ તે કર્મના ઉદયને શ્રદ્ધાનમાં...'** પેલો કો'કનું, શેઠનું લઈને ચોર નથી થાતો. **'એમ આ કર્મના ઉદયને શ્રદ્ધાનમાં પોતાનો જાણે તો તેને મિથ્યાત્વી કહીએ.'** પેલો ગુનેગાર છે ને, પાંચ પચાસ ખાનગી એની લક્ષ્મી લઈ લ્યે તો. એમ કર્મના ઉદયના ભાવને, પુણ્ય-પાપના ભાવને, શરીરના ફળને, બહારના ફળને શ્રદ્ધાનમાં પોતાના જાણતો નથી, પોતાના જાણે તો તેને મિથ્યાત્વી કહીએ. જેમ પેલો ચોર કહીએ એમ આને મિથ્યાત્વી કહીએ. કહો! સમજાણું કાંઈ? આવો શ્રદ્ધાનમાં ને પરિણમનમાં આંતરો સમકિતીને હોય એમ કહે છે. નોકર - બોલે (ત્યારે) એ પ્રમાણે (શેઠ) બોલે, પેલાની જેમ બોલે, અમારા દીકરા છે, અમારે વેપાર છે એમ સમકિતી પણ બોલે, લ્યો! શ્રદ્ધાનમાં આખો આંતરો પૂર્વ અને પશ્ચિમ જેટલો છે. (આંતરો) ન રહે એને તો એને પોતાને મિથ્યાત્વી કહીએ. સમજાણું ? વિશેષ વાત બાકી છે...

વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



## પ્રવચન નં. ૨૨ ગાથા–૨૨ શુક્રવાર, પોષ સુદ ૯, તા. ૨૦-૦૧-૧૯૬૭

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' પાનું ૨૯, ૨૨મી ગાથાનો ભાવાર્થ ચાલે છે. ૨૨માં એમ કહે છે કે,

**जीवाजीवादीनां तत्त्वार्थानां सदैव कर्त्तव्यम्।**
**श्रद्धानं विपरीताभिनिवेशविविक्तमात्मरूपं तत्।।२२।।**

સમ્યગ્દર્શનનું લક્ષણ અહીંયા તત્ત્વાર્થશ્રદ્ધાન કહ્યું છે અને તે આત્માનું સ્વરૂપ છે એમ કહ્યું છે. આત્માનું સ્વરૂપ એટલે શુદ્ધ સ્વરૂપ આત્મા છે તેની જ શુદ્ધ પર્યાય પરિણતિરૂપ તેને અહીંયાં તત્ત્વાર્થશ્રદ્ધાન કહેવામાં આવ્યું છે. કોઈ વિકલ્પ કે રાગ એ અહીં સમ્યગ્દર્શન નથી. આત્માનું રૂપ છે એ. જેવો શુદ્ધ સ્વભાવ છે એવી જ અંદર નિર્વિકલ્પ રાગ મિશ્રિત સિવાય એકલી શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધારૂપ પર્યાય તેને અહીંયાં તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શનનું લક્ષણ કહ્યું છે. સમજાય છે? ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો.

**પ્રશ્ન :– 'આ લક્ષણમાં અવ્યાપ્તિદોષ આવે છે.'** ૨૯ પાનું. કહે છે કે, આવી તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શનનું લક્ષણ ગણતા સમ્યગ્દષ્ટિમાં આમાં અવ્યાપ્તિ એટલે કોઈ ઠેકાણે એ લક્ષણ ન હોય એવું બને છે. શી રીતે? કે, **'જે સમયે સમ્યગ્દષ્ટિ વિષય-કષાયની તીવ્રતારૂપે પરિણમે છે...'** અહીં તીવ્રતારૂપે (એની ઉપર) વધારે વજન છે. વિષય અને કષાયના તીવ્રતા પરિણામે પરિણમે છે **'ત્યારે એવું શ્રદ્ધાન ક્યાં હોય છે?'** લડાઈના પરિણામ હોય, વિષય ભોગના પરિણામ હોય ત્યારે તેને આ તત્ત્વાર્થ શ્રદ્ધાનનું લક્ષણ ક્યાં રહે છે? એમ પૂછે છે.

**'લક્ષણ તો એવું કહેવું જોઈએ સર્વ લક્ષ્યમાં તે સદાકાળ હોય.'** લક્ષણ તો એમ કહેવાય કે, જે દરેકમાં લાગુ પડે. ક્યાંય પણ લાગુ ન પડે એને લક્ષણ કહેવાય નહિ. એનો ઉત્તર. આ પ્રશ્ન પહેલો બાંધ્યો. વિષય-કષાયના તીવ્ર પરિણામપણે વર્તતા સમકિતીને તે પ્રકારનું તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણ ક્યાં રહે છે? એમ પૂછે છે. તત્ત્વાર્થશ્રદ્ધાનનો વિચાર પણ તે વખતે હોતો નથી, (ત્યારે) તો વિષય કષાયના પરિણામ છે. લડાઈમાં પણ કષાયના પરિણામ છે, ભોગમાં વિષયના પરિણામ છે, એ તીવ્ર પરિણામ લીધા છે. અશુભભાવના તીવ્ર પરિણામ વખતે પણ સમકિતીને તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણ એ કેમ બેસે છે? એ તો અવ્યાપ્તિ આવી એટલે એમાં કાંઈ મેળ ખાતો નથી. એમ શિષ્ય (પૂછે છે). તેનો ઉત્તર.

**ઉત્તર :– 'જીવના બે ભાવ છે. એક શ્રદ્ધાનરૂપ (ભાવ) છે, બીજો પરિણમનરૂપ છે.'** પરિણમન તો શ્રદ્ધાને છે પણ અહીં વિશેષપણે આને પરિણમન ગણવાનું કારણ પેલા વિષય કષાયની તીવ્રતારૂપે પરિણમે છે ને? એવો પ્રશ્ન કર્યો હતો એટલે એણે જરી આમ લીધું છે. નહિતર શ્રદ્ધા પણ પરિણમનરૂપ જ છે. **'જીવના બે ભાવ છે...'** એક શ્રદ્ધાનરૂપ પરિણમન

www.vitragvani.com



છે અને એક કષાય ને વિષયના ભાવરૂપે પરિણમન (છે, એવા) બે ભાવ જીવમાં છે. **'સમ્યગ્દષ્ટિ વિષયકષાયના પરિણમનરૂપ થયો છે,...'** સમ્યગ્દષ્ટિ ક્ષાયિક હો કે ક્ષયોપશમ આદિ હો પણ તે વિષય કષાયના પરિણામપણે થયો છે.

**'શ્રદ્ધાનમાં પ્રતીતિ યથાવત્ છે.'** અંતર વસ્તુ શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એની પ્રતીતિ નિર્વિકલ્પપણે યથાર્થ ત્યાં પરિણમી રહેલી છે. વિષયકષાયના પરિણમન કાળે પણ ચૈતન્યના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધાનું પરિણમન યથાવત્ ત્યાં રહ્યું છે. કહો! સમજાણું કાંઈ? શ્રદ્ધાનું પરિણમન ને વિષયકષાયનું પરિણમન, બે જુદા બતાવવા છે.

મુમુક્ષુ :- એ ચારિત્રગુણનું...

ઉત્તર :- હા, એ ચારિત્ર દોષ છે, શ્રદ્ધા અંદર નિર્મળ છે. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું એની પ્રતીતિ નિર્મળ વર્તે છે. છતાં તે કાળે વિષય કષાયના પરિણામમાં વર્તતો હોવા છતાં શ્રદ્ધા તો યથાવત્ છે. યથાવત્ છે (એટલે) જેવી છે પહેલી તેવી જ તે કાળે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? **'જેમ...'** હવે દાખલો આપે છે. એની સાથે ઉતારશે, એક એક શબ્દને ઉતારશે.

**'જેમ નોકર શેઠનો ચાકર છે.'** નોકર શેઠનો ચાકર છે. એક એક શબ્દ ઉપર બધું ઉતારશે. **'તેના અંતરંગમાં એવી પ્રતીતિ છે કે આ બધું શેઠનું કાર્ય છે,...'** ધંધા-પાણીમાં કરોડો રૂપિયાના વેપાર કરતો હોય બધું જાણે, આ બધું શેઠનું કાર્ય છે. **'મારું ઘર જુદું જ છે.'** મારું ઘર, મારી પુંજી, મારી ચીજ આનાથી તદ્દન જુદી છે. **'પરિણામો વડે તો શેઠના કામમાં પ્રવર્તે છે,...'** જુઓ! શ્રદ્ધા એ છે, મારું ઘર જુદું છે. પરિણામો વડે પરિણામમાં તો શેઠના કામમાં પ્રવર્તે છે. ધંધા, પાણી, લેવા-દેવાની વાતમાં (પ્રવર્તે છે). **'તે શેઠના કામને 'મારું મારું' કહે છે,...'** એમ કહે કે, અમારે ખોટ જાય છે, ભાઈ! આમ તમે ન કરો. અમને આમ થાય, એમ બધું બોલે. પરિણામમાં ભાષામાં તો એમ બોલે. ધંધો છે શેઠનો બોલે એમ કે, અમારે આમ નફો છે, અમારે ખોટ આમ જાય, અમારે પણ આમ વ્યાજ ભરવું પડે, અમારે પણ ભરવું પડે માટે તમે રાતના આઠ વાગે બે લાખ દેવા આવ્યા પણ એ કાલના નોંધાશે, આજના નહિ નોંધાય. 'મુંબઈ'માં હોય છે ને? ૮ વાગ્યા પછી કાલના નોંધાય. ત્યારે કહે, અમારે પણ બાપુ! વ્યાજ દેવું પડે છે ને એ પ્રમાણે દેવું પડે છે, એમ બોલે. 'મુંબઈ'માં એમ છે, 'સોમચંદભાઈ'! ૮ વાગે જ્યારે કોઈ પૈસા દેવા આવે તો એ આજમાં ન નોંધાય, કાલમાં નોંધાય. એટલે એને પેલો નોકર છે એ એમ કહે, ભાઈ! અમારે પણ વ્યાજ દેવું પડે છે. કાલે અમે ૮ વાગે દેવા જઈએ તો અમારે કાલમાં નોંધાશે, આજમાં નહિ નોંધાય, તારા પણ કાલમાં નોંધાશે, એમ બોલે, પરિણામમાં એમ બોલે, પરિણામમાં એમ એને વર્તન હોય.

**'તે શેઠના કામને 'મારું મારું' કહે છે, નફો કે ખોટ જાય ત્યાં હર્ષ-શોક પણ કરે**

www.vitragvani.com



**છે.**' પચાસ હજાર જાય તો કે, અરે..! ભાઈ! અમે બરાબર ફાવ્યા નહિ, આ વેપારમાં ફાવ્યા નહિ, ખજૂરમાં ફાવ્યા નહિ, હોં! બરાબર નહિ. 'અરબસ્તાન'થી (ખજૂરના) વાડીયા મંગાવ્યા ખરા પણ અમે ફાવ્યા નહિ, એમ બોલે. અમે ફાવ્યા નહિ એમ બોલે. એય...! 'ન્યાલભાઈ'! બોલે કે નહિ નોકર? આ તમારે ખજૂરના (વેપારી) તમારા ભત્રીજા યાદ આવ્યા. ઊતાર્યું હતું ને પેલું સવાલાખનું એક ફેરી, નહિ? બદામ ને પિસ્તા ન્યાંથી 'અરબસ્તાન'થી (ઊતાર્યા હતા). અમે ત્યાં હતા ને સવા લાખનું ઉતાર્યું હતું, વહાણ હતું, 'અરબસ્તાન'થી આવ્યું હતું બદામ, પિસ્તાનું. એમ બોલે માણસને કહે એને કીધું હોય 'મનસુખભાઈ'એ કે, જુઓ! આ આમ છે, એમ કહેજે. ભાઈ! અમારે જુઓ! નફો લેવો પડે છે, આ પ્રમાણે આમ છે, એમ નોકર બોલે. હર્ષ ને શોક પણ કરે છે. પૈસા પચાસ હજાર, લાખ પેદા થાય તો એમ પણ કહે કે, ભાઈ! અમને જરી ઠીક છે, પૈસા પેદા થયા. અમારે ઠીક છે એમ કહેને? છે તો ક્યાં એના? પણ પરિણામથી તો એમ બોલે છે.

**'તે પ્રતીતિને વારંવાર સંભારતો પણ નથી.'** હવે અહીં એક એક શબ્દ ઉપર ઉતારશે. **'તે પ્રતીતિને...'** હું નોકર છું આ શેઠનો અને આ શેઠ છે એવી પ્રતીતિને ત્યાં વારંવાર યાદ કરતો પણ નથી. બોલે આમ બધું, ત્યાં વારંવાર યાદ કરતો નથી. **'પણ જ્યારે તે શેઠનો અને પોતાનો હિસાબ કરે છે...'** હિસાબ કરવા બેસે ત્યારે કહે, મારો બે હજાર પગાર છે, એ પ્રમાણે છે, બાકી આ બધું તમારું. **'ત્યારે જેવી પ્રતીતિ અંતરંગમાં હતી...'** કે, હું તો નોકર છું, મારું ઘર જુદું છે, આ કાર્ય શેઠના છે, હું પરિણામ વડે બોલતો હતો પણ મારી પ્રતીતિ જેવી છે એવી ત્યાં જાહેર કરે છે. બાપુ! પૈસા તો મને બે હજાર મળ્યા ઇ જ છે મારા, તમારે લાખ, બે લાખ, પાંચ લાખ પેદા થયા એ તમારા છે, મારે કાંઈ છે નહિ. પ્રવર્તતા સમજાય છે?

**'શેઠના કાર્યમાં પ્રવર્તતાં તે શક્તિ પ્રતીતિરૂપ રહે છે.'** શબ્દમાં જરી ફેરફાર છે, આડો અવળો એટલો નહિ. અહીં પ્રતીતિરૂપે એટલે પેલામાં કહેશે, પ્રતીતિ એ શક્તિરૂપ રહે છે, એટલું એના સિદ્ધાંતમાં કહેશે. આત્મામાં ઉતારશે ત્યારે, આ તો નોકરનો દાખલો આપ્યો. શેઠના કાર્યમાં પ્રવર્તતાં તે નોકરની શક્તિ એટલે હું, મારું ઘર જુદું ને નોકર છું, એવી પ્રતીતિ તેને શક્તિરૂપે એટલે દ્રવ્યરૂપે એમ નહિ, પર્યાયમાં પ્રતીતિ શક્તિરૂપે ત્યાં રહે છે. પર્યાયની વાત છે આ, પ્રગટ પર્યાયની વાત છે. જુઓને! 'ટોડરમલ્લજી' એ દાખલો કેટલો સરસ આપ્યો છે!

**'કદાચિત્ જો તે શેઠનું ધન ચોરીને તેને પોતાનું જાણે તો તેને અપરાધી કહીએ.'** આઠ લાખ પેદા કર્યા હોય એમાં લાખ પોતાને નામે ચડાવી દે તો તો ચોર કહીએ. **'વળી તે નોકર શેઠની નોકરીને પરાધીન દુઃખદાયક જાણે છે.'** એક એક શબ્દને આત્મામાં ઉતારશે. **'તે નોકર શેઠની નોકરીને પરાધીન દુઃખદાયક જાણે છે. પરંતુ પોતાના ધનના બળ વિના...'**

પોતાને લક્ષ્મીનું બળ નથી. શેઠની પાસે લક્ષ્મીનું બળ છે, પોતાને લક્ષ્મીનું બળ નથી. **'આજીવિકાવશ તેના કામમાં પ્રવર્તે છે,...'** આજીવિકાવશ પૈસાના બળ વિના, શેઠ પાસે આજીવિકાને વશે તેના કામમાં પ્રવર્તે છે. એક એક શબ્દ ઉપર સિદ્ધાંત ઉતારશે. એક શબ્દ ફરશે નહિ.

**'તેમ જ્ઞાની કર્મના ઉદયને ભોગવે છે.'** હવે આવ્યું. લ્યો! તેમ ધર્મી કર્મના ઉદયની અંદર રાગ-દ્વેષના વિષયકષાયના પરિણામ થાય છે. તેને ભોગવે છે એટલે કે આમ દેખાય. લોકો કહે છે એ અપેક્ષાએ વાત કરી છે. આ ભોગવે છે ને! વિષય ભોગવે છે ને! લડાઈ કરે છે કે નહિ! જ્ઞાની કર્મના ઉદયને જાણે છે ખરેખર તો, ભાઈ! પણ ભોગવે છે એ શબ્દ વાપર્યો છે, લોકો દેખે છે તે અપેક્ષાએ. સમજાણું કાંઈ? લોકો દેખે લ્યો! આ સમકિતી. સમજાણું કાંઈ?

'શ્રીમદ્'ને એકવાર પૂછ્યું, કહ્યું હતું ને? 'શ્રીમદ્' ગાદી ઉપર બેઠા હતા. (સાથે) એક શેઠ બેઠા હતા એમાં એક નોકર આવ્યો, નોકર આવ્યો એટલે સાધારણ માણસ હતો એણે પૂછ્યું, એ તો બધું પૂછી શકે નહિ. એટલે શેઠ 'શ્રીમદ્' પૂછે છે કે, ભાઈ! કેમ આવ્યા છો? ત્યારે (પેલો કહે), શેઠસાહેબ! આ કામ આટલું હતું. ભાઈ! આનું આમ છે. બે મિનિટમાં પતાવ્યું. ત્યારે પેલો જે શેઠ બેઠો હતો એને વહેમ પડ્યો. આવા જ્ઞાની હું સાંભળું છું એ જ્ઞાની છે? એક સાધારણ માણસ છે, તુચ્છ હલકો માણસ છે, એ આવ્યો એને પણ પૂછ્યા વિના ન રહ્યા. ભાઈ! કેમ આવ્યા છો? ત્યારે પેલાને શંકા પડી એટલે 'શ્રીમદ્' એને શેઠને કહે છે, પેલો જોડે બેઠો હતો એને, ભાઈ! એ નોકર હતો, જે કામે આવ્યો હતો એ દબાણથી બોલી શકે નહિ અને તરત આપણે જવાબ ન દઈએ તો એને બહુ ખોટી થાવું પડે, એને ઘણા કામ હોય એટલે આ ઉત્તર મારે દેવો પડ્યો. પેલો માણસ સાધારણ ગરીબ આવ્યો હતો, કોઈ પૂછવા આવ્યો હશે કે, આ શેઠસોહબ આમ કહે છે કે આ માલ લેવો કે દેવો? એને જો આમ ન પૂછે તો એને ખોટી થાવું પડે અને એને બીજા કામ ઘણા હોય. ભાઈ! આ ખાતર અમારે એને પૂછવું પડ્યું, એ માણસ સાધારણ છે પણ એનું કામ એવું હતું કે, એને તરત ન જવાબ દઉં તો ખોટી થાય એવું હતું અને એને ખોટી થવું પાલવે નહિ. આ ખાતર બોલ્યા. ભાઈ! આ રીતે છે, તને જે શંકા પડી હોય એ સુધારી લે હવે. (શેઠ કહે), સાચી વાત, બરાબર છે. ક્યાંકથી આવ્યો હશે, ક્યાં એનું સ્થાન 'મુંબઈ'નું, એમાંથી ભાડું ખર્ચીને આવ્યો હોય, હવે એને તરત ઉત્તર ન આપું તો એનું જટ જાવું કેમ થાય? એને કામ ઘણા હોય. એ ખાતર અમારે કહેવું પડે છે. સમજાણું કાંઈ?

ભોગવે એમ કીધું ને? જુઓને! ભોગવે. આને જવાબ આપ્યો, લ્યો! હવે એટલી વાતમાં પણ જ્ઞાનીને રાગની પણ પરવા નથી ને આટલું શું? ભાઈ! કારણ ફેર છે. એ માણસ ગરીબ હતો, સાધારણ હતો. એને પૂછીએ તો તરત કામ પતી જાય એવું હતું એનું.

www.vitragvani.com



**'એના અંતરંગમાં એવી પ્રતીત છે કે આ બધો દેખાવનો ઠાઠ છે,...'** આ બધો દેખાવનો ઠાઠ છે. ધંધાનો, પાણીનો, બોલવાનો, ચાલવાનો આ બધો દેખાવનો ઠાઠ છે, એક વાત. સમ્યગ્દષ્ટિને અંતરંગમાં પ્રતીતિ એવી છે કે સ્ત્રી, વિષયાદિ, લડાઈ આદિ, કષાયાદિ, ધંધાદિમાં દેખાવ (થવા) છતાં એ બધો દેખાવનો ઠાઠ છે, હું તો તેનો જાણનાર-દેખનાર છું. **'મારું સ્વરૂપ જુદું જ છે.'** જુઓ! પેલામાં હતું, **'મારું ઘર જુદું જ છે.'** જેમ નોકર શેઠનો ચાકર છે તેના અંતરમાં આવી પ્રતીતિ છે. તેમ જ્ઞાની કર્મના ઉદયને ભોગવે છે એના અંતરંગમાં પ્રતીતિ (છે કે) એ બધો દેખાવનો ઠાઠ છે. શબ્દે શબ્દ સામે મેળવે છે.

**'મારું ઘર જુદું જ છે.'** નોકરે માન્યું કે, આ ધંધા પેદાશથી મારું ઘર જુદું છે. એમ ધર્મી (એમ માને છે કે) **'મારું સ્વરૂપ જુદું જ છે.'** આ બધા ઠાઠની ક્રિયા, રાગની ક્રિયા, વિષયની ક્રિયા કે આ બોલવાની, ધંધાની (તેનાથી) મારા ચીજ તદ્દન જુદી છે. એ વખતે અંતરમાં પોતાનો શુદ્ધ સ્વભાવ ભિન્ન છે એવી પ્રતીતિ શક્તિરૂપે સદાય તેને વર્તે છે. કહો! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સાચો ઠાઠ...

ઉત્તર :– સાચો ઠાઠ પોતાનું સ્વરૂપ, ઇ કીધું ને, કીધું ને. કીધું ને મારો ઠાઠ તો આ સ્વરૂપ છે, હું જ્ઞાનનંદ સ્વરૂપ એ મારું સ્વરૂપ છે, મારું ઘર જ જુદું છે. પેલો નોકર દુકાને બેઠો છે પણ (પ્રતીતિ છે કે) મારું ઘર જુદું છે, મારે ઘરે છોકરા ને પૈસા (છે) એટલા મારા છે, આ બધા છોકરા ને પૈસા મારા નથી. સમજાણું કાંઈ?

એક નોકર નહોતો? હતો ને તમારે? નહિ? 'રાણપુર'માં હતો ને એક? શેઠ આવે તો ઉઠાડી મુકે શેઠને. (એને કહે), તમારું કામ નહિ, તમારું કામ નહિ. તમને કીધું નથી? દુકાને આવીને તમારે બોલવું નહિ. એવા ઘણા હોય છે. નોકર કામ કરનારો બરાબર સરખો હોય. તમારે બોલવું નહિ, આવવું હોય તો બેસી રહેવું, બોલવું નહિ કાંઈ. ઠીક, ભાઈ લ્યો! 'નેમચંદભાઈ'! શેઠ પણ એવો. કારણ કે એનો ભરોસો બરાબર પાકો. તમને કહ્યું હતું કે, તમારે અહીંયાં આવવું, બેસવું, બોલવું નહિ આડું-અવળું કાંઈ. કારણ કે એ જાણે કે આ ભરડશે. આનો કાંઈ ભાન ન મળે. ઠીક લ્યો! ભાઈ! એકદમ ઉઠી જાય તો બીજા શું જાણે કે, આ શેઠ લાગે છે. આ તો હોય છે. આને એક હતો 'રાણપુર'માં.

**'પરિણામો વડે ઔદયિક ભાવોમાં પરિણમે છે.'** જુઓ! **'પરિણામો વડે તો શેઠના કામમાં પ્રવર્તે છે,...'** એમ પહેલું હતું. અહીંયાં એ **'પરિણામો વડે ઔદયિક ભાવોમાં પરિણમે છે.'** સમ્યગ્દષ્ટિ જીવને પરિણામમાં રાગ-દ્વેષ, વિષય, વાસના થાય છે. પેલો શેઠના કામમાં પ્રવર્તે છે, આ પરિણામ વડે રાગના કામમાં, પરિણમન રાગનું છે.

**'ઉદયના સંબંધને કારણે...'** જુઓ! ત્યાં હતું ને? **'શેઠના કામને 'મારું મારું' કહે છે,...'** **'ઉદયના સંબંધને કારણે 'મારું મારું' પણ કહે છે,...'** ભાષા કહે, દુકાન મારી છે. છોકરા

www.vitragvani.com



છે, અમારી દુકાન છે. પૈસા અમારી પાસે ઠીક છે, આજીવિકા સારી ચાલે છે, એમ બોલે. અંદરમાં પ્રતીતિમાં ભિન્ન છે કે, આ મારી કોઈ ચીજ છે નહિ. **'ઉદયના સંબંધને કારણે 'મારું મારું' પણ કહે છે, ઇષ્ટ-અનિષ્ટમાં હર્ષ-વિષાદ પણ કરે છે.'** પેલામાં હતું ને **'નફો કે ખોટ જાય ત્યાં હર્ષ-શોક પણ કરે છે.'** એમ ઇષ્ટ-અનિષ્ટમાં છોકરો મરી જાય એ વખતે જરી દુઃખ પણ થાય, છોકરો જન્મે તો ખુશાલી પણ બતાવે. એવો હર્ષ-વિષાદ પણ કરે છે, પરિણામ એવા હોય છે. કરે છે, કરે છે (એમ કહીને) સમજાવવું છે, હોં! પરિણામ એવા હોય છે.

**'તે પોતાની પ્રતીતિને વારંવાર સંભારતો પણ નથી.'** પેલામાં છે જુઓ! સમજાણું? **'તે પ્રતીતિને વારંવાર સંભારતો પણ નથી.'** કોણ? કે, હું નોકર છું એમ વારંવાર સંભારતો નથી. એમ આ પોતાના સમ્યગ્દર્શનની પ્રતીતિને વારંવાર સંભારતો પણ નથી. ભલે સંભારતો નથી. પણ જ્યારે શેઠના કાર્યનો હિસાબ કરે (ત્યારે) ચોખ્ખો હિસાબ કરે, આ છે. સાહેબ! આ પાંચ લાખ પેદા થયા છે પણ આ તમારા છે. મારા તો આ બે હજાર છે. બે હજાર હું મારા ખાતે લખી નાખું છું. **'ઇષ્ટ-અનિષ્ટમાં હર્ષ-વિષાદ પણ કરે છે. તે પોતાની પ્રતીતિને વારંવાર સંભારતો પણ નથી. પણ જે વખતે...'** જોયું? **'તે કર્મ અને પોતાના સ્વરૂપનો વિચાર કરે ત્યારે જેવી પ્રતીતિ અંતરંગમાં હતી તેવી જ પ્રગટ કરે છે.'** પેલો હિસાબ કરવા બેસે ત્યારે પ્રતીતિ કરે કે બાપા! આ અમારું ને આ તમારું. દાખલો બહુ સરસ આપ્યો છે. સમજાણું?

**'જેવી પ્રતીતિ અંતરંગમાં હતી...'** કે, હું તો આત્મા છું, પેલો કહે, હું તો નોકર છું. આ કહે, હું આત્મા છું. શુદ્ધ જાણનાર-દેખનાર છું એવી (પ્રતીતિ) પ્રગટ કરે છે. તે કાળે જ્યારે વિચાર કરે ત્યારે તેવી (પ્રતીતિ) પ્રગટ કરે છે.

**'વળી તે કર્મના ઉદયમાં તે પ્રતીતિ શક્તિરૂપ રહે છે.'** પેલામાં એ હતું કે, શેઠના કામમાં તે શક્તિરૂપ પ્રતીતિ રહે છે. એટલો ફેર, શબ્દ ફેરવ્યો છે, બીજું કાંઈ નથી. કહો! સમજાણું કાંઈ? **'તે કદીપણ તે કર્મના ઉદયને શ્રદ્ધાનમાં પોતાનો જાણે...'** શેઠનો પૈસો પોતાને ખાતે ખતવી નાખે તો ચોર કહેવાય. એમ **'ઉદયને શ્રદ્ધાનમાં પોતાના જાણે...'** ભાષા આ. પુણ્ય-પાપના વિકલ્પને પોતાના સ્વરૂપમાં શ્રદ્ધે તો ગુનેગાર છે. શુભાશુભભાવ થાય એ ઉદયને એટલે પુણ્ય-પાપના ભાવને, **'શ્રદ્ધાનમાં પોતાના જાણે...'** એ શુભ-અશુભભાવ છે એ શ્રદ્ધામાં પોતાના જાણે તો તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. જેમાં શેઠનો પૈસો લઈ લે (તો) ચોર કહેવાય. સમજાણું કાંઈ?

શુભ ને અશુભભાવ, પુણ્ય-પાપના ભાવ જુઓ! ખુબી જુઓ! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આવે, લડાઈના, ભોગના (પરિણામ) હોય, એ પરિણામને શ્રદ્ધાનમાં પોતાના જાણે તો તો એને આસ્રવતત્ત્વને જીવતત્ત્વ જાણ્યું. આહા..! સમજાણું કાંઈ? એ તો આસ્રવતત્ત્વ છે, હું તો જીવતત્ત્વ શુદ્ધ ચૈતન્ય છું. એમ ન માનતા એ પુણ્ય-પાપના પરિણામને પોતાના

આત્મામાં ખતવી નાખે (તો) શ્રદ્ધા મિથ્યાત્વ છે. કહો! સમજાણું કાંઈ? આહાહા..! શેઠનો માલ ઘરમાં લઈ જાય. સમજાય છે? તો ચોર છે. શેઠ તો કદાચિત્ જતું પણ કરે પણ આ લઈ ગયો એટલે ઇ ચોર તો કહેવાય ને? એમ ઉદયના પરિણામ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની શ્રદ્ધામાં એ વિકારી પરિણામને પોતાની સ્વરૂપ જાતમાં મેળવે, ભેળવે, પોતાના માને (તો) ગુનેગાર છે, મિથ્યાત્વ છે. 'સોમચંદભાઈ'! જુઓ આ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– નથી, જાણે છે, છે. મારું સ્વરૂપ ચૈતન્ય છે. આ રાગાદિ આસ્રવતત્ત્વ છે. શરીરાદિની ક્રિયા તે અજીવતત્ત્વ છે. એક તત્ત્વ બીજામાં ભેળવે નહિ. 'તત્ત્વાર્થશ્રદ્ધાનમ' કહ્યું છે ને અહીં? 'તત્ત્વાર્થશ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્.' અજીવને અજીવ તરીકે શ્રદ્ધે છે, પુણ્ય-પાપના ભાવને પુણ્ય-પાપ તરીકે શ્રદ્ધે છે. સ્વરૂપને સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય તરીકે શ્રદ્ધે છે. ગુનેગાર તો ત્યારે થાય કે પરિણમન જે પુણ્ય-પાપનું છે, વિષયકષાયપણે પરિણમ્યો છે છતાં એને સ્વરૂપમાં માને તો ગુનેગાર છે. સમજાણું કાંઈ?

નિઃશંક અંગમાં કહેશે. તલવારની ધાર જેવી નિઃશંક અંગમાં કહેશે. નિષ્કંપ તલવારની તીક્ષ્ણ ધાર સમાન સન્માર્ગમાં સંશય રહિત રુચિ–વિશ્વાસને નિઃશંકિત અંગ કહે છે. નિઃશંકિત અંગની વ્યાખ્યા (ગાથા–૨૩માં) કરશે ને? 'રત્નકરંડશ્રાવકાચાર' (ગાથા–૧૧નો ફૂટનોટમાં) આધાર આપ્યો છે). આહા..!

આત્મા જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ (છે) તેની શ્રદ્ધામાં આસ્રવ, આસ્રવથી ભિન્નપણે શ્રદ્ધ્યો છે, અજીવને ભિન્નપણે શ્રદ્ધ્યા છે, સ્વરૂપને આસ્રવ અને અજીવથી ભિન્નપણે શ્રદ્ધ્યા છે. ત્યારે તે તત્ત્વાર્થશ્રદ્ધાનમ સમ્યગ્દર્શન લક્ષણ કહેવામાં આવે છે. એવા ભિન્ન ભિન્ન શ્રદ્ધામાં જો પરિણામે પરિણમ્યો છે છતાં સ્વરૂપમાં–પોતામાં એને મેળવે તો ગુનેગાર છે, તો સમ્યગ્દર્શન લક્ષણ રહેતું નથી. તત્ત્વાર્થશ્રદ્ધાન રહેતું નથી. સમજાણું કાંઈ?

તત્ત્વાર્થશ્રદ્ધાન છે ને? 'જીવાજીવાદીનાં' આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. સમ્યગ્દર્શન, તત્ત્વાર્થશ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્. જે શ્રદ્ધામાં શુદ્ધ સ્વરૂપ છે એવી પ્રતીત શક્તિરૂપે છે, પરિણમનમાં ભલે વિષયકષાયના પરિણામ છે (પરંતુ) તે પરિણામને પોતામાં ખાતે ખતવતો નથી. ચારિત્રના દોષને સ્વરૂપની શ્રદ્ધામાં મેળવતો નથી, દોષને દોષ તરીકે, ભિન્ન તરીકે જાણે છે. કહો! અહીં તો શુભભાવને પણ સ્વરૂપમાં મેળવતો નથી, આસ્રવતત્ત્વમાં તેની શ્રદ્ધા રાખે છે. એ આસ્રવતત્ત્વ છે, જીવસ્વરૂપ એ તત્ત્વ નથી. આહાહા..! લોકોને ક્યાં (પડી છે). બહારના શુભ પરિણામથી ધર્મ થાય, એનાથી સમ્યક્ થાય, એનાથી સંવર થાય. એટલી બધી ગડબડ કરી નાખી છે. આહાહા..!

આ વળી કાલનું વાંચ્યું ને? એટલું લખાણ (કર્યું છે) કે, આ શું કહે છે? પેલી 'ખાણિયા'ની ચર્ચા. સ્થૂળ વાત પણ બહુ સ્થૂળ. ઓહો..! શુભ પરિણામથી ક્ષાયિક સમકિત થાય, શુભ

પરિણામથી મિથ્યાદૃષ્ટિને પણ શુભભાવમાં ભોગની આકાંક્ષા ન હોય તો એને પણ સમકિતનું કારણ થાય. એ વાત છે નહિ. આવી વાત વીતરાગ માર્ગમાં નથી. આહાહા..! ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ આત્મા, ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ આત્મા, પુણ્ય-પાપ પરિણામ અશુદ્ધ આસ્રવતત્ત્વ, શરીર, વાણી, કર્મની ક્રિયા પરિણામ તે અજીવતત્ત્વ. એના અશુભ પરિણામપણે પરિણમતો છતાં એ અશુભ પરિણામ ચૈતન્યના સ્વરૂપની શ્રદ્ધાથી ભિન્ન રાખે છે. સમજાણું કાંઈ?

પહેલા આવી ગયું હતું કે પુણ્ય ને પાપાદિ ભાવ એ સહિત આત્મા નથી, તેને સહિત માનવો તે ભવનું બીજ છે. ઇ ગાથા આવી ગઈ છે. સમજાય છે? ૧૪, ૧૪. '**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव ।**' ૧૪ ગાથા. '**एवमयं कर्मकृतैर्भावै**' એ કર્મકૃત જે શુભ-અશુભ વિકારી છે... ૧૪ ગાથા, પાનું ૧૯ '**એ રીતે આ આત્મા કર્મોના કરેલા રાગાદિ અથવા શરીરાદિ ભાવોને...**' બે (વાત). ઘાતિકર્મના નિમિત્તના સંગે થયેલા વિકારી પરિણામ આદિ અને અઘાતિના સંગે આવેલા બહારનો સંયોગ, એ બન્ને બાજુ, બાજુ થઈ ગયા. ઘાતિ ને અઘાતિ આઠ કર્મ એ પરદ્રવ્ય. એના સંગે અહીં પુણ્ય-પાપના ભાવ થયા, આમ એના સંગે સંયોગ મળ્યા. એ બન્ને પોતાના સંયુક્ત ન હોવા. આત્મા તે બે ભાવથી સહિત નથી, તે બે ભાવથી સહિત નથી. '**એવા અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે અને તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારનું બીજ છે.**' આહાહા..! સમજાણું કાંઈ? અન્વયાર્થમાં છે. એના પહેલા પાંચમી ગાથામાં પણ એ આવી ગયું. '**प्रायः भूतार्थबोधविमुखः सर्वोऽपि संसारः**' એ પાંચમી ગાથા. '**भूतार्थबोधविमुखः**' સર્વ સંસાર, અતિશયપણે સંસાર જ છે. ભગવાન આત્મા નિશ્ચયના બોધથી રહિત એકલો વ્યવહારના બોધવાળો એ બધો સંસાર અભિપ્રાય છે. સમજાણું કાંઈ?

કહે છે, એ અહીં કહે છે. તે ઉદયને–કર્મના ઉદયને જે ત્યાં ૧૪મામાં કહ્યું તે, ભગવાન આત્મા કર્મના નિમિત્તે થયેલી અંદરમાં શુભ-અશુભ ઉપાધિ અને કર્મના નિમિત્તે થયેલો શરીરાદિનો સંયોગ, એ ઘાતિ-અઘાતિ બન્ને આવી ગયા. એક આમ ઢળ્યું ને એક આમ વળ્યું. ઘાતિના નિમિત્તે થતું અલ્પજ્ઞાન, અલ્પદર્શન, વિપરીત આદિ, વીર્ય આદિ. અહીં અઘાતિના (નિમિત્તે મળતા) સંયોગ, શરીર ને સામગ્રી, એ બધા કર્મજનિત અંતર ને બાહ્યની ઉપાધિ એનાથી રહિત ભગવાન આત્મા છે. એને સહિત માનવો તે ભવનું બીજ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? કેટલી સ્પષ્ટ વાત કરે છે!

એ જ અહીંયાં કહે છે કે, એ પ્રતીતિ શક્તિરૂપ એને સદાય સમ્યગ્દૃષ્ટિને રહે છે. શુભ ને અશુભપણે પરિણમન હોવા છતાં તે કદી તેને પોતાના સ્વરૂપમાં મેળવતો, ભેળવતો નથી. 'પુનમચંદભાઈ'! જુઓ! આ શ્રદ્ધા. એ શ્રદ્ધા કરે ત્યારે થાય. ધર્મનું મૂળ આ છે પહેલું. એ વિના એકેય ડગલું આગળ ચાલે નહિ. આહાહા..! '**તે કદી પણ તે કર્મના ઉદયને...**'

www.vitragvani.com



કદી પણ શુભભાવ કે અશુભભાવને કે બહારના સંયોગને, શરીરની ક્રિયાદિ. **'શ્રદ્ધાનમાં પોતાનો જાણે તો તેને મિથ્યાત્વી કહીએ.'** શેઠનો માલ ઘરમાં લઈ જાય તો તેને ગુનેગાર કહીએ. સમજાણું કાંઈ?

**'વળી તે જ્ઞાની કર્મના ઉદયને પરાધીન દુઃખ જાણે છે.'** પેલામાં શું આવ્યું હતું? જુઓ! **'નોકર શેઠની નોકરીને પરાધીન દુઃખદાયક જાણે છે.'** નોકર શેઠની નોકરીને પરાધીન દુઃખદાયક જાણે છે. એમ ધર્મી **'કર્મના ઉદયને પરાધીન દુઃખ જાણે છે.'** શુભાશુભભાવ તે દુઃખ છે, શુભાશુભભાવ તે દુઃખ છે. સંયોગો તે દુઃખનું નિમિત્ત છે. શુભાશુભભાવ તે દુઃખ છે ને બાહ્યના અઘાતિથી મળેલો સંયોગ તે દુઃખના નિમિત્ત છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! સાચી વાત બિચારાને કાને પડે નહિ એ કે દિ' શ્રદ્ધા કરે ને કે દિ' ઓળખાણ કરે? એમ ને એમ જિંદગી ચાલી જાય છે, બફમ્‌માં ને બફમ્‌માં, આહાહા...! સાચું સાંભળવાનું મળે તો એને શ્રદ્ધા કરવાનો અવકાશ રહે પણ આ તો સાંભળવાનું જ બંધ કરી દીધું, એ... આવું નહિ.. એ એવું નહિ. પોતાનું માનેલું સાચું. સમજાણું કાંઈ?

ભાઈ! આ માર્ગ વીતરાગનો છે. આ કાંઈ કોઈના પક્ષનો માર્ગ નથી. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ દેવાધિદેવ, એણે કહ્યું કે, બાપુ! આત્મા તો અમે તને તેને કહીએ છીએ, આત્મા તો અમે તને તેને કહીએ છીએ કે, જે પુણ્ય-પાપના આસ્રવતત્ત્વ વિનાનો, શરીર ને કર્મના અજીવતત્ત્વ વિનાનો અને ચૈતન્ય સ્વરૂપવાળો, એને અમે આત્મા કહીએ છીએ, એને તું માનતો નથી અને એને આસ્રવને એમાં આત્માની ભેગો ભેળવી દે છો, અને અજીવની ક્રિયા મારાથી થાય છે એમ જીવમાં અજીવપણાનું અભિમાન કરે છો એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

જ્ઞાની **'કર્મના ઉદયને...'** આહાહા..! બેય બાજુ, હોં! આ ધૂળ, પૈસા લાખો, અબજો, ચક્રવર્તીપદ મળ્યું હોય અને અંદરમાં શુભરાગ થયો હોય, બેય કર્મના ઉદયને પરાધીન દુઃખ જાણે છે. આહા..! બહુ સરસ અર્થ કર્યા છે, ભાઈએ 'ટોડરમલ્લજી'એ શાસ્ત્રના ન્યાયને રાખીને, હવે એને અપ્રમાણિક ઠરાવે છે. બાપુ! આ તો પ્રમાણમાં તને પણ ન્યાયમાં બેસી જાય એવી રીતથી તો વાત કહેવાય છે. બેસી જાય એવી છે, એમ ન બેસે એવી નથી.

ભાઈ! આત્મા તો એને કહીએ કે, જે શુભ-અશુભરાગ અને કર્મ અને કર્મનો બહારનો સંયોગ, એનાથી રહિત એને આત્મા કહીએ. એવા આત્માના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને પ્રતીતમાં ન લેતા એ કર્મના નિમિત્તે ઉપાધિ થઈ અંતરમાં ને ઉપાધિ થઈ બહારમાં વચમાં રહ્યું કર્મ, એને પોતાના માને તો એનો અર્થ થયો કર્મને જ પોતાનું માન્યું છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન એટલે? ખલાસ થઈ ગયું! સંસારની ગાંઠ ગળી ગઈ. આહાહા..! પછી વિષયકષાયના પરિણામ રહ્યા પણ એ તો ચારિત્રદોષના રહ્યા. એ તો ઝાડના મૂળ તૂટ્યા પછીના પાંદડા રહ્યા એને સુકાતા કેટલી વાર? પણ પાંદડા એકલા તોડે ને ગાંઠ–મૂળ સાજુ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

રાખે તો એ પાછું બે મહિને પાંગરી જાય, પાંગરી જાશે પાછું ઝાડ. આહાહા..!

મુમુક્ષુ :– ઘડીક તો પાંદડા વિનાનું લાગે ને!

ઉત્તર :– એ પાંદડા વિનાનું ન લાગે. અંદર ઝીણા ઝીણા અંકુરા હોય તે વખતે. એ તો મોટા મોટા તોડ્યા હોય, ઝીણા ઝીણા નવા ફાટ્યા હોય તો એમાં હોય. આહાહા..! એમ જ્યાં શ્રદ્ધા, સમ્યક્‌નું બીજ જ્યાં યથાર્થ નથી ત્યાં બધી વાતું થોથા છે. આહાહા..! કહો! સમજાણું કાંઈ?

**'કર્મના ઉદયને શ્રદ્ધાનમાં પોતાનો જાણે તો તેને મિથ્યાત્વી કહીએ. વળી તે જ્ઞાની કર્મના ઉદયને પરાધીન...'** (પોતાના) માનતો નથી પણ હવે માને છે શું? પોતામાં ભેળવતો નથી પણ ઉદયને પરાધીન દુઃખ જાણે છે. શુભાશુભભાવ એ દુઃખ છે, પરાધીનતા છે. **'પરંતુ પોતાના શુદ્ધોપયોગના બળ વિના...'** પેલામાં હતું ને નોકરને? નોકરને ધનના બળ વિના આજીવિકા વશ તેના શેઠના કામમાં પ્રવર્તે છે. એમ **'પોતાના શુદ્ધોપયોગના બળ વિના...'** જુઓ! શુદ્ધોપયોગનું બળ નથી એથી. પોતાને કારણે, હોં! **'પૂર્વબદ્ધ કર્મને વશ થઈ કર્મના ઔદયિક ભાવોમાં પ્રવર્તે છે.'** આહાહા..! લક્ષ્મીનું જોર હોય તો નોકરી કેમ કરે ઇ? એમ શુદ્ધોપયોગનું બળ નથી માટે જરી શુભાશુભ પરિણામમાં પ્રવર્તે છે, એમ કહે છે. નબળું બળ છે. બળ ન પ્રવર્તે, પ્રવર્તવાનો ભાવ નથી પણ એટલું બળ નથી. પેલાને લક્ષ્મી નથી એટલે નોકરી કરે છે. લક્ષ્મી હોય તો નોકરી ન કરે. સમજાણું?

શુદ્ધોપયોગ પરિણતિ શુદ્ધ શ્રદ્ધામાં છે. પુણ્ય-પાપની પરિણતિ પોતામાં માનતો નથી પણ પ્રવર્તે છે કેમ? શુદ્ધોપયોગનું બળ નથી માટે. કર્મનું જોર છે માટે એમ નહિ. શુદ્ધોપયોગનું અંતર્બળ નથી એટલે જરી પરાધીનપણે રાગ-દ્વેષમાં પૂર્વબદ્ધ કર્મને વશ થઈ, એને વશ થઈ, તાબે થઈ હોં! એ પોતે તાબે કરતો નથી, પોતે તાબે થાય છે. નોકરી પોતે કરે છે ને શેઠની? એમ. **'વશ થઈ કર્મના ઔદયિકભાવોમાં પ્રવર્તે છે.'** કર્મના નિમિત્તમાં વિકાર થાય તેમાં એ પ્રવર્તે છે. શુદ્ધોપયોગનું બળ નથી. શ્રદ્ધામાં એને પોતાના માનતો નથી પણ પ્રવર્તે છે. કેટલો ન્યાય આપ્યો છે! આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' શ્રાવકના આચાર કહેવાય, લ્યો! શ્રાવકાચાર કહેવાય ને? એમાં મૂળિયા તો આ મૂક્યા છે. મૂળ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન. સમ્યગ્દર્શનની ગાથાઓ ત્રીસ છે. સમ્યગ્જ્ઞાનની છ છે પછી બધી આચારની છે.

**'આ રીતે સમ્યગ્દૃષ્ટિને તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન પરિણમનરૂપ તો...'** જુઓ! આવ્યું. પેલામાં સાધારણ શબ્દ વાપર્યો હતો કે એક શ્રદ્ધાનરૂપ ભાવ અને એક બીજો પરિણમનરૂપ. ઉત્તરમાં એમ વાપર્યો છે. અહીં પરિણમન ચોખ્ખું ખુલ્લું લઈ લીધું. **'સમ્યગ્દૃષ્ટિને તત્ત્વાર્થશ્રદ્ધાન,...'** તત્ત્વાર્થશ્રદ્ધાન. જીવ ચૈતન્ય સ્વરૂપ શ્રદ્ધાન, રાગ આસ્રવ સ્વરૂપ શ્રદ્ધાન, કર્મ ને અજીવની પર્યાય અજીવતત્ત્વ શ્રદ્ધાન એવા સમ્યગ્દર્શનનું **'પરિણમન તો નિર્બાધપણે નિરંતર જ છે.'** આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને તત્ત્વાર્થશ્રદ્ધાન, સમ્યગ્દર્શન

www.vitragvani.com



પરિણમનરૂપ, પર્યાયરૂપ તો નિર્બાધપણે નિરંતર જ છે, નિરંતર જ છે. વિષયકષાયના પરિણામપણે પરિણમો કે શુદ્ધોપયોગપણે પરિણમો પણ તત્ત્વાર્થશ્રદ્ધાનનું પરિણમન તો નિરંતર છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'પણ જ્ઞાનોપયોગ અપેક્ષાથી જોવામાં આવે...'** જ્યાં જ્ઞાનનો ઉપયોગ વર્તે છે તેથી જોવામાં આવે તો **'સામાન્યરૂપ અથવા વિશેષરૂપ, શક્તિ અવસ્થામાંથી વ્યક્ત અવસ્થામાં સદાકાળ હોય છે.'** વિશેષ ઉપયોગ ભલે બહાર હોય, પણ અંદર શક્તિરૂપે તો સદાય કે વ્યક્તરૂપ સદાય, શ્રદ્ધારૂપ તો સદાય પ્રવર્તે છે. ઉપયોગ પરમાં પ્રવર્તતો હોય તો શક્તિરૂપે છે, પોતામાં પ્રવર્તે તો વ્યક્તરૂપે છે પણ એ વ્યક્ત એટલે જ્ઞાનમાં. સદા નિરંતર શ્રદ્ધા, સમ્યગ્દર્શનની પ્રતીત નિરંતર ધારાવાહી (વર્તે છે).

ભાઈએ કહ્યું છે ને? 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠિ' માં. વ્યવહાર સમ્યગ્દર્શનમાં નિશ્ચય સમ્યગ્દર્શન નિરંતર ગમનરૂપ છે. (આવી) ભાષા વાપરી છે. શું કરવા? નિશ્ચય સમ્યગ્દર્શનમાં વ્યવહાર છે એમ નથી વાપર્યું, કારણ કે પૂર્ણ નિશ્ચય તો આગળ છે પણ જ્યાં જ્યાં વ્યવહાર સમ્યગ્દર્શન છે, ત્યાં ત્યાં નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય ગમનરૂપ છે, પરિણમનરૂપ છે. વ્યવહાર શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ છે જ્યાં. ત્યારે તેને વ્યવહાર કહીએ કે ત્યાં નિશ્ચય સમ્યગ્દર્શન નિરંતર ગમન ને પરિણમનરૂપ છે. સમજાણું કાંઈ?

એ અવ્યાપ્તિનો બોલ પૂરો થયો, અવ્યાપ્તિનો બોલ પૂરો થયો. એણે કીધું શ્રદ્ધાનનું લક્ષણ તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન, એ આવા વિષયકષાયના પરિણામ વખતે તો સંભારતો નથી માટે તેને લક્ષણ લાગુ પડતું નથી. (તો ઉત્તર આપ્યો કે) ના, ના. તે વખતે પણ છે. સમજાણું? એ એક અવ્યાપ્તિના બોલનો ખુલાસો આપ્યો. તમે કહ્યું તે લક્ષણ આવા વિષયકષાયના પરિણામમાં પરિણમતા તીવ્ર કાળે તેને તે લક્ષણ યાદમાં નથી, સંભારવામાં નથી માટે લક્ષણ લાગુ પડતું નથી. (તો કહ્યું), નહિ, લક્ષણ લાગુ પડે છે. સમજાણું કાંઈ?

**પ્રશ્ન :– 'ભલે, આ લક્ષણમાં અવ્યાપ્તિદોષ તો નથી,...'** તમે કહ્યું એ હિસાબે તો સમ્યગ્દર્શનનું લક્ષણ ન વ્યાપે એવા પરિણમન વખતે એમ નથી (એ) બરાબર છે. **'પણ અતિવ્યાપ્તિ દોષ તો લાગે છે,...'** બીજો પ્રશ્ન ઉઠાવ્યો. અતિવ્યાપ્તિ દોષ લાગું પડે છે. કેમકે દ્રવ્યલિંગી મુનિને પણ આવી શ્રદ્ધા તો હોય છે. **'કારણ કે દ્રવ્યલિંગી મુનિ...'** સમ્યગ્દર્શન વિના જૈન દ્રવ્યલિંગી સાધુ થાય છે (તે) **'જિનપ્રણીત સાત તત્ત્વોને જ માને છે,...'** એ કાંઈ અન્યમતને માનતો નથી. મુનિ નવમી ગ્રૈવેયકે ગયો..

**મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયૌ,**
**પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.**

મુનિવ્રત ધાર્યું ત્યારે એને તત્ત્વની શ્રદ્ધા નહોતી? અન્યમતને એ બિલકુલ માનતો નહોતો. એનો અતિવ્યાપ્તિનો પ્રશ્ન છે. **'કારણ કે દ્રવ્યલિંગી મુનિ જિનપ્રણીત...'** વીતરાગે કહેલા **'સાત**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**તત્ત્વોને જ માને છે, અન્ય મતના કલ્પિત તત્ત્વોને માનતો નથી.**' કલ્પિત તત્ત્વોને માને તો નવમી ગ્રૈવેયક જાય નહિ.

**'લક્ષણ તો એવું કહેવું જોઈએ...'** શિષ્ય કહે છે, સાહેબ! **'લક્ષણ તો એવું હોવું જોઈએ કે લક્ષ્ય વિના બીજા સ્થાનમાં ન હોય.'** જ્યાં લક્ષ કહેવા માગો એ સિવાય બીજે હોય નહિ. આ તો બીજે મુનિને સાત તત્ત્વની શ્રદ્ધા હોય છે, એને અન્યમતની શ્રદ્ધા બિલકુલ નથી. દ્રવ્યલિંગી જૈન સાધુ પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ (પાળે), આમ ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે એને ભગવાનની સાત તત્ત્વની શ્રદ્ધા નથી? એને અન્યમતિની તો માન્યતા નથી, અન્યમતિની માન્યતા હોય તો ગ્રહિત મિથ્યાત્વ છે અને ગ્રહિત મિથ્યાત્વ હોય તો દ્રવ્યલિંગી નવમી ગ્રૈવેયક જાય નહિ. સમજાણું કાંઈ?

**ઉત્તર :– 'દ્રવ્યલિંગી મુનિ જિનપ્રણીત તત્ત્વને જ માને છે,...'** એ પણ અમે એમ કહીએ છીએ, કહે છે. સાંભળ! **'પરંતુ...'** હવે આ નાખે છે. માને છે એને, એ કાંઈ અન્યમતિને માનતો નથી. **'પરંતુ વિપરીત અભિનિવેશ સહિત માને છે,...'** સાત તત્ત્વનું જેવું સ્વરૂપ છે તેવું ન માનતા એનાથી એક તત્ત્વને બીજામાં ભેળવીને વિપરીત અભિપ્રાય સહિત સાતને માને છે. કબુલ તો રાખ્યું, જૈનના તત્ત્વોને માને છે, અન્યને માનતો નથી. પણ વિપરીત અભિપ્રાય સહિત (માને છે). અભિનિવેશ એટલે આગ્રહ સહિત માને છે. એટલે? એની વ્યાખ્યા શું હવે? સાતને માને ને વિપરીત અભિનિવેશ છે એનો અર્થ શું?

**'શરીરાશ્રિત ક્રિયાકાંડને પોતાના જાણે છે,...'** એક તો અજીવ તત્ત્વની ભૂલ ઉપાડી. આ શરીર આમ ગમન કરે, ચાલે, આમ બરાબર (ચાલે) એ ક્રિયા મારાથી થાય છે એમ માને છે. કહો! સમજાણું? શરીર આમ ગમન કરે, ચાલે, પગ ઊંચો પડે, નીચે રહે આમ થાય એ ક્રિયા મારી છે એમ જાણે છે. હું જેમ શરીરને રાખું તેમ રહે છે. જીવ આમ દેખ્યો (તો) પગ ઊંચો લઈ લીધો. જુઓ! ઇ ક્રિયા મેં કરી, ઊંચો લઈ લીધો, મેં કરી, ઊંચો લઈ લીધો. એવી શરીરાદિની ક્રિયાને,... સમજાય છે? અથવા વાણી, શરીરાદિ શબ્દ છે ને? શરીરાશ્રિત ક્રિયાકાંડ આદિ. શરીર (સાથે) વાણી પણ લેવી. એને **'પોતાના જાણે છે,...'** વાણી પણ આવી હું બોલી શકું છું. આવી બોલી શકું છું. એ વાણીની પર્યાયને પોતાની માને છે. સાત (તત્ત્વ) માને છે પણ વિપરીત રીતે માને છે, આ ભૂલ છે. અન્યને માનતો નથી. વીતરાગે કહેલા સાતને (માને છે) પણ સાતમાં ગોટાળો વાળે છે, કહે છે. શરીરને આશ્રિત જે ક્રિયા (એટલે) આ બધી શરીરાશ્રિત ક્રિયા, વાણી આદિ બધી શરીરાશ્રિત છે. સમજાણું કાંઈ? પૂજામાં હાથ આમ થાય સ્વાહા, વાણી સ્વાહા થાય એ બધી ક્રિયા જડની છે પણ એ જાણે છે કે, મારાથી થાય છે, હું અંદર ચૈતન્ય છું તો આ થાય છે,

મુમુક્ષુ :– જીવતો જીવ છે ને.

ઉત્તર :– જીવતો જીવ છે તે જીવમાં છે, એમાં જડમાં ક્યાં આવ્યો? જીવ તો જીવની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સત્તામાં છે, જડની સત્તામાં જીવતો જીવ ક્યાં ગરી ગયો અંદર? કહો! સમજાણું આમાં?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના, ઇ પછી કહેશે, એ પછી બહાર આવશે. આ તો બહારની અજીવની વાત ચાલે છે. જીવ-અજીવની વાત છે. શરીર ને વાણી, એની થતી પર્યાય એ હું આમ રાખું છું તો આમ રહે છે ને વાણી આમ બોલું છું તો આમ બોલાય છે. એ શરીરાશ્રિત ક્રિયાને પોતાના જાણે છે. લ્યો! કહો! સમજાણું કાંઈ? પેલાને વાંધા આવે છે, શરીરની ક્રિયા આત્મા કરી શકે છે, ફલાણું કરી શકે છે. આહાહા..! 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં એ નાખ્યું છે. શરીરાશ્રિત ક્રિયા. 'પરમાર્થ વચનિકા'માં એ શરીરાશ્રિત ક્રિયા નાખ્યું છે.

વાણી, શરીર, બોલવું, ચાલવું એ બધી જડની ક્રિયા છે એને પોતાની જાણે છે. હું ધ્યાન રાખું છું ને તો શરીર આમ રહે છે, હું બરાબર વ્યવસ્થાપૂર્વક આમ બોલું તો વાણી એમ જ બોલાય છે. એમ એ તત્ત્વને વિપરીત અભિપ્રાય સહિત માને છે. ભલે માને છે ભગવાનના કહેલા, બીજાના માનતો નથી પણ એ માનેલા કહેલામાં વિપરીતપણું અંદર નાખીને માને છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એક વાત. હવે તમારી મહાવ્રતની વાત આવી.

**'તેથી અજીવતત્ત્વમાં જીવતત્ત્વ માન્યું.'** એ શરીર, વાણી અજીવતત્ત્વ છે. એ મારાથી થાય છે, મારા છે, મેં રાખ્યું તેમ રહે છે, બોલવું બંધ કરું તો બંધ થઈ જાય, ચાલું તો ચલાય, ઉતાવળો ચાલું તો ઉતાવળું ચલાય, ધીરો ચાલું તો ધીરો ચલાય. અવાજ જોરથી કરું તો જોરથી થાય ને ધીમેથી કરું તો ધીમેથી થાય. એ બધી અજીવની ક્રિયા છે. હળવે બોલું તો હળવે બોલી શકું, હળવે જ બોલે તે બધી જડની ક્રિયા, તારી કે દિ' હતી? આહાહા..! ભારે ગોટો. એ અજીવતત્ત્વમાં–શરીર, વાણીની પર્યાયમાં જીવપણું માન્યું, જીવપણું માન્યું. આહાહા..!

**'વળી આસ્રવબંધરૂપ [૧]શીલ,...'** શીલ એટલે વ્યવહાર બ્રહ્મચર્ય. બ્રહ્મચર્ય વ્યવહાર, વ્રત વ્યવહાર વિકલ્પ, શરીરે બ્રહ્મચર્ય પાળવું, વિષય ન સેવવો એવો જે **'આસ્રવબંધરૂપ શીલ,...'** એ રાગ તે આસ્રવ અને બંધરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? શરીરથી બ્રહ્મચર્ય પાળું છું, એવો જે શુભભાવ એ આસ્રવબંધરૂપ છે. મેં શરીરથી વિષય સેવ્યો નથી તો મેં નથી સેવ્યો એ અજીવમાં જાય છે. સેવ્યો નથી એવો જે શુભભાવ એ આસ્રવ ને બંધમાં જાય છે. સમજાણું કાંઈ?

**'આસ્રવબંધરૂપ શીલ, સંયમાદિરૂપ...'** ઇન્દ્રિયનું દમન કરીને શુભરાગ, છ કાયના પ્રાણીને દુઃખ ન દેવાના ભાવ અથવા એને અનુકૂળ થવાના ભાવ. સંયમ આદિ, ઇન્દ્રિય આદિ ગમનરૂપ. એ પરિણામ આસ્રવબંધરૂપ છે. વ્રતના પરિણામ, દયા-દાનના પરિણામ, પૂજાના પરિણામ એ બધા આસ્રવબંધરૂપ છે. અબંધ પરિણામી–અબંધ દ્રવ્યના એ પરિણામ નથી. સમજાણું કાંઈ? 'પ્રભુનો મારગ છે શુરાનો, કાયરના નહિ કામ' આહાહા..! આસ્રવબંધ કહ્યું ને?

આસ્રવબંધ એટલે પુણ્ય-પાપ એમાં ભેગું આવી ગયું. આસ્રવ, બંધ ને પુણ્ય, પાપ ચારે આવી ગયા, પેલામાં અજીવ આવી ગયા, પાંચ આવી ગયા, થઈ રહ્યું. આહાહા..! આસ્રવ અને બંધરૂપ શીલ ને **'સંયમાદિકરૂપ પરિણામ તેને સંવર-નિર્જરારૂપ માની...'** એ બે તત્ત્વ આવી ગયા. આસ્રવબંધના પરિણામને સંવર-નિર્જરારૂપ માને છે. એ વ્રતના પરિણામ આસ્રવ ને બંધરૂપ છે એને સંવર-નિર્જરા માને છે, એમાંથી મને સંવર થયો. વ્રતના પરિણામ શુભ છે, એમાં શુભ પરિણામ એ રાગ અંશ છે એ આસ્રવ છે, એમ માને છે. પણ એમાં અશુભ નિવર્ત્યો છે એ મારા સંવર-નિર્જરા છે. પણ નિવર્ત્યો છે ક્યાં? સ્વરૂપની દૃષ્ટિ વિના શુભ આવ્યો ત્યારે અશુભથી નિવર્ત્યો. (એ તો) જ્યારે શુદ્ધની દૃષ્ટિ હોય ત્યારે. નહિંતર નિવર્ત્યો (છે ક્યાં)? એકલી શુભભાવમાં જ પ્રવૃત્તિ છે. સમજાણું કાંઈ?

એ મોટો પ્રશ્ન ઉઠાવ્યો છે. શુભભાવમાં જેટલો પરલક્ષી રાગ છે એટલો આસ્રવ છે અને અશુભથી નિવર્ત્યો છે ને? હિંસા, જૂઠના ભાવથી નિવર્ત્યો છે ને? એટલો સંવર. પણ નિવર્ત્યો છે એ તો સ્વરૂપની દૃષ્ટિ વિના શુભ છે એ તો એકલો આસ્રવ જ છે. શુદ્ધ સ્વરૂપનો અનુભવ ને દૃષ્ટિ થઈ ત્યારે શુભ પરિણામ થયા એમાંથી અશુભથી નિવર્ત્યો એ તો સ્વરૂપની શુદ્ધતામાં જાય છે, એને આશ્રયે જાય છે. શુભને લઈને નહિ ને શુભમાં નહિ, શુભને લઈને નહિ ને શુભમાં નહિ. દ્રવ્યને આશ્રયે દ્રવ્યની પર્યાય ત્યાં શુદ્ધ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ! કહો! 'કાળીદાસભાઈ'! આહા..! સાતે સમાડી દીધા.

એક તો શરીર, વાણીની પર્યાય તે બરાબર મારાથી થાય એણે અજીવને જીવ માન્યો. આસ્રવબંધરૂપ શુભ-અશુભ પરિણામ, અહીં તો શુભ જ ભાવ લીધો. **'શીલ, સંયમાદિકરૂપ પરિણામ તેને સંવર-નિર્જરારૂપ માની...'** તેને સંવર-નિર્જરા માન્યા. સાતને માન્યા પણ વિપરીત માન્યા. હવે રહી ગયો એક મોક્ષ. એ **'મોક્ષનું કારણ માને છે.'** લ્યો! એ મોક્ષનું કારણ માને છે. પુણ્યના ભાવ, અહીં તો પુણ્યના જ એકલા લીધા છે, હોં! આહાહા..! પાપની વાત નથી લીધી.

મુમુક્ષુ :– વ્યવહાર લીધો એકલો.

ઉત્તર :– વ્યવહાર લીધો એકલો. આસ્રવબંધરૂપ શીલ એમ લીધું છે. આસ્રવબંધરૂપ મિથ્યાત્વ ને અસંયમ નહિ. શુભભાવ જે છે, વિકલ્પ જે છે દયા, દાન વ્રત. ભક્તિ, પૂજા આદિ શુભભાવ એ આસ્રવ છે અને તે બંધરૂપ છે. એવા **'શીલ સંયમઆદિરૂપ પરિણામ એને સંવર-નિર્જરારૂપ માની મોક્ષનું કારણ માને છે.'** બધા તત્ત્વની વિપરીતતા થઈ ગઈ. છે આસ્રવબંધરૂપભાવ બંધના કારણ એને મોક્ષનું કારણ માને અને આસ્રવબંધને સંવર-નિર્જરા માને. આહાહા...! સમજાણું કાંઈ?

**'દ્રવ્યલિંગી પાપથી તો વિરક્ત થયો છે...'** જુઓ! આવ્યું પાછું. પાપના અશુભ પરિણામથી વિરક્ત થયો, હોં! એ અપેક્ષાએ વાત છે. મિથ્યાત્વ છે એ વાત અત્યારે નથી. પેલા પરિણામની

અપેક્ષાની વાત છે. દ્રવ્યલિંગી હિંસા, જૂઠું, ચારી આદિના અશુભ પરિણામથી નિવર્ત્યો છે. **'પણ પુણ્યમાં ઉપાધિ બુદ્ધિથી પરિણમ્યો છે...'** આવી વાત છે. આસ્રવબંધરૂપ શીલ સંયમરૂપ પુણ્ય પરિણામ છે એને ઉપાદેય માને છે, એને જ ઉપાદેય (માને છે). અહીં જીવદ્રવ્ય છે એ ઉપાદેય નથી જાણ્યું, એને જ ઉપાદેય જાણ્યું છે. અહીં જીવ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે એને ઉપાદેય નથી જાણ્યો. આ રહી ગયું એનું તત્ત્વ આટલું. દયા, દાન, વ્રત, પરિણામ શુભ તે આદરણીય છે, એને આદરણીય કરીને માને છે.

**'માટે તત્ત્વાર્થશ્રદ્ધાન નથી.'** માટે આ કારણે તેને તત્ત્વાર્થશ્રદ્ધાન લાગુ પડતું નથી. બહુ સરસ વાત કરી. ઓહોહો...! બહુ સરસ! એકે એક તત્ત્વ, સાત (તત્ત્વો) ઉતાર્યાં. તત્ત્વાર્થશ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્. તત્ત્વાર્થ—જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. **'આ રીતે (વિપરીત અભિપ્રાય રહિત) તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન અંગીકાર કરવું.'** વિપરીત શ્રદ્ધાન રહિત તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન યથાર્થ અંગીકાર કરવું તે તેનું બરાબર લક્ષણ છે. કહો! સમજાણું કાંઈ? કહો! આ તો સમજાય એવી વાત છે, 'સોમચંદભાઈ'! સાત તત્ત્વની અંદરની રમતું એમાં ને એમાં મુકી. આહાહા..! આ તો સમજાય એવી વાત છે આમાં.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ વળી મોટી મિથ્યાત્વની ગૂંચ. ઉપાદેય માન્યું એટલે પુણ્યને ઉપાદેય માન્યું એ તો મિથ્યાદૃષ્ટિ થયો.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ધૂળમાંય થાય નહિ, એમાં થાય શું? એ તો અનંતવાર થયો. આહાહા..! 'સોમચંદભાઈ' હળવે હળવે ફર્યા છે ને હવે. પહેલી હજી શ્રદ્ધામાં જ્યાં યથાર્થતા નથી ત્યાં દૃષ્ટિ નિર્મળ (થયા) વિના સ્થિરતા હોય ક્યાંથી? આહાહા..! અહીં તો કહે છે પુણ્યમાં ઉપાદેય બુદ્ધિએ પરિણમ્યો એ જ મિથ્યાત્વભાવ છે. એને તત્ત્વાર્થશ્રદ્ધાનની, સંવરની ખબર નથી.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૩ ગાથા–૨૩, ૨૪ શનિવાર, પોષ સુદ ૧૦, તા. ૨૧-૦૧-૧૯૬૭

---

આ એક શાસ્ત્રનું દોહન કરીને બનાવ્યું છે, એની ૨૩મી ગાથા છે. સમ્યક્નું વર્ણન ૨૨ ગાથા સુધી આવી ગયું, છેલ્લું પણ એમાં આવ્યું હતું કે સમ્યગ્દર્શન એટલે શું? એના પછીના ૮ આચારની આ વાત છે. આત્મા, પુણ્ય-પાપના ભાવ જે વિકાર છે, એનાથી આત્માનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય તદ્દન રહિત છે. આ આત્મા સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની તીર્થંકરદેવે જે આ આત્મા જોયો એ આત્મા શુદ્ધ આનંદ ને જ્ઞાન સંપન્ન આત્મા છે. ચૈતન્ય સ્વરૂપ આત્મા (છે), એને પુણ્ય ને પાપના જે ભાવ થાય દયા, દાન, વ્રત એ પુણ્ય છે, હિંસા,

www.vitragvani.com



જૂઠું આદિ એ પાપ છે, એવા બે ભાવથી રહિત આત્મા છે.

મુમુક્ષુ :– કે દિ'?

ઉત્તર :– અત્યારે. એવા આત્માને–પુણ્ય-પાપના ભાવ રહિત આત્માને શ્રદ્ધવો એનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? પુણ્યભાવ થાય તેને ઉપાદેય ન માનવો, એનાથી ધર્મ છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ આવે પણ એ ધર્મ છે એમ ન માનવું. આકરી વાત છે, 'ઝવેરચંદભાઈ'! હવે તો એમણે બધું મૂકીને પરિચય કરવા જેવો છે. ખરી વાત છે? બધું છે, હવે છોકરા-બોકરા કરતા હશે, હવે શું છે પણ? આ વસ્તુ સમજવા જેવી છે, અત્યારે એ ચાલતી નથી, ભાઈ! આખી વાત બીજી છે, વીતરાગનો માર્ગ આખો જુદો છે. લોકો કંઈક કલ્પીને બેઠા છે, માર્ગ કાંઈક છે. એને સાંભળવા મળતું નથી એટલે એને રુચિમાં તો ક્યાંથી આવે? 'ન્યાલભાઈ'! બાપાએ કર્યું હશે બધું, થોડું-ઘણું કર્યું હશે.

આ આત્મા, શુદ્ધ ચૈતન્ય જ્ઞાન ને આનંદની મૂર્તિ આત્મા છે, એને શરીર ને કર્મ રહિત તો માનવો પણ એને પુણ્યના ભાવ થાય, પાપના ભાવ થાય એવા ભાવ રહિત એને શ્રદ્ધવો, માનવો અને પુણ્યને આદરણીય ન માનવું, પાપને હિતકર ન માનવું, બાહ્ય સંયોગની ચીજ મને લાભદાયક છે એમ ન માનવું એવી આત્માની અંતર દૃષ્ટિ થવી તેને ભગવાન સમ્યગ્દર્શન કહે છે. કહો, 'ન્યાલભાઈ'!

મુમુક્ષુ :– મોટરને પણ લાભદાયક ન માનવી?

ઉત્તર :– મોટરમાં ધૂળેય નથી, મોટરમાં, મોટરમાં શું હતું? અહીં તો શુભભાવ થાય, દયાનો, દાનનો, ભક્તિનો એ ભાવ પણ થાય પણ આદરણીય નથી. કેમકે પુણ્ય બંધનનું કારણ છે. બહારની (ચીજો) તો પછી આવશે. મોટરું-ફોટરું તો ક્યાંય પડી રહે એને ઘરે. સમજાણું કાંઈ?

અહીં તો વાસ્તવિક તત્ત્વ શું છે? પરમેશ્વર કેવળજ્ઞાનીએ કહ્યું તે. એની શ્રદ્ધા ક્યારે કહેવાય? કે, આત્મા ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનનો સૂર્ય પ્રભુ પરમ પવિત્ર ધામ આત્મા છે. એને પુણ્યના ભાવ, શુભભાવ, દયા, દાન આદિ ભાવ એ પણ એને નુકસાનકારક છે. આહાહા..! હો ભલે પણ એ પુણ્યભાવ છે, પુણ્યભાવને આદરણીય માનવા, અંગીકાર કરવા જેવું માનવું એનું નામ મિથ્યાત્વ, અજ્ઞાન છે. એ.. 'ન્યાલભાઈ'! સાંભળ્યું ન હોય. આ શેઠિયા માણસ પછી ન્યાં અમુક કલાક જાય ન્યાં સાંભળીને ચાલ્યા આવે, થઈ રહ્યું.

મુમુક્ષુ :– પૂર્વે ધર્મ કર્યો હતો તો આ મળ્યું.

ઉત્તર :– પણ એ ધર્મ હવે ધૂળ એ ધર્મ ક્યાં હતો? આ તો પૂર્વના શુભભાવ હશે એનું પુણ્ય બંધાણું એને આ ધૂળ મળી. ધૂળેય ધર્મ કર્યો નથી. કેમ 'પોપટભાઈ'! શું હશે? એની વાત કરી હતી હમણાં, ચાલીશ કરોડ રૂપિયા છે, પેલા પાસે, આ 'પોપટભાઈ'ના

www.vitragvani.com



સાળા 'શાંતિલાલ ખુશાલ'. ધૂળમાંય નથી. કોઈ પુણ્યના પરિણામ કર્યા હશે, રજકણો (બંધાણા) આથી બહારની સોગઠી ગોઠવાઈ ગઈ, એમાં આત્માને શું? આત્માને લાભ શું?

મુમુક્ષુ :– રૂપિયાની મમતા.

ઉત્તર :– મમતા છે–આ મારા એ તો મમતાનો લાભ થયો. એ ચીજ તો ત્યાં રહી ગઈ. જડ અજીવ તત્ત્વ ભગવાન એને અજીવ કહે છે. એ અજીવ મારા છે એમ માનવું એ મિથ્યાભાવ છે, એ કહેશે આગળ, નિઃકાક્ષિતમાં. સમજાય છે? જુઓ! પુણ્યના ફળ ઇન્દ્રિયના વિષયોને એ કહેશે. પુણ્યના ફળને ચાહતા નથી, ચોવીશ (ગાથામાં) આવશે. ધર્મી જીવ પુણ્યના ફળને ચાહતા નથી. આહાહા..! બાપુ! એ શ્રદ્ધા કેને કહેવી! અનંતકાળથી એણે કરી નથી. બહાર ત્યાગી અનંતવાર થયો, પંચ મહાવ્રતના પરિણામ પણ અનંતવાર લીધા પણ એ વસ્તુ સમજ્યો નહિ.

રાગની ક્રિયાથી પાર આત્મા ભિન્ન છે એવી અંતરની શ્રદ્ધા વિના એને અંતરમાં સમ્યગ્દર્શન ત્રણકાળમાં પ્રગટ ન થાય. એટલે કહે છે કે, માથી આવી ગયું છે, પુણ્યમાં ઉપાદેયબુદ્ધિથી અનાદિથી પરિણમ્યો. અનાદિથી માથે આવી ગયું છે, માથે બીજી લીટી છે. ૨૩ મી ગાથામાં માથે. ઉપરની લીટીમાં છે ને? **'પુણ્યમાં ઉપાદેયબુદ્ધિથી પરિણમ્યો છે...'** ઉપર છે બે લીટી **'માટે તત્ત્વાર્થશ્રદ્ધાન નથી.'**

અનાદિ જૈનનો સાધુ થયો, દિગંબર મુનિ થયો, વનવાસી થયો, રાણીઓ હજાર એણે છોડી પણ અંદરમાં પુણ્યભાવ થાય તે મને હિતકર છે એમ માન્યું માટે તે મિથ્યાદૃષ્ટિ રહ્યો. સમજાણું? આ મિથ્યાદૃષ્ટિ મૂઢ ભલે બહારના હજારો રાણીને છોડીને બેઠો હોય પણ અંદરમાં શુભભાવ અહિંસા દયા, દાન આદિના ભાવ એ મને હિતકર છે, એ મને લાભ દાયક છે એનું તત્ત્વાર્થશ્રદ્ધાન વિપરીત છે. 'ન્યાલભાઈ'!

તેથી કહે છે કે, એવું જે આત્માનું સમ્યગ્દર્શન, જે જડ તત્ત્વની ક્રિયાઓ હું કરી શકતો જ નથી. આ વાણી, શરીર, પરવસ્તુ એની દશા અજીવ છે, એ અજીવની દશા હું કરતો નથી, મારાથી થતી નથી. પુણ્ય-પાપના ભાવ મારામાં થાય તે હિતકર નથી. હેય છે, ઉપાદેય નથી, અંગીકાર કરવા લાયક નથી. એનાથી રહિત શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તે અંતર દૃષ્ટિમાં આદરણીય છે એવી દૃષ્ટિ કરે એને સમ્યગ્દર્શન દશા, ધર્મની પહેલી દશા કહે છે. સમજાણું કાંઈ? હવે એમાં એને ૮ આચાર હોય છે. આવું સમ્યગ્દર્શન હોય એને ૮ આચાર, ૮ લક્ષણ, ૮ ગુણ હોય છે. પહેલું નિઃશંકિત અંગ.

www.vitragvani.com



# ગાથા–૨૩

## ૧ - [1]નિઃશંકિત અંગ

सकलमनेकान्तात्मकमिदमुक्तं वस्तुजातमखिलज्ञैः।
किमु सत्यमसत्यं वा न जातु शङ्केति कर्तव्या।।२३।।

અન્વયાર્થ :– [ अखिलज्ञैः ] સર્વજ્ઞદેવે [ उक्तं ] કહેલો [ इदं ] આ [ सकलं ] સમસ્ત [ वस्तुजातं ] વસ્તુસમૂહ [ अनेकान्तात्मकं ] અનેક સ્વભાવરૂપ છે તે [ किमु सत्यं ] શું સત્ય છે? [ वा असत्यं ] અથવા જૂઠ છે [ इति ] એવી [ शंका ] શંકા [ जातु ] કદીપણ [ न ] ન [ कर्तव्या ] કરવી જોઈએ.

ટીકા :– 'अखिलज्ञैः इदं सकलं वस्तुजातं अनेकान्तात्मकं उक्तं किमु सत्यं वा असत्यं वा। जातु इति शंका न कर्तव्या' - સર્વજ્ઞદેવે આ સમસ્ત જીવાદિ પદાર્થોનો સમૂહ અનેકાન્તાત્મક એટલે અનેક સ્વભાવસહિત કહ્યો છે તે શું સાચું છે કે જૂઠું છે - કદી એવી શંકા ન કરવી.

ભાવાર્થ :– શંકા નામ સંશયનું છે. જિનપ્રણીત પદાર્થોમાં સંદેહ ન કરવો તેને [1]નિઃશંકિત નામનું અંગ કહીએ. ૨૩.

## ગાથા–૨૩ ઉપર પ્રવચન

सकलमनेकान्तात्मकमिदमुक्तं वस्तुजातमखिलज्ञैः।
किमु सत्यमसत्यं वा न जातु शङ्केति कर्तव्या।।२३।।

**અન્વયાર્થ** :– ''**अखिलज्ञैः**' '**अखिलज्ञैः**' એટલે સર્વજ્ઞદેવ. પહેલો શબ્દ છે. '**સર્વજ્ઞદેવે** '**अखिलज्ञैः**'' અખિલ નામ ત્રણકાળ, ત્રણલોક જેણે જોયા પરમેશ્વર કેવળજ્ઞાની, એ

૧. સ્વામી સમંતભદ્રાચાર્યકૃત રત્નકરંડશ્રાવકાચાર ગા.૧૧માં કહ્યું છે કે-તત્ત્વ આ જ છે, આવું જ છે, અન્ય નથી અથવા બીજી રીતે નથી. એવી નિષ્કમ્પ તલવારની તીક્ષ્ણધાર સમાન સન્માર્ગમાં સંશય રહિત રુચિ-વિશ્વાસને નિઃશંકિત અંગ કહે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'**अखिलज्ञैः**' એટલે સર્વજ્ઞદેવ. એણે '**કહેલો આ સમસ્ત વસ્તુસમૂહ...**' સમસ્ત વસ્તુ એટલે? આત્મા આત્મા તરીકે, પુણ્ય-પાપ પુણ્ય-પાપ તરીકે, શરીર શરીર તરીકે, કર્મ કર્મ તરીકે. ભગવાને જોયેલા ધર્માસ્તિ, અધર્માસ્તિ આદિ બીજા પણ દ્રવ્ય છે. એ વસ્તુનો સમૂહ '**અનેક સ્વભાવરૂપ છે...**' આત્મા જ્ઞાન, દર્શન, આનંદ આદિ સંપન્ન છે અને પુણ્ય-પાપના ભાવ રહિત સંપન્ન આત્મા છે. પુણ્ય-પાપ પુણ્ય-પાપના ભાવ સહિત છે, એ પવિત્રભાવ રહિત છે. એ પુણ્ય-પાપના ભાવ અજીવથી રહિત છે, પુણ્ય-પાપના ભાવ સ્વભાવથી રહિત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ઇ ક્યાંથી કાઢ્યું?

ઉત્તર :– આ એમાં છે. '**વસ્તુસમૂહ અનેક સ્વભાવરૂપ છે...**' અનેકાંત છે, અનેકાંત છે. શું કીધું? ભગવાન આત્મા અનંત ધર્મ સંપન્ન, અનંત ધર્મ એટલે સ્વભાવ. જાણવું, દર્શન, શ્રદ્ધા, આનંદ આદિ સ્વભાવ છે એ પુણ્ય-પાપના ભાવથી રહિત સ્વભાવ છે. અનેકાંત છે ને અહીં? એવી વસ્તુનું સ્વરૂપ ભગવાને એમ કહ્યું છે તેમ તેને શ્રધ્ધીને શંકા કરવી નહિ.

મુમુક્ષુ :– સમ્યગ્દર્શનની શ્રદ્ધા તો હોય છે.

ઉત્તર :– શ્રદ્ધા હોય છે એમાં નિઃશંક્તિ વિશેષની વાત કરે છે, એ નિઃશંકપણે શ્રદ્ધા કરવી. આમ હશે કે આમ હશે? આત્માના સ્વભાવમાં આ પુણ્ય પરિણામ અંદર હશે કે નહિ? પુણ્ય પરિણામમાં કાંઈક પવિત્રતા સ્વભાવ હશે કે નહિ? પુણ્ય પરિણામમાં અજીવપણું હશે કે નહિ? અજીવમાં પુણ્ય પરિણામ હશે કે નહિ? અજીવ કર્મમાં કંઈ શુભભાવ એને લઈને હશે કે નહિ? એમ નિઃશંકતા કરવી (કે) જડમાં જડપણું છે, પુણ્ય-પાપમાં વિકારપણું છે, શુદ્ધ સ્વભાવમાં વિકારપણું નથી પણ ત્રિકાળ નિર્મળાનંદ સ્વભાવ છે. સમજાણું કાંઈ?

'**વસ્તુસમૂહ...**' એ નવે વસ્તુ છે, નવ પદાર્થ--જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ. '**અનેક સ્વભાવરૂપ છે...**' દરેક અનેક સ્વભાવરૂપ છે. સમજાણું કાંઈ? અનેકાંત શબ્દ છે ને? ભાઈ! અનેકાંત શબ્દ પડ્યો છે. અનેક ધર્મ છે. શુદ્ધ ચૈતન્ય વસ્તુ એમાં અનંત શાંતિ, અનંત આનંદ, અનંત જ્ઞાનાદિ છે અને તે પોતાપણે છે અને પુણ્ય-પાપપણે નથી, અજીવપણે નથી એવો એનો અનેકાંત સ્વભાવ આત્માનો છે. અને પુણ્ય-પાપ તે મલિનપણે છે એમાં નિર્મળતા નથી, એમાં અજીવપણું નથી. અજીવ એટલે જડ રજકણો. અને અજીવ જે કર્મ, શરીર આદિ છે એના જડપણાના ગુણ અને પર્યાય સહિત છે એ પુણ્ય-પાપના ભાવ એમાં નથી અને પવિત્રતા એનામાં નથી. સમજાણું કાંઈ?

એવી શ્રદ્ધા થઈ છે તેમાં એણે નિઃશંક રહેવું, એમ કહે છે. શંકા ન કરવી કે આમાં કાંઈક કાંઈક શુભભાવથી કાંઈક સ્વભાવને માત્ર લાભ થતો હશે કે નહિ? સ્વભાવને કાંઈક પુણ્ય-પાપ મદદ કરતું હશે કે નહિ? કર્મ અજીવ છે એનાથી કાંઈ પુણ્ય પરિણામ થતાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હશે કે નહિ? કર્મ અજીવ છે એનું કંઈક આત્મા કામ કરી શકતો હશે કે નહિ? શરીરાદિના કામ આત્મા કાંઈ કરી શકતો હશે કે નહિ? ભગવાને ના પાડી કે, એનો શરીરનો ધર્મ જડ છે ને તારા સ્વભાવથી તે રહિત છે. માટે તેના કારણે બધી ક્રિયાઓ જડની થાય છે. એમાં શંકા ન કરવી કે, મારું કાંઈક હશે? કાંઈક મારી મદદ હશે તો આમાં થાતું હશે? સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે સમસ્ત વસ્તુસમૂહ જોયા એમાં અનેક સ્વભાવરૂપ છે, અનેકાંત છે. **'તે શું સત્ય છે? અથવા જૂઠ છે...'** આ તે કેમ હશે? એમ શંકા કરવી નહિ. ત્રણકાળ, ત્રણલોકમાં એ જ વસ્તુ એમ જ છે. 'કેવળી પણ્ણત્તો ધમ્મં શરણં' ભગવાન કેવળીએ આત્મ સ્વભાવ કહ્યો, વિભાવ વિપરીત કહ્યો, અજીવ પૃથક કહ્યો. એના સ્વભાવમાં અનેક ધર્મ દરેકમાં રહેલા છે. ધર્મ એટલે સ્વભાવ. એવું સત્ય હશે કે અસત્ય હશે? **'એવી શંકા કદીપણ ન કરવી જોઈએ.'** ધર્મી જીવે આવી શંકા કરવી નહિ. અહીં અંદરથી દૃષ્ટિથી વાત અંદર ઉપાડી છે. સમજાણું કાંઈ?

**ટીકા :–** એ ગાથા મૂકી છે. **'સર્વજ્ઞદેવે આ સમસ્ત જીવાદિ પદાર્થો...'** જુઓ! જીવાદિ પદાર્થ (કહ્યું), ભાઈ! એ પદાર્થ જીવાદિ પદાર્થ છે ને? નવે પદાર્થ. **'જીવાદિ પદાર્થો...'** પેલામાં પણ આવ્યું હતું ને? તત્ત્વાર્થશ્રદ્ધાનમાં. એ જીવાદિ પદાર્થ આવ્યું હતું. **'जीवाजीवादीनां तत्त्वार्थानां'** ૨૨મી ગાથા અને આ ૨૩મીએ શરૂ કર્યું. **'આ સમસ્ત જીવાદિ પદાર્થો...'** એટલે જીવ, જીવપણે છે આનંદ અને જ્ઞાનપણે (છે). પુણ્ય પુણ્ય-પાપપણે છે મલિનપણે. કર્મ ને શરીર, કર્મ ને શરીર જડપણે છે, અજીવપણે. એમ જે **'જીવાદિ પદાર્થોનો સમૂહ અનેકાન્તાત્મક એટલે અનેક સ્વભાવસહિત કહ્યો છે...'** સમજાણું કાંઈ? ભગવાને એવો સ્વભાવ કહ્યો છે ને એમાં એવો છે. **'તે શું સાચું છે કે જૂઠું છે - કદી એવી શંકા ન કરવી.'** ભગવાને વસ્તુ કીધી એવી જ છે, એમ જ છે. એવી જેને અંતર શ્રદ્ધા થઈ છે એણે કદી શંકા કરવી નહિ. કહો! સમજાણું આમાં? 'માંગીરામજી'! લ્યો! આ સમ્યગ્દર્શનનું પહેલું અંગ.

મુમુક્ષુ :– ઇ તો સૌ એમ કહે છે કે ભગવાને કીધું.

ઉત્તર :– પણ ક્યાં સમજે છે? ભગવાને કહ્યું, ભગવાન ! ભગવાન આ કહે છે. ભગવાને **'जीवाजीवादीनां तत्त्वार्थानां'** નામ તત્ત્વાર્થશ્રદ્ધાનમ્ કહ્યું. જીવ, અજીવ, પુણ્ય-પાપ એટલે બન્ને થઈને આસ્રવ છે. એ બે(માં) અટક્યો એ બંધ છે, જડ કર્મનો બંધ ભિન્ન છે, શરીર ભિન્ન છે. એમ જે તત્ત્વો અનેક ધર્મવાળા ભિન્ન ભિન્ન છે તેને તે રીતે શ્રદ્ધવું. એ શ્રદ્ધે છે ક્યાં? આ તો હજી ગોટા વાળે છે.

મુમુક્ષુ :– એમ તો કહે છે ને કે કેવળીએ કીધું તે સત્ય.

ઉત્તર :– પણ એને ભાનમાં ક્યાં છે? કેવળીએ કીધું એ તો ભાષા થઈ. પણ એણે ભાવ કીધા એ તો ભાસ્યા નહિ. એણે કહેલા ભાવ તો જ્ઞાનમાં આવ્યા નથી. તો કેવળીએ

www.vitragvani.com



કહ્યું સત્ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? અહીં તો એને પોતાને ભાન થવું જોઈએ. ભગવાન કહે એ સાચું તે શી રીતે? એને ભાન (થયા) વિના? એય...! 'ન્યાલભાઈ'! બધા એમ ને એમ હંકારે છે ગાડા અત્યાર સુધી. એમ ન ચાલે, ભગવાન કહે છે. તું સમજ, અમે જે ભાવ કહ્યા છે (તે) તને તારા પ્રતીતમાં, તારા ખ્યાલમાં, તારા ભાવનું ભાસન તને થવું જોઈએ. ભાસનજ્ઞાન થવું જોઈએ. એ વિના તને સત્ય હોઈ શકે નહિ.

મુમુક્ષુ :– આ બધી ભાંજગડમાં ન પડે અને એકલી ભક્તિ જ કરે તો?

ઉત્તર :– ભક્તિ કરીને મરી જાય તોપણ કાંઈ મળે એવું નથી, લ્યો! ભક્તો કરે લાખ ભગવાનની પણ ભક્તિ કરે ને શેત્રુંજયે અથડાયા કરે લાખવાર, કરોડવાર (તો) શુભભાવ થાય, એમાં જન્મ-મરણના અંત નથી. 'ઝવેરચંદભાઈ'! સમજાણું કાંઈ? ન્યાં પેલા ભક્તિ કરે. શું પણ ભક્તો? કોનો? આ તો જડની ક્રિયા છે. ઇ તો ભગવાનને માનવા એને તો અહીં પરમેશ્વર કહે છે મને માન એવો ભાવ તારો શુભરાગ છે, લે! પુણ્ય છે, ધર્મ નહિ. કારણ કે પરદ્રવ્ય છે, ભગવાન પર વસ્તુ છે. ભગવાન એમ કહે છે કે, મારી તરફનું લક્ષ કરીને મને તું માન એ તારો ભાવ શુભ છે, પુણ્ય છે. એ ખરેખર જો એને પુણ્યને ઉપાદેય માન તો તારી દૃષ્ટિ વિપરીત છે, એમ કહે છે. ઝીણી વાત છે, બાપુ! એને મૂળ તત્ત્વની વાત જ (સમજમાં) આવી નથી. અત્યારે તો ગોટે ગોટા ચાલે છે. તત્ત્વ આવ્યું બહાર ત્યારે સાંભળવાનું બંધ કરી દીધું, નહિ, ઇ સાંભળવું નહિ. 'ન્યાલભાઈ'! ભગવાને અનેકાન્તાત્મક... ભાઈ! જીવાદિ પદાર્થ કહ્યું ને? એ જીવાદિમાં દરેક પદાર્થનો અનેક ધર્મ છે, એમ કહે છે.

મુમુક્ષુ :– પોતારૂપે છે અને પરરૂપે નથી.

ઉત્તર :– નથી. ભગવાન ચૈતન્ય સ્વરૂપ છે. એ પુણ્ય-પાપના કૃત્રિમ વિકાર થાય છે એનાથી રહિત છે, એનામાં એ નથી. પુણ્ય-પાપમાં, ભાવમાં શુદ્ધભાવનો અંશ નથી, ધર્મનો અંશ નથી, મલિનતામાં નિર્મળતાનો અંશ નથી, મલિનતામાં મલિનતા છે. અજીવમાં અજીવ છે. અજીવમાં પુણ્ય-પાપની મલિનતા નથી અને અજીવમાં આત્માનો ધર્મ અંશે એમાં છે નહિ. આહાહા..! શું થાય? લોકોને બિચારાને મળ્યું નથી. નવરા થાય નહિ. મળ્યું હોય તો પાછા વાડાની વાતું ખોસી ઘાલે. આમ કરો ને આમ કરો, જાવ કલ્યાણ થઈ જશે. પેલો કહે, દયા પાળો કલ્યાણ થશે.

મુમુક્ષુ :– કહેનારને કલ્યાણ કેમ થાય ઇ ક્યાં ખબર છે.

ઉત્તર :– એને પણ હજી ખબર નથી.

**ભાવાર્થ :– 'શંકા નામ સંશયનું છે.'** ભાવાર્થ છે ને? **'જિનપ્રણીત પદાર્થો...'** જિન એટલે વીતરાગ, એણે પ્રણીત એટલે કહેલા. **'પદાર્થોમાં સંદેહ ન કરવો તેને [1]નિઃશંકિત નામનું અંગ કહીએ.'** છે ને ભાવાર્થની એક લીટી? હવે એનો નીચે, નીચે છે નોટ, એની એક નીચે નોટ (છે). **'સ્વામી સમંતભદ્રાચાર્યકૃત રત્નકરંડશ્રાવકાચાર ગા. ૧૧માં કહ્યું છે કે-તત્ત્વ આ**

www.vitragvani.com



**જ છે,...**' જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય તે તત્ત્વ એ જ છે, પુણ્ય-પાપ તે એ જ છે, અજીવ ને કર્મ તે અજીવ જ છે. '**આવું જ છે, અન્ય નથી...**' આહાહા..! '**આવું જ છે, અન્ય નથી અથવા બીજી રીતે નથી.**' જે જડ છે તે જડરૂપે જ છે. પુણ્ય-પાપ પુણ્ય-પાપપણે જ છે, સંવર-નિર્જરા એ સ્વભાવને આશ્રયે તે તે જ છે, શુદ્ધાત્મા ત્રિકાળ તે તે જ છે.

એમ '**એવી (નિકમ્પ) નિષ્કમ્પ તલવારની તીક્ષ્ણધાર સમાન,...**' જુઓ! તલવારની તીક્ષ્ણધાર સમાન. '**સન્માર્ગમાં સંશય રહિત...**' સત્ માર્ગ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની મૂર્તિ એમાં સંશય રહિત, પુણ્ય-પાપમાં સંશય રહિત (એટલે) મલિનતા છે તે. અજીવ કર્મ છે એ. એમાં નવે તત્ત્વ આવી ગયા. '**સન્માર્ગમાં સંશય રહિત રુચિ-વિશ્વાસને નિઃશંક્તિ અંગ કહે છે.**' નીચે નોટ, નીચે નોટ છે. 'સ્વામીસમંતભદ્ર' માં એ ૧૧ મો શ્લોક છે. કહો! સમજાણું આમાં?

મુમુક્ષુ :– તલવારની ધારનો દાખલો...

ઉત્તર :– હા, તલવારની ધાર આમ બરાબર કાપી નાખે. એવો સન્માર્ગ છે કે, એમાં સંશય રહે નહિ. એવી નિઃશંક શ્રદ્ધા, એમ કહે છે. ભગવાન આમ કંપે નહિ. આમ હશે? આ કાંઈ કહે છે ને બધા? અન્યમતિઓ કહે છે એમાં કાંઈક ધર્મ હશે? જૈન સિવાય, જૈન એ નિઃશંક માર્ગ છે પણ આમાં શંકા, પોતામાં શંકા કરે. આવું હશે? આવો માર્ગ? એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે એવું આત્માનું જ્ઞાન હશે? નિઃશંક કહે, આ સ્વભાવ જ ત્રણકાળ, ત્રણલોકને જાણવાના સત્ત્વવાળું હું તત્ત્વ છું. મારામાં અપૂર્ણ રહી શકે કે રાગ એ મારા સ્વરૂપમાં છે જ નહિ. એવી નિઃશંક તલવારની ધાર સમાન પ્રતીત કરે તેને નિઃશંકતા કહેવામાં આવે છે. કહો! સમજાણું આમાં?

હું મારાથી જ પરમાત્મ થવાને લાયક છું એમ નિઃશંક થાય. કોઈની મદદથી ને કોઈની સહાયથી હું કેવળજ્ઞાન પામું એવી એને શંકા, બંકા હોય નહિ, નિઃશંક થઈ જાય. હું આત્મા સર્વજ્ઞ સ્વભાવી છું અને તેના પ્રતીતમાં આ જ ભાવથી હું ક્રમે ક્રમે કેવળજ્ઞાનને મારા સ્વભાવના સહાયથી જ પામવાનો છું. કોઈ પુણ્ય-પાપના ભાવથી કે દેવ-ગુરુના સહાયથી એનાથી પામું એવું મારું સ્વરૂપ છે નહિ. કહો! સમજાણું આમાં? આહાહા..! ભારે વાતું, ભાઈ! જૈન સંપ્રદાયમાં જન્મે એને જૈન શું કહે છે એ મળે નહિ. બિચારા એમ ને એમ આખી જિંદગી (પૂરી કરે). 'ઝવેરચંદભાઈ'! સાચી વાત છે કે નહિ?

કહે છે, ભગવાને કહેલા આત્મતત્ત્વ આદિ નવ (તત્ત્વ), એને બરાબર સંદેહ કર્યા વિના નિઃસંદેહપણે માનવું એને નિઃશંક કહે છે. હવે બીજો નિઃકાંક્ષિત ભાવ. એ સમકિતીનો બીજો બોલ નિઃકાંક્ષ છે. ૨૪મી ગાથા.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

## ગાથા–૨૪

### ૨ - [૨]નિઃકાંક્ષિત અંગ

इह जन्मनि विभवादीन्यमुत्र चक्रित्वकेशवत्वादीन्।
एकान्तवाददूषितपरसमयानपि च नाकांक्षेत्।।२४।।

અન્વયાર્થ :– [ इह ] આ [ जन्मनि ] લોકમાં [ विभवादीनि ] ઐશ્વર્ય, સંપદા આદિ, [ अमुत्र ] પરલોકમાં [ चक्रित्वकेशवत्वादीन् ] ચક્રવર્તી, નારાયણ આદિ પદોને [ च ] અને [ एकान्तवाददूषितपरसमयान् ] એકાન્તવાદથી દૂષિત અન્ય ધર્મોને [ अपि ] પણ [ न आकांक्षेत् ] ચાહે નહિ.

ટીકા :– 'इह जन्मनि विभवादीनि न आकांक्षेत्' સમ્યગ્દષ્ટિ આ લોકમાં તો સંપદા વગેરે અને પુત્રાદિને ચાહે નહિ. 'च अमुत्र चक्रित्वकेशवत्वादीन् न आकांक्षेत्' - વળી પરલોકમાં ચક્રવર્તીપદ, નારાયણપદ અને આદિ શબ્દથી ઇન્દ્રાદિ પદને ચાહતા નથી. 'एकान्तवाददूषितपरसमयान् अपि न आकांक्षेत्' - વસ્તુના એકાન્તસ્વભાવનું કથન કરવાને લીધે દૂષણ સહિત જે અન્યમત તેને પણ ચાહતા નથી.

ભાવાર્થ :– નિઃકાંક્ષિત નામ વાંચ્છા રહિતનું છે. કારણ કે આ લોક સંબંધી પુણ્યના ફળને ચાહતા નથી તેથી સમ્યક્ત્વી પુણ્યના ફળરૂપ ઇન્દ્રિયના વિષયોને આકુળતાના નિમિત્ત હોવાથી દુઃખરૂપ જ માને છે. વળી અન્યમતી નાના પ્રકારની એકાન્તરૂપ કલ્પના કરે છે તેને ભલા જાણી ચાહતા નથી. ૨૪.

### ગાથા–૨૪ ઉપર પ્રવચન

इह जन्मनि विभवादीन्यमुत्र चक्रित्वकेशवत्वादीन्।
एकान्तवाददूषितपरसमयानपि च नाकांक्षेत्।।२४।।

જુઓ! શું કહે છે? એનો અર્થ, **અન્વયાર્થ :– 'આ લોકમાં ઐશ્વર્ય,...'** મોટપ, સંપદા,

---

૨. નિઃકાંક્ષા = (વિષયોની-વિષયના સાધનોની અભિલાષા-આશાને કાંક્ષા કહે છે) અર્થાત્ કર્મને વશ થઈને, અંતવાળા, ઉદયમાં દુઃખમિશ્રિત અને પાપના બીજરૂપ સુખમાં અનિત્યતાનું શ્રદ્ધાન થવું તે નિઃકાંક્ષિત અંગ છે. (રત્નકરંડ શ્રાવકાચાર ગાથા-૧૨)

www.vitragvani.com



લક્ષ્મી, એની ઇચ્છા સમકિતીને હોતી નથી.

મુમુક્ષુ :– કરવું શું પણ?

ઉત્તર :– આત્મા શુદ્ધ ચૈતન્ય છે તેની ભાવના કરવી, પેલી ઇચ્છા કરવી નહિ, એમ કહે છે. અને ઇચ્છાથી કાંઈ મળે છે? અને ઇચ્છા એ પોતે દુઃખરૂપ છે, એમ કહે છે અહીં તો. શું કહ્યું? જુઓ! ઐશ્વર્ય, મોટપ, પ્રમુખપણું, શેઠાયપણું, રાજાપણું આ ભવમાં, હોં! **'સંપદા આદિ...'** અંદર વિશેષ અર્થ કરશે, હોં! પુત્રાદિને ચાહે નહિ, એમ કહેશે. **'પરલોકમાં ચક્રવર્તી, નારાયણ આદિ પદોને...'** પણ ચાહે નહિ. ધર્મી કોને કહે! ઓ..હો..! મારી પાસે...

મુમુક્ષુ :– ....સુખી થાવું છે.

ઉત્તર :– સુખી થવું એટલે અંદરમાં સુખી થાય છે, બહારમાંથી ધૂળમાંથી સુખી થાવું છે? ધૂળમાં પણ નથી ત્યાં, હેરાન હેરાન થાય છે મફતના માળા. એ આવશે.

**'પરલોકમાં ચક્રવર્તી, નારાયણ આદિ પદોને...'** ઇચ્છે નહિ. સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ પોતાના શુદ્ધ શ્રદ્ધા ને શુદ્ધ ભાવના કરીને વધારવાની ભાવના હોય પણ એને આ પૈસાની, સંપદાની ઇચ્છા હોય તો ઠીક એમ ન હોય. કારણે કે એ તો જડ છે. ઇ હોય તો ઠીક, એ મિથ્યા શ્રદ્ધા છે, એમ કહે છે.

મુમુક્ષુ :– તો પછી સમ્યગ્દૃષ્ટિ ધંધો શું કરવા કરે છે?

ઉત્તર :– રાગ હોય એને થાય પણ એ ઠીક કરું છું એમ એને હોઈ શકે નહિ. એય...! 'ન્યાલભાઈ'! આ લોકની એનો ખુલાસો પેલામાં વધારે લેશે.

**'અને એકાન્તવાદથી દૂષિત અન્ય ધર્મોને...'** જે ધર્મ પુણ્યમાં ધર્મ મનાવે, આત્મામાં પુણ્ય મનાવે, જડથી આત્માની ક્રિયા કરે, આત્મા જડનું કરી શકે એવા જે એકાન્તવાદવાળા છે એવા ધર્મોને તે ધર્મી ચાહે નહિ, એવાને ઇચ્છે નહિ. હવે ખુલાસો ટીકામાં વધારે છે, જુઓ!

**ટીકા :– 'સમ્યગ્દૃષ્ટિ આ લોકમાં તો સંપદા વગેરે...'** એ લક્ષ્મીને ઇચ્છે નહિ. ઇચ્છા થઈ જાય પણ એ ઇચ્છાની ઇચ્છા નથી, આમ કહે છે. જ્યાં પોતાની સ્વરૂપ સંપદા દેખાણી, દૃષ્ટિમાં આવી છે, અનંત લક્ષ્મી સંપન્ન ભગવાન આત્મા છે, શાંત અનાકુળ આનંદ ને જ્ઞાનની મૂર્તિ, એમાં કેવળજ્ઞાનની પર્યાય પડી છે, એમાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે. એવી જેને અંતર સમ્યગ્દર્શન ને શ્રદ્ધા થઈ એ તો પોતાના ભાવની એકાગ્રતાની વૃદ્ધિ કરે છે. દેખાય ભલે સમકિતી છ ખંડમાં રાજમાં દેખાય પણ એને અંદરમાં રાજની ઇચ્છા નથી. એય...! આહાહા..! જે વસ્તુ દુઃખરૂપ છે, દુઃખનું નિમિત્ત છે એને કેમ ઇચ્છે? સમજાણું કાંઈ? નીચે કહેશે પછી, હોં! **'સમ્યગ્દૃષ્ટિ આ લોકમાં તો સંપદા વગેરે અને પુત્રાદિને ચાહે નહિ.'** અરે..! ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :– તો શું કરવું?

www.vitragvani.com



ઉત્તર :– કરે શું આત્મા? પુત્ર ક્યાં એનો છે? એ તો આત્મા કો'કનો છે, શરીર કો'કનું છે. કો'ક દ્રવ્યને ઇચ્છે કે આ દ્રવ્ય હોય તો મને ઠીક, તો પોતાના દ્રવ્યને લઈને ઠીક એ તો રહ્યું નહિ. આકરી વાત છે.

મુમુક્ષુ :– બન્ને હોય તો શું વાંધો?

ઉત્તર :– બે હોય નહિ, એક મ્યાનમાં બે રહે નહિ, એક મ્યાનમાં બે (તલવાર) રહે નહિ, એક મ્યાનમાં એક તલવાર. વીતરાગ માર્ગ બાપુ! ઝીણો છે, તને ખબર નથી. પોતાની શુદ્ધ સંપદા ચૈતન્યમૂર્તિ છે એમ જ્યાં શ્રદ્ધા થઈ એને પરદ્રવ્ય આ હોય તો મને ઠીક એવી ઇચ્છા હોય શું કરવા? આહાહા..! એય...! 'માંગીરામજી'! આ તમારા છોકરાઓને શું તમારા ભત્રીજાને બધા મોટી દુકાનો કરે છે?

બાપુ! સમ્યગ્દર્શન એટલે શું? ભાઈ! એને ખબર નથી. સમ્યક્ આત્મા શુદ્ધ ચૈતન્ય સર્વજ્ઞ પરમેશ્વરે અનંત ગુણ લક્ષ્મી સંપન્ન જોયો એની જેને શ્રદ્ધા થાય એને આ દીકરા હોય તો ઠીક, પૈસા હોય તો ઠીક, મકાન હોય તો ઠીક એવું એને અંદરમાં, રુચિમાં હોય નહિ. અસ્થિરતા જરી આવી પણ એની અસ્થિરતાની પણ ઇચ્છા નથી એમ કહે છે. સમકિતી ગૃહસ્થાશ્રમમાં હોય તો નબળાઈને લઈને ઇચ્છા હોય છે પણ એને પ્રેમ નથી, એમાં રુચિ નથી. આહાહા..! સંસારમાં હોય છે, છ ખંડનું રાજ કરતો હોય સમકિતી, અંદરમાં એને ઇચ્છાની ઇચ્છા છે નહિ. કેમકે ઇચ્છા દુઃખરૂપ છે અને દીકરાઓ ને લક્ષ્મી તો દુઃખના નિમિત્ત છે. દુઃખરૂપ ને દુઃખના નિમિત્તોની ઇચ્છા કેમ એને હોય?

મુમુક્ષુ :– સુખના નિમિત્ત હતા.

ઉત્તર :– ધૂળમાં પણ નથી, કોણે કીધું? સુખ તો અહીં છે, આત્મામાં સુખ છે. 'ઝવેરચંદભાઈ'! આ તો ઊલટી ગંગા છે. દુનિયાથી ભગવાનની ગંગા જુદી છે. આહાહા..!

ભાઈ! અહીં તો એમ કહે છે, પ્રભુ! તને આત્માની શ્રદ્ધા થઈ છે તો આત્મામાં તો અનંત શાંતિ છે, અનંત આનંદ છે, અનંત જ્ઞાન છે, અનંત વીર્ય છે. એવા સ્વરૂપની શ્રદ્ધા તને થઈ હોય તો તેને વિશેષપણે પ્રગટ કરું એવી તને ભાવના હોય કે આ જે દુઃખરૂપ ઇચ્છા એની ભાવના અને દુઃખના નિમિત્તો દીકરા આદિ એની ભાવના હોય? એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :–

ઉત્તર :– ક્યાં ધૂળમાં પણ નથી, હોળી માની બેઠો છે, હતો કે દિ' ન્યાં? એય...! 'પોપટભાઈ'! શું હશે આ? પ્રત્યક્ષ લાગે છે, કહે છે. તમારા સાળાને ચાલીશ કરોડ રૂપિયા, ફાટી જાય ને પ્યાલો? એના મામાના દીકરા થાય છે, એના સગા સાળા થાય છે. એક એક લાખની પેદાશ દિવસની. ધૂળ છે પણ એમ કહે છે. 'ઝવેરચંદભાઈ'!

બાપા! પરમેશ્વર એમ કહે છે અને એમ છે કે, ભાઈ! તારું સ્વરૂપ છે ને આત્મા

www.vitragvani.com



એમાં અનંતા આનંદની સંપદા પડી છે, ભાઈ! તને શ્રદ્ધા નથી. એવી સંપદાની જેને શ્રદ્ધા થાય એને બહારની સંપદાની ભાવના હોય નહિ. ઇચ્છા જરી હોય તોપણ એની રુચિ નથી, આવે તેમાં સુખ માનતો નથી, એમ કહે છે.

મુમુક્ષુ :– તરવાનો કલ્યાણનો આ એક જ રસ્તો હશે?

ઉત્તર :– આ એક જ છે, બીજો કોઈ નથી મરી જાય તોપણ. પાંચ, દસ લાખ ખર્ચી નાખે ને તરવાનો ઉપાય થઈ જાય કે ભક્તિ કરીને થઈ જાય, ત્રણકાળમાં થાય એવું નથી. શુભભાવ થાય. ભક્તિ, દયાનો શુભભાવ પુણ્ય (થાય), જન્મ-મરણના આરા (ટળે એવું) એમાં ન મળે. સમજાણું કાંઈ? આહાહા..!

જુઓને! નિઃકાંક્ષિતમાં શું કહ્યું? કહે છે કે, અહીં જેને શુદ્ધ સંપદાની શ્રદ્ધા થઈ છે, ભગવાન આત્મા કેવળજ્ઞાનીએ જોયું ને કહ્યું કે, બાપુ! તારા આત્મામાં અનંત આનંદ છે. એવું જેણે અંદર જોયું ને જાણ્યું ને માન્યું એને તે શુદ્ધ ચૈતન્યની સંપદાની ભાવના હોય કે આ ધૂળની ભાવના હોય? એમ કહે છે. છતાં ગૃહસ્થાશ્રમ છોડ્યો ન હોય, હોં! હોય ગૃહસ્થાશ્રમમાં (પણ) અંતરમાં ઉદાસ છે, આ નહિ, આ નહિ, આ નહિ.

'ભરત' ચક્રવર્તીને છ ખંડ હતા. ભગવાનના પુત્ર, 'ઋષભદેવ'ના પુત્ર 'ભરત'. છ ખંડ, બત્રીસ હજાર રાજા ચામર ઢાળતા અને જેને ઘરે નવ નિધાન, સોળ હજાર દેવ સેવા (કરે). હીરાના સિંહાસનમાં બેઠો દેખાય પણ જેમ મડદાને પાલીશ લાકડાથી બાળે તોપણ એ મડદાને કાંઈ નથી અને અમસ્તા લોઢા, લાકડા મોટા મુકે તોપણ કાંઈ નથી. એમ સમ્યગ્દૃષ્ટિને... હીરાના સિંહાસનમાં બેઠો છે. ના આ નહિ, આ નહિ. હું તો મારા સ્વરૂપની શ્રદ્ધામાં છું. મને આનંદ નથી સિંહાસનનો, મને આનંદ નથી સિંહાસનની ઇચ્છાનો. આહાહા..! સમજાણું કાંઈ?

જુઓ! પુત્રાદિને ચાહે નહિ. વાંજિયા મરશું, દીકરો એક હોય તો ઠીક, આ કરોડ રૂપિયા થયા કોને દેશું? સમકિતીને રાજ ચક્રવર્તીનું હોય તોપણ એ ઇચ્છા નથી. આ નહિ, આ નહિ. આહાહા..! એ મડદાને પાલીશ કરીને, લાકડાને પાલીશ કરીને રંધો મારી પાલીશ કરીને બાળે, (એને) ખુશી હશે? અને અમસ્તા મુકે છે ને આ લાકડા? ત્રણ. મડદું ઊંચું ન થાય. એક અહીં મુકે, એક અહીં મુકે, એક પગ ઉપર મુકે. એમાં નાખુશી હશે? એમ સમ્યગ્દૃષ્ટિને સંયોગોનું અપારપણું હોય તોપણ તેને લઈને ખુશી નથી, પ્રતિકૂળતાનો પાર ન હોય તો એને લઈને દુઃખી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'લોકમાં સંપદા વગેરે અને પુત્રાદિને ચાહે નહિ.'** આહાહા..! સુખ તો આત્મામાં ભાળ્યું છે. ધર્મી જીવે તો આત્મામાં સુખ છે એમ માન્યું છે, જાણ્યું છે, જોયું છે. એને પરમાં સુખ છે એવી બુદ્ધિ આવે કેમ? આહા..! એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? અને **'વળી પરલોકમાં ચક્રવર્તીપદ,...'**ની ઇચ્છા જેને નથી. અમે કાંઈક આ પુણ્ય કરીએ છીએ તો ચક્રવર્તી

www.vitragvani.com



(પદ) મળે. એ પુણ્યભાવ જ અમારા નથી, બાપુ! એ પુણ્યભાવ જ છોડવા લાયક ઝેર છે. એને વળી એના ફળ તરીકેની ઇચ્છા કેમ માને? આહાહા..! વર્તમાન શુભભાવ થાય, હોય એને એ તો ઝેર માને છે. આત્મામાં આનંદ માને છે. આનંદથી ઊલટો એ ભાવ થયો છે. એની જેને ભાવના નથી એને એના ફળ તરીકે ચક્રવર્તી આદિની ભાવના કેમ હોય?

**'નારાયણપદ (વાસુદેવપદ) અને આદિ શબ્દથી ઇન્દ્રાદિ પદને ચાહતા નથી.'** આહાહા..! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની ખાણ છે ને! બરફની શીતળ શીલા જેમ હોય, બરફની શીતળ શીલા (હોય) એમ આત્મા અરૂપી શાંત આનંદની શીલા છે. આ તો માટી છે, જડ છે. પુણ્ય-પાપના ભાવ થાય એ તો મલિન વિકાર છે. એનાથી રહિત આખું તત્ત્વ જેમ ચૈતન્યનું છે એ શીતળ શીલા જેમ પાંચ મણની બરફની હોય એમ શરીરમાં અરૂપી આનંદની શીલા આત્મા છે. આહાહા..! અતીન્દ્રિય આનંદ! એની જેને શ્રદ્ધા ને પ્રતીત ને ભાન થયું એને કહે છે કે, આ લોકની પુત્રાદિની ઇચ્છા કેમ (હોય)? ને પરલોકમાં ચક્રવર્તી આદિ ને ઇન્દ્રની ઇચ્છા કેમ હોય? 'ભોગીભાઈ'! ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :–

ઉત્તર :– સુખ માને છે, ધૂળમાં સુખ છે? લ્યો! ઠીક. એમ કહે છે કે મિથ્યાદૃષ્ટિ માને છે ને આ પૈસામાં સુખ છે, આ મોટરુંમાં સુખ છે. ચાલીશ ચાલીશ મોટી લાખ લાખની મોટરું, કેટલી મોટરું છે નહિ? ઘણી. એક તો લઈને આવ્યો હતો તમારે સાળો. કોણ હતો? 'મણીલાલ'ને? ત્યાં આવ્યો હતો. ત્યાં અમે હતા ને? 'બેલગામ' (સંવત) ૨૦૨૦ ની સાલમાં ગયા હતા ને? 'બેલગામ', ન્યાં દર્શન કરવા આવ્યો હતો. લાખ રૂપિયાની મોટર આવે છે ને? લાલ નહિ? મોટી. આવ્યા હતા, પા કલાક બેઠા હતા. 'બેલગામ' થી પચાસ માઈલ છે ને? 'ગોવા'. 'બેલગામ' ગયા હતા ને અમે? 'બાહુબલી'ની જાત્રા (કરવા ગયા હતા ત્યારે) ત્યાં આવ્યા હતા. 'શાંતિલાલ' પોતે નહોતા આવ્યા, 'મણિભાઈ' આવ્યા હતા. લાખ રૂપિયા પગાર આપે છે. વર્ષના લાખ રૂપિયા આપે છે, એના કાકાના દીકરાને. ધૂળે ધૂળ છે બધું. 'ઝવેરચંદભાઈ'!

અહીં ભગવાન કહે છે કે, જેને ધર્મ રુચ્યો છે, જેને આત્માની દૃષ્ટિની શ્રદ્ધા, જ્ઞાન ને ધર્મ રુચ્યો છે એને એ સંપદાનું કંઈ માહાત્મ્ય દેખાતું નથી. અને એ સંપદાનું જેને માહાત્મ્ય દેખાય તેને આત્માની સંપદાનું માહાત્મ્ય દેખાતું નથી, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– આ પણ હોય અને આ પણ હોય, એમ ન હોય?

ઉત્તર :– બે હોય નહિ, શેર દૂધમાં એક રૂપિયા ભાર ઝેર નાખો તો બધું ઝેર. આહા..!

અહીં તો કહે છે, નિઃકાક્ષિત એટલે? સમ્યગ્દૃષ્ટિ–આત્માની શ્રદ્ધા જેને સ્વરૂપ આત્મા વિકારથી રહિત, કર્મ અજીવથી રહિત અને પૂર્ણ આનંદના સ્વભાવથી સહિત છે એવી જ્યાં અંતર શ્રદ્ધા સમ્યગ્દૃષ્ટિ ભલે ગૃહસ્થાશ્રમમાં હો, છ ખંડના રાજમાં પડ્યો હોય કે નરકમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

હો પણ એને આત્માની સંપદાની શ્રદ્ધા ને ભાવના આગળ આ લોકની સંપદા પુત્રાદિ, પરલોકની ચક્રવર્તી આદિની સંપદાની ઇચ્છા એને હોતી નથી. આહાહા..! અને ચોથો બોલ.

**''एकान्तवाददूषितपरसमयान् अपि न आकांक्षेत्' - વસ્તુના એકાન્તસ્વભાવનું કથન કરવાને લીધે દૂષણ સહિત જે અન્યમત તેને પણ ચાહતા નથી.'** સર્વજ્ઞ પરમાત્માએ આત્મા કહ્યો, પુણ્ય-પાપ કહ્યું, અજીવ આદિ કહ્યા એમાંથી કોઈ એકાંતથી એમ માની બેસે (કે) પુણ્યથી આત્માને લાભ થાય, આત્માને પુણ્યની જરૂર પડે, આત્માને અજીવની સહાય હોય તો થાય, અજીવ પણ જીવની સહાય હોય તો કામ કરે, એવું એકાંત માનનાર જે મિથ્યાદષ્ટિ છે એના મતને તે ચાહતો નથી. સમજાણું કાંઈ? અહીં તો આપણે નવ તત્ત્વમાં જ અનેકાંત ઉતાર્યું છે. એય...! 'પંડિતજી'! અજીવતત્ત્વમાં અજીવ આવી ગયું, જીવ નથી, પુણ્ય-પાપ નથી. પુણ્ય-પાપમાં અજીવ નથી, પુણ્ય-પાપમાં આત્મા નથી, આત્મામાં પુણ્ય-પાપ નથી, પુણ્ય-પાપમાં અજીવ નથી. બસ! એવા એના સ્વભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :– એકાન્તવાદ...

ઉત્તર :– એકાન્તવાદ એટલે આ પુણ્ય પરિણામથી આત્માને લાભ થાય એ એકાન્તવાદ છે. અનેકાન્તવાદ એટલે પુણ્યથી પુણ્ય થાય, પુણ્યથી આત્મધર્મ ન થાય. ધર્મના સ્વભાવથી ધર્મ થાય, ધર્મથી પુણ્ય પરિણામ થાય નહિ. એમ અનેકાન્ત–એકમાં અનેક ધર્મ રહેલા. સ્વભાવ સ્વભાવથી છે, વિભાવથી નથી એવો અનેક ધર્મ. પુણ્ય પુણ્યથી છે, પુણ્ય પાપથી નથી ને તે આત્માથી નથી એમ અનેક ધર્મ. પાપ પાપથી છે પુણ્યથી નથી, અજીવથી નથી, આત્માથી નહિ એમ અનેક ધર્મ. 'ન્યાલભાઈ'! એ તો નાખ્યું છે ને? જીવાદિ પદાર્થોને, એમ કરીને નાખ્યું છે ને? જીવાદિ પદાર્થ. પર્યાય પણ એક પદાર્થ છે. નવ પદાર્થ છે કે નહિ? પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ પદાર્થ છે, પદાર્થ. આહાહા..! કહો! સમજાય છે આમાં? પુસ્તક-બુસ્તક લીધું છે ને? 'શાંતિભાઈ'! પુસ્તક લીધું છે? ઠીક.

**'વસ્તુના એકાન્તસ્વભાવનું કથન કરવાને લીધે...'** એકાન્તનો અર્થ એક જ ધર્મ છે એટલે કે આત્માનો સ્વભાવ જ છે અને પરથી નથી એવો બીજો ધર્મ માનતો નથી. પુણ્ય પુણ્યરૂપે જ છે ને પુણ્ય આત્માના ધર્મરૂપે નથી. એવા અનેકાંત ધર્મને માનતો નથી ને એકાંત માને છે. પુણ્ય પુણ્ય પણ છે ને પુણ્ય ધર્મ પણ છે. પુણ્ય પુણ્ય પણ છે ને પુણ્યથી ધર્મ પણ છે. સમજાય છે? પણ ધર્મ એનાથી નથી એમ અનેકાંતપણે માનતો નથી અને એકાંત માને તેની ઇચ્છા કરતો નથી.

વસ્તુના એકાન્તસ્વભાવનું કથન કરનાર એવા દૂષિત, પછી જૈન સંપ્રદાયના ભલે માણસ હો તોપણ એ અન્યમત (છે), તેને ચાહતા નથી, એ બધા અન્યમત છે. એય...! નાખ્યું છે ને? ભાઈ 'ટોડરમલ્લજી'એ. 'મોક્ષમાર્ગ પ્રકાશક'. પાંચમા અધ્યાયમાં એણે ઘણું બધું નાખ્યું છે. વાત સાચી. નીચે છે ને? નીચે જુઓ! ભાવાર્થ પછી લઈએ. નીચે છે ને બગડો? નિઃકાંક્ષ

www.vitragvani.com



સમકિતીનો બીજો બોલ.

**'નિઃકાંક્ષા = (વિષયોની-વિષયના સાધનોની અભિલાષા-આશાને કાંક્ષા કહે છે)...'** વિષયના સાધનની કાંક્ષાને અભિલાષ કહે છે, તે સમકિતને હોતી નથી. આહાહા..! વિષયોનો રાગ તો દુઃખરૂપ છે, તે દુઃખની કાંક્ષા કેમ હોય? એના સાધનો બાયડી, છોકરા ને લક્ષ્મી એ તો દુઃખના નિમિત્ત છે એની કાંક્ષા કેમ હોય? આનંદ તો આત્મામાં છે. સમ્યગ્દૃષ્ટિએ તો આનંદ આત્મામાં માન્યો છે. આહાહા..! શું કરવું? આ પાંચ-પાંચ લાખ રૂપિયા આવે છે તમારા ભત્રીજાને, 'ભુરાભાઈ'ના છોકરા. પાંચ લાખ કોટાના પેદા થાય છે, પાંચ લાખ તો બાર મહિનામાં એકલા કોટાના. 'ભુરાભાઈ'ના દીકરા 'મનસુખ ભુરાભાઈ કોઠારી'. કહો! મગજ ફાટી જાય ને!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાં પણ નથી મોઢુ, ઇ કહે છે કે, બાપા! તારું મોઢુ તો અહીં ભરાય એવું છે. આહાહા..! આનંદ તો તારામાં પડ્યો છે, ત્યાં આનંદ આવે એવો છે. બાકી બહારમાં બાચકા, ધૂવાડાના બાચકા લેવા જાઈશ તો હાથમાં નહિ આવે કાંઈ. આહાહા..! શ્રદ્ધાની ખબર નથી, એમ અહીં તો કહે છે. શું કહ્યું?

એ વિષયોની એટલે એમ કહ્યું. **'(વિષયના સાધનોની અભિલાષા આશાને કાંક્ષા કહે છે) અર્થાત્ કર્મને વશ થઈને, અંતવાળા,...'** કોણ? આ બધા લક્ષ્મી, બાયડી, છોકરા, આબરૂ બધું. કેવા છે એ? **'કર્મને વશ થઈને,...'** કર્મથી આવેલી ચીજ છે અને તે અંતવાળી, હદવાળી છે, એનો નાશ થઈ જવાનો છે અને **'ઉદયમાં દુઃખમિશ્રિત છે...'** એ કર્મના ઉદયમાં રાગ અને આ વિષયો ને સાધન **'દુઃખમિશ્રિત છે અને પાપના બીજરૂપ સુખમાં અનિત્યતાનું શ્રદ્ધાન...'** એ પાપના બીજરૂપ બધા છે, એમાં **'બીજરૂપ સુખમાં અનિત્યતાનું શ્રદ્ધાન થવું...'** એ અનિત્ય છે, એ પાપના બીજ છે, સંપદા, સ્ત્રી, કુટુંબ બધું પાપના બીજ છે, અનિત્ય છે એવું, **'શ્રદ્ધાન થવું તે નિઃકાંક્ષિત અંગ છે.'** નિત્યાનંદની ભાવના કરતા આને અનિત્ય શ્રદ્ધા કરીને તેની કાંક્ષા છોડવી તેને નિઃકાંક્ષ ગુણ કહે છે. આહાહા..! આ તો આપણે લહેર કરશું અને ધર્મ થાશે, એમ માને છે. 'ઝવેરચંદભાઈ'! ડાહ્યા માણસ છે ને! અત્યાર સુધી શું સાંભળ્યું હોય એ બધું એને ખબર હોય ને! ન્યાં તો અગ્રેસર છે. મુખ્ય. આહાહા..! ભાઈ! પરમેશ્વરનો માર્ગ, બાપા! 'કેવળી પણ્ણંત્તો ધમ્મો શરણં' બોલે ખરા સાંજ-સવાર, મંગળીકમાં આવે છે ને? અરિહંતા મંગલમ્, સિદ્ધા મંગલમ્...

કહે છે, શું કહે છે? એક તો એમ કહ્યું કે, કર્મને વશ થઈને આવેલી એ ચીજ છે. બાયડી, છોકરા આ બધું. અંતવાળી એ ચીજ છે. કારણ કે નાશ થઈ જવાની છે. બીજું, ઉદયમાં દુઃખમિશ્રિત છે. એ આવ્યું એ દુઃખમિશ્રિત છે, દુઃખ જ છે એમાં ભેગું, સુખ તો છે નહિ. અને પાપના બીજરૂપ સુખ છે એ. સુખ માન્યું છે એમાં પાપનું બીજ છે. એ

www.vitragvani.com



અનિત્યતાનું શ્રદ્ધાન. એ અનિત્ય છે, એમાં નિત્ય છે નહિ. નિત્યાનંદ આત્મામાં છે એની ભાવના આગળ આવા અનિત્ય સુખમાં, અનિત્યમાં શ્રદ્ધાનમાં કાંક્ષા કરતો નથી. સમજાણું કાંઈ? એનો ખુલાસો. ભાવાર્થ કરે છે. ભાવાર્થ છે ને? છેલ્લી બે લીટી. આહાહા...! ભાષા ઠીક કરી છે.

આત્મામાં આનંદ નિત્ય છે. અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. એને આ વિકલ્પમાં જોડી દીધો એ વિકલ્પ બધો શુભાશુભભાવ દુઃખરૂપ છે અને બહારનો સંયોગ અનિત્ય દુઃખનું બીજ છે. સમ્યગ્દષ્ટિને પોતાની અંતર આનંદની શ્રદ્ધા આગળ એવા અનિત્યના દુઃખમાં કે સુખની કલ્પનામાં ભાવના હોતી નથી. કહો! સમજાણું કાંઈ? અંદર શુભભાવમાં પણ સુખ છે એમ માને તો મિથ્યાદષ્ટિ છે, એમ કહે છે. શુભભાવ થાય ને? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ મને કલ્યાણકારી છે તો એનો અર્થ એ સુખરૂપ છે એમ માન્યું. સુખરૂપ નથી, શુભભાવ દુઃખરૂપ છે. એ દુઃખરૂપ છે અનિત્ય છે, ક્ષણિક છે છતાં તેને સુખરૂપ માને છે (તેની) દૃષ્ટિ મિથ્યાત્વવ છે. સમ્યગ્દષ્ટિ એમ માનતો નથી. કહો! સમજાણું આમાં?

મુમુક્ષુ :– બધામાં દુઃખ હોય તો સુખ શેમાં?

ઉત્તર :– સુખ આત્મામાં. કહ્યું નહિ? આ વાત કરી નહિ? આત્મા આનંદની ખાણ છે, આનંદની શીલા છે. કોઈ દિ' ક્યાં.. ઓળખી છે કે દિ' એણે? અરૂપી આનંદ શીલાનું ધામ છે આત્મા. શરીર પ્રમાણે ભિન્ન અરૂપી પણ પદાર્થ છે. અરૂપી પણ પદાર્થ છે, અરૂપી વસ્તુ છે, એ વસ્તુમાં અતીન્દ્રિય આનંદ ઠાસોઠાસ ભર્યો છે. જેમ બરફની શીલામાં શીતળતા ખૂણેખાંચરે ચારેકોર ભરી છે. એમ ભગવાન આત્મા... એણે સાંભળ્યું છે કે દિ'? એને ખબર કે દિ' છે? આ દેહ છે આ તો માટી, ધૂળ છે, રજકણ છે. કર્મના રજકણ જુદા છે અંદર, ધૂળ આઠ કર્મ. પુણ્ય-પાપના ભાવ થાય એ તો આસ્રવ તત્ત્વ મેલા છે. એના વિનાની આખી ચીજ જે છે એ નિત્યાનંદ પ્રભુ છે. આત્મા નિત્ય કાયમી આનંદમૂર્તિ છે. એવી જેને સમ્યક્ શ્રદ્ધા, સમ્યગ્દર્શન થવું એને બાહ્યમાં સુખની કલ્પના, સુખ છે એવું કદી હોતું નથી. આહાહા..! છતાં સમ્યગ્દષ્ટિ ચક્રવર્તીને છન્નુ હજાર સ્ત્રી હોય, ભોગની, વાસનાની વૃત્તિ ઉઠે પણ એને સુખરૂપ માનતો નથી, ઉપસર્ગ માને છે. સમજાણું કાંઈ? કાળો નાગ જેમ દેખીને ભાગે છે ને એમ સમ્યગ્દષ્ટિને જરી વિષયની વાસના આવે, ભોગમાં જોડાય એમ દેખાય પણ એને કાળો નાગ માને છે. આહાહા..! ભાગવા માગે છે ન્યાંથી પણ પુરુષાર્થની નબળાઈને લઈને એને રાગ આવે છે. જાણે છે કે અરે..રે..! આ દુઃખરૂપ છે, આ દુઃખરૂપ છે, સુખ તો મારામાં છે, આમાં સુખ છે નહિ.

આત્મા કેવો છે? શું છે? એની વાતનો એણે ખ્યાલ જ કર્યો નથી. આત્મા એટલે એક વસ્તુ છે. પણ એમાં આ રજકણોમાં પણ કાંઈ શક્તિ છે, સ્વભાવ છે તો એની કોઈ શક્તિ સ્વભાવ છે કે નહિ કાંઈ? તો એ ભગવાન આત્માની શક્તિ આનંદ શક્તિ છે, આનંદ

www.vitragvani.com



એનો સ્વભાવ છે, જ્ઞાન એનું રૂપ છે, શાંતિ એનો કસ છે, શાંતિ એનું સત્ત્વ છે. શાંતિ ચારિત્ર એવા અનંત ગુણનો પિંડ પ્રભુ, એની જેને અંતર આત્માની દૃષ્ટિ સમ્યક્ થઈ એને કહે છે બહારના પુત્રાદિમાં ઇચ્છા કેમ હોય? આમાં સુખ છે (એમ કેમ હોય?) અહીં સુખ છે એ બહાર સુખ કેમ માને? અસ્થિરતાની વૃત્તિ આવી જાય, દેખાય ભોગમાં ઊભો, સમકિતી લડાઈમાં ઊભો દેખાય પણ એને દુઃખ લાગે છે. સમજાણું કાંઈ? એમાં સુખ માનતો નથી. આહાહા..!

રાજકુમાર હોય, સમકિતી હોય, આત્માનું જ્ઞાન, શ્રદ્ધા (હોય). રાજ (ઉપર) ચડાઈ (આવે તો) લડાઈમાં જાતો દેખાય, આમ હાથમાં હથિયાર (પણ હોય), પણ એ માને છે કે, આ બધી જડની ક્રિયા છે. મારામાં આ ભાવ થયો એ દુઃખરૂપ છે. મારી ચીજમાં એ છે નહિ, એવી જેને વિવેકદશા તે કાળે પણ વર્તતી હોય છે. નવે નવ તત્ત્વ છે એને ભિન્ન ભિન્ન જાણ્યા છે, માન્યા છે, તે વખતે ભિન્ન ભિન્ન જાણે છે. પાપભાવને પાપ તરીકે સ્વીકારે છે, મારું સ્વરૂપ નહિ, સ્વરૂપમાં આનંદ છે તેમાં આ નથી. એવો વિવેક તો લડાઈના કાળમાં પણ સમકિતીને હોય છે. આહાહા..!

'પ્રભુનો મારગ છે શૂરાનો, કાયરના નહિ કામ' લોકો કહે છે ને? 'હરીનો રે માર્ગ છે શૂરાનો' એ હરી એટલે આત્મા, બીજો કોઈ હરી કર્તા, બર્તા નથી. પ્રભુ માર્ગ આત્માનો (શૂરાનો છે), કાયરના નહિ કામ. બાપુ! જેને આત્મામાં આનંદની પ્રતીત થઈ છે એવા સમ્યગ્દૃષ્ટિને બહારના સુખનું અનિત્યપણું ભાસે છે, એમાં સુખપણું કેમ ભાસે? નિત્યપણે ભગવાન આત્મામાં સુખ ભાસ્યું એને પરમાં સુખ કેમ ભાસે? એટલે સુખની આશા પરમાં કરતો નથી.

**ભાવાર્થ :– 'નિઃકાંક્ષિત નામ વાંચ્છા રહિતનું છે. કારણ કે આ લોકસંબંધી પુણ્યના ફળને ચાહતા નથી...'** દેખો! ભાવાર્થ. ધર્મી જીવ આ લોકસંબંધી પુણ્યના ફળને ચાહતો નથી. આ છોકરા સારા થયા, એકે એક પચાસ પચાસ લાખના આસામી થઈ ગયા, આઠ છોકરામાં આ થયું, ચાર કરોડ રૂપિયા થયા બહુ સારું (થયું) એ સમકિતી ઇચ્છતો નથી. એમાંથી ખુશી થતો નથી. આહાહા..! ભારે ભાઈ! કહો! 'કામદાર'!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ એમાં સુખ નથી એમ અહીં કહે છે. તમારે તો રૂપિયા આવી ગયા છે, એમ કહે છે. પણ રૂપિયા કે દિ' આત્માના હતા? એ તો ઇ કહે છે અહીં. આહા..! રૂપિયો એ અજીવ છે કે જીવ?

મુમુક્ષુ :– ભલે અજીવ હો.

ઉત્તર :– પણ અજીવ છે એ જીવમાં નથી એટલે અજીવને લઈને જીવને સુખ નથી અને અજીવને લઈને દુઃખ પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'નિઃકાંક્ષિત નામ વાંચ્છા રહિતનું છે. કારણ કે આ લોક સંબંધી પુણ્યના ફળને ચાહતા નથી તેથી સમ્યક્ત્વી પુણ્યના ફળરૂપ ઇન્દ્રિયના વિષયોને આકુળતાના નિમિત્ત હોવાથી...'** આહાહા..! એ બધા પૈસા, રાજ, ઇન્દ્રના પદો. સમકિતી ત્યાં છે, ઇન્દ્ર સમકિતી છે પણ એ બધા પદને દુઃખનું કારણ જાણે છે. આહાહા..! એ આકુળતાના નિમિત્ત હોવાથી દુઃખરૂપ જ છે. જુઓ! પેલીકોર આવી લીટી. **'પુણ્યના ફળરૂપ ઇન્દ્રિયના વિષયોને...'** શબ્દ, રૂપ, રંગ, ગંધ ને સ્પર્શના આમ ઢગલા હોય પણ એ બધા પુણ્યના ફળ એ પુણ્ય જ પોતે ઝેરરૂપ હતું એના ફળ આ છે. એની ઇચ્છા સમકિતીને આત્માની આનંદની દૃષ્ટિ આગળ એની ઇચ્છા દુઃખના નિમિત્તની હોતી નથી. **'દુઃખરૂપ જ માને છે.'** લ્યો! એ વિષયના ફળને ને વિષયને દુઃખરૂપ જ માને છે.

**'વળી અન્યમતી નાના પ્રકારની એકાન્તરૂપ કલ્પના કરે છે તેને ભલા જાણી ચાહતા નથી.'** અજ્ઞાની વીતરાગમાર્ગથી વિરુદ્ધ એકાંતને માનનારા છે. આત્મા આત્માનું કરે, આત્મા જડનું પણ કરે. જડ જડનું કરે, જડ આત્માને પણ કાંઈ મદદ કરે, એમ માનનારા એકાંત મતવાળા જૈનમાં હો તોપણ એ જૈન નથી. સમજાય છે કાંઈ? નિઃકાંક્ષિત અંગ કહ્યું, લ્યો! **'અન્યમતિ નાના પ્રકારની એકાન્તરૂપ કલ્પના કરે છે...'** એકાન્તી એટલે કે આત્માનો આનંદ છે એ પરથી પણ થાય, પરમાં પણ સુખ છે, પુણ્યમાં પણ સુખ છે, આત્મામાં પણ સુખ છે, પાપમાં પણ સુખ છે, આત્મામાં પણ સુખ છે, જડમાં પણ સુખ છે, આત્મામાં પણ સુખ છે એમ અજ્ઞાનીઓ માને તે એકાન્તમત છે. એને આત્મામાં આનંદ છે ને બીજામાં નથી, બીજામાં દુઃખ છે ને એમાં આનંદ નથી એવું એ માનતા નથી તેથી બધા અન્યમતિની માનતા નથી. એ અન્યમતિની માન્યતાને ચાહતો નથી. સમ્યગ્દૃષ્ટિ તેની ઇચ્છા કરતો નથી. કહો!

બે અંક કહ્યા–એક નિઃશંક, નિઃકાંક્ષિત. નિઃશંક અસ્તિથી છે, નિઃકાંક્ષિત નાસ્તિથી છે. શું કીધું? શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા–સમ્યગ્દર્શન થયું એને પૂર્ણ સ્વરૂપમાં જેને શંકા નથી હવે અને નિઃકાંક્ષ એટલે પરવસ્તુની જેને ઇચ્છા નથી. કેમકે પરવસ્તુ એનામાં નથી. સમકિતના આઠ લક્ષણો માંહ્યલા બે લક્ષણ કહ્યા. અસ્તિથી શુદ્ધ ચૈતન્યની જેને શ્રદ્ધા થઈ છે એને પરમાં સુખ છે એવી ઇચ્છા નથી અથવા પોતાના અપૂર્ણતા છે, પોતામાં સુખ નથી એવી એને શંકા થતી નથી. નિઃશંક સ્વરૂપમાં છે અને પરમાં દુઃખ છે, પરવસ્તુ એનામાં નથી તેથી પરની કાંક્ષા નથી. જે પોતામાં નથી તેની કાંક્ષા કેમ કરે? અને જે પોતાની છે તેને છોડીને પરની ઇચ્છા કેમ કરે? એટલે નિઃશંક અને નિઃકાંક્ષિત એવા બે ધર્મીના ચોથા ગુણસ્થાનમાં, ગૃહસ્થાશ્રમમાં રહ્યો હોય તોપણ તેને આ બે ગુણ ને લક્ષણ હોય છે અને આ ગુણ ન હોય તો તો એ સમ્યગ્દૃષ્ટિ છે નહિ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



## પ્રવચન નં. ૨૪ ગાથા–૨૫ થી ૨૬ રવિવાર, પોષ સુદ ૧૧, તા. ૨૨-૦૧-૧૯૬૭

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે, 'અમૃતચંદ્રાચાર્ય' કૃત. સમકિતીના આઠ લક્ષણોનું વર્ણન છે. સમકિતી કોને કહીએ? ધર્મી–શરૂઆતનો પહેલો ધર્મી કોને કહીએ? આ આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મા છે, એ આનંદ સ્વરૂપ આત્મા છે. એવી જેને અંતરમાં સ્વરૂપના ભાન સહિતની નિઃશંક શ્રદ્ધા થાય. આત્મામાં આનંદ છે, આત્મામાં શાંતિ છે, આત્મામાં જ્ઞાન છે, આત્મામાં પૂર્ણ વીર્ય આદિ ભરેલું છે. એવા પૂર્ણ આત્માના સ્વભાવની અંતર સન્મુખ થઈને અંતર પ્રતીતિ શ્રદ્ધા, જ્ઞાન થવા તેને પ્રથમ ધર્મની સમ્યગ્દશા કહે છે. સમજાણું કાંઈ?

એને નિઃશંકતા એવી હોય છે, કે આનંદ ને શાંતિ મારામાં જ છે. એવી એને સમ્યગ્દષ્ટિને ધર્મના પહેલા દરજ્જાવંતને એવી નિઃશંકતા થાય છે કે શાંતિ એટલે ચારિત્ર–વીતરાગતા, આનંદ એટલે આહ્‌લાદ્ અતીન્દ્રિય સુખ, એ મારા સ્વરૂપમાં જ છે એવી એને નિઃશંકતા સમકિતના પહેલા લક્ષણની આચરણ દશા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? બીજો નિઃકાંક્ષિતા. કાલે બે વંચાય ગયા છે. આ તો આજે ત્રીજો બોલ લેવો છે.

ધર્મીને પોતાના આત્માના સ્વરૂપમાં આનંદ ને શાંતિ ભાસી છે, પ્રતીત કરી છે, ઓળખાણ કરી છે એથી એને ઇન્દ્રિયના વિષયો, એના સાધનો જે અનિત્ય છે કર્મજન્ય ઉપાધિ છે, દુઃખ મિશ્રિત દશા, દુઃખ જે છે વિષય આદિનું, એના વિષયની આકાંક્ષાનો ભાવ, એમાં સુખબુદ્ધિ છે એવો ભાવ સમ્યગ્દષ્ટિ ધર્મીને હોતો નથી. 'ઝવેરચંદભાઈ'! આ બહુ ઝીણું છે.

સમ્યગ્દષ્ટિને આત્મા સિવાય ક્યાંય પૈસા, લક્ષ્મી, આબરૂ, કીર્તિ, શરીર, સ્ત્રી એમાં ક્યાંય સુખ ભાસતું નથી. કેમકે એમાં સુખ છે નહિ. સમજાય છે કાંઈ? આત્મામાં થતાં પુણ્ય ને પાપભાવ, એમાં પણ સુખ નથી એવી સમ્યગ્દષ્ટિને ભાવના હોય છે. કહો! સમજાણું આમાં? સમ્યગ્દષ્ટિ પ્રથમ ધર્મીની પહેલી દશા. શ્રાવકના વ્રતો તો સમ્યગ્દર્શન પછી હોય. સમ્યગ્દર્શન ન હોય ત્યાં શ્રાવકપણું કે વ્રતપણું સાચું હોઈ શકે નહિ. ખોટા કાલ્પનીક માને એ સ્વતંત્ર છે. સમજાણું કાંઈ?

આત્માના આનંદ ને શાંતિનો દેખાવ સમકિતીને પ્રત્યક્ષ, પ્રતીતમાં આવ્યો છે કે, મારું સ્વરૂપ જ આનંદ ને શાંતિ છે. એથી એને આનંદ ને શાંતિ, પુણ્ય-પાપના ભાવ એના બંધન અને એના ફળો એમાં ક્યાંય શાંતિ, સુખ સમકિતીને ભાસતું નથી. 'મંગળદાસભાઈ'! એ સમકિતીનું બીજું લક્ષણ અને એનો બીજો આચાર કહેવામાં આવે છે.

સમ્યગ્દષ્ટિને એવો નિર્ણય અંતરમાં થઈ ગયો છે, કે આત્મા તે સુખ ને શાંતિનો સાગર છે. આહાહા..! એવા સમ્યગ્દષ્ટિ જીવને શ્રાવકપણું કે મુનિપણું થયા પહેલાં, એવા સમ્યગ્દર્શન ને જ્ઞાન પછી સ્વરૂપમાં સ્થિરતાનો અંશે જમવટ જામે તેને શ્રાવક કહીએ અને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ખૂબ જમવટ આનંદની, સ્થિરતાની લહેર પ્રચુર સ્વસંવેદન આનંદનો વેદે તેને સાધુ કહીએ. સમજાય છે કાંઈ?

કહે છે કે, ધર્મીને નિજ સ્વરૂપમાં નિઃશંકતા છે કે આનંદ ને સુખ ને જ્ઞાયકભાવ પૂર્ણ તે હું છું. એને પર તરફના સુખબુદ્ધિની ઇચ્છા નથી. આ બાજુની નિઃશંકતા છે, આ બાજુના આત્માના આનંદ સિવાયના કોઈ પદાર્થમાં તેને કાંક્ષા છે નહિ. સમજાય છે કાંઈ? 'હિંમતભાઈ'! આ તો લોકો કહી, બને છે, માણસ પોતાની કલ્પનાથી માને કે, અમે આ ધર્મી છીએ ને અમે આ સમકિતી છીએ, આ શ્રાવક થઈ ગયા. એ.. 'ન્યાલભાઈ'! એ તો કાલે ભાઈએ કહ્યું હતું. દાન મોટા આપે પછી પૂંછડા વળગાડી દે, ધર્મધુરંધર! એ તો એને અનુભવ થઈ ગયો. આ એમ નથી. બાપુ! ભાઈ! દાનમાં પણ જે કાંઈ પૈસાની લક્ષ્મીમાં રાગ મંદ કરીને દીધા હોય, ધર્મ પ્રભાવનામાં કે (બીજામાં) તો એને એ જાતનો શુભભાવ હોય છે, શુભભાવ. માન માટે દીધું હોય તો એને શુભ પણ નથી, તેને પાપભાવ છે.

મુમુક્ષુ :– પૈસા પણ જાય અને પાપ થાય.

ઉત્તર :– પૈસા ક્યાં એના હતા? પૈસા એના કે દિ' હતા? એ તો જડના છે. 'ન્યાલભાઈ'! પૈસા તો જડના છે. એ તો જડ જવાના હતા તે ગયા છે, આત્માના રાગની મંદતા કરી માટે તે ગયા છે એમ નથી. આહાહા..! એ લક્ષ્મી તો જડતત્ત્વ છે રજકણો, એ પુદ્ગલ છે, એ પુદ્ગલનું એક ક્ષેત્રાંતરથી બીજે ક્ષેત્રાંતરે જવું એ પોતાની સ્વતંત્ર કારણ ને ક્રિયાથી જાય છે. આત્માએ રાગ મંદ કર્યો દયા, દાનમાં ભાઈ! લાખ રૂપિયા, પાંચ લાખ દઉં છું. એ રાગ મંદ કર્યો હોય, પાપ માટે નહિ, અભિમાન માટે નહિ તો મંદ ભાવ એણે કર્યો પણ એ કારણે લક્ષ્મી ગણી દ્યે અને બીજા પાસે જાય એ ક્રિયા મંદ કષાયનું એ કાર્ય નથી. આહાહા..! ભારે વાત. એ કાર્ય તો સ્વતંત્ર જડનું તે કાળે થવાનું હોય તો થાય છે. એ વાત જૈન દર્શનની વાત બહુ ઝીણી છે, ભાઈ! હેં!

પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ પરમાત્માએ તો આ નવ તત્ત્વ કહ્યા છે. એ પૈસો, નોટ, લક્ષ્મી, સોનું એ તો અજીવ તત્ત્વ છે. તો અજીવતત્ત્વના દ્રવ્યપણે અજીવ, એની શક્તિપણે અજીવ, એની ક્રિયા અવસ્થા થાય તે બધી અજીવની ક્રિયા છે.

મુમુક્ષુ :– જીવ હોય તો થાય ને.

ઉત્તર :– એ જીવ વિના થાય, એ કહે છે અહીં ભગવાન. એ જડમાં ક્ષેત્રાંતર થવાનું, જવાનું એનામાં ક્રિયાવતી નામનો ગુણ છે જડમાં. આત્મા એને આમ દઈ શકે કે લઈ શકે એ આત્મામાં નથી ને એનામાં પણ નથી એમ કહે છે. તત્ત્વની ખબર ક્યાં છે? અજીવતત્ત્વ કોને કહેવું? અજીવતત્ત્વ રજકણો બધા તે અજીવતત્ત્વ છે. એક એક રજકણમાં અનંતા ગુણ–શક્તિ પડી છે. એ એક એક અનંત શક્તિથી એક એક સમયની અવસ્થા તેના ગુણને કારણે પરમાણુમાં થઈ રહી છે. આત્મા એની ક્રિયા કરે એમ માને તો એ અજીવને જીવ

www.vitragvani.com



માને છે. આહાહા..! સમજાણું કાંઈ? એને જીવ અને અજીવની ભિન્નતાના તત્ત્વાર્થની શ્રદ્ધાનો અભાવ છે. સમજાણું કાંઈ? 'વલ્લભદાસભાઈ'! ભારે વાત, ભાઈ!

બાપુ! પરમાત્મા છ દ્રવ્ય કહે છે. જીવ, પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ. પરમાત્માએ કેવળજ્ઞાનીએ છ દ્રવ્ય-વસ્તુ જોઈ છે. છ જાતિએ, સંખ્યાએ આત્મા અનંત, પરમાણુ અનંત. આ રજકણો અનંત છે. આ બધું રજકણ, આ માટી દેખાય એ અનંત અજીવતત્ત્વો છે. એને ભગવાને અજીવતત્ત્વમાં એક એક રજકણમાં અનંતા ગુણ ને શક્તિ એની જડની જોઈ છે અને એની એક એક સમયે એની અવસ્થા પલટી થાય (એ) જડમાં જડને કારણે થાય એમ ભગવાને પર્યાયધર્મ એનો જોયો છે. એને એમ ન માને ને એની અવસ્થા હું કરું છું એમ માને એને અતત્ત્વ શ્રદ્ધા છે, તત્ત્વાર્થશ્રદ્ધાનની સાચી શ્રદ્ધા નથી. સમજાણું કાંઈ? ૨૫ મિથ્યાત્વમાં આવે છે, અજીવને જીવ માને તો મિથ્યાત્વ, ઘડીયો બોલે. અજીવને જીવ માને તો મિથ્યા, જીવને અજીવ માને તો મિથ્યાત્વ. પણ કોને કહેવું અજીવ ને કોને કહેવો જીવ? ભગવાન જાણે. ભગવાન તો જાણે જ છે ને.

અહીં ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા કહે છે, નવ તત્ત્વની અંદર એક અજીવતત્ત્વ છે એ અનંતા પરમાણુ અજીવતત્ત્વ છે અને ચાર બીજા છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ. ભગવાને છ દ્રવ્ય જોયા છે. એમાં એક જીવતત્ત્વ છે ને બાકી અજીવતત્ત્વ પાંચ છે. એ પાંચેય અજીવતત્ત્વ પોતાને કારણે દ્રવ્ય, ગુણ, પર્યાયને કારણે ટકી ને બદલી રહ્યા છે, બીજાને કારણે તેમાં ટકવું ને બદલવું થાય એ ત્રણકાળમાં બનતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

જડમાં અનંતી શક્તિ છે, ક્યાં લોકોને (ખબર છે)? ભગવાને એક પરમાણુ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં નીચે સાતમી નરકે હોય તો ઉપર ચાલ્યો જાય એક સમયમાં એવી એનામાં શક્તિ છે. જીવની પ્રેરણા વિના, પવનની પ્રેરણા વિના, બીજાની સહાય વિના, એક એક રજકણ પોઈન્ટ જે છે, આ તો ઘણા રજકણનું દળ છે, આ તો સ્કંધ, સ્કંધ છે, છેલ્લો પોઈન્ટ જે છે એનામાં એટલી તાકાત છે, કે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં સાતમી નરકને નીચે હોય તો સિદ્ધ સુધી ચાલ્યો જાય એવી એની ગતિ કરવાની શક્તિ છે. લોકોને જડમાં શક્તિ (છે એની ખબર નથી). તો તત્ત્વ શેનું એ? શક્તિ ન હોય તો તત્ત્વ શેનું? સમજાય છે કાંઈ?

અજીવ પદાર્થ છે અને એનું તત્ત્વ એનો સ્વભાવ, ગુણ-શક્તિ એનું તત્ત્વ છે. એના તત્ત્વની પર્યાય થવી, એના તત્ત્વમાં ફેરફાર થવો એ જડને કારણે છે. જીવ એમ માને કે મારે કારણે આમાં થાય છે તો એને અજીવને જીવ માનવાનું મિથ્યાદૃષ્ટિપણું લાગે છે. 'ઝવેરચંદભાઈ'! આ બીજી જાતની (વાતું) છે, અત્યાર સુધી સાંભળ્યું હશે ઇ કરતાં. એય...! આહાહા..!

www.vitragvani.com



બાપુ! પરમેશ્વર કેવળજ્ઞાનીએ નવ તત્ત્વ કહ્યા છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ. તો અજીવતત્ત્વ છે અને અજીવમાં અનંતા તત્ત્વો છે. એ અજીવ અનંત દ્રવ્ય છે. દરેક દ્રવ્ય દ્રવે છે, દ્રવે. દ્રવવું એટલે પાણી જેમ પાણીપણે રહીને તરંગો ઉછળે છે એમ એક એક રજકણમાં કાયમ પોતે પદાર્થ રહીને એમાં અવસ્થાનું દ્રવવું પલટવું થાય છે, એ એના કારણથી, આત્માને કારણે નહિ.

ઈશ્વર જગતનો કર્તા છે એમ માનનારાને જેમ ખોટી શ્રદ્ધા છે એમ આ જડ એ જગતના તત્ત્વો છે એની ક્રિયા હું કરું છું એમ માનનારા ઈશ્વરના કર્તા માનનારા જેવા છે. એય...! 'ન્યાલભાઈ'! પેલા કહે, જગતનો કર્તા ઈશ્વર. કર્તા કોઈ હોઈ શકે નહિ. વસ્તુ અનાદિ સ્વતઃસિદ્ધ છે, કર્તા-ફર્તા કોઈ છે નહિ. એને એ કર્તા માને તે જેમ મિથ્યા ને જૂઠું છે એમ આ રજકણ પૈસાની લક્ષ્મી ને આબરૂ એ નોટુ, સોના, રૂપા, આ શરીર આ આમ આમ થાય છે એ ક્રિયા આત્મા કરે છે એમ માને તો ઈશ્વર જગતને કરે છે, આ આત્મા પરને કરે બેય એક જ માન્યતા મિથ્યાદૃષ્ટિની થઈ. જૈનની શ્રદ્ધાની એને ખબર નથી. 'શશીભાઈ'! સમજાણું કાંઈ?

ભાઈ! શ્રદ્ધા સમજવી અને અનંત કાળે શ્રદ્ધા (પલટી નથી). આ તો સ્થૂળ વાત છે. જડ જડપણે છે તેના દ્રવ્ય, ગુણ, પર્યાયપણે (છે). દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે એની શક્તિ, પર્યાય એટલે હાલત–વર્તમાન થતી દશા, એ જડ જડપણે છે, તારે કારણે નહિ. આત્મામાં તેના લક્ષથી કાંઈ રાગ મંદ કર્યો હોય, શુભરાગ કર્યો હોય તો તે પુણ્યતત્ત્વ છે. પેલું અજીવતત્ત્વ છે, આ પુણ્યતત્ત્વ છે. રાગ મંદ કરીને દેવાનો ભાવ કર્યો હોય તો. એ પુણ્યતત્ત્વ છે એને ધર્મતત્ત્વ માને ને એનાથી મને કલ્યાણ માને તો એણે પુણ્યતત્ત્વને આત્માતત્ત્વમાં ખતવી નાખ્યું, સંવરતત્ત્વમાં ખતવી નાખ્યું. માટે તેને મિથ્યાદૃષ્ટિ ને મિથ્યા તત્ત્વ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન શું કહે છે એની ખબરું ન મળે અને ધર્મ અમે કરીએ છીએ, ક્યાંથી ધર્મ આવ્યો? સમજાણું કાંઈ?

પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન પ્રત્યક્ષ થઈ ગયું. અનંત કાળથી સર્વજ્ઞો થતાં આવે છે કાંઈ નવા નથી. આ અનંત કાળથી થતાં આવે છે. સર્વજ્ઞ... સર્વજ્ઞ... સર્વજ્ઞ... અત્યારે પરમાત્મા બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાન અને લાખો કેવળીઓ તીર્થંકરપણે વીસ ને કેવળીપણે લાખો છે. મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યપણે વર્તમાન બિરાજમાન છે. એ કેવળજ્ઞાની પરમાત્માએ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા એમાં અજીવતત્ત્વને અજીવતત્ત્વ સ્વતંત્ર તરીકે જોયું છે. કહો! સમજાણું? એમાં કાંઈ રાગની મંદતા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ થાય તો તેને ભગવાને પુણ્યતત્ત્વ કહ્યું છે, એ ધર્મ નહિ, એ રાગભાગ છે.

મુમુક્ષુ :– ધર્મનું કારણ છે.

ઉત્તર :– બિલકુલ નહિ. ધર્મનું કારણ-ફારણ રાગ હોઈ શકે નહિ.

મુમુક્ષુ :– ભવિષ્યમાં (કારણ થાય)

ઉત્તર :– બિલકુલ નહિ. ચૈતન્યમૂર્તિ આનંદ પુણ્ય, પાપના રાગ વિનાની ચીજ (છે) એની અંતરની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા કરવી તે એક જ ધર્મ છે, બીજો કોઈ ધર્મ હોઈ શકે નહિ. વીતરાગમાર્ગમાં ધર્મ એને કહે છે. અન્યમાં તો ધર્મ છે નહિ, અન્યમતમાં એ ધર્મ ત્રણકાળમાં હોઈ શકે નહિ. જેના મતમાં સર્વજ્ઞ નથી એણે જગતના તત્ત્વો પૂરા જોયા નથી અને પૂરા જોયા વિના કલ્પનાથી વાતું કરે તે તત્ત્વ સાચા હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? બે બોલ થઈ ગયા. આ તો બે બોલ થઈ ગયા એની વાત ચાલી હોં! આટલી. સમ્યગ્દૃષ્ટિને નિઃશંકતા હોય છે અને નિઃકાંક્ષિત હોય છે, બે. આ બાજુના સ્વભાવની શુદ્ધતા અને પરિપૂર્ણતાની નિઃશંકતા હોય છે અને આત્મા સિવાય પુણ્ય આદિ કે બહાર સંયોગની કાંક્ષા એને દુઃખરૂપ છે માટે તેની કાંક્ષા, ઇચ્છા હોતી નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :–

ઉત્તર :– બોજો ક્યાં છે, હળવો છે એ તો. 'શ્રેણીક' રાજા. કંઈ બાહ્ય ત્યાગ થયો નથી પણ એક સમ્યગ્દર્શન, અનુભવ પ્રતીતમાં ભાન કર્યું છે. તીર્થંકર ગોત્ર (બાંધ્યું છે), નરકમાં જાવું પડ્યું, નરકનું આયુષ્ય બંધાયેલું, પહેલું નરકનું આયુષ્ય બંધાયેલું એટલે નરકના આયુષ્યની સ્થિતિ ઘટાડી ઓછી થઈ, અભાવ ન થાય. એટલે એને પહેલી નરકમાં અત્યારે ચોરાશી હજાર વર્ષની સ્થિતિએ 'શ્રેણીક' રાજા છે. પણ સમ્યક્ આત્માની દૃષ્ટિનો અનુભવ કરેલો એથી એને અનંત સંસાર છૂટી ગયો છે. નરકની સ્થિતિ પણ ઘણી બાંધી હતી એ થોડી કરી નાખી છે અને પછી ભગવાનના સમીપમાં કોઈ શુભ વિકલ્પ આવેલો એમાં તીર્થંકર ગોત્ર બંધાણું છે. એ અત્યારે પહેલી નરકમાં ચોરાશી હજાર વર્ષની સ્થિતિએ છે. ત્યાંથી નીકળીને આવતી ચોવીશમાં પહેલા તીર્થંકર જગતગુરુ સો ઇન્દ્રના પૂજનીક તીર્થંકર થશે. એ સમ્યગ્દર્શનનો પ્રતાપ છે, એવી સમ્યગ્દર્શન ચીજ છે. સમજાણું કાંઈ?

એ સમ્યક્... કાલે કહ્યું હતુંને ભાઈને? 'રત્નકરંડ શ્રાવકાચાર', એક સમ્યગ્દર્શન વિના આત્માના નિર્વિકલ્પ શુદ્ધ શ્રદ્ધાના ભાન વિના જેટલા વ્રત, તપ, દયા, દાન, પૂજા, ભક્તિ, દાન (કરે) એ બધા પથરા જેવો ભાર છે. 'રત્નકરંડ શ્રાવકાચાર'માં કહ્યું છે. બોજો છે બધો બોજો. આત્માના સમ્યગ્દર્શનના ભાન પછી કંઈ પણ કષાય આદિની મંદતાના પરિણામ હો કે સ્થિરતાની દશા હો તેને સ્થિરતાની દશા હોય તેને મણી રત્ન કહેવાય છે, કષાયની મંદતાના પરિણામ વ્રત આદિના આત્માના અનુભવ સહિત હોય તો તેને પુણ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બે બોલ થયા, નિઃશંકતા ને નિઃકાંક્ષિતા. આજે ત્રીજો બોલ છે. નિર્વિચિકિત્સા અંગ, ૨૫મી ગાથા. ત્રીજો બોલ, સમ્યગ્દૃષ્ટિનો ત્રીજો આચાર, ત્રીજું લક્ષણ. ૩૨ પાને.

www.vitragvani.com



## ગાથા–૨૫

### ૩ - [૧]નિર્વિચિકિત્સા અંગ

**क्षुत्तृष्णाशीतोष्णप्रभृतिषु नानाविधेषु भावेषु।**
**द्रव्येषु पुरीषादिषु विचिकित्सा नैव करणीया।।२५।।**

**અન્વયાર્થ :– [ क्षुत्तृष्णाशीतोष्णप्रभृतिषु ] ભૂખ, તરસ, ઠંડી, ગરમી વગેરે [ नानाविधेषु ] નાના પ્રકારના [ भावेषु ] ભાવોમાં અને [ पुरीषादिषु ] વિષ્ટા આદિ [ द्रव्येषु ] પદાર્થોમાં [ विचिकित्सा ] ગ્લાનિ [ नैव ] ન [ करणीया ] કરવી જોઈએ.**

**ટીકા :– ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ વગેરે નાના પ્રકારના દુઃખદાયક પર્યાયો અને અપવિત્ર વિષ્ટા આદિ પદાર્થોમાં ગ્લાનિ ન કરવી.**

**ભાવાર્થ :– વિચિકિત્સા નામ અણગમાનું છે, અથવા ગ્લાનિનું છે. તેનાથી રહિત તે નિર્વિચિકિત્સા. પાપના ઉદયથી દુઃખદાયક ભાવનો સંયોગ થતાં ઉદ્વેગરૂપ ન થવું, કારણ કે ઉદયાધીન કાર્ય પોતાને વશ નથી. એ દુઃખથી અમૂર્તિક આત્માનો ઘાત પણ નથી. વળી વિષ્ટાદિ નિંદ્ય વસ્તુમાં ગ્લાનિરૂપ ન થવું કારણ કે વસ્તુનો એવો જ સ્વભાવ છે. એમાં આત્માને શું? અથવા જે શરીરમાં આ આત્મા વસે છે તેમાં તો બધી જ વસ્તુ નિંદ્ય છે. ૨૫.**

---

**क्षुत्तृष्णाशीतोष्णप्रभृतिषु नानाविधेषु भावेषु।**
**द्रव्येषु पुरीषादिषु विचिकित्सा नैव करणीया।।२५।।**

આમાં શું કહ્યું? ત્રીજામાં શું કહે છે? પહેલામાં એમ કહ્યું, શુદ્ધ સ્વભાવની શ્રદ્ધાનું ભાન નિઃશંક થઈ ગયું છે એને શંકા હોતી નથી. પરની આકાંક્ષા હોતી નથી. આમાં કહે છે કે, પરમાં એને દ્વેષ હોતો નથી. પહેલો રાગ આવ્યો, આ દ્વેષ (કહે છે). ધર્મીને પરપદાર્થમાં ગ્લાની, અણગમો, દ્વેષ એવું હોતું નથી. કારણ કે, આત્મા સિવાય પરપદાર્થ અનેક પ્રકારના હોય છે, કેવા છે? જુઓ!

---

૧. નિર્વિચિકિત્સા અંગ = રત્નત્રય અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી પવિત્ર પરન્તુ સ્વાભાવિક અપવિત્ર શરીરમાં (મુનિ-ધર્માત્માના મલિન શરીરમાં) ગ્લાનિ-સૂગ ન કરવી પણ તેમના ગુણોમાં પ્રીતિ કરવી તેને નિર્જુગુપ્સા અંગ કહે છે (રત્નકરંડ શ્રાવકાચાર ગાથા-૧૩)

www.vitragvani.com



**ટીકા :–** '**ક્ષુધા,...**' શરીરમાં ક્ષુધા લાગી હોય એનો એને અણગમો નથી. શરીરની પર્યાયની દશા છે, ક્ષુધા એ જડની એક દશા છે એમાં એને દ્વેષ નથી. એ જડની ક્ષુધા અવસ્થાને જ્ઞાન, જ્ઞાતા તરીકે, જ્ઞેય તરીકે જાણે છે. સમ્યગ્દષ્ટિ ક્ષુધામાં ગ્લાની કરતો નથી. સમજાય છે કાંઈ? '**તૃષા,...**' એ જડની અવસ્થા છે. કંઠ આદિમાં તૃષા થાય એ જડની દશા છે તેના પ્રત્યે તેને દ્વેષ નથી. તે છે માટે આમ દ્વેષ થયો એમ નથી. એવી દશા પ્રત્યે દ્વેષ કરે તો તે જ્ઞેય છે તેને કારણે દ્વેષ કર્યો તો એની શ્રદ્ધા વિરુદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– ખાતો-પીતો...

ઉત્તર :– ખાતો, પીતોની કોણે વાત કરી? ખાય છે, પીવે છે કોણ? એ તો જડની દશા છે. ખાય, પીવે કોણ? કોળિયા, રોટલા તો જડની દશા છે, જડ આમ થાય, પડવું એ તો જડનું કાર્ય છે. આત્મા કરે છે એને?

મુમુક્ષુ :– જીવ ખાય કે નહિ?

ઉત્તર :– જીવ ખાતો જ નથી.

મુમુક્ષુ :– મડદું ખાય?

ઉત્તર :– મડદું પણ ખાતું નથી, ખાય કોણ? સમજાણું કાંઈ? ખાવું એટલે શું? આ રજકણો અંદર કોળીયાના દાળ, ભાતના અહીં આવે ને આમ જાય એને લોકો ખાવું કહે છે, ખાવાની વ્યાખ્યા શું? શું આત્મા જડને ખાય? આત્મા જડને અનુભવે? આત્મા જડને અડી શકે? આત્મા અરૂપી ને આ જડ રૂપી.

મુમુક્ષુ :– રૂપી વિના ચાલે શી રીતે?

ઉત્તર :– અનાદિથી એના વિના જ ચાલે છે. માન્યું છે (એના વિના ન ચાલે). એ તો એને કારણે આવે અને એને કારણે જાય. 'ખોડીદાસભાઈ'! ભારે વાતું આકરી, બાપા! બાપુ! વીતરાગમાર્ગ એવો છે કે, એણે શ્રદ્ધામાં લીધો નથી. એ સિવાય ભાન વિના બધું કર્યું અનંતવાર. એક સમ્યક્ ભાન વિનાના જેટલા થોથા કર્યા વ્રત, નિયમ, તપ ને બધું એકડા વિનાના કોરે કાગળે મીંડા. એ... 'ન્યાલભાઈ'! ઘણું કરીને આવ્યા, હોં! નહિતર ઊંડે ઊંડે હતું. ત્રીસ વર્ષથી રસ નહોતા ખાતા. એટલે કાંઈક ત્યાગ છે એમ ઊંડે ઊંડે માનતા હશે. મીંડા વાળો, કીધું. રસ કે દિ' ખાતો હતો કે છોડે? અંદર રાગની એકતાનો રસ છે તેને છોડ એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આહા..! બાપુ! તારા જન્મ-મરણના નાશના ઉપાય તો કોઈ અલૌકિક છે, એ કાંઈ સાધારણ છે નહિ. સમ્યગ્દર્શન એ જન્મ-મરણના નાશનો ઉપાય છે.

સમ્યગ્દર્શનમાં તેને પરપદાર્થની પ્રતિકૂળતામાં દ્વેષ નથી આવતો, એને કારણે દ્વેષ (નથી આવતો). નબળાઈને કારણે આવી જાય એ જુદી વાત છે. એને કારણે આવતો નથી માટે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

તેને દ્વેષ નથી, એમ કહેવામાં આવે છે, ભાઈ! આહાહા..! ભારે વાત, ભાઈ! આમ વસ્તુ, આમ ઇચ્છા નહિ, પ્રતિકૂળતામાં દ્વેષ નહિ. વાહ.. ભગવાન, વાહ! ત્યારે એને જ્ઞેય જાણે છે કે ક્ષુધા-તૃષા દેહમાં છે. ઉષ્ણતા, ઠંડી... ઠંડી... ઠંડી... ઠંડી... જડની દશા (થાય) એમાં દ્વેષ નથી. દ્વેષ હોય તો.... એ તો જ્ઞેય છે, જાણવાની ચીજ એ તો ઠંડી છે. જાણવામાં જ્ઞેય છે, જ્ઞેયને એમ માનવું કે, આ મને પ્રતિકૂળ છે એ માન્યતા જ વિરુદ્ધ છે. આકરી વાત છે, બાપુ! ભાઈ! વીતરાગ માર્ગ સમજવો કઠણ છે.

મુમુક્ષુ :– ઠંડી ઋતુમાં...

ઉત્તર :– ઠંડી-બંડીમાં કીધું ને ઠંડો એના ઘરે રહ્યો, અહીં ક્યાં ગરી ગયો છે? એ 'ન્યાલભાઈ'! હવે અહીં તો વાંધે... પેલા કહે છે ને? 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો નહિ મળે ને એક તાંબાના તેર.' ભગવાન કહે છે કે, તારે ને મારે લાખ વાતમાં ક્રોડ વાતનો ફેર છે, બોલે બોલે ફેર છે. વીતરાગ માર્ગ અને જગતે માનેલો માર્ગ એને અનંત ગુણો ફેર છે. 'શશીભાઈ'! આહાહા..!

કહે છે, એ ઠંડી. અહીં તો દ્વેષ લેવો છે ને? ભાઈ! ભગવાન આત્મા વીતરાગમૂર્તિ ચૈતન્ય રસ કંદ છે. ધ્રુવ, ધ્રુવ ધાતુ ધ્રુવ, ચૈતન્ય ધાતુ, એકલો આનંદ શુદ્ધ કાતળી, પરમ પિંડ આત્મા, એની જ્યાં નિઃશંક શ્રદ્ધા ને આમ દૃષ્ટિ થઈ એને શંકા શું કે, આ ગુણ આમાં આવડો હશે કે નહિ? આવડું સર્વજ્ઞપણું મારામાં હશે કે નહિ? મારામાં પૂર્ણ આનંદ હશે કે નહિ? મારા ગુણની અનંતી અનંતી તાકાત વર્ણવે છે શાસ્ત્રકાર તો એ હશે કે નહિ? એવી સમકિતીને શંકા પડતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

રાતે એ કહ્યું હતું ને? ભાઈ! 'પુનમચંદ' નું લીધું હતું ને? પેલી ખાણ સાંભળીને અનંતમાં અહીં ઉતાર્યું હતું. એ... 'પોપટભાઈ'! એમના સાળાની વાત સાંભળીને. એમાં આ લીધું હતું, હેતુ તો આ હતો. પેલો કહે, સાડા અઠ્યોતેર લાખમાં એમના સાળાએ જમીન લીધી, 'પોપટભાઈ'એ. 'શાંતિલાલ ખુશાલદાસ' 'ગોવા'. ચાલીશ કરોડ તો છે, આ 'પોપટભાઈ'ના સાળા. ચાલીશ કરોડ તો છે અને સાડી અઠ્યોતેર લાખની જમીન લીધી એમાં એક અબજ રૂપિયા નીકળશે. શું કહે છે? એલ્યુમિનિયમ નીકળશે. લ્યો, આ પુણ્યના ઢગલા સામા આવે છે કે નહિ? ધૂળ. કીધું, એમાં કાંઈ નથી, ધૂળ છે. તમારા મામાનો દીકરો છે, એના સગા મામાનો દીકરો છે, આના સગા મામાનો દીકરો, એમના સગા સાળા. ચાલીશ કરોડ. 'શાંતિલાલ ખુશાલદાસ' 'ગોવા'. 'પાણસણા'ના. આ એના ફઈના દીકરા છે. કહે છે કે, સાડી અઠ્યોતેર લાખની જમીન હમણા જાન્યુઆરીમાં લીધી. તેમાં કારીગરોને વિજ્ઞાનીને બોલાવેલા. આમાં એલ્યુમિનિયમ નીકળ્યું છે. કેટલું? એક અબજનું. એય...! શું છે પણ? વિષ્ટા છે. કહે છે. કહે છે, અહીં કહેશે હમણાં, જુઓ!

**'શીત, ઉષ્ણ વગેરે નાના પ્રકારના દુઃખદાયક પર્યાયો...'** એ લક્ષ્મી પણ દુઃખદાયક

www.vitragvani.com



પર્યાય છે. નિમિત્ત દુઃખનું નિમિત્ત છે, એને સુખનું નિમિત્ત માને તો મૂઢ છે. આહાહા..! એય...! 'ખોડીદાસભાઈ'! બાપુ! આ તો તલવારની ધારનો માર્ગ છે. 'ધાર તલવારની સોહ્યલી દોયેલી ચૌદમાં જિનતણી ચરણ સેવા, સેવના ધાર પર રહે ન દેવા, ધાર પર નાચતા દેખ બાજીગરા, ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા' 'આનંદઘનજી' ભગવાનની સ્તુતિ કરતા હતા. નાથ! 'ધર્મ જિનેશ્વર ગાવું રંગશું, ભંગમાં પડશો રે પ્રીત જિનેશ્વર, બીજો મનમંદિર આણું નહિ, એ અમ કુળવટ રીત જિનેશ્વર...' પ્રભુ! અમારો આનંદ શાંત સ્વરૂપ નિર્વિકલ્પ વીતરાગરસ આત્મા, એમાં પુણ્યના વિકલ્પને હું ભેળવું નહિ. હું પુણ્યના વિકલ્પને આત્મામાં ભેળવીને એમાં મને લાભ છે એમ ભેળવું નહિ. એ અમારા તીર્થંકરના કેડાયતના કુળની અમારી રીત છે. સમજાય છે કાંઈ? વડીલોની રીત છે. વડીલો અમારા તીર્થંકરો સર્વજ્ઞ પરમેશ્વરો એમણે એમ કહ્યું છે, ભાઈ! જો તું અમારો કેડાયત હો તો એ રાગ ને પુણ્યમાં સુખ છે એ બુદ્ધિ કાઢી નાખ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :–

ઉત્તર :– ઇ કહે છે ને? સુખ અંદર છે. જોવે ત્યારે ને પણ, જોતો નથી ને. આત્મા સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ છે અંદર. શ્રદ્ધાનું ભાન ક્યાં છે પણ એને? સિદ્ધપદ થયું એ ક્યાંથી આવ્યું? બહારથી આવે છે? લટકે છે? ચોસઠ પ્હોરી પીપર જે છે, પીપરનો દાણો, ચોસઠ પ્હોરી, આ ચોસઠ પ્હોરી ઘૂંટે છે ને તીખાશ ચોસઠ પ્હોરી પ્રગટે એ આવી ક્યાંથી? પથરામાંથી આવી? પડી છે અંદર. એક એક પીપરને દાણે ચોસઠ પ્હોરો તીખો રસ પડ્યો છે, લીલો-હરો રંગ પડ્યો છે. છે તે પ્રગટ થાય છે. એમ ભગવાન આત્મા... આટલો દાણો જડનો એમાં ચોસઠ પ્હોરી, ચોસઠ પ્હોરી એટલે રૂપિયે રૂપિયે સોળ આના તીખો રસ છે. એમ આત્મામાં પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાન રસ પડ્યો છે, બાપા! એને ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે, અહીં જેમ એક એક દાણામાં ચોસઠ પ્હોરો રસ પડ્યો છે એ ઘૂંટે પ્રગટ થાય છે. ક્યાંથી આવ્યો? કાંકરા ઘૂંટી નાખે નહિ, જો આવે તો, કોલસા ઘૂંટે નહિ. જેમાં નથી એમાંથી ક્યાંથી આવશે? 'ઝવેરચંદભાઈ'! એમાં છે. એમ ભગવાન આત્મામાં બાપુ! આટલો દાણો લાગે છે અસંખ્ય પ્રદેશી શરીર પ્રમાણે એના અંતરમાં ભાઈ! જે ધ્રુવપણે સત્ છે, સામાન્ય છે, એકરૂપ રહેનારી જે ચીજ છે, વર્તમાન અવસ્થા છે એ જુદી રાખો, વસ્તુ જે એકરૂપ સામાન્ય એકરૂપ રહેનારી છે એમાં તો બેહદ જ્ઞાન, બેહદ દર્શન, બેહદ શાંતિ, અનંત વીર્ય, અનંત સ્વચ્છતા, પ્રભુતા પડી છે. સમજાણું કાંઈ? એણે કોઈ દિ' આત્મા કેવો, ક્યાં છે એમ જાણ્યો કે દિ'? આહાહા..! સમજાણું કાંઈ?

પરમેશ્વર ત્રિલોકનાથના ફરમાનમાં ઇન્દ્રોની ઉપસ્થિતિમાં એ આવ્યું છે. ઇન્દ્રો આમ સો ઇન્દ્રોની ઉપસ્થિતિ. હે ઇન્દ્રો! તમારી આ ઇન્દ્રાણીઓનો તમને જે રાગ થાય એ આત્માનું

સ્વરૂપ નથી. એ ઇન્દ્રો તો સમકિતી છે, શક્રેન્દ્ર પહેલા દેવલોકનો, સુધર્મ દેવલોકનો, એની ઇન્દ્રાણી પણ સમકિતી છે. ઇન્દ્ર-ઇન્દ્રાણી બેય એકાવતારી છે. અત્યારે છે. સુધર્મ દેવલોક, બત્રીસ લાખ વિમાન, એનો ઇન્દ્ર અને એની રાણી બેય એકાવતારી છે. ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. સમજાણું કાંઈ? કેમકે સમકિતનું શુદ્ધ આરાધન કરીને ઇન્દ્ર અવતર્યા છે. ઇન્દ્રાણી ત્યાં ગયા પછી સમકિત પામ્યા છે. કારણ કે સમકિત પામીને સ્ત્રી ન થાય. ત્યાં ભગવાનના સમવસરણમાં ઘણી વાર જાય છે. જન્મ, દીક્ષા વખતે, કેવળજ્ઞાન વખતે મહોત્સવ કરવા જાય છે. ઇન્દ્ર અંતર સ્વરૂપનું આરાધન કરીને આવ્યા છે, ઇન્દ્રાણી ત્યાં પામ્યા છે, બેય એકાવતારી છે. સુધર્મ દેવલોક છે ત્યાંથી નીકળી મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. પ્રતાપ (કોનો)? ચૈતન્ય સ્વરૂપનું આરાધન સમ્યગ્દર્શન, જેમાં ભવ નથી ને ભવનો ભાવ નથી એવા ચૈતન્યની શ્રદ્ધા, સમ્યક્ પ્રતીત. આહાહા..! એના ફળમાં ઇન્દ્રોએ કહ્યું, ત્યાં ભગવાને ઇન્દ્રની ઉપસ્થિતિમાં (કહ્યું), ભાઈ! સમકિતી તો એવા હોય કે જેને પોતાના પૂર્ણ સ્વભાવની નિઃશંકતા બેઠી છે. પોતાના સ્વભાવ સિવાય કોઈ વાતની, પરપદાર્થની આકાંક્ષા, આકાંક્ષા નથી. ક્યાં પૂરો પોતે નથી તે પરની આકાંક્ષા કરે? અને તેને પરપદાર્થમાં દ્વેષ નથી. કેમકે આત્મા જ્ઞાતા-દૃષ્ટાપણે જ્યાં સમકિતમાં જણાણો, મનાણો, અનુભવાણો તેને પરપદાર્થ પ્રત્યે દ્વેષ નથી. આહા..હા...! શીતમાં દ્વેષ નથી. આહા..!

ત્યારે કહે (છે), સમકિતી હોય એ ઠંડીમાં ઓઢે, આ કરે ને? એ તો ક્રિયા થાય, વિકલ્પ જરી હોય પણ એના અંતરમાં પર પ્રત્યે દ્વેષ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ઉષ્ણ પ્રત્યે દ્વેષ નથી. વગેરે અનેક પ્રકારના **'દુઃખદાયક પર્યાયો...'** દુઃખદાયક પર્યાય, જુઓ! **'અને અપવિત્ર વિષ્ટા આદિ પદાર્થોમાં ગ્લાનિ ન કરવી.'** વિષ્ટા દેખે, સડેલા મીંદડા દેખે, સડેલા કુતરા દેખે એ જડની અવસ્થા છે. બાપુ! અજીવની પર્યાય છે. એમાં એને દ્વેષ ન હોય, એ તો મારા જ્ઞાનમાં જાણવા લાયક જ્ઞેય છે, જણાવા લાયક છે. એ દેખીને જ્ઞાનીને દ્વેષ હોતો નથી. આહાહા..! દુનિયાથી ભાઈ! માર્ગ તો પરમાત્માનો ક્યાંય દુનિયા સાથે મેળ ખાય એવો નથી. 'ન્યાલભાઈ'! આહાહા..!

એક તો એમ કહ્યું કે, અનેક પ્રકારના **'દુઃખદાયક પર્યાયો અને...'** પર્યાય એટલે અવસ્થાઓ, શરીર આદિ પરની (પર્યાય) અને **'અપવિત્ર વિષ્ટા આદિ...'** વિષ્ટા દુર્ગંધ, સડેલા... બાપુ! એ જડની અવસ્થા છે. એ પરમાણુની એ સમયે એ પર્યાય–અવસ્થા થયેલી છે. કોને તેના અણગમા કરવા? કોના અણગમા કરવા? અણગમો તો જે રાગ છે એના પ્રત્યે અણગમો કરવો. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે વાતું, બાપા! નવ તત્ત્વ છે ને એમાં એ અજીવતત્ત્વ છે, કહે છે. એ અજીવતત્ત્વની પર્યાયમાં આ વિષ્ટા આદિ હોય એમાં શું? દુર્ગંધ એટલે શું? એ પરમાણુના ગંધગુણની તે વખતની દુર્ગંધની પર્યાય છે. દ્રવ્યના રજકણની પર્યાય છે, એમાં દ્વેષ શું હોય? સમજાણું કાંઈ?

www.vitragvani.com



**ભાવાર્થ :– 'વિચિકિત્સા નામ અણગમાનું છે,...'** અણગમો, અણગમો એટલે દ્વેષ. **'અથવા ગ્લાનિનું છે.'** આમ ઊંડેથી ગ્લાનિ થઈ જવી. **'તેનાથી રહિત તે નિર્વિચિકિત્સા. પાપના ઉદયથી દુઃખદાયક ભાવનો સંયોગ થતાં ઉદ્વેગરૂપ ન થવું,...'** એ પાપના ઉદયથી શરીરમાં રોગ (થાય), બાયડી પ્રતિકૂળ આવી, છોકરો કોઈ એવો જાગ્યો, દુશ્મન કોઈ એવો મળ્યો. બાપા! અમારે કોઈ દુશ્મન નથી, અમારે કોઈ મિત્ર નથી. વિકાર તે અમારે અનિષ્ટ છે, વસ્તુ તે અમને ઇષ્ટ છે. સ્વભાવ મારો ઇષ્ટ છે, વિકાર પુણ્ય-પાપ થાય તે અનિષ્ટ છે. બહારની ચીજ અમારે તો કંઈ અનિષ્ટ છે નહિ. એમ સમ્યગ્દષ્ટિને ગૃહસ્થાશ્રમમાં પણ આવો ભાવ હોય તો તેને સમ્યગ્દર્શન કહેવાય છે. આહાહા..! કહો! સમજાણું આમાં?

ઉદ્વેગ ન થવું. આહાહા..! મારી નાખ્યા, આવી આપત્તિ ક્યાં સુધી? ઘરમાંથી ખાટલો ઉઠતો નથી. બે મહિના આ માંદો તો બે મહિના પેલો માંદો, ત્રણ મહિના પેલો માંદો, બાર મહિનાથી ખાટલો ખાલી થાતો નથી. ઘરમાં દસ માણસ હોય ને. માંદો માંદો રહ્યા કરે, કોઈ એવું થાય તો. થયા જ કરે. શું છે પણ તારે હવે? સમજાણું કાંઈ? એ અજીવતત્ત્વની પર્યાયોની એ જાતની દુર્ગંધ આદિ પ્રતિકૂળતા દેખીને દ્વેષ ન કરે, ઉદ્વેગ ન કરે, એને દેખીને ઉદ્વેગ ન થાય. જરી નબળાઈને લઈને થઈ જાય એ જુદી વસ્તુ છે. એને કારણે થાય તો મિથ્યાત્વનો દોષ છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'કારણ કે ઉદયાધીન કાર્ય પોતાને વશ નથી.'** શરીરમાં રોગ આવે, નિર્ધન હોય, ગરીબ માણસ હોય, ભિખારી હોય, મહા બિચારા સડેલા શરીર હોય, રોટલો મળે નહિ, એના કંઈ અણગમા કરાય? એ પણ અંદર એક જુદો પ્રભુ આત્મા છે. શરીરની દશા આવી છે. તેથી તેને અણગમો કરવાની જરૂર નથી, એનો તીરસ્કાર કરવો કે દ્વેષ કરવું એવું સમકિતીને હોય શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? **'ઉદયાધીન કાર્ય પોતાને વશ નથી.'** શરીરમાં રોગ આવે, સામાને કર્મનો ઉદય ને પ્રતિકૂળતા આવે. સમજાય છે? બાયડી સારી ન હોય, છોકરા સારા ન હોય, ઘર-મકાન સારા ન હોય, કપડા સારા ન હોય. જુઓ! અત્યારે પાપના ઉદયે આ મળ્યું છે. બાપા! એવું હોય, એ તો પૂર્વના કર્મના સંયોગે એવું હોય. તેથી કંઈ એના પર દ્વેષ કરવા જેવું નથી.

**'વળી વિષ્ટાદિ નિંદ્ય વસ્તુમાં ગ્લાનિરૂપ ન થવું...'** ગ્લાનિ ન કરવી, વિષ્ટા સડેલા ધૂળ, મડદા વગેરે. **'કારણ કે વસ્તુનો એવો જ સ્વભાવ છે. એમાં આત્માને શું?'** છે ને? એમાં આત્માને શું? એવી પ્રતિકૂળતા દેખવાથી દ્વેષ કરવામાં આત્માને નુકસાન થાય છે. પ્રતિકૂળતા આત્માને છે જ નહિ, એ તો જ્ઞાનમાં જ્ઞેય છે. આહાહા..! **'અથવા જે શરીરમાં આ આત્મા વસે છે તેમાં તો બધી જ વસ્તુ નિંદ્ય છે.'** હવે કોનો તારે દ્વેષ કરવો? બાપા! મેસુબ ચાર શેર ઘીનો પાયેલો મોઢામાં નાખ તો વિષ્ટા છ કલાકે થાશે, એવો સંચો છે આ. આ સંચો એવો છે, અમસ્તો ગધેડાના ચામડામાં વીંટીને મેસુબ નાખો તો તરત વિષ્ટા નહિ થાય.

www.vitragvani.com



આમાં જ્યાં નાખો ચાર શેર ઘીનો પાયેલો, હોં! ચણાનો લોટ, એમાં ઘઉંનો લોટ હોય છે, પણ એક શેરમાં ચાર શેર ઘી પાય તો શક્કરપારો કહેવાય, એ નાખ્યા ભેગું થૂક ને... એ તો ખબર પડે નાખીને. કારણ કે એમ ને એમ તો ઓગળે નહિ, થોડોક એક બે સેકંડ (થાય પછી) ઓગળે, પછી ઉતરે ત્યારે ખબર પડે. આમ મોઢુ જોવે અરીસામાં તો કુતરાની એઠ હોય.

મુમુક્ષુ :– તો આ બધી વસ્તુને બગાડવાનો સંચો છે?

ઉત્તર :– આ બગાડવાનું નિમિત્ત છે આ બધું. આમાં સુખ-દુઃખ કે દિ' હતું? આ તો માટી–ધૂળ છે. મેસુબ પડ્યા ભેગા આ છ કલાકે વિષ્ટા. સવારે વિષ્ઠા થાશે. આ વિષ્ટાનો સંચો છે. હવે આ નિંદ્ય વસ્તુ એમાં કોને તું નિંદ્ય માનીશ? કહે છે. આહાહા..! ભારે ભાઈ! ભગવાનની વાતું મોટી બહુ, હોં! ભાઈ! તારે ભગવાન થાવું છે કે નહિ? ભગવાન થાવું છે કે નહિ? તું ભગવાન છો, પૂર્ણાનંદનો નાથ છો. એની તને પ્રતીત ને ભાન થયા, તને પરમાં દ્વેષ ને ગ્લાનિનું કારણ શું છે? સમજાણું કાંઈ?

શરીર જ નિંદ્ય વસ્તુ છે જ્યાં આમ હલકી વસ્તુ (છે). એકદમ આમ મેસુબ મોઢામાં નાખ્યા ભેગો આમ લાળ થવા માંડે. લાળ થયા પછી ઉતરે. અથવા ઉતર્યા પહેલા આમ જરી અરીસામાં જોવે (કે) શું ઉતારું છું? લાળ છે એકલી, કુતરાની એંઠ. બહાર કાઢીને જુએ તો ફરીને લેવાનું ન બને પણ મીઠાશ વેદતો હોય. પતરવેલીયા ને શીખંડ ખાતો હોય.. આમ ઓ..ય.. (કરે). એય...! પુરણપોળી આમ ઘીમાં રસબોળ ઝબોળીને આમ ઊની ઊની ઉપરથી ઉતરે એ ભેગું આમ પાંચ શેર ઘીની તપેલી હોય, એ નાખે. ઊનું હોય ખરું ને એટલે ચીપીડા વડે (પકડીને) ઘીમાં નાખે. હો...! શું છે પણ? જો તો ખરો હવે, એ તો જડ છે.

મુમુક્ષુ :– મજા બહુ છે.

ઉત્તર :– શેની મજા? તને રાગ થાય છે એ તો દુઃખદાયક છે. રાગ થાય છે કે, આ ઠીક (છે). એ વસ્તુ તો જડ છે, તને અડતી પણ નથી, તું ખાતો પણ નથી, એને અડતો પણ નથી એવું શાસ્ત્ર તો કહે છે. આત્મા જડને અડતો નથી ત્રણકાળ, ત્રણલોકમાં. કેમકે આ રૂપી ને આ અરૂપી, બેની વચ્ચે અત્યંત અભાવ છે.

મુમુક્ષુ :– આ બધા સાથે છે ને અડતા નથી?

ઉત્તર :– ક્યાં અડે છે કોઈ દિ'? જુદે જુદું છે, રજકણે રજકણ જુદો છે. સમજાણું કાંઈ? ભાઈ! જગતથી વીતરાગનો માર્ગ જુદો છે. જગતે વીતરાગને નામે હલવ્યું છે ઊંધુ. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, બાપુ! શરીર જ જ્યાં આત્મા એમાં વસે એ શરીર જ તારું (નિંદ્ય વસ્તુ છે). ઘડીકમાં કફ થાય, ઘડીમાં શૂળ આવે, વિષ્ટા બગડી જાય, અજીર્ણ થઈ જાય, ઊલટો થાય.

www.vitragvani.com



જુઓને, આ શરીર. ભગવાન તો ચૈતન્યમૂર્તિ ભિન્ન છે અંદર. આ શરીરના રજકણો જ આવા પરિણમે છે, નિંદ્ય એમાં હલકી ચીજ, એમાં તું કોને દ્વેષ કરીશ? (હું) જ્ઞાન સ્વરૂપ આત્મા છું, તે જાણવા યોગ્ય વસ્તુ છે, દ્વેષ કરવા યોગ્ય વસ્તુ નથી, એમ કહે છે, લ્યો! સમ્યગ્દષ્ટિને એમાં દ્વેષ થતો નથી. અમૂઢદષ્ટિ ચોથું અંગ. સમકિતનું ચોથું લક્ષણ, ચોથો આચાર, ૨૬મી ગાથા.

## ગાથા–૨૬

### ૪. [1]અમૂઢદષ્ટિ અંગ

**लोके शास्त्राभासे [2]समयाभासे च देवताभासे।**
**नित्यमपि तत्त्वरुचिना कर्तव्यममूढदष्टित्वम्।।२६।।**

**અન્વયાર્થ :– [ लोके ] લોકમાં, [ शास्त्राभासे ] શાસ્ત્રાભાસમાં, [ समयाभासे ] ધર્માભાસમાં [ च ] અને [ देवताभासे ] દેવાભાસમાં [ तत्त्वरुचिना ] તત્ત્વોમાં રુચિવાળા સમ્યગ્દષ્ટિ પુરુષે [ नित्यमपि ] સદાય [ अमूढदष्टित्वम् ] મૂઢતારહિત શ્રદ્ધાન [ कर्तव्यम् ] કરવું જોઈએ.**

**ટીકા :– 'तत्त्वरुचिना नित्यं अपि अमूढदष्टित्वं कर्तव्यम्' - તત્ત્વશ્રદ્ધાનવાળા પુરુષે હંમેશા અમૂઢદષ્ટિ થવું યોગ્ય છે. મૂઢદષ્ટિ યથાર્થ જ્ઞાનરહિતનું નામ છે, તે શ્રદ્ધાનવાળા થવું યોગ્ય નથી. ક્યાં ક્યાં?**

**लोके = લોકમાં ઘણા માણસો વિપરીત ભાવમાં પ્રવર્તતા હોય તોપણ પોતે તેમની જેમ (દેખાદેખીથી) ન પ્રવર્તવું.**

**शास्त्राभासे = શાસ્ત્ર જેવા લાગતા, અન્ય વાદીઓએ નીપજાવેલા ગ્રન્થોમાં રુચિરૂપ**

---

૧. અમૂઢત્વ = દુઃખદાયક ખોટા માર્ગો અથવા કુત્સિતધર્મોમાં અને કુમાર્ગોમાં રહેલા પુરુષોમાં (ભલે તે લૌકિકમાં પ્રખ્યાત હોય) મનથી પ્રામાણિક માને નહીં, કાયાથી પ્રશંસા અને વચનથી સ્તુતિ ન કરે તેને અમૂઢદષ્ટિ કહે છે. (ગાથા–૧૪)

૨. સમયાભાસ = યથાર્થમાં જે પદાર્થ તત્ત્વાર્થ નથી પણ ભ્રમબુદ્ધિથી તેવા દેખાવા લાગે, જેમકે મિથ્યાદષ્ટિઓના બનાવેલા શાસ્ત્ર યથાર્થમાં તો શાસ્ત્ર નથી જ પરંતુ ભ્રમથી શાસ્ત્ર જેવાં ભાસે છે તે શાસ્ત્રાભાસ-સમયાભાસ છે.

www.vitragvani.com



**ન પ્રવર્તવું.**

**समयाभासे = સાચા મત જેવા લાગતા અન્યમતમાં કોઈ ક્રિયા ભલી જેવી દેખીને તેમાં ભલું જાણીને ન પ્રવર્તવું. અથવા સમય એટલે પદાર્થ સરખા લાગે તેવા અન્યવાદીઓએ કહેલા કલ્પિત તત્ત્વો તેમાં યુક્તિ જેવું જોઈ ને સત્યબુદ્ધિ ન કરવી.**

**देवताभासे = દેવ જેવા પ્રતિભાસે એવા, અરિહંત દેવ સિવાય અન્ય દેવોમાં કાંઈક ચમત્કારાદિ દેખીને વિનયરૂપ ન પ્રવર્તવું. ચકાર વડે બીજા પણ જે ગુરુ જેવા પ્રતિભાસે એવા વિષય-કષાય વડે લંપટી, વેશધારીઓ તેના પ્રત્યે વિનયરૂપ ન પ્રવર્તવું. એ પ્રમાણે યથાર્થ જ્ઞાનથી ભ્રષ્ટ થવાના કારણો તેમાં સાવધાન રહેવું. ૨૬.**

## ગાથા–૨૬ ઉપર પ્રવચન

**लोके शास्त्राभासे [२]समयाभासे च देवताभासे।**
**नित्यमपि तत्त्वरुचिना कर्तव्यममूढदष्टित्वम्।।२६।।**

એનો અર્થ આ બાજુ. '**લોકમાં, શાસ્ત્રાભાસમાં,...**' આ બાજુ અર્થ છે ને? લોકની અંદર વીતરાગના શાસ્ત્રો જે છે એનાથી વિરુદ્ધ શાસ્ત્રો એને લોકો શાસ્ત્ર માનતા હોય. એમાં મૂઢતા ન થવી. એ ખોટા છે, વીતરાગમાર્ગ સર્વજ્ઞ પરમાત્માએ કહેલો માર્ગ એક સાચો છે. સર્વજ્ઞે કહ્યા સિવાયના જે લોકોએ કલ્પનાથી શાસ્ત્ર રચ્યા હોય એમાં સમકિતીને મૂઢતા ન હોય. આમાં પણ કાંઈક હશે, આમાં પણ કાંઈક હશે. સમજાય છે? એમ મૂઢતા ન કરે. વીતરાગ સ્વરૂપ આત્મા, એનાથી સર્વજ્ઞપદે નીકળેલી વાણી એમાં આત્માનું તત્ત્વ, જડનું તત્ત્વ આવ્યું એવા તત્ત્વ બીજે હોઈ શકે નહિ.

મુમુક્ષુ :– ... બધે છે.

ઉત્તર :– બધે નથી, એમાં કાંઈ નથી, બધું સમજવા જેવું છે. લોકોને બિચારાને કંઈ ખબર નથી, જૈનમાં જન્મ્યા એને ખબર નથી. પછી (કહે), પેલામાં આ છે ને ફલાણું છે. એય...! એ બધા શાસ્ત્રાભાસ છે, એમાં આ તત્ત્વ છે નહિ. સમકિતી મુંઝાય નહિ કે આને મોટા માનનારા છે ને! મોટા મોટા કરોડોપતિ, અબજોપતિ બાવા ને રાજા માને છે ને! એ તો પુણ્યને લઈને માને, ધર્મની વસ્તુ ત્યાં નથી. આહાહા..!

'**ધર્માભાસમાં...**' જ્યાં ધર્મ ન હોય ત્યાં ધર્મ માનવો. સમજાણું? '**અને દેવાભાસમાં...**' અરિહંત આદિ દેવનું સ્વરૂપ નથી ને બીજા સાધારણને દેવ માનવા. '**તત્ત્વોમાં રુચિવાળા સમ્યગ્દષ્ટિ પુરુષે સદાય મૂઢતારહિત શ્રદ્ધાન કરવું જોઈએ.**' લ્યો! જરીએ મૂંઝાવું જોઈએ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નહિ. સર્વજ્ઞે કહેલો આત્મા, સર્વજ્ઞે કહેલા જડ, સર્વજ્ઞે કહેલા પુણ્ય-પાપ એવા ભાવનું જ્ઞાન સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય સાચું હોતું નથી. સમજાણું કાંઈ? સત્ય તે સત્ય જ હોય ને. સત્યમાં બીજું વળી અસત્ય ક્યાંથી આવ્યું? છતાં એ દ્વેષમાં આવી ગયું છે. કોઈ અન્યમતિ હોય, પેલા હોય તો એનો દ્વેષ ન કરવો. સમજાય છે? એને બિચારાને એ વાત બેઠી હોય. દ્વેષ ન કરવો. એમાં વિસ્તાર કર્યો છે. સમજાય છે? કો'કના દેવ, હનુમાન આદિ બધા સ્થાપ્યા હોય. લાવ આને પાટું મારું દેવ નથી. એમ નહિ, એમ ન થાય. દ્વેષ ન હોય. જગતમાં છે એ જાણી લેવું જોઈએ. સમજાય છે કાંઈ? વિપરીત માન્યતાવાળા, વિપરીત માન્યતાવાળાના દેવો કે એના સ્થાનો હોય (તો એનો) દ્વેષ ન કરવો જોઈએ. એ ત્રીજા બોલમાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– વ્યવહાર ખાતર તો લાગે જ ને?

ઉત્તર :– વ્યવહાર કેવો? વ્યવહારમાં દીકરા પરણાવવા હતા? વ્યવહાર છે તે. ધર્મમાં વ્યવહાર ખાતર ... આ પૈસા માટે નથી માનતા કેટલાક? હનુમાન ને શિકોતેર ને અંબાજી ને... તમારા સાળા જ માને છે. કહો! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– માંદા થાય તો માનતા માને.

ઉત્તર :– ઇ મહા મૂઢ જીવ છે. માંદા થાય તો આ પૈસા મુકશું, અહીં નાળિયેર મુકશું, અહીં ફલાણું ચડાવશું, રોગ મટશે તો ઢીકણું કરશું. તદ્દન ભ્રમણા અજ્ઞાનીઓની છે.

સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવને વીતરાગ માર્ગની જેને અંતર પ્રતીત થઈ છે એને એમાં ક્યાંય મૂઢતા હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? નીચે કર્યું છે. અમૂઢ છે ને? બગડો છે, આ ૩૨ પાના નીચે. નીચે બગડો છે.

**'અમૂઢત્વ = દુઃખદાયક ખોટા માર્ગો...'** હેઠે છે. દુઃખદાયક ખોટા માર્ગમાં મૂઢતા ન હોય. આ બધા... આમાં કાંઈક હશે? **'અથવા કુત્સિતધર્મોમાં અને કુમાર્ગોમાં રહેલા પુરુષોમાં (ભલે તે લૌકિકમાં પ્રખ્યાત હોય)...'** લાખો કરોડો માનતા હોય પણ જ્યાં આત્મદર્શન ને આત્મજ્ઞાનની વિરુદ્ધ વાત છે, પુણ્યથી ધર્મ મનાવતા હોય, પાપમાં મજા મનાવતા હોય એ બધા કુદેવો ને કુગુરુઓ છે. એવા પુરુષોને **'મનથી પ્રામાણિક માને નહીં,...'** મનથી પ્રામાણિક માને નહિ. આ આકરી વાતું છે. સમજાણું કાંઈ?

**'કાયાથી પ્રશંસા...'** કરે નહિ **'અને વચનથી સ્તુતિ ન કરે...'** આત્માનો માર્ગ–વીતરાગે જે શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ ને જ્ઞાન ને ચારિત્રનું વર્ણન કર્યું એવું સ્વરૂપ બીજે ક્યાંય હોઈ શકે નહિ. એને માન્યતા વિનાના કરોડો મનુષ્યો માને. માણસ કહે, આ..હા..હા..! બહુ બાપુ એને માને છે. મૂઢતા કરીશ નહિ, મરી જઈશ.

મુમુક્ષુ :– 'મુંબઈ'માં બે વસ્તુને બહુ માને.

ઉત્તર :– કઈ?

www.vitragvani.com



મુમુક્ષુ :– આ વીરપુરના ભગત અને સાંઈબાબા.

ઉત્તર :– હા, પેલો.. પેલો.. સાંઈબાબા. ભાન ન મળે, અક્કલ ન મળે. આ પેલો વીરપુરનો કહે છે ને, શું? જલારામ. હવે અમે ગયા હતા ત્યાં તો એ તો બિચારો દર્શન કરવા આવ્યો હતો. ત્યાં બેસે છે ને? ગાદીએ બેસે છે. 'ગીરધરલાલ' એનો ભાણેજનો દીકરો છે. આખા શરીરમાં કોઢ છે. કીધું, આ બધાને મટાડે છે તો આને તો કોઢ છે ને! એની ગાદીએ બેઠો હોય એને પોતાને કોઢ છે. આવ્યો હતો બિચારો, દર્શન કરવા આવ્યો હતો, ૧૦૧ રૂપિયા મુક્યા હતા, હોં! બિચારાએ. એ ખાલી હાથે આવે નહિ. એ લોકો દર્શન કરવા આવ્યા હતા. અમે ગયા હતા ત્યારે 'ચંદુભાઈ' હતા ને? કેળવણી અધિકારી, 'ચંદુભાઈ' હતા કેળવણી અધિકારી. 'ગોંડલ'ના પટેલ મોટા. એ પોતે લઈને આવ્યા હતા, એ પોતે આવ્યા હતા, દર્શન કરવા આવ્યા હતા. કોઢ હતો. દર્શન કરી ૧૦૧ રૂપિયા મુક્યા, સવા શેર સાકર મુકી. પછી વિચાર કર્યો કે, આણે ૧૦૧ મુક્યા છે, શું કરવું આનું? 'શાંતિભાઈ' કહે, રાખો આપણે. રાખ્યા. ક્યાં એને પાછા આપવા. એને કોઢ છે, લ્યો! સમજાય છે? લોકો મૂર્ખ, મૂર્ખાયના ગામ કાંઈ જુદા હોય છે?

મુમુક્ષુ :– પ્રત્યક્ષ દુઃખ મટી જાય છે...

ઉત્તર :– ધૂળમાં મટતું નથી દુઃખ હવે, મૂઢ છે. શાતાના ઉદય વિના ત્રણકાળમાં મટે નહિ. આવી ભ્રમણા. પેલો સાંઈબાબો એક વળી. શીરડીનો. મૂઢ જૈનોને ભાન નથી, અન્યને તો ભાન નથી પણ જૈનને પણ ખબર ન મળે. હાલી નીકળે, માળા મૂર્ખા મોટા મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવો છે એ તો. એને વીતરાગમાર્ગની આત્માની શ્રદ્ધા નથી. આત્મામાં સુખ છે, દુઃખ છે નહિ.

મુમુક્ષુ :– ઘણાને દીકરા આપે છે.

ઉત્તર :– ધૂળ પણ આપતા નથી. એક ફેરી નહોતું કીધું? અમારે ત્યાં 'વઢવાણ' નહોતું? પેલી દેવી, બુટ માતા. અમે ત્યાં (સંવત) ૧૯૮૨ માં હતા. માણસો ચારેકોરથી આવે, બબ્બે હજાર માણસ. દીકરા તમને આપે ને એનો જે બનેવી છે એને દીકરો નથી, કીધું. પેલો 'મલૂકચંદ', 'મલૂકચંદ'. અમને તો બધી ખબર, ૮૨ની સાલ, ૪૧ વર્ષ થયા. બધા ત્યાં હાલી નીકળ્યા. જે ભૂવો છે એના બનેવીને દીકરી નથી, દીકરો નથી, એની બહેન વાંજણી છે. ન્યાં તો આપો, શેના હાલી નીકળ્યા માળા? જૈનો પણ આવ્યા ને! પગે લાગવા આવ્યા પાછા. શું કરવા આવ્યા છો? આવા ને આવા. મૂર્ખના કાંઈ ગામ જુદા હોય છે? ગામ દીઠ મૂર્ખા ભર્યા છે. સમજાણું કાંઈ?

ધર્મી–આત્માની શાંતિ ને આનંદના માનનારા, વીતરાગ સ્વરૂપ એવો આત્મા એ જેને રુચિકર થયો છે એ એનાથી વિરુદ્ધ બીજા શાસ્ત્રો, બીજા ગુરુઓ... સમજાય છે? એને માને નહિ, પ્રમાણિક તરીકે ન માને, એ તો મોટો પ્રમાણિક છે, ના ના. મિથ્યાશ્રદ્ધા (છે)

www.vitragvani.com



એ પ્રમાણિક છે જ નહિ. **'કાયાથી પ્રશંસા અને વચનથી સ્તુતિ ન કરે...'** અમૂઢદૃષ્ટિ, હોં! એ 'રત્નકરંડ શ્રાવકાચાર'નો ૧૪મો શ્લોક છે. ટીકા આ બાજુ ૩૩ પાને.

**ટીકા :– ''तत्त्वरुचिना नित्यं अपि अमूढदष्टित्वं कर्तव्यम्' - તત્ત્વશ્રદ્ધાનવાળા પુરુષે...'** તત્ત્વશ્રદ્ધા. આત્મા શુદ્ધ આનંદ છે, પુણ્ય-પાપ તે મલિન દુ:ખદાયક છે, અજીવ તે પર છે. એવી જેને તત્ત્વશ્રદ્ધાનવાળી દશા થઈ છે, તત્ત્વરુચિ થઈ છે, એણે **'હંમેશા અમૂઢદષ્ટિ થવું યોગ્ય છે.'** એણે મૂંઝાવું નહિ. **'મૂઢદષ્ટિ યથાર્થ જ્ઞાનરહિતનું નામ છે, તે શ્રદ્ધાનવાળા થવું યોગ્ય નથી.'** ખોટી શ્રદ્ધાવાળા થવું તે લાયક નથી. **'ક્યાં ક્યાં?'** ચાર બોલ છે.

**'लोके = લોકમાં ઘણા માણસો વિપરીત ભાવમાં પ્રવર્તતા હોય તોપણ પોતે તેમની જેમ (દેખાદેખીથી) ન પ્રવર્તવું.'** અજ્ઞાનીઓ બાવા, રાજા આદિ બધા માને, બધાને માનતા હોય, બીજાને પગે લાગતા હોય, પૈસા પૈસા મળશે, અહીંથી આ મળશે. દેખાદેખીથી ન પ્રવર્તે, જૈનધર્મની પરીક્ષા કરીને પોતે પ્રવર્તે. આ બધા મોટાઓ માને માટે આમ હશે, ફલાણા માને માટે આમ હશે એમ નહિ, સત્ય કેમ છે? 'ન્યાલભાઈ'! દેખાદેખી ન થવું, એમ કહે છે, જુઓ! દેખાદેખી ન કરવી. આ મોટા આવા કરે છે માટે એમાં કાંઈક હશે ને? ધૂળમાં પણ નથી.

**'शास्त्राभासे = શાસ્ત્ર જેવા લાગતા, અન્ય વાદીઓએ નીપજાવેલા ગ્રન્થોમાં રુચિરૂપ ન પ્રવર્તવું.'** વીતરાગ માર્ગમાં તો વીતરાગભાવનું પોષણ કર્યું હોય. રાગ ને વિકારનું પોષણ જેમાં ન હોય એવા કહેલા શાસ્ત્ર તે સાચા શાસ્ત્ર. જેમાં કાંઈ રાગનું પોષણ કર્યું હોય, રાગથી લાભ મનાવ્યું હોય એ કુશાસ્ત્ર છે, શાસ્ત્ર છે નહિ. એવા શાસ્ત્રોમાં અન્યવાદીઓએ નીપજાવેલા ગ્રન્થોમાં રુચિ ન કરવી. સમજાણું કાંઈ?

**'समयाभासे = સાચા મત જેવા લાગતા અન્યમતમાં કોઈ ક્રિયા ભલી જેવી દેખીને...'** મોટા મોટા તપસ્યાઓ કરે, મોટા આબરૂ હોય.. સમજાય છે? **'તેમાં ભલું જાણીને ન પ્રવર્તવું.'** વીતરાગ માર્ગની શ્રદ્ધા, જ્ઞાન સિવાય બીજે ક્યાંય અન્યમતમાં અંશે પણ સત્ છે નહિ. એવી વાત છે, ભાઈ! કોઈ ક્રિયા દેખાય, અપવાસ કરતો હોય, કોઈ બ્રહ્મચર્ય પાળતો હોય એને એમ થાય કે, ઓહો..હો..! જાવ્વજીવ બ્રહ્મચર્ય પાળ્યું! એટલે શું પણ? દૃષ્ટિ ખોટી છે ને. આત્મા તત્ત્વ શું છે, જડ શું છે, પુણ્ય-પાપ શું છે. જીવ ભગવાન જુદો છે, પુણ્ય-પાપ જુદા છે, અજીવ તે જુદા છે, એવા જુદા જુદા તત્ત્વની જ્યાં એકતા માન્યતા કરે, બેના બધા ભેગા મેળવીને કરે એને તત્ત્વની રુચિ સાચી નથી.

**'અથવા સમય એટલે પદાર્થ સરખા લાગે તેવા અન્યવાદીઓએ કહેલા કલ્પિત તત્ત્વો...'** કહે, આત્મા પણ વ્યાપક છે, પૂરો છે, પરિપૂર્ણ છે. પરિપૂર્ણ પૂર્ણં ઇદમ્ આત્મા. આવે ને? ઓહો..! આપણે પણ (છે), એનામાં પણ પૂર્ણ ઇદમ્ લાગે છે, હોં! પણ એ તો આખો બધો થઈને એક આત્મા કહે છે, એમ છે નહિ. એક એક આત્મા ભિન્ન છે, પરિપૂર્ણ

www.vitragvani.com



છે, સર્વ જ્ઞાન સામર્થ્યથી પરિપૂર્ણ ભરેલો છે. એવા અનંત આત્માઓ છે, એક આત્મા છે જ નહિ. બધા થઈને એક આત્મા વ્યાપક કહે ને પછી એને માને. એ... 'પ્રવિણભાઈ'! આ તો ધર્મની કસોટી છે, ભાઈ!

**'પદાર્થ સરખા લાગે તેવા અન્યવાદીઓએ કહેલા કલ્પિત તત્ત્વો તેમાં યુક્તિ જેવું જોઈને સત્યબુદ્ધિ ન કરવી.'** સર્વવ્યાપક કહે છે ને બધું એક જ હોય. નામ, રૂપ બધું અસત્ય છે, નામ, રૂપ બધું અસત્ય છે. પછી જે બાકી રહી ગયું એકલું તે અદ્વૈત તત્ત્વ છે. નામ રહેતું નથી, હોં! લાકડાનું લાકડું નામ રહેતું નથી, દૂધનું દૂધ નામ રહેતું નથી પછી બદલી જાય છે માટે નામ ખોટું લાગે છે, રૂપ પણ ખોટું લાગે છે. પણ નામરૂપે ખોટું પણ પરમાણુ સ્વતંત્ર દ્રવ્ય છે એની પર્યાય ક્યાં ખોટી છે? આવે છે ને? બહુ વાતું કરે, એવી લડાવે... જાણે... આહાહા..! સમજાણું કાંઈ? **'પદાર્થ સરખા લાગે તેવા અન્યવાદિઓએ કહેલા કલ્પિત તત્ત્વો તેમાં યુક્તિ જેવું જોઈને સત્યબુદ્ધિ ન કરવી.'**

**'देवताभासे = દેવ જેવા પ્રતિભાસે એવા, અરિહંત દેવ સિવાય અન્ય દેવોમાં કાંઈક ચમત્કારાદિ દેખીને વિનયરૂપ ન પ્રવર્તવું,...'** એને ઘરે દેવ આવતો લાગે છે, હોં! કાંઈક હશે. હવે ભૂતડો, અનંતવાર દેવ તું થયો, સાંભળને હવે. દેવ આવે એમાં આત્મા ક્યાં આવ્યો? ધર્મ ક્યાં આવ્યો? અન્યમાં પણ કોઈ દેવ આવતા હોય ચમત્કાર દેખીને તેમાં બહુમાન કરવું નહિ. કહો! 'હિંમતભાઈ'! **'ચકાર વડે બીજા પણ જે ગુરુ જેવા (દેખાય) પ્રતિભાસે...'** શ્રદ્ધાનું ભાન ન મળે, આત્મજ્ઞાનનું ભાન ન મળે, દર્શનનું ભાન ન મળે અને એકલી બહાર ક્રિયાકાંડમાં ધર્મ મનાવતા હોય, એને ગુરુ જેવા દેખાતા હોય એવા પ્રતિભાસે એને માનવા નહિ, સમકિતી એને માનતો નથી. ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ભાર છે કે હળવું છે? અમારે દલાલ છે ઇ, દલાલ. આવી તારી દશા હોય, આવું તારું સ્વરૂપ હોય એમાં ભાર નહિ, પણ દશા જ એવી છે, કહે છે.

**'વિષય-કષાય વડે લંપટી, વેશધારીઓ તેના પ્રત્યે વિનયરૂપ ન પ્રવર્તવું. એ પ્રમાણે યથાર્થ જ્ઞાનથી ભ્રષ્ટ થવાના કારણો તેમાં સાવધાન રહેવું.'** લ્યો! દેવ-ગુરુ-શાસ્ત્રમાં વિપરીતતા હોય જેનામાં, એમાં જરી કાંઈક હશે એમ માનીને યથાર્થ જ્ઞાનથી ભ્રષ્ટ થવું નહિ. એ બધા યથાર્થ જ્ઞાનથી ભ્રષ્ટ થવાના કારણો છે. સમકિતી મૂઢ નથી થતો. દેવ પોતે ડગાવવા આવે તોપણ ડગતો નથી. આહાહા..! એવી એની અમૂઢદૃષ્ટિ હોય છે. એ સમકિતીનો ચોથો આચાર, લક્ષણ કે એની દશામાં સ્વરૂપની એ સ્થિતિ હોય છે. એ ચાર વાત કરી.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**પ્રવચન નં. ૨૫ ગાથા–૨૩ થી ૨૫ શુક્રવાર, વૈશાખ વદ ૧૦, તા. ૦૨-૦૬-૧૯૬૭**

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે એનો અહીં ૨૩મો શ્લોક છે, શ્લોક. મોક્ષની સિદ્ધિનો ઉપાય આત્માનો મોક્ષ જે શુદ્ધ પર્યાય થાય એનો ઉપાય એ આમાં બતાવવામાં આવે છે. એમાં સમ્યગ્દર્શન મોક્ષનો ઉપાય પહેલો છે, પછી સમ્યક્જ્ઞાન-ચારિત્રની વાત લેશે. એ સમ્યગ્દર્શનના આઠ આચારનું વર્ણન છે. સમકિતીને આઠ અંગ હોય છે. અંગ કહો, આચાર કહો, લક્ષણ કહો. સમ્યગ્દર્શન સર્વજ્ઞ ભગવાન પરમાત્માએ... મૂળ માથે ૨૨માં આવી ગયું છે ને?

**जीवाजीवादीनां तत्त्वार्थानां सदैव कर्त्तव्यम्।**
**श्रद्धानं विपरीताभिनिवेशविविक्तमात्मरूपं तत्।।२२।।**

સમ્યગ્દર્શન એ આત્માનું રૂપ છે. ત્યાં વીતરાગ દૃષ્ટિ થઈ તેને સમ્યગ્દર્શન કહ્યું છે. ભગવાન આત્મા અનંત ગુણનું રૂપ, જીવાદિ (તત્ત્વાર્થ) ભગવાને કહેલા તીર્થંકરદેવ, એ ૨૨માં છે આપણે વાંચીએ છીએ ૨૩. આ તો ૨૨માં સમ્યક્ત્વનું સ્વરૂપ છે. એના પછી આઠ અંગોનું આ વર્ણન છે. છે? ૨૨માં જરી જુઓ! પહેલું '**जीवाजीवादीनां तत्त्वार्थानां सदैव कर्त्तव्यम्।**' '**सदैव कर्त्तव्यम्**' એટલે એ સિદ્ધમાં પણ એ સમ્યગ્દર્શન હોય છે. '**श्रद्धानं विपरीताभिनिवेश-विविक्तमात्मरूपं**' જુઓ! અર્થ એનો જુઓ!

'**જીવ, અજીવાદિ તત્ત્વાર્થોનું વિપરીત અભિનિવેશ (આગ્રહ) રહિત અર્થાત્ બીજાને બીજાપણે સમજવારૂપ મિથ્યાજ્ઞાનથી રહિત શ્રદ્ધાન અર્થાત્ દૃઢ વિશ્વાસ નિરંતર જ કરવું જોઈએ.**' તે શ્રદ્ધાન આત્માનું સ્વરૂપ છે. અહીં તો અહીંથી વાત લેવી છે. આત્મા શુદ્ધ નિર્વિકલ્પ રાગ રહિત વસ્તુ છે. એની નિર્વિકલ્પ રાગ વિના આત્માની અનુભૂતિ કરીને પ્રતીત કરવી, એનું નામ સમ્યગ્દર્શન આત્માનું રૂપ કહેવામાં આવે છે. રાગ છે એ કાંઈ આત્માનું રૂપ નથી, સરાગ સમકિત એ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? રાગ છે ઇ સમકિત નથી કાંઈ. સરાગ સમકિતની વ્યાખ્યા... આ તો વળી અત્યારે આ મગજમાં આવી ગયું. પેલું તો ઇ વાંચતો હતો એમાંથી આવ્યું. આમાં આત્મરૂપ આવ્યું છે. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અંતર્મુખ દૃષ્ટિ કરી અને વીતરાગભાવે આત્માની પ્રતીત કરવી એનું નામ આત્મરૂપ અને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? વ્યવહાર સમકિત, સમકિત નથી એમ કહે છે.

મુમુક્ષુ :– ઇ અનાત્મરૂપ છે.

ઉત્તર :– ઇ રાગ છે, આ તો આત્મરૂપ છે. 'માંગીરામજી'! સમકિત શું છે? વિકલ્પ રાગ, એ વ્યવહાર સમકિત એ રાગ છે એ કાંઈ વસ્તુ નથી. એ તો આરોપથી નિમિત્તને આરોપે કથન કર્યું છે. સમકિત તો આત્મા શુદ્ધ આનંદ, પૂર્ણ સ્વરૂપ સર્વજ્ઞે કહેલો એવો

પરમેશ્વર વીતરાગદેવે (કહેલો) એવો જે આત્મા, એને અંતર્મુખ થઈને રાગના વિચાર રહિત અરાગી, નિરાગી પરિણતિ દ્વારા એની પ્રતીત કરવી એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. લ્યો, ભાઈ! માંગલિક ઠીક થયું, જુઓ! અહીંથી ૨૩ થી આવ્યું. કહો! સમજાણું?

પંચાધ્યાયીકારે તો બહુ સરસ વાત લીધી છે, આધાર બધા આપ્યા છે. જોયું. આ અમૂઢદષ્ટિમાં આપ્યું છે, આમાં–'મખ્ખનલાલજી' નું 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે ને મોટું? પહેલા એ (સંવત) ૧૯૮૨ માં જોયું હતું. 'વઢવાણ' ચોમાસુ હતું. એમાં તો ચોખ્ખું આવું લખ્યું છે. સરાગ સમકિત ન હોય, સમકિત તો વીતરાગ જ હોય. અને જ્યાં સમકિત છે ત્યાં જ્ઞાનચેતના (હોય જ). એમ સિદ્ધ કર્યું છે ને ન્યાં? જ્ઞાનચેતના. કેટલાક કહે છે છઠ્ઠા ગુણસ્થાન સુધી પ્રતીતરૂપ, શ્રદ્ધારૂપ સમકિત હોય, જ્ઞાનચેતના નહિ. પછી હોય. બધું લખ્યું છે. ના, પહેલેથી સમ્યગ્દર્શનથી જ જ્ઞાનચેતના એટલે જ્ઞાન જ્ઞાનમાં એકાગ્ર થઈ, જ્ઞાન રાગમાં નહિ, વસ્તુ સ્વરૂપ જ્ઞાન ચેતન છે એ જ્ઞાનમાં એકાગ્ર થઈ જે જ્ઞાન પર્યાય–સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું, એમાં જે પ્રતીત થઈ એને જ્ઞાનચેતના સહિત સમ્યગ્દર્શનની પ્રતીત વર્તે છે. કહો! સમજાણું કાંઈ? બહુ ગડબડ ચાલે છે. વ્યવહાર વ્યવહાર સમકિત, વ્યવહાર વ્યવહાર સમકિત છે જ નહિ. સમકિત વ્યવહાર એટલે કે નહિ. એ તો નિમિત્ત દેખીને આરોપથી કથન છે. આરોપથી કથન છે તો મીંદડું સિંહ થઈ ગયું?

મુમુક્ષુ :– આત્મસન્મુખ દષ્ટિમાં આઠ અંગ...

ઉત્તર :– આઠ અંગ હોય છે, આઠ આચાર હોય છે, હોય છે. તેના આચાર એ છે, એ કહે છે, જુઓ! ૨૨મી ગાથા લીધી?

જુઓ! **'आत्मरूपं तत्, तत्' 'તે શ્રદ્ધાન જ આત્માનું સ્વરૂપ છે.'** એમ જોર છે, પાછું, જોયું? આત્મા અખંડ આનંદ સ્વરૂપ, શુદ્ધ સ્વભાવ અનંત ગુણ નિર્વિકલ્પ સ્વભાવ જેનો, એવા સ્વભાવ સન્મુખ થઈને, વિકારથી વિમુખ થઈને અંતર આત્માના જ્ઞાનના ભાનની પ્રગટ દશા સહિત પ્રતીત કરવી તે આત્માનું સમ્યગ્દર્શન રૂપ છે. કહો! સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શનના આ આઠ આચાર છે, લ્યો! ઠીક! એના આઠ કિરણો, સૂર્ય ઉગ્યો હોય એના આઠ કિરણ હોય ને? કિરણ. એમ આઠ એના લક્ષણ કહો, આઠ એના ચિહ્ન કહો, આઠ અંગ કહો કે આઠ આચાર કહો. પહેલો બોલ. સમકિતના આઠ અંગનું વર્ણન, નિઃશંક્તિ અંગ, ૨૩મી ગાથા.

**सकलमनेकान्तात्मकमिदमुक्तं वस्तुजातमखिलज्ञैः।**
**किमु सत्यमसत्यं वा न जातु शङ्केति कर्तव्या।।२३।।**

આહાહા..! **અન્વયાર્થ :– 'अखिलज्ञैः' 'अखिलज्ञैः'** અખિલ. સર્વના જાણનાર એવા સર્વજ્ઞ પ્રભુ. જુઓ! અખિલ એટલે સંપૂર્ણ જગત ત્રણકાળ, ત્રણલોક એને જાણનારા **'સર્વજ્ઞદેવે...'** જુઓ! પાઠ જ પહેલો ઇ મુક્યો. **'કહેલો આ સમસ્ત વસ્તુસમૂહ...'** ભગવાને પાછી એક

જ ચીજ નથી કહી. એમણે કહેલો સમસ્ત વસ્તુનું સમૂહ એટલે ઘણી (વસ્તુઓ). વળી કેવી છે? **'અનેક સ્વભાવરૂપ છે...'** અનેકાન્તાત્મક–અનેક સ્વભાવ છે. વસ્તુનો એક જ સ્વભાવ છે એમ નથી. અનંત ધર્માત્મક અસ્તિ-નાસ્તિ આદિ અનંત ધર્મ સ્વરૂપ આત્મા, પરમાણુ આદિ. ભગવાન કેવળજ્ઞાનીએ છ દ્રવ્યો જોયા. એ બધા અનેક સ્વભાવરૂપ છે.

**'તે શું સત્ય છે? અથવા જૂઠ છે એવી શંકા કદીપણ ન કરવી જોઈએ.'** એટલે એને હોય નહિ, એમ. ઉપદેશમાં તો એમ બોલે ને? એવી શંકા હોય નહિ. ભગવાને પરમેશ્વરે કહેલો ષટ્દ્રવ્યાત્મક લોક, અનેક સ્વભાવવાળું તત્ત્વ જેવું છે એવું જ ભગવાને કહ્યું છે અને એવું છે. એમાં સમ્યગ્દષ્ટિને જરી પણ શંકા સૂક્ષ્મ પણ હોતી નથી. સમજાણું કાંઈ?

**ટીકા :– 'સર્વજ્ઞદેવે આ સમસ્ત જીવાદિ પદાર્થોનો સમૂહ અનેકાન્તાત્મક (અનેક ધર્મસ્વરૂપ) એટલે અનેક સ્વભાવસહિત કહ્યો છે...'** એ તો એટલા ને એટલા શબ્દાર્થ કર્યા છે. **'તે શું સાચું છે કે જૂઠું છે - કદી એવી શંકા ન કરવી.'** એ તો અન્વયાર્થમાં છે. વજન એટલું છે **'अखिलज्ञैः'**. સર્વજ્ઞ પરમેશ્વર છે જેના કથનમાં કહેનારા એવા જે સર્વજ્ઞ પરમેશ્વર જે સંપ્રદાયમાં હોય એ સર્વજ્ઞે કહેલા પદાર્થોને સમ્યગ્દષ્ટિ નિઃશંકપણે શ્રદ્ધે છે. એમાં એની શંકા હોતી નથી. આવા હશે કે નહિ? એક આત્મામાં અનંતા ગુણ? એક પરમાણુ આવડો નાનો એમાં અનંતા ગુણ? એક પરમાણુ આકાશના એક પ્રદેશને રોકે અને ગુણ કેટલા? કે જેટલા આકાશના ગુણ અનંતા એટલા અનંતા ગુણ એક પરમાણુમાં. સમજાણું? લોકાલોક વ્યાપક આકાશ એના જે ગુણની સંખ્યા એટલી સંખ્યા એક પરમાણુની. સમજાય છે કાંઈ? એટલા ધર્મ, ગુણ અનંતા અનંત. વસ્તુ છે ને? વસ્તુનો સમૂહ કીધો ને? વસ્તુસમૂહ એટલે છએ દ્રવ્યો. **'वस्तुजातम'** કહ્યું ને? વસ્તુની બધી જાત, સમૂહ. આહાહા..!

રસ્તામાં ચાલતા એક એક રજકણ આ શું છે? જુઓ! આ પવનને લઈને પેલી ઉડે છે કે નહિ? શું કહેવાય એ? જુઓ! ઉડે છે ને આ બહાર? કાગળ ઊંચા ઊંચા. કહો! એ પવનને લઈને ઉડે છે કે નહિ? જુઓ! આ પવનને લઈને ક્યાંનું ક્યાં જાય છે. પેલું છૂટું પડી ગયું છે, એક હેઠે ને ઊંચે ને આમ થયા જ કરે. પવન ન હોય તો થાય? પણ એનો અર્થ છે કે, એક એક રજકણ અનંત ધર્માત્મક સ્વરૂપ છે. એને લઈને એ બધી ઊંચી ગતિ, નીચી ગતિ થયા કરે છે, પોતાની ક્રિયાવતી શક્તિ પોતાને જ કારણે, પરને કારણે નહિ.

મુમુક્ષુ :– એનું નામ અનેકાન્તાત્મક?

ઉત્તર :– એને નામ અનેકાન્તાત્મક છે. કાલે તૂટી ગયું હતું તો કાલે બહુ ઊંચું ચાલતું હતું, ઘડીક ઊંચું જાય, ઘડીક હેઠું જાય. જુઓ! (કોઈ) માને કે એને કારણે આ થાય છે. પણ એનું અસ્તિત્વ છે કે નહિ? એક એક એનો પોઈન્ટ જે રજકણ છે એનું અસ્તિત્વ છે અને એના અસ્તિત્વનું ક્ષેત્રાંતર, રૂપાંતર, કાળાંતર, ભાવાંતર થવું એ પોતાને કારણે

www.vitragvani.com



છે. એવો જ એ અનંત ધર્માત્મક પદાર્થ છે. કેમ 'માસ્તર'! આ પરમાણુ એની મેળે ઉડતા હશે આ? આ જુઓને આ કાગળીયા જુઓ ઉડે સામે. જુઓ! આ લુગડું ઉડે, લ્યો! જુઓ! પવનને લઈને ઉડે છે કે નહિ? જુઓ! આ. 'માંગીરામજી'!

અહીં કહે છે, '**वस्तुजातं अखिलज्ञैः**' ભગવાને એક એક વસ્તુ અનંત ધર્માત્મક જોઈ છે. ભાઈ! આકાશ મોટું હો કે પરમાણુ નાનો હો, બધા ધર્મો એના ગુણો તો સરખા જ છે. સમજાય છે? એમ આત્મા એક નિગોદમાં હોય. આટલું શરીર, એક શરીરમાં અનંત આત્મા, લ્યો! હવે એક આત્મામાં અનંતા અનંતા ધર્મ. આહાહા..! એમ છે અને વસ્તુ કોને કહે? વસ્તુ તરીકે જ્યાં સ્વભાવિક પદાર્થ જ્યાં અકૃત્રિમ પદાર્થ સહજ સ્વરૂપ વસ્તુ છે. જડ-ચેતન (ગમે તે) હો, એની અનંત શક્તિ, અનંત ધર્મ, અનંત ગુણ સ્વરૂપ જ હોય. એ પોતે ક્ષણે ક્ષણે પોતાના અનંત ધર્મરૂપે પરિણમે છે એ પોતાને કારણે જ છે, એમાં કોઈનું કારણ-ફારણ નથી. નહિતર અનેક તે અનેક રહેતા નથી.

તેથી (કહ્યું), '**वस्तुजातं**' વસ્તુનો સમૂહ અનેક સ્વભાવરૂપ. એક તો વસ્તુનો સમૂહ કીધો, એ પાછો અનેક ધર્માત્મક કહ્યો, એમ. સમજાણું? એક તો વસ્તુ ઝાઝી કીધી અને પાછા એક એક ધર્મ, એક એક વસ્તુના ઝાઝા ધર્મ કહ્યા. ઝાઝા એટલે સમજ્યા? ઘણા એમ. એ જેટલા છે એટલા પદાર્થો ને એક એકમાં જેટલા છે તેટલા અનેકાંત્મક ગુણો. આહાહા..! વસ્તુ એવી છે ત્યાં.

પોતાના જ્ઞાન ચમત્કારની પણ વસ્તુ એવી છે કે, એક સમયમાં કેટલું જાણે! ક્ષેત્ર આવડું, જાણે છે ને? પ્રત્યક્ષ નથી થતું? એને અસંખ્ય સમયનો ઉપયોગ પણ કેટલું જાણે. એનો અસંખ્યમો ભાગ એક સમય છે. એક સમયમાં અનંત અનંત જાણે છે એવો જ એનો સ્વભાવ છે. સ્વપણે છું, પરપણે નથી, પર અનંતપણે છે એમ અનંત પણ બીજાપણે નથી. એવા અનંત ધર્માત્મક પદાર્થ સ્વતંત્ર છે એમાં ધર્મીને શંકા જરીએ, સ્વપ્નામાં પણ શંકા હોતી નથી. કહો!

'**શંકા નામ સંશયનું છે. જિનપ્રણીત પદાર્થોમાં...**' નિર્દોષ પરમાત્માએ કહેલા પદાર્થો. જિન એટલે નિર્દોષ પરમાત્મા, જેના દોષ બધા ગયા છે. દોષ બધા ગયા છે ને ગુણ બધા નિર્મળ થયા છે. દોષ બધા ગયા છે અને ગુણ બધા નિર્મળ થયા છે, બસ! આ ભગવાન. કહો! જિન છે ને? જીતવું. દોષોને જીત્યા છે ને બધા ગુણ નિર્મળ પ્રગટ થયા છે, બસ! એનું નામ જિન. એ જિન કોઈ સંપ્રદાય વાચક નથી, ગુણ વાચક શબ્દ છે. વસ્તુમાં, આત્મામાં જે દશામાં ગુણો ભર્યા છે આખા સ્વભાવમાં, એની પર્યાયની પૂર્ણ પ્રગટતા કરી. પૂર્ણ પ્રગટ કરી એટલે સદોષતાનો નાશ કર્યો. સદોષને જીત્યા ને નિર્દોષને પ્રગટ કર્યા. એવાને પરમાત્મા અને જિન પરમેશ્વર કહેવામાં આવે છે. આ તો ગુણવાચક જ, વસ્તુના ગુણવાચક જ એ પદ છે. એ કોઈ સંપ્રદાયનું પદ નથી કે જૈનમાં અરિહંત કહેવાય કે જૈનમાં જિન કહેવાય,

www.vitragvani.com



એમ નહિ.

**'જિનપ્રણીત પદાર્થોમાં સંદેહ ન કરવો તેને [1]નિઃશંકિત નામનું અંગ કહીએ.'** લ્યો! નીચે. **'સ્વામી સમંતભદ્રાચાર્યકૃત રત્નકરંડશ્રાવકાચાર ગા. ૧૧માં કહ્યું છે કે - તત્ત્વ આ જ છે, આવું જ છે,...'** આ જ છે અને એવું છે. એ હજી ત્યાં સુધી તો એનું એ છે. હવે **'અન્ય નથી...'** એમ ત્યાં અનેકાંત કર્યું છે. તત્ત્વ આ જ છે ને આવું છે પાછું એમ. જેવું છે એ છે એક કીધું, તત્ત્વ આ જ છે ને આવું જ છે એટલે એના આવા ગુણોવાળું આવું છે, એમ. તત્ત્વ આ જ છે અને આવું જ છે એટલે એવા જે ગુણો છે એવું જ એ તત્ત્વ છે. સમજાણું કાંઈ?

ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાનીએ જે તત્ત્વ કહ્યા તે તત્ત્વ એ જ છે અને આવું જ છે. એના ગુણ જેટલા ધર્મ છે તેવું જ એ તત્ત્વ છે. આહાહા..! આ જ છે અને આવું જ છે. તેટલા છે અને તેટલા અનંત ધર્માત્મક વસ્તુ છે, અન્ય નથી, એ અનેકાંત. બીજી રીતે હોઈ શકે નહિ. બીજી રીતે એ વસ્તુ-વસ્તુ છે નહિ. **'અથવા બીજી રીતે નથી.'** અન્ય નથી એમ કહ્યું ને? અથવા બીજી રીતે ન હોઈ શકે. જે રીતે છે ગુણ ધર્માત્મક તે રીતે પદાર્થ છે.

**'એવી નિષ્કમ્પ તલવારની તીક્ષ્ણધાર સમાન...'** ઉપમા આપી છે. **'નિષ્કમ્પ તલવારની તીક્ષ્ણધાર સમાન સન્માર્ગમાં સંશય રહિત રુચિ...'** વીતરાગ સર્વજ્ઞના માર્ગની અંતરરુચિ, **'વિશ્વાસને નિઃશંકિત અંગ કહે છે.'** કહો! સમજાણું કાંઈ? એક બોલ થયો, એક આચાર થયો. બીજું અંગ. સમકિતનું ધર્મી જીવનું સમકિતનું બીજું અંગ, બીજું લક્ષણ, ચિહ્ન, આચાર. નિઃકાંક્ષિત અંગ.

इह जन्मनि विभवादीन्यमुत्र चक्रित्वकेशवत्वादीन्।
एकान्तवाददूषितपरसमयानपि च नाकांक्षेत्।।२४।।

**'આ લોકમાં ઐશ્વર્ય, સંપદા આદિ,...'** ઇચ્છતો નથી. જેને પરપદાર્થની ઇચ્છા જેને નથી. સ્વપદાર્થની દૃષ્ટિ ને અનુભવ દૃષ્ટિ થઈ છે, એની પોતાની નિજ સંપદાની જેને પ્રતીત થઈ છે એવા ધર્મીને પરસંપદાની ઇચ્છા હોતી નથી. એની વ્યાખ્યા કરે છે. આ લોકની ઐશ્વર્યતા, સંપદા આદિ અને **'પરલોકમાં ચક્રવર્તી, નારાયણ આદિ પદોને...'** પરલોકમાં જઈને કોઈ ચક્રવર્તી થાઉં, નારાયણ થાઉં, ઇન્દ્ર થાઉં, દેવ થાઉં એને ઇચ્છતો નથી. પોતાના આનંદમૂર્તિની પ્રતીત થઈ છે એની ભાવના કરે કે આ ઇચ્છા હોય એને? એને પરપદની ઇચ્છા જ હોતી નથી એમ કહે છે.

સમકિતી ચક્રવર્તીપદમાં પડ્યો હોય છતાં તે પદની ઇચ્છા એને નથી. એ વર્તમાન નથી ને ભવિષ્યમાં પણ નથી. પોતાનો નિજ સ્વભાવ અનાકુળ આનંદ ને જ્ઞાનની મૂર્તિ જેણે જાણ્યો છે, અનુભવ્યો છે, જોયો છે એવા સમ્યગ્દૃષ્ટિ પોતાના સિવાયની બહારની સંપદા,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઐશ્વર્યતા, મોટપ પોતાની મોટપ જોઈ એમાં પરની મોટપની ઇચ્છા ક્યાં કરે? પોતાની ઐશ્વર્યતા, સંપદા જોઈ છે એમાં બીજાની ઈશ્વરતા એને લાગતી નથી. પરલોકમાં પણ ચક્રવર્તી, નારાયણ આદિના નથી, એક વાત.

બીજી વાત, **'એકાન્તવાદથી દૂષિત અન્ય ધર્મોને પણ ચાહે નહિ.'** બે વાત કીધી. એક તો પોતાની શુદ્ધ સંપદાની ભાવનાવાળો (છે). એ સંપદા રહિત આવી સંપદા જેમાં નથી ને બીજી ઐશ્વર્ય ને મોટપ છે એવા ચક્રવર્તી આદિ પદની પણ જેને ઇચ્છા નથી. એ તો એક પુણ્યની પણ જેને ઇચ્છા નથી. પવિત્રતાની ભાવના આગળ પુણ્યભાવની પણ એને કિંમત છે નહિ. કહો! આ પુણ્ય માટે તો બિચારા મરી જાય છે. પુણ્ય... પુણ્ય... પુણ્ય... પુણ્ય એટલે શું પણ? આત્મામાં એક ફોતરું એક જાગે સાધારણ, સ્વભાવના રસ-કસ વિનાનું.

મુમુક્ષુ :– ગુણ બળીને થાય છે ને!

ઉત્તર :– ગુણની શાંતિ બળે ત્યારે વિકલ્પ ઉઠે છે. એ ક્યાં આત્માની શાંતિ છે? અશાંતિ છે. આત્માનો શાંતરસ વીતરાગી સ્વરૂપ એમાંથી જ્યારે બહાર ખસ્યો ત્યારે તો અશાંતિ થઈ. પુણ્યનો વિકલ્પ અશાંતિ છે. એ સમ્યગ્દૃષ્ટિ પુણ્યના ફળની–ઐશ્વર્ય, સંપદાની ઇચ્છા નથી કરતો, એમ કહે છે. અને એકાંતવાદી દૂષિત અન્ય ધર્મો, જેમાં એકાંતપણું છે વાસ્તવિક તત્ત્વની ખબર નથી એની બહારની કોઈ મોટપ દેખીને એની પણ ઇચ્છા કરતો નથી. અન્ય ધર્મોને પણ ચાહે નહિ. **'अपि'** એટલે શું? આ ન ચાહે અને આ પણ ન ચાહે, એમ. સર્વજ્ઞ પરમેશ્વર સિવાય કોઈ અન્ય માર્ગ અનેક વર્તતા હોય એને સમ્યગ્દૃષ્ટિ ઇચ્છતો નથી. કે, કાંઈક એમાં હશે? આવા મોટા કરોડોપતિ માનનારા, અબજોપતિ માનનારા. સમજ્યા ને? દેવાદિ ચમત્કાર આદિ હોય છે એમાં કાંઈક હશે? ધૂળ પણ નથી.

સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા કહ્યો અને જોયો ને અનુભવ્યો એવો આત્મા સિવાય બીજી ચીજ ક્યાંય બીજે એવી હોઈ શકે નહિ. અન્યમતમાં અન્યમતીએ ક્યાં જોયું છે? સર્વજ્ઞ હોય એણે પદાર્થ જોયા હોય. અન્યમતમાં સર્વજ્ઞ હોતા નથી, સર્વજ્ઞ હોતા જ નથી. ત્યાં પછી એના પદાર્થ સાચા જોયા હોય એમ છે નહિ. માટે **'एकान्तवाददूषितपरसमयान्'** અન્ય ધર્મો. સમયનો અર્થ એમ કર્યો. એને પણ સમ્યગ્દૃષ્ટિ ઇચ્છતો નથી. કહો! સમજાણું કાંઈ?

મોટા મોટા બાવા હોય, જોગી હોય મોટા આમ મહંત ફરતા હોય, ઓ..હો..! મોટા ચક્રવર્તી માનતા હોય. આમાં કાંઈક હશે? એ (એને) માને નહિ. સમજાણું કાંઈ? અન્ય ધર્મોને બિલકુલ ઇચ્છે નહિ. કારણ કે, સાચી વાત સર્વજ્ઞ સિવાય બીજે હોઈ શકતી નથી. એમ એણે પોતાના આત્માની પ્રતીત ને અનુભવ કરીને જોયું છે. સર્વજ્ઞ કહે છે એવું જ આ તત્ત્વ છે. વીતરાગભાવ એ બતાવે છે તો આત્મા જ વીતરાગભાવ સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

**ટીકા :– ''इह जन्मनि विभवादीनि न आकांक्षेत्' આ સમ્યગ્દૃષ્ટિ આ લોકમાં તો**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**સંપદા વગેરે અને પુત્રાદીને ચાહે નહિ.**' લ્યો! એ દીકરા ને દીકરીઓની ઇચ્છા ન હોય. વાંઝિયા છીએ ને પુત્ર થાય તો ઠીક, (એમ) સમ્યગ્દષ્ટિને હોતું નથી. સંપદા વગેરે આબરૂ, કીર્તિ મોટી, પુત્રાદીને ચાહે નહિ.

મુમુક્ષુ :– કુધર્મીને ચાહે?

ઉત્તર :– કોઈને ચાહે નહિ. ચાહે આત્માની ભાવના કરે એમ કહે છે. આત્મા આનંદ છે એની ભાવના કરે કે આ ધૂળની જેમાં નથી એની કરે? એનામાં નથી એની ભાવના શું કરે? એમ કહે. કહો! સમજાણું કે નહિ? આમ તમારી વાત સાંભળીને ગલગલીયા થઈ જાય. પેલા તમારા છોકરાની. 'રાજકોટ'માં બહુ કહેતો હતો. એ.. 'પુનમ' નું આવ્યું, 'પુનમચંદ' નું આવ્યું, કો'ક કહેતું હતું. પાછળથી આવીને બહુ (કહેતું હતું). પુણ્ય તત્ત્વ પણ એક અસ્તિત્વ ધરાવે છે ને? ભપકો છે ને એ સંધ્યાનો? સંધ્યાનો રંગ. આથમી જાશે પછી કાંઈ ન મળે. એ ઇચ્છે નહિ, ધર્મીને એ ઇચ્છા હોય નહિ. ભાઈ! એવું સાંભળીને એમ ન થઈ જાય એને કે, ઓહો..! મારે આવું હોય ને આપણે, આવું હોય ને સારું. શું હોય? ધૂળ હોય? વિષ્ટા છે એ બધી. સમજાણું કાંઈ? કહો! 'દિલ્હી' 'દિલ્હી' રહો છો ને તમે? તેના પુત્રની ત્યાં પાલખી ચાલી છે. સાંભળ્યું છે? ફિલ્મ, ફિલ્મ. પાલખી. અમે ત્યાં હતા. ત્યારે આ મોટું હતું. શું કહેવાય એ? બોર્ડ. 'ચંદુભાઈ'એ કીધું, આ પુનમની લાગે છે, પાલખી. એમના બીજા નંબરના દીકરા થાય છે. બે દિ'માં પોણા પાંચ લાખ પેદા કર્યા ન્યાં, એંશી લાખની પાલખી લીધી, પાલખી એટલે? પાછું એક કો'ક કહેતું હતું, પાલટી? પાલટી. એ પણ કો'ક કહેતું હતું કે મારા નામનું નામ આવવું જોઈએ એમાં. પપ્પો છે તો પપ્પો આવ્યો. ત્યારે નામ આપ્યું છે. ઘણા છોકરાઓ વાતું કરતા હતા. 'પુનમચંદ' છે ને નામ? એ ફિલ્મનું નામ પએ આવવું જોઈએ. ત્યારે પાલટી આવી છે, કહે છે. આવા ને આવા. આહાહા..! એંશી લાખમાં પાલટી. બે દિ'માં પોણા પાંચ લાખ આવ્યા. એંશી લાખમાં પાંચ કરોડ આવશે લખ્યું છે એમાં, લ્યો! થોડા વખતમાં પાંચ કરોડ થાશે.

મુમુક્ષુ :– મોટું મંદિર બનાવશે.

ઉત્તર :– ઇ તો કહેતા હતા કે, મને લાભ મળશે, જો આપે તો. ઇ કહેતા હતા એ વખતે ન્યાં 'રાજકોટ'માં સાંભળીને કે મને લાભ મળશે. પણ એમાં કાંઈ છે નહિ, ધૂળ ધાણી છે. એ તો પુણ્યના ભપકા થોડા દેખાય. આત્માને શું એમાં? એ ભડકા, ભડકો છે, ભડકો. હમણાં આજે ન જોયું? રસ્તામાં કાંઈક બળ્યું, ધડાકો લાગ્યો. રસ્તામાં નીકળતા પેલો તાર છે ને તાર? વીજળીનો. એ કાંઈક બળ્યો, મોટો ભડકો થયો. ઉપર ને ઉપર અધ્ધર થાંભલામાં. અવાજ મેં સાંભળ્યો, મારી નજર ન્યાં નહોતી, હું તો નીચે જોતો હતો, આ લોકોએ જોયું, મોટો ભડકો થયો, કોઈ બળી ગયું હશે અંદર. મોટો ભડકો થયો, ભડકો થઈને પાછો ઓલવાઈ ગયો, એમ મારું તો કહેવું છે. ભડકો થઈને પાછો ઓલવાઈ ગયો

તરત ને તરત. નજર પણ ન પડી, હું તો આમ નીચે જોતો હતો. અવાજ સાંભળ્યો મોટો, કીધું શું થયું આ? ત્યારે કહે, આ બળ્યું. થાંભલામાં મોટો ભડકો નીકળ્યો. ઘડીકમાં ભડકો પ્રકાશ ને ઘડીકમાં અંધારું પાછું. એમ આ પુણ્યના પરિણામમાં પણ એમ છે. બહારનો ભપકો દેખાય (પછી) અંધારા. હાય..હાય..! એવી ઇચ્છા ધર્મી કરતો નથી.

ધર્મીને આ લોકની અને પુત્રાદિની... લ્યો! સમજાય છે? અથવા **'વળી પરલોકમાં ચક્રવર્તીપદ,...'**ની ઇચ્છા કરતો નથી. નારાયણ નામ વાસુદેવ, સમજ્યા ને? વાસુદેવ કહેવાય છે ને? અર્ધચક્રી, અર્ધનારાયણનીઇચ્છા કરતો નથી. **'આદિ શબ્દથી ઇન્દ્રાદિ પદને ચાહતા નથી.'** એ સમ્યગ્દૃષ્ટિ ધર્મી ગૃહસ્થાશ્રમમાં હોય એ ઇન્દ્રપદને ચાહે નહિ. ઇન્દ્રપદ ધૂળ છે. એમાં શું હતું ન્યાં? પદ કેવું? આત્મપદમાં આનંદ નિધાન પડ્યા છે, એ પદને ઇચ્છે શેના? કહો! સમજાણું?

**'વસ્તુના એકાન્તસ્વભાવનું કથન કરવાને લીધે...'** સર્વજ્ઞ જેનામાં નથી, તેથી તેણે વસ્તુનું સ્વરૂપ જાણ્યું નથી. તેથી વસ્તુને પોતાની કલ્પનાથી એકાન્ત ધર્મ કહેનારા, **'દૂષણ સહિત જે અન્યમત તેને (સમ્યગ્દૃષ્ટિ) ચાહતા નથી.'** કહો! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :– 'નિઃકાંક્ષિત નામ વાંચ્છા રહિતનું છે.'** જેને ઇચ્છા જ નથી, શેની ઇચ્છા? ધૂળમાં. 'ક્યા ઇચ્છત સબ ખોવત, હૈ ઇચ્છા દુઃખ મૂલ' ઇચ્છા જ નથી જેને, કાંક્ષા જ નથી, ઇચ્છા જ નથી એમ કહે છે. અસ્થિરતાની ઇચ્છા એ ખરેખર ઇચ્છા છે નહિ. **'કારણ કે આ લોક સંબંધી પુણ્યના ફળને ચાહતા નથી...'** લ્યો! આ લોક સંબંધી પુણ્યનું ફળ. આનું આમ આવે ને આનું આમ આવે, આ કરીએ તો દીકરો થાય, ફલાણું થાય એવું કાંઈ ચાહતા નથી. લક્ષ્મી મળે, પૈસા મળે. કંઈક ધર્મ કરીએ તો પૈસા મળે. સમજાણું? કંઈક ધર્મ કરીએ તો લક્ષ્મી મળે, બાયડી-છોકરા મળે, ઠીક થાય. મૂઢ છો માળા. મળવું, ન મળવું એ કંઈ તારી ઇચ્છાથી છે? ધર્મી પુણ્યના ફળને ચાહતા નથી. લ્યો!

**'સમ્યક્ત્વી પુણ્યના ફળરૂપ ઇન્દ્રિયના વિષયોને...'** ધૂળના ફળને ચાહતા નથી તેથી **'સમ્યક્ત્વી પુણ્યના ફળરૂપ ઇન્દ્રિયના વિષયોને આકુળતાના નિમિત્ત હોવાથી દુઃખરૂપ જ માને છે.'** એ પાંચ, પચાસ કરોડ રૂપિયા ને ઇન્દ્રના ઇન્દ્રાસન બધા દુઃખરૂપ છે. સમ્યગ્દૃષ્ટિને આત્માની દૃષ્ટિ થઈ છે, અનુભવ થયો છે, આત્મા શુદ્ધ આનંદની મૂર્તિ છે, આનંદનો સ્વાદ છે તેથી સમ્યગ્દૃષ્ટિને દુનિયાની કોઈપણ પદાર્થની ઇચ્છા હોતી નથી. કહો! સમજાણું કાંઈ? આકુળતાનું દુઃખરૂપ, દુઃખની ઇચ્છા કરે? દુનિયા કહે કે આ સુખી છે, જ્ઞાની કહે કે, દુઃખી છે. કહો! પાંચ, પચાસ કરોડ થયા, દુઃખી છે બિચારા. નવરા ન મળે, નવરાશ ન મળે. એમાં ને એમાં એ કોકડું ગુંચાય, વિકલ્પની જાળ, આ કરું ને આ કરું, આ કરું ને આ કરું. ટાણા આવે ત્યાં આંખો વીંચાય જાય. જાઓ..! માંડ અવતાર મળ્યો. આ ભવ ભવના અભાવનું કારણ ન રહ્યો, ત્યાં ભવ વધારીને ચાલ્યા ગયા. કહો, સમજાણું કાંઈ?

www.vitragvani.com



**'એ દુઃખ જ માને. વળી અન્યમતી નાના પ્રકારની એકાન્તરૂપ કલ્પના કરે છે...'** આત્મા નિત્ય જ હોય, અનિત્ય જ હોય, શુદ્ધ જ હોય, અશુદ્ધ જ હોય એમ જે માને છે, પર્યાય ન હોય, કોઈક કહે, પર્યાય હોય, દ્રવ્ય હોય નહિ. **'એમ તેને ભલા જાણી ચાહતા નથી.'** સમ્યગ્દૃષ્ટિ એને ભલા માનતા નથી. સમજાણું કાંઈ?

બે આચાર થયા–નિઃશંક્તિ, નિઃકાંક્ષિત. એ તો આમ નિઃશંક, આમ નહિ એમ. પોતાના વીતરાગ સ્વભાવમાં શંકા નહિ, આમ પરપદાર્થની ઇચ્છા નહિ. એ અસ્તિ-નાસ્તિથી વાત કરી છે. સમજાય છે કાંઈ? પોતાનો નિર્વિકલ્પ સ્વભાવ, પૂર્ણ શુદ્ધ આનંદ સ્વભાવ એમાં જેને કંઈ સંદેહ, શંકા નથી એવા આત્મા સિવાય બીજા પદાર્થની એને ઇચ્છા નથી. બસ! એ અસ્તિ-નાસ્તિ થઈ ગયું. ઇ સમ્યગ્દૃષ્ટિ કહેવાય. આ તો હજી તો સમ્યગ્દૃષ્ટિ અમે છીએ, આ પૈસા હોય તો ઠીક, ઢીંકણું હોય તો ઠીક, આ હોય તો ઠીક, લ્યો! કેટલા માને છે, 'પદ્મપુરા' જુઓને! 'ગયાતાને, પદ્મપુરા' પંડિત ભાષા એમ કરતા હતા કે, અહીંથી આમ ફલાણું થાય છે, ફળે છે. અરે..! ભગવાનને નામે આવું ફળે છે ચલાવો છો. ઊંધી માન્યતા કેટલી! એવી ક્યાંક બીજે નહિ? 'મહાવીરજી'. ન્યાં પણ ચાલે છે ને. 'મહાવીરજી'માં તો મોટું ચાલે છે, બહુ ચાલે છે. આવું વીતરાગના નામે ચાલવા દે! વીતરાગની પ્રતિમા તો એક શુભભાવમાં નિમિત્ત છે ભક્તિ તરીકે. એને આવા માને એ તો મહા પાખંડ ચલાવવું છે. સમજાણું? ચાલે છે, બધા કેટલાય ચાલે છે.

મુમુક્ષુ :– પંડિતો ચલાવે છે?

ઉત્તર :– હા પંડિતો ચલાવે છે, પંડિતો ભાષણ કરે. અહીં લોકો આવે એને આમ થાય છે, ફલાણું આમ થાય છે, ફલાણું આમ થાય છે, એમ કહે. ત્યાં 'ભંવરલાલે' ભાષણ કર્યું હતું, નહિ? 'પદ્મપુરા'. આવ્યા હતા કે નહિ તમે? ભાષણ કર્યું હતું. 'પુનમચંદ ગોદીકા' સાથે હતા. ભાષણ કર્યું હતું, આ લોકો આમ થાય. મારું જરી સાંભળ્યું ને એટલે જરી કડક થઈને વાત કરતા હતા. આમ લોકો માને છે માટે લોકોનું વલણ વધારે છે. પણ વધારે આવા કારણે વલણ વિદ્વાનને નામે આવા ઊંધા લાકડા ખોસવા... ચમત્કાર ખોટો, છે નહિ કાંઈ.

મુમુક્ષુ :– નવલભાઈ કહેતા'તા ગાંડા છે બધા.

ઉત્તર :– હા એ બધા, એ બધા ગાંડા જ છે ને અમસ્તા પણ.

ઇચ્છા માત્ર ન હોય, ધર્મીને પોતાના પૂર્ણ આનંદની ભાવના હોય. એને પુણ્યના વિકલ્પની ભાવના નથી તો વળી એના ફળની પ્રાપ્તિ થાય એની ભાવના હોઈ શકે જ નહિ. (એવી ઇચ્છા હોય તો) એ મિથ્યાદૃષ્ટિ છે, વીતરાગને માનનારો નથી. હવે ત્રીજું નિર્વિચિકિત્સા અંગ. પેલી કોર છે નિઃકાંક્ષિત, પેલી કોર નીચે. ફૂટનોટમાં.

**'નિઃકાંક્ષા = (વિષયોની-વિષયના સાધનોની અભિલાષા-આશાને કાંક્ષા કહે છે)...'**

www.vitragvani.com



વિષયોની અથવા વિષયોના સાધનોની અભિલાષા. સાધન છે ને બધા વિષયના? પુત્ર ને પૈસા ને ફલાણું વગેરે વગેરે. એની આશાને કાંક્ષા કહે છે. **'અર્થાત્ કર્મને વશ થઈને, અંતવાળા,...'** એ બધા અંતવાળા છે, બે-પાંચ વર્ષ દેખાય ને પછી ખલાસ. ધૂળ, ધાણી, વાહપાણી થઈ જાય. **'ઉદયમાં દુઃખમિશ્રિત...'** મર્યાદાવાળા, ઉદયમાં દુઃખ સહિત પાપના બીજરૂપ. **'સુખમાં અનિત્યતાનું શ્રદ્ધાન થવું...'** સમજાણું? એવા સુખમાં **'અનિત્યતાનું શ્રદ્ધાન થવું તે નિઃકાંક્ષિત અંગ છે.'** લ્યો! આહાહા..!

એવા સુખ અનિત્ય છે, નાશવાન છે. પૈસાના, બાયડીના, છોકરાના, પદમણી હોય, બધા સુખો ઝેર જેવા નાશવાન છે. જુઓને! ત્રણ વાત લીધી. કર્મને વશ થઈને જે વસ્તુ આવે છે એ અંતવાળી છે, ઉદયમાં દુઃખમિશ્રિત છે. દુઃખ તો સાથે છે, ભેગું જ દુઃખ છે. અને પાપના બીજરૂપ સુખ, ઠીક! એ સુખ કેવું છે? કે, પાપના બીજરૂપ છે. માનેલું સુખ પૈસામાં, આબરૂમાં, કીર્તિમાં, ઇન્દ્ર-ઇન્દ્રાસનમાં, દીકરા-દીકરીઓમાં, દીકરા સારા આમ કાળજા ઠરે, સારા આઠ મોટા છોકરા હોય લોઢા જેવા રળનારા, કહે છે કે, એ પાપના બીજરૂપ છે.

મુમુક્ષુ :– ક્યારે?

ઉત્તર :– આ સુખ વર્તમાન એ માને ત્યારે. એમાં સુખ છે એ પાપના બીજ છે, એમાં તો પાપ ફાટે છે. કહો! સમજાણું કાંઈ? સારા છોકરા થાય તો રાજી થાય. મૂઢ છો. પાપના બીજ છે તારા હૃદયમાં, એમ કહે છે. કહો! સમજાણું કાંઈ? સારા છોકરા થાય,... સાંભળ્યું? આ બે દિ'માં પોણા પાંચ લાખ પેદા કર્યા. એનો છોકરો યાદ આવ્યો પહેલામાં તો, બીજામાં પછી તમે કર્યું ન્યાં યાદ આવ્યા. એનો છે ને 'પુનમ'? 'કલકત્તા'માં એંશી લાખની પાલટી લીધી છે ફિલ્મ. 'દિલ્હી.. દિલ્હી'. આઠ દિ'માં પોણા પાંચ લાખ પેદા કર્યા, બે દિ'માં. થોડા દિ'માં પાંચ કરોડ કરવાનો છે, પાંચ કરોડ. રાજી થાય તો મૂઢ છે, એમ કહે છે. એમાં રાજી થાય એનો બાપ તો મૂઢ છે એમ કહે છે અહીં તો. રાજી શેનો? વિષ્ટા થોડી ખવડાવે, તો ખાવ વધારે. રાજી થા, શું એનો અર્થ?

પાપના બીજરૂપ સુખ છે એ તો, જુઓને! આહાહા..! એક તો કર્મના વશ થઈને આવવાવાળા (છે), કાંઈ તારા આધારે આવતા નથી અને તે પણ મુદ્દત લઈને આવવાવાળા. પાંચ, પચ્ચીસ વર્ષ રહેવું, ખલાસ! કો'કને પાંચ (વર્ષ પણ) રહેતા નથી, થોડું રહે ને ચાલ્યું જાય. ઉદયમાં દુઃખમિશ્રિત છે. એ બધો એનો ઉદય જ દુઃખમિશ્રિત છે. પાપના બીજરૂપ છે, એકલા પાપ જ બાંધે છે એમાં તો. એના સુખમાં અનિત્યતાનું (શ્રદ્ધાન), એ સુખ અનિત્ય છે, નાશવાન છે. એવું શ્રદ્ધાન થવું એને સમકિતી ધર્મનું નિઃકાંક્ષિત અંગ કહેવામાં આવે છે. 'રત્નકરંડ શ્રાવકાચાર'ની ગાથા છે. નિર્વિચિકિત્સા અંગ,

**क्षुत्तृष्णाशीतोष्णप्रभृतिषु नानाविधेषु भावेषु।**
**द्रव्येषु पुरीषादिषु विचिकित्सा नैव करणीया।।२५।।**

www.vitragvani.com



**'ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ વગેરે અનેક પ્રકારના દુઃખદાયક પર્યાયો છે અને અપવિત્ર વિષ્ટા આદિ પદાર્થોમાં ગ્લાનિ ન કરવી.'** ગ્લાનિ ન કરવી. શું કીધું? દ્વેષ ન કરવો, એમ કીધું. પોતાના શુદ્ધ અખંડ સ્વભાવની શંકા ન કરવી, પરમાં ઇચ્છા ન કરવી. હવે પ્રતિકૂળતામાં દ્વેષ ન કરવો એમ આવ્યું. પેલો રાગ ન કરવો, હવે દ્વેષ ન કરવો એ આવ્યું. સમજાણું? પર્યાયો.. પાઠમાં ભાવો છે, ટીકામાં એનો અર્થ પર્યાયો કર્યું.

અનેક પ્રકારના ભાવોમાં **'पुरीषादिषु'** એટલે વિષ્ટા આદિ, લ્યો! પદાર્થોમાં ગ્લાનિ ન કરવી જોઈએ. અનેક પ્રકારની દુઃખદાયક અવસ્થાઓ અને અપવિત્ર વિષ્ટા આદિ પદાર્થોમાં ગ્લાનિ નહિ. એ તો જગતની જડની પર્યાય છે. પરમાણુ એ રૂપે વિષ્ટારૂપે પરિણમ્યા એમાં વિષ્ટા છે માટે ખરાબ છે, એવું ક્યાં આવ્યું? એ તો પરમાણુની એ સમયની પર્યાય છે. એ સમયનું પર્યાય અસ્તિત્વ છે, દ્રવ્યનો એવો સ્વભાવ છે. એ પણે ગંધપણે પરિણમ્યો એ તો ગંધ ગુણની પર્યાય છે, એમાં અનિષ્ટ ક્યાં આવ્યું?

ક્ષુધા, તૃષા, લ્યોને! ક્ષુધા લાગે તો ગ્લાની થાય. ક્ષુધા એક જડની પર્યાય છે, તૃષા પણ જડની અવસ્થા છે. ઠંડી લાગે ઠંડી, સમજ્યા ને! બધી દુઃખદાયક પર્યાયો. ખૂબ ઠંડી. ઠંડી જડની પર્યાય છે, એ તને ક્યાં અડે છે? આત્માને ઠંડી લાગતી નથી, આત્માને ક્ષુધા નથી, આત્માને તૃષા નથી, આત્માને ઠંડી નથી. એમ ઉષ્ણ જડની પર્યાય (છે). ઉષ્ણ બહુ ગરમી, બહુ ગરમી. ઉષ્ણ પર્યાય છે. શરીરમાં તાવ આવે, લ્યોને! ૧૦૬ ડીગ્રી. એ તો જડની પર્યાય છે, એમાં આત્માને શું? એમાં ગ્લાનિ કરવી એ દ્વેષ છે. એ દ્વેષ ધર્મીને હોતો નથી. જ્ઞેયનો પર્યાય જ એવો છે એમાં દ્વેષ કોનો? એની શ્રદ્ધામાં તો આવ્યું છે કે, પરમાણુઓ આવા હોય, પરમાણુ આવા પર્યાયવાળા હોય, રજકણો આવી અવસ્થાવાળા હોય એમ તો શ્રદ્ધામાં આવ્યું છે. જે અવસ્થાવાળા હોય છે, અવસ્થા વિનાના નથી. તો એ ઠંડી, ગરમ આદિ પરમાણુની અવસ્થા છે એવા હોય. એમાં શંકા અને ગ્લાનિ કરવાની જરૂર નથી. કહો! સમજાણું કાંઈ? આહાહા..!

અનેક પ્રકારના દુઃખદાયક ભાવો, પાઠમાં ભાવ હતો ને? **'नानाविधेषु भावेषु'** એનો અર્થ કર્યો પર્યાય, એમ. અનેક પ્રકારના એ તો પર્યાયો પરમાણુની અવસ્થા છે. આ ક્ષુધા, તૃષા, ઠંડી, ગરમી પુદ્‌ગલની અવસ્થા ન હોય? તે ક્ષણે તેની અવસ્થા થાય તે તે પરમાણુનો પર્યાય ધર્મ છે. એને તારે ના પાડવી છે? આમ ન હોય, આમ ન હોય. તો તારી શ્રદ્ધામાં ફેર છે. ન હોય એટલે? એની હોય છે આમ ને આમ ન હોય એનો અર્થ શું? કહો! સમજાણું? શરીરમાં ઠંડી, ગરમી આદિ હોય. એ વખતે હોય છે એનો પર્યાયધર્મ. હોય છે ને ન હોય એનો અર્થ શું?

અપવિત્ર વિષ્ટા, આમ સડેલા મીંદડા, ઉંદર ગંધાય ગયેલા, કેટલા મહિનાના સડી ગયેલા હોય, ગંધ મારે, ઊંડી ગંધ (આવે). એ તો પરમાણુની પર્યાય છે. ઊંડી કહો કે છીછરી

www.vitragvani.com



કહો, પુદ્ગલની પર્યાય છે. ત્યાં શ્રદ્ધયા નથી છ દ્રવ્ય? છ દ્રવ્ય શ્રદ્ધ્યા ક્યારે કહેવાય? કે એની પર્યાય સહિત દ્રવ્યને શ્રદ્ધે તો શ્રદ્ધ્યા કહેવાય. એ પર્યાય સહિત એ દ્રવ્ય છે એમાં તારે શું પણ એને લઈને? એના પ્રત્યે દ્વેષ ન કરવો. કહો! છે ને ગ્લાનિ ન કરવી? છે ને ગ્લાનિ ન કરવી? ગ્લાની એટલે દ્વેષ, એમ. આદિ પદાર્થોમાં, ટીકા, ટીકા વંચાય છે. ગ્લાનિ ન કરવી. ભાવાર્થ પછી છે. એ તો શબ્દાર્થ ને ટીકા એક જ છે. એમાં ગ્લાનિ ન કરવી.

**ભાવાર્થ :– 'વિચિકિત્સા નામ અણગમાનું છે,...'** જુઓ! અણગમો–ન ગોઠે. વિચિકિત્સા નામ અણગમાનું છે. ન ગમે. પ્રતિકૂળતા ન ગમે, તાવ, ટાઢ, તડકો, ગરમી, ક્ષુધા, તૃષા, હવા કાંઈક રોકાય જાય ત્યાં, ધાર્યાથી હવા ઝાઝી આવે ત્યાં અણગમો થાય. **'વિચિકિત્સા નામ અણગમાનું છે, અથવા ગ્લાનિનું છે.'** એની વ્યાખ્યા કરી. ગ્લાનિ કહો કે અણગમો કહો કે દ્વેષ કહો. **'તેનાથી રહિત તે નિર્વિચિકિત્સા.'** અણગમાથી રહિત અથવા ગ્લાનિથી રહિત તેને નિર્વિચિકિત્સા, દુગંછા રહિત, દ્વેષ રહિત કહેવામાં આવે છે.

**'પાપના ઉદયથી દુઃખદાયક ભાવનો સંયોગ થતાં...'** પૂર્વના પાપનો ઉદય હોય. દુઃખદાયક એટલે દુઃખના નિમિત્ત, હોં! દુઃખદાયકનો અર્થ ઇ. દુઃખદાતા એટલે દુઃખનું નિમિત્ત. એવી પર્યાયનો સંયોગ થતાં દુઃખ થાય. આમ રસ્તામાં નીકળતો હોય ને મોટો ફણીધર આમ ફેણ મારતો સામો આવતો હોય. એ તો એની પરમાણુની પર્યાય છે. એ તો એ આત્મા છે એણે પણ કરી નથી. આમ ફેણ મારતો હોય. કોની ગ્લાની કરવી? એ તો પરમાણુનો પર્યાય છે. સ્કંધનો એ અવસ્થા તે કાળનો ભાવ છે. ભાવ કીધો છે ને અહીંયાં?

**'ઉદ્વેગરૂપ ન થવું,...'** એવા દેખીને અંતરમાં દ્વેષ, આત્માના ભાનને ભૂલીને દ્વેષ કરવો નહિ. સમજાણું કાંઈ? આમ એકાકાર થઈ જાય. આહાહા..! ભાઈ! અમને આવી પડેલી વેદના તમને આવે તો ખબર પડે, વળી એમ કહે. સહન થાતું નથી. શું સહન કરવું છે? ભાઈ! પુદ્ગલની પર્યાયનો સંયોગ તે કાળે તેવો ભજે. કોને તું સત્‌ને અસત્ કરીશ? એ અવસ્થા આ કાળે આમ ન થવી જોઈએ એમ તું કહીશ? એ તો સત્‌ને અસત્ કરવા માગે છે. એથી કંઈ તારી માન્યતાથી થાય એમ નહિ થાય. સમજાણું કાંઈ?

**'પાપના ઉદયથી દુઃખદાયક પર્યાયનો સંયોગ થતાં ઉદ્વેગરૂપ ન થવું, કારણ કે ઉદયાધીન કાર્ય પોતાને વશ નથી.'** જુઓ! એ જડના પર્યાયો તેને કારણે થાય. કર્મનું ભલે નિમિત્ત લ્યો. કર્મના ઉદયને કારણે પોતાને વશ નથી. એ કંઈ પોતાને વશ નથી. કહો! શરીરમાં રોગ આકરો આવે એ પોતાને વશ છે? ભગંદર થાય, શું કહેવાય ગળામાં? કેન્સર થાય અને બીજું થાય, આ કંઠમાળ થાય, હાડસાંકળીના રોગ થાય, આ હાડ પડ્યા પડ્યા બટકા થઈ જાય, હાડ આમ ને આમ હોં! કાંઈ ખાઈ-પીવે નહિ, આ હાડકા છે ને ગળવા માંડે, કટકા થઈને નીકળવા માંડે. હાડસાંકળી. કોને રાખવું? કોને રાખે?

www.vitragvani.com



મુમુક્ષુ :– ખાવાની ભૂલ થઈ હોય.

ઉત્તર :– ખાવાની ભૂલ શું? એ પર્યાય થવાની હોય એમાં કોણ ભૂલ? પરમાણુનો પર્યાયનો સ્વકાળ છે એને રોકે કોણ? એની ગ્લાનિ છે? એની એ અહીં કહે છે. એ રીતે એમ ભજે. જ્ઞાન તરીકે જાણ, જાણવા માટે છે, એ ગ્લાનિ કરવા માટે નથી. સમજાણું કાંઈ? પૂર્વના ઉદયને લઈને એવા કોઈ બહારમાં પણ અપજશના, અપકીર્તિના સંયોગો બને. બને તેથી શું છે? એમાં આત્માને શું? ધર્મી એની ગ્લાનિ કરતો નથી, ગ્લાનિ કરીને મૂંઝાતો નથી, એમ કહે છે મૂંઝાતો નથી. મૂંઝાતો નથી, સમજો છો? ગભરાતા નહીં હૈ, હિન્દી ભાષામાં.

જુઓ! '**કારણ કે ઉદયાધીન કાર્ય પોતાને વશ નથી.**' કર્મના ઉદયને આધીન થયેલા બહારના સંયોગો તૃષા, ક્ષુધા, શીત, ઉષ્ણ એ કાંઈ આત્માને આધીન નથી. '**એ દુઃખથી અમૂર્તિક આત્માનો ઘાત પણ નથી.**' જોયું? બહારની પ્રતિકૂળ દશાથી ભગવાન આત્માનો ઘાત પણ નથી. કહો! રોગ આકરા આવે એટલે આત્માનો ઘાત થઈ જાય? ક્ષુધા આકરી લાગે, તૃષા આકરી કાંઈ આત્માનો ઘાત થાય? એ આત્મા ભિન્ન, એ વસ્તુ ભિન્ન છે. તેથી ધર્મીને વિચિકિત્સા નામ દ્વેષ હોતો નથી. એવી પર્યાયમાં દ્વેષ હોતો નથી. જ્ઞાતા જાણનાર છે. જગતમાં આ અવસ્થા વર્તે છે એને જાણે છે, તે પણ પરદ્રવ્ય તરીકે જાણે છે.

'**વળી વિષ્ટાદિ નિંદ્ય વસ્તુમાં...**' વિષ્ટા હલકા મીંદડા મરી ગયા હો, ઉંદર મરી ગયા હોય, '**એવી નિંદ્ય વસ્તુમાં ગ્લાનિરૂપ ન થવું...**' એવા પદાર્થો તેમ ઉં..ઉં... (ન કરે). પોતાના ભાનને ભૂલીને ગ્લાનિ કરી નાખે એમ કરવું નહિ. '**કારણ કે વસ્તુનો એવો જ સ્વભાવ છે.**' લ્યો! એ તો પરમાણુનો એવો સ્વભાવ છે. ઉંદર મરે તો ગંધાય જ તે. એની પર્યાય ગંધની જ પરિણમે. એ જ પરમાણુની પર્યાય કોઈ વખતે સારી થાય. ઓહો..હો..! એ રાગ કરવા જેવો નથી, પ્રતિકૂળ વખતે દ્વેષ કરવા જેવો નથી. એ તો વસ્તુ એવી છે. સમ્યગ્દૃષ્ટિ જેને પોતાના સ્વભાવનું ભાન છે અને પરપદાર્થના સ્વભાવનું પણ જ્ઞાન છે કે એવા જ એ સ્વભાવ હોય. મને કાંઈ નુકસાન કરતા નથી.

'**કારણ કે વસ્તુનો એવો જ સ્વભાવ છે. એમાં આત્માને શું?**' કહો! સમજાણું? શરીરમાં ચારેકોર રોગ ઘેરો ઘાલે એ વસ્તુનો સ્વભાવ છે. કહો! સાતમી નરકના નારકીને કેટલું (દુઃખ) હશે શરીરમાં. સમકિતીને ગ્લાનિ થતી નથી. એ સાતમી નરકના નારકીને સમકિતીને ગ્લાનિ થતી નથી. એટલી પ્રતિકૂળતા, એટલી પ્રતિકૂળતા. પ્રતિકૂળતા કોને કહેવી? જ્ઞેયને પ્રતિકૂળતા અનુકૂળતાની છાપ મારી કોણે? એ તો જાણવા લાયક પદાર્થ છે. એ તો અજ્ઞાની માને છે કે, આ અમને ઠીક ને આ અમને અઠીક. ઠીક-અઠીક પરપદાર્થ હતો જ ક્યાં? અઠીક તારો રાગ-દ્વેષ ને ઠીક તારો સ્વભાવ. સમજાણું કાંઈ? પણ ભાઈ! સગવડતા કાંઈ ઠીક હોય તો ધર્મ કરી શકાય, એમ માણસ નથી કહેતા? કહો! બીડીઓ વાળીને બિચારા માંડ પૂરું કરતા હોય આઠ માણસ, એ શી રીતે નિવૃત્તિ કરે? કાંઈ પાંચ, પચાસ હજાર હોય તો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કોઠે ઠીક રહે. એમ હશે કે નહિ? 'મોહનભાઈ'! છોકરા ત્યાં રળે છે એમ મનને સંતોષ છે કે, ભાઈ! હવે આપણે અહીં રહો, વાંધો નથી હવે. 'જેચંદભાઈ'ને જુઓ! કેટલું થાય છે. એને દુઃખ થાય છે. માન્યું છે જગતે, ધૂળમાં પણ નથી કાંઈ. ધૂવાડાના બાચકા છે, ધૂવાડા, ધૂવાડા સમજ્યા? ધૂવા ધૂવા. ધૂવાને પકડે. આમ પકડાય? ધુમાડો થાય છે ને? ધુમાડા. કાચા લાકડા, કાચા છાણામાં ધુમાડા ઉઠે ને? અગ્નિના. એને પકડે તો? એમ પરવસ્તુની પર્યાય તે સમયે થાય એને કોણ અટકાવે? આહાહા..!

વીતરાગી સમ્યગ્દર્શન છે. વીતરાગી સમ્યગ્દર્શનમાં નિશ્ચયમાં આત્મ પદાર્થ સિવાય બીજા પદાર્થની ઇચ્છા નથી, પોતામાં શંકા નથી, પ્રતિકૂળતામાં દ્વેષ નથી એમ સિદ્ધ કરે છે, વીતરાગભાવ સિદ્ધ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? જેવો એનો સ્વભાવ છે ને! વીતરાગ, શાંત રસ, શાંત રસેન્દ્ર એમ કહ્યું છે. કાલે નહોતું આવ્યું? શાંત રસેન્દ્ર અનુભવ છે. શાંત રસનો ઇન્દ્ર છે એ, શાંત રસનો સ્વામી છે. અનુભવ શાંતરસનો સ્વામી છે. બાકી વિકલ્પ તો અશાંત રસનું મૂળ છે. અશાંત. એ બહારના પ્રતિકૂળ સંયોગમાં અશાંતિ પ્રગટ કરતો નથી, દ્વેષ કરતો નથી.

**'એમાં આત્માને શું?'** આ નિર્ધનતા હોય તો આત્માને શું? રોટલા ન મળ્યા ને ક્ષુધા હોય તો આત્માને શું? એમ કહે છે. અને પાણીનો બિંદુ ન મળે ને તૃષાની અપારતા (હોય) એમાં આત્માને શું? એ તો પરની પર્યાય છે, જડનો સ્વભાવ છે. **'અથવા જે શરીરમાં આ આત્મા વસે છે તેમાં તો બધી જ વસ્તુ નિંદ્ય છે.'** એમ વિચારે. આગળ બહારની (વસ્તુઓ) તો ક્યાંય રહી ગઈ. કહે છે, આ શરીર જ જેમાં તું વસી રહ્યો છો દેખાય છે બહારથી, એ આ નિંદ્ય છે. બધી વિષ્ટા, પેશાબ, ગંધ, મોઢું બે દિ' ધોવે નહિ તો ગંધ મારે. દાંતમાં... એક ફેરી આવ્યું હતું, એવી દાંતમાં ચીકાશ કે પૈસો ચોટી જાય. એક જણે જૈન સાધુની નિંદા કરી હતી ને? એ તો શરીરનો ધર્મ છે. દાઝે, દાંતમાં પેલા થાય, જીભમાં મેલ થાય, દાંતમાં ચોંટે, શરીર ગંધ મારે. કહો! બધું શરીરમાં ભર્યું છે. વિષ્ટા, માંસ, હાડકાં, ચામડા, ચરબી, નળી બધું જુઓને!

જે શરીરમાં વસે છે તેમાં જ બધી જ વસ્તુ નિંદ્ય છે. આમાં એકેય વસ્તુ સારી નથી. એમ કરીને કહે છે કોને તું દ્વેષ કરીશ? એમ. (દ્વેષ કરવો હોય તો) તું આને દ્વેષ કર એમ કહે છે. આનો શરીરનો પણ દ્વેષ કર. દ્વેષ કરી શું તને વળશે? શરીરની અવસ્થા જે થવાની છે ઇ છે. મેસુબ ખાધો હોય ને તરત ઉલટી થાય. મેસુબ સમજ્યા? મેસુબ, પકવાન, ઊંચા પકવાન હોય ને? પકવાન. પકવાનને તમારે શું કહે છે? મેસુબ–એક શેર લોટમેં ચાર શેર ઘી પાયને મેસુબ થાય, જાળીવાળા. ખાધો ને ઉલટી, ખા! આ નિંદ્ય છે જોને ક્ષણમાં જેને વમન બનાવ્યું એવું તો આ શરીર છે. કોને તું નરસું કહીશ? એમ કહે છે. કોને તું નરસું કહીશ? આ જ પોતે નરસાની પૂતળી છે. આહાહા..!

www.vitragvani.com



આમ ઘીના સાટા આમ ધોળા પાસ્તા જેવા સાટા હોય ગળ્યા. આમ નાખ્યો તો એક અડધી મીનીટે ઓગળે અને ન્યાં કાઢે તો થઈ રહ્યું. આ જ નિંદ્ય છે, આ જ સંચો જ વિષ્ટા બનાવવાનો સંચો છે. અનાજમાંથી વિષ્ટા બનાવવાનો આ સંચો છે. પેશાબ બનાવવાનો, વિષ્ટા બનાવવાનો. ચારેકોર ઇ જ ધરે છે કે નહિ? કહે છે કે, તું કોની સામે દ્વેષ કરીશ? એમ કહે છે. શરીર જ નિંદ્ય સ્થાન જેવું છે એમાં તું પ્રતિકૂળતામાં ક્યાં દ્વેષ કરીશ? સમભાવ. સમ્યગ્દષ્ટિને દૃષ્ટિના ભાનમાં પ્રતિકૂળતામાં એને દ્વેષ આવતો નથી. એ ત્રીજી નિર્વિચિકિત્સા નામનો એને ગુણ કહેવામાં આવે છે, લ્યો! (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૬ ગાથા–૨૫ થી ૨૮ શનિવાર, વૈશાખ વદ ૧૦, તા. ૦૩-૦૬-૧૯૬૭

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. મોક્ષના ઉપાયની વાત છે. સમ્યગ્દર્શનના આઠ લક્ષણો અથવા આચારનું વર્ણન છે. સમ્યગ્દષ્ટિ એટલે જેને તત્ત્વાર્થ શ્રદ્ધાન વિપરીત અભિપ્રાય રહિત અંદરમાં થયું હોય તેને સમ્યગ્દર્શન કહે છે. એ ૨૨માં આવી ગયું. સમજાણું? ૨૨મી ગાથામાં આવી ગયું છે. જીવાદિ શ્રદ્ધાનમ્. જીવ, અજીવ આદિ જે તત્ત્વો છે એના વિપરીત અભિપ્રાય રહિત અંતરની સ્વભાવ સન્મુખની દૃષ્ટિ, એને આત્મરૂપ ભાવ એને સમ્યગ્દર્શન કહે છે. સમજાય છે કાંઈ? એ સમ્યગ્દષ્ટિને આત્માના અંતર શ્રદ્ધા જ્ઞાનમાં શ્રદ્ધાના એવા આઠ લક્ષણો હોય છે. આઠ આચાર કહો, લક્ષણ કહો, અંગ કહો. એનું નિર્વિચિકિત્સા ત્રીજુ અંગ આપણે ચાલ્યું. એનું નીચે, એ બાકી રહ્યું છે. 'રત્નકરંડ શ્રાવકાચાર'નું. નીચે છે, ૩૨મે પાને નીચે.

**'નિર્વિચિકિત્સા અંગ...'** સમ્યગ્દષ્ટિને, ધર્મીને, છે પુસ્તક? 'રમણીકભાઈ'! છે બીજુ વધારે, ત્યાં ઘણા છે. કો'ક દિ' આવે છે. નિર્વિચિકિત્સા અંગ. જુઓ! નીચે. **'રત્નત્રય અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી પવિત્ર...'** ધર્માત્મા મુનિ, અહીં મુનિની મુખ્ય વાત છે ને? મુનિ છે, સંત સાચા મુનિ એને કહીએ, કે જેને **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી પવિત્ર...'** પોતાનો આત્મા નિર્વિકલ્પ શુદ્ધ આત્માની શ્રદ્ધા, નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન અને અરાગી ચારિત્ર–સ્વરૂપમાં રમણતા એવા ચારિત્રથી પવિત્ર હોય છે. અંતર દશામાં એ પવિત્ર હોય છે, આનાથી પવિત્ર હોય છે. સમજાણું?

**'પરન્તુ સ્વાભાવિક અપવિત્ર શરીરમાં...'** પણ શરીર છે એ સ્વાભાવિક અપવિત્ર છે. **'(મુનિ-ધર્માત્માના મલિન શરીરમાં) ગ્લાનિ-સૂગ ન કરવી...'** એવા દિગંબર સંત મુનિ, જેની દશા અંતરમાં સ્વરૂપ રમણતાની આનંદ દશા ઉગ્ર પ્રગટી હોય છે એને બહારમાં નગ્ન દશા હોય છે એને મુનિપણું કહેવામાં આવે છે. એવા મુનિને અંતરમાં તો પવિત્રતા દર્શન-જ્ઞાન-ચારિત્રની છે પણ બાહ્યમાં અપવિત્ર એવું શરીર એના અશુચિ હોય એની ગ્લાનિ કરવી નહિ, એમ કહે છે. **'પણ તેમના ગુણોમાં પ્રીતિ કરવી...'** શરીરની મલિનતા ઉપર નજર

ન કરવી. એ તો શરીરનો સ્વભાવ ધર્મ છે, મુનિ તો ... હોય છે એથી એને શરીરમાં અપવિત્રતા અશુચિ દેખાય પણ એમના ગુણોમાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, આનંદનો સ્વસંવેદન અનુભવ (પ્રગટ થયો છે) એવા ગુણોમાં પ્રીતિ કરવી, સમ્યગ્દષ્ટિ જીવે એવા ગુણોમાં પ્રીતિ કરવી. સમજાણું કાંઈ? **'તેને નિર્જુગુપ્સા અંગ કહે છે...'**

મુમુક્ષુ :– મુનિને ઓળખવા પડે.

ઉત્તર :– એય...! મુનિને ઓળખવા પડે એમ કહે છે. મુનિ કોને કહેવા એને ઓળખવું પડશે કે નહિ? અંતર આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદનો ભંડાર છે, એની અંતરમાં નિર્વિકલ્પ અનુભવ પ્રતીતિ, અંતરના આનંદના જ્ઞાનમાં સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપમાં અરાગી–વીતરાગી શુદ્ધ પરિણતિરૂપ ચારિત્ર, એવા રત્નત્રય સહિત મુનિની આત્મદશા પવિત્ર છે. બાહ્ય દશામાં નગ્ન હોય છે. બાહ્ય દશા મુનિની બાહ્યમાં નગ્નતા હોય છે. બાહ્યમાં વસ્ત્ર-પાત્ર હોય ને મુનિપણું હોઈ શકે એમ બને નહિ. પણ પહેલું આ સમજે તો ખરા. સમજાય છે કાંઈ?

મુનિ અંતરમાં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ છે ને? મોક્ષમાર્ગનું આરાધન એ અંતરમાં શુદ્ધ ઉપયોગની રમણતામાં આરાધન કરે છે. ગુજરાતી ભાષા થોડી થોડી સમજાય છે? મુનિ શુદ્ધોપયોગી હોય છે. દયા, દાન, વ્રતના પરિણામ પંચ મહાવ્રતના એ તો શુભ છે, એ કાંઈ મુનિપણું નથી. પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ એ ખરું મુનિપણું નથી. તેથી અહીં આ ત્રણ લીધા. ત્રણમાં શુદ્ધોપયોગ સમાય જાય છે. છે ને? **'રત્નત્રય અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી પવિત્ર...'** એનો શુદ્ધોપયોગ અંદર આત્મામાં પુણ્ય-પાપના શુભ-અશુભ રાગ રહિત, સ્વરૂપની અંતર દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા જેની ઉગ્રતા, વીતરાગતા ઉગ્રપણે પ્રગટી છે એને લઈને મુનિનો આત્મા પવિત્ર છે. પણ એમનું શરીર નગ્ન છે, અપવિત્ર છે. શરીરમાં સ્નાન આદિ ન હોય. સમજ્યા? **'સ્વાભાવિક અપવિત્ર...'** પાછું એમ લીધું. 'રત્નકરંડ શ્રાવકાચાર' જેવા મુનિ સ્વાભાવિક પવિત્ર છે એવું શરીર સ્વભાવે અપવિત્ર છે, એમ બે સામે સામે લીધું. આહાહા..! સમજાણું કાંઈ?

એવા મલિન શરીર પ્રત્યે, મલિન શરીરની **'ગ્લાનિ સૂગ ન કરવી પણ તેમના ગુણોમાં પ્રીતિ કરવી...'** એટલે શું? દ્વેષ ન કરવો ને ગુણોમાં પ્રીતિ કરવી, એમ. **'તેને નિર્જુગુપ્સા...'** એટલે દુગંછા રહિત ભાવ–અંગ કહેવામાં આવે છે. આ તો હજી મુનિ દશા કોને કહેવી એની ખબર ન મળે. અને મુનિ માને ને મુનિ દુનિયા માને ને મનાવે. 'દેવચંદજી'! એ નિર્વિચિકિત્સાની વ્યાખ્યા કરી.

હવે ચોથો અંગ અમૂઢદૃષ્ટિ. સમ્યગ્દષ્ટિ ધર્મી છે, જેને આત્મ દૃષ્ટિ થઈ છે, નિર્વિકલ્પ આત્માની વીતરાગી દૃષ્ટિ થઈ છે અંદર એને સમ્યગ્દષ્ટિ કહેવામાં આવે છે. એને આ આઠ આચાર અંગ હોય છે. એમાં ચોથું અમૂઢદૃષ્ટિ અંગ હોય છે.

**लोके शास्त्राभासे समयाभासे च देवताभासे।**
**नित्यमपि तत्त्वरुचिना कर्तव्यममूढदष्टित्वम्।।२६।।**

**ટીકા :– ''तत्त्वरुचिना नित्यं अपि अमूढदष्टित्वं कर्तव्यम्' - તત્ત્વશ્રદ્ધાનવાળા પુરુષે...'** ટીકા, ટીકા એની. એ તત્ત્વશ્રદ્ધાનવાળા પુરુષે (અર્થાત્ જેણે) પુણ્યને પુણ્ય તરીકે માન્યું છે, આત્માને પવિત્ર તરીકે માની અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, સંવર-નિર્જરાની પવિત્રતા પ્રગટ કરી છે. જડને જડ તરીકે સ્વીકાર્યું છે. એટલે તત્ત્વરુચિ, તત્ત્વ શ્રદ્ધાનવાળા, રુચિનો અર્થ શ્રદ્ધાન કર્યો. **'तत्त्वरुचिना नित्यं अपि अमूढदष्टित्वं कर्तव्यम्'** છે ટીકા? તત્ત્વશ્રદ્ધાનવાળા– જેને સાત તત્ત્વો ભિન્ન ભિન્ન છે, જ્ઞાયકભાવમાં આસ્રવ, બંધ, અજીવ નથી. અજીવ, આસ્રવ, બંધમાં આત્મભાવ નથી, એવી સાચી તત્ત્વની નિર્વિકલ્પ પ્રતીતિ રુચિ સહિત દૃષ્ટિવાળો છે.

**'હંમેશા અમૂઢદૃષ્ટિ થવું યોગ્ય છે.'** એને નિરંતર... સમજાણું? અમૂઢદૃષ્ટિ એટલે યથાર્થ જ્ઞાન રહિત થવું યોગ્ય નથી. યથાર્થ જ્ઞાન સહિત થવું યોગ્ય છે. છે ને અર્થ? જુઓ! **'મૂઢદૃષ્ટિ યથાર્થ જ્ઞાનરહિતનું નામ છે,...'** જુઓ! એવી ભાષા કરી. જેને યથાર્થ જ્ઞાન નથી તે મૂઢ છે. ભાન જ નથી કે, આત્મા શું, દેવ શું, ગુરુ શું, શાસ્ત્ર શું? એમ ને એમ આંધળી દોડે અનાદિથી માની રહ્યો છે. **'મૂઢદૃષ્ટિ યથાર્થ જ્ઞાનરહિતનું નામ છે, તે શ્રદ્ધાનવાળા થવું યોગ્ય નથી.'** એવી શ્રદ્ધાવાળા થવું યોગ્ય નથી. કહો! ધર્મી જીવે યથાર્થ જ્ઞાન રહિતનું મૂઢપણું તે શ્રદ્ધાનવાળા થવું વ્યાજબી નથી. કહે છે **'કોણ કોણ?'**

**'लोके = લોકમાં ઘણા માણસો વિપરીત ભાવમાં પ્રવર્તતા હોય તોપણ પોતે તેમની જેમ (દેખાદેખીથી) ન પ્રવર્તવું.'** આ માનનારા આમ માને છે, ફલાણા આમ માને (છે) એમ નહિ, દેખાદેખી નહિ. વાસ્તવિક આત્મા, દેવ-ગુરુ-શાસ્ત્ર સત્ય શું છે એની ઓળખાણ કરીને જે સમ્યગ્દૃષ્ટિ થયો એ લોકના દેખાદેખીમાં જાતો નથી. લાખો માણસ આને માને છે, ફલાણા આને માને છે, વિદ્વાનો માને છે, એની સાથે કાંઈ સંબંધ છે નહિ. **'લોકમાં ઘણા માણસો વિપરીત ભાવમાં પ્રવર્તતા હોય છે...'** લૌકિક. ઘણા આ પીપળાને પાણી (પીવડાવે) છે. **'તોપણ પોતે તેમની જેમ (દેખાદેખીથી) ન પ્રવર્તવું.'**

**'शास्त्राभासे = શાસ્ત્ર જેવા લાગતા, અન્ય વાદીઓએ નીપજાવેલા ગ્રન્થોમાં રુચિરૂપ ન પ્રવર્તવું.'** સમ્યગ્દૃષ્ટિએ તત્પર શ્રદ્ધાનવાળાએ યથાર્થ જ્ઞાન રહિતપણે ન પ્રવર્તવું. યથાર્થ જ્ઞાન સહિતપણે પ્રવર્તવું. એટલે કે જે લોકમાં શાસ્ત્ર જેવા કહેવાતા હોય, શાસ્ત્ર હોય નહિ. વીતરાગ માર્ગથી વિરુદ્ધ કથન હોય. જુઓ! આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' (એટલે) મોક્ષનો ઉપાય. એ ઉપાયમાં સમ્યગ્દર્શનમાં આવું જ્ઞાન એને યથાર્થ હોય છે. ખોટા શાસ્ત્ર કલ્પિત બનાવેલા હોય, શાસ્ત્ર જેવા લાગતા હોય, **'અન્ય વાદીઓએ નીપજાવેલા...'** ભગવાનની વાણી સિવાય પોતાની કલ્પનાથી બનાવેલા હોય, **'એવા ગ્રન્થોમાં રુચિરૂપ ન પ્રવર્તવું.'** કહો! સમજાણું આમાં? ઝીણી વાત છે, ભાઈ! જેમાં ભગવાનના માર્ગથી વિરુદ્ધ કહેલું હોય, લ્યો! સમજાણું? એ

www.vitragvani.com



મુનિપણું વસ્ત્ર સહિત મુનિપણું મનાવ્યું હોય, સ્ત્રીને મુક્તિ મનાવી હોય. ભગવાનને આહાર, પાણી મનાવ્યા હોય એ બધા શાસ્ત્રાભાસ છે, શાસ્ત્ર નથી. એવા શાસ્ત્રની રુચિ જ્ઞાનીએ છોડવી. શું સમજાણું કાંઈ? એમ કહે છે.

૯૦૦ વર્ષ પહેલા થઈ ગયા છે ને? 'અમૃતચંદ્રાચાર્ય'. શાસ્ત્ર જેવા લાગે. આચારાંગ, ને સૂયગડાંગ ને ઠાણાંગ ને... નામ આપે. ભગવાનના નામ આપ્યા, (ભગવાનના) નામે અંદર નાખી ઘરની કલ્પનાઓ બધી. સમજાણું કાંઈ? પરની દયા પાળીને સંસાર પરિત થાય, એવું એમાં લખ્યું. સાધુને આહાર આપે તો સંસાર ઓછો થાય, એ બધું વિપરીત છે. સંસાર તૂટે નહિ. પરને આહાર, પાણી દેવા એ તો શુભ વિકલ્પ છે. પરાશ્રિતભાવમાં સ્વાશ્રિતભાવ સંસારનો અભાવ ક્યાંથી થાય? સમજાણું કાંઈ?

જગતને પરીક્ષા કરવી કઠણ છે. બહારની માની લે છે. 'શ્રીમદ્દે' કહ્યું ને? 'કર વિચાર તો પામ'. કાંઈ અમારી પાસે તારી વાત નથી. તું નિર્ણય કર. તત્ત્વ શું છે, દેવ-ગુરુ-શાસ્ત્ર શું છે, નિર્ણય કર એમ કહે. આ કહે કે, અમારે નિર્ણય કરવો નહિ. અમારે ભગવાન સાચા, ગુરુ સાચા. પણ ગુરુ કહે છે કે, તું નિર્ણય કર તો તને મળશે, એ વિના મળશે નહિ. નિર્ણય કરવાની તાકાત ન મળે પછી સોંપે કે, ભગવાન કરે. ગુરુ આપે એ ખરું, જાવ. એ તો કહે છે કે, ગુરુને માનતો નથી. ગુરુને માનતો નથી, દેવને માનતો નથી. સમજાણું કાંઈ?

'કર વિચાર તો પામ' એમ કીધું છે, 'શ્રીમદ્દે' એમ કહ્યું છે કે નહિ? 'સર્વ જીવ છે સિદ્ધ સમ જે સમજે તે થાય.' એ સમજે અંદરમાં તો થાય, કોઈ સમજાવી દે ને કોઈ આપી દે એમ નથી. સમજે તો કહે સમજવામાં આપણે કાંઈ નિર્ણય ન કરવો, આપણે કાંઈ નિર્ણય ન કરવો. મૂઢ છો ત્યારે ઇ તો. દેવ-ગુરુ-શાસ્ત્રની તને શ્રદ્ધા નથી. સમજાણું કાંઈ? આપણે ક્યાંય પડવું નહિ. પણ ન્યાં ઇ કહે છે કે, નિર્ણય કરવો, તારે સમજવું, તારાથી, તારામાં, તારા વડે. એ... 'ન્યાલભાઈ'! પેલા કહે, 'શ્રીમદ્' આપણને આપી દેશે. કોઈ ધૂળ પણ આપી દે એવું નથી, 'શ્રીમદ્' શું કોઈ ત્રણલોકના નાથ પણ આપી દે એવું નથી. કેવળજ્ઞાની આપી દે એવું નથી. કેવળજ્ઞાનને માનવા એ પણ એક શુભરાગ છે, ધર્મ નથી. પર છે ને? પરદ્રવ્ય છે. પરદ્રવ્યને માને છે તે વિકલ્પ છે.

કેવળજ્ઞાની એમ કહે, ગુરુ એમ કહે, અમને તું માન એ રાગ છે, એ ધર્મ નથી. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કરતો હોય તોપણ તત્ત્વ નિર્ણય કરવાની શક્તિ ન હોય તે સમકિતનો અધિકારી નથી. કાલે કહ્યું હતું ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. 'શ્રીમદ્દે' પોતે કહ્યું છે, 'મોક્ષમાર્ગ પ્રકાશક' વાંચવું. પાછા એના વાચનારાઓ એમ કહે, આપણે કાંઈ નિર્ણય ન કરવો, આપણે કાંઈ નિર્ણય ન કરવો. એમાં એમ કહે અને ભલામણ ઇ 'શ્રીમદ્' કહે. 'મોક્ષમાર્ગ પ્રકાશક' વાંચવું. એમાં એમ લખ્યું છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરતો હોય,

www.vitragvani.com



શાસ્ત્રાભ્યાસ કરતો હોય, તપ ને વ્રત પાળતો હોય તોપણ તે સમકિતનો અધિકારી નથી. તત્ત્વનો નિર્ણય કરતો હોય એ તત્ત્વનો નિર્ણય કરવાવાળો સમકિતનો અધિકારી છે. સમજાણું કાંઈ? કાંઈ ઠેકાણા (ન મળે). અત્યારે તો ઊંધા બધું આડુ-અવળું, પોતાને જેમ કલ્પના લાગે એમ (માને). ગુરુએ કહેલા ને ભગવાને કહેલાનો અર્થ પોતાની કલ્પનાએ કરવો. 'ન્યાલભાઈ'! 'ન્યાલભાઈ' તો બધું જોઈને આવ્યા છે ને હવે, ચારેકોર ફરી આવ્યા છે. કહો! સમજાણું કાંઈ?

**'શાસ્ત્ર જેવા લાગતા...'** ભગવાન 'કુંદકુંદાચાર્ય' પછી થયેલા 'અમૃતચંદ્રાચાર્ય', એમનું કહેલું આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. કહે છે કે, શાસ્ત્ર જેવા લાગતા હોય, અન્યવાદી એટલે ભગવાન પરમાત્માની આજ્ઞા સિવાય પોતાની કલ્પનાએ રચેલા હોય એ ગ્રંથોમાં રુચિ થવી એ મિથ્યાત્વ છે. એ રુચિરૂપ પ્રવર્તવું નહિ. કહો! સમજાણું કાંઈ?

**'समयाभासे = સાચા મત જેવા લાગતા...'** આમાં સાચું કાંઈક હશે? **'અન્યમતમાં કોઈ ક્રિયા ભલી જેવી દેખીને...'** કોઈ ભક્તિ જબરી દેખે, કોઈ કરોડ રૂપિયા ખર્ચનારા દેખે, અબજો રૂપિયા ખર્ચનારા દેખે. **'કોઈ ક્રિયા ભલી જેવી દેખીને...'** ભલી જેવી, હોં! ભલી હોય નહિ ખરેખર. **'અન્યમતમાં કોઈ ક્રિયા ભલી જેવી દેખીને તેમાં ભલું જાણીને ન પ્રવર્તવું.'** સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ માર્ગ સિવાય ક્યાંય બીજે ભલું અંશે હોતું નથી. સમજાણું કાંઈ? તે પણ દિગંબર યથાર્થ જૈન ધર્મ છે, એ સિવાય કોઈ યથાર્થ ધર્મ છે નહિ. કહો! એમ કહે છે. **'समयाभासे'** બીજા સાચા મત જેવા લાગે. એ 'ન્યાલચંદભાઈ'! અન્યમાં કોઈ ક્રિયા ભલી જેવી લાગે. જુઓને 'ટોડરમલ્લજી'એ તો કહ્યું છે કે, સ્થાનકવાસી, શ્વેતાંબર બધા જૈન નથી અન્યમતિ છે. ચોખ્ખું કહ્યું છે. એને 'શ્રીમદ્દે' વાંચવાનું કહ્યું છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' એય...! એણે કહ્યું છે કે, એ વાંચો. એ શ્વેતાંબર ને સ્થાનકવાસીને અન્યમતિ કહે છે એ વાત સાચી છે એમ કહે છે. આ કહે કે, ના એ આપણે નહિ. (આમ કહે), 'શ્રીમૂદ'ને અમે માનીએ છીએ. શેનો પણ તું માને છે એને? સમજાણું કાંઈ? 'માંગીરામજી'! જગતને એટલી ઊલટી દૃષ્ટિ મળી છે ને ઊલટી દૃષ્ટિમાં એવા મૂંઝાણા છે ને સત્ય હાથ આવવું (મુશ્કેલ પડે છે).

જુઓને! તેથી (કહે છે), **'અન્યમતમાં કોઈ ક્રિયા ભલી જેવી દેખાય...'** પંચ મહાવ્રતના પરિણામ હોય, સાધુ મહિના મહિનાના, બે-બે મહિનાના અપવાસ કરતો હોય, લાખો માણસ માનતા હોય, ભાષણ કરતા હોય મોટા, દસ દસ લાખ માણસ ભેગા થતાં હોય. ઓહો..હો..! આમાં કાંઈક હશે. કાંઈ નથી. સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો 'કુંદકુંદાચાર્ય' મહારાજની પરંપરામાં આવેલો માર્ગ એ સિવાય ક્યાંય અંશે માર્ગ સાચો હોતો નથી. સમજાણું કાંઈ? ભારે કામ. જગતને કઠણ પડે. પોતાનું પકડેલું વાડો મુકવો.... 'દેવચંદજી'! માનેલી વાત (મુકવી કઠણ પડે).

**'समयाभासे'** સમય એટલે? મત જેવા આભાસી છે. **'અથવા સમય એટલે પદાર્થ સરખા લાગે તેવા અન્યવાદીઓએ કહેલા કલ્પિત તત્ત્વો તેમાં યુક્તિ જેવું જોઈ ને સત્યબુદ્ધિ ન**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**કરવી.**' એવી યુક્તિ (કરી હોય), આ પેલા બૌદ્ધ ધર્મમાં એવી યુક્તિ લગાવે, ઝીણી સૂક્ષ્મ વાતો કરે, બૌદ્ધ ધર્મમાં બહુ હોય. આમાં પણ કાંઈક ધર્મ લાગે છે, હોં! ધર્મી જીવે ધર્મની દૃષ્ટિના સ્થળમાં, સ્થાનમાં અન્યમતીએ કહેલા આવા પદાર્થ જેવા લાગે એને ન માનવા એક જ પદાર્થ આત્મા છે એમ કરીને મનાવે છે ને વેદાંત? લાગે જાણે એવું નિર્વિકલ્પ... ઓહો..હો..! બધું નિર્વિકલ્પ થઈ જવું, વિકલ્પ છોડી (દેવા). પણ નિર્વિકલ્પ થઈને વસ્તુ શું? એ તો નિર્વિકલ્પ થવું એ તો વિકલ્પ રહિત તો કહ્યું પણ અસ્તિત્વ કેવડું? અસ્તિત્વ કેવડો આત્મા? ક્યા આત્મામાં વિકલ્પ રહિત થવું? આખા આત્મામાં એમ કે એકલો આ આત્મામાં? ક્ષેત્ર પ્રમાણે અહીં તો શરીર પ્રમાણે આત્મા છે. એમાં આમ એકાગ્ર થાય છે, આમ (બહારમાં) એકાગ્ર નથી થતો. એ આ શરીર પ્રમાણે આત્મા એમાં અનંત ગુણ ને વસ્તુએ પોતે જ પરમાત્મ સ્વરૂપ છે, એમાં એકાગ્ર થાવું. સમજાણું કાંઈ? બીજા જગતના કહેલા કલ્પિત તત્ત્વો ન માનવા. યુક્તિ જેવું લાગે તો છોડી દેવી, એમાં સત્યબુદ્ધિ ન કરવી. કાંઈક હશે એમાં, હોં! સમજાણું કાંઈ? આહા..! કોને પણ નવરાશ છે આ?

**'देवताभासे = દેવ જેવા પ્રતિભાસે એવા, અરિહંત દેવ સિવાય અન્ય દેવોમાં કાંઈક ચમત્કારાદિ દેખીને...**' બીજામાં ચમત્કાર દેખે, કોઈ આમ થયું હતું, આમ થયું. સમજાણું? ચમત્કાર આદિ. '**વિનયરૂપ ન પ્રવર્તવું.**' સર્વજ્ઞદેવ પરમાત્મા સિવાય વીતરાગદેવ સિવાય ક્યાંય વિનયરૂપ વિનય કરવો નહિ, પ્રવર્તવું નહિ. '**ચકાર વડે બીજા પણ જે ગુરુ જેવા પ્રતિભાસે...**' લ્યો! એ કહે કે, અમે ગુરુ છીએ, અમે ગુરુ છીએ, અમે ગુરુ છીએ. વાસ્તવિક તત્ત્વનું ભાન ન મળે. વીતરાગ દૃષ્ટિ, વીતરાગ જ્ઞાન ને વીતરાગ ઉપયોગ તે ગુરુ છે.

વીતરાગનો વારંવાર ઉપદેશ કરે, વીતરાગનો જ ઉપદેશ કરે. ગુરુ તો વીતરાગભાવનો ઉપદેશ કરે, રાગને જણાવે. રાગ નિમિત્ત હોય એમ જણાવે ખરા, આદરવામાં એક આત્મા તદ્દન પરની અપેક્ષા વિનાનો દૃષ્ટિમાં આદર કરવો, શાસ્ત્રની અપેક્ષા વિનાનું આત્મજ્ઞાન. રાગની અપેક્ષા વિનાની વીતરાગતા. એવો વીતરાગપણાનો જે ઉપદેશ કરે તે ગુરુ. એ સિવાયના ગુરુ જેવા કહેવાતા હોય એને માનવા નહિ. કહો! 'ચ' શબ્દ છે ને? 'ચ' '**समयाभासे च**' એમ.

'**એવા વિષય-કષાય વડે લંપટી,...**' જેને સ્વ વિષય પ્રગટ્યો નથી. સ્વ ધ્યેય આત્મા અખંડાનંદ પ્રભુ ચૈતન્યમૂર્તિ છે એનું ભાન નથી, પર વિષયમાં જ એકલા પડ્યા છે. '**વેશધારીઓ તેના પ્રત્યે વિનયરૂપ ન પ્રવર્તવું.**' આ નગ્નરૂપ વેશ ધાર્યો હોય પણ આ દૃષ્ટિનું ભાન ન હોય તો એમાં એ વિનય ન પ્રવર્તે, એમ કહે છે. સમજાણું કાંઈ? '**એ પ્રમાણે યથાર્થ જ્ઞાનથી ભ્રષ્ટ થવાના કારણો તેમાં સાવધાન રહેવું.**' એ યથાર્થ જ્ઞાનથી ભ્રષ્ટ થવાના કારણથી સાવધાન રહેવું. એ અમૂઢદૃષ્ટિ. સમ્યગ્દૃષ્ટિને યથાર્થ જ્ઞાન રહિતપણું હોય શકે નહિ. યથાર્થ જ્ઞાન સહિતપણું હોય એટલે મૂઢદૃષ્ટિ રહિતપણું હોય, અમૂઢદૃષ્ટિ હોય. એના જ્ઞાનમાં મૂંઝવણ ન હોય કે, આ કેમ હશે, આમાં પણ કાંઈક કહેતા લાગે છે. સમજાણું? વીતરાગ સર્વજ્ઞ

www.vitragvani.com



પરમેશ્વર...

મુમુક્ષુ :– બીજામાં પણ થોડું થોડું સારું છે.

ઉત્તર :– થોડું સારું ક્યાંય છે જ નહિ. એક પરમેશ્વરે 'કુંદકુંદાચાર્ય'ની પરંપરાએ આવેલો મોક્ષનો માર્ગ એ સિવાય ક્યાંય થોડું-ઘણું સાચું ક્યાંય છે જ નહિ. ત્યારે આકરું લાગે છે ને માણસને આ! અહીં તો બધું કહ્યું, જુઓને! **'વેશધારીઓ તેના પ્રત્યે વિનયરૂપ ન પ્રવર્તવું.'** એકલો વેશ ધારણ કર્યો હોય નગ્નપણું પણ અંદર દૃષ્ટિ જ્ઞાન ખોટા છે અને પુણ્યથી ધર્મ માનવતા હોય, દેહની ક્રિયાથી ધર્મ માનતા હોય, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એમ મનાવતા હોય એ બધા વેશધારીઓ છે. માર્ગ તો એવો છે. એ કોઈનો કહેલો નથી.

સનાતન વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ મહાવિદેહમાં સીમંધર ભગવાન વર્તે છે એમની પાસે કુંદકુંદાચાર્ય ગયા હતા. ભગવાન દિગંબર મુનિ સંત બે હજાર વર્ષ પહેલા ભગવાન પાસે ગયા હતા ને આઠ દિ' રહ્યા ને આવીને આ શાસ્ત્રો રચ્યા છે, ભગવાન પાસેથી આવીને. કહો! સમજાણું કાંઈ? એ સિવાય બીજા શાસ્ત્રો, એ સિવાય બીજા ગુરુઓ ને એ સિવાય બીજા દેવ બધાય ખોટા છે. કહો! આ સાચા છે ને બીજા ખોટા, બીજા સાચા નથી એમ અનેકાંત, લ્યોને! આવા સાચા ને બીજા સાચા છે નહિ. એ અનેકાંત કહો! સમજાણું આમાં?

કહે છે, **'યથાર્થ જ્ઞાનથી ભ્રષ્ટ થવાના...'** આવા બધા નિમિત્તો છે, એમ કહે છે. એના **'કારણો તેમાં સાવધાન રહેવું.'** કહો! 'ન્યાલચંદભાઈ'! છે એમાં? બધું લખાણ છે કે નહિ સામે? 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'ની ભલામણ કરી, 'શ્રીમદ્દે' ભલામણ કરી છે. વીસ પુસ્તકમાં એમણે જે પોતે બધા દિગંબર પુસ્તકના જ નામ આપ્યા છે. વીસ પુસ્તકના સત્ શાસ્ત્રના પાછળ નામ આપ્યા છે. એમાં એક ગ્રન્થનું નામ ફક્ત 'યોગદૃષ્ટિ સમુચ્ચય' એક ગ્રન્થ. ૪૫ સૂત્રમાંથી એકેય શાસ્ત્રનું નામ નહિ. 'શ્રીમદ્'માં પાછળ વીસ નામ છે, છે ને સત્ સૂત્રના નામ? આપણે બધું 'આત્મધર્મ'માં ઘણું આપ્યું છે. સત્ શાસ્ત્ર એમણે આ દિગંબરના શાસ્ત્રોને જ સત્ શાસ્ત્ર કહ્યા છે, બીજાને સત્ શાસ્ત્ર કહ્યા નથી.

પહેલા જરી ઊભા રાખ્યા હતા થોડા ઘણા હજી, પછી તો ખુલ્લું કરી નાખ્યું. પાછળથી ખુલ્લું કરી નાખ્યું કે, આ સત્ શાસ્ત્ર, 'સમયસાર', 'પ્રવચનસાર', 'ગોમ્મટસાર', સમજાય ને? છે કે નહિ આમાં? એય...! કેટલામાં પાને છે? પત્રમાં આપણે નાખ્યું ને બધું? ભાઈ! આમાં તત્ત્વ આવ્યું, આવ્યું ને પાછળથી? એને ન કાઢતા આવડે તો શું કરે? જુઓ! આવ્યું. (હાથનોંધ–૧૫)

સત્શ્રુત. 'પાંડવ પુરાણે પ્રદ્યુમ્ન ચરિત્ર.'. 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' જુઓ! બીજે આવ્યું આ. આ સત્ શાસ્ત્ર છે, આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' લ્યો! 'પદ્મનંદી પંચવિંશતિ', 'ગોમ્મટસાર', 'રત્નકરંડશ્રાવકાચાર', 'આત્માનુશાસન', 'મોક્ષમાર્ગ પ્રકાશક' લ્યો! ઠીક. 'મોક્ષમાર્ગ પ્રકાશક'

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

એ સત્ શાસ્ત્ર છે. એમાં 'ટોડરમલ્લજી'એ સ્થાનકવાસી ને શ્વેતાંબરને અન્યમતિ કહ્યા છે, જૈનમતિ નથી. આ ઇ 'મોક્ષમાર્ગ પ્રકાશક'ને સત્શ્રુત કહે છે. કહો! 'મલૂકચંદભાઈ'! ભારે વાત, ભાઈ! 'શ્રીમદ્ રાજચંદ્ર', 'શ્રીમદ્ રાજચંદ્ર'નું પુસ્તક છે. એમાં છેલ્લે સત્શ્રુતના નામ આપ્યા છે. આ સત્શ્રુત આટલા છે. 'કાર્તિકેયાનુપ્રેક્ષા', 'યોગદષ્ટિ સમ્મુચય' બસ! એ એક શ્વેતાંબરનો એક ગ્રન્થ છે. ૪૫ સૂત્ર માહ્યલું સૂત્ર નથી. જુઓ! **'આદિ અનેક છે. ઇન્દ્રિયનિગ્રહના અભ્યાસપૂર્વક એ સત્શ્રુત સેવવા યોગ્ય છે. એ ફળ અલૌકિક છે, અમૃત છે.'** સમજાણું કાંઈ? પેલા કહે, નહિ, આપણે કાંઈ કરવું નહિ, નિર્ણય ન કરવો. ઇ કહે કે, તું સાચો નિર્ણય તારાથી કર તો તને ધર્મ થાય. એ કહે, એ અમારે નિર્ણય કરવો નહિ, આપણે જાણીએ નહિ, જ્ઞાની જાણે સાચું. જ્ઞાની જાણે સાચું પણ તને તો સાચો નિર્ણય આવ્યો નહિ. કેવળીએ જાણ્યું એ સાચું એ તો બધા અનાદિકાળથી કહેતા આવે છે. તને સાચું ક્યારે થાય? કે, તું એનો નિર્ણય કરી તારા સ્વરૂપમાં તને ભાવભાસન થાય ત્યારે તને નિર્ણય સાચો કહેવાય.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના ના, આમાં સાચો... આમાં શું કીધું? આ ગૃહસ્થને વાંચવું, તમારે વાંચવું એમ તો આમાં લખ્યું. આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' બીજું કહ્યું, 'પાંડવ પુરાણ' પહેલા કહ્યું, ઇ કથાનુયોગનું મુક્યું. 'પાંડવ પુરાણે પ્રદ્યુમ્ન ચરિત્ર'. ભગવાન 'શ્રીકૃષ્ણ' ના પુત્ર છે ને! ભગવાન પાસે નારદ પૂછવા ગયા છે, ક્યારે આ...! એનો એક અધિકાર બહુ સારો છે એટલે પહેલું ઇ લખ્યું, ઇ દિગંબરમાં છે. બીજું 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' નામ લખ્યું. આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માં આમ કહે છે. આ ૨૬મી ગાથા.

**लोके शास्त्राभासे समयाभासे च देवताभासे।**
**नित्यमपि तत्त्वरुचिना कर्तव्यममूढदष्टित्वम्।।२६।।**

મુમુક્ષુ :– નક્કી કરવું પડે.

ઉત્તર :– હા, નક્કી (કર્યા) વિના શું થાય? આ તો કહે છે. ઇ પદ્યુમન છે, શ્રી કૃષ્ણના પુત્ર, રૂખમણીના દીકરા. એને લઈ ગયા હતા ને? શું કહેવાય? વિદ્યાધર લઈ ગયા પછી સોળ વર્ષે નારદ ભગવાનને પૂછવા જાય છે, સીમંધર ભગવાનને નારદ પૂછવા જાય છે, નારદ ભગવાનને પૂછે છે. એ તો એને પોતાને ક્ષયોપશમ હોય ને એવું લાગે કે ભગવાન આમ કહે છે. ન્યાં તો એક સાથે બાર અંગ નીકળે, ન્યાં ક્યાં ઇ પૂછે. રૂખમણીનો પુત્ર પદ્યુમન સોળ વર્ષે આવશે. એ જાણે કે ભગવાને મને જવાબ આપ્યો. એને ક્ષયોપશમ એવો હોય ને એને એ આવ્યો જવાબ. એના ક્ષયોપશમમાં આવ્યું. સોળ વર્ષે આવશે, ભગવાનના મુખમાં એમ નીકળ્યું એમ એને ક્ષયોપશમમાં લાગ્યું. ભગવાન તો એક સાથે બાર અંગ.. ન્યાં ક્યાં પહેલા કોઈને જવાબ દે? ભગવાન તો એક સમયે બધું ત્રણકાળ, ત્રણલોક જાણે

www.vitragvani.com



છે. એને ક્યાં પ્રશ્ન જાણીને ઉત્તર દેવો છે. પણ જેની ક્ષયોપશમની યોગ્યતા હોય એને એવું લાગે કે ભગવાન આમ મને કહે છે, ભગવાન આમ મને કહે છે. એવું ઉપાદાન, હોય એટલું નિમિત્તને લાગુ પડે. કહો! સમજાણું કાંઈ?

અમૂઢદૃષ્ટિ–યથાર્થ જ્ઞાન રહિતપણે જ્ઞાની ન હોય. એનું જ્ઞાન યથાર્થ હોય, ધર્મીનું યથાર્થ જ્ઞાન હોય. સત્ય ને અસત્યને તોળી લ્યે. અસત્ય અને સત્યનો ખીચડો ન કરે. કહો, સમજાણું કાંઈ?

પાંચમું ઉપગૂહન અંગ. ધર્મી જીવનો પાંચમો આચાર, લક્ષણ. આ આચાર નથી એનો આચાર? નીચે રત્નકરંડશ્રાવકાચારનો આધાર છે. રત્નકરંડશ્રાવકાચારનો આધાર છે. આમાં વીસ પુસ્તકમાં 'રત્નકરંડ શ્રાવકાચાર' આવ્યું. નીચે, પાનું ૩૨ નીચે. **'અમૂઢત્વ = દુઃખદાયક ખોટા માર્ગો...'** છે ને નીચે? દુઃખદાતા ખોટા માર્ગો **'અથવા કુત્સિતધર્મોમાં...'** જૂઠા ધર્મોમાં, **'અને કુમાર્ગોમાં રહેલા પુરુષોમાં (ભલે તે લૌકિકમાં પ્રખ્યાત હોય)...'** લાખો, કરોડો માનતા હોય. **'મનથી પ્રામાણિક માને નહીં,...'** મનથી પ્રામાણિક એને માને નહિ. કહે છે, દુઃખદાયક ખોટા માર્ગો છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે મોક્ષનો માર્ગ કહ્યો, જે તત્ત્વો કહ્યા એનાથી બધા વિરુદ્ધ કહેનારા જે માર્ગ છે, એ બધા ખોટા દુઃખમાર્ગ, દુઃખ દેનારા છે. અને કુત્સિત ખોટો ધર્મ. કંઈકમાં કંઈક ધર્મ, રાગમાં ને પુણ્યમાં ધર્મ મનાવ્યો છે. કુમાર્ગમાં રહેલા અને એવામાં રહેલા જીવો. એ ભલે લૌકિકમાં પ્રખ્યાત હોય, મનથી પ્રામાણિક માને નહીં. કરોડો મનુષ્યો માનતા હોય, ઓહો..હો..! શું આને માને છે! 'હિન્દુસ્તાન'માં જેની આખા 'હિન્દુસ્તાન'માં પ્રસિદ્ધિ છે. એના મરતા આખા દેશમાં અડધા વાવટા થઈ ગયા. એમાં આત્માને શું? આહાહા..! આખા દેશમાં અડધા વાવટા થઈ ગયા, એકલું હિન્દુસ્તાન નહિ, યુરોપ અને અમેરિકા, પણ એમાં શું થઈ ગયું? એ બહારની પુણ્યની વાતું છે, ધર્મ ક્યાં આવ્યો એમાં?

**'મનથી પ્રામાણિક માને નહીં, કાયાથી પ્રશંસા અને વચનથી સ્તુતિ ન કરે તેને અમૂઢદૃષ્ટિ કહે છે.'** ગાથા ૧૪ 'રત્નકરંડ શ્રાવકાચાર'. સમજાણું? 'રત્નકરંડ શ્રાવકાચાર'માં તો ચોખ્ખી વાત મુકી છે કે ભગવાનને આહાર ન હોય, પાણી ન હોય, રોગ ન હોય. 'શ્રીમદ્' નો એવો પત્ર પણ છે. એક નવું પુસ્તક છપાણું ને પચાસ પત્રનું? અર્ધ શતાબ્દી થઈ ને! ૧૯૨૪ સો પૂરા, એ લોકો શતાબ્દિ ઉજવવાના છે. પચાસ વર્ષનું એક પુસ્તક આવ્યું એમાં એક કાગળ 'રત્નકરંડ શ્રાવકાચાર' નો છેલ્લો મુક્યો છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... જરીએ ફેર નહિ. કહો! સમજાણું આમાં? એ તો કથન પદ્ધતિ છે. શબ્દોમાં ફેર (છે), ભાવમાં બિલકુલ નહિ.

અહીં તો કહે છે કે, એ સમજાણું? અમૂઢદૃષ્ટિ સ્તુતિ આદિ કરે નહિ, પ્રશંસા આદિ ખોટાની કરે નહિ. એવું અહીંયાં 'રત્નકરંડ શ્રાવકાચાર' માં (કહે છે). 'શ્રીમદ્' 'રત્નકરંડ

શ્રાવકાચાર'નો પત્ર મુક્યો છે. દેવ એને કહીએ કે જેને ક્ષુધા ન હોય, તૃષા ન હોય, રોગ ન હોય, એવો પત્ર મુક્યો છે. તરજુમો કર્યો છે ને પણ એમણે કર્યો છે ને? નવા પુસ્તકમાં એક પત્ર મુક્યો છે. પણ એ માને નહિ.

મુમુક્ષુ :– એ તો એમ કહે છે કે તરજુમો કર્યો છે.

ઉત્તર :– તરજુમો કર્યો પણ એ શ્રાવક રત્નકરંડાચારનું માન્ય રાખ્યું છે. વીસ સૂત્રમાં સત્શ્રુત કહ્યું. એમાં કહ્યું કે દેવ અરિહંત હોય એને રોગ ન હોય, એને ક્ષુધા ન હોય, તૃષા ન હોય, આહાર ન હોય, પાણી ન હોય. તો ઇ માને નહિ અને કહે અમે શ્રીમદ્‌ને માનીએ છીએ. શ્રીમદ્‌ને માનતો નથી, તારી માન્યતાને, કલ્પનાને માને છે. કહો, 'માંગીરામજી'! વસ્તુ તો એવી છે. 'રત્નકરંડ શ્રાવકાચાર' નું તો નામ આવ્યું, એમાં 'રત્નકરંડ શ્રાવકાચાર'માં દેવની વ્યાખ્યા તો ઇ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને સમકિત કહ્યું છે, ત્યાં નિશ્ચય સમકિત કહ્યું છે, હોં! સાચા દેવનું સ્વરૂપ કેવું? ગુરુનું કેવું ને શાસ્ત્રનું અનેકાંત કેવું? એવું જેને અંતરમાં બેઠું એ સમ્યગ્દૃષ્ટિ થાય જ. સમજાણું કાંઈ? એમાં દેવનું સ્વરૂપ તો એ મુક્યું છે. એને રોગ ન હોય, આહાર ન હોય, પાણી ન હોય, ક્ષુધા ન હોય, તૃષા ન હોય. વળી કહે કે, ભગવાનને આહાર ને ક્ષુધા હોય. આમાં તો ક્યાં તારા વ્યવહાર, વ્યવહાર શ્રદ્ધાના પણ ઠેકાણા ન મળે. સમજાણું કાંઈ?

ત્યાં ગુરુને નગ્ન મુનિ કહ્યા. દિગંબર મુનિ હોય છે, વસ્ત્રનો તાણો રાખીને પણ જે મુનિ મનાવે, મુનિ માને, મનાવે એ નિગોદગામી છે. મોટર રાખે, મુનિને મોટર કેવી? આહાહા..! અહીં તો 'કુંદકુંદાચાર્ય' 'અષ્ટપાહુડ'માં કહે, એક વસ્ત્રનો તાણો રાખીને અમે મુનિ છીએ, અમે સંત છીએ, અમે સાધુ છીએ, આચાર્ય છીએ, ઉપાધ્યાય છીએ એમ માને તે મિથ્યાદૃષ્ટિ નિગોદમાં જશે. સમજાય છે કાંઈ? 'અષ્ટપાહુડ'માં છે.

આમ 'કુંદકુંદાચાર્ય' કહે એને માનવું નહિ, 'શ્રીમદ્' 'કુંદકુંદાચાર્ય'ને વંદન કરે કે એ અમારા ગુરુ છે. હે 'કુંદાકુંદ' આદિ આચાર્યો! તમારા વચનો આ પામરને સ્વરૂપ અનુસંધાન વિષે ઘણા અત્યંત ઉપકારી થયા, આપને નમસ્કાર. એ 'કુંદકુંદાચાર્ય' કહે કે, એક પણ વસ્ત્રનો તાણો રાખીને મુનિપણું માને, મનાવે તે નિગોદમાં જશે. એ માનવું નહિ. એ.. 'ન્યાલચંદભાઈ'! ભાઈ! અહીં તો વાત એવી છે, ગડબડ-બડબડ કાંઈ ચાલે એવું નથી. બિચારાને ખબર ન મળે માણસને. આંધળી દોડે આ વાડામાં પડ્યા, પેલા કો'ક એના પક્ષમાં પડીને વાતું (કરે), તત્ત્વ છે એ એક કોર પડ્યું રહ્યું. એમાં વૈરાગ્યની વાતું કાંઈક કષાયની મંદતાની એવી વાતું કરે એટલે (લોકોને એમ થાય), ઓહો..હો..! હવે એવી તો અનંતવાર કરી છે એમાં છે શું? સમજાણું કાંઈ? લ્યો! એ ચાર બોલ થયા. સમજાણું?

પાંચમું. સમ્યગ્દૃષ્ટિ–ધર્મની શરૂઆતવાળો, એને આવા આઠ બોલ આચારના લક્ષણ સાચા હોય છે. ઉપગૂહન અંગ.

# ગાથા–૨૭

## ૫ - [૧]ઉપગૂહન અંગ

धर्मोऽभिवर्द्धनीयः सदात्मनो मार्दवादिभावनया।
परदोषनिगूहनमपि विधेयमुपबृंहणगुणार्थम्।।२७।।

અન્વયાર્થ :– [ उपबृंहणगुणार्थ ] ઉપબૃંહણ નામના ગુણ અર્થે [ मार्दवादिभावनया ] માર્દવ, ક્ષમા, સંતોષાદિ ભાવનાઓ વડે [ सदा ] નિરંતર [ आत्मनो धर्मः ] પોતાના આત્માના ધર્મની અર્થાત્ શુદ્ધ સ્વભાવની [ अभिवर्द्धनीयः ] વૃદ્ધિ કરવી જોઈએ અને [ परदोषनिगूहनमपि ] બીજાના દોષોને ગુપ્ત રાખવા પણ [ विधेयम् ] જોઈએ. (એ પણ કર્તવ્ય છે.)

ટીકા :– 'उपबृंहणगुणार्थं मार्दवादिभावनया सदा आत्मनः धर्मः अभिवर्द्धनीयः' ઉપબૃંહણ નામના ગુણને માટે માર્દવ એટલે કોમળ પરિણામ અને આદિ શબ્દથી ક્ષમા, સંતોષાદિની ભાવના વડે સદા પોતાના આત્માનો નિજ સ્વભાવ પ્રગટપણે વધારવો. 'परदोषनिगूहनमपि विधेयम्।' - અન્ય જીવના જે કોઈ અક્રિયારૂપ દોષ હોય તેને પ્રગટ ન કરવા, દાબી દેવા એ પણ કરવું.

ભાવાર્થ :– ઉપબૃંહણ નામ વધારવાનું છે. પોતાના આત્માનો ધર્મ વધારવો. વળી આ ધર્મનું નામ ઉપગૂહન પણ કહ્યું છે. તે અપેક્ષાએ દોષ ઢાંકવાનું કહ્યું. બીજાના દોષ પ્રગટ કરવાથી તેને દુઃખ ઉપજે છે. ૨૭.

## ગાથા–૨૭ ઉપર પ્રવચન

धर्मोऽभिवर्द्धनीयः सदात्मनो मार्दवादिभावनया।
परदोषनिगूहनमपि विधेयमुपबृंहणगुणार्थम्।।२७।।

**અન્વયાર્થ :– 'ઉપબૃંહણ નામના ગુણ અર્થે માર્દવ,...'** કોમળતા, કોમળતા. નરમાશ

૧. ઉપગૂહનત્વ = મોક્ષમાર્ગ પોતે તો શુદ્ધ જ છે તેની અશક્ત અને અજ્ઞાની-જીવોના આશ્રયે થતી નિંદાને દૂર કરવી તેને ઉપગૂહન કહે છે [સ્વસન્મુખતાના બળ વડે શુદ્ધિની વૃદ્ધિ કરવી તેને ઉપબૃંહણ અંગ કહે છે.] (ગાથા- ૧૫ રત્નકરંડ શ્રાવકાચાર)

www.vitragvani.com



જોઈએ, નરમાશ જોઈએ. સમજાણું કાંઈ? **'ક્ષમા, સંતોષાદિ ભાવનાઓ વડે...'** સંતોષ આદિ શાંતિની ભાવના વડે **'નિરંતર પોતાના આત્માના ધર્મની,...'** પોતાના આત્માના ધર્મની શુદ્ધ શ્રદ્ધા જ્ઞાન, વીતરાગી દૃષ્ટિ, વીતરાગ ભાવની એટલે શુદ્ધ સ્વભાવની વૃદ્ધિ કરવી. શુદ્ધ સ્વભાવની વૃદ્ધિ કરવી એનું નામ ઉપગૂહન છે. લ્યો! સમજાણું કાંઈ? **'आत्मनो धर्मः अभिवर्द्धनीयः'** એમ છે ને? **'आत्मनो धर्मः अभिवर्द्धनीयः'** ભગવાન આત્મા, જે શુદ્ધ ચૈતન્ય વીતરાગી મૂર્તિ એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એની રમણતા એવો આત્મધર્મ **'अभिवर्द्धनीयः'** એને વધારવો એનું નામ સમકિતીનો પાંચમો ઉપગૂહન ગુણ કહેવામાં આવે છે. આહા...! સમજાણું કાંઈ?

**'નિરંતર પોતાના આત્માનો...'** **'आत्मनो धर्मः'** છે ને? **'आत्मनो'** એટલે **'પોતાના આત્માના ધર્મની અર્થાત્ શુદ્ધ સ્વભાવની...'** જુઓ! **'आत्मनो धर्मः अभिवर्द्धनीयः'** **'વૃદ્ધિ કરવી જોઈએ અને બીજાના દોષોને ગુપ્ત રાખવા પણ જોઈએ.'** એમ. બીજાના દોષો ખુલ્લા કરતા એને દુઃખ થાય. એમ કરવું નહિ. **'परदोषनिगूहनमपि'** શબ્દ પડ્યો છે ને? **'अपि'** આમ કરવું અને આમ પણ કરવું જોઈએ, એમ. આમ પણ કરવું જોઈએ. બીજાના દોષો ખુલ્લા કરતા એને દુઃખ થાય તેથી ગોપવવા. સમજાણું કાંઈ? પોતાના દોષને પણ ગોપવવા એટલે ટાળવા અને ગુણની વૃદ્ધિ કરવી. એમ. નીચે વાંચી લઈએ, 'રત્નકરંડ શ્રાવકાચાર'નું નીચે છે ને? ૩૩ પાને.

**'ઉપગૂહનત્વ = મોક્ષમાર્ગ પોતે તો શુદ્ધ જ છે...'** મોક્ષનો માર્ગ વીતરાગનો તો ઓ..હો..! શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, તેની શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા એ તો ધર્મ શુદ્ધ જ છે. **'તેની અશક્ત અને અજ્ઞાની-જીવોના આશ્રયે...'** તેની અશક્ત નબળા જીવો અને અજ્ઞાની મૂઢ, **'જીવોના આશ્રયે થતી નિંદાને દૂર કરવી તેને ઉપગૂહન કહે છે...'** લ્યો! થતી નિંદાને દૂર કરવી. **'(સ્વસન્મુખતાના બળ વડે શુદ્ધિની વૃદ્ધિ કરવી...)'** એમ એનો અર્થ. ઉપબૃંહણ કહે છે ને? નિંદાનું ઉપગૂહન કરવું, આ વૃદ્ધિની વાત. **'સ્વસન્મુખતાના બળ વડે...'** જોયું? અંતર શુદ્ધ આત્માની સન્મુખતા. પૂર્ણ શુદ્ધ ભગવાન પરમાત્મ સ્વરૂપ પોતાનું, એની સ્વસન્મુખતાના બળ વડે **'શુદ્ધિની વૃદ્ધિ કરવી તેને ઉપબૃંહણ અંગ કહે છે.'** એ 'રત્નકરંડ શ્રાવકાચાર' નો આ શ્લોક છે. 'સમંતભદ્રાચાર્ય'.

**ટીકા :–** **'ઉપબૃંહણ નામના ગુણને માટે...'** ટીકામાં. **'માર્દવ એટલે કોમળ પરિણામ...'** કોમળ સુંવાળા પરિણામ જોઈએ, કઠોર અને કઠણ નહિ જોઈએ. કોમળતા જોઈએ, કહે છે. સમ્યગ્દૃષ્ટિને કોમળતા હૃદયમાં હોય, કોમળતા. **'કોમળ આદિ શબ્દથી ક્ષમા, સંતોષ, શાંતિ આદિની ભાવના વડે સદા પોતાના આત્માનો નિજ સ્વભાવ પ્રગટપણે વધારવો.'** આ ઉપબૃંહણનો અર્થ છે. આહાહા..! પોતાના આત્માનો નિજ સ્વભાવ શુદ્ધ આનંદ ને શાંતિ નિર્મળ વીતરાગ સ્વભાવ, એને વધારવો, નિજ સ્વભાવ પ્રગટપણે વધારવો એમ કહે છે.

www.vitragvani.com



અંદર શક્તિ તો છે, પર્યાયમાં પ્રગટપણે વધારવો. લ્યો! એનું નામ ઉપબૃંહણ છે.

**'परदोषनिगूहनमपि विधेयम्।' '- અન્ય જીવના જે કોઈ અક્રિયારૂપ દોષ હોય...'** અક્રિયા એટલે કે સાચા હોય નહિ, ખોટા હોય, **'તેને પ્રગટ ન કરવા, દાબી દેવા એ પણ કરવું.'** એ પણ એક કરવું, એમ કરીને જરી (વાત કરી છે).

**ભાવાર્થ :– 'ઉપબૃંહણ નામ વધારવાનું છે. પોતાના આત્માનો ધર્મ વધારવો.'** પોતાના આત્માનો ધર્મ વધારવો એ ઉપબૃંહણ છે. બીજા વધે ને ઘટે એ કાંઈ તારે આધીન નથી. બીજા વધે તો ઠીક એવો વિકલ્પ પણ રાગનું કારણ છે, રાગનું કારણ છે. ધર્મ વધે ને પામે એવો વિકલ્પ દુઃખનું કારણ છે. એને ઠેકાણે (એમ માને કે) અમે બીજાને ધર્મ પમાડીએ છીએ, અમે ધર્મ વૃદ્ધિ માટે આ ભાવ કરીએ છીએ. ભાઈ! તને ખબર નથી, ભાઈ! બીજા ધર્મ પામે ન પામે એ વિકલ્પ જે તારો છે એ તને રાગ છે. વિકલ્પ છે ને? શુભભાવ છે ને? શુભભાવ છે તો આકુળતા છે. અહીં તો આત્માનો ધર્મ વૃદ્ધિ કરવો એમ કહ્યું. આકુળતા વધારવી એમ કીધું? સમજાણું કાંઈ? આહાહા...!

**'પોતાના આત્માનો ધર્મ વધારવો. વળી આ ધર્મનું નામ ઉપગૂહન પણ કહ્યું છે.'** અસ્તિ-નાસ્તિ કરી ને. દોષને ગોપવવો અને ધર્મને વધારવો. **'તે અપેક્ષાએ દોષ ઢાંકવાનું કહ્યું. બીજાના દોષ પ્રગટ કરવાથી તેને દુઃખ ઉપજે છે.'** માટે એ કરવું નહિ. કહો! સમજાણું? પાછળથી જરી ખુલાસો કરશે. સમ્યગ્દષ્ટિને પૂરેપૂરા હોય છે, કોઈને થોડા હોય, કોઈને ગૌણપણે હોય, કોઈને મુખ્યપણે હોય, પરંતુ સમકિતની શોભા તો ત્યારે થાય કે જ્યારે એ આઠેનું સંપૂર્ણપણે પ્રગટે. પાછળ કહેશે. આઠ અંગ પૂરા થાય એ પેરેગ્રાફ. કોઈમાં કોઈ થોડા ગુણનો ભાગ હોય, પણ આઠ અંગ પૂરા હોય તો શોભાને પામે. કહો! સમજાણું કાંઈ? એ ઉપબૃહણ નામનો ગુણ થયો. એ પાંચમો થયો, પાંચમો થયો ને?

સ્થિતિકરણ અંગ, સ્થિતિકરણ અંગ. ધર્મથી ભ્રષ્ટ થતાં હોય એને સ્થિતિ કરવી, પોતાના આત્માને સ્થિર કરવો એ પહેલું છે. નીચે એકડો લખ્યો છે ને એટલે નીચે લ્યો પહેલું.

**'સ્થિતિકરણત્વ = સમ્યગ્દર્શનથી અને સમ્યક્ચારિત્રથી ચલાયમાન થતા જીવોને...'** દેખો! જે જીવો સાચી શ્રદ્ધાથી ભ્રષ્ટ થતાં હોય ભગવાનના માર્ગથી, શ્રદ્ધાથી કે સાચા અંતર વીતરાગી ચારિત્રથી ભ્રષ્ટ થતાં હોય, **'તે જીવોને ધર્મવત્સલ વિદ્વાનો...'** દેખો! ધર્મપ્રેમી વિદ્વાનો દ્વારા, ધર્મના પ્રેમી હોય, બીજા પ્રત્યે ધર્મીપ્રત્યે પ્રેમ છે. **'એવા ધર્મવત્સલ વિદ્વાનો દ્વારા સ્થિરીભૂત કરવામાં આવે તેને સ્થિતિકરણ અંગ કહે છે.'** વ્યવહારનું નાખ્યું છે. પોતાને સ્થિતિકરણ કરે ત્યારે આ હોય છે.

www.vitragvani.com



## ગાથા–૨૮

### ૬ - [૨]સ્થિતિકરણ અંગ

कामक्रोधमदादिषु चलयितुमुदितेषु वर्त्मनो न्यायात्।
श्रुतमात्मनः परस्य च युक्त्या स्थितिकरणमपि कार्यम्।।२८।।

અન્વયાર્થ :– [ कामक्रोधमदादिषु ] કામ, ક્રોધ, મદ, લોભાદિ વિકાર [ न्यायात् वर्त्मनः ] ન્યાયમાર્ગથી અર્થાત્ ધર્મમાર્ગથી [ चलयितुम ] વિચલિત કરવાને માટે [ उदितेषु ] પ્રગટ થયા હોય ત્યારે [ श्रुतं ] શાસ્ત્ર અનુસાર [ आत्मनः परस्य च ] પોતાની અને પરની [ स्थितिकरणं ] સ્થિરતા [ अपि ] પણ [ कार्यम् ] કરવી જોઈએ.

ટીકા :– 'कामक्रोधमदादिषु न्यायात् वर्त्मनः चलयितुं उदितेषु आत्मनः परस्य च श्रुतं युक्त्या स्थितिकरणं अपि कार्यम्।' - મૈથુનના ભાવ, ક્રોધના, માનના ભાવ અને આદિ શબ્દથી લોભાદિકના ભાવ ન્યાયરૂપ ધર્મમાર્ગથી ભ્રષ્ટ કરનારા છે, માટે તે પ્રગટ થતાં પોતાને અને અન્ય જીવોને શાસ્ત્ર પ્રમાણે યુક્તિવડે ધર્મમાં સ્થિર કરવા તે કાર્ય પણ શ્રદ્ધાનવાળાએ કરવા યોગ્ય છે.

ભાવાર્થ :– ભ્રષ્ટને ધર્મમાં સ્થાપવો તેનું નામ સ્થિતિકરણ કહીએ. ધર્મથી જે ભ્રષ્ટ થાય છે તે કામ, ક્રોધાદિને વશ થવાથી થાય છે. તેથી જો એના નિમિત્તે પોતાના પરિણામ ભ્રષ્ટ થાય તો પોતે યુક્તિ વડે ધર્મમાં સ્થિર થવું, અન્ય જીવ ભ્રષ્ટ થાય તો તેને જેમ બને તેમ ધર્મમાં દૃઢ કરવો. ૨૮.

---

कामक्रोधमदादिषु चलयितुमुदितेषु वर्त्मनो न्यायात्।
श्रुतमात्मनः परस्य च युक्त्या स्थितिकरणमपि कार्यम्।।२८।।

**અન્વયાર્થ :– 'કામ, ક્રોધ, મદ, લોભાદિ વિકાર...'** કામ વિષય સેવના, ક્રોધ એનાથી પોતાનો ને પરનો આત્મા ડગતો હોય. મદમાં–અભિમાનમાં, લોભાદિ માયા આદિમાં. **'વિકાર ન્યાયમાર્ગથી અર્થાત્ ધર્મમાર્ગથી વિચલિત કરવાને માટે...'** એમાં થતું હોય તો એને સ્થિર કરવો, એમ. છે ને? **'न्यायात् वर्त्मनः'** ન્યાયમાર્ગથી અથવા ધર્મમાર્ગથી વીતરાગી આત્માનો

---

૨. સ્થિતિકરણ = સમ્યગ્દર્શનથી અને સમ્યક્ચારિત્રથી ચલાયમાન થતા જીવોને ધર્મવત્સલ વિદ્વાનો દ્વારા સ્થિરીભૂત કરવામાં આવે તેને સ્થિતિકરણ અંગ કહે છે. (ગાથા-૧૬)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સ્વભાવ દૃષ્ટિ, જ્ઞાન ને લીનતા, એવો જે આત્માનો ધર્મ એ જ ન્યાયમાર્ગ છે અને એ જ ધર્મમાર્ગ છે. **'न्यायात् वर्त्मनः'** **'એવા વિચલિત કરવાને માટે પ્રગટ થયા હોય ત્યારે...'** એવી કોઈ અસ્થિરતા થતી હોય ત્યારે **'શાસ્ત્ર અનુસાર...'** શાસ્ત્ર અનુસાર પાછું **'પોતાની અને પરની...'** **'आत्मनः परस्य च'** પોતાની ને પરની સ્થિતિકરણ, **'સ્થિરતા પણ કરવી જોઈએ.'** સ્થિરતા પણ કરવી જોઈએ. **'स्थितिकरणं अपि कार्यम्'**. અર્થ કરે છે.

**ટીકા :–** કામની વ્યાખ્યા **'મૈથુનના ભાવ,...'** એ વિષયના ભાવથી પોતાનો આત્મા ડગતો હોય તો એને સ્થિર કરવો. સુખબુદ્ધિ તો ન હોય પણ એવી વિકલ્પની વૃત્તિમાં વિષય વાસના હોય. એમાંથી ખસીને જીવને સ્થિર કરવો. સમજાય છે? તેમાંથી ભ્રષ્ટ થવાનો પ્રસંગ આવે માટે ભ્રષ્ટ થવા દેવું નહિ. **'ક્રોધના,...'** ભાવ કીધા છે ને? વિષયના ભાવ છે. **'ક્રોધના...'** સમજાણું? **'अदादिषु न्यायात् वर्त्मनः चलयितुं उदितेषु'** ક્રોધ થતો, તીવ્ર ક્રોધ થતો હોય એનાથી પાછો વળે. તીવ્ર ક્રોધથી ધર્મથી ભ્રષ્ટ થવાનો પ્રસંગ આવે માટે એણે ક્રોધ થવા દેવો નહિ. **'માન...'** અભિમાન. જ્યાં ત્યાં માન ને મર્તબો પોષાય ત્યાં ચાલતો હોય તો પાછો વાળવો. સમજાણું? માન અને મર્તબો પોષવાનો હોય એમાંથી જીવને પાછો વાળવો. પોતાના આત્માને પોતામાં સ્થિર કરવો. દુનિયાના માન, મર્તબે કાંઈ આત્માને દાળિયા થાય એવા નથી. દુનિયા માને, ઝાઝી ન માને એની સાથે કાંઈ આત્માનું કલ્યાણ નથી. દુનિયામાં આટલામાં ઠીક કહેવાય ને ઝાઝામાં, જેમાં રહ્યા એ સમાજમાં જો ઠીક કહેવાઈએ ને તો આપણે ઠીક નભીએ. સમાજ તો અનેક જાતનો છે એની સાથે કાંઈ તારે સંબંધ નથી. એવા માનથી, ભાવને પોતાને પાછો વાળવો. સમજાણું? આત્માને સ્થિર કરવો.

**'આદિ શબ્દથી લોભાદિકના ભાવ...'** લોભ કોઈ કપટ, સમજાય છે? કોઈ ગૃદ્ધિ, એવા ભાવથી જીવને (પાછો વાળવો). એ ભ્રષ્ટ કરનારા ભાવ છે એમ કહે છે. આવા ભાવ ધર્મથી ભ્રષ્ટ કરનારા છે. અરે..! **'ન્યાયરૂપ ધર્મમાર્ગથી ભ્રષ્ટ કરનારા છે,...'** એમ કહે છે. છે ને? મૂળ પાઠ ઇ છે ને? **'न्यायात्'** ન્યાય... ન્યાય... ન્યાય... એવા ભાવો લોભમાં બહુ જાય, ક્રોધમાં જાય, માનમાં જાય, ન્યાયરૂપ ધર્મમાંથી ભ્રષ્ટ કરનારા છે. **'માટે તે પ્રગટ થતાં પોતાને અને જીવોને શાસ્ત્ર પ્રમાણે યુક્તિવડે...'** છે ને? **'युक्त्या'** શબ્દ પડ્યો છે ને? **'युक्त्या'**. પોતાને ને પરને શાસ્ત્ર પ્રમાણે યુક્તિ વડે ન્યાયથી. સમજાણું?

**'ધર્મમાં સ્થિર કરવા...'** પોતાના આત્માને સ્થિર કરવો, એક વાત છે. **'તે કાર્ય પણ શ્રદ્ધાનવાળાએ કરવા યોગ્ય છે.'** બીજાને પછી વિકલ્પ હોય ને થાય, એ સાથે નાખ્યું છે વ્યવહારે. મૂળ તો પોતાને સ્થિર કરવાની વાત છે. બીજો થાય ન થાય એ તો એની પર્યાયની યોગ્યતા હોય તો થાય, તારા વિકલ્પથી કાંઈ ન્યાં થઈ જાય નહિ, સુધરી ન જાય. સમજાણું? પોતે પોતાના ભાવને (પાછો વાળે). ભાઈ! આવા ધર્મના માર્ગથી ભ્રષ્ટ થવાના કારણો એમાં સાવધાન રહી ને પોતાના આત્માને સ્થિર કરવો. તે કાર્ય પણ શ્રદ્ધાનવાળાએ કરવા યોગ્ય

www.vitragvani.com



છે. આવું કાર્ય પણ આત્માએ પોતાના શ્રદ્ધામાં કરવા લાયક છે. સમજાણું?

ઘણા તો પછી એકલા પરોપકારમાં ચાલ્યા જાય. પરનું કરો, પરનું કરો ને આપણે પણ પરનું કે દિ' તું કરી શકે છે? એ તો સાથે નાખ્યો છે પેલો વિકલ્પ છે એટલે. પરનું કરે કોણ? તીર્થંકર પણ કોઈનું કરી શક્યા નથી. જેની યોગ્યતા હતી એનું થયું. સમજાણું? શાસ્ત્ર પ્રમાણે યુક્તિવડે પાછું એમ, પોતાની કલ્પનાથી નહિ. **'ધર્મમાં સ્થિર કરવા તે કાર્ય પણ શ્રદ્ધાનવાળાએ કરવા યોગ્ય છે.'**

**'ભ્રષ્ટને ધર્મમાં સ્થાપવો તેનું નામ સ્થિતિકરણ કહીએ.'** લ્યો! પોતાના આત્માને અને પરને. ભ્રષ્ટને ધર્મમાં સ્થાપવો તેનું નામ સ્થિતિકરણ છે. ધર્મમાં સ્થાપવો ને? કે પેલા ભૂખ્યાને આહાર-પાણી દેવા એ પણ સ્થિતિકરણ હશે? અહીં તો ભ્રષ્ટને ધર્મમાં સ્થાપવું તેનું નામ (સ્થિતિકરણ) એમ કહે છે. **'ધર્મથી જે ભ્રષ્ટ થાય તેને તે કામ, ક્રોધાદિને વશ થવાથી થાય છે.'** એમ કહે છે. કાં વિષયની વાસનાથી, કાં કોઈ ક્રોધથી, કાં પોતાનું માન સાચવવા માટે, કાં કોઈ કપટ માટે, કો'ક લોભની તીવ્રતા માટે ધર્મથી ભ્રષ્ટ થવાય છે.

**'તેથી જો એના નિમિત્તે પોતાના પરિણામ ભ્રષ્ટ થાય...'** એના નિમિત્તે પોતાના પરિણામમાં કાંઈ ચલિત થાય, **'તો પોતે યુક્તિ વડે ધર્મમાં સ્થિર થવું,...'** તો પોતે અંતરના ન્યાયમાર્ગ વડે પોતાના આત્માને સ્થિર કરવો. **'અન્ય જીવ ભ્રષ્ટ થાય તો તેને જેમ બને તેમ ધર્મમાં દઢ કરવો.'** લ્યો! ધર્મથી ભ્રષ્ટ થતો હોય એને, હોં! **'અન્ય જીવ ભ્રષ્ટ થાય તેને જેમ બને તેમ,...'** જેમ બને તેમ, એમ કહ્યું છે. એટલે શું સહેજે વિકલ્પ આવ્યો હોય, થવું હોય તો થાય એમ જેમ બને તેમ. **'ધર્મમાં દઢ કરવો.'** એ સમ્યગ્દષ્ટિનો છઠ્ઠો આચાર સ્થિતિકરણ છે. લ્યો! બે રહ્યા. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૭ ગાથા–૨૯ થી ૩૦ રવિવાર, વૈશાખ વદ ૧૨, તા. ૦૪-૦૬-૧૯૬૭

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. મુક્તિ એ પુરુષની સિદ્ધિ કહેવાય. મોક્ષ દશા એ પુરુષાર્થની સિદ્ધિ, એનો ઉપાય. એમાં પહેલા સમ્યગ્દર્શનની વ્યાખ્યા ચાલે છે. પહેલું સમ્યગ્દર્શન એટલે જીવાદિ તત્ત્વો જે છે એનાથી વિપરીત શ્રદ્ધા રહિત જેવા તત્ત્વો છે એવા જ્ઞાયકભાવ આત્મા, રાગાદિ આસ્રવ પુણ્ય તત્ત્વ વગેરેને જેમ છે તેમ સ્વસન્મુખ થઈને આત્માની સમ્યગ્દર્શન દશા પ્રગટ કરવી એ પહેલામાં પહેલું ધર્મીનું કર્તવ્ય છે. સમજાણું? સમજાય છે કાંઈ? પહેલા મહાવ્રત લેવા એ કર્તવ્ય નથી, એમ કહે છે.

મુમુક્ષુ :– ચરણાનુયોગ...

ઉત્તર :– ચરણાનુયોગમાં આ દર્શનપૂર્વકની વાત છે. સમ્યગ્દર્શન, આત્મા અસંખ્ય પ્રદેશી દળ અનંત ગુણનું ધામ એકરૂપ એની સ્વસન્મુખ દૃષ્ટિ કરીને અનુભવ કરવો એ પહેલામાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પહેલું ધર્મ કરનારનું કર્તવ્ય છે. કહો! સમજાણું કાંઈ? એ સમ્યગ્દષ્ટિને આઠ અંગ હોય છે એમ અહીંયાં કહે છે. એવા ધર્માત્માને આઠ અંગ, આઠ લક્ષણ કહો કે આઠ આચાર કહો. એ આઠમાં છ આવી ગયા. આજ સાતમો છે, વાત્સલ્ય અંગ. ધર્મી, જેને આત્માની પૂર્ણ આનંદ સ્વરૂપની પ્રતીતિ આવી છે એને ધર્માત્મા પ્રત્યે અને પોતાના સ્વભાવ પ્રત્યે પ્રેમ હોય છે. સમજાણું કાંઈ? એ સાતમો બોલ છે.

## ગાથા-૨૯

### ૭ - [1]વાત્સલ્ય અંગ

**अनवरतमहिंसायां शिवसुखलक्ष्मीनिबन्धने धर्मे।**
**सर्वेष्वपि च सधर्मिषु परमं वात्सल्यमालम्ब्यम्।।२९।।**

**અન્વયાર્થ :– [ शिवसुखलक्ष्मीनिबन्धने ] મોક્ષસુખરૂપ સંપદાના કારણભૂત [ धर्मे ] ધર્મમાં [ अहिंसायां ] અહિંસામાં [ च ] અને [ सर्वेष्वपि ] બધાય [ सधर्मिषु ] સાધર્મીજનોમાં [ अनवरतं ] સતત [ परमं ] ઉત્કૃષ્ટ [ वात्सल्यं ] વાત્સલ્ય અથવા પ્રીતિનું [ आलम्ब्यम् ] આલંબન કરવું જોઈએ.**

**ટીકા :– મોક્ષસુખની સંપદાના કારણભૂત એવો જે હિંસારહિત જિનપ્રણીત ધર્મ તેમાં અને તે ધર્મસહિત એવા બધાય ધર્મીઓમાં ઉત્કૃષ્ટ વાત્સલ્ય નિરંતર રાખવું.**

**ભાવાર્થ :– વાત્સલ્ય ગાયને વાછરડા પ્રત્યે હોય તેવી પ્રીતિને કહે છે. જેમ વાછરડા પ્રત્યેના પ્રેમને લીધે ગાય સિંહની સામે જાય છે-એવા વિચારથી કે મારું ભક્ષણ કરીને આ વાછરડાનું ભલું થઈ જાય તો ઘણું સારું. એવી પ્રીતિ ધર્મમાં અને ધર્માત્મા સાધર્મીમાં જોઈએ. જે તન, મન, ધન, સર્વસ્વ ખરચીને પોતાની પ્રીતિ પાળે. ૨૯.**

## ગાથા-૨૯ ઉપર પ્રવચન

**अनवरतमहिंसायां शिवसुखलक्ष्मीनिबन्धने धर्मे।**
**सर्वेष्वपि च सधर्मिषु परमं वात्सल्यमालम्ब्यम्।।२९।।**

૧. વાત્સલ્ય = પોતાના સમૂહના ધર્માત્મા જીવોનો સાચા ભાવથી કપટ રહિત, યથાયોગ્ય સત્કાર કરવો તે.

www.vitragvani.com



**'મોક્ષસુખરૂપ સંપદાના કારણભૂત...'** મોક્ષસુખ એટલે આત્માની પરમ આનંદ દશા એવી જે નિજ સંપદા. મોક્ષસુખરૂપી સંપદા, આત્માની અતીન્દ્રિય આનંદરૂપી, આત્માની અતીન્દ્રિય પૂર્ણ આનંદરૂપી અવસ્થા એ મોક્ષસુખની સંપદા કહેવાય છે. એના કારણભૂત ઉપાયની વાત છે ને આ? **'એના કારણભૂત ધર્મમાં...'** કેવો ધર્મ છે? કે, અહિંસા. જેમાં રાગ રહિત આત્માની અહિંસા એનું નામ અહિંસા જૈન ધર્મ કહેવાય છે. કહો! સમજાણું કાંઈ? અહિંસા એટલે રાગ રહિત, વિકલ્પ રહિત આત્માની અહિંસક દશા. નિર્મળ અરાગી દશા એ જૈન ધર્મ છે, એ અહિંસા ધર્મ છે. એમાં એને પ્રેમ જોઈએ, પ્રીતિ જોઈએ.

**'અને બધાય સાધર્મીજનોમાં...'** એ બહારથી લીધું. જેને આત્મધર્મ સ્વભાવ દૃષ્ટિ પ્રગટી છે એવા સાધર્મી. બધાય શબ્દે ચોથે, પાંચમે, છઠ્ઠે આદિ હોય **'એ બધાય સાધર્મીજનોમાં સતત ઉત્કૃષ્ટ વાત્સલ્ય...'** જોવે. નિરંતર અને ઉત્કૃષ્ટ જેને પ્રેમ હોય છે. પોતાનો પરમ પવિત્ર રાગ રહિત અહિંસા સ્વભાવ (છે) એની એને દૃષ્ટિ છે માટે તેની તેને પ્રીતિ હોય છે. સમજાણું કાંઈ? આત્મા આનંદ ને જ્ઞાયક સ્વરૂપ પૂર્ણ શુદ્ધ એની અંતર પુણ્યના વિકલ્પો છે એનાથી રહિત. સ્વભાવની દૃષ્ટિ સહિત, અરાગી દશાની ઉત્પત્તિ (થવી) એને અહિંસા જૈન ધર્મ કહે છે, એ અહિંસા જૈન ધર્મ છે. સમજાણું કાંઈ?

એવા અહિંસા ધર્મમાં બધાય સાધર્મી ... નીચે કહેશે. બધાય સાધર્મીજનો, સમ્યગ્દૃષ્ટિ હો કે સાચા શ્રાવક હો કે સાચા મુનિ હો, બધા જનોમાં સતત, નિરંતર. પાછું કોઈ વખતે પ્રેમ ને કોઈ વખતે દ્વેષ એમ નહિ. સમજાણું કાંઈ? સતત અને તે પણ ઉત્કૃષ્ટ. જે કુટુંબીજનો પ્રત્યે પ્રેમ છે, સ્ત્રી કુટુંબ એના કરતા આ સાધર્મીજનો પ્રત્યે એને ઉત્કૃષ્ટ પ્રેમ હોય છે. સમજાણું કાંઈ?

ધર્માત્મા પ્રત્યે, ઘરના કુટુંબની સ્ત્રી, કુટુંબ એના કરતા પણ, ઘરમાં સમકિતી સાધર્મી હોય તો એ જુદી વાત છે, નહિતર ઘરની સ્ત્રી કે પુત્ર કે પિતા એના કરતા પણ સાધર્મી પ્રત્યે એને ઉત્કૃષ્ટ પ્રેમ હોય છે. કહો! સમજાણું આમાં? બધાય સાધર્મી, બધા શબ્દે ઇ. સર્વેષુ છે ને? ચોથા ગુણસ્થાનથી માંડીને લીધું છે. સમ્યગ્દૃષ્ટિ જીવ હોય, શ્રાવક હો કે મુનિ હો કે અવિરત સમ્યગ્દૃષ્ટિ હો, બધામાં જેને પ્રેમ હોય છે, તે કેવો? નિરંતર, કેવો? બીજા કરતા ઊંચો.

**'વાત્સલ્ય અથવા પ્રીતિનું આલંબન કરવું જોઈએ.'** એને પ્રેમનું આલંબન લેવું જોઈએ. કહો! સમજાણું આમાં? પોતાનો નિર્વિકલ્પ આત્મસ્વભાવ, એના પ્રેમનું આલંબન લેવું અને બાહ્ય સાધર્મી પ્રત્યે એવા પ્રેમનો ભાવ શુભરાગ હોય છે. એમાં નિશ્ચય ને વ્યવહાર બે વાત્સલ્યની વ્યાખ્યા છે. કહો! સમજાણું આમાં?

**ટીકા :– 'મોક્ષસુખની સંપદાના કારણભૂત...'** મોક્ષસુખ, મોક્ષ એટલે પરમ શુદ્ધતાનું પ્રગટ થવું. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' 'શ્રીમદ્'માં આવે છે ને? નિજ પરમાત્મ દશા શુદ્ધ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જેવો સ્વભાવ છે એવી દશા પ્રગટ, પૂર્ણ આનંદની દશા પ્રગટ થવી એનું નામ મોક્ષ. તો કહે છે કે, **'મોક્ષસુખની સંપદા...'** એ જીવની સંપદા છે. કહો! સમજાય છે કાંઈ? આ શરીર, લક્ષ્મી આદિ કાંઈ આત્માની સંપદા નથી. એ તો જડ, પર છે. પોતાના પૂર્ણ આનંદની સુખની દશારૂપ સંપદા, મોક્ષરૂપી લક્ષ્મી. લ્યો! આ સંપદા. એના કારણભૂત ઉપાય, ઉપાયની વાત છે ને એની? પુરુષાર્થસિદ્ધિ, પુરુષાર્થસિદ્ધિ એટલે મોક્ષ સુખ, એનો ઉપાય છે આ, ઉપાયની વાત કારણભૂત છે.

**'એવો જે હિંસારહિત જિનપ્રણીત ધર્મ...'** હિંસાની રહિત વ્યાખ્યા આ છે. પરજીવને ન મારવો એ કાંઈ, એવી કાંઈ વાત આ નથી. જૈન ધર્મમાં એ કાંઈ છે નહિ. મારવો, ન મારવો એ આત્માના અધિકારની વાત છે નહિ. આત્માને ન મારવો, રાગ કરીને આત્મા મરે છે. શુભ-અશુભ રાગ થાય તો આત્માના પ્રાણ હણાય છે. એ જૈન ધર્મ નહિ. શુભ-અશુભ રાગ રહિત આત્માના ચૈતન્ય પ્રાણને શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતા દ્વારા જીવતા રાખવા એનું નામ જિનપ્રણીત અહિંસા ધર્મ કહેવામાં આવે છે. કહો! સમજાણું કાંઈ? છે?

મોક્ષસુખની સંપદાનો હેતુ, કારણ એટલે ઉપાય. નિબંધનમાં વ્યાખ્યા કરી છે ને? **'निबन्धने'** એટલે કારણભૂત. નિબંધન. શિવસુખલક્ષ્મીનું નિબંધન એટલે જેનાથી પ્રાપ્ત થાય. ભગવાન આત્મા જેવો આનંદ એનો સ્વભાવ છે એવી એની પ્રગટ દશા પૂર્ણ આનંદ થાય એ મોક્ષરૂપી આત્માની લક્ષ્મી. એનો નિબંધન ઉપાય, હેતુ કોણ? અહિંસા જિનપ્રણીત ધર્મ. વિકલ્પ પુણ્ય, દયા, દાનના વિકલ્પ રહિત આત્માની દયાના જે પરિણામ, આત્માની દયાના પરિણામ. એવો વીતરાગે કહેલો, વીતરાગી અહિંસા ભાવ, તેમાં પ્રેમ કરવો અને તે ધર્મ સહિત એવા, અને તે ધર્મ સહિત, એવા ધર્મવાળા, આવા ધર્મવાળા.

**'એવા બધાય ધર્મીઓમાં...'** અવિરત સમ્યગ્દૃષ્ટિથી માંડીને મુનિ દિગંબર આત્મા જ્ઞાની, ધ્યાની, નિર્મળાનંદની દશાને પ્રાપ્ત થયેલા એના પ્રત્યે પ્રેમ કરવો. **'ઉત્કૃષ્ટ વાત્સલ્ય નિરંતર રાખવું.'** કહો! સમજાય છે? તેથી એના વિરુદ્ધ ઉપર દ્વેષ કરવો એમ નથી અહીં કાંઈ કહેવું. સમજાય છે? ધર્મીને કોઈ પ્રત્યે દ્વેષ હોય નહિ. અન્યમતના સ્થાપેલા દેવ, કુદેવ, પ્રતિમા આદિ હોય તોપણ એનો કાંઈ અનાદર કરે કે એવું હોઈ શકે નહિ, દ્વેષ દ્વેષ ન હોય. સમજાણું કાંઈ? જગતમાં અનેક અભિપ્રાયવાળા પ્રાણીઓ હોય છે અને એના પ્રમાણમાં એના માનેલા દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા કરતા હોય, એમાં કાંઈ દ્વેષનું કારણ નથી. 'ન્યાલભાઈ'! દ્વેષ કોઈ પ્રત્યે ન હોય. વીતરાગ ધર્મ તો રાગ-દ્વેષ રહિત છે. સમજાય છે?

પોતાના નિર્મળ આનંદ સ્વભાવનો પ્રેમ અને નિર્મળ આનંદ સ્વભાવને પ્રાપ્ત એવા સાધર્મીઓ પ્રત્યે પ્રેમ પણ તેનાથી વિરુદ્ધ માનનારાઓ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને સ્થાપનારાઓ, પ્રરૂપણા ઊંધી કરનારાઓ, એમણે સ્થાપેલા હોય કોઈ અનેક દેવો એના પ્રત્યે ધર્મીને વેર ન હોય. જગતમાં તો એવું અનાદિથી ચાલ્યું જાય છે. સમજાય છે કાંઈ? જગતમાં એવી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ઊલટી માન્યતા, એના દેવ-ગુરુ એણે પોતાના પૂજા માટે સ્થાપેલા હોય એથી કોઈએ અનાદર કરવો એમ જૈન દર્શનમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? 'માંગીરામજી'!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સંકલ્પ ઇ કે મારી નાખું એ. જીવને મારી નાખું એવી સંકલ્પ હિંસા ન હોય. વિરોધી કોઈ વિરોધ કરવા આવ્યો, રાજમાં રાજા હોય અને વિરુદ્ધ કરવા આવ્યો હોય તો જાય. એવી હિંસા છે પણ છે હિંસા. એને જાણી હિંસા, એને હિંસા જાણે, પાપ જાણે. એ બધી હિંસાનો ત્યાગ કરવો એનું નામ અહિંસા. સંકલ્પની હિંસા, વિરોધીની હિંસા, આરંભીની હિંસા, ઉદ્યોગીની બધી હિંસા રાગ (છે). એ તો ઠીક પણ આ દયાના ભાવ રાગ એ હિંસા (છે).

પરજીવની દયાનો ભાવ એ પણ ખરેખર તો હિંસા છે. રાગ છે ને? એ રાગ વિનાની આત્માની અહિંસા છે એને અહિંસા કહે છે. બહારનો ત્યાગ છે એ તો વિકલ્પ છે હજી. અંતર જવા માટે માણસને બહારનું ખટક ખટક રહ્યા કરે. એ જાણે કે, આ બહારથી ત્યાગ થાય ને આવો તો અહિંસા (કહેવાય). બહારથી ત્યાગ જ છે, અંદર ક્યાં ગરી ગયો છે? એ તો એક વ્યવહારથી વાત કરે કે, શ્રાવક હોય એને સંકલ્પ હિંસા ન હોય. સમ્યગ્દૃષ્ટિ હોય એની વાત છે. આત્માના આનંદનો અનુભવ છે એને રાગ એટલો છૂટ્યો છે ને બાકી રાગ રહ્યો છે એની વ્યાખ્યા. કે બીજા પ્રાણીને મારી નાખું, આમ કચરી નાખું એવો એને ભાવ ન હોય. પણ રાજમાં કોઈ વિરોધી વિરોધ (કરવા) આવ્યો હોય, તો એને માટે એને ભાવ વિરોધ કરવાનો આવે પણ એ સારો છે એમ નથી. એ આવે છતાં એનું શ્રાવકપણું જાય નહિ એટલી વાત બતાવે છે, બાકી છે તો એ પાપ. વિરોધ કરવો વિકલ્પ એ પણ પાપ. આરંભમાં આરંભી હિંસામાં જે રાગભાવ થાય એ પણ પાપ, ઉદ્યોગીમાં થાય એ પણ પાપ. પણ સમ્યગ્દૃષ્ટિને એટલો રાગ છૂટ્યો નથી. તેથી એટલો રાગ ત્યાં હોય છે. આરંભીનો, ઉદ્યોગીનો, વિરોધીનો (રાગ છે) છતાં છે તો એ પણ હિંસા. સમજાણું કાંઈ? દૃષ્ટિમાં તો એનાથી રહિત આત્મ સ્વભાવ તે અહિંસા ધર્મ છે. ભારે વાત! વીતરાગ માર્ગને... સમજાણું?

**'બધાય સાધર્મીઓમાં ઉત્કૃષ્ટ વાત્સલ્ય નિરંતર રાખવું.'** સમ્યગ્દૃષ્ટિ જીવો, શ્રાવક, મુનિ સાચા હોય ધર્માત્મા એના પ્રત્યે ધર્મીને તો વાત્સલ્ય જ હોય છે, પ્રેમ હોય છે.

**ભાવાર્થ :– 'વાત્સલ્ય ગાયને વાછરડા પ્રત્યે હોય તેવી પ્રીતિને કહે છે.'** વાત્સલ્યની વ્યાખ્યા કરી. વાત્સલ્ય કોને કહે છે? ગાયને વાછરડા પ્રત્યે હોય તેવી પ્રીતિને વાત્સલ્ય કહે છે. **'જેમ વાછરડા પ્રત્યેના પ્રેમને લીધે ગાય સિંહની સામે જાય છે...'** પોતાના વાછરડાના પ્રેમને લઈ પ્રાણ મારા જશે એ પણ એ દરકાર કરે નહિ. **'એ સિંહની સામે જાય છે- એવા વિચારથી કે મારું ભક્ષણ કરીને આ વાછરડાનું ભલું થઈ જાય...'** એટલે બચી જાય. એવો એને પ્રેમ વાછરડા પ્રત્યે હોય છે. **'એમ ઘણું સારું. એવી પ્રીતિ ધર્મમાં...'** એવી પ્રીતિ

www.vitragvani.com



આત્માના અહિંસા સ્વભાવમાં (ધર્મીને હોય છે). સમજાણું કાંઈ? આહાહા..!

જુઓને! 'ટોડરમલ્લજી'ને હાથી નીચે કચડ્યા. ખબર છે કે, આ બ્રાહ્મણોએ આ શિવની મૂર્તિ નાખી. રાજાને હું કહું તો રાજા માનશે. અરે..! આ કેમ નખાય? એના પ્રાણ જાય, મારા પ્રાણ જાય તો જાવ. આહાહા..! એ વખતે આ વિચાર આવ્યો હતો. એ વખતની એમની હયાતીમાં પ્રાણ છૂટવાનો પરિષહનો યોગ આવ્યો. એમના આ સ્મરણ હોલમાં કરફ્યુ આવ્યો, એ બધા નિયમો છે, કુદરતના નિયમ છે. સમજાણું?

માંડ બસ્સો વર્ષે એક માણસ નીકળ્યો એવો ત્યારે આઠ દિ' કરફ્યુ. માણસને છૂટથી આવવું (બને નહિ), ભય પામી ગયા. એટલો જોગ જ એને નહોતો એ વખતે અને અહીં બહારમાં પડવાનો આવો જોગ નથી. એ વખતે ખ્યાલ આવ્યો હતો. ઠીક! વળી ત્રણ દિ' પછી પાછળથી ત્રણ દિ' અનુકૂળ રહ્યું. બસ્સે વર્ષે આ જોગ (આવ્યો). જ્યારે અહીં આવવાના અગિયાર દિ' આજ, એમાં જ કરફ્યુ. જુઓ! તો ખરા શું કુદરતના નિયમ પ્રમાણે ક્રમસર થાય છે. આમ આડુ-અવળું કાંઈ થતું નથી. એટલું પ્રભાવનામાં પોતાની સ્થિતિ લાંબી નહોતી એટલે દેહ છૂટી ગયો ને અહીં પણ આટલો બધો પ્રભાવના એકદમ વધી જાય (એમ બને નહિ). પેલો નીકળો ખરો પ્રભાવનાનો કરનારો. સોળ લાખ ખર્ચે એ કાંઈ ઓછી વાત છે? કુદરતમાં... સુખાડીયા પ્રત્યે લોકમાં આટલો વિરોધ. સુખાડીયા ને? આ કોંગ્રેસ પ્રત્યે એટલો ગામના માણસોનો વિરોધ. પેલો કહે, ગામનો એક માણસ રહેવા ન દઉં. કુદરત જુઓને બનીને આવ્યું. કીધું, આ આઠ દિ'માં આવ્યું આ. બને એ વખતે એના નિયમાનુસાર (બને).

'કુંદકુંદાચાર્ય'ની શૈલી જુઓ તો એનું શાસ્ત્ર પણ પૂરું થઈ ગયું. એના પુણ્ય જબરા. સમજાય છે? પવિત્રતા જબરી, પુણ્ય પણ જબરું, ભગવાનનો જોગ, શાસ્ત્ર લીધું એ પૂરું કર્યું અને નિર્વિઘ્ને સમાપ્ત (થયું). એમની દશા એવી હતી ને પુણ્ય (એવા હતા). એ વખતે આ બધા વિચાર આવેલા. એ તો એમ જ છે. ૨૦૦ વર્ષે આ પહેલો જોગ છે. આ આવીને ઉભું રહ્યું. આ આઠ દિ'માં આવીને ઉભું રહ્યું. આગળપાછળ પંદર દિ' પહેલા કે પંદર દિ' પછી નહિ. એવા નિયમસર કામ જગતના વ્યવસ્થિત ચાલે છે. એનો પ્રસંગ જ્યારે આ ભજવ્યો ત્યારે, એના પ્રસંગ વખતે આવું થયું ત્યાં બહારના પ્રસંગ વળી આવા પ્રસંગ એકદમ? મોટું ઓહો..હો..! પાંચ લાખનો હોલ. એ પાંચ લાખનો ગણાય છે, એ તો કોણ જાણે કેટલા ખર્ચ્યા હશે. જુઓ! છ લાખ ખર્ચ, પાંચ લાખ ખાનગી આપ્યા. બહારથી એકાવન હજાર ધ્રુવફંડમાં. ખાનગી બોલેલા શેઠિયાને. પાંચ લાખ કાઢ્યા છે. શેઠિયાએ વાત કરી છે, આમ બોલતા હતા. નહિતર આપણને ક્યાં ખબર? અગિયાર લાખ પહેલા ખર્ચ થયા એમ ખાનગી બોલતા હતા. ખાનગી (કહેતા હતા), બધું થઈને અગિયાર લાખ (થયા). પ્રસંગ એવો થયો તો આમ થયું. છતાં પાછો જ્યારે સરવાળો કાંઈક આવ્યો છેલ્લે પરમ દિ' એ આવ્યું અનુકૂળ. દસ દસ હજાર માણસ ને આ બધું... કોઈ દિ' સો વર્ષમાં નહિ થયું હોય.

www.vitragvani.com



અઢાર હાથી ને સજાવીને મોટો વરઘોડો (નીકળ્યો). એ તો એ બધી એવી ને એવી લાઈન છે આમ બધી. ત્રણ દિ' પહેલા કાંઈક ને ત્રણ દિ'માં કાંઈક ને એ બહારની સ્થિતિ કોણ કરે? ભાઈ! એના પરમાણુની પર્યાય ને એના નિયમમાં ચાલતું હોય એ ચાલશે. કોઈ એનો કર્તા-હર્તા નહિ. બીજો કહે કે, અમે આમ કરી દેશું બરાબર, બાપા! એ તારા કાંઈ કર્યા થાય એવા છે નહિ. સમજાણું કાંઈ?

અહીં કહે છે, પ્રેમ પ્રેમ. ઓહો..હો..! ધર્માત્મા પ્રત્યે વાછડાને મૃત્યુ કરીને પોતાના વાછડાનું સારું કરવા ઇચ્છે. એમ ધર્મી એવી પ્રીતિ ધર્મમાં અને ધર્માત્મા સાધર્મીમાં જોઈએ. પોતાના જેવા ... નીચે આવશે. 'રત્નકરંડ શ્રાવકચાર'નો શ્લોક. એમાં આંકડો નથી મુક્યો પણ એ ૧૭મો જોઈએ. પેલો હાથી પગ નહોતો મુકતો. એવી કથા આવે છે. રાજાએ હાથીને હુકમ કર્યો, હાથી પગ મુકતો નથી. આને અરે...! પોતે કહે છે કે, હે ગજરાજ રાજાએ જ્યારે હુકમ કર્યો, રાજના ખ્યાલમાં વાત નથી તો હવે તને શું કરવા ડર લાગે છે? આહાહા..! અઠ્યાવીસ વર્ષનો જુવાન માણસ, આવો પંડિત! આચાર્ય કલ્પ! એ તો યોગ એવો હોય તો બને. કોણ જાણે... નહિતર 'જયપુર' માં તો મોટા સાધર્મી જીવો ઘણા (થયા). કેવા કેવા મોટા થઈ ગયા છે.

દિવાન, માંસના ખાનાર કહ્યું લ્યો! 'અમરચંદ દિવાન' જા સિંહને ખવડાવ. 'અમરચંદ દિવાન' લાડવા લઈને સિંહના પાંજરામાં ગયા. સિંહ આ ખા, ન ખા તો હું છું, અહીં મને ખા. કહો! દિવાન (કહે છે), ખા સિંહ. આમ અંદર પાંજરામાં ગયા. જુઓ! લાડવા ખા, ખાવું હોય તો અને કાં મને ખા. માંસ, માંસ નહિ આપુ. સિંહ ઠરી ગયો. માંસ નહિ આપુ, મારે ભોજન લાડવા છે, ખાવા હોય તો ખા, નહિતર મને ખા. સિંહ નરમ થઈ ગયો. એ ગામમાં 'ટોડરમલ્લજી'નું મૃત્યું, એક દાખલો લ્યો! કેવા પ્રસંગ ભજે છે! આહાહા..! ક્યાં ગયા દેવ ને ક્યાં ગયા...? 'ઋષભદેવ' ભગવાનને છ મહિના આહાર ન મળ્યો. ક્યાં ગયા દેવ? લ્યો! દીકરાને ખબર નથી? છ છ મહિના સુધી આહાર મળ્યો નથી. આ 'ઋષભદેવ' ભગવાન ભરતમાં ફરે છે. એ થવા કાળની જે પર્યાય જ્યાં થાય તેને કોણ રોકે ને કોને વિચાર આવે? ભાઈ! પણ પ્રેમ અંદરથી એને ઉછળી જાય જુઓ! સમજાણું?

આત્માનો શુદ્ધ અહિંસક સ્વભાવ એવો જ્ઞાયકભાવ, એવું આત્માનું શાંત વીતરાગી સમરસ સ્વરૂપ. આજ તો ભગવાનના દર્શન કરતા હતા ને એવો વિચાર આવ્યો કે, જુઓ! અહીં છાતીમાં આત્માના પ્રદેશ કેટલા દળ ભર્યા હશે? છાતી છે ને ભગવાનની? અસંખ્ય પ્રદેશનો આમ લઠ્ઠો પડ્યો છે. અસંખ્ય ચોવીશીના સમય જેટલા તો જીવના અસંખ્યાત પ્રદેશ છે. આ બધા. આત્માના અસંખ્ય પ્રદેશ દળ. અરૂપી છે એટલે માણસોને એમ લાગે છે કે, અરૂપી ને પણ. અરૂપી એટલે વસ્તુ છે ઇ. સમજાણું?

આમ અહીં છાતીમાં અસંખ્ય પ્રદેશ એટલી સંખ્યા છે કે, અસંખ્ય ચોવીશીના સમય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જેટલા એક જીવના પ્રદેશ છે. અસંખ્ય ચોવીશી કોને કહે! એક ચોવીશ તીર્થંકર થાય એમાં દસ ક્રોડા ક્રોડી સાગરોપમ થાય અને એક સાગરોપમમાં દસ ક્રોડા ક્રોડી પલ્યોપમ થાય. એવા એવા અસંખ્ય ચોવીશીના સમય એટલા આત્માના પ્રદેશ. ઠાંસી ઠાંસીને આમ પ્રદેશ ભર્યા છે. અરૂપી ઘન છે. સમજાય છે કાંઈ? લોકો ભગવાનની મૂર્તિ (કહે) પણ મૂર્તિમાં અંદર આત્મા છે, આવો અંદર હતો આમ દળ, અસંખ્ય પ્રદેશનું દળ–પિંડ ને એકલા આનંદ ને જ્ઞાનની પર્યાયનું પરિણમન, મોટું ઘન. એનું આ તો પ્રતિબિંબ છે. મૂળ વસ્તુ ખ્યાલમાં આવ્યા વિના પ્રતિબિંબને શી રીતે માનશે એ? આહા..! એવા સાધર્મી પ્રત્યે...

મુમુક્ષુ :– પ્રતિમાનું તેજ ઘણું...!

ઉત્તર :– એ પ્રતિમાનું તેજ... એના અંદર આત્મા હતો એનું આ તો પ્રતિબિંબ કર્યું છે બહારના શરીરનું.

આમ અસંખ્ય પ્રદેશ અહીંથી બધા ઠાંસો ઠાંસ ભર્યા છે અંદર. એટલામાં અસંખ્ય પ્રદેશ કેટલા? અસંખ્ય ચોવીશીના સમય જેટલા, આ તો સંખ્યાતમો ભાગ છે આટલો. શું કીધું? આમાં કેટલા પ્રદેશ છે? એક આટલામાં કેટલા પ્રદેશ? કારણ કે, આ ભાગ છે આ શરીરનો એ સંખ્યાતમો ભાગ છે અને એના પ્રદેશ છે અસંખ્ય ચોવીશીના સમય જેટલા. એટલે અસંખ્ય ચોવીશીનો સંખ્યાતમાં ભાગના જે સમય એટલા તો અહીં પ્રદેશ છે, દળ પડ્યા છે આખા. સમજાય છે કાંઈ આમાં? સમજાય છે કે નહિ?

અસંખ્ય ચોવીશીના સમય જેટલા એક જીવના પ્રદેશ. હવે એક જીવનું આટલું ટેરવું લ્યો, આટલું તોપણ આ તો સંખ્યાતમો ભાગ છે. શરીરનો સંખ્યાતમો ભાગ છે ને? ત્યારે અસંખ્ય ચોવીશીના સંખ્યાતમા ભાગના અહીં પ્રદેશ છે. એટલા અસંખ્ય પ્રદેશ આમ કેવળજ્ઞાન ઘનથી, જ્ઞાન સ્વભાવથી, આનંદ સ્વભાવથી, અનંત ગુણથી આખા પ્રદેશોનું ઘન પડ્યું છે, એવો આખો ઘન છે. એવા આત્માની અનંત નિર્દોષ શક્તિઓનો ભંડાર ભગવાન. એ તો પ્રદેશની વાત કરી પણ પાછા એક એક પ્રદેશે અનંતા અનંતા ગુણો. એ તો પ્રદેશ અસંખ્ય છે પણ ભાવ અનંત છે. આહાહા..! એનું દળ આટલું ઘન અસંખ્ય ચોવીશીના સમય જેટલા પણ અહીં એટલા એટલામાં પ્રદેશો. આહા..! અને એના એક એક પ્રદેશમાં, આખું સળંગ છે કંઈ પ્રદેશ... અનંત ગુણ પડ્યા પાથર્યા છે, આમ. આહાહા..! એ આત્મા કોને કહેવો? સમજાણું કાંઈ?

આત્મા અસંખ્ય પ્રદેશી અનંત ગુણનું ધામ એક છે, ત્રિકાળ રહેનાર (છે). એને રાગાદિ છે નહિ. વિકલ્પ નથી, દયા, દાનનો વિકલ્પ એ પણ આત્માના સ્વભાવમાં નથી. એને આત્મા કહીએ. એવા આત્માની અંતર્મુખ થઈને પુણ્ય-પાપના વિકલ્પ રહિત દૃષ્ટિ કરવી, સ્થિરતા કરવી તેને અહિંસા ધર્મ કહે છે. એ જિનપ્રણિત અહિંસા ધર્મ છે. આહાહા..! ભારે વ્યાખ્યા, ભાઈ ! એય...! 'મગનભાઈ'! 'અહિંસા પરમો ધર્મ' 'કેવળી પણંત્તો શરણં' આવે છે ને?

'કેવળી પણંત્તો ધમ્મો શરણં' પણ ક્યો કેવળી પણંત્તો ધમ્મો? એય...! 'ન્યાલચંદભાઈ'! આ બધા ન્યાં પડીકમણા કરતા હોય સાંજ-સવાર. બોલ્યા મંગળિક. આહા..!

ભાઈ! અહીં તો ધર્માત્માને આવો ધર્મ પ્રગટ્યો છે ને પોતાને પ્રગટ્યો છે તો પોતાને પ્રેમ છે અને બીજા ધર્મી પ્રત્યે પણ એને પ્રેમ છે. કેવો પ્રેમ? પાછળ ભાષા લીધી છે. સતત અને પરમ. '**अनवरत**' છે ને? '**अनवरत**' એટલે આંતરો પડ્યા વિનાનું નિરંતર અને ઉત્કૃષ્ટ. આહાહા..! પોતાના શુદ્ધ આનંદ સ્વભાવનો પણ પ્રેમ, સતત નિરંતર અને ઉત્કૃષ્ટ પ્રેમ. જેને પુણ્યનો પ્રેમ ને દેવ-ગુરુનો પ્રેમ પણ ભગવાનના પ્રેમ આડે બીજો પ્રેમ એવો હોઈ શકે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? અને દેવ-ગુરુ-શાસ્ત્ર કે ધર્માત્મા પ્રત્યેનો પ્રેમ એને બાયડી, છોકરા પ્રત્યે પ્રેમ નથી. બીજી જાતનો પ્રેમ અધિક હોય છે એને. એવું અહિંસા સ્વરૂપ ભગવાન પરમેશ્વર વીતરાગદેવે કહેલું તત્ત્વ, એનો પ્રેમ અને એના સાધનારા પ્રત્યેનો આવો પ્રેમ. એને વાત્સલ્ય પ્રેમ કહેવામાં આવે છે. વાછરડાને જેમ (છે) એમ પોતાના... છે અંદર, જુઓ!

**'એવી પ્રીતિ ધર્મમાં અને ધર્માત્મા સાધર્મીમાં જોઈએ. જે તન, મન, ધન,...'** શરીર ખપી જાય, મનના વિકલ્પોમાં પણ એ જ એને વિચાર હોય. જાવ, જાવું હોય તો જાવ પણ સાધર્મીનો પ્રેમ એને ખસે નહિ. દુનિયામાં આના પ્રેમને લઈને દુનિયા કહેશે. સમજાણું? તો કહે છે કે, જતું કરે, ધનને ખર્ચે. લ્યો! ધનનું આવ્યું આમાં. ઊંઘ નથી આવી રાતે? 'મલૂકચંદભાઈ'ને ઝોલા આવે છે. '**તન, મન, ધન...**' કહો! સમજાણું કાંઈ? આમાં તો ઝોલા ઉડી જાય એવું છે. આમાં કેમ ઝોલું આવતું હશે કાંઈ ખબર પડતી નથી. શાતાશીલિયા શરીર, સ્હેજે, સ્હેજે થાતું હોય તો લેવું. કહે છે કે, આ તન, મન ને ધન. એય...! 'નેમિદાસભાઈ'! આહા..! લ્યો! અહીં તો ધન ખર્ચીને કહે છે, લ્યો! એ લક્ષ્મી છે એના પ્રત્યે બાયડી, છોકરા માટે ખર્ચે એ કરતા ધર્મના પ્રેમ ને સાધર્મીજનના પ્રેમ માટે ખર્ચે એવો ભાવ હોય, એમ કહેવું છે. એ તો થયું તો ઠીક. એવો ભાવ એને આવે ને! સમજાણું કાંઈ? છોકરાના લગનમાં કેમ લાખ, સવા લાખ ખર્ચી નાખે છે. એના પ્રમાણમાં ખર્ચે ને પૈસા હોય એને? કહો! એક લાખ ખર્ચ્યા કે નહિ તમારે દીકરીમાં? એક લાખ.

મુમુક્ષુ :– એના ભાઈએ ખર્ચ્યા.

ઉત્તર :– એના ભાઈએ પણ એના ભાઈએ ખર્ચ્યા... પછી આ મંદિર-બંદિર કે એવું કાંઈ ધર્માત્મા માટે કાંઈ હોય કે નહિ? પણ એ ઉપરટપકાના બધા. મૂળ વસ્તુ પોતાને ખબર ન મળે એટલે પ્રેમ આવે નહિ. પોતાનો સ્વભાવ, આહા..! એવા જીવો સાધર્મી એને સાધનારા, એવા જીવો પ્રત્યે **'એને તન, મન ને ધન સર્વસ્વ ખરચીને પોતાની પ્રીતિ પાળે.'** પોતાની પ્રીતિ પાળે. કહો! સમજાણું? પોતાને એ રાગનો ભાવ એવો આવે અને સ્વભાવની પ્રીતિ પણ તન, મન, ધન બધું જતું હોય ખર્ચીને પણ પોતાના આત્મ ધર્મનો પ્રેમ જાય નહિ.

શુદ્ધ ચિદાનંદ પ્રભુ આત્મા, એના પ્રેમ પ્રીતિ, એની દૃષ્ટિ, એને પ્રેમ કહે છે. કહો! એ વાત્સલ્ય અંગ કહ્યું. સમ્યગ્દૃષ્ટિનું આ સાતમું અંગ, સાતમો આચાર, ધર્મીનું આ લક્ષણ. ધર્મીના બીજા લક્ષણ હોતા નથી કે, આ ફલાણું કરતો હોય ને ફલાણું કરતો હોય, આ એનું લક્ષણ છે.

હવે આઠમું પ્રભાવના અંગ. આઠમો બોલ છે. સમ્યગ્દૃષ્ટિ આત્માના શુદ્ધ આનંદની પ્રીતિવાળો અને જેને પુણ્ય-પાપના પરિણામમાં પણ પ્રીતિ ઉઠી ગઈ છે એવો. સમજાણું કાંઈ? જેને આત્માના પવિત્ર નિર્દોષ સ્વભાવના પ્રેમ આગળ શુભ-અશુભભાવના પણ પ્રેમ જેને ઉડી ગયા છે અને એના બંધન ને તેના ફળના પણ પ્રેમ ખસી ગયા છે. એવો ધર્મી પોતાના સ્વભાવ પ્રત્યે પ્રેમમાં સતત નિરંતર જાગ્રત હોય છે અને એવા ધર્મના સાધનાર પ્રત્યે પણ એનો ઉત્કૃષ્ટ પ્રેમ પ્રસિદ્ધ થાય છે. કહો! સમજાણું કાંઈ? 'યશોવિજય' કહે છે, 'સાચું સગપણ સાધર્મી તણું રે...' આવે છે ને? 'બીજું સર્વે જંજાળ રે, ભવિકજન સાચું સગપણ સાધર્મી તણું રે લાલ..' સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની યથાર્થ તત્ત્વદૃષ્ટિવાળા, વિપરીત દૃષ્ટિ છોડીને જેણે યથાર્થ દૃષ્ટિ કરી છે એવા ધર્માત્મા પ્રત્યેનું સાચું સગપણ સાધર્મી, બીજો સર્વે જંજાળ. સમજાણું કાંઈ ? બાયડી-છોકરા પ્રત્યેનો પ્રેમ એ રાગ, એ બીજી જાતની જંજાળ. આ વિકલ્પ એ ભૂમિકામાં હોય છે. સ્વરૂપમાં નિર્વિકલ્પ પ્રેમ એ પોતાનો, સવિકલ્પ પ્રેમ એ વ્યવહાર. પ્રભાવના–સમ્યગ્દૃષ્ટિનું આઠમું અંગ.

## ગાથા–૩૦

### ૮ - પ્રભાવના અંગ

**आत्मा प्रभावनीयो रत्नत्रयतेजसा सततमेव।**
**दानतपोजिनपूजाविद्यातिशयैश्च जिनधर्मः।।३०।।**

**અન્વયાર્થ :– [ सततमेव ] નિરંતર [ रत्नत्रयतेजसा ] રત્નત્રયના તેજથી [ आत्मा ] પોતાના આત્માને [ प्रभावनीयः ] પ્રભાવનાયુક્ત કરવો જોઈએ. [ च ] અને [ दानतपोजिनपूजाविद्यातिशयैः ] દાન, તપ, જિનપૂજન અને વિદ્યાના અતિશયથી અર્થાત્ એની વૃદ્ધિ કરીને [ जिनधर्मः ] જૈનધર્મની [ प्रभावनीयः ] પ્રભાવના કરવી જોઈએ.**

**ટીકા :– 'रत्नत्रयतेजसा सततं एव आत्मा प्रभावनीय' - રત્નત્રયના તેજથી નિરંતર પોતાના આત્માને પ્રભાવનાસંયુક્ત કરવો જોઈએ. અને 'दानतपोजिनपूजाविद्यातिशयैः जिनधर्मः प्रभावनीयः' - વળી દાન, તપ, જિનપૂજા, વિદ્યા, ચમત્કારાદિ વડે જૈનધર્મને**

www.vitragvani.com



[1]પ્રભાવનાસંયુક્ત કરવો.

ભાવાર્થ :– પ્રભાવના એટલે અત્યંતપણે પ્રગટ કરવું. પોતાના આત્માનો અતિશય તો રત્નત્રયનો પ્રતાપ વધવાથી પ્રગટ થાય છે. અને જૈનધર્મનો અતિશય ઘણાં દાન-દયાવડે ઉગ્ર તપ કરીને, ખૂબ ધન ખર્ચી ભગવાનની પૂજા કરાવીને, શાસ્ત્રાભ્યાસ કરીને તથા નિર્દોષ દેવાદિના ચમત્કારવડે (જૈનધર્મની મહિમા) પ્રગટ થાય છે, તેથી આવો અતિશય પ્રગટ કરવો. આ રીતે સમ્યક્ત્વના આઠ અંગ કહ્યાં. તે કોઈ સમ્યગ્દષ્ટિને પૂરેપૂરાં હોય છે, કોઈને થોડાં હોય છે, કોઈને ગૌણપણે હોય છે, કોઈને મુખ્યરૂપે હોય છે. પરંતુ સમ્યક્ત્વની શોભા તો ત્યારે જ થાય જ્યારે એ આઠે અંગ સંપૂર્ણ મુખ્યપણે, પ્રગટ પ્રત્યક્ષ ભાસે. આ રીતે સમ્યક્ત્વ અંગીકાર કર્યા પછી ધર્મી ગૃહસ્થે શું કરવું તે આગળ કહીએ છીએ. ૩૦.

---

**आत्मा प्रभावनीयो रत्नत्रयतेजसा सततमेव।**
**दानतपोजिनपूजाविद्यातिशयैश्च जिनधर्मः।।३०।।**

વાત્સલ્યનું હેઠે રહી ગયું, વાત્સલ્ય છે ને? 'રત્નકરંડ શ્રાવકાચાર'નો ૧૭મો શ્લોક, નીચે. **'પોતાના સમૂહના ધર્માત્મા જીવોનો...'** એ તો આ શ્લોક પાછો જોયો હતો, કીધું આમાં આંકડો કેમ નથી લખ્યો? પણ આ શબ્દ એના જ છે, ૧૭મી ગાથાના જ છે. પોતાના સમૂહયુત, એમાં શબ્દ છે. ધર્મી જીવ જેને આત્માની નિર્વિકલ્પ દૃષ્ટિ યથાર્થપણે પરિણમી છે. **'એવા પોતાના સમૂહના ધર્માત્મા જીવોનો સાચા ભાવથી...'** ભાષા એમ છે. બહારના દેખા-દેખીથી નહિ કે આ દુનિયા છે માટે આટલું કરું નહિતર ઠીક નહિ કહેવાય. **'સાચા ભાવથી અને કપટ રહિત,...'** એમ પાછું. માયા કપટ રહિત, **'યથાયોગ્ય...'** સમ્યગ્દષ્ટિને સમ્યગ્દષ્ટિ પ્રમાણે, શ્રાવકને શ્રાવક પ્રમાણે, મુનિને મુનિ પ્રમાણે. **'યથાયોગ્ય સત્કાર કરવો તે.'** વાત્સલ્ય કહેવામાં આવે છે. કહો! સમજાણું કાંઈ? હવે આઠમું, એનો અર્થ.

**'નિરંતર રત્નત્રયના તેજથી પોતાના આત્માને પ્રભાવનાયુક્ત કરવો જોઈએ.'** લ્યો! આ પ્રભાવના, આ સાચી પ્રભાવના. પોતાના આત્માને રત્નત્રય એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવું જે આત્માનું તેજ. આત્મા અખંડાનંદ પ્રભુ, એના સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર એવા રત્નત્રય, એનું જે તેજ ઉગ્રતા, શુદ્ધતા. **'પોતાના આત્માને પ્રભાવનાયુક્ત...'** રત્નત્રયના ભાવથી પ્રભાવના યુક્ત કરવો એ નિજ પ્રભાવના કહેવામાં આવે છે. કહો! સમજાણું આમાં? ભાઈ!

---

૧. પ્રભાવના = અજ્ઞાન-અંધકારનો ફેલાવ તેને જે રીતે થઈ શકે તે રીતે દૂર કરીને જિનશાસનના માહાત્મ્યનો પ્રકાશ કરવો તે પ્રભાવના છે. (રત્નકરંડ શ્રાવકચાર ગા. ૧૮)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વાત એવી બધી. અંતરમાં સમાય એ વાત કરવી બહારથી, સમાય વાત અંદર.

કહે છે, આ આત્મા ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્યની મૂર્તિ આત્મા છે. વિજ્ઞાનનો ઘન આત્મા છે, આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે, અતીન્દ્રિય આનંદ. એની શ્રદ્ધા, એની શ્રદ્ધા–નિર્વિકલ્પ શ્રદ્ધા, નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન અને સ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર એવા રત્નત્રયના તેજથી. જોયું? એની વૃદ્ધિથી. **'પોતાના આત્માને પ્રભાવનાયુક્ત કરવો...'** એ રત્નત્રયના તેજથી એટલે રત્નત્રયની વૃદ્ધિથી, એની સિદ્ધિની વૃદ્ધિથી. પોતાના આત્માને પ્ર–વિશેષે ભાવના, એકાગ્રતા યુક્ત કરવો જોઈએ. લ્યો! આ પ્રભાવના. સમ્યગ્દૃષ્ટિની આ સાચી પ્રભાવના.

હવે, બહાર વ્યવહાર. આવી પ્રભાવનાવાળો જે હોય એને વ્યવહાર પ્રભાવનાનો શુભરાગ હોય. શુભરાગ હોય એને વ્યવહાર પ્રભાવના કહેવામાં આવે. કેવો શુભરાગ હોય? કે, દાનમાં. દાન કરીને પણ જૈન પ્રભાવના વધારે. સમજાય છે? બહારમાં કરોડોના દાન, લાખોના દાન, ધર્મને નામે (આપે). સમજાણું? જિન મંદિર, જિન શાસ્ત્ર, જિન દેવ, જિન ગુરુ, જિન શાસ્ત્ર આદિ એને માટે લાખો, કરોડોના દાન આપે. લોકો પણ જરીક ચમક ખાઈ જાય. ઓહો..! આવા દાની! વાહ! સમજાણું કાંઈ?

**'તપ...'** મહાન કોઈ આત્માના આનંદ સહિતની ભૂમિકામાં ઇચ્છા નિરોધ કરી મોટી તપસ્યાઓ મહિના, બે મહિનાની કરે, બહારમાં એમ લાગે કે, ઓહો..હો..! આવા ધનાઢ્યો! આવી તપસ્યા જૈન દર્શનમાં! આનંદ સહિતની, હોં! આ લાંઘણું કરે એ નહિ. એ... 'મગનભાઈ'! ભગવાન આત્મા...! અહીં તો અપવાસ કરતા આમ થાય, પૂરું માંડ માંડ કરે વર્ષીતપનું ને પછી ઉજવે. પાંચ હજાર, દસ હજાર ખર્ચે ત્યારે નહિતર તો તપસ્યા કરી મફતમાં જાય એમ માને. હતી કે દિ'?

આ તો આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે, એના આનંદની લહેરમાં રમતો, જેને આત્માની અંતર, સોનામાં જેમ ગેરુ લગાડે ને શોભા વધે, એમ આત્માના અતીન્દ્રિય આનંદની શોભા ઉગ્ર વધે એને તપસ્યા કહેવામાં આવે છે. એને તપસ્યા પરમાત્મા પરમેશ્વર વીતરાગ કહે છે. આહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તપના, 'પ્રતપનતિ ઇતિ તપઃ' આત્માના અનંત ગુણને પ્રતપન–પ્ર–વિશેષે શોભા કરવી એનું નામ તપ. બળવું એનું નામ પ્રતપન નહિ. એ આવ્યું હતું. 'પરમાત્મપ્રકાશ'માં, 'નિયમસાર'માં તપ કોને કહીએ? ભગવાન આત્મા, જેને અંતરમાં દૃષ્ટિમાં શુદ્ધ સ્વરૂપ પવિત્ર છે એમ ભાસ્યું છે, એમાં ઠરીને, પવિત્રતામાં ઠરીને ઉગ્ર શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... અકષાય ભાવની આનંદની ઉગ્રતા એવી દશાને ભગવાન તપ કહે છે, બાકી બીજાને લાંઘણ કહે છે. 'મગનભાઈ'! બાયડી વર્ષીતપ કરે ને જો બે, પાંચ હજાર ન ખર્ચે તો પછી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

સમજ્યા ને એવું કહે. લાંઘણ કરી હતી, લાંઘણનો બાપ હતો હવે સાંભળને. શું હતું ન્યાં? મરી જાય ને સરખી ન રોવે ને તો કહે લાકડું પડ્યું છે? એમ બોલે બાયડ્યું. લાકડું ભાંગ્યું છે આ? શું છે પણ? હવે સાંભળને. હરખાયની સાજીયા લે હાથ ઊંચા કરીને ત્યારે એ મરી ગયો એના લાણા કહેવાય. એનો અર્થ શું કહે? લાકડું પડ્યું, મરી ગયું... શું કહેવાય? લાકડું ભાંગી ગયું છે? એ સાંભળ્યું છે એક ફેરી હોં! 'દડવા'માં. 'દડવા'માં એક બાય રોવરાવતી પેલા ન રોવે તો રોવરાવે એવા. સમજ્યા?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો વળી લેંઘીઓ આવે છે પણ આ તો એક બાય અમસ્તી હતી. 'દડવા' ગામડે. ત્યાં તાકડે ગયા હતા 'દડવા'માં. શું છાજિયા લેવરાવે. એમાં ઇ હોશિયાર કહેવાય, સરખા સાજીયા લેવરાવે ઇ.

અહીં તો કહે છે કે, ભાઈ! આમ ભગવાન આત્મા જેનો ઉપવાસ, આત્મા આનંદ શુદ્ધ સ્વરૂપની ઉપ નામ સમીપમાં વસીને સ્થિર (થાય). આહાહા..! જેને અતીન્દ્રિય અમૃતના ઓડકાર આવે, અતીન્દ્રિય આનંદના ઓડકાર આવે. ગંધ આવે અતીન્દ્રિય આનંદની, એવી દશાને ભગવાન તપસ્યા કહે છે. સમજાણું કાંઈ? બધી વ્યાખ્યા ફેર, એક એક વ્યાખ્યામાં ફેર.

'**તપ, જિનપૂજન...**' વીતરાગની મોટી પૂજા કરે, ચક્રવર્તીઓ કરે છે, ઇન્દ્રો કરે છે, સમજાણું? લોકોમાં ચમક થઈ જાય એવી પૂજા (કરે). અબજોના ખર્ચ કરે. જિનપૂજનમાં અતિશયથી વૃદ્ધિ કરે, ભગવાનની પૂજા (કરે). એવું આવે છે, હોં! કલ્પદ્રૂમ પૂજા ને એમાં નથી આવતું? ચક્રવર્તી મોટી પૂજા કરે, ઇન્દ્રો કરે, શેઠિયાઓ કરે. એવો ભાવ હોય છે. મોટો મોટો શુભભાવ હોય છે, એ શુભભાવ છે. પણ પાછળ પેલા આનંદનો શુદ્ધભાવ હોય એને આ વ્યવહાર પ્રભાવના હોય છે. આત્માનું ભાન નહિ ને એકલા આવા કરે એને તો કાંઈ વ્યવહારે પણ પ્રભાવના સાચી નથી. આ તો નિશ્ચય પ્રભાવના સહિત વિકલ્પ આવો હોય એને વ્યવહાર પ્રભાવના કહે છે. સમજાણું કાંઈ?

'**જિનપૂજન...**' ભગવાનની પૂજા એવી કરે.. ઓહોહો..! 'જયપુર'માં વરઘોડો નીકળ્યો હતો છક થઈ ગયા બધા. દેરાવાસીના અગ્રેસરો સાથે, સ્થાનકવાસીના માણસો સાથે, વગર કીધે, વગર આમંત્રણે. ઓહોહો..! કેટલા પૈસા ખર્ચ્યા! આપણો જૈનધર્મ તો છે. આપણો જૈનધર્મ શોભે છે. આહાહા..! આમ રથ નીકળ્યો ને... માણસ તે માણસ. ક્યાંય થાડી નાખે પડે નહિ. થાળી શું લાડવો નાખો તો ક્યાંય હેઠે પડે નહિ, એટલું માણસ.. માણસ.. 'જયપુર'ની શું કહેવાય? સડક. લાખો માણસ. આમ ત્રણ ત્રણ માળ, ચાર ચાર માળ આમ ખીચોખીચ ભરેલા જોનારા. લોકો ઉછળી ગયા, શ્વેતાંબર લોકો ઉછળી ગયા. આ શું છે? આપણો જૈનધર્મ. બાપુ! આહાહા..! એ શુભભાવ હોય છે એટલું કહે છે, હોં! એ ક્રિયા થવી, ન થવી એ કાંઈ આત્માને આધીન નથી. એ તો બહારના પ્રસંગ ભજવાના હોય તો ભજે. એનો કાંઈ

www.vitragvani.com



આત્મા કર્તા નથી. અહીં તો આનો ભાવ આવો હોય છે.

**'અને વિદ્યાના અતિશયથી...'** લ્યો! સમજ્યા ને? કોઈ વિદ્યા વિશેષ ચમત્કાર આદિ હોય, એનાથી પણ જૈન ધર્મની ચમત્કારથી વ્યવહાર શોભા, પ્રભાવના કરે. **'અર્થાત્ એની વૃદ્ધિ કરીને...'** અતિશય કીધું છે ને? અતિશય, અતિશય એટલે વૃદ્ધિ, એમ અર્થ કર્યો છે. **'જૈનધર્મની પ્રભાવના કરવી જોઈએ.'** જૈનધર્મ એટલે વીતરાગભાવ. આત્માનો વીતરાગ ભાવ તે જૈનધર્મ છે, એની વૃદ્ધિ કરવી જોઈએ. આહાહા..! જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી, વસ્તુનું સ્વરૂપ એ છે.

**ટીકા :– 'રત્નત્રયના તેજથી (એટલે વૃદ્ધિથી) નિરંતર પોતાના આત્માને પ્રભાવનાસંયુક્ત કરવો જોઈએ.'** લ્યો! ભારે વાત, ભાઈ! જુઓ! આ 'અમૃતચંદ્રાચાર્ય'. **'અને વળી દાન, તપ, જિનપૂજા, વિદ્યા, ચમત્કારાદિ વડે જૈનધર્મને...'** પેલું રહી ગયું, પેલું બહારનું રહી ગયું, અંદરનું પડ્યું રહ્યું. આ તો અંદર (આત્મજ્ઞાન) સહિત આવો ભાવ હોય છે. **'ચમત્કારાદિ વડે જૈનધર્મને પ્રભાવનાસંયુક્ત કરવો.'** લ્યો! સમજાણું?

એની નીચે છે, 'રત્નકરંડ શ્રાવકાચાર' નીચે. **'પ્રભાવના = અજ્ઞાન-અંધકારનો ફેલાવ તેને જે રીતે થઈ શકે...'** અજ્ઞાનનો ફેલાવ તેને જે (રીતે) થઈ શકે **'તે રીતે દૂર કરીને...'** એમ. અજ્ઞાન અંધકારનો ફેલાવ તેને જે રીતે થઈ શકે તે રીતે દૂર કરીને. એમ. અજ્ઞાનનો ફેલાવ બહુ હોય એને જ્ઞાન દ્વારા દૂર કરે એનું નામ પ્રભાવના છે. જગતના અજ્ઞાન અંધકારને છેદીને સમ્યગ્જ્ઞાનની પ્રભાવના કરે.

**'જિનશાસનના માહાત્મ્યનો પ્રકાશ કરવો...'** વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા પરમેશ્વરો અનંત થઈ ગયા, વર્તમાન લાખો બિરાજે છે. મહાવિદેહમાં તીર્થંકરો વીસ બિરાજે છે, કેવળીઓ લાખો બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં અત્યારે છે. અનંત થશે ભવિષ્યમાં. કોઈ દિ' તીર્થંકર વિનાનો કાળ જગતનો ગયો નથી.

એકફેરી કહ્યું હતું કે, ત્રિકાળમાં ત્રિકાળ જ્ઞાની વિનાનો કાળ કોઈ દિ' હોઈ શકે નહિ. આ શું કહે છે? ત્રિકાળમાં ત્રિકાળ જાણનારા વિનાનો કોઈ કાળ હોઈ શકે નહિ. શું કીધું? 'મગનભાઈ'! શું કીધું? ત્રણકાળ છે તો ત્રણકાળના જાણનારાનો કોઈ દિ' વિરહ હોય નહિ. અનાદિથી ત્રણકાળના જાણનારા એમ ને એમ ચાલ્યા જ આવે છે. ત્રણકાળના જાણનારા ભૂતમાં પણ અનંતા હતા, અત્યારે છે અને ભવિષ્યમાં રહેશે. ત્રણ કાળ છે ત્યાં ત્રણકાળના જાણનારા હોય છે. કેવળજ્ઞાની ત્રણકાળના જાણનારા તીર્થંકરોનો વિરહ જગતમાં કોઈ દિ' હોય નહિ. અમુક ક્ષેત્રે ન હોય એટલે કાંઈ ન હોય, એમ નહિ. આખા દુનિયાની વાત છે ને? મહાવિદેહમાં ભગવાન બિરાજે છે. સીમંધર ભગવાન સાક્ષાત્ તીર્થંકરદેવ વીસ તીર્થંકર વર્તમાન બિરાજે છે, લાખો કેવળીઓ બિરાજે છે. કોઈ કાળમાં ત્રણ કાળના જાણનારાના વિરહ હોઈ શકે નહિ. વસ્તુ છે કે નહિ ત્રણકાળ? ત્રણકાળના જાણનારના જ્ઞાની ન હોય

www.vitragvani.com



એમ હોય? ત્રણકાળ છે તો ત્રણકાળને જાણનારા જ્ઞાની ન હોય એમ હોય કોઈ કાળમાં? ઓહો..હો..!

કહે છે, એવા અજ્ઞાન અંધકારનો ફેલાવ વિસ્તર્યો હોય એમ કહે છે. '**તેને જે રીતે થઈ શકે...**' એમ. જે રીતે પ્રરૂપણાથી, શાસ્ત્રથી, કથનથી. સમજાય છે? કોઈને દાન દઈને આમ કહીને પણ કોઈ રીતે અજ્ઞાનનો નાશ થઈ અને જ્ઞાનનો વિસ્તાર થાય એવી પ્રભાવના હોય છે. '**જિનશાસનના માહાત્મ્યનો...**' પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ, એનું શાસન આવું હોય. નિર્વિકલ્પ એની શ્રદ્ધા હોય, નિર્વિકલ્પ આત્માનું જ્ઞાન, આનંદ સ્વરૂપની રમણતા એનું નામ જૈનશાસન. કોઈ દયા, દાનના વિકલ્પ હોય એ કાંઈ જૈનશાસન નથી, એ તો રાગ છે. ભક્તિ આદિ રાગ છે, એ જૈન શાસન નથી. પંદરમી ગાથામાં આવ્યું ને? 'जो पस्सदि अप्पाणं'. આત્માને અબદ્ધસ્પૃષ્ટ દેખવો એ જૈનશાસન છે. વ્યવહાર રાગની વાત લીધી નથી. નિશ્ચયની જ વાત લીધી છે. આહાહા..! છતાં વ્યવહાર હોય એ તો પણ એને વ્યવહાર કહેવાય, તો એ વાત પણ ત્યાં ન લીધી.

ભગવાન આત્માને કર્મના સંબંધ ને બંધ રહિત અબંધ દેખવો, સામાન્યપણે જોવો, નિશ્ચયથી એકરૂપ જોવો, ભેદ રહિત જોવો, આકુળતા–પુણ્ય-પાપના રાગના આકુળતા રહિત જોવો એવા આત્માને જોવો, માનવો એનું નામ જૈનશાસન છે. આહાહા..! સમજાણું કાંઈ? જૈન શાસન આત્માની વીતરાગ દશા છોડીને ક્યાંય બહાર રહેતું નથી. જિનશાસન છે ને? જિન એટલે વીતરાગનું જ્ઞાન, વીતરાગી શીખામણ, વીતરાગી માર્ગ. આહાહા..!

કહે છે, એ અજ્ઞાનનો અંધકાર દૂર કરી જિનશાસનનો '**પ્રકાશ કરવો તે પ્રભાવના છે.**' લ્યો! એ 'રત્નકરંડ શ્રાવકાચાર'ની અઢારમી ગાથા છે.

**ભાવાર્થ :– 'પ્રભાવના એટલે અત્યંતપણે પ્રગટ કરવું.'** એની વ્યાખ્યા. પ્ર-ભાવના. પ્ર એટલે અત્યંતપણે, ભાવના એટલે પ્રગટ કરવું. '**પોતાના આત્માનો અતિશય તો રત્નત્રયનો પ્રતાપ વધવાથી પ્રગટ થાય છે.**' લ્યો! પોતાના આત્માનો અતિશય એટલે વૃદ્ધિ તો રત્નત્રયનો પ્રતાપ–સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. વીતરાગી દર્શન-જ્ઞાન-ચારિત્રના પ્રતાપ વધવાથી તે આત્મામાં પ્રભાવના થાય છે. આહા..! કોઈ વિકલ્પ વધવાથી ને શુભ કરવાથી ને આનાથી કાંઈ આત્માનો પ્રતાપ વધે એમ છે નહિ. (કોઈ કહે), આ નિશ્ચય, નિશ્ચય (કહે છે). પણ નિશ્ચય એ જ સાચું છે. વ્યવહાર હોય છે એ તો પછી ઉપચારથી કથન છે, વસ્તુ જ આ છે. પેલા કહે કે, એકલો વ્યવહાર વ્યવહાર, નિશ્ચય વિનાનો, ખોટો. આ કહે, નિશ્ચયમાં વ્યવહારને યાદ પણ કરતા નથી પેલામાં તો, હોં! અહીં તો હજી સાથે સાથે યાદ કરે છે. 'पस्सदि जिणसासणं' ત્યાં એકલી એ વાત છે.

એની જ્ઞાન દશામાં આત્માને પરના સંબંધ વિનાનો પરિપૂર્ણ એકરૂપ જ્ઞાનમાં, દૃષ્ટિમાં અનુભવમાં લેવો એ દશાને જૈન શાસન, શુદ્ધ ઉપયોગને, ભાવશ્રુત જ્ઞાનને જૈનશાસન કહેવામાં

www.vitragvani.com



આવે છે. આહાહા..! પેલી મૂળ વાત પડી રહી. જુવાનીમાં પંચ મહાવ્રત લઈ લેવા, જુવાન શરીર છે. સવારે કહેતા હતા, જુવાન શરીરે પંચ મહાવ્રત લ્યે તો મોક્ષની લક્ષ્મી ઝટ મળી જાય. માટે હવે ઝટ કરવું. સમજ્યા? જાવ અજ્ઞાનમાં, પડો. મોક્ષલક્ષ્મી વરશે કે નિગોદ લક્ષ્મી વરશે? આહાહા..! વાસ્તવિક તત્ત્વના વિપરીત ભાવો અને એ ભાવ સહિતનો પછી બાહ્ય ત્યાગ દેખાય એટલે વિપરીત ભાવને પોષણ કરે છે. વસ્તુ એવી છે ત્યાં શું થાય? કોઈ વ્યક્તિનું તત્ત્વ જુદું હોય એવું છે? આ તો વસ્તુ જ આવી છે.

ભગવાન આત્મા તદ્દન પુણ્ય-પાપના વિકલ્પના આસ્રવ વિનાનો, એવું એ જૈન સ્વરૂપ જ આત્માનું છે. એની અંદરના સ્વરૂપ સન્મુખની પ્રતીત, જ્ઞાન ને રમણતા વધારવા એ જૈનશાસનની પ્રભાવના છે, લ્યો! સમજાણું કાંઈ?

**'અને જૈનધર્મનો અતિશય ઘણાં દાન-દયાવડે ઉગ્ર તપ કરીને, ખૂબ ધન ખર્ચી ભગવાનની પૂજા કરાવીને,...'** લ્યો! ધન ખર્ચીને એના ભાવની વાત છે, હોં! ખર્ચ થાય એ તો બહારની ક્રિયા છે. **'શાસ્ત્રાભ્યાસ કરીને...'** એવો શાસ્ત્ર અભ્યાસ કરે કે લોકોને ઓહોહો...! પાણીના પૂરની જેમ... 'કુંદકુંદાચાર્ય' ને જુઓને! ઓહોહો..! એક એક ગાથામાં ગંભીર તત્ત્વ ભરેલા છે. **'તથા નિર્દોષ દેવાદિના ચમત્કારવડે...'** વીતરાગ દેવના ને વીતરાગી ગુરુઓનો કોઈ **'ચમત્કારવડે (જૈનધર્મની મહિમા) પ્રગટ થાય છે, તેથી આવો અતિશય પ્રગટ કરવો.'** અતિશય એટલે વૃદ્ધિ. એવા ધર્મની વૃદ્ધિ પ્રગટ થાય. **'આ રીતે સમ્યક્ત્વના આઠ અંગ કહ્યા.'** લ્યો!

**'તે કોઈ સમ્યગ્દષ્ટિને પૂરેપૂરા હોય છે, કોઈને થોડાં (એકાદ ઓછું) હોય છે, કોઈને ગૌણપણે હોય છે,...'** મુખ્યતા અમુકની હોય ને બીજા ગૌણ હોય **'કોઈને મુખ્યરૂપે હોય છે.'** કોઈ એટલે એકાદ સ્થૂળ ઓછું હોય. થોડું એટલે થોડું હોય, આઠ ન હોય, સાત હોય. એકાદ ન હોય, ઓછું હોય. **'પરંતુ સમ્યક્ત્વની શોભા તો ત્યારે જ થાય જ્યારે એ આઠે અંગ સંપૂર્ણ મુખ્યપણે,...'** હોય લ્યો! એનો સરવાળો. એની શોભા તો ત્યારે થાય કે, જ્યારે આઠે અંગ ને સંપૂર્ણ અને તે મુખ્યપણે. **'પ્રગટ પ્રત્યક્ષ ભાસે.'** લ્યો! ઠીક. **'આ રીતે સમ્યક્ત્વ અંગીકાર કર્યા પછી ધર્મી ગૃહસ્થે શું કરવું તે આગળ કહીએ છીએ.'** એ સમકિત અંગીકાર કર્યા પછી બીજા કરવાની વાત કહે છે. પછી જ્ઞાન ને ચારિત્રની વાત હોય. સમ્યગ્દર્શન વિના જ્ઞાન ને ચારિત્ર હોતા નથી. હવે જ્ઞાનની વાત કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# સમ્યગ્જ્ઞાન અધિકાર

## ગાથા–૩૧-૩૨

આ પ્રમાણે શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિ વિરચિત પુરુષાર્થસિદ્ધિ ઉપાય જેનું બીજું નામ પ્રવચનરહસ્ય કોષ છે તેમાં સમ્યગ્દર્શન વર્ણન નામે પ્રથમ અધિકાર.

इत्याश्रितसम्यक्त्वैः सम्यग्ज्ञानं निरूप्य यत्नेन।
आम्नाययुक्तियोगैः समुपास्यं नित्यमात्महितैः।।३१।।

पृथगाराधनमिष्टं दर्शनसहभाविनोऽपि बोधस्य।
लक्षणभेदेन यतो नानात्वं संभवत्यनयोः।।३२।।

અન્વયાર્થ :– [ इति ] એ રીતે [ आश्रितसम्यक्त्वैः ] જેમણે સમ્યક્ત્વનો આશ્રય લીધો છે તેવા [ आत्महितैः ] આત્માના હિતકારી પુરુષોએ [ नित्यं ] સર્વદા [ आम्नाययुक्तियोगैः ] જિનાગમની પરંપરા અને યુક્તિ અર્થાત્ પ્રમાણ નયના અનુયોગવડે [ निरूप्य ] વિચારીને [ यत्नेन ] પ્રયત્નપૂર્વક [ सम्यग्ज्ञानं ] સમ્યગ્જ્ઞાનનું [ समुपास्यं ] સારી રીતે સેવન કરવું યોગ્ય છે. [ दर्शनसहभाविनोऽपि ] સમ્યગ્દર્શનની સાથે ઉત્પન્ન થવા છતાં પણ [ बोधस्य ] સમ્યગ્જ્ઞાનનું [ पृथगाराधनं ] જુદું જ આરાધન કરવું [ इष्टं ] કલ્યાણકારી છે. [ यतः ] કારણ કે [ अनयोः ] આ બન્નેમાં અર્થાત્ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં [ लक्षणभेदेन ] લક્ષણના ભેદથી [ नानात्वं ] ભિન્નતા [ संभवति ] સંભવે છે.

ટીકા :– 'इत्याश्रित सम्यक्त्वैः आत्महितैः च यत्नेन सम्यग्ज्ञानं समुपास्यम्' - આ રીતે જેમણે સમ્યક્ત્વ અંગીકાર કર્યું છે એવા પોતાના આત્માનું હિત કરનાર ધર્માત્મા જીવોએ જે-તે ઉપાયે સમ્યગ્જ્ઞાન સેવવું યોગ્ય છે.

ભાવાર્થ :– સમ્યક્ત્વને અંગીકાર કર્યા પછી સમ્યગ્જ્ઞાનને અંગીકાર કરવું. किं कृत्य - કેવી રીતે સેવવું? 'आम्नाययुक्तियोगैः निरूप्य' આમ્નાય એટલે જિનાગમની પરંપરા અને યુક્તિ એટલે પ્રમાણ-નયના અનુયોગથી સારી રીતે તે સમ્યગ્જ્ઞાનનો વિચાર-નિર્ણય કરીને તેનું સેવન કરવું.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભાવાર્થ :– જે પદાર્થનું સ્વરૂપ જિનાગમની પરંપરા સાથે મળતું આવે તેને પ્રમાણ-નયવડે પોતાના ઉપયોગમાં બરાબર ગોઢવી, યથાર્થ જાણે તેનું નામ સમ્યગ્જ્ઞાનનું સેવવું. તે પ્રમાણ-નયનું સ્વરૂપ થોડું લખીએ છીએ.

## પ્રમાણ-નયનું સંક્ષેપ સ્વરૂપ

પ્રમાણ નામ સમ્યગ્જ્ઞાનનું છે. તે પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદથી બે પ્રકારે છે. ત્યાં પ્રત્યક્ષના બે ભેદ છે. જે જ્ઞાન કેવળ આત્માને જ આધીન થઈ જેટલો પોતાનો વિષય છે તેને વિશદતાથી સ્પષ્ટ જાણે તેને પારમાર્થિક પ્રત્યક્ષ કહીએ. તેના પણ બે ભેદ છે. અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન તો એકદેશ પ્રત્યક્ષ છે, કેવળજ્ઞાન સર્વપ્રત્યક્ષ છે. વળી જે નેત્રાદિ ઇન્દ્રિયો દ્વારા વર્ણાદિકને સાક્ષાત્ ગ્રહણ કરે અર્થાત્ જાણે તેને સાંવ્યવહારિક પ્રત્યક્ષકહીએ. પરમાર્થથી આ જાણવું પરોક્ષ જ છે, કારણ કે સ્પષ્ટ જાણપણું નથી. તેનું ઉદાહરણ :– જેમ આંખ વડે કોઈ વસ્તુને સફેદ જાણી, તેમાં મલિનતાનું પણ મિશ્રણ છે. અમુક અંશ શ્વેત છે અને અમુક મલિન છે એમ આને સ્પષ્ટ પ્રતિભાસતું નથી તેથી એને વ્યવહારમાત્ર પ્રત્યક્ષ છે પરંતુ આચાર્ય પરોક્ષ જ કહે છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનથી જે જાણવું થાય તે બધું પરોક્ષ નામ પામે છે.

## પરોક્ષ પ્રમાણ

જે જ્ઞાન પોતાના વિષયને સ્પષ્ટ ન જાણે તેને પરોક્ષ પ્રમાણ કહીએ. તેના પાંચ ભેદ છે. ૧. સ્મૃતિ, ૨. પ્રત્યભિજ્ઞાન, ૩. તર્ક, ૪. અનુમાન, ૫. આગમ. આ પાંચ ભેદ જાણવા.

૧. સ્મૃતિ - પૂર્વે જે પદાર્થને જાણ્યો હતો તેને યાદ કરીને કાળાંતરમાં જે જાણીએ તેને સ્મૃતિ કહીએ છીએ.

૨. પ્રત્યભિજ્ઞાન - જેમ પહેલાં કોઈ પુરુષને જોયો હતો પછી તેને યાદ કર્યો કે આ તે જ પુરુષ છે જેને મેં પહેલાં જોયો હતો. જે પહેલાંની વાત યાદ કરીને પ્રત્યક્ષ પદાર્થનો નિશ્ચય કરવામાં આવે તેને પ્રત્યભિજ્ઞાન કહીએ છીએ. જેમ પહેલાં એમ સાંભળ્યું હતું કે રોઝ નામનું જાનવર (પશુ) ગાય જેવું હોય છે. ત્યાં કદાચ વનમાં રોઝને જોયું ત્યારે એ વાત યાદ કરી કે ગાય જેવું રોઝ હોય છે એમ સાંભળ્યું હતું તે રોઝ જાનવર આ જ છે.

૩. તર્ક - વ્યાપ્તિના જ્ઞાનને તર્ક કહીએ છીએ. 'આના વિના તે નહિ' એને વ્યાપ્તિ કહીએ. જેમ અગ્નિ વિના ધુમાડો ન હોય, આત્મા વિના ચેતના ન હોય. આ વ્યાપ્તિના જ્ઞાનને તર્ક કહીએ.

૪. અનુમાન - લક્ષણવડે પદાર્થનો નિશ્ચય કરીએ તેને અનુમાન કહીએ છીએ. જેમ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કોઈ પર્વતમાંથી ધુમાડો નીકળતો દેખી નિશ્ચય કરવો કે અહીં અગ્નિ છે.

૫. આગમ - આ તેના વચનના નિમિત્તે પદાર્થને જાણવો તેને આગમ કહીએ છીએ. જેમ શાસ્ત્ર વડે લોકનું સ્વરૂપ જાણીએ. આ રીતે પાંચ ભેદ પરોક્ષ પ્રમાણના જાણવા.

## નય

શ્રુતજ્ઞાનપ્રમાણનો જે અંશ તેને નય કહીએ. પ્રમાણવડે જે પદાર્થ જાણ્યો હતો તેના એક ધર્મ ને મુખ્ય કરીને અનુભવ કરાવે તેને નય કહીએ. તેના બે ભેદ છે. (દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક) જે દ્રવ્યને મુખ્ય કરી અનુભવ કરાવે તે દ્રવ્યાર્થિક નય, તેના ત્રણ ભેદ છે.

૧. નૈગમ - જે સંકલ્પ માત્રથી પદાર્થનું ગ્રહણ કરવું-જાણવું તેને નૈગમ કહીએ. જેમકે કથરોટ બનાવવા માટે કોઈ લાકડું લેવા જાય છે, તેને કોઈએ પૂછ્યું, 'તું ક્યાં જાય છે?' તેણે ઉત્તર આપ્યો કે હું કથરોટ લેવા જાઉં છું. જ્યાં તે જાય છે ત્યાં તેને કથરોટ તો નહિ મળે પણ ત્યાંથી લાકડું લાવી તે કથરોટ બનાવશે.

૨. સંગ્રહ - સામાન્યરૂપથી પદાર્થોના ગ્રહણને સંગ્રહનય કહીએ છીએ. જેમકે છ જાતિના સમસ્ત દ્રવ્યો દ્રવ્યસંજ્ઞા-લક્ષણ સહિત છે. એ છ દ્રવ્યોના સમૂહને દ્રવ્ય કહેવું તે.

૩. વ્યવહારનય - સામાન્યરૂપથી જાણેલ દ્રવ્યના વિશેષ (ભેદ) કરવા તેને વ્યવહાર કહીએ. જેમકે દ્રવ્યના છ ભેદ કરવા. આ રીતે એટલા દ્રવ્યાર્થિકનય કહ્યા.

પર્યાયાર્થિકનયના ચાર ભેદ છે. ઋજુસૂત્રનય વર્તમાન પર્યાયમાત્રને જાણે છે. શબ્દનય, સમભિરૂઢ અને એવંભૂતનય તે શબ્દનય છે.

પદાર્થમાં જ મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન તો અવશ્ય થાય છે પરંતુ એના વિશેષ વડે જુદું આરાધન કરવાનું કહ્યું છે. શા માટે? 'यतः लक्षणभेदेन अनयोः नानात्वं संभवति।' કારણ કે લક્ષણભેદથી એ બન્નેમાં ભિન્નપણું સંભવે છે. સમ્યક્ત્વનું લક્ષણ યથાર્થ શ્રદ્ધાન છે, આનું (-જ્ઞાનનું) લક્ષણ યથાર્થ જાણવું છે, તેથી એને જુદા કહ્યા. ૩૧-૩૨.

---

**પ્રવચન નં. ૨૮ ગાથા–૩૧ થી ૩૨ સોમવાર, વૈશાખ વદ ૧૨, તા. ૦૫-૦૬-૧૯૬૭**

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' પુરુષ નામ આત્માનું ચૈતન્ય સ્વરૂપ, એના પ્રયોજનની સિદ્ધિ. ચૈતન્ય સ્વરૂપ એવો આત્મા એના પ્રયોજનની સિદ્ધિ, એના ઉપાયની વાત આમાં છે. ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા પોતાનો અર્થ નામ પ્રયોજન. શું પ્રયોજન છે? શુદ્ધતા, પરિપૂર્ણ આનંદ પ્રગટવો એ. એના ઉપાયની વાત આમાં છે. પહેલી વાત સમ્યગ્દર્શનની થઈ ગઈ.

www.vitragvani.com



જુઓ! '**આ પ્રમાણે શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિ વિરચિત પુરુષાર્થસિદ્ધિ ઉપાય જેનું બીજું નામ પ્રવચરહસ્ય કોષ છે...**' પ્રવચનરહસ્ય કોષ, પ્રવચનના મર્મને ખોલનારો એક ભંડાર છે. '**તેમાં સમ્યગ્દર્શન વર્ણન નામે પ્રથમ અધિકાર.**' છે, લ્યો! સમ્યગ્દર્શનની વ્યાખ્યા. પહેલું સમ્યગ્દર્શન આરાધવું. એણે પહેલું સમ્યગ્દર્શન પ્રગટ કરવું. એ ચૈતન્યના પ્રયોજનની સિદ્ધિનો પહેલો ખરો એ ઉપાય છે. કહો! સમજાણું? હવે સમ્યગ્જ્ઞાન. સમ્યગ્દર્શન પછી એટલે સમ્યગ્જ્ઞાનનું સેવન કરવું. એમ અહીંયા અધિકાર છે.

**इत्याश्रितसम्यक्त्वैः सम्यग्ज्ञानं निरूप्य यत्नेन।**
**आम्नाययुक्तियोगैः समुपास्यं नित्यमात्महितैः।।३१।।**
**पृथगाराधनमिष्टं दर्शनसहभाविनोऽपि बोधस्य।**
**लक्षणभेदेन यतो नानात्वं संभवत्यनयोः।।३२।।**

એનો અર્થ. એનો અન્વયાર્થ છે ને? '**એ રીતે જેમણે સમ્યકત્વનો આશ્રય લીધો છે...**' એટલે અંગીકાર કર્યું છે. જેણે સમ્યગ્દર્શનનો આશ્રય લીધો છે એટલે કે જેણે સમ્યગ્દર્શન સ્વભાવને આશ્રયે પ્રગટ, અંગીકાર કર્યું છે. કહો! સમજાણું? ચૈતન્ય સ્વરૂપ એવો આત્મા, એને આશ્રયે જેણે પ્રથમ સમ્યગ્દર્શન અંગીકાર કર્યું છે. ચૈતન્યની પુરુષાર્થની સિદ્ધિનો ઉપાય પહેલો આ છે. સમજાણું કાંઈ? પહેલા સમ્યગ્દર્શનનું આરાધન પછી બીજા સમ્યગ્જ્ઞાનની વાત છે. સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન હોય નહિ અને સમ્યગ્જ્ઞાનનું આરાધન સમ્યગ્દર્શન વિના હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન શાસ્ત્રના અભ્યાસીને તો ખરું ને.

ઉત્તર :- શાસ્ત્રના અભ્યાસને પણ, તત્ત્વના નિર્ણય કરનારને થાય છે. શાસ્ત્ર આવે ભલે પણ એ એકલો શાસ્ત્ર તરફ જોવે છે એમ નહિ. શાસ્ત્રે જે કહ્યું છે કે, આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ (છે). એમાં એમ કહ્યું છે, બાર અંગમાં એમ કહ્યું છે. તારા સ્વસન્મુખની દૃષ્ટિ કર, એનો નિર્ણય કર (કે) આ વસ્તુ છે, એનું આરાધન, એનું નામ સમ્યગ્દર્શન છે. કહો! શાસ્ત્રમાં પણ એમ કહ્યું છે. બારમાં ન આવ્યું? આત્માની અનુભૂતિ (કરવી).

આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, જે આખું બ્રહ્માંડ, ચૌદ બ્રહ્માંડમાં સાર તત્ત્વ તારું છે એમ કહે છે અહીં તો. એવો ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપનો ભંડાર, એનું સ્વસન્મુખ થઈ, દર્શનશુદ્ધિ કરવી, સમ્યક્ આરાધન કરવું એ જ પહેલો ઉપાય છે. શાસ્ત્ર ભણીને પણ આ જો ન કર્યું તો એણે કાંઈ કર્યું નથી. શાસ્ત્ર ભણવાનું ફળ એટલે શાસ્ત્ર તો જ્ઞાનસ્વરૂપ આત્મા છે એમ કહે છે. સમજાણું? જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન આત્મા એકલો જાણક... જાણક... જાણક... જાણક... જાણક... એવા સ્વરૂપની સ્વસન્મુખ થઈને, પુણ્ય-પાપના વિકલ્પથી વિમુખ થઈને, સ્વસન્મુખ થઈને અંતર પ્રતીતિ નિર્વિકલ્પ જ્ઞાન કરીને કરવી એનું નામ સમ્યગ્દર્શન છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

અહીં સમ્યગ્દર્શનની પ્રધાનતા છે. કારણ કે, સમ્યગ્દર્શન પછી જ્ઞાનનું આરાધન કરવું છે ને એટલે સમ્યગ્દર્શન કારણ, જ્ઞાન કાર્ય કહેશે. ૧૭માં એમ કહ્યું કે, પહેલું સમ્યગ્જ્ઞાન અનુભવ થાય તો આ પ્રતીત થાય. જેને જાણ્યું નથી એની પ્રતીત શું? ચૈતન્ય સ્વરૂપ કેવું છે એમ જાણ્યું નથી એની પ્રતીત શું? એ અપેક્ષાએ ત્યાં અનુભૂતિમાં થયેલી પ્રતીતિને સમ્યગ્દર્શન કહ્યું છે. અહીં તો દર્શન પછી જ્ઞાનનું સેવન કરવું છે ને એથી અહીં સમ્યગ્દર્શન કારણ અને સમ્યગ્જ્ઞાન કાર્ય એક સમયે ઉત્પન્ન (થયા) હોવા છતાં બે ને આ રીતે કારણ કાર્ય ઘટે છે. કહો! સમજાણું કાંઈ? જુઓ!

**'જેમણે સમ્યકત્વનો આશ્રય લીધો છે...'** એટલે અંગીકાર કર્યું છે. નીચે અર્થ કરશે. આશ્રયનો અર્થ. એનો અર્થ આ અંગીકાર્ય કર્યું છે, એમ. આશ્રય એટલે સમકિતનો આશ્રય લીધો છે. સમકિતનો આશ્રય લીધો છે એવો શબ્દ છે અહીં તો શાસ્ત્રમાં. એનો અર્થ શું? સમકિતનો આશ્રય એટલે પર્યાયનો આશ્રય? એમ. એટલે એનો અર્થ કરવો પડ્યો કે સમકિતનો આશ્રય એટલે સમકિત જેણે અંગીકાર કર્યું છે, એમ. સમજાણું કાંઈ? પદ્યમાં તો જે શબ્દો લાગુ પડતા હોય એ આવે પણ એનો ભાવ હોય એને સમજવો જોઈએ ને? જેમણે સમકિતનો આશ્રય લીધો છે એટલે કે જેણે આત્મા પરમાનંદ મૂર્તિ, એને સમ્યગ્દર્શન જેણે એ દ્વારા અંગીકાર કર્યું છે. આત્માના સ્વભાવ આશ્રયે જેણે સમ્યગ્દર્શન અંગીકાર કર્યું છે. એનો અર્થ ઇ કે જેણે સમકિતનો આશ્રય લીધો છે.

મુમુક્ષુ :– પહેલી ધર્મની ક્રિયામાં પહેલો પાયો શું ?

ઉત્તર :– પહેલો પાયો આ. ધર્મની સમ્યગ્દર્શન પર્યાય એ પહેલી ક્રિયા. કહો!

**'આત્માના હિતકારી પુરુષોએ...'** જુઓ! જેમણે આત્મા પવિત્ર ભગવાન, દેવ-ગુરુ-શાસ્ત્રની સન્મુખતા પણ છોડી, નવ તત્ત્વના ભેદના વિકલ્પની ભેદ દૃષ્ટિ છોડી, અંતર્મુખ સ્વભાવ પૂર્ણ આત્મા શુદ્ધ ચિદાનંદ ઘન (છે) એનો આશ્રય લઈ અને સમકિત જેણે અંગીકાર એટલે પ્રગટ કર્યું છે, એમ ભાષા છે. જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે એનો અર્થ કે સમકિતનો આશ્રય લીધો છે. એનો અર્થ કે સમકિત એણે અંગીકાર કર્યું છે. સમજાણું કાંઈ? ત્યાંથી માર્ગની શરૂઆત થાય છે. ધર્મની મૂળ ભૂમિકા ત્યાંથી શરૂ થાય છે.

વસ્તુ શુદ્ધ અનંત ગુણનો પિંડ એકરૂપ આત્મા, સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ કેવળજ્ઞાનીએ કહ્યો એ, પરમેશ્વર વીતરાગ દેવ કેવળજ્ઞાનીએ કહ્યો તેવો આત્મા અને એણે જાણ્યો ને જોયો તેવો આત્મા, એવા અંતર આત્મામાં એનો વિકલ્પ દ્વારા નિર્ણય કરી દ્વારા જાણપણું કરી પછી સ્વભાવનો આશ્રય કરી અને જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે એટલે કે અંગીકાર કર્યું છે એટલે કે એનો આશ્રય લીધો છે, એમ કીધું છે. સમજાણું કાંઈ? એવા **'આત્માના હિતકારી પુરુષોએ...'** જુઓ! એ આત્માના હિતકારી છે.

**'પુરુષોએ સર્વદા...'** **'नित्यं'** નામ સર્વદા **'आम्नाययुक्तियोगैः'** **'જિનાગમની પરંપરા...'**

પરમેશ્વર કેવળજ્ઞાની ભગવાન, પરમેશ્વર વીતરાગની આજ્ઞા, આમ્નાય પ્રમાણે જે પરંપરા વીતરાગમાર્ગની શાસ્ત્રની ચાલતી હોય... સમજાય છે? એને વિચારીને. કહો! સમજાણું આમાં? સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની દેવ એમણે કહેલા શાસ્ત્રો, એની જે પરંપરા ચાલી છે એને અનુસરીને, વિચારીને, એક વાત. જિનાગમની પરંપરા, આમ્નાય કરી, આમ્નાય. હવે યુક્તિ, આમ્નાય યોગે અને યુક્તિ યોગે એમ. યુક્તિ એટલે પ્રમાણ ને અનુયોગ એને યુક્તિ કહે છે. યુક્તિ આવે છે ને ક્યાંક? ક્યાં? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નહિ? અન્વેષણ કાળે. પહેલા યુક્તિ માર્ગે સિદ્ધ કરવું પછી અન્વેષણ કાળે છોડી દેવું. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'. ત્યાં પણ યુક્તિ શબ્દ છે, એ જ અહીંયા છે.

બે વાત લીધી. જેણે સ્વભાવને અવલંબે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે એવા **'આત્માના હિતકારી પુરુષોએ...'** એમ છે. નિત્ય હંમેશા **'જિનાગમની પરંપરા...'** વીતરાગ પરમેશ્વરે કહેલા શાસ્ત્રો તેની પરંપરાના યોગવડે અને **'યુક્તિ અર્થાત્ પ્રમાણ નયના અનુયોગવડે...'** પાછા પ્રમાણ અને નય. આખો પદાર્થ શું છે ને એક એક ધર્મ એનો સામાન્ય વિશેષ શું છે એવા પ્રમાણ અને નય વડે. કહો! સમજાણું? છે એ 'ટોડરમલ્લ'માં નથી? આવે છે ને? આ 'ટોડરમલ્લ' ઘરના શબ્દ તો એક્કે વાપરતા નથી. જે પરંપરા હોય ને એ વાપરે છે, જુઓ!

**'तच्चाणेसणकाले समयं बुज्झेहि जुत्तिमग्गेण'** એમ શબ્દ છે, જુઓ! **'તત્ત્વના અવલોકન (અન્વેષણ) સમયે શુદ્ધાત્માને યુક્તિ અર્થાત્ નય પ્રમાણવડે પહેલા જાણે, પછી આરાધન સમય જે અનુભવકાળ છે તેમાં નય-પ્રમાણ છે નહિ, કારણ કે પ્રત્યક્ષ અનુભવ છે.'** **'जुत्तिमग्गेण'** શબ્દ છે, જુઓ! સમજાણું? જુઓ! સમ્યગ્દષ્ટિએ આનું આરાધન કરવું એમ કહે છે. સમજાણું?

પરમેશ્વર વીતરાગના શાંત રસથી નીકળેલા આગમો, જેમાં એકલો વીતરાગભાવ તરતો હોય, વીતરાગભાવ જ જેમાં નીતરતો હોય એવી પરંપરાના આગમના યોગ વડે, પ્રયત્ન વડે **'પ્રયત્નપૂર્વક સમ્યગ્જ્ઞાનનું સારી રીતે સેવન કરવું યોગ્ય છે.'** કહો! સમજાણું કાંઈ? બીજામાં વળી એમ આવ્યું, આત્માની રુચિ થઈ... બાર અંગમાં એમ કહ્યું કે, ભાઈ! આત્માનુભૂતિ (કરવી) એટલે બાર અંગ કોઈ અપૂર્વ નથી. અને આત્માનુભૂતિ થઈ એને શાસ્ત્ર અભ્યાસની અટક નથી, એ નિશ્ચયથી કહ્યું છે, અહીં વ્યવહારથી વાત છે. સમજાય છે?

મુમુક્ષુ :– બેનો મેળ કેવી રીતે ?

ઉત્તર :– મેળ કીધો ને અંદર. અંદર આરાધ્યું તત્ત્વ આવી ગયું. હવે એને વ્યવહાર તરીકે એને જ્ઞાનનું આરાધન (કરવું). જેને વિશેષ ઉપયોગ લગાવવો છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– રહી શકે ભલે એનો પ્રશ્ન નથી પણ એને એમ કહ્યું કે, એને અટક નથી, એમ કહ્યું ને ન્યાં તો? ભણવાની (અટક) નથી કે ભણે જ તે. ધ્યાન કરે, જ્ઞાન કરે, છતાં

www.vitragvani.com



ભલે વિકલ્પ આવે તોપણ અટક નથી એમ. એને ભણવું જ જોઈએ એવી અટક નથી. એ નિશ્ચયથી વાત કરી છે.

મુમુક્ષુ :- સાચું કારણ એ નથી.

ઉત્તર :- નહિ, ખરું કારણ તો અનુભૂતિ થઈ એ જ વસ્તુ છે. શાસ્ત્રનું ભણતર એ બધો પછી વ્યવહાર છે. પણ એને આવે ખરો આવો. (અંદર) ઠરે નહિ (એટલે) આવે. એટલે બહુ ભણ્યો માટે એને આમ થાય એમ નથી, એમ કહે છે. એ તો અનુભૂતિ થઈ...

ઇ માટે જ ત્યાં કહ્યું છે. બાર અંગમાં અનુભૂતિને જ જ્ઞાન કહ્યું છે. આ બાર અંગનું શાસ્ત્રનું જ્ઞાન એ પણ કાંઈ અપૂર્વ નથી. એટલે અહીં વ્યવહાર કીધો, ભાઈ! એટલે અહીં જ્ઞાનમાં અનુભૂતિ હોવાથી જે દર્શન થયું પણ એણે આ શાસ્ત્રના અભ્યાસથી જ્ઞાન કરવું. એ વ્યવહારથી કહ્યું છે. ચરણાનુયોગનો ગ્રંથ છે ને!

મુમુક્ષુ :- દ્રવ્યાનુયોગમાં કાંઈ જુદું કહે છે?

ઉત્તર :- હા, એને શાસ્ત્ર ભણવાની અટક નથી.

મુમુક્ષુ :- કેમ બેનો મેળ કરવો?

ઉત્તર :- બેય આવી ગયાને. ઠરી શકે એનો પ્રશ્ન નથી. પણ એ શાસ્ત્રમાં બહુ જ ઘુંચાયને એમાં એના જ વલણમાં રહે એવું કાંઈ એને નથી, દ્રવ્યાનુયોગ તત્ત્વદષ્ટિમાં એમ છે. વ્યવહારથી જ્યારે વાત કરે ત્યારે (એમ કહે), એને શાસ્ત્ર અભ્યાસ (કરવો). શાસ્ત્રાભ્યાસથી જ્ઞાન થતું નથી, ખરું જ્ઞાન તો સ્વને અવલંબે છે.

મુમુક્ષુ :- મુંઝવણ થાય છે.

ઉત્તર :- મુંઝવણ એવી કાંઈ નથી. એ..ઇ..! 'શશીભાઈ'! ભાઈ! વાત આવે ત્યારે તો બધી (વાત ચાલે). શાસ્ત્રાભ્યાસ જ્ઞાન તો પરાલંબી જ્ઞાન થયું, પરસત્તાવલંબી જ્ઞાન (છે), પરસત્તાવલંબી જ્ઞાન પરમાર્થે મોક્ષનું કારણ નથી. એ..ઇ..! એ વાત આવે ત્યારે.... આત્માના આનંદના જ્ઞાન સ્વરૂપના પ્રયોજનની એણે સિદ્ધિ કરવી.

મુમુક્ષુ :- એક સમય...

ઉત્તર :- એક સમય સમય નહિ, આશ્રય સદાય રહે છે. આશ્રય તેનો સદાય રહ્યા જ કરે. અને જ્ઞાન એ આત્માને અવલંબે જ થાય, પરને અવલંબે જ્ઞાન, નિશ્ચય જ્ઞાન ન થાય. વાત કરવી છે, વ્યવહાર આરાધવાનું કહેવું છે એ સ્વના લક્ષે (કરવું). એ આવે છે ને 'પ્રવચનસાર'માં નથી? બીજો અધિકાર, દર્શન પૂરું થયા પછી. સ્વને લક્ષે આ રીતે અભ્યાસ કરે, એમ એમાં આવ્યું છે. એ તો એમ જ આવે. સમજાણું કાંઈ?

શાસ્ત્રના અભ્યાસ ઉપર એનો વિકલ્પ આવે. કારણ કે, જ્યાં ઠરી શકતો નથી એટલે આવે. છતાં એ જ્ઞાન યથાર્થ થાય એ તો સ્વને અવલંબે થાય છે. પરના અવલંબનનું જ્ઞાન છે, એ પરસત્તાવલંબી જ્ઞાન એ યથાર્થ જ્ઞાન નથી, એ તો ઉપચારિક જ્ઞાન છે. સમજાણું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કાંઈ? 'અજર પ્યાલા પીવો મતવાલા' એવી આ બધી વાત છે.

કહે છે, એણે જિનાગમની પરંપરા આમ્નાયથી. ભગવાનનું શાસ્ત્ર જે ચાલ્યું આવે છે એના સંતો, મુનિઓ જે વાત કહેતા આવે છે એ યથાર્થ અનાદિ પ્રવાહથી, હોં! આડી-અવળી બીજી પ્રવાહ વચ્ચે તૂટી ગઈ એનું જ્ઞાન એને હોય જ નહિ, એમ કહે છે. આ જાતનો એને વિકલ્પ આવે છે. અનાદિના શાસ્ત્ર સર્વજ્ઞે કહેલા. જ્યાં સર્વજ્ઞની આમ્નાય તૂટીને કલ્પનાથી શાસ્ત્ર બનાવ્યા એને તો એક સમ્યગ્દર્શન પહેલા એની શ્રદ્ધા ન હોય. સમજાય છે? અને એ શ્રદ્ધાથી સમ્યગ્દર્શન થાય નહિ. અહીં તો સમ્યગ્દર્શન થયા પછી આવું આરાધન કરવું એની વાત ચાલે છે. આજે આઠ વિનય ને બધું આવશે. કાળે ભણવું, વિનયે ભણવું બધું આવે ને? વ્યવહાર બધો આવે કે નહિ વિકલ્પની સાથે.

એકકોર કહે કે, જેટલું શાસ્ત્રજ્ઞાન (છે) તે આત્મજ્ઞાનનું કારણ નથી. એ..ઇ..! થઈ રહ્યું. ત્યારે વળી અહીં કહે છે કે, શાસ્ત્રજ્ઞાન કરવું. ઇ બન્ને આવે. એ જાતનો વિકલ્પ ઉઠ્યો (છે). માટે કહે છે કે, આને અવલંબે જેટલું જ્ઞાન પ્રગટે એ જ્ઞાન સાચું, એ મોક્ષનો માર્ગ છે, સંવર અને નિર્જરાનું એ કારણ છે. નિશ્ચય અને વ્યવહારની એવી વાત છે જરી. બન્ને હોય છે પણ લક્ષ બન્નેના ફેર હોય છે. નિશ્ચયનું લક્ષ સ્વનું છે, વ્યવહારનું લક્ષ પરનું છે. જ્યાં સુધી રાગ હોય છે (ત્યાં સુધી) વ્યવહાર એને જણાવે તો ખરાને. 'દેવચંદજી'! આ તો એવી વાત છે. આ વાદ-વિવાદે કાંઈ પાર પડે એવું નથી. અંદરના ઘરની વાત, એ ઘરથી ઉપડે તો એને ખબર પડે. બહારથી કાંઈ પત્તો ખાય એવું નથી.

કહે છે કે, એ પાછુ **'यत्नेन'** કહ્યું, એમ શબ્દ છે જોયું? **'यत्नेन'** એ આવે છે ને? પેલામાં પણ આવે છે, નહિ? 'ષટ્પાહુડ'માં નથી આવતું? પેલામાં આવે છે 'યોગીન્દ્રદેવ' દોહરામાં. વ્યવહારે જાણવું નથી આવતું? શ્લોક એક આવે છે, આવે છે ને એક શ્લોક? પુરુષાર્થથી એણે વ્યવહાર જાણવા, છ દ્રવ્યને જાણવું, એક શ્લોક આવે છે. બધું આવે, આવે બધું. એક શૈલી છે, એમાં ક્યાંય (ફેર નથી). દિગંબર સંતોની શૈલી તો ગજબ વાત! અનાદિ સનાતન સત્યને બરાબર છે તેમ પ્રસિદ્ધ કરી રાખ્યું છે. પૂર્વાપર વિરોધ રહિત સર્વજ્ઞના શાસનને અનુસારે જે થયું છે એમાં ક્યાંય ફેરફાર નથી. દિગંબર સંતોએ કેવળજ્ઞાનીના માર્ગને અંદર અનુભવીને થંભાવી રાખ્યો છે. એવી એની કથની પણ એવી આવી ગઈ છે.

કહે છે, આત્મ હિતકારી જીવોએ, વળી પાછુ શાસ્ત્રને નિત્ય સેવવું. ભાષા તો એમ જ આવે ને. સમજાણું? આમ્નાય એટલે જિનાગમની પરંપરા. યુક્તિ યોગે અને પ્રમાણ નયના અનુયોગ દ્વારા. પ્રમાણથી... આવશે, પોતે ખુલાસો કરશે. પરોક્ષ, પ્રત્યક્ષ આદિ પ્રમાણથી જાણવું અને નયથી (અર્થાત્) એક એક ધર્મને અવલંબનારો નય, એનાથી પણ જાણવું જોઈએ. 'ટોડરમલ્લ'માં તો એમ પણ આવે કે, બહુ શાસ્ત્રના વિશેષ અભ્યાસથી સમ્યગ્દર્શન જ્ઞાન નિર્મળ થશે. નથી આવતું? આવે છે? એટલે શાસ્ત્રના જ્ઞાનથી જ્ઞાન નિર્મળ થશે, પરાલંબીથી

www.vitragvani.com



નિર્મળ થશે?

મુમુક્ષુ :– ઇ સાચું લખ્યું છે કે ખોટું લખ્યું છે.

ઉત્તર :– એ વ્યવહારથી બરાબર છે. શાસ્ત્રભાષા પ્રમાણે લખ્યું છે, બીજું શું કરે?

મુમુક્ષુ :– એનો ધ્વનિ શું?

ઉત્તર :– એનો ધ્વનિ એ કે, એને જ્ઞાન દર્શન તો આત્માને આશ્રયે જ યથાર્થ પ્રગટે છે અને યથાર્થ જ્ઞાન તો આત્માને આશ્રયે જ પ્રગટે છે. એ જ્ઞાનમાં કોઈ વિરોધતા ન આવે એથી એને શાસ્ત્રાભ્યાસ કરીને વિશેષ જ્ઞાન નિર્મળ કરવું, એમ કહે. એમ જ આવે ને ભાઈ! અર્થ શું આવે?

મુમુક્ષુ :– એનાથી નિર્મળ થાય નહિ...

ઉત્તર :– નિર્મળ તો સ્વને આશ્રયે થાય તો નિર્મળ થાય એમ કહેવાય.

મુમુક્ષુ :– એનાથી નિર્મળ થાય નહિ અને કહેવાય.

ઉત્તર :– થાય નહિ. એ જ વ્યવહારનયના કથન એવા બધા છે. એય...! 'પંડિતજી'! એવું છે, બાપુ! વ્યવહારે નિર્મળતા એ જાતની થાય, બાકી તો જ્ઞાનનો પર્યાય તો જ્યાં અંતર વસ્તુ છે એમાંથી આવે ત્યારે નિર્મળતા થાય ને વધે ને! બહારમાં ક્યાં હતું? પરલક્ષીથી ક્યાં ઉત્પન્ન થાય એવું છે એ? સમજાય છે કાંઈ? આવા મારગડા (છે), વીતરાગનો માર્ગ એવો છે. આહાહા..! ભવ ચાલ્યો જાય છે, સમયે-સમયે ગતિ ચાલી જાય છે, એને કામ કરવાનું કેટલું છે. નિઃસંદેહ થઈને, ભવછેદ કરીને દેહ છૂટે એ ચૈતન્યનું પ્રયોજન છે. આત્મા આરાધનથી નિઃસંદેહપૂર્વક, આત્માના ધ્યાનપૂર્વક દેહની સ્થિતિ છૂટે એ જ જેણે ભવના છેદનો ઉપાય કર્યો છે, એ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. એ ઉપાય છે, ભાઈ! આહાહા..!

શું કહે છે? '**आम्नाययुक्तियोगैः**' આપણે હજી શબ્દાર્થ ચાલે છે. આમ્નાય એટલે જિનાગમની પરંપરા. 'આમ્નાય' શબ્દ પડ્યો છે કે નહિ? પાઠમાં આવે છે ને? સ્વાધ્યાયમાં પાંચ બોલમાં. વાંચના, પૃછના... એમાં આમ્નાય આવે છે, આમ્નાય આવે છે, એ બધું આવે. અને યુક્તિ એટલે કે પ્રમાણ નયનો અનુયોગ. નયના જ્ઞાન વિના એને બરાબર નિર્મળતા થાય નહિ. પ્રમાણ અને નય જ્ઞાન દ્વારા વિચારીને, જોયું? '**निरूप्य**'નો અર્થ '**વિચારીને...**' કર્યો. '**यत्नेन**' '**પ્રયત્નપૂર્વક...**' પાછું એમ.

'**સમ્યગ્જ્ઞાનનું 'समुपास्यं' સારી રીતે સેવન કરવું યોગ્ય છે.**' છે ને શ્લોક? 'યોગીન્દ્રદેવ'માં છે એક શ્લોક, નહિ? '**यत्नेन**' આ તો '**यत्नेन**'ની અપેક્ષા. છે અહીં? એ આવે, આવે. 'ષટ્પાહુડ' માં પણ આવે છે. જ્યાં ષટ્ દ્રવ્યનું કહ્યું ત્યાં યત્નેન કરવું, એમ આવે. વિકલ્પ છે એ જાતનો જાણવાનો. ઠરી શકતો નથી એટલે આવે. આમાં નથી ક્યાંય, નહિ ? 'પરમાત્મ પ્રકાશ' નથી. મેં પૂઠું જોયું પણ ઇ ક્યાં પૂઠું આ પાતળું છે, જુઓને પેલું જાડું હોય, બેમાં નજર પડી ને નજર પડતા ખ્યાલ આવ્યો કે, આ પરમાત્મ પ્રકાશ નથી. વિચાર તરત આવ્યો.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આહા..! દોહરા છે એ ક્યાં છે? ૩૫. જુઓ!

छह दव्वई जे जिण-कहिया णव पयत्थ जे तत्त।
विवहारेण य उत्तिया ते जाणियहि पयत्त।।३५।।

પ્રયત્નથી, છે ને?

षड् द्रव्याणि ये जिनकथिताः नव पदार्थ यानि तत्त्वानि।
व्यवहारेण च उक्तानि तानि जानीहिं प्रयतः (सन्)।।३५।।

લ્યો! સમજાણું? **'જિનવરદેવે કહેલાં જે છ દ્રવ્યો, નવ પદાર્થો અને સાત તત્ત્વો છે કે જે વ્યવહારથી કહેવામાં આવ્યા છે તેમને તું પ્રયત્નશીલ થઈને જાણ (તેમને તું નિર્ણયપૂર્વક જાણ). ૩૫.'**

**'સારી રીતે સેવન કરવું...' 'समुपास्यनं'** છે. **'दर्शनसहभाविनोऽपि' 'સમ્યગ્દર્શનની સાથે ઉત્પન્ન થવા છતાં પણ...'** શું કહે છે? સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શની સાથે પ્રગટ હોવા છતાં પણ, **'बोधस्य' 'સમ્યગ્જ્ઞાનનું' 'पृथगाराधनं' 'જુદું જ આરાધન કરવું...' 'જુદું જ આરાધન કરવું કલ્યાણકારી છે.'** લ્યો! સમજાણું કાંઈ? નિશ્ચયથી અંદરનો આશ્રય થઈને પડ્યો છે એ નિશ્ચયથી કલ્યાણકારી છે અને આને વ્યવહારથી કલ્યાણકારી કહેવાય છે. એમાંથી એને લઈને પેલો અંતર તરફના વલણમાં ઉગ્રતા કરે છે ને! એ ઉગ્રતા કરે એ ખરેખર કલ્યાણનું કારણ છે. 'પરમાર્થ વચનિકા' માં આવ્યું નથી? પરસત્તાવલંબીને જ્ઞાની પરમાર્થે મુક્તિનો માર્ગ કહેતા નથી. આવે છે? ક્યાં છે ઇ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં (હેય-જ્ઞેય-ઉપાદેયરૂપ જ્ઞાતાની ચાલનો વિચાર, એમાં) છે ને?

**'એકેક જીવદ્રવ્યમાં અન્યાન્યરૂપ ઔદયિકભાવ હોય, તે ઔદયિકાભાવાનુસાર જ્ઞાનની પણ અન્યઅન્યતા જાણવી. પરંતુ વિશેષ એટલું કે (એ સર્વ આત્મામાં) કોઈ પ્રકારનું જ્ઞાન એવું ન હોય કે પરસત્તાવલંબનશીલ બની મોક્ષમાર્ગ સાક્ષાત્ કહે! કેમકે અવસ્થા (દશાના) પ્રમાણમાં પરસત્તાવલંબક છે (પણ તે મોક્ષમાર્ગ કહેતો નથી) તે આત્મા પરસત્તાવલંબી જ્ઞાનને પરમાર્થતા કહેતો નથી. જે જ્ઞાન હોય તે સ્વસત્તાવલંબનશીલ હોય તેનું નામ જ્ઞાન, તે જ્ઞાનને સહકારભૂત નિમિત્તરૂપ નાનાપ્રકારના ઔદયિકભાવ હોય છે.'** બરાબર છે. ભારે નાખ્યું છે. (લોકો એમ કહે છે), ગૃહસ્થનું વાક્ય છે, નહિ? એય...! 'બનારસીદાસ'નું (છે એ) ગૃહસ્થનું છે, એ નહિ. અત્યારના સાધુ એમ કહે છે. ખૂબ ચાલે છે. આચાર્યનું લાવો, આચાર્યનું વચન લાવો. સવારમાં કહેતા. એ લોકો કહે, નહિ. 'બનારસીદાસ' કહે ઇ નહિ, 'ટોડરમલ' કહે એ નહિ. જેણે મહાવ્રત ધારણ કર્યાં છે એવા મુનિ ઇ કહે. કહો! સમજાણું?

**'કારણ કે આ બન્નેમાં...' 'अनयोः' 'સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં...' 'लक्षणभेदेन' 'લક્ષણના ભેદથી ભિન્નતા સંભવે છે.'** સમ્યગ્દર્શનું લક્ષણ પ્રતીત છે, સમ્યગ્જ્ઞાનનું લક્ષણ જાણવું (છે). બેના લક્ષણ ભેદ છે ને? માટે કહે છે, લક્ષણના ભેદથી ભિન્નતા છે માટે

સમ્યગ્જ્ઞાનનું સમ્યગ્દર્શનથી જુદા પ્રકારે આરાધન કરવું. કહો! સમજાણું આમાં?

**ટીકા :–** '**- આ રીતે જેમણે સમ્યક્ત્વ અંગીકાર કર્યું છે...**' એમ છે ને? '**इत्याश्रति**' એમ છે ને મૂળ શબ્દ? 'આ રીતે' એમ શબ્દ ખરો ને મૂળ પાઠમાં? '**इति**' એ રીતે, એમ, એ રીતે એટલે પૂર્વે જે સમ્યગ્દર્શનનો અધિકાર કહ્યો તે રીતે, એમ. '**જેમણે સમ્યક્ત્વ અંગીકાર કર્યું છે...**' શુદ્ધ ભગવાન... આવ્યું ને? '**जीवाजीवादीनां तत्त्वार्थानां**' ૨૨મી ગાથા. '**आत्मरूपम्**' '**- આ રીતે જેમણે સમ્યક્ત્વ અંગીકાર (પ્રગટ) કર્યું છે એવા પોતાના આત્માનું હિત કરનાર ધર્માત્મા જીવોએ જે-તે ઉપાયે સમ્યગ્જ્ઞાન સેવવું યોગ્ય છે.**' સમજાણું? '**જે-તે ઉપાયે...**' એટલે આમ્નાય અને યુક્તિ આદિ છે ને? એ.

**ભાવાર્થ :–** '**સમ્યક્ત્વને અંગીકાર કર્યા પછી સમ્યગ્જ્ઞાનને અંગીકાર કરવું. किं कृत्य - કેવી રીતે સેવવું? 'आम्नाययुक्तियोगैः निरूप्य'...**' એમ. '**આમ્નાય એટલે જિનાગમની પરંપરા...**' પરમેશ્વર વીતરાગદેવની જે પરંપરા શાસ્ત્રની ચાલી છે તે. '**અને યુક્તિ એટલે પ્રમાણ-નયના અનુયોગથી...**' જિનાગમ–વીતરાગના આગમો, પરમેશ્વર ત્રિલોકનાથના કહેલા આગમો, એની '**પરંપરા અને યુક્તિ એટલે પ્રમાણ-નયના અનુયોગથી સારી રીતે તે સમ્યગ્જ્ઞાનનો વિચાર-નિર્ણય કરીને તેનું સેવન કરવું.**' એમ. તેનો વિચાર યથાર્થ મેળવીને નિર્ણય કરીને સેવન કરવું.

**ભાવાર્થ :–** '**જે પદાર્થનું સ્વરૂપ જિનાગમની પરંપરા સાથે મળતું આવે...**' એમ. વીતરાગ પરમેશ્વરની પરંપરાએ કહેલા શાસ્ત્રો, એમાં જે વસ્તુનું સ્વરૂપ હોય, મોક્ષમાર્ગનું કે તત્ત્વોનું, '**જે મળતું આવે તેને પ્રમાણ-નય વડે પોતાના ઉપયોગમાં બરાબર ગોઠવી...**' કહો! '**યથાર્થ જાણે તેનું નામ સમ્યગ્જ્ઞાનનું સેવવું...**' છે. લ્યો! પ્રમાણ એટલે આખા પદાર્થને જાણવાનું જ્ઞાન એને પ્રમાણ કહે છે અને વસ્તુના એક એક ધર્મને–સામાન્ય, વિશેષ એક એક ધર્મને અવલંબીને જાણે એને નય કહે છે. એકરૂપ જાણે અને અનેકને આખાને જાણે, એવા નય-પ્રમાણથી પદાર્થના સ્વરૂપને બરાબર ઉપયોગમાં બરાબર ગોઠવી, એમ પાછું. ઉપયોગમાં એને મેળવીને જાણે એનું નામ સમ્યગ્જ્ઞાનનું સેવવું. '**તે પ્રમાણ-નયનું સ્વરૂપ થોડું લખીએ છીએ.**' લ્યો! આ યુક્તિ આવી ખરીને? યુક્તિ એટલે પ્રમાણ ને નય, એનો થોડો ખુલાસો કરે છે.

## પ્રમાણ-નયનું સંક્ષેપ સ્વરૂપ

'**પ્રમાણ નામ સમ્યગ્જ્ઞાનનું છે.**' પ્રમાણ, પ્ર વિશેષે માન, માપ વસ્તુ જેવી છે તેવું તે જ્ઞાન થાય તે જ્ઞાનને પ્રમાણ જ્ઞાન કહે છે અને એ સમ્યગ્જ્ઞાનનું નામ પ્રમાણ છે. પદાર્થ જેવો હોય, ધર્મ પર્યાય જેવી હોય, વિકાર પર્યાય જેવી હોય, ત્રિકાળ સ્વભાવ જેવો હોય, સંયોગી ચીજનું સ્વરૂપ જેવું હોય એવું પ્રમાણમાં–જ્ઞાનમાં બરાબર સમજે એને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. '**તે પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદથી બે પ્રકારે છે. ત્યાં પ્રત્યક્ષના બે ભેદ છે. જે જ્ઞાન કેવળ આત્માને જ આધીન થઈ...**' એટલે કે એમાં નિમિત્તની અપેક્ષા નથી.

છે તો બધાય પાંચેય જ્ઞાન આત્માથી પ્રગટેલા. સમજાણું? પાંચ આવે છે ને? 'ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ' પાંચ જ્ઞાનની પર્યાય ચૈતન્યને અનુસરીને જ પ્રગટ થનારી છે. પણ એક સ્વઆશ્રય થતાં પ્રગટ થાય છે, એક જેમાં નિમિત્તની અપેક્ષા છે એથી એને પરોક્ષ ને પ્રત્યક્ષ એવા બે ભેદ પાડ્યા છે.

ફરીને, ઝીણું છે, ભાઈ! આ તો. **'કેવળ આત્માને જ આધીન થઈ...'** એટલે આત્મા જ્ઞાન સ્વરૂપ શુદ્ધ આત્મા (છે), એને આધીન એટલે પરની, નિમિત્તની, રાગની જેમાં અપેક્ષા નથી. એવું **'આત્માને આધીન થઈ જેટલો પોતાનો વિષય છે...'** જેટલું એ જ્ઞાન જાણવાને લાયકાતવાળું છે, **'તેને સ્પષ્ટ વિશદતાથી...'** એટલે ઘણી સ્પષ્ટતાથી, વિસ્તારથી સ્પષ્ટ જાણે. જેમ છે તેને વિશદતાથી એટલે એનું જેવું સ્વરૂપ છે એટલું સ્પષ્ટ જાણે **'તેને પરમાર્થિક પ્રત્યક્ષ કહીએ.'** તેને પરમાર્થિક પ્રત્યક્ષ કહેવામાં આવે.

**'તેના પણ બે ભેદ છે.'** કોના? જે જ્ઞાન **'કેવળ આત્માને જ આધીન થઈ જેટલો પોતાનો વિષય છે તેને...'** વિસ્તારથી પૂરું **'સ્પષ્ટ જાણે તેને પરમાર્થિક પ્રત્યક્ષ કહીએ. તેના પણ બે ભેદ છે. અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન તો એકદેશ પ્રત્યક્ષ છે,...'** અવધિજ્ઞાન છે એમાં કાંઈ મનની અપેક્ષા નથી, આત્માની જ અપેક્ષાથી પ્રગટ થાય છે, એમ કહે છે. ઇન્દ્રિયની અપેક્ષા નથી. સમજાણું? 'પંચાધ્યાયી'માં વળી એમ લીધું ચાર જ્ઞાનમાં મનની અપેક્ષા છે એટલે એને પરોક્ષ કહે છે, એમ લીધું છે. 'પંચાધ્યાયી'માં. એ તો જરી અપૂર્ણ છે ને! એની અપેક્ષા છે એટલે એમ લીધું.

અહીં કહે છે, સમ્યગ્જ્ઞાનીને અંદરમાં અવધિજ્ઞાન થાય, સમ્યગ્દર્શનના કાળમાં અવધિજ્ઞાન થાય, બીજાના ભવો જાણે, પોતાના ભવો જાણે, એવું જે અવધિજ્ઞાન એ આત્માને આશ્રયે થયેલું છે. એમાં કોઈ ઇન્દ્રિયનું નિમિત્ત નથી. તેથી તેને દેશ પ્રત્યક્ષ, એક અંશ પ્રત્યક્ષ કહેવામાં આવે છે. મનઃપર્યયજ્ઞાન એ પણ મુનિને હોય છે. બીજાના મનની અંદર વિચાર હોય, મનમાં રહેલા પદાર્થ હોય એને પણ જે જ્ઞાન પ્રત્યક્ષ પોતાના આત્માના આશ્રયે થઈને જાણે. થોડું જાણે છે, તેથી એકદેશ પ્રત્યક્ષ કહેવામાં આવે છે. પણ છે એનો વિષય એટલો સ્પષ્ટ જાણે છે, એમ. છે જેટલો એનો વિષય એટલો સ્પષ્ટ જાણે છે માટે તેને પ્રત્યક્ષ કહેવામાં આવે છે.

**'કેવળજ્ઞાન સર્વપ્રત્યક્ષ છે.'** કેવળજ્ઞાન દશા સર્વપ્રત્યક્ષ છે. **'વળી...'** કહો! કેવળજ્ઞાન તો સર્વપ્રત્યક્ષ છે. એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પોતાના આત્માના આશ્રયથી જાણે. જોયું? એમાં કોઈ લોકનું ને પરનું નિમિત્ત નથી, પરની અપેક્ષા નથી એમ કહે છે એમાં. કેવળ આત્માને આધીન થઈને કહ્યું હતું ને? ત્યારે એમાં લોક-અલોક છે માટે કેવળજ્ઞાન થયું છે એમ નથી. સમજાણું કાંઈ? એકલો ભગવાન આત્મા પોતાને આશ્રયે પૂર્ણ કેવળ દશા પ્રગટ કરી એને સર્વ પ્રત્યક્ષ કહેવામાં આવે છે. સર્વજ્ઞ પરમેશ્વર એને કહેવામાં આવે

www.vitragvani.com



છે, એને અરિહંત દેવ કહેવામાં આવે છે. સિદ્ધ તો શરીરરહિત થઈ ગયા. **'કેવળજ્ઞાન સર્વપ્રત્યક્ષ છે.'** જુઓ! એણે આ પ્રમાણ, આવા જ્ઞાન દ્વારા એણે બરાબર જ્ઞાનનો નિર્ણય કરવો જોઈએ અને જ્ઞાનનું સેવન કરવું જોઈએ. કહો! સમજાણું?

**'વળી જે નેત્રાદિ ઇન્દ્રિયો દ્વારા...'** આ આંખ ને આ કાન દ્વારા. **'વર્ણાદિકને સાક્ષાત્ ગ્રહણ કરે...'** આ કાળો છે, આ ટાઢો છે. કહો! **'અર્થાત્ જાણે તેને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહીએ.'** આમ જાણે ને પ્રત્યક્ષ? **'પરમાર્થથી આ જાણવું પરોક્ષ જ છે, કારણ કે સ્પષ્ટ જાણપણું નથી.'** કોઈ પણ ચિત્રને દેખે તો એમાં લીલો રંગ હોય પણ અંદરમાં જરી ઝાંખુ કે કાળુ હોય એ એને દેખાય નહિ.

**'તેનું ઉદાહરણ :– જેમ આંખ વડે કોઈ વસ્તુને સફેદ જાણી,...'** સફેદ, ધોળા લાગે, ધોળું લાગે છે, લ્યો! **'તેમાં મલિનતાનું પણ મિશ્રણ છે.'** સફેદાઈમાં થોડો ભાગ ક્યાંક મલિનતાનો હોય છતાં આમ સફેદ દેખાય એ અપેક્ષાએ એને પ્રત્યક્ષ કહેવામાં આવે છે પણ સાંવ્યવહારિક પ્રત્યક્ષ છે. પરમાર્થ પ્રત્યક્ષમાં તો બધું જેવું હોય એમ જાણવું જોઈએ એવું એમાં આવી શકતું નથી. સમજાણું?

**'અમુક અંશ શ્વેત છે અને અમુક મલિન છે એમ આને સ્પષ્ટ પ્રતિભાસતું નથી...'** ધોળા સફેદાઈમાં પણ કંઈક ઝાંખો લાલ મેલ હોય એ ન દેખે. સફેદ દેખે એ અપેક્ષાએ એને સાંવ્યવહારિક વ્યવહાર પ્રત્યક્ષ કહેવાય, પ્રત્યક્ષ સ્પષ્ટ પ્રત્યક્ષ નથી. **'તેથી એને વ્યવહારમાત્ર પ્રત્યક્ષ છે પરંતુ આચાર્ય પરોક્ષ જ કહે છે.'** લ્યો! પણ ખરેખર તો એ પરોક્ષ જ છે. **'મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનથી જે જાણવું થાય તે બધું પરોક્ષ નામ પામે છે.'** આ એ અપેક્ષાની વાત છે, પરની અપેક્ષા. સમજાય છે? પોતાને જાણવા માટેનું પ્રત્યક્ષ થાય છે. **'મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનથી જે જાણવું થાય તે બધું પરોક્ષ નામ પામે છે.'** આ એ પરની અપેક્ષાએ વાત છે. સમજાય છે? પોતાને જાણવા માટેનું પ્રત્યક્ષ થાય છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનથી જે જાણવું થાય તે બધું પરોક્ષ નામ પામે છે. કારણ કે, એમાં ઇન્દ્રિયોનું નિમિત્ત છે એટલે. છે તો પોતાથી થયેલું પણ જેને નિમિત્તની સાપેક્ષતા છે માટે એને પરોક્ષ કહે છે. થયેલું પોતાથી છે પણ જેમાં પરની સાપેક્ષતા નથી અને એકલી આત્માની અપેક્ષા છે માટે એને પ્રત્યક્ષ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન પહેલું...

ઉત્તર :– એમ કહે છે, આટલા બધા ભેદ જાણવાના? સમ્યગ્દર્શન પછી આ જ્ઞાનનું આરાધન સહેજે હોય છે. સ્વના અવલંબે નિર્મળતા થાય અને પરના અવલંબે આટલું એ જાતનો ઉઘાડ થાય છે અને એ જાતનો ખ્યાલ વિશેષ વધે છે ને! કહો! આમાં ક્યાં બહુ, આમાં આટલું બધું કેટલું ધારવું ને કેટલું? એમ કહે છે. સમ્યગ્દર્શનમાં તો પાધરું કે, ભાઈ! આત્મા આવો છે ને એને આશ્રયે (ધર્મ છે). એમાં જ મૂળ વસ્તુ છે, હવે આ તો એક

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સાધારણ છે.

મહા અનંત ગુણનો પિંડ સાવધાનીપણે અંતરમાં પ્રતીત કરવી, મહાન પ્રયત્ન ને પુરુષાર્થ એ જ વસ્તુ છે. આ તો સાધારણ વાત છે. આ તો સાધારણને ઊંચી કહે છે ને પેલાને (નીચી) કહે (છે) માટે એનો ખુલાસો કર્યો. એમ કહે છે, આના કરતા તો સમ્યગ્દર્શન સહેલું. આ વસ્તુ નથી? એ પોતે આત્મા છે. એને અવલંબે જે થતી દશા એને પ્રત્યક્ષ કહે છે. જેમાં નિમિત્તની સાપેક્ષતા આવે એને પરોક્ષ કહે છે. છતાં પરને જાણવાની અપેક્ષાની વાત આમાં છે. આમાં મતિ-શ્રુતથી આત્મા સીધો જાણે એમાં કાંઈ પરની અપેક્ષા નથી, એને પ્રત્યક્ષ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– એ આમાં લેવાની કાંઈ જરૂર નથી, વ્યવહારની વાત ચાલે છે ને. સમજાણું કાંઈ? 'તત્ત્વાર્થસૂત્રમાં' પણ મતિ-શ્રુતને પ્રત્યક્ષ લીધું નથી, પરોક્ષ જ લીધું છે. પ્રત્યક્ષ છે. પોતાના સ્વરૂપની અપેક્ષાએ અનુભવમાં પ્રત્યક્ષ છે. એ જ્ઞાન કંઈ પરની અપેક્ષા રાખીને આત્માનું જ્ઞાન કરતો નથી. પણ એવી વાત અપવાદની હોય છે. હવે એને ન માને ને આ એક જ આ લખ્યું માને. હવે લખ્યાનો પણ શું આશય છે એને સમજે નહિ. જેના વ્યવહાર જ્ઞાનના પણ ઠેકાણા નથી.

મુમુક્ષુ :– 'દ્રવ્યસંગ્રહ' માં પણ પરોક્ષ કીધું છે.

ઉત્તર :– એ તો બધે ઠેકાણે પરોક્ષ કહ્યું છે. ન્યાંય કહ્યું છે, મતિ-શ્રુતને પ્રત્યક્ષ કહ્યું છે. એ તો અનુભવ પ્રત્યક્ષ છે, છે ને પણ? અંદર પોતાનો જ્યાં અનુભવ થાય ત્યાં પરની અપેક્ષા રહી ક્યાં?

મુમુક્ષુ :– (પરની અપેક્ષા હોય) તો અનુભવ શેનો થાય?

ઉત્તર :– તો અનુભવ શેનો થાય? એને પોતાને અનુસરીને થવું. અનુ એટલે પોતાને અનુસરીને થવું, રાગનું નિમિત્ત કાંઈ છે નહિ. એ મારગડા, બાપા! અલૌકિક છે, ભાઈ! લોકો બહારના ઝઘડામાં પડ્યા. અંતરની વાતને સમજવાની દરકાર નથી. આહા..! અરે...! અને એ કોઈને માટે ક્યાં છે, આ તો પોતાને માટે છે ને. એને શરણભૂત શું ચીજ છે એમ જાણવું, અનુભવવું એ તો પોતાને માટે છે, કો'કને માટે ક્યાં છે? બધા એમ ને એમ પડ્યા રહેશે. બધા ખોટી વાતને હા પાડનારા પણ ત્યાં મદદ નહિ કરે. સાચી વાતને હા પાડનાર પણ ન્યાં શરણભૂત નહિ થાય. આહાહા..!

દેહની સ્થિતિ રજકણે રજકણ વેરી થઈને ઊભા રહેશે. વેરી એટલે તારા ધારવા પ્રમાણે નહિ થાય ત્યાં. બીજાને ત્યાં ક્યાં જોવા બેઠો માણસને? અનંતા રજકણો છે, ક્યાંકના ક્યાંક પરિણમશે, ક્યાંક ક્યાંક પરિણમશે, કોઈ કાંઈક પરિણમશે. એ રજકણોનું બધું... બાપા! એ તો સ્વતંત્ર એનો પર્યાય છે. હવે એ વખતે એને જુદો પાડીને જાણ્યો હશે એની જુદાઈ

ટકી શકશે. આહાહા..! આ પરમાણુ ફરે, આમ થાય, આમ થાય. એ અહીં ખટકે છે. એ કાંઈ નથી પણ એ અંદરથી ઊભું થાય છે. અહીં ખટકે છે કાંઈક, અહીં થાય છે. એ તો જડ, માટી છે, ભાઈ! એ માટીની દશા થાશે. બળદ જેવું શરીર હોય ત્યારે ત્રણ લાડવા ખાયને બેઠો હોય ને આમ સરખાયનું એને એમ કેમ લાગે કે, આ શરીર બદલશે ત્યારે મારું શું થાશે. વીસ, પચીસ વર્ષનો જુવાન, ત્રીસ વર્ષનો જુવાન હોય. આહાહા..! પુરણપોળી આમ ઘીમાં તળેલી, બોળેલી પાંચ-પાંચ, સાત-સાત ચડાવતો હોય, એમાં પતરવેલીયા ચડાવતો હોય ભેગો. હવે એમાં આ શરીર એક ફેરી બગડશે ને સડશે એ વિચાર પણ શેનો આવે એને? 'મલૂકચંદભાઈ'! આહાહા..!

દાખલો નહોતો? ૩૫ વર્ષનો જુવાન માણસ, હોં! બિચારો ચોખા લઈને જતો હતો. પેલો લાગ્યો, ખટારો. તુંબડી તૂટી ગઈ. અઢી શેર લોચો બહાર નીકળી ગયો. આપણે કોઈ દિ' જોયું નહિ. આ અંદરનો લોચો. જુવાન માણસ આમ, બંગાળી હતો. 'કલકત્તા' જતા ને? આમ પડેલો. એ પડેલું તાજુ હજી તો, મરી ગયો તરત. ગામના બે, ચાર છોકરા જોવા આવેલા, ગામના પોલીસ હજી નહોતા આવ્યા, મરી ગયો, થઈ રહ્યું. આહાહા..! કીધું, આને એ વિચાર આવ્યો હોય? કે, આ પરમાણુમાં, પિંડમાં એક આત્મા ભગવાન જુદો છે. છોડીને ચાલ્યો ગયો, પ્રભુ. અને લોહી... લોહી... લોહી... લોહી... આમ સડક ઉપર હતો, સડક ઉપર અથડાણો.

કાલે પણ ક્યાંક થયું, ભાઈ! ૧૮ વર્ષનો છોકરો. અથડાણો. ૧૮ વર્ષનો ક્યાંક લગ્નમાં જતો હશે. 'જીથરી' પાસે. અહીં લાવ્યા હતા, ડૉક્ટર પાસે. મગજ પેલું થઈ ગયું હતું. કોણ છે વાયડીનો? કોણ છે? આ શું કરે છે? એમ કરીને બકબક (કરતો હતો). બહુ ફેરફાર થઈ ગયો. અહીં જવું છે, મારે અહીં જવું છે, રોકો નહિ, મને અટકાવો નહિ. એમ સનેપાત થઈ ગયો. ભાઈએ કહ્યું ને? એને ખબર હોય કે આ ૧૮ વર્ષનું આ શરીર એ જડ, માટીનું છે. એની દશા પલટવા ટાણે આમ ફૂ... થઈને (જશે). લગનમાં જાવું હતું એટલે લુગડા-બુગડા સારા પહેરેલા, ધોળા, ઉજળા અને સાયકલમાં (જતો હતો) અને અથડાણી સાયકલ.

પેલો તો મરી જ ગયો. આ આમ થઈ ગયો. મેં કીધું, પેલું ધોળું દેખ્યું એટલે થયું આ શું? (તો કહ્યું), અંદરથી માંસ નીકળી ગયું. આમ લોચો બે હાથ છેટે પડ્યો હતો. અઢી શેરનો લોચો. ઓહો..હો..! તુંબડીનો અંદર અને લોહી, લોહી. પોતે તો મરી ગયેલો. છોકરાને કહ્યું કે, શું કહે છે? ખટારો. આપણે ટ્રકની બીજી ભાષા કહે છે. પેલો તો ભાગી ગયો. ચારે કોર પોલીસ. મડદું પડ્યું હતું. શરીરની આ દશા. શરીરની અવસ્થા થવાની હોય એને કોઈ ઇન્દ્ર રોકવા સમર્થ નથી. વીસ વીસ વર્ષના જુવાન ફાટી જાય, આમ તુંબડા. આહા..! એ તો દેહ છે, ભાઈ! આ ક્યાં આત્મા હતો. એના રજકણે રજકણ અંદર પલટવા માંડશે તે દિ' કોની સામું તું જોઈશ? ભગવાન આત્મા આનંદરસનો ભરેલો આત્મા છે,

ભાઈ! એની સામું જોયા વિના તારું સમાધાન રહેશે નહિ. એનું જ્ઞાન કર, એમ કહે છે. કહો! સમજાણું? લ્યો!

## પરોક્ષ પ્રમાણ

**'જે જ્ઞાન પોતાના વિષયને...'** એટલે જેટલું ઉઘડેલું છે એને પણ **'સ્પષ્ટ ન જાણે તેને પરોક્ષ પ્રમાણ કહીએ. તેના પાંચ ભેદ છે. ૧. સ્મૃતિ, ૨. પ્રત્યભિજ્ઞાન, ૩. તર્ક, ૪. અનુમાન, ૫. આગમ. આ પાંચ ભેદ જાણવા.'**

**'૧. સ્મૃતિ - પૂર્વે જે પદાર્થને જાણ્યો હતો તેને યાદ કરીને કાળાંતરમાં જે જાણીએ તેને સ્મૃતિ કહીએ છીએ.'** પૂર્વે જાણ્યો હોય એ અત્યારે યાદ આવી જાય. આમ હતું, આમ હતું. સ્મૃતિ થાય છે ને? આ પાંચ વર્ષની, દસ વર્ષની, વીસ વર્ષની, પૂર્વ ભવની સ્મૃતિ થાય છે. પૂર્વ ભવની સ્મૃતિ થાય છે. આ પેલા ભવમાં હતું, આ પેલા ભવમાં પણ હું હતો. જેવું આ ભવનું યાદ આવે એવું પેલા ભવનું યાદ આવે એ સ્મૃતિ છે. શું? જે પૂર્વે પદાર્થ જાણ્યો હતો ઇ, હોં! ન જાણ્યા હોય તે નહિ. **'તેને યાદ કરીને કાળાંતર...'** એટલે કાળ વિત્યા પછી કાળને આંતરે **'જે જાણીએ તેને સ્મૃતિ...'** કહેવાય છે. એ જ્ઞાનને પણ પરોક્ષ જ્ઞાન કહે છે. પરોક્ષની વ્યાખ્યા ચાલે છે ને આ?

**'૨. પ્રત્યભિજ્ઞાન - જેમ પહેલા કોઈ પુરુષને જોયો હતો પછી તેને યાદ કર્યો કે આ તે જ પુરુષ છે...'** તે દિ' જોયો હતો પેલાને, 'કાશી'માં જોયો હતો એ આ માણસ લાગે છે. જેને મેં પહેલા જોયો હતો. **'જે પહેલાની વાત યાદ કરીને પ્રત્યક્ષ પદાર્થનો (સામે) નિશ્ચય કરવામાં આવે તેને પ્રત્યભિજ્ઞાન કહીએ છીએ. જેમ પહેલા એમ સાંભળ્યું હતું કે રોઝ નામનું જાનવર (પશુ)...'** રોઝ થાય છે ને જંગલમાં? રોઝ, **'ગાય જેવું હોય છે.'** એવું સાંભળ્યું હોય. જંગલમાં ગાય જેવું રોઝ હોય છે.

**'ત્યાં કદાચ વનમાં રોઝને જોયું...'** ત્યારે રોઝ કોઈ દિ' જોયેલ નહિ પણ લોકોએ કહેલું કે, ભાઈ! રોઝ ગાય જેવું હોય. **'એ વાત યાદ કરી કે ગાય જેવું રોઝ હોય છે એમ સાંભળ્યું હતું તે રોઝ જાનવર આ જ છે.'** એનું નામ પ્રત્યભિજ્ઞાન કહેવામાં આવે છે. પૂર્વે જાણેલાનું વર્તમાન પ્રત્યક્ષ થઈને તેની સાથે સંધિ કરવી, જોડાણ કરવું એનું નામ પ્રત્યભિજ્ઞાન કહેવામાં આવે છે. એ પરોક્ષ છે આ એક પણ જ્ઞાનના પરોક્ષમાં ભેદો આવા હોય છે, એમ કહે છે.

**'૩. તર્ક - વ્યાપ્તિના જ્ઞાનને તર્ક કહીએ છીએ. 'આના વિના તે નહિ' એને વ્યાપ્તિ કહીએ. જેમ અગ્નિ વિના ધુમાડો ન હોય,...'** અગ્નિ વિના ધુમાડો ન હોય. **'આત્મા વિના ચેતના ન હોય.'** લ્યો! આત્મા ન હોય, આત્મા વિના ચેતના હોય? આત્મા નથી ને આ ચેતના છે. આત્મા વિના ચેતના. આ વ્યાપ્તિ એટલે સંધિ થઈને એની? અગ્નિ વિના ધુમાડો ન હોય, ધુમાડા વિના અગ્નિ હોય. અગ્નિ વિના ધુમાડો ન હોય એનું નામ વ્યાપ્તિ. પેલા

www.vitragvani.com



ધુમાડાને અગ્નિ સાથે. અગ્નિ વિના ધુમાડો ન હોય, ધુમાડો છે તો અગ્નિ છે, ધુમાડો છે તો અગ્નિ છે. એમ આત્મા વિના જ્ઞાન ન હોય, જ્ઞાન છે ત્યાં આત્મા છે. આ જાણે છે, આ જાણે છે તે આત્મા છે. એ આત્મા વિના જ્ઞાન હોય નહિ. **'જેમ અગ્નિ વિના ધુમાડો ન હોય, આત્મા વિના ચેતના ન હોય. આ વ્યાપ્તિના જ્ઞાનને તર્ક કહીએ.'**

**'૪. અનુમાન - લક્ષણવડે પદાર્થનો નિશ્ચય કરીએ તેને અનુમાન કહીએ છીએ. જેમ કોઈ પર્વતમાંથી ધુમાડો નીકળતો દેખી નિશ્ચય કરવો કે અહીં અગ્નિ છે.'** ધુમાડો દેખીને કહેવું કે અગ્નિ છે. એ અનુમાન કર્યું. ધુમાડો છે માટે અગ્નિ છે એમ અનુમાન કર્યું. એમ જ્ઞાન છે તે આત્મા છે, એમ.

**'૫. આગમ - આ તેના વચનના નિમિત્તે...'** પરમેશ્વર સર્વજ્ઞ કે સંતો આપ્ત, હિતને માટે કબુલવા યોગ્ય, એવા આપ્તના વચનના નિમિત્તે, વચન તો નિમિત્ત છે. **'પદાર્થને જાણવો...'** થાય. લ્યો! અંદરમાં લોકનું જ્ઞાન થાય એ ક્યાં લોક પ્રત્યક્ષ એણે જોયું છે? પણ વીતરાગના વચનને નિમિત્તે તેને જ્ઞાન અંદર થાય **'તેને આગમ કહીએ છીએ. જેમ શાસ્ત્ર વડે લોકનું સ્વરૂપ જાણીએ.'** લ્યો! લોક આવો છે, ચૌદ બ્રહ્માંડ છે, ત્રણસો તેંતાલીસ રાજુ આમ છે, વચ્ચે આટલું હોય, બ્રહ્મલોકમાં પાંચ રાજુ હોય, વચમાં એક રાજુ હોય, સાતમી નરકે સાત રાજુ હોય. એ બધું આગમથી જોયું. એથી એ જ્ઞાનને આગમજ્ઞાન (કહે છે). જ્ઞાન, હોં! જ્ઞાન. એ જ્ઞાનની પર્યાયને આગમ જ્ઞાન, એને પરોક્ષ જ્ઞાન કહેવામાં આવે છે. પાના શાસ્ત્રની અહીં વાત નથી. એની પર્યાયમાં જ્ઞાનમાં આ લોક આવો છે, અલોક આવો છે એ ખ્યાલ આવે, આગમના વચનના નિમિત્તે, એનું નામ આગમ જ્ઞાન કહેવામાં આવે છે. કહો! એ પ્રમાણની વ્યાખ્યા થઈ.

હવે નયની એનાથી વધારે પેલી આવશે. એ આખું જે જ્ઞાન છે, આખા દ્રવ્યનું કે પદાર્થનું પૂરું, એમાંથી એક અંશને, ધર્મને જાણનાર જ્ઞાન એ જ્ઞાન એક પદાર્થને, એક ભાવને જાણે, એક ગુણને જાણે, એક પર્યાયને (જાણે). એવા નયને એને પ્રમાણ જ્ઞાનનો અંશ એને નય કહેવામાં આવે છે. ભાઈ! એણે જાણવું જોશે. નહિતર આ વિરોધ તત્ત્વો જગતના કહેનારા ઘણા છે એનાથી જુદું પડવા આવું જ્ઞાન એણે સેવવું જોઈએ. સમજાણું કાંઈ?

## નય

**'શ્રુતજ્ઞાનપ્રમાણનો જે અંશ તેને નય કહીએ.'** જે વસ્તુને, આખા પદાર્થને જાણવાનું જે જ્ઞાન એવા જ્ઞાનનો એક ભાગ, અંશ તેને નય કહેવામાં આવે છે. **'પ્રમાણ વડે જે પદાર્થ જાણ્યો હતો તેના એક ધર્મને મુખ્ય કરીને...'** મુખ્ય કરીને. બીજા છે, પણ સાથે જાણવામાં ન આવે. **'અનુભવ કરાવે...'** અનુભવ એટલે જ્ઞાન. એક પદાર્થને, જેમ આત્મા પર્યાય છે ને પર્યાયને જણાવે તે એક નય કહેવાય. સામાન્યને જણાવે ત્રિકાળને તે એક નય કહેવાય. એક ધર્મને મુખ્ય કરીને જ્ઞાન કરાવે તેને નય કહીએ. **'તેના બે ભેદ છે.'** લોકોને વાસ્તવિક

જ્ઞાનના ભાવ ને એના પ્રકાર ઓછા થઈ ગયા ને એટલે આ બધી ગડબડ ઉઠી.

વાસ્તવિક શું તત્ત્વ છે, દર્શન શું, જ્ઞાન શું, શું કહેવું જોઈએ એ વિના બધું આ બહારનું આચરણ ને ક્રિયાકાંડ બહારના ત્યાગ થયો ને આ થયા ને ઓહો..હો..! નગ્ન થયા, લુગડા છોડી દીધા ને સાધુ થઈ ગયા, લ્યો! આ વાત રહી ગઈ. એકડા વિનાના મીંડા. ભગવાન પરમેશ્વર વીતરાગદેવ જ્ઞાનમાં કોને આત્મા કહે છે, કોને દર્શન કહે છે, કોને જ્ઞાન કહે છે એના ભાન વિના ચારિત્ર-ફારિત્ર હોતા નથી. જ્ઞાનની ખબર ન મળે (એટલે) જે કીધું એ સાચું છે. જય ભગવાન, ભગવાને કીધું છે ને? વ્યવહાર ત્યાગ, વ્યવહાર કીધો છે કે નહિ? એમ. વ્યવહાર છે કે નહિ? સવારમાં કહેતા હતા ને વ્યવહાર મંથન. આ વ્યવહાર કરીને મંથન કર્યું, મંથન કરતાં કરતાં નિશ્ચય એમાંથી નીકળે. અને નિશ્ચય છે એ અમારે લક્ષમાં છે. પોતાને છેતરે છે, હોં! એમાં કાંઈ કોઈને કાંઈ છે નહિ. પોતાને છેતરે છે. એને જે હિતનો માર્ગ જે રીતે છે એ રીતે ન કલ્પતા બીજી રીતે કલ્પે એ તો પોતાને નુકસાન છે. જે રીતે છે એ રીતે ન જાણતા, ન માનતા બીજી રીતે જાણે એ તો પોતાને નુકસાનનું કારણ છે. બીજા તો કદાચ બહાર દેખીને આદર પણ કરે પણ એમાં એથી કરીને એને આત્માને શું લાભ થયો?

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે કપડા ઉતારે તો?

ઉત્તર :– કપડા ઉતારવાથી સમ્યગ્દર્શન ન થાય, મિથ્યાદર્શન થાય. કપડા હતા કે દિ'? વિકલ્પ ટાળવો છે એ (છે). વિકલ્પ પણ ટાળવો નથી. વસ્તુના અંતરમાં એકાકાર થવું એમાં વિકલ્પ મિથ્યાત્વનો ટળી જાય છે એવી વાત છે. એ નયના પ્રકાર કહેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૨૯ ગાથા–૩૧ થી ૩૫ મંગળવાર, વૈશાખ વદ ૧૩, તા. ૦૬-૦૬-૧૯૬૭

---

નય, નય આવ્યું છે ને? પાનું ૩૯. સમ્યગ્જ્ઞાનનું આરાધન કરવું એમ ચાલે છે. આત્મામાં સમ્યગ્દર્શન પ્રગટ થયે સમ્યગ્જ્ઞાન સાથે હોય છે છતાં એનું જુદું આરાધન કરવું એમ અહીંયાં કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– જ્ઞાનનું આરાધન કરવું એનો અર્થ શું?

ઉત્તર :– જ્ઞાનની વધારે શુદ્ધિ કરવી, સ્વને આશ્રયે અને શાસ્ત્રના ભણતરને આશ્રયે. શાસ્ત્રને ભણીને પણ જ્ઞાનનો વ્યવહાર છે એને નિર્મળ થવું જોઈએ ને! ચારિત્રમાં વ્રત છે પણ વ્રત એ વિકલ્પ છે, લ્યો! પણ એને ચોખ્ખું કરવું જોઈએ ને! અતિચાર ટાળીને. એમ જ્ઞાનમાં પણ વ્યવહાર ચોખ્ખો જોઈએ અને સ્વભાવને આશ્રયે નિશ્ચય પણ ચોખ્ખું જ્ઞાન જોઈએ. એમ શ્રદ્ધા પણ સ્વભાવને આશ્રયે ચોખ્ખી શ્રદ્ધા જોઈએ ને વ્યવહારમાં પચીસ

www.vitragvani.com



દોષ રહિત વ્યવહાર શ્રદ્ધા પણ ચોખ્ખી જોઈએ. સમજાય છે?

નયનું જ્ઞાન કરવું. પદાર્થનું પ્રમાણથી જ્ઞાન કરવું અને નયથી જ્ઞાન કરવું એ વાત ચાલે છે. નય : **'શ્રુતપ્રમાણનો જે અંશ તેને નય કહીએ...'** એટલે પ્રમાણ જ્ઞાન આત્માના આશ્રયે જે થયું એ પ્રમાણના પછી બે ભાગ પડે– એક નિશ્ચયનય, એક વ્યવહારનય. **'પ્રમાણવડે જે પદાર્થ જાણ્યો હતો તેના એક ધર્મને મુખ્ય કરીને જાણવું (અનુભવ) કરાવે તેને નય કહીએ.'** પહેલી સાધારણ વ્યાખ્યા કરી હતી કે, શ્રુતપ્રમાણનો અંશ એ નય. પછી પ્રમાણ વડે પદાર્થ જાણ્યો હતો તેના એક ધર્મને મુખ્ય કરીને, એમ. જ્ઞાનનો અંશ પહેલો નય કહ્યો પછી કીધું કે, પ્રમાણ દ્વારા જે પદાર્થ જાણ્યો હતો તેના એક ધર્મને મુખ્ય કરીને જાણવું તેને નય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'તેના બે ભેદ છે. (દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક) જે દ્રવ્યને મુખ્ય કરી જાણપણું (અનુભવ) કરાવે તે દ્રવ્યાર્થિક નય,...'** દ્રવ્યને મુખ્ય (કરાવે). સામાન્ય દ્રવ્ય જે છે એનું મુખ્યપણે જ્ઞાન કરાવે તે નયને દ્રવ્યાર્થિક નય કહે છે. **'તેના ત્રણ ભેદ છે.'**

**'૧. નૈગમ - જે સંકલ્પ માત્રથી પદાર્થનું ગ્રહણ જાણવું થાય (સંકલ્પમાત્રથી ગ્રહણ થાય) તેને નૈગમ કહે છે.'** સંકલ્પ એટલે શું? દૃષ્ટાંત આપે છે. **'જેમકે કથરોટ બનાવવા માટે કોઈ લાકડું લેવા જાય છે,...'** કથરોટ સમજો છો? નથી સમજતા? લોટ બનાવવા માટે. એને શું કહે છે? બર્તન. જેમાં લોટ (તૈયાર કરે). એને અમારે ત્યાં કથરોટ કહે છે. કથરોટ બનાવવા માટે કોઈ લાકડુ લેવા જાય. તેને કોઈએ પૂછ્યું તું ક્યાં જાય છે? એણે ઉત્તર આપ્યો, કથરોટ લેવા જાવ છું. સંકલ્પમાં કથરોટ હતી ને? સંકલ્પમાં. જાય છે તો લાકડું લેવા, પણ સંકલ્પમાં એ વિચાર હતો કે, હું કથરોટ બનાવવા માટે લાકડું લેવા જાવ છું, કથરોટ કરવા માટે લાકડું લે છે એટલે કથરોટ સંકલ્પમાં આવી છે.

**'જ્યાં તે જાય છે ત્યાં તેને કથરોટ તો નહિ મળે પણ ત્યાંથી લાકડું લાવી તે કથરોટ બનાવશે.'** એટલે સંકલ્પથી નૈગમનયને કથરોટનો સંકલ્પ કર્યો એટલે એને નૈગમનયે કથરોટ કીધું. છે તો લાકડું. એમ કોઈ પણ પદાર્થ પૂરો જેને હાથ ન આવ્યો હોય પણ એનો સંકલ્પ થયો હોય તો એને પણ એક નૈગમનયે જાણવા જેવો એ પદાર્થ છે એમ એણે જાણવું જોઈએ.

**'૨. સંગ્રહ - સામાન્યરૂપથી પદાર્થોના ગ્રહણને સંગ્રહનય કહીએ છીએ.'** ગ્રહણ... ગ્રહણ છે ને? એનો અર્થ જ્ઞાન છે. સામાન્યરૂપે વસ્તુનું ગ્રહણ કરવું. **'જેમકે છ જાતિના સમસ્ત દ્રવ્યો...'** ભગવાને છ દ્રવ્યો કહ્યા, કેવળજ્ઞાનીએ છ પદાર્થ જગતમાં કહ્યા. એ **'સમસ્ત દ્રવ્યો દ્રવ્યસંજ્ઞા-લક્ષણ સહિત છે.'** છએને દ્રવ્ય સંજ્ઞા લક્ષણ છે, કોઈમાં ફેર નથી. દ્રવ્યસંજ્ઞા લક્ષણ છે. એ છ દ્રવ્યોના સમૂહને દ્રવ્ય કહેવું તે સંગ્રહનયનું વચન છે. બધું સંગ્રહ કહ્યું, દ્રવ્ય, બસ! દ્રવ્ય એટલે બધું.

www.vitragvani.com



**'૩. વ્યવહારનય.'** આ બીજી, હોં! આ અધ્યાત્મની (નય) નથી, આ શાસ્ત્રનય છે. **'સામાન્યરૂપથી જાણેલ દ્રવ્યના વિશેષ (ભેદ) કરવા તેને વ્યવહાર કહીએ.'** છ દ્રવ્ય કહ્યું હતું એમાંથી ભેદ કરવા તેને વ્યવહાર કહે. **'જેમકે દ્રવ્યના છ ભેદ કરવા.'** દ્રવ્ય સામાન્ય કીધું હતું ને? પછી છ પ્રકાર કરવા એને વ્યવહાર કહીએ. ભેદ પાડ્યો ને? ભેદ. આ શાસ્ત્રની નય છે, આગમની નય. અધ્યાત્મનય નિશ્ચય વ્યવહાર જુદી. ભેદ પાડવો, પર્યાયને વ્યવહાર કહેવો એ બધું જુદું, દ્રવ્ય સામાન્ય છે તેને નિશ્ચય કહેવો, એ અધ્યાત્મની નય. આ તો વસ્તુને પૂર્ણ શું ને એક ધર્મે જાણવી એવા જાણવા પુરતાનો આ આગમ–શાસ્ત્રનય છે. નિશ્ચયથી તો સાતે નય અધ્યાત્મ દૃષ્ટિએ તો વ્યવહારમાં જાય છે. **'આ રીતે એટલા દ્રવ્યાર્થિકનય કહ્યા.'** ત્રણ દ્રવ્યાર્થિકનય છે.

**'પર્યાયાર્થિકનયના ચાર ભેદ છે. ઋજુસૂત્રનય વર્તમાન પર્યાયમાત્રને જાણે છે.'** વર્તમાન અવસ્થા હોય એને જાણે. **'શબ્દનય, સમભિરૂઢ અને એવંભૂતનય તે શબ્દનય છે.'** એ શબ્દનું જે વાચ્ય હોય તેને જે યથાર્થ માને. એ કેટલીક જાણવાની વાત છે. હવે આમાં થોડુંક રહી ગયું છે. ત્રણે શબ્દનય. શબ્દ જે કીધો હોય, પૂજા કરનાર. તો પૂજા કરતો હોય ત્યારે પૂજારી કહેવાય, આગળ-પાછળ નહિ.

હવે સમ્યગ્દર્શનમાં જે કાંઈ, **'પદાર્થમાં જ મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન તો અવશ્ય થાય છે...'** સમ્યગ્દર્શનમાં પદાર્થની શ્રદ્ધા થતાં તેને મતિ-શ્રુતજ્ઞાન તો થાય છે. પદાર્થમાં જ, એમ શબ્દ છે. પણ એનો અર્થ કે, થોડું કાંઈ અંદર રહી ગયું છે. સમ્યગ્દર્શનમાં સાત પદાર્થમાં જ્યારે શ્રદ્ધા થઈ ત્યારે એને મતિશ્રુત જ્ઞાન તો જરૂર થાય છે. એમ આપણે અહીં મેળ કરવો. પદાર્થમાં જ મતિ-શ્રુત જ્ઞાન તો અવશ્ય થાય એમ નથી અહીં. મૂળ તો સમ્યગ્દર્શનમાં પદાર્થનું જે જ્ઞાન થાય છે એમાં મતિશ્રુત જ્ઞાન તો જરૂર, સમ્યગ્દર્શન થતાં મતિશ્રુત જ્ઞાન તો જરૂર થાય છે.

**'પરંતુ એના વિશેષ વડે જુદું આરાધન કરવાનું કહ્યું છે. શા માટે? 'यतः लक्षणभेदेन अनयोः नानात्वं संभवति।' કારણ કે લક્ષણભેદથી એ બન્નેમાં ભિન્નપણું સંભવે છે.'** લક્ષણ ભેદથી એ બન્નેમાં. એમ. ક્યા બન્નેમાં? સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન એક સાથે ઉત્પન્ન થાય છતાં બેના લક્ષણ ભિન્ન છે, તેથી તે બંનેમાં જુદાપણું સંભવે છે. **'સમ્યક્ત્વનું લક્ષણ યથાર્થ શ્રદ્ધાન છે,...'** લ્યો! સમકિતનું લક્ષણ તો યથાર્થ પ્રતીતિ છે. **'આનું (-જ્ઞાનનું) લક્ષણ યથાર્થ જાણવું છે,...'** બે લક્ષણ જુદા પડી ગયા ને? **'તેથી એને જુદા કહ્યા.'** અને જુદા આરાધવાનું પણ કહ્યું. એમ. હવે ૩૩ ગાથા.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા–૩૩

આગળ સમ્યક્ત્વ પછી જ્ઞાન કહેવાનું કારણ બતાવે છે :–

सम्यग्ज्ञानं कार्यं सम्यक्त्वं कारणं वदन्ति जिनाः।
ज्ञानाराधनमिष्टं सम्यक्त्वानन्तरं तस्मात्।।३३।।

અન્વયાર્થ :– [ जिनाः ] જિનેન્દ્રદેવ [ सम्यग्ज्ञानं ] સમ્યગ્જ્ઞાનને [ कार्यं ] કાર્ય અને [ सम्यक्त्वं ] સમ્યક્ત્વને [ कारणं ] કારણ [ वदन्ति ] કહે છે. [ तस्मात् ] તેથી [ सम्यक्त्वानन्तरं ] સમ્યક્ત્વ પછી તુરત જ [ ज्ञानाराधनं ] જ્ઞાનની આરાધના [ इष्टम् ] યોગ્ય છે.

ટીકા :– 'जिनाः सम्यग्ज्ञानं कार्यं सम्यक्त्वं कारणं वदन्ति' - જિનદેવ સમ્યગ્જ્ઞાનને કાર્ય કહે છે, સમ્યક્ત્વને કારણ કહે છે.

ભાવાર્થ :– મતિજ્ઞાન પદાર્થને તો જાણતું હતું પરંતુ સમ્યક્ત્વ વિના તેનું નામ કુમતિ અને કુશ્રુતજ્ઞાન હતું. તે જ જ્ઞાન જે સમયે સમ્યક્ત્વ થયું તે જ સમયે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન નામ પામ્યું, તેથી જ્ઞાન તો હતું પણ સમ્યક્પણું સમ્યક્ત્વથી જ થયું. માટે સમ્યક્ત્વ તો કારણરૂપ છે, સમ્યગ્જ્ઞાન કાર્યરૂપ છે. 'तस्मात् सम्यक्त्वानन्तरं ज्ञानाराधनं इष्टम्' - માટે સમ્યક્ત્વ પછી જ જ્ઞાનની આરાધના યોગ્ય છે. કારણ કે કારણથી કાર્ય થાય છે. ૩૩.

### ગાથા–૩૩ ઉપર પ્રવચન

'આગળ સમ્યક્ત્વ પછી જ્ઞાન કહેવાનું કારણ બતાવે છે :–'

सम्यग्ज्ञानं कार्यं सम्यक्त्वं कारणं वदन्ति जिनाः।
ज्ञानाराधनमिष्टं सम्यक्त्वानन्तरं तस्मात्।।३३।।

**અન્વયાર્થ :– 'જિનેન્દ્રદેવ...'** વીતરાગ પરમેશ્વરે ત્રિલોકનાથ તીર્થંકરદેવે, **'સમ્યગ્જ્ઞાનને કાર્ય અને સમ્યક્ત્વને કારણ કહે છે.'** છે તો બેય પર્યાય, સમજાણું? એક સમયમાં ઉત્પન્ન થતી, છતાં સમ્યગ્દર્શન કારણ અને સમ્યગ્જ્ઞાન કાર્ય. કારણ કે, જ્ઞાનને સમ્યક્પણું સમ્યગ્દર્શન

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

થતાં લાગુ પડે છે. સમજાણું? **'સમ્યક્ત્વને કારણ કહે છે. તેથી 'सम्यक्त्वानन्तरं' સમ્યક્ત્વ પછી...'** **'अनन्तरं'** એટલે તરત. **'તુરત જ જ્ઞાનની આરાધના યોગ્ય છે.'** જ્ઞાનની આરાધના યોગ્ય છે. જ્ઞાનની નિર્મળતા વિશેષ, મતિ-શ્રુત વિશેષ નિર્મળ થઈને કેવળજ્ઞાનમાં ભળે એવું જ્ઞાન. એમ વ્યવહારનું જ્ઞાન પણ વિશેષ નિર્મળ આરાધવું.

**ટીકા :– ''जिनाः सम्यग्ज्ञानं कार्यं सम्यक्त्वं कारणं वदन्ति' - જિનદેવ સમ્યગ્જ્ઞાનને કાર્ય કહે છે, સમ્યક્ત્વને કારણ કહે છે.'**

**ભાવાર્થ :– 'મતિજ્ઞાન પદાર્થને તો જાણતું હતું...'** જુઓ! જરી ન્યાય આપે છે. મતિજ્ઞાન પદાર્થને જાણતું હતું, કે આ રાગ છે, આ જ્ઞાન છે, એમ. સમજાણું? **'પરંતુ સમ્યક્ત્વ વિના તેનું નામ કુમતિ અને કુશ્રુતજ્ઞાન હતું.'** સમ્યગ્દર્શન વિના તે જ્ઞાન કુમતિ ને કુશ્રુત પરલક્ષવાળું હતું. જે જ્ઞાનમાં પદાર્થ જણાણો તે જ્ઞાન સમકિત વિના પદાર્થને જ્ઞાને જાણ્યું ખરું પણ સમકિત વિના એ કુશ્રુત ને કુમતિ હતું. અગિયાર અંગ ભણ્યો હોય, નવપૂર્વ ભણ્યો હોય તોપણ સમકિત વિના એ કુમતિ ને કુશ્રુત છે. અગિયાર અંગમાં કેટલું જાણપણું આવે! કહો!

મુમુક્ષુ :– એ તો બહારના છે ને!

ઉત્તર :– હા, પણ છતાં એમ કહે છે કે, કેમ? સમકિતને કારણ કેમ કહ્યું? જ્ઞાનને કાર્ય કેમ કહ્યું? એ વાત સિદ્ધ કરવા માગે છે. સમજાણું કાંઈ? એ વાત સિદ્ધ કરવા માટે આ પ્રશ્ન ઉઠાવ્યો છે. સમકિત કારણ ને સમ્યગ્જ્ઞાન કાર્ય એમ કેમ કહ્યું? સાથે ઉપજે છે ને!

કહે છે કે, મતિજ્ઞાન પદાર્થને તો જાણતું હતું. મતિજ્ઞાનમાં અગિયાર અંગ, નવ પૂર્વ આવે છે કે નહિ અજ્ઞાનમાં? નવ પૂર્વમાં તો કેટલું આવે! ઘણું આવે. ચારે અનુયોગનું જ્ઞાન એમાં આવે. **'પરંતુ સમ્યક્ત્વ વિના તેનું નામ કુમતિ અને કુશ્રુતજ્ઞાન હતું.'** આત્માના અંતર સ્વભાવનો સ્પર્શ કરીને પ્રતીત (થયા) વિના તે મતિજ્ઞાનમાં અગિયાર અંગ, નવ પૂર્વ જણાણા માટે પદાર્થ તો જણાણા. ભગવાન આવા હોય ને કેવળી આવા હોય ને બધું એમાં આવે, આત્મા આવો હોય. સમજાણું? નવ પૂર્વમાં શું ન આવે! છતાં એ જ્ઞાનને સમ્યગ્દર્શન વિના કુમતિ ને કુશ્રુતજ્ઞાન કહ્યું છે. ભાવાર્થમાં છે? ક્યાં છે 'ન્યાલભાઈ'? એ ભાવાર્થ ૪૦ પાનું છે ને?

**'તે જ જ્ઞાન જે સમયે સમ્યક્ત્વ થયું...'** જુઓ! તે જ જ્ઞાન જે સમયે આત્માના આશ્રયે પ્રતીત થઈ કે જ્ઞાન સ્વરૂપ આત્મા છે એને આશ્રયે પ્રતીત થઈ **'તે જ સમયે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન નામ પામ્યું,...'** લ્યો! મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન (નામ) પામ્યું. 'શ્રીમદ્'માં પણ ઇ આવે છે. સમ્યગ્દર્શન વિના જ્ઞાનનું નામ સમ્યક્ નહોતું. સમ્યગ્દર્શને જ્ઞાનની સમ્યક્તા પ્રગટ કરી. સમયાંતર આવે છે ને કંઈક શબ્દ? સમયાંતર એવું આવે છે. સમ્યક્ત્વને કારણે સમયમાત્રમાં જ્ઞાન સમ્યક્ થયું. (જે જ્ઞાન ભવહેતુભૂત થતું હતું તે જ્ઞાન) જાત્યાંતર થયું. જે જ્ઞાન પરના લક્ષવાળું હતું એ તો ભવ હેતુ હતું. સ્વની દૃષ્ટિપૂર્વક જે જ્ઞાન સમ્યગ્દર્શનપૂર્વક થયું ત્યારે

www.vitragvani.com



તે જ્ઞાનને સમ્યક્શ્રુત ને સમ્યક્મતિ કહેવામાં આવ્યું. સમજાણું? કહો! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– અમારું જ્ઞાન કુમતિ-કુશ્રુત છે?

ઉત્તર :– વ્યક્તિગત તો વિચારવું એણે પોતે. પણ એમાં વિચારવું ક્યાં હતું? કીધું ને? જેનામાં જ્ઞાન સ્વરૂપ એવું તત્ત્વ, એ જ્ઞાનને જ્ઞાનરૂપે પરિણમન દૃષ્ટિમાં ન આવ્યું ત્યાં સુધીનું જ્ઞાન તે બધું કુમતિ ને કુશ્રુત છે. ભલે અગિયાર ને નવ પૂર્વ ભણ્યો હોય. એમાં સમ્યક્ ભણ્યો નથી. સમ્યક્ વસ્તુ આખી ચિદાનંદ સ્વરૂપ, એનો આશ્રય થઈને પ્રતીત અંતર અનુભવમાં જ્ઞાન, દર્શન થયું નથી એનું જ્ઞાન બધું કુમતિ ને કુશ્રુત છે. એમાં શું? સીધી વાત છે. અહીં તો સમ્યગ્દર્શન કારણ ને જ્ઞાન કાર્ય છે કેમ? એ વાતને સિદ્ધ કરવા (કહે છે). સમજાણું?

**'તે જ જ્ઞાન જે સમયે સમ્યક્ત્વ થયું તે જ સમયે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન નામ પામ્યું, તેથી જ્ઞાન તો હતું પણ સમ્યક્પણું સમ્યક્ત્વથી જ થયું.'** અહીં આ સિદ્ધ કરવું છે. જાણપણાનો ઉઘાડનો ભાવ તો હતો પણ સમ્યક્પણું, એ જ્ઞાનને સમ્યક્પણું–સાચાપણું, મતિ-શ્રુતજ્ઞાનને સાચાપણું સમ્યક્ત્વથી જ થયું. સમ્યગ્દર્શનથી એને સાચાપણું થયું. નહિતર સાચાપણું લાગુ પડતું નહોતું કહો. સમજાણું આમાં? **'માટે સમ્યક્ત્વ તો કારણરૂપ છે,...'** મૂળ તો અહીં એમ સિદ્ધ કરવું છે ને. માટે સમ્યગ્દર્શન તો કારણરૂપ છે અને સમ્યગ્જ્ઞાન તેનું નામ પડ્યું એ સમ્યક્‌ને કારણે માટે તેનું કાર્ય કહેવાય છે એમ. છે એક સમયે. આહાહા..!

**''तस्मात् सम्यक्त्वानन्तरं ज्ञानाराधनं इष्टम्' - માટે સમ્યક્ત્વ પછી જ...'** એમ. **'પછી જ જ્ઞાનની આરાધના યોગ્ય છે.'** સમ્યગ્દર્શન વિના જ્ઞાનની આરાધના હોઈ શકે નહિ. કારણ કે, જ્યાં વસ્તુ જ નિર્વિકલ્પ સ્વભાવ દૃષ્ટિમાં આવ્યો નથી એથી એનું જ્ઞાન સમ્યક્પણાને પામતું નથી. 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' બહુ સરસ! સમજાણું? **'માટે સમ્યક્ત્વ પછી જ જ્ઞાનની આરાધના યોગ્ય છે.'** અને પછી ચારિત્ર, એમ કહેશે. આ તો કાંઈ સમ્યક્ ન મળે ને સમ્યગ્જ્ઞાન ન મળે ને કરો ચારિત્ર. નિરોગી શરીર, બ્રહ્મચર્ય પાળે ને પંચ મહાવ્રત થઈ ગયા. સ્થૂળ અહિંસા (પાળે) એ ચારિત્ર થયું ને ચારિત્રથી મુક્તિ થઈ જશે. આહાહા..!

સમ્યગ્દર્શન વિના જ્ઞાન જ જ્યાં સમ્યક્પણાને પામતું નથી ત્યાં પછી સમ્યક્જ્ઞાન વિના ચારિત્ર હોય એ ત્રણકાળમાં હોઈ શકે નહિ. એથી ક્રમ બતાવ્યો છે ને! એ કહેશે આગળ. સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર નહિ, એમ કહેશે. સમ્યગ્દર્શન વિના જ્ઞાન નહિ, જ્ઞાન વિના ચારિત્ર નહિ, એમ કહેશે. જ્ઞાન વિના ચારિત્ર નહિ. કારણ કે જ્ઞાનનું આરાધન વિશેષ થયું, પછી ચારિત્ર જે સ્થિરતા થાય એનું આરાધન હોય છે. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર-ફારિત્ર હોતા નથી. કહો!

મુમુક્ષુ :– બધું ઉડાડી દીધું.

ઉત્તર :– ઊડાડે છે ક્યાં? છે એમ છે. 'શ્રીચંદજી'! આવા હોય ને શરીરના નિરોગી

અને તત્ત્વના અજાણ્યા (હોય), મુંડાવ જટ દઈને, દિગંબર સાધુ થઈ જાવ. જાવ કલ્યાણ (થઈ જશે). લોકો પણ એમ માને, ત્યાગી થયા છે, દિગંબર થયા છે, એનું કલ્યાણ કરે છે અને અમારું પણ કલ્યાણ કરે છે. થઈ રહ્યું જાવ, લહેર કરો મિથ્યાશ્રદ્ધામાં. આહા..!

આત્મતત્ત્વ જ જ્યાં દૃષ્ટિમાં આવ્યો નથી, મહાન પદાર્થ ભગવાન આનંદ ને જ્ઞાનની મૂર્તિ (છે) એવું જ જ્યાં સમ્યક્‌પણાપણે જ્ઞાનના ભાન સહિત પ્રતીતમાં આવ્યું નથી એના જ્ઞાનને સમ્યક્ થાય શી રીતે? સમજાણું કાંઈ? ગમે એટલું ભણ્યો હોય, અગિયાર અંગ ભણે, નવ પૂર્વ ભણે એ બધું આત્મદર્શન ને આત્માના જ્ઞાનના ભાન વિના એ બધું જ્ઞાન અજ્ઞાન છે. **'માટે સમ્યક્ત્વ પછી...'** **'अनन्तरं'** **'આરાધના યોગ્ય છે.'**

**'કારણ કે કારણથી કાર્ય થાય છે.'** એમ. સમ્યગ્દર્શન કારણ અને એનાથી સમ્યગ્જ્ઞાન (કાર્ય). એટલે આ સમ્યગ્દર્શન છે માટે સમ્યગ્જ્ઞાનની કાર્યની આરાધના બરાબર થાય, એમ. નહિતર સમ્યગ્જ્ઞાનની આરાધના, સમ્યગ્દર્શન વિના હોઈ શકે નહિ, એમ કહે છે. બહુ સારી વાત લીધી છે. પોતે એમ કીધું ને? આ તો પંડિતો માટે કહું છું, એમ લખ્યું છે. 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'. આવે છે ને? કેટલામી ગાથા? શરૂઆતમાં આવે છે ને? શરૂઆત. શું કીધું? ત્રીજી. આને માટે કહું છું. જુઓ! છે ને? **'विदुषां पुरुषार्थसिद्धयुपायोऽयम् अस्माभिरुपोद्ध्रियते'** અમારાથી તેનો ઉદ્ધાર થાય છે. **'विदुषां पुरुषार्थसिद्धयुपायः'** આ પંડિતોને માટે છે. જોયું? એ પંડિત એટલે આત્માના જ્ઞાની માટે યથાર્થ જણાવે છે. એને આવું હોવું જોઈએ એમ જણાવે છે. **'विदुषां'** છે ને? વિદ્વાનોને માટે આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' નામનો ગ્રન્થ ઉદ્ધાર કરવામાં આવે છે, જુઓને! સમજાણું? એ ત્રીજીમાં આવ્યું.

## ગાથા-૩૪

**પ્રશ્ન :– કારણ-કાર્ય તો આગળ-પાછળ હોય તો કહેવાય. આ તો બન્ને સાથે છે તો કારણ-કાર્યપણું કેવી રીતે સંભવે છે ? તેનો ઉત્તર આગળ કહે છે.**

**कारणकार्यविधानं समकालं जायमानयोरपि हि।**
**दीपप्रकाशयोरिव सम्यक्त्वज्ञानयोः सुघटम्।।३४।।**

**અન્વયાર્થ :– [ हि ] ખરેખર [ सम्यक्त्वज्ञानयोः ] સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બન્ને [ समकालं ] એક સમયે [ जायमानयोः अपि ] ઉત્પન્ન થવા છતાં પણ [ दीपप्रकाशयोः ]**

www.vitragvani.com



**દીવો અને પ્રકાશની [ इव ] જેમ [ कारणकार्यविधानं ] કારણ અને કાર્યની વિધિ [ सुघटम् ] સારી રીતે ઘટિત થાય છે.**

**ટીકા :– 'हि सम्यक्त्वज्ञानयोः समकालं जायमानयोः अपि कारणकार्यविधानं सुघटम्' - નિશ્ચયથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એક જ સમયે ઉત્પન્ન થાય છે. તો પણ તેમાં કારણ-કાર્યનો પ્રકાર યથાર્થ વર્તે છે. ક્યા દૃષ્ટાંતે? 'दीपप्रकाशयोः इव' જેમ દીવો અને પ્રકાશ એક જ સમયે પ્રગટ થાય છે તો પણ દીવો પ્રકાશનું કારણ છે, પ્રકાશ કાર્ય છે, કેમકે દીવાથી પ્રકાશ થાય છે. તેવી રીતે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાનનું કારણ છે, સમ્યગ્જ્ઞાન કાર્ય છે; કેમકે સમ્યક્ત્વથી સમ્યગ્જ્ઞાન નામ પામે છે. ૩૪.**

## ગાથા–૩૪ ઉપર પ્રવચન

પ્રશ્ન, પ્રશ્ન શિષ્યનો થયો. **'પ્રશ્ન :– કારણ-કાર્ય તો આગળ-પાછળ હોય તો કહેવાય.'** પહેલું કારણ ને પછી કાર્ય એમ હોય. **'આ તો બન્ને સાથે છે તો કારણ-કાર્યપણું કેવી રીતે સંભવે છે?'** સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન તો એક સાથે થાય છે, સમયાંતર નથી, સમયાંતર નથી. સમયાંતર નથી અને એકને કારણે બીજાને કાર્ય કહેવું આ શી રીતે સંભવે છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. તેનો ઉત્તર.

**कारणकार्यविधानं समकालं जायमानयोरपि हि।**
**दीपप्रकाशयोरिव सम्यक्त्वज्ञानयोः सुघटम्।।३४।।**

**'हि' 'ખરેખર સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બન્ને એક સમયે ઉત્પન્ન થવા છતાં પણ...'** એક સાથે થવા છતાં પણ, **'દીવો અને પ્રકાશની જેમ...'** એ પ્રશ્ન હતો. એય...! કહે છે, આ દીવો કારણ છે અને પ્રકાશ તો કાર્ય–પર્યાય છે. એનો દાખલો આપીને એક પર્યાયને બેને ક્યાં મેળવ્યું? એમ કહે છે. દાખલો શી રીતે આપે? દાખલો પર્યાય પર્યાયનો અપાય? દીવો કારણ છે ને પ્રકાશ કાર્ય છે. પ્રકાશ એની પર્યાય છે. દ્રવ્ય કારણ ને પર્યાય કાર્ય, એમ. પણ એક પર્યાયમાં બે? એક સાથે ઉત્પન્ન થાય છે ને? પણ દાખલો શો આપવો ત્યારે? સમજાણું? **'દીવો અને પ્રકાશની જેમ કારણ અને કાર્યની વિધિ 'सुघटम्' સારી રીતે ઘટિત થાય છે.'** એમ કહે છે. બરાબર બેસે છે. કારણ-કાર્ય એકસાથે હોય છે.

મુમુક્ષુ :– દીવો પહેલો હોય.

ઉત્તર :– પ્રકાશ વિના દીવો ક્યાંથી થયો? પ્રકાશ વિના દીવો થયો ક્યાંથી? ને દીવા વિના પ્રકાશ આવ્યો ક્યાંથી? કહો! દીવો ત્યારે કહેવાણો કે પ્રકાશ થયો, પ્રકાશ ત્યારે કહેવાણો કે આ દીવો થયો.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**'નિશ્ચયથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એક જ સમયે ઉત્પન્ન થાય છે. તો પણ તેમાં કારણ-કાર્યનો પ્રકાર યથાર્થ વર્તે છે.'** કારણ-કાર્યનો પ્રકાર યથાર્થ વર્તે છે, હોય છે. **'ક્યા દૃષ્ટાંતે? 'दीपप्रकाशयोः इव' જેમ દીવો અને પ્રકાશ એક જ સમયે પ્રગટ થાય છે તો પણ દીવો પ્રકાશનું કારણ છે, પ્રકાશ કાર્ય છે,...'** સાથે છે કે નહિ? કે આગળ પાછળ છે? **'કેમકે દીવાથી પ્રકાશ થાય છે.'** દીવાથી પ્રકાશ થાય છે, દીવાથી પ્રકાશ થાય છે.

**'તેવી રીતે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાનનું કારણ છે,...'** વજન અહીં સમ્યગ્દર્શનનું છે. શુદ્ધ અખંડ જ્ઞાયકભાવ અથવા સાત પદાર્થ ભલે હોય. એવી જે શ્રદ્ધા અંતરમાં સ્વભાવને આશ્રયે જે આત્મરૂપ દર્શન છે કે જે દર્શન સિદ્ધમાં પણ તે દર્શન રહે છે. ઠેઠ સુધી સદૈવ કર્તવ્ય. સદૈવ કરવા લાયક પરિણમન તો એ જ છે. એવા સમ્યગ્દર્શન સાથે જ્ઞાન હોવા છતાં કારણ-કાર્ય તેને બરાબર ઘટી શકે છે, એમ કહે છે. આહા..! આ સમ્યગ્દર્શન વિનાના જેટલા જાણપણા હોય એ બધા કહે છે કે, કુશ્રુત અને કુમતિમાં જાય છે, એમ કહે છે. કહો, 'ન્યાલચંદભાઈ'! આહાહા..!

થોડું જાણપણું હોય પણ જ્યાં સમ્યગ્દર્શન થયું તે જ્ઞાનને ખરેખર સમ્યગ્જ્ઞાન કહેવાય છે. થોડું જ્ઞાન હોય. કહો! દેડકાને હોય, દેડકાને સમ્યગ્દર્શન, લ્યો! આત્મજ્ઞાન, આત્મદર્શન થયું એ જ્ઞાન આવી ગયું. એ થોડું પણ એને મતિશ્રુત સમ્યક્ કહે છે. અને સમ્યગ્દર્શન વિના ગમે એટલું જ્ઞાન (હોય) તે જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. આહાહા..! વસ્તુની સ્થિતિ એ રીતે જ છે, બીજી રીતે હોઈ શકે નહિ. એટલે સમ્યગ્દર્શન વિનાના જ્ઞાનના જાણપણાનું અભિમાન એણે છોડી દેવું જોઈએ, એમ કહે છે. સમજાણું કાંઈ? અમને આવડે છે ને અમને આ આવડ્યું, એ બધું સમજવા જેવું છે. આત્મા વિના? આત્મા તો આવ્યો નહિ અંદર. કહો! સમજાણું આમાં? આત્મા આવ્યો દર્શનમાં, બસ! થઈ ગયું. જાવ, એનું થોડું જ્ઞાન પણ સુમતિ ને સુશ્રુત કહેવામાં આવે છે. સુમતિ ને સુશ્રુત. કહો!

**'પ્રકાશ કાર્ય છે અને દીવો પ્રકાશનું કારણ છે. કેમકે દીવાથી પ્રકાશ થાય છે. તેવી રીતે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાનનું કારણ છે, સમ્યગ્જ્ઞાન કાર્ય છે; કેમકે સમ્યક્ત્વથી સમ્યગ્જ્ઞાન નામ પામે છે.'** નામ પામે એટલે ત્યારે સમ્યક્પણું થાય છે. કહો! સમજાણું આમાં? આ શ્રાવકનો ચરણાનુયોગનો ગ્રન્થ છે. લોકો કહે છે, શ્રાવકના ગ્રન્થમાં એના આચાર ને વ્રત તો કહેતા નથી. પણ વ્રત પહેલા આ હોય એનું તો નક્કી કર. આહા..! શ્રાવકના વ્રત ને મુનિના તપ એના પહેલા આ બે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન હોય પછી ચારિત્રની વાત. હવે એના એકડાની વાતું નથી ને એકલા મીંડાની વાતું. આણે આ પાળ્યું ને આણે આ પાળ્યું ને આણે આમ ખપ્યું ને આને ન ખપ્યું ને આને આ ખાધુ ને આ ખપે ને.. પાંચમે ગુણસ્થાને વ્રતમાં આટલું ખપે નહિ ને આટલું ખપે. પણ પાંચમા ગુણસ્થાનવાળાને ને? સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન વિના સાવદ્યયોગનો ત્યાગ ને સમ્યગ્જ્ઞાનનો આદર ને એ ક્યાંથી

www.vitragvani.com



આવ્યું? સમજાણું કાંઈ? માટે મૂળ ચીજ સમ્યગ્દર્શન છે એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અને એ સમ્યગ્દર્શન સ્વ તત્ત્વને આશ્રયે થાય છે. એવા સ્વ તત્ત્વના આશ્રયના દર્શન વિના પરના આશ્રયવાળું જે જ્ઞાન છે તે જ્ઞાન સાચું કહેવાતું નથી. આહાહા..! વાહ! જેનામાં જ્ઞાન ભર્યો છે આખો દરિયો, એ જ્ઞાનના દરિયાનું સમ્યક્ અંતર પ્રતીત ને ભાન ન થયું, એનું ભાન ન થયું પછી બહારના જ્ઞાનને જ્ઞાન કહેવામાં ક્યાં આવ્યું? કહો! 'માંગીરામજી'! આ મોટા ભાષણ કરે ને... આમ કરે... કેટલા સમન્વય કરે. ભાઈ! 'બુઝી ચહત જો પ્યાસ કો હૈ બુઝન કી રીત, પાવૈ નહિ ગુરુગમ બિના એ હી અનાદિ સ્થિત. પાયાકી યે બાત હૈ, નિજ છંદનકો છોડ, પીછે લાગ સત્પુરુષકે તો સબ બંધન તોડ' આવે છે? 'ન્યાલચંદભાઈ'! તમે ન્યાં ઘણા વર્ષ રહ્યા હતા. એ ૩૪ (ગાથા પૂરી) થઈ, લ્યો!

## ગાથા–૩૫

આ સમ્યગ્જ્ઞાનનું લક્ષણ કહે છે :–

कर्तव्योऽध्यवसायः सदनेकान्तात्मकेषु तत्त्वेषु।
संशयविपर्ययानध्यवसायविविक्तमात्मरूपं तत्।।३५।।

અન્વયાર્થ :– [ सदनेकान्तात्मकेषु ] પ્રશસ્ત અનેકાન્તાત્મક અર્થાત્ અનેક સ્વભાવવાળા [ तत्त्वेषु ] તત્ત્વો અથવા પદાર્થોમાં [ अध्यवसायः ] નિર્ણય [ कर्तव्यः ] કરવા યોગ્ય છે અને [ तत् ] તે સમ્યગ્જ્ઞાન [ संशयविपर्ययानध्यवसायविविक्तं ] સંશય, વિપર્યય અને વિમોહ રહિત [ आत्मरूपं ] આત્માનું નિજ સ્વરૂપ છે.

ટીકા :– 'सदनेकान्तात्मकेषु तत्त्वेषु अध्यवसायः कर्तव्यः' - અનેકાન્ત છે સ્વભાવ જેનો એવા પદાર્થોમાં જાણપણું કરવું યોગ્ય છે.

ભાવાર્થ :– પદાર્થના સ્વરૂપને યથાર્થ જાણવાનું નામ સમ્યગ્જ્ઞાન છે. તે પદાર્થ અનેકાન્ત સ્વભાવને ધારણ કરે છે. અનેક=ઘણા, અંત=ધર્મ. એમ પોતાના અનંતધર્મને-સ્વભાવને ધારણ કરે છે તેનું જાણપણું અવશ્ય કરવું જોઈએ. જો સમ્યક્ પ્રકારે વસ્તુને ઓળખે તો કરોડો કારણ મળવા છતાં પણ અશ્રદ્ધાની ન થાય. 'तत् आत्मरूपं वर्तते' - તે સમ્યગ્જ્ઞાન આત્માનું સ્વરૂપ છે. કારણ કે જે આ સાચું જ્ઞાન ઉત્પન્ન થયું છે તે કેવળજ્ઞાનમાં મળી શાશ્વત રહેશે. કેવું છે જ્ઞાન? 'संशयविपर्ययानध्यवसायविविक्तम्' - સંશય, વિપર્યય અને વિમોહ-એ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ત્રણ ભાવથી રહિત છે.

**સંશય :– વિરુદ્ધ બે તરફનું જ્ઞાન હોય તેને સંશય કહે છે. જેમ રાત્રે કોઈને જોઈને સંદેહ થયો કે આ પદાર્થ માણસ પણ પ્રતિભાસે છે અને વ્યંતર જેવો પણ પ્રતિભાસે છે.**

**વિપર્યયઃ :– અન્યથા (વિપરીત) રૂપ એક તરફનું જ્ઞાન હોય તેને વિપર્યય કહે છે. જેમકે મનુષ્યમાં વ્યંતરની પ્રતીતિ કરવી.**

**અનધ્યવસાય :– 'કાંઈક છે' એટલું જ જાણપણું હોય, વિશેષ વિચાર ન કરે તેને અનધ્યવસાય (અથવા વિમોહ) કહે છે. જેમકે ગમન કરતાં તૃણના સ્પર્શનું જ્ઞાન થાય તે. આ ત્રણ ભાવથી રહિત યથાર્થ જ્ઞાનનું નામ સમ્યગ્જ્ઞાન કહીએ. અહીં ઘટપટાદિ પદાર્થોના વિશેષ જાણવા માટે ઉદ્યમી રહેવાનું બતાવ્યું નથી પણ સંસાર-મોક્ષના કારણભૂત જે પદાર્થો છે તેને યથાર્થ જાણવા માટે ઉદ્યમી રહેવાનો ઉપદેશ આપ્યો છે.**

**પ્રશ્ન :– સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિને જાણપણું તો એકસરખું હોય છે છતાં સમ્યક્‌પણું અને મિથ્યાપણું નામ શા માટે પામ્યું?**

**ઉત્તર :– સમ્યગ્દષ્ટિને મૂળભૂત જીવાદિ પદાર્થોની ખબર છે તેથી જેટલા ઉત્તર પદાર્થો (વિશેષ પદાર્થો) જાણવામાં આવે તે બધાને યથાર્થપણે સાધે છે તેથી સમ્યગ્દષ્ટિના જ્ઞાનને સમ્યક્‌રૂપ કહ્યું છે. મિથ્યાદષ્ટિને મૂળ પદાર્થોની ખબર નથી તેથી જેટલા ઉત્તર પદાર્થો જાણવામાં આવે તે સર્વને પણ અયથાર્થરૂપ સાધે છે તેથી મિથ્યાદષ્ટિના જ્ઞાનને મિથ્યારૂપ કહીએ છીએ. ૩૫.**

## ગાથા–૩૫ ઉપર પ્રવચન

હવે ૩૫, **'આ સમ્યગ્જ્ઞાનનું લક્ષણ કહે છે :–'**

**कर्तव्योऽध्यवसायः सदनेकान्तात्मकेषु तत्त्वेषु।**
**संशयविपर्ययानध्यवसायविविक्तमात्मरूपं तत्॥३५॥**

૩૫ ગાથા છે. પ્રશસ્ત સત્‌ છે ને **'सदनेकान्तात्मकेषु'** એમ શબ્દ છે. સત્‌નો અર્થ પ્રશસ્ત કર્યો. **'પ્રશસ્ત અનેકાન્તાત્મક અર્થાત્‌ અનેક સ્વભાવવાળા તત્ત્વો અથવા પદાર્થોમાં...'** અનેક ધર્મવાળા છે ને દરેક પદાર્થ? આત્મા, જડ, સંવર, નિર્જરા આદિ અનેક ધર્મવાળા છે. અનેક સ્વભાવ છે ને એમાં? પ્રશસ્ત **'सदनेकान्तात्मकेषु'** અને **'तत्त्वेषु'** એમ છે. પ્રશસ્ત અનેક ધર્મ સ્વરૂપ અનેક સ્વભાવવાળા. ભગવાન આત્મા અનેક સ્વભાવવાળો, એની પર્યાય અનેક સ્વભાવવાળી, રાગ અનેક સ્વભાવવાળો, નિમિત્ત અનેક સ્વભાવવાળો, આસ્રવ અનેક

www.vitragvani.com



સ્વભાવવાળો, બંધ પણ અનેક સ્વભાવવાળો. એને તે રીતે **'નિર્ણય કરવા યોગ્ય છે...'** એમાં જે તત્ત્વો ને પદાર્થોમાં અનેકાન્તાત્મક અનેક સ્વભાવવાળા (છે) એનો નિર્ણય કરવા યોગ્ય છે. અહીં નિર્ણય એટલે સમ્યગ્જ્ઞાનમાં જાય છે, હોં!

**'અને તે સમ્યગ્જ્ઞાન...'** તે સાચું નિર્ણયનું જ્ઞાન. **'સંશય, વિપર્યય અને વિમોહ રહિત...'** સંશયની વ્યાખ્યા પછી કરશે, હોં! બે કોટિનું નિર્ણય વિનાનું જ્ઞાન એને સંશય કહે છે. વિપરીત જ્ઞાન–સાચાથી વિપરીત. સંશય, વિમોહ એટલે કાંઈક છે, કાંઈક હશે. કંઈ નિર્ધાર, નિર્ણય વિનાનું. એવા **'આત્માનું નિજ સ્વરૂપ છે.'** એમ કહે છે, જુઓ! એ જ્ઞાન જે સમ્યગ્દર્શનનું કહ્યું હતું ૨૨મી ગાથામાં, ૨૨મી ગાથામાં સમ્યગ્દર્શન આત્માનું રૂપ કહ્યું હતું, એ અહીં ૩૫ ગાથામાં સમ્યગ્જ્ઞાન આત્માનું રૂપ કહ્યું. કહો! 'છોટાભાઈ'! શાસ્ત્રનું ભણતર એ આત્માનું રૂપ. કીધું ને! આમાં કીધું.

સમ્યગ્દર્શનમાં પણ બે પ્રકાર છે. આત્માનું રૂપ સમ્યગ્દર્શન કીધું. વળી સમ્યગ્દર્શનમાં પરને સ્થિર કરવો, પરને સ્થિર કરવો, એ તો વિકલ્પ છે. પણ એ પણ વ્યવહારે આત્મરૂપ કહેવામાં આવે છે. નિશ્ચય આત્મારૂપ જે છે એ છે અને આ વ્યવહાર છે. એવું સાથે વર્ણન કર્યું છે. એમ જ્ઞાનમાં જે ખરું અંતરનું જ્ઞાનનું સ્વઆશ્રયે પરિણમન છે એ જ મુક્તિમાં જાય છે. સમજાય છે ને? ભાષા તો એમ કહેવાય ને, મોક્ષમાર્ગ. વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે એમ કીધું. મોક્ષનો માર્ગ એટલે એ કાર્યનું કારણ છે એમ કહેવાય કે નહિ? મોક્ષરૂપી કાર્યનું વ્યવહાર મોક્ષમાર્ગ કારણ છે, લ્યો! ઠીક! જે અપેક્ષાએ છે (તે) કહ્યું, સમજાણું? કહો! વ્યવહાર વ્રત મોક્ષના કાર્યનું કારણ છે, પંચ મહાવ્રત મોક્ષના કાર્યનું કારણ છે, લ્યો! એમ કહેવાય છે. વ્યવહારજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન મોક્ષના કાર્યનું કારણ છે. એમ વ્યવહારશ્રદ્ધા મોક્ષના કાર્યનું કારણ છે. નિમિત્તરૂપે હતું એટલે કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આમાં આત્મરૂપ કીધું. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન... સમ્યક્ચારિત્ર પછી ૩૯ ગાથામાં આવશે. આત્મરૂપ કહ્યું. એ વ્યવહારુ જ્ઞાન, વ્યવહારુ શ્રદ્ધાને આત્મરૂપ કહ્યું. સમજાય છે કાંઈ? આમાં કાંઈ જુદું નથી પાડ્યું. એવી શૈલી છે. માટે એણે નયનું જ્ઞાન બરાબર જાણવું જોઈએ. આ કથન પ્રમાણથી જ્યારે હાલતું હોય ત્યારે બેયને આત્મરૂપ કહેવામાં આવે. સમજાણું કાંઈ?

નિશ્ચય મોક્ષમાર્ગ જે મોક્ષનું કારણ, વ્યવહાર મોક્ષમાર્ગ મોક્ષ કાર્યનું કારણ, લ્યો! નથી એને કહેવું. આ રીતે કહેવાય. આત્માનું સમ્યગ્દર્શન જે યથાર્થ થયું એ નિજરૂપ છે પણ તેમાં પરને સ્થિર કરવા આદિનો વિકલ્પ કે દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ (હોય) એને પણ વ્યવહારનયથી આત્માનું રૂપ કહેવાય. નથી તેને કહેવું એ વ્યવહાર છે. એમ જ્ઞાન આત્માને અવલંબે, જે સ્વરૂપે અવલંબન થયું સ્વસત્તા અવલંબનશીલ જ્ઞાન એ પરમાર્થે મોક્ષનું કારણ છે, આત્મરૂપ છે. એની સાથે પરસત્તાવલંબી આ શાસ્ત્ર આદિનું જ્ઞાન વ્યવહારે મોક્ષનું કારણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કહ્યું. એને વ્યવહારે આત્મરૂપ કહ્યું. સમજાય છે કાંઈ? નિશ્ચય વ્યવહારનયે જગતને ભરમાવ્યા છે.

મુમુક્ષુ :– મોકળાશ થઈ.

ઉત્તર :– મોકળાશ કઈ થઈ? આત્મરૂપ વ્યવહારે કહેવાય છે એટલે કે ખરેખર છે નહિ, લ્યો! હવે મોકળાશ ક્યાં આવી? જે અનાત્મરૂપ છે તેને આત્મરૂપ કહેવું એ વ્યવહારનયના લક્ષણ છે. જે બંધનું કારણ છે એને મોક્ષનો માર્ગ કહેવો એ વ્યવહારનયનું લક્ષણ છે. એવી વાત છે. અહીં તો ટૂંકું ટૂંકું કહેવું છે ત્યાં સંકેલીને એમ જ વાત આવે. આહાહા..! એ જાતનું પરિણમન એનામાં છે એટલે (એમ કહ્યું). આહાહા..!

'પરમાત્મપ્રકાશ'માં તો એમ આવ્યું હતું કે, ધ્રુવ તે આત્મરૂપ છે, ઉત્પાદ-વ્યય તે ખરેખર આત્મારૂપ છે જ (નહિ), સ્વરૂપ છે જ નહિ. ઓહો..! એય...! આ નહોતા ન્યાં ગરમીને લઈને. એવું આવ્યું હતું. એ આત્મ સ્વરૂપ એને કહીએ કે, ધ્રુવ છે એને. ઉત્પાદ-વ્યય પર્યાય છે એ ખરું આત્મસ્વરૂપ નથી, એ વ્યવહાર આત્મસ્વરૂપ છે.

મુમુક્ષુ :– આપે ત્યાં એને અનાત્મા કહ્યો હતો.

ઉત્તર :– અનાત્મા કહ્યો હતો. કઈ અપેક્ષાએ ચાલે છે? અહીં હજી અત્યારે તો બે વાત ચાલે છે. આત્મા જ્ઞાયક એકરૂપ ત્રિકાળી વસ્તુ જે ઉત્પાદ-વ્યય પર્યાય વિનાનું, ઉત્પાદ-વ્યય તો વ્યવહારનો વિષય છે. ઉત્પાદ-વ્યય તો પર્યાયનો, પર્યાય છે ને પર્યાયાર્થિક તે વ્યવહારનય છે ને વ્યવહારનય તે અભૂતાર્થ છે, આદરણીય નથી. આહાહા..! એ પર્યાય વિનાનું દ્રવ્ય. 'દેવાનુપ્રિયા'! તમે ત્યાંના વ્યાખ્યાન નથી સાંભળ્યા. 'રાજકોટ'ના તો ધ્રુજી જાય એવા હતા. પર્યાય છે તે વ્યવહારનયનો વિષય છે, ઉપચારનયનો વિષય છે. દ્રવ્ય છે તે નિશ્ચયનો, યથાર્થનો ત્રિકાળી ભૂત, ભૂત ભૂતાર્થ છતો પદાર્થ તે છે, આ અભૂત છે. કાયમ રહેનારી ચીજ નથી. ત્યાં એમ કીધું હતું. વસ્તુ ભૂતાર્થ એકરૂપ તેને આત્મરૂપ કહીએ, તેને આત્મા કહીએ. પર્યાયને વ્યવહારનયે આત્મા કહીએ, પર્યાયને નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય, કેવળજ્ઞાનની પર્યાયને વ્યવહાર આત્મા કહીએ, વ્યવહાર આત્મા કહીએ, ખરો આત્મા નહિ. એય...! 'દેવાનુપ્રિયા'! એટલે જ રાખવું છે? એને નિશ્ચયથી અનાત્મા કહીએ. આખો આત્મા ત્રિકાળ સામાન્ય નથી માટે તેને અનાત્મા કહીએ. એને અહીં બીજી રીતે કહ્યું.

અહીં સમ્યગ્દર્શનની જે પર્યાય છે એને આત્મરૂપ કીધી અને એની સાથે વિકલ્પ છે એને પણ આત્મરૂપ કહ્યો. કઈ અપેક્ષા ચાલતી હોય તેને તે રીતે જાણવું જોઈએ કે નહિ? 'માંગીરામજી'! તમે ત્યાં 'રાજકોટ' હતા કે નહિ? પહેલેથી હતા કે પાછળથી (આવેલા)? દસ દિવસ, ઠીક! કહે છે, આ તો હવે આ ઠંડા કાળની સ્વાધ્યાય છે, ન્યાં તો બધું બહારનું હતું ને! અહીં તો ધીમે ધીમે ચાલે એમ બધું ચાલે. એમાં કોઈ સૂક્ષ્મય આવે ને કોઈ એવુંય આવે.

આત્મા ત્રિકાળરૂપ જે છે ધ્રુવ, ધ્રુવ એને નિશ્ચયથી આત્મસ્વરૂપ કહેવામાં આવે છે.

www.vitragvani.com



ભગવાન આત્મા એક સમયમાં એકરૂપ ત્રિકાળ, એકરૂપ સદશ ધ્રુવ તે નિશ્ચય આત્મા અને આત્મસ્વરૂપ કહેવાય છે. અને એક સમયની પર્યાય ત્રિકાળની અપેક્ષાએ વ્યવહાર આત્મા કહેવામાં આવે છે. ખરું ત્રિકાળ આત્મરૂપ એ નહિ.

અહીં બીજી વાત છે, અહીં તો પર્યાયમાં બે ભાગ પાડવા છે. એટલે આત્મા ભગવાને જે જોયો ને કહ્યો એવા આત્માની અંતર નિર્વિકલ્પ પ્રતીતિ શ્રદ્ધા, સમ્યગ્દર્શન એ આત્માનું રૂપ છે, એ આત્માનું રૂપ છે, પર્યાયરૂપે આત્માનું રૂપ છે એમ કહેવું છે. અને એની સાથે જે વ્યવહાર સમકિતનો વિકલ્પ ઉઠે છે એ વ્યવહાર આત્મરૂપ પર્યાયનો. આહાહા..! 'જિનપ્રવચન દુરગમ્યતા થાકે અતિ મતિમાન' એટલા બધા પડખાં એના. મહા જ્ઞાનની વિશાળતા છે ને! વસ્તુ છે.

અહીંયાં કહે છે, સમજાણું? નિશ્ચય વસ્તુ જે ત્રિકાળ નિષ્ક્રિય તે દ્રવ્ય અને તેનો મોક્ષમાર્ગનો પર્યાય તે વ્યવહાર. અહીં એને પર્યાયના બે ભાગ પાડીને કહેવું છે, કે સ્વને આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન થયું તે નિશ્ચય છે એટલે સ્વરૂપ છે, સ્વરૂપ છે, એમ. પોતાનું છે એટલે નિશ્ચય અને પોતાની પર્યાય નિર્મળ છે માટે એનું રૂપ છે. જેટલો વિકલ્પ છે તેને આત્મરૂપ કહ્યો, વ્યવહારે આત્મરૂપ કહ્યો. બન્ને સાથે છે એટલે કહ્યું. સમજાણું કાંઈ? 'પ્રવીણભાઈ'! બહુ પડખાં પણ. પેલામાં તો એક ઈશ્વરકર્તાને સોંપી દે, થઈ રહ્યું, જાવ! અહીં કાંઈ ઈશ્વર-બીશ્વર ન મળે કોઈ.

મુમુક્ષુ :– વિચારવાનું નહિ.

ઉત્તર :– વિચારવાનું કાંઈ નહિ, એક કર્તા. સોંપી દો, ભગવાન તમે કરો એ ખરું. અહીં એવો કોઈ કર્તા નથી. અહીં તો પર્યાયનો કર્તા ખરેખર દ્રવ્ય નથી એવી ચીજ છે. આહાહા..! સત્... સત્... સત્... સત્. સત્‌ની જાહેરાત થઈ.

કહે છે, કે ભગવાન આત્મા પોતાના સમ્યગ્દર્શન સહિતના જે સમ્યગ્જ્ઞાન સ્વાલંબી થયું તે આત્માનું જ રૂપ છે. એમાં જરી શાસ્ત્રમાં જ્ઞાનપણું સંશય, વિપર્યય આદિ વિમોહ રહિત જે થાય એ પણ વ્યવહારે આત્મરૂપ જ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**''सदनेकान्तात्मकेषु तत्त्वेषु अध्यवसायः कर्तव्यः' - અનેકાન્ત છે સ્વભાવ જેનો...'** જેમાં અનંત ધર્મ. અનેક એટલે ઘણા, અંત એટલે ધર્મ, સ્વભાવ. **'જેનો એવા પદાર્થોમાં જાણપણું કરવું યોગ્ય છે.'** એવા પદાર્થોમાં જાણપણું કરવું એમ ભાષા છે. એટલે કે એ પદાર્થોનું જાણપણું. એમ. એ જેવા પદાર્થો છે, **'અનેકાન્ત છે સ્વભાવ જેનો એવા પદાર્થોમાં...'** એટલે પદાર્થોનું, પેલામાં પણ પદાર્થનું આવ્યું હતું ને? ત્યાં પણ પદાર્થમાં આવ્યું હતું. પદાર્થમાં જ આવ્યું હતું. એટલે એ શબ્દની શૈલી હોય. પદાર્થમાં એટલે પદાર્થનું, એમ. સમજાણું કાંઈ? એટલે જેવો પદાર્થ છે તેવો તેનામાં... એવા પદાર્થોમાં, અનેકાન્ત સ્વભાવ જેનો એવા પદાર્થોમાં, એમ. જે પદાર્થ અનેક ધર્મવાળો છે, પર્યાય હોય કે ગુણ હોય કે દ્રવ્ય (હોય), અનેક ધર્મવાળો

છે એવા પદાર્થોમાં એનું જાણપણું કરવું. એનું એને આધારે જાણપણું કરવું.

**ભાવાર્થ :– 'પદાર્થના સ્વરૂપને યથાર્થ જાણવાનું નામ સમ્યગ્જ્ઞાન છે.'** પહેલી વ્યાખ્યા. વાસ્તવિક પદાર્થ જે સાત તત્ત્વો, નવ પદાર્થ વગેરે. એના સ્વરૂપને યથાર્થ જાણવાનું નામ સમ્યગ્જ્ઞાન છે. યથાર્થ (એટલે) જેવા છે તેવું જ્ઞાન એને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. લ્યો! જેવા પદાર્થ છે તેવું. પુણ્ય-પાપના પરિણામ દુઃખરૂપ છે એવો એ પદાર્થ. આત્મા સુખરૂપ છે એવો પદાર્થ, નિમિત્તો દુઃખના નિમિત્તો છે, જ્ઞેય છે તેવો પદાર્થ. સુખરૂપ કાંઈ છે નહિ. ધૂળમાં પણ નથી. કહો! કોઈ પદાર્થ સુખરૂપ છે જ નહિ, આ આત્માને માટે. છતાં સુખરૂપ માનવો એ પદાર્થના સ્વરૂપમાં નથી એમ કહે છે. તેથી તેની જ્ઞાન દશા પણ ઊલટી ઊંધી છે. સમજાણું કાંઈ?

આત્મામાં આનંદ સુખ છે. એને ઠેકાણે એમાં આનંદ ન માનતા પુણ્ય-પાપમાં આનંદ માનવો કે સંયોગમાં આનંદ માનવો એ એને પદાર્થનું જ્ઞાન નથી, એ તો વિપરીત જ્ઞાન થયું. સમજાણું કાંઈ? જેવા પદાર્થો છે, જેવા છે એવા એણે ન માન્યા, ન જાણ્યા. આહાહા..!

સમ્યગ્દષ્ટિને શુભ-અશુભભાવમાં સુખ ભાસતું નથી, કારણ કે, એમાં સુખ છે નહિ. સ્ત્રી, કુટુંબ, પરિવાર, ભોગ ને પૈસામાં સુખ ત્રણકાળમાં સમ્યગ્દષ્ટિને ભાસતું નથી. કેમકે એમાં છે નહિ. આહાહા..! કહો! સમજાણું આમાં?

મિથ્યાદષ્ટિને જેવો પદાર્થ છે તેવો તેને ભાસતો નથી. તેથી તે દૃષ્ટિ મિથ્યાત્વ ને તેથી તેનું જ્ઞાન ખોટું મિથ્યા છે. આહા..! કહો! સમજાણું કાંઈ? આ કેળવણીનું જ્ઞાન એ દુઃખરૂપ છે એમ કહે છે. એય...! 'જીતુ'! ક્યાં ગયો? 'જીતુ' આવ્યો છે કે નહિ? ન્યાં પાછળ બેઠો. આ એમ કહે છે. લૌકિક કેળવણીનું જ્ઞાન, એનો સ્વભાવ સુખરૂપ નથી. એને એની રીતે સુખ માનવું તો પદાર્થથી વિપરીત જ્ઞાન છે, એમ કહે છે. એય...! કોલેજમાં છે ને? એ બે જણા રહ્યા. પેલો પાછળ બેઠો, આ મોઢા આગળ બેઠો, બન્ને ભાઈબંધ છે. કહો! આમાં શું કહે છે? આહાહા..!

જેવો પદાર્થ એટલે વસ્તુ જેમ છે દ્રવ્ય, ગુણ, પર્યાય, વિકાર, સંયોગ, જેમ છે તેમ છે. એ પદાર્થના વિષેનું તેવું જ્ઞાન થવું તે સમ્યગ્જ્ઞાન છે. તે પદાર્થમાં જેવો એનો અનેકાન્ત સ્વભાવ છે એનો એમ ન માનતા, પુણ્ય-પાપના પરિણામનો અનેકાન્ત સ્વભાવ છે, દુઃખરૂપ છે ને સુખરૂપ નથી. પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ છે, સુખરૂપ નથી એવો અનેકાન્ત સ્વભાવવાળો એ પદાર્થ છે. ભગવાન આત્મા સુખરૂપ છે ને દુઃખરૂપ નથી એવો એ પદાર્થ છે. પરપદાર્થ દુઃખના નિમિત્તોવાળા છે, સુખના નિમિત્તો એમાં નથી. એવા પદાર્થને તે રીતે એનું જ્ઞાન થાય તેને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. કહો! 'દીપચંદજી'! શું કરવું? આહાહા..! લાડવા ને મોસંબી ને માખણ ને... કહે છે કે, એ પદાર્થમાં સુખ નથી. એમાં સુખ નથી, એ તો જ્ઞેય છે. તેમ એમાં દુઃખ પણ નથી. સમજાણું? તેને સુખનું કારણ માનવું એ પદાર્થની વિપરીતતા

www.vitragvani.com



છે. એને દુઃખનું કારણ માનવું એ પણ પદાર્થ(ની) વિપરીતતા છે. આહાહા..!

કહે છે કે, **'પદાર્થના સ્વરૂપને યથાર્થ જાણવાનું નામ સમ્યગ્જ્ઞાન છે. તે પદાર્થ અનેકાન્ત સ્વભાવને ધારણ કરે છે.'** એટલે કે **'અનેક=ઘણા, અંત=ધર્મ.'** ધર્મ એટલે એનો સ્વભાવ, હોં! **'એમ પોતાના અનંતધર્મને-સ્વભાવને ધારણ કરે છે...'** દરેક (પદાર્થ) અનંત ધર્મવાળો છે, હોં! એક પર્યાય પણ અનંત ધર્મવાળી છે.

**'એમ પોતાના અનંતધર્મને-સ્વભાવને ધારણ કરે છે તેનું જાણપણું...'** તે પદાર્થનું જે રીતે છે તે રીતે તેનું જાણપણું, **'અવશ્ય કરવું જોઈએ.'** જરૂર કરવું જોઈએ. **'જો સમ્યક્ પ્રકારે વસ્તુને ઓળખે...'** જો જ્ઞાનમાં જે રીતે પદાર્થ છે એ રીતે જ્ઞાનમાં ભાસે. **'તો કરોડો કારણ મળવા છતાં પણ અશ્રદ્ધાની ન થાય.'** આહાહા..! કહો! સમજાણું? **'કરોડો કારણ મળવા છતાં પણ...'** વાસ્તવિક પદાર્થ જેમ છે તેમ તેના જ્ઞાનમાં આવ્યું છે તેથી કરોડો કારણો મળવા છતાં તેને અશ્રદ્ધા થાય નહિ. કારણ કે, વસ્તુનો સ્વભાવ જેવો છે તેવો જ્ઞાનમાં ભાસ્યો છે. પુણ્ય-પાપના પરિણામ દુઃખરૂપ ભાસ્યા છે, આત્મા સુખરૂપ ભાસ્યો છે. જ્ઞાનમાં જેમ વસ્તુ ભાસી છે એને કોઈ રીતે, બીજી રીતે ચળાવવા માગે, સપનામાં પણ ચળાવવા માગે તો એ ચળે નહિ. કેમકે વાસ્તવિક પદાર્થ જેવો છે તેવું એને જ્ઞાન થયું છે.

મુમુક્ષુ :– કેટલીક વાર બોલવું પડે.

ઉત્તર :– શું બોલવું પડે? સુખી છે. એ તો દુનિયાની રીત છે સુખી, સુખો કે દિ' હતો? દુઃખી છે. તમને કહે બધા ન્યાં ગામમાં, આ સુખી છે. આ કાકો, કાકી બે. પૈસા ખરા ને બે હુતો ને હુતી, કાંઈ ન મળે ને પેલા પૈસા ખર્ચવાનો કાંઈ અવકાશ નહિ. સંઘરીને રાખ્યા છે હમણાં. એટલે લોકો બિચારા આશા રાખે, કુટુંબમાંથી કો'ક આશા રાખે, કો'કને આપશે, કો'કને આપશે એમ કરીને આખા કુટુંબને અત્યારે હથેળીમાં રાખે છે. 'કંચનબેન' મહા હોશિયાર છે એવું બધું સાંભળ્યું છે, હોં! એના હાથમાં પણ હવે નથી રહ્યું. કુટુંબના માણસ બધી કલ્પનાઓ છે. પેલો જાણે કે મને આપશે, મને આપશે. આને ૮૨ વર્ષ થયા, એને ૫૩ થયા હશે. પેલો કહે, ક્યાં સુધી રહેશે? એટલે કુટુંબના ઘણા માણસોને ઊંડે ઊંડે આશા રહે. કાકા કાંઈક બોલે તો એનો વિરોધ ન કરવો, હોં! રાજી રાખવા. ઇ સાચુ કરે તો કહે છે, કલ્પના છે ખોટી. એ પદાર્થ એમ સવળો થાશે નહિ. એમ જે બીજા આ રીતે અનુકૂળ રહેશે એમ માનવું એ અનેકાન્ત ધર્મને માન્યો નથી. એને અનુકૂળ રહેવું, ન રહેવું એ તો એના પર્યાયનો આધાર છે. કહો! સમજાણું કાંઈ? 'મોહનભાઈ'! ભારે આ જગતને. આહાહા..!

**'જો સમ્યક્ પ્રકારે વસ્તુને ઓળખે તો કરોડો કારણ મળવા છતાં પણ અશ્રદ્ધાની ન થાય. 'तत् आत्मरूपं वर्तते' - તે સમ્યગ્જ્ઞાન આત્માનું સ્વરૂપ છે.'** આહાહા..! જ્ઞાનમાં ભાસ્યું કે, આત્મા આનંદ છે. પુણ્ય-પાપના પરિણામ દુઃખરૂપ છે, એને કરોડો કારણ મળે, દેવતાઓ

ચળાવવા (આવે તો) ચળે નહિ. વસ્તુ જ આમ છે ને ભાસી છે એમાં હવે બીજી રીતે ન હોય, એને બીજી રીતે મનાવે કોણ? સમજાણું કાંઈ? આહા..! **'તે સમ્યગ્જ્ઞાન આત્માનું સ્વરૂપ છે. કારણ કે જે આ સાચું જ્ઞાન ઉત્પન્ન થયું છે તે કેવળજ્ઞાનમાં મળી શાશ્વત રહેશે.'** ઠીક! જાતિ એક છે ને! જાત એક છે. આવે છે ને?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના, ઇ વ્યવહારની અંદર આવી ગયું. અહીં કાઢી નાખ્યું. એને આત્મરૂપ કહેવું છે ને?

**'જે આ સાચું જ્ઞાન ઉત્પન્ન થયું છે તે કેવળજ્ઞાનમાં મળી શાશ્વત રહેશે.'** પેલું નીકળી જશે, એનું કાંઈ નહિ. મતિ-શ્રુતજ્ઞાન સમ્યક્ થયું, આત્મામાં સમ્યગ્દર્શનની સાથે જે મતિ-શ્રુતજ્ઞાન તે કેવળજ્ઞાનની જાતનો અંશ છે. કહો!

મુમુક્ષુ :– કેવળજ્ઞાનમાં મળીને શાશ્વત રહેશે એટલે મતિ-શ્રુતરૂપ રહેશે?

ઉત્તર :– નહિ, મળશે એટલે જ્ઞાન રહેશે. એ સમ્યક્ જ્ઞાન રહેશે. સમ્યક્જ્ઞાનપણું કેવળજ્ઞાનમાં સમ્યક્જ્ઞાનપણે રહેશે, એમ. મતિ-શ્રુતપણે સમ્યગ્જ્ઞાન સમ્યગ્જ્ઞાનપણે રહેશે. સાચું જ્ઞાન કહ્યું છે ને? જુઓને! **'સાચું જ્ઞાન ઉત્પન્ન થયું છે તે કેવળજ્ઞાનમાં મળી...'** એમ. સાચાપણે કેવળજ્ઞાનમાં રહેશે. એમ. કહો! સમજાણું આમાં? એમાં પણ વાંધા. કોઈ કહે છે, એ કેવળજ્ઞાનનો અંશ ન કહેવાય, મતિ-શ્રુત અંશ નહિ. ફલાણુ.. કેટલા વાંધા કાઢે છે.

**'કેવું છે જ્ઞાન? 'संशयविपर्ययानध्यवसायविविक्तम्' - સંશય રહિત, વિપર્યય રહિત અને વિમોહ...'** નામ કંઈક હશે, અનધ્યવસાય, કંઈક હશે ખબર પડતી નથી. **'એ ત્રણ ભાવથી રહિત છે.'** તેને જ્ઞાન કહેવામાં આવે છે. આવા ત્રણ ભાવ રહિતના સમ્યગ્જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. એ સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન સહિતવાળાને હોય છે. સમ્યગ્જ્ઞાનમાં ત્રણ બોલ ન હોય તો એને દર્શનમાં પણ ભૂલ પડે અને સમ્યગ્દર્શનની ખબર પડતી નથી એવું એને હોય નહિ. એ ત્રણની વ્યાખ્યા આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૦ ગાથા–૩૫ થી ૩૮ બુધવાર, વૈશાખ વદ ૧૪, તા. ૦૭-૦૬-૧૯૬૭

---

આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'. ચૈતન્ય સ્વરૂપ આત્માનું પ્રયોજન, પૂર્ણ આનંદની પ્રાપ્તિ એવો જે મોક્ષ, એનો ઉપાય સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર. પહેલા સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરી ગયા. સમ્યગ્દર્શન હોય એને આ સમ્યગ્જ્ઞાનનું આરાધન હોય. જેને આત્મા શુદ્ધ પવિત્ર (છે) એની સન્મુખ થઈને આત્માની અથવા સાત તત્ત્વની જ્યાં પ્રતીત થઈ છે, ભાન (થયું છે) એને હવે જ્ઞાનનું આરાધન કેમ કરવું એની વ્યાખ્યા ચાલે છે.

આ ગાથામાં તો એમ છે કે, **'कर्तव्योऽध्यवसायः'** કરવો વેપાર, કર્તવ્ય નિર્ણય.

www.vitragvani.com



**'अध्यवसायः'** એટલે નિર્ણય કરવો. શેનો? પ્રયોજનભૂત તત્ત્વનો. બધા પદાર્થની અહીં વાત નથી, જે સંસાર અને મોક્ષના કારણભૂત પર્યાય છે કે દ્રવ્ય છે એનું બરાબર જ્ઞાન કરવું. કેવી રીતે? કે સંશય, વિપરીત, અનધ્યવસાય ત્રણ દોષ રહિત, એમ કહે છે. સંશયની વ્યાખ્યા.

**'સંશય :– વિરુદ્ધ બે તરફનું જ્ઞાન હોય તેને સંશય કહે છે.'** વિરુદ્ધ બે તરફનું જ્ઞાન (હોય) તેને સંશય. **'જેમ રાત્રે કોઈને જોઈને સંદેહ થયો (અંધારામાં) કે આ પદાર્થ માણસ પણ પ્રતિભાસે છે અને વ્યંતર જેવો પણ પ્રતિભાસે છે.'** આ માણસ લાગે છે, વળી ભૂતડું જેવું હશે, એમ સંશય થાય એને સંશય અજ્ઞાન કહે છે. એ સંશય એને જ્ઞાનમાં હોવો જોઈએ નહિ. જે પદાર્થનો નિર્ણય કર્યો છે એમાં એને સંશય ન હોય. આમ હશે કે આમ હશે? આ હશે કે આ હશે? એવું એને સંશયરહિત જ્ઞાન હોવું જોઈએ.

**'વિપર્યય :– અન્યથા (વિપરીત) રૂપ એક તરફનું જ્ઞાન હોય...'** એક બાજુનું ખોટું. **'તેને વિપર્યય કહે છે. જેમકે મનુષ્યમાં વ્યંતરની પ્રતીતિ કરવી.'** હોય માણસ પણ ભૂતડું હશે? વ્યંતર હશે? એમ થાય એ વિપરીત કહેવાય છે. એમ વાસ્તવિક તત્ત્વથી વિરુદ્ધ ભાવ એને એનું જ્ઞાન વિપરીત છે. જ્ઞાનમાં એ વિપરીતપણું હોય નહિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સંશય, સંશય કહ્યો છે એને. સંશય–શંકા છે ને? આમ હશે કે આમ હશે? આમ હશે કે આમ હશે? એમ છે ને? આમ હશે કે આમ હશે? 'ગોમ્મટસાર'

**'અનધ્યવસાય :– 'કાંઈક છે' એટલું જ જાણપણું હોય,...'** કાંઈક છે એટલું જાણપણું હોય. **'વિશેષ વિચાર ન કરે તેને અનધ્યવસાય (અથવા વિમોહ) કહે છે.'** એના જ્ઞાનમાં વિમોહ હોઈ શકે નહિ. કંઈક હશે એમ નહિ આમ જ છે એવો એને નિર્ણય જ્ઞાનમાં હોવો જોઈએ. **'જેમકે ગમન કરતા તૃણના સ્પર્શનું જ્ઞાન થાય તે.'** ચાલતા ક્યાંક પગને તરણું અડી જાય તો, **'આ ત્રણ ભાવથી રહિત...'** સમજ્યા ને? **'ગમન કરતા તૃણના સ્પર્શનું જ્ઞાન થાય તે...'** એમ. ચાલતા તૃણ અડી જાય. શું હશે આ? શું અડ્યું? તરણું અડ્યું? છીકણું અડ્યું? પથ્થરો અડ્યો? શું થયું એમાં? એને અનધ્યવસાય કહે છે. એવા વિમોહ રહિત જેનું જ્ઞાન યથાર્થ હોય એને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે.

**'આ ત્રણ ભાવથી રહિત...'** ત્રણ કીધા ને? સંશય, વિપર્યય અને અનધ્યવસાય. **'ત્રણ ભાવથી રહિત યથાર્થ જ્ઞાનનું નામ સમ્યગ્જ્ઞાન કહીએ.'** સમજાણું? સમ્યગ્દર્શન હશે કે નહિ? સમ્યગ્દર્શન થયું છે કે નહિ? એમ સંશય રહે. આમ હશે કે આમ? વિપરીત–કાંઈ ખબર પડતી નથી. મિથ્યાત્વ હશે? અને અનધ્યવસાય–કાંઈક હશે એવું જ્ઞાન એને હોય નહિ. વિપરીત જ્ઞાન કે સંશય કે અચોક્કસવાળું જ્ઞાન હોય નહિ. કહો! સમજાય છે? અહીં પેલો પાઠ લીધો છે ખરો ને **'कर्तव्योऽध्यवसायः'** એણે અનેકાંત પદાર્થનો નિર્ણય કરવો. ત્યારે કોઈ એમ સમજી લે કે, ગમે તે પદાર્થનો. એમ નહિ.

www.vitragvani.com



**'અહીં ઘટપટાદિ પદાર્થોના વિશેષ જાણવા માટે ઉદ્યમી રહેવાનું બતાવ્યું નથી...'** એમ. ઘટપટ એટલે ઘડો, વસ્ત્ર આદિ એને વિશેષ જાણવા માટે ઉદ્યમી રહેવાનું નથી. પાઠમાં તો ઉદ્યમી રહેવાનું કહ્યું. **'कर्तव्योऽध्यवसायः' 'सदनेकान्तात्मकेषु तत्त्वेषु'** દરેક પદાર્થ અનેકાન્ત જ છે, અનંત ધર્મવાળા છે તો દરેકનો પોતે અભ્યાસ કરવો એમ અહીં કહ્યું નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? પાઠ તો આમ સામાન્ય છે. **'कर्तव्योऽध्यवसायः सदनेकान्तात्मकेषु तत्त्वेषु संशयविपर्ययानध्यवसायविविक्तमात्मरूपं'** કહે છે ઘડો, વસ્ત્ર, નળીયા, આ લાકડા, આ સળીયા કેટલા ઇંચના જાડા ને પહોળા ને ફલાણું ને ઢીંકણું એવો કાંઈ નિર્ણય કરવાની જરૂર નથી.

**'પણ સંસાર–મોક્ષના કારણભૂત...'** બંધનનું કારણ કોણ ને મોક્ષનું કારણ કોણ? **'જે પદાર્થો છે તેને યથાર્થ જાણવા માટે ઉદ્યમી રહેવાનો ઉપદેશ આપ્યો છે.'** કહો! જીવ-અજીવ દ્રવ્ય અને એના બંધના કારણરૂપ પર્યાય અને મોક્ષના કારણરૂપ પર્યાય એનું કર્તવ્ય અધ્યવસાય, એનો વિશેષ ઉદ્યમ કરીને જ્ઞાન કરવું એમ કહેવામાં આવ્યું છે.

**'પ્રશ્ન :– સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિને જાણપણું તો એકસરખું હોય છે છતાં સમ્યક્પણું અને મિથ્યાપણું નામ શા માટે પામ્યું?'** એવો પ્રશ્ન કર્યો. જાણપણું તો બન્નેને સરખું હોય, શાસ્ત્ર જાણતો હોય, પેલું જાણતો હોય, સમજ્યા ને? પદાર્થના નામ જાણતો હોય. **'સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિને જાણપણું તો એકસરખું હોય છે છતાં સમ્યક્પણું અને મિથ્યાપણું નામ શા માટે પામ્યું?'** છે હિન્દી? હિન્દી છે તમારી પાસે? હિન્દી નથી? આપણે એક હિન્દી છે ને? અમારી પાસે હિન્દી પ્રત છે. **'પ્રશ્ન :– સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિને જાણપણું તો એકસરખું હોય છે છતાં સમ્યક્પણું અને મિથ્યાપણું નામ શા માટે પામ્યું?'** શા માટે પામ્યું? એમ કહે છે. સમ્યક્પણું ને મિથ્યાપણું નામ શા માટે પામ્યું?

**'ઉત્તર :– સમ્યગ્દષ્ટિને મૂળભૂત જીવાદિ પદાર્થોની ખબર છે...'** મૂળભૂત જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ. એવા મૂળભૂત જીવાદિ પદાર્થની ખબર છે. **'તેથી જેટલા ઉત્તર પદાર્થો (વિશેષ પદાર્થો) જાણવામાં આવે તે બધાને યથાર્થપણે સાધે છે...'** કારણ કે મૂળ તત્ત્વની ખબર છે એટલે પછી બીજા વિશેષ પદાર્થોને જાણવામાં વિપરીતતા થતી નથી.

**'યથાર્થપણે સાધે છે તેથી સમગ્દષ્ટિના જ્ઞાનને સમ્યક્રૂપ કહ્યું છે.'** તેથી સમ્યગ્દષ્ટિનું જ્ઞાન મૂળભૂત પદાર્થમાં યથાર્થ ખબર હોવાથી બીજા વિશેષ જાણવામાં પણ તેની ભૂલ થતી નથી તેથી તેને સમ્યક્ કહેવામાં આવ્યું છે. **'મિથ્યાદષ્ટિને મૂળ પદાર્થોની ખબર નથી...'** આત્મા શું? સંવર-નિર્જરા શું? બંધ શું? અજીવ શું? એનો સ્વતંત્ર પર્યાય શું? એની એને ખબર નથી. **'તેથી જેટલા ઉત્તર પદાર્થો જાણવામાં આવે...'** મૂળભૂત સિવાયના બીજા પદાર્થો જાણે. મૂળભૂતની ખબર નથી એટલે જેટલા વિશેષ બીજા જાણવામાં આવે, **'તે સર્વને પણ**

**અયથાર્થરૂપ સાધે છે...'** ખોટી રીતે એનો નિર્ણય કરે, યથાર્થનું ભાન નથી. **'તેથી મિથ્યાદૃષ્ટિના જ્ઞાનને મિથ્યારૂપ કહીએ છીએ.'** ઊંધી શ્રદ્ધાવાળા, જ્ઞાનવાળાને મૂળ પ્રયોજનની ખબર નથી. પ્રયોજનભૂત તત્ત્વની ખબર નથી તો વિશેષ તત્ત્વમાં એની ભૂલ (થાય છે). અયથાર્થ જ સાધે, યથાર્થ સાધી શકે નહિ. કહો! સમજાણું આમાં?

## ગાથા–૩૬

આગળ આ સમ્યગ્જ્ઞાનનાં આઠ અંગ કહે છે :–

**ग्रन्थार्थोभयपूर्णं कालै विनयेन सोपधानं च।**
**बहुमानेन समन्वितमनिह्नवं ज्ञानमाराध्यम्।।३६।।**

અન્વયાર્થ :– [ ग्रन्थार्थोभयपूर्णं ] ગ્રન્થરૂપ, શબ્દરૂપ, અર્થરૂપ અને ઉભય અર્થાત્ શબ્દ અર્થરૂપ શુદ્ધતાથી પરિપૂર્ણ, [ काले ] કાળમાં અર્થાત્ અધ્યયન કાળમાં આરાધવા યોગ્ય, [ विनयेन ] મન, વચન, કાયાથી શુદ્ધતાસ્વરૂપ વિનય [ च ] અને [ सोपधानं ] ધારણા યુક્ત [ बहुमानेन ] અત્યંત સન્માનથી અર્થાત્ દેવ-ગુરુ-શાસ્ત્રનાં વંદન, નમસ્કારાદિ [ समन्वितं ] સહિત તથા [ अनिह्नवं ] વિદ્યાગુરુને છુપાવ્યા વિના [ ज्ञानं ] જ્ઞાન [ आराध्यम् ] આરાધવા યોગ્ય છે.

ટીકા :– 'ज्ञानं आराध्यम्' શ્રદ્ધાવાન પુરુષોએ સમ્યગ્જ્ઞાન આરાધવા યોગ્ય છે. કેવું છે જ્ઞાન? 'ग्रन्थार्थोभयपूर्णम्' - શબ્દરૂપ છે, અર્થરૂપ છે, અને ઉભયથી પૂર્ણ છે.

ભાવાર્થ :– ૧. વ્યંજનાચાર - જ્યાં માત્ર શબ્દના પાઠનું જ જાણપણું હોય તેને વ્યંજનાચાર અંગ કહીએ.

૨. અર્થાચાર - જ્યાં કેવળ અર્થ માત્રના પ્રયોજન સહિત જાણપણું હોય તેને અર્થાચાર કહીએ અને

૩. ઉભયાચાર - જ્યાં શબ્દ અને અર્થ બન્નેમાં સમ્પૂર્ણ જાણપણું હોય તેને શબ્દાર્થ ઉભયપૂર્ણ અંગ કહીએ. આ ત્રણ અંગ કહ્યા. વળી જ્ઞાન ક્યારે આરાધવું?

૪. કાલાચાર - કાળે = જે કાળે જે જ્ઞાનનો વિચાર જોઈએ તે જ કરવો (સૂર્યોદય, સૂર્યાસ્ત, બપોર અને મધ્યરાત્રિ તેના પહેલા અને પછીના મુહૂર્ત તે સંધ્યાકાળ છે, તે કાળ

www.vitragvani.com



છોડીને બાકીના ચાર ઉત્તમ કાળોમાં પઠન-પાઠનાદિરૂપ સ્વાધ્યાય કરવો તેને કાલાચાર કહે છે. ચારે સંધ્યાકાળની છેલ્લી બે ઘડીઓમાં, દિગ્દાહ, ઉલ્કાપાત, વજ્રપાત, ઇન્દ્રધનુષ્ય, સૂર્ય–ચંદ્રગ્રહણ, તોફાન, ભૂકંપ, આદિ ઉત્પાતોના કાળે સિદ્ધાન્તગ્રન્થોનું પઠન-પાઠન વર્જિત છે. હાં, સ્તોત્ર-આરાધના, ધર્મકથાદિકના ગ્રંથ વાંચી શકાય છે.)

૫. વિનયાચાર - વળી કેવી રીતે જ્ઞાન આરાધવું? 'विनयेन' = નમ્રતાયુક્ત થવું, ઉદ્ધત ન થવું.

૬. ઉપધાનાચાર - વળી કેવું જ્ઞાન આરાધવું? 'सोपधानं' = ધારણા સહિત જ્ઞાનને ભૂલવું નહીં; ઉપધાનસહિત જ્ઞાનનું આરાધન કરવું તે છઠ્ઠું અંગ છે.

૭. બહુમાનાચાર - તથા કેવું છે જ્ઞાન? 'बहुमानेन समन्वितम्' = જ્ઞાનનો, પુસ્તક-શાસ્ત્રનો અથવા શીખવનારનો ખૂબ આદર કરવો તે સહિત જ્ઞાનનું આરાધન તે સાતમું અંગ છે.

૮. અનિહ્નવાચાર - વળી કેવું જ્ઞાન? 'अनिह्नवं' = જે શાસ્ત્ર તથા ગુરુથી પોતાને જ્ઞાન થયું છે તેને છુપાવવા નહીં. આ આઠ અંગ (સમ્યગ્જ્ઞાનના વિનયના) છે. આ રીતે સમ્યગ્જ્ઞાન અંગીકાર કરવું. ૩૬.

**એમ શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિ વિરચિત પુરુષાર્થસિદ્ધિ-ઉપાય જેનું બીજું નામ જિનપ્રવચનરહસ્યકોષ છે તેમાં સમ્યગ્જ્ઞાનવર્ણન નામનો બીજો અધિકાર.**

## ગાથા–૩૬ ઉપર પ્રવચન

**'આગળ આ સમ્યગ્જ્ઞાનના આઠ અંગ કહે છે :–'** એમ કરીને પૂરું કરશે.

**ग्रन्थार्थोभयपूर्णं कालै विनयेन सोपधानं च।**
**बहुमानेन समन्वितमनिह्नवं ज्ञानमाराध्यम्।।३६।।**

૩૬ ગાથા. **'ગ્રન્થરૂપ એટલે શબ્દરૂપ, અર્થરૂપ એનો અર્થ અને ઉભય અર્થાત્ શબ્દ અર્થરૂપ શુદ્ધતાથી પરિપૂર્ણ,...'** પૂર્ણ શબ્દ પડ્યો છે ખરો ને? બન્ને ચોખ્ખા હોવા જોઈએ એમ કહે છે. વ્યવહારની બધી વાત છે ને! શબ્દ એનો અર્થ અને બન્ને પરિપૂર્ણ, પૂર્ણનો શબ્દનો અર્થ કર્યો છે. પૂર્ણ એટલે શુદ્ધતાથી ચોખ્ખા હોવા જોઈએ. **'કાળમાં અર્થાત્ અધ્યયનકાળમાં આરાધવા યોગ્ય,...'** છે. જ્યારે તે સ્વાધ્યાય કરવાનો કાળ હોય ત્યારે તે કરવા યોગ્ય છે. આગળ-પાછળ સ્વાધ્યાય કરવા યોગ્ય ન હોય, એમાં કરવા યોગ્ય છે

www.vitragvani.com



નહિ. **'મન, વચન, કાયાની શુદ્ધતાસ્વરૂપ વિનય...'** જ્ઞાન આરાધવું જોઈએ. શાસ્ત્ર વાંચન હોય ત્યારે મનમાં, વચનમાં અને કાયામાં અવિનય ન હોવો જોઈએ. સમજાણું? શુદ્ધતા સ્વરૂપ જોઈએ. કાયા પણ એવી મેલી ને ગંદી કે હાથમાં એવો મેલ આદિ હોય અને વચનમાં એવું ન હોય, મનમાં ગ્લાનિ હોય એ રીતે શાસ્ત્રને વાંચવા નહિ. સમજાણું કાંઈ? મનમાં પણ ગ્લાનિ ન હોય, વચનમાં શુદ્ધિ હોય ને કાયામાં પણ એ જાતનો મેલ આદિ ન હોય. એવી શુદ્ધતા સ્વરૂપ વિનય.

**'सोपधानं'** આ ઉપધાનની મોટી માંડી છે ને એનો અહીં અર્થ કર્યો. અહીં તો કહે ધારણાયુક્ત એમ કહ્યું છે. પેલા કહે અપવાસ કરવા, ઉપધાન કરવા, ચાલે છે ને મોટું અત્યારે? કહે છે કે, જે કંઈ વાંચ્યું છે એની ધારણા બરાબર કરવી જોઈએ. જેમ છે તેમ એણે ધારણા કરવી જોઈએ. હોય કાંઈક ને ધારણામાં આડું-અવળું થઈ જાય એમ નહિ, બરાબર ધારણા હોવી જોઈએ. ઉપધાનનો અર્થ આ કર્યો છે અહીં તો. યાદ રાખવું, બરાબર ધ્યાન રાખવું. જેમ કહ્યું છે તેવું સાંભળીને ધારવું.

**'અત્યંત સન્માનથી અર્થાત્ દેવ-ગુરુ-શાસ્ત્રના વંદન, નમસ્કારાદિ સહિત...'** લ્યો! દેવનું વંદન, ગુરુ-શાસ્ત્રના વંદન સહિત જ્ઞાન આરાધવું. **'અને વિદ્યાગુરુને છુપાવ્યા વિના...'** જેનાથી જ્ઞાન મળ્યું છે એને ગોપવ્યા વિના **'જ્ઞાન આરાધવા યોગ્ય છે.'** સમજાણું કાંઈ? મળ્યું હોય 'કુંદકુંદાચાર્ય'ના શાસ્ત્રથી જ્ઞાન અંદરથી હોય ને માને કે મારે ફલાણાથી પણ થયું છે. એ જ્ઞાનનો નિહ્નવ છે, ચોર છે એમ કહે છે. સમજાણું કાંઈ? **'વિદ્યાગુરુને છુપાવ્યા વિના જ્ઞાન આરાધવા યોગ્ય છે.'**

**'ટીકા :– 'ज्ञानं आराध्यम्' શ્રદ્ધાવાન પુરુષોએ...'** મૂળ સમ્યગ્દષ્ટિની વાત છે ને? આત્માનું સમ્યગ્દર્શન યથાર્થ થયું છે એવા **'શ્રદ્ધાવાન પુરુષોએ સમ્યગ્જ્ઞાન આરાધવા યોગ્ય છે.'** એણે સાચું જ્ઞાન સેવવા યોગ્ય છે. **'કેવું છે જ્ઞાન?'** જુઓ! કેવું છે જ્ઞાન? ભાષા જુઓ! **'કેવું છે જ્ઞાન? - શબ્દરૂપ છે, અર્થરૂપ છે,...'** વ્યવહારની વાત છે ને એની? **'અને ઉભયથી પૂર્ણ છે.'** એમ. **'ग्रन्थार्थोभय'** એનો અર્થ કર્યો છે. એવું એણે જ્ઞાન આરાધવું જોઈએ. એમ. એના શબ્દમાં ભૂલ ન હોય, એના અર્થમાં ભૂલ ન હોય, ઉભયમાં ભૂલ ન હોય એવું જ્ઞાન એણે આરાધવું એમ કહે છે. સમજાણું કાંઈ? કેવું છે જ્ઞાન? એટલે? કે શબ્દરૂપ જ્ઞાન એમ નહિ. એના જ્ઞાનમાં શબ્દરૂપ, અર્થરૂપે ઉભયમાં વિરોધતા હોય નહિ. શબ્દમાં અશુદ્ધિ ન હોય, અર્થમાં ફેરફાર ન હોય એવું જ્ઞાન એણે આરાધવું.

**'૧. વ્યંજનાચાર - જ્યાં માત્ર શબ્દના પાઠનું જ જાણપણું હોય તેને વ્યંજનાચાર અંગ કહીએ.'** એ શબ્દનો અર્થ કર્યો પહેલો. શબ્દ છે ને? પહેલો શબ્દ. ગ્રન્થ, ગ્રન્થ, એ ગ્રન્થની વ્યાખ્યા કરી. વ્યંજનાચાર એ ગ્રન્થનું જ્ઞાન કર્યું ને? ગ્રન્થ એટલે શબ્દ, ગ્રન્થ એટલે શબ્દ. **'જ્યાં માત્ર શબ્દના પાઠનું જ જાણપણું હોય...'** શબ્દના પાઠનું, હોં! તેને વ્યંજનાચાર અંગ

www.vitragvani.com



કહીએ છીએ. એટલે કે એને ગ્રન્થનું જ્ઞાન કહેવામાં આવે છે, શબ્દનું જ્ઞાન કહેવામાં આવે છે.

**'૨. અર્થાચાર - જ્યાં કેવળ અર્થ માત્રનું પ્રયોજન...'** પેલું શબ્દનું કીધું, આ શબ્દનો. કેવળ એનો અર્થ, ઇ શબ્દનો અર્થ શું છે? **'એવા અર્થ માત્રનું પ્રયોજન સહિત જાણપણું હોય તેને અર્થાચાર કહીએ અને...'** શબ્દજ્ઞાન, અર્થાચાર જ્ઞાન, શબ્દનું જ્ઞાન, અર્થનું જ્ઞાન બરાબર (જોઈએ).

**'૩. ઉભયાચાર - જ્યાં શબ્દ અને અર્થ બન્નેમાં સંપૂર્ણ જાણપણું હોય...'** બે આખું સરખું હોય, એમ. શબ્દ પણ ચોખ્ખા ને અર્થ પણ ચોખ્ખા. **'તેને શબ્દાર્થ ઉભયપૂર્ણ અંગ કહીએ.'** ઘણા તો એમ કહે, શ્રેણીમાં ચડે એટલે એને શબ્દ અને અર્થનું બધું જ્ઞાન થઈ જ જાય, એમ કહેતા હતા. ન્યાં ક્યાં થયું? ન્યાં અંદરમાં વસ્તુ જણાય ગઈ. એની શ્રેણીએ, શ્રેણી એટલે સ્થિરતાએ ચડ્યો અંદર. એને ક્યાં શબ્દ અર્થનું જ્ઞાન હતું? શબ્દ અર્થ હતા જ કે દિ'? એ તો વ્યવહારની વાત નીચે છે એની વાત કરે છે. કહો! **'આ ત્રણ અંગ કહ્યા.'** શબ્દ, અર્થ ને ઉભય. **'વળી જ્ઞાન ક્યારે આરાધવું?'** વળી જ્ઞાન ક્યારે એટલે કાળ.

**'૪. કાલાચાર - કાળે = જે કાળે જે જ્ઞાનનો વિચાર જોઈએ તે જ કરવો...'** તે કાળે જે જ્ઞાનનું આરાધન, તે કાળે તે આરાધવું. **'સૂર્યોદય...'** સવારમાં, સૂર્યોદય થવા પહેલા એક મુહૂર્ત ને પછી એક મુહૂર્ત, **'સૂર્યાસ્ત...'** પહેલા એક મુહૂર્ત અને પછી, **'બપોરે...'** પણ બાર વાગ્યા પહેલા એક મુહૂર્ત ને પછી. એમ **'મધ્યરાત્રિ...'** પહેલા પછીનું મુહૂર્ત, હોં! મુહૂર્ત બબ્બે ઘડી. **'તે સંધ્યાકાળ છે...'** તેને વર્જવો, તેને છોડીને. **'તે કાળ છોડીને બાકીના ચાર ઉત્તમ કાળોમાં...'** એના વિનાનો જે ચાર કાળ બાકી રહ્યા, **'એમાં પઠન-પાઠનાદિરૂપ સ્વાધ્યાય કરવો તેને કાલાચાર કહે છે.'**

મુમુક્ષુ :– તે કાળમાં મરણનો કાળ હોય તો શું કરવું ?

ઉત્તર :– મરણનો કાળ હોય તો એને અંતરમાં જાવું. કહો! સંધ્યાકાળે અંદરમાં ધ્યાન થાય છે કે નહિ? જ્ઞાનમાં અંતર ઉતરવું એ જ્ઞાનનું આરાધન.

મુમુક્ષુ :– વ્યવહાર નિશ્ચય રહ્યો ક્યાં તો પછી.

ઉત્તર :– વ્યવહાર ક્યાં ગયો ન્યાં? વ્યવહાર હતો કે દિ'? એમ કહે છે, સંધ્યાકાળે સ્વાધ્યાય કાળ ન હોય ને એમાં પણ મરવાનો કાળ હોય તો શું કરવું? એમ કહે છે. બરાબર અહીં સ્વાધ્યાયની સંધ્યા હોય, અને અહીં મરણનો કાળ હોય તો હવે શું કરવું? એમ કહે છે. આત્મા અંદર શુદ્ધ ચિદાનંદ (છે). સમ્યગ્દર્શન સહિતની તો વાત છે અહીં. પછી એણે એ વખતે આત્માને આરાધવો. આત્મા ઉપર લક્ષ કરીને જ્ઞાયક સ્વરૂપમાં, ધ્યાનમાં લીન થઈ જવું એ જ્ઞાનનું આરાધન, આત્માનું આરાધન, જ્ઞાનનું આરાધન. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો જુદો પાડેલો જાણ્યો છે એને જ્ઞાનના આરાધનની વાત ચાલે છે.

જેણે આત્માને રાગના વિકલ્પના આસ્રવ તત્ત્વથી એ તો ભિન્ન તત્ત્વ છે. એ બધા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઘણાના એમ થઈ જાય કે, जीवादि सद्दणं એટલે જીવાદિ તત્ત્વને અમે માનીએ છીએ. કેમ? જીવાદિ નવ તત્ત્વને માનીએ છીએ. સવારમાં કહેતા હતા કે, બીજા બધા એમ કહે છે. નવ તત્ત્વ માનીએ છીએ. માનતા નથી. જીવને બીજા તત્ત્વ સહિત ભેળવીને માનવો એ જીવને માનતો જ નથી. જીવને પુણ્યવાળો માનવો, પુણ્યની ક્રિયાવાળો માનવો, પુણ્યનો કર્તા માનવો, પુણ્યથી લાભ માનવો એણે જીવ માન્યો નથી, જીવ માન્યો નથી. આહાહા..!

શરીરની ક્રિયા થાય તો જીવને લાભ થાય એમ માન્યું એણે જીવતત્ત્વ માન્યું નથી અને અજીવતત્ત્વ પણ માન્યું નથી, અજીવતત્ત્વ છે એ અજીવની પર્યાય છે એનાથી બીજા તત્ત્વને કાંઈ લાભ થાય નહિ. એને ઠેકાણે લાભ માન્યો તો અજીવને પણ જાણ્યું નથી. દયા, દાન, ભક્તિના પુણ્ય પરિણામ છે એ પુણ્ય પરિણામ છે એ ધર્મનું કારણ છે, સંવર-નિર્જરાનું કારણ છે તો એ પુણ્ય તત્ત્વને પણ એણે જાણ્યું નથી.

મુમુક્ષુ :– એ તો એમ કહે છે કે સમ્યગ્દર્શન થયું કે નહિ એ કેવળજ્ઞાની જાણે.

ઉત્તર :– લ્યો! તો પછી થઈ રહ્યું. અજ્ઞાની છે, અજ્ઞાની અહીં ત્રણ દોષવાળો (કહ્યો એવો) અજ્ઞાની છે. નિઃસંશય આવ્યો નથી. વિપરીત બુદ્ધિ એ ઊભી છે કે, આમ હશે તો આમ હશે તો? થઈ રહ્યું. તમે અભવી છો કે નહિ? એ કેવળી જાણે. હવે કેવળી જાણે તો તમે વળી શું હવે ઊભા થયા શાસ્ત્રના નિર્ણય કરવા. 'દર્શનવિજય' અહીંયા આવ્યા હતા ને! આ કહે આ તો ગુરુની વાણી છે, આ કેવળીની વાણી નથી. જિનવાણી નહિ આ જિનવાણી નહિ. બહુ સારી વાત છે. અભવી-ભવીનો નિર્ણય કરી શકો છો કે નહિ? તો ઇ કહે કેવળી જાણે. એમ? અભવી-ભવી કેવળી જાણે તો અભવીની હજી શંકા છે કે હું અભવી હોઈશ. આવા અભવી જિનવાણીનો નિર્ણય કરવા ઊભા થયા. 'દેવચંદજી'! હવે એ કાંઈ ખબર ન પડે આપણને. અભવી છું કે ભવી? ત્યારે થઈ ગયું, ચોક્કસ થઈ ગયું કે, એને અભવી ને ભવીની શંકા છે અંદર. એટલે અનંત સંસાર જેને કોઈ દિ' તૂટે નહિ એવો હઈશ એવી હજી અંદર દૃષ્ટિ પડી છે. હવે એને ભવના અભાવવાળા ભગવાન વીતરાગ ને સંતો એની એને ઓળખાણ હોય (એમ) ત્રણકાળમાં બને નહિ. શું કરે? પછી પાછા ફર્યા કે, પણ એ જણાય. કીધું, તમારું હૃદય આવી ગયું. હવે ધારણાની વાત કરો છો. પકડાણા એટલે (એમ કહ્યું).

અંદરનો જ્યાં નિર્ણય જ હજી નથી. હું તો ભવી છું ને ભવ નથી, ભવી છું ને ભવ નથી. આ વિના તેનો નિર્ણય કર્યા વિના તને આ અંદર વીતરાગની વાણીનો નિર્ણય આવ્યો ક્યાંથી? સમજાય છે? હવે સંશય... સંશય... સંશય... સંશય... અને કહે કે, અમને સમ્યગ્દર્શન (છે કે નહિ તે) ભગવાન જાણે. તને સંશય તો છે. છે કે નહિ એની તને ખબર નથી. ભગવાન એમ જાણે છે કે એને નથી.

મુમુક્ષુ :– પંચાધ્યાયીમાં લખ્યું છે કે કેવળી જાણે.

ઉત્તર :– કેવળ એ તો બીજી વાત છે. પ્રત્યક્ષ એની બધી પર્યાયો સહિતનું સંપૂર્ણપણું કેવળી જાણે. કહો! સમજાય છે કાંઈ?

**'ચારે સંધ્યાકાળની છેલ્લી બે ઘડીઓમાં,...'** એટલે બે ને પહેલી ને પછી એમ લઈ લેવું. પહેલી ને પછી પહેલા આવી ગયું છે. **'દિગ્દાહ,...'** આમ આકાશમાં અગ્નિ જેવું દેખાય ને? અગ્નિ જેવું, અગ્નિ જાણે હોય ને એ વખતે સ્વાધ્યાય ન કરવી. શેની? આ મૂળ સિદ્ધાંતની, હોં! કહેશે. સ્તોત્ર, આરાધનના આદિ ગ્રંથ વાંચી શકાય છે. ઇ કહેશે. **'દિગ્દાહ, ઉલ્કાપાત,...'** એવો આમ ઉલ્કાપાત હોય, બહુ પવન લાગે. **'વજ્રપાત,....'** વજ્ર જેવા અંદર પથ્થરા પડતા હોય મોટા. **'ઇન્દ્રધનુષ્ય,...'** લ્યો! એ વખતે પણ સ્વાધ્યાય ન કરવી, કહે છે. કાચબી થાય ને? કાચબી–ઇન્દ્રધનુષ્ય, અહીં કાચબી કહે છે.

**'સૂર્ય-ચંદ્રગ્રહણ,...'** અરે..! **'તોફાન,...'** મોટું તોફાન હોય, આમ મહાતોફાન, મારા મારી (થાતી હોય), સેંકડો માણસો કપાતા હોય, કે મોટું તોફાન હોય. **'ભૂકમ્પ,...'** હોય લ્યો! ધરતીકંપ હોય. **'આદિ ઉત્પાતોના કાળે સિદ્ધાન્તગ્રન્થોનું પઠન-પાઠન વર્જિત છે. હાં, સ્તોત્ર-આરાધના,...'** કરવી, એનું કરે અથવા આરાધના ગ્રન્થ હોય કોઈ એવા, આરાધનાના ગ્રન્થ હોય ને સાધારણ. **'ધર્મકથાદિકના ગ્રંથ વાંચી શકાય છે.'** લ્યો! ચોથો બોલ થયો.

એ જ્ઞાનનું આ રીતે વિનયપૂર્વક એનું આરાધન કરવું. ખરેખર આ વિકલ્પ છે. એમાં આઠ બોલમાં 'પ્રવચનસાર' માં કહ્યું છે, ખરેખર મારું આત્માનું સ્વરૂપ નથી પણ જ્યાં સુધી હું પૂર્ણ ન થાઉં ત્યાં સુધી તારું નિમિત્તપણું મને આવે છે. તારાથી પામું એમ વ્યવહારની ભાષા એવી જ આવે. એ મારું સ્વરૂપ નથી ને વળી એનાથી સ્વરૂપ પમાય? એક તો પહેલા ઇ કહે છે. પણ એવો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી, એ વ્યવહારને અહીંયાં સમજાવે છે. નિશ્ચયની દૃષ્ટિ અને જ્ઞાન હોવા છતાં આવો વ્યવહાર હોય છે. એકલો આવો વ્યવહાર હોય એને તો આરાધન સમ્યગ્જ્ઞાનનું છે જ નહિ. જ્યાં સમ્યગ્દર્શન જ નથી એને પછી આ બધું ધ્યાન રાખે શાસ્ત્રના આવા બધા શબ્દો, એનું એ તો આરાધન છે જ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ આમાં આ ચાર સિવાય કીધું ને. આ ચાર ઘડી સિવાય. દિગ્દાહ આદિ કાળ સિવાય વચલો કાળ હોય એમાં સિદ્ધાંતપઠન કરવું, આવા કાળમાં ન કરવું. ચાર સંધ્યાકાળ પહેલા મુહૂર્ત ને પછી મુહૂર્ત એમાં ન કરવું અને આવા થાય એમાં દિગ્દાહ, ઉલ્કાપાત, વખતે પણ 'સમયસાર' આદિ સિદ્ધાંત તો ઊંચા છે ને! તે ન વાંચવા. સ્તોત્ર-આરાધનાના એવા ગ્રન્થો હોય, ભાવનાના ગ્રન્થો લખેલા હોય, ધર્મકથાદિકના વાંચવા.

**'૫. વિનયાચાર - વળી કેવી રીતે જ્ઞાન આરાધવું? નમ્રતાયુક્ત થવું, ઉદ્ધત ન થવું.'** શાસ્ત્ર વાંચતા, વિચારતા, સ્વાધ્યાય કરતા નમ્રતાપણું હોય છે. નરમાશ હોય. ભગવાન આમ

www.vitragvani.com



કહે છે, ભગવાનનું આમ કથન છે, ભગવાન આમ ફરમાવે છે એમ બહુ એનો વિનય હોવો જોઈએ. દેવ-ગુરુ-શાસ્ત્રનું પણ વિનયપૂર્વક આરાધવું, ઉદ્ધત ન થવું. અમે આમ કહીએ છીએ, અમે આમ જાણીએ છીએ એમ ન કરવું. ભગવાન સંતો મુનિઓ આમ કહે છે, આમ માર્ગ છે, એમ પોતે નમ્રતાપૂર્વક વિનયથી વાંચનમાં નમ્રતા રાખવી. કહો! સમજાણું કાંઈ?

**'૬. ઉપધાનાચાર - વળી કેવું જ્ઞાન આરાધવું? ધારણા સહિત જ્ઞાનને ભૂલવું નહીં;...'** જે જાણ્યું છે તેને ભૂલવું નહીં. **'ઉપધાનસહિત જ્ઞાનનું આરાધન કરવું...'** ફરીને વધારે શબ્દ નાખ્યો, વળી કદાચ બીજો થાતો હોય તો. **'ઉપધાનસહિત જ્ઞાનનું આરાધન કરવું તે છઠ્ઠું અંગ છે.'** લ્યો!

**'૭. બહુમાનાચાર - તથા કેવું છે જ્ઞાન? बहुमानेन समन्वितम् = જ્ઞાનનો, પુસ્તક-શાસ્ત્રનો...'** વિનય કરવો. દેખો! વ્યવહાર છે ને? વ્યવહાર. **'પુસ્તક શાસ્ત્રનો અથવા શીખવનારનો ખૂબ આદર કરવો તે સહિત જ્ઞાનનું આરાધન તે સાતમું અંગ છે.'** ઓહો..હો..! એક બાજુ કહે કે, વીતરાગની દિવ્યધ્વનિ પણ આત્માના જ્ઞાનમાં કારણ નથી, વીતરાગની દિવ્યધ્વનિથી પણ આત્માનું જ્ઞાન થતું નથી. એ વસ્તુ નિશ્ચય (છે), આ તો વ્યવહારની વાત છે. દિવ્યધ્વનિ પણ પર વસ્તુ છે. આવ્યું ને? 'પરમાત્મપ્રકાશ'માં આવ્યું હતું. મુનિઓના કહેલા શાસ્ત્રો, મુનિઓએ કે દિવ્યધ્વનિ દેવે કહેલા, એનાથી આત્માને જ્ઞાન થતું નથી. જ્ઞાન આત્માનું આત્માથી થાય છે. અંતર સ્વરૂપના જ્ઞાનથી જ્ઞાન થાય છે. પણ જ્યાં વ્યવહારની વાત કરે છે ત્યારે વ્યવહાર જેવો છે એવો એને જણાવે. એને જાણવો જોઈએ અને તે પ્રકારે એમાં શુદ્ધિ પણ રાખવી જોઈએ. કહો! સમજાણું?

લ્યો! એકકોર નિશ્ચય કહે વ્રત છે એ કર્મના ઉદયવાળું છે માટે જ્ઞાની એને ઇચ્છે જ નહિ. કારણ કે, કર્મના નિમિત્તથી વ્રતનો વિકલ્પ ઉઠે છે, વ્રતનો એ ઝેર છે. અને કર્મના સંગવાળી જે ભાવદશા તેને સમકિતી ઇચ્છતો નથી. ભાવ છે, વિકલ્પ શુભભાવ છે. ઇચ્છતો નથી, સમ્યગ્દૃષ્ટિ વ્રતના ભાવને ઇચ્છતો નથી કારણ કે, રાગ છે એ. 'પંચાધ્યાયી'માં તો કડક વર્ણવ્યું છે. સમજાણું? છતાં જ્યારે વ્યવહારની વાત આવે ત્યારે એને પંચમહાવ્રત ચોખ્ખા હોવા હોવા જોઈએ, એને અતિચાર લગાડવો નહિ, દોષ લાગે તો એનું પ્રાયશ્ચિત લેવું. આહાહા..!

**વ્યવહારે લક્ષ જે રહે તેના ભેદ અનેક,**
**પરમાર્થ પણ જે કહે તે રંજે એક કંદ.**

ભગવાન આત્મા વ્યવહારના કાળે વ્યવહાર જેવો છે એવો એને સમજાવે છે. કહે છે, **'પુસ્તક, શાસ્ત્રનો અથવા શીખવનારનો ખૂબ આદર કરવો તે સહિત જ્ઞાનનું આરાધન તે સાતમું અંગ છે.'** એ સાતમું સમ્યગ્દર્શન સહિતનું વ્યવહાર જ્ઞાનના આરાધનની વ્યાખ્યા

www.vitragvani.com



ચાલે છે.

'૮. **અનિહ્નવાચાર - વળી કેવું જ્ઞાન? જે શાસ્ત્ર તથા ગુરુથી પોતાને જ્ઞાન થયું છે તેને છુપાવવા નહીં.**' સમજાણું? 'સમયસાર' આદિ શાસ્ત્ર નિમિત્ત થયું હોય અને પોતે બીજાને નિમિત્ત કરીને બીજાને બતાવે. કારણ કે, એમાંથી પાછું પોતાને માન જાય. મને તો મારી મારી મેળાએ ફલાણા શાસ્ત્રમાંથી આવું થયું છે (એમ કહે). સમજાણું? તે ચોર છે. '**જે શાસ્ત્ર તથા ગુરુથી પોતાને જ્ઞાન થયું છે તેને છુપાવવા નહીં.**' કહો! સમજાણું આમાં? '**આ આઠ અંગ (સમ્યગ્જ્ઞાનના વિનયના) છે.**' આ આઠ અંગ સમ્યગ્જ્ઞાનના વિનયના છે. આ આઠ અંગ સમ્યગ્જ્ઞાનના વિનયના છે. '**આ રીતે સમ્યગ્જ્ઞાન અંગીકાર કરવું.**' લ્યો! '**ज्ञानमाराध्यम्**' છે ને છેલ્લું?

'**એમ શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિ...**' મહાદિગંબર સંત મુની હતા. '**વિરચિત પુરુષાર્થસિદ્ધિ-ઉપાય જેનું બીજું નામ જિનપ્રવચનરહસ્યકોષ છે...**' જિનપ્રવચનરહસ્યકોષ છે, જિનપ્રવચનના રહસ્યનો ભંડાર. જિન વીતરાગના પ્રવચનના રહસ્યનો, મર્મનો ભંડાર છે આ. કહો! સમજાણું? '**તેમાં સમ્યગ્જ્ઞાનવર્ણન નામનો બીજો અધિકાર.**' પૂરો થયો. લ્યો! બહુ થોડી ગાથા હતી. ૩૧ થી ૩૬ છ હતી લ્યોને. સમ્યગ્જ્ઞાનની છ, પેલી (સમ્યગ્દર્શનની) ત્રીસ સુધી કહી. છ ગાથામાં પૂરું કરી દીધું. હવે ૩૭મી ગાથા, ૩૭.

## ગાથા-૩૭

**સમ્યગ્જ્ઞાન અંગીકાર કર્યા પછી ધર્માત્મા પુરુષોએ શું કરવું તે કહીએ છીએ :–**

**विगलितदर्शनमोहैः समञ्जसज्ञानविदिततत्त्वार्थैः ।**
**नित्यमपि निःप्रकम्पैः सम्यक्चारित्रमालम्ब्यम् ।।३७।।**

**અન્વયાર્થ :– [ विगलितदर्शनमोहैः ] જેમણે દર્શનમોહનો નાશ કર્યો છે, [ समञ्जसज्ञानविदिततत्त्वार्थैः ] સમ્યગ્જ્ઞાન વડે જેમણે તત્ત્વાર્થ જાણ્યા છે, [ नित्यमपि निःप्रकम्पैः ] જે સદાકાળ અકંપ અર્થાત્ દ્રઢચિત્તવાળા છે એવા પુરુષો દ્વારા [ सम्यक्-चारित्रं ] સમ્યક્ચારિત્ર [ आलम्ब्यम् ] અવલંબન કરવા યોગ્ય છે.**

ટીકા :– **'सम्यक्चारित्रं आलम्ब्यम्' - સમ્યક્ચારિત્ર અંગીકાર કરવું. કેવા જીવોએ સમ્યક્ચારિત્ર અંગીકાર કરવું? 'विगलितदर्शनमोहैः' - જેમના દર્શનમોહનો નાશ થયો છે**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**અને દર્શનમોહના નાશથી જે તત્ત્વશ્રદ્ધાની થયા છે. વળી કેવા છે? 'समञ्जसज्ञानविदिततत्त्वार्थैः' - જેમણે સમ્યગ્જ્ઞાનથી તત્ત્વાર્થ જાણ્યા છે. વળી કેવા છે? 'नित्यमपि निःप्रकम्पैः' - ધારણા કરેલા આચરણમાં નિરંતર નિષ્કંપ છે. ગ્રહણ કરેલા આચરણને કોઈપણ રીતે છોડતા નથી. એવા જીવોએ સમ્યક્ચારિત્ર અંગીકાર કરવું.**

**ભાવાર્થ :– પહેલા સમ્યગ્દૃષ્ટિ થઈને સમ્યગ્જ્ઞાની થાય અને પછી નિશ્ચલવૃત્તિ ધારણ કરીને સમ્યક્ચારિત્ર અંગીકાર કરવાનું કારણ કહે છે. ૩૭.**

## ગાથા–૩૭ ઉપર પ્રવચન

**'સમ્યગ્જ્ઞાન અંગીકાર કર્યા પછી ધર્માત્મા પુરુષોએ શું કરવું તે કહીએ છીએ :–'** આવું જ્ઞાન આરાધન કરી પછી એણે શું કરવું એમ કહે છે. પાધરું એમ ને એમ વ્રત લઈ લેવા એમ નહિ. એય...! 'દીપચંદજી'!

મુમુક્ષુ :– કોઈને બળવાન જ્ઞાન હોય તો શું વાંધો?

ઉત્તર :– ક્યાં બળવાન જ્ઞાન હોય, ધૂળનું? સમ્યગ્દર્શન વિના બળવાન જ્ઞાન હોય નહિ. સમ્યગ્દર્શનનું આરાધન કર્યું, પછી સમ્યગ્જ્ઞાનનું આરાધન કર્યું પછી એણે સમ્યક્ચારિત્રનું આરાધન કરવું, એમ છે. આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ચરણાનુયોગનો ગ્રન્થ છે. આ ક્રમ છે.

મુમુક્ષુ :– પહેલા ચારિત્ર નહિ.

ઉત્તર :– ચારિત્ર હોય ક્યાંથી પણ? ચારિત્ર કહેવું કોને? જેમાં રમવું છે, જેમાં ચરવું એટલે રમવું એ ચીજ શું છે એ પ્રતીત ને જ્ઞાનમાં આવી નથી તો ચારિત્ર આવ્યું ક્યાંથી? સમજાણું? જે ઘર જ જોયું નથી પછી ઘરમાં અહીં ઠરીને લીન લગાડીને રહેજો પણ ઘરની જ ખબર નથી ત્યાં ક્યાં લીન લગાડવી? એમ આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ જ્ઞાયક પ્રભુ આત્મા એ જ્યાં પ્રતીત ને જ્ઞાનમાં ભાસ્યો નથી તો ઠરવું એને ક્યાંથી આવે? કહો! સમજાણું કાંઈ?

**'સમ્યગ્જ્ઞાન અંગીકાર કર્યા પછી...'** એમ છે ને? સમ્યગ્દર્શન અંગીકાર કર્યા પછી સમ્યગ્જ્ઞાન આરાધવું. સમ્યગ્જ્ઞાન અંગીકાર કર્યા પછી, ધર્માત્મા પુરુષોએ શું કરવું એમ વાત છે. સમ્યગ્દૃષ્ટિએ સમ્યગ્જ્ઞાન પછી શું કરવું એમ છે. અજ્ઞાનીએ શું કરવું? એ તો અજ્ઞાની અનાદિથી કરતો આવે છે, એને શું કરવું પ્રશ્ન જ ક્યાં છે? કહો! સમજાણું કાંઈ? 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' પણ 'विदूषाम्' પંડિતો માટે કહીએ છીએ, રહસ્યકોષ છે.

**विगलितदर्शनमोहैः समञ्जसज्ञानविदिततत्त्वार्थैः।**
**नित्यमपि निःप्रकम्पैः सम्यक्चारित्रमालम्ब्यम्।।३७।।**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**'જેમણે દર્શનમોહનો નાશ કર્યો છે,...'** જેમણે દર્શનમોહનો નાશ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે, એમ કહે છે. **'विगलितदर्शनमोहैः'** **'विगलित'** વિશેષે ગળી ગયું છે, દર્શનમોહ નાશ થઈ ગયો છે. એમને **'समञ्जसज्ञानविदिततत्त्वार्थैः'** **'સમ્યગ્જ્ઞાન વડે જેમણે તત્ત્વાર્થ જાણ્યા છે,...'** પાછું જેમણે દર્શનમોહનો નાશ કર્યો છે–એક. અને સમ્યગ્જ્ઞાન વડે જેમણે તત્ત્વાર્થ જાણ્યા છે–એમ. બે. **'જે સદાકાળ અકંપ અર્થાત્ દૃઢચિત્તવાળા છે...'** હવે સ્થિરતા માટે, ચારિત્ર માટે. ડામાડોળ વૃત્તિ હોય એમ નહિ, દૃઢ ચિત્તવાળા છે. **'એવા પુરુષો દ્વારા સમ્યક્ચારિત્ર અવલંબન કરવા યોગ્ય છે.'** એવા પુરુષો દ્વારા સમ્યક્ચારિત્ર અંગીકાર કરવા યોગ્ય છે. અગીંકાર કરવા કહો કે અવંલબન કરવા યોગ્ય કહો. આવા પુરુષો દ્વારા વાત છે. સમજાણું કાંઈ?

પેલો કહે કે, અમારે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે. સમકિત તો છે જ હવે અમારે, થઈ રહ્યું, જાઓ! અને જ્ઞાન (માટે) તો આ સ્વાધ્યાય કરીએ છીએ એ આ જ્ઞાનનું આરાધન કરીએ. એટલે હવે અમારે આ વ્રત લેવા એ અમારું ચારિત્ર. ચારિત્ર-ફારિત્ર નથી. જેમાં વિકલ્પનું પણ કર્તવ્ય નથી એવી દૃષ્ટિ થયા પછી એવો વ્રતનો વિકલ્પ આવે એને પણ જાણનાર રહે, એ મારું કર્તવ્ય છે એમ ન માને. સમજાણું કાંઈ?

આવ્યું છે ને? 'પ્રવચનસાર' માં નથી આવ્યું? નહિ? છેલ્લે આવ્યું છે. 'પ્રવચનસાર'માં ૨૦૨ ગાથા. જુઓ! સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના સ્વરૂપને જાણે છે, અનુભવે છે અને સમસ્ત વ્યવહાર ભાવોથી પોતાને ભિન્ન જાણે છે. વિકલ્પ આદિ ઉઠે એ બધા વ્યવહાર ભાવથી આત્માને ભિન્ન જાણે છે. છે ને આ? બંધુવર્ગની રજા લીધી ને! આ બધું શું? બધું ભિન્ન જાણે છે, પહેલેથી દૃષ્ટિમાં છે. જ્યારથી તેને સ્વ-પરના વિવેકરૂપ ભેદવિજ્ઞાન પ્રગટ થયું હતું, ત્યારથી તે સકળ વિભાવભાવનો ત્યાગ કરી ચુક્યો છે. વિભાવભાવ મારા નથી, પુણ્ય વિકલ્પ, વ્રતનો વિકલ્પ ઉઠે એ મારો નથી. એમ જ્યારથી સ્વ-પરનું ભેદવિજ્ઞાન પ્રગટ થયું છે. સ્વ એટલે જ્ઞાયકભાવ ને પર એટલે વિકલ્પ આદિ પર, એ બધાથી ભિન્ન ભેદજ્ઞાન પ્રગટ થયું છે. ત્યારથી તે સકળ વિભાવભાવોનો ત્યાગ કરી ચુક્યો છે. ઓહો..! શેમાં? દર્શનમાં–શ્રદ્ધામાં આદર હવે છે નહિ. વિભાવનો આદર નથી, વિકલ્પનો આદર નથી, વ્રતનો વિકલ્પ આવે એનો પણ આદર નથી. આહાહા..! અને ત્યારથી જ એણે ટંકોત્કીર્ણ નિજભાવ અંગીકાર કર્યો છે. વિભાવનો ત્યાગ ને સ્વભાવનો આદર. તેથી તેને નથી કાંઈ ત્યાગવાનું રહ્યું કે નથી કાંઈ ગ્રહવાનું અંગીકાર કરવાનું રહ્યું. ઠીક! 'દેવચંદજી'! સમજ્યા? સમ્યગ્દૃષ્ટિ પછી કાંઈ નથી ત્યાગવાનું, કાંઈ નથી ગ્રહવાનું. જુઓ! ભાષા જુઓ! અહીં તો (કહે છે), સમ્યગ્દર્શન પછી સમ્યગ્જ્ઞાન અંગીકાર કરવું પછી ચારિત્ર અંગીકાર કરવું. એ બધા વ્યવહારના અધિકારનું જ્ઞાન કરાવે છે. ભારે વાત.

તેથી તેને નથી કાંઈ ત્યાગવાનું રહ્યું કે નથી કાંઈ ગ્રહવાનું અંગીકાર કરવાનું રહ્યું.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

સ્વભાવ દૃષ્ટિની અપેક્ષાએ આમ હોવા છતાં, સ્વભાવ દૃષ્ટિની અપેક્ષાએ આમ હોવા છતાં. હવે આ વાત આવી, લ્યો! પર્યાયમાં તે પૂર્વબદ્ધ કર્મોના ઉદયના નિમિત્તે અનેક પ્રકારના વિભાવભાવરૂપે પરિણમન છે. પર્યાયમાં વિકારનું પરિણમન છે. દૃષ્ટિમાં વિભાવનો ત્યાગ છે, સ્વભાવનો આદર છે, સ્વ-પરનું ભેદ(જ્ઞાન) પ્રગટ્યું છે છતાં તે તો અંતર વિભાવના ત્યાગ ગ્રહણથી તો રહિત જ છે. સમજાણું કાંઈ? પણ પર્યાયમાં પૂર્વકર્મના બંધના નિમિત્તે અનેક પ્રકારના વિકાર પર્યાયો છે. એ વિભાવ પરિણતિ,... હવે જુઓ! ખુબી. વિકાર અવસ્થા નહિ છૂટતી દેખીને તે આકુળ-વ્યાકુળ પણ થતો નથી. સમ્યગ્દૃષ્ટિ આત્માનું–જ્ઞાયકભાવનું ભાન છે, વિભાવભાવ આદિ ગ્રહણત્યાગ રહિત જ થઈ ગયો છે. ગ્રહવું નથી. સ્વરૂપનું ગ્રહવું આવી ગયું છે. બંધનો ત્યાગ જ થઈ ગયો છે. પણ વિકારી અવસ્થા થાય તેને દેખીને આકુળ-વ્યાકુળ પણ થતો નથી. આ કહે, એ ભૂમિકાએ એવું હોય, જાણીને આકુળ-વ્યાકુળ થતો નથી.

તેમ, તેમજ સમસ્ત વિભાવ પરિણતિને ટાળવાનો પુરુષાર્થ કર્યા વિના પણ રહેતો નથી. સમજાણું કાંઈ? સ્વભાવ શુદ્ધ ચૈતન્ય, એને દૃષ્ટિમાં, જ્ઞાનમાં અંગીકાર કર્યો છે. પુણ્ય-પાપના વિકલ્પથી માંડી બધો વિભાવ જેને દૃષ્ટિમાં ત્યાગપણે જ વર્તે છે, દૃષ્ટિમાં અભાવપણે જ વર્તે છે. એ સ્વભાવ દૃષ્ટિની વાત કરી. પણ પર્યાયમાં જ્યાં સુધી પૂર્વકર્મના નિમિત્તમાં જોડાતા જે કાંઈ વિકલ્પ આદિ થાય છે એવા વિભાવને દેખી આકુળ થતો નથી. તેમ તે વિભાવ પરિણતિને ટાળવાનો (પુરુષાર્થ કર્યા વિના પણ રહેતો નથી). કેમકે સ્વભાવ તરફની સાવધાની છે, સાવધાની છે એટલે વ્યવહારનો અભાવ કર્યા વિના પણ રહેતો નથી. સ્વભાવ તરફ પુરુષાર્થ કર્યા વિના રહેતો નથી, એમ કહે છે. હોય તેની આકુળતા નથી અને સ્વભાવનો પુરુષાર્થ કર્યા વિના રહેતો નથી, એમ કહે છે. કેટલું સરસ લખ્યું છે! આ ચરણાનુયોગનું કથન છે એમાં લખ્યું છે.

સકલ વિભાવ પરિણતિ રહિત સ્વભાવદૃષ્ટિના જોરરૂપ પુરુષાર્થથી સકળ વિભાવ અવસ્થા રહિત,... સ્વભાવ દૃષ્ટિના જોરરૂપ પુરુષાર્થી, પાછું એમ. ગુણસ્થાનોની પરિપાટીના સામાન્ય ક્રમ અનુસાર તેને પહેલા અશુભ પરિણતિની હાનિ થાય છે, પર્યાયની અપેક્ષાએ, પછી ધીમે ધીમે શુભ પરિણતિ પણ છૂટતી જાય છે. આમ હોવાથી શુભરાગના ઉદયની ભૂમિકામાં ગૃહવાસનો અને કુટુંબનો ત્યાગી થઈ વ્યવહાર રત્નત્રયરૂપ પંચાચાર અંગીકાર કરે છે. જો કે જ્ઞાનભાવથી તે સમસ્ત શુભાશુભ ક્રિયાઓનો ત્યાગી છે. આહાહા..! તોપણ પર્યાયમાં શુભરાગ નહિ છૂટતો હોવાથી તે પૂર્વોક્ત પંચાચારને ગ્રહણ કરે છે એમ કહેવામાં આવે છે. કેટલું સરસ લખ્યું છે! 'હેમરાજજી' પંડિતે લખ્યું છે. સમજાણું? ૨૦૨ ગાથા.

અરે..! શાંતિથી સત્યને શોધવા જાય તો એને સત્ય મળી રહે. લખાણમાં, શાસ્ત્રમાં જ્યાં જોવો ત્યાં સત્ય જ મુક્યું છે. પોતાની દૃષ્ટિએ શાસ્ત્રને કરવા જાય તો એમ ન બને. શાસ્ત્રને શું કહેવું છે એ રીતે દૃષ્ટિ કરે તો એને સત્ મળે.

www.vitragvani.com



કહે છે, **'જેમણે દર્શનમોહનો નાશ કર્યો છે,...'** આ શરત. સમ્યક્ચારિત્ર થવા પહેલાં આ શરત. સમ્યક્ચારિત્ર અંગીકાર અવલંબ કર્યા પહેલાં આ શરત. શરતને શું કહે છે? શરત નથી સમજતા? જવાબદારી. જવાબદારીને શું કહે છે? શરત કહે છે? **'સમ્યગ્જ્ઞાન વડે જેમણે તત્ત્વાર્થ જાણ્યા છે,...'** પાછા એમ. જે સદાકાળ **'દઢચિત્તવાળા છે...'** એમ નહિ કે, આમ... આમ... આમ... આમ થાશે. લેશું ને મુકશું ને લેશું ને મુકશું ને છોડશું, એમ નહિ. **'એવા પુરુષો દ્વારા સમ્યક્ચારિત્ર અવલંબન (અંગીકાર) કરવા યોગ્ય છે.'** એમ કે મનમાં એટલી (દઢતા) હોય કે, અંગીકાર કરવું એ છૂટે નહિ. આ તો આવું થાશે તો લેશું, વળી એવું થાશે તો છોડી દેશું. એમ ચિત્ત ન હોય, એમ કહે છે. જેવા ક્ષેત્ર-કાળ-ભાવ એમાં કોઈ વખતે ગ્રહણ કરીએ ને કોઈ વખતે છોડી દઈએ. એવું એનું ચિત્ત ન હોય, એમ કહે છે. પ્રતિજ્ઞા તોડવી-ભાંગવી તો જેને રમત છે. એમ આવે છે ને? 'ટોડરમ્મલજી'માં. જેને પ્રતિજ્ઞા લેવી ને તોડવી એ તો રમતું થઈ ગઈ છે, એ માણસ લાયક નથી. 'ટોડરમ્મલજી'માં આવે, બહુ 'ટોડરમલ્લજી'એ તો નાખ્યું છે. એકેએક બોલને વીણી વીણીને નાખ્યા છે. વીણી વીણીને સમજો છો? ચુન ચુન કર.

**'ટીકા :– 'सम्यक्चारित्रं आलम्ब्यम्'** છેલ્લો શબ્દ પહેલો મુક્યો. **'સમ્યક્ચારિત્ર અંગીકાર કરવું.'** ન્યાં આલંબનની વ્યાખ્યામાં અંગીકાર કરવું કર્યું. **'કેવા જીવોએ સમ્યક્ચારિત્ર અંગીકાર કરવું?'** કેવા જીવોએ સમ્યક્ચારિત્ર અંગીકાર કરવું? અણુવ્રત કે મહાવ્રત શ્રાવકના. **''विगलितदर्शनमोहैः' - જેમના દર્શનમોહનો નાશ થયો છે અને દર્શનમોહના નાશથી જે તત્ત્વશ્રદ્ધાની થયા છે.'** નાશ થયો એ નાસ્તિથી કહ્યું એટલે (અહીં) અસ્તિથી કહ્યું. ટૂંકું શાસ્ત્ર છે એટલે એમ કહ્યું, દર્શનમોહનો નાશ થયો છે. નાશ થયો એટલે તત્ત્વાર્થશ્રદ્ધાન યથાર્થ ભાન પ્રગટ્યું છે, ભેદજ્ઞાન યથાર્થ થયું છે. તત્ત્વશ્રદ્ધાની બરાબર થયા છે. બહુવચન વાપર્યું છે ને. **'વળી કેવા છે? 'समञ्जसज्ञानविदितत्त्वार्थैः' - જેમણે સમ્યગ્જ્ઞાનથી...'** સંશય રહિત, વિપર્યય રહિત, અનધ્યવસાય રહિત એવા જ્ઞાનથી જેણે તત્ત્વાર્થ જાણ્યા છે, એવા જેણે તત્ત્વાર્થ જાણ્યા છે. એમ. **'જેમણે સમ્યગ્જ્ઞાનથી તત્ત્વાર્થ જાણ્યા છે.'**

**'વળી કેવા છે? - ધારણ કરેલા આચરણમાં નિરંતર નિષ્કંપ છે.'** ધારે છે પછી એમાંથી છોડી દેશું, મુકશું એમ લથડપથડ નહિ. **'नित्यमपि निःप्रकम्पैः'**. ચારિત્ર અંગીકાર કરનારની ભૂમિકા આવી હોય છે, એમ કહે છે. **'ધારણ કરેલા આચરણમાં નિરંતર નિષ્કંપ છે. ગ્રહણ કરેલા આચરણને કોઈપણ રીતે છોડતા નથી. એવા જીવોએ સમ્યક્ચારિત્ર અંગીકાર કરવું.'** લ્યો! એવા જીવોએ સમ્યક્ચારિત્ર અવલંબવું એટલે અંગીકાર કરવું.

**'ભાવાર્થ :– પહેલા સમ્યગ્દષ્ટિ થઈને સમ્યગ્જ્ઞાની થાય...'** પહેલા સમ્યગ્દષ્ટિ થઈને સમ્યગ્જ્ઞાની થાય, **'અને પછી નિશ્ચલવૃત્તિ ધારણ કરીને...'** નિશ્ચલ–ચળે નહિ એવી વૃત્તિ ધારણ કરીને, **'સમ્યક્ચારિત્ર અંગીકાર કરવાનું કારણ કહે છે.'** ૩૭ થઈ.

www.vitragvani.com



## ગાથા–૩૮

न हि सम्यग्व्यपदेशं चरित्रमज्ञानपूर्वकं लभते।
ज्ञानानन्तरमुक्तं चारित्राराधनं तस्मात्।।३८।।

અન્વયાર્થ :– [ अज्ञानपूर्वकं चरित्रं ] અજ્ઞાન સહિતનું ચારિત્ર [ सम्यग्व्यपदेशं ] સમ્યક્ નામ [ न हि लभते ] પામતું નથી. [ तस्मात् ] માટે [ ज्ञानानन्तरं ] સમ્યગ્જ્ઞાન પછી [ चारित्राराधनं ] ચારિત્રનું આરાધન [ उक्तम् ] કહ્યું છે.

ટીકા :– 'अज्ञानपूर्वकं चरित्रं सम्यग्व्यपदेशं न हि लभते' - જેની પૂર્વે અજ્ઞાન ભાવ છે તેનું ચારિત્ર સમ્યક્ નામ પામતું નથી. પહેલા જો સમ્યગ્જ્ઞાન ન હોય અને પાપક્રિયાનો ત્યાગ કરી ચારિત્રભાર ધારણ કરે તો તે ચારિત્ર સમ્યક્ નામ પામતું નથી. જેમ જાણ્યા વિના ઔષધિનું સેવન કરે તો મરણ જ થાય, તેમ જ્ઞાન વિના ચારિત્રનું સેવન સંસાર વધારે છે. જીવ વિનાના મૃત શરીરમાં ઇન્દ્રિયના આકાર શા કામના? તેમ જ્ઞાન વિના શરીરનો વેશ કે ક્રિયાકાંડના સાધનથી શુદ્ધોપયોગની પ્રાપ્તિ થતી નથી. 'तस्मात् ज्ञानानन्तरं चारित्राराधनं उक्तम्' - માટે સમ્યગ્જ્ઞાન મેળવ્યા પછી ચારિત્રનું આરાધન કહ્યું છે. ૩૮.

---

न हि सम्यग्व्यपदेशं चरित्रमज्ञानपूर्वकं लभते।
ज्ञानानन्तरमुक्तं चारित्राराधनं तस्मात्।।३८।।

કેમ ચારિત્ર ને જ્ઞાન પછી કહ્યું? **'અજ્ઞાનસહિતનું ચારિત્ર સમ્યક્ નામ પામતું નથી.'** વ્રત આદિ લીધા હોય પણ મિથ્યાદૃષ્ટિ છે તેને વ્યવહાર ચારિત્ર પણ નામ પામતું નથી.

મુમુક્ષુ :– અજ્ઞાન સહિતનું ચારિત્ર એટલે શું?

ઉત્તર :– અજ્ઞાન સહિતનું ચારિત્ર એટલે વ્રતના વિકલ્પો હોય ઇ. ચારિત્ર તો કીધું ને? એમ કહે છે આ. અજ્ઞાન રહિતનું ચારિત્ર તો કીધું ને? ચારિત્ર એટલે રાગનું આચરણ. રાગની મંદતા હોય. પણ જ્યાં મિથ્યાદર્શન શલ્ય છે, હજી રાગથી ભિન્ન પડ્યો નથી તેના રાગનું વ્યવહાર આચરણ પણ એને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? **'અજ્ઞાન સહિતનું ચારિત્ર...'** એ તો કોઈ એમ કહે કે, અમે અજ્ઞાની છીએ? અમે તો ચારિત્ર લીધા છે તો જ્ઞાની જ છીએ, સમ્યગ્દર્શની જ છીએ. એમ કહે ને?

**'અજ્ઞાન સહિતનું ચારિત્ર...'** સમ્યક્ આત્મા રાગથી ભિન્ન પડ્યા વિના... કારણ કે,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તત્ત્વાર્થ છે ને? તો આસ્રવ તત્ત્વથી આત્મજ્ઞાન, આત્મતત્ત્વ ભિન્ન પડ્યા વિના યથાર્થ તત્ત્વની પ્રતીત નથી ત્યાં યથાર્થ તત્ત્વનું જ્ઞાન નથી. એવા અજ્ઞાનીઓને ચારિત્ર હોઈ શકે નહિ. સમજાણું? એમ કહે કે પુણ્ય પરિણામ કરવા જેવા છે, એ વ્રત કરતાં કરતાં, વિકલ્પ કરતાં કરતાં કલ્યાણ થશે. એને રાગ રહિત આત્મા ભિન્ન છે એવી પ્રતીતનું ભાન પણ નથી, ભાન વિનાના એ વ્રત લઈને બેઠા, કહે છે કે, એને વ્રત હોતા નથી. એ... 'માંગીરામજી'! આહાહા..!

**'અજ્ઞાન સહિતનું ચારિત્ર સમ્યક્ નામ પામતું નથી.'** જોયું? સમ્યક્ નામ પામતું નથી. એટલે મિથ્યાચારિત્ર કહેવાય. **'માટે 'ज्ञानानन्तरं' સમ્યગ્જ્ઞાન પછી...'** એમ **'ज्ञानानन्तरं'** સમ્યગ્દર્શન પછી. એમાં આવ્યું હતું **'सम्यग्दर्शनन्तरं ज्ञान'** આવ્યું હતું ને **'ज्ञानानन्तरं सम्यक्चारित्रं'** એમ આવે. જોયું? સમજાણું? **'अंतरे'** શબ્દ સમ્યગ્દર્શનમાં પણ આવ્યો હતો, હોં! ગાથામાં હતો. **'सम्यग्दर्शनन्तरं'** એમ આવ્યું, અહીં **'सम्यग्ज्ञानन्तरं'**. જુઓ! ૩૩માં **'सम्यक्त्वानन्तरं तस्मात्'** એ શબ્દ એ જ હતા **'तस्मात्'** અહીં પણ એમ છે, જુઓ! **'तस्मात्'**

**सम्यग्ज्ञानं कार्यं सम्यक्त्वं कारणं वदन्ति जिनाः।**
**ज्ञानाराधनमिष्टं सम्यक्त्वानन्तरं तस्मात्।।३३।।**

તે કારણે સમ્યગ્દર્શન પછી તેણે જ્ઞાનનું આરાધન કરવું. કહો! અહીં પણ કહે છે કે, સમ્યગ્જ્ઞાન પછી, સમ્યગ્દર્શન પછી, સમ્યગ્જ્ઞાનનું આરાધન, સમ્યગ્જ્ઞાનના આરાધન પછી એણે ચારિત્રનું આરાધન કરવું. કહો! કેવા ક્રમ તો બહુ સરસ મુક્યો છે! ચરણાનુયોગ છે છતાં. આ પછી બધી વાતું લેશે વ્રતની ને આમ શ્રાવકના અતિચાર ને... **'માટે સમ્યગ્જ્ઞાન પછી ચારિત્રનું આરાધન 'उक्तम्' કહ્યું છે.'** લ્યો!

**ટીકા :– ''अज्ञानपूर्वकं चरित्रं सम्यग्व्यपदेशं न हि लभते' - જેની પૂર્વે અજ્ઞાન ભાવ છે...'** વ્રત લીધા પણ અજ્ઞાનભાવ છે, વ્રત પહેલા અજ્ઞાનભાવ એને પડ્યો છે, આખો મિથ્યાત્વભાવ (છે) **'તેનું ચારિત્ર સમ્યક્ નામ પામતું નથી.'** મિથ્યાચારિત્ર નામ પામે છે, બાળ ચારિત્ર ને બાળ વ્રત કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન વિનાના વ્રતાદિ તેને બાળ વ્રત ને બાળ તપ, મૂર્ખાઈ ભરેલા વ્રત ને મૂર્ખાઈ ભરેલા તપ (કહે છે). કહો! સમજાણું કાંઈ?

**'જેની પૂર્વે અજ્ઞાન ભાવ છે તેનું ચારિત્ર સમ્યક્ નામ પામતું નથી. પહેલા જો સમ્યગ્જ્ઞાન ન હોય અને પાપક્રિયાનો ત્યાગ કરી ચારિત્રભાર ધારણ કરે...'** ભાષા જુઓ! આવે છે ખરું ને? ભાર નથી (આવતું)? ચારિત્રભાર વહનારને. એ વળી બીજું છે. પેલામાં આવે છે, ક્લેશ. પાપનો બોજો ભરે છે. ચારિત્રભાર વહનારને, આવે છે ને! ભાર એટલે અંદર યથાર્થ પુરુષાર્થની ગતિ છે ત્યાં અને પેલામાં ભાર બોજો છે. સમ્યગ્દર્શન-જ્ઞાન વિના પાપનો ત્યાગનો બોજો છે. નભાવવો શી રીતે? બોજો છે. સહજપણું આવ્યું નથી. પાંચ મહાવ્રત આદિનો બોજો છે, અજ્ઞાનીને ભાર છે. સહજ આનંદ સ્વરૂપની જ્યાં દશા પ્રગટી નથી એવા અજ્ઞાનીને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પંચ મહાવ્રત આદિના પરિણામ બોજો–ભાર છે.

**'પાપક્રિયાનો ત્યાગ કરી ચારિત્રભાર...'** જોયું? પાપક્રિયાનો ત્યાગ કર્યો પણ પુણ્ય ભાવને ધારણ કર્યા છે. પુણ્યભાવ જ જેણે ધારણ કર્યા છે. વસ્તુ પુણ્યથી ભિન્ન છે એનું તો ભાન નથી. પુણ્યના વિકલ્પથી ભગવાન આત્મા જુદો છે એવા દર્શન ને જ્ઞાન થયા નથી. એથી એને પાપક્રિયાના ત્યાગ કરી ચારિત્ર એટલે શુભભાવરૂપી ભાર ધારણ કરે. ભાવ, ભાર, બોજો ધારણ (કરે). કેમ મરતા સુધી નભાવવું? બોજો બોજો થઈ જાય. હાય ! હાય ! બહારમાં આ બધું થાય નહિ, એકવાર આહાર લેવાય, બે વાર લેવાય નહિ, એક વાર પાણી પીવાય, બે વાર પાણી પીવાય નહિ. સમજ્યા ને? સમ્યગ્દર્શન વિના જ્ઞાન ન મળે અને આ પાપના ત્યાગના પરિણામ આ એક શુભભાવ આવ્યો. બોજો થઈ ગયો હવે એનો કેમ નિભાવ કરવો? આ બધું હવે મરતા સુધી કેમ કરશું?

મુમુક્ષુ :– નિષ્કંપ...

ઉત્તર :– નિષ્કંપ હોય એને. આ તો પહેલેથી વસ્તુદર્શન જ નથી ત્યાં નિષ્કંપ ક્યાંથી આવ્યું?

**'પહેલા જો સમ્યગ્જ્ઞાન ન હોય અને પાપક્રિયાનો ત્યાગ કરી ચારિત્રભાર ધારણ કરે તો તે ચારિત્ર સમ્યક્ નામ પામતું નથી.'** તેને સમ્યક્ચારિત્ર કહેતા નથી, મિથ્યાચારિત્ર કહે છે. એ ભલે પાંચ મહાવ્રતના પરિણામ હોય, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ હોય, ચોખ્ખા હોં! આ ગોટાળાવાળા છે એની તો વાત પણ નથી. એને માટે કરીને આહાર લે, ચોકા બનાવીને લે... આહાહા..! એ તો એના વ્યવહારના પણ, નિશ્ચય વિનાનો વ્યવહાર એકલો એ વ્યવહાર પણ સાચો નથી, દ્રવ્યલિંગ પણ સાચું નથી.

મુમુક્ષુ :– શ્રદ્ધા સાચી ન હોય તો ચારિત્ર પણ નથી.

ઉત્તર :– હા, ચારિત્ર છે જ ક્યાં? દર્શન ન મળે એને ચારિત્ર ક્યાંથી આવ્યું? એ કહે છે, સમ્યક્ચારિત્ર નામ પામતું નથી.

**'જેમ જાણ્યા વિના ઔષધિનું સેવન કરે...'** ઓળખ્યા વિના ખાય પાધરું કે આ કાંઈક ઔષધી છે, ઠીક હશે અને નાખે મોઢામાં. **'તો મરણ જ થાય,...'** મરી જાય.

મુમુક્ષુ :– સાચો આવી જાય તો?

ઉત્તર :– સાચો આવે ક્યાંથી ધૂળમાં? અહીં તો જાણ્યા વિના ઔષધિનું સેવન કરે તો મરણ પામે, એક જ વાત લીધી. તેમ જ્ઞાન વિના... પેલી સંજીવની આવે છે ને?

**'તેમ જ્ઞાન વિના ચારિત્રનું સેવન સંસાર વધારે છે.'** આત્મદર્શન ને આત્મજ્ઞાન વિનાના વ્રત, વ્રત એટલે એ ચારિત્ર, એ **'સેવન સંસાર વધારે છે.'** મિથ્યાત્વને વધારી પુષ્ટી કરી સંસાર વધે છે. આહાહા..! નિગોદની નજીક જાય છે. સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન નહિ ને સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર નહિ. જ્ઞાન વિના ચારિત્રનું સેવન એટલે વ્રત પાળવા પંચ મહાવ્રત

www.vitragvani.com



ને આ અઠ્યાવીસ મૂળગુણો એ બધું સંસાર વધારે છે. આહાહા..!

**'જીવ વિનાના મૃત શરીરમાં ઇન્દ્રિયના આકાર શા કામના?'** મડદામાં ઇન્દ્રિયનો આકાર બરાબર આમ સરખો હોય, આંખ સરખી હોય, જીવ વિનાનું. એમ ચૈતન્યના સમ્યગ્દર્શન, જ્ઞાન વિનાના જીવ એ અજીવી છે. એના વિના વ્રત એ શું કામના? **'તેમ જ્ઞાન વિના શરીરનો વેશ કે ક્રિયાકાંડના સાધનથી શુદ્ધોપયોગની પ્રાપ્તિ થતી નથી.'** લ્યો! અંતરના સમ્યગ્દર્શન-જ્ઞાન વિના શરીરનો વેશ નગ્ન કર્યો, ક્રિયાકાંડ, શુભરાગ વિકલ્પ, એના સાધનથી શુદ્ધોપયોગની પ્રાપ્તિ થતી નથી. **'માટે સમ્યગ્જ્ઞાન મેળવ્યા પછી ચારિત્રનું આરાધન કહ્યું છે.'** લ્યો! માટે સમ્યગ્જ્ઞાન કર્યા પછી ચારિત્રનું આરાધન લેવું. એના પહેલા હોઈ શકે નહિ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.




**પ્રકાશક :**

## શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦,
વી.એલ. મહેતા માર્ગ, વિલે પાર્લે (વેસ્ટ)
મુંબઈ-૪૦૦ ૦૫૬
ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦/૨૬૧૦૪૯૧૨
email : info@vitragvani.com
website : www.vitragvani.com